ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨(કુલ વર્ષ ૬૩)

અંક-૧૦ • જાન્યુઆરી, ૨૦૧૫ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 2, ISSUE : 10, JANUARY 2015, PAGES 44, PRICE ₹ 20/-



# જિન-વચન

**પોતાના કર્મનું ફળ ભોગવ્યા વિના છૂટકો નથી**

जमिणं जगई पुढो जगा कम्मेहिं लुप्पंति पाणिणो ।
सयमेव कडेहिं गाहई णो तस्स मुच्चेज्ज पुट्ठयं ।।
(सू. १-२-१-४)

સંસારમાં રહેલાં પ્રાણીઓ પોતાનાં કરેલાં કર્મનાં ફળ ભોગવે છે. તેઓ પોતાનાં કર્મ અનુસાર જુદી જુદી ગતિમાં પરિભ્રમણ કરે છે. પોતાનાં કર્મનું ફળ ભોગવ્યા વિના કોઈનો છુટકારો થતો નથી.

All living beings in this world experience individually the fruits of thier own Karmas. Their life after death is determined by their past deeds. Nobody can escape the results of the Karmas.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબ સાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

# આચમન — આત્માને માટે પ્રાર્થના અનિવાર્ય છે

'મેં દક્ષિણ આફ્રિકામાં ખ્રિસ્તીઓની પ્રાર્થનામાં ભાગ લીધો છે. પણ તે મને પકડમાં નથી લઈ શકી. તેઓની સાથે હું પ્રાર્થનામાં ભળી ન શક્યો. તેઓ ઈશ્વર પાસે યાચના કરતા હતા, મારાથી યાચના થઈ શકતી નહોતી. હું તદ્દન નિષ્ફળ ગયો. મારા જીવનનો આરંભ ઈશ્વર અને પ્રાર્થના વિશે નાસ્તિકતાથી થયો. મારી ઉંમરનાં ઘણાં વર્ષો પસાર થઈ ગયાં ત્યાં સુધી મને પ્રાર્થના વિના જીવનમાં સૂનાપણું લાગ્યું નહીં. પણ પછી મોટી ઉંમરે મને ભાન આવ્યું કે શરીર માટે અન્ન અનિવાર્ય છે તેટલી જ આત્માને માટે પ્રાર્થના અનિવાર્ય છે. શરીરનાં આરોગ્ય ખાતર કોઈ પણ વખતે અન્નની લાંઘણ જરૂરી થઈ પડે છે, પણ પ્રાર્થનાના લાંઘણ જેવી તો વસ્તુ જ નથી. પ્રાર્થનાનો કદી ભરાવો થતો નથી. મહાન જગદ્ગુરુઓમાંથી ત્રણ – બુદ્ધ, જીસસ, મહંમદ અદૂષણીય એવી સાક્ષી મૂકતા ગયા છે કે તેઓને પ્રાર્થના દ્વારા આત્મદર્શન થયું. પ્રાર્થના વિના તેઓ જીવી જ ન શક્યા હોત. પણ આપણે આપણી કોટિની જ વાત કરીએ. કરોડો હિન્દુઓ, મુસલમાનો અને ખ્રિસ્તીઓ આજે જિંદગીની અંદર કેવળ પ્રાર્થનાથી જ સમાધાન મેળવે છે. તમે તેમને અસત્યવાદી કહીને અગર તો આત્મવંચક કહીને ઉડાવી શકો છો. ભલે, તો પછી હું કહીશ કે જો એ સત્ય મારી જિંદગીનો મેરુદંડ બની મને ટકાવે છે, જો એના વિના મને ક્ષણ માટે પણ જીવનનો ભાર અસહ્ય છે, તો મને સત્યશોધકને આ અસત્ય પ્રિય છે. રાજદ્વારી ક્ષિતિજમાં આજે મારી સામે નિરાશાનો ઘનઘોર અંધકાર હોવા છતાં હું કદી શાંતિ ખોઈ બેઠો નથી. ઘણા લોકોને તો મારી શાંતિની ઈર્ષા આવે છે. એ શાંતિ પ્રાર્થનામાંથી જન્મી છે એ તમે જાણી લેજો. હું વિદ્વાન નથી પણ ભક્ત હોવાનો દાવો નમ્રપણે કરું છું. પ્રાર્થનાનું રૂપ કેવું હોય એ સંબંધમાં હું ઉદાસીન છું. એ સંબંધમાં તો જેને જે રૂચે એ તેનો કાયદો. પરંતુ કેટલાક સ્પષ્ટ ચીલાઓ છે, અને પ્રાચીન ઋષિઓએ પાડેલા ચીલા પર જવું એ સલામત છે. બસ, મેં મારો સ્વાનુભવનો પુરાવો આપ્યો છે. દરેક જણ પ્રયોગ કરીને જુએ કે પ્રાર્થના નિત્ય નિયમથી તેના જીવનમાં કંઈક નવીન અને જેને બીજી વસ્તુ સાથે સરખાવવું શક્ય નથી તેવું તત્ત્વ ઉમેરાય છે કે કેમ.'

[ 'ગાંધીજીની આત્મકથા'માંથી ]

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ધરમ-કરમ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | ક્રોધને ઓળખો | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૫ |
| ૩. | ડૉ. કુમારપાળ દેસાઈની અનોખી ત્રિદિવસીય શ્રી હેમચંદ્રાચાર્ય કથા | — | ૮ |
| ૪. | ઉપનિષદમાં યોગવિચાર | ડૉ. નરેશ વેદ | ૯ |
| ૫. | શતાબ્દી પુરુષ આચાર્ય તુલસી | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૧૨ |
| ૬. | નવકારની સંવાદયાત્રા (૩) | ભારતી દિપક મહેતા | ૧૬ |
| ૭. | ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો વૃત્તાંત | — | ૧૭ |
| ૮. | ગાંધીજીનો ચંપારણ સત્યાગ્રહ | મનસુખલાલ ઉપાધ્યાય | ૨૦ |
| ૯. | મીરાંબાઈ-રાજરાણીથી ભક્તિસમ્રાજ્ઞી સુધીની સફર | શાંતિલાલ ગઢિયા | ૨૨ |
| ૧૦. | મૃત્યુની મંગલયાત્રા – મૃત્યુ શબ્દકોષ સાથે | સંપાદન શ્રીમતી પારુલબેન ભરતકુમાર ગાંધી | ૨૪ |
| ૧૧. | ભજન-ધન-૧૩:ખીમસાહેબની વાણી | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૨૭ |
| ૧૨. | અવસર : 'જીવતરની વાટે અક્ષરનો દીવો' પુસ્તકનો વિમોચન સમારોહ | — | ૩૫ |
| ૧૩. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૭ |
| 14. | The Seeker's Diary Death & Me | Reshma Jain | 39 |
| 15. | Enlighten yourself by Self Study of Jainology Part-3 | Dr. Kamini Gogri | 40 |
| 16. | The First Chakravarty - Bharat Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૭. | પંથે પંથે પાથેય : બાળક એટલે પૃથ્વીને પાટલે પયગંબર | ગીતા જૈન | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૩) ● અંક : ૧૦ ● જાન્યુઆરી ૨૦૧૫ ● વિક્રમ સંવત ૨૦૭૧ ● વીર સંવત ૨૫૪૧ ● પોષ વદિ તિથિ-૧૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## ધરમ-કરમ

કેડી વગર ફરવા નીકળ્યા હોઈએ અને કોઈપણ તર્ક વગર આજુબાજુ ફંટાઈએ એમ આજે લખું છું. તર્કબદ્ધ અને શિસ્તબદ્ધ નથી. બેડીઓ ફગાવી દીધી છે. સ્વૈર વિહારનો પણ ક્યારેક આનંદ લેવો જોઈએ.

મનમાં અનેક પ્રશ્નો રાક્ષસ બનીને ઊભા થાય છે પણ બધાં પ્રશ્નોના ઉત્તર આપે એવો 'જીન' કે 'વેતાલ' (વિક્રમાદિત્ય-વેતાલ) હજુ સુધી મને મળ્યો નથી.

ધરમ કરમ, આ બન્ને જોડિયા ભાઈ, પણ જન્મથી જ કેમ વિખૂટા પડી ગયા હશે ? યુગોથી વારે વારે એને ભેગા કરવાની બધાંએ મથામણ કરી છે તોય.

માનીતી રૂપાળી રાણીની જેમ 'ક્રિયા' લાડકી થઈને ધરમ પાસે બેસી ગઈ!!

માનવી જંગલી અવસ્થામાં હતો. ધીરે ધીરે કેળવાતો ગયો, ત્યાં કોઈએ એને 'ધરમ' આપ્યો. જે 'જિનિયસ' માનવોએ આ ધરમને શોધી અને જગતને એની ભેટ આપી એ બધાંને આપણે સલામ કરવી જોઈએ, બધાંને એમણે 'કામે' લગાડી દીધા. માનવ જંગલીમાંથી સંસ્કારી બનતો ગયો, પણ આ 'ધરમે' એને એવાં ઝઘડાં કરાવ્યાં, એવાં ઝઘડાં કરાવ્યાં કે 'મારો ધરમ', 'તારો ધરમ'ની લડાઈઓ થઈ અને...

**સ્મૃતિ-શ્રદ્ધાંજલિ**

**સ્વ. શ્રીમતી પ્રભાવતી ગાંધી**

**સ્વ. શ્રીમાન હીરાલાલ ગાંધી**

**સૌજન્યદાતા પ્રાર્થી**

**શ્રી ગૌતમ હીરાલાલ ગાંધી ● શ્રીમતી ભારતી ગૌતમ ગાંધી**

**શ્રીમતી દક્ષા પ્રકાશ શાહ ● શ્રીમતી સુહાસ ઉમેશ ગાંધી**

**શ્રીમતી પારુલ હિમાંશુ દોશી**

એક દિવસ સેંકડો માસૂમ બાળકોની એણે એક સાથે હત્યા કરી દીધી. ધરમ રહ્યો, કરમ ભાગી ગયો. માનવ પાછો જંગલી થઈ ગયો ? હતો ત્યાંનો ત્યાં જ ?!

**એ નિર્દોષ બાળકોએ આ હત્યારાનું શું બગાડ્યું હશે ?**

પોથી પંડિતો કહેશે, પૂર્વજન્મના 'કર્મો'! આપણે ચૂપ બેસી રહેવાનું ? રડતા 'કરમ'ને શોધવા કોઈએ જવું નથી.

હમણાં પીકે ચલચિત્ર જોયું. આ ધરમને ધર્મધૂરંધરોએ પોતાના ભક્તોને 'ક્રિયા'નું જે 'ગાજર' પકડાવ્યું એની વાંદરાકુદ ઠેકડી ઉડાવી અને ભક્તોને લાગ્યું 'ધરમ' ખતરે મેં હૈ. કેટલાંકને તો પોતાનો 'મજહબ' વારે વારે 'ખતરા'માં લાગે એટલે બધાં એનાથી બીએ. આ પીકેના સર્જકો પણ બીકણ ખરાં જ, નહિ તો શિવલીંગ, હનુમાન અને બાહુબલિના મહાઅભિષેકના દૃશ્યો સાથે 'કાબા'ને દેખાડી શકત. કે પછી મુખ્ય નાયક આમીર મુસલમાન છે એટલે પક્ષપાત કર્યો ?

જગતમાં ગુરુઓનું સામ્રાજ્ય છે. પોતાના પરસેવાની અથવા બીજાના પરસેવાથી કમાયેલી લક્ષ્મી આપીને આ ભોળા ભક્તો આ ધર્મધૂરંધરો પાસે સ્વર્ગ કે મોક્ષ કે ઈશ્વર દર્શન-પ્રાપ્તિની ટિકિટ લેવા દોડી જાય છે. આ જગતનું નિર્માણ ઈશ્વરે કર્યું તો 'ઈશ્વર'નું નિર્માણ કોણે કર્યું ? આનો જવાબ નથી એટલે 'આત્મદર્શન'નો સંસાર સર્જાયો. જે દેખાતું નથી, જે જોઈ શકાતું નથી, એને 'માનો' તો જ તમે સાચા ભક્ત. સાચા સાધક. આ યાત્રાની કોઈ 'એક્સપાયરી ડેટ' નહિ, ભક્તો જાતે જ એક્સપાયર થાય ત્યાં સુધી આ યાત્રામાં આના બધાં આજીવન સભ્ય. કોઈ વીરલો હોય એ જ આ કુંડાળામાંથી બહાર નીકળી શકે. બાકી બધાં રોજ નવી નવી ચર્ચાની અને તત્ત્વની કવિતા સાંભળી ડોલે

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260
● Website : www.mumbai-jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

અને એમને 'એ' ક્યારેક મળશે એની અમર આશામાં તત્ત્વની તાળીઓના તાલેના તાને જીવી જાય.

ધર્મધૂરંધર ગુરુઓ કહે, વારે વારે કહે, 'મોહ' ન રાખો અને એમનો ભક્તો અને સંપત્તિનો મોહ ક્યારેય ન છૂટે, જેમ એક સંપત્તિવાન વારે વારે પોતાની સંપત્તિ વધારવા માટે પુરુષાર્થ કરે એમ આ ગુરુમહારાજો પણ પ્રતિક્ષણ પોતાના કેટલાં કેટલાં ભક્તો વધ્યા એની ગણતરી કરતા જ રહે. ફાઈવ સ્ટાર કક્ષાના આશ્રમો અને મઠો વધતા જાય. સાધના માટે સુખ સગવડ તો જોઈએ ને ! સાચા ગુરુ તો શિષ્યની આંગળી પકડી એને સાચી કેડી બતાવી, બળ આપી પોતાની મેળે શિષ્યને આગળ વધવાનું કહી, પોતાથી અળગો કરી પોતે નિર્મોહી અને જીવનમુક્ત બની જાય. પણ આવું ભાગ્યે જ બને છે. ગુરુ પોતે કેન્દ્રમાં રહે અને શિષ્યો આજુબાજુ ટોળે વળતા રહે એવા સતત પ્રયત્નો થતા રહે. એટલે આભાસી સત્ય અને 'માલ' વગરની આવી પેઢી ધમધોકાર ચાલે છે. કારણ કે જેની પાસે ભૌતિક સંપત્તિ નથી એને એ મેળવવાની ઇચ્છા છે અને જેની પાસે છે એ સલામત રહે અને વધે એની એને ચિંતા અને ઈચ્છા છે, અને 'સમાજ'માંથી 'સારા'ની છાપ એને જોઈએ છે. આ ઉપરાંત બધાંને સ્વર્ગ કે મોક્ષ, દાન અને તપથી જોઈએ છે. શું દાન તપ વગર સ્વર્ગ કે મોક્ષ ન મળે ? એક જીવ બીજા જીવ પ્રત્યે અનુકંપા રાખે અને એનું કલ્યાણ ઇચ્છે એ સમજ પૂરતી નથી ?

કુમળા બાળકો અને જે યૌવનની આજે દેશને જરૂર છે એને વૈરાગી બનાવવા યોજનાઓ થાય છે. સંસાર અસાર છે. હા, છે, તો ભાગવું શું કામ ? સમજીને એને પાર પાડો એવી હિંમત ન અપાય ? સંસારના સંબંધો છોડાય તો જ બધું છૂટે ?

રાગ-દ્વેષ, કામ, ક્રોધ, પરિગ્રહ, હિંસા અને અસત્યનો ત્યાગ કરો, સ્વર્ગ મોક્ષનો અનુભવ આ જીવનમાં જ થશે, અને જો એ અન્યત્ર હોય તો એ આ અશુભોના ત્યાગથી મળવાના જ છે એ ગેરંટી.

* * *

હમણાં હમણાં 'ઘરવાપસી'ના પ્રસંગો અને એને અનુષંગીને ચર્ચાઓ ચાલે છે. ધર્માંતરની ચર્ચા. આ ઘર એ કયું ઘર ?–સ્વ ધર્મમાં પાછા આવવું એ ઘર. આ પ્રશ્ન માત્ર મુસલમાન અને ખ્રિસ્તીઓ માટે જ છે. અહીં પણ ધર્મનું ચકડોળ અને કરમની બાદબાકી.

મારો ધરમ ક્યો ? કેવી વર્ણવ્યવસ્થા ? જે ધર્મના ઘરમાં જન્મ્યાં એ ઘરનો જે ધર્મ હોય એ જ ધર્મ આપણે સ્વીકારવાનો ? એમાંય સ્વતંત્રતા નહિ ? વર્ષો પહેલાં ગુજરાતી સાહિત્યના મહાન કવિ કાન્તે, હિંદુ ધર્મનો ત્યાગ કર્યો અને ખ્રિસ્તી ધર્મથી પ્રભાવિત થઈ એ ધર્મ સ્વીકાર્યો. એમાં તો સમાજે એમને દુઃખી દુઃખી એવા કર્યાં કે એમના ભાણેજોને જુદી પગંતમાં જમવા બેસવું પડ્યું એમ અમારા વિદ્વાન મિત્ર અને કાંતના સગા પ્રા. ડૉ. દિનેશ ભટ્ટે મને કહ્યું.

શાસ્ત્રમાં કહેવાયું છે, જે ધર્મની રક્ષા કરે છે ધર્મ એની રક્ષા કરે છે, આમ કહીને 'ધર્મી'ને પાનો ચઢાવ્યો, પણ ભાઈ ધર્મ પોતે આટલો બધો નબળો કે વારે વારે એની રક્ષા કરવા બધાંને મેદાનમાં આવવું પડે ! ! ત્યારે કયો 'ધરમ' સાચો ? લડનારનો કે લડાવનારનો ?

એક સાંજે લીફ્ટમાં મારી સાથે એક એંસી વરસના પુરુષને સ્પોટ પોષાકમાં જોઈને મેં પૂછ્યું, 'કેમ ક્લબમાં રમવા જાઓ છો ? ગજબની સ્ફૂર્તિમાં છો.' અમારી વચ્ચે મિત્રતાનો વ્યવહાર હતો એટલે મેં કહ્યું, 'આ ઉંમરે તો મંદિરમાં જવાય, અને તમે ટેનીસ રમવા ?' મને કહે, 'કેમ મંદિરમાં ?' મેં કહ્યું, 'ભગવાન મેળવવા !' સણસણતો ઉત્તર આપ્યો, 'અત્યાર સુધી કોને મળ્યો ?' મેં કહ્યું, 'જેને મળ્યો હશે એ આપણને કહેવા ન ઈચ્છે.' 'તમે કહો છો કે મળ્યો હશે, એટલે તમે ચોક્કસ નથી', મેં કહ્યું, 'મેં તો માત્ર વાંચ્યું છે.' તરત જ એમણે કહ્યું, 'આ સૂરજ, ચંદ્ર, તારા એ દેખાય છે, એ આપણને જીવન આપે છે એ આપણે જાણીએ છીએ, એ આપણાં પ્રત્યક્ષ દેવો, રોજ પોતે આપણાં ઘરમાં પધારે. એમને વંદન. બસ મારી આ પૂજા. આજ મારું કિર્તન. આ રમવા જઈશ ત્યારે પોઈન્ટ મેળવવાનો સાચો આનંદ થશે. રોકડા હિસાબમાં આનંદ એ ઉધાર કે ભ્રમણામાં નહિ' અને લીફ્ટમાંથી બહાર નીકળી સ્ફૂર્તિથી ચાલતા એ એંસી વર્ષના યુવાનને હું જોઈ રહ્યો.

* * *

હમણાં થોડા વરસોથી જૈન સાધુ-મહાત્માઓનો વિહાર અકસ્માત ચિંતાનો વિષય બન્યો છે. પ્રતિવર્ષ આવું બને છે. એક વર્ગ કહે છે કે આ નિશ્ચિત અને યોજનાબદ્ધ કાવતરું છે. જે હોય તે, આ દિશામાં ઊંડા ઉતરી સત્ય શોધી આ મહાત્માઓની સુરક્ષા થવી જોઈએ. શહેરમાં જ્યાં જ્યાં જૈન સાધુ મહારાજાના ઉપાશ્રય છે ત્યાં નિયમ પ્રમાણે સાધુના નિહાર એટલે મળ ત્યાગ માટે વાડા બનાવાય છે. જે આરોગ્યની દૃષ્ટિએ સર્વ માટે હાનિકારક છે. ઉપરાંત આ મળની સાફસુફી માટે જે માનવ દેહને કહેવામાં આવે છે એ તો આ યુગમાં અમાનવીય અને ગેરબંધારણીય છે. જૈન સાધુ જો મોબાઈલ ફોન અને લેપટોપ રાખી શકતા હોય તો પછી શહેરમાં સંડાસનો ઉપયોગ કરવાની છૂટ કેમ ન લઈ શકે ? જૈન સાધુ મહારાજો આ કારણે પણ શહેરના અજૈનોમાં અનાદરણીય બન્યા છે.

* * *

ધરમ-કરમના આ બધાં પ્રશ્નોથી મન ચકડોળે ચડ્યું છે. વાચકનું પણ ચડ્યું હશે. કોઈ મહાનુભાવે રોષ પણ પ્રગટ કરી કહી દીધું હશે, 'આ માણસને ધર્મનું ઊંડું જ્ઞાન નથી.' આ લખનારને આ લેબલ મંજૂર છે. આ લખનારને ધર્મના ગહન તત્ત્વજ્ઞાનના મહાન ગ્રંથો અને સર્વ ધર્મો પ્રત્યે પૂરો આદર છે એ સત્ય પણ સ્વીકારવા વિનંતિ.

તો કરવું શું ? કેટલાંક પ્રશ્નો નદીના બે કાંઠા જેવા હોય છે. ક્યારેય ભેગા ન મળે. પણ આપણે પાણીમાં વહેતા રહેવું, ધરમ પાસે રખાય કે ન રખાય પણ કરમને ભાગવા ન દેવો.

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

# ક્રોધનો ઓળખો

☐ ડૉ. પ્રવિણભાઈ સી. શાહ

દરેક વાચકને આ વિષય ઉપર ઘણું વાંચન કે શ્રવણનો અનુભવ હશે અને આ વિષય ઉપર હવે શું લખવાનું બાકી રહે છે જે વાચક માટે રસપ્રદ નવીન કે ઉપયોગી માહિતી જાણવા મળે? આ સવાલના જવાબ તરીકે આ લેખ લખવાનું મન થાય છે. આમ તો દર વર્ષે સંવત્સરી પ્રસંગે ક્રોધ - ક્ષમાપના - મિચ્છામી દુક્કડંની હવા બધે જોવા મળે છે અને પછી ૧૦-૧૫ દિવસમાં ભૂલાઈ જાય છે. એ સમયમાં છાપા-પરિપત્રો-ફેઈસ બુક-વોટ્સ અપ-ઈ મેઈલ-ફોનકોલ, રુબરુ મુલાકાતો દરમ્યાન મિચ્છામી દુક્કડં કે ક્ષમાપના વિષે ઘણું ઘણું લખાય છે, વંચાય છે, બોલાય છે અને સંભળાય છે. દિવાળીના દિવસોમાં સાલમુબારકની જેમ 'ક્રોધ શાંત કરો', 'ક્ષમાપના ધારણ કરો'ના નગારા વાગતા સંભળાય છે.

આટલી પ્રસ્તાવના કર્યા પછી આ વિષય ઉપર જે રસપ્રદ વિચારો શાસ્ત્રોમાં જોવા મળ્યા છે, ઉપકારી ગુરુ ભગવંતોના વ્યાખ્યાનોમાં જાણવા મળે છે, તે જાણીને રસિક વાચક ખૂબ આનંદિત થશે અને પ્રભાવિત થશે. કદાચ આત્મ નિરીક્ષણ અને આત્મ સુધારણાના બીજ રોપાવા લાગશે.

ક્રોધનો જન્મ શેનાથી થાય છે? તે જાણી તેનાથી દૂર રહેવાના પ્રયાસો પોતામાં કરો. અહંકારમાંથી ક્રોધ આવે છે. ધાર્યું ન થાય એ સમયે ક્રોધ રોકવાના પ્રયત્ન કરવામાં નિષ્ફળ જશો. પણ ખરી રીતે સ્વભાવમાં ક્રોધ રાખવો નહિ તે પ્રયાસમાં સફળ થવાશે. પાણી ફ્રીજમાં રાખો તો બરફ થાય છે, ક્રોધ રાખીએ તો વેર બને છે, જે સ્થાન, જેના ઉપર ક્રોધ આવે ત્યાંથી આગળ વધવા ના દો. સ્થાન કે વ્યક્તિ બદલાય એટલે તુરત શાંત થવાનો પ્રયાસ કરતાં રહો. નદીમાં કચરો વહે છે પણ કચરો રહે તો નદી ગંદી બને છે. પત્ની ઉપરનો ક્રોધ બજારમાં જઈને રાખો નહિ, બીજી વ્યક્તિ ઉપર કરો નહિ. નીચેના સૂત્રો યાદ રાખો.

(૧) ક્રોધ રાખો નહિ. (૨) ક્રોધને બીજે ન લઈ જવો. (૩) ક્રોધનું કારણ પતે પછી ક્રોધ ન કરો-શાંત થઈ જાઓ. (૪) જે કારણથી ક્રોધ થયો હોય તે કારણ કદી યાદ ન કરો.

ઘણાં વર્ષોથી મુનિ ભગવંતના પ્રવચનો સાંભળવા છતાં શ્રોતા વર્ગ સુધરતા નથી તો મુનિને ક્રોધ નથી આવતો. છોકરો ત્રણવાર ઠપકો સાંભળ્યા પછી ન સુધરે તો બાપને ક્રોધ આવે છે તો સાધુની વાત નહિ સાંભળવાર શ્રોતાથી સાધુને ક્રોધ કેમ નથી આવતો? સાધુમાં જો અન્ડરસ્ટેન્ડીંગ છે તો આપણામાં કેમ નહિ?

સાધુ ક્રોધને કંન્ટ્રોલ કેવી રીતે કરે છે? ૧ લાખનો નેકલેસ સેલ્સમેન આપવા તૈયાર હતો પણ મારી પાસે ૧ લાખની સગવડ નહોતી તે તેણે મને ના આપ્યો તેનાથી ક્રોધ નથી આવતો. કારણકે ખરીદવાની શક્તિ-યોગ્યતા નથી.

સમુદ્રની રેતીમાંથી ઘડો ન બને, તમારું પુણ્ય ઓછું હોય ને સામાની યોગ્યતા ન હોય તો તમારું ધાર્યું ન થાય એમાં ક્રોધ કરવાની જરૂર નથી. પરિવાર તમારું માને નહિ તો ગુસ્સો કરવાની જરૂર નથી. ક્ષણવાર ક્રોધ આવે પણ પછી ક્રોધને મગજમાં રાખો નહિ. સામો સુધરે નહિ તો જાતને સુધારો. જાતને બગાડો તો તે મોટો અપરાધ છે.

યોગ્ય સમયે ક્રોધ કરવો પડે તો ક્રોધ કરો પણ ક્રોધનો ભાવ નહિ. ક્રોધ બહારથી દેખાય પણ હૃદયમાં પ્રેમ હોય, તો ક્રોધ કરવાની છૂટ. પુત્રને સુધારવા મા-બાપ ક્રોધ કરે પણ હૃદયમાં પ્રેમ છે. હૃદયમાં પ્રેમ હોય તો ક્રોધ થતો નથી, પણ ક્રોધ કરવો પડે છે. ક્રોધ મજબુરી હોય સ્વભાવ / પ્રકૃતિ ના હોય. તેથી જીવનમાં તબાહી કરનાર ક્રોધ તમારો શત્રુ છે. ક્રોધ કરનારો દુશ્મનને ખુશ રાખે છે, કારણ કે તે ઈચ્છે છે તમારું અહિત થાય, તમારા સંબંધો બગડે કે ખતમ થાય. જે બહુમાન કરતા હતા તે ક્રોધથી તમારો આદર છોડી દે છે, જે દુશ્મન ઈચ્છતો હતો.

ભગવાનને પ્રસન્ન કરવા ક્રોધ છોડો એ વાત તો ઠીક છે પણ


## ગાંધી નિર્વાણ દિન નિમિત્તે

'પ્રબુદ્ધ જીવન'નો ફેબ્રુઆરી ૨૦૧૫ નો વિશિષ્ટ અંક

### ગાંધી જીવનનો અંતિમ અધ્યાય

**આ અંકની પરિકલ્પના**
**અને**
**સંકલનકર્તા**

### સોનલ પરીખ

ચિંતનશીલ સર્જક અને ગાંધી સાહિત્યના અભ્યાસી
તેમ જ
(મહાત્મા ગાંધીજીના પૌત્રીનાં પૌત્રી)

ભારતના ભાગલા, કોમવાદી હિંસા અને અનેક પ્રશ્નોથી આ મહામાનવની સંવેદના અને ચિંતનનું પ્રાગટ્ય

મિત્રો અને સહચિંતકોને ભેટ આપવા આ વિશિષ્ટ અંકની વધુ નકલો મેળવવા, સંસ્થાના ૨૩૮૨ ૦૨૯૬ ફોન ઉપર સંપર્ક કરવા વિનંતી.

**આ અંકની કિંમત રૂા. ૬૦/-**

જ્ઞાન-ચિંતન ભેટ એ અમૂલ્ય અને ચિરંજીવ ભેટ છે
વ્યક્તિના મનોજગત અને હૃદયાકાશને વિકસિત કરતું નજરાણું

તમારા દુશ્મનને ખુશ નહિ રાખવા તે માટે ક્રોધ બંધ કરો.

સંબંધ તોડવાનું કામ ક્રોધ કરે છે, બાકીના કષાય નહિ. ક્રોધ આગનું કામ કરે છે – બધાને સળગાવે છે અને ઠંડક આપે નહિ. રિલેશન મેઈન્ટેન કરો, ક્રોધ મર્યાદામાં રાખો–કાબૂમાં રાખો. ક્રોધ છે તો દુશ્મનની જરૂર નથી. મધુર વચન હોય તો મિત્રની જરૂર નથી. આગ ઉઠે જે ઘર થકી તે પહેલું ઘર બાળે, જળનો જોગ જો નહીં મળે તો પાસેનું પ્રજાળે.

નાની નાની બાબતોમાં ક્રોધ છોડો. નાની આગ માટે આગબંબાને બોલાવતા નથી તો નાની બાબતોમાં ક્રોધની આગ નહિ પ્રગટાવો. શક્તિના સમયમાં કોઈને દબાવો નહિ. નહિતર પછી તમારી અશક્તિના સમયમાં તમારી હાલત બૂરી થશે.

આંતરશત્રુ એને કહેવાય જે દુશ્મન હોવા છતાં મિત્ર લાગે અને બાહ્યશત્રુ એને કહેવાય કે જે દુશ્મન ન હોવા છતાં દુશ્મન લાગે એટલે કામ ક્રોધ લોભ મોહ મદ ઈર્ષા વગેરે આંતરશત્રુને દિલમાં મિત્ર સમજીને રાખવાનું બંધ કરો.

બહારના શત્રુનો સામનો કરો છો જ્યારે આંતરશત્રુને સહકાર આપો છો. ક્રોધ દુશ્મન લાગતો નથી. જો દુશ્મન માને તો ઘરમાં પેસવા નથી દેતા તો ક્રોધને કેમ ઘરમાં મગજમાં બેસાડો છો.

જો નુકસાન જ દેખાય છે તો ક્રોધ વારે વારે શા માટે? પત્થર કોઈનું માથું ભાંગે પણ પાણી પત્થરને તોડી શકે છે, પાણી વધારે તાકાતવાન છે. શાંત કરવા માટે ક્રોધ તાકાતવાન કરતાં ક્રોધને શાંત કરનાર પ્રેમની તાકાત વધુ મજબુત છે.

આઈ હેવ નથીંગ સમજનાર ગરીબ છે. બહારના માટે આઈ એમ નથીંગ સમજનાર સૌથી વધુ શ્રીમંત છે. ક્રોધને કાબુમાં લાવવાના ૩ નિયમો.

(૧) શીઘ્રક્રોધ ન કરો-વેઈટ ફોર ટાઈમ. કોઈ વેપારી મોટો ફાયદો કરાવતો હોય અને એલફેલ બોલે તો તમે ક્રોધ નથી કરતાં. દરેક ક્રોધ સમયે થોડા વેઈટ થાઓ, શીઘ્ર ક્રોધ ન કરો. ગંદા પાણીમાં આપોઆપ કચરો નીચે બેસી નિર્મળ થાય છે. તપશ્ચર્યા એ સાધના છે તો વિલંબ કરીને ક્રોધ કરો તે સાધના છે. ક્રોધને કાબૂમાં લાવવા બીજો નિયમ (૨) તીવ્ર કષાય ન કરો-ભાષામાં સભ્યતા રાખો. ગાળાગાળીની જબાનથી સામાને જે આઘાત થાય છે તેનું નિવારણ કઠીન છે. પ્રયોજન વિના કોઈ ક્રોધ પાસે જવા તૈયાર નથી. હસવા માટે ઘણાં સ્થાનો છે પણ રોવાનું મન થાય તો ક્યાં જાવ? (૩) ત્રીજો નિયમ દીર્ઘ કષાયથી બચો-લાંબા સમય સુધી ક્રોધ ન કરો, ઝટ પતાવી દો અને ભૂલી જાઓ.

૧૨ મહિનાથી વધારે કષાય રહે નહિ તે સંવત્સરીની ક્ષમાપનાનો ધર્મ છે. દીર્ઘ કષાય ૧ દિ. ૧૦ દિ. ૧૫ દિ. થી વધારે ન રાખો. પરિવારમાં અબોલા ન થવા જોઈએ. સૌથી વધારે અપેક્ષા પરિવાર પાસેથી રાખો છો તો સૌથી વધારે ઉપેક્ષા પરિવાર જ કરે છે. મનના કમ્પ્યુટરમાં વિચારો કાઢી નાંખો. કાલે જે ખરાબ હતો તે આજે સારો બની શકે છે એમ વિચારો. બગડેલા દૂધમાંથી પનીર-ઘી બની શકે છે. ક્રોધથી (૧) અપ્રિય બનશો. (૨) અપાત્ર બનશો. ધંધામાં નુકશાન થાય તો ધંધામાંથી રિવર્સ થાઓ છો, ખાવામાં પેટ બગડે તે ખોરાકથી પાછા વળો છો. ક્રોધના નુકશાન જોવા છતાં રીવર્સ આવો. મર્યા પછી જેના માટે રડો છો તેની હાજરીમાં તેની સામે કષાય કરેલા છે તે તો વિચારો. દરેક ધર્મ, દરેક સંત, દરેક સજ્જન સમજુ ક્રોધ ન કરવાનો ઉપદેશ આપે છે છતાં ક્રોધ વિના ના ચાલે તેમ માનો છો. આજ સુધીના કરેલા ક્રોધથી થયેલા નુકશાન યાદ કરો. પરિવારના હૃદયમાં સ્થાન મેળવવું કઠીન છે, પીએમ. થવું શક્ય છે. ક્રોધ પાસે રીલેશન કનેક્શન જોવા નહિ મળે–તમારામાં શું ભર્યું છે તે વધારે અગત્યનું છે. તમે ગમે તેવા સારા હોય પણ ક્રોધ હોય, વાણીમાં કટુતા હોય તો મૈત્રી નાશ પામે છે. આબરુ રહેતી નથી. સાકર વેચનારો વેપારી ખરાબ શબ્દો બોલે તો વેચાય નહિ. મરચું વેચનારો મીઠી જબાનથી વેચે છે. ક્રોધ તો રીલેશન ખતમ કરે છે.

ક્રોધ કરવાના કારણો ૩ છે. અજ્ઞાન, અભાવ, અને આવેશ. ત્રણે ભયંકર છે. પેટનો ખાડો ભોજનથી પૂરો થાય છે. જમીનનો ખાડો માટીથી પૂરો થાય છે. અભાવ-લોભનો ખાડો પૂરો થાય નહિ. અનંત દોષનો હું ગુલામ છું. તો મારી વાત તમે માનો નહિ તેના કરતાં અનંત ગુણોના ભંડાર પરમાત્માની વાત હું ન માનું તે વધારે ભયંકર છે. ક્રોધ ન કરો પ્રભુની આજ્ઞા છે.

ક્રોધથી મળતી વસ્તુ કરતાં ક્રોધના કંટ્રોલથી પ્રસન્નતા મેળવવી મહત્ત્વનું છે.

(૧) પ્રસન્નતા ગુમાવનાર બેવકૂફ છે. વાત વાતમાં ક્રોધ કરી પ્રસન્નતાનું બલિદાન ન આપો. પાગલ માણસને કેવો સમય છે, કેવું સ્થાન છે, શું કરી રહ્યો છે, હું કોણ છું તે યાદ નથી : ૪ લક્ષણવાળો માણસ ગાંડો સમજવો. ક્રોધ કરનાર ગાંડા માણસના લક્ષણો ધરાવે છે તેને શરમ નથી આવતી.

(૨) સામેના પ્રત્યેનો પ્રેમ અને પોતાના તરફનો પ્રેમ પણ ગુમાવે છે.

**ક્રોધથી નુકશાન :**

(૧) પ્રસન્નતાનું બલિદાન, (૨) પ્રેમ-સદ્ભાવનાનું બલિદાન, (૩) પુણ્ય કર્મનું બલિદાન, (૪) પરમાત્માની આજ્ઞા પાલનનો ભંગ.

ખોટા રસ્તે મળેલી સંપત્તિ પુણ્યથી મળી છે. પુણ્ય ખતમ થઈ ગયા પછી સફળતા મળતી નથી. તેને તમારી હોંશિયારીથી મળેલી સફળતા ન સમજવી. ક્રોધ કરવાથી ઉઘરાણી મેળવવા પુણ્યનું બેકિંગ હોય તો જ મળે. નળનું પાણી ટાંકીમાં હોય ત્યારે મળે છે. પુણ્યની ટાંકી ભરેલી છે તો પુરુષાર્થ સફળ બને છે.

**ક્રોધથી કેવી રીતે બચશો.**

ક્રોધ તે ભસતો કૂતરો છે. બાકીના કષાયો શાંત થઈને બેઠા હોય છે. ગુસ્સામાં જે હોય

### ક્રોધને કાબુમાં લાવવાના ત્રણ નિયમો

એવું બોલી નાખે તમને અંદાજ આવી જાય, જ્યારે માન-માયા-લોભ તે શાંત છે, દેખાય નહિ.

આપણે આપણી કક્ષા અને કર્તવ્યનો વિચાર નથી કરતા. મારાથી ક્રોધ કરાય નહીં. મારે ક્ષમા (ક્ષાંતિ) ધારણ કરવાની છે. મનને પહેલાં નિષ્કંપ બનાવો. તમારા મનોવિચારને સ્થિર બનાવો. કાંઈક થયું ને કમાન છટકી. ઘટના ઘટે તો તરત અસર થાય. પરિસ્થિતિની ઉપેક્ષા કરો. મનને પહેલાં નિષ્કંપ બનાવો. મન પર નાની-નાની વસ્તુઓની અસર જ ન થવા દો.

જો ક્રોધ કરનારની સામે તમે ક્રોધ-આવેશ કરો છો તો તમારામાં ક્ષમા નથી, ધીરજ નથી, ગંભીરતા નથી, બાહ્ય નિમિત્તોથી અંદરનું બગાડવાની તૈયારી છે. જે બોલે છે, ક્રોધ કરે છે તે તો તેનું કદાચ બાહ્ય જગત બગાડતા હોય તેમાં તમે સામે રીસ્પોન્સ આપી, ક્રોધ કરી, તમારું અંદરનું બગાડો છો, સામેવાળો તમારો ગુસ્સો જોઈને ગભરાઈને ભાગી ગયો, અટકી ગયો – તો તે તમારા પુણ્યનો પ્રભાવ છે - ગુસ્સાનો પ્રભાવ નથી. પુણ્ય નહીં હોય તો ડબલ જોરથી તે પ્રતિકાર કરશે.

દરેકે દરેક પ્રકારના દોષો ક્રોધને કારણે પેદા થાય છે. તેની સામે તમે ક્ષમાને લઈને આવો તો તે બધાને સંભાળી લે છે. ક્ષણભરનો અંધાપો તેનું નામ ક્રોધ; પણ આ એક ક્ષણમાં તમારા આત્માનું ઘનોત પનોત નીકળી જાય. ગમે તેવો ગુસ્સો આવે-એટલે ૧૨ નવકાર ગણવા.

ક્ષાંતિ એટલે ક્ષમા. અનંત આત્માઓ આત્માની શુદ્ધિ પામી મોક્ષે પહોંચી ગયા અને ભવિષ્યમાં મોક્ષે જશે અને આ માત્ર ક્ષમાના પ્રભાવના કારણે ગયા છે. આ ગુણ વગરની સાધુતા નકામી. સાધુનું બીજું નામ ક્ષમા. એટલે ક્ષમા શ્રમણ શબ્દ આના પરથી આવ્યો છે. જગતના બધા ગુણોનો આધાર ક્ષમા છે. આ ક્ષમા વગર કોઈ ગુણ ટકી શકે નહીં. ઈન્દ્રિઓને જીતી શકે તે બધાનો આધાર તે ક્ષમા. ક્ષમા તે જ આત્માનું ઐશ્વર્ય, વીર્ય – આ બધું ક્ષમાને કારણે છે. મગજ તપી જાય-તેમાં આપણી શોભા નથી.

**નીચેના દોષોથી બચો - સુખી થશો.**

**(૧) ક્રોધ :** ક્રોધ આવવો એ જીવનની વાસ્તવિકતા છે. પરંતુ નિરંકુશ ક્રોધ અને આવેશમાં ખોટા પગલાં ભરાઈ જાય છે જે જિંદગીભર તકલીફ આપી શકે છે. ક્રોધ આવ્યો હોય તો માફી માગતાં પણ શીખવું જોઈએ. ઘા રુઝાઈ જાય પણ તેનો ડાઘ રહી જાય છે. તે જ પ્રમાણે ક્રોધથી બીજાની લાગણીઓ ઉપર ઘા પડે છે. ભલે ક્ષમા માગી તેને રુઝાવી દેવામાં આવે પણ તેની યાદ તો રહી જ જાય છે.

**(૨) કટાક્ષમય ભાષા :** માનવીની કટાક્ષમય ભાષા બીજી વ્યક્તિને અપમાનીત કરે છે, દુઃખ આપે છે અને ગુસ્સો પેદા કરે છે. સંબંધોને તોડવામાં ઘણી વખત કર્કશ અને કટાક્ષમય ભાષા મોટો ભાગ ભજવે છે.

**(૩) અસહિષ્ણુતા :** જ્યારે વ્યક્તિમાં સહનશક્તિનો અભાવ હોય છે ત્યારે તે બીજી વ્યક્તિઓને સમજવામાં નિષ્ફળ જાય છે. અસહિષ્ણુતાને કારણે ગમે તેમ બોલી નાખે છે અથવા વર્તન કરે છે અને ઘણી વખત સામાજિક વિવેક અને વિનયથી દૂર થઈ જાય છે. આના કારણે લોકો આવી વ્યક્તિથી દૂર રહેવાનું પસંદ કરે છે.

**(૪) વિવેકહીન :** ઘણાં સામાજિક સમારંભોમાં વિવેકહીન વ્યક્તિઓ દખલરૂપ બની જાય છે અને આનંદના પ્રસંગને બગાડી નાખતા હોય છે. વિવેકહીન વ્યક્તિ બીજાની ભાવનાઓ અને હકને સમજતી હોતી નથી. દા. ત. સિનેમા હૉલ અથવા સંગીતના પ્રોગ્રામમાં મોબાઈલ ઉપર મોટેથી લાંબી વાતો કરે છે.

**(૫) સ્વાર્થકેન્દ્રી :** આવી વ્યક્તિ કેન્દ્રસ્થાને પોતાને જ રાખવા પ્રયત્ન કરે છે અને બીજાઓને સાંભળવાની અથવા સમજવાની તસ્દી રાખતા નથી. તે બીજાઓને પોતાની જ વાતોથી કંટાળો આપે છે. લોકો તેનાથી દૂર રહેવામાં જ પોતાની ભલાઈ સમજે છે.

**(૬) ઉધ્ધત :** આવી વ્યક્તિનું વર્તન બીજાને દુઃખી કરતું, અપમાનીત કરતું અને નીચે પાડતું હોય છે, તે અતિ લઘુતાગ્રંથિથી પીડાતી હોય છે અથવા અતિ ગુરુતાગ્રંથિનો શિકાર હોય છે. આવી વ્યક્તિઓને સમાજની જરૂર પડે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. દા. ત. કોઈ ઉધ્ધત સત્તાધારી.

**(૭) નિરાશાવાદી :** આવી વ્યક્તિ બીજાઓને પણ નિરાશ કરવાનો પ્રયત્ન કરે છે. તેની મિત્રતામાં આનંદ હોતો નથી અને નિરુત્સાહીત વર્તનને કારણે લોકો, કુટુંબીજનો તેનાથી કંટાળે છે.

**(૮) વહેમી સ્વભાવ :** આવો સ્વભાવ ધરાવતી વ્યક્તિ દરેક વ્યક્તિ ઉપર શંકા કર્યા કરે છે અને બીજાની પ્રમાણિકતાને ખોટી રીતે પડકારે છે. પરિણામે સંબંધો બગડતા જાય છે. વહેમી પતિ અથવા પત્ની કોઈ દિવસ આનંદથી જીવી શકતાં નથી.

**(૯) બદલાની ભાવનાથી પીડા :** આવી વ્યક્તિ બદલો લેવા માટે દરેક કાવાદાવા કરતી હોય છે અને છેવટે સમાજથી અલિપ્ત બનતી હોય છે.

**(૧૦) અતિ એકલવાયી :** આવી વ્યક્તિ બીજાઓની હાજરીમાં સતત ગૂંગળામણ અનુભવે છે. મિત્રો બનાવી શકતી નથી અને પોતે જ સમાજથી અલિપ્ત બની જાય છે જે તેને પાછલી અવસ્થામાં ખૂબ જ દુઃખભરી સ્થિતિમાં મૂકે છે.

*યાદ રહે ક્રોધે ક્રોડ પૂરવ તણું સંયમ ફળ જાય,*
*ક્રોધ સહિત તપ જે કરે તે તો લેખે ન થાય.*

✷ ✷ ✷

૪, લાવણ્ય સોસાયટી, પહેલે માળે, વાસણા રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૧૨૮૬૦.

'પ્રબુદ્ધ જીવન'ને વીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

**મુંબઈમાં સર્વપ્રથમ યોજાનારી**

# ડૉ. કુમારપાળ દેસાઈની અનોખી ત્રિદિવસીય શ્રી હેમચંદ્રાચાર્ય કથા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પ્રતિવર્ષ ત્રણ દિવસની એક વિશિષ્ઠ કથાનું આયોજન કરીને સમાજમાં એક નવો રાહ ચીંધ્યો છે. આ અગાઉ શ્રી મહાવીર જન્મકલ્યાણકની આસપાસ 'મહાવીર કથા', 'ગૌતમ કથા', 'ઋષભ કથા', 'નેમ-રાજુલ કથા' અને 'શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી કથા'નું સંસ્થાએ સફળતાપૂર્વક આયોજન કર્યું છે. જૈનદર્શનના જાણીતા ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ એમની જ્ઞાનગહન, ચિંતનયુક્ત છટાદાર વાણીમાં કથાની પ્રસ્તુતિ કરે છે. આ કથાઓની વિશેષતા એ છે કે એમાં જે તે તીર્થંકર કે વિભૂતિના જીવનની ઘટનાઓની સાથોસાથ એનાં મર્મો અને રહસ્યો ઉજાગર કરવામાં આવે છે. વર્તમાન સમયમાં એ ભાવનાની પ્રસ્તુતતાના આલેખન સાથે એનો વૈજ્ઞાનિક સંદર્ભ, એમાં છૂપાયેલા આધ્યાત્મિક અર્થો અને ધર્મપ્રણાલીઓનો તુલનાત્મક વિચાર આમાં આલેખવામાં આવે છે. આ કથાનું ભારતમાં અને લંડન તથા લોસ ઓન્જલસ જેવાં શહેરોમાં સફળ આયોજન થયું છે. આ કથાની પાછળ ડૉ. ધનવંતભાઈ શાહની પરિકલ્પના હોય છે અને ગીત અને સંગીતના માધયમથી શ્રી કુમારપાળ દેસાઈની અસ્ખલિત વાણીમાં રજૂ થયેલી કથાઓએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા છે. હવે ૨૦૧૫ના વર્ષમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ભવ્ય જીવન અને ઉત્કૃષ્ટ કવનને લક્ષમાં રાખીને **'શ્રી હેમચંદ્રાચાર્ય કથા'** પ્રસ્તુત થશે.

આપણે જાણીએ છીએ કે ગુજરાતી ભાષાનું પ્રભાત હેમચંદ્રાચાર્યથી ઊઘડે છે. ભારતભરના સારસ્વત દગ્ગજોની પંક્તિમાં સ્થાન ધરાવે એવી ગુજરાતી વિદ્વતાનો અપ્રતિમ માનદંડ હેમચંદ્રાચાર્યથી સ્થપાય છે. સોલંકીયુગના સમયની વિદ્વતા, રાજસત્તા, લોકવ્યવહાર, જનજીવન, ભાષા, સાહિત્ય, સભ્યતા અને સંસ્કારિતા – આ બધાં જ ક્ષેત્રો એમની વિશાળ પ્રતિભાના તેજથી છવાઈ ગયાં હતાં.

આવા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનું પ્રદાન ઘણું આગવું રહ્યું છે. સંસ્કાર નગરી પાટણ અને ધર્મનગરી ખંભાત જેવા નગરોમાં આગવી ઐતિહાસિક ઘટનાઓ સર્જાય છે. ગુજરાતની પ્રજા અને રાજા ઉભયના એ સંસ્કારનિર્માતા બની રહ્યા હતા. ગુજરાતની પાસે સાહિત્ય, સંસ્કાર, સમાજ કે ધર્મના ક્ષેત્રે પ્રભાવ પાડનારી એમની તોલે આવે એવી કોઈ વિભૂતિ જોવા મળતી નથી. ગુજરાતની પ્રજાકીય અસ્મિતાના ઉત્કર્ષ માટે એમણે અવિરત પ્રયાસ કર્યો અને ગુજરાતની સંસ્કૃતિમાં અહિંસા અને અનેકાંત સિદ્ધાંતને દૃઢમૂળ કરી આપ્યો.

આમ પ્રજાજીવનના સર્વ ક્ષેત્રોને એમણે પ્રતિભાના તેજથી અજવાળું આપ્યું. સાહિત્ય અને ઇતિહાસ, શાસ્ત્ર અને તર્ક, કળા અને વ્યવહાર, સાધુતા અને સરળતા તથા રાજા અને પ્રજા – એમ જુદી જુદી બાબતો અને ભૂમિકાઓનો સમન્વય સાધી આપનાર એમને કારણે ગુજરાતના ઇતિહાસના સોલંકીયુગના સમયને ગુજરાતનો સુવર્ણયુગ કહેવામાં આવે છે. ગુજરાતના રાજવી સિદ્ધરાજ જયસિંહ અને મહારાજા કુમારપાળ બંનેના તેઓ આદરપાત્ર માર્ગદર્શક અને સલાહકાર પણ હતા. સિદ્ધરાજની જ્ઞાનોપાસના અને કુમારપાળની સંસ્કારપ્રિયતાના તેઓ વિધાયક હતા. પ્રાચીન ઇતિહાસમાં એમના જેટલા ભિન્ન ભિન્ન વિષયો પર શાસ્ત્રીય અને અભ્યાસપૂર્ણ ગ્રંથો આપનાર ભાગ્યેજ કોઈ વિરલ પ્રતિભા મળી આવશે.

એ સમયના ગ્રંથોમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું પ્રતાપી અને તેજસ્વી જીવનચરિત્ર આલેખાયું છે. ગુજરાત સુવર્ણયુગ સમયની આ મહાન વિભૂતિના જીવનની ઘટનાઓ અને કવનની વિશેષતાઓની સાથોસાથ આ કથામાં અનેક રસપ્રદ પ્રસંગોનું ગીત-સંગીત શ્લોકગાન સાથે હૃદયસ્પર્શી આલેખન થશે.

---

**શ્રી ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત**

**ડૉ. કુમારપાળ દેસાઈની જ્ઞાનસભર વાણી દ્વારા**

## ।। શ્રી હેમચંદ્રાચાર્ય કથા ।।

**તા. ૨૯ માર્ચ, રવિવાર, સવારે ૧૦ વાગ્યે.**

**તા. ૩૦ અને ૩૧ માર્ચ સાંજે છ વાગ્યે.**

**સ્થળ :** ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ.

**આ ત્રિદિવસીય કથાના સૌજન્યદાતા**

**સ્મૃતિ : તનવીરકુમાર કીર્તિલાલ ચોકસી**

**સૌજન્યદાતા : વસુમતીબેન કીર્તિલાલ ચોકસી–પાટણ**

પ્રવેશપત્ર માટે જિજ્ઞાસુઓને સંઘની ઑફિસનો સંપર્ક કરવા વિનંતી–૨૩૮૨૦૨૯૬

# ઉપનિષદમાં યોગવિચાર

❑ ડૉ. નરેશ વેદ

**[ લેખાંક્રમાંક : ૧૪ ]**

આગલા ક્રમાંકમાં આપણે મુખ્ય ગણાતાં ઉપનિષદોમાં થયેલો યોગવિચાર જોયો. પરંતુ યોગવિચાર રજૂ કરતાં ઉપનિષદોની સંખ્યા ઘણી છે. જેમકે, યોગોપનિષદ, યોગત્ત્વ ઉપનિષદ, યોગરાજોપનિષદ, યોગકુણ્ડલ્યુઉપનિષદ, યોગચૂડામણિ ઉપનિષદ, નાદબિંદુ ઉપનિષદ, બ્રહ્મબિંદુ ઉપનિષદ, ધ્યાનબિંદુ ઉપનિષદ, ક્ષુરિકોપનિષદ, હંસોપનિષદ, જાલાલદર્શન ઉપનિષદ, મંડલ-બ્રાહ્મણોપનિષદ, અમૃતનાદોપનિષદ, બ્રહ્મવિદ્યા, ઉપનિષદ વગેરે. આ બધાં ઉપનિષદોનો પ્રતિપાદ્ય વિષય જ યોગવિદ્યા છે. તેથી આ બધાં ઉપનિષદોમાં વિસ્તાર અને વિશદતાથી યોગવિચાર રજૂ થયો છે. આપણે એનો સંક્ષિપ્ત રૂપમાં પરિચય કરીએ.

બધા જ જીવો, સુખ-દુઃખની માયારૂપી જાળમાં બંધાયેલા છે. માયાજાળને કાપીને બધા જીવોને મુક્તિનો માર્ગ પ્રશસ્ત કરનારો તથા જન્મ-મૃત્યુ અને જરા-વ્યાધિથી છોડાવનારો એક માત્ર માર્ગ યોગવિદ્યાનો છે. યોગવિહિન જ્ઞાન, મોક્ષ અપાવી શકતું નથી, તેમ જ્ઞાનરહિત યોગથી પણ મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી. તેથી મોક્ષના અભિલાષીએ જ્ઞાન અને યોગ, એમ બંનેની સાધના કરવી જોઈએ.

યોગતત્ત્વોપનિષદમાં યોગવિષયક વિવિધ બાબતોનું નિરૂપણ થયેલું છે. વ્યવહારની દૃષ્ટિએ યોગ ચાર પ્રકારના છે. એ છેઃ મંત્રયોગ, લયયોગ, હઠયોગ અને રાજયોગ. એની ચાર અવસ્થાઓ છે. આરંભ, ઘટ, પરિચય અને નિષ્પત્તિ. મંત્રયોગ એટલે માતૃકા વગેરેથી યુક્ત મંત્ર. આવા મંત્રનો બાર વર્ષ સુધી જે જપ કરે છે તે સાધક અણિમા, લઘિમા, મહિમા, ગરિમા, ઇશિત્વ, વશિત્વ, પ્રાક્રામ્ય અને પ્રાપ્તિ એવી અષ્ટસિદ્ધિઓનું જ્ઞાન મેળવી લે છે. ચિત્તનો લય કરનારી વિદ્યાને લયયોગ કહે છે. એના અનંત પ્રકારો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિવાળા અષ્ટાંગ યોગને હઠયોગ કહે છે. મનથી મનને જોતાં જઈ તેની ગતિવિધિઓનું નિરીક્ષણ કરીને તેમાંથી મુક્ત થવાની સાધનાને રાજયોગ કહે છે.

યોગીએ વ્રજોલી, અમરોલી, સહજોલી અને ખેચરી જેવી મુદ્રાઓનો તેમ જ જાલંધર બંધ, ઉડ્ડિયાન બંધ અને મૂલબંધ જેવા મહાબંધોનો અભ્યાસ કરવો પડે છે, તથા દીર્ઘ પ્રણવ સંધાન કરી, પરમ સિદ્ધાન્તને સાંભળીને મહાવેધ કરવો પડે છે. યોગી માટે મુખ્ય આસનો ચાર છેઃ સિદ્ધાસન, પદ્માસન, સિંહાસન અને ભદ્રાસન. ત્યારબાદ આ ઉપનિષદમાં યોગીના આહારવિહાર અને દિનચર્યા સમજાવ્યા છે. પછી યોગસિદ્ધ થતાં યોગીના શરીર, માનસ અને શક્તિમાં થતા ફેરફારોનું તથા યોગસિદ્ધિના લક્ષણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સિદ્ધિઓ પ્રાપ્ત કરવી એ યોગસાધકનું લક્ષ્ય નથી હોતું. એનું લક્ષ્ય તો કૈવલ્યપદની પ્રાપ્તિનું હોય છે. તેથી સાધકને યોગસિદ્ધિઓથી આકર્ષિત કે પ્રેરિત થઈને ચમત્કારો કરવાની દિશામાં ન જવાનો અને લક્ષ્યપ્રાપ્તિ માટે સાવધાન રહેવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પૂર્ણ મનોયોગથી કરેલી યોગસાધના સર્વથા સફળ થાય છે, એ સાધકને બધી સિદ્ધિઓથી પૂર્ણ કરી દે છે. આવો યોગી ઈશ્વરીય શક્તિઓનો અધિકારી બની જાય છે. તે આત્મતત્ત્વનો અંતઃકરણમાં સાક્ષાત્કાર કરીને, આ સંસારી આવાગમનથી મુક્ત થઈ જાય છે.

યોગકુંડલ્યોપનિષદના ત્રણ અધ્યાયોમાંથી પ્રથમ અધ્યાયમાં વાયુજ્ય એટલે કે પ્રાણાયામ સિદ્ધિ માટે ત્રણ ઉપાયો દર્શાવાયા છે. તે છેઃ મિતાહાર, આસન અને શક્તિચાલિની મુદ્રા. પછી સરસ્વતીચાલન, સૂર્યભેદી, ઉજ્જાયી, શીતલી, ભ્રસિકા જેવા પ્રાણાયામના પ્રકારોનો નિર્દેશ કરીને મૂલબંધ, ઉડ્ડિયાનબંધ અને જાલંધર બંધ એટલે શું એ સમજાવ્યું છે. પછી સાધકને યોગસાધનામાં આવતાં વિઘ્નોનો નિર્દેશ કરી, તેમનાથી કેવી રીતે પોતાનું રક્ષણ કરી શકાય તે દર્શાવ્યું છે. ત્યારબાદ, યોગાભ્યાસથી કુંડલિની જાગરણ કેવી રીતે થાય, બ્રહ્મગ્રંથિ,


## અનેકાન્તવાદ

- *મહાવીર જનકલ્યાણક પ્રસંગે તા. ૧૬-૩-૨૦૧૫નો 'પ્રબુદ્ધ જીવન'નો વિશિષ્ઠ અંક ઉપરોક્ત શીર્ષકથી પ્રકાશિત થશે.*
- *અનેકાન્તવાદના વિવિધ પાસાઓનું વિદ્વાન મહાનુભાવો સરળ ભાષામાં પોતાનું ચિંતન પ્રસ્તુત કરશે.*
- *આ વિશિષ્ઠ અંકનું સંપાદન કરશે મણિબેન નાણાવટી કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષા, જૈન ધર્મ અને ગુજરાતી સાહિત્યના અભ્યાસી*

**ડૉ. સેજલબહેન શાહ**

- *આ સમગ્ર અંકના સૌજન્યદાતા છે–*
- ***જ્ઞાનપ્રોત્સાહક શ્રીમતી ઇન્દુમતિ એસ. વસા***
- *પ્રભાવના માટે પોતાને ઇચ્છિત નકલોનો ઓર્ડર શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસમાં લખાવવા વિનંતી.*
- *અંકની કિંમત રૂા. ૬૦/–*
- *જ્ઞાન આરાધના જ્ઞાનકર્મનું ઉપાર્જન છે.*
- *વસ્તુ કરતાં વાંચનની ભેટ ચિરંજીવ અને પ્રેરક છે.*

**મોક્ષના અભિલાષીએ જ્ઞાન અને યોગ, એમ બંનેની સાધના કરવી જોઈએ.**

વિષ્ણુગ્રંથિ અને રુદ્રગ્રંથિના ભેદન દ્વારા કુંડલિનીનો સહસ્રારચક્રમાં પ્રવેશ કેવી રીતે કરાવાય એ સમજાવ્યું છે. એ વખતે પ્રાણ વગેરે તત્ત્વોનું શિવતત્ત્વમાં વિલિનીકરણ થવાથી જે સમાધિયોગ રચાય, એ અવસ્થામાં સર્વત્ર ચૈતન્યતત્ત્વની કેવી અનુભૂતિ થાય તે દર્શાવ્યું છે. બીજા અધ્યાયમાં ખેચરી મુદ્રાનો વિગતે પરિચય અપાયો છે. ખેચરીનું સ્વરૂપ કેવું હોય, મંત્રજાપથી ખેચરીની સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, ખેચરી મુદ્રાની ફલશ્રુતિ શું એ બધું સમજાવ્યું છે. ત્રીજા અધ્યાયમાં ખેચરીનો મેલનમંત્ર આપ્યો છે; એટલે કે ખેચરીસિદ્ધિના મંત્રો અપાયા છે. ત્યારબાદ સાધનાની અવસ્થામાં સાધકનો ક્રમિક વિકાસ થતાં આત્મદર્શન કરવા ઈચ્છુક સાધકની દૃષ્ટિ અને સ્થિતિના ત્રણ રૂપો સમજાવ્યાં છે. પછી પ્રાણાયામ વડે વિરાટના રૂપની ઉત્પત્તિ અને સિદ્ધિનો નિર્દેશ કરી, એમ કરવામાં અભ્યાસની અને ગુરુની આવશ્યકતા સમજાવી છે. છેવટે વાક્, વૃત્તિ, વિશ્વ વગેરે જેવા પ્રપંચો, પરાત્પર બ્રહ્મનું સ્વરૂપ, બ્રહ્મપ્રાપ્તિના ઉપાયો અને આવી જ્ઞાનમાર્ગી યોગસાધના દ્વારા જીવનમુક્તિ અને વિદેહમુક્તિ કેવી રીતે મળે એ વાત સમજાવી છે.

યોગરાજ ઉપનિષદમાં યોગના સિદ્ધાન્તો સમજાવવામાં આવ્યા છે. પહેલાં, મંત્રયોગ, લયયોગ, હઠયોગ અને રાજયોગ–એમ યોગના પ્રકારોનો નિર્દેશ કરી, પછી યોગનાં ચાર મુખ્ય અંગો–આસન, પ્રાણાયામ, ધ્યાન અને સમાધિ–ની અવસ્થાઓનું વિવેચન કર્યું છે. ત્યારબાદ બ્રહ્મચક્ર, સ્વાધિષ્ઠાનચક્ર, નાભિચક્ર, હૃદયચક્ર, કંઠચક્ર, તાલુકાચક્ર, ભ્રૂચક્ર, બ્રહ્મરંધ્રચક્ર અને વ્યોમચક્ર–એમ નવ ચક્રોનું વર્ણન કરીને, ધ્યાન કરવાની પ્રક્રિયા અને એનું પરિણામ– એમ બંને સમજાવ્યાં છે.

યોગચૂડામણિ ઉપનિષદનું યોગવિષયક ઉપનિષદોમાં સર્વોપરિ સ્થાન છે. તેમાં પહેલાં યોગના આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ છ અંગોનો પરિચય કરાવાયો છે. પછી યોગસિદ્ધિ પ્રાપ્ત કરવા ઈચ્છતા સાધકના શરીરની લાક્ષણિકતાની જાણકારી આપી છે. જીવાત્માના શરીરમાં રહેલાં ષડચક્રોનું જ્ઞાન અપાયું છે. યોનિસ્થાન રૂપ કુંડલિનીમાં પરમ જ્યોતિનું દર્શન કેવી રીતે થાય એ સમજાવી, પછી નાડીચક્ર, નાડીસ્થાન, નાડીઓમાં સંચારિત પ્રાણવાયુ અને તેમની ક્રિયાઓ ઓળખાવી છે. પછી કુંડલિની દ્વારા મોક્ષદ્વારનું ભેદન કેમ થાય તેની વાત કરતાં ત્રણ બંધ (મૂળ, જાલંધર અને ઉડ્ડિયાન), ત્રણ મુદ્રાઓ (વ્રજોલી, અમરોલી અને સહજોલી), વગેરે ઓળખાવ્યાં છે. મહામુદ્રાનું સ્વરૂપ સમજાવ્યું છે. પછી પ્રણવ અને બ્રહ્મની એકરૂપતાનો નિર્દેશ કરીને પ્રણવ (ૐકાર) જપની વિશેષ પ્રક્રિયા સ્પષ્ટ કરી છે. પછી તુરીય ૐકાર દ્વારા અગ્રબ્રહ્મની સાધનાનું સ્વરૂપ સમજાવ્યું છે. આવા પ્રણવમંત્રના અનુષ્ઠાન કરનાર સાધક માટે પ્રાણજયની આવશ્યકતા કેમ છે તેનો નિર્દેશ કરી, પ્રાણાયામનો અભ્યાસ કેમ થાય, નાડીશુદ્ધિ દ્વારા પ્રાણાયામ સિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થાય, પ્રાણનિરોધના અભ્યાસમાં ઈન્દ્રિયોના પ્રત્યાહારની આવશ્યકતા કેમ હોય છે તે સ્પષ્ટ કરી, યોગ-અંગોમાંના પ્રત્યેકનાં ફળ કેવાં અલગ અલગ છે તે જણાવી, તેની તરતમતા નિર્દેશી છે. મતલબ કે આ ઉપનિષદમાં યોગની સાધના કરનાર માટે અથ થી ઈતિ સુધીનું માર્ગદર્શન પ્રાપ્ત છે. આ ઉપનિષદમાં દર્શાવ્યા મુજબ સાધના કરનાર વ્યક્તિ અવશ્ય યોગક્ષેત્રમાં મુગટમણિ રૂપ બની શકે.

મણ્ડલબ્રાહ્મણોપનિષદમાં તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે અષ્ટાંગ યોગની આવશ્કતા, ચાર યમ, નવ નિયમ, આસન, પ્રાણાયામ, ષડંગયોગ, દેહના પંચદોષ, લક્ષ્યત્રય દર્શન, યોગના બે ભેદો પ્રથમ બ્રાહ્મણમાં સમજાવાયા છે. બીજા અધ્યાયમાં શાંભવી મુદ્રાથી પ્રણવની સિદ્ધિ, પ્રણવવિદ પર કર્મનો અપ્રભાવ, ઉન્મની અવસ્થાથી અનમનસ્ક સ્થિતિની પ્રાપ્તિ, સુષુપ્તિ અને સમાધિ વચ્ચેનો ભેદ, નિર્વિકલ્પ સમાધિના અભ્યાસનો ફાયદો, ત્રીજા બ્રાહ્મણમાં તારક માર્ગથી મનોનાશની પ્રાપ્તિ, ઉન્મની સિદ્ધયોગીનું બ્રહ્મરૂપ થવું, ચોથા

## જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૨

અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફીકલ ઍન્ડ લિટરરી રિસર્ચ સેંટર આયોજિત, અખિલ ભારતીય સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના મુખપત્ર **'જૈન પ્રકાશ'** શતાબ્દી પ્રસંગે, શ્રી બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘ પ્રેરિત **'જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૨'**નું આયોજન કરવામાં આવ્યું છે. **તા.૧૪ અને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૫, શનિવાર – રવિવાર**ના પારસધામ ઘાટકોપર ખાતે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યું છે.

આ પ્રસંગે ગુણવંત બરવાળિયા સંપાદિત **'જ્ઞાનધારા'** અને **'ગુરુમહિમા'** ગ્રંથનું વિમોચન ખીમજીભાઈ છાડવા અને બકુલભાઈ એન. ગાંધીના હસ્તે થશે.

સર્જકની વિચારસૃષ્ટિ વિષયની બેઠકના અધ્યક્ષસ્થાને ડૉ. ધનવંત શાહ તથા સંચાલન ડૉ. રતનબેન છાડવા સંભાળશે. **'ગુરુમહિમા'** બેઠકના અધ્યક્ષસ્થાને ડૉ. નિરંજન રાજ્યગુરુ તથા સંચાલન ડૉ. નાથાલાલ ગોહિલ અને ડૉ. અભય દોશી સંભાળશે.

જૈન જ્યોતિર્ધર **વીરચંદ રાઘવજી ગાંધી**ની **૧૫૦મી જન્મજયંતી** નિમિત્તે તેમના જીવન-કાર્ય વિશે પાવર પોઈંટ પ્રેઝન્ટેશન થશે. ભારતભરના વિવિધ ક્ષેત્રોમાંથી ૫૫ (પંચાવન) જેટલા વિદ્વાનો આ સત્રમાં ભાગ લેશે.

બ્રાહ્મણમાં વ્યોમપંચકનું જ્ઞાન અને એના પ્રતિફળનો નિર્દેશ કરી, રાજયોગનો સારાંશ સમજાવાયો છે. પાંચમા બ્રાહ્મણમાં પરમાત્મામાં મનને લીન કરવાનો અભ્યાસ, અનમનસ્ક અવસ્થાના અભ્યાસથી બ્રહ્મસ્થિતિની પ્રાપ્તિ, અનમનસ્કસિદ્ધ પુરુષનો મહિમા વગેરે મુદ્દાઓ વર્ણવાયા છે.

અમૃતનાદોપનિષદમાં પ્રણવની ઉપાસના સાથે યોગના છ અંગો–પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, પ્રાણાયામ, તર્ક (સમીક્ષા) અને સમાધિનું પહેલાં વર્ણન છે. પછી પ્રાણાયામની વિધિ, ૐકારની માત્રાઓનું ધ્યાન, પાંચ પ્રાણોનું સ્થાન અને એમના રંગો દર્શાવાયા છે. યોગસાધકની આહારવિહારની અને એના માનસિક વિકારોની મુક્તિની જરૂરિયાત સમજાવી, યોગસાધનાના ફળરૂપે દેવતુલ્ય જીવનની પ્રાપ્તિથી માંડીને બ્રહ્મનિર્વાણ સુધીની ઉપલબ્ધિઓનું માર્ગદર્શન અપાયેલું છે.

જાબાલદર્શનોપનિષદના દસ ખંડોમાં યોગના આઠ અંગો, દસ યમો અને દસ નિયમોનું વર્ણન કરીને, નવ પ્રકારના યૌગિક આસનો બતાવી, નાડીઓનો પરિચય કરાવી, નાડીશોધનની પ્રક્રિયા સમજાવી, નાદાનુસંધાન વગેરે વિષયો વર્ણવાયા છે. યોગસાધના કરવા ઈચ્છતા સાધક માટે આ ઉપનિષદમાં ઘણું વ્યાવહારિક માર્ગદર્શન ઉપલબ્ધ છે.

ક્ષુરિકોપનિષદમાં દૃઢ આસન પર બેસીને, પ્રાણાયામની વિશેષ ક્રિયાઓનો અભ્યાસ કરતાં, શરીરના તમામ મર્મસ્થાનોમાં પ્રાણનો સંચાર અધોમાંથી ઊર્ધ્વ તરફ કઈ રીતે થાય, હૃદયકમળમાં રહેલી સુષુમણા નાડીથી પ્રાણનો સંચાર થતાં બીજી ૭૨૦૦૦ નાડીઓનું છેદન કરતાં પ્રરબ્રહ્મના સ્થાનક સુધી પહોંચી શકાય તે સમજાવ્યું છે. એ સમયે જીવ પોતાના બધાં બંધનો બાળી દઈને પરમ તત્ત્વમાં વિલિન થઈ જતાં સાધક કેવી રીતે જીવનમુક્ત બની જાય છે તેની સમજ આપવામાં આવી છે.

નાદબિંદુ ઉપનિષદમાં ૐકારનાં વિવિધ અંગોપાંગનું વર્ણન છે. ૐકારની બાર માત્રાઓ અને એમની સાથે પ્રાણોના વિનિયોગનું ફળ શું મળે તે દર્શાવ્યું છે. પછી યોગ સાધકની સ્થિતિ તથા જ્ઞાનીના પ્રારબ્ધ કર્મોના ક્ષયનું વર્ણન કરીને નાદના પ્રકારો નિર્દેશ્યા છે. પછી નાદાનુસંધાન સાધનાનું સ્વરૂપ સમજાવી, મનોલયની સ્થિતિ સ્પષ્ટ કરી આપવામાં આવી છે.

'પ્રબુદ્ધ જીવન' કૉર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ ઍક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

આત્મશોધનની વિધિઓનો નિર્દેશ છે. પછી પ્રાણાયામની વિધિ, એના પ્રકાર, પ્રયોગ અને ફળ સમજાવ્યાં છે. પછી સાતમા ખંડથી દસમા ખંડ સુધી પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ અવસ્થાઓ સમજાવી છે.

અક્ષિ ઉપનિષદમાં યોગસાધના કરતાં સાધક જે સાત ભૂમિકાઓમાંથી પસાર થાય છે, તે ભૂમિકાઓનો પરિચય અપાયો છે. સાધક પહેલી ભૂમિકામાં યોગ તરફ અંતઃકરણપૂર્વક પ્રવૃત્ત થાય છે. બીજે પગલે વિચાર નામની યોગભૂમિકા પામે છે. ત્રીજે પગલે અસંસર્ગ નામની ત્રીજી ભૂમિકાએ પહોંચે છે. ચોથે તબક્કે અજ્ઞાનની સંપૂર્ણ નિવૃત્તિ થતાં સાધકને વિશ્વ સ્વપ્નવત ભાસે છે. પાંચમા પગલે ચિત્તમાં સદ્‌ગુણોનો વિકાસ થતાં સાધક અંતર્મુખી થઈ વાસનાવિહીન અદ્વૈતાનંદની ભૂમિકાએ પહોંચે છે. છઠ્ઠે પગલે સાધક તુરીય અવસ્થામાં પહોંચે છે તથા સાધક વિશુદ્ધ અદ્વૈત સ્થિતિમાં નિર્મળવૃત્તિયુક્ત થઈ નિર્ભય બને છે. સાતમા પગલે સાધક સર્વોચ્ચ ભૂમિકાએ પહોંચી પ્રણવ વાસુદેવની પ્રતીતિને પામે છે. આ રીતે આ ઉપનિષદ યોગ દ્વારા વિદેહમુક્તિ અવસ્થાની પ્રાપ્તિ કેવી રીતે થાય તે બતાવે છે.

બ્રહ્મધ્યાનયોગનું નિરૂપણ કરતાં ધ્યાનબિંદુ ઉપનિષદમાં પ્રણવમંત્રનું સ્વરૂપ, પ્રણવધ્યાનનો વિધિ, પ્રાણાયામ સાથે પ્રણવ ધ્યાન, ષડંગયોગ, આસનચતુષ્ટય, ષટચક્ર, નાડીચક્ર, દસ પ્રાણ, યોગ વખતે પ્રાણ, અજપા હંસવિદ્યા, કુંડલિની જાગરણ, ત્રણ બંધ, ત્રણ મુદ્રા,

હંસોપનિષદમાં પ્રત્યેક શરીરમાં ઉપસ્થિત જીવાત્મા તે હંસ છે. આવી હંસ અવસ્થાની પ્રાપ્તિ માટે ષટચક્ર વેધનની પ્રક્રિયા કરવી પડે તે સમજાવી, અષ્ટકમલ દલ સાથે તેની વૃત્તિઓની ક્ષમતા બતાવીને શુદ્ધ બ્રહ્મનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. આ હંસધ્યાનથી નાદની ઉત્પત્તિ થાય છે, તેની અનેક રૂપોમાં અનુભૂતિ થાય છે. એની ચરમ અવસ્થા તે સમાધિની અને સાક્ષાત્કારની સ્થિતિ છે એ સમજાવ્યું છે.

આ રીતે ઉપનિષદોમાં બહુ વિગતે યોગવિદ્યાનો વિચાર થયો છે. યોગ સાધના એટલે શું, એનું સ્વરૂપ કેવું હોય, એના કેટલા પ્રકારો હોય, એની પ્રવિધિઓ અને પદ્ધતિઓ કેવી હોય, એની વિવિધ ભૂમિકાઓ કેવી હોય, સાધક યોગસાધના માટે પોતાના શરીર, માનસ અને શક્તિઓને કેવી રીતે કેળવે, યોગસાધનામાં સાધકના આહાર-વિહાર કેવા હોય, યોગસાધનામાં સાધકને કેવાં કેવાં વિઘ્નોનો સામનો કરવો પડે, એવા વિઘ્નો અને વિકારોમાંથી સાધક કેવી રીતે બચી શકે, યોગસાધના કેવી કેવી સિદ્ધિઓ આપે, સાધકનું આ સાધનામાં ખરેખરું લક્ષ્ય શું હોય, યોગ-સાધનાની ફળશ્રુતિ શી હોય–એમ અનેક મુદ્દાઓની એમાં વિગતે વિચારણા રજૂ થઈ છે. યોગવિદ્યા ખરેખર વ્યવહારુ અને પ્રયોજય જીવનવિજ્ઞાન છે એ વાત આ વિવરણથી સમજાશે.

✱ ✱ ✱

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર, ફોન નં. : ૦૨૬૯૨-૨૩૩૭૫૦. સેલ નં. : ૦૯૭૨૭૩૩૩૦૦૦

# શતાબ્દી પુરુષ આચાર્ય શ્રી તુલસી

☐ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

[ ગતાંકથી આગળ ]

(૩)

## સમણ શ્રેણીનું વરદાન

સાધુ અને શ્રાવક વચ્ચેની સમણ શ્રેણીનું સર્જન એ આ મહાન સ્વપ્નદ્રષ્ટાનું મહાન વરદાન છે. ૯મી નવેમ્બર ૧૯૮૦ના પોતાના ૬૬મા જન્મ દિવસે તેઓશ્રીએ સમાજને અપૂર્વ ભેટ આપી. છ મુમુક્ષુ બહેનોને 'સમણી'ની દીક્ષા આપી સમણ શ્રેણીની શરૂઆત કરી, જેમાં આજે શતાધિક સમણ-સમણીઓ એક ગુરુના અનુશાસનમાં સ્વ-પરના કલ્યાણનું ઉત્તમ કામ કરી રહ્યા છે.

સમણ શ્રેણીમાં દીક્ષિત થનાર મુમુક્ષુના પાંચ વ્રતો થોડા અપવાદ બાદ કરતાં જૈન મુનિ જેવા જ હોય છે. અહિંસાની અખંડ સાધના; સંપૂર્ણ અસત્યના, ચોરીના, મૈથુનના અને રાત્રિભોજનના ત્યાગ, વગેરે વ્રતો તેઓ આજીવન પાળે છે.

જૈન ધર્મના પ્રચાર-પ્રસારાર્થે એમના માટે થોડા અપવાદો-છૂટ આપવામાં આવે છે. વાહન દ્વારા યાત્રા, સંદેશ-વ્યવહાર આદિ માટે કૉમ્પ્યુટર, મોબાઈલ, ટેબ્લેટ કે અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો આદિનો મર્યાદિત ઉપયોગ કરી શકે છે. પણ આ બધી છૂટનો ઉપયોગ અત્યંત વિવેકપૂર્વક માત્ર આધ્યાત્મિક કાર્યો માટે જ કરી શકે છે. કોઈપણ જાતના મોજ-શોખ કે વ્યક્તિગત લાભ માટે આવી છૂટનો ઉપયોગ થઈ શકતો નથી.

આ શ્રેણીમાં દીક્ષિત થનારાનો મુખ્ય ઉદ્દેશ તો પોતાનો આધ્યાત્મિક વિકાસ જ છે. આથી એમની જીવનશૈલી પણ સાધુના જેવી જ હોય છે. નિયમિત સ્વાધ્યાય, ધ્યાન, પ્રાર્થના, બે સમય પ્રતિક્રમણ, જાપ, ત્યાગ, તપસ્યા આ બધાં એમના દૈનિક જીવનના અંગો છે.

એમને યાત્રા માટે વાહનોની છૂટ હોવાથી ભારતમાં અને વિદેશમાં-સુદૂર ક્ષેત્રોમાં-આધ્યાત્મિકતા, યોગ, ધ્યાન આદિનો પ્રચાર-પ્રસાર કરી શકે છે. મોટા ભાગની સમણીઓ ઉચ્ચત્તમ શૈક્ષણિક યોગ્યતા ધરાવે છે. યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર, શાળાના પ્રિન્સીપાલ, કૉલેજો, શાળાઓમાં શિક્ષિકાઓ, આદિ અનેક રૂપે સમાજમાં સેવા આપે છે.

શુદ્ધ શ્વેત વસ્ત્ર, પવિત્ર જીવનશૈલી અને ઉચ્ચત્તમ આધ્યાત્મિક આભા મંડળથી સુશોભિત આ સમણીઓ આજે વિશ્વભરમાં સેન્ટરો ચલાવે છે, જેમાં જૈન દર્શનનું અને તત્ત્વનું ઊંડું જ્ઞાન, સ્વાધ્યાય, પ્રેક્ષાધ્યાન, જીવન વિજ્ઞાન, અન્ય દર્શનો અને ધર્મોનો તુલનાત્મક અભ્યાસ આદિનો નિયમિત અભ્યાસ કરાવવામાં આવે છે. અમેરિકાની માયામી યુનિવર્સિટીમાં જૈન ચેર (Jain Chair)ની પણ સ્થાપના સમણીઓ દ્વારા થઈ છે. જૈન વિશ્વભારતી યુનિવર્સિટી દ્વારા લાડનૂમાં અને લાડનૂ બહાર દૂરસ્થ શિક્ષણ (Distance education) યોજના દ્વારા B.A., M.A., Ph.D., D.Phil. આદિના અભ્યાસ માટે સમણીજીઓ અનન્ય સેવા આપી રહી છે.

## સામાજિક ક્રાંતિના જ્યોતિર્ધર

પ્રાચીન ભારતમાં ૧૯મી શતાબ્દી સુધી સામાજિક કુરુઢિઓનું વર્ચસ્વ રહ્યું. વિદેશીઓની ગુલામી, સતિપ્રથા, બાલવિવાહ, પુનર્વિવાહ-નિષેધ, જાતિ-પ્રથા, અસ્પૃશ્યતા, પરદા-પ્રથા, દહેજ, વર-વિક્રય, કન્યા-વિક્રય આદિ રિવાજો અને અંધશ્રદ્ધાએ ભારત દેશને દિગ્મૂઢ બનાવી દીધો.

આવા તિમિરાચ્છાદિત વાતાવરણમાં કેટલાંક ક્રાંતિકારી સમાજ સુધારકોએ યથોચિત સંસ્કાર-રશ્મિઓનો પ્રકાશ ફેલાવ્યો. રાજા રામમોહનરાય (૧૭૭૨-૧૮૩૩), સ્વામી દયાનંદ સરસ્વતી (૧૮૩૩-૧૮૮૩), પંડિતા રમાબાઈ, સર સૈયદ અહમદખાન, મહાદેવ ગોવિંદ રાનડે, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (૧૮૫૬) કેશવચંદ્ર સેન, મહર્ષિ કર્વે, મહાત્મા જ્યોતિબા ફૂલે, મહાત્મા ગાંધી જેવા પ્રખર ક્રાંતિકારીઓએ સતિપ્રથા, અસ્પૃશ્યતા, જાતિવાદ, બાલવિવાહ, પરદા-પ્રથા, મૂર્તિ-પૂજા આદિનો ઘોર વિરોધ કર્યો. વિધવા-વિવાહ, સ્ત્રી શિક્ષા, સ્વદેશી-સમર્થન આદિ માટે ભગીરથ પ્રયાસો કર્યાં. આ પ્રખર મશાલધારીઓમાં આચાર્ય તુલસી (૧૯૪૯-૧૯૯૭)નું નામ પણ રોશન છે.

## સામાજિક પરિવર્તન

આચાર્ય તુલસીના શ્રાવક સમાજમાં મારવાડ, મેવાડ આદિ રાજસ્થાનવાસીઓ અધિક હતા. એમનામાં અનેક સામાજિક કુરુઢિઓ પ્રચલિત હતી, જે અંધશ્રદ્ધા અને પરંપરાને કારણે ચાલતી આવતી હતી. ખાસ કરીને પરદાપ્રથા, દહેજ અને દહેજ-પ્રદર્શન, મૃત્યુ પર રૂઢિરૂપમાં રડવાનું, મૃત્યુભોજ, અસ્પૃશ્યતા, જાતિવાદ, વર-વધૂ, ક્રય-વિક્રય, જન્મ સંસ્કાર વખતે મુંડન આદિ પરંપરા સમયે ભેટ, લગ્ન વખતે જમણવાર પ્રદર્શન, આડંબર, વિધવાઓ માટે ફરજિયાત નારકી જેવું જીવન, આદિ કુરુઢિઓ પ્રચલિત હતી. તે સમયના સાધુઓને સામાજિક પરંપરાની બાબતમાં બિલકુલ હસ્તક્ષેપ કરવા દેવામાં આવતા નહીં. આચાર્યશ્રી તુલસીએ જોયું કે મોટા ભાગની કુરુઢિઓ વ્યક્તિના ધાર્મિક અને સામાજિક વિકાસમાં બાધારૂપ બનતી હતી. અને તેથી આ ક્રાંતિકારી મહાપુરુષે આવી પરંપરાઓ વિરુદ્ધ ૧૯૬૦માં મેવાડમાં સામાજિક ક્રાંતિનો શંખ-નાદ ફૂંક્યો. પોતાના જ સમાજ તરફથી આનો પ્રચંડ પ્રતિરોધ થયો. 'સામાજિક

> *સાધુ અને શ્રાવક વચ્ચેની સમણ શ્રેણીનું સર્જન એ આ મહાન સ્વપ્નદ્રષ્ટાનું મહાન વરદાન છે.*

રિવાજોમાં હસ્તક્ષેપ કરવો એ જૈન આચાર્યનો વિષય નથી. તમે માત્ર ધર્મનો ઉપદેશ આપો.' આવો વિરોધ ઉગ્ર બન્યો.

### પરદા-પ્રથા સામે જેહાદ

૧૯૬૦માં રાજનગર (મેવાડ)માં આયોજિત પરદા-પ્રથા ગોષ્ઠીમાં આચાર્ય શ્રી તુલસીએ પરદા પ્રથાને તિલાંજલિ આપવા માટે માર્મિક અપીલ કરતાં કહ્યું હતું કે 'સમાજનું મૂળ ઘટક (એકમ) વ્યક્તિ છે. એમાં સ્ત્રી-પુરુષ બંને આવી જાય છે. વ્યક્તિ-વ્યક્તિનો વિકાસ એજ સમાજનો વિકાસ છે. અધ્યાત્મ અને સમાજ–આ બંને જીવનના બે પાસાં છે. પણ જ્યારે સામાજિક કુરૂઢિઓ વ્યક્તિના આધ્યાત્મિક વિકાસમાં બધા સ્વરૂપ બને ત્યારે એનો પ્રતિકાર કરવો જરૂરી છે.

પરદા-પ્રથાનું મૂળ ભયજનિત પરિસ્થિતિઓમાં છે. મુસ્લિમ આક્રમણો પછી ભારતમાં પરદા-ઘૂંઘટ પ્રથાનું ચલણ પ્રારંભ થયું. એક સમયે તે સામયિક અને નારી-રક્ષણ માટે આવશ્યક પ્રથા હતી. પણ ૧૬મી સદી પછી એ રૂઢિ બની ગઈ અને નારી સભ્યતાનો એક અંગ બની ગઈ. આચાર્યશ્રી તુલસીએ ચિંતન કર્યું કે આજના યુગમાં આ પ્રથાની કોઈ આવશ્યકતા નથી. કારણ કે-

- એ મહિલા-વિકાસમાં બાધા રૂપ બની ગઈ છે.
- નારીની સ્થિતિ નારકીય બની ગઈ છે.
- નારી પુરુષો પર આશ્રિત થઈ ગઈ છે.
- નારી પુરુષોના ભોગ-વિલાસનું સાધન બની ગઈ છે.
- નારીની સ્વતંત્રતા પર અંકુશ લાગી ગયો છે. એમનું ઘરથી બહાર નીકળવાનું, હરવા ફરવાનું, બધું બંધ થઈ ગયું છે.
- નારીને શિક્ષણથી વંચિત રહેવું પડ્યું છે.
- નારી સામાજિક કુરુઢિઓમાં જકડાઈ ગઈ છે.
- નારીના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થઈ છે.
- બાલ-વિવાહ, સતી-પ્રથા આદિ કુપ્રથાઓનો નારી શિકાર બની છે.
- વિધવા મહિલાનું જીવન નરકનું પર્યાય બન્યું છે.

નારી સમાજની આ કરુણ પરિસ્થિતિ જોઈ એમનું કરુણામય હૈયું કંપી ઊઠ્યું. એમણે શ્રાવક સમાજને જગાડવા 'નયા મોડ' નામનું આંદોલન શરૂ કર્યું. એમાં ઉપરની બધી જ કુરુઢિઓ પર કુઠારાઘાત કરી નારી જગતના ઉદ્ધાર માટે જેહાદ જગાવી. પરિણામે પોતાના જ શ્રાવક સમાજનો ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો. રૂઢિચૂસ્ત ઉંમરલાયક મહિલાઓએ તો સીધો આરોપ મૂક્યો કે, 'શું ગુરુદેવને લુગાઈઓના ચહેરા જોવા છે?' જરાપણ ગભરાયા વગર એમણે તત્કાળ જવાબ આપ્યો, 'હા! મને મારી માતાઓના મુખના દર્શન કરવા છે!'

આમ આવા ઉગ્ર વિરોધનો સામનો કરીને પણ એમણે શ્રાવક સમાજને ધીરે ધીરે સ્વસ્થ સમાજ રચના માટે તૈયાર કર્યાં, તેરાપંથની દ્વિશતાબ્દીના પ્રસંગે સમસ્ત સમાજમાં પરદા-ઘૂંઘટ પ્રથા દૂર થઈ, તથા જન્મ, વિવાહ અને મૃત્યુ પછી કરવામાં આવતા બૃહદ્ ભોજન, પ્રદર્શન, વરવધૂ-વિક્રય, બીડી-સીગારેટ તંબાકુ આદિ રાખવાની પ્રથા, આદિ બંધ કરવામાં આવી. મૃત્યુ પછી બાર-બાર દિવસ સુધી શોકની બેઠકની પ્રથા, મૃત્યુ ભોજન, વિધવાઓને કાળા વસ્ત્ર પહેરવાની પ્રથા તથા એમને લાંબો સમય સુધી ઘરના ખૂણામાં બેસી રહેવાની નારકીય પ્રથા બંધ થઈ ગઈ.

આજે એમના સમુદાયની મારવાડી મહિલાઓએ અધ્યાત્મના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગતિ સાધી છે. સાધ્વીજીઓ, સમણીજીઓ અને મુમુક્ષુ બહેનો સાંપ્રત સમયની સાથે તાલ મેળવે છે. તેરાપંથ મહિલા મંડળ દ્વારા અનેક રાષ્ટ્રોપયોગી અને સમાજોપયોગી કાર્યો થઈ રહ્યા છે-આ સમગ્ર પ્રગતિના પ્રેરણાદાતા હતા-આચાર્ય તુલસી.

### ઉગ્ર વિરોધમાં પરમ સમતા

'જો હમારા હો વિરોધ, હમ ઉસે સમજે વિનોદ.'

આચાર્યશ્રી તુલસીના જીવનમાં ભૂરિ ભૂરિ પ્રશસ્તિ અને ભયંકર વિરોધના જેટલા પ્રસંગો આવ્યા હશે એટલા ભાગ્યે જ કોઈ અન્ય મહાપુરુષના જીવનમાં આવ્યા હશે. તેઓશ્રી તો વીતરાગતાની સાધનાના સોપાન ચડતા રહેતા હતા, એટલે પ્રશસ્તિ અને વિરોધ બંનેમાં સમતાભાવ રાખી શક્યા હતા. પોતાના જ સંઘના સાધુઓ અને શ્રાવકસમાજ તરફથી પણ વિરોધનો સામનો એમણે કર્યો હતો અને એમના કર્તૃત્વ અને વ્યક્તિત્વના દ્વેષીલા લોકો તરફથી પણ ઘોર વિરોધ થયો હતો. રાયપુર ચાતુર્માસ (૧૯૭૦) વખતે એમની લોકપ્રિયતા બહુ હતી. એની પ્રતિક્રિયા સ્વરૂપ કેટલાક ચુસ્ત સાંપ્રદાયિક તત્ત્વોએ એમના વિરૂદ્ધ પદ્ધતિસરનું આંદોલન શરૂ કરી દીધું. એમની 'અગ્નિપરીક્ષા' પુસ્તકમાં સીતાજી માટે આક્ષેપાત્મક વાત છે એવું અસત્ય ફેલાવી ભયંકર સાંપ્રદાયિક દંગલ ઊભું કરી સાધુ-સાધ્વીઓના સ્થાન પર હિંસક ઉપદ્રવો કર્યા. પ્રવચન પંડાલને આગ લગાડી દીધી. પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ. આચાર્ય તુલસીએ વિચાર્યું કે, 'લોકોને એટલી હદ સુધી ભડકાવવામાં આવ્યા છે કે જો હું અહીં રહીશ તો તોફાની તત્ત્વો ભયંકર હિંસા પર ઉતરી આવશે, એટલે મારે હવે ચોમાસા દરમિયાન પણ રાયપુરથી ચાલી જવું જોઈએ.' એટલે હિંસાને ટાળવા અને શાંતિ જાળવવા પોતે તદ્દન નિર્દોષ અને સાચા હોવા છતાં રાયપુર છોડી વિહાર કરી દીધો. આવી ભયાનક સ્થિતિમાં પણ એમનું મનોબળ ને માનસિક સંતુલન મજબૂત હતું.

આવી જ રીતે હરિજન વસ્તીમાં પ્રવચન આપવા બદલ પોતાના જ સમાજનો ઘોર વિરોધ સહન કરવો પડ્યો હતો. પણ એ તો માનવીય એકતામાં માનતા હતા. એટલે આવા વિરોધને ઘોળીને પી ગયા.

બાલદીક્ષા માટે પણ જૈન સમાજના અને અન્ય વર્ગના લોકોએ ઘોર વિરોધ કર્યો હતો. એમનું તો સ્પષ્ટ માનવું હતું કે અયોગ્ય દીક્ષા ન અપાય પણ યોગ્ય વ્યક્તિને દીક્ષા આપતી વખતે એની ઉંમર ન જોવાય. એની યોગ્યતા અને વૈરાગ્ય જ જોવાય.

આમ સંઘર્ષોમાં પણ સંતુલન જાળવી એમણે હંમેશાં પોતાના દૃઢ

મનોબળનો પરિચય આપ્યો હતો. વિરોધને વિનોદમાં પરિવર્તન કરવાની કળા એમનામાં હતી..

> ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને પોતાના 'લીવીંગ વીથ ધ પરપઝ' ગ્રંથમાં જે ચૌદ મહાપુરુષોના જીવનવૃત્તાંતો પ્રગટ કર્યા છે તેમાંના આચાર્ય શ્રી તુલસી એક છે.

### નિઃસ્પૃહતાની પ્રતિમૂર્તિ

આચાર્યશ્રી તુલસીએ જીવનમાં ભૌતિક સુખ, સુવિધા, પદલાલસા, યશલાલસા વગેરે માટે ક્યારેય પણ સ્પૃહા રાખી ન હતી. એમનું મુનિજીવન કઠોર સાધનામય હતું. પોતાના શિષ્ય-શિષ્યાઓ સુવિધાવાદી ન બની જાય તે માટે એ સતત-સતર્ક રહેતા. યશ-કીર્તિ-પ્રશંસા આદિ માટે એમણે ક્યારેય પણ આકાંક્ષા કરી ન હતી. પોતાના જીવનના અસ્તકાળમાં એમણે સ્વેચ્છાએ આચાર્યપદનો ત્યાગ કરી પોતાના ઉત્તરાધિકારી આચાર્ય મહાપ્રજ્ઞજીને આચાર્ય બનાવી પદ માટેની નિઃસ્પૃહતાનું જ્વલંત ઉદાહરણ પેશ કર્યું હતું. આચાર્યપદનું વિસર્જન એમના જીવનકાળનું સૌથી મહાન અને સૌથી નવું કાર્ય હતું. આમાં એમની નિસ્પૃહતા ઉપરાંત સાહસ અને દૂરદર્શિતાના દર્શન થાય છે.

ભારત સરકારે એમની જનકલ્યાણની પ્રવૃત્તિની કદર રૂપે એમની સ્મૃતિમાં ટપાલ ટિકિટ બહાર પાડી છે. એમની શતાબ્દી મહોત્સવ નિમિત્તે એમની પુણ્યસ્મૃતિમાં પાંચ અને વીસ રૂપિયાના સિક્કાઓ આ વર્ષે બહાર પાડ્યા છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને પોતાના 'લીવીંગ વીથ ધ પરપઝ' ગ્રંથમાં જે ચૌદ મહાપુરુષોના જીવનવૃત્તાંતો પ્રગટ કર્યા છે તેમાંના આચાર્યશ્રી તુલસી એક છે. એમના મહાપ્રયાણ પછી બીજે જ દિવસે તા. ૨૪ જૂન ૧૯૯૭ના દિવસે 'મુંબઈ સમાચાર'માં કલ્યાણજી સાવલા ઉર્મિલનો 'યુગપ્રધાન આચાર્યપ્રવર શ્રી તુલસીજીનું મહાપ્રયાણ' લેખ પ્રકાશિત થયો હતો. ગુણવંત બરવાળિયા 'ગુંજને' એમને વિશ્વ 'ચેતનાના વણઝારા' કહ્યા હતા.

### સંત લોંગોવાલ સાથે વાર્તાલાપ

પંજાબમાં ભયંકર તનાવની પરિસ્થિતિ હતી. અકાલી દલના નેતા સંત હરચંદસિંહ લોંગોવાલ અને પ્રધાનમંત્રી રાજીવ ગાંધી સાથે સંઘર્ષનું વાતાવરણ સર્જાયું હતું. લોકસભાનું કામ થંભી ગયું હતું, ત્યારે આચાર્યશ્રી તુલસીએ લોંગોવાલને યાદ કર્યા અને એ એમને મળવા રાજસ્થાન આવ્યા. શાંત અને સૌહાર્દપૂર્વક વાતચીત થઈ. ત્યાર પછી રાજીવ ગાંધી સાથે લોંગોવાલે વાત કરી અને આચાર્યશ્રી તુલસીની તેજસ્વી અને નિસ્વાર્થ પ્રતિભા દ્વારા પંજાબ સમસ્યાનું સમાધાન થઈ ગયું.

### આજીવન યાયાવર

આચાર્ય તુલસીએ જીવનભર લાંબી લાંબી યાત્રાઓ કરી હતી. કચ્છથી કલકત્તા અને પંજાબથી કન્યાકુમારી સુધી લાખો કીલોમીટરની પદયાત્રા કરી માનવતાનો અને વ્યસનમુક્તિનો સંદેશ ફેલાવ્યો હતો.

### વ્યક્તિત્વ નિર્માણ

આચાર્ય તુલસી એક નિષ્ણાંત હીરાપારખુ હતા. એમણે મુનિ નથમલજીમાંથી આચાર્ય શ્રી મહાપ્રજ્ઞ બનાવ્યા, મુનિ મુદિતકુમારમાંથી આચાર્યશ્રી 'મહાશ્રમણ' બનાવ્યા અને સાધ્વી કનકપ્રભામાંથી 'મહાશ્રમણી સાધ્વીપ્રમુખા' કનકપ્રભા બનાવ્યા. આ ઉપરાંત હજારો સાધુ-સાધ્વીઓ, સમણો, સમણીઓ, મુમુક્ષુઓ, ઉપાસકો, શ્રાવકો-શ્રાવિકાઓ આદિના આધ્યાત્મિક વ્યક્તિત્વ-વિકાસમાં એમનું અનન્ય અવદાન હતું. આ લેખના લેખકને પણ 'નવજીવન' આ પરમ કૃપાળુ સંતે આપ્યું હતું.

### ઉપસંહાર

આચાર્યશ્રી તુલસીની જીવન-ગાથા ભારતીય ચેતનાનો એક અભિનવ ઉન્મેષ છે. આટલું લાંબું મુનિ-જીવન, આટલું લાંબું આચાર્યપદ, આટલી લાંબી લાંબી પદયાત્રાઓ, આટલો વ્યાપક જનસંપર્ક, આટલો ભગીરથ જનજાગરણનો પ્રયત્ન, આટલો પુરુષાર્થ, આટલો આધ્યાત્મિક વિકાસ, આટલું વિશાળ સાહિત્ય-સૃજન, કેટલી બધી વ્યક્તિઓનું નિર્માણ ખરેખર-આ બધું અદ્ભુત છે.

સૃજનાત્મક દૃષ્ટિ, સકારાત્મક ચિંતન, સ્વચ્છ ભાવ, સર્વોત્તમ સાધ્ય, સઘન શ્રદ્ધા, શુભંકર સંકલ્પ, શિવંકર શક્તિ, સમ્યક્ પુરુષાર્થ, શ્રેયસ અનુશાસન, શુચિ સંયમ, સતત જ્ઞાનોપાસના-આ બધાં સુલલિત સમુચ્ચયનું નામ હતું-આચાર્યશ્રી તુલસી. તેઓ વીસમી શતાબ્દીને પોતાના વિલક્ષણ વ્યક્તિત્વ, અપરિમેય કર્તૃત્વ અને ક્રાંતિકારી દૃષ્ટિકોણથી પ્રભાવિત કરવાવાળા યુગદૃષ્ટા ઋષિ હતા. ✷ ✷ ✷

અર્હમ્, પ્લોટ નં. ૨૬૬,
ગાંધી માર્કેટની બાજુમાં,
સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.
મોબાઈલ : ૯૮૨૧૬૮૧૦૪૬.
ટેલિફોન : ૦૨૨-૨૪૦૪ ૨૦૩૨,
૦૨૨-૨૪૦૯ ૪૧૫૭

### આચાર્ય તુલસીના બે વિશેષ અવદાનો

**૧. પ્રેક્ષાધ્યાન :** વ્યક્તિના શારીરિક, માનસિક અને ભાવનાત્મક તણાવો (tension) દૂર કરીને સ્વભાવમાં વિધેયાત્મક પરિવર્તન દ્વારા આત્મ-સાક્ષાત્કારની જૈન સાધના પદ્ધતિ-પ્રેક્ષાધ્યાન એમણે વિકસાવી. આજે માત્ર ભારતભરમાં જ નહીં, વિદેશોમાં પણ અનેક પ્રેક્ષાધ્યાન કેન્દ્રો દ્વારા સર્વાંગીણ સ્વસ્થતાનું પ્રશિક્ષણ આપવામાં આવે છે.

**૨. જીવનવિજ્ઞાન :** વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ તથા ઘડતર માટે એકથી અગિયાર ધોરણ સુધીના પાઠ્યક્રમો – જીવનવિજ્ઞાન – એમણે તૈયાર કરાવ્યા. આજે દેશભરની હજારો શાળાઓ – મહાશાળાઓમાં લાખો વિદ્યાર્થીઓ શિસ્ત અને સંયમના પાઠો શીખી રહ્યા છે.

## ગણાધિપતિ શ્રી તુલસીના અમર અને અણમોલ સાહિત્યગ્રંથો

- અશાંત વિશ્વ કો શાંતિ કા સંદેશ
- તીન સંદેશ
- આત્મ નિર્માણ કે ઈકત્તીસ સૂત્ર
- સાધુ જીવન કી ઉપયોગિતા
- વિશ્વ શાંતિ ઔર ઉસકા માર્ગ
- સંદેશ
- જૈન દીક્ષા
- તત્ત્વ ક્યા હૈ ?
- રાજધાની મેં આચાર્ય તુલસી કે સંદેશ
- ધર્મ સબ કુછ હૈ, કુછ ભી નહીં.
- અણુવ્રતી સંઘ ઔર અણુવ્રત
- આચાર્ય તુલસી કે અમર સંદેશ
- શાંતિ કે પથ પર (દુસરી મંજિલ)
- અણુવ્રત આંદોલન
- અણુવ્રતી ક્યોં બને ?
- પ્રવચન ડાયરી ભાગ-૧ થી ૫
- ભોર ભઈ
- સૂરજ ઢલ ના જાએ
- સંભલ સયાને !
- ઘર કા રાસ્તા
- નવનિર્માણ કી પુકાર
- જ્યોતિ કે કણ
- જન-જન સે
- નૈતિક સંજીવન
- ધવલ સમારોહ
- નયા મોડ
- ક્યા ધર્મ બુદ્ધિગમ્ય હૈ ?
- બૂંદ-બૂંદ સે ઘટ ભરે-૧,૨
- જાગો ! નિદ્રા ત્યાગો !
- ધર્મ સહિષ્ણુતા
- આગે કી સુધિ લેઈ
- મેરા ધર્મ કેન્દ્ર ઔર પરિધિ
- અતીત કા અનાવરણ : અનાગત કા સ્વાગત
- ધર્મ : એક કસોટી,
- અણુવ્રત કે સંદર્ભ મેં / અણુવ્રત ગતિ-પ્રગતિ
- ખોએ સો પાએ
- અણુવ્રત કે આલોક મેં
- નયી પીઢી : નયે સંકેત
- દાયિત્વ કા દર્પણ : આસ્થા કા પ્રતિબિંબ
- જૈન તત્ત્વ પ્રવેશ ભાગ-૧-૨
- સમાધાન કી ઓર
- મંજિલ કી ઓર ભાગ-૧
- જ્યોતિ સે જ્યોતિ જલે
- ઉદ્‌બોધન / સમતા કી આંખ : ચરિત્ર કી પાંખ
- સોચો ! સમઝો ! પ્રવચન પાથેય, ભાગ-૧ થી ૧૦
- મહામનસ્વી આચાર્ય શ્રી કાલૂગણિ જીવનવૃત્ત
- મંજિલ કી ઓર ભાગ-૨ મુક્તિ : ઈસી ક્ષણ મેં
- મુક્તિપથ / ગૃહસ્થ કો ભી અધિકાર હૈ ધર્મ કરને કા
- વિચાર વીથી / રાજપથ કી ખોજ
- વિચાર દીર્ઘા / રાજપથ કી ખોજ
- અનૈતિકતા કી ધૂપ : અણુવ્રત કી છતરી
- સમણ દીક્ષા
- પ્રજ્ઞાપુરુષ જયાચાર્ય
- પ્રેક્ષા : અનુપ્રેક્ષા
- બૂંદ ભી : લહર ભી
- બીતી તાહિ બિસાર દે
- પ્રેક્ષાધ્યાન : પ્રાણ વિજ્ઞાન
- અમૃત સંદેશ
- હસ્તાક્ષર
- દોનોં હાથ : એક સાથ
- કુહાસે મેં ઉગતા સૂરજ
- મુખડા ક્યા દેખે દરપન મેં
- જબ જાગે તભી સબેરા
- લઘુતા સે પ્રભુતા મિલે
- દીયા જલે અગમ કા
- મનહંસા મોતી ચુગે
- પ્રજ્ઞાપર્વ
- જીવન કી સાર્થક દિશાએં
- સફર : આધી શતાબ્દી કા
- બૈસાખિયાં વિશ્વાસ કી
- તેરાપંથ ઔર મૂર્તિપૂજા
- અર્હત્ વન્દના
- જો સુખ મેં સુમિરન કરૈ
- નયા સમાજ : નયા દર્શન
- અણુવ્રત : ગતિ-પ્રગતિ
- અહિંસા ઔર વિશ્વશાંતિ
- આહ્‌વાન
- ઉદ્‌બોધન
- જૈન તત્ત્વવિદ્યા
- તત્ત્વચર્ચા
- ધર્મ ઔર ભારતીય દર્શન
- નૈતિકતા કે નએ ચરણ
- પ્રગતિ કી પગદંડિયાં
- પ્રશ્ન ઔર સમાધાન
- ભગવાન મહાવીર
- ભ્રષ્ટાચાર કી આધાર શિલાએં
- મુક્તિપંથ
- શ્રાવક આત્મચિંતન
- શ્રાવક સંમેલન મેં
- સપ્ત વ્યસન
- સમ્બોધ
- દીયે સે દીયા જલે

**યાત્રા સાહિત્ય**

- દક્ષિણ કે અંચલ મેં
- પાંવ-પાંવ ચલનેવાલા સૂરજ
- જબ મહક ઊઠી મરુધર માટી
- પરસ પાંવ મુસકાઈ માટી
- અમરિત બરસા અરાવલી મેં
- બહતા પાની નિરમલા

**પદ્ય- સાહિત્ય**

- અગ્નિ પરીક્ષા
- અણુવ્રત ગીત
- કાલૂયશોવિલાસ
- ચંદન કી ચુટકી ભલી
- જાગરન
- ચંદનબાલા (અપ્રકાશિત)
- ડાલિમ ચરિત્ર
- મેં તિરું મ્હારી નાવ તિરે
- સેવાભાવી
- નંદન નિકુંજ
- પાની મેં મીન પિયાસી
- ભરત મુક્તિ
- મગન ચરિત્ર
- મા વંદના
- માણક મહિમા
- શાસન મહિમા
- શાસન સંગીત
- શ્રદ્ધેય કે પ્રતિ
- શ્રી કાલૂ ઉપદેશ વાટિકા
- સોમરસ
- શાસન-સુષ્મા
- સુધારસ

**સંસ્કૃત સાહિત્ય**

- જૈન સિદ્ધાંત દીપિકા
- ભિક્ષુ ન્યાય કર્ણિકા
- પંચસૂત્રમ્
- મનોનુશાસનમ્
- શિક્ષાપણ્ણવતિ

### આચાર્ય શ્રી તુલસીના બોધવચનો

- *પ્રલોભન અને ભયનો માર્ગ બાળકો માટે ઉપયોગી થઈ શકે છે, પરંતુ સાચી ધાર્મિક વ્યક્તિના દૃષ્ટિકોણમાં ક્યારેય લાભ-હાનીને લગતી સંકિર્ણતા નથી જોવા મળતી.*
- *ધાર્મિક વૃત્તિ સેવનાર વ્યક્તિ કદી દુઃખી નથી થઈ શકતી અને ધાર્મિક વૃત્તિને ત્યજનાર વ્યક્તિ કદી સુખી નથી થઈ શકતી.*
- *ધાર્મિક વ્યક્તિ દુઃખને સુખમાં બદલી નાખે છે.*

# નવકારની સંવાદયાત્રા

❑ ભારતી દિપક મહેતા

[ ૩ ]

**અમે :** ભાઈ, તમે નવકાર મહામંત્રને છ આભ્યંતર તપ મૂલવો છો. તો તે તુલના કઈ રીતે કરો છો?

**પૂ. ભાઈ :** શ્રી નમસ્કાર મહામંત્ર એવો ઉર્જાનો વિસ્ફોટ કરે છે કે જે કાર્ય કરતાં વર્ષો લાગે તે કાર્ય તેવી આરાધનાથી કલોકોમાં થાય છે. તેનામાં પ્રચંડ સંક્રામક શક્તિ છે, જેનાથી તે સુરક્ષા કવચબનીને નિર્મળ આત્માઓની રક્ષા કરી મહાફળ અર્પે છે.

હવે છ આભ્યંતર જોઈએ તો :

(૧) પ્રાયશ્ચિતઃ આ મહામંત્રના જાપ થકી સર્વ પાપોનું પ્રાયશ્ચિત થાય છે.

(૨) વિનયઃ આથી પંચપરમેષ્ઠી સમા ગુણીજનોનો વિનય થાય છે.

(૩) વૈયાવચ્ચઃ આ મહામંત્રને સેવવાથી પંચપરમેષ્ઠી સમા સર્વોત્તમ પાત્રોની ભાવ-વૈયાવચ્ચનો લાભ મળે છે.

(૪) સ્વાધ્યાયઃ આનાથી પંચમહાશ્રુત સ્કંધ સમા શ્રુતજ્ઞાનની પૂજા થાય છે.

(૫) ધ્યાનઃ આ મહાજાપ દ્વારા પરમેષ્ઠીનું ધ્યાન થાય છે.

(૬) કાયોત્સર્ગઃ શ્રી નવકાર મહામંત્ર જાપ દ્વારા શુદ્ધ આત્મસ્વરૂપમાં રહેવાનો યોગ ઉત્પન્ન થાય છે.

આ રીતે નવકાર મહામંત્રના જાપથી છ પ્રકારના તપની સેવના થાય છે. આ જ મંત્ર થકી આત્મસ્વરૂપમાં સ્થિર રહી પ્રભુ મહાવીરે પૂર્ણતા પ્રાપ્ત કરી અને ૨૧૦૦૦ વર્ષ સુધી પૂર્ણ બનવાનો માર્ગ પણ જીવો માટે ખુલ્લો મૂક્યો.

**અમે :** નવકાર મહામંત્રનો આપણી ઉપર અમૂલ્ય ઉપકાર છે એમ તમે કહો છો, તો ભાઈ, એ કઈ રીતે ?

**પૂ. ભાઈ :** શ્રી નમસ્કાર મહામંત્ર એ સાત પ્રકારનાં માંગલ્ય ભેટ આપે છે : દર્શન માંગલ્ય, સ્મરણ માંગલ્ય, શ્રવણ માંગલ્ય, શ્રુતિ માંગલ્ય, સંકલ્પ માંગલ્ય, તીર્થ માંગલ્ય અને તત્ત્વ માંગલ્ય. હવે આ સાત માંગલ્ય સંગે સાત પગલાં આકાશ તરફ કેટલાંયે આત્માઓએ માંડ્યાં, તો ધરતીથી શિદ્ધશીલા પહોંચી ગયાં! સત્યનો પ્રકાશ, સ્વરૂપનો આનંદ અને પરમતત્ત્વ સાથે અભેદ કરાવનાર છે માત્ર અને માત્ર શ્રી નવકાર મહામંત્ર.

મિથ્યાત્વનું આવરણ દૂર કરાવનાર, શુભ ભાવોમાં આરોહણ કરાવનાર અને આર્હન્ત્ય ચેતનાનું અવતરણ કરાવનાર આ મહામંત્રનાં આપણી પર આમ અમૂલ્ય ઉપકારો છે.

**અમે :** ભાઈ, નમસ્કાર મહામંત્ર કઈ રીતે શાશ્વત છે ?

**પૂ. ભાઈ :** આત્મસિદ્ધિનાં ઉપનિષદ સમો આ નવકાર એ શબ્દથી, અર્થથી, ભાવથી, ક્ષેત્રથી, કાળથી, નામથી, શક્તિથી અને સામર્થ્યથી શાશ્વત હતો અને સદાકાળ રહેશે.

**અમે :** મનુષ્યત્વ સાચવવાનો શ્રેષ્ઠ ઉપાય તમારા મતાનુસાર શો છે ?

**પૂ. ભાઈ :** મનુષ્યનું જીવન એ વિશ્વની કોઈપણ બીજી ગતિનાં જીવન કરતાં વધુ વ્યવસ્થિત, કલ્યાણકર અને કર્મસત્તાથી પીડાતા જીવોને ધર્મ સેવીને દુઃખ મુક્ત કરાવનાર સર્વોત્કૃષ્ટ છે, એથી મનુષ્યત્વ સાચવવું જ રહ્યું. એ જળવાઈ શકે નવકાર મંત્રની સામૂહિક આરાધનાથી. આ માર્ગમાં જે જાય તેની સદ્‌ગતિ કે ઉર્ધ્વગતિ નિશ્ચિત છે.

**અમે :** નમસ્કાર જો દિવ્ય પ્રકાશ છે તો અંધકાર કોણ ?

**પૂ. ભાઈ :** અંધકાર છે અહંકાર. નમસ્કાર ને અહંકાર એ બે તત્ત્વો પ્રકાશ અને અંધકારની જેમ એકમેકનાં વિરોધી તત્ત્વો છે. અહંકાર દૂર કરવા નમસ્કાર લાવવો જ પડે છે. ધર્મથી વિમુખ કરવામાં અહંકાર અને ધર્માભિમુખ કરવામાં નમસ્કાર જ મુખ્ય ભાગ ભજવે છે. આપણા આત્મામાં નમસ્કારને વિષે જેવી ગતિ કે પ્રીતિ થઈ કે તરત જ ભવભ્રમણ કરાવનાર અંધકારરુપી અહંકાર દૂર ખસ્યો જ સમજવો.

**અમે :** ભાઈ, એક confusion લાંબા સમયથી છે. નવકારની કેટલીક પ્રતોમાં 'નમો' અને કેટલીક પ્રતોમાં 'ણમો' પદ દેખાતું હોય છે. તો બેમાંથી ક્યું પદ શુદ્ધ ગણવું ?

**પૂ. ભાઈ :** પરમોચ્ચ કલ્યાણના બીજરૂપ શ્રી નવકાર મહામંત્ર એ મહાસત્ત્વ ને મહાતત્ત્વરૂપ સમર્થ મંત્ર છે. પૂર્વાચાર્ય એવા શ્રી વરરુચિના મત મુજબ પ્રાકૃતમાં 'ણમો' પદ બને છે અને તે જ શુદ્ધ છે. પરંતુ કલિકાલસર્વજ્ઞ પૂજ્ય શ્રી હેમચંદ્રાચાર્યજીનાં મતાનુસાર 'નમો' અથવા 'ણમો' એ બંને શુદ્ધ જ છે. તેઓ કહે છે બાળક જ્યારે પોતાની માતાને કહે છે કેઃ 'મા, મને ભૂખ લાગી છે.' ત્યારે ભાષા કરતાં ભાવ વધુ સ્પર્શે છે અને મા તરત તેને જમાડે છે. એ જ રીતે આ બંને પદમાં રહેલ ભાષા કરતાં બોલાતો ભાવ જ મુખ્ય છે.

**અમે :** શ્રી નવકાર મંત્રને ગણવાની ફક્ત દ્રવ્યક્રિયાને ભક્તિભીની ભાવક્રિયામાં બદલવા શું કરવું જોઈએ ?

**પૂ. ભાઈ :** તમને હું ચાંદી-સોનાની ૫૦ ગીની આપું તો તે ગણવામાં કેટલો બધો રસ આવે છે ને ? બસ, તેથી વિશેષ રસ શ્રી નવકાર મંત્ર ગણવામાં આવવો જોઈએ. જેવો રસ પડે કે તરત જ તે કાર્યમાં આપણે એકાગ્ર થઈ જઈએ છીએ. એકાગ્રતા એ સાધનાનું પ્રથમ પગથિયું છે. જે રીતે સૂર્યનાં કેન્દ્રિત કરેલા કિરણો કાગળને બાળવા પણ સમર્થ બને છે, તે જ રીતે એકાગ્રતા દ્વારા કર્મને બાળવાનું સામર્થ્ય પ્રગટે છે. આપણને જેવો વિશ્વાસ આવે કે અસીમ શક્તિ સંપન્ન શ્રી પરમેષ્ઠી ભગવંતોની સર્વ શક્તિઓ નવકાર મહામંત્રમાં જ કેન્દ્રિત થઈ છે અને સર્વ પ્રકારની પ્રતિકૂળ અવસ્થા મહામંત્રને ગણવાથી દૂર થઈ જાય છે કે તરત જ રસ પડવાનો શરૂ થશે. અહોભાવ વધશે. આદરમાન વધશે. અને છેલ્લે તે ભાવમાં એટલો ઉછાળો આવશે કે તેને સતત ગણ્યા વગર ચેન જ નહીં પડે ! આ ભાવ ક્રિયાને જીવનનું એક અંગ બનાવી દેવાનું છે. પછી સમય મળે ચિત્ત આપમેળે જ નવકાર પ્રત્યે ખેંચાશે. કોઈ પ્રયત્ન કરવાની જરૂર નહીં રહે. **(ક્રમશઃ)**

૮૨, ગૌતમ બુદ્ધ ઍપાર્ટમેન્ટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦ ૦૦૧.
મો. : ૦૯૮૨૫૨૧૫૫૦૦. email : bharti@mindfiesta.com

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

# ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

આ વ્યાખ્યાનમાળાના બધાં વ્યાખ્યાનો અને ભક્તિ સંગીત આપ સંસ્થાની વેબ સાઈટ ઉપર સાંભળી શકશો.

• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

**(તા. ૨૨ ઑગસ્ટ ૨૦૧૪થી તા. ૨૯ ઑગસ્ટ ૨૦૧૪)**

**(ડિસેમ્બર ૨૦૧૪ના અંકથી આગળ)**

**વ્યાખ્યાન-સાત : ૨૫ ઑગસ્ટ**

**વિષય : મોક્ષ હથેળીમાં છે.**

*[ રમેશ દોશીએ ધર્મને સમર્પિત થઈને આત્માનુભવ લેવા પરિવાર છોડ્યો છે. આધ્યાત્મ ક્ષેત્રે કંઈક પ્રાપ્ત કરવાની આકાંક્ષા છે. તેમનું મુખ્ય સાધન અંતરનો અવાજ છે. પ્રેમની દિવ્ય અનુભૂતિ, મૃત્યુની અનુભૂતિ અને ભક્તિની અનુભૂતિ વિશિષ્ટ છે. ભક્તિની અને આધ્યાત્મિક અનુભૂતિની વાત આ વ્યાખ્યાનમાં કરી છે. તેઓ શ્રીમદ્ રાજચંદ્રના ઊંડા અભ્યાસુ છે. તેમણે દીક્ષા લીધી નથી પણ સાધુ જેવું જીવન ગાળે છે. વ્યાખ્યાતાનો પરિચય આપતા પ્રમુખ ડૉ. ધનવંત શાહે આ શબ્દો કહ્યા હતા. ]*

સાધક રમેશભાઈ દોશીએ મોક્ષ હથેળીમાં છે એ વિશે જણાવ્યું હતું કે તત્ત્વજ્ઞાનીઓના કહેવા મુજબ આત્મા સ્વ સ્વભાવમાં આવે તો મોક્ષ હથેળીમાં છે. ક્ષમા એ મોક્ષનો દરવાજો છે. આ કાળમાં પણ મોક્ષ હોઈ શકે. મોક્ષ સરળ, સુગમ અને સહજ પ્રાપ્ત થાય એવો છે. મનને શાંતિ અને દેહને આનંદનો અનુભવ થાય તે મોક્ષ છે. મોક્ષ મહાવીરને અને આપણાને બધાને મળી શકે છે. જીવનમાં અનિશ્ચય એ જ અંતરાય છે. એકવાર દિશા નક્કી થાય પછી બધું એ દિશામાં ચાલે છે.

સત્ગુરુની શોધમાં લાંબો સમય ફર્યા પછી વિવેકાનંદનું વાક્ય મારા ધ્યાનમાં આવ્યું કે પાત્રતા પ્રગટ કરો તો ભગવાન તમારી સામે છે. આ વિધાનની મારા ઉપર ઊંડી અસર પડી છે. પાત્રતા નહીં હોય તો તમને સદ્ગુરુ મળી રહે એવી વ્યવસ્થા કુદરતમાં છે. પાત્રતા નહીં હોય તો સદ્ગુરુને ટકાવવા મુશ્કેલ છે. શ્રીમદ્ રાજચંદ્ર સાધક પુરુષ હતા. મોક્ષ જોઈએ તો અંતરાત્માને સાંભળો. મારી પાસે જે પરમ સાધન છે તે અંતરનો અવાજ છે. તે બધા પાસે છે. હું ભૂલ કર્યા પછી આગળ વધ્યો છું અને મને તે ભૂલ સુધારવાની તકો પણ મળી છે. મેં શાસ્ત્ર નહીં પણ અંતરના અવાજ પ્રમાણે કામ કર્યું છે. ચિંચણમાં ઝૂંપડીમાં મૌનમાં મહિનાઓ સુધી રહ્યો. ત્યાં અપમાન ઘણું થયું હતું. અપમાન કરનારાઓએ બાદમાં મને મોઢામાં મૂકી લાડવા ખવડાવ્યા છે. આત્મા વિજ્ઞાન છે. કલ્પના કે ચમત્કાર તેમાં નથી. કૃપાળુ ભગવાને કહ્યું છે કે આ કાળની અંદર ધારીએ તો મોક્ષ થઈ શકે છે. દેહ છતાં મનુષ્ય પૂર્ણવીતરાગ થઈ શકે છે એવો અમારો નિશ્ચલ અનુભવ છે. આ વિધાન કૃપાળુ ભગવાનના છે. ભગવાને પ્રત્યેક વ્યક્તિને જન્મની સાથે મોક્ષની રિટર્ન ટિકિટ સાથે મોકલ્યા છે. પુષ્પક વિમાન પણ ઊભું છે. આપણે માત્ર જંજીર તોડવાની છે. પૃથ્વી ઉપર દુઃખ જેવી વસ્તુ નથી. ભગવાનને આપણને દુઃખ આપવાનો સમય પણ નથી. પરિવાર અને વ્યવસાય જેવા સંજોગો આપણે ઊભા કર્યા છે. આત્માએ કોઈને દગો દીધો નથી એ શુભનું ચિન્હ છે. સ્થૂળ મૌન કામ કરે છે. સ્થૂળ બ્રહ્મચર્યની મહત્તા છે. મારા અંતરના અવાજે મેં કાંદિવલી-મલાડમાં ઝાડું લગાડ્યું. ઈડરમાં ગંદકી સાફ કરી છે. જ્યાં ભૂલ લાગી ત્યાં સુધારી છે. મારો મોક્ષ કોઈ અટકાવી શકે નહીં. શ્રીમદ્નું વિધાન છે કે મેં પુરુષાર્થ કર્યો છે. મને મળ્યું છે, તમને પણ મળી શકે છે એમ શ્રીમદ્ ઉમેરે છે.પાત્રતા પ્રગટ કરો તો સુખ બહાર નથી અંદર જ છે.

**વ્યાખ્યાન-આઠ : ૨૫ ઑગસ્ટ**

**વિષય : કુરાન અને જૈનદર્શન.**

*[ અઝહર હાશમી મધ્ય પ્રદેશમાં રતલામ સ્થિત કૉલેજમાં રાજનીતિ શાસ્ત્ર લાંબો સમય ભણાવ્યા પછી ત્રણ વર્ષ પહેલાં નિવૃત્ત થયા છે. તેમણે દૂરદર્શન અને આકાશવાણી ઉપર સ્વરચિત કવિતાઓનું પઠન કર્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ પણ વિદ્યાર્થીઓએ પીએચ.ડી. કર્યું છે. 'હિન્દી સાહિત્ય કી ગીતિકાવ્ય પરંપરા' ઔર 'પ્રા. અઝહર હાશમી કા ગીતિકાવ્ય : એક અનુશીલ' વિષય ઉપર કુ. મંજુ શુક્લાને ઉજ્જૈનના વિક્રમ વિશ્વવિદ્યાલયે હિન્દી સાહિત્યમાં પીએચ.ડી.ની ડીગ્રી પ્રદાન કરી છે. ]*

પ્રાધ્યાપક અઝહર હાશમીએ 'કુરાન અને જૈન દર્શન' અંગે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે કુરાન અને જૈન દર્શન બંનેમાં ક્ષમાને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ક્ષમા એ હોઠો વડે થતું ઉચ્ચારણ નથી પરંતુ આત્માનું આચરણ છે. ક્ષમા માટે પહેલ કરવાથી અહંકાર તૂટે છે. મિથ્યાત્વનો ભ્રમ તૂટે છે.

કુરાનના ૩૦મા પ્રકરણના ૨૫મા પારામાં પણ ક્ષમાની મહત્ત્વની વાત છે. જે બધાને ક્ષમા આપે છે અને બધાની ક્ષમા માગે છે. તેઓ ઉપર અલ્લાહ રહેમ (કૃપા) વરસાવે છે એમ જણાવવામાં આવ્યું છે. જૈનોના વંદિત્તુ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે કે ક્ષમામાં જ ગૌરવ,

ગરિમા અને મહત્તા રહેલી છે. જૈન ધર્મ પછી ઈસ્લામ ધર્મનો જન્મ થયો છે. પર્યુષણનો ઉત્સવ સમત્વભાવ પેદા કરવાનો છે. હઝરત મહંમદ પયગમ્બર રોજ રસ્તા પરથી પસાર થતા ત્યારે એક મહિલા તેઓ ઉપર થૂંકતી અને કચરો નાખતી હતી. આ ક્રમ ઘણાં દિવસો સુધી ચાલ્યો હતો. એક દિવસ તે મહિલા માંદી પડી ત્યારે મહંમદ પયગમ્બર પગથિયા ચઢીને તેમના ઘરે ગયા અને પુછ્યું, તમે બિમાર છો તો હું તમારી શું સેવા કરી શકું ? આ ક્ષમા છે. નારદે લાત મારી ત્યારે ભગવાન વિષ્ણુએ તેમને માફ કર્યા એવો ઉલ્લેખ હિન્દુ શાસ્ત્રોમાં છે. કર્મનો આદેશ આપે, સત્યનો સંદેશ આપે અને સત્કર્મ માટે પુરુષાર્થ કરવાનું કહે તે ધર્મ છે. આજે બધા ધર્મો તેના માર્ગથી ભટકીને અલગ રસ્તે જતા જોવા મળે છે ત્યારે અનેકાંતવાદી સ્યાદ્વાદ મહત્ત્વનો છે.

ધર્મોને અનેકાંતવાદ વડે જાણવા–સમજવા જોઈએ. ઇરાક–ઇરાનમાં શિયા-સુન્નીઓ લડી રહ્યા છે. અહમ્ અને દંભ અનેક જગ્યાએ નડે છે. વ્યાખ્યાન એ આત્માને ધારણ કરવાની બાબત છે. અનેકાંતવાદ આવે તો ઘરમાં ઝઘડા નહીં થાય. કુરાનમાં જણાવાયું છે કે બધાને પ્રેમ કરનાર અને એક કરનારને અલ્લાહ પોતાનો મિત્ર બનાવે છે. અલ્લાહ બીજા ઉપર અહેસાન કરનારને મિત્ર બનાવે છે. તેમાં શાંતિ, ન્યાય, માનવતા, પ્રેમ અને ભક્તિનો ઉપદેશ અપાયો છે. જ્યારે જૈન ધર્મના સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને પવિત્રતાના ઉપદેશનું પાલન કરશો તો આકાશના ગ્રહો કે દુનિયામાં તમારું કોઈ કશું ખરાબ કરી શકશે નહિ. 'સંઘ' દ્વારા યોજાતા વ્યાખ્યાન સંસ્કારોને આગળ ધપાવે છે.

| વ્યાખ્યાન-નવ : ૨૬ ઑગસ્ટ |
| --- |
| વિષય : સ્વીકારમાં સુખ. |

[ *મહાબળેશ્વરમાં રહેતા ભાવેશ ભાટિયા પ્રજ્ઞાચક્ષુ છે. તેમણે ૧૮ વર્ષની ઉંમરે ગોંદીયાથી નેપાળ સુધી ૫૬૨૦ કિ.મી.નો પ્રવાસ સાઈકલ દ્વારા ખેડ્યો હતો. તેમને તે બદલ લિમકા બુક ઑફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે. તેમને પેરેલેટીક સ્પોર્ટ્સમાં ૧૦૯ મેડલ મળ્યા છે. તેઓ મીણબત્તી બનાવવાના કામ વડે ૮૭ પ્રજ્ઞાચક્ષુઓ અને આઠ વિકલાંગોને રોજગારી પૂરી પાડે છે. તેમના પત્ની નીતાબહેનનું સમર્પણ જબરદસ્ત છે. વિકલાંગોના જીવનમાં ઘણી તકલીફો હોય છે. તેમાંથી તેને અંદરથી ઊભા થવાનું હોય છે. ભાવેશભાઈએ પાંડિત્યની નહીં પણ અનુભવની વાત વ્યાખ્યાનમાં માંડી છે.* ]

ભાવેશ ભાટીયાએ 'સ્વીકારમાં સુખ' વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે ભગવાન મહાવીરના મોટાભાઈના જમાઈ ગોશાલક તેજસ્વી અને વિદ્વાન હતા. તેઓ બંને એકવાર વિહાર કરતા હતા. ગોશાલકના મનમાં એક ખૂણે ઈર્ષ્યાની થોડી ભાવના હતી કે મહાવીર ભગવાન તો તીર્થંકર તરીકે ઓળખાય છે. વિહાર કરતી વેળાએ એક ગામમાં પહોંચ્યા ત્યારે મહાવીરની નજર છોડ ઉપર પડી. ગોશાલકે તે ઉખાડીને ફેંકી દીધો. ગોશાલકે ભગવાનને પૂછ્યું–શું આ છોડ પાછો ઉગી શકશે ? આ દરમિયાન ચારથી પાંચ દિવસ પુષ્કળ વરસાદ પડ્યો. મહાવીર થોડા દિવસ પછી તે ગામમાં પાછા આવ્યા ત્યારે તે છોડ પાછો ઊગી નીકળ્યો હતો. તેના ઉપર ઉગેલા પુષ્પો સુગંધ પ્રસરાવતા હતા. આપણાં જીવનમાં પણ ઘણીવાર તકલીફો આવે એટલે આપણે મનથી ભાંગી પડીએ છીએ. પરંતુ આપણે લઘુતાગ્રંથિ છોડીને સ્વીકારભાવ કેળવવો જોઈએ. ભગવાનના અને મહાવીરના આશીર્વાદથી છોડની જેમ પાછા ઉગી શકીએ છીએ. મહાવીરે કહ્યું છે કે આપણે સાંભળીને કલ્યાણ કે પાપનો માર્ગ પસંદ કરી શકીએ છીએ. તેમણે મોક્ષના ચાર માર્ગ–શ્રાવક, શ્રાવિકા, સાધુ અને સાધ્વી બતાવ્યા છે. ભગવાન બુદ્ધે કહ્યું કે ઘણાં ઘોડા ચાબુકની ફટકારથી ચાલે છે. ઘણાં ચાબુક દેખાડવાથી ચાલે છે. કેટલાંક ઘોડા દૂરથી ચાબુકની ફટકારથી જ ચાલવા માંડે છે. બીજા અનુભવથી આપણે જાગૃત થઈએ એ મહત્ત્વનું છે. ગુરુજનોએ ઉપદેશ આપ્યો છે કે પ્રવાસ સમૂહમાં કરો. તેમાં ચોર કે પશુઓનો ભય હોય છે. આપણે જ્યારે સૂતા હોઈએ છીએ ત્યારે ગુરુ અને માર્ગદર્શકો જાગવાનું કામ કરે છે. આપણે માત્ર સમ્યક્ શ્રવણ કરવાનું છે. આપણે મહાવીર સુધી પહોંચી શકીએ છીએ પણ તેના માટે પ્યાસ ઊભી કરો. અંધત્વ દૂર કરવા હું ડૉક્ટરો, વૈદ્યો અને હકીમોને મળ્યો. સાધુ-સંતોને મળ્યો. લીંબ–મરચાં કે અંધશ્રદ્ધા બધાંનો આશ્રય લીધો. છેવટે થાક્યો એટલે એક મિત્ર બાબા રામદેવને ત્યાં હરિદ્વારમાં લઈ ગયા. ત્યાં બીજા દિવસે સવારે શિબિરમાં શામેલ થયો. ત્યાં માર્ગદર્શક ગુરુએ બધા શિબિરાર્થીઓને આંખો થોડીવાર બંધ કરવા કહ્યું. એક નહિ પણ અનેક સ્વયંસેવકો બધાને આગ્રહપૂર્વક વારંવાર આંખ બંધ કરવાની વિનંતી કરતા હતા. મને થયું લોકોને આંખ બંધ કરવા માટે કેટલો પ્રયત્ન કરવો પડે છે. જ્યારે મારી આંખો તો પહેલાથી બંધ છે. આ બધાથી હું એક ડગલું આગળ છું. આ સ્વીકારભાવે મારી વિચારધારા જ બદલી નાખી. મેં 'નૅબ' વડે ચલાવાતી પ્રશિક્ષણ સંસ્થામાં આઠ માસ મીણબત્તી બનાવવાની તાલીમ લીધી. પછી મેં મારી દસ બાય બારની રૂમમાં મીણબત્તી બનાવવાનું શરૂ કર્યું અને સાંજે હું તેને રેંકડી ઉપર વેચતો. સવારે ઘરે મીણબત્તી બનાવતો. સાંજે પાંચથી નવ વાગ્યા સુધી મીણબત્તી વેચતો. હું પ્રભુનો આભાર માનતો કે તું મને ભૂખ્યો ઉઠાડે છે પણ ભૂખ્યો સુવાડતો નથી. એક દિવસ મેડમ આવ્યા અને ૨૦૦ રૂપિયાની મીણબત્તી મારી પાસે ખરીદી. તેઓનો ત્યાં બંગલો હતો. તેઓ મને મદદ કરતા હતા. એક દિવસે તેમણે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. મારા પગની નીચેથી જાણે જમીન સરકી ગઈ. મેં કહ્યું, મારી પરિસ્થિતિ નથી. તેમણે કહ્યું, મેં બધું સમજી લીધું છે. તમારી પાસે કલા છે, હિંમત છે. તમારા જેવા કેટલા પ્રજ્ઞાચક્ષુ મુંબઈમાં ભીખ માગે છે. આપણે બંને લગ્ન કરશું અને પ્રજ્ઞાચક્ષુઓને મદદ કરશું. આજે ૧૮ વર્ષથી નીતાએ મારો હાથ ઝાલ્યો છે. તે સાચો મિત્ર બની રહી છે. તે મારા જેવા ૨૫૦ જેટલા પ્રજ્ઞાચક્ષુઓને મદદ કરે છે. આ ઈશ્વરની કૃપા જ કહેવાય. અમારી

પાસે જેટલું હતું તેનાથી હજાર ઘણું અમને આપ્યું છે. હો કે માયુસ ન કભી ઢલ જાના શામ કે અંધેરે કી તરહ– જીવન એક સુબહ હૈ, રોજ ઉગતે રહો ભોર કે સૂરજ કી તરહ. ઈશ્વરે આપણને જગાડ્યા એ બદલ તેનો આભાર માનો. શરીરથી અંધ અપંગ થઈ ગયા તો વાંધો નહીં. મનથી અંધ અપંગ થઈ ગયા તો બધું ખતમ. આપણે શરીરની તકલીફોને મન ઉપર લઈ લઈએ છીએ.

*કૌન કહેતા હૈ સંગદિલ કો અશ્ક નહીં હોતે,*
*હમને તો ચટ્ટાનોં સે ભી ઝરણોં કો નીકલતે દેખા હૈ.*
*કૌન કહેતા હૈ તકલીફો મેં ખુશીયાં નહીં મીલતી,*
*હમને કાંટો પે ગુલાબોં કો ખીલતે દેખા હૈ.*

આ સ્વીકારનો ભાવ હોય તો સરસ માર્ગ કાઢી શકાય છે. સાચા હૃદયથી પરિશ્રમ કરશું તો સપના જરૂર સાકાર થશે. આપણે ખાલી આવ્યા પરંતુ ભરાઈને જઈએ, ખીલીને જઈએ. તેના માટે અંતઃકરણના દીવાને પેટાવવાની જરૂર છે. એક દીવો રાત અને દિવસ તેમજ જ્ઞાન અને અજ્ઞાન વચ્ચેનો તફાવત છે.

*એક દીયા જલા જગ ઉઠી સુબહ,*
*એક દીયા બુઝા રાત હો ગઈ.*
*એક સેંધ લગી ઢહ ગયા કિલા.*
*એક સેંધ લગી કે માત હો ગઈ.*
*એક હવા ચલી તો ખીલ ઉઠા ચમન,*
*એક હવા ચલી તો સબ કુછ બિખર ગયા.*
*એક પગ ઊઠા તો રાહ મીલ ગઈ,*
*એક પગ ઊઠા સબકુછ બીછડ ગયા.*
*એક દીયા જલા તો રાહ મીલ ગઈ.*

આપણે પ્રયત્ન કરીએ કે અંદરનો એક દીવો પ્રગટી જાય. એક દીવો પ્રગટવાને મહાવીર અપ્રમાદ કહે છે. સ્વીકારભાવનો આ એક દીવો પ્રગટી ગયો તો ચારે તરફ સુખ જ સુખ.

(વધુ વ્યાખ્યાનો ફેબ્રુઆરી '૧૫ના અંકમાં)


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૮ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |

**નવાં પ્રકાશનો**

૧. **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન રૂા. ૩૦૦

૨. **ઈલા દીપક મહેતા સંપાદિત**
**સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત**
મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ
રૂા. ૩૫૦

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ૭૦ | |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |

**ઉપરનાબધાપુસ્તકોસંઘનીઑફિસેમળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**
રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# ગાંધીજીનો ચંપારણ સત્યાગ્રહ

**❑ મનસુખલાલ ઉપાધ્યાય**

ઈ. સ. ૧૯૧૫માં મોહનદાસ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકામાંથી કાયમ માટે ભારત આવ્યા. અહીં એમની ઓળખાણ ગોપાળકૃષ્ણ ગોખલે સાથે થઈ. એમણે ગાંધીજીને કહ્યું: 'પહેલાં ભારત ભ્રમણ કરો, લોકોની હાલત જાણો અને પછી તમારી રીતે આયોજન કરો.'

ગાંધીજીએ તરત જ ભારત ભ્રમણ શરૂ કર્યું અને એમનો પહેલ વહેલો સત્યાગ્રહ બિહાર પ્રદેશનો ચંપારણ ગણાય છે. ૧૯૧૬ની લખનૌ કોંગ્રેસમાં ગાંધીજી ગયા હતા ત્યારે બિહારના શ્રીરાજકુમાર શુકલ ગાંધીજીને મળ્યા. એમણે બિહાર આવવા ખાસ વિનંતિ કરી. ચંપારણ ગળીની ખેતી માટે લગભગ સો વરસથી પ્રખ્યાત હતું. એમાં અંગ્રેજો માલિકો હતા ને ખેતી કરનાર બિહારના ગરીબ માણસો હતા. અંગ્રેજ માલિકો આ ગરીબ માણસો પ્રત્યે અમાનુષી વર્તાવ કરતા. એમને મારતા. એમનું શોષણ કરવામાં ક્યાંય કચાશ રાખતા ન હતા. શ્રીરાજકુમાર શુકલ એ ગરીબ માણસોનું દુઃખ જોઈ શકતા ન હતા એટલે એમણે ગાંધીજીને એમને શોષણ મુક્ત કરવાને માટે બોલાવી ગયા હતા.

એ વખતે 'તીન કઠિયા'નો રિવાજ હતો. ૨૦ કઠિયામાંથી ત્રણમાં તો ખેડૂતે ગળીની ખેતી ફરજિયાત કરવી જ પડે. આને અંગે ખેડૂતોને પાર વગરના જુલ્મો સહન કરવા પડે. અરે, દંડ સુદ્ધાં ભરવો પડે. વસૂલ કરવા માટે અનાચાર-અત્યાચારની કોઈ સીમા ન હતી. ૧૯૧૭ની એપ્રિલની ૧૦મી તારીખે ગાંધીજી પટણા પહોંચ્યા. ખેત મજૂરોની તપાસ કરવા તેઓ જાતે જ ગયા. પણ એ પહેલાં તેઓ ડૉ. રાજેન્દ્રબાબુને ઘેર પહોંચ્યા. પણ રાજેન્દ્રબાબુ બહારગામ ગયા હતા, તેઓએ બેરિસ્ટર મઝરુલ હકને ત્યાં ઉતારો કર્યો. રાત્રે મુઝફ્ફરપુર પહોંચ્યા, ત્યાં તેમને લેવા સ્ટેશન ઉપર આચાર્ય કૃપલાનીજી ગયા હતા.

આ સત્યાગ્રહ દરમિયાન ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને આચાર્ય કૃપલાનીજી મળ્યા. જેઓ ગાંધીજીના કાયમી સાથી બની ગયા. આચાર્ય કૃપલાનીજી મુઝફ્ફરપુર કૉલેજમાં ઇતિહાસના પ્રાધ્યાપક હતા. ગાંધીજીને સાથ આપવા બદલ કૉલેજના ગોરા પ્રિન્સિપાલે એમને નોટિસ આપી, અને ગાંધીનો સાથ છોડી દેવા કહ્યું, ત્યારે કૃપલાનીજીએ પ્રાધ્યાપક પદનું રાજીનામું મોકલી દીધું, પણ ગાંધીજીનો સાથ છોડ્યો નહિ. કર્મનિષ્ઠા, સેવાનિષ્ઠા માટે આવા મહાનુભાવોને ભારત કેમ ભૂલી શકે ? ગાંધીજીને આ ઉમદા-દેશભક્તિથી પ્રચૂર સાથીઓ શરૂઆતથી જ મળ્યા !

બીજે દિવસે મુઝફ્ફરપુરમાં ગળી ખેતરોના માલિક મંડળના મંત્રી વિલ્સનને ગાંધીજી મળ્યા. બીજે દિવસે તે જિલ્લાના કમિશ્નરને પત્ર લખી પોતાના આવવાનો હેતુ જણાવ્યો. સરકાર તરફથી સહકાર મળશે એવી આશા દર્શાવી. એમની મુલાકાત માટેનો સમય માગ્યો. બીજે દિવસે કમિશ્નરને મળ્યા અને તા. ૧૫મી એપ્રિલે મોતીહારી પહોંચ્યા. તા. ૧૬મી એપ્રિલે ત્યાંથી ગામડે જવા હાથી ઉપર બેસી નીકળ્યા. પાછળ મારતી સાયકલે પોલીસે આવીને કહ્યું કે કલેક્ટર બોલાવે છે. તેઓ મોતીહારી પાછા આવ્યા અને નોટિસ મળી કે ચંપારણમાં દાખલ થશો નહિ. ગાંધીજીએ એ હુકમનો અનાદર કર્યો. આમ ૧૬મી એપ્રિલથી આ ચંપારણ સત્યાગ્રહનો આરંભ થયેલો ગણાય. એ નોટિસમાં એવું લખાયેલું હતું કે 'તમે બહારથી આવી અહીંના લોકોને ઉશ્કેરો છો, માટે તાકીદે પાછા જાઓ.' આ વખતે ગાંધીજીએ જવાબમાં લખ્યું: 'તમે પાંચ હજાર માઈલ દૂરથી આવનારા નજીકના અને હું ગુજરાતથી બિહાર આવ્યો તે બહારનો ? તમારો હુકમ મને સ્વીકાર્ય નથી.'

સમગ્ર દેશની પ્રજાએ જોયું કે આ સાચો ભડવીર કહેવાય. અંગ્રેજ સરકાર સામે ના કહેવાની હિંમત આ ગાંધીએ બતાવી એ નાની સૂની વાત નહોતી. ગાંધીજીની આ નિર્ભયતા જોઈ લોકો અચંબામાં પડી ગયા. અત્રે આ તો મહત્ત્વની ઘટના કહેવાય ! અમદાવાદમાં કોચરબના સત્યાગ્રહના આશ્રમની નિયમાવલીમાં એકાદશ વ્રતોમાં એક 'અભય' વ્રત પણ હતું. પ્રજાને નિર્ભય બનાવવામાં આ ઘટનાએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

બીજે દિવસે ગાંધીજીએ સરકારી અધિકારીઓને ખબર આપી કે હું અમુક ગામડાંની મુલાકાતે જવાનો છું. બીજે દિવસે સબડિવિઝનલ ઑફિસર સમક્ષ હાજર થવાની નોટિસ મળી. તા. ૧૭મીએ જ મોતીહારીથી જ પત્ર લખી અમદાવાદ આશ્રમમાં જણાવ્યું કે દક્ષિણ આફ્રિકામાં સેવાઓ બદલ અંગ્રેજ સરકાર તરફથી મળેલો 'કૈસરે હિંદ' ચાંદ સરકારને પરત મોકલી દેવો.

તા. ૧૮મીએ ગાંધીજી અદાલતમાં

**સેવા કાર્ય એટલે યજ્ઞ**

એક વિદ્યાર્થીના પ્રશ્નનો જાહેરમાં ઉત્તર આપતાં ગાંધીજી સમાજસેવા અને આત્મોન્નતિના સંબંધને આમ સમજાવે છે. ''આત્મોન્નતિ અને સમાજસેવાના ધર્મમાં ભેદ હિન્દુસ્તાનમાં ઘણાં પાડે છે. મને એ ભેદમાં વિચારદોષ જણાય છે. જે કાર્ય આત્મોન્નતિનું વિરોધી છે તે સમાજસેવાનું પણ વિરોધી છે એમ મારી માન્યતા છે અને મારો અનુભવ છે. સેવાના કાર્ય વાટે જ આત્મોન્નતિ થઈ શકે છે. સેવા કાર્ય એટલે યજ્ઞ. જે સેવા આત્મોન્નતિ રોકે છે તે ત્યાજ્ય છે.

'મારું જીવન એ જ મારી વાણી'

નારાયણ દેસાઈ લિખિત ગાંધી ચરિત્રમાંથી

*અંગ્રેજીને બદલે હિન્દીમાં વાત કરીએ તો કેમ ?*

હાજર થયા ને કેસ ચાલ્યો. ગાંધીજીએ ગુનો કબૂલ કર્યો એટલે બધું અડધા કલાકમાં પતી ગયું. ત્રણ દિવસ પછીની મુદત નંખાઈ. બે દિવસ પછી સમાચાર મળ્યા કે સરકારે કેસ પાછો ખીંચી લીધો હતો. આ હતો સત્યાગ્રહનો વિજય. હજી લડત તો બાકી હતી, પણ એનો શુભારંભ જ આ પ્રસંગથી થયો.

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને કૃપલાનીજી બંને શરૂઆતમાં ગાંધીજી સાથે અંગ્રેજીમાં વાતો કરતા હતા. ગાંધીજીએ કહ્યું. 'રાજેન્દ્રબાબુ બિહારના અને કૃપલાનીજી તમે ઘણાં સમયથી પણ બિહારમાં વસો છો, તો અંગ્રેજીને બદલે હિન્દીમાં વાત કરીએ તો કેમ? અને પછી એ ત્રણેય જણ વચ્ચેની વાતો હિન્દીમાં ચાલી. સત્યાગ્રહ દરમિયાન આ વિચાર પણ ક્રાંતિકારી હતો. અને પોતાની દેશની ભાષામાં વાત કરવી આ પણ સત્યાગ્રહ માટેનું ઉત્તમ પગથિયું. શાંત પણ શુદ્ધ આ ભાષાકીય ક્રાંતિ ગાંધીજીએ કરી બતાવી હતી. આની અસર બંને સાથીઓ પર ઘેરી પડી. અને બંને રાષ્ટ્રભાષા હિન્દીનું મહત્ત્વ સમજ્યા હતા.

આ લડત દરમિયાન અનેક સાથીઓ મળ્યા. બધાને ખેડૂતોના નિવેદનો લેવાના કામે વળગાડવામાં આવ્યા હતા અને આ રીતે ૨૨ થી ૨૫ હજાર ખેડૂતોના બયાન નોંધાવવામાં આવ્યાં હતાં. આજુબાજુના અનેક ગામોમાં સાથીઓ પહોંચી ગયા હતા અને ખેડૂતોના નિવેદનો લેતા હતા. બેલિયા અને મોતીહારી બે મહત્ત્વના કેન્દ્રો હતાં. છેવટે જૂનની ૧૦મી તારીખે અંગ્રેજ સરકારે તપાસ પંચ નીમ્યું જેમાં ગાંધીજીનો સમાવેશ પણ થતો હતો. તપાસ પંચની લગભગ ૧૧ બેઠકોમાં ગાંધીજીએ હાજરી આપી હતી. આજુબાજુના ગામડાંઓમાં પણ તપાસ પંચ જતું હતું. ઑક્ટોબરની ચોથીએ સર્વાનુમતે થયેલા તપાસ પંચના હેવાલ પર ગાંધીજીએ સહી કરી.

ગરીબ કિસાનોમાં શિક્ષણની ખામી હતી. ૧૪ નવેમ્બરે પહેલી શાળા બેલિયામાં ખોલવામાં આવી. આમ, રચનાત્મક કાર્યનો પણ એમની વચ્ચે પ્રારંભ થયો. ચંપારણ ખેતી વિષયક બિલ વિષે ગાંધીજીએ બિહાર સરકારને ૧૯મી ડિસેમ્બરે પત્ર લખ્યો. લગભગ મહિના સુધી જવાબ નહિ આવવાથી ૧૯૧૮ની ૨૪મી જાન્યુઆરીએ ગાંધીજીએ બીજો પત્ર સરકારને લખ્યો. ચંપારણનો સરકારી હેવાલ ૪થી ઑક્ટોબર, ૧૯૧૭ના દિવસે પ્રગટ થઈ ચૂક્યો હતો. છેવટે ચોથી માર્ચ, ૧૯૧૮ના રોજ આ સત્યાગ્રહનો સુખદ અંત આવ્યો અને ખેડૂતોમાંથી 'તીન કઠિયા' પદ્ધતિનો પણ અંત આવ્યો.

એક વાર ગાંધીજી સાથે વાતો કરતા કૃપલાનીજીએ કહ્યું: 'બાપુ, હું તો ઇતિહાસનો અધ્યાપક છું અને દુનિયાના અનેક દેશોનો ઇતિહાસ જાણું છું, ભણાવું છું. પણ તમે જે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની વાતો કરો છો એવું તો મારા જાણવામાં ક્યાંય આવ્યું નથી.' બાપુએ બહુ જ નમ્રતાપૂર્વક પણ દઢતાપૂર્વક જવાબ આપેલો: 'તમે ઇતિહાસના ભણાવનારા છો. હું ઇતિહાસનું સર્જન કરનારો છું.'

'યુ આર એ ટીચર ઑફ હિસ્ટ્રી, આઈ એમ એ મેઈકર ઑફ હિસ્ટ્રી.' ગાંધીજી જ આવું કહેવાની હિંમત કરી શકે અને એ માણસે દુનિયામાં ઇતિહાસનું નવેસરથી સર્જન કરી બતાવ્યું.

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને કૃપલાનીજી બંને બાપુ પાસે એમના દક્ષિણ આફ્રિકાના જીવનની ઘણી વાતો કઢાવતા. છેવટે એમના બંનેના આગ્રહથી બાપુએ પોતાની આત્મકથા ૧૯૨૨માં જેલવાસમાં લખી. આમ, એમની આત્મકથા પાછળ પણ આ બંને મહાનુભાવોનો મહત્ત્વનો હાથ હતો. આમ જોઈએ તો આ ચંપારણના પ્રથમ સત્યાગ્રહે દેશને બતાવી આપ્યું કે સત્યના માર્ગે દુનિયાના અનેક પ્રશ્નો હલ થઈ શકે. તે માટે આત્મબળ-આત્મવિશ્વાસ ઈશ્વર કૃપાથી મળી રહે! ✷ ✷

૧૩-A, આશીર્વાદ, વલ્લભબાગ એક્ટેન્શન, સાંઈબાબા મંદિરની સામેની ગલી, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
Tele. : 022-25069125. Mob. : 9820551019

*'તમે ઇતિહાસના ભણાવનારા છો. હું ઇતિહાસનું સર્જન કરનારો છું.'*

## ન્યાય અને વૈશિષ્ટ દર્શનમાં કર્મ

આ બે દર્શનના પ્રણેતા છે, ગૌતમ ઋષિ અને કણાદ ઋષિ. આ બંન્ને દર્શનના ઋષિઓ, આત્માને શુદ્ધ, બુદ્ધ, નિત્ય અને મુક્ત માને છે, જે માણસના જન્મ પહેલાં અને મૃત્યુ પછી પણ અસ્તિત્વ ધરાવે છે. શરીરમાં, ચોક્કસ સમય પૂરતો રહેવા આવેલો 'આત્મા', નથી જન્મતો કે નથી મૃત્યુ પામતો, કેવળ પૂર્વજન્મનું કર્મ જ તેને આ દેહમાં ખેંચી લાવ્યું હોય છે. આ સંદર્ભે, પૂર્વજન્મ અને પુનર્જન્મનું ચક્ર ચાલતું રહે છે.

ભૌતિકવાદીઓ એમ કહે છે કે સ્ત્રી-પુરુષના શુક્રશોણિતનાં સંયોગથી દેહ ઉત્પન્ન થાય છે, એ વાત પૂર્ણ સત્ય નથી. પૂર્વ કર્મ વિના શુક્રશોણિત સંયોગ શરીરોત્પત્તિ માટે સમર્થ બનતો નથી. તેમાં જીવનાં કર્મ પણ નિમિત્તરૂપ બનતાં રહે છે.

કર્મ કરવામાં માણસ સ્વતંત્ર છે. કેવાં કર્મ કરવાં એ તેનાં અંત:કરણે નક્કી કરવાનું રહે છે. સારા-માઠાં કર્મ માટે વ્યક્તિની વૃત્તિ અને વાસના જવાબદાર હોય છે. જે વ્યક્તિ રાગદ્વેષથી મુક્ત થઈ જીવન પ્રવૃત્તિ કરે છે, તે જીવનમુક્ત બને છે. કર્મનો સંચય થતો રહે છે. પૂર્વજન્મનાં કર્મ આ જન્મમાં અને આ જન્મના કર્મ પુનર્જન્મમાં નિમિત્ત બનતાં રહે છે. આમ કર્મની બાબતમાં કુદરત કે ઈશ્વર કેવળ ઉપદ્દષ્ટા કે માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે. વાસ્તવમાં કર્મ અને તેના ફળનો કર્તા અને ભોકતા તો જીવ પોતે જ છે.

કુદરત કોઈને અન્યાય કરવા ઈચ્છતી નથી. જે તે વ્યક્તિના કર્મ જ આ કાર્ય કરતાં રહે છે, અને તેના સારા-માઠાં-ફળ કાળક્રમે ભોગવાતાં રહે છે. આમ આત્માના વિકાસની પ્રક્રિયા જન્મ જન્માંતર દરમ્યાન ચાલતી રહે છે એમ જણાય છે.

☐ હરજીવનદાસ થાનકી

# મીરાંબાઈ–રાજરાણીથી ભક્તિસમ્રાજ્ઞી સુધીની સફર

❑ શાંતિલાલ ગઢિયા

*માઈ રી મૈં તો લિયો ગોવિંદો મોલ*
*કોઈ કહૈ હલકો કોઈ કહૈ ભારી*
*લિયો રી તરાજૂ તોલ...*

કોણ નથી જાણતું આ પંક્તિઓના રચયિતાનું નામ? હા, એ એક સ્ત્રી હતી. ખુદ પોતાના પતિને કહેતી, 'રાણાજી, અમે તો ગોવિંદના ગુણ ગાઈશું. ચરણામૃતનો અમારો નિયમ છે અને અમે નીત ઊઠીને મંદિર જઈશું.' નામ એમનું મીરાંબાઈ. તેઓ મુરલીધર શ્રીકૃષ્ણને પોતાનો પતિ માનતાં. તેથી ગાતાં ફરતાં-

*મેરે તો ગિરિધર ગોપાલ*
*દૂસરો ન કોઈ*
*જાકે સર મોર મુકુટ મેરે પતિ સોઈ...*

ભારત વર્ષમાં જેટલા પણ શ્રીકૃષ્ણના ભક્તકવિ છે, અને તે પણ પ્રેમલક્ષણાભક્તિના, તેમાં મીરાંનું નામ અગ્રિમ છે. પ્રેમલક્ષણાભક્તિ ભક્તિનો શ્રેષ્ઠ પ્રકાર છે. તેમાં પુરુષ ઈશ્વરને પ્રિયતમા અને સ્ત્રી ઈશ્વરને પ્રિયતમ માની પોતાનો ભગવદ્‌ભાવ પ્રગટ કરે છે. આ કાંઈ સહેલી વાત નથી. એક પરિણીત સ્ત્રીની કૃષ્ણભક્તિ કેટલી ઉત્કટ હશે કે સ્વયં નિઃસંકોચ ગાઈ ઊઠે-

*તુમ બિન મોરી કોન ખબર લે ગોવર્ધન ગિરિધારી*
*ઔરન કો તો ઔર ભરોસો હમકો આસ તુમ્હારી...*

મીરાંની જીવનગાથા સ્વપ્નમય પરીકથા જેવી રોચક લાગે છે. વળી પ્રસન્નકર પણ. એને સમજવામાં અને આત્મસાત્ કરવામાં કદાચ આપણો એક મનુષ્યાવતાર પર્યાપ્ત નથી.

જન્મ સમયે બાલિકાના તેજોમય મુખારવિંદ પરથી નામ રાખવામાં આવ્યું 'મિહિરાંબાઈ', અર્થાત્ મીરાંબાઈ. (મિહિર=સૂર્ય). દેવકન્યા જેવું રૂપ હતું બાલિકાનું. મીરાંનો જન્મ વિ. સં. ૧૫૫૫માં થયો હતો. કોઈ કહે છે ૧૫૫૯માં, તો કોઈ કહે છે ૧૫૬૦માં અથવા ૧૫૬૩માં. આયુ વિષે પણ ભિન્ન ભિન્ન મત છે–૪૦, ૪૮, ૬૫, ૬૭, ૮૦ વર્ષ. મીરાં મહારાણા પ્રતાપનાં સાવકા કાકી હતાં. એટલે કે મહારાણા પ્રતાપ મીરાંના સાવકા દિયરનો પુત્ર હતો.

કહે છે, પૂર્વજન્મમાં મીરાં બરસાનાની ગોપી હતાં. નંદગાંવમાં કૃષ્ણના બાલસખા સાથે એમનો વિવાહ થયો. મીરાંને કહેવામાં આવ્યું, 'હવે તું કનૈયાની ભાભી થઈ. ઘૂંઘટ હટાવી એમને તારું મુખ બતાવ,' મીરાં લોકલાજની મારી ખચકાઈ. એણે ઈન્કાર કરી દીધો.

વ્રજ ડૂબી રહ્યું હતું, એ વખતની વાત છે. જીવ બચાવવા મીરાં ગિરિરાજની છાયામાં દોડી અને મર્યાદા ભૂલી કે ગિરિધરકૃષ્ણને નીરખતી રહી. પછી પશ્ચાત્તાપથી પોતાને દોષિત માનવા લાગી. 'અરે, આ શરીરથી કૃષ્ણની અવમાનના થઈ! આ માનવદેહથી કૃષ્ણને પામવાનો મને અધિકાર નથી, કદી નહિ. બીજા જન્મમાં અગર સાધના સફળ થઈ તો એમને પામીશ.' મીરાંબાઈએ આવો સંકલ્પ કર્યો. આગળનો ઇતિહાસ આપણે સૌ જાણીએ છીએ કે મીરાંએ રાજકુમારી, રાજરાણી, રાજમહિલાનું પદ મેળવ્યું. છતાં પણ પૂર્વજન્મમાં જે કારણથી પ્રભુનાં દિવ્ય દર્શનથી વંચિત રહેવું પડ્યું હતું, એ લોકલાજ, રીતરિવાજ કે મર્યાદા છોડી બંસીધર નંદલાલની મધુરા ભક્તિ કરવા લાગ્યાં. એ જ મૂર્તિ એમના હૃદયમાં વસી ચૂકી હતી. પગમાં નૃત્ય-આભૂષણ પહેરી મીરાંબાઈ નાચતાં એ કનૈયાને રીઝવતાં. તેઓ પળ પળ સાયુજ્ય મુક્તિ પામવાનો પ્રયાસ કરતાં અને 'હરિ આવનનો અવાજ' સાંભળતાં. આખરે દ્વારકાધીશની પાષાણમૂર્તિને ચૈતન્યમયી બનાવીને એમાં લીન થઈ ગયાં. કાયા પર પરમધામથી કહેણ આવ્યું અને ભગવતી મીરાંની અવતાર લીલા સમાપ્ત થઈ.

મીરાંના ભગવત્ પ્રેમના પદોની સંખ્યા હજારથીય વધારે છે. પદના અંતે આવા શબ્દો હોય-

*મીરાં કે પ્રભુ ગિરિધર નાગર...*
*બાઈ મીરાં કે પ્રભુ વ્રજ કે વાસી...*
*મીરાં હરિ કી લાડલી રે...*
*મીરાં દાસી જનમ જનમ કી...*

મીરાંની કૃષ્ણભક્તિ જોઈ લોકો કહેતા, 'મીરાં, ભઈ બાવરી, પણ મીરાંને એની પરવા નહોતી. નાના ભાઈ (પિતરાઈ ભાઈ) જયમલે જ્યારે પ્રશ્ન કર્યો કે તારા ઠાકુરને ગિરિધર ગોપાલ કેમ કહે છે, ત્યારે મીરાં સમજાવતી વખતે પૂર્વજન્મમાં ખોવાઈ ગયાં અને 'હે શ્યામસુંદર, પ્રાણાધાર...' બોલતાં મૂર્છિત થઈ ગયાં. મૂર્છામાંથી બહાર આવ્યાં તો પૂછવા લાગ્યાં-'હું કોણ છું? અહીં કેવી રીતે આવી? મારા મનમોહન ક્યાં ગયા?'

મીરાંનો બાળપણનો પ્રસંગ છે. ઉંમર હતી ૫ વર્ષ. પિતામહ રાવ દૂદાજીની સાથે ડાકોર યાત્રા કરવા ગયા હતાં. એક સાધુ પાસે ગિરિધર ગોપાલની મૂર્તિ હતી. જોતાં જ મીરાંને લાગ્યું કે એ જ એમનો જનમ-જનમનો સાથી છે. મૂર્તિ પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા થઈ. હઠ કરી. અનશન કર્યું. સ્વયં પ્રભુ સહાય કરવા તત્પર થયા. ઘટના એવી ઘટી કે પ્રભુએ સાધુને સપનામાં આજ્ઞા કરી કે મૂર્તિ મીરાંને આપવી. આ જ મૂર્તિ સાથે રમત-રમતમાં માએ મીરાંને

***'મિહિરાંબાઈ', અર્થાત્ મીરાંબાઈ. (મિહિર=સૂર્ય). દેવકન્યા જેવું રૂપ હતું બાલિકાનું.***

પરણાવી અને મીરાંએ ત્યારથી એને જ અખંડ વરદાન માન્યું. એ જ પતિ, પ્રિયતમ અને સર્વસ્વ. પોતાને રાધા, ગોપી, પ્રેયસી, સખી, પ્રાણવલ્લભ દાસી માની. મીરાંએ સંસારના સુખને તુચ્છ માન્યું. (આ મૂર્તિ આજે પણ ઉદયપુરના રાજપરિવાર પાસે સુરક્ષિત છે.)

મીરા મેડતિયા રાઠોડ વૈષ્ણવ કુટુંબની કન્યા હતાં અને સીસોદિયા વંશમાં તેમનાં લગ્ન થયા હતાં. જ્યારે એમને સંસારની કટુ વિષમતાનો અનુભવ થતો, ત્યારે કાયા, વાચા, મનસા એનો અહિંસાત્મક સામનો કરતાં. તેઓ નિર્ભીક વીરાંગના હતાં. જીવન સંઘર્ષમય હતું, પણ અલૌકિક અને ચમત્કારી હતું. કેટલાંક પ્રસંગો–

- સાસુ સાથે કુલદેવીની અપૂજાનો પ્રસંગ,
- નણંદને સ્પષ્ટ વાત કહી દેવી, 'હૈ રી મ્હાંસૂ હરિ બિન રહ્યો ન જાય.'
- રાણા સાથે દીર્ઘ સંઘર્ષમય જીવન અને અંતમાં મેવાડત્યાગ (મહાભિનિષ્ક્રમણ),
- વિષનો પ્યાલો ચરણામૃત સમજી પી જવો,
- રાજવૈદને મૃત્યુના મુખમાંથી બચાવવો,
- બે નાગનું શાલિગ્રામમાં પરિવર્તન,
- ભૂખ્યા સિંહનું મીરાંબાઈ પાસે આવતાં જ શાંત થઈ જવું,
- કંટકોની પથારીનું કમલપુષ્પની પથારીમાં પરિવર્તન,
- ભૂતમહેલમાં નિવાસ અને ભૂતાત્માઓની મુક્તિ,
- ભગવાનના નરસિંહરૂપનાં રાણાને દર્શન થવાં,
- રાણા હત્યા કરવા આવતો હતો ત્યારે એને ચિત્તભ્રમ થઈ જવો અને સામે અનેક મીરાંની આકૃતિઓ દેખાવી.

મીરાંમાં ભક્તિભાવની વૃત્તિ જન્મજાત હતી. વૈષ્ણવ પરિવારમાં જન્મ્યા હોવાથી કૃષ્ણભક્તિ વારસામાં મળી હતી. પિતામહે માળાજી વારસામાં આપ્યા હતા. મીરાંને સેવાપૂજા માટે અલગ ખંડ 'શ્યામકુંજ' આપવામાં આવ્યો હતો. મેડતા પુષ્કર તીર્થની નજીક હોઈ સાધુસંતોનું આવવું-જવું અને સત્સંગ નિરંતર ચાલતો રહેતો. તેથી મીરાંનાં પદોમાં નિત્ય સત્સંગ, ભગવત્ ચર્ચા અને નામ સંકીર્તનનો મહિમા ગાવામાં આવ્યો છે. મીરાંએ સંસ્કૃત ભાષા, ગીતા અને ભાગવત્‌નો પણ અભ્યાસ કર્યો હતો. કવિ જયદેવ દ્વારા રચિત, 'ગીતગોવિંદ'થી પણ પરિચિત હતાં. કહેવાય છે કે સંત તુલસીદાસ સાથે એમની પરમતત્ત્વ વિષયક વિચારગોષ્ઠિ થયા કરતી. મીરાંબાઈ મારવાડી, મેવાડી, રાજસ્થાની, વ્રજ, હિન્દી, પૂર્વી અને પંજાબી ભાષાના જ્ઞાતા હતાં. તેઓ સરળતા, સહૃદયતા, સહજભાવ અને સ્વાભાવિકતાથી પદરચના કરતાં. એમના


**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**

**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**







**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**
ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**

**।। ગૌતમ કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**
અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**

**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અનો ચક્રવર્તી ભરતદેવ અનો બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**

**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા

**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

અંતરતમથી શબ્દ સરિતધારાની જેમ આપોઆપ સ્ફુટ થતા. આ જ કારણથી જનજનના હૃદયમાં એમના પદ ગૂંજે છે.

મીરાં ફક્ત ભક્ત નહિ, કવયિત્રી, પરમ જ્ઞાની અને સંગીતજ્ઞ પણ હતાં. એમનાં પદ ૬૨ રાગરાગિણીમાં મળે છે. મીરાંએ રાજવૈદની સન્મુખ 'મીરાં મલ્હાર' એવી રીતે છેડ્યો હતો કે એ દિવ્ય સંગીતના પ્રભાવથી રાજવૈદ પુનર્જિવિત થયા હતા.

મીરાં પૂર્ણ વિરક્ત અને પૂર્ણ યોગિની હતાં. તેઓ કોઈ જ શાસ્ત્ર યા સંપ્રદાય સાથે જોડાયા નહિ કે કોઈ સંપ્રદાય સ્થાપિત કર્યો નહિ. નિરાકાર ઘટઘટમાં વસતા રામ અને કૃષ્ણને એક સ્વરૂપમાં નીરખ્યા. એટલા માટે મીરાંબાઈને ભક્તિ અને પ્રેમમાર્ગના આચાર્યા પણ કહ્યાં છે. એમણે પ્રેમવિરહને સહજ ગોપીભાવ અને કાન્તાભાવથી અભિવ્યક્ત કર્યાં. મીરાં સાચે જ મધુરા ભક્તિ એવમ્ ધર્મક્રાંતિની અગ્નિશિખા હતાં. એમણે વાણીને પરમાત્મા સાથેની રસગોષ્ઠિનું અને કૃષ્ણચેતનાનું માધ્યમ માન્યું અને આત્માનુભૂતિના આધાર પર રચેલી કૃષ્ણકવિતાનો ઉત્તમ વારસો આપણને આપ્યો. પ્રેમદિવાની અને હરિની લાડકી મીરાંના શ્રીચરણોમાં આપણાં શત શત વંદન... ✷ ✷ ✷

એ-૬, ગુરુકૃપા સોસાયટી, ઈન્દ્રપુરી પાછળ, હરણી રોડ, વડોદરા-૩૯૦૦૦૬. ફોન : ૦૨૬૫-૨૪૮૧૬૮૦.

# મૃત્યુની મંગલયાત્રા – મૃત્યુ શબ્દકોષ સાથે

□ સંપાદન : શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી

આયુષ્ય કર્મ પૂર્ણ થયા બાદ આત્માનું શરીરથી અલગ થવું અથવા શરીરમાંથી પ્રાણનું નીકળવું તેને 'મરણ' કહે છે. મૃત્યુ, મરણ, મોત એ શબ્દ સાંભળતાની સાથે જ માનવીના હૃદયમાં ભયનું એક લખલખું પસાર થઈ જાય છે. જન્મની સાથે મૃત્યુ તો નિશ્ચિતપણે જોડાયેલું છે. મોત એ વર્તમાન જીવનનો અંત છે. પરંતુ મૃત્યુ શરીરનું આવે છે. આત્મા તો અજરઅમર છે. અજ્ઞાની જીવો મૃત્યુથી ડરે છે પરંતુ જ્ઞાનીજનો મૃત્યુના કારણરૂપ જન્મથી ડરે છે અને અજન્મા બનવાનો પુરૂષાર્થ કરે છે. જન્મ અને મૃત્યુ ૪ ગતિ, ૨૪ દંડક અને ૮૪ લાખ જીવાયોનિ સાથે જોડાયેલા જ છે. આથી જેને જન્મ-મૃત્યુ સાથેનો સંબંધ તોડવો છે તેમને માટે તીર્થંકરોએ એક માર્ગ બતાવ્યો છે જે શક્ય તો છે જ સાથે ૧૦૦% ગેરંટેડ પણ છે. એ છે-**સમાધિમરણ.**

- જૈન ધર્મમાં મૃત્યુને મંગલયાત્રા, મહોત્સવ ગણવામાં આવે છે કારણકે મૃત્યુ દ્વારા જ માનવી એક શરીર છોડી બીજા શરીરમાં પ્રવેશ કરે છે.
- મૃત્યુ એટલે સૂક્ષ્મ શરીરનું, સ્થૂળ શરીરથી છૂટવું એમ પણ કહી શકાય.
- આયુષ્યકર્મના પુદ્ગલો ક્ષય થવાથી પ્રાણોનો વિયોગ થવો એ મૃત્યુ છે.
- જીવ વર્તમાન દેહને છોડી નવયાત્રા તરફ જાય છે (બીજા શરીરમાં) તે મૃત્યુ છે.
- વિજ્ઞાનની ભાષામાં હૃદય અને મગજ કામ કરતાં અટકી જાય તે મૃત્યુ છે.

જે પોતાનું જીવન ખૂબ જ સુંદર રીતે જીવી, સુકૃત્યો કરી, મૈત્રીનો સંદેશ ફેલાવી જાય છે એવી વ્યક્તિ મરણથી ક્યારેય ડરતી નથી. કારણ તેમનું મૃત્યુ મંગલયાત્રા બની જાય છે. તેને ખબર છે કે મેં એવા કૃત્યો કર્યાં છે જેના થકી મરણ પછી હું સારી સ્થિતિ પ્રાપ્ત કરીશ તો તેથી તેને મરણનો ભય લાગતો નથી. આથી તે મરણને સામેથી આમંત્રિત કરે છે. મૃત્યુને આવકારનારો, મિત્રવત્ માનનારો મહિમાવંત બની જાય છે. તેને અનશન આરાધક કે સંથારો કરનાર તરીકે દુનિયા ઓળખે છે.

*સંથારો એ જ્ઞાની પુરુષોનો ઉત્સવ છે.*

સંથારા પહેલાં સંથારા માટેની યોગ્ય પૂર્વ તૈયારીને સંલેખના કહેવાય છે. જેમ લીલા લાકડાંને બાળતા પહેલાં સૂકવવામાં આવે છે તેમ બાર તપ વડે કાયાને સૂકવવી તે સંલેખના છે. જેમ ઊડતા પહેલાં પંખી પાંખ ફફડાવીને રજને દૂર કરે છે તેમ પરભવની યાત્રા પહેલાં સમજુ આત્મા સંલેખના વડે સંયોગની રજ ખંખેરે છે અને કષાય છોડીને હળવો બની જાય છે. ટૂંકમાં શરીરને તપશ્ચર્યા દ્વારા દુર્બળ બનાવતા જવું, મનની ઈચ્છાઓને, આસક્તિઓને ધીમે ધીમે પુરુષાર્થ દ્વારા સમેટતા જવું એ સંલેખના છે. પછી શાંત ભાવે પોતાના દેહને વિસર્જિત થતો જોવો એ સંથારો, પંડિતમરણ, સમાધિમરણની ભવ્ય આરાધના છે. શારીરિક પીડા અને માનસિક ચંચળતા આદિ દુઃખોને ભૂલીને, નિર્ભય બનીને, આલોચના સહિત પ્રતિક્રમણ કરીને સમભાવપૂર્વક મરણને પ્રાપ્ત કરે છે તે સમાધિમરણ છે. બીજા શબ્દોમાં સમાધિમરણ એટલે શાંતિપૂર્વકનું મૃત્યુ. માણસના મનના ભાવ કષાયરહિત રહે, મન પ્રભુસ્મરણમાં લીન બને, સંસારની કે સગાવહાલાં વગેરે કોઈપણ વ્યક્તિમાં કે સાંસારિક વસ્તુઓમાં વાસના કે ઈચ્છા ન રહે તે. આ સંથારો/અણસણ એ...

૧. શ્રાવક અને સાધુનો ત્રીજો મનોરથ છે.
૨. શ્રાવકનો ચોથો વિસામો છે.
૩. પાપનું પ્રાયશ્ચિત છે.
૪. સકામમરણ તથા પંડિતમરણ (સમાધિમરણ) છે.
૫. બાર પ્રકારના તપમાં પ્રથમ તપ છે.

**સમાધિમરણ મેળવવા ઈચ્છનારની**

**પૂર્વતૈયારી કેવી હોવી જોઈએ ?**

મૃત્યુને દુઃખરૂપ માનવું એ જ સૌથી મોટી અજ્ઞાનતા છે. તેથી વિરુદ્ધ જ્ઞાનીજનો મૃત્યુને મહોત્સવ માની મરણને પછાડી જયયાત્રા તરફ નીકળી પડે છે. સમાધિમરણ ઈચ્છુક પોતાના અંતરમાં રહેલા દોષો જેવા કે, હિંસા, દ્વેષ, ઈર્ષા, તૃષ્ણા, ક્રોધ, માન, માયા, લોભ વગેરેના કારણોને ગોતે છે જેનાથી છળ-કપટ, અપ્રામાણિકતા જેવા અંદરના દોષોને ઓળખવા માંડે છે અને તેને દૂર કરવા કઠિન પુરૂષાર્થ કરે છે. આના માટે ગુરુની આજ્ઞા, અંતરની ઊંડાણભરી શ્રદ્ધા, પરમાત્માની સાક્ષી તેમ જ આત્માનો સંદેશ અમોઘ શસ્ત્રનું કામ કરે છે.

સમાધિમરણથી જીવની મૃત્યુને જીતનારી યાત્રાનો પ્રારંભ થાય છે. સાધકના ભૂતકાળના મૃત્યુ કરતાં વર્તમાનનું મૃત્યુ જુદું હોય છે. મરણને જીતવાની ઈચ્છા જેમ જેમ તીવ્ર બનતી જાય છે, તેમ તેમ અંતરમાં નિર્ભયતા, ધીરજ, સહિષ્ણુતા, દ્રઢતા અને આત્મપુરુષાર્થ જેવા ગુણોનું પ્રગટીકરણ થાય છે. આથી આવું મરણ ભવચક્રને ભેદનારું બની રહે છે. સમાધિમરણ કષાયના કકળાટને કાઢી, ભવધારિણી શરીરને ભેદનારું બનવાનું હોવાથી જ્ઞાનીઓ પોતાની સંપૂર્ણ વીર્યશક્તિને આ કાર્યમાં લગાડી દે છે.

આથી જ આવા આરાધકની દેહાસક્તિ ઘટતી જાય છે. આહારત્યાગની પ્રબળ ભાવના તેને અનાહારક પદ મેળવવા તરફ લઈ જાય છે. ચાર આહારના ત્યાગ દ્વારા સાધક આત્મા જીવનમાં 'દેહ દુક્ખં મહાફલં' એ ઉક્તિને ચરિતાર્થ કરે છે. કષાયોને દુર્બળ બનાવવા, વિષય-વિકારો પર નિયંત્રણ, શરીર પ્રત્યે અનાસક્ત ભાવ કેળવવો આ બધા સમાધિમરણ તરફ આગળ વધારનાર ચિંતનભર્યા કદમ છે. કાયિક, વાચિક, માનસિક એકાંત ધીમે ધીમે સાધકને ધ્યાન, વ્યુત્સર્ગ, મૌન તરફ આગળ વધારે છે.

શરીરની આસક્તિ છોડવા માટે શરીરને વિભૂષાથી દૂર રાખવું, મેલા કપડાં પહેરવા, મળ-મૂત્ર વગેરેની દુર્ગંછા ન કરવી, ભોજનમાં સ્વાદને દેશવટો, ઉપદ્રવી જીવજંતુઓ તરફ સમભાવ, રોગ-માંદગીમાં સમભાવ વગેરેથી દેહાસક્તિ ઘટે છે. પાંચ ઈન્દ્રિય પર સંયમ, મન, વચન-કાયાનો સંયમ, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદમાં આકર્ષણ પર સંયમ, આત્મતત્ત્વ-બ્રહ્મમાં લીન બનવું આ બધા સંલેખણ વૃત્તિના અંગ છે. પોતાની વૃત્તિ, પ્રવૃત્તિઓનું નિરીક્ષણ, કષાયોની નિર્બળતા, પર પદાર્થોમાંથી ધ્યાન હટાવી લઈ માત્ર સ્વની વાતોમાં જ રુચિ સાધકને આત્મા તરફ લઈ જાય છે.

જૈન સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા આ ચાર જંગમ તીર્થ છે. આ ચારેય તીર્થનો મનોરથ તે સમાધિમરણ, સંલેખના કે સંથારો. સંથારો એ સાધકના જીવનભરનો અભ્યાસ છે, કસોટી છે. જો જીવન સારું હશે તો જ તે તેમાં ઉત્તીર્ણ થશે. સંલેખના એટલે સમવૃત્તિઓનું સંલેખન કરવું, સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરવું. સંલેખના પહેલાં અને સંથારો પાછળથી થાય છે. તેનું ફળ સમાધિમરણ ગણાવી શકાય.

આથી જ સંથારો એ જ્ઞાની પુરુષોનો ઉત્સવ છે. મૃત્યુની મંગલયાત્રા છે, વર્તમાન જીવનની સૌથી મોટી જયયાત્રા છે અને સંથારો જન્મ મરણના પડાવોમાં અંતિમ ચરણ પ્રાપ્ત કરવા માટેનો સફળતમ ઉપાય છે. આથી જ અનંત તીર્થંકરોએ સમાધિ (પંડિત) મરણના વખાણ કર્યાં છે.

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૬માં ફરમાવ્યું છે કે, જે જીવ સમ્યગ્દર્શનમાં અનુરક્ત, અતિ શુકલ લેશ્યાવાળો અને નિયાણારહિત ક્રિયા કરનાર છે, તે આ ભાવનામાં મરીને પરલોકમાં સુલભબોધિ થાય છે અને સંસાર પરિત્ત કરે છે.

સંથારો કરનાર અનંતા બાલ મરણ મિટાવે છે. આરાધક બને છે, જઘન્ય તે જ ભવે ઉત્કૃષ્ટ પંદરમા ભવે મોક્ષે જાય છે, તેને જન્મ-મરણનો ભય રહેતો નથી. સંસારની-શરીરની આસક્તિ છૂટી જાય છે. માયા-મમત્વભાવ છૂટી જાય છે, તપની આરાધના થાય છે, વૈમાનિકના સુખ મળે છે, મોક્ષના અનંતા સુખ મળે છે. સંથારાની સાધનાને ઉત્કૃષ્ટ તપ ગણાવાયું છે. આવી ભવ્યાતિભવ્ય આરાધના ભૂતકાળમાં થઈ છે, વર્તમાને થઈ રહી છે, ભવિષ્યમાં થશે. મૃત્યુને મહોત્સવ માની તેનું સ્વાગત કરનાર વિરલાઓને કોટિ કોટિ વંદન.

## મૃત્યુ શબ્દકોષ

### મરણના પ્રકારો સાથે...

**મૃત્યુ શબ્દકોષ શાસ્ત્રની અપેક્ષાએ મરણના બે પ્રકાર છે:**

(૧) ૧.સકામમરણ-સમક્તિની હાજરીમાં થતું જ્ઞાનીનું મરણ તે.

(૨) ૨.અકામમરણ-મિથ્યાત્વની હાજરીમાં થતું અજ્ઞાનીનું મરણ તે.

**વ્રતની અપેક્ષાએ મરણના ત્રણ પ્રકાર છે:**

(૩) ૧. બાલમરણ-અવિવેકપૂર્વક, આર્ત-રૌદ્રધ્યાન સાથે, અવિરતિ જીવોનું અજ્ઞાનતાપૂર્વકનું મરણ.

(૪) ૨. બાલપંડિતમરણ-જ્ઞાન-અજ્ઞાન વચ્ચે અસંજમસ સાથેનું મરણ તે દેશવિરતિ શ્રાવકનું મરણ.

(૫) (૩) પંડિત (સમાધિ) મરણ–સમકિત જ્ઞાન અને ચરિત્રમાં પ્રબુદ્ધ વ્યક્તિનું મરણ, મહાવ્રતી પંડિત કહેવાય છે. પંડિત-મરણમાં સંકલેશમય લેશ્યાઓ નથી હોતી. માત્ર અવસ્થિત યા વર્ધમાન લેશ્યાઓ હોય છે. સર્વવિરતિ સાધુનું મરણ.

**પંડિતમરણના કેટલાક પ્રકારો-પંડિતમરણ માટે વપરાતા શબ્દો-**

(૬) ૧. અનિર્હારિમ મરણ – પાદોપગમન પંડિતમરણનો એક ભેદ. પર્વતની ગુફા વગેરેમાં પાદપ (વૃક્ષ)ની જેમ નિશ્ચેષ્ટ રહીને મરણને પ્રાપ્ત કરવું. ભીડમાં-વસ્તીમાં દેહાંત થવાથી શરીરનું નિર્હરણ શક્ય છે, ગિરિ વન્યપ્રદેશોમાં નહિ.

(૭) ૨. ઇંગિણી મરણ–પંડિતમરણનો એક ભેદ. બીજા દ્વારા કરાતી સેવાને ન સ્વીકારવી. સ્વયં અનશન અંગિકાર કરી પોતાની વૈયાવચ્ચ કરે છે.

(૮) ૩. નિર્હામિ મરણ–પાદોપગમન પંડિતમરણનો ભેદ. ઉપાશ્રય વગેરેમાં મૃત્યુ થવું તેમ જ જેનો અંતિમ સંસ્કાર (ક્રિયા) કરવામાં આવે છે તે.

(૯) ૪. પાદોગમન મરણ–ચાર પ્રકારના આહાર ત્યાગી, નિર્દોષ

સંસ્તારક પર હાલ્યા-ચાલ્યા વગર નિશ્ચેષ્ટ-નિશ્ચલ પડી રહેવું, એક પડખે રહેવું.

(૧૦) ૫. પ્રાયોપગમ મરણ–અન્નજળનો ત્યાગ કરી ધીમે ધીમે પ્રાણનો ત્યાગ કરવો, વિસર્જન કરવું.

(૧૧) ૬. ભક્ત પ્રત્યાખ્યાન મરણ–ખાનપાન આદિનો ત્યાગ કરીને સમજણપૂર્વક-સમ્યક્ત્વપૂર્વક દેહનો ઉત્સર્ગ કરવો.

(૧૨) ૭. અનાદિ સાન્ત મરણ–ભવ્યત્વનો અધ્યાયુ, જેની આદિ (શરૂઆત) ન હોય પરંતુ અંત હોય. તે સિધ્ધોનું જ થાય.

(૧૩) ૮. અંતકૃત મરણ–અંત સમયમાં કૃતકૃત્ય થવું, સિદ્ધ થવું, મુક્ત થવું, પરિનિવૃત્ત થવું.

(૧૪) ૯. પરીનિવૃત્ત–પરિનિર્વાણ મરણ–મોક્ષે જવું, પ્રાયઃ તીર્થંકરોના નિર્વાણ સંદર્ભમાં વપરાય છે.

**બાલમરણના કેટલાંક પ્રકારો-બાળમરણ માટે વપરાતા શબ્દો.**

(૧૫) ૧. વલન્મરણ–સંયમની પ્રવૃત્તિઓમાં ઉદાસ થયેલા જીવોનું મરણ

(૧૬) ૨. વર્શાત મરણ–પરાધીનતાપૂર્વક આક્રંદ કરતાં કરતાં મરવું, દિવાની જાળ પર વ્યાકુળ બનેલા પતંગિયાની જેમ, ઈન્દ્રિયોના વશમાં આવેલાનું મોત.

(૧૭) ૩. અકાલ મરણ–બાંધેલું આયુષ્ય પૂર્ણ થયા પહેલા મરવું તે. સાત કારણે આયુષ્યને વહેલું પૂર્ણ કરી શકાય છે. ઝેર ખાવું, અસાધ્ય રોગ-વેદના, લોહીની અલ્પતા, તીવ્ર ભય, શસ્ત્રોનો આઘાત, તણાવ, સંકલેશની અધિકતા, આહાર અવરોધ, શ્વાસોચ્છ્વાસ રોકવાથી કે અચાનક બંધ થવાથી આયુષ્યનો ક્ષય થવો તે.

(૧૮) ૪. અન્તઃ શલ્ય મરણ–ચોટ કે આઘાતથી મરવું.

(૧૯) ૫. ગિદ્ધ પુટ્ઠમરણ–ગીધ અથવા અન્ય કોઈ વન્ય પ્રાણી દ્વારા મરણ.

(૨૦) ૬. ગિરિ પતન મરણ–પર્વત પરથી પડીને મરવું.

(૨૧) ૭. જલ પ્રવેશ મરણ–પાણીમાં ડૂબીને મરવું.

(૨૨) ૮. જલણપ્પવેસે–અગ્નિમાં બળીને મરવું.

(૨૩) ૯. તરુપતનમરણ–વૃક્ષ પરથી પડીને મરવું.

(૨૪) ૧૦. બલનમરણ–તરફડતા, હાય-વોય કરતા મરવું તે.

(૨૫) ૧૧. વૈહાનસમરણ–ફાંસી દ્વારા વૃક્ષ વગેરે પર લટકીને મરવું તે.

(૨૬) ૧૨. વિષભક્ષણમરણ–ઝેર ખાઈને મરી જવું તે.

(૨૭) ૧૩. શસ્ત્રાવપાટણમરણ–શસ્ત્રથી પોતાના શરીરને કાપી નાખવું.

**મરણ માટે વપરાતા અન્ય શબ્દો-**

(૨૮) ૧. કદલીઘાત–અકાળે મરણ

(૨૯) ૨. ઇંતકાલ–મૃત્યુ

(૩૦) ૩. કાળ–માનવી તથા પશુ પક્ષીઓનું મરણ.

(૩૧) ૪. દિવંગત–મૃત્યુ માટે વપરાતો શાલીન શબ્દ

(૩૨) ૫. દેવલોકગમન–મૃત્યુ માટે વપરાતો આદરપૂર્વક શબ્દ

(૩૩) ૬. દેહાંત–નશ્વર દેહનો અંત થવો.

(૩૪) ૭. દેહાવસાન–દેહનો નાશ થવો.

(૩૫) ૮. દેહોત્સર્ગ–કોઈ ઉમદા કાર્ય માટે પોતાના પ્રાણોનો ત્યાગ કરવો.

(૩૬) ૯. નિધન–મૃત્યુ

(૩૭) ૧૦. મહાપ્રયાણ–કોઈ પુણ્યવાન પુરુષનું દિવંગત થવું.

(૩૮) ૧૧. નિર્વાણ–મોક્ષ, મુક્તિ.

(૩૯) ૧૨. ચ્યવન–દેવગતિમાં થવાવાળું મરણ.

(૪૦) ૧૩. તદ્ભવમરણ–મરણોપરાંત ફરીને તે જ ગતિમાં જવું.

(૪૧) ૧૪. પ્રયાણ–ઈચ્છામૃત્યુ, મૃત્યુની ચાહના કરવી.

(૪૨) ૧૫. મૃત્યુ–આયુષ્ય કર્મના પુદ્ગલોનો ક્ષય

(૪૩) ૧૬. ઓસણ્ણ મરણ–સંઘ બહિષ્કૃત સાધુનું મોત

(૪૪) ૧૭. આવિચિમરણ–નિત્યમરણ.

(૪૫) ૧૮. નિદાન મરણ–ઋદ્ધિ આદિનું નિદાન કરીને મરવું.

(૪૬) ૧૯. મૃતક–(મડદા) દેહ માટે વપરાતો શબ્દ.

(૪૭) ૨૦. વિદેહન–શરીર પર આસક્તિથી મુક્ત

(૪૮) ૨૧. વિપરિણામ મરણ–કોઈ સત્નું અવસ્થાંતરણને પ્રાપ્ત થવું.

આ રીતે મૃત્યુ માટે જુદા જુદા શબ્દો વપરાય છે.

**સમાધિમરણની આરાધના ક્યારે કરવામાં આવે ?**

૧. જ્યારે શરીર ધર્મારાધના કરવા માટે સક્ષમ ન હોય.

૨. શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હોય.

૩. શરીરમાં અસાધ્ય રોગ થયો હોય.

૪. મારણાંતિક ઉપસર્ગ આવે ત્યારે.

૫. એવું લાગે કે હવે અંત સમય નજીક છે ત્યારે.

આગમના પાને પાને એવા વિરલાઓના નામ સુવર્ણાક્ષરે લખાયેલા છે જેમણે પાદોપગમન સંથારો કરી જીવનને ધન્ય બનાવ્યું. પ્રભુ મહાવીરે ભક્ત પ્રત્યાખ્યાન સંથારાની આરાધના કરેલ. વીરના શાસનમાં આજે પણ ભક્ત પ્રત્યાખ્યાન સંથારો જ કરાય છે.

જ્યારે ઉપસર્ગ આવ્યો હોય ત્યારે સાગારી સંથારો કરી શકાય છે જે ઉપસર્ગ ટળી જતાં પારી શકાય છે. એમાં પાંચ વ્રત અંગીકાર સાથે અઢાર પાપનો ત્યાગ કરાય છે, સાથે ચાર આહારનો ત્યાગ કરાય છે. અર્હન્નક શ્રાવક અને સુદર્શન શેઠના શાસ્ત્રોક્ત દૃષ્ટાંતો જોવા મળે છે. જેમણે સાગારી સંથારો ગ્રહણ કરી ઉપસર્ગ જતાં પારી લીધેલ.

ગૃહસ્થો પણ રોજ રાત્રે સાગારી સંથારો ધારણ કરી શકે છે. આગમમાં પણ સંથારાને ઉત્કૃષ્ટ તપ બતાવેલ છે. દેવલોકના દેવો રત્નની વર્ષા કરે અને જે સુખ મળે તે સુખ તો કાંઈ નથી. સંથારામાં સંવર નિર્જરાના રત્નોની વર્ષા આત્માના અનંતા સુખોને ખેંચી લાવે છે. જેમ જેમ સંથારો આગળ વધે તેમ સાધકના ભાવો ચડિયાતા બનતા જાય તો જીવન અને મૃત્યુ બંને સફળ થઈ જાય છે. ✷✷✷

'ઉષા સ્મૃતિ', ભક્તિનગર સોસાયટી, જૈન ઉપાશ્રયની બાજુમાં,
રાજકોટ-૩૬૦૦૦૨. ફોન : ૯૮૨૪૪૮૫૪૧૦/ ૯૭૨૫૬૮૦૮૮૫.

ભજન-ધન : ૧૩

# વિસરાતી વાણી - અનહદની ઓળખાણી

□ડૉ. નિરંજન રાજ્યગુરુ

## ખીમસાહેબની વાણી

'રવિભાણ સંપ્રદાય'ના તેજસ્વી સંતકવિ ખીમસાહેબનો જન્મ ઈ. સ. ૧૭૩૪માં ચરોતરના શેરખી મુકામે પિતા ભાણસાહેબ અને માતા ભાણબાઈ કુખે લોહાણા જ્ઞાતિમાં થયો હતો. ભાણસાહેબને ત્યાં ઈ. સ. ૧૭૨૯માં એક પુત્રનો જન્મ થયો. તેનું નામ ખીમ હતું. એનું પાંચ વર્ષની વયે અવસાન થયું. ત્યારબાદ બીજા પુત્રનો જન્મ થયો તેનું નામ પણ ખીમ પાડેલું જે ખીમસાહેબ થયા. ગુરુબોધ પિતા ભાણસાહેબ પાસેથી જ મળ્યો. ભાણસાહેબે તેને રવિસાહેબ પાસેથી સંપ્રદાયની સાધનાનો બોધ લેવાનું જણાવ્યું હતું.

ભાણપુત્ર - શિષ્ય ખીમસાહેબ વારાહી ગામે રહેતા હતા. તેમને ગંગારામજી તથા મલુકદાસજી નામે બે પુત્રો હતા. રવિસાહેબની આજ્ઞાથી ખીમસાહેબે વાગડદેશમાં રાપર (કચ્છ) ગામે આવેલા 'દરિયાસ્થાન'માં સંવત ૧૮૩૭માં જગ્યા બાંધી અન્નક્ષેત્રે ચલાવી, વસ્તી-ચેતાવવાનું કાર્ય કર્યું. ઈ. સ. ૧૮૦૧માં રાપરમાં જીવતા સમાધિ લીધી. ખીમસાહેબને 'ખલક દરિયા ખીમ'નું વિશેષણ આપવામાં આવે છે. કેટલાયે મચ્છીમારો - ખારવા લોકોને ગુરુબોધ આપી સત્યનો માર્ગ બતાવેલો. તેમના મન તો ખીમસાહેબ દરિયાપીર હતા. ખીમસાહેબનું મહત્ત્વનું કાર્ય તે સમયે અછૂત ગણાતા હરિજન સમાજના ગુરુબ્રાહ્મણ ત્રિકમદાસનો સ્વીકાર કરી, ગુરુબોધ આપી તેને 'સાહેબ'ની પદવી આપી તે છે. ત્રિકમસાહેબ તેમની નાદ શિષ્ય પરંપરા આગળ વધારે છે અને ખીમસાહેબના બુંદ શિષ્ય ગંગસાહેબ તેમની પરંપરાને ફેલાવે છે. ત્રિકમસાહેબ આ રવિ-ભાણ સંપ્રદાયની વાડીના સાધુઓનો ફેલાવો તેજસ્વી હરિજન સંતો ભીમસાહેબ, બાલકસાહેબ અને દાસીજીવણ જેવા સંતરત્નોથી કરે છે.

ખીમસાહેબનાં હિંદી, ગુજરાતી અને કચ્છી ભાષામાં અનેક ભજનો મળે છે. જેમાં કેટલાંક ભજનો કાફી, ગરબી, આરતી જેવા પ્રકારોમાં રચાયાં છે. આ ભજનોમાં સૌથી વિશેષ યોગની પરિભાષા અને રૂપકાદિ અલંકારોનો ઉપયોગ થયેલો જોવા મળે છે. કબીર પરંપરાનું તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ અનુભવ અને સદ્‌ગુરુ- મહિમાનું આલેખન થયું છે. બાહ્યાચારો પર તેમણે આકરા પ્રહારો કર્યા છે. ખીમસાહેબની દીર્ઘકૃતિ તરીકે સાખી ને ચોપાઈ બંધની ૫૮ કડીની જ્ઞાનમાર્ગી હિંદી કૃતિ 'ચિંતામણી' મળે છે.

'સત્‌ગુરુ સંતકા બાલકા, ભાણ ચરણે વાસ,
રજમાત્ર ગુલામ હૈ, ખરા કહે ખીમદાસ
આદિ અંત ઔર મધ્ય નહિ, ભાણે બતાયા ભેદ,
અધર આપ ઘર દેખિયા, નહિ વાણી ચારે વેદ.'

(૧)

**મુંને ભેટ્યા સત્‌ગુરુ ભાણા**

મુંને ભેટ્યા સત્‌ગુરુ ભાણા, દિયા મોર છાપ પરવાના...
અમર પટા લીખ દીયા અગમરા, ગગન ઘરમેં જાના,
જલમલ જ્યોતિ અખંડ અજવાળાં, ઠીક તિયાં ઠેરાયા...
કરૂણા મહેર કબીર કિરતારા, ભાણ બ્રહ્મકી સાના,
દયા મહેર જબ કરુણા કીની, મેટી ચારો ખાણા...
સનમુખ હે સત્‌સાહેબ મેરા, બંધી છોડ બ્રદ બાના,
મહેરબાન મોટા મહારાજા, સમરથ ધણી સુજાના...
દરશન દેખી ભયા મન મગના, સહેજે સુન ઘર સમાના,
નેનું આગે નૂર નિરખ્યા, નહિ મોટા નહિ નાના...
રૂપ અરૂપ અગમ નહિ નેડા, પુરબ ઘર પિછાણાં,
ખીમદાન ખલકથી ન્યારા, રણુંકારમેં ઠેરાણાં...
મુંને ભેટ્યા સત્‌ગુરુ ભાણા...

ખીમસાહેબ કહે છે કે, મને સત્‌ગુરુ ભાણસાહેબ મળ્યા અને મ્હોર મારી પરવાનો લખી આપ્યો, અગમઘરનો એવો અમરપટ્ટો લખી આપ્યો કે ગગનઘરમાં જવાનો માર્ગ પ્રાપ્ત થયો. હવે મારે જન્મ-મરણનો ફેરો નથી. ભવબંધન છૂટી ગયાં. ગુરુએ મને અગમભેદ બતાવ્યો, ગુપ્તજ્ઞાન આપ્યું અને સતગુરુની કૃપાથી અખંડ જ્યોતિનાં દર્શન થયા. મારી ચારોખાણ - લોકેષણા, પુત્રેષણા, વિત્તેષણા અને જિજીવિષા મટી ગઈ. મારી સામે સત્‌સાહેબ છે. મન મસ્ત બની ગયું છે અને સહેજે શૂન્યઘરમાં સમાઈ ગયું છે. 'નેનુ આગે નૂર નિરખ્યા'...મને તો ખલકથી ન્યારા નિરંજન-અલખના દર્શન થયાં છે. ચારો તરફ અપાર મહાતેજ રેલાઈ રહ્યું છે.

(૨)

**ગુરુ ગમ ખોજો રે... આ ઘટમાં, ઓ ઘટમાં**

ગુરુ ગમ ખોજો રે... આ ઘટમાં, ઓ ઘટમાં
કર સતગુરુ કી સેવ, ઔર સબ જૂઠી બાજી,
દેખ પતંગ કો રંગ, તા હી પર દુનિયા રાજી,
સત શબદ સૂઝે નહીં, જૂઠ જૂઠ કું ધ્યાય;
આપકી તો ગમ નાહીં રે, કહાં સે આયા કહાં જાય...
ગુરુ ગમ ખોજો રે...આ ઘટમાં...

*દૂર દેખન મત જાવ, પકડ સૂરતા કી દોરી,*
*કરો શબદસે મેળ, રહો તુમ કોઈ સ્વર જોડી,*
*શબદ પાર હે સાહેબ, જો સતગુરુ સમજાઈ;*
*અક્ષર આદ અનાદિકા, અક્ષરાતિત ઓળખાઈ...*
*ગુરુ ખોજો રે...આ ઘટમાં...*
*સહજ શૂન્ય કે માંહી, પરમ હંસા કા વાસા,*
*નિરાધાર નિરવાણ, કબહું હોવે ના નાશા,*
*કરમ ભરમ સબ ભાંગ કે, કર સતગુરુ કી સેવ;*
*સાન સમજ લે સતગુરુ કી, અવર દેવ નહીં કોઈ...*
*ગુરુ ગમ ખોજો રે...આ ઘટમાં...*
*બાજી સબ હદ માંહી, બેહદ કિરતાર કહાવે,*
*અનહદ ઉઠે અપરંપાર, ભાણ ગુરુ ભેદ બતાવે,*
*બાહિર ભીતર એક તાર હૈ, રમતા રામ કબીર;*
*ખીમ કહે છે ખલક દરિયા, સન્મુખ સાધ્યા તીર...*
*ગુરુ ગમ ખોજો રે...આ ઘટમાં...*

ગુરુના જ્ઞાનથી આ ઘટ ભીતર ખોજ કરો. સત્‌ગુરુની સેવાએ અગમભેદ મળશે. બાકી બીજા માર્ગો ખોટા છે. બાહ્ય રૂપ રંગમાં રાચવું નહીં કારણ કે એ પતંગનો રંગ છે. તેને ઊડતાં વાર નહીં લાગે. બહાર ભટકવાની જરૂર નથી. માત્ર સુરતાનો દોર પકડીને ધ્યાન કેન્દ્રિત કરીને આદિ–અનાદિથી ચાલ્યો આવતો મહામંત્ર– પ્રણવમંત્ર ૐ ને પકડી લો તો અક્ષરાતિત અવિનાશી ઓળખાઈ જશે. જે શબ્દોથી ન કહી શકાય તેવો અનિવર્ચનીય, શૂન્યાતીત, નિરાધાર નિરવાણી સહજ શૂન્યઘરમાં તેનો વાસ છે તે સાહેબો સત્‌ગુરુની સાને સમજાઈ જશે.

બહારની સૃષ્ટિ હદથી બંધાયેલી છે. જ્યારે કીરતાર બે હદમાં છે તેને બાહિર–ભીતર મનુષ્યના અંતરમાં અને બહારના વિશ્વમાં બાંધી શકાશે નહીં. આ પરમાત્મા સર્વત્ર વિલસી રહેલ છે. એટલે તો તેને રમતારામ કબીર કહેવામાં આવે છે. ખીમસાહેબ કહે છે કે, ગુરુગમથી ખોજ કરો તો આ ઘટમાં એ સન્મુખ–સામે જ છે.

(૩)

**જા મુખસેં સિયારામ ન સમર્યા...**

*જા મુખસેં સિયારામ ન સમર્યા, તા મુખમેં તેરે ધૂર પરી...*
*-જા મુખસેં સિયારામ ન સમર્યા...*
*રામ નામ બિન રસના કેસી? કર ઉનકી ટૂકડા ટૂકડી,*
*જિન લોચન હરિ રૂપ ન નીરખ્યા, તા લોચન મેં લુણ ભરી...*
*-જા મુખસેં સિયારામ ન સમર્યા...*
*રતન પદારથ મનુષ્ય જનમ હે, આવત નહીં કુછ ફેર ફરી,*
*અબ તેરો દાવ પડ્યો હે મુરખ! કરનાં હોય સો લેને કરી...*
*-જા મુખસે સિયારામ ન સમર્યા...*
*ધિક્ તેરો જનમ તેરો ધિક્ હે, ધિક્ ધિક્ મનુષ્યકી દેહ ધરી,*
*જીવત તાત મૂવે નહીં તેરા, ક્યું તું આયો ગેમાર ફરી...*
*-જા મુખસે સિયારામ ન સમર્યા...*
*પાંવ પસારી સુકૃત નવ કીનો, જપ તપ તીરથે ડગ ના ભરી,*
*ખીમ કહે નર આયો એસો જાયગો, વા કું ખાલી ખેપ પરી...*
*-જા મુખસે સિયારામ ન સમર્યા...*

જે મુખથી સિયારામનું સ્મરણ કર્યું નથી તે મુખમાં ધૂળ પડી છે. જે જીભથી રામનામ લીધું નથી એ જીભના ટુકડે ટુકડા કરી નાખો. જે આંખોથી હરિના રૂપનું દર્શન થયું નથી એ આંખોમાં લૂણ પડ્યું છે. અણમોલ માનવ જન્મ વાંરવાર મળતો નથી. હરિએ દાવ તને આપ્યો છે, તો મૂરખ તેને ચૂકી જઈશ નહીં.

જો તેં રામનામ લીધું નથી, સત્‌કર્મ કર્યું નથી, તીર્થયાત્રા કરી નથી. ભૂખ્યાને ભોજન ને તરસ્યાને પાણી પાયું નથી તો તારો માનવ જન્મ એળે ગયો છે. તું જીવતાં છતાં મરેલો છે. હે ગેમાર-મૂરખ તારો ભવનો ફેરો ખાલી ગયો છે માટે મુખથી સિયારામનું સ્મરણ કરી લે.

(૪)

**જુઓ ને ગગનમાં હેરી ત્યાં બંસરી બાજે ઘેરી ઘેરી...**

*જુઓ ને ગગનમાં હેરી ત્યાં બંસરી બાજે ઘેરી ઘેરી...*
*તરવેણીમાં ટંકશાળ પડત હૈ, તા પર ઝીણી શેરી,*
*અખર અજીતા આસન બેઠા, નગર બસાયા ફેરી...*
*-કોઈ જુઓને ગગનમાં હેરી...*
*ઘડી ઘડીનાં ઘડિયાળાં વાગે, ઝીણી ઝીણી વાગે સૂર ઘંટેરી,*
*ઢોલ નગારાં શરણાયું વાગે, ધૂમ મચી હે ચો ફેરી...*
*-કોઈ જુઓને ગગનમાં હેરી...*
*ગગન મંડળ મેં કર લે વાસા, વહાં હૈ જોગી એક લહેરી,*
*નૂરતે સુરતે નામ નીરખ લે, સુખમણા માળા ફેરી...*
*-કોઈ જુઓને ગગનમાં હેરી...*
*સ્વાસ ઉચ્છવાસ દોનું નહીં પહોંચે, વહાં લે' લાગી મેરી,*
*સતગુરુએ મું ને સાન બતાવી, જાપ હે અજપા કેરી...*
*-કોઈ જુઓને ગગનમાં હેરી...*
*સાચા સતગુરુ નેણે નીરખ્યા, મીટ ગઈ રૈન અંધેરી,*
*ખીમદાસ ગુરુ ભાણ પ્રતાપે, અબ ચોટ નહીં જમ કેરી...*
*-કોઈ જુઓને ગગનમાં હેરી...*

તમે જુઓ ગગનમંડળમાં હેરી, ત્યાં બંસરી વાગી રહી છે. અહીં સંતો બાહ્ય આકાશ કે દૃશ્ય બંસરીની વાત કરતા નથી પરંતુ ઈડા, પિંગલા અને સુષુમ્ણા નાડી મળે તે ત્રિવેણી ઘાટે, ભૂમધ્યમાં સુરતા સ્થિર કરી ભીતરના ગગનમંડળમાં જુઓ તો ઝળહળ જ્યોતિ દર્શાય છે અને અનાહત નાદ રૂપે બંસરી સંભળાય છે. ત્યાં ઘડીઘડીના ઘડિયાળા વાગે, ઢોલ, નગારા, શરણાઈ અને ઘંટડીનો નાદ સંભળાય છે. ગગનમંડળ – બ્રહ્મરન્ધ્રમાં અધર તખત પર આસનવાળી બેઠેલા અલખધણીનાં દર્શન થાય છે.

સત્‌ગુરુએ મને કોઈ એવી સાન બતાવી કે નૂરતે-સૂરતે સુષુમ્ણા

દ્વારા પ્રાણની ઊર્ધ્વગતિ કરીને જગતની અસાર વસ્તુમાંથી મનને હટાવીને એકમાત્ર સાર તત્ત્વ પ્રભુમાં મનને જોડી સાચા સત્‌ગુરુ નેણે નીરખી લીધા છે. મારું અજ્ઞાન અંધારું ટળી ગયું ને ક્ષણમાત્રમાં રાત્રીનો દિવસ થઈ ગયો. હવે મને મૃત્યુનો ભય નથી. જન્મ-મરણનો ફેરો નથી. તો હે સંતો તમે પણ આ ગગનમાં જુઓ તપાસી ત્યાં બંસરી વાગી રહી છે.

(૫)

**સંતો ! ફેરો નામની માળા, હે જી તેરા કટે જનમ જંજાળા...સંતો...**

*સંતો ફેરો નામની માળા,*
*હે જી તેરા કટે જનમ જંજાળા...સંતો...*
*ગુરુગમ કેરી કૂંચી કર લે, કટે મોહકા તાળાં;*
*ઈ તાળાંને દૂર કરો તો, ઘટ ભીતર અંજવાળાં... સંતો...*
*આ કાયામાં પરગટ ગંગા, શીદ ફરો પંથપાળા,*
*ઈ ગંગામાં અખંડ નાઈ લ્યો, મત નાવ નદિયું–નાળાં.*
*આ દિલ ભીતર બુદ્ધિ સમુંદર, ચલત નાવ ચોધાર,*
*ઈ રે નાવમાં હીરલા-માણેક, ખોજે ખોજનહારા...સંતો...*
*સમરણ કર લે, પ્રાયશ્ચિત કર લે, ચિત્ત મત કર તું ચાળા,*
*ખીમદાસ ગુરુ ભાણ પ્રતાપે, હરદમ બોલે પ્યારા...સંતો...*

હે સંતો તમે નામની માળા ફેરવો. તમારા કોટિ જન્મોના પાપ છૂટી જશે. આ નામ એટલે સાકાર ઈશ્વરના કોઈ રૂપનું નામ નથી. નામ અને રૂપને સંતોએ મિથ્યા કહ્યાં છે–જે નામની માળા ફેરવવાની છે તે ગુરુનો ગુપ્તમંત્ર, તેનું સતત સ્મરણ કરવાનું છે. ગુરુ પાસેથી જ તેનો અગમભેદ જાણવાનો છે. કૂંચી મેળવી મોહના તાળા ખોલી ઘટ ભીતરના અજવાળા કરવાના છે.

તારો પરમાત્મા તો પુષ્પમાં સુગંધ હોય તેમ તારી અંદર રહેલો છે. અજ્ઞાનથી કસ્તુરમૃગ પોતાની નાભીમાં રહેલ સુગંધ બહાર શોધે છે. આ કાયામાં જ પરગટ ગંગા વહે છે તેને છોડી બહારની ગંગા કે નદિ નાળામાં સ્નાન કરવાનો કોઈ અર્થ નથી. આ દિલ દરિયામાં હીરા, માણેક અને મોતી ભરેલા છે. પણ તેને કોઈક જ ખોજન હારા ખોજી શકે છે. માટે સ્મરણ કરી લે, પ્રાયશ્ચિત કરી લે, ચિત્તને સ્થિર કરી લે અને ઘટમાં હરદમ હરિ બોલે છે તેનાં દર્શન કરી લે.

(૬)

**હો રામૈયા તોજા રંગ ઘણા રે, વારી વારી કુરબાન...**

*હો રામૈયા તોજા રંગ ઘણા રે, વારી વારી કુરબાન...*
*-હો રામૈયા તોજા રંગ ઘણા રે...*
*સોળસો ગોપીમાં રાસ રચ્યો રે, કેસર ભીનો કાન,*
*જિતે જેડો તિતે તેડો, મુંજો મનડો થ્યો મસ્તાન...*
*-હો રામૈયા તોજા રંગ ઘણા રે...*
*રાવણ મારી વિભિષણ થાપ્યો, હરણાંકંસની હાણ*
*પ્રેહલાદની વ્હાલે પત રાખી, તો ગજ ગુણિકા વેમાન...*
*-હો રામૈયા તોજા રંગ ઘણા રે...*
*સુખ જો કરતા દુઃખ જો હરતા, નામે વડો નિશાન,*
*ભગત ઓધારણ ભૂધરો વા'લો, મેટી ચારે ખાણ...*
*-હો રામૈયા તોજા રંગ ઘણા રે...*
*સંત ઓધારણ અસુર સંહારણ વાલી લાગે તોજી વાણ,*
*ખીમદાસ ગુરુ ભાણ પ્રતાપે, કબુવે ન કેંજી હાણ...*
*-હો રામૈયા તોજા રંગ ઘણા રે...*

હે રામૈયા, પરમાત્મા તારા અનેક રંગ છે. તારી લીલાનો કોઈ પાર નથી. હું તો વારે વારે તેના ઉપર વારી જાઉ છું. હે પ્રભુ ! સોળસો ગોપી સાથે રાસ રચાયો ત્યારે હે કેશર ભીના કાન તમે એક ગોપી ને એક કાન થયા. આ લીલાના દર્શને મારું મનડું ગુલતાન થયું.

હે પ્રભુ તમે રાવણ મારી વિભિષણને ગાદી આપી. હિરણ્યકશીપુ મારી પ્રહ્‌લાદની પ્રતિજ્ઞા પાળી. ગજરાજને મગરના મુખમાંથી છોડાવ્યો અને ગણિકાને નામસ્મરણથી વિમાને બેસાડી સ્વર્ગમાં પહોંચાડી. આવાં તો અનેક કામો તમે કર્યાં છે.

હે પ્રભુ તમે જ સુખના દાતા છો, દુઃખના હરતા છો, ભક્તોના તારણહાર છો. મારી તો હવે કોઈ એષણા-વાસના રહી નથી. સંતોના ઉદ્ધારક, અસુરોના સંહારક તમારી વાણી મને વ્હાલી લાગે છે. હે અવિનાશી રામૈયા તમારા તો અનેક રંગ છે.

(૫)

**આતમ હીરલા પાયા સંતો**

*આતમ હીરલા પાયા સંતો, હરિ ચરણે ચિત્ત લાયા...*
*ઘરમેં માલ અમુલખ ભરીયા, જુગતે જોગ કમાયા,*
*જનમ સુધારણ સત્‌ગુરુ ભેટ્યા, ફેરહીં ઘાટ ઘડાયા...*
*દેખ તુજમેં તખત બિરાજે, અગમ ભૂમિ પર આયા,*
*જલકે જ્યોતિ નૂર અપારા, મેરમ માંહી દરસાયા...*
*આવન જાવન અષ્ટ કમલમેં, નુરત સુરત લે આયા,*
*સુન કે પાર નિરંતર દિસે, ચૈતન્ય સિંધુ સમાયા...*
*પૂરણ બ્રહ્મ પૂરવની પ્રિતે, સહેજે સોહં ઘર પાયા,*
*ખીમદાસ સત્‌ભાણ પ્રતાપે, ઠીક નશાં ઠેરાયાં...*
*અબ તો આતમ હીરલા પાયા...*

ખીમસાહેબ વાણીમાં જણાવે છે કે, મને આત્મજ્ઞાન રૂપી હીરલો પ્રાપ્ત થયો છે. હવે મારું ચિત્ત હરિચરણમાં લાગી ગયું છે. સત્‌ગુરુનો ભેટો થતાં ઘટ ભીતરનો અમુલખ ખજાનો મળી ગયો છે. મારો તો જન્મ સુધરી ગયો. મને તો જાણે નવો અવતાર મળ્યો. હે સંતો આ ઘટ ભીતર જુઓ. તપાસો તો જેમાં અગમ ભૂમિ પર ત્રિવેણીના ઘાટે, તખત ઉપર જળહળ જ્યોતિ અપાર તેજથી પ્રકાશી રહી છે. તેમાં મેરમ વસે છે, તેના દર્શન કરો.

સંત, સાધક આઠ દલવાળું કમળ મણિપુર ચક્રમાં આવેલ છે ત્યાં પહોંચે છે પછી નૂરત સૂરતનો દોર સંધાય જાય તે પછી શૂન્ય શિખરમાં

નિરંતર અપાર તેજ વરસી રહ્યું છે તેનાં દર્શન થાય છે. પછી તો આ ચેતન અપાર સાગરમાં સમાય જાય છે. આ પૂરણ બ્રહ્મ, પૂરવની પ્રિતે, ગુરુકૃપાએ સહેજે પ્રાપ્ત થાય છે. આત્મજ્ઞાન થાય છે. ખીમસાહેબ કહે છે, કે મને તો આ આતમ હીરલો પ્રાપ્ત થયો છે.

(૫)

**સુક્ષમ વેદસે ન્યારા પ્યારા**

*સુક્ષમ વેદસે ન્યારા પ્યારા, સોહી સત્‌ગુરુ હમારા*
*કોઈ સુક્ષમ વેદસે ન્યારા પ્યારા...*
*પાંચ તત્ત્વકા દેવળ બનાયા, તામે હે દશ દ્વારા,*
*નવ દરવાજે નોબત બાજે, દશમેં મહોલ દીદારા...*
*ઉસ દેવળમેં દેવ બિરાજે, આરતી અખંડ ધારા,*
*ચંદ્ર સૂરજકી જ્યોતિ જલત હૈ, ઝીલમિલ નૂર અપારા...*
*મતવાલા જોગી સુનપર બેઠા, ખેલ રમે ચોધારા,*
*ગગન મંડળ મેં રમતા-દેખ્યા, ભીતર જોઉં ત્યારે બારા...*
*ઓહંમ્ સોહંમ્ કી ચોકી ફિરત હે, હાકમ બાવન બારા,*
*સૂક્ષ્મ વેદમેં આપ ગળે જબ, પાવે સરજન હારા...*
*સાચા સત્‌ગુરુ નેણે નિરખ્યા, સળંગ સુરત એકધારા,*
*ખીમદાસ કહે ભાણ પ્રતાપે હરદમ બોલે પ્યારા...*
*કોઈ સુક્ષમ વેદસે ન્યારા પ્યારા...*

સંતોની વાણીમાં વેદ, ઉપનિષદ કે ગ્રંથોનું તત્ત્વજ્ઞાન કહેવાનો આશય નથી. આ ગુરુમુખી વાણી છે તેમાં સૂક્ષ્મભેદ, અગમ રહસ્ય, બાવન અક્ષરથી બહાર, આ વ્યક્ત જગતથી પર જે છે તેની વાત કહેવી છે એટલે તેને સૂક્ષ્મવેદ – ચારવેદથી પણ ન્યારા સત્‌ગુરુ – અલખધણીનો અનુભવ કહેવો છે. અટલે જ ખીમસાહેબ કહે છે કે આ કાયારૂપી દેવળ પાંચ તત્ત્વ પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશનું બનેલું છે. આ દેવળને નવ દરવાજા – દેહના બાહ્ય દેખાતા નવ દ્વાર જેના ઉપર ઈન્દ્રિયોનો પૂરો કબજો છે, જે વાસનાઓથી બંધાયેલ રહે છે. પરંતુ દશમો દરવાજો બ્રહ્મરન્ધ્ર છે. જો વાણીને અંદર વાળે, પવનને પલટાવે, મનને ઊલટાવે તો એની ભાળ મળે. આ દશમેં મહોલ નિરંજનનો વાસો છે ત્યાં અખંડ આરતી વાગી રહી છે. કોઈ મતવાલા જોગી હોય તો આ શૂન્ય શિખરના– ગગનમંડળમાં રમતા પરબ્રહ્મને પામી શકે છે. વળી મજાની વાત તો એ છે કે 'ભીતર જોઉં ત્યાં બારા' છે. આ હાકેમ ઘણી બાવન અક્ષરની બહાર છે. શબ્દાતીત છે. જો સાચા સત્‌ગુરુ મળે તો આ મોતી નજરે આવે. હરદમ બોલી રહેલો, ઘટોઘટ વ્યાપી રહેલો પરમાત્મા પામી શકાય. આ રહસ્ય એટલું બધું સૂક્ષ્મ છે કે જે માલમી હોય તે માણી શકે એ કહી તો શકાતું જ નથી એટલે જ ખીમસાહેબ તેને 'સૂક્ષ્મ વેદ સે ન્યારા પ્યારા કહે છે.'

(૫)

**ભેદ અગમરા બુજો**

*જી રે સંતો ભેદ અગમરા બુજો રે...*
*કૈસે સત્‌ગુરુ સમરીએ, ક્યું કર બીજે નામ,*
*કહાં ઉનકું દેખીએ તો કહાં હે આતમરામ.*
*રવિ-સાસ ઉસાસેં સમરીયેં અહોનિશ બીજ નામા,*
*નૂરત સૂરત સેં નીરખીયેં તો, ઘટોઘટ હે આતમરામા...*
*કહાંસે વીજું કરે ઝબુકા, કહાં સે જ્યોતિ જાગે,*
*કહાં સત્‌ગુરુકી નૌબત વાગે, તખતે કૌન બીરાજે...*
*રવિ-આપ તેજ સેં કરે ઝબુકા, ત્રિકુટી જ્યોતું જાગે.*
*ગગન મંડળ મેં નૌબત વાગે, તખતે આપ બીરાજે...*
*કહાંસે આયા કીધર જાયગા, કોન તુમેરા ધામા,*
*આ કાયા પલમેં પડી જાવે, ફેર બતાવે ઠામા...*
*રવિ-હમ હી આયા નૂરસે, અમરાપુર મેરા ધામા,*
*સુરતા ચડી અસમાને ઠેરાણી, બ્રહ્મ હમેરા ઠામા...*
*કોન શબ્દ સે ધૂન લગાવો, કોન નામ નીરધાર્યા,*
*ખીમદાસ રવિદાસકું પૂછે, માંહી ખેલો છો કે બારા...*
*સત્ શબ્દ સે ધૂન લગાવું, ઓહં નામ નીરધાર્યા,*
*રવિરામ કહે ભાણ પ્રતાપે, ઓહં સોહં સે અપારા...*
*સંતો ભેદ અગમરા બૂજો રે...*

જ્ઞાનગોષ્ઠિ રૂપે ખીમ-રવિ વચ્ચે થયેલી પ્રશ્નોત્તરી ભજન સાહિત્યમાં પ્રસિદ્ધ છે. અગમભેદને સમજવા માટેના ખીમના પ્રશ્નો છે અને રવિએ તેના જવાબો આપ્યા છે.

શ્વાસ-ઉચ્છ્‌વાસે રાત્રિ-દિવસ સત્‌ગુરુનું સહજ સ્મરણ કરવું અને જો નૂરત સૂરતથી નીરખો તો ઘટોઘટ આતમરામા છે. ખીમસાહેબનો પ્રશ્નો છેઃ ક્યાંથી વીજળી ઝબૂકે છે, ક્યાંથી જ્યોતિ જાગે છે, ક્યાં સત્‌ગુરુની નોબત વાગે છે અને તખત ઉપર કોણ બેઠું છે? અહીં વીજળીનો ચમકારો એટલે આકાશી વીજળી નહીં પણ ગંગાસતીએ વીજળીના ચમકારે મોતી પરોવવાની વાત કરી છે તે વીજળી. સાધક જ્યારે ઓહમ્-સોહમ્ પવનને પલટાવે ત્યારે પ્રાણની ગતિ ઈડામાંથી પિંગલામાં અને પિંગલામાંથી ઈડામાં જાય ત્યારે પ્રાણ સુષમ્ણામાં થોડો સમય સ્થિર રહે છે. બરાબર તે સમયે જાગૃત રહેતો એક ક્ષણ માટે વીજળીનો ચમકારો થાય છે. ત્રિકુટીમાં જ્યોતિ જાગે છે પછી તો ગગનમંડળમાં નોબત વાગે છે. એટલે કે અનાહત નાદ સંભળાય છે અને તખત ઉપર બેઠેલા અલખ અને આપણી વચ્ચેનો કોઈ ભેદ રહેતો નથી. પછી તો આપણને આપણી ઓળખ થઈ જાય છે. તેજમાંથી જન્મ થયો, અમરાપુર મૂળધામ અને સુરતા અસમાને લાગી જાય, બ્રહ્મમાં મળી જાય તો એ આપણું અંતિમ ધામ છે. ✶ ✶✶

સંત સાહિત્ય સંશોધન-અધ્યયન ભવન, સંદર્ભ ગ્રંથાલય
આનંદ આશ્રમ, ઘોઘાવદર,
તા. ગોંડલ, જિં. રાજકોટ-૩૬૦ ૩૧૧.
(૦૨૮૨૫-૨૭૧ ૫૮૨, ૨૭૧ ૪૦૯. મો. : ૯૮૨૪૩ ૭૧૯૦૪)
www.anand-ashram.com, www.ramsagar.org

# ભાવ-પ્રતિભાવ

(૧)

'પ્રબુદ્ધ જીવન', સપ્ટેમ્બર ૨૦૧૪ના અંકમાં જૈનોની વસ્તી ઘટવાના વિચારો પ્રગટ કરવા આપે આહ્વાન આપેલ છે તે વાંચ્યા પછી એક વિચાર મારો આ સાથે મોકલેલ છે જે યોગ્ય લાગે તો પ્રગટ કરવા વિનંતી. મારો પરિચય આ પ્રમાણે છે.

(૧) સુબોધ મનહરલાલ શાહ B.A., H.K. કૉલેજ, અમદાવાદ.

(૨) સમાજની વિવિધ સંસ્થામાં પ્રવૃત્તિ કરેલ છે.

ઘણી બધી સંસ્થાઓમાં સેવા કરતાં કરતાં આજે ૬૬ વર્ષ થવા આવ્યા છે. તેથી નિવૃત્તિમાં પ્રવૃત્તિ થાય એટલી કરું છું.

'પ્રબુદ્ધ જીવન'ના મોટા ભાગના અંકો તથા પહેલાં છપાતાં ટાઈપ પેપર મેગેજીન મારી પાસે છે. લખાણ-પેપર, અક્ષર, શિસ્તબદ્ધ કોલમ અને ફ્રન્ટ પેઈજના સરસ્વતીના જુદા જુદા ફોટા અને આગમ વિષેનાં લખાણો તથા 'પંથે પંથે પાથેય' લેખ વાંચતાં કરુણા અને હાડમારી, સંજોગો ને પરિસ્થિતિ વચ્ચે માનવ જીવન વિતાવે છે એ સત્ય ઘટના જ્યારે વાંચીએ છીએ ત્યારે શરીરના રૂંવાડાં ઊભા થઈ જતાં હોય છે. દરેક વ્યક્તિની ફરજ બનતી હોય છે કે માનવસેવા એજ સાચી સેવા છે એવી ભાવના ધર્મમાં પ્રગટ થવી જોઈએ. આવા સુંદર લેખો વાંચવાની ને મંથન કરવાની શક્તિ પૂરી પાડે છે પ્રબુદ્ધ જીવન. જૈન ધર્મની સાચી જ્ઞાન સેવા ને વ્યાખ્યાન દ્વારા મનને જાગૃત કરવાની શક્તિ પેદા કરે છે. એ માટે તમામ સંચાલકોનો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સંકળાયેલા છે તેમને ધન્યવાદ સાથે જય જિનેન્દ્ર.

**☐ સુબોધ મનહરલાલ શાહ**
૧૫-બી, જીવનદીપ સોસાયટી, નારણપુરા,
અમદાવાદ ૩૮૦૦૧૪.

### જૈનોની વસ્તી ઘટતી થવાનાં મનોમંથન

એક ભૂસ્તરશાસ્ત્રના વિદ્વાને એક સ્થળે કહ્યું છે કે તમે ભારતના કોઈપણ ભાગ ઉપર સાત માઈલના (વ્યાસવાળું) કુંડાળું દોરો અને ત્યાં ખોદકામ કરો, તો ઓછામાં ઓછો જૈન સંસ્કૃતિનો એક અવશેષ તમને ચોક્કસ મળશે. આ વાત સામાન્ય વ્યક્તિની નથી પણ ભૂસ્તર-શાસ્ત્રના વિદ્વાનનો અભિપ્રાય છે માટે ચોક્કસ કારણ તો હોય જ ને!

આ વાત એટલા માટે લખી કે એક સમયે જૈનધર્મ ઘણો જ ફુલ્યોફાલેલો હતો ને ભારતનો મુખ્ય ધર્મ જૈન હતો. ભારતીય મત દર્પણ નામના એક પુસ્તકમાં જૈનોની વસ્તી ૪૦ કરોડની હતી. આ વાતનો પરદેશી પ્રવાસી હ્યુ-એનશોમ અને ઈનુ લિંગે કરેલો ઉલ્લેખ છે.

આમ જૈન ધર્મ કેટલો મહાન અને મોટો હતો તેનો ખ્યાલ આવે છે.

સમયના વહેણ બદલાયા, સંજોગો બદલાયા, માણસોની ભાવનાઓ અને સંસ્કારોમાં પણ પરિવર્તન આવ્યું. એનું કારણ જૈન સમાજના શ્રાવક ને શ્રાવિકા તથા જૈન સમાજના સાધુ સંતો અને આચાર્યો છે.

આનું કારણ છે-જૈન, શ્રાવક-શ્રાવિકાઓ ભ્રમણામાં અને સાધુ-સંતો પ્રચારમાં અને સંઘો અખાડાની કુસ્તીમાં રાચે છે પછી ક્યાંથી જૈનોની એકતા અને અખંડતા રહે!

એક આચાર્ય બોલે મારામાં આટલાં સંઘો, આટલાં શ્રાવકો અને શ્રાવિકાઓ છે, મેં આટલાં દેરાસરો જુદા જુદા વિસ્તારમાં બનાવ્યા. પહેલાં આચાર્યો ગોચરી વ્હોરાવા જાતે જતાં કારણ તે ઘરમાં જૈન ધર્મ છે કે નહીં, તેમની આર્થિક પરિસ્થિતિ જોવા આવતાં અને સમાજના શ્રીમંત વર્ગને તે કુટુંબને મદદ કરવાનું કહેતાં. આજે એનાથી વિરોધાભાસ જોવા મળે છે. પહેલાં એક હજાર કે પાંચ હજાર મુકવાની શક્તિ છે તો હું તમારા ઘરે પગલાં કરું. આમ જૈન આગેવાનોથી લઈ, યુવા વર્ગથી લઈ સમાજ પરિવર્તન જોવા મળે છે. એટલા માટે જ આજની પેઢી મારું શું? અને પહેલાં એમ બોલતાં આપણું શું? આટલો તફાવત થઈ ગયો છે. માટે સમાજમાં પહેલાં લોકો પોતાનો વિચાર કરે છે જેમાં ભરણ-પોષણ-શિક્ષણ સંસ્કાર અને આજીવિકા માટેની વ્યવસ્થા ને રહેવા ઘરની સગવડ-આ બધું જ્યાં મળે છે ત્યાં આજે લોકો સંસ્કાર, સંસ્કૃતિ અને સમન્વયને તોડી જવા તૈયાર થતો હોય છે. માટે સાધુ-સંતો તથા પૈસાદાર વર્ગે માનવ ધર્મ પહેલાં ઉપસ્થિત કરવો જોઈએ. અને ત્યાર પછી મૂર્તિ-પૂજા-મંદિર, દેરાસરો વગેરે ઊભા કરવા જોઈએ. પણ આજે થોડું પરિવર્તન આવ્યું છે. અનેક નાની-મોટી સંસ્થાઓ અને ટ્રસ્ટો દ્વારા જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓની સેવા જોવા મળે છે. તેમાં કેટલાક માનવતાવાદી સાધુ આચાર્ય વર્ગ પણ જોવા મળે છે, જેમકે પાલીતાણામાં ગિરિવિહાર દ્વારા ૧ રૂપિયામાં ભોજન. માટે સમાજના યુવાવર્ગ, નારીશક્તિ, અને સમાજમાં જેમની આર્થિક પરિસ્થિતિ સારી છે એવા ધનાઢ્ય શેઠિયાઓએ નીચે પ્રમાણે માનવ સેવા કરવી જોઈએ.

(૧) ગર્ભવતી મહિલા માટે ઘોડિયાઘર ને સાધનોની વ્યવસ્થા.

(૨) બાળ ઉછેર માટેની આર્થિક સહાય.

(૩) ભણતર માટેની વ્યવસ્થા-ફ્રી પુસ્તકો વગેરે.

(૪) કુટુંબ માટે ચણતર (ઘર)ની વ્યવસ્થા સહાય.

(૫) ત્યારબાદ કુટુંબના ભરણ-પોષણ માટેની નોકરી વ્યવસ્થા (સારા પગારની) કરવી જોઈએ.

(૬) જવાનીમાં ભણતર, નોકરી પછી લગ્નની સગવડ.

(૭) સિનિયર સિટીઝન માટે દવા અને ખાધાખોરાકીની વ્યવસ્થા.

(૮) લગ્ન બને ત્યાં સુધી જૈન સમાજમાં છોકરા-છોકરીના કરવા માટે મા-બાપ તથા સમાજે ધ્યાન રાખવું ઘટે અને તેમના ભરણપોષણની વ્યવસ્થા થવી જોઈએ.

(૯) જૈનોની વસ્તી વધારવા માટે નારી સમાજ આગળ આવવો જોઈએ. નહીં તો પછી એક છોકરો હશે તો બહેન એટલે શું? અને છોકરી હશે તો ભાઈ એટલે શું ? અને તેવી જ રીતે મામો એટલે શું? અને ફોઈ એટલે શું? આવા સવાલો ઊભા થવાનાં જ.

આજનો સમાજ મોંઘવારીનું ચક્કર અને તોતીંગ શિક્ષણ ખર્ચના વધારા વગેરેથી ગભરાઈને બાળકો પેદા કરતાં નથી, માટે સરકાર એવી ચૂંટો કે જે સમાજની સમસ્યાઓ હલ કરે.

બીજા ઘણાં બધાં કારણો છે વસ્તી ઘટવાના. તેમાં છોકરીઓની અવગણના અને તેના ઉત્પાદનમાં ઘટાડો. દરેક મા-બાપને છોકરાની અપેક્ષા વધારે જોવા મળે છે. પણ લાગણી તો છોકરીઓમાં જ જોવા મળે છે. આંતરજાતિય લગ્ન-પ્રથા પણ એક કારણ છે.

આ બધા કારણોને લઈ જૈનોની ઘટતી વસ્તી જોવા મળે છે. માટે જૈન સમાજને સાચવવો હશે તો સંસ્કાર, ધાર્મિક શિક્ષણ (પાઠશાળાઓ) લગ્ન પ્રથા આ બધાયને સમાજે રક્ષણ આપવું પડશે અને એકતામાં પ્રભુના દર્શન છે તેવો ભાવ સાથે સંયુક્ત કુટુંબ ભાવના પણ રાખવી પડશે. નારી સમાજે પોતાનો ઘર સંસાર પહેલાં સાચવવો પછી સમાજમાં ઈતર પ્રવૃત્તિ કરવી. નહીં તો પછી ગુજરાતીમાં એક કહેવત છે-'ઘરના છોકરા ઘંટી ચાટે અને બહારનાંને આટો' (લોટ) એવી પરિસ્થિતિ થાય.

ઇતિહાસમાં બધાની ચડ-ઉતર વાંચીએ છીએ. આજે જૈન ધર્મ માટે ઊતરતો કાળ છે એમ કહી શકાય. તેમ છતાં ભૂતકાળમાં જૈન ધર્મે જે સાહિત્ય, શિલ્પ ને સંસ્કૃતિ સાથે સંસ્કારનો વારસો આપ્યો છે તે મહાન છે અને આપણે સૌ ગૌરવથી આજે પણ બોલી શકીએ છીએ કે અમો જૈન છીએ.

બાકી એક સુંદર લખાણ છે કે જ્યારે 'પુણ્યનો ઉદય હોય તો, અજાણ્યાને ત્યાંય આવકારો મળે!' પણ 'પાપનો ઉદય હોય તો જાણીતાને ત્યાંય જાકારો મળે!' આજે આવી પરિસ્થિતિ જૈન ધર્મ અને સંખ્યાની છે.

આ મારા વ્યક્તિગત વિચારોનું પ્રાધાન્ય પ્રગટ કર્યું છે. 'જય જિનેન્દ્ર'.

□ **સુબોધ મનહરલાલ શાહ**
૧૫-બી, જીવનદીપ સોસાયટી, નારણપુરા,
અમદાવાદ ૩૮૦૦૧૪.

(૨)

'પ્રબુદ્ધ જીવન'માં 'જૈનોની ઘટતી વસ્તી' અંગે વાંચી બહુ જ દુઃખ થયું અને એ પણ જૈન ભાઈ ધર્મપરિવર્તન કરે એ પણ બહુ જ દુઃખની વાત છે.

ભગવાન પૃથ્વી ઉપર બધે પહોંચી ના વળે એટલા માટે ભગવાને જૈન ધર્મનું સર્જન કરેલ છે. જૈન ધર્મના પુણ્યના પ્રતાપે આ પૃથ્વી પર દુષ્કાળ નથી પડતો, સુનામી નથી આવતી, ભૂકંપ, વાવાઝોડું, રોગચાળો આ બધી જ કુદરતી હોનારતો નથી આવતી.

જૈન ધર્મના મહિમાનો માર્ગ સર્વે જીવો પ્રત્યે દયાભાવ, 'કેટલું સરસ પુન્યનું કામ'

સાહેબ, શ્રી આપ જાણતા હશો મોટા મોટા ધર્મોમાં હિંસાને મહત્ત્વ આપ્યું છે. ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ ધર્મ, ૩૦ ટકા હિંદુ ધર્મ– આ ધર્મોમાં ધાર્મિક પૂજા હોય, ધાર્મિક કથાઓ હોય, તહેવાર હોય, નાના મોટા પ્રસંગ હોય હજારો લાખો, અબોલ પશુઓની કતલ કરતા હોય છે.

ઈસ્લામ ધર્મમાં લાખો બકરાંઓ, ગાયો, ભેંસો, ઘેટાંઓની કતલ કરાય છે અને એવું માનતા હોય છે કે અલ્લાહને કુરબાની આપી અને આનંદ માનતા હોય છે.

ખ્રિસ્તી ધર્મમાં દર રવિવારે પ્રાર્થના કરવા માટે બધા ભેગા થાય ત્યારે ગાયની કતલ કરીને પ્રસાદ રૂપે વહેંચશે. નાતાલના દિવસોમાં હજારો મૂંગા પશુઓની કતલ કરતા હોય છે.

હિન્દુ ધર્મમાં ૩૦ ટકા માણસો ભગવાનને બલી ચઢાવવાના બહાને કતલ કરતા હોય છે.

મા. સાહેબ શ્રી, કેટલો સરસ છે ધર્મ જૈન. ધાર્મિક તહેવાર હોય, પ્રસંગ હોય, કોઈ ધાર્મિક પ્રવચન હોય, પહેલાં કતલખાને જતા મૂંગા નિર્દોષ પશુઓને પૈસા ખરચીને બચાવવાનું કાર્ય કરે છે. ગૌમાતાઓને કલતખાને જતી બચાવીને પોતાનો પ્રસંગ અથવા તહેવાર ઉજવતા હોય છે. કેટલું સરસ કામ! ભગવાન ક્યાંથી દુષ્કાળ મોકલે, પૃથ્વી ઉપર લીલા લહેર જ હોય ને જૈન ધર્મના પુણ્યના લીધે.

અફસોસ કે, મૂંગા નિર્દોષ પશુઓની કતલ કરે એ ધર્મનો ફેલાવો થાય છે. એ ધર્મની વસ્તી વધતી રહે છે, એ ધર્મો આગળ આવે છે; ત્યારે પશુઓને બચાવે, માણસોને અહિંસાના માર્ગે વાળે, સારા કાર્યો પુણ્યના કામ કરે એ ધર્મની વસ્તી ઘટતી રહે !આવું કેમ ?

'મને એજ સમજાતું નથી કે શાને આવું થાય છે?'
'ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે.'
મને એજ સમજાતું...
'ગરીબોના કુવામાં તેલ ટીપુંય નથી દોહ્યલું,
અને અમીરોની કબરો ઉપર ઘીના દીવડાં થાય છે.'
મને એજ સમજાતું....
'કામધેનું ને ન મળે સુકું તણખલું'
'ને લીલા ખેતરો આખલા ચરી જાય છે.'
મને એજ સમજાતું....

'મને એજ સમજાતું નથી કે શાને આવું થાય છે. ફૂલડાં ડૂબી જતાં તે પથ્થરો તરી જાય છે.

મારો નાનો વિચાર મોકલું છું. યોગ્ય હોય તો જ સ્વીકારશો. મુંબઈ જૈન યુવક સંઘ દર વર્ષે એક સંસ્થાને મદદ કરે છે. તેના બદલે જૈન ધર્મના ગરીબ વર્ગને મદદ કરવી જોઈએ રહેઠાણ માટે, આરોગ્ય માટે, શિક્ષણ માટે અને અન્ય જરૂરિયાત માટે.

જૈન ધર્મને આગળ લાવવા માટે ધાર્મિક પ્રચાર કરવો જોઈએ. હિંદુ ધર્મના ધર્મ ગુરુઓ નાના મોટા ગામડાંઓમાં જઈને કથાઓ કરે છે. ગીતા દ્વારા ધાર્મિક કથાઓ કરીને ધર્મનો ફેલાવો કરે છે.

ખ્રિસ્તી ધર્મના ગુરુઓ બાઈબલ દ્વારા તથા લોભ લાલચો આપીને પોતાના ધર્મનો ફેલાવો કરે છે. ઈસ્લામ ધર્મના મૌલવીઓ કુરાન દ્વારા તથા દાદાગીરીથી ધર્મનો ફેલાવો કરે છે.

જ્યારે જૈન ધર્મના ગુરુઓ, સાધુ-સાધ્વીઓ મોટા મોટા શહેરોમાં જ અને પોતાના જ વિસ્તારમાં ધાર્મિક પ્રવચન આપતા હોય છે, એટલે બીજા માણસોને ધાર્મિક પ્રવચનનો લાભ મળતો નથી. બીજા ઘણાં

માણસોને જૈન ધર્મનું પ્રવચન સાંભળવું હોય છે પરંતુ ત્યાં માહોલ એવો હોય છે કે બીજા ધર્મના માણસો આવતા અટકી જાય છે. પોતે એવું વિચારતા હોય છે કે અમને અંદર પ્રવેશવા નહીં મળે.

સાહેબ, જૈન ધર્મના ધર્મ ગુરુઓએ નાના મોટા ગામડાંઓમાં જઈ ધાર્મિક પ્રચાર કરવો પડશે. 'આપણા મહાવીર સ્વામીની કરૂણા' વિશ્વના નાનામાં નાના માણસને સમજાવવી જોઈએ. તેમનો સંદેશો ગામે ગામ પહોંચાડવો જોઈએ. જૈનોના પવિત્ર ગ્રંથ (કલ્પસૂત્ર)ને લોકો સુધી પહોંચાડવો જોઈએ. ઘણાં માણસોને જૈન ધર્મની જરૂર છે.

મારા ગામનો એક નાનો દાખલો આપુ છું. કડવા પ્રવચનવાલા તરુણ સાગરજી મહારાજ અમારા ગામ થઈને નીકળવાના હતા, અમે વિનંતિ કરી અમારા ગામમાં પધારવા માટે. અમારી વિનંતિને માન આપી અમારા ગામમાં પધારી ફક્ત વીસ મિનિટ પ્રવચન આપ્યું હતું. આખું ગામ તેમનું પ્રવચન સાંભળી ભક્તિમાં તલ્લીન થઈ ગયું હતું. અને આજે ફરીથી તેમની પધારવાની રાહ જોઈએ છીએ.

બીજું અમારા વિસ્તારમાં મહુડી ગામ છે. ત્યાં ઘંટાકર્ણ ભગવાનનું પવિત્ર જૈન મંદિર છે. આ ગામના ક્ષત્રિય ભાઈઓ દારૂ, માંસ વાપરતા હતા. અત્યારે ૯૦ ટકા ક્ષત્રિય ભાઈઓ જૈન ધર્મને માનતા થયા છે. દારૂ, માંસ બધું જ બંધ કરીને આજુબાજુના સંબંધીઓને પણ સુધારે છે. મજુરભાઈઓને એક દિવસ પણ દારૂ, માંસ વગર ના ચાલે એ ભાઈઓ જૈન દેરાસરના વાતાવરણથી આજે દારૂ, માંસ છોડીને સત્ય માર્ગે વળ્યા છે. એક જૈન ધર્મની નાની ઝલકથી ઘણા માણસો સુધરી ગયા છે. જો આપણા જૈન ધર્મના ગુરુઓને સમય હોય તો નાના મોટા ગામડાંઓમાં જઈ ધાર્મિક પ્રવચન સાથે ગામડાના દરેક માણોસને પ્રવચનનો લાભ આપવો જોઈએ. ઉંચનીચના ભેદભાવ વગરના આપણા જૈન ધર્મનો ઘણો ફેલાવો થશે. જેટલા માણસો જૈન ધર્મ અપનાવશે એટલી હિંસા બંધ થશે. ગૌમાતાઓની તથા મૂંગા પશુઓની કતલ બંધ થશે એ બધું પુણ્ય જૈન ધર્મને મળશે અને પૃથ્વી ઉપર બધે લીલાલહેર વર્તશે.

સાહેબ આ મારો અંગત વિચાર છે.

અમારી સંસ્થા ઉપર લક્ષ્મીમૈયા ને સરસસ્વતી મૈયાએ કૃપા વરસાવી નથી છતાંયે અમે જંગલ વિસ્તારના નાના ગામડાઓમાં જઈને કરુણાસાગર પ્રભુ મહાવીરનો અહિંસાનો સંદેશો ગામેગામ જઈને પહોંચાડીએ છીએ અને વધારે ને વધારે જૈન ધર્મનો ફેલાવો કરીએ છીએ. ગામડાના સો માણસોમાંથી દસ માણસો પણ જૈન ધર્મમાં માનતા થશે તો પણ અમને આનંદ થશે. અમારી ગૌમાતાઓ બચશે.

**☐ સોલંકી પરબતસિંહ બી.**
જય માં ખોડિયાર સેવા ટ્રસ્ટ, મુ. પો. રાયગઢ,
તા. હિંમનગર. મો. ૦૯૭૧૨૧૨૫૭૩૧

(૩)

નવેમ્બર અંકમાં 'ભાવ-પ્રતિભાવ' બધા વાંચ્યા. તમારી તથા બન્ને બહેનોની મહેનત, ધગશ અને ભાવનાની યોગ્ય પ્રસંશા થઈ છે. પરંતુ કર્મના સિદ્ધાંતના વજૂદ વિશે તાર્કિક અને તાત્ત્વિક ચર્ચા બિલકુલ નથી થઈ. સંમત થવામાં તો કશી મહેનત કરવી પડતી નથી, માત્ર અંગુઠો જ મારવાનો હોય છે. જ્યારે અસંમત થવા માટે મહેનત કરવી પડતી હોય છે. મહાવીર ખુદ અસંમત થયા હતા એટલે જ આજે આપણે તેને પૂજીએ છીએ. સંમત થયા હોત તો કોણ યાદ કરત? અસંમત થવાના કારણે મહાવીરને બ્રાહ્મણો અને ક્ષત્રિયો તરફથી જે ત્રાસ, પીડા, ઉપેક્ષા અને અવહેલના સહન કરવા પડ્યા હતા તે વાતની જૈનોને ખબર જ નથી. કેટલાક લોકોએ પોતાનો વીટો પાવર વાપરીને કહી દીધું કે 'છેલ્લા પ્રભુ પુત્ર આવી ગયા. હવે No More.' બીજાએ વીટો વાપરીને કહી દીધું કે 'છેલ્લા પયગમ્બર આવી ગયા બસ, હવે No More.' ત્રીજાએ કહી દીધું કે 'પૂરા ૨૪ આવી ગયા હવે No More.' પણ માણસ એ ભૂલી જાય છે કે કુદરત આપણો હુકમ માનવા બંધાયેલી નથી. તણખલા જેટલું જ્ઞાન ધરાવનાર મનુષ્ય જાતિએ આવો દાવો કરવો ન જોઈએ. પ્રભુ પુત્રોની, પયગંબરોની, અવતારોની અને તીર્થંકરોની આવન જાવન સતત ચાલુ જ રહેલી છે અને ચાલુ જ રહેશે એમ માનવામાં આપણી પોતાની મર્યાદાનો સ્વીકાર રહેલો છે.

કુરાન વિશે થોડુંક માત્ર તમારી જાણ માટે. દુનિયાના તમામ ધર્મવાળાઓ પોતાના ધર્મમાં રહેલી ખામીઓ અને નબળાઈઓ છૂપાવતા હોય છે. પોતાના ધર્મમાં રહેલી ખામીનો ખુલ્લંખુલ્લા નિખાલસતાથી સ્વીકાર કરવાવાળા ક્યાં છે?

**☐ શાંતિલાલ સંઘવી**
RH/2, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ, કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,
અમદાવાદ-૩૮૦૦૧૫. M.: 94291 33566

(૪)

'ઈસ્લામમાં અહિંસા' વિષેનો તંત્રી-લેખ સુંદર રહ્યો. ડૉ. મહેબૂબ દેસાઈ, મારા પણ મિત્ર છે. અમારી વચ્ચે પત્રવ્યવહાર છે, તેમણે તેમના વયોવૃદ્ધ માતાની તસ્વીર પણ મોકલેલી.

કોઈપણ ધર્મ, હિંસાને માન્યતા ન આપે, એ સ્વાભાવિક છે, પણ તેનાં અનુયાયીઓ આગળ જતાં અજ્ઞાનતાને વશ થઈ, સ્થૂળાચરણ કરતાં જોવા મળે છે. માંસાહાર તો તેમના માટે એક 'અનિવાર્ય અનિષ્ટ' એ જમાનામાં હતું, જે આજે નથી રહ્યું. મૂંગા-પ્રાણીની ખોરાક માટે કતલ કરવી પડે, એ કોઈપણ ધર્મને સુસંગત ના ગણાય.

ઈસ્લામનો અર્થ જ શાંતિ થાય અને પયગામ એટલે સંદેશો થાય. શાંતિ, અહિંસા અને સત્ય વગર શી રીતે સંભવે? હિંદુ-મુસ્લિમ ભાઈઓ જ છે, હતાં અને રહેવાનાં. આ બાબતે કબીરજીને વાંચવા-વિચારવા રહ્યા. વળી જે તે ધર્મને જે તે કાળ સાથે પણ સંબંધ હોય છે. આપણાં જૈન ધર્મની અહિંસાને પણ વ્યાપક બનાવવાની જરૂર છે. કોઈ વિષે નબળું વિચારવું, કોઈની ઈર્ષા, અદેખાઈ કરવી, એ પણ સૂક્ષ્મ હિંસા જ થઈ ગણાય. આપણે જો બૂરાઈમાંથી બચી શકીએ તો જ સાચા અર્થમાં, અહિંસક બની શકીએ. સમાજમાં વસતા ગરીબો, દીન-હીન પ્રજા એ હિંસાનું વરવું રૂપ છે. મૂડીવાદી વિચારધારામાં પણ હિંસા તો ખરી જ. ખાડો ખોદ્યા વિના ટેકરો રચી શકાતો નથી. જૈનોમાં આજે પણ ઘણાં ગરીબો છે, છતાં હોંશિયાર છે, તે ભૂખે મરતા નથી. તેમની કુશળતા, તેમની

જરૂરિયાતો પૂરી પાડતી રહે છે. છતાં સમૃદ્ધ વર્ગ આગળ આવે અને તેમને મદદરૂપ થાય તે જરૂરી ખરું. એક બાજુ પૈસાની છોળો ઉડતી રહે, એ ક્યાંનો ન્યાય? વિચારજો આ દિશામાં સક્રિય થજો.

☐ **હરજીવનદાસ થાનકી**
સીતારામ નગર, પોરબંદર

**(૫)**

ગ્રાહક તરીકે ખૂબ જ સુચારુ ને હૃદયસ્પર્શી સાહિત્યના આસ્વાદ્યલક્ષી વ્યંજનો, હું તો વાંચું છું સાથે અન્ય મિત્રો પણ એ માણે છે. આજે સુ.શ્રી ધોળકિયા બહેનને વિદેશ પત્રાચાર કરી રહ્યો છું. આટલી ઢળતી ઉંમરે પણ સંધાન 'પ્રબુદ્ધ જીવન' સાથે. એક આદર્શ સામયિક છે.

☐ **દામોદર એફ. નાગર**
જુગનુ નગર, ઉમરેઠ-૩૮૮૨૨૦.

(૬)

'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળ્યા કરે છે. આભાર. આમ તો, મારા સંઘર્ષના સમયમાં જૈન યુવક સંઘ સંસ્થાની લાયબ્રેરીમાં બેસી વાંચન મેળવવાનો મને લાભ મળ્યો છે. પૂ. ચીમનલાલ ચકુભાઈ શાહના સમયના 'પ્રબુદ્ધ જીવન' તો લાંબો સમય વાંચ્યું છે. આપણી જીવન સફરમાં કંઈ કેટલીય વ્યક્તિઓ, પ્રસંગો કે જોડાણનું યોગદાન ભળેલું હોય છે. એ રીતે 'પ્રબુદ્ધ જીવન' મારા માટે આદરણીય રહ્યું છે. તમે 'પ્રબુદ્ધ જીવન' મોકલતા રહીને આભારી કર્યો છે. આ સાથે રૂા. ૧૫૦૦/-નો ચેક મોકલેલ છે. જે રકમ 'પ્રબુદ્ધ જીવન'ના આજીવન સભ્ય તરીકે અથવા તો સંસ્થાના નિયમમાં જે રીતે સંબંધીત થતી હોય એ પ્રકારે સ્વીકારી 'પ્રબુદ્ધ જીવન' કાયમ મોકલતા રહેવા વિનંતી. સાથે સાથે સંસ્થા દ્વારા જે જે આયોજન/પ્રવૃત્તિ થતી હોય તેની પણ માહિતી મળતી રહે એ પ્રકારે મારું નામ મેઈલીંગ લિસ્ટમાં શામેલ કરવા વિનંતી.

☐ **ચંદ્ર ખત્રી**
ઉમંગ પબ્લિકેશન, મુંબઈ
મોબાઈલ નં. ૯૮૨૦૩૭૯૯૯૭

## જગતને આ શું થયું છે?

### પેશાવરના બાળ હત્યાકાંડ બદલ એક બૌદ્ધિક ટેલિવિઝન સિને અભિનેતાનો પ્રતિભાવ

જ્યારે પણ તમે વિવેકહીન નિષ્પ્રાણ આતંકી આચરણ કરો છો ત્યારે હું અમુક અંશે મૃત્યુ પામું છું. સાચું કહું છેલ્લા કેટલા વખતથી હું ઘણીવાર ક્રમશઃ ધીમે ધીમે મરતો રહયો છું.

હું મત્યુ પામ્યો છું, જ્યારે શહેરી વિસ્તારમાં બૉમ્બ ફૂટે છે, જ્યારે રસ્તા પર ઊભેલાને બંદી બનાવાય છે, જ્યારે હવાઈ જહાજનું અપહરણ થાય છે, જ્યારે રક્ષણવિહીન અસુરક્ષિત લોકોને મોતને હવાલે કરી દેવામાં આવે છે અને જ્યારે નિઃશસ્ત્ર લોકોને ગુલામો તરીકે વેચવામાં આવે છે.

પરંતુ આજે જ્યારે તમે એકસોત્રીસ ઉપરાંત બાળકોને પેશાવરની સ્કૂલમાં ઠંડે કલેજે રહેંસી નાખ્યા ત્યારે મને લાગે છે કે મારામાં હવે કશુંજ બાકી રહેવા નથી પામ્યું. હું નથી જાણતો કે આ પાછળ તમારો શું હેતુ હતો, પણ ખરેખર તો તમે મને એક હાલતા ચાલતા મૃત માનવીમાં ફેરવી નાખ્યો છે.

બાળકોની કત્લેઆમની પુષ્ટિમાં ધર્મના ક્યા આદેશોનો હવાલો આપી એને ન્યાયિક ઠરવશો? ક્યા પંથની વિકૃત માન્યતાને વળગી રહેવાનો તમે દાવો કરો છો? ભોળા નિર્દોષ બાળકો, જેઓ દ્વંદ્વ યા ઘર્ષણ શું છે એ તો ઠીક પણ જેઓ આતંકવાદના વિકૃત ચહેરાથી પણ અપરિચિત છે એમના પર ગોળીઓ વરસાવવી એમાં કઈ બહાદુરી છે? બાળકોને મોતને ઘાટ ઉતારવા એ કોઈ પણ ધર્મની આસ્થા નથી હોઈ શકતી. આગાઉ પ્રાપ્ત અહેવાલો અનુસાર, તમે જ એ ઘાતકી અને ક્રૂર રાક્ષસો છો જેમણે ઑક્ટોબર ૯, ૨૦૧૨ના રોજ મલાલા યોસફઝાઈ પર જાન લેવા હુમલો કર્યો હતો. તમે એમને મારી નહોતા શક્યા, એમની બહાદુરીએ એમને આ માસના પ્રારંભમાં જ નોબેલ પ્રાઈઝ જીતી આપ્યું. તમે એવું બર્બરતાપૂર્ણ નિષ્પ્રાણ દુષ્કૃત્ય આચર્યું છે જે શબ્દોમાં વર્ણવી શકાય એવું નથી. ખરું છે ઈતિહાસના પાને આથી પણ મોટા નરસંહાર અંકિત થયેલા છે. લિડાઈસ, ડચાઉ, સ્ટાલીન દ્વારા અમુક કોમનો સફાયો, માઓની સાંસ્કૃતિક ક્રાંતિ, કંબોડિયાના મોતના ખેતરો. પરંતુ આ બધી રાજકીય ચળવળો હતી અથવા ઘર્ષણનું પરિણામ. પરંતુ આજે તમે જે કર્યું છે તે ઇતિહાસમાં ક્યાંય કશે નોંધાયું નથી, નિર્દોષ ભૂલકાઓનો બર્બરતાપૂર્ણ નરસંહાર!

હું, તમને કઈ કેટેગરીમાં મૂકવા અથવા કઈ પંગતમાં બેસાડવા એ નક્કી નથી કરી શકતો. અરે, પશુઓ પણ કોઈ કારણ હોય, ભય હોય અથવા ભૂખ્યા ત્યારે જ મારી નાખે છે. પણ તમે તો ગોળીઓ મનસ્વી અને કશા કારણ વિના મૂર્ખતાપૂર્ણ રીતે વરસાવી. ખરેખર તમે જઘન્યની પણ પેલે પાર છો. યુદ્ધ અને દ્વંદ્વ મને હંમેશ વ્યથિત કરી હચમચાવી મૂકે છે. પરંતુ આજે કંઈ વિશેષ બન્યું છે. આજે મેં એક પિતાની તસવીર જોઈ જેણે સ્કૂલે જતા પોતાના સંતાનના બૂટની દોરી બાંધી એને મોતના આવાસ સમાન સ્કૂલે રવાના કર્યો. 'હવે મારી કને બૂટ છે, પણ પુત્ર નથી...' એ બોલ્યો. હું વ્યથિત ન થયો, ભાંગી પડ્યો. તમારા જઘન્ય કૃત્યે સર્વત્ર તમામ માતાપિતાને એક બનાવી દીધા છે, જેમની બદ્દુઆ ને શ્રાપ તમે ઉપાર્જિત કર્યા છે. સમય કહેશે કે તેમની બદ્દુઆ ને શ્રાપ એળે નહિ જાય.

☐ **અનુપમ ખેર**

# 'પ્રબુદ્ધ જીવન'માં સતત છ વર્ષ સુધી પ્રકાશિત થયેલ 'જયભિખ્ખુ જીવનધારા'નું 'જીવતરની વાટે અક્ષરનો દીવો' શીર્ષકથી એ જીવનચરિત્રનો મુંબઈમાં યોજાયેલો વિમોચન સમારંભ

**અહેવાલ**

'સાહિત્યસર્જક જયભિખ્ખુના જીવનચરિત્ર 'જીવતરની વાટે અક્ષરનો દીવો'નું આલેખન કરીને પુત્ર કુમારપાળ દેસાઈએ અનોખું પિતૃતર્પણ અદા કર્યું છે. આ ગ્રંથ એ કોઈ એક લેખકની જીવનકથા નથી, પણ એક આખો જમાનો એમાં પ્રતિબિંબિત થાય છે. એ રીતે આ પુસ્તનું દસ્તાવેજી મૂલ્ય છે. આ ગ્રંથનું વિમોચન થતાં જ તેમાં રહેલાં હજારો પંખીઓ ફરર કરતાં ઊડતાં થાય છે. જે પંખીઓ ઊંચે ઊડીને તમારી પાસે આવશે. આ પુસ્તક મેં ત્રણ વાર વાંચ્યું છે અને હવે ચોથી વાર પણ વાંચવાની છું.' એમ સુપ્રસિદ્ધ લેખિકા અને ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી ધીરુબહેન પટેલે એ પુસ્તકનું વિમોચન કરતાં જણાવ્યું હતું.

ઝિંદાદિલીભર્યું જીવન જીવનાર અને મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર **જયભિખ્ખુની જન્મશતાબ્દી**ના અનુષંગે મુંબઈના ભારતીય વિદ્યાભવન સભાગૃહમાં યોજાયેલાં 'જયભિખ્ખુ શતાબ્દી ઉત્સવ'માં કુમારપાળ દેસાઈએ લખેલા પિતાના જીવનચરિત્ર 'જીવતરની વાટે અક્ષરનો દીવો'ની સાથોસાથ જયભિખ્ખુની છ નવલકથાઓનું વિમોચન પણ જુદા જુદા મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમારોહનું આયોજન મુંબઈ જૈન યુવક સંઘ, શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. સમગ્ર સમારંભના પ્રમુખસ્થાને ગુજરાત સરકારના પૂર્વ સચિવ શ્રી પ્રવીણભાઈ લહેરી ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભની શરૂઆતમાં 'ગુજરાત સમાચાર'ના મેનેજિંગ તંત્રી શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહ અને સમારોહ પ્રમુખ પ્રવીણભાઈ લહેરી, ડૉ. રમેશ દોશી, શ્રી નીતિન શુક્લ સહિતના મહાનુભાવોએ જયભિખ્ખુની તસ્વીર સમક્ષ દીપપ્રાકટ્ય સાથે પુષ્પહાર પહેરાવીને આ મહાન સર્જકને અંજલિ અર્પી હતી. શ્રેયાંસભાઈ શાહે આ પ્રસંગે વધુમાં જયભિખ્ખુની બે નવલકથાઓ અનુક્રમે 'લોખંડી ખાખના ફૂલ' અને 'ભૂરો દેવળ'નું વિમોચન કર્યું હતું. જ્યારે જયભિખ્ખુ લિખિત અન્ય બે પુસ્તકો 'પ્રેમનું મંદિર' અને 'સંસારસેતુ'નું વિમોચન કીર્તિલાલ દોશીએ કર્યું હતું તથા પ્રવીણચંદ્ર ગંભીરચંદ શાહે 'પ્રેમાવતાર' અને 'શત્રુ કે અજાતશત્રુ' એમ અન્ય બે નવલકથાઓનું વિમોચન કર્યું હતું.

ખમીર, ખુમારી એ ખુદાઈથી ભરેલા પોતાના પિતા જયભિખ્ખુના જીવનને સાડા ચાર દાયકાના સમયગાળા બાદ તાટસ્થ્ય સાથે 'જીવતરની વાટે અક્ષરનો દીવો'માં નિરૂપવાનો ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રયાસ કર્યો છે. એક સર્જકના સંતાન તરીકે એમના જીવનની મથામણોનો તાદૃશ અનુભવ આલેખ્યો છે. કોઈ વાડાબંધીને બદલે પોતાના વિચારો, વલણો અને ભાવનાઓથી જીવનમૂલ્યો જાળવીને ખુમારીપૂર્વક જીવનારા સર્જકની એકલવીર લેખક તરીકેની છબી આમાંથી ઉપસી આવે છે. સરસ્વતીના પ્રાપ્ત કૃપાપ્રસાદને જીવનની પરમ ધન્યતા માનનારા આ સર્જકના ૧૯૬૯ની ૨૪મી ડિસેમ્બરે થયેલા અવસાન પછી ૮૦ જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. એમની નાટ્યરચનાઓની તખ્તા પર રજૂઆત થઈ છે અને એમની 'ઈંટ અને ઈમારત' કૉલમ 'ગુજરાત સમાચાર'માં આજે ૬૧ વર્ષે પણ ચાલુ રહી છે.

શ્રી કુમારપાળ દેસાઈએ વિશેષમાં કહ્યું હતું કે તેઓ એટલા નિખાલસ હતા કે ક્રોધ થઈ જાય તો બીજા દિવસે ડાયરીમાં પોતાની ભૂલ વિશે પણ લખતા હતા. જયભિખ્ખુએ માત્ર ૨૧ વર્ષની વયે લેખક તરીકે જીવન જીવવાની પ્રતિજ્ઞા લીધી હતી અને પિતાની સંપત્તિ લેવી નહીં અને પુત્રને સંપત્તિ આપવી નહીં તેવું તેમનું પ્રણ હતું. જયભિખ્ખુએ પોતાની કલમમાં તેજ રહે તે હેતુથી જીવનભર દયા કે દાનનો સ્વીકાર કર્યો નહોતો અને તેઓ જે માનતા હતા તે જ લખતા હતા.

સમારંભના પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી પ્રવીણભાઈ લહેરીએ જણાવ્યું હતું કે જયભિખ્ખુમાં ખુમારી, નિખાલસતા અને નિષ્ઠાનો ત્રિવેણીસંગમ જોવા મળે છે. જયભિખ્ખુની કલમે જે આપ્યું તે સો ટચના સોના જેવું છે. આજે તેમનું જીવનચરિત્ર બહાર પડી રહ્યું છે, ત્યારે આ ચરિત્રનું આલેખન કરનાર પુત્ર કુમારપાળ દેસાઈએ પિતાની કલમના તેજપૂંજને વધારે પ્રકાશિત કરવાનું કાર્ય કર્યું છે. જયભિખ્ખુમાં સમુદ્ર જેવી વિશાળ ક્ષમતા હતી અને સ્વસ્થતાપૂર્વક વિચાર કરીને જીવનની દરેક મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢતા હતા. શ્રી લહેરીએ ઉમેર્યું હતું કે કુમારપાળભાઈએ 'બાપ કરતાં બેટો સવાયો' હોવાનું સાબિત કર્યું છે અને તેમના 'વિશ્વકોશ'ના કાર્યને હજી બિરદાવવાનું બાકી રહે છે.

આ પ્રસંગે શ્રી ગુર્જર ગ્રંથરત્નના મોવડી અને જયભિખ્ખુ શતાબ્દી ઉત્સવ સમિતિના અગ્રણી મનુભાઈ શાહે જયભિખ્ખુને એક મૂલ્યનિષ્ઠ સર્જક તરીકે ઓળખાવતાં કહ્યું હતું કે જયભિખ્ખુ શબ્દોની ખૂબ જ માવજત કરતાં એક અનેરા શબ્દના શિલ્પી હતા. જયભિખ્ખુની ગુર્જરના કાર્યાલયમાંની હાજરીને કારણે ગુર્જરના પ્રકાશનની ગુણવત્તા જળવાઈ

રહી છે. એક પુત્રએ પિતાને આ જીવનચરિત્ર પેટે જે અંજલિ આપી છે તે એક વિરલ ઘટના છે અને આપણી કહેવતને બદલીને કહેવું પડે કે 'દીવા હેઠળ અંધારું નહીં, પણ વિશેષ અજવાળું.'

આ પ્રસંગે આરંભમાં મુંબઈ જૈન યુવક સંઘના ધનવંત શાહે આવકાર પ્રવચનમાં જણાવ્યું હતું કે 'પ્રબુદ્ધ જીવન'માં સતત છ વર્ષ સુધી પ્રગટ થયેલ 'જયભિખ્ખુ જીવનધારા'નું આજે ગ્રંથ સ્વરૂપે *'જીવતરની વાટે અક્ષરનો દીવો'* શીર્ષકથી પ્રગટીકરણ થઈ રહ્યું છે એ અમારે માટે ઉત્સવ સમાન છે. આ પ્રસંગે જયભિખ્ખુના સર્જનમાંથી ચૂંટેલા શબ્દ ખંડોની શ્રુતિકા સ્વરૂપે 'જયભિખ્ખુની શબ્દ સૃષ્ટિ' શીર્ષકથી પ્રસ્તુતિ થઈ હતી તેમ જ 'પ્રેમભક્ત કવિ જયદેવ' પરથી શ્રી ધનવંત શાહે કરેલાં 'કૃષ્ણભક્ત કવિ જયદેવ'ના નાટયરૂપાંતરના નાટ્યાંશોની પ્રસ્તુતિ શ્રી મહેશ ચંપકલાલના દિગ્દર્શનમાં વિવિધ સાથી કલાકારો દ્વારા આકર્ષક રીતે પ્રસ્તુત કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમની શરૂઆત જાણીતા ગાયિકા શ્રદ્ધા શ્રીધરાણીએ જયભિખ્ખુને ભાવાંજલિ અર્પતાં ગીતો ગાઈને ભાવકો-દર્શકોને ભાવવિભોર કરી દીધાં હતાં. કુમારપાળ દેસાઈની પૌત્રી દેશના દેસાઈએ આ પ્રસંગે પોતાના મોટા દાદાજીને અંગ્રેજીમાં વંદન કરતાં જણાવ્યું હતું કે જયભિખ્ખુ મારા મોટા દાદાજી હોવાનું હું ગૌરવ અનુભવું છું. મુંબઈ જૈન યુવક સંઘના ઉપપ્રમુખ નીતિન સોનાવાલાએ અંતમાં આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સુરેન ઠાકર 'મેહુલ'એ કર્યું હતું.

✱ ✱ ✱

> દરેકે ધૂપસળી તેવું જીવન જીવવું.
>
> ❑જયભિખ્ખુ

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

૩૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો. વિવેકાનંદ વિદ્યાલયના પ્રધાનાચાર્યનું સન્માન કરવામાં આવ્યું. એમ ધીરે ધીરે P4P ભારતના ખૂણે ખૂણે પ્રસરવા સક્ષમ બની રહ્યું છે. કારણ કે વિશ્વશાંતિનો પાયો બાળપરવરિશમાં જ છે એ વાત નિઃશંક છે.

વજુ કોટકનું એક યાદગાર વાક્ય છે–'સુખી થવાનો માર્ગ એક જ છે, જ્યારે બે વ્યક્તિ મળે ત્યારે ત્રીજી વ્યક્તિને સુખી કરવાનો વિચાર કરે.' હસમુખભાઈએ એ વાક્યના અર્થનો ઓર વિસ્તાર કર્યો છે. એટલે બે વ્યક્તિની સાથે ત્રીજાને મેળવતા જાય છે અને એમ સાંકળ વધતી જાય છે. ત્રીજો ચોથાને, ચોથો પાંચમાને એમ સમગ્ર વિશ્વને સુખશાંતિ અર્પવાનો પ્રયાસ P4P દ્વારા કરવાનું ઠરાવ્યું છે.

હસમુખભાઈની પોતાના વ્યવસાયથી અલગ થતી આ પ્રવૃત્તિ પાછળનો વિચાર સાહિર લુધિયાનવીની આ પંક્તિને સાર્થક કરે છે.

*માના કી ઈસ જમીં કો ન ગુલઝાર કર સકે,*
*કુછ ખાર તો કમ કર ગયે ગુજરે જિધર સે હમ.'*

એઓ બાળકની ભીતર ધરબાયેલી વિશેષતાઓને ઉજાગર કરવામાં શ્રદ્ધા સેવે છે-

*કંઠમાં શોભે તો શોભે માત્ર પોતાનો અવાજ.*
*પારકી રૂપાળી કંઠી બાંધવાનું છોડીયે...*

-હેમેન શાહ

હાલમાં P4P અંતર્ગત ગીજુભાઈ બધેકા સપ્તાહ ઉજવ્યું જેમાં અલગ અલગ સંસ્થાઓના માધ્યમે બાળકો અને વાલીઓના પ્રેરક કાર્યક્રમ ગોઠવાયા. P4P માં કોઈપણ વ્યક્તિ જોડાઈ શકે છે. એ માટે તાલીમ સામગ્રી તૈયાર કરવાથી લઈને મા-બાપ-શિક્ષકોના તાલીમ કાર્યક્ષેત્રો ગોઠવી શકાય. કાઉન્સેલીંગ કે રિસોર્સ સેન્ટર શરૂ કરી શકાય. પ્રચાર-પ્રસાર માટે લેખો, ફિલ્મ, સ્કીટ, પ્રહસન તૈયાર કરી શકાય. સ્વયંસેવક અથવા વક્તા તરીકે જોડાઈ શકાય.

હસમુખભાઈ પટેલની પંક્તિએ સાથે આપ સહમત થશો જ એવી આશા અસ્થાને નથી.

'વ્યક્તિત્વ વિકાસ એટલે
સુંદર કચકડાના ફૂલ જેવું વ્યક્તિત્વ
બનાવવાની પ્રક્રિયા નહિ,
ખરા અર્થમાં વિકસિત વ્યક્તિત્વ તો
મૂલ્યો અને સંસ્કારથી સુગંધિત પુષ્પ.
અને સાચી વ્યક્તિત્વ વિકાસની
પ્રક્રિયા છોડના ઉછેર જેવી જ.'

આપને P4P માં રસ પડ્યો જ હશે તો કૃપયા આપણી વેબસાઈટ www.prentingforpeace.in ની મુલાકાત અવશ્ય લેશો.

આ લેખના વાચકને P4P માં હૃદયપૂર્વક આવકારું છું.

✱ ✱ ✱

૧૨, હીરા ભુવન, કુણાલ જૈન ચોક,
વી. પી. રોડ, મુલુંડ (પ.) મુંબઈ-૪૦૦ ૦૮૦.
મોબાઈલ : ૯૯૬૯૧૧૦૯૫૮

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

### પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

| | |
|---|---|
| ૬૫૦૦૦ | શ્રી શ્રેયસ પ્રચારક સભા |
| **૬૫૦૦૦** | **કુલ રકમ** |

### કિશોર ટિમ્બડિયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૧૧૦૦૦ | રાહુલ ટિમ્બડીયા (સ્વ. શ્રીમતિ લાભુબેન મગનલાલ ટિમ્બડીયાના સ્મરણાર્થે હસ્તે-રમાબેન મહેતા) |
| ૧૧૦૦૦ | શ્રેયસ પ્રચારક સભા |
| ૫૦૦૦ | ઉર્મિલા ભાનુચંદ્ર પીપલીયા |
| ૧૦૦૦ | પુષ્પા કિશોર ટિમ્બડીયા |
| ૧૦૦૦ | વસુમતિ ચંદ્રકાન્ત ચિતલીયા |
| ૧૦૦૦ | ઉષાબેન બાબુલાલ શાહ |
| ૨૫૦ | દેવીબેન આર. ગાંધી |
| **૩૦૨૫૦** | **કુલ રકમ** |

### જમનાદાસ હાથીભાઈ અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૫૦૦૦ | મોહનલાલ બેચરદાસ મહેતા (જ્યોતિ આઈસ્ક્રીમ) |
| ૨૫૦૦ | ઉર્મિલા ભાનુચંદ્ર પીપલીયા |
| ૧૦૦૦ | એક ભાઈ તરફથી |
| ૨૫૦ | દેવીબેન આર. ગાંધી |
| **૮૭૫૦** | **કુલ રકમ** |

✱ ✱ ✱

# સર્જન –સ્વાગત

**❑ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ :
**શુદ્ધધર્મ-૧. શુદ્ધધર્મ કેમ પામશો ?**
**શુદ્ધધર્મ-૨. બંધ-અનુબંધ**
**શુદ્ધધર્મ-૩. લેશ્યા શુદ્ધિ**
**લેખક-સંપાદક : પૂ. મુનિરાજ શ્રી સંયમકીર્તિ-વિજયજી મ.સા.**
પ્રકાશક : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ, અમદાવાદ. મૂલ્ય-સદુપયોગ, પાના-૧૧૬૦, આવૃત્તિ-પ્રથમ. વિ. સં. ૨૦૭૧.

**શુદ્ધધર્મ-૧ :**- અનંત દુ:ખરૂપ સંસારનો નાશ અને અનંતસુખરૂપ મોક્ષની પ્રાપ્તિ શુદ્ધધર્મથી થાય છે. ધર્મ શુદ્ધ અને અશુદ્ધ તથા સાનુબંધ અને નિરનુબંધ એમ બે પ્રકારના હોય છે. શુદ્ધ સાનુબંધથી સંસારનો નાશ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. શુદ્ધધર્મની પ્રાપ્તિ ચરમાવર્ત કાળમાં થાય છે. તે કઈ રીતે અને કયા ક્રમે થાય છે તેની રજૂઆત આ પુસ્તકમાં કરવામાં આવી છે.

**શુદ્ધધર્મ-૨ :**- શુદ્ધધર્મને પામવા માટે યોગશુદ્ધિ અને ઉપયોગશુદ્ધિની આવશ્યકતા છે. અશુદ્ધિ દૂર કરવામાં આવે ત્યારે શુદ્ધિ પ્રગટે છે. એને સરળ અને સુગમ બનાવવા માટે યોગ, ઉપયોગ, પરિણામ, અધ્યવસાય અને લેશ્યાના સ્વરૂપને તથા તેની શુભતા-અશુભતાને ઓળખવી જરૂરી છે. એ વિચારણા આ પુસ્તકમાં કરવામાં આવી છે.

**શુદ્ધધર્મ-૩ :**- ભાવલેશ્યા એ આત્માનો પરિણામ વિશેષ છે. ભાવલેશ્યાના બે પ્રકાર છે. શુભ અને અશુભ. ધર્મ સાધનામાં શુભલેશ્યા સહાયક બને છે અને અશુભ લેશ્યા બાધક બને છે. શુભ લેશ્યાથી ચિત્તને શાંતિ અને પ્રસન્નતા મળે છે તથા અશુભ લેશ્યાથી ચિત્તને અશાંતિ અને દુ:ખ મળે છે. લેશ્યાનો ધ્યાન, કર્મબંધ, કર્મનિર્જરા, કષાય, પ્રતિક્રમણ આદિ સાધનાનો જીવનના સાધક-બાધક અંગો સાથે ઘનિષ્ટ સંબંધ છે માટે લેશ્યાની શુભ અશુભતાને ઓળખવી જરૂરી છે.

સમ્યગ્જ્ઞાન સર્વ આરાધનાઓનો પ્રાણ છે. માટે અલગ અલગ ભૂમિકાના સર્વ આરાધકોને વિવિધ વિષયોનું જ્ઞાન પ્રાપ્ત થાય એવા આ ત્રણેય ગ્રંથો છે. ઉત્તમ શ્રુતભક્તિની આરાધના કરી શકાય તેવા છે.

x x x

**પુસ્તકનુ નામ : કૃષ્ણાયન**
**માણસ થઈને જીવેલા ઈશ્વરની વાત** (નવલકથા)
**લેખક : કાજલ ઓઝા-વૈદ્ય**
પ્રકાશક : મહેન્દ્ર પી. શાહ
નવભારત સાહિત્ય મંદિર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન :(૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧.
પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
મૂલ્ય : રૂા. ૨૫૦. પાના : ૨૪૨. આવૃત્તિ-પ્રથમ-૨૦૦૬.

લેખિકા પોતે કહે છે-'કૃષ્ણના જીવનની ત્રણ મહત્ત્વની સ્ત્રીઓ અને એમના કૃષ્ણ સાથેના સંબંધો વિશેની આ કથા છે એમ કહું તો ખોટું નથી.'

મૃત્યુને જોઈ ચૂકેલા, અનુભવી ચૂકેલા કૃષ્ણ જીવનની છેલ્લી પળોમાં જીવનની કેટલીક ઘટનાઓને ફરી એકવાર જુએ છે, અનુભવે છે, એમને ફરી જીવે છે અને એ અંતિમ પ્રયાણ પહેલાંની છેલ્લી પળોનો એક નાનકડો પડાવ એટલે 'કૃષ્ણાયન.'

આ કથાને ઇતિહાસ સાથે, હકીકતો સાથે, કૃષ્ણ વિશેના સંશોધનો સાથે કોઈ સંબંધ નથી. લેખિકાના મનમાં ઉદ્ભવેલી, એમની અંદર પળ પળ જીવતી અને સંવેદેલી કથા છે. આ કથા લેખિકાને જડેલી અને સૂઝેલી કૃષ્ણકથા છે. તેમના મનમાં વસતા કૃષ્ણની કથા છે અને એટલે જ 'કૃષ્ણાયન' લેખિકાના અંગત કૃષ્ણાયન છે. લેખિકાએ કોઈ સંદર્ભગ્રંથ કે ઐતિહાસિક સંશોધનોનો આધાર લીધો નથી.

લેખિકા કહે છે તેમ આ એ કૃષ્ણ છે જેને તમે કોફીના ટેબલ પર સામે જોઈ શકશો. આ એ કૃષ્ણ છે જે તમારા ડેઈલી રૂટિનમાં તમારી સાથે રહેશે. આ કોઈ યોગેશ્વર, ગિરિધારી, પાંચજન્ય ફૂંકનાર ગીતાનો ઉપદેશ આપતા કૃષ્ણ નથી. આ તો તમારી સાથે મોર્નિંગ વૉક પર ચાલતાં ચાલતાં તમને જીવનની ફિલસૂફી સમજાવતો તમારો મિત્ર છે.

આ કૃષ્ણ જરૂર મળવા જેવો કૃષ્ણ છે.

x x x

પુસ્તકનું નામ : **અરિહંતની ઓળખ**
**લેખક : પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વર મહારાજ**
સંપાદક : પંન્યાસ મહાબોધવિજયજી ગણિવર
પ્રકાશક : જિનકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ
પ્રાપ્તિસ્થાન : પ્રફુલ પી. શાહ
૫૦૩, સખારામ કૃપા, ગોખલે રોડ, નોર્થ, દાદર, મુંબઈ-૪૦૦ ૦૨૮. ફોન : ૨૪૩૭ ૮૨૦૬.
મૂલ્ય : રૂા. ૭૫, પાના : ૧૩૨.
આવૃત્તિ-પ્રથમ-૧૩-૪-૨૦૦૬.

આ પુસ્તકમાં લેખક વિદ્વાન મુનિપ્રવરશ્રીએ શ્રી અરિહંત પરમાત્માની ઓળખાણ માટે મનનીય ઉદ્બોધક તથા જીવનોપયોગી સાત્ત્વિક, તાત્ત્વિક તેમજ કલ્યાણકારી વિચારધારા રજૂ કરી છે. આ ગ્રંથમાં સર્વ ધર્મશાસ્ત્રોનો, દાર્શનિક તથા તાત્ત્વિક ગ્રંથોનો સાર સંગ્રહીત થયેલો છે. અનન્ત ઉપકારી અરિહંત પરમાત્માના સ્વરૂપની અને તેમના ધર્મશાસનની ઓળખ માટે પ્રસ્તુત પુસ્તક ખૂબ જ ઉપકારક છે.

પૂજ્યશ્રીએ આ પુસ્તકમાં તાત્ત્વિક ચર્ચા, દાર્શનિકવાદ અને શાસ્ત્રીય વિચારણાને રજૂ કરી, સમજી શકાય તેવી સરળ અને સચોટ શૈલીમાં શાસ્ત્રીય તત્ત્વ વગેરેનું સરળ પદ્ધતિએ અહીં આલેખન કર્યું છે. લેખકની શૈલીમાં અનુભવની પરિપક્વતા તેમ જ પ્રાસંગિક કથનની પુષ્ટિ માટે દૃષ્ટાંતો તથા યુક્તિઓનો ભંડાર સમગ્ર ગ્રંથમાં દૃષ્ટિગોચર થાય છે.

પ્રસ્તુત પુસ્તક અરિહંતતત્ત્વને સમજવા માટેના લગભગ તમામ મુદ્દાઓને આવરી લેતું પુસ્તક છે. આ પુસ્તકમાં વ્યવસ્થિત રીતે પરમાત્માનું ચિંતન થયું છે. આ પુસ્તકને અરિહંતતત્ત્વનું એનસાયક્લોપિડીયા કહી શકાય.

લેખક મુનિવર શ્રી ભાનુવિજયજી ગણિવરના વ્યક્તિત્વનું પ્રતિબિંબ આ સાત્ત્વિક તથા શ્રેયમાર્ગની સાધક વિચારધારામાં પ્રતિબિંબિત થયેલું જોઈ શકાય છે.

x x x

પુસ્તકનું નામ : **જ્ઞાનધારા**
**જૈન શ્રુત, હસ્તપ્રતો અને ચિત્રકલા**
**સંપાદક : ગુણવંત બરવાળિયા**
પ્રકાશક : અર્હમ્ સ્પિરિચ્યુલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફીકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર, ઘાટકોપર, મુંબઈ. ફોન : ૦૨૨-૪૨૧૫૩૫૪૫.
પ્રાપ્તિસ્થાન : સર્વમંગલ આશ્રમ, સાગોડિયા, જિ. પાટણ (ઉ. ગુ.). ફોન: ૦૨૪૧૬-૨૭૭૫૯૪
મૂલ્ય : રૂા. ૨૦૦. પાના : ૨૮૦. આવૃત્તિ-૧. એપ્રિલ ૨૦૧૪.

શ્રી ગુણવંતભાઈ બરવાળિયા સંપાદિત જ્ઞાનધારા-ભાગ-૧૧માં અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેંટર દ્વારા આયોજિત એપ્રિલ-૨૦૧૪ સાગોડિયા, પાટમ મુકામે યોજાયેલ જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૧ માટેના શોધપત્રો અને નિબંધોના સંગ્રહ કરેલ છે.

આ સંગ્રહમાં વિવિધ વિદ્વાનોએ વિવિધ વિષયો પર અભ્યાસપૂર્ણ એવા ૩૧ નિબંધો રજૂ કરેલ છે. જેની મુખ્ય વિચારધારા **'ચતુર્વિધ સંઘમાં વીતરાગ માર્ગમાં વર્તમાનસમયની સમસ્યાઓ, તેનાં ભાવિ પરિણામો અને તેનું સમાધાન–મારી દૃષ્ટિએ'** – આ વિષયના વિચાર-વિમર્શ અંતર્ગત અલગ અલગ વિદ્વાનો અને શ્રેષ્ઠીઓના નિબંધો અને તેમના અંગત વિચારો તથા અભિપ્રાયો વ્યક્ત કરવામાં આવ્યા છે.

સમગ્ર રીતે પુસ્તકનું અવલોકન કરતાં જણાય છે કે વિદ્વત્‌જનોએ આ નિબંધોમાં સાંપ્રત સમયની સમસ્યાઓને સમજવાનો પ્રયત્ન કર્યો છે અને સાથે સાથે તેનું પૃથકરણ કરી તેના સમાધાનની વિચારણા પણ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં ડૉ. કુમારપાળ દેસાઈ, સુરેશ ગાલા, ડૉ. રશ્મિ ઝવેરી, ડૉ. ધનવંત શાહ, ડૉ. સાગરમલ જૈન, ડૉ. અભય દોશી, ડૉ. કાન્તિભાઈ શાહ, શ્રી ખીમજી છાડવા વગેરેના લેખો મનનીય છે.

આ શોધનિબંધો સમગ્ર સમાજના હિતચિંતકોને ઉપયોગી થાય તેવા છે.

x x x

પુસ્તકનું નામ : **યાત્રિકની આંતરકથા**
**લેખક : માવજી કે. સાવલા**
પ્રકાશક : મહેન્દ્ર પી. શાહ
નવભારત સાહિત્ય મંદિર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. મૂલ્ય : રૂા. ૬૦. પાના : ૫૨. આવૃત્તિ-બીજી, જુલાઈ-૨૦૧૪.

પુસ્તકના લેખક માવજીભાઈ સાવલા સમેતશિખરની યાત્રાએ જાય છે અને યાત્રા પ્રવાસ વર્ણનનું પુસ્તક 'યાત્રિકની આંતરકથા' આપણને મળે છે.

આ પુસ્તકમાં પ્રવાસ વર્ણન મુખ્ય નથી પણ આંતરકથા છે. સમેતશિખરના અને જીવનના યાત્રિકની કથા છે. એની સામે ઊભા થતા પ્રશ્નો છે, મનમાં અવઢવ જગાવતી સમસ્યાઓની મથામણ છે.

યાત્રાએ ગયેલ લેખકના મનમાં યાત્રાના દશ્યો અને પ્રસંગોએ જે સંવેદનો જગાડ્યા તેનું નિખાલસ નિરૂપણ આમાં છે. ધર્મક્ષેત્રના વિસંવાદો પ્રત્યે પ્રસંગોપાત આક્રોશ વ્યક્ત થયો હોવા છતાં સહૃદય વાચકને એમાં લેખકની ઊંડી ધર્મભૂખના જ દર્શન થાય છે.

લેખક પારંપારિક-કર્મકાંડી, શ્રદ્ધાળુ જીવ નથી પણ જીવન કેન્દ્રિત, માનવ કેન્દ્રિત સત્યોની ખોજમાં છે. સંવેદનશીલ આત્મા છે. યાત્રામાં અનુભવેલ પાખંડ, ઢોંગ, જડતા, ગરીબી, અસમાનતા અને શોષણ પ્રત્યે એમનો પુણ્ય પ્રકોપ ભભૂકી ઊઠે છે. પ્રતિભાવોની પ્રચુરતા છે, શૈલી પ્રવાહી, પારદર્શક અને રસાળ છે. આ પુસ્તકમાં લેખકે આજના માનવીની સમયખેંચની સમસ્યાની વાત કરી છે. લેખક સામે આવતા પ્રસંગોની સાથોસાથ કળા, શિક્ષણ, ભદ્રજનોની દાંભિકતા, જીવનની ક્ષણભંગુરતા અને પારાવાર ગીરીબીનું ચિંતન લેખકે કર્યું છે.

આ પ્રવાસ વર્ણનમાં સ્થળનું મહત્ત્વ ગૌણ બની ગયું છે. એમણે બાહ્યકથા નહિ આંતરકથાની જ વાત કરી છે.

ખરેખર, આ પુસ્તિકા વાંચવા જેવી છે. જે યાત્રાએ નથી ગયા તેમણે અને જે જઈ આવ્યા છે તેમણે પણ.

x x x

પુસ્તકનું નામ : **પ્રતિનિધિ લઘુકથા સંગ્રહ**
**લેખક : ઈજ્જતકુમાર આર. ત્રિવેદી**
સંપાદક : સુનીતા ઈજ્જતકુમાર ત્રિવેદી
પ્રકાશક : કુસમ પ્રકાશન
૨૨૨, સર્વોદય કોમર્શિયલ સેન્ટર,
જી.પી.ઓ. સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
મૂલ્ય : રૂા. ૧૩૫. પાના : ૧૨૮. આવૃત્તિ- પ્રથમ, સપ્ટેમ્બર-૨૦૧૪.

લઘુકથાના સ્વરૂપનું ખેડાણ વિશ્વની અનેક ભાષાઓમાં થતું રહ્યું છે. ગુજરાતીના સાહિત્યમાં આ સ્વરૂપનો ઉદ્‌ભવ અને વિકાસ થોડો મોડો થયો છે.

આ લઘુકથાઓના લેખક શ્રી ઈજ્જતકુમારના મૃત્યુ પછી તેમના પુત્રી સુનીતાબહેન ત્રિવેદીએ તેમના આઠ સંગ્રહોમાંથી ચૂંટીને 'પ્રતિનિધિ લઘુકથા સંગ્રહ' પ્રકાશિત કર્યો છે.

આ લઘુકથાના સંગ્રહમાં વિવિધ પ્રકારના વિષયોની કથાઓ છે. એકાદ ઘટનામાંથી ભાવસંવેદન નીપજાવતી અનુભૂતિની ક્ષણમાં મુકાતા મનુષ્યોની મનોદશાનું નિરૂપણ આ લઘુકથાઓમાં છે. ૫૬ વાર્તાઓના કથાવસ્તુની દૃષ્ટિએ સાત વિભાગ પાડ્યા છે. (૧) કુટુંબજીવન (૨) માતૃહૃદય (૩) પ્રસન્ન દામ્પત્ય (૪) પ્રેમપીડાથી પીડાતા નાયક-નાયિકા (૫) માનસ પરિવર્તન (૬) દૃષ્ટિભેદ, બાળમાનસ, ભ્રષ્ટાચાર વગેરે પ્રકીર્ણ વાર્તાઓ (૭) નાવીન્ય ધરાવતી વાર્તાઓ. લેખક એક જ વિષયના કુંડાળામાં ભમતા રહ્યા નથી. જીવનમાંથી વિવિધ પ્રકારના વિષયો અને ભાવક્ષણો ઝડપતા રહ્યા છે. આમ તો લેખકે મોટે ભાગે પરંપરાગત વાર્તારીતિ પાસેથી કામ લીધું છે. પણ પ્રયોગાત્મક વાર્તાઓનો જ્યાં આશ્રય લીધો છે ત્યારે ઊજળું પરિણામ મળ્યું છે. લેખકમાં વાસ્તવની પકડ છે. માનવવ્યવહાર અને મનોવ્યાપારની ઊંડી સૂઝ છે. પોતે જોયેલ જીવનમાંથી તારવેલો મર્મ છે અને વાર્તાનો નક્કર ઘાટ છે. લેખકની વાર્તાઓમાં સામાજિક પ્રશ્નો કરતાં સામાજિક મૂલ્યોની સભાનતા વિશેષ દેખાય છે. સાથે સાથે કથન અને વર્ણન બંને નિરૂપણ રીતિ ઉપર લેખકનું પ્રભુત્વ વર્તાય છે.

નાનકડા લઘુકથાના સ્વરૂપમાં લેખકની મિતભાષિતાની પ્રતીતિ થાય છે.

x x x

પુસ્તકનુ નામ : **જૈનતત્ત્વનાં અજવાળાં**
લેખક : **પ્રફુલ્લા વોરા**
પ્રકાશક : શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા,
અમદાવાદ-૩૮૦ ૦૧૪.
પ્રાપ્તિસ્થાન : જિતેન્દ્ર કાપડિયા
૩, તુલસી-પૂજા ફ્લેટ, વસંતકુંજ સોસાયટી, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૮૨૪૦૮૦૩૦૮.
મૂલ્ય : રૂા. ૬૦. પાના : ૧૦૨. આવૃત્તિ-૨૦૧૪.

જિનશાસન રત્નોના મહાસાગર સમાન છે. આ નાનકડા પુસ્તકમાં પ્રફુલ્લાબહેને મહાન સાધકોની ગુણગરિમા, જૈન દર્શનનાં પાયાના સિદ્ધાંતો, તેની તાત્ત્વિક બાબતો, ઉત્તમ અને પ્રેરિત કથાનકો, ચતુર્વિધ સંઘની પ્રસાદીરૂપ ઉત્તમ સાહિત્યના અંશો જેવી કૃતિઓને સમાવવાનો અહીં પ્રયત્ન થયો છે.

લેખિકાના લખાણની પાર્શ્વભૂમિકામાં ઇતિહાસ પડેલો છે એટલે જિનશાસનના મહાન ચરિત્રોના તથા સાહિત્યના ઇતિહાસ અને જૈન દર્શનના સિદ્ધાંતને સારું સ્થાન મળ્યું છે તો સાથે સાથે પશ્ચિમના લખાણોમાં જે વૈજ્ઞાનિક પદ્ધતિ, વિશ્લેષણ વગેરેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થયેલો છે સાથે સાથે લેખિકાએ અહીં કથા સાહિત્યની સુંદર છણાવટ કરી છે. લેખિકાએ કર્મનો સિદ્ધાંત સરળતાથી સમજાવ્યો છે.

લેખિકાએ 'શ્રીપાલરાસ'ના વિશાળકાય પાંચ ભાગોને ખૂબ ઝીણવટપૂર્વક તપાસીને પ્રેમલભાઈ કાપડિયાના પ્રકાશનને વધાવ્યું છે તો સાથે સાથે પ્રેમલભાઈના જ્ઞાન પ્રત્યેના ગુણોને તારવીને તેની અનુમોદના કરી છે.

રસાળ શૈલી અને વૈજ્ઞાનિક અભિગમ સાથે લખાયેલા આ લેખો એક આગવી ભાત પાડે છે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૬૩.
મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

THE SEEKER'S DIARY

# DEATH & ME

A few days back , one of my dearest friends noticed my two long strands of white hair and asked me – Are you pro dye? I replied – No, I am pro life till I am alive and pro death when I die. This particular friend and me have a habit of word play and so while he meant hair dye , I got my chance to speak about my most favourite subject – Death.

It is 2015, a new year and right now a cold evening in Mumbai. The few fleeting days of what for us Mumbaikars is our 'winter.' I am in a content happy state of heart and mind, entered the New Year with the 'Guru' in Dharampur and at the moment have no *shikayat* with me or mine.

Even though death seems to not be a good subject to write about in the beginning of the year. Death also signifies – end of one form and birth of another.

My best friend Alpana used to tease me in college asking me 'why do you rehearse all your calamities? before anything has ever happend? why die a thousand deaths before the actual death...'...And this was never about my death...my fears or what affected me were the thoughts of death of my dad, mom, brothers, people who I held dear, alongwith death of a language, death of a place, death of a culture, of a relationship, of innocence, of a moment...basically an end of all that I value dearly.

It must be a part of my DNA because all my memories of myself of growing up were always in third person. Me watching the whole play of my life and also watching Reshma's emotions and reactions – so unalligned as my outer self went on and about doing my actions but my inner would freeze, crumble, collapse.

"What is this Death.. to me? Why does it hold so much significance?" was my constant quest.

For years it froze me, it gave me a permanent gulp in my throat and heart, made me incoherent, overwhelmed.

Everything gave me a gulp – from the silliest to the profoundest – the appearance of my mother's ageing veins. Dad's trembling fingers. Coming across my favourite cousin's just married picture where she looked so full of hope, joy and innocence, discovering something I wrote in one of my old diary, seeing some people in my village early morning still using *'daatan'* to brush their teeth, or sitting next to Jena Bai telling me stories of yore while churning chaas the old way with both her hands and legs holding the matki, old songs, old photographs... ah that still remains a killer, in a moment they fill me with tears because pictures capture and freeze new love, freshness, promises, innocence, pride, youth, *khumari,* as it also captures age, cynicism, hardening...

Obsession with death & decay, change and loss ensured that I do not dive into life headlong, it made me stay away from institutions of marriage, of any longer projects, and made me live on the fringes, to give hundred percent only to the present moment , the 'NOW' but shy away from anything that required time.

I wanted everything as if it were new...fresh. Be it relationships or friends, or love or experiences, it should feel like it is in the beginning – the softness, the tenderness, the single focusedness, honesty, innocence...so *'sambandho ni paripakvata'* thi door. (far away).

It lead to an inability to progress to other levels because other levels also meant being able to handle boredom, stagnation, routine, contradictions, inattentiveness, distractions, changes, little betrayals, nakedness which comes when you know someone totally – to see life and things as they are and not as I expected or anticipate them to be. My fears blocked me depite of me doing so much – it compartmentalized life, into various islands rather than make it into a beautiful connected mosaic.

And then Life changed when the Guru happened.

And what did He do?

Nothing in particular and yet everything.

Through him, I realised that within each of us there are a billion universes, that relationships have to develop, that people and objects have to and must change, transform or even become extinct but the 'we' (our soul) is dhruv (permanent.)

Through Him, I realised the love that encompasses all changes so matter of factly and still sustains.

Through him I learnt to take two steps back, to remain quiet inside, to calm my inner voices, to cease questioning and thus to accept people, situations, life

as it flows.

It is 2015 – and I am still the same – as Salvador Dali said – 'Everything alters me, Nothing changes me' – I still get affected, bruised, am idiotically emotional but there is a stronger *taveez* (protective halo) around it, now I am able to laugh at everything as if it were this huge circus or a play and I a mere observer, an occasional character in it. There is now a distance, the gulp still comes, gives me that sharp pain and leaves but it leaves without draining me. It has made me love much better, as now it is love for love's sake – no other milavat, has made me light and strong.

Death is and always will be a final eventuality, an unconquerable fact but it has also became immaterial because we are neither 'Utpati', nor 'vyay' , only 'Dhruv' which no death can touch. Let the mountains perish, buildings crumble, relationships fade, skin crease, hair turn grey, cultures decay, we have ourselves and within us everything in its purest form that no satyug, kalyug, pancham kaal can touch-

Let us all in this new year accept all that we find difficult to accept – the new generation, technology, loved ones dying, gujarati language loosing its popularity, fast food, nuclear families, materialism –

Let us do our bit though – all that we can to be pure – while accept the "anitya" the impermanent – the ever changing, the ever dying and the ever existing world as it is.

Eternity is here to stay

It is You & I who will fade away..

☐ **Reshma Jain**
The Narrators
Tel: +91 9920951074..

**LESSON -3 : NAVKAR MANTRA**

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

☐ **DR. KAMINI GOGRI**

In the following article we will study about the third topic, Navkar Mantra.

**The Mantra :** The Mantras are the combination of sacred syllables which help in concentration of mind and purify the thoughts, speech and conduct of a person. The word Mantra is derived from the root `man' which means to think/mind and from the root `tra' meaning protection. Thus it is an instrument to protect mind or the thought of a person.

**NAVKAR MANTRA**

*Namo Arihantanam* :
I bow down to Arihanta,
*Namo Siddhanam* :
I bow down to Siddha,
*Namo Ayariyanam* :
I bow down to Acharya,
*Namo Uvajjhayanam* :
I bow down to Upadhyaya,
*Namo Loe Savva-sahunam* :
I bow down to Sadhu and Sadhvi.
*Eso Panch Namokaro* :
These five bowing downs,
*Savva-pavappanasano* : Destroy all the sins,
*Manglananch Savvesim* :
Amongst all that is auspicious,
*Padhamam Havei Mangalam* :
This Navkar Mantra is the foremost.

The Navkar Mantra is the most important mantra in Jainism and can be recited at any time. While reciting the Navkar Mantra, we are bowing down with respect to Arihants (souls who have reached the state of non-attachment towards worldly process), Siddhas (liberated souls), Acharyas (heads of sadhus and sadhvis), Upadhyayas (those who teach scriptures to sadhus and sadhvis), Sadhus (monks, who have voluntarily given up social, economical and family relationships). Collectively, they are called Panch Parmeshthi (five supreme spiritual people). In this mantra we worship their virtues rather than worshipping any one particular person; therefore, this Mantra is not named after Lord Mahavir, Lord Parshvanath or Adinath, etc. When we recite Navkar Mantra, it also reminds us that, we need to be like them. This mantra is also called Namaskar or Namokar Mantra because we are bowing down.

The Navkar Mantra contains the main message of Jainism. The message is very clear. If we want to be liberated from this world then we have to take the first step of renunciation by becoming a monk or a nun.

This is the beginning. If we stay on the right path then we will proceed to a higher state, Arihant, and ultimately proceed to Siddha after nirvana (liberation from the cycle of birth and death). The goal of every Jain is, or should be, to become a siddha.

**ARIHANTAS**

The word Arihanta is made up of two words : (I) Ari, meaning enemies, and (2) hanta, meaning destroyer. Therefore, Arihanta means a destroyer of the enemies. These enemies are inner desires known as passions. These include anger, ego, deception, and greed. These are the internal enemies within us. Until we control our passions, the real nature or the power of our soul will not be realized or manifested. When a person (soul) wins over these inner enemies he/she is called Arihanta. When that happens, the person has destroyed the four ghati karmas namely Jnanavarniya (knowledge blocking) Karma, Darshanavarniya (perception blocking) Karma, Mohniya (passion causing) Karma and Antaraya (obstacle causing) Karma. These karmas are called ghati karmas because they directly affect the true nature of the soul. Arihanta attains : (1) Kevaljnan, perfect knowledge due to the destruction of all Jnanavarniya Karmas, (2) Kevaldarshan, perfect perception due to the destruction of all Darshanavarniya karmas, (3) becomes passionless due to the destruction of all Mohniya Karmas, and (4) gains infinite power due to the destruction of all Antaraya Karmas. Complete knowledge and perception means they know and see everything everywhere that is happening now, that has happened in the past, and that will happen in the future. Arihantas are divided into two categories: Tirthankar and Ordinary. Tirthankars are special Arihantas because they revitalize the Jain Sangh (fourfold Jain Order) consisting of Sadhus, Sadhvis, Shravaks (male householders), and Shravikas (female householders). During every half time cycle, twentyfour persons like us rise to the level of Tirthankar. The first Tirthankar of our time period was Lord Rushabhdev, and the twenty-fourth and last Tirthankar was Lord Mahavir, who lived from 599 B.C. to 527 B.C. Tirthankar is also called a Jina. Jina means conqueror of passions. At the time of nirvan (liberated from the worldly existence), Arihanta sheds off the remaining four aghati karmas namely (1) Nam (physical structure forming) Karma, (2) Gotra (status forming) Karma, (3) Vedniya (pain and pleasure causing) Karma and (4) Ayushya (life span determining) Karma. These four karmas do not affect the true nature of the soul; therefore, they are called Aghati karmas. After attaining salvation these Arihants are called Siddhas.

**2. SIDDHAS**

Siddhas are the liberated souls. They are no longer among us because they have completely ended the cycle of birth and death. They have reached the ultimate highest state, salvation. They do not have any karmas, and they do not collect any new karmas. This state of true freedom is called Moksha. Siddhas are experiencing unobstructed bliss (eternal happiness). They have complete knowledge and perception and infinite power. They are formless and have no passions and therefore are free from all temptations.

**3. ACHARYAS**

The message of Jina, Lord Mahavira the last Tirhankara, is carried on by the Acharyas. They are our spiritual leaders. The responsibility of the spiritual welfare, but not social or economical welfare of the entire Jain Sangh, rests on the shoulders of the Acharyas. Before reaching this state, one has to do in-depth study and achieve mastery of the Jain scriptures (Agams). In addition to acquiring a high level of spiritual excellence, they have the ability to lead the monks and nuns. They know various languages with a sound knowledge of other philosophies and religions of the area and the world.

**(4) UPADHYAYAS**

This title is given to those Sadhus who have acquired a special knowledge of the Agams and philosophical systems. They teach Jain scriptures and Sadhvis.

**(5) SADHUS AND SADHVIS**

When householders detach themselves from the worldly aspects of life and get the desire for spiritual uplift (and not worldly uplift), they give up their worldly lives and become Sadhu (monk) or sadhvi (nun). A male person is called sadhus, and a female person is called Sadhvis. Before becoming sadhus or sadhvis, a lay person must observe sadhus or to understand their life style and do religious studies. When they feel confident that they will be able to live the life of a monk or a nun, then they inform the Acharya that they are ready to become sadhu or sadhvi. If Acharya is convinced that they are ready and are capable of following the vows of sadhu or sadhvi, then he gives them Deeksha. Deeksha is initiation ceremony when a householders

changes to a monk or a nun. At the time of Deeksha, the sadhu or sadhvi voluntarily accepts to obey follownig five major vows for the rest of his/her life :

1. Commitment of Total Ahimsa (non-violence)-not to commit any type of violence.
2. Commitment of Total Satya (truth)-not to indulge in any type of falsehood.
3. Commitment of Total Asteya (non-stealing)-not to take anything unless it is given.
4. Commitment of Total Brahmacharya (Celibacy)-not to indulge in any sensual activities.
5. Commitment of Total Aparigraha (non-possessive-ness)-not to acquire more than what is needed to maintain day to day life.

**Why in the Namaskara mantra Arihanta is placed earlier than Sidhdha?**

The reason of placing Arihanta first being that the Arihanta has found the way to liberation and he shows the way to others. Thus he has graced the world with his wisdom. Therefore it is to repay their debt that they are placed in the first position.

**What is name - Namaskara Mantra or Navakara Mantra?**

The scriptural name of the Namaskara mantra in the Mahanishitha sutra (in Svetambara tradition) is Pancha Mangal Mahashrutaskandha. The other texts showing importance of the Namaskara Mantra give the name Panchaparameshthi Namaskara sutra The actual Prakrit name is Namokara suttam (the tread/text of bowing down). Later Namokara became Namaskara, which became Navakara (having nine lines) and suttam became mantra.

**History of the Namaskara mantra :**

Namaskara mantra is not found in any of the earlier scriptures. None of the earlier Svetambara or Digambara scriptures have the Namaskara mantra. It does appear in the Bhagavatisutra but is in a different form altogether. The oldest source of the mantra is traced in the Hathi Gumpha inscription of King Kharavela in the Udayagiri and Khandagiri caves, Bhuvanesvara, Orisaa, where only first two lines (Namo Arahantanam and Namo Sava Siddhanam) apear in the Brahmi script. Thus, the present from is the later development in the mdieval period. Later it also became the practice to recite Namaskara mantra in the beginning as Mangalacharna. The manuscripts of Kalpasutra (A.D. 453) are found with the Namaskara mantra in the beginning.

The Digambara tradition for the very first time we find it in the beginning of Shatakhandagama composed by Acharya Pushpadanta and Bhutabali. Accroding to Svetambara tradition, the disciples of Lord Mahavira who derived the essence from Mahavira himself composed Namaskara mantra.

**How many lines - Five or nine?**

Many sects believe that there are nine pada-lines in the mantra, whereas others recite only first five pada-lines. Actually the first five lines, which are in Aryavrata metre are to pay the obeisance to the adorable beings. The remaining four lines (also known as Chulika pada), which are in Anushtupa metre state the importance of reciting the Namaskara mantra (falashruti). One more controversy is about the word `Hoi' and `Havai' which appears in the last line of the mantra. Linguistically both the words are correct if we count the mantra(s) in the metre.

**Why Namaskara sutra has the status of mantra?**

Namaskara sutra has all the qualities, which are required to be a mantra. Namaskara sutra has group of words, which can be used for worshipping `God'. Its recitation can be regularly and methodically practised and it protects the worshipper.

**(To be continued)**

76/C, Mangal,
3/15, R.A.K. Road,
Matunga,
Mumbai-400 019.
Mobile: 9819179589 / 9619379589
Email : kaminigogri@gmail.com

## In Appreciation...

Dr. Kamini Gogri,

Congratulations to you and Dr. Dhavantibhai Shah for educative Article in English in Prabudh Jivan November 2014. Imparting knowledge (for ingniting mind as your e-mail id suggest) in ENGLISH is the need of the time, particularly for next generation, whose medium of education is English.

Since you intend to write a series of articles, and if the desire is that it is read by next generation, **I offer to subsidise 50% of annual subscription from young Jains.** Looking forward to the series of articles on Jainology.

Best Regards.

**☐ Bakul Gandhi**

Practising Company Secretary
11-12, Sandeep, Laxminarayan Lane, Matunga,
Mumbai-400 019 Mobile : 9819372908.

## The First Chakravarti –Bharat - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327



Bharat, the son of Rishabhadeva was the first Chakravarti. Once a Chakra-ratna appeared in his armory. As per tradition, he prayed to the Ratna and commenced his journey to conquer every kingdom. His 98 younger brothers obeyed him except young courageous Bahubali, the mighty king of Taksashila.





Bharat sent a messenger to convince him to surrender but it was in vain. He was not ready to obey anyone except almighty Rishabhadeva. Their army was about to begin war.

To avoid unnecessary violence, they battled with their Gada. Bharat could not win against Bahubali.



Losing temper, Bahubali raised his right hand to hit his brother but at once he realized his wrong deed. He renounced the world by pulling his hair with the same hand.





Bharat became the first Chakravarti. When Rishabhdeva attained Nirvan at Ashtapada, Bharat built a stupa with 24 future Jina images.



Once he was standing in his mirror palace, his ring fell down and he saw his empty finger without shine of jewels. He realized the truth of the universe that nothing is forever. Contemplating on the pure soul he received Kevaljnan.

Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



## બાળક એટલે પૃથ્વીને પાટલે પયગમ્બર

□ ગીતા જૈન

કચ્છના ભચાઉ નગરમાં સ્થિત યુરો સિરામિક્સમાં ૧૦ દિવસીય યોગ શિબિરના સંચાલનાર્થે ૧૪ થી થી ૨૩ જૂન સુધી રોકાવાનું થયું.

રોજ સાંજના વાળુ કર્યા પછી ચાલવાની હળવી કસરત એ મારા જીવનનું અભિન્ન અંગ છે. ભચાઉના તત્કાલીન મામલતદાર સાહેબ ભાવેશભાઈ પટેલ, એમના વિદુષી ધર્મપત્ની ડૉ. નિહારિકાબેન અને એમના બાળકો સાથે અમે વૉક કરી રહ્યા હતા. એ વખતે એક અન્ય સજ્જન પણ વૉકમાં નિમગ્ન હતા. અન્યોન્ય આંખોએ હલ્લો/નમસ્કાર વ્યક્ત કર્યા અને ભાવેશભાઈની સ્મૃતિ સળવળી. અરે! આ તો છે હસમુખભાઈ, મારી ટ્રેઇનીંગ દરમ્યાન એમના લેક્ચર સાંભળ્યા છે. નમસ્કાર, હલ્લો, હાઉ આર યુ...આફ્ટર લૉંગ ટાઈમ જેવી વાતોમાં ફેરવાયું. એ સાહેબ અમારી સાથે વૉક કરવા લાગ્યા અને અરસપરસ પરિચયની પાંખડીઓ ખુલતી ગઈ.

એ હતા આઈ. જી. પી. હસમુખભાઈ પટેલ. એ પરિચય અલપઝલપની વાતચીતમાં ગોઠવાતો ગયો. આટલા મોટા પદ પર આસીન વ્યક્તિને સમયની ખેંચ તો હોય જ. એમની જવાબદારીઓ સમજીને આપણને પણ એમનો વારંવાર સંપર્ક કરવાની ઈચ્છા ન થાય એ સ્વાભાવિક છે. એઓએ યોગમાં રસ દર્શાવેલ અને વિપશ્યના ધ્યાન પદ્ધતિ પર શ્રદ્ધા ધરાવતા હોવાથી તંતુ જોડાયેલો રહ્યો.

સતત ગુનેગારોને નજદીકથી જાણવાની જેમને તક મળી છે એ હસમુખભાઈ ગુનેગારોના માનસનું દર્શન કરવા સાથે ચિંતન-મનન પ્રત્યે સહજ આકર્ષાતા ગયા અને એમનું આ દર્શન ગુનેગારોની બાળપરવરિશ તરફ લંબાયું. એમનું તારણ આવ્યું કે જે બાળકો પ્રેમ અને આનંદભર્યું બાળપણ નથી ભોગવતા એ મોટા થઈને હિંસાને આશરે જીવીને ગુનેગાર બને છે, જેલો ભરાય છે. ઘોડિયાઘરમાં જ ઘરડાઘરનાં બીજ રોપાઈ રહ્યા છે–ને એમાંથી જન્મ થયો `Parenting for Peace'–બાળઘડતર થકી વિશ્વશાંતિની દિશામાં અભિયાન.'

Email દ્વારા મને જાણકારી મળી. હું શીઘ્ર ફૉર્મ ભરીને વૉલિન્ટિયર તરીકેજોડાઈ. કશી વિશેષ કાર્યવાહી વગર થોડો સમય પસાર થયો. હા, બાળકોની યોગ-સ્વાસ્થ્યની શિબિરનું સંચાલન યથાવત્ હતું, જેમાં બાળઘડતરનું પાયાનું કામ તો થાય જ છે. એમાં બાળમાનસને નજીકથી જોવા સમજવાની મને તક મળે છે.

જુલાઈ-૨૦૧૪માં હસમુખભાઈનું આમંત્રણ મળ્યું-સુરતમાં યોજાનાર તા. ૧૯-૨૦, શનિ-રવિ કન્વેન્શનનું. નેકી ઓર પૂછપુછ! વૃક્ષ સામેથી બોલાવે તો એ એની છાયા આહ્લાદક જ હોય ને!

મહારાષ્ટ્રના મલકાપુરની શિબિર પછી મુંબઈ-ઘરે જ જવાનું હતું અને યોગાનુયોગ તારીખ પણ અનુકૂળ ગોઠવાઈ. અમે મલકાપુરથી સીધા સુરત તરફ ફંટાયા. બે દિવસ કન્વેન્શનમાં તાલીમ લેવાની અમૂલ્ય તક મળી.

બાળ ઉછેરનું કામ એ ફૂલોને ઘાટ આપવા જેવી અતિ નાજુક ઘટના છે. તેને લોખંડની જેમ ટીપીને ઘાટ નથી આપી શકાતો. તેની સાથે કોમળતાથી કામ લેવું પડે છે. કુનેહપૂર્વક થતી ફૂલગુંથણી ઉત્તમ ગુલદસ્તો બનાવી દે છે તેમ પ્રેમ અને સમજદારીપૂર્વક થતો બાળઉછેર ઉત્તમ ભાવિ પેઢીનું ઘડતર કરે છે. બાળઉછેર માટે માતા-પિતા-શિક્ષકોએ તાલીમ લેવી આવશ્યક છે. પ્યુનથી પાયલોટ સુધી તાલીમ હોય તો પેરેન્ટ્સ માટે શા માટે નહીં–એ કન્સેપ્ટ કન્વેન્શનમાં ક્લીયર થયો.

આપણાં શિક્ષણવિદ્ અને સાહિત્યકાર શ્રી મનુભાઈ પંચોલી

## પંથે પંથે પાથેય

'દર્શક'એ બાળઉછેરને વિશ્વશાંતિની ગુરુકિલ્લી કહી છે. આ અભિયાનમાં આ ગુરુકિલ્લી પ્રમુખસ્થાને છે.

કન્વેન્શનમાં અમે આશરે સમગ્ર ગુજરાતના ૨૦૦ જણા હતા. અમને બાળઘડતરના વિવિધ પાસાં અને બાળકોની વધતી વય સાથેના અનુકૂલન માટે મોડ્યુલ/સ્કીટ/ઉદ્બોધન અને પ્રશ્નોત્તરી દ્વારા તાલીમ આપવામાં આવી. આ માટે શ્રી હસમુખભાઈ સાથે ભેખધારીઓ જોડાયા છે–સર્વશ્રી વૈભવભાઈ પરીખ, વિરાજ ઉપાધ્યાય, ડૉ. કેતન ભરડવા, ડૉ. કમલેશ પારેખ, ડૉ. આરતી મહેતા, ડૉ. સલીમ હિરાણી, ડૉ. સુષ્મા દેસાઈ, ડૉ. છાયા પારેખ, ડૉ. રચના દવે, સુનીલભાઈ જૈન, લતાબેન હિરાણી, ડૉ. રૂદ્રેશ વ્યાસ અને અન્ય લોકો.

આ એક અભિયાન છે અને હવે અલગ અલગ સ્થળોએ P4P એમ ગોઠવાતી જાય છે. સુરત, અમદાવાદ, ભાવનગર, વ્યારા, વાપી, ઉમરગામ, ગૉંડલ, પારડી, વલસાડ, ધરમપુર અને ગુજરાતથી નિકળેલી આ વિશ્વશાંતિની રશ્મિ નવેમ્બર-૧૪માં ભારતમાતાના હૃદયસમ મધ્યપ્રદેશ તરફ પ્રસરી. ગુના અને અશોકનગરમાં ટીમે કામ કરવાનું શરૂ કરેલ છે. ગંજબાસોદામાં ટીમ ગોઠવાશે. શ્રી વિવેકાનંદ વિદ્યાલય-અશોકનગરને P4P શાળા ઘોષિત કરવામાં આવી. ગુનામાં હસમુખભાઈની ઉપસ્થિતિમાં યોજાયેલ લાયન્સ કલબના કાર્યક્રમને દૂરદર્શન પર

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૬)

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

ગાંધીજીવનનો અંતિમ અધ્યાય વિશેષાંક

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 2, ISSUE : 11, FEBRUARY 2015, PAGES 104. PRICE 20/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ–૨ (કુલવર્ષ-૬૩) • અંક-૧૧ • ફેબ્રુઆરી, ૨૦૧૫ • પાનાં ૧૦૪ • કીમત રૂા. ૨૦/-



## જિન-વચન

**સિદ્ધિમાર્ગને જાણીને,**
**ભોગોથી નિવૃત્ત થઈ જા!**

अधुवं जीवियं नच्चा सिद्धिमग्गं वियाणिया ।
विणियट्टेज भोगेसु आउं परिमियमप्पणो ।।

(દ. ૮-૩૪)

જીવન ક્ષણભંગુર છે. પોતાનું આયુષ્ય પરિમિત છે. એવું સમજીને તથા સિદ્ધિમાર્ગને જાણીને, ભોગોથી નિવૃત્ત થઈ જા !

Life is not permanent. It is limited. Knowing this and also having known the path of liberation, one should abstain from material peasures

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

**'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી**

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૬ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકાશે.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

**પૂર્વ તંત્રી મહાશયો**

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## ગાંધી સમર્થિત સાત સામાજિક અપરાધ

'સેવન સોશ્યલ સીન્સ' આ શીર્ષકથી સાત સામાજિક અપરાધોની સૂચિ પહેલીવાર ગાંધીજીએ પોતાના અઠવાડિક 'યંગ ઈન્ડિયા'ના ૨૨ ઑક્ટોબર ૧૯૨૫ના અંકમાં છાપી હતી. આ જ સૂચિ પછીથી તેમણે પોતાના પૌત્ર અરુણ ગાંધીને હત્યાના થોડાં વખત અગાઉ હસ્તલિખિત રૂપે આપી હતી. આ સૂચિમાંનો આઠમો અપરાધ શ્રી અરુણ ગાંધી દ્વારા ઉમેરાયો છે.

આ સાત અપરાધ છે.

૧. સિદ્ધાંત વિનાનું રાજકારણ
૨. શ્રમ વિનાની સંપત્તિ
૩. વિવેક વિનાનો ઉપભોગ
૪. ચારિત્ર્ય વિનાનું જ્ઞાન
૫. નીતિનિયમો વિનાનો વેપાર
૬. માનવતા વિનાનું વિજ્ઞાન
૭. ત્યાગ વિનાની ભક્તિ
૮. કર્તવ્યપાલન વિનાના અધિકાર (શ્રી અરુણ ગાંધી દ્વારા ઉમેરેલું.)

## 'વ્રતવિચાર'

અહિંસા સત્ય અસ્તેય, બ્રહ્મચર્ય અસંગ્રહ
શરીરશ્રમ અસ્વાદ, સર્વત્ર ભયવર્જન
સર્વધર્મી સમાનત્વ, સ્વદેશી સ્પર્શભાવના
સેવવાં એકાદશ આ નમ્રત્વે વ્રત નિશ્ચયે

## GANDHI

Violence killed good,
But Violence dies;
The pure the martyred blood,
Speaks to the skies.

Violence slew peace,
And through all ages hance;
Man shall not cease
To Mourn this Violence.

The Silence knows,
The sacred river flows;
The light that was the Savior,
Grows and grows and Grows.

□ **William Rose Benet**

(American Poet and Critic)

# પ્રબુદ્ધ જીવન

## ગાંધી જીવનનો અંતિમ અધ્યાય વિશેષાંક | ફેબ્રુઆરી ૨૦૧૫

### સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | ગાંધીતર્પણ | ડૉ. ધનવંત શાહ | ૦૫ |
| ૨ | આ વિશિષ્ટ અંકના માનદ પરિકલ્પનાકાર અને સંકલનકર્તા સોનલ પરીખ | ડૉ. ધનવંત શાહ | ૦૭ |
| ૩ | બે બોલ | સોનલ પરીખ | ૦૮ |
| ૪ | ભાગલાનું રાજકારણ | નારાયણ દેસાઈ | ૦૯ |
| ૫ | 'મારી સાથે કોઈ નથી!' | દિનકર જોષી | ૧૨ |
| ૬ | કૉંગ્રેસ અને ગાંધીએ પાકિસ્તાનને ટેકો આપ્યો હતો? | ચુનીભાઈ વૈદ્ય | ૧૫ |
| ૭ | ગાંધીજીએ સરદારને બદલેનહેરુની વરણી કેમ કરી? | નગીનદાસ સંઘવી | ૧૭ |
| ૮. | દિલ્હીમાં ગાંધીજી | વિપુલ કલ્યાણી | ૧૯ |
| ૯ | ગાંધીજીનાં અંતિમ પ્રવચનોની સોનોગ્રાફી | ડૉ. નરેશ વેદ | ૨૧ |
| ૧૦ | મહાત્મા ગાંધીના છેલ્લા છેલ્લા પંદર મહિના | સોનલ પરીખ | ૨૫ |
| ૧૧ | ગાંધીજીના છેલ્લા ઉપવાસ | પ્યારેલાલ | ૩૨ |
| ૧૨ | ઉપવાસના બીજા દિવસે પ્રાર્થના સભામાં આપેલું પ્રવચન | — | ૪૧ |
| ૧૩ | પાકિસ્તાનને પંચાવન કરોડ અપાવવા ગાંધીજીએ ઉપવાસ કર્યા હતા? | ચુનીભાઈ વૈદ્ય | ૪૩ |
| ૧૪ | ગાંધીજીની હત્યાના પ્રયાસો | ચુનીભાઈ વૈદ્ય | ૪૪ |
| ૧૫ | બાપુને માથે મોત ભમતું હતું? | યોગેન્દ્ર પરીખ | ૪૬ |
| ૧૬ | ગાંધીજીએ જીવનના છેલ્લા અઠવાડિયા દરમ્યાન કરેલાં નિવેદનો | — | ૫૦ |
| ૧૭ | મહાત્મા ગાંધીના પાર્થિવ દેહનો અંત | પ્યારેલાલ | ૫૨ |
| ૧૮ | અંતિમયાત્રા અને અસ્થિવિસર્જન | પ્યારેલાલ | ૫૬ |
| ૧૯ | ગાંધીજીનું છેલ્લું વસિયતનામું | — | ૬૦ |
| ૨૦ | સંત નાથુરામ, દેશદ્રોહી ગાંધી? | તુષાર ગાંધી | ૬૧ |
| ૨૧ | 'ગાંધી ચલે જાવ' | જિતેન્દ્ર દવે | ૬૩ |
| ૨૨ | ધી મર્ડર ઑફ મહાત્મા : ગાંધીજીની હત્યાનો કેસ અને ચુકાદો | જસ્ટીસજી. ડી. ખોસલા | ૬૬ |
| ૨૩ | કોટિ કોટિ કરે સ્તુતિગાન | સંકલન : નીલમ પરીખ | ૭૦ |
| ૨૪ | ગાંધીજીને જગવંદના | સંકલન : નીલમ પરીખ | ૭૪ |
| ૨૫ | બાપુ મારી નજરે | જવાહરલાલ નહેરુ | ૭૭ |
| ૨૬. | લૉંગ લિવ ગાંધીજી | ફૈઝ અહમદ ફૈઝ | ૭૮ |
| ૨૭. | ગાંધી પછીનું ભારત | યોગેન્દ્ર પારેખ | ૭૯ |
| ૨૮ | આદર્શોની અવનતિ | મહેન્દ્ર મેઘાણી, લૉર્ડ ભિખુ પારેખ, રમેશ ઓઝા | ૮૨ |




જેનામાં ધૈર્ય ન હોય તે અહિંસાનું પાલન ન કરી શકે.

| | | |
|---|---|---|
| ૨૯. જલધર! શુભ વિતરો સંદેશ | હેમાંગિની જાઈ | ૮૪ |
| ૩૦. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય | ડૉ. કુમારપાળ દેસાઈ | ૮૫ |
| ૩૧. વિશ્વ મંગલમ્ અનેરા- વૃંદાવન ખાતે યોજાયેલ ચેક અર્પણ સમારોહ | — | ૮૭ |
| ૩૨. ૮૦મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન | — | ૮૯ |
| ૩૩. ભાવ-પ્રતિભાવ | — | ૯૧ |
| ૩૪. સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૯૫ |
| ૩૭. Seeker's Diary : Making of Mahatma | Reshma Jain | 97 |
| ૩૮. Enlighten Yourself By Study Of Jainology Lesson 4 : Tirthankaras | Dr. Kamini Gogri | 99 |
| ૩૯. ગાંધી જીવનના અંતિમ અધ્યાયની તસવીરો–ઝલક | — | ૧૦૩ |
| ૪૦. सेवक की प्रार्थना | महात्मा गांधी | ૧૦૪ |



**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૮ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થસ્સ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ૨. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |

**નવાં પ્રકાશનો**

૧. **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન રૂા. ૩૦૦

૨. **ઈલા દીપક મહેતા સંપાદિત સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ રૂા. ૩૫૦

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |

ઉપરનાબધાપુસ્તકોસંઘનીઑફિસેમળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.
રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬







Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૩) • અંક : ૧૧ • ફેબ્રુઆરી ૨૦૧૫ • વિક્રમ સંવત ૨૦૭૧ • વીર સંવત ૨૫૪૧ • માહ વદિ તિથિ-૧૨ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

## ગાંધી જીવનનો અંતિમ અધ્યાય વિશેષાંક

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •        • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ વિશેષાંકના માનદ પરિકલ્પનાકાર અને સંકલનકર્તા :

સોનલ પરીખ

## ગાંધી તર્પણ

### તંત્રી સ્થાનેથી...✍

*બહુ અવગણ્યા, તાત! આસત્કાર્યા, અનાદર્યા,*
*ને અપમાનને ગારે, આ હાથે દેવ અર્પિયા,*
*ખીજવ્યા, પજવ્યા પૂરા, કૂમળું દિલ કાપિયું,*
*ને ત્હમારા દિનો છેલ્લા ઝેર કીધાં; સહુ ગયું*

-'પિતૃ તર્પણ'-કવિ ન્હાનાલાલ

''આજે મારી દિન અને લાચાર દશા છે. આજે મારું કોણ સાંભળે છે? એક જમાનો હતો જ્યારે હું જે કાંઈ કહું તે લોકો કાને ધરતા અને એનો અમલ કરતા...તે વખતે હું અહિંસક સેનાનો સેનાપતિ હતો. આજે હું અરણ્યરુદન કરતો હોઉં એવી મારી દશા છે.''

મો. કા. ગાંધી (પરિચય પુસ્તિકા-૧૩૨૦)

જીવનની ઉત્તર અવસ્થાએ આ હતી આપણા રાષ્ટ્રપિતાની વેદના. આ મહામાનવના આફ્રિકાથી સ્વદેશ આગમનના સો વરસની આ ૨૦૧૫માં ઉજવણી થાય છે ત્યારે એમની મહાન ઉપલબ્ધિઓ સાથે એમની સંવેદનાના દર્શન ન કરીએ તો આપણે નગુણા કહેવાઈએ.

આ વિશિષ્ટ અંકનું સર્જન માત્ર એમની સંવેદના જોવાનું નથી, પણ એ ઉપર દૃષ્ટિ કરી આપણે પશ્ચાતાપનો ભાવ અનુભવી તર્પણ પણ કરવાનું છે. શબ્દ શ્રદ્ધાંજલિ અર્પિત કરવાની છે.

આ અંકના વિદ્વાન લેખક મહાનુભાવોએ વિવિધ દૃષ્ટિકોણથી આ સંવેદના તપાસી છે, એ સમગ્ર વ્યાપ અને વર્તુળને શબ્દોમાં આવકારવાનું ભગીરથ કાર્ય સોનલબેને કર્યું છે જ. છતાં થોડાં સમિધ અર્પણ કરું છું.

આઝાદી પહેલાં અને પછી હિન્દુ-મુસલમાનના હિંસક હુલ્લડો.

> **આ અંકના સૌજન્યદાતા**
> **શ્રીમતી દીનાબેન ચેતનભાઈ શાહ**
> **અને**
> **શ્રી ચેતનભાઈ નવનીતલાલ શાહ**
> **પુણ્ય સ્મૃતિ**
> **માતુશ્રી હીરાલક્ષ્મી નવનીતલાલ શાહ**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260.
• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990



ગાંધી જીવનનો અંતિમ અધ્યાય વિશેષાંક

કલકત્તા, નોઆખલી, ગુજરાત, બિહાર, વગેરે સ્થળે થયાં. આ અગ્નિકુંડના હુતાશ ઉપર શાંતિનું જળ છાંટવા આ ૭૭ વર્ષીય બુઝુર્ગ ખુલ્લા પગે દોડાદોડ કરે, ઉપવાસો કરે, તોય હિંદુ કહે બાપુ મુસલમાનના અને મુસલમાન કહે બાપુ અમને ન્યાય આપો. બાપુની અગ્નિપરીક્ષાનો આ સમય હતો. અંગ્રેજોએ ખૂબ જ કુનેહપૂર્વક ભાગલાના બીજ વાવ્યા હતા. કેટલાક વર્ગે એમાંય બાપુને દોષી ઠેરવ્યા. બાપુએ પોતાની જાત તપાસીને વેદનાભર્યા સ્વરે કહ્યું, 'મારી ચારે તરફ જ્વાળાઓ ઊઠી છે. એ જ્વાળાઓ મને ભરખી નથી જતી એમાં ઈશ્વરની કરુણા છે ? કે મારી હાંસી કરે છે ?'

બાપુ એકલા પડી ગયા હતા. પૂ. બા અને મહાદેવભાઈએ વિદાય લીધી હતી. ટાગોરે પણ દેહત્યાગ કર્યો હતો. જે વ્યક્તિ સાથે એક સમયે આખો દેશ હતો એ વ્યક્તિ સાથે માત્ર આજે પાંચ-છ વ્યક્તિઓ હતી.

અને બાપુએ એકસો પચીસ વરસ જીવવાની ઇચ્છા છોડી દીધી અને બાપુએ કહ્યું, 'હવે હું બહુ બહુ તો એકાદ બે વર્ષ જીવીશ. પણ જે હિંદમાં ખૂનામરકી ચાલતી હોય તેવા હિંદમાં એક ક્ષણ પણ જીવવાના મને અરમાન નથી...મારા ત્રીશ વર્ષના કામનો કરુણ અંજામ આવ્યો છે. સ્વતંત્રતા એ આપણી જીત હોય તો પણ એ કરુણ છે. એથી પંદરમી ઑગસ્ટના ઉત્સવમાં હું ભાગ લઈ શકું નહિ.' અને આવા અને અન્ય કેટકેટલા ઝેરના ઘુંટડા બાપુ એકલા ગળે ઉતારી ગયા!!

આવી વેદનામાંથી બાપુને મૃત્યુની ઈચ્છા જન્મી. એમણે પોતાના મૃત્યુના એકાદ વર્ષ પહેલાં મનુબેનને કહ્યું હતું:

'જો હું માંદો પડીને પથારીમાં પડું અને એમ મારું મરણ આવે તો છાપરે ચડીને કહેજે કે તમે ધારતા હતા એવા આ પુરુષ નહોતા! પણ જો હું પ્રાર્થના કરવા જતો હોઉં અને એ વેળા કોઈ માણસ આવીને મને ગોળી મારે, અને હું એ ગોળીનો ઘા સામી છાતીએ ઝીલું અને મારા મોંમાંથી રામનું નામ નીકળે તો જગતને કહેજે કે એ ભગવાનનો દાસ હતો.' આ વાત એમણે લોર્ડ માઉન્ટબેટનને કહેલી અને પ્રાર્થનામાં તો વારંવાર કહેલી.

અને આ મહામાનવને એવું ઈચ્છા મૃત્યુ મળ્યું.

બાપુ અસાધારણ ચિંતક હતા. તર્કબુદ્ધિવાળા બેરિસ્ટર હતા, જીવન સંપૂર્ણ સત્ય, અહિંસા અને અપરિગ્રહને સમર્પિત હતું, એ પ્રાજ્ઞ પુરુષ-યોગી પુરુષ હતા, આ બધાં સત્યભર્યા તત્ત્વોનો જેનામાં સમન્વય હોય, સાધના અને શુદ્ધિ હોય, એની વાણીમાં સત્ય અને કાળ આવીને બિરાજે એની આ પ્રતીતિ.

અમારી પેઢી, જે ૧૯૩૫-૪૦માં જન્મી હતી, એમને વારસામાં ગાંધી વિચારો મળ્યા. અમારી યુવાની ગાંધી વિચારથી ભરી ભરી હતી, પણ ત્યારે અમારા વડીલો યુવાન હતા, અથવા પ્રૌઢ હતા, એ સર્વે આ ગાંધીના ઉત્તરાર્ધને સમજી ન શક્યા, અને જે ગાંધીને જેમણે જોયા-જાણ્યાં હતાં છતાં એમણે એ ગાંધીને વેદના આપી, અમે આજે આ અંકના સર્જનથી અમારા વડીલો વતી ગાંધી તર્પણ કરીએ છીએ. અમારી એ ફરજ છે.

સામાજિક દૃષ્ટિએ વ્યાપક અર્થમાં જોઈએ તો પ્રત્યેક બે પેઢીની આ સંવેદના છે. બાપુની જગ્યાએ પોતાના વડીલને મૂકી જૂઓ, ક્યાંક ને ક્યાંક આ સંવેદના જરૂર ડોકિયું કરશે. આ તર્પણ અંકનો આ પણ ઉદ્દેશ છે. આ સમગ્ર અંક વાંચીને પોતાના વડીલ પ્રત્યે સાચા હૃદયથી એક ઉદ્‌ગાર નીકળે: 'મને માફ કરજો વડીલ' તો એ પણ આ અમારા માટે મોટી ઉપલબ્ધિ હશે.

માત્ર ૪૫ દિવસમાં આ અંક તૈયાર કરવાનો હતો! ગાંધી વિશે અત્યાર સુધી કોઈએ વિચાર્યો કે સ્પર્શ્યો નહિ હોય એવો સર્જનાત્મક અને ચિંતનાત્મક વિષય આ અંક માટે સોનલબેને વિચાર્યો. સર્વ વિદ્વાન લેખકોએ સોનલબેનને હૂંફાળો સહકાર આપી સોનલબેનના સંબંધોની ઉપજની પ્રતીતિ કરાવી આ અંકને એવો આકાર આપ્યો કે ગાંધી સાહિત્ય જગતે એની નોંધ લેવી પડશે. આપ વાચકને પણ એની પ્રતીતિ થશે, લેખ અને લેખકોનું વૈવિધ્ય વાચકને માતબર કરી દેશે એવી મને શ્રદ્ધા છે.

આ વિશિષ્ટ અંકને સોનલ પરીખના પરિશ્રમ અને ચિંતનનો અમૂલ્ય લાભ મળ્યો છે. સોનલબેને અહીં જે તર્પણ અને શબ્દ શ્રદ્ધાંજલિ અર્પી છે એ ગાંધી સાહિત્ય જગત માટે અવિસ્મરણીય રહેશે જ.

આવો વિષય અને આવો દમદાર અંક સર્જવામાં હૃદય અને આત્મા સોનલબેનના છે, પણ અનેક હાથોએ પોતાનો પુરુષાર્થ આ સર્જનમાં રેડ્યો છે, એવા અમારા મુદ્રક જવાહરભાઈ શુક્લ, પ્રત્યેક લેખને પોતાની ઝીણી નજરમાંથી પસાર કરનાર અમારા પુષ્પાબેન પરીખ અને આ બધાંની વચ્ચે દોડાદોડ કરનાર કડી રૂપ અમારો હરિચરણ અને આ બધું વ્યવસ્થિત ગોઠવાય છે એવી ખેવના રાખનાર, અમારા રોહિતભાઈ, પ્રવીણભાઈ અને અશોક, આ સર્વોનો આભાર માનું છું.

આટલા મોટા અંકના સર્જન માટે સોનલબેન પહેલી વખત – અને આ અંક પૂરતા છેલ્લી વખત – એટલે એક વખત જ મળ્યા, ફોન ઉપર તો અલપ ઝલપ મુદ્દાની વાતો, અને વૉટ્સ અપ ઉપર તો શૂન્યવત્, આમ એકલે હાથે સોનલબેને આ વિરાટ કાર્ય સુંદર અને સમૃદ્ધ રીતે પાર પાડ્યું એ માટે એમનો આભાર નથી માનતો. હૃદય ઝૂકી પડે છે.

**ધનવંત શાહ**
drdtshah@hotmail.com

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–(U.S. $ 20) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–(U.S. $ 50) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–(U.S. $ 80)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–(U.S. $180) • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260.

### આ વિશિષ્ટ અંકના માનદ પરિકલ્પનાકાર અને સંકલનકર્તા

## સોનલ પરીખ

મોહનદાસ કરમચંદ ગાંધીના ચાર પુત્રો, હરિલાલ, રામદાસ, દેવદાસ અને મણિલાલ. આમાંના હરિલાલની પુત્રી રામીબેન, આ રામીબેનના પુત્ર ડૉ. પ્રબોધભાઈ પરીખ અને આ પ્રબોધભાઈના સુપુત્રી તે આપણા સોનલબેન પરીખ.

ગાંધીજી સાથેના સોનલબેનના આ સંબંધની મને ખબર જ નહિ.

મને તો આ સોનલબેનનો માત્ર શબ્દ પરિચય જ. પ્રત્યેક શનિવારે 'જન્મભૂમિ'માં એમની ફિલ્મી ગીતોનું રસદર્શન કરાવતી કોલમ 'છૂકર મેરે મન કો' અને એ કલમથી 'જન્મભૂમિ'માં લખાયેલા એમના અન્ય લેખોનો હું નિયમિત વાંચક. એમના લેખોમાં મને સંશોધન, ચિંતન અને સર્જનાત્મકભાવની અનુભૂતિ થતી. એ લેખોનું ઊંડાણ મને એવું સ્પર્શી જતું કે હું એ ચિંતનાત્મક લેખિકાનો 'ફેન' બની ગયો.

આ સંસ્થા મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન'નો ગાંધી જીવન અને ગાંધી ચિંતન સાથે અતૂટ નાતો. ભૂતકાળમાં ગાંધી ચિંતન વિષયક વિશિષ્ટ અંકો પ્રકાશિત કરેલા, છેલ્લે જાન્યુઆરી ૨૦૧૩માં.

આ વરસે પણ ગાંધીજી વિશે ખાસ અંક પ્રગટ કરવાની ભાવના જન્મી. ગાંધી જીવન અને ચિંતનમાં બોળાયેલી કલમ હું શોધતો હતો. સમય ઓછો હતો અને પરિશ્રમ વધુ હતો.

પરમ મિત્ર ડૉ. નરેશભાઈ વેદ સાથે ફોન ઉપર અન્ય ચર્ચા કરતા મેં મારી મૂંઝવણ રજૂ કરી અને નરેશભાઈએ મારા આશ્ચર્ય વચ્ચે ગાંધીજી સાથેનો સોનલબેનનો કૌટુંબિક સંબંધ દર્શાવી આ સોનલ પરીખનું નામ સૂચવ્યું. મારા માટે તો બગાસું ખાતા પતાસું આવી ગયું ! ?

વિચારોનું સામ્ય બે વ્યક્તિનો કેવો આકસ્મિક મેળાપ કરાવી દે છે ! ગજબના છે આ બ્રહ્માંડના તરંગો.

સોનલ પરીખ સાથેની મારી પહેલી મુલાકાત, પુસ્તકો વચ્ચે, કાલાઘોડા-ફોર્ટની સાસુન ડેવીડ લાયબ્રેરીમાં. વાતો વાતોમાં સંકોચના પડળ દૂર થતા ગયા અને સામ્ય વિચારો અને ધ્યેયની પાંખડીઓ ખુલતી ગઈ. આ અંકની પરિકલ્પનાની ચર્ચા થઈ. મારા આશ્ચર્યોના ગુણાકાર થયા. ગાંધી લોહી તો સોનલબેનની નસોમાં દોડે છે પણ ગાંધી સાહિત્યથી આટલા બધાં વિભૂષિત અને ઝબોળાયેલા હશે એની તો મને કલ્પના પણ નહિ. સોનલબેનને સમજવાનું મારું વર્તુળ મોટું થતું ગયું. આભાર નરેશભાઈ.

વિષયની ચર્ચા થઈ અને સોનલબેને એકલે હાથે બધું કામ ઉપાડી લીધું. જી, એકલે હાથે જ, મારી કોઈ સહાય નહિ. અમે અને અમારી ટીમે એક સિસ્ટમ ગોઠવી લીધી. હું તો એમની ગાંધી વાતોથી એવો પ્રભાવિત થઈ ગયો હતો કે મારે નિશ્ચિંત થઈ જવું જ યોગ્ય હતું.

અધ્યયનશીલ આ સોનલબેનનો જન્મ ગુજરાતના ખેડા જિલ્લાના ધર્મજ ગામમાં, ઉછેર મોરબીમાં, ત્યાં ગુજરાતી સાહિત્યનો વિષય લઈ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે આવી બી.એ.ની પદવી, પછી રાજકોટમાં એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. અહિં પણ એઓ પ્રથમ ક્રમે એ પણ ગોલ્ડ મેડલ સાથે.

સાહિત્યની સાથોસાથ કંઠ્ય સંગીતનો અભ્યાસ કરી સંગીત વિશારદ થયા. એટલે જ તો ફિલ્મી ગીતોનો રસાસ્વાદ કરાવતા એ ગીતના રાગોની વિશદ્ છણાવટ કરે છે. આમ શબ્દ અને સૂર બન્નેના ઊંડા અભ્યાસી.

મુંબઈની એસ.એન.ડી.ટી. કૉલેજમાંથી ગુજરાતી અંગ્રેજી વિષય સાથે પ્રથમ વર્ગમાં બી.એડ.ની ઉપાધિ પ્રાપ્ત કરી.

થોડાં વર્ષ ઘર અને સંતાનોને પૂર્ણપણે સમર્પિત રહી, ૨૦૦૦ના અરસામાં તેઓ સાહિત્ય સૃષ્ટિમાં ફરીવાર પ્રવેશ્યા. ૨૦૦૩માં પહેલો કાવ્ય સંગ્રહ પ્રગટ થયો. ૨૦૦૫માં ભારતીય વિદ્યા ભવનમાં 'નવનીત-સમર્પણ'ના તંત્રી વિભાગમાં જોડાયા. ત્યાર પછી મુંબઈ સર્વોદય મંડળ અને મણિભવન-ગાંધી સ્મારક નિધિમાં સંશોધન અને વહીવટી ક્ષેત્રે સક્રિય રહ્યાં અને ૨૦૧૦ થી 'જન્મભૂમિ' પત્રોમાં જોડાઈ ગયા.

'નિશાન્ત' અને 'ઊઘડતી દિશાઓ' તેમના કાવ્યસંગ્રહો છે. 'છૂકર મેરે મન કો' જૂના ફિલ્મી ગીતો પરનું પુસ્તક છે. આ ઉપરાંત અનુવાદના દસથી વધારે પુસ્તકો પ્રગટ થયાં છે. ૩૦૦થી વધારે પુસ્તકોના અવલોકનો કર્યાં છે.

સોનલબેન તમારી આ શબ્દ સેવા માટે અમે આભાર તો કેવી રીતે માનીએ ? તમારી શબ્દ યાત્રા અવિરત મંગળમય ગતિ કરતી રહે એવી શુભેચ્છા પાઠવીએ.

शांतानुकूल पवनश्च शिवश्च पंथा:।

આ અંકના સર્જનથી તમે ગાંધીજીના અને અમારા આત્માને સ્પંદિત – છૂકર – કર્યો છે. ગાંધીની અને અમારી સંવેદનાને ઝંકૃત કરી છે.

તમે મીઠી ફરિયાદ કરી કે આ અંક તૈયાર કરવામાં તમને સમય ઓછો પડ્યો, અને તાણ પડી, તો લ્યો હવે એક આખું વરસ આપ્યું, ૨૦૧૬ ફેબ્રુઆરીના ગાંધી વિષયક અંક માટે. વિષય-શીર્ષક નક્કી કરો. હવે તમે ફરિયાદ ન કરતા અને અમે તમને ફરી–યાદ નહિ કરાવીએ એવી અમને તમારામાં શ્રદ્ધા છે–આ અંક જેવી!

**☐ ધનવંત**

૨૧-૧-૨૦૧૫







# બે બોલ...

□ સોનલ પરીખ

લગભગ દોઢ મહિના પહેલા મારા ગુરુ નરેશભાઈ વેદનો ફોન આવ્યો, 'બેટા!' તેઓ મને આ રીતે જ સંબોધે છે. 'એક સરસ કામ સોંપવું છે તને.' અને એમણે મને કહ્યું કે તેમના મુંબઈવાસી મિત્ર અને મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી ડૉ. ધનવંતભાઈ શાહ, મહાત્મા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે 'પ્રબુદ્ધ જીવન'નો વિશેષ અંક તૈયાર કરવા માગે છે અને 'તારે એ અંકનું સંપાદન કરવાનું છે.'

આવો સરસ પડકાર ઝીલવાનું કોને ન ગમે ? થોડા દિવસ પછી ડેવિડ સાસુન લાયબ્રેરીમાં ધનવંતભાઈ અને હું મળ્યાં. આ અમારી પહેલી મુલાકાત હતી.

મહાત્મા ગાંધી એટલે અનંત, અખૂટ વિષય. એ મહાસાગરમાંથી કયાં ટીપાં અમારે અમારી અંજલિમાં ભરવા ? ધનવંતભાઈ બાપુ અને મીરાંબહેનના પત્રોનું નવું પ્રગટ થયેલું પુસ્તક લાવ્યા હતા. 'ગાંધીજીનું અધ્યાત્મ' વિષય પણ વિચારી જોયો. અંતે ગાંધી જીવનનો અંતિમ અધ્યાય' એ વિષય પર પસંદગીની મહોર લાગી.

પણ ગાંધીજી જેનું નામ. એમના જીવનનો અંતિમ તબક્કો એ દેશ માટે પણ મોટી રાજકીય ઊથલપાથલ અને ભયાનક હિંસાચારનો તબક્કો હતો. અનેક વાતો, અસંખ્ય લખાણો, પાર વગરના વિચારો, પ્યારેલાલજીનું 'પૂર્ણાહુતિ', ઉમાશંકર જોશીનું 'જીવનનો કલાધર', મહેન્દ્ર મેઘાણીનું 'આંસુ લૂછવા જાઉં છું', નારાયણ દેસાઈનું 'મારું જીવન મારી વાણી' અને 'જિગરના ચીરા', લૉર્ડ ભીખુ પારેખનું 'ગાંધી', ઉષાબહેન ઠક્કરનું 'અન્ડરસ્ટેન્ડિંગ ગાંધી', જસ્ટીસ ખોસલાનું 'ધ મર્ડર ઑફ ધ મહાત્મા', ચુનીભાઈ વૈદ્યનું 'સૂરજ સામે ધૂળ', નગીનદાસ પારેખ, રામનારાયણ પાઠક, મનુબહેન ગાંધી, કમળાબહેન પટેલ, અશોકા ગુપ્તાના પુસ્તકો, 'કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી', પ્રાર્થના પ્રવચનો–'જન્મભૂમિ'ની ચાલુ નોકરી અને રોજની મીરારોડ-ચર્ચગેટની મુસાફરી સાથે આ બધામાંથી પસાર થતાં હું હાંફી ગઈ. તેમાંની હકીકતો એવી કે જીવ અંદર અંદર ખૂબ વલોવાયા કરે. મગજમાં વિચારોનું ઘમસાણ ચાલે પણ શરૂ ક્યાં કરવું, પૂરું કેમ કરવું, કોને કોને આ અંક સાથે કેવી રીતે સાંકળવા–કશું સૂઝે નહીં. અઘરું લાગે તેથી ગભરાઈ જવાનું તો સ્વભાવમાં નહીં, પણ વિષય ઘણો વિરાટ છે–તેને યોગ્ય રીતે મૂકવો હશે તો જવાબદારીપૂર્વક અને ખૂબ મહેનત કરવી પડશે તે બરાબર સમજાતું હતું.

મનુષ્યયત્ન ને ઈશ્વરકૃપા. અંતે મૂંઝવણનું વાદળ આછર્યું. અદ્‌ભુત સાથ પણ મળતો ગયો. પ્યારેલાલ, નારાયણ દેસાઈ, મહેન્દ્ર મેઘાણી, ધીરુબહેન પટેલ, નગીનદાસ સંઘવી, નરેશભાઈ વેદ, ચુનીભાઈ વૈદ્ય, લૉર્ડ ભીખુ પારેખ, દિનકર જોશી, યોગેન્દ્ર પરીખ, નીલમ પરીખ, યોગેન્દ્ર પારેખ, તુષાર ગાંધી, જિતેન્દ્ર દવે જેવા ધુરંધરોની મુલાકાત વાચકોને આ અંકના પૃષ્ઠ પર કરાવવાનું શક્ય બન્યું.

એટલે આજે આ અંક સુજ્ઞ વાચકો સામે મૂકાય છે. મહાત્મા ગાંધીના જીવનના અંતિમ તબક્કા સાથે સંકળાયેલા ભારતના ભાગલા, કોમી હિંસા, સ્વાતંત્ર્ય પ્રાપ્તિ, મહાત્મા ગાંધીના છેલ્લા ઉપવાસ, તેમની હત્યા, હત્યારાઓ પર ચાલેલો કેસ–સજા, દેશવિદેશના મહાનુભાવોની શ્રદ્ધાંજલિઓ અને વડાપ્રધાન પદ માટે ગાંધીજીએ સરદારના ભોગે પંડિત નહેરુની કરેલી પસંદગી–આ રીતે વિષયને આવરી લેવાનો યથાશક્તિ યથામતિ પ્રયત્ન કર્યો છે.

આ અંકની તૈયારી દરમ્યાન જીવનને, ઇતિહાસનાં પૃષ્ઠોને પલટી નાખે એવી ભવ્ય અને ભીષણ ઘટનાઓમાંથી જે રીતે પસાર થવા મળ્યું તે મારે મન ઘણી મોટી પ્રાપ્તિ છે. એ તક મને આપવા માટે હું ધનવંતભાઈ તેમ જ મુંબઈ જૈન યુવક સંઘનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. અંતરની નિસબતથી લેખો મોકલી આપનાર મિત્રો, વડીલોનું ઋણ ઉતારવું મુશ્કેલ છે. મુંબઈ જૈન યુવક સંઘની કાબેલ અને પડ્યો બોલ ઝીલનારી ટીમના સહકાર વગર તો કંઈ થાત જ નહીં. 'જન્મભૂમિ'ના તંત્રી અને મારા ઉપરી કુન્દનભાઈ વ્યાસનું પ્રોત્સાહન, ધનવંતભાઈએ પૂર્ણ વિશ્વાસ સાથે આપેલી સ્વતંત્રતા અને કામ કરવાની મોકળાશ અને 'અટકીશ તો એમને રસ્તો પૂછી લઈશ' એવી નરેશભાઈની કાયમી બાંહેધરી–સૌનો અંતઃકરણપૂર્વક આભાર માની બધું કરનાર–કરાવનાર પરમ-શક્તિને મસ્તક નમાવું છું. ✷✷

### મનની વાત

*અમે બાળપણથી જાણતા કે મહાત્મા ગાંધી અમારા પૂર્વજ છે પણ આ વાત અત્યંત સ્વાભાવિકતાથી અમને કહેવાઈ હતી. મોટા માણસના વંશજ હોવાની કોઈ સભાનતા વગર અમે ઊછર્યાં અને પોતપોતાના ભાગે આવેલા સંઘર્ષોનો સામનો કરી પોતાનો જીવન માર્ગ આવડ્યો તેવો કંડાર્યો. અમે કદી કોઈને કહેવા પણ ગયા નથી કે અમે ગાંધીજીના સંતાનો છીએ, તો તેમના નામનો ઉપયોગ કરવાનું તો સૂઝે જ ક્યાંથી ? આવા વલણ માટે અમને મૂર્ખ કહેનારા ઓછા નથી. ઘણા તો આવીને દયા ય ખાઈ જાય છે કે ગાંધી કુટુંબને લાભ લેતા ન આવડ્યું. પણ અમે તો આવા જ છીએ. અમને અમારા આવા હોવાનો રંજ કે પસ્તાવો નથી. આયુષ્યના આ તબક્કે તો ગૌરવ છે. પણ હા, આયુષ્યના આ તબક્કે મારામાં ગાંધીજીનું સંતાન હોવાની જરા સભાનતા જરૂર આવી છે. એ સભાનતા મને મારું સત્ય લઈ દુનિયા સામે ઊભા રહેવાની શાંત તાકાત આપે છે, નિર્ભયતા આપે છે.*

એકાંત અને એકલતા રચનાત્મક અને સર્જનાત્મક હોઈ શકે.

# ભાગલાનું રાજકારણ

□ નારાયણ દેસાઈ

*[ મહાત્મા ગાંધીના અંગત સચિવ મહાદેવભાઈ દેસાઈના પુત્ર નારાયણ દેસાઈ ગાંધીજીના આશ્રમમાં ઉછર્યા. ઔપચારિક કેળવણી લીધી નહીં પણ ગાંધીજી, મહાદેવભાઈ અને આશ્રમવાસીઓની જીવંત કેળવણી પામ્યા. મૂળભૂત શિક્ષણ અને ખાદીનાં વણાટ પર જીવનભર કામ કર્યું. ગાંધીકથા અને ગાંધી પુસ્તકો દ્વારા નવી પેઢીને ગાંધી અભિમુખ કરવા પ્રયત્નશીલ નારાયણ દેસાઈના પુસ્તક 'જિગરના ચીરા'માંથી આ પ્રકરણ તૈયાર કરાયું છે, જે ભારતના વિભાજનના ભીષણ ઇતિહાસ પાછળ રહેલા રાજકારણ પર પ્રકાશ ફેંકે છે. ]*

જેને પરિણામે ભારતના ટુકડા થયા, અંગ્રેજોની 'ભાગલા પાડો ને રાજ્ય કરો'ની એ કુટિલ નીતિ ૧૯૫૭ના બળવા પછીથી જ અમલમાં મુકાવી શરૂ થઈ હતી. ત્યારે યુરોપના સવાસો જેટલાં સંસ્થાનોમાં ભારત મુકુટમણિ જેવું હતું. ઈંગ્લેન્ડની કુલ સંપત્તિના મૂળમાં ભારતમાંથી ઢસડી લાવેલા ધનનો સિંહફાળો હતો. સેનાનો મોટો હિસ્સો પણ અંગ્રેજોને ભારતમાંથી મળ્યો હતો.

વહીવટ સંભાળી લીધા બાદ અંગ્રેજોએ ભારતની પરંપરા બદલી અંગ્રેજી શિક્ષણ લાદ્યું જેથી આટલા મોટા દેશનો કારભાર ચલાવવા માટે તેમને ગુલામ માનસના બાબુઓ મળી જાય. બીજી તરફ ભારતના ખૂણેખૂણેથી કાચો માલ વિલાયત લઈ જઈ, યંત્રો વડે બનતો પાકો માલ ભારતને વેચી ભારતના ગૃહ ઉદ્યોગોની કમર તોડી નાખી. ત્રીજી તરફ રમત ચાલી 'ભાગલા પાડો ને રાજ્ય કરો'ની.

આ ખેલ ૧૮૫૭ થી ૧૯૪૭ સુધી ચાલ્યો. પહેલાં હિંદુઓને ટેકો આપી 'જો બળવો સફળ થાત તો પાછું મોગલ મુસલમાનોનું જ રાજ્ય આવત. તમને શું મળત?' જેવી ઉશ્કેરણીથી મુસ્લિમોને અળખામણા કર્યા. ૧૮૮૫માં કૉંગ્રેસની સ્થાપના થઈ તેમાં અંગ્રેજી અમલદારોનો હાથ હતો. પણ કૉંગ્રેસને સંગઠિત થતી જોઈ અંગ્રેજ હાકેમો ચોંક્યા. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના, તેમાં રમાતા રાજકારણના મોટા ખેલ, મુસ્લિમ લીગની સ્થાપના, બંગાળના ભાગલા, મોર્લેમિન્ટો અને મોન્ટેગ્યુ ચેન્સફર્ડ સુધારાના નામે બંને કોમો વચ્ચે ખોદાતી ખાઈ ને ખિલાફત ચળવળ, ભેદનીતિ સફળ થતી રહી. ૩૭ની ચૂંટણી પછી બંને કોમો વચ્ચેની ખાઈ કદી ન પુરાય તેવી વિરાટ થઈ ગઈ હતી.

૧૯૩૭માં મુસ્લિમ લીગનું પચીસમું અધિવેશન લખનૌમાં ભરાયું. તેમાં એવા આગઝરતાં ભાષણો થયાં કે ગાંધીજી બોલ્યા, 'આ તો જાણે યુદ્ધની ઘોષણા કરતા હોય તેવું લાગે છે!' પછીના વર્ષમાં લીગની હજારો સભાઓ ભરાઈ, ૧૭૪ શાખાઓ ખૂલી, કોમી હુલ્લડો થયાં. લીગ થોડા પ્રાંતોની પેટા ચૂંટણીઓમાં જીતી. જો કે વધુ બેઠકો કૉંગ્રેસને જ મળી હતી.

અંગ્રેજોએ તક ઝડપી. 'લીગની માગણીઓ બાજુ પર રહી જશે. લોકશાહી આવશે તો પહેલાં જે મુસ્લિમ રાજ હતું તે નહીં રહે.' લીગે નારો લગાવ્યો. 'ઈસ્લામ જોખમમાં છે.' ૩૭ થી ૪૬ સુધીના વર્ષોમાં લીગનો ફેલાવો કલ્પનાતીત ઝડપે થયો.

જાણે અજાણે આગમાં થોડું ઘી કૉંગ્રેસે પણ પૂર્યું. તેની મિટીંગોમાં ગવાતું વંદે માતરમ્, રાષ્ટ્રભાષા પ્રચારની તેની નીતિ, નઈ તાલીમ – આ બધું 'હિંદુ' છે કહી લીગ તેનો વિરોધ કરતી રહી. અંગ્રેજ સરકાર સીધી – આડકતરી મદદ કરતી રહી. અંગ્રેજોની સરકારી ફાઈલોમાં એવા કેટલાય પત્રો છે જેમાં આ બધું જોઈ સંતોષ વ્યક્ત થતો હોય, જેના એક હાકેમ બીજાને સલાહ આપતો હોય કે 'ઝીણા જેવા છે તેવા, તેમને સાચવો, તે આપણા માણસ છે' કારણ કે અંગ્રેજોને કૉંગ્રેસની આઝાદીની માગણીને ટાળવા માટેનું 'લઘુમતીના હિત'નું બહાનું ઝીણા પૂરું પાડી રહ્યા હતા. અંગ્રેજો અને ઝીણાનો સંબંધ ૧૯૪૬-૪૭માં વધતો વધતો ભાગીદારી સુધી પહોંચ્યો. અંગ્રેજોની મદદથી ઝીણા કૉંગ્રેસની પ્રતિષ્ઠા તોડતા રહ્યા, પોતાની પ્રતિષ્ઠા વધારતા ગયા ને બ્રિટીશ શાસનને મજબૂત બનાવતા ગયા.

અને કૉંગ્રેસ? કૉંગ્રેસ મજબૂત હતી, પણ તેના પર આઠ રાજ્યોનો વહીવટ કરવાની જવાબદારી હતી, ને લીગ પાસે કૉંગ્રેસનો વિરોધ કરવાનો એકમેવ કાર્યક્રમ હતો. કૉંગ્રેસ સમાધાન, વાટાઘાટના પ્રયત્નો કરતી. પ્રયત્નો નિષ્ફળ જતા. વળી રાજનૈતિક કામ જેટલું ધ્યાન કૉંગ્રેસ રચનાત્મક કામો પર આપી શકી ન હતી. જો આપી શકી હોત તો ખાદી, ગ્રામોદ્યોગ વગેરેના માધ્યમથી લાખો ગરીબ મુસલમાનોને વાળી શકાત. લીગ પાસે તો આવો કોઈ કાર્યક્રમ હતો નહીં. જો કૉંગ્રેસે ખંતપૂર્વક એ કર્યું હોત તો મુસ્લિમ આમજનતા તેના તરફ વળી હોત.

આ તરફ કોમવાદી હિંદુત્વવાદી તત્ત્વો સંગઠિત થતા હતા. સાવરકરે 'હિંદુત્વ' પુસ્તકમાં લખ્યું કે આ દેશમાં બે રાષ્ટ્ર છે. એક હિંદુ રાષ્ટ્ર, બીજુ મુસ્લિમ રાષ્ટ્ર.' ઝીણાએ બે રાષ્ટ્રની વાત અહીંથી ઝીલી હોય તેમ પણ બને.

* * *

૧૯૪૨ના ઑગસ્ટમાં ગાંધીજી અને અન્ય નેતાઓની ધરપકડ પછી દેશમાં હિંસા અને તોડફોડ ચાલી. વાઈસરોય લિનલિથગોએ પ્રચાર કર્યો, 'કૉંગ્રેસને લીધે હિંસા થઈ. તેને માટે ગાંધી જવાબદાર છે.' જો કે ગાંધીજીને જેલમાં પૂરીને કે તેમના વિરુદ્ધ પ્રચાર કરીને વાઈસરોય ગાંધીને ચૂપ રાખી શકે તેમ ન હતું. ગાંધીજીના આત્માનો પોકાર કોઈથી, કશાથી અવરોધાય તેમ ન હતો. તેમણે સરકાર સાથે પત્રવ્યવહાર આદર્યો: 'જો તમે મને હિંસા માટે જવાબદાર ઠેરવવા માગતા હો તો તેનો જાહેર ઇન્કાર કરવાનો મને અધિકાર છે. તમે મને જેલમાંથી ન છોડવા માગતા હો તો જાહેર નિવેદન આપવાનો મને અધિકાર છે.' પણ ગાંધીજીના જાહેર નિવેદનને પણ છાપવા સરકાર તૈયાર ન હતી. ગાંધીજી બ્રિટન પાસેથી સિંગાપુર, મલાયા, બ્રહ્મદેશ પડાવી લેનાર જાપાનીઓ સાથે ભળેલા છે તેવો અપપ્રચાર પણ કોઈ પુરાવા વિના અંગ્રેજો કરતા હતા. આગાખાન પેલેસમાં કેદ ગાંધીજી, પત્રવ્યવહારનું કોઈ પરિણામ આવતું ન જોઈ ૨૧ દિવસના ઉપવાસ પર ઉતર્યા. લિનલિથગો અકળાયા. 'આ તો રાજકીય બ્લેકમેલ છે.' ચર્ચિલે કહ્યું, 'ડોસો મરતો હોય તો ભલે મરે.'

* * *

બીજા વિશ્વયુદ્ધનો ઉત્તરાર્ધ હતો. અંગ્રેજો મુશ્કેલીમાં હતા. તેમણે જાહેર કર્યું કે ભારત મિત્રરાષ્ટ્રો (બ્રિટન, અમેરિકા, ચીન)ની પડખે રહી લડશે. ગાંધીજી કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે લિનલિથગોને મળ્યા. 'ઈંગ્લેન્ડ યુદ્ધમાં જોડાવા અંગેનો ઉદ્દેશ જાહેર કરે. જો તે માનવજાતને સરમુખત્યારની ગુલામીમાંથી બચાવવા યુદ્ધે ચડવાનું હોય તો પછી હિંદને આઝાદ કરે.' સરકારે સાંભળ્યું નહીં. આના વિરોધમાં આઠે પ્રાંતના કૉંગ્રેસી પ્રધાન મંડળોએ રાજીનામાં આપ્યાં. અંગ્રેજોએ યુદ્ધ નિમિત્તે અખબારી સ્વાતંત્ર્ય પર તરાપ મારી હતી, તેના વિરોધમાં કૉંગ્રેસે વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો. તેમાં ૨૩,૦૦૦ સત્યાગ્રહીઓએ ભાગ લીધો.

આ વાતાવરણમાં 'ભારતને જે જોઈએ છે તે બધું' લઈને ઈંગ્લેન્ડે ક્રિપ્સને ભારત મોકલ્યા. લંડનથી તેમને ભારતમાં કોને કોને મળવું તેની યાદી આપવામાં આવી હતી, જેમાં ગાંધીજીનું નામ ન હતું. લિનલિથગોએ તે અને અન્ય અમુક નામ ઉમેરાવ્યાં. ૨૧ માર્ચ, ૧૯૪૨ના દિવસે ગાંધીજીને ક્રિપ્સને મળવા દિલ્હી બોલાવાયા. બે કલાક વાતો ચાલી. તે જ વખતે સ્પષ્ટ પ્રતિભાવ આવ્યો, 'આ જ, આટલું જ આપવું હતું તો ધક્કો શા માટે ખાધો ? વળતા વિમાનમાં ઇંગ્લેન્ડ ચાલ્યા જાઓ.' કૉંગ્રેસે એક મહિનો વિચારી અંતે અસંમતિ બતાવી. લીગ, હિંદુ મહાસભા, શીખો બધાએ પણ પછી ઈન્કાર કર્યો. ગાંધીજીને ચોખ્ખો ઈન્કાર કરવામાં બે જ કલાક લાગ્યા જ્યારે બીજા પક્ષોને મહિનો લાગ્યો.

ક્રિપ્સ શ્રમિક પક્ષના, નહેરુના મિત્ર જેવા હતા. ચર્ચિલ અને તેમના રૂઢિચુસ્ત પક્ષે હિંદને કશું આપવાની દાનત વિના યુદ્ધકાળે હિંદને બોલતું બંધ કરવા ક્રિપ્સને વાપર્યા હતા. ક્રિપ્સે વિલાયત જઈ પોતાની નિષ્ફળતાની જવાબદારી ગાંધીજી પર ઢોળી.

* * *

ગાંધીજીની વ્યાવહારિકતા આદર્શવાદી હતી જ્યારે સરદારનો આદર્શવાદ વ્યવહારુ હતો. આ ભેદ છતાં બંને ગાઢ મિત્રો હતા. છેલ્લા કાળમાં આ ભેદ ઘણા પ્રમાણમાં પ્રગટ થયો–જાહેરમાં પણ– અને વિઘ્નસંતોષીઓ સાચી-ખોટી વાર્તાઓ ઉપજાવતા થયા. મતભેદ છતાં સરદારની ગાંધી પ્રત્યેની ભક્તિ અને ગાંધીનો સરદાર પરનો વિશ્વાસ અડીખમ અને અકબંધ હતા.

માઉન્ટબેટને ભાગલાની વાત

## કડવા ઘૂંટ

૧૯૪૬માં કૉંગ્રેસ પ્રમુખ મૌલાના આઝાદે ગાંધીજીને જણાવ્યા વિના અને ગાંધીજીના અપેક્ષિત દૃષ્ટિકોણની વિરુદ્ધ જઈને, વિઝિટિંગ બ્રિટીશ મિનીસ્ટર સ્ટેફોર્ડ ક્રિપ્સ પર એક પત્ર લખ્યો–ખાનગી પત્ર–કે પોતે અને કૉંગ્રેસ ભારતના ભાગલા કરવા સંમત છે. ક્રિપ્સે જ્યારે ગાંધીજીને બોલાવ્યા, ગાંધીજી આ પત્રથી અજાણ હતા તે જોઈ ક્રિપ્સને ખૂબ નવાઈ લાગી. તેમણે ગાંધીજીને એ પત્ર આપ્યો. બીજા દિવસે ગાંધીજીએ આઝાદને આ બાબત પૂછ્યું ત્યારે જૂઠું બોલ્યા. ગાંધીજી પાસે એ પત્ર હતો, છતાં ગાંધીજી મૌન રહ્યા. તેઓ ચાલ્યા ગયા પછી ગાંધીજીના સેક્રેટરીએ એ પત્રની નકલ કરી કે ભવિષ્યમાં કામ આવે. ગાંધીજીએ તેમને ઠપકો આપ્યો. નકલ ફાડી નાખવા અને મૂળ પત્ર ક્રિપ્સને પાછો આપી દેવા કહ્યું અને મૌલાનાનો વિશ્વાસ જીતી ન શક્યા તેવો આરોપ પોતાની જાત પર મૂક્યો.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી તેઓ છ મહિના પણ ન જીવ્યા. આ ગાળામાં મોટો ભાગ હિંસાને શમાવવામાં ગયો. બાકીના વખતમાં તેઓ ભારતને મજબૂત કરવા અને રાષ્ટ્ર તરીકે તેનું ભવિષ્ય ઘડવા વિશે વિચારતા. તેઓ વડાપ્રધાન નહેરુને સલાહ આપતા, વિરોધીઓથી તેમનું રક્ષણ કરતા અને કહેતા કે જવાહરને રાષ્ટ્રનું ઘડતર કરવા દો. કૉંગ્રેસનું રૂપાંતર સેવક સંઘમાં કરવાની તેમની ઈચ્છા હતી, જે રચનાત્મક કાર્યો પર ભાર મૂકી ગ્રામવિકાસ કરે, સરકાર પર ચાંપતી નજર રાખે અને અન્યાય થાય તો સત્યાગ્રહ કરે. તેમની આ ઈચ્છા ફળીભૂત થઈ નહીં.

લૉર્ડ ભીખુ પારેખ

('ગાંધી' પુસ્તકમાંથી)

નહેરુ, સરદાર અને ઝીણા સાથે જ કરી હતી. શરૂઆતમાં આ મુદ્દો ગાંધીજી સાથે પણ ચર્ચાયો. ભાગલા ટાળવા ગાંધીજીએ નવ મુદ્દાની યોજના મૂકી, જેમાં માઉન્ટબેટને પહેલાં તો થોડો રસ બતાવ્યો, પણ કૉંગ્રેસ કારોબારીનો આ યોજનાને પૂરો ટેકો ન હતો તે જાણ્યા પછી તેમણે રસ લેવાનું બંધ કરી દીધું. ભાગલા પડતા હોય તો પડવા દઈને વહેલી તકે સત્તા સમેટી લેવી એ માઉન્ટબેટનનો ઉદ્દેશ હતો. તેમણે ગાંધીજીની યોજના પર ચર્ચા જ થવા દીધી નહીં. વિભાજન ને સ્વતંત્રતાની વાતોથી ગાંધીજીને દૂર જ રાખ્યા. સરદાર અને નહેરુએ પણ મન મનાવ્યે રાખ્યું કે ગાંધીજી દૂર છે, છેલ્લી ઘટનાઓના સંપર્કમાં નથી, તેમને ચર્ચાઓમાં ભેળવવાનો કંઈ અર્થ નથી.

કૉંગ્રેસ કારોબારીએ ભાગલાનો સ્વીકાર કર્યો એ ખબર ગાંધીજીને મળ્યા ત્યારે તે નોઆખલી–બિહારના કોમી દાવાનળને ઠારવા ઘૂમી રહ્યા હતા. તેમને જાણીને આંચકો લાગ્યો. તરત નહેરુ અને સરદારને પત્રો લખ્યા. નહેરુએ જવાબ ન આપ્યો, સરદારે લખ્યું, 'આપ દૂર હતા, પણ જે થયું છે તે વિચારપૂર્વક થયું છે.'

ગાંધીજી આઘાત પચાવી ગયા અને પરિસ્થિતિ સ્વીકારી, પણ માઉન્ટબેટનને કહ્યું કે વસતીની ફેરબદલી કરશો નહીં. તેનાથી લોહીની નદીઓ વહેશે. સરદાર અને નહેરુને પણ જોખમનો અંદાજ હતો, પણ તેમને લાગતું હતું કે પહોંચી વળાશે. ગાંધીજીએ એ પણ કહ્યું કે ભાગલાની પ્રક્રિયામાં અંગ્રેજો વચ્ચે ન હોવા જોઈએ. બંને દેશોના નેતાઓ મળીને છેવટના નિર્ણય લે. ઝીણા કે કૉંગ્રેસી નેતાઓને પણ આ માન્ય ન હતું.

* * *

જમીનની, શસ્ત્રોની, સૈન્યની, મિલકતની વહેંચણી માટે કમિટીઓ બેઠી.

ઉત્તર ભારત કોમી દાવાનળમાં ભડકે બળવા લાગ્યું. વહેંચાયેલી ભૂમિના બંને ટુકડાઓ પરથી મોટી મોટી વણઝારો ચાલતી હતી. સેના ખસેડાઈ. તેના બે ભાગ પડ્યા જે એકમેક સામે લડવાના હતા.

૧૯૪૭ ઑગસ્ટમાં અંગ્રેજો બળતું ઘર કૃષ્ણાર્પણ કરી ગયા. બંને દેશોના સેંકડો દેશી રજવાડાનો પ્રશ્ન ઊભો હતો. વહીવટ કેવી રીતે ચલાવવો એ જ મોટો પ્રશ્ન હતો. ન નેતાઓ તૈયાર હતા, ન અધિકારીઓ. જે અધિકારીઓને વહીવટ સોંપાયો તે અંગ્રેજોના ધારાધોરણો મુજબ તૈયાર થયેલા હતા.

આ ધમાલમાં પ્રજા વીસરાઈ ગઈ હતી. ભાગલા, કાપાકાપી, વિસ્થાપન અને યાતનાઓ જેને સહેવાના આવ્યા, તે પ્રજાને પૂછીને કોઈ નિર્ણય લેવાયા ન હતા.

અને આ આરાજકતામાં ખોવાઈ ગઈ એક મોટા ક્રાંતિકારી પરિવર્તનની તક પણ. તે વખતે નિષ્ઠાવાન, વિચારવાન લોકો ઘણા હતા. પરિવર્તનની ભૂમિ પણ તૈયાર હતી. તેઓ જો મોટાં પગલાં લેત તો પ્રજા તેમની પાછળ જાત. પણ આ તક ગઈ.

પ્રધાનો, બ્રિટીશ અમલદારો જેવું વૈભવી જીવન જીવતા રહ્યા. લોકોથી દૂર થતા ગયા. ગાંધીજીની વેદનાનું એક કારણ આ પણ હતું. તેઓ કહેતા કે સાદું જીવન જીવો. લોકોના પ્રતિનિધિ છો તો લોકોની વચ્ચે રહો. તેમનું કોઈ સાંભળતું નહીં. ✷ ✷

(સંકલન : સોનલ પરીખ)


## અનેકાન્તવાદ

- મહાવીર જનકલ્યાણક પ્રસંગે તા. ૧૬–૩–૨૦૧૫નો 'પ્રબુદ્ધ જીવન'નો વિશિષ્ઠ અંક ઉપરોક્ત શીર્ષકથી પ્રકાશિત થશે.
- અનેકાન્તવાદના વિવિધ પાસાઓનું વિદ્વાન મહાનુભાવો સરળ ભાષામાં પોતાનું ચિંતન પ્રસ્તુત કરશે.
- આ વિશિષ્ઠ અંકનું સંપાદન કરશે મણિબેન નાણાવટી કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષા, જૈન ધર્મ અને ગુજરાતી સાહિત્યના અભ્યાસી

**ડૉ. સેજલબહેન શાહ**

- આ સમગ્ર અંકના સૌજન્યદાતા છે–
- જ્ઞાનપ્રોત્સાહક શ્રીમતી ઇન્દુમતિ એસ. વસા
- પ્રભાવના માટે પોતાને ઇચ્છિત નકલોનો ઓર્ડર શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસમાં લખાવવા વિનંતી.
- અંકની કિંમત રૂા. ૬૦/–
- જ્ઞાન આરાધના જ્ઞાનકર્મનું ઉપાર્જન છે.
- વસ્તુ કરતાં વાંચનની ભેટ ચિરંજીવ અને પ્રેરક છે.


## अहिंसा के पुजारी

*तेरे मातम में शामिल है ज़मीं ओ आसमांवाले,*
*अहिंसा के पुजारी, शोक में हैं दो जहाँवाले।*
*मेरे गाँधी, ज़मीं वालों ने तेरी कद्र जब कम की,*
*उठाकर ले गये तुझको ज़मीं से आसमांवाले।*
*उसी को मार डाला जिसने सर उँचे किए सब के,*
*न क्यों गैरत से सर नीचा करें हिन्दोस्तांवाले।*
*जबाँ आँखों से लेकर आंसुओं ने ताव गो पाई,*
*तुम्हारे शोक में खामोंश बैठे हैं ज़बां वाले।*
*ज़मीं पर उनका मातम है फलक पर धूम है उनकी,*
*जरा सी देर में देखो कहाँ पहुँचें कहाँ वाले।*
*पहुँचता धूम से मंजिल पे ब़ढता कारवां अपना,*
*अगर दुश्मन न होते कारवां के कारवांवाले।*
*सुनेगा ऐ नजीर अब कौन मजलूमों की फरियादें,*
*फुगां लेकर कहां जायेंगे अब आहों फुगावालें।*

□ नज़ीर

# 'મારી સાથે કોઈ નથી!'

◻ દિનકર જોષી

*[ લેખક, સંપાદક, અનુવાદક દિનકર જોશીએ ૧૫૦ પુસ્તકોનું સર્જન કર્યું છે, જેમાં ૪૩ નવલકથા, અને ૧૨ વાર્તા સંગ્રહનો સમાવેશ થાય છે. મહાત્મા ગાંધી, ઝીણા, ટાગોર, નર્મદ અને સરદાર પટેલના ચરિત્રકાર દિનકરભાઈએ ગુજરાતી સાહિત્ય બીજી ભાષાઓમાં જાય તે હેતુથી ૨૦૦૫માં ગુજરાતી સાહિત્ય પ્રતિષ્ઠાન ટ્રસ્ટ શરૂ કર્યું છે. તેમની નવલકથા 'પ્રકાશનો પડછાયો' મહાત્મા ગાંધી અને તેમના પુત્ર હરિલાલના સંઘર્ષ પર આધારિત છે. પ્રસ્તુત લેખ તેમની 'ચક્રથી ચરખા સુધી' નવલકથાનો અંશ છે, જેમાં દ્વાપર યુગના મોહન (ભગવાન કૃષ્ણ) અને કલિયુગના મોહન (મહાત્મા ગાંધી)ના અંતિમ સમયનું તુલનાત્મક ચિત્રણ છે. ]*

ગાંધીજીના સમગ્ર જીવનનો અભ્યાસ કરીએ ત્યારે એક વાત ઊડીને આંખે વળગે છે. દેશના સ્વાતંત્ર્ય કરતાં પણ કોમી ઐક્ય ગાંધીજીને મન વધુ મહત્ત્વનું હતું. પોતાના આ પરમ ઉદ્દેશમાં ગાંધીજી સફળ ન થયા. કોમી એકતાના ભોગે દેશને સ્વરાજ્ય મળ્યું. દેશના મોટા ભાગના મુસલમાનોએ વિભાજનનું સમર્થન કર્યું. ૧૯૪૬ની વચગાળાની સરકારમાં સરદાર તથા જવાહરલાલ જેવા નેતાઓ પણ તંગ આવીને ગાંધીજીને જાણ સુદ્ધાં કર્યા વિના વિભાજન માટે સંમતિ આપી દીધી.

મારા મૃત્યુ પછી જ દેશનું વિભાજન થશે એવું કહેનારા ગાંધીજીએ વિભાજન સહેજે જ સ્વીકારી લીધું. વિભાજનના વિરોધીઓએ ત્યારે ગાંધીજીને કહ્યું પણ ખરું: 'બાપુ! આ મુદ્દે તમે ઉપવાસ કેમ નથી કરતા?' અત્યંત હતાશાથી ત્યારે એમણે ઉત્તર વાળેલો: 'હવે હું કોની સામે ઉપવાસ કરું? મારી સાથે કોઈ નથી.'

હિંદુ અને મુસ્લિમ બંને એક જ પ્રજા છે એવો ગાંધીજીનો જીવનમંત્ર વહેવારિક સત્યે ઊણો ઊતર્યો હતો. ઝીણાનો દ્વિરાષ્ટ્ર-સિદ્ધાંત તત્પૂરતો યથાર્થ ઠર્યો હતો. કાળાંતરે ઝીણા પણ ખોટા ઠર્યા અને ધર્મના નામે રચાયેલા પાકિસ્તાનના પણ બે ટુકડા થઈ ગયા. પણ આની સામે પ્રતિપ્રશ્ન પણ ઉઠાવી શકાય એમ છે કે દ્વિરાષ્ટ્રનો અસ્વીકાર કરનારા ગાંધીજીની વાત આપણે આ સાડાછ દાયકા જેટલા સમયમાં યથાર્થ ઠેરવી છે ખરી? પોતાને એકસો દસ ટકા સેક્યુલર કહેવડાવતો એકેય બુદ્ધિજીવી છાતી ઠોકીને આ પ્રશ્નનો ઉત્તર હકારમાં આપી શકે એમ છે?

કૃષ્ણથી માંડીને ગાંધીજી સુધી અનેક વિભૂતિઓએ પોતાના જીવનઆદર્શો વહેવારમાં મૂકવા અત્યંત નિષ્ઠાપૂર્વક મથામણો કરી છે. એમના જીવનકાળ દરમિયાન કોઈનેય સફળતા મળી હોય એવું કહી શકાય એમ નથી. ગાંધીજી પણ પૂરા સફળ થયા છે એવું ન કહેવાય. આમ છતાં આ યુગપુરુષો નિષ્ફળ ગયા છે એવું કહેવામાં શાણપણ નથી. માણસજાતે આ યુગપુરુષોનાં વાણી અને વર્તન પાસે જઈને પોતાના અસ્તિત્વને બચાવી લીધા સિવાય બીજો કોઈ માર્ગ નથી.

શ્રીકૃષ્ણ અને ગાંધી બંન્નેના અંતિમ વર્ષોમાં ઊડીને આંખે વળગે એવું અદ્ભુત સામ્ય છે. મહાયુદ્ધ પછી છેલ્લાં છત્રીસ વર્ષો કૃષ્ણ દ્વારકામાં લગભગ એકાંકી અને ઉવેખાયેલી અવસ્થામાં રહ્યા છે. યાદવ આપ્તજનો સૂરા અને સુંદરી વચ્ચે વિવેકભાન ભૂલીને ડૂબી ગયા હતા અને આસપાસનો કલહ વધતો જતો હતો. કૃષ્ણ આ જોતા હતા પણ રોકી શક્યા નથી. કૃષ્ણ જેવા યુગપુરુષનાં સંતાનોએ પેટે તાંસળી બાંધીને દેવર્ષિ નારદ વગેરેની મશ્કરી કરી અને ફળસ્વરૂપે શાપિત થયા. કૃષ્ણે દ્વારકામાં મદ્યનિષેધ દાખલ તો કરાવ્યો પણ એનો અમલ કરાવી શક્યા નહિ. આ સહુ સ્વજનોએ કૃષ્ણની નજર ચૂકાવીને મદ્યપાન, દ્યૂત વગેરે દુર્ગુણોને મોકળું મેદાન આપ્યું અને કૃષ્ણ આ જાણતા હોવા છતાં લાચાર બની ગયા. છેલ્લે, આ સ્વજનો કૃષ્ણની નજર સામે જ પરસ્પર લડ્યા, ગાંડાતુર થઈને પરસ્પરને બચકાં ભર્યાં અને પરસ્પરનો નાશ કર્યો. આ બધું છતી આંખે જોઈ રહેલા કૃષ્ણને એક પશુ સમજીને કોઈ પારધિએ વીંધી નાખ્યા.

ગાંધીનાં અંતિમ વર્ષો પણ આવાં જ દુ:ખમય રહ્યાં. જે ગાંધીએ સ્વરાજનું નાવ કાંઠે લાવી દીધું હતું એ ગાંધીને એમના આપ્તજન જેવા જવાહર, સરદાર કે મૌલાના આઝાદ આ સહુએ એક યા બીજા પ્રકારે છેતર્યાં જ છે. ગાંધી દેશના વિભાજનની વિરુદ્ધ હતા એટલે એમને લગભગ અંધારામાં રાખીને આ સર્વોચ્ચ નેતાગીરીએ વાઈસરોય લૉર્ડ માઉન્ટબેટન સાથે કુલડીમાં ગોળ ભાંગી નાખ્યો. જે ગાંધી કરોડો દેશવાસીઓને પોતાની સાથે રાખી શકતા હતા, જરૂર પડ્યે સામા પ્રવાહે તરીને પણ પ્રવાહનું વહેણ બદલી નાખતા હતા એ ગાંધી લાચાર થઈ ગયા. દેશના મોટાભાગના હિંદુઓએ કહ્યું - 'ગાંધી મુસ્લિમ તરફી છે.' એ જ રીતે દેશના મોટાભાગના મુસમલાનોએ કહ્યું - 'ગાંધી જ પાકિસ્તાનની રચનાના વિરોધી છે.' આટલું અધૂરું હોય એમ ગાંધી અત્યંત હતાશ અવસ્થામાં, કૃષ્ણની જેમ જ ટગર ટગર જોઈ રહ્યા અને કલકત્તા હોય કે નોઆખલી, અમૃતસર હોય કે લાહોર, સર્વત્ર સ્વજનોને પરસ્પર રહેંસી નાખતા જોઈ રહ્યા અને આ દૃશ્ય પૂરું થાય એ પહેલાં જ એક હત્યારાની ગોળીએ એમને વીંધી નાખ્યા!

જે કૃષ્ણના દેહ ઉપર જન્મથી જ જેણે વારંવાર હુમલા કર્યા હતા અને છતાં કૃષ્ણનો વાળ સુદ્ધાં વાંકો થયો નહોતો એ કૃષ્ણ ઉપર

*ટ્રેનને ચલાવનાર શક્તિ વ્હીસલ નથી વરાળ છે.*

અહીં નિબિડ અંધકાર વચ્ચે મૃત્યુએ જે આક્રમણ કર્યું એ મહાકાળ કેટલો નિર્મમ છે એનો જ સંકેત છે. સમગ્ર કુળને પરવારી ચૂકેલા કૃષ્ણ અશ્વત્થ વૃક્ષની છાયા હેઠળ એક આદિવાસી શિકારીના તીરનો ભોગ બન્યા. કોઈ પ્રકાંડ ધનુર્ધર કે પ્રચંડ યોદ્ધાના હાથે આ શસ્ત્રઘાત નહોતો થયો. અંધકારના ઓળા હેઠળ, પશુના માંસની શોધમાં નીકળેલા એક વનવાસી ભીલે કૃષ્ણને વૃક્ષ હેઠળ બેઠેલું પશુ સમજીને એનો ઘાત કર્યો! યુગાંતરો સુધી જે કર્મો અવિસ્મરણીય રહેવાં સર્જાયાં હતાં એ કર્મોના કર્તાનો આમ વિલય થયો!

ગાંધીના જીવનનાં પાછલાં વર્ષો પણ આવી જ એક કરુણાંતિકા છે. ૧૯૪૨ના ઑગસ્ટ મહિનામાં હિંદ છોડોનું રણશિંગુ ફૂંક્યા પછી એમની ધરપકડ થઈ ત્યારે ગાંધી અડીખમ યોદ્ધા હતા પણ મે ૧૯૪૪માં જ્યારે એ જેલમાંથી છૂટ્યા ત્યારે પરિસ્થિતિ સાવેસાવ બદલાઈ ચૂકી હતી. છેલ્લાં પચ્ચીસ વરસથી એમનો જમણો હાથ બનીને રહેલા મહાદેવભાઈ અને છેલ્લા સાડા છ દાયકાથી એમનો પડછાયો બનીને રહેલા કસ્તુરબાએ જેલમાં જ છેલ્લા શ્વાસ લીધા હતા. ગાંધીજી જેલમાં ગયા ત્યારે આ બંને સાથીઓ એમની શક્તિ બનીને એમની સાથે હતા પણ જ્યારે જેલમુક્ત થયા ત્યારે ગાંધી શક્તિવિહોણા થઈ ચૂક્યા હતા.

મહાદેવભાઈ અને કસ્તૂરબા, બંનેના મૃત્યુને તો ગાંધીએ પ્રકૃતિ સહજ તરીકે સ્વીકારીને એનો મનોમન સ્વીકાર કરી લીધો હતો પણ એ પછી બહારની દુનિયામાં છેલ્લાં ત્રણ વરસમાં જે બન્યું એ કદાચ એમના માટે અસહ્ય હતું. જે સિદ્ધાંતો કે જે આદર્શો માટે એમણે આજીવન પોતાના પ્રાણને હોડમાં મૂક્યા હતા એ બધા જ સિદ્ધાંતો અને આદર્શો એમની નજર સામે જ એમના સાથીઓ અને દેશવાસીઓ ભડભડ સળગાવી રહ્યા હતા. એક સાંધે ત્યાં તેર તૂટે એવી અત્યંત વિષમ પરિસ્થિતિ ચારેય બાજુ ફરી વળી હતી. કોમવાદે માઝા મૂકી હતી અને દેશ આખો મદ્ય પીધેલા યાદવોની જેમ પરસ્પરના સંહારમાં ઊંડો અને વધુ ઊંડો ઊતરી રહ્યો હતો. હિંદુઓ માનતા હતા કે ગાંધી અકારણ જ મુસમલાનોની તરફેણ કરે છે અને એમના આ પક્ષપાતી વલણને કારણે જ પાકિસ્તાનની માગણી બળવત્તર બનતી હતી તથા મહંમદ અલી ઝીણા દિવસે દિવસે વધુ ને વધુ માથે ચડી રહ્યા હતા. આના પરિણામે હિંદુઓનો એક વિશાળ વર્ગ ગાંધીની વિરુદ્ધ થયો હતો. સામા પક્ષે મુસલમાનો એવું ગળા સુધી માનતા હતા કે પાકિસ્તાનની રચનાને આડે માત્ર ગાંધી જ આવે છે. ગાંધી વિભાજનની વિરુદ્ધ હતા અને દેશ કોઈપણ ભોગે અખંડ જ રહેવો જોઈએ એવી એમની દૃઢ માન્યતા હતી. એમના આ આગ્રહને કારણે મુસલમાનોમાં ગાંધીજી અપ્રિય બન્યા હતા. આ દિવસો દરમિયાન એમને રોજે રોજ મળતા સેંકડો પત્રોમાંથી પંચાણુ ટકા એમનો વિરોધ કરતા અને એમને વખોડી કાઢતા હતા.

આટલું અધૂરું હોય એમ, દેશ આખો જાણે વિભાજન કરીને પણ સ્વાતંત્ર્ય મેળવી લેવા અધીરો થયો હતો. ગાંધીનો જમણો અને ડાબો હાથ ગણાતા સરદાર અને જવાહર સુદ્ધાં, ગાંધીની મરજી વિરુદ્ધ અને કંઈક અંશે ગાંધીજીને જાણ ન થાય એવી ગુપ્તતાથી વિભાજન માટે તૈયાર થઈ ચૂક્યા હતા. ગાંધીએ જ્યારે આ જાણ્યું ત્યારે એમને કેવી કળ ચડી ગઈ હશે એ કલ્પના કરવી અઘરી નથી. વાઈસરૉય માઉન્ટબેટને જ્યારે ગાંધીને કહ્યું કે વિભાજનના મુદ્દે તમારા સાથીઓ પણ હવે તમારી સાથે નથી ત્યારે ગાંધીએ વળતો જવાબ વાળેલો કે એવું હોય તો પણ દેશ મારી સાથે છે.

પણ આ ગણતરીમાંય ગાંધી ખોટા પડ્યા. થોડા જ સમયમાં એમને પ્રતીતિ થઈ ગઈ કે દેશ પણ એમની સાથે નહોતો. હિંદુઓ અને મુસલમાનો ક્યારેય સાથે રહી શકે નહિ એ ઝીણાનો સિદ્ધાંત વિજયી નીવડ્યો હતો. મુસલમાનોને પોતાની અલગ માતૃભૂમિ જોઈતી હતી અને થાકેલા હિંદુઓને એમનાથી છુટકારો મેળવીને કાયમી શાંતિ જોઈતી હતી. ગાંધી એકલા પડી ગયા. વિભાજનના વિરોધમાં સરહદના ગાંધી બાદશાહ ખાન તેમની જોડે હતા. બાદશાહ ખાન, જેમની સાત પેઢીએ જરૂર પડ્યે શત્રુઓનાં મસ્તકો ઉતારી લેવાનું શીખવ્યું હતું એ બાદશાહ ખાન કૉંગ્રેસ કારોબારીની સભામાં આંસુ સારતા રહ્યા અને અસહાય ગાંધી જોતા રહ્યા!

અને ગાંધી જોતા જ રહ્યા. દેશ આખો ગાંડોતુર થઈ ચૂક્યો હતો. નોઆખલી, બિહાર, પંજાબ અને દિલ્હી... જેઓ ગઈકાલે પડોશીઓ હતા એ સહુ આજે શત્રુ બન્યા. ભયંકર અવિશ્વાસ અને અણગમાની ખાઈઓ ખેદાઈ ચૂકી હતી. ગાંધીની નજર સામે જ આ ખાઈઓમાં આબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષ સહુના મૃતદેહોનો ઢગલો થતો રહ્યો! જે રીતે કૃષ્ણ જોતા રહ્યા અને યાદવ પરિવારે પરસ્પનો નાશ કર્યો એમ અહીં ગાંધી જોતા રહ્યા અને લાખો દેશવાસીઓ પરસ્પરના લોહી ચૂસવા માંડ્યા. ગાંધીનું સત્ય અત્યંત કુરુપ થઈ ગયું અને એમની અહિંસા મરણ પથારીએ પડી.

ગાંધીજી વિભાજનના વિરોધી હતા અને કૉંગ્રેસના મોટા ભાગના એમના સાથીઓ વિભાજનના તરફદાર થઈ ચૂક્યા હતા. ભૂતકાળમાં પોતાની ધારણાનો સ્વીકાર કરાવવા માટે ગાંધીજી અવાનરવાર ઉપવાસનું શસ્ત્ર ઉગામતા. વિભાજનનો વિરોધ કરવા માટે પણ એમણે ઉપવાસનો આસરો કેમ ન લીધો એવા પ્રશ્નના ઉત્તરમાં એમણે કહ્યું છે-'હવે મારે કોની સામે લડવું અને શાને અર્થે ?' એમના આ શબ્દોમાં અસીમ એકલતાના જ દર્શન થાય છે–જાણે અર્જુનનો જ આ વિષાદ!

આ સમયગાળામાં જ અશોક મહેતા અને અરુણા અસફઅલી જેવા સમાજવાદી યુવાનો સાથેની ચર્ચામાં ગાંધીજીએ પોતાની હતાશા આ શબ્દોમાં વ્યક્ત કરી છે – 'ના. તમે મારી સાથે નથી. કૉંગ્રેસ

પણ મારી સાથે નથી. એટલે મારે તો એકલે હાથે જ મારું કામ કરવાનું રહે છે.'

અન્ય એક સહકાયકર્તાને લખેલા પત્રમાં એમણે પોતાનું અંતર આ શબ્દોમાં ઠાલવ્યું છે – 'આજે મારું કોણ સાંભળે છે?' મહાભારતના સર્જક વ્યાસની જ મનોવ્યથા – न कश्चित् श्रृणोति मे – જાણે અહીં પડઘાતી હોય એમ લાગે છે.

એમની આ અહિંસા આઝાદી પછી તરત જ ફરી એકવાર કસોટીએ પણ ચડી. પાકિસ્તાને કાશ્મીર ઉપર આક્રમણ કર્યું અને આ આક્રમણ સામે કાશ્મીરનું રક્ષણ હિંદી સૈન્યોએ વળતાં શસ્ત્રો ઉપાડીને જ કરવું પડ્યું. ખુદ ગાંધીએ કાશ્મીર મોરચે લડવા જઈ રહેલા સેનાપતિને આશીર્વાદ આપ્યા. બીજા વિશ્વયુદ્ધ વખતે નાઝી કે ફાસીવાદી દળોનો સામનો અહિંસાથી કરવાની એબીસીનીયા, ચેકોસ્લોવેકિયા કે અન્ય દેશોને સલાહ આપનારા ગાંધીએ કાશ્મીરમાં તો હિંદી સૈન્યોને શસ્ત્રો દ્વારા વિજય પ્રાપ્ત કરવાના જ આશીર્વાદ આપ્યા. જોકે આમ કરતી વખતે હિંદી સૈન્યના સરસેનાપતિ જનરલ કરીઅપ્પાને એમણે કહ્યું છે કે લશ્કરી દળોમાં અહિંસાની ભાવના ફેલાય એવું કશુંક તમારે કરવું જોઈએ. આવું શી રીતે થઈ શકે એવી કરીઅપ્પાની પૃચ્છાના જવાબમાં એમણે કહ્યું કે આજે તો મને એની ખબર નથી પણ હું એનો જવાબ શોધી રહ્યો છું.

અને કૃષ્ણની જેમ જ, જે ગાંધી લડાઈના અત્યંત કપરા તબક્કાઓ વચ્ચે પણ સંખ્યાબંધ હુમલાઓ પછી મૃત્યુના મોઢામાંથી ઉગરી ગયા હતા એ જ ગાંધી એમના પોતાના એક સ્વજનના હાથે જ ગોળીઓથી વીંધાઈ ગયા. ગાંધીના કુટુંબમાં હવે, માત્ર એમનાં ચાર સંતાનો અને એ ચાર સંતાનોના સંતાનો જ માત્ર નહોતા. ગાંધી કેટલેક અંશે હવે વિશ્વપુરુષ બની ચૂક્યા હતા. આખો હિંદુસ્તાન અને અવિશ્વાસના પાયા ઉપર પેદા થયેલું પાકિસ્તાન સુદ્ધાં એમનો પરિવાર હતો. આવા એક પરિવારજને જ એમની જીવનયાત્રા સમાપ્ત કરી નાખી.

✷ ✷ ✷

'ચક્રથી ચરખા' સુધી પુસ્તકના એક પ્રકરણનો અંશ.

૧૦૨/એ, પાર્ક એવન્યુ, એમ. જી. રોડ, દહાણુકરવાડી,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
મોબાઈલ : ૦૯૯૬૯૫૧૬૭૪૫.

## ત્રીસમી જાન્યુઆરી ૧૯૪૮- મારું સંસ્મરણ

□ ઉષાબહેન ત્રિવેદી

*મુંબઈમાં જ જન્મેલા અને ઉછરેલા ઉષાબહેન ત્રિવેદીના પિતા પિનાકીન ત્રિવેદી શાંતિ નિકેતનમાં ટાગોરના વિદ્યાર્થી હતા, તેમના પગ પાસે બેસી રવીન્દ્રસંગીત શીખેલા. વિનોબા સાથે ભૂદાન યાત્રામાં અને મહાત્મા ગાંધી સાથે દાંડી કૂચમાં શામેલ હતા. ઉષાબહેન મુંબઈની વિલ્સન કૉલેજમાં અંગ્રેજી સાહિત્ય સાથે ગ્રેજ્યુએટ થયા. અને ૧૯૪૪થી ૧૯૯૮ સુધી ગાંધીસંસ્થા મણિભવનની લાયબ્રેરીમાં સેવા આપી. તેનાં સંસ્મરણો તેમણે 'માય ફિફ્ટી યર્સ રેમીનીસેન્સીઝ ઑફ મણિભવન' પુસ્તકમાં આલેખ્યાં છે.*

મારી ઉંમર ત્યારે ૧૩ વર્ષની. મારા પિતા પિનાકીનભાઈએ કહ્યું, 'જા નીચે જઈને પાન (નાગરવેલનાં) લઈ આવ.' હું નીચે પાન લેવા ગઈ ને દોડતી પાન લીધા વગર જ પાછી આવી. ઘેર આવીને કહ્યું, 'કાકા, જલદી રેડિયો મૂકો. ગાંધીજીને ગોળી વાગી છે.' પિતાજીએ એકદમ મને ધમકાવીને કહ્યું, 'શું ગમે તેમ બોલે છે?' ત્યારે મેં કહ્યું, 'કાકા, સાચું કહું છું, તમે રેડિયો મૂકી જુઓ.'

બસ, ત્યાર પછી તો બધાએ ચૂપચાપ, ગમગીન, એક શબ્દ પણ બોલ્યા વગર કાન માંડીને રેડિયો સાંભળ્યા કર્યો. ગાંધીજીને અગ્નિદાહ દીધા સુધી ઘરમાં ચૂલો પણ સળગ્યો નહીં. મારા સાસુએ પણ તે વખતે અગ્નિદાહ સુધી ઉપવાસ રાખ્યો હતો તેમ કહેતા હતા. મારા સસરા વર્ષો સુધી સાબરમતી આશ્રમમાં રહેતા હતા.

અમારા ઘરમાં પિતાજી અને અમે બધા પણ સતત રામધૂન ગાતા રહ્યા. મને કંઈ કવિતા લખવામાં બહુ હથોટી નહીં, છતાં અંતરના ભાવ વ્યક્ત કરતા લખ્યું,

*બાપુ ગયા, બાપુ ગયા, બાપુ ગયા.*
*જતા રહ્યા, જતા રહ્યા, જતા રહ્યા.*

મારો નાનો ભાઈ દેવકુમાર જે સરસ કાવ્યો લખે છે તે આજે પણ મને ચીડવે છે-મોટી બહેન, 'બાપુ ગયા, બાપુ ગયા, બાપુ ગયા!'

અગ્નિદાહ વખતે ઘરના બધા સભ્યો ચોધાર આંસુએ રડતાં હતાં. ઘરમાં કોઈને કંઈ સૂઝ ન પડે. કોઈ રેડિયો આગળથી ખસે જ નહીં-જાણે કે હૃદયમાંથી કંઈક ઝૂંટવાઈ ગયું હોય ને એવું લાગતું હતું. પંડિત નહેરુનું ભાષણ 'ધ લાઈટ હેઝ ગોન' હજી પણ મારા કાનમાં ગૂંજે છે. પછી તો મેં મુંબઈ યુનિવર્સિટીમાં લાયબ્રેરી સાયન્સનો કૉર્સ કર્યો. ત્યારબાદ તરત જ ૧૯૫૮થી ગાંધીજીના 'મણિભવન'માં વર્ષો ગાળ્યાં, તેનો વિશેષ આનંદ છે. આજે પણ 'મણિભવન'ના ટ્રસ્ટીમંડળમાં બને તેટલી સેવા આપું છું.

✷ ✷ ✷

# કૉંગ્રેસ અને ગાંધીએ પાકિસ્તાનને ટેકો આપ્યો હતો ?

□ ચુનીભાઈ વૈદ્ય

*[ સ્વાતંત્ર્ય સેનાની, અગ્રગણ્ય ગાંધીજન અને ભૂમિ અધિકારના લડવૈયા ચુનીભાઈ વૈદ્ય ૧૯૭૫ની કટોકટી સામેની લડતના પણ અગ્રણી સેનાની હતા, અને તેને માટે કારાવાસ ભોગવ્યો હતો. વિનોબાની ભૂદાન ચળવળમાં વર્ષો સુધી સક્રિય હતા. કિસાનોનો અધિકાર, દુષ્કાળ રાહત અને સિંચાઈ પ્રકલ્પો તેમનાં ખાસ ક્ષેત્રો હતાં. તેમના પુસ્તક 'એસેસીનેશન ઑફ ગાંધી : ફેક્ટસ એન્ડ ફોલ્સહૂડ'નો અગિયાર ભાષામાં અનુવાદ થયો છે. પ્રસ્તુત લેખ અને આ અંકમાંના તેમના અન્ય લેખ આ પુસ્તકમાંથી જ લેવામાં આવ્યા છે. ]*

હિટલરના સાથીઓમાં એક જબરો જણ નામે ગોબેલ્સ હતો. એનો સિદ્ધાંત હતો કે ગમે તેવું જુઠાણું હોય તેનો વાંધો નહીં, પણ એને સતત રટ્યા જ કરો તો લોકો છેવટે એને સાચું માનતા થઈ જશે. જે હિન્દુવાદી રાજકારણીઓને ગમે તે રીતે પોતાનો રાજકીય રોટલો શેકી લેવો હતો, ચૂંટણીઓ જીતવી હતી એમણે ખૂબ જ સાતત્યપૂર્વક વ્યવસ્થિત અને દેશવ્યાપી સ્તર પર આ જૂઠાણું વરસો સુધી ચલાવ્યું, લોક ભોળવાયું અને એનો લાભ પેલા લોકોને મળ્યો. નહીં તો, દેશની આઝાદીની લડતમાં જેમનો એક ટકો પણ ફાળો નહોતો તેવા લોકો રાજ્યોમાં ને દેશમાં ઊંચે આસને હોય!

જ્યાં સુધી કૉંગ્રેસ અને ગાંધીજીને લાગે વળગે છે ત્યાં સુધી અનેક ઘટનાઓ ઇતિહાસને પાને નોંધાયેલી છે. એક પ્રસંગ જુઓ. લૉર્ડ વાવેલે જિન્નાને મુસલમાનોના પ્રતિનિધિ તરીકે અને ગાંધીજીને હિંદુઓના પ્રતિનિધિ તરીકે ચર્ચા કરવા બોલાવ્યા. ગાંધીજી એમની ચાલાકીને કળી ગયા, એમણે કહ્યું કે જિન્નાને મુસ્લિમ લીગના (તમામ મુસલમાનો નહીં) પ્રતિનિધિ તરીકે અને મૌલાના અબૂલ કલામ આઝાદને કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે બોલાવીને વાત કરો. સ્થિતિ એ થઈ કે વૉવેલની ડાબે પણ મુસલમાન અને જમણે પણ મુસલમાન. બે કોમ, બે રાષ્ટ્રની વાત તો ક્યાંય સુધી કોંગ્રેસે નહોતી જ માની. અને, ગાંધીજી ? એમણે તો એટલે સુધી કહ્યું હતું કે પાકિસ્તાન તો મારા મડદા પર થઈને રચાય તો ભલે.

પણ જિન્ના ભારતના મુસ્લિમોને ગુમરાહ કરી શક્યા હતા. સામે રાષ્ટ્રવાદી મુસ્લિમો પણ સારી સંખ્યામાં હતા, ઝાકીર હુસેન, મૌલાના આઝાદ, બિહારના પ્રો. અબ્દુલ બારી, રફી અહમદ કીડવાઈ અને સૌથી ઉપર તો નોર્થ વેસ્ટ ફ્રન્ટીયર પ્રોવીન્સમાં અબ્દુલ ગફારખાં વગેરે પાકિસ્તાનની રચનાના વિરોધી રહ્યા હતા. પરંતુ જિન્ના અને એમના સાથીઓની ઉશ્કેરણીથી ભારતભરમાં વર્ણવી ન શકાય એવી તંગદિલી અને ખૂનામરકી ચાલી.

બીજી બાજુ, દેશના સ્તર પર કોઈ સમજૂતી નથી થતી તો અંગ્રેજોને સત્તા ન છોડવા માટે કારણ મળતું હતું, આઝાદી સરી જતી દેખાતી હતી. ઉપરાંત અંગ્રેજ સરકાર વતીથી માઉન્ટબેટને સાફ સાફ ચેતવણી આપી હતી કે આપેલી સમય મર્યાદામાં નીવેડો લાવો નહીં તો અમે (અંગ્રેજો) જેવી સ્થિતિ હશે તેવી સ્થિતિમાં મૂકીને ચાલ્યા જશું. એનો અર્થ એ થયો કે નાનાં નાનાં અને મોટા મળી લગભગ સાતસો જેટલાં રજવાડાં આઝાદ થઈ જશે. કેવળ હિંદુ મુસલમાન વચ્ચે જ નહીં, રજવાડાંઓ વચ્ચે પણ કાપાકાપી ચાલશે. આમ એક ભયંકર અરાજકતાની સ્થિતિ ઊભી થવાની સંભાવના રાષ્ટ્રના નેતાઓ સામે ઊભી થઈ ગઈ. તેવા સંજોગોમાં કૉંગ્રેસ અર્ધમ્ ત્યજતિ પંડિતાઃના ન્યાયે માની ગઈ.

ગાંધીજીને આ વાતની ખબર પડી ત્યારે એમને લાગ્યું કે એમને છેહ દેવાયો છે. પણ એ આઘાતની કળ વળ્યા બાદ એ પણ સમજાયું કે એ પોતે એટલે કોણ ? એમની પોતાની એક જણની ઈચ્છાનું કેટલું મહત્ત્વ ? એ હતોત્સાહ થઈ 'હે ભગવાન મને ઉઠાવી લે'ની ભાવનામાં અને ભાષામાં બોલવા માંડ્યા અને, સાવ ભાંગી પડ્યાની હાલતમાં સૂઝે એટલું શાંતિ સ્થાપનાનું કામ કરતા રહ્યા.

ક્યાંય સુધી ગાંધીજીનું મન માનતું જ નહોતું. એમણે તો છેલ્લે એટલી હદે સૂચવ્યું કે જિન્નાને દેશના વડાપ્રધાન બનાવી અંગ્રેજો દેશ છોડી ચાલ્યા જાય. પણ માઉન્ટબેટનને, અને એમની વાતના પ્રભાવમાં આવી ગયેલી કૉંગ્રેસને હવે ગાંધીજીની વાત અવ્યવહારુ લાગવા માંડી હતી.

છેવટે એમણે ગાંધીજીને પડતા મૂકીને જ નિર્ણય લીધો – **ભલે પાકિસ્તાન થતું !** એ માટે પહેલાં પંડિત નહેરુ અને સરદાર પટેલ માઉન્ટબેટન વગેરેની સાથેની ચર્ચામાં પોતાની સંમતિ આપી ચૂક્યા બાદ જ ગાંધીજીને ખબર અપાઈ હતી. આમ છતાં એક વીર ખેલદિલ મિત્રની જેમ એ પોતાના સાથીઓને પડખે ખડા થઈ ગયા. એ સમજી ગયા હતા કે દેશમાં જે પરિસ્થિતિ હતી તેમાં કૉંગ્રેસની શક્તિ તોડી નાખવાથી દેશને કલ્પી ન શકાય તેવું નુકસાન થશે. દેશને સંભાળી શકે તેવી બીજી કોઈ તાકાત ત્યારે દેશમાં નહોતી.

**પ્રશ્ન : તો પછી દેશના ભાગલા પડતા રોકવા આમરણ અનશન પર કેમ ન ઊતર્યા ? આજે હિંદુવાસીઓનો આક્ષેપ આ જ છે કે એ આમરણ અનશન પર કેમ ન ઊતર્યા ? અને પંચાવન કરોડની વાત**



*જો બધું ઇશ્વરનું છે તો આપણે તેને શું અર્પણ કરી શકીએ ?*

**પર કેમ ઊતર્યા ?**

**ઉત્તર :** ગાંધીજીએ પોતે જ એનો જવાબ આપ્યો છે. એમના પર આવેલા એક કાગળની ચર્ચા કરતાં એમણે કહ્યું – હું એટલે કોણ ? એક વ્યક્તિ તરીકે મારું કશું મૂલ્ય નથી. જે લોકોનો પ્રતિનિધિ બનીને હું બોલતો હતો તે લોકો આજે મને છોડી ગયા છે. જેમને માટે અને જેમના વતીથી હું લડું છું તે જ જો ભાગલા સ્વીકારવા તૈયાર થઈ ગયા હોય, તે જ જો મારામાં વિશ્વાસ ધરાવતા ન હોય તો હું લડું કોના વતીથી? વળી, દેશ આખો હિંસા અને લોહીના ખેલ ખેલવા મંડી પડ્યો છે. હું ભાઈચારાની, શાંતિની, પ્રેમની વાત કહું છું તો લોકોને પાલવતી નથી. આખી પરિસ્થિતિ બદલાઈ ગઈ છે ત્યારે દેશને અખંડ રાખવા લડું તો કોના બળે લડું ? ભાગલાનો ઈન્કાર એ કંઈ નાની સૂની બાબત નથી.

ભૌતિક ટુકડા તો થયા, પણ દિલ તો જોડાઈ જ શકે છે. એમણે ખાન અબ્દુલ ગફાર ખાનને મળવા જવા તથા જિન્નાએ લઘુમતીઓને જે વાયદા કર્યા હતા તેનો અમલ કેવોક થાય છે તે પ્રત્યક્ષ જોવા પાકિસ્તાન જવાની પોતાની ઈચ્છા અનેક વાર જાહેર કરી હતી. એમણે એટલે સુધી કહ્યું કે હું પાકિસ્તાનને મારો જ દેશ ગણું છું તેથી મારે એ માટે પરવાનગી લેવાની જરૂર નહીં પડે. અને એ જીવ્યા હોત તો દુનિયા દેખત કે જેમ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં એક વખતે પ્રતિબંધનો ભંગ કરી નાતાલની સરહદ ઓળંગી હતી તેમ એ સત્યાગ્રહપૂર્વક પાકિસ્તાનની સરહદ પણ ઓળંગત. ભાગલાના ઈન્કાર માટેની એમની આ સત્યાગ્રહી રીત હતી. એમને પોતાને છેહ દેવાયાની ભાવના જરૂર થઈ પરંતુ જે સાથીઓએ એમને જિંદગીભર સાથ આપ્યો તે સાથીઓની મજબૂરી પણ એ કળી શક્યા હશે. એટલે જે થઈ ચૂક્યું હતું તેને એમણે સીધેસીધું ન પડકાર્યું પરંતુ એમનું મન માન્યું નહોતું જે ઉપરની વાતોથી સિદ્ધ થાય છે.

બીજી પણ એક ઘટના થઈ હતી. કેટલાક લોકોએ દેશના ભાગલાના નિર્ણય સામે લડવા ગાંધીજીનો સાથ દેવા તૈયારી બતાવી હતી. આ લોકો કોણ હતા ? આ તે લોકો હતા કે જેમને દેશની ભૌગોલિક એકતા તો અકબંધ રાખવી હતી પરંતુ દેશની જનતાના તો ભાગલા કરવા જ હતા – એ લોકો હિંદુ અને મુસલમાન, બે કોમ, બે રાષ્ટ્ર વગેરેની ભાષામાં બોલતા હતા. હિંદુ અને મુસલમાન એવા બે ભાગલા ન હોય તો એમનું નેતૃત્વ – એમનો ધંધો જ બંધ થઈ જાય. આવા લોકોનો સાથ લેવાનું ગાંધીજી કેવી રીતે સ્વીકારે ?

આમાં બીજી એક મોટી વાત જેનો જવાબ અમારે માગવાનો રહી જાય છે અને તે એ કે ગાંધીજીએ ઉપવાસ કરવા જોઈતા હતા એવી વાત કેવળ હિંદુવાદીઓ જ કરે છે. એ લોકો ગાંધીજીને તો દેશદ્રોહી, હિંદુદ્રોહી અને તેથી વધ કરવા લાયક ગણતા હતા તો પછી ગાંધીજી પાસે એવી અપેક્ષા શી રીતે રાખે છે કે તેમની લડાઈ ગાંધીજીએ લડી આપવી જોઈતી હતી ? એ લોકો ખૂબ જાણતા હતા કે એમના નેતાઓ પૈકી એક બેને છોડી જેમણે આઝાદીની લડતમાં કોઈ ત્યાગ કે બલિદાન દીધાં નથી, દુઃખો, કષ્ટો ભોગવ્યાં નથી, જનતા જેમના નામ પણ જાણતી નથી તેઓ ઉપવાસ કરે તો એની કોઈ અસર થવાની નથી. એ શક્તિ તે એકલા ગાંધીજીની જ હતી. ગાંધી ભારતમાં આવ્યા ત્યારે અનેક હિંદુવાદી નેતાઓ હતા. એ લોકો ગાંધીજીની જેમ કશું ગજું કેમ ન કરી શક્યા ? એટલા માટે કે એમની વાતો આમ જનતાને સ્પર્શી શકે તેવી નહોતી. ખરી ખોટી જૂની વાતો સંભારીને લોકોનાં દિલોમાં વેરભાવ ને ઝેરભાવ ભરવા અને હિંસા ભડકાવવાના પ્રયત્ન સિવાય એમની પાસે બીજો કોઈ કાર્યક્રમ જ નહોતો.

બીજી એક વાત, ભાગલાની જ વાત હતી તો એ માંગણી તો જિન્નાની હતી, અને માઉન્ટબેટનનું સમર્થન હતું તો એમની હત્યાનો વિચાર આ હિંદુવાદીઓને કેમ ન આવ્યો ? અને જેમણે સતત ભાગલાનો વિરોધ કર્યો હતો તે ગાંધીજીનો જ કેમ આવ્યો ? આખી ભાવના જ આત્મ-દ્રોહી હતી.

✷ ✷ ✷

## સત્યનું કાવ્ય છો, બાપુ, કાવ્યનું સત્ય છો તમે !

*કંસથી અદકો દર્પ, અદકો મોહ મારથી,*
*હેરાદથી વધુ હિંસા, સામે ઝૂઝવા તમે મથી-*
*વીરના વીર્યથી ઝૂઝ્યા, કર્યા કેસરિયાં સદા;*
*સ્થિતપ્રજ્ઞતણી શાંતિ છતાં ના વીસર્યાં કદા !*
*ધરા શા ધીરગંભીર, વ્યોમ શા વિપુલાત્મ છો,*
*ઊંડાણે ઉદધિ જેવા, તેજ શા શુદ્ધ છો તમે !*
*ઝૂઝો છો જેમની સામે તેમના હિતને ચહોઃ*
*વિશ્વમાંગલ્યની ચિંતા સદાયે અંતરે વહો !*
*નિજ ને પરના ભેદો તમારે અંતરે નથીઃ*
*માનવી માત્ર બન્ધુઃ એ ભાવના છે ઉરે ગૂંથી !*

x x x

*'સખે કલ્યાણકારીની દુર્ગતિ ના થકી કદીઃ'*
*વાવિયાં પ્રેમનાં બીજો ઊગવાનાં જ એક દિ' !*
*સુધાસંદેશ શ્રીકૃષ્ણે પાયો'તો કુન્તીપુત્રનેઃ*
*જગને સંશયે ઘેર્યા–પાયો તે જ ફરી તમે !*
*તમે સંહારથી ત્રાસ્યાં જગની એક આશ છોઃ*
*સ્વપ્ન છો નિદ્રિતો કેરું, બધ્ધોનું મુક્તિગાન છોઃ*
*ઝૂઝતા જાડ્યજૂથો શું સ્રષ્ટાનું અભિમાન છો !*
*સત્યનું કાવ્ય છો, બાપુ, કાવ્યનું સત્ય છો તમે !*
*ઝંખતી કાવ્યને સત્યે સૃષ્ટિ આ આપને નમે !*

**❑ કરસનદાસ માણેક**

# ગાંધીજીએ સરદારને બદલે નહેરુની વરણી કેમ કરી?

**❑ નગીનદાસ સંઘવી**

*[આજીવન અધ્યાપક, લેખક તેમજ ઇતિહાસ અને રાજકારણના વિદ્વાન અભ્યાસી-સંશોધક નગીનદાસ સંઘવીએ ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના વર્ષો પર 'એગની ઑફ અરાઇવલ' નામનું પુસ્તક લખ્યું છે. ઉપરાંત 'સ્વરાજ દર્શન', 'ગુજરાત-પોલિટિકલ એનાલિસીસ', 'ગુજરાત એટ ક્રોસ રોડ' અને અન્ય પુસ્તકો લખ્યાં છે. તેમની કૉલમોમાં દેશ-વિદેશના સાંપ્રત પ્રવાહોની વિશદ છણાવટ હોય છે. ગાંધીજીવનના અંતિમ અધ્યાય વિશેષાંકમાં ગાંધીજીએ વડાપ્રધાન તરીકે સરદારની વરણી શા માટે ન કરી એ વિષયની ચર્ચા શા માટે – તેમ કોઈને લાગે. પણ આ ઘટનાને યોગ્ય રીતે સમજી લેવી એ આ તબક્કામાં પ્રવેશ માટેની એક પીઠિકા છે.]*

બે ઘોડાની સામટી સવારીમાં પછડાવવાનું જોખમ હોય છે પણ ગાંધીજીએ જીવતરના છેલ્લા ચાલીસ વરસ બે પરસ્પર વિરોધી જીવન પ્રવાહોમાં સફળતાપૂર્વક ખેડાણ કર્યું છે. ઈશ્વરનો સાક્ષાત્કાર મારા જીવનનું એક માત્ર ધ્યેય છે તેવું કહેનાર મહાત્માજી આખી જિંદગી રાજકારણમાં ગળાડૂબ રહ્યા અને છેલ્લા પચ્ચીસેક વરસ તો ભારતીય રાજકારણના સર્વોચ્ચ આગેવાન બની રહ્યા. 'તમે રાજકારણમાં પડેલા સંત છો' તેવી તેમના સાથી પોલકની ટીકાના જવાબમાં ગાંધીજીએ કહેલું, 'હું રાજકારણી છું અને સંત બનવાની મથામણ કરું છું.'

ભારતીય રાજકારણમાં ગાંધીજીની કામગીરી અંગે હંમેશાં અહોભાવથી લખાતું રહ્યું છે અને ગાંધીજી જેવી વિભૂતિ આવા અર્ધ્યપ્રદાનને લાયક પણ છે. પણ ગાંધીજીનાં કેટલાક રાજકીય નિર્ણયો ઘણાં વિવાદાસ્પદ રહ્યા છે. ગાંધીજીએ ઉપાડેલી ખિલાફતની ચળવળ, ચૌરી ચોરાની ઘટના પછી સત્યાગ્રહ સમેટી લેવાનું પગલું, સુભાષચંદ્ર બોઝની બીજી ઉમેદવારીનો વિરોધ, ૧૯૪૨ની ભારત છોડો ચળવળ, ૧૯૪૬માં કૉંગ્રેસ પ્રમુખપદે નહેરુની વરણી અને દિલ્હીમાં તેમણે આદરેલાં છેલ્લાં ઉપવાસ–આવી કેટલીક ઘટનાઓ અંગે ગાંધીજીએ પોતાનાં વલણની સ્પષ્ટતા કરી છે. કેટલીક બાબતોમાં તેમણે મૌન સેવ્યું છે. ગાંધી જેવા લોકોત્તર પુરુષના મનોભાવો સમજવા સહેલા નથી. ગાંધી મહામાનવ પણ માનવ છે અને માનવસહજ ભૂલોને પાત્ર છે. તેમને પૂરી રીતે સમજવા માટે પણ તેમની આલોચના થવી જોઈએ. પણ આવી આલોચના કરીએ ત્યારે આપણા પ્રિયજનના જખમને સાફ કરતા હોઈએ તેટલા આદર, પ્રેમ અને સંભાળપૂર્વક આલોચના થવી જોઈએ. ગાંધીને માપવો તે મગતરાએ હિમાલયનું માપ કાઢવા જેવું કપરૂં કામ છે તે ક્ષણ માટે પણ ભૂલવું ન જોઈએ.

હિંદુસ્તાનની આઝાદીનો યશ મહાત્મા ગાંધીને આપીએ તેના કરતાં હિટલરને આપીએ તે વધારે સાચું ઠરે. બીજા વિશ્વયુદ્ધના અંતે બધાં કૉંગ્રેસ આગેવાનોને મુક્તિ મળી ત્યારે અંગ્રેજી રિયાસતનો કાળ પૂરો થયો છે અને ટૂંક સમય જ ભારતને આઝાદી આપવી જ પડશે તે સહુ કોઈ સ્પષ્ટ જોઈ શકતાં હતાં. દેશના સૌથી મોટા, સૌથી વધારે સંગઠિત અને સૌથી વધારે લોકપ્રિય પક્ષ તરીકે આઝાદ ભારતનું સુકાન કૉંગ્રેસને સોંપાશે અને કૉંગ્રેસનો પ્રમુખ આઝાદ ભારતનો પહેલો વડો પ્રધાન બનશે તે પણ દીવા જેવી ચોક્ખી બાબત હતી. તેથી ૧૯૪૫ના ડિસેમ્બર માસ પછી કૉંગ્રેસ પ્રમુખનો હોદ્દો અતિ મહત્ત્વનો બની જવાનો હતો.

૧૯૪૦માં સુભાષ બાબુનાં ગયા પછી મૌલાના આઝાદ કૉંગ્રેસ પ્રમુખ હતા અને ૪૨ની લડત અને લાંબા કારાવાસનાં કુલ મળીને છ વરસ પ્રમુખ રહ્યા. તેમના સ્થાને નવા પ્રમુખની વરણી અંગેનો કૉંગ્રેસ કારોબારીએ ૧૯૪૬નાં જુલાઈ માસમાં કરવાનો હતો.

તે વખતે કૉંગ્રેસ પ્રમુખની વરણીનો નિયમ હતો કે પ્રાંતીક કૉંગ્રેસ સમિતિઓ પ્રમુખનું નામ સૂચવે. જેટલાં નામ આવ્યા હોય તેમાંથી એકની પસંદગી કરવામાં આવે. ગાંધીજીએ ૧૯૩૫માં કૉંગ્રેસમાંથી રાજીનામું આપ્યા છતાં ગાંધીજીની ઈચ્છા અને આદેશ મુજબ પ્રમુખની વરણી કરવામાં આવતી હતી.

૧૯૪૬માં કૉંગ્રેસની ૧૫ પ્રાંતીક સમિતિઓમાંથી બાર સમિતિઓએ સરદારના નામની દરખાસ્ત કરી. બાકીની સમિતિઓએ પટ્ટાભી સીતારામૈયા અને આચાર્ય કૃપલાણીનું નામ સૂચવ્યું હતું. જવાહરલાલના નામની દરખાસ્ત એક પણ સમિતિ તરફથી આવી ન હતી. મૌલાના આઝાદ અને કૃપલાણીજીએ પોતે જવાહરલાલનું નામ સૂચવ્યાનો દાવો કર્યો છે પણ દાવો અધિકાર માત્ર પ્રાંતીક સમિતિઓને જ અપાયો હોવાથી આ દાવા સ્વીકારી શકાય તેવા નથી.

ગાંધીજી અને સરદાર આગલા દિવસે મળ્યા ત્યારે શી વાત થઈ તે કોઈ જાણતું નથી. પણ બીજે દિવસે ગાંધીજીએ કૃપલાણીને સરદાર પાસે મોકલીને પોતે આ સ્પર્ધામાંથી ખસી જાય છે તેવી ચિઠ્ઠી પર તેમની સહી લીધી અને પછી ગાંધીજીની ઈચ્છા મુજબ જવાહરલાલજી સર્વાનુમતે પ્રમુખ બન્યા. જુલાઈ ૧૯૪૬ અને ૧૯૪૬નાં



*મિથ્યા જ્ઞાનથી હંમેશાં ચેતવું જોઈએ.*

સપ્ટેમ્બરની ૨જી તારીખે તેમની આગેવાની તળે પ્રધાન મંડળ સ્થપાયું.

ગાંધીજીએ સરદારને અન્યાય કર્યો અને જવાહર માટે પક્ષપાત રાખ્યો તેવી ભાવના ગુજરાતમાં, ગુજરાતી ભાષીઓમાં અને આખા હિંદુસ્તાનના સરદાર પ્રશંસકોમાં બહુ પ્રબળ છે. જવાહરલાલના બદલે સરદાર વડાપ્રધાન બન્યા હોત તો દેશની સ્થિતિ વધારે સારી હોત, કાશ્મીર આપણા કબજામાં આવ્યું હોત, તિબેટમાં ચીની પગપેસારો અટકી ગયો હોત અને વહીવટ વધારે સારો ચાલ્યો હોત તેવું કહેવામાં આવે છે. ઇતિહાસને સમજવામાં શું થયું તે બરાબર જાણવું જરૂરી છે. પણ શું થયું હોત અને શું થાત તે માત્ર આપણા પૂર્વગ્રહ પર આધારિત છે. શું થયું હોત તે આપણે જાણતાં નથી. જાણી શકવાના પણ નથી. આવી ચર્ચા તદ્દન નકામી છે.

ગાંધીને મહાત્મા તરીકે સ્વીકારીએ તો ગાંધી કોઈને અન્યાય કરે નહીં અને કોઈનો પક્ષપાત કરે નહીં. ગાંધીએ અન્યાય અને પક્ષપાત કર્યો તેવું કહેવાનો અર્થ એ છે કે ગાંધી ઢોંગી અને લુચ્ચો માણસ હતો અને મહાત્મા બની બેઠો હતો.

ગાંધીની ભૂલ થાય. ભૂલ તો ભગવાનની પણ થાય તેવું કહીએ છીએ તો પછી ગાંધીની કેમ ન થાય ? પણ ગાંધીની ભૂલ કહીએ તે પહેલાં પરિસ્થિતિ સમજવી જોઈએ અને તે કાળની મનોદશામાં જીવવાનું શીખવું જોઈએ.

૧૯૪૬માં સ્વરાજ હાથવેંતમાં હતું પણ હાથમાં આવ્યું ન હતું. આઝાદી ક્યારે મળશે–આવતા વરસે, આવતા દાયકે કે પછી ક્યારે તેની કોઈને ખબર ન હતી. બીજું સરદાર ગાંધીથી માત્ર છ વરસે નાના અને ૧૯૪૫-૪૬માં સિત્તેરના હતા. તબિયતે ખૂબ નબળા. કેટલું જીવે તેની ખબર નહીં. અહમદનગર જેલવાસમાં (૧૯૪૨-૪૫) ખાસ્સા બિમાર મહિનાઓ સુધી પથારી વશ અને બે વખત તો બચવાની આશા જ નહીં.

ગાંધી વૈચારિક અને ભાવનાત્મક ધોરણે જવાહરલાલના સંગાથી ગણાય. દેશભક્તિમાં, ત્યાગમાં, નિસ્વાર્થપણામાં ગાંધી-સરદાર-જવાહર બધા સરખા જ ગણાય. એક ચડે ને બીજો ઉતરે તેવો ઢાળ.

સરદાર પ્રમુખ બને તો વડાપ્રધાન બની શકે પણ બનવાના જ છે તે પાકું નહીં. વેવેલનાં પ્રધાન મંડળની દરખાસ્ત પાછળથી આવી. પણ આ વખતના રાજકારણમાં કોમવાદી ઝઘડાખોરી સરટોચે પહોંચી હતી અને મુસ્લિમ લીગની પાકિસ્તાનની માગણી જોર શોરથી ગાજતી હતી. સરદારની છાપ–ખોટી પણ બધાએ માની લીધેલી છાપ-મુસ્લિમ વિરોધી તરીકેની અને જવાહર મુસલમાનોના જબરા ટેકેદાર. દેશનાં ભાગલા પડે તે ગાંધી સાંખી લેવા તૈયાર નહીં.

ગાંધીએ સરદારને ખસેડીને જવાહરજીને કેમ પસંદ કર્યા તે સમજવા માટે મેં આ સવાલ અનેક આગેવાનોને પૂછ્યો છે. મીનુ મસાણી, જયપ્રકાશ નારાયણ, કનૈયાલાલ મુન્શી, મોરારજી દેસાઈ બધાના જવાબ સાંભળ્યા છે પણ મને અંગત રીતે મોરારજીભાઈનો જવાબ સૌથી વધારે ગળે ઉતર્યો છે. આ જવાબ અને સ્વીકાર ખોટા હોઈ શકે છે પણ મને સાચા લાગે છે.

મોરારજીભાઈએ સમજાવ્યું કે '૧૯૪૬માં ભાગલાનો સવાલ બાપુને ખૂબ મૂંઝવતો હતો. સરદાર-જવાહર વચ્ચેની પસંદગીની ચર્ચા બાપુએ મારી (મોરારજીભાઈ) જોડે કદી કરી નથી અને કદાચ કોઈ જોડે બાપુએ કરી નથી.'

પણ સ્થિતિ જોઈએ તો સરદાર કૉંગ્રેસ પ્રમુખ હોય અને વડાપ્રધાન બનવાના હોય તો મુસ્લિમ આગેવાનોનો ડર અને શંકા વધે અને ભાગલા નિશ્ચિત બની જાય. જવાહરલાલજી આ સ્થાને હોય તો મુસલમાનોનું વલણ કદાચ થોડું વધારે કુણું પડે. તેથી કદાચ બાપુએ જવાહરલાલજીને પ્રમુખ બનાવ્યા હશે. આ મારી (મોરારજી દેસાઈ)ની કલ્પના છે. હું કે બીજું કોઈ પુરેપુરી વાત જાણતું નથી.'

ગાંધી ખોટા ઠર્યા. જવાહરલાલે ઉધમાત કરીને કેબિનેટ મિશન યોજના તોડી નાખી. વલ્લભભાઈએ આ 'છોકરમત' માટે જવાહરને ઠપકાર્યા પણ છે. જવાહર હોવા છતાં અને હોવાના કારણે જ ભાગલા પડ્યા. પણ ભાવિને કોઈ જોઈ કે જાણી શકતું નથી.

ગાંધીને વલ્લભભાઈ માટે ઘણી ફિકર હતી. લથડતી તબિયતે સરદાર બોજો નહીં ઉઠાવી શકે અને ઉઠાવશે તો જીવશે નહીં તે ગાંધીનો ભય સાચો થર્યો. મરણની ઘડી તો નિશ્ચિંત છે પણ વલ્લભભાઈ કામના બોજના કારણે વહેલાં ઘસાઈ ગયા અને આઝાદી અઢી વરસે અવસાન પામ્યા.

ગાંધીજી અને વલ્લભભાઈ વચ્ચે અનેક બાબતમાં મતભેદ હતો. જવાહર ગાંધી વચ્ચે, જવાહર વલ્લભભાઈ વચ્ચે પણ ઉગ્ર મતભેદ હતો, પણ આ વિરાટ પુરુષો વચ્ચેના વિવાદની વાત આપણા જેવા વામણા માણસો શી રીતે સમજે ? આ મતભેદોના કાજી બનવાનું આપણું ગજું નથી. અને આપણે ન્યાયાધીશની ખુરશી પર બેસવાની લાયકાત ધરાવતા નથી.

જે થયું તેની વિગતવાર નોંધ લેવામાં કશો શરમ સંકોચ નથી. તેમાં ગાંધી, જવાહર, સરદારની તમા રાખવાની હોય નહીં. પણ આપણે જે જાણીએ અને માનીએ છીએ તે હકીકત સ્પષ્ટ રીતે કહી નાખવી તે આપણા માટે અને વધારે તો આવતી પેઢીઓ માટે જરૂરી છે.

✷ ✷ ✷

૨૦૨, વિશ્વાધાર, રોડ નં. ૪, નટવર નગર, જોગેશ્વરી (પૂર્વ)
મુંબઈ-૪૦૦ ૦૦૦. મોબાઈલ : ૦૯૮૩૩૩૨૫૮૩૭.



*જેની પાસે બધું છે, પણ ઈશ્વર નથી; તેની પાસે કંઈ નથી.*

# દિલ્હીમાં ગાંધીજી

વિપુલ કલ્યાણી

*[ સાહિત્ય સર્જક અને ગાંધી મૂલ્યોના સક્રિય પ્રશંસક વિપુલ કલ્યાણી લંડનથી 'ઓપિનીયન' નામનું સામયિક ચલાવે છે અને ડાયસ્પોરા સાહિત્યના મહત્ત્વના ઉદ્‌ગાતા છે. પ્રસ્તુત સંકલનમાં તેણે સ્વાતંત્ર્યપ્રાપ્તિકાલીન દિલ્હીના કોમી તોફાનો શાંત કરવાની ગાંધીજીની મથામણનું ચિત્રણ આપ્યું છે. ]*

મનુબહેન ગાંધી લિખિત 'દિલ્હીમાં ગાંધીજી'ના બે ભાગમાંથી પસાર થવાનો હાલ યોગ મળ્યો. એમાંય ભાગ બીજામાં પાન ૧૧થી અપાયેલા 'નિવેદન' પર ખાસ નજર પડી. એ અરસામાં મનુબહેન ગાંધી સરીખી વ્યક્તિને જે રીતે તપાવું પડેલું તેની સામે આજે ગાંધી-વિનોબા-જયપ્રકાશને નામે કામ કરતી જમાતને શી શી અને કેવી કેવી વેદનાઓમાંથી પસાર થવાનું આવતું હશે તેની માત્ર કલ્પના કરવી રહી. અને પછી લાંબુંટૂંકું વિચારતા કમકમાં આવી જાય છે!

પ્રસ્તાવનામાં મોરારજીભાઈ નોંધે છે તેમ, 'હિંદુ-મુસ્લિમ' એકતા માટે તેમણે જિંદગી ખર્ચી. આ પ્રશ્ન છેક દક્ષિણ આફ્રિકાથી તેઓ સંભાળપૂર્વક ઉકેલતા હતા. ભ્રાતૃભાવ પેદા થાય એ માટે અનેક લોકોનો ખોફ વહોરીને અને છેલ્લે પોતાની જાતનું બલિદાન આપીને તેમણે પ્રયત્ન કર્યો. તેઓ પોતે જ એક પ્રાર્થનાપ્રવચનમાં કહે છેઃ 'મારા બાળપણથી જ હિંદુ-મુસ્લિમ ઐક્ય, એ મારા જીવનનો અનુપમ શોખ રહેલો છે અને તે મારી જીવઉષાની ઉત્કંઠા જીવનસંધ્યામાં પૂર્ણ થશે તો એક નાના બાળકની માફક નાચીશ અને આનંદિત બનીશ. અને ૧૨૫ વર્ષ જીવવાની મારી ઈચ્છા જે અત્યારે મરી ગઈ છે તે ફરી જાગ્રત થશે.'

> *'બાપુની વ્યથાની સાથે સાથે બીજી અનેક હકીકત કોઈ પણ જાતના પડદા વગર આપણી સમક્ષ આવે છે. અનેક પાત્રોનું દંભનું આવરણ ખસી જાય છે. અને આપણી સમક્ષ એ મૂળ સ્વરૂપે છતા થાય છે. એક જગ્યાએ બાપુ કહે છે : 'તમે બધા મારા એક દિવસના વફાદાર સાથીઓ છો, તમારાથી કોઈ વસ્તુ ન બની શકે તે હું સમજી શકું. પરંતુ મહેરબાની કરીને મને ખોટાં વચનો આપી આશામાં ન રાખો તે જ તમારી પાસે પ્રાર્થના છે.' આ શબ્દો પાછળની કરુણા તેમના થોડા સાથીઓ પણ પામી શક્યા હોત તો પરિસ્થિતિમાં કંઈ ફેર ન પડત તો પણ મહાત્માનું દુઃખ જરૂર ઓછું થયું હોત. મનુબહેન એક જગ્યાએ લખે છે તેમ બાપુજી પાસે સહુના ટકા મુકાઈ જતા હતા.'*
>
> **મોરારજી દેસાઈ**
>
> (મનુબહેન ગાંધી લિખિત 'દિલ્હીમાં ગાંધીજી (ભાગ બીજો)'ની પ્રસ્તાવનામાંથી, પાન ૫ અને ૬)

ભારતની આઝાદીને ૬૮ વર્ષ થાય છે; અને આ દાયકાઓમાં કોમવાદનો અજગર ભરડો લઈને બેઠો જ વર્તાય છે. એક અથવા બીજા કારણે હિંદુ મુસલમાન કોમો વચ્ચેનો વિશ્વાસ ઝંખવાણો બનતો રહ્યો છે. મોટા ભાગના રાજકીય પક્ષો આ વૈમનસ્યના જોરે મત મેળવવા જોર કરતા આવ્યા છે. ધર્મનિરપેક્ષતા આજે કોઈક ગાળ હોય તેમ તેનો ઊતરતી પાયરીએ જઈ ઉપયોગ કરાતો અનુભવાય છે. જમણેરી પક્ષો આનો સવિશેષ લાભ ખાટે છે. ગાંધી અને ગાંધીવિચારને લગીર સમજ્યા, જાણ્યા વગર તે પર તૂટી પડતા તેમ જ ગાંધીજીની અવહેલના કરતા તેમને શરમ સુદ્ધાં નડતી નથી.

એક વેળા, કેટલાક સ્થાનિક મુસલમાન ભાઈઓ ગાંધીજીને મળવા આવેલા. તે પ્રસંગ મનુબહેન આ રીતે નોંધે છેઃ

તેમનો સવાલ હતોઃ 'આપણા પ્રધાનોએ એક સમયે અમને જે વચનો આપ્યાં હતાં તે હજુ સુધી પાળ્યાં નથી.'

ગાંધીજીનો જવાબ હતોઃ 'પહેલી વાત તો એ છે કે, તમે શાં વચનો માગ્યાં હતાં અને તેઓએ શા વચનો આપ્યાં અને નથી પાળ્યાં એ જ વાત તમે મને નથી કહી. અને આમ અધ્યાહાર રાખી મોઘમ વાતો કરવાથી કંઈ અર્થ ન જ સરે ને? (વિનોદમાં) તમે વાણિયાની અને બિરબલની વાર્તા તો સાંભળી હશે કે, વાણિયો 'મગનું નામ' પાડતો જ નથી. આ તો ઠીક છે કે તમે મને વાત કહી. પણ જો આમજનતાને આવી વાત કહો તો આપણી ભોળી પ્રજા, કે જેને હજુ પ્રધાનો શું કે સ્વરાજ્ય શું તેની ખબર નથી, તે એકદમ ઉશ્કેરાય જાય. અને ગેરસમજ કેટલી વધે? માટે જે વાત કહેવી હોય તે સાબિતી સહિત અને સ્પષ્ટ કરવી જોઈએ.'

પછી આગળ કહે છેઃ 'જો કે હું કાંઈ સરકારમાં નથી. સરકારના માણસો બધા મારા મિત્રો છે તે સાચું. પણ આવી હકીકતોની જ્યારે જ્યારે તપાસ કરાવવામાં આવે છે ત્યારે લગભગ ખોટું ઠરે છે. અને ગેરસમજ વધે છે. આવો પ્રસંગ તો કેટલીય વાર મને પણ સાંપડ્યો છે, એથી કહું છું. અને વાતને કદીય વધારીને ન જ કહેવી જોઈએ.'

એ દિવસની સાંજની પ્રાર્થનામાં વળી આ બાબતને ગાંધીજી ફેર રજૂ કરતા કહે છેઃ 'ગેરસમજ થાય એવો એક પણ શબ્દ આપણા મોઢામાંથી ન નીકળવો જોઈએ. મારી પાસે એક વાનરગુરુનું સુંદર રમકડું છે. તેમાં એક વાનરગુરુએ મોં બંધ રાખ્યું છે. પોતાના વચનનો પૂરો અમલ કરવાની વાત એકલા રાજકર્તાઓ સારુ જ ન હોઈ શકે. આપણ સહુને માટે છે. એથી આપણાથી જે ન થાય તેવું હોય તે કોઈને નહીં. અને જેમ બને તેમ અલ્પોક્તિ કરવી.'

આ ગ્રંથોમાં વિગતો, પ્રસંગો અને માહિતી અપરંપાર છે. આ ચોપડીઓનું બહુ મોટું ઐતિહાસિક મૂલ્ય પણ છે. કોમી એકતાની

વાત આજના વાતાવરણમાં ટલ્લે ચડી હોવા છતાં, તેનું અગત્ય લગીર ઘટતું નથી. જવાહરલાલ નેહરુ ઉપરાંત સુભાષચંદ્ર બોઝની પણ આ મુદ્દા બાબતની સમજણ ટકોરાબંધ રહી. આ જ ચોપડીમાં આઝાદ હિંદ ફોજમાં જ કોમી એકતા સુભાષબાબુએ સિદ્ધ કરી હતી તેનાથી ગાંધીજી પ્રભાવિત હતા તેમ નોંધાયું છે. આજના વાતાવરણમાં આ ભારે અગત્યની બાબત છે. હિંદુ-મુસ્લિમ-શીખ વગેરે તમામ કોમોના લોકો ખભે ખભા મિલાવીને કામ કરે તેમ બનવું જોઈએ. તેમ થાય તો જ દેશ વધુ સંગઠિત અને શક્તિશાળી બને. આ પ્રસંગોથી તે અનેકવાર પૂરવાર રહ્યું છે.

આ દિવસોમાં કાઠિયાવાડની વાત સવિશેષ નોંધાઈ છે. આવા નાનકડા પ્રદેશમાં ય જ્યાં હિંદુ-મુસલમાનનો ભેદભાવ નથી તેને સંભાળી શકવાની ઈચ્છા ગાંધીજી દર્શાવ્યા કરે છે.

આવી બધી તરેહ તરેહની વાતો થતાં, પંડિત જવાહરલાલ નેહરુ કહેઃ 'બાપુ, હમ સાથ એક દફે કાઠિયાવાડ જાયેંગે, મુઝે તો આપકા પોરબંદર દેખનેકી બડી ખ્વાઈશ હૈ.' બાપુ કહેઃ 'પણ મારું જન્મસ્થાન, અલ્લાહબાદ' જેવો મહેલ નથી હો? અંધારી કોટડી છે. અને પહેલાંના સમયમાં સુવાવડીને અંધારામાં ફાટેલમાં ફાટેલ ગોદડી પર જ સુવાડતા, વળી સીંદરીનો ખાટલો હોય, જુઓ તો ખરા સ્ત્રી પ્રત્યેનો અન્યાય!! અનેક માનવીનું સર્જન કરનારી સ્ત્રીના આવા હાલ અમારો સમાજ હજુ ય કરે જ છે.'

ગાંધીજી ક્યાંના ક્યાં લઈ જાય છે! આજે મહિલાઓ અંગે જે વાતાવરણ દેખા દે છે તેને સારુ આ પ્રસંગમાં કંઈક અંશે કદાચ પ્રકાશ લાધે ખરો.

આચાર્ય દાદા ધર્માધિકારીને નામ 'વરદાન' નામક એક પ્રસંગ 'શાશ્વત ગાંધી'ના જાન્યુઆરી ૨૦૧૫ અંકમાં છેઃ

એક ગરીબ આંધળો બુઢ્ઢો હતો. એણે લાંબું તપ કરીને ભગવાનને પ્રસન્ન કર્યા. ભગવાને દર્શન આપ્યાં અને કહ્યું, 'માગ, માગ!માગે તે આપું.' એ ઘરડો હતો, આંધળો હતો અને ગરીબ પણ હતો. ત્રણે દુઃખ ટળે એવું એમણે માગવું હતું અને ભગવાન તો એક જ વરદાન આપે એટલે બુઢ્ઢાએ માગ્યું, 'મારા પૌત્રને ચાંદીની કૂંડીમાં નહાતો જોઉં.' અને આમ એને આંખ, આવરદા અને અઢળક ધન મળ્યાં.

આપણાં દેશમાં પણ એવો બુઢ્ઢો થઈ ગયો. તેણે પણ આવું જ યુક્તિવાળું વરદાન માગ્યું હતું. પોરબંદર અને રાજકોટના દીવાનનો દીકરો હતો, ભણીને બૅરિસ્ટર થયેલો, કમાતોધમાતો બાળબચ્ચાંવાળો સંસારી માણસ હતો. પણ તેણે શું માગ્યું? એણે વરદાન માગ્યું, 'હે ઈશ્વર! દિલ્હીના સિંહાસન પર હું એક ભંગીની છોકરીને બેઠેલી જોવા ઇચ્છું છું. અને આમ એણે ભંગી, સ્ત્રી અને ગરીબનો સામટો ઉદ્ધાર ઈચ્છ્યો.'

જાતને પૂછીએઃ આપણે છેવાડાના આવા આવા માણસોને કેન્દ્રમાં રાખતા થયા કે હાંસિયામાં ધકેલતા રહ્યા?

**પાનબીડું :**

'એક વાત ખરી. આપણા જીવતરમાં આપણે બધા પરિપૂર્ણ ન થઈ શકીએ. પૂર્ણતાની પ્રાપ્તિ ઝટવારમાં ન થઈ જાય એ સમજી શકાય તેવી વાત છે. એટલે આજે એક અંગ અપનાવી, કાલે બીજું અંગ, પરમ દિવસે ત્રીજું એમ એક પછી એક-અંગ અપનાવીને આપણે સમગ્રને અપનાવી શકીએ છીએ. એક-એક પગલું ભરીને જ આપણે પૂર્ણતાના શિખરે પહોંચી શકીએ. માનવજીવનની સુધારણા એ જ માર્ગે શક્ય છે. એ જ રીતે બાપુની જીવનદૃષ્ટિને આપણે સમજીએ અને આચારમાં ઉતારીએ તો આપણું કામ થઈ જાય, દેશનું કામ થઈ જાય અને બાપુનું બલિદાન પણ સાર્થક થઈ જાય.'

**□ નાનાભાઈ ભટ્ટ**

(સૌજન્ય : 'શાશ્વત ગાંધી', પુસ્તક ૩૭, જાન્યુઆરી-૨૦૧૫)

✷✷✷

Holly Cottage, B-Ferring Clofe, Harrow, Middlesex HA2 OAR UK
e-mail:
vipoolkalyani.opinion@btinternet.com

## ગાંધીજી આધુનિક હતા?

સત્યને વળગી રહેવું અને નીતિના નિયમને સર્વોપરી ગણવો એ જો આધુનિકતાનું લક્ષણ હોય, તો ગાંધીજી આધુનિક હતા.

વચન પાળવું અને માથે લીધેલું કામ પાર ઉતારવું એ જો આધુનિકતાનું લક્ષણ હોય, તો ગાંધીજી આધુનિક હતા.

જો સહિષ્ણુતા અને સમજદારી આધુનિક હોય, તો ગાંધીજીને આધુનિક ગણવા જ પડે.

જેઓ આપણા કરતાં જુદો અભિપ્રાય ધરાવતા અથવા આપણા વિરોધી હોય તેમની સાથે પણ સ્વસ્થપણે વર્તવું એ આધુનિક હોય, તો ગાંધીજી આધુનિક હતા.

જો દરજ્જાનો, સત્તાનો કે સંપત્તિનો ખ્યાલ કર્યા વગર સૌ પ્રત્યે સમાન સૌજન્ય દાખવવું એ આધુનિક હોય, તો બેશક, ગાંધીજી આધુનિક હતા.

જો દીનહીનો સાથે તાદાત્મ્ય સાધવું એ આધુનિક હોય, તો ગાંધીજી આધુનિક હતા.

જો ગરીબો, દરિદ્રો, દલિતો, દુર્ભાગીઓ માટે અવિશ્રાંત કામ કરવું એ આધુનિક હોય, તો ગાંધીજી આધુનિક હતા.

અને સૌથી વિશેષ તો એ કે કોઈ ઉમદા હેતુ માટે મૃત્યુ વહોરી લેવું એ આધુનિક હોય તો ગાંધીજી આધુનિક હતા.

**□ જીવતરામ કૃપાલાની**

(અનુ. **નગીનદાસ પારેખ**)

('ગાંધીજી : જીવન અને વિચાર' પુસ્તક)

# ગાંધીજીનાં અંતિમ પ્રવચનોની સોનોગ્રાફી

□ ડૉ. નરેશ વેદ

*[ અધ્યયન, અધ્યાપન, વ્યક્તિત્વ અને ચારિત્ર્યઘડતર, વાંચન, લેખન અને સંસ્થા સંચાલન જેવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં છેલ્લા પાંત્રીસ વર્ષોથી સેવા આપી રહેલા ડૉ. નરેશ વેદ અનેક પ્રતિષ્ઠિત સન્માનોથી વિભૂષિત છે અને વિવિધ યુનિવર્સિટીઓમાં ઉપકુલપતિ રહી ચૂક્યા છે. પ્રસ્તુત લેખમાં તેમણે મહાત્મા ગાંધીએ અંતિમ તબક્કામાં આપેલા પ્રાર્થના પ્રવચનોનો નિચોડ રજૂ કર્યો છે જેનાથી ગાંધીજીની ત્યારની મનઃસ્થિતિ પર પ્રકાશ પડે છે. ]*

મહાત્મા ગાંધીજી આગાખાનમહેલની જેલમાંથી મુક્ત થયા બાદ દિલ્હી પાછા ફર્યા હતા અને ત્યાં સાંજની પ્રાર્થનાસભાઓમાં નિયમિત રૂપે પ્રવચનો કરતા હતા. એ પરંપરા એમના મહા નિર્વાણદિનના આગલા દિવસ સુધી, એટલે કે ૨૯મી જાન્યુઆરી, ૧૯૪૮ સુધી, બરાબર ચાલતી રહેલી. એમના એ પ્રવચનો 'गान्धी साहित्य : प्रार्थना प्रवचनों' નામે હિન્દી ભાષામાં, બે ભાગમાં, સસ્તા સાહિત્ય મંડલ, નવી દિલ્હી, નામની પ્રકાશન સંસ્થા દ્વારા પ્રથમ વાર ડિસેમ્બર ૧૯૪૮માં પ્રકાશિત થયાં હતાં. એ પુસ્તકોમાં ૧લી એપ્રિલ, ૧૯૪૭ થી ૨૯મી જાન્યુઆરી, ૧૯૪૮ સુધી એમણે આપેલાં પ્રવચનો સંગ્રહાયેલાં છે. મતલબ કે એમના જીવનના છેલ્લા દશ માસ દરમ્યાન એમના દ્વારા અપાયેલાં કુલ ૨૨૩ પ્રવચનો એમાં સંગ્રહાયેલાં છે.

સમયની દૃષ્ટિએ જોઈએ તો આ પુસ્તકમાં દેશને આઝાદી મળી એ પૂર્વેના થોડા માસ અગાઉથી શરૂ કરીને છેક ગાંધીજીના મહા નિર્વાણ સુધીનો સમયગાળો છે. આ સમયગાળો જેમ દેશજીવનમાં તેમ મહાત્મા ગાંધીજીના અંગત જીવનનો પણ અત્યંત મહત્ત્વનો હતો. આ સમયગાળા દરમ્યાન જ દેશની આઝાદીની, દેશના ભાગલાની, કોમી હિજરતની, કોમી દંગલની, દેશની પ્રથમ સરકાર રચનાની, દેશનું નેતૃત્વ કોઈના હાથમાં સોંપવાની, હિન્દુસ્તાન-માંથી વિખૂટા પડી અસ્તિત્વમાં આવતા પાકિસ્તાનને મિલ્કત આપવાની, દેશમાં રહેલાં અસંખ્ય દેશી રજવાડાઓને ભારતીય સંઘમાં સામેલ કરવાની, જૂનાગઢ, હૈદરાબાદ, કાશ્મીર જેવી દશ, દેશની સલ્તનતોને ભારતીય સંઘમાં સમજાવીને સામેલ કરવાની, નિર્વાસિતોને થાળે પાડવાની, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રભાષા નક્કી કરવાની, અંગ્રેજોને દેશમાંથી વિદાય કરવાની, દેશમાં કથળેલી સામાજિક, રાજકીય અને આર્થિક પરિસ્થિતિને સુધારવાની, રાષ્ટ્રમાં ફેલાયેલી અરાજકતા, હિંસા, અસલામતી, અનવસ્થા, અસમાનતા જેવી લાગણીઓમાંથી પ્રજાને ઉગારવાની, લાચાર, હતાશ, હિંસક, અસહિષ્ણુ, અધીર અને વિપ્લવી બનેલી પ્રજાને શાંત અને સ્વસ્થ કરવાની અને એ માટે પ્રજાને વિચાર, વાણી અને વર્તનમાં શાણી બનાવવા માટે ભારતીય સંસ્કૃતિની મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા, ક્ષમા જેવા સનાતન મૂલ્યો, આદર્શો અને આચારોનો સદ્‌બોધ આપવાની–એમ અનેક મહત્ત્વની ઘટનાઓ બની રહી હતી. ધાડ, લૂંટ, હત્યા, બળાત્કાર જેવી જઘન્ય ઘટનાઓથી ઉકળતા ચરુ, ફાટેલા જ્વાળામુખી કે ભારેલા અગ્નિ જેવી દેશની સ્થિતિ હતી. એ વખતે કેવલ ભારતની ભૂમિના જ નહિ, ભારતીય લશ્કરના પણ ટુકડા થયા હતા. ત્રાવણકોર અને હૈદરાબાદી સલ્તનતને આખા હિંદુસ્તાન પર કબજો મેળવી લેવો હતો. દક્ષિણ પ્રાંતના લોકોને અલગ દ્રાવિડસ્તાન જોઈતું હતું. શીખોને શીખીસ્તાન, જાટોને જાટિસ્તાન જોઈતું હતું. કોઈને અહિરિસ્તાન જોઈતું હતું. રાષ્ટ્રના તાણાવાણા વીંખાઈ રહ્યા હતા. બહેન-દીકરીઓના શરીર પીંખાઈ રહ્યાં હતાં. કૉંગ્રેસ ક્ષીણ થતી જતી હતી, નેતાઓ ક્ષુબ્ધ હતા, પ્રજાનો કેટલોક વર્ગ અસહિષ્ણુ, અનીતિમાન અને ઉન્માદી થઈ ગયો હતો, બાકીનો વર્ગ અવઢવમાં હતો, રાષ્ટ્ર ઉન્માદ અને અજંપાની સ્થિતિમાં હતું, રાષ્ટ્રમાં વેરઝેરની હોળી સળગી ઊઠી હતી અને વિશ્વાસની કટોકટી ઉત્પન્ન થઈ હતી.

એવે સમયે ગાંધીજીની શારીરિક અને માનસિક સ્થિતિ કેવી હશે એ જાણવું અને સમજવું ઘણું જરૂરી છે. એ માટેનું અત્યંત ઉપયોગી સાધન ગાંધીજીનાં આ પ્રવચનો છે. સન ૧૯૪૪માં મહાદેવભાઈ અને કસ્તૂરબાના અવસાનથી ગાંધીજીના બે જીવન આધારો નષ્ટ થઈ ચૂક્યા હતા. એક પુત્ર એમનાથી નારાજ થઈ, ધર્મપરિવર્તન કરી, વિખૂટો પડી ગયો હતો. બીજો પુત્ર વિદેશમાં હતો. નેહરુ, સરદાર જેવા મિત્રો રાજકારભારમાં પડી ગયા હતા. ગાંધીજી સ્વજનો, મિત્રો અને સ્નેહીઓથી એકલા અટૂલા પડી ગયા હતા. ઉંમર સાથે શરીર પણ ક્ષીણ થતું જતું હતું. શાંતિસ્થાપના માટે અહીંતહીં દોડ, પદયાત્રાઓ, પ્રાર્થનાઓ, પ્રવચનો અને ઉપવાસોને કારણે પણ શરીર અને મન થાક તેમ અજંપ અવસ્થાનો અનુભવ કરતાં હશે. છતાં એ માહોલમાં હાર્યા-થાક્યા વિના એમણે રાષ્ટ્રની પ્રજામાં જન્મેલા રોષ અને પ્રતિશોધનાં મોજાંને શાંતિ અને અહિંસા, પ્રેમ અને ભાઈચારો, માણસાઈ અને ભલાઈનો સદ્‌બોધ કરી અટકાવવાનો પ્રબળ પુરુષાર્થ કર્યો હતો. એવા ક્ષુબ્ધ અને ઉશ્કેરણીજનક વાતાવરણમાં પણ પૂરા સ્વસ્થ રહીને, સૌના ખરા

હિતની જનકલ્યાણકારી સલાહ થાક્યા વિના તેઓ આપતા રહ્યા હતા. કોઈને ગમે કે ન ગમે, કોઈ વખોડે કે વગોવે, કોઈ ધિક્કારે કે તિરસ્કારે, કોઈ સ્વીકારે કે ગાળ દે–તેઓ પોતાને સત્ય અને સનાતન લાગતી વાત સૌને કરતા રહ્યા હતા.

એટલું ઓછું હોય તેમ એ સમયે જુદી જુદી કોમ અને મિજાજના લોકોએ એમની વાતોનો, વિચારોનો, સિદ્ધાંતોનો, સલાહોનો, અરે પ્રાર્થનાઓનો પણ વિરોધ કર્યો હતો. એ વખતે ઉન્માદી હિંદુઓ અને શીખોને એમ લાગતું હતું કે તેઓ મુસ્લિમ તરફી છે, ઉન્માદી મુસ્લિમોને એમ લાગતું હતું કે તેઓ હિંદુ અને શીખ તરફી છે. કેટલાક નાદાન લોકોને એમ લાગતું હતું કે તેઓ અંગ્રેજ તરફી છે. એ કારણે એવા લોકો એમનો વિરોધ કરતા હતા, એમને પાગલ ગણતા હતા, એમને અનેક પ્રશ્નો પૂછતા હતા અને એનો એમની પાસે જવાબ માંગતા હતા. જેમ કે, તમે આ તે એમ સૌ કોઈ ઉપર વિશ્વાસ કેમ કરતા રહો છો? તમે ફરેબી અંગ્રેજો ઉપર ભરોસો કેમ રાખો છો? આપણા દેશના રાજકીય પક્ષો પોતાની રાજકીય મુરાદ પાર પાડવા માટે હિંસાનો પ્રયોગ કેમ કરે છે? તમે દેશના ભાગલા કેમ થવા દીધા? તમે લોકો વર્ષોથી બ્રિટીશ લશ્કરના આદી થઈ ગયા છો, જ્યારે તે અહીંથી ચાલ્યું જશે ત્યારે તમારી હાલત શું થશે? ૧૫મી ઑગસ્ટ પછી કૉંગ્રેસનું શું થશે અને તેનો શો પ્રોગ્રામ રહેશે? ૧૫મી ઑગસ્ટ પછી બંને દેશોમાં બે કૉંગ્રેસ રહેશે કે એક જ? કે પછી કૉંગ્રેસની આવશ્યકતા જ નહીં રહે? શું કૉંગ્રેસ હવે સાંપ્રદાયિક સંસ્થા બની રહેશે? તમે હિંદુ મંદિરોમાં કુરાની આયાતો પઢો છો પણ મસ્જિદમાં જઈને ગીતા કે રામાયણના પાઠ કરવાનું શૌર્ય કેમ બતાવતા નથી? જ્યારે તમે કુરાનની આયાતો પઢો છો અને એમ પણ કહો છો કે બધા ધર્મો તો સમાન છે, તો તમે તમારી પ્રાર્થનામાં જપજી અને બાઈબલમાંથી કેમ કાંઈ રજૂ નથી કરતા? ત્રીસ વર્ષો સુધી તમે અંગ્રેજો સાથે અહિંસાત્મક લડાઈ કરી, છેવટે એનું આવું પરિણામ કેમ આવ્યું? જે ડોમિનિયન સ્ટેટસ આપણને મળવાનું છે, શું એમાંથી રામરાજ્ય પેદા થઈ શકશે? ઈન્ડિયન રીપબ્લિકનનો પ્રેસિડન્ટ કોણ થશે? કાયદેઆઝમ જિન્હા પાકિસ્તાન ગવર્નરજનરલ બની ગયા અને આપણે ત્યાં ગવર્નરજનરલ અંગ્રેજ વાઈસરોય બની બેઠા, એ કેવો હિસાબ? તમે હંમેશાં સત્યના પૂજારી રહ્યા પણ બધી જગ્યાએ તો જૂઠ જૂઠ જ છે. કોણ નીચાં છે, કોણ ઊંચા છે? સત્ય શું છે? સહિષ્ણુતા ક્યાં ગઈ? સત્ય, અહિંસા, સહિષ્ણુતા જ્યારે ક્યાંય દેખાતાં નથી ત્યારે એ કહો કે એને માટે જવાબદાર કોણ? આપણે આપણા સંઘને હિંદુભારત કહીને શા માટે ન ઓળખવો જોઈએ? એના ઉપર હિંદુધર્મની અમીટ છાપ શા માટે ન લગાવવી જોઈએ? પ્રશ્નો પ્રશ્નો અને પ્રશ્નો. ગાંધીજી કેટલાના જવાબ આપે અને શું આપે?

કેવળ પ્રશ્નો જ નહીં એમની ઉપર આક્ષેપો પણ ઘણાં કર્યા છે. જેમકે, તમે મુસલમાનોની તરફદારી અને અંગ્રેજોની ખુશામત કરતા રહ્યા છો. તમે હિંદુઓને બરબાદ કર્યા છે. તમે લૉર્ડ માઉન્ટબેટનને બહુ માથે ચઢાવો છો. બીજી ગોળમેજી પરિષદમાં તમે પોકારી પોકારીને કહેતા હતા કે હિંદુસાતનને આઝાદી મળશે ત્યારે વાઈસરોયનો જે બંગલો છે તેમાં કાં તો હરિજન બાળકો રહેશે અથવા એમાં હૉસ્પિટલ ખોલવામાં આવશે. જ્યારે આજનું લૉર્ડ માઉન્ટબેટન સાથેનું તમારું વલણવર્તન એની સાથે મેળ નથી ખાતું. તમે ઢોંગી છો, બદમાશ છો, પાગલ છો. પ્રશ્નોના આવા પ્રહારો અને આક્ષેપોની આવી ઝડી વચ્ચેય શાંતિ અને સ્વસ્થતા ટકાવી રાખવા કેટલા મુશ્કેલ હોય, છતાં ગાંધીજી એ ટકાવ્યાં છે, તેઓ વિચલિત નથી થયા. મોટાઈના દંડ પણ મોટા હોય છે. મહાત્મારૂપી મોટાઈ જેમને મળી હતી એ ગાંધીજીએ એવા દંડ ચૂકવ્યા છે.

છતાં ગાંધીજી પણ માણસ હતા. નિરાશ ને નારાજ થયેલી પ્રજાની મનોદશા તેઓ સમજતા હતા. એમની પાસે આ લોકોની આશા-અપેક્ષાઓ શી હતી, એ પણ તેઓ સમજતા હતા. પરંતુ એ વખતે, એ વાતાવરણમાં એમની સ્થિતિ તો તેઓ પોતે એક પ્રવચનમાં કહે છે તેમ 'गोया, उजड देशमें अरंड ही पेड'વાલી मेरी स्थिति है। તેઓ બધી બાજુથી એકલા અટૂલા પડી ગયા હતા. ગઈકાલ સુધી એમને પડ્યો બોલ ઝીલનારમાંથી કોઈ એમનું હવે સાંભળતું પણ નથી. તેઓ કહે છેઃ 'मेरे कहने के मुताबिक तो कुछ होगा नहीं। होगा वही जो क्रोंग्रेस करेंगी। मेरी आज चलती कहां है? मेरी चलती तो पंजाब न हुआ होता, न बिहार होता, न नोआखली! आज मेरी कोई मानता नहीं। मैं बहुत छोटा आदमी हूं। हाँ, एक दिन मैं हिन्दुस्तान में बडा आदमी था। तब सब मेरी मानते थे। आज तो न कोंग्रेस मेरी मानती है, न हिन्दु और न मुसलमान। कोंग्रेस आज है कहाँ? वह तो तितरबितर हो गई है। मेरा तो अरण्यरोदन चल रहा है। आज सब मुझे छोड सकते हैं। ईश्वर मुझे नहीं छोडेगा।'[1]

વળી આગળ વધતાં તેઓ કહે છેઃ

मेरी बात पर आप चाहें मुझे धन्यवाद दे, चाहे गालियां दे, मैं तो अपने दिल की ही बात आपसे कहूंगा।'[2]

કૉંગ્રેસના વલણથી નારાજ લોકોનો તેમની પાસે કૉંગ્રેસ સામે ઉપવાસ કરવાના આગ્રહ વખતે તેઓ કહે છેઃ

'आज हिन्दुस्तान में कौन सी ऐसी चीज हो रही है जिससे मुझे खुशी हो सके। तो भी मैं पडा हूं, क्योंकि कोंग्रेस बहुत बडी संस्था हो गई है। उसके सामने मैं उपवास नहीं कर सकता। लेकिन आज मैं भठ्ठी में पड़ा हूं और मेरे दिल में अंगार जल रहा है। फिर भी मैं जिंदा क्यों हूं, यह मेरा ईश्वर ही जानता है।'[3]

કૉંગ્રેસે અખંડ હિન્દુસ્તાનના ભાગલાની વાતને સંમતિ આપી ત્યારે ઘણા લોકોને એ વાત પસંદ ન હતી. ત્યારે તેમણે ગાંધીજીનો એ અંગે અભિપ્રાય જાણવા પ્રયત્ન કર્યો હતો. ત્યારે ગાંધીજીનો ઉત્તર હતોઃ

'मैं कबूल करता हूं कि मुझे भी यह निर्णय अच्छा नहीं लगा है, लेकिन दुनिया में कई चीजें ऐसी होती रहती है, जो अपने मन की नहीं होती, फिर भी हम उसे सहन करते हैं। इस तरह इसको भी हमें सहन करता है।' [૪]

જે રીતે એ વખતે હિંદુ-મુસ્લિમ-શીખ-ખ્રિસ્તી લોકો આપસ આપસમાં લડવા લાગ્યા હતા, એ જોઈને ગાંધીજી દુઃખી થઈને કહે છેઃ

'मेरे नसीब में जन्म से लड़ाई पड़ी है। मैं चाहता हूं कि वह ओर न लड़नी पडे। फिर भी दिल को यह बर्दाश्त नहीं होता कि छोटे फिरके आपस में लडते रहें और हम पाई हुई आजादी तो खो बैठें।' [૫]

સમય સમય બળવાન છે, નહીં પુરુષ બળવાન એ સનાતન સત્યનો અનુભવ ગાંધીજીને પણ થયો છે. એક સમયે પોતાની શી તાકાત હતી અને આજે શી સ્થિતિ છેઃ

पहले अगर कोई जरा भी परदेशी काम करता था तो मैं उसे बहुत डांटता था। लेकिन तब मेरा राज था, बंदूक का राज नहीं. सारे मुल्क में प्रेम का राज था. अब मेरा वह सिक्का नहीं है। मैं अब बूढा हो गया हूं। [૬]

જ્યારે પંજાબ, બિહાર, બંગાળ, દિલ્હી–એમ બધે વેરની આગ વધવા લાગી. અપહરણ, બળાત્કાર, હત્યાઓ થવા લાગી ત્યારે સૌ ગાંધીજીની હાજરીની અપેક્ષા રાખે છે. ગાંધીજી પણ બધે શાંતિ સ્થાપવા ઈચ્છે છે. પણ તેઓ ક્યાં ક્યાં પહોંચી શકે? તેઓ શું કરી શકે? તેમની આવી મનોદશાનો પડઘો એમનાં આ વચનોમાં પડતો દેખાય છેઃ

मुझ पर आज धर्मसंकट आ पड़ा है। मेरा दिल कभी बिहार जाने के लिए करता है तो कभी नोआखली। मैं कहां जाउं और क्या करुं. यह मुझे मालुम नहीं होता। [૭]

દિલ્હીમાં પ્રાર્થના-પ્રવચનોમાં અહર્નિશ શાંતિ અને અહિંસાનો અનુરોધ કર્યા પછીય ત્યાંની પરિસ્થિતિમાં કોઈ ફેર પડતો નથી જણાતો ત્યારે હતાશ થયેલા ગાંધીજીના ઉદ્‌ગારો આ છેઃ

मैं यहां दिल्ली में क्यों पडा हूं? मुझे बिहार या नोआखली में चले जाना चाहिए। यहाँ तो मैं बेहाल हूं। यदि मुझसे कोई पुछे कि मैने यहाँ क्या किया तो मैं यही कह सकता हूं कि मैंने केवल हजामत की है। [૮]

દિલ્હીમાં લોકો એમને કહેવા લાગ્યા હતા કે તમારા ભાષણો આજકાલ નિરાશા પેદા કરી રહ્યા છે. કેટલાક લોકો તો એમને સ્પષ્ટ કહેવા લાગ્યા હતા કે તેમણે હવે બિલકુલ ચૂપ રહેવું જોઈએ, બોલવું નહીં જોઈએ. એ વખતે એમના દિલોજાન દોસ્તોની સાથે પણ મતભેદો થઈ ચૂક્યા હતા. ત્યારે અવસાદ સાથે એમની મનોદશા મરણોન્મુખ થતી જાય છે. જુઓ એમના વચનોઃ

मुझे अब जीना कितना है? आपको मैं कह दूं कि मुझको दिल में खुशी नहीं हो सकती है कि मैं जिंदा रहूं और जो मैं चाहता हूं वह न कर सकूं।... मेरा काम खत्म हो गया है। मैं कोई आत्महत्या करके मरना चाहता हूं ऐसा नहीं। [૯]

ભલે તેઓ આત્મહત્યા કરવા ઈચ્છતા નથી એમ એમણે કહ્યું પણ એમને એનો વિચાર તો મનમાં આવી ગયો હશે જેથી એનો પ્રવચનમાં ઉલ્લેખ થઈ જાય છે. એ વખતની લોકોની હેવાનિયત અને રાષ્ટ્રની હાલત જોઈને તેઓ એટલા બધા અસ્વસ્થ થઈ ગયા હતા કે એમનાથી કહેવાઈ જાય છે કેઃ

हिंदुस्तान इतना आलीशान मुल्क, आज बिलकुल एक स्मशानसा हो गया है। ऐसा हेवान हो गया है। [૧૦]

દેશની પ્રજા વૈર-ઝેર, ઈર્ષ્યા-અસૂયા, કામ-ક્રોધ,


## ગ્રંથ સ્વાધ્યાય

**શ્રી ભદ્રંકર વિદ્યા દીપક જ્ઞાન વિજ્ઞાન સ્વાધ્યાય સત્રના ઉપક્રમે**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત**

**પ. પૂજ્ય ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરીની**

**અમૃતમય વાણીદ્વારા**

**ભગવાન મહાવીરની અંતિમ દેશના**

**'ઉત્તરાધ્યયન સૂત્ર' ગ્રંથ**

**ત્રિદિવસીય સ્વાધ્યાય**

**સ્થળ :** બિરલા માતુશ્રી સભાગૃહ-મરીન લાઈન્સ-મુંબઈ

**દિવસ :** ૨૦૧૫ મે માસ, તારીખ ૫, ૬, ૭ મંગળ, બુધ, ગુરુ

સમય : ત્રણે દિવસ સાંજે સાડા છ થી નવ

**સંયોજિકા : રેશ્મા જૈન**- 9920951074

**પ્રવેશ :** જિજ્ઞાસુઓને પોતાનું નામ સરનામું ઑફિસમાં વહેલી તકે નોંધાવી લેવા વિનંતિ. ૨૩૮૨૦૨૯૬. સ્વાધ્યાયના દિવસના એક સપ્તાહ પહેલાં જિજ્ઞાસુઓને પ્રવેશ પત્ર પોતાના સરનામે મોકલવામાં આવશે.

ત્રણે દિવસ સ્વાધ્યાયના સૌજન્યદાતા
ભાગ્યશાળી
**બિપીનચંદ્ર કે. જૈન**
**નિલમબેન બી. જૈન**

મારવા-લૂંટવાની હેવાનિયતમાં તરબતર હતી, એ જોઈને અત્યંત વેદના અનુભવતા ગાંધીજીને કેવળ લાચારી અને અસહાયતાનો અહેસાસ થાય છે. ત્યારે એમને ગજેન્દ્રમોક્ષની ઘટના અને ઈશ્વરની કરુણા યાદ આવે છે. ત્યારે તેઓ કહે છેઃ

हिन्दुस्तानरूपी गजराज को हो सके तो छुड़ाना चाहता हूं। मुझको क्या करना चाहिए। मेरा पराक्रम कुछ कर सके तो मुझको खुशी है। पर मेरा शरीर तो थोड़ी हड्डी है, थोड़ी चर्बी। ऐसा आदमी क्या कर सकता है? किसको समझा सकता है? लेकिन ईश्वर सबकुछ कर सकता है। तो में रातदिन ईश्वर को पकड़ता हूं। हे भगवान, तू अब आ, गजराज डूब रहा है। हिन्दुस्तान डूब रहा है। उसे बचा।[११]

એવામાં એમનો જન્મદિવસ આવ્યો. ત્યારે તેમનામાં ઉત્સાહ અને ઉમંગ નથી, દુઃખ, હતાશા અને શરમની લાગણીઓ છે. જુઓ એમના શબ્દોઃ

आज तो मेरी जन्मतिथि है... मेरे लिये तो आज यह मातम (शोक) मनाने का दिन है। मैं आज तक जिंदा पड़ा हूं। इस पर मुझको खुद आश्चर्य होता है, शर्म लगती है। मैं वही शख्स हूं कि जिसकी जबान से एक चीज़ निलकती थी कि ऐसा करो तो करोड़ों उसको मानते थे। पर आज तो मेरी कोई सुनता ही नहीं है।[१२]

આવી ક્ષોભજનક સ્થિતિમાં લાંબું જીવવાનું ક્યાંથી ગમે? એક સમયે જે ૧૨૫ વર્ષ જીવવાની વાત કરતા હતા એ ગાંધીજી પોતાનું જીવન જલ્દી પૂરું થાય એવું ઈચ્છવા લાગ્યા છે. એમનો જીવનરાગ (lifedrive) ઓસરતો હોય અને મૃત્યુની ઈચ્છા (death wish) બળવાન થતી હોય એવો અનુભવ થાય છે. જુઓ એમનાં વચનોઃ

ऐसी हालत में हिन्दुस्तान में मेरे लिये जगा कहाँ है और मैं उसमें जिंदा रह कर क्या करुंगा? आज मेरे से १२५ वर्ष की बात छूट गई है। १०० वर्ष की भी छूट गई है और ९० वर्ष की भी। आज मैं ७९ वर्ष में तो पहूंच जाता हूं, लेकिन वह भी मुझको चुभता है।[१३]

છતાં એમની માગણી જુઓઃ

रामराज्य तो छोड़ दो, आज तो किसी का राज्य नहीं। ऐसी हालत में मेरा जैसा आदमी क्या करे? अगर यह सब नहीं सुधर सकता तो मेरा हृदय पुकार करता है कि हे ईश्वर! तू मुझको आज क्यों नहीं उठा लेता? मैं इस चीज को क्यों देखता हूं। अगर तू चाहता है कि मुझको जिंदा रहना है तो कम से कम वह ताकत तो मुझको दे दे जो मैं एक वक्त रखता था।[१४]

જીવનના અંતિમ દિવસોમાં ગાંધીજીની આ હાલત હતી. હિંદુસ્તાનમાં રામરાજ્ય સ્થાપવાની એમની મહેચ્છા હતી. સત્ય અને અહિંસાના શાશ્વત મૂલ્યોના પાયા પર એક સુખી, સમૃદ્ધ અને સંસ્કારી રાષ્ટ્ર રચવાનું એમનું સ્વપ્નું હતું. પરંતુ એ વખતની પરિસ્થિતિએ એમની મહેચ્છાને, એમના સ્વપ્નને રોળીટોળી નાખ્યા. એમનો મોહભંગ થઈ ગયો, તેઓ નિર્ભ્રમિત થઈ ગયા. આવડી મોટી અંગ્રેજ સલ્તનતને અહિંસા અને સત્યાગ્રહ વડે ઝુકાવી શકાય, પણ પોતાના દેશબાંધવાનો જીતી ન શકાયા. એમાં પ્રજાનો દોષ જોવાને બદલે, આત્મનિરીક્ષણ કરી, તેઓ પોતાની અધૂરપનો દોષ નિહાળે છે. એમના આત્મમંથનમાંથી જે નવનીત નીપજ્યું તે જોઈએઃ

हमारी अहिंसा नामर्द की अहिंसा थी।[१५] अब ३२ वर्ष के बाद मेरी आंखें खुली हैं। मैं देखता हूं कि अब तक जो चलती थी वह अहिंसा नहीं थी, बल्कि मंद-विरोध था। मंद-विरोध वह करता है कि जिसके हाथ में हथियार नहीं होता। हम लाचारी से अहिंसक बने हुए थे, मगर हमारे दिलों में तो हिंसा भरी हुई थी। अब जब अंग्रेज यहाँ से हट रहे हैं तो उस हिंसा को आपस में लड कर खर्च कर रहे हैं।[१६]...मैंने तो ऐसी गलती की कि अबतक जो चीज चलती रही उसे अहिंसा समझता रहा। जब ईश्वरने किसी से काम लेना होता है तो वह उसको मूर्ख बना देता है। मैं अभी तक अंधा बना रहा। हमारे दिलों में हिंसा भरी हुई थी ऐर उसका आज यह नतीजा है कि हम आपस में लडे और लडे भी बहुत वहशियाना तौरसे।[१७]

હિંદુસ્તાનની પ્રજાને જતાં જતાં તેઓ કહેતા ગયા કે,

मैं कबूल करता हूं कि मैं आपको सच्ची अहिंसा नहीं सीखा सका।[१८]

કેટલી પીડા, કેટલા દુઃખ સાથે આ શબ્દો બોલાયા હશે? મહાવીર અને બુદ્ધ જેવા અહિંસાના પુરસ્કર્તાઓના ફરજંદરૂપ આ દેશના નાગરિકોને એક સવાલ પૂછવાનું મન થાય છે કે દેશમાં જે કાંઈ થયું અને જે કાંઈ થઈ રહ્યું છે, એમાં એ ધર્માત્માઓના સત, એ મહાત્માના તપ કે પછી આપણા વ્રત–શું ઓછું પડ્યું?

ગાંધીજીના સાયં પ્રાર્થના વખતનાં આ પ્રવચનોની આ સોનોગ્રાફી કર્યા પછી ઉપરનો પ્રશ્ન વારંવાર ઘૂમરાયા કરે છે. આ પ્રવચનોમાં જે ચિંતન, મનન, વિમર્શણ પડ્યાં છે એ દેશની અને મહાત્મા ગાંધીજીની માનસિકતા સમજવા માટે અત્યંત મહત્ત્વની એવી દસ્તાવેજી સામગ્રી છે. એકવાર તો એમાંથી પસાર થઈ જુઓ-

✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર (૩૮૮૧૨૦) સેલ નં. : ૦૯૭૨૭૩૩૩૦૦૦.

**पादटीप विवरण :**

(१) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ ७ (२) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ ५६
(३) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ १२६ (४) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ १३२
(५) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ १५७ (५) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ १८२
(७) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ १९३ (८) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ २३७
(९) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ ३३४ (१०) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ ३५१
(११) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ ३२२ (१२) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ ३७८
(१३) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ ३७९ (१४) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ २८२
(१५) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ १६५ (१६) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ २७०
(१७) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ २७३ (१८) प्रार्थना प्रवचन खण्ड १, पृष्ठ ४००

# મહાત્મા ગાંધીના જીવનના છેલ્લા પંદર મહિના

❑ સોનલ પરીખ

આઝાદી મળ્યાંને સાડા છ દાયકા પૂરાં થયાં છે. કોમી તંગદિલીની બાબતમાં આઝાદી વખતે આપણે જ્યાં હતાં, કદાચ તેની આજુબાજુ જ આજે પણ છીએ, માત્ર એ તંગદિલીનો ચહેરો જુદો છે.

૧૯૪૮ના જાન્યુઆરીમાં મહાત્મા ગાંધીની હત્યા થઈ. તેમના જીવનના છેલ્લા પંદર મહિના આ સમસ્યા ઉકેલવાની મથામણમાં ગયા. આ મથામણનો ઇતિહાસ જાતજાતની રાજકીય ઊથલપાથલથી ભરપૂર, ઉત્તેજનાપૂર્ણ અને અત્યંત કરુણ છે.

સંહારની પાશવી લીલાની શરૂઆત નોઆખલીમાં થઈ. નોઆખલી બંગાળનો એક સુંદર, ફળદ્રુપ, હરિયાળો પ્રદેશ છે. ભારે વરસાદવાળા આ પ્રદેશમાં ગીચ ઝાડીઓ, તળાવો, ખેતરો અને નહેરોની વચ્ચે છૂટાંછવાયાં ગામડાં વસેલાં છે. તે વખતે ત્યાંની ૨૨ લાખની વસ્તીમાં ૧૮ લાખ મુસ્લિમો હતાં. ૧૬૫૮ ચોરસ માઇલના આ વિસ્તારમાં ૬૦% થી વધુ જમીન લઘુમતી હિંદુઓની માલિકીની હતી, વેપાર-રોજગારનું પણ તેમ જ. શિક્ષણની બાબતમાંય હિંદુઓ આગળ હતા. મોટા ભાગના મુસ્લિમો પછાત, નિરક્ષર અને સ્વભાવે શાંત, શરમાળ, સરળ અને ભલા, પણ અતિશય અજ્ઞાનને કારણે સહેલાઈથી ઉશ્કેરી શકાય તેવા. હિંદુ-મુસલમાન વસ્તી વર્ષોથી સંપીને રહેતી. વીસી અને ત્રીસીના દાયકામાં ખિલાફત અને સવિનય ભંગની ચળવળમાં નોઆખલીમાં બ્રિટિશ વહીવટ લગભગ પ્રભાવ ગુમાવી બેઠો એટલે પછી અંગ્રેજોએ તેમની માનીતી નીતિ 'ડિવાઇડ એન્ડ રૂલ'નો આશ્રય લીધો. ૧૯૩૨થી ૧૯૩૯ સુધી તેઓ મુસ્લિમોને હિંદુઓને જીવવું મુશ્કેલ થઈ જાય તેવી કનડગત કરવા ઉશ્કેરતા અને તે માટેના રસ્તા પણ સૂચવતા રહ્યા.

તે પછી બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. દુકાળ, પૂર અને મોંઘવારીએ માઝા મૂકી. પ્રજાના અસંતોષ અને અવિશ્વાસના દારૂગોળામાં મુસ્લિમ લીગના 'સીધાં પગલાં'ના ઠરાવે જામગરી ચાંપી. ૧૯૪૬ ઑગસ્ટના અંતમાં નોઆખલીમાં કોમી રમખાણ ફાટી નીકળ્યું. ઇદના દિવસે મોટી સંખ્યામાં ને વીજળીવેગે તોફાનીઓ ફરી વળ્યા અને નિષ્ઠુર કત્લેઆમ શરૂ કરી. પહેલાં હિન્દુઓને ઘેરી લેવાતા, બચાવની શરત રૂપે મુસ્લિમ લીગના નામે પૈસા પડાવાતા. હથિયારો છીનવી લેવાતાં. દાતરડાં જેવી વસ્તુ પણ છુપાવેલી મળી આવે તો પૂરા પરિવારની તાત્કાલિક કતલ થતી. ઘરોને પેટ્રોલ છાંટી આગ ચાંપી દેવાતી. જીવવું હોય તો ધર્મપલટો કરવાની શરત મુકાતી ને તે પછી સચ્ચાઈની સાબિતી રૂપે તેમની સ્ત્રીઓને ટોળાએ પસંદ કરેલા મુસલમાનને 'પરણાવવા'નું ફરમાન થતું. તેને માટે મૌલવીઓ પણ સાથે જ રખાતા.

દિવસો સુધી આવું ચાલ્યું. ટાગોરની કાવ્યપંક્તિ – 'મનુષ્યો ક્રૂર છે, પણ મનખો માયાળુ છે' અનુસાર વ્યક્તિગત ધોરણે માનવતા અને બહાદુરીનાં પણ ઉદાહરણો છૂટાંછવાયાં જોવા મળ્યાં. ધર્મ બદલવા કરતાં મરી જવું પસંદ કરનારા હિંદુઓ અને હિંદુ પાડોશીને જીવના જોખમે બચાવનાર મુસલમાનો નીકળી આવતા. છતાં તોફાનગ્રસ્ત વિસ્તારોમાં સ્થિતિ ભયાનક હતી. પોસ્ટ ઑફિસો બંધ થઈ જતાં આખો વિસ્તાર બાકીના ભારતથી કપાઈ ગયો હતો. કુટુંબોનાં કુટુંબોનો પત્તો નહોતો. વૈદકિય સારવારનું નામનિશાન નહોતું. ઘાયલો તરફડીને મૃત્યુ પામતાં. ઑક્ટોબરના છેલ્લા અઠવાડિયામાં બંગાળની સરકારે અમલદારોને મોકલી મંગાવેલા હેવાલોમાં એ સમયની ભયંકરતાની ઝાંખી થાય છે.

એ સમયે ગાંધીજી દિલ્હીમાં હતા અને સેવાગ્રામ જવાનું વિચારી રહ્યા હતા. નોઆખલીના સમાચાર આવતાં જ તેમણે ત્યાં જવાનો નિર્ણય લીધો. આવું જોખમ ન લેવા બધાંએ તેમને સમજાવ્યા. 'તમે એકલા શું કરી શકશો ?' તેમ પણ કહ્યું. ગાંધીજીએ કહ્યું, 'હું ત્યાં જઈને શું કરીશ તે હું જાણતો નથી. પણ ત્યાં ગયા વિના મને ચેન નહીં મળે. હું મારી યુવાનીના દિવસોથી બે વિરોધ પક્ષોને મેળવવાનું કામ કરતો આવ્યો છું. હિંદની બે કોમોની વચ્ચે એકતા નહીં સ્થાપી શકું શું ? હું નોઆખલીમાં રહીશ. જરૂર પડશે તો ત્યાં જ મરીશ પણ હટીશ નહીં.'

કૉલકાતામાં પણ સામુદાયિક હિંસા ફાટી નીકળી હતી. તેથી ગાંધીજીએ કૉલકાતા થઈ નોઆખલી જવાનું ઠરાવ્યું. ચાર દિવસ તેઓ કૉલકાતા રોકાયા. ત્યાં તો બિહાર સળગ્યું. કૉલકાતા અને નોઆખલીના પ્રત્યાઘાત રૂપે ત્યાં હિંદુઓએ મુસલમાનોની કત્લેઆમ શરૂ કરી હતી. આ પ્રતિક્રિયાને વખોડી કાઢતાં ગાંધીજીએ કહ્યું, 'નોઆખલીમાં જે બન્યું, તેનું વેર બિહારમાં લેવું એ માનવતાનો માર્ગ નથી. હિંદુ-મુસ્લિમ જો આ હત્યાકાંડ ન રોકે તો ઉપવાસ પર ઊતરવાનો તેમણે નિર્ણય કર્યો. 'આ બેવકૂફ કતલોના સાક્ષી બનવા મારે માટે જીવતા રહેવું નથી.' આમ પણ તેઓ અર્ધ ઉપવાસ પર હતા જ. આ નિર્ણયથી બિહારની પરિસ્થિતિ પર તાત્કાલિક અસર થઈ અને ગાંધીજી ૬ નવેમ્બર, ૧૯૪૬ના રોજ નોઆખલી ગયા.

કૉલકાતાથી ગોપાલંદો ગાડીમાં અને તે પછી પદ્મા નદીમાં સો માઈલ આગબોટની મુસાફરી કરી તેઓ ચાંદપુર પહોંચ્યા. તેમની સાથે મજૂર ખાતાના પ્રધાન શમસુદ્દીન અહમદ તથા બંગાળ સરકારના બે પાર્લમેન્ટ-સેક્રેટરીઓ નસરૂલ્લાખાન અને અબ્દુલ

રશીદ હતા.

આગબોટ પર તેમને હિંદુ અને મુસ્લિમ પ્રતિનિધિઓ મળવા આવ્યા. મુસ્લિમ પ્રતિનિધિમંડળ અકળાયેલું હતું. પૂર્વગ્રહો સાથે આવેલું હતું. ગાંધીજીના ઠપકાની દહેશત સાથે આવ્યું હતું. ગાંધીજીએ બેધડક તેમને મુસલમાનોની ભૂલો બતાવી તે છતાં તેમણે જે તટસ્થતા અને શાંતિ જાળવી તે જોઈ મુસ્લિમો સ્તબ્ધ થઈ ગયા. ગાંધીજીએ હિંદુ પ્રતિનિધિ મંડળને કહ્યું. 'પોલીસ અને સરકારના રક્ષણ વિના તમારે ચાલવાનું નથી તેવું જો તમે કહેતા હો તો તમે લડાઈ શરૂ થયા પહેલાં જ હાર કબૂલી લો છો. તમારી ઓછી સંખ્યા નહીં, પણ તમારામાં ઘર કરી ગયેલી અસહાયતાની લાગણી તમારી ખરી મુસીબત છે. કાયરોને દુનિયાની કોઈ તાકાત રક્ષણ આપી શકે નહીં. હું તમારો બોલાવ્યો આવ્યો નથી અને મારું મિશન પાર પાડ્યા વિના જવાનો નથી. ગમે તેવી નઠોરતા પણ વીરતાનો આદર કરે જ છે. પૂર્વ બંગાળમાં માત્ર એક જ હિંદુ હોય તોય તે મુસલમાનો વચ્ચે રહે અને જરૂર પડે તો શૂરવીરની જેમ મરવાની હિંમત રાખે તેમ હું તો ઈચ્છું છું. આખરે મુસલમાનો પણ આપણા જ ભાઈઓ છે. હથિયાર વાપરવાં જ છે તો અસહાય લોકોના રક્ષણ માટે વાપરો !'

નોઆખલીમાં ગાંધીજીનો મુકામ ચૌમુહાનીમાં હતો. ચૌમુહાનીમાં રાહત કાર્યો ચાલતાં હતાં, પણ તેમાં કોઈ વ્યવસ્થા, યોજના કે મેળ ન હતાં. રોજ મોટી સંખ્યામાં નિરાશ્રિતો ઠલવાતાં, તેમની કોઈ વ્યવસ્થા થઈ શકતી નહીં. બધે ગભરાટ, ગુસ્સો અને ઉશ્કેરાટ પ્રવર્તતા હતા. બુદ્ધિજીવીઓ ગાંધીજી પર નારાજ હતા અને તેમની અહિંસા પર આ બધા વિનાશનો દોષ ઢોળતા હતા. તો પણ ગાંધીજીના આગમનથી તોફાનનો ભોગ બનેલાઓમાં નૈતિક હિંમત આવી. પ્રાર્થનાના સમયે હજારો લોકો આવતાં, પોતાની વ્યથા રજૂ કરતાં અને ગાંધીજી પાસેથી નવી દૃષ્ટિ લઈને પાછાં ફરતાં.

ડાંગર, સોપારી અને નાળિયેરનો તૈયાર પાક લણણીની રાહ જોતો હતો. એ પાકને વાવનારાઓ મરણને શરણ થયા હતા. અથવા ભાગી છૂટ્યા હતા. આ હરિયાળીને ઉદાસ ચિત્તે જોતા ગાંધીજી ગામેગામ ફરતા. કુદરતની અનુપમ શોભા, ખુશનુમા હવામાન વચ્ચે ભીષણ પાશવતા ડોકાતી હતી. એક ગામમાં હિંદુઓનાં પાંચ જૂથોના કુલ ૨૩ પુરુષોમાંથી ૨૧ને મોતને ઘાટ ઉતારી તેમની લાશોનો ઢગલો ત્યાં જ બાળી મૂકાયો હતો. લોહીના ને બળવાના ડાઘ તેમના આંગણામાં દેખાતા હતા. ઘરોની કાળી ફરસ દાટેલા ધનની શોધ માટે ખોદી કઢાઈ હતી.

દત્તપાડામાં ૫૦૦ નિરાશ્રિતો હતાં. તેમના પુનર્વસન માટે અને તોફાનો રોકવા માટે ગાંધીજીએ પ્રયત્નો આદર્યા. એક અઠવાડિયાથી વધુ સમયથી તેમના અર્ધ-ઉપવાસ ચાલતા હતા. અવાજ ધીમો પડતો જતો હતો. ચહેરા પર વિષાદની રેખાઓ ઘેરી બની હતી. તેઓ સાફ શબ્દોમાં હિંદુઓ અને મુસમલાનોને સાચી વાત સંભળાવતા. તેમની વાણીમાંથી પ્રેમ અને ક્ષમા નીતરતાં.

આસપાસના ગામોમાં પણ મોટાભાગના ઘરો બાળી મૂક્યાં હતાં. ઘરની આસપાસના ઝાડ પણ ભૂંજાઈ ગયાં હતાં. જીવતા હતા તે બધાંને મુસલમાન બનાવાયાં હતાં. ગાંધીજીએ દુઃખપૂર્વક કહ્યું, 'મારું દિલ રડે છે પણ મારી આંખમાં આંસુ નથી, કારણ કે આંસુ સારનાર પોતે બીજાનાં આંસુ લૂછી શકતો નથી. દક્ષિણ આફ્રિકામાં ૨૦ વર્ષ ને હિંદમાં ૩૦ વર્ષ મેં સરકાર સામે લડત ચલાવી પણ અહીંનો અનુભવ એ તમામ અનુભવ કરતાં વધારે ભીષણ છે. બંગાળમાં મુસ્લિમો અને બિહારમાં હિંદુઓ દુષ્ટતાથી વર્ત્યા છે. 'કોણે શરૂ કર્યું કે કોણ વધારે દુષ્ટ છે તે કહેવાનો અર્થ નથી. મરનારાં ને મારનારાં બંને ભયના શિકાર છે. આ ભય જ તેમની માનવતા અને સત્યને હણી રહ્યો છે.'

ગાંધીજીનું નોઆખલી જવું મુસ્લિમ લીગને પસંદ નહોતું. ગાંધીજીને આવવા દેવા માટે તેમણે બંગાળની સરકારને વખોડી.

ગાંધીજીએ સ્થાનિક લોકોની મદદથી જ કામ કરવાનું નક્કી કર્યું અને શ્રીરામપુર નામના ગામમાં એક ઝૂંપડામાં કામની નવેસરથી શરૂઆત કરી. શ્રીરામપુરનાં ૨૦૦ હિંદુ કુટુંબોમાંથી માત્ર ત્રણ જ બચ્યાં હતાં. ગાંધીજીની અહિંસાની પહેલાં કદી નહોતી થઈ તેવી આકરી કસોટી થઈ રહી હતી. સત્ય ક્યાંય શોધ્યું નહોતું જડતું, પણ હાર્યા વિના કે નિરાશ થયા વિના તેઓ એકતા સ્થાપવા માટે બનતું કરી છૂટવા અને તેમાં જ ખપી જવા કટિબદ્ધ હતા.

અર્ધો શેર દૂધમાં શાકભાજીનું પાણી ઉમેરી જે પ્રવાહી બનતું તે જ ગાંધીજીનું સવાર-સાંજનું ભોજન હતું. સાથે થોડી દ્રાક્ષ. પૌત્રવધૂ આભા તેમની દેખરેખ રાખતી, તેને પણ તેમણે બીજે મોકલી આપી. અમુક જ વ્યક્તિ પાસેથી સેવા લેવાની ટેવ સંયમ સાથે બંધ બેસતી નથી.

દિવસના સોળ કલાક તેઓ કામ કરતા. વચ્ચે વચ્ચે કપડાં સાંધતા, પ્રવાસનો સામાન બાંધતા, છાપાંઓના હેવાલો લખતા હિસાબ કરતા. ટપાલ લખતા. ડૉક્ટરો ભાગી છૂટ્યા હતા. એઓ લોકોને કુદરતી ઉપચાર શીખવતા. ડૉ. સુશીલા નય્યર બાજુના ગામમાં મફત દવાખાનું ચલાવતાં, તેને ક્યારેક બોલાવી લેતા.

એક ગામમાં તેમણે જોયું કે ૧૪૦૦માંથી ૧૦૦૦ માણસો કુરાન પઢી શકતા, પણ તેનો અર્થ જાણતા ન હતા. ગાંધીજી તેમને કુરાનનો સાચો અર્થ મૌલવીઓની નારાજગી વહોરીને પણ બતાવતા. કુદરતી વિપુલતા છતાં લોકો પોતાના અજ્ઞાનને લીધે ગરીબ, અસ્વચ્છ અને પછાત હતાં, તેમને કેળવવા ગાંધીજીએ

બંગાળી શીખવા માંડ્યું. રોજ ગમે તેટલા કામ વચ્ચે બંગાળીની પ્રૅક્ટિસ તેઓ કરતા હતા. તેમની હત્યાના દિવસે પણ તેમણે બંગાળીનો પાઠ કર્યો હતો ! ૧૯૪૬ના ઉનાળામાં લાલ કિલ્લામાં આઝાદ હિંદ ફોજના અફસરો પર મુકદ્દમો શરૂ થયો. આઝાદ હિંદ ફોજના સૈનિકોને ગાંધીજીએ નોઆખલી આવી લોકોની સેવા કરવાની અપીલ કરી. ગાંધીજીનું ઝૂંપડું ભારત અને વિદેશના લોકો માટે તીર્થસ્થાન બન્યું હતું. પ્રાર્થના સમયે આધ્યાત્મિક ઊંડાણથી ભરેલા વિષયોથી લઈને રોજબરોજની સમસ્યાઓ પર અને સમભાવ પર ગાંધીજી પ્રવચનો આપતા. 'દુષ્કૃત્યોને નમતું ન આપવું પણ ડર્યા વગર તેમની વચ્ચે રહેવું અને સત્યપરાયણતા જાળવી રાખવી. ફક્ત ભલાઈનો ઝાઝો ઉપયોગ નથી. તેની સાથે જ્ઞાનનું સંયોજન થવું જોઈએ. સૂક્ષ્મ વિવેક કેળવવો. કસોટીની ક્ષણે ક્યારે બોલવું ને ક્યારે મૌન રહેવું, ક્યારે પગલાં ભરવાં અને ક્યારે કશું ન કરવું તે સમજતાં શીખવું જોઈએ.'

ગાંધીજીએ બંગાળના મુખ્ય પ્રધાન શહીદ સુહરાવર્દીને સ્થિતિ જણાવતો ને મદદ માગતો પત્ર લખ્યો. તેમણે ગાંધીજી પર આરોપ મૂક્યો કે તમારે લીધે જ બંગાળની પરિસ્થિતિ બગડી છે માટે નોઆખલી છોડી દો. ગાંધીજીએ તેમને સત્ય સમજાવવાની ઘણી કોશિશ કરી. પણ વ્યર્થ ! નોઆખલીના ઘણાં મુસલમાન પણ એમ માનતા કે ગાંધીજીને બિહારના મુસ્લિમો કરતાં નોઆખલીના હિંદુઓની ચિંતા વધારે છે કેમ કે ગાંધીજી પોતે હિન્દુ છે. સ્થિતિ ગૂંચવાતી હતી. ગાંધીજીએ ખૂબ દુઃખ સાથે કહ્યું, 'હિંદુ-મુસલમાનના સંબંધમાં મારી અહિંસા કામ દેતી નથી.'

બિહારમાં પરિસ્થિતિ પાછી વણસી હતી. તેના હેવાલોનો ગાંધીજી ઝીણવટથી અભ્યાસ કરતા. બિહારમાં હિંદુઓ મુસલમાનોને ભુલાવી દે તેવા અત્યાચારો પર ઊતરી આવ્યા હતા. ગાંધીજીએ બિહાર જવાનું નક્કી કર્યું. બિહારના આગેવાનોએ કહ્યું તો ખરું કે તેઓ ગાંધીજી કહે તે બધું કરવા તૈયાર છે, પણ રાજેન્દ્રપ્રસાદે લખ્યું છે તેમ, તેમના શબ્દોમાં સાચો પશ્ચાત્તાપ હતો નહીં. ગાંધીજીનાં મોં પરનો વિષાદ વધુ ઘેરો બન્યો. 'બિહારે બંગાળનો જવાબ આપી બંગાળને બ્રેક મારી છે' એવી માન્યતા પ્રવર્તતી જોઈને તેમને વધુ દુઃખ થયું. પ્રાર્થના દરમ્યાન તેમણે એ દુઃખ વ્યક્ત કર્યું અને મુસ્લિમ નિરાશ્રિતો માટે ફાળો કર્યો. ગરીબોએ પણ તેમાં શક્તિ મુજબ દાન કર્યું.

જો કે બિહારના બનાવોનાં મૂળ પણ ઊંડાં હતાં. ૧૯૩૦ પછી મુસ્લિમ લીગનો ચૂંટણીઓમાં પરાજય થયો અને કોંગ્રેસનો વિજય. તેથી લીગ અકળાઈ ઊઠી હતી. તેથી જ્યારે ૧૯૩૯માં હિંદની સંમતિ વિના તેને બ્રિટિશોએ 'વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર દેશ' જાહેર કર્યો ને તેના વિરોધમાં બિહારમાં કોંગ્રેસના પ્રધાનમંડળે રાજીનામું આપ્યું ત્યારે મુસ્લિમ લીગે 'મુક્તિદિન' ઊજવ્યો અને એથી હિંદુઓ લીગને અસામાજિક તત્ત્વ તરીકે જોતા થયા. સંબંધો વણસતા રહ્યા. ૧૯૪૬ના ઑગસ્ટમાં કૉલકતાના 'સીધાં પગલાં'થી હિંદુઓમાં બિહારી હિંદુઓ મોટા પ્રમાણમાં મરાયા. ત્યાં વળી નોઆખલીમાં મુસ્લિમોએ હિંદુઓની કત્લેઆમ કરી તે ખબર આવ્યા. બિહારીઓ અને બિહારનાં બંગાળીઓ ઉશ્કેરાયાં, તોફાનો ફાટી નીકળ્યાં, જે ગાંધીજીના ઉપવાસની વાતથી બંધ પણ થયાં, પણ એ તોફાનોમાં ગામો બળ્યાં. કૂવાઓ મૃતદેહોથી ભરાઈ ગયા. ગાંધીજી બિહાર આવ્યા તે પહેલાં આ બધું બન્યું હતું. તે પછી તો પંડિત નેહરુ, સરદાર પટેલ, આચાર્ય કૃપાલાની, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, વાઈસરૉય વગેરેએ બિહાર આવીને વહિવટી તંત્રને સાબદું કર્યું. આ બાબતમાં બંગાળ કરતાં બિહાર નસીબદાર નીવડ્યું. ગાંધીજી આવ્યા ત્યારે પરિસ્થિતિ એકંદરે કાબૂમાં હતી પણ ભારેલા અગ્નિ જેવું વાતાવરણ હતું. હવામાં દહેશત હતી.

બિહાર આવીને ગાંધીજી ગામડે ગામડે, અંતરિયાળ વિસ્તારોમાં પણ ફર્યા. લોકોને ઠપકો આપ્યો, 'હિંદમાં ક્યાંય પણ કંઈ બૂરું કામ થાય તેની જવાબદારી પોતાની છે તેવું દરેક હિંદીને લાગવું જોઈએ.' ખાન અબ્દુલ ગફારખાન પણ બિહાર આવ્યા હતા. અફઘાન સરહદની લડાયક પઠાણ પ્રજાને ખાને અહિંસા શીખવી હતી. તેઓ આવ્યા અને ગાંધીજી સાથે દરેક તોફાનમાં અડગપણે ઊભા રહ્યા.

નવા આવેલા વાઇસરૉયના આમંત્રણથી પછી ગાંધીજી દિલ્હી ગયા. સાંજની પ્રાર્થનાઓમાં કુરાનની આયાતો ગાવાની શરૂઆત કરી. દિવસો સુધી તેનો વિરોધ થતો રહ્યો અને ગાંધીજી પ્રાર્થનાસભા વિખેરી નાખતા રહ્યા. છેવટે વિરોધ શમ્યો. પણ કોમી વેરઝેરને અહિંસા દ્વારા કઈ રીતે કાબૂમાં લાવવું તે યક્ષપ્રશ્ન હજુ ઊકલ્યો નહોતો. બાદશાહખાન પણ આ સમજતા હતા. તેમની સમસ્યા વધુ ગંભીર હતી : 'અમે તો ભારતના પણ નથી અને પાકિસ્તાનના પણ નહીં રહીએ. પણ મહાત્માજી છે ત્યાં સુધી હું ચિંતા કરતો નથી.'

દિલ્હીથી ગાંધીજી ફરી બિહાર આવ્યા. હુમલાનો ભોગ બનેલાંઓને ખોટી પ્રતિક્રિયાઓમાંથી બચાવવાનું કામ ઘણું અઘરું હતું. ગાંધીજીની મથામણ એને માટે જ હતી. પ્રાર્થનાસભાઓમાં પણ તેઓ લોકોને આ અંગે સમજાવતા. કુરાનની આયાતોનું પઠન ચાલુ જ હતું. તેના અનુવાદના પઠન સામે, કોઈ વિરોધ કરતું નહીં; પણ અરબીમાં આયાતો બોલાય તો વિરોધ થતો. ગાંધીજી કહે, 'મુસ્લિમો ખરાબ કામ કરે તેથી કુરાનની મહત્તા ઓછી થાય છે તેવું હું ન માનું. બિહારમાં હિંદુઓ ગાંડા બન્યા તેથી શું ગીતા ખરાબ થઈ જાય છે ?'

દરમ્યાન કૉલકાતામાં પરિસ્થિતિ બગડી હતી.

૧૯૪૭ના ઑગસ્ટમાં ગાંધીજી દિલ્હી થઈ શ્રીનગર પહોંચ્યા.

ત્યાં મહારાજાને અને રાષ્ટ્રીય પરિષદના કાર્યકર્તાઓને મળ્યા અને વાહની નિરાશ્રિતોની છાવણીમાં ગયા. સર્વસ્વ ગુમાવી બેઠેલાં ઘાયલ ભયભીત લોકોને ક્યા શબ્દમાં આશ્વાસન આપવું ? ગાંધીજી પ્રેમથી તેમના માથે હાથ ફેરવી ઈશ્વરનું શરણું લેવા કહેતા. એ લોકો પોતાની સલામતી અંગે ચિંતિત હતાં. ગાંધીજીએ કહ્યું, 'મારી દીકરી જેવી સુશીલા નાયરને હું અહીં બાન તરીકે છોડી જાઉં છું. તમારા પર આફત આવશે તો પહેલાં તે પ્રાણ આપશે !'

પણ તોફાનો ફરી શરૂ થયાં હતાં. છાવણીની હૉસ્પિટલમાં ઘાયલોની વણજાર આવતી. પૂર્વ પંજાબમાં એક ગુરુદ્વારામાં આબરૂ બચાવવા ૭૪ સ્ત્રીઓ કૂવામાં કૂદી પડી હતી. આ સ્ત્રીઓમાંથી બચી ગયેલી એકમાત્ર ૧૭ વર્ષની છોકરી પણ આ છાવણીમાં આવી. અચાનક છાવણીના રક્ષકો બદલાયા અને પાકિસ્તાની સૈનિકો ચોકી કરવા આવ્યા. તેમણે સ્થાનિક મુસલમાનોને છડેચોક કહેવા માંડ્યું કે હવે તમે બેધડક છાવણી પર હુમલો કરી શકો. સુશીલા નાયરની શ્રદ્ધા ડગી ગઈ. હવે નિરાશ્રિતોને પાકિસ્તાન ન છોડવાનું કહેવાનો કોઈ અર્થ નહોતો. વાહની છાવણી ખાલી કરવા તેમણે હિંદનાં જવાબદાર સ્થાનોએ પત્રવ્યવહાર શરૂ કર્યો.

કાશ્મીરથી લાહોર, પટના અને કૉલકાતા થઈ ગાંધીજી ફરી નોઆખલી જવા માગતા હતા. દિલ્હીમાં ૧૫ ઑગસ્ટ–હિંદના સ્વાતંત્ર્યદિનની ઉજવણીનાં આયોજનો પુરજોશમાં ચાલતાં હતાં, પણ ગાંધીજીનું મન ત્યાં લાગતું નહોતું. ૮ ઑગસ્ટ, ૧૯૪૭ના તેઓ કૉલકાતા ગયા. ૧૯૪૬ના ઑગસ્ટના હત્યાકાંડ પછી કૉલકાતામાં કદી શાંતિ નહોતી સ્થપાઈ. ખૂન, આગ, લૂંટ, બૉમ્બ, ઍસિડ ફેંકવાના બનાવો બન્યા જ કરતા. વિસ્તારો 'હિંદુ' – 'મુસ્લિમ' એ રીતે વહેંચાઈ ગયા હતા. તેમાં વળી કૉલકાતાના મુસ્લિમ લીગના પ્રધાનોએ પાકિસ્તાન જવાનું નક્કી કર્યું, તેથી મુસ્લિમો ભયભીત બન્યા. ગાંધીજી કૉલકાતા આવ્યા કે તરત જ કૉલકાતાના ભૂતપૂર્વ મેયર મહમ્મદ ઉસ્માને ગાંધીજીને કૉલકાતાના મુસ્લિમોને બચાવી લેવાની વિનંતી કરી અને તેમની સલામતી માટે કૉલકાતા રોકાઈ જવાનું કહ્યું. ગાંધીજીએ કહ્યું કે 'મારે પંદરમી ઑગસ્ટ પહેલાં નોઆખલી પહોંચવું છે. જો ત્યાંનાં હિંદુઓની સલામતીની બાંહેધરી તમે આપો તો હું ૧૩ ઑગસ્ટ સુધી કૉલકાતા રોકાઈશ.'

શહીદ સુહરાવર્દી કરાંચીથી આવ્યા હતા. તેમણે પણ ગાંધીજીને કૉલકાતા રોકાવાની વિનંતી કરી. ગાંધીજીએ કહ્યું, 'તમે મારી સાથે રહી શાંતિ સ્થાપવામાં મદદ કરવા તૈયાર હો તો હું રોકાઉં. આપણે બંનેએ લોકોના ગળે ઉતારવાનું છે કે જ્યારે પરસ્પર સંમતિથી ભાગલાનો નિર્ણય લેવાયો છે તો પછી આ કાપાકાપી શા માટે ? સુહરાવર્દી અને મહમ્મદ ઉસ્માન બંને તૈયાર થયા. એક ગંદા મહોલ્લાના તૂટ્યાફૂટ્યા મકાનને વસવાટ માટે સારું કરવામાં આવ્યું. લોકો ખૂબ ઉશ્કેરાયેલાં હતાં. ગાંધીજીની સમજાવટ સામે ઉશ્કેરાઈ જતાં ને દલીલો કરતા.

૧૪મી ઑગસ્ટે પણ આમ જ ચાલ્યું. આઝાદીની આગલી સાંજની પ્રાર્થનાસભામાં ૧૦,૦૦૦ થી પણ વધુ લોકોને સંબોધતાં ગાંધીજીએ કહ્યું, 'આવતી કાલથી આપણે બ્રિટિશ ગુલામીમાંથી મુક્ત થઇશું, પણ આપણા દેશના બે ટુકડા થશે. આનંદ અને શોક બંને સાથે છે. જવાબદારી મોટી છે. તેને ઉપાડવાની શક્તિ ઈશ્વર આપણને આપે.' સુહરાવર્દીએ કૉલકાતાનાં તોફાનો માટેની પોતાની જવાબદારી સ્વીકારી. ૧૫ ઑગસ્ટના રાષ્ટ્રધ્વજ ફરકાવવાના કાર્યક્રમની તૈયારી હિંદુમુસ્લિમો સાથે કરવા લાગ્યા. શહેર બધી તારાજી ભૂલી ઉલ્લાસમાં આવી ગયું હતું. ગાંધીજી ૧૫ ઑગસ્ટની સવારે બે વાગ્યે ઊઠ્યા. મહાદેવભાઈની પાંચમી પુણ્યતિથિ હતી. ગાંધીજીએ ઉપવાસ કર્યો, ગીતાપાઠ કર્યો. કન્યાઓએ આવીને રવીન્દ્રગીતો ગાયાં. સૂર્યોદય સુધી દર્શનાર્થીઓ આવતાં રહ્યાં. બંગાળનું પ્રધાનમંડળ પગે લાગવા આવ્યું. ગાંધીજીએ કહ્યું, 'તમારી સાચી કસોટી હવે છે, સત્તાથી ચેતજો, સેવા કરજો !'

જાણે એક વર્ષના પાગલપણા પછી અચાનક શાંતિનો સૂર્ય ઊગ્યો હોય તેમ દિવસભર 'હિંદુ-મુસ્લિમ ભાઈ-ભાઈ' સૂત્રો પોકારતાં સરઘસો ફર્યા પણ ગાંધીજીના ચહેરા પર ઉત્સાહ નહોતો. સાંજે ૩૦,૦૦૦ની મેદનીને સંબોધતાં તેમણે કહ્યું કે આ ભાઈચારો કાયમી અને સાચા દિલનો હોય એવી આશા હું રાખું છું. હિંદુ-મુસ્લિમની મિશ્ર મેદનીએ 'જયહિંદ'ના નારા લગાવ્યા અને ગાંધીજીના ચહેરા પર મંદ સ્મિત ફરક્યું.

૧૬ ઑગસ્ટે પ્રાર્થનાસભામાં ૫૦,૦૦૦ લોકો હતા ને તે પછીના દિવસે એક લાખ. આ ઉત્સાહ કેટલો સાચો ને ઊંડો છે તે વિશે ગાંધીજીના હૃદયમાં ભીતિ હતી. મીરાંબહેનને તેઓએ કહ્યું, 'આ એકતા અતિશય આકસ્મિક છે. સાચી લાગતી નથી.'

૧૯ ઑગસ્ટે પ્રાર્થનાસભામાં પાંચ લાખ લોકો હતાં. બીજાં સ્થળોએ રમખાણો ચાલુ હતાં ત્યારે કોલકાતાની શાંતિ સૌને પ્રેરણા આપતી હતી. બિહારમાં પણ શાંતિ ફેલાતી જતી હોવાના સમાચાર આવ્યા. લૉર્ડ માઉન્ટબૅટને ગાંધીજીને લખ્યું, 'પંજાબમાં મારા હજારો સૈનિકો રમખાણ અટકાવી શકતા નથી. બંગાળમાં તમે 'વન મૅન આર્મી'નું કામ સફળતાથી કર્યું છે.'

૧૯૪૭ના માર્ચમાં ગાંધીજીએ નોઆખલી છોડ્યું હતું પણ સંપર્ક ચાલુ હતો. ગાંધીજીએ કહ્યું, 'બીજી સપ્ટેમ્બરે હું નોઆખલી જઈશ. દરમ્યાન ગાંધીજીના રહેઠાણમાં જ તોફાનીઓનું ટોળું ઘૂસી આવ્યું. બે મુસલમાનોની પાછળ પડ્યું હતું. તેમને બચાવવા જતાં ગાંધીજી પર પણ પથ્થર અને લાકડીથી હુમલો થયો. ગાંધીજી સહેજમાં બચી ગયા. ભારે દુઃખથી તેમણે કહ્યું, 'શાંતિ આ છે શું ?' ગાંધીજીએ

નોઆખલી જવાનું માંડી વાળ્યું. 'આ સંજોગોના મારે અહીંથી ખસવું નથી.' તેમની વાત સાચી હતી. કૉલકાતામાં પરિસ્થિતિ વણસે તો તેના અત્યંત ગંભીર પ્રત્યાઘાત નોઆખલીમાં પડે. બીજા દિવસે સવારનાં છાપાઓમાં શાંતિની અપીલ પ્રગટ થઈ, પણ બપોરે એકસાથે ઘણી જગ્યાએ કોમી હિંસા ફાટી નીકળી. ૩૧ ઑગસ્ટે ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા. તેઓ નબળા તો પડી જ ગયા હતા. ત્રણ ઉપવાસ પછી તેમનો અવાજ મંદ પડી ગયો. નાડી અનિયમિત થઈ ગઈ. ચક્કર આવવા લાગ્યાં અને કાનમાં માખીઓ જેવો ગણગણાટ સંભળાવા લાગ્યો. મૂઠી હાડકાંના એ વૃદ્ધની આ દશા જોઈ, હિંદુ-મુસલમાન ગભરાયા. 'આપની બધી શરતો મંજૂર છે. આપ ઉપવાસ છોડો.' ગાંધીજીએ કહ્યું, 'શહેરમાં કાયમી શાંતિ સ્થપાઈ છે તેવું મને અંતઃસ્ફુરણાથી લાગશે ત્યારે જ હું ઉપવાસ છોડીશ.'

ટ્રકો ભરી ભરીને હથિયારો ગાંધીજીને સોંપાયાં. તોફાનીઓનાં જૂથો, કૉલકાતાની સઘળી કોમોના પ્રતિનિધિઓ આવી શાંતિની ખાતરી આપવા લાગ્યા. 'તોફાનો તો ગુંડાઓએ કર્યાં હતા.' ગાંધીજી કહે, 'નાગરિકોની નામર્દાઈ જ ગુંડાઓને તાકાત આપે છે. તોફાનનું પુનરાવર્તન નહીં થાય તેની ખાતરી આપી શકશો ?' ને જો તોફાનો થાય તો તમે મને ખબર આપવા જીવતા નહીં રહો, પણ જેમની સલામતીની પ્રતિજ્ઞા લીધી છે તેમનું રક્ષણ કરતા ખપી જશો ?' બોલતાં બોલતાં ગાંધીજીને તમ્મર આવ્યાં. હિંદુ-મુસ્લિમ નેતાઓએ પ્રતિજ્ઞાના ખરડા પર સહી કરી કે કૉલકાતામાં અમે કોમી કલહ થવા દઈશું નહીં ને તેને માટે મરણ પર્યંત ઝઝૂમીશું.'

છેવટે ગાંધીજીએ ઉપવાસ છોડ્યા. ૭ સપ્ટેમ્બરે તેઓ દિલ્હી જવા રવાના થયા. ત્યાંથી તેમને પંજાબને ઠારવા જવાનું હતું.

દિલ્હી પણ કબ્રસ્તાન બન્યું હતું. ચોવીસ કલાકનો કર્ફ્યૂ, લશ્કરની ચોકી, ગોળીબાર, લૂંટફાટ, રઝળતાં શબો અને પશ્ચિમ પંજાબમાંથી આવતા નિરાશ્રિતોનાં વીતકોની બળતામાં ઘી હોમતી વ્યથાકથાઓ...લશ્કર પણ કોમી ઝેરથી બાકાત નહોતું.

લાખો લોકો સ્થળાંતર કરી રહ્યાં હતાં. પંજાબમાં સરહદની બંને બાજુએ એક કરોડ જેટલાં લોકો સામસામી દિશામાં સ્થળાંતર કરી રહ્યાં હતાં. આ બધાંને ખોરાક, કપડાં, રહેઠાણ તેમ જ સલામતી પૂરી પાડવાનો પ્રશ્ન વિકટ હતો. ઉશ્કેરાયેલાં લોકો વચ્ચે સામસામી અથડામણ વારંવાર ફાટી નીકળતી. કૉલકાતા કરેલો તેવો ચમત્કાર ગાંધીજી દિલ્હીમાં કરશે તેવી લોકોને આશા હતી. ગાંધીજીએ કહ્યું, 'હું શું કરી શકીશ તે હું જાણતો નથી, પણ શાંતિ નહીં પ્રવર્તે ત્યાં સુધી હું અહીંથી બીજે જઈશ નહીં.'

બીજા દિવસથી ગાંધીજીએ શહેરના તોફાનગ્રસ્ત વિસ્તારોમાં તેમ જ નિરાશ્રિતોની છાવણીઓમાં ફરવા માંડ્યું. લોકોની દુર્દશાનો પાર નહોતો. ગાંધીજીના હૃદય પર જખમો પડતા હતા. લોકોના ઘા તાજા હતા, મનમાં એટલું ઝેર ભર્યું હતું કે ગાંધીજીની વાતો ને હાજરી ઘણી વાર તેમને ખટકતાં, પણ અંતે તેઓ ગાંધીજીની દોરવણી પ્રમાણે ચાલવા કબૂલ થતાં. પ્રાર્થનાપ્રવચનોમાં શાંતિ અને સદ્‌ભાવનાની અપીલ ચાલુ જ હતી. રાષ્ટ્રીય સેવક સંઘના વડા ગાંધીજીને મળવા આવ્યા. ખૂનામરકીની પાછળ રાષ્ટ્રીય સેવક સંઘનો હાથ હતો તે કોઈથી છૂપું નહોતું, પણ તેના નેતાઓ કહેતા કે અમે તો હિંદુઓની રક્ષા કરીએ છીએ, મુસલમાનો સાથે અમને વેર નથી.' ગાંધીજી તેમને ઓળખતા હતા. એથી તેઓ તેને 'સરમુખત્યારશાહીવાળી કોમી સંસ્થા' તરીકે વર્ણવતા.

સાંજની પ્રાર્થનામાં કુરાનની આયાતો બોલાઈ ત્યારે વિરોધ થયો અને પથ્થરો વરસ્યા. ગાંધીજી મુસ્લિમ નિરાશ્રિતોની છાવણીમાં ગયા ત્યારે તેમને ઘેરી લેવામાં આવ્યાં. ગાંધીજીએ તેમને શાંત રાખવા જે શબ્દો કહ્યા તેમાં નવું કંઈ નહોતું. પણ ગાંધીજીના હૃદયની વેદના ટોળાંને સ્પર્શી અને ટોળું શાંત થયું. ગાંધીજીએ કહ્યું, 'હિંસા હિંદુ કે શીખ ધર્મને બચાવી નહીં શકે. ઈસ્લામને પણ તલવારે નથી બચાવ્યો. આઝાદ પ્રજા તરીકે તમારે સ્વતંત્ર, દયાળુ અને બહાદુર બનવાનું છે. સતત જાગ્રત રહેવાનું છે. એક યુદ્ધ કેવળ બીજા યુદ્ધને જન્મ આપે છે.'

આ બધાં રમખાણોએ સાબિત કર્યું કે પ્રજા યોગ્ય કેળવણી પામેલી ન હોય તો લોકશાહી વ્યર્થ છે. લઘુમતી અને બહુમતીની પરસ્પર 'દુશ્મન' લેખવાની રમતમાં કરોડો માણસો પાયમાલ થઈ ગયા.

* * *

ભાગલા પછી ચાર કરોડ મુસ્લિમો હિંદમાં હતા. આગેવાનોવિહોણો આ સમૂહ શંકાકુશંકાઓથી ભરેલો હતો. અફવાઓનું બજાર ગરમ હતું. ભયભીત લોકો વધુ ભયભીત બનતાં. રાષ્ટ્રીય સેવક સંઘનો ખુલ્લો આદેશ હતો હિંદુ રાજ્યની સ્થાપના. 'મુસ્લિમો, હિંદ છોડો' એ તેમનું સૂત્ર હતું. તેમનું વલણ એવું હતું કે એક વાર બધા હિંદુઓ અને શીખો પશ્ચિમ પાકિસ્તાનમાંથી ચાલ્યા આવે, પછી તેઓ પાકિસ્તાનમાં હિંદુઓ પર થયેલા જુલ્મોનું વેર અહીંના મુસલમાનો પર લેશે. ગાંધીજીએ આ દારુણ ઘટનાના સાક્ષી ન બનવાનો નિશ્ચય કર્યો. તોફાનો દરમ્યાન તૂટેલી ને હિંદુઓએ કબજે કરેલી દિલ્હીની ઘણી મસ્જિદો જોઈ ગાંધીજીએ કહ્યું, 'આ મસ્જિદો ખાલી કરાવો. તેની મરામત કરાવો. એ મરામત તેમાં ઘૂસેલા હિંદુઓ જ કરે.' પણ મુસલમાનોને લૂંટવામાં આવતા, અમલદારો આંખ આડા કાન કરતા. સરદાર પટેલ મુશ્કેલીમાં હતા. ગાંધીજીની સમજાવટો પાછી પડતી હતી. ૧૯૪૭નો અંત અત્યંત ગમગીનીભર્યો હતો. ગાંધીજીએ લખ્યું, 'અંગ્રેજો સામેની લડત ઘણી આકરી હતી, પણ આજે મારી સામે આવીને ઊભી છે તે લડતના મુકાબલે એ લડત બચ્ચાના ખેલ જેવી

*જેણે પોતાનું વ્યક્તિત્વ ખોયું, તેણે સર્વસ્વ ખોયું.*







હતી. સ્વતંત્રતા આપણને આત્મશુદ્ધિ કર્યા વિના મળી છે. આપણે જ્યાં હતા ત્યાં જ છીએ!' અને કોમી શાંતિ માટે ગાંધીજીએ ઉપવાસ પર ઉતરવાનું નક્કી કર્યું.

ત્યાં વળી અખંડ હિંદની ૩૭૫ કરોડ રૂપિયાની મૂડીમાંથી પાકિસ્તાનને ભાગ આપવાનો સવાલ ઊભો થયો. બંને દેશોના પ્રતિનિધિઓની વાટાઘાટો પછી એ એ આંકડો ૫૫ કરોડનો નક્કી થયો. હિંદ સરકાર એ રકમ કાશ્મીરનો પ્રશ્ન ઊકલે પછી ચૂકવવા માગતી હતી. ૧૧ જાન્યુઆરીએ દિલ્હીના રાષ્ટ્રવાદી મૌલાનાઓએ ભારતના મુસ્લિમોની કફોડી સ્થિતિનું ગાંધીજી પાસે વર્ણન કર્યું. ૧૩મી જાન્યુઆરીએ ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા. ગાંધીજીનો સ્વભાવ જાણતા સરદારે કે નેહરુએ દલીલ ન કરી. સરદારે ગાંધીજીને કહ્યું, 'આપ શું ઈચ્છો છો તે કહો, હું તે પ્રમાણે કરીશ.' જવાબમાં ગાંધીજીએ પાકિસ્તાનને ૫૫ કરોડ ચૂકવી દેવાનું કહ્યું, તેમની પથારી આસપાસ જ એક નાની સભા ભરાઈ જેમાં આ પ્રશ્ન વિષે ચર્ચા-વિચારણા થઈ. ગાંધીજીને મુસલમાનોના પક્ષે માનનારાઓ ગુસ્સે થયા. તેમાંના એક જૂથમાં ગાંધીજીના ખૂન માટે કાવતરું યોજાવા માંડ્યું.

રાત્રે સૂત્રો પોકારાયાં, 'ગાંધીને મરવા દો.' ગાંધીજીને મળવા આવેલા નેહરુ પોતાની કારમાંથી બહાર ધસી આવ્યા. 'હિંમત હોય તો સામે આવો. ગાંધીજીને મારતાં પહેલાં મને મારવો પડશે.' લોકો આઘાંપાછાં થઈ ગયાં. ગાંધીજીના ઉપવાસથી દેશ ખળભળી ઊઠ્યો હતો. દેશવિદેશમાંથી મુસ્લિમ આગેવાનોના સંદેશા આવ્યા. ડૉ. ઝાકિર હુસેને લખ્યું, 'આપને આપવા માટે સ્વતંત્ર હિંદ પાસે સંતાપ સિવાય બીજું કશું નથી રહ્યું એ માટે મને ખૂબ શરમ આવે છે.' ૧૯૪૬ના કૉલકાતાના હત્યાકાંડ થવાથી ગાંધીજી મુસલમાનોને કહેતા રહ્યા હતા કે તમે તમારા સહધર્મીઓના અત્યાચારને વખોડી કાઢો, પણ તેમ બન્યું ન હતું પરિણામે હવે હિંદના મુસમલાનોને વાવ્યું તેવું લણવાનો પ્રસંગ આવ્યો હતો.

ઉપવાસ છોડવાની ગાંધીજી ના જ પાડ્યા કરતા. લોકો પૂછતા, 'શું કરીએ તો આપને સંતોષ થશે?' ગાંધીજીએ જણાવ્યું કે નિરાશ્રિતોને પોતાના ઘર મળે તે.' દિલ્હીમાં નિરાશ્રિતોનું પુનઃસ્થાપન શરૂ થયું. પીઢ પત્રકાર આર્થર મૂરે પણ સહાનુભૂતિમાં ઉપવાસ શરૂ કર્યા. કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રપ્રસાદના પ્રમુખપદ નીચે બધી કોમોના પ્રતિનિધિઓએ શાંતિસમિતિ રચી અને કોમી ભાઈચારાની ખાતરી આપતો ઠરાવ કરી બંધુત્વની પ્રતિજ્ઞા પર સહી કરી. ગાંધીજી સંતોષ પામ્યા અને ૧૮મી તારીખે ઉપવાસ છોડ્યા.

૨૦ જાન્યુઆરીની પ્રાર્થનાસભામાં બૉમ્બવિસ્ફોટ થયો. ગાંધીજી બેઠા હતા ત્યાંથી ૭૫ ફૂટ ફરતી દિવાલ વિસ્ફોટથી તૂટી પડી. આ કામ હતું ૨૬ વર્ષના મદનલાલ પાહવા નામના પંજાબી નિરાશ્રિતનું. પછીથી ખબર પડી કે આ ષડયંત્ર પાછળ પુણેના 'હિન્દુ રાષ્ટ્ર'ના સંપાદક નાથુરામ ગોડસે અને નારાયણ આપ્ટેનો હાથ હતો. મહારાષ્ટ્રમાં ઉગ્ર હિંદુ રાષ્ટ્રવાદની પ્રબળ પરંપરા હતી. તેમાંનાં ઘણાંને ગાંધીજીનો અહિંસાનો દૃષ્ટિકોણ ગમતો નહીં. એ પહેલા પણ ૧૯૩૪માં તેમણે ગાંધીજી પર બૉમ્બ ફેંકવાનો પ્રયત્ન કર્યો હતો. દિલ્હીમાંની ગાંધીજીની કામગીરી અને ૫૫ કરોડ પાકિસ્તાનને આપવાનો નિર્ણય તેમને ગમ્યો નહોતો. વ્યવસ્થિત કાવતરું થયું હતું. લોકોને 'બ્રેઈનવૉશ' કરવામાં આવ્યા હતા. જેનો અહેવાલ 'પૂર્ણાહૂતિ'ના છેલ્લા પ્રકરણોમાં છે.

આ બાજુ કાશ્મીર પ્રશ્નને ઉકેલવાના પ્રયાસો ચાલતા હતા, પણ યુનો વચ્ચે આવી ચૂક્યું હતું. પરિણામો નિરાશાજનક હતાં. ગાંધીજી પ્રતિકૂળતાઓથી ટેવાયેલા હતા એટલે હતાશ થયા વિના કામ કરતા રહ્યા હતા. પોતાના જીવનના છેલ્લા સપ્તાહમાં ગાંધીજીએ મહત્ત્વપૂર્ણ વિધાનો કર્યાં છે. તેમણે નવસ્વતંત્રતાના ઉન્માદની ટીકા કરતાં કહ્યું હતું કે, 'જે કૉંગ્રેસ ત્યાગ, સેવા અને સાદગીના આદર્શરૂપ હતી તે હવે શાન અને સત્તાની પાછળ શા માટે પડી છે? ભારતને વિશ્વમાં તેની નૈતિક શ્રેષ્ઠતાના જોરે ટકવાનું છે.' ૨૬ જાન્યુઆરીના દિવસે તેમણે કહ્યું, 'શું આ જ એ સ્વતંત્રતા છે, જેનું સ્વપ્ન મેં અને કૉંગ્રેસે જોયું હતું?' ૨૭મીએ સવારે ગાંધીજી મેહરોલીના મેળામાં ગયા. મેહરોલી દિલ્હીથી ૭ માઈલ દૂર દક્ષિણમાં એક ગ્રામીણ વિસ્તાર છે. આ મેળામાં હિંદુ-મુસ્લિમો બંને આવે છે. મેળામાં સંપ અને ભાઈચારાનું સુંદર દશ્ય જોઈ ગાંધીજી સંતોષ પામ્યા. પણ કાશ્મીર પ્રશ્ને યુનોના વલણથી તેમને જે નિરાશા થઈ હતી તે જતી નહોતી.

૨૮ જાન્યુઆરીએ અમેરિકન લેખક વિન્સેન્ટ શીન સાથે ગાંધીજીની મુલાકાત હતી. ગાંધીજીએ કહ્યું, 'હું સાધનશુદ્ધિમાં, કર્મ અને શ્રદ્ધામાં માનું છું. આજે હું જે કહું છું તે કોઈ સાંભળતું નથી.'

૨૯મી જાન્યુઆરીના દિવસે બન્નુના થોડા શરણાર્થીઓ ગાંધીજીને મળવા બિરલા ભવન આવ્યા. કહે, 'હવે તમે નિવૃત્ત કેમ નથી થતા?' ગાંધીજીએ કહ્યું, 'હું કોઈના કહેવાથી નિવૃત્તિ ન લઈ શકું. મારું દુઃખ તમારા દુઃખથી જરા પણ ઓછું નથી.' આખો દિવસ મુલાકાતો આપી. સાંજે તેઓ ખૂબ થાકી ગયા હતા. 'મારું માથું સખત દુઃખે છે પણ આટલું કામ પતાવી લઉં' કહીને તેઓ કામ કરતા રહ્યા. રાત્રે સાડાનવે માલિશ કરાવતા બોલ્યા, 'મારે કોલાહલ વચ્ચે શાંતિની, અંધકાર વચ્ચે પ્રકાશની, નિરાશા વચ્ચે આશાની શોધ કરવાની છે. જે કૉંગ્રેસીઓએ આઝાદી માટે આકરી જહેમત ઉઠાવેલી, બલિદાનો આપેલાં, તે હવે સ્વાતંત્ર્ય મળતાં જ પદ અને સત્તાની સાઠમારીમાં ફસાઈ ગયા. આ સ્થિતિ આપણને ક્યાં લઈ જશે? આ બધામાં હું ક્યાં ઊભો છું?' તેમણે કવિ નઝીરની

પંક્તિઓ ટાંકી–

*'હૈ બહારે બાગ દુનિયા ચંદ રોજ,*
*દેખ લો ઇસકા તમાશા ચંદ રોજ.'*

ખાંસીનો હુમલો થતાં તેમને પેનીસિલીનની ગોળીઓ આપી, પણ તેમણે રામનામ લઈ સૂવાનો નિશ્ચય કર્યો. 'યાદ રાખજો જો કોઈ ગોળી મારીને મારો પ્રાણ લેવા માગે ને હું ઊંહકારો કર્યા વિના ગોળીનો સામનો કરું ને રામનામ લેતો મરું તો જ હું સાચો ઈશ્વરપરાયણ ગણાઉં.'

૩૦ જાન્યુઆરી સવારે ગાંધીજી ૩.૩૦ વાગ્યે ઊઠ્યા. નિત્યકર્મો, પ્રાર્થના વગેરે પતાવ્યાં. પોણા પાંચે ગરમ પાણી, મધ, લીંબુનો રસ લીધો. ઉપવાસની નબળાઈ હજી શરીરમાં હતી. એક નાનું ઝોકું ખાઈ તેઓ ઊઠ્યા. એક ફાઈલમાંથી કિ. ઘ. મશરૂવાળાને લખેલો એક પત્ર શોધી પોસ્ટ કરવા આપ્યો. શંકર નામના સાથીની દીકરી મૃત્યુ પામી હતી. તેને સાંત્વન આપતો પત્ર લખ્યો, 'મૃત્યુ આપણો સાચો મિત્ર છે. આત્મા કદી મરતો નથી, ફક્ત શરીર રહેતું નથી. તેના ગુણો યાદ કરીને કર્તવ્યોમાં લાગી જાઓ.'

સવારે તેઓ ચાલવા જતા, પણ ખાંસીને કારણે તે દિવસે કમરામાં જ ટહેલતા રહ્યા. મનુ તેમના માટે લવિંગનો ભૂકો કરતી હતી. ગાંધીજી કહે, 'આની જરૂર તો મને રાતે પડશે.' 'પણ તૈયાર કરી રાખું છું.' 'શી ખબર રાતે હું જીવતો હોઈશ કે નહીં.'

પછી પ્યારેલાલજીને 'કૉંગ્રેસ કે નયે વિધાન કા મસૌદા' લેખ આપ્યો. માલિશ કર્યું, સ્નાન કર્યું. સ્નાન પછી તેઓ તાજા, પ્રસન્ન, ઉજ્જવળ લાગતા હતા. થોડી મજાક પણ કરતા હતા. બંગાળીની પ્રેક્ટિસ કરી. સાંજની પ્રાર્થના વખતે તેઓ સરદાર પટેલ સાથે વાતો કરી રહ્યા હતા. પાંચ વાગ્યે તેઓ મનુ અને આભાના ખભે હાથ નાખી પ્રાર્થનાસભામાં જવા નીકળ્યા. ભીડ હતી. લોકોના અભિવાદનનો પ્રત્યુત્તર પ્રતિનમસ્કારથી આપવા તેમણે હાથ જોડ્યા. ત્યાં ભીડને હટાવતો એક માણસ આગળ આવ્યો અને પ્રણામ કરવા માગતો હોય તેમ નમીને તેણે ગાંધીજી પર ત્રણ ગોળી ચલાવી. પહેલી બે ગોળી પીઠ સોંસરી પસાર થઈ ગઈ. એક ફેફસામાં ભરાઈ ગઈ. ત્રણે ગોળી ગાંધીજીએ ઊભા ઊભા ઝીલી. જમીન પર ઢળી પડ્યા ત્યારે અંતિમ શબ્દો નીકળ્યા. 'રામ...રામ.' ચહેરો ભૂરો પડી ગયો.

લોકો સ્તબ્ધ થઈ ગયાં. ગાંધીજીનો પ્રાણ ઊડી ગયો હતો. હત્યારાને બિરલા ભવનના માળી રઘુએ પકડી લીધો.

મૃત્યુશય્યા પર ગાંધીજી શાંત અને ઉદાસ લાગતા હતા.

બીજી સવારે મૃતદેહને થોડા કલાક ઝરૂખામાં દર્શનાર્થે મૂકવામાં આવ્યો. સાડા અગિયારે ફૂલોથી શણગારેલી શસ્ત્રગાડીમાં તેમનો દેહ ત્રિરંગી ધ્વજમાં લપેટીને મૂક્યો. અગ્નિસંસ્કારની વ્યવસ્થા સંરક્ષણ ખાતાએ સંભાળી હતી. અફાટ મેદની આંસુ વહાવી રહી હતી. સુખડના કાષ્ઠ પર રાષ્ટ્રપિતાનો દેહ સાંજે છ વાગ્યે પૂર્ણપણે ભસ્મરૂપ બની ગયો. રેડિયો પર નેહરુએ કહ્યું, 'આપણા જીવનમાંથી પ્રકાશનો લોપ થયો છે અને સળંગ અંધકાર છવાઈ ગયો છે.'

પ્યારેલાલજી લખે છે, 'ગાંધીજી હંમેશાં કહેતા કે અહિંસા દુનિયાનું સૌથી સક્રિય બળ છે, તે સઘળી મુશ્કેલીઓ પાર કરાવે છે અને તેની સામે દ્વેષમાત્ર ઓગળી જાય છે તો પછી તેઓ ખૂનીની ગોળીનો ભોગ કેમ બન્યા? આ કોયડાનો ઉકેલ શોધતાં હું હાંફી ગયો.' છેવટે તેમને ઉકેલ મળ્યો, સમાધાન મળ્યું જેનું તેમણે પૂર્ણાહુતિ ભાગ-૪ પાન ૪૬૫-૪૬૬-૪૬૭માં વર્ણન કર્યું છે અને અંતે કહ્યું છે કે, 'કાળ કાળને ગ્રસી જાય છે, પણ આવો આત્મા કદી મરતો નથી.'

ટૉલ્સ્ટૉય સાથેના પત્ર-વ્યવહાર દરમ્યાન એક વાર ગાંધીજીએ લખેલું, 'જે અદ્ભુત શોધો આજકાલ હિંસાના ક્ષેત્રમાં થાય છે તે જોઈને આપણે આભા બની જઈએ છીએ; પરંતુ હું ભારપૂર્વક કહું છું કે એના કરતાંય વધારે અકલ્પ્ય અને અશક્ય લાગતી શોધો અહિંસાના ક્ષેત્રમાં થશે.'

x x x

શું ગાંધીજી હવે આપણી વચ્ચે નથી? આનો જવાબ 'હા, નથી' એવો આપવાની કોનામાં હિંમત છે? ગાંધીજીએ એક વાર લખેલું, 'હું મરીશ ત્યારે પણ થોડો જ શાંત થવાનો છું?' આ વાક્ય ખૂબ અર્થગર્ભ છે. વિનોબાએ કહ્યું હતું તે મુજબ 'મહાપુરુષો જ્યારે પોતાના દેહમાં હોય છે ત્યારે એમની શક્તિ સીમિત હોય છે, જ્યારે તેઓ દેહમુક્ત થાય છે ત્યારે એમની શક્તિ અસીમ થઈ જાય છે.' ગાંધીજીનું મૃત્યુ થયું ત્યારે તેમની પાસે ઘડિયાળ, ચશ્મા, ચંપલ, જમવાના બેત્રણ વાસણ અને બેત્રણ જોડ ધોતી-ચાદર સહિત માત્ર દસ જ વસ્તુ હતી. અપરિગ્રહનું આવું અજોડ ઉદાહરણ ઇતિહાસમાં કે ભવિષ્યમાં કદી મળે?

બાપુનું મૃત્યુ તો બરાબર એવું જ થયું હતું જેવું એક મહાપુરુષનું થવું ઘટે. પણ મનુષ્યની હિચકારી મનોવૃત્તિને લીધે તેમનો દેહ જે રીતે હણાયો તેનું દુઃખ તો સૌને રહેવાનું છે.

✶ ✶ ✶

(આધાર : 'આંસુ લૂંછવા જાઉં છું' – મહેન્દ્ર મેઘાણી. 'પૂર્ણાહુતિ' ભાગ-૪-પ્યારેલાલજી)

તંત્રી વિભાગ 'જન્મભૂમિ', જન્મભૂમિ ભવન,
જન્મભૂમિ માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.
મોબાઈલ : ૦૯૨૨૧૪૦૦૬૮૮.


રામ નામ તેને જ તારે છે, જે તેને શ્રદ્ધાથી નિરંતર જપે છે.





# ગાંધીજીના છેલ્લા ઉપવાસ

□ પ્યારેલાલ

*[ મહાત્મા ગાંધીના અંતિમ વર્ષોમાં પ્યારેલાલ નય્યર તેમના અંગત સચિવ હતા. તેમના બહેન ડૉ. સુશીલા નય્યર મહાત્મા ગાંધીના અંગત તબીબ હતાં. કોમી દાવાનળ ઠારવા ગાંધીજી સરહદી વિસ્તારોમાં ફરતા હતા ત્યારે ડૉ. સુશીલા નય્યર તેમની સાથે હતાં. તેઓ જીવનભર મહાત્મા ગાંધી સાથે જોડાયેલા રહ્યા. ગાંધીજીના અંતિમ વર્ષોનું વિગતવાર વર્ણન 'ધ લાસ્ટ ફેઝ'ના ચાર ગ્રંથોમાં કર્યું છે, જે આ વિષયના સૌથી વધારે આધારભૂત ગ્રંથો ગણાય છે. ઉપરાંત તેમણે દાંડીકૂચ, સ્વાતંત્ર્યસંગ્રામ, સત્યાગ્રહ જેવા વિષયો પર શ્રદ્ધેય ગ્રંથો આપ્યાં છે.*

*પ્રસ્તુત લેખ અને આ અંકમાં સમાવિષ્ટ પ્યારેલાલના અન્ય લેખ 'ધ લાસ્ટ ફેઝ – વૉલ્યુમ 4' (પૂર્ણાહુતિ ભાગ-૪માંથી લેવામાં આવ્યાં છે. ]*

હિંદ અને પાકિસ્તાન વચ્ચે તંગદિલીમાં ઉત્તરોત્તર વધારો કરનારાં અનેક કારણોમાં બીજા એકનો ઉમેરો થયો. એ કારણ હતું અવિભક્ત હિંદની રોકડ મૂડીના પાકિસ્તાનના ભાગનો સવાલ. ભાગલા સમિતિના નિર્ણય અનુસાર, ૩૭૫ કરોડ રૂપિયાની કુલ રોકડ મૂડીમાંથી સત્તાની ફેરબદલીના દિવસે પાકિસ્તાનને ૨૦ કરોડ આપવામાં આવ્યા હતા. આ ફાળવણી કામચલાઉ હતી અને પાકિસ્તાનને ચૂકવવાની રકમનો છેવટનો આંકડો નક્કી કરવામાં આવે ત્યારે એ રકમ ગણતરીમાં લેવાની હતી. બે સંસ્થાઓના પ્રતિનિધિઓની અનેક પરિષદો મળ્યા બાદ નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં એ આંકડો ૫૫ કરોડનો નક્કી કરવામાં આવ્યો. કાશ્મીર પરનો હુમલો પુરજોશમાં ચાલી રહ્યો હતો. વાટાઘાટો દરમ્યાન, હિંદ સરકારે સ્પષ્ટ કર્યું હતું કે, કાશ્મીરના સવાલનો ઉકેલ પણ ન આવે ત્યાં સુધી નાણાં ચૂકવવામાં નહીં આવે. પાકિસ્તાનના પ્રતિનિધિઓએ વાટાઘાટો દરમ્યાન આ મુદ્દા અંગે ઉસ્તાદીથી ચૂપકીદી સેવી અને હિંદના પ્રતિનિધિઓને તેમની સંમતિ તરીકે એ ચૂપકીદીને માનવા દીધી. પરંતુ નાણાંકીય હિસ્સા અંગેની સમજૂતી લેખનબદ્ધ થઈ કે તરત જ તેઓ એને બીજા મુદ્દાઓથી અલગ પાડવા લાગ્યા. એ જ વખતે કાશ્મીર સંબંધમાં તેમનું વલણ વધારે અક્કડ બન્યું. એને પરિણામે હિંદ સરકારે એ રકમની ચુકવણી મોકૂફ રાખી. પંડિત નેહરુએ જાહેર નિવેદનમાં હિંદના રાજ્યસંઘની સ્થિતિની ચોખવટ કરીઃ 'આવા સંજોગોમાં રાજ્ય બીજા પક્ષનું લેણું સ્થગિત કરે છે. એ અર્થમાં અમે કશું પણ સ્થગિત કર્યું નથી. અમે તો એટલું જ કહ્યું છે કે, આ કરાર અમે સ્વીકારીએ છીએ, પરંતુ બધા જ મુદ્દાઓનું નિરાકરણ થવું જોઈએ. અને અમે એનો પૂરેપૂરો અમલ કરીશું.'

૧૯૪૮ના જાન્યુઆરીની છઠ્ઠી તારીખે ગાંધીજીએ લૉર્ડ માઉન્ટબૅટન સાથે એ સવાલ અંગે ચર્ચા કરી. માઉન્ટબૅટને કહ્યું, 'પાકિસ્તાન માગે છે તે રોકડ રકમની ચુકવણી હિંદની સરકાર અટકાવી રાખશે તો, તેને પક્ષે એ 'બેઆબરૂભર્યું પ્રથમ કૃત્ય' થશે.

૧૧મી જાન્યુઆરીએ દિલ્હીના કેટલાક મૌલાનાઓ ગાંધીજીને મળવા આવ્યા. તેઓ રાષ્ટ્રવાદી મુસલમાનો હતા અને હિંદની બહાર જવાનો તેમણે ઈન્કાર કર્યો હતો. ગાંધીજી આગળ તેમણે ફરિયાદ કરી કે, અમારી ધીરજ હવે લગભગ ખૂટવા આવી છે.

સાંજે પ્રાર્થનાસભામાં તેમણે મૌલાનાઓ સાથેની વાતચીતનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, પાકિસ્તાનમાં મુસલમાનો પાગલ બન્યા છે અને તેમણે ઘણાખરા હિંદુઓને તથા શીખોને ત્યાંથી હાંકી કાઢ્યા છે. હિંદના રાજ્યસંઘના હિંદુઓ પણ એમ જ કરશે તો તેઓ પોતાનો વિનાશ નોતરશે.

૧૨મી જાન્યુઆરીએ બપોર પછી ગાંધીજી હંમેશની જેમ, બિરલા ભવનની વિશાળ લૉનમાં તડકામાં બેઠા હતા. એ સોમવાર, એટલે કે, તેમનો મૌનવાર હતો તેથી પોતાનું પ્રાર્થના-પ્રવચન તેઓ લખી રહ્યા હતા. અનુવાદ કરીને સાંજે પ્રાર્થનાસભા આગળ તે વાંચી સંભળાવવા માટે મારી બહેન એક પછી એક પાન વાંચતી હતી. તે અવાક્ બની ગઈ અને મારી પાસે દોડતી આવીને તેણે કહ્યું કે, દિલ્હીમાં પાગલપણું બંધ ન થાય તો, ગાંધીજીએ આમરણ ઉપવાસ પર ઊતરવાનો નિર્ણય કર્યો છે.

કલકત્તાના પોતાના ઉપવાસ બાદ ગાંધીજી દિલ્હી આવ્યા ત્યારથી, ત્યાં જે બની રહ્યું હતું એ પરિસ્થિતિમાં મારો ધર્મ શો છે એ સવાલ હંમેશાં તેઓ પોતાની જાતને પૂછ્યા કરતા હતા. મુસલમાનો પોતાના દુઃખ અને વીતકોની કથા લઈને તેમની પાસે આવતા હતા તેમને તેઓ કશો જવાબ આપી શકતા નહોતા. સત્તાવાળાઓ પાસેથી તેઓ વધારે કરાવી શકતા નહોતા. કદાચ, તેમના સંજોગોમાં સત્તાવાળાઓ વધારે કરવાની સ્થિતિમાં નહોતા. નૈતિક પડકારની સામે લાચારી તેઓ સહી શકતા નહોતા. પોતાના ઉદ્વેગના ઊંડાણમાંથી ઉપવાસનો નિર્ણય ઉદ્ભવ્યો. એમાં દલીલો માટે અવકાશ જ નહોતો. સરદાર પટેલ અને પંડિત નેહરુ માત્ર બે કલાક પહેલાં જ તેમની સાથે હતા. તેમના દિલમાં શું ચાલી રહ્યું હતું તેનો ઇશારો સરખો પણ તેમણે તેમને આપ્યો નહોતો.



*સુખની ચાવી સત્યની આરાધનામાં છે.*

એ નિર્ણય જાહેર કરતું લેખી પ્રવચન સાંજની પ્રાર્થનાસભામાં વાંચી સંભળાવવામાં આવ્યું. ઉપવાસ બીજે દિવસે બપોરના ભોજન બાદ શરૂ થવાના હતા. ઉપવાસ માટે કશી સમયમર્યાદા નહોતી. ઉપવાસ દરમ્યાન મીઠાવાળું અથવા મીઠા વિનાનું પાણી અને ખાટા લીંબુનો રસ તેઓ લેવાના હતા. '' 'બહારના દબાણ વિના પણ કર્તવ્યની ભાવના જાગ્રત થવાને કારણે બધી કોમો વચ્ચે હૃદયની એકતા ફરીથી સ્થપાઈ છે.' એવી ખાતરી તેમને થાય ત્યારે જ તેમના ઉપવાસ છૂટવાના હતા.''

તેમનું નિવેદન આ પ્રમાણે હતું:

*હિંદની પ્રતિષ્ઠા ઘટવા લાગી છે તથા એશિયાના હૃદય પરનું અને એ દ્વારા સમગ્ર દુનિયા પરનું તેનું પ્રભુત્વ ઝપાટાબંધ લુપ્ત થતું જાય છે. આ ઉપવાસને નિમિત્તે આપણી આંખ ઊઘડશે તો એ બધું પાછું લાધશે. હિંદ પોતાનો આત્મા ખોશે તો, દુનિયાનું આશાનું કિરણ લુપ્ત થશે.*

*કટોકટીને પ્રસંગે કોઈએ નબળાઈ બતાવવી જોઈએ નહીં... શુદ્ધ ઉપવાસ, ધર્મપાલનની પેઠે, સ્વતઃ બદલારૂપ છે. કશું પરિણામ લાવવા ખાતર હું ઉપવાસ નથી કરતો. મારે ઉપવાસ કર્યે જ છૂટકો, એમ મને લાગે છે એટલે હું એ કરું છું. હિંદના હિંદુ ધર્મના, શીખ ધર્મના અને ઈસ્લામના વિનાશનો સાક્ષી બનવા કરતાં મૃત્યુ મારે માટે ઉમદા મુક્તિરૂપ બનશે.*

લૉર્ડ માઉન્ટબૅટને સહેલાઈથી નિર્ણય સ્વીકારી લીધો. ગાંધીજીના સૌથી નાના પુત્ર દેવદાસે તેર કલાક સુધી પ્રયાસ કર્યો. નિર્ણય જાહેર કરવામાં આવ્યો તે પછી જ તેમને ઉપવાસની જાણ થઈ. તેમણે તેમના પિતાને પત્ર લખ્યો 'મારી મુખ્ય ચિંતા અને દલીલ એ છે કે આપ આખરે અધીરાઈને વશ થઈ ગયા. દિલ્હી આવ્યા પછી આપે કેટલી ભારે સફળતા માત્ર ધીરજપૂર્વક મહેનત કરવાથી મેળવી છે, એનો ખ્યાલ આપને નથી. આપની મહેનતથી લાખો બચ્યા છે અને લાખો બચત. પણ આપ એકાએક ધીરજ ખોઈ બેઠા છો.'

આના જવાબમાં ગાંધીજીએ કાઢેલા ઉદ્‌ગારો શ્રદ્ધાના મહાકાવ્ય તરીકે અમર રહેશે. *'મારું બ્યાન મારા અર્થમાં ઉતાવળે કાઢ્યું નથી, તારા અર્થમાં ખરું. કેમ કે એ ઘડતાં મને સામાન્યપણે લાગવો જોઈએ એથી ઓછો વખત લાગ્યો. પણ તેની પૂર્વે ચાર દહાડાનું વિચારમંથન હતું; પ્રાર્થના હતી. એથી એને ઉતાવળ કહેવાય જ નહીં.*

*આ કાર્યને હું મારી ધીરજની પરાકાષ્ઠા ગણું છું. મારા દિલ્હી આવ્યા પછી જે પરિણામો આવ્યાં હોય, તેને સારુ હું યશ નથી લઈ શકતો. પુરુષાર્થને હું હારી બેઠો, ત્યારે જ ઈશ્વરને ખોળે મેં માથું મૂક્યું. રામ મારશે તોયે શ્રેય છે અને રામ રાખશે તોયે શ્રેય છે. અને મારે તો એક જ પ્રાર્થના કરવી રહી: 'હે રામ! ઉપવાસ દરમ્યાન મારું મન સબળ રાખજે, જેથી હું જીવવાની લાલચે ઉપવાસ ન છોડું.'*

ઉપવાસ ૧૩મી જાન્યુઆરીએ બપોરે ૧૧ ને ૫૫ મિનિટે શરૂ થયા. એ વખતે ગાંધીજીનું પ્રિય ભજન વૈષ્ણવજન તો તેને કહીએ તથા વ્હેન આઈ સર્વે ધિ વંડરસ ક્રૉસનું અંગ્રેજી ભજન સુશીલાએ ગાયું અને પછી રામધૂન ગાવામાં આવી. માત્ર જૂજ નિકટના મિત્રો અને ઘરના માણસો હાજર હતાં. તેઓ શાંતિ અનુભવવા લાગ્યા. પોતાનો ઉપવાસ શરૂ થયો કે તરત જ ગાંધીજીએ મને તેમની પાસે બોલાવ્યો અને કહ્યું, 'તમે અહીં રહો અને મારા ઉપવાસ દરમ્યાન હરિજનનું કામ સંભાળો એમ હું ઈચ્છું છું.'

સરદારે કે પંડિત નેહરુએ તેમની સાથે દલીલોમાં ઊતરવાનો પ્રયાસ ન કર્યો, જોકે, સરદાર ઘણા જ અસ્વસ્થ થઈ ગયા હતા. સરદારે ગાંધીજીને કહેવડાવ્યું કે, આપ જે કંઈ ઈચ્છો એ હું કરીશ. જવાબમાં ગાંધીજીએ સૂચવ્યું કે, પાકિસ્તાનના રોકડ મૂડીના હિસ્સાના સવાલને સૌથી પ્રથમ સ્થાન આપવું જોઈએ.

એક શીખ મિત્રે પૂછ્યું, આપના ઉપવાસ માટે આપ કોને જવાબદાર લેખો છો? ગાંધીજીએ જવાબ આપ્યો કે, મારો ઉપવાસ ખાસ કોઈ વ્યક્તિ સામે નથી અને છતાં સૌના અંતરાત્માને ઉદ્દેશીને તે છે.

૧૬મી જાન્યુઆરીના મીરાબહેન પરના પત્રમાં પોતાના ઉપવાસને 'મારા સૌથી મહાન ઉપવાસ તરીકે' વર્ણવીને ગાંધીજીએ લખ્યું: 'છેવટે એ એવો નીવડશે કે કેમ એની તમારે કે મારે ચિંતા કરવાની નથી. આપણી ચિંતા તો ખુદ કાર્ય માટે હોય, કાર્યના પરિણામ માટે નહીં.'

એક મુસલમાન મિત્રે, 'મુસલમાનોને ખાતર' ઉપવાસ છોડવાને ગાંધીજીને આજીજી કરી. કાશ્મીરના વડા પ્રધાન શેખ અબ્દુલ્લા નાયબ વડા પ્રધાન બક્ષી ગુલામ મહમ્મદ સાથે દિલ્હી આવ્યા હતા. તેમણે પણ 'કંઈ નહીં તો કાશ્મીરને ખાતર' ઉપવાસ છોડવાની ગાંધીજીને વિનંતી કરી.

મૌલાના આઝાદે કહ્યું, 'તેમની સાથે વધુ દલીલમાં ઊતરવું એ તેમની વેદના વધારવા બરોબર છે. તેમની શરતો પૂરી પાડવાને આપણે શું કરી શકીએ એનો વિચાર કરવો એ જ એક વસ્તુ આપણે કરવાની છે.'

પછીથી હિન્દુ અને શીખ નિરાશ્રિતોનું એક પ્રતિનિધિમંડળ આવ્યું. ગાંધીજીએ તેમને કહ્યું કે, મારા ઉપવાસો છોડાવવાનું તમારા હાથમાં છે.

માઉન્ટબૅટને કહ્યું: 'તેમના ઉપવાસ સંબંધમાં મારે માત્ર એક જ ટીકા કરવાની છે. તેમણે પ્રથમ પંડિત નેહરુ સાથે એ વિષે ચર્ચા

કરવી જોઈતી હતી.'

એ દિવસે છાપાંઓમાં આઘાતજનક હેવાલ પ્રગટ થયો હતો. સરહદ પ્રાંતમાંથી હિંદુ તથા શીખ નિરાશ્રિતોને લઈ આવતી ગાડી પર પશ્ચિમ પંજાબમાં ગુજરાત રેલવે સ્ટેશને હુમલો કરવામાં આવ્યો હતો. સંખ્યાબંધ ઉતારુઓની કતલ કરવામાં આવી હતી અને સ્ત્રીઓને ઉપાડી જવામાં આવી હતી. એનો ઉલ્લેખ કરીને માઉન્ટબૅટને કહ્યું, 'એ વસ્તુ મિ. ગાંધીના કાર્યને વધારે મુશ્કેલ બનાવે છે. પરંતુ એ કારણે તેમનો વિજય વધારે યશસ્વી થશે.' ગાંધીજીને મેં આ વાત કરી ત્યારે તેમણે 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને' એ ગુજરાતી કવિ પ્રીતમની સુપ્રસિદ્ધ કડી મને ગાઈ સંભળાવી.

ઉપવાસને બીજે દિવસે 'ગુજરાતનાં ભાઈબહેનોને' ઉદ્દેશીને તેમણે પત્રના રૂપમાં સંદેશો મોકલ્યો.

દિવસ દરમ્યાન દિલ્હીના મૌલાનાઓ તેમને મળવા આવ્યા ત્યારે 'હવે તમને તરત સંતોષ થયો?' એમ કહીને ગાંધીજીએ તેમનું સ્વાગત કર્યું. પછીથી ગંભીર બનીને તેમણે કહ્યું: 'ઈંગ્લૅંડ મોકલી આપવાનું કહેતાં તમને શરમ નથી આવતી? અને પછી તમે કહ્યું કે, હિંદના રાજ્યસંઘ નીચે સ્વતંત્રતા કરતાં બ્રિટિશ અમલ નીચે ગુલામી સારી હતી. દેશભક્તો અને રાષ્ટ્રવાદીઓ હોવાનો દાવો કરનાર તમે આવા શબ્દો ઉચ્ચારી જ કેવી રીતે શકો? તમારે તમારાં હૃદયો શુદ્ધ કરવાં જોઈએ અને સો ટકા સાચા થવાને શીખવું જોઈએ. નહીં તો હિંદ તમને લાંબો વખત નહીં સહી શકે અને હુંયે તમને મદદ નહીં કરી શકું.'

સાંજની સભામાં પ્રાર્થનાસભામાં ગાંધીજી ગુજરાત સ્ટેશને નિરાશ્રિતોની ગાડી પર ઠંડે કલેજે કરવામાં આવેલા હુમલા વિષે તથા કરાંચીમાં કરવામાં આવેલી હિંદુઓ તથા શીખોની કારમી કતલો વિષે બોલ્યા. પાકિસ્તાને આ વસ્તુ બંધ કરવી જ જોઈશે. તેમણે કબૂલ કર્યું કે, 'સંઘરાજ્યમાં એવા કેટલાક છે જેઓ પાકિસ્તાનના ગેરવર્તાવનું ઉત્સુકતાપૂર્વક અનુકરણ કરે છે અને હિંદને લજ્જીત કરે છે.'

જેમાં કોઈ ધનિક ન હોય, કોઈ ગરીબ ન હોય, કોઈ માલિક ન હોય, કોઈ ગુલામ ન હોય, સૌ રોટી માટે મજૂરી કરતા હોય તથા સમાનતા, બિરાદરી અને શુદ્ધતાના આદર્શો સિદ્ધ કરવાનો અથાક પ્રયત્ન કરતા હોય એવા પોતે માગતા હતા તે પ્રકારના પાકિસ્તાનના સ્વર્ગનું ભવ્ય ચિત્ર આલેખીને છેલ્લે તેમણે જણાવ્યું: પાકિસ્તાન પાક બનશે તો હિંદ તેનું અનુસરણ કરશે.

* * *

ઉપવાસ શરૂ થયા બાદ ચોવીસ કલાકની અંદર, હિંદી રાજ્યસંઘના પ્રધાનમંડળની સભા બિરલા ભવનની લૉનમાં ઉપવાસી ગાંધીજીની પથારીની આસપાસ મળી. અને તેમાં રોકડ મૂડીમાં પાકિસ્તાનના હિસ્સા સંબંધમાં નવેસરથી વિચાર કરવામાં આવ્યો. મુસલામાનો પ્રત્યે ગાંધીજીનું વલણ પક્ષપાતભર્યું હોવાનું જેઓ માનતા હતા તેઓ એથી વધારે ગુસ્સે થયા. એક ઝનૂની જૂથે તેમનું ખૂન કરવા માટે કાળું કાવતરું યોજવાની તૈયારી કરવા માંડી.

રાત્રે પશ્ચિમ પંજાબથી આવેલા કેટલાક શીખોએ બિરલા ભવન સામે દેખાવો યોજ્યા અને 'ગાંધીને મરવા દો' વગેરે પોકારો તેમણે કર્યા. ગાંધીજીને મળીને પંડિત નેહરુ એ જ વખતે બિરલા ભવનથી જવાને મોટરમાં બેઠા. આ પોકારો સાંભળીને તે પોતાની મોટરમાંથી બહાર ધસી આવ્યા. ઊંચે સાદે તે બોલી ઊઠ્યા 'ગાંધીને મરવા દો' એવા પોકાર કરવાની હામ કોણ ભીડે છે? હિંમત હોય તે મારી હાજરીમાં એ શબ્દો પાછા ઉચ્ચારે. તેણે પ્રથમ મને મારી નાખવો જોઈશે.' દેખાવો કરનારાઓ આઘાપાછા થઈ ગયા.

ગાંધીજીના ઉપવાસના સમાચારે લોકોમાં ઊંડી અંતઃખોજ પેદા કરી. હિંદભરમાંથી અને પરદેશોમાંથી પણ મુસમલાન આગેવાનો અને મુસ્લિમ સંસ્થાઓ તરફથી સહાનુભૂતિ અને ટેકાના સંદેશાઓનો પ્રવાહ વહેવા લાગ્યો. હૈદરાબાદના નિઝામ તથા રામપુર અને ભોપાલના નવાબો તરફથી તારો આવ્યા. મુંબઈની પ્રાંતિક મુસ્લિમ લીગના પ્રમુખે એક નિવેદનમાં ગાંધીજીના ઉપવાસને 'હિંદુ ધર્મ, ઈસ્લામ તથા શીખ ધર્મને ઉગારવા માટે હિંદુઓ, મુસલમાનો તથા શીખો માટે પડકાર' તરીકે વર્ણવ્યા. લંડનથી ડાયરેક્ટર ઑફ ઈસ્લામિક પ્રેસ તરફથી આ પ્રમાણે સંદેશો આવ્યો: 'હિંદ અને પાકિસ્તાનને જાદવાસ્થળીમાં ઝંપલાવવામાંથી ઉગારવાને આપે ભરેલા ભગીરથ પગલાંની દુનિયાભરમાં સૌ કદર કરે છે. આપને સફળતા મળે એવી હું ખુદાને બંદગી કરું છું. આપ ઘણું લાંબું જીવો.'

બરેલીના મૌલવીએ પોતાના અનુયાયીઓને આપેલો આદેશ ખાસ મહત્ત્વનો છે: 'પાકિસ્તાનના કે હિંદુસ્તાનના મુસલમાનોનો ગાંધીજી કરતાં મોટો બીજો કોઈ મિત્ર નથી. તાજેતરના કરાંચીના અને ગુજરાત (પાકિસ્તાન)ના અત્યાચારો માટે, નિર્દોષ સ્ત્રી, પુરુષો તથા બાળકોની કતલ માટે તથા બળાત્કારે કરવામાં આવેલા ધર્મપલટા અને સ્ત્રીઓના અપહરણ માટે એમની જેમ મારું હૃદય દ્રવે છે. આ અલ્લા સામેના ગુનાઓ છે અને એને માટે કોઈ પણ પ્રકારની માફી નથી. પાકિસ્તાન સરકાર એ જાણી લે. અલ્લાની સૃષ્ટિ સામેના આવા હીન પ્રકારના ગુનાઓના પાયા પર ઈસ્લામી રાજ્યનું ચણતર ભાગ્યે જ થઈ શકે.

આપના ઉપવાસ છોડવાને તથા હિંદુસ્તાન અને પાકિસ્તાનને વિનાશ, આપત્તિ અને મોતમાંથી ઉગારવાને હું આપને આજીજી કરું છું.'

૧૯૪૬ના ઑગસ્ટના કલકત્તાના ભીષણ હત્યાકાંડ પછી

ગાંધીજી મુસલમાનોને હંમેશાં કહેતા રહ્યા હતા કે, તમારા સહધર્મીઓના અત્યાચારોને હિંમતપૂર્વક વખોડી કાઢવાને બદલે તમે તટસ્થ રહેવાનું ચાલુ રાખશો અથવા એ અત્યાચારો કરનારાઓ પ્રત્યે તમારા દિલમાં તમે ગુપ્ત સહાનુભૂતિ રાખતા રહેશો તો પાકિસ્તાન હો યા ન હો, પણ તમારામાંના મોટા ભાગના લોકોને જેમની સાથે રહેવાનું છે તેમનો રોષ તમારા પર ઊતરશે. પરંતુ ઘણે અંશે તેમની આ ચેતવણી કાને ધરવામાં ન આવી. હિંદના મુસલમાનોએ જેવું વાવ્યું તેવું લણવાનો તેમને માટે પ્રસંગ આવ્યો. તેમનો નિર્ણય ફેરવવા માટે વિનંતી કરવા આવેલા કેટલાક મૌલાનાઓને ઉપવાસ શરૂ કરતી વખતે ગાંધીજીએ કહ્યું કે, ગુજરાત સ્ટેશને ગાડીમાં હિંદ તથા શીખ નિરાશ્રિતોની કરવામાં આવેલી કતલ જેવા બનાવો બનતા રહેશે, તો મારી વાત બાજુએ રહી પણ 'દસ ગાંધી સુદ્ધાં હિંદના મુસલમાનોને બચાવી શકશે નહીં.'

સાંજની પ્રાર્થનાસભા આગળના પોતાના પ્રવચનમાં ગાંધીજીએ સાફ સાફ શબ્દોમાં ચેતવણી આપતાં કહ્યું, 'પાકિસ્તાનમાંની મુસ્લિમ વધુમતી શિષ્ટ સ્ત્રી અને પુરુષો તરીકે નહીં વર્તે તો, હિંદી સંઘમાંના મુસલમાનોની જિંદગી બચાવવાનું અશક્ય છે.'

ઉપવાસના ત્રીજા દિવસે (૧૫ જાન્યુઆરી) ગાંધીજીને સ્પષ્ટપણે નબળાઈ લાગવા માંડી. સાંજે ત્રણ દાક્તરોની સહીથી બહાર પાડવામાં આવેલા બુલેટિનમાં આ પ્રમાણે જણાવવામાં આવ્યું હતું: 'તેમનું વજન ઘટતું જાય છે, અવાજ મંદ થઈ ગયો છે. પેશાબમાં એસેટોન તત્ત્વના અંશ જણાવા લાગ્યા છે.' ઉપવાસને પરિણામે શરીરના સ્નાયુઓ ઘસાવા માંડ્યા છે અને એને લીધે લોહીમાં ઝેરી તત્ત્વો દાખલ થવા લાગ્યાં છે. દાક્તરી વિદ્યાની ભાષામાં કહીએ તો, તેઓ 'જોખમના પ્રદેશ'માં દાખલ થયા હતા. હજી તેઓ ગરમ પાણી છૂટથી લઈ શકતા હતા પણ શરીરમાંથી એ બધું બહાર નીકળતું નહોતું. બીજા શબ્દોમાં કહીએ તો કિડની કામ કરતી અટકવા લાગી હતી.

સાંજે તેઓ પ્રાર્થનાભૂમિ સુધી ચાલી શક્યા નહીં. એટલે, માઈક્રોફોન તેમના ઓરડામાં લાવીને તેમની પથારીની બાજુમાં મૂકવામાં આવ્યું જેથી તેઓ જ્યાં હતા ત્યાંથી જ સીધા પ્રાર્થનાસભાને સંબોધી શકે. પ્રાર્થના પછી તેમના દર્શન માટે બૂમાબૂમ થઈ રહી. આથી, બહાર ઊભેલા લોકો તેમને જોઈ શકે એટલા માટે તેમનો ખાટલો બહાર લઈ જઈને ઝરૂખામાં મૂકવામાં આવ્યો. તેમના ખાટલા આગળ થઈને જનસમુદાય ભક્તિભાવથી મુક્તપણે પસાર થયો ત્યારે એક ટાંકણી પડવાનો અવાજ પણ સંભળાય એવી શાંતિ હતી. તેમનો ચહેરો નંખાઈ ગયેલો, કરચલી પડેલો, વિચારમગ્ન અને ગમગીન પણ શાંત અને સમતાયુક્ત હતો.

લોકો પહેલા આઘાતમાંથી બહાર નીકળ્યા કે તરત જ પોતાની જવાબદારીના સંબંધમાં તેઓ સજાગ બન્યા અને સાચો હૃદયપલટો લાવવા માટે સંગઠિતપણે પ્રવૃત્તિ કરવાનો તેમણે આરંભ કર્યો. હિંદુઓનાં, મુસલમાનોનાં તથા બીજાં જૂથોનાં પણ સંખ્યાબંધ પ્રતિનિધિમંડળો આવ્યાં અને હવે પછી અમે કોમી એકરાગ સ્થાપવાના કાર્યમાં અમારી જાતને સમર્પિત કરીશું એવી તેમણે ગાંધીજીને ખાતરી આપી. દશ હજાર જેટલા હિંદુઓ, મુસલમાનો તથા શીખોની સભાને સંબોધતાં પંડિત નેહરુએ કહ્યું: 'મહાત્મા ગાંધીને ખોવા એ હિંદના આત્માને ખોવા સમાન છે, કેમ કે, તેઓ હિંદની આધ્યાત્મિક તાકાતની પ્રતિમા સમા છે...એક પેગમ્બરની જેમ તો પામી ગયા છે, કે, કોમી લડાઈ તત્કાળ અટકાવવામાં નહીં આવે તો, સ્વતંત્રતાનો અંત આવશે.'

પોતાના એક પ્રાર્થના-પ્રવચનમાં, હિંદના બંને ભાગોમાં બનવા પામ્યું હતું તે પૈકીના ઘણા ખરા માટે મુસ્લિમ લીગ જવાબદાર હોવા સંબંધમાં ગાંધીજીએ કંઈક કહ્યું હતું. એ અંગે ગાંધીજીના નિકટના મિત્ર શ્વેબ કુરેશી તરફથી વિરોધ દર્શાવતો પત્ર આવ્યો. તેમણે મને શ્વેબને એમ લખવાને સૂચવ્યું કે, વર્તમાન પરિસ્થિતિ માટે મુસ્લિમ લીગની જવાબદારી વિષે મેં જે કંઈ કહ્યું છે એ માટે મને લવલેશ પસ્તાવો થતો નથી.

તેમના ઉપવાસનો લાભ લઈને સરદાર પટેલને ઉતારી પાડવાનો પ્રયાસ કરનારાઓને પણ ગાંધીજીએ એવી જ રોકડી વાતો સંભળાવી. સરદાર પટેલ, મોટા ભાગના મુસલમાનોમાં અકારા થઈ પડ્યા હતા. કેટલાક તો તેમને મુસલમાનોના તથા પાકિસ્તાનના શત્રુ પણ કહેતા હતા. સરદાર દેશની સલામતીને ખસૂસ પ્રથમ સ્થાન આપતા હતા. એ બાબતમાં કશું જોખમ ખેડવા તે તૈયાર નહોતા. પરંતુ તે એમ પણ દૃઢતાપૂર્વક માનતા હતા કે, હિંદમાં રહેવા ઇચ્છતા તથા હિંદને પોતાનું વતન લેખનારા મુસલમાનો પ્રત્યે વાજબી અને ન્યાયી વર્તાવ રાખવો જોઈએ. તે નમૂનેદાર વાસ્તવદર્શી ખેડૂત હતા અને તેમનું દિલ એટલું વિશાળ હતું કે, કેવળ વિરોધ ખાતર તે કોઈનાયે વિરોધી બને જ નહીં. પરંતુ દંભના તે કટ્ટા વિરોધી હતા અને સ્વાર્થી હેતુઓ ઢાંકવાનો પ્રયાસ કરનારાઓ સાથે તે કડક હાથે કામ લેતા. બેવકૂફોને તથા ધર્માંધ માણસોને તેઓ સાંખી શકતા નહીં અને વહીવટકર્તા તરીકે તે કદી કશું ભૂલતા નહીં, તે સખત ફટકો મારતા પણ સાથે સાથે ખેલદિલ હતા. પીઠ પાછળ નિંદા કરનારાઓ માટે તેમ જ રોદણાં રડનારાઓ માટે તેમને ભારોભાર ધિક્કાર હતો. તેમની પોતાની જ રમતમાં હાર ખાધા પછી મોં પર ઘવાયેલી નિર્દોષતાનો બુરખો ઓઢીને ગાંધીજી પાસે જઈને પોતે જેનું પાલન કર્યું ન હોય એવા સિદ્ધાંતોની

અતિશયોક્તિભરી ભાષામાં વાતો કરનારાઓના છોડાં સરદાર પોતાના કટાક્ષોના સપાટાઓથી ઉખેડતા. નીતિની બાબતમાં સરદાર અને ગાંધીજી વચ્ચે મતભેદ નિઃશંક વધતો જતો હતો. આમ છતાં, ગાંધીજીને માટે તેમના કરતાં વધારે પ્રેમ અને આદર ભાગ્યે જ બીજા કોઈનામાં હશે એમ કહી શકાય. નવી દિલ્હીમાં દુષ્ટતાભર્યો એવો ગપગોળો ફેલાવવામાં આવ્યો કે, ગાંધીજીના ઉપવાસ સરદારનો હૃદયપલટો કરવા માટે છે. તેમણે સરદારના નિંદકોને જણાવ્યું કે, હું સરદારને ઓળખું છું. સરદારનું દિલ સૌને સંઘરવા જેટલું વિશાળ છે.

મેં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, મારા ઉપવાસ હિંદમાંની મુસલમાન લઘુમતીને અર્થે ખસૂસ છે. હિંદમાંના હિંદુઓ અને શીખો સામે તથા પાકિસ્તાનમાંના મુસલમાનો સામે છે. એ જેમ હિંદમાંની મુસલમાન લઘુમતી અર્થે છે તે જ રીતે પાકિસ્તાનમાંની હિંદુ અને શીખ લઘુમતીઓને અર્થે પણ છે.

મુસ્લિમ લીગવાળાઓ એક રાતમાં મિત્રો બની જઈ શકે નહીં, એમ સરદારે કહ્યાનું જણાવવામાં આવતું હતું. એનો સીધો ઉલ્લેખ કરીને ગાંધીજીએ જણાવ્યું કે, મોટા ભાગના હિંદુઓ એવો અભિપ્રાય ધરાવે છે. 'કેવળ શબ્દો દ્વારા નહીં પણ આચરણ દ્વારા સરદારની એ ટીકા ખોટી પાડવાની' મુસ્લિમ લીગવાળા મિત્રોની ફરજ છે.

ગાંધીજીના ઉપવાસ, સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિની બેઠક કાશ્મીરનો સવાલ ચર્ચવાને મળવાની તૈયારીમાં હતી એ જ વખતે આવ્યા. ગાંધીજીએ કહ્યું : 'મારા ઉપવાસની અસર સંયુક્ત રાષ્ટ્રસંઘ પર પણ થાય અને એ સંસ્થાયે વિશુદ્ધ થાય એવો આશય એની પાછળ રહેલો છે. મારા ઉપવાસ તો સમસ્ત દુનિયાને સ્પર્શે છે.

ગાંધીજીના ઉપવાસને ત્રીજે દિવસે હિંદ સરકારે સરકારી યાદીમાં જાહેર કર્યું કે, પાકિસ્તાનને ૫૫ કરોડ રૂપિયા તત્કાળ ચૂકવી દેવાનો તેણે નિર્ણય કર્યો છે.

લેખિત નિવેદનમાં હિંદ સરકારના નિર્ણયને 'અપૂર્વ પગલા' તરીકે ગાંધીજીએ વર્ણવ્યો. તેમણે જણાવ્યું: 'હિંદ સરકારના નિર્ણયે પાકિસ્તાનની સરકારની આબરૂને કસોટીએ ચડાવી છે.'

દિલ્હીના હિંદુઓ, મુસલમાનો તથા શીખો 'તેમની આસપાસ આખા હિંદમાં અથવા પાકિસ્તાનમાં ફાટી નીકળેલો દાવાનળ પણ તોડી ન શકે' એવી હૃદયની એકતા સિદ્ધ કરે તો, એ વસ્તુ મારી પ્રતિજ્ઞાના શબ્દાર્થને સંતોષશે, એવી જાહેરાત કરીને ગાંધીજીએ ૧૫મી જાન્યુઆરીએ પોતાનું પ્રાર્થના-પ્રવચન પૂરું કર્યું.

તેમનો અવાજ અણધારી રીતે આગલા દિવસ કરતાં ઓછો મંદ હતો. તેમણે કહ્યું કે, મારા ઉપવાસને ચોથે દિવસે અગાઉ કદી પણ મને આટલું સારું લાગતું નહોતું.

રોકડ મૂડીના પાકિસ્તાનના હિસ્સાની રકમ ચૂકવવાના સંબંધમાં પ્રધાનમંડળનો નિર્ણય પાછો ખેંચવામાં આવ્યો એ વસ્તુ સરદાર પટેલને માટે ઊંટની પીઠ ભાંગી નાખનારા કહેવતરૂપ છેલ્લા તરણા સમાન નીવડી. ઘણી બાબતોમાં ગાંધીજી તેમની (સરદારની) દૃષ્ટિથી જુદા પડતા હતા અને છતાં તેમના પર કરવામાં આવતા અન્યાયી પ્રહારો સામે ઉદારતાપૂર્વક તેઓ તેમને પડખે ખડા રહેતા હતા. ગાંધીજીને તેમનો બચાવ કરવો પડે એ વસ્તુ તેમના ગર્વને કઠતી હતી. સરદાર જાણતા હતા કે, માણસને પોતાની સમજ પ્રમાણે જે સત્ય લાગે તેની વિરુદ્ધ જઈને કાર્ય કરવાને ગાંધીજી કોઈને પણ કહે નહીં. પરંતુ સાથે સાથે તે એ પણ જાણતા હતા કે, તેમના કેટલાક નિર્ણયોથી ગાંધીજીને પારાવાર દુઃખ થયું હતું. એ વજ્ર જેવા પુરુષે, એક શિસ્તબદ્ધ સૈનિક, એક વફાદાર સાથી તથા સોંપવામાં આવેલું કામ પોતાની મતિ અનુસાર નિષ્ઠાપૂર્વક કરનાર રાજ્યનો એક પ્રધાન લઈ શકે એવો એકમાત્ર નિર્ણય લીધો.

તેમણે ગાંધીજી પર પત્ર લખ્યો :

હું જે રીતે કામ કરી રહ્યો છું એથી બીજી રીતે ન કરી શકું અને એ રીતે કરતાં હું જિંદગીભરના સાથીઓ પર બોજારૂપ થાઉં અને આપને પણ દુઃખ પહોંચાડું છતાં હું આ જગા પરથી ખસું નહીં તો, સત્તાના મોહમાં આંધળો થઈ પડી રહું એમ જ મને પોતાને લાગે. આ અસહ્ય સ્થિતિમાંથી મને જલદી છૂટો કરવો જોઈએ.

* * *

ગાંધીજીના ઉપવાસને ચોથે દિવસે તેમને મળવા આવનારાઓમાં તેમના જૂના મિત્રો દિલ્હીના મૌલાનાઓ હતા. તેમણે કહ્યું કે, શહેરમાં 'નોંધપાત્ર સુધારો' થવા પામ્યો છે અને એને આધારે તેમણે ગાંધીજીને ઉપવાસ છોડવાને ફરીથી આજીજી કરી. અતિશયોક્તિ તેમનું ખાસ દૂષણ હતું. ગાંધીજી અનેક વાર તેમનું એ દૂષણ જોઈ ગયા હતા અને એથી તેમને ઊંડું દુઃખ થયું હતું. એ વસ્તુ તેમનું તથા હિંદના મુસલમાનોનું નિકંદન કાઢે એવી હતી. તેમણે તેમને ચેતવણી આપી કે, તમારે એકેએક શબ્દ તોળી તોળીને બોલવો જોઈએ. મને ખુશ કરવાને તમારે કશું પણ કહેવું ન જોઈએ. મારા નિશ્ચયમાંથી ડગાવવાનો પ્રયાસ ન કરવો જોઈએ.

એ પછી તરત જ કેટલાક હિંદુ અને શીખ નિરાશ્રિતો તથા પંડિત નેહરુ તેમને મળવા આવ્યા અને તેમણે જણાવ્યું કે શહેરની પરિસ્થિતિ ઝપાટાબંધ સુધરી રહી છે ત્યારે તેમણે તેમને બહુ ઉતાવળા ન થવાને જણાવ્યું. કહ્યું કે, 'તમે જે કંઈ કરો તેમાં સચ્ચાઈનો રણકો હોવો જોઈએ.

દાક્તરો અસ્વસ્થ થયા હતા. ઉપવાસના પહેલા બે દિવસ દરમ્યાન

ગાંધીજીનું વજન સરેરાશ દિવસના બે રતલ પ્રમાણે ઘટવા પામ્યું હતું. પણ તે ૧૦૭ રતલે સ્થિર થઈ ગયું. કિડનીના કામ કરવાની શક્તિ મંદ પડવાથી શરીરમાં પાણીનું પ્રમાણ વધી ગયું હતું. એને પરિણામ દુર્બળ બની ચૂકેલા હૃદયને વધુ ને વધુ તાણ પહોંચતી હતી.

ઉપવાસ છોડવાની ગાંધીજીએ ના જ પાડ્યા કરી એથી પ્રત્યેક વ્યક્તિ એવો સવાલ પૂછવા લાગી કે, એવી કઈ ચોક્કસ કસોટી તેમને સંતોષ આપી શકશે. એ જ વખતે કરાંચીથી તાર આવ્યો. દિલ્હીમાંથી હાંકી કાઢવામાં આવેલા મુસલમાનોએ પુછાવ્યું કે, હવે અમે દિલ્હી પાછા ફરી શકીએ અને અમારાં અસલ ઘરોમાં ફરીથી વસી શકીએ? એ તાર વાંચતાંની સાથે ગાંધીજીએ કહ્યું કે, 'આ રહી એ કસોટી.' અમારે અમારા કુટુંબપરિવાર સાથે નિરાશ્રિતોની છાવણીઓમાં દિલ્હીની શિયાળાની કકડતી ઠંડીમાં રહેવું પડશે તોયે મુસલમાનો પાછા ફરે અને પોતપોતાના અસલ ઘરોમાં રહે એ વસ્તુને અમે આવકારીશું, એવી મતલબની જાહેરાત પર સાંજ સુધીમાં એક હજાર જેટલા નિરાશ્રિતોએ સહી કરી.

ગાંધીજીના ઉપવાસને પાંચમે દિવસે દિલ્હીમાં આશાની લાગણી સ્પષ્ટ દેખાતી હતી. આખું દિલ્હી શહેર ખળભળી ઊઠ્યું. એકતાના પોકારો તથા મહાત્મા ગાંધીના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરતાં સંખ્યાબંધ સરઘસો શહેરના જુદા જુદા ભાગોમાં ફરવા લાગ્યાં.

પીઢ પત્રકાર અને સ્ટેટ્સમૅન છાપાના ભૂતપૂર્વ તંત્રી આર્થર મૂર, ઉપવાસની પદ્ધતિના ઔચિત્ય વિષે હંમેશાં શંકા સેવતા આવ્યા હતા. પરંતુ ૧૯૪૭ના ઑગસ્ટમાં ગાંધીજીના કલકત્તાના ઉપવાસ પછી, તેમના વિચારોમાં પલટો આવવા લાગ્યો હતો. પાટનગરમાં કોમી શાંતિ માટે ઉપવાસ પર ઊતરવાનો ગાંધીજીનો નિર્ણય સાંભળ્યા પછી, સહાનુભૂતિમાં તેમણે પણ ઉપવાસ શરૂ કર્યા. તેમણે ગાંધીજી પરના પત્રમાં લખ્યું:

> ઉપવાસ ન કરવાને આપને આગ્રહ કરનારાઓ પૈકીનો હું નથી. આપ સાચા છો એ હું ખાતરીપૂર્વક માનું છું. આ ઝેરવેરો ચાલુ રહ્યાં તો, આ બે સંસ્થાનોને વધારે ભીષણ આપત્તિઓમાંથી કેવળ ચમત્કાર જ ઉગારી શકે. કલકત્તામાં આપે ઘણું કર્યું હતું. પરંતુ અહીં તો એથી ઘણાં વધારેની જરૂર છે. મને લાગે છે કે, આપનું પગલું મંજૂર રાખનારાઓ અને એના પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓ, સહાનુભિતિમાં ઉપવાસ કરીને આપને મદદ કરી શકે.

ગાંધીજીના અવસાન બાદ આર્થર મૂરે લખ્યું: 'ગાંધીજીએ અહિંસા શબ્દમાં ઉમેરેલા પ્રેમના તત્ત્વની મેં સર્વથા ઓછી કિંમત આંકી હતી એ હવે હું જોઉં છું. હવે હું એ પણ જોઉં છું કે, એ વસ્તુ માનવજાત માટેના તેમના પોતાના ઊંડા પ્રેમમાંથી ઉદ્ભવી હતી, જે માનવજાત માટેના મારા પ્રેમ કરતાં અનેકગણી વધારે હતી.'

૧૭મી જાન્યુઆરીએ પાછલે પહોરે ઊબકા શરૂ થયા અને ગાંધીજીનું માથાનું ભારેપણું વધવા પામ્યું. બપોર પછી અસુખ અને બેચેની પણ વધવા પામ્યાં હતાં. તેમની બરદાસમાં રહેલા દાક્તરે કહ્યું કે, આપ પીઓ એ પાણીમાં માત્ર બે ઔંસ નારંગીનો રસ ઉમેરો. ગાંધીજીએ જવાબ આપ્યો કે, 'તમારા પ્રેમની હું કદર કરું છું, પરંતુ મારે મરવાનું જ હોય તો મને મરવા દો.'

પંડિત નેહરુ આ વેદનાયુક્ત દૃશ્ય જોઈ શક્યા નહીં. તરત જ તેમણે પોતાનું મોં ફેરવી લીધું અને પોતાની આંખમાંનાં અશ્રુ લૂછી નાખ્યાં.

ગાંધીજીના લાંબા ઉપવાસોના સંબંધમાં આશ્ચર્યકારક વસ્તુ એ છે કે, એ ઉપવાસો દરમ્યાન, તેમણે અસાધારણ માનસિક તાકાત અને સામર્થ્ય દાખવ્યાં છે. ઉપવાસ આગળ વધે તેમ તેમ તેમનું મન વધારે સૂક્ષ્મ અને જાગ્રત બનતું જતું, તેમની અંતઃપ્રેરણા વધારે સતેજ બનતી જતી, તેમની અંતઃસૂઝ વધારે ઊંડી બનતી જતી અને તેમનો આત્મા વધારે સંવેદનશીલ, વધારે તીવ્ર તથા ક્ષમાશીલતા અને કરુણાથી વધારે ઊભરાતો બનતો હતો. ૧૯૪૮ના જાન્યુઆરીના તેમના ઉપવાસને પાંચમા દિવસે દાક્તરોના બુલેટિનમાં ગંભીર ચેતવણી આપવામાં આવી: 'અમારા અભિપ્રાય પ્રમાણે, ઉપવાસ ચાલુ રહેવા દેવા એ ઘણું જ અનિચ્છનીય છે.'

ગવર્નર-જનરલ માટેના સઘળા વિધિ-નિષેધોનો ભંગ કરીને લૉર્ડ માઉન્ટબૅટન તથા તેમની પત્ની ગાંધીજીને મળવા આવ્યાં.

એ જ દિવસે સાંજે શાંતિ-સભાને સંબોધતાં મૌલાના આઝાદે જણાવ્યું કે, પાછલે પહોરે હું ગાંધીજીને મળ્યો હતો. મેં તેમને કહ્યું કે, આપે લોકોનો 'હૃદયપલટો' કરવાને અર્થે ઉપવાસ આદર્યા છે. પરંતુ એ જરૂરી હૃદયપલટો ક્યારે થયો એનો અંદાજ કાઢવાનું મુશ્કેલ છે. એથી કરીને, આપ અમને એવી નક્કર શરતો જણાવો, જે પૂરી પડ્યે, આપ ઉપવાસ છોડી શકો. આના જવાબમાં ગાંધીજીએ મને સાત શરતો જણાવી. એ શરતો પર બધા પક્ષો તેમની સહી આપે તો ઉપવાસ છૂટે. મૌલાના સાહેબે ચેતવણી ઉચ્ચારી કે, સત્યના ઉપદેશકને આપણે સાચી ખાતરી જ આપવી જોઈએ. તેમની જિંદગી બચાવવાને માટે પણ આપણે કશું ખોટું ઉપજાવી કાઢવું ન જોઈએ. તેમણે જે કરવાને આપણને સૂચવ્યું છે એ જો આપણે કરી શકતા હોઈએ તો જ આપણે તેમની પાસે જઈ શકીએ અને ઉપવાસ છોડવાને તેમને કહી શકીએ.'

શહેરમાં બધું કામકાજ એક દિવસ માટે બંધ રાખવામાં આવ્યું. મુસલમાનો, હિંદુઓ તથા શીખો હજારોની સંખ્યામાં બહાર નીકળી

પડ્યા અને તેમણે મિશ્ર સરઘસો રચ્યાં. એમાંનું એક સરઘસ તો લગભગ એક લાખ માણસનું બનેલું હતું અને એક માઈલ લાંબું હતું. એ બધાં બિરલા ભવન આગળ આવ્યાં અને ત્યાં અટકીને વિખેરાઈ ગયાં. પરંતુ કેટલાંક સરઘસો સાંજની પ્રાર્થનાસભા પૂરી થયા પછી આવ્યાં. તેમને બિરલા ભવનના કંપાઉન્ડમાં પ્રવેશવા દેવામાં આવ્યાં અને પ્રાર્થનાભૂમિ આગળ એકત્ર થવાને તેમને જણાવવામાં આવ્યું. પંડિત નેહરુએ એ સભાને સંબોધી. પંડિત નેહરુએ કહ્યું કે, છેલ્લાં વીસ વરસથી આપણો દેશ મહાત્મા ગાંધીની સલાહ અને દોરવણી પ્રમાણે ચાલતો આવ્યો છે. કેટલાક સમયથી, ખુદ કોંગ્રેસની અંદર પણ તેમનું એટલું પ્રાધાન્ય રહ્યું નથી. મહાત્મા ગાંધીના ઉપવાસ, આપણે સાચે રસ્તે ચાલી શકીએ એ માટે આપણું આંતરિક સામર્થ્ય વધારવાને અર્થે છે.'

૧૮મી જાન્યુઆરીએ, એટલે કે, ગાંધીજીના ઉપવાસને છઠ્ઠે દિવસે બધી જ હોટલો અને વીશીઓ બંધ રહી.

કોંગ્રેસપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદના પ્રમુખપદ નીચે, સઘળી કોમોના પ્રતિનિધિઓની ૧૩૦ સભ્યોની બનેલી એક મધ્યસ્થ શાંતિસમિતિ રચવામાં આવી. ૧૭મી જાન્યુઆરીએ સાંજે ડૉ. રાજેન્દ્રપ્રસાદને ઘેર એ સમિતિની બેઠક મળી અને, 'સઘળી કોમો વચ્ચે શાંતિ, એકરાગ તથા ભાઈચારાની ભાવના પેદા કરવા તથા તે ટકાવી રાખવા' માટે પોતાનાથી બનતું બધું કરી છૂટવાની ગાંધીજીને ખાતરી આપતો ઠરાવ તેમાં પસાર કરવામાં આવ્યો. એ સભામાં અતિશય ઉગ્ર સ્વરૂપનું કોમી માનસ ધરાવતી કેટલીક હિંદુ સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા નહોતા. તેમની ગેરહાજરીમાં તેમના મિત્રોએ તેમના વતી બાંયધરી આપી. કોઈના વતી બીજા કોઈએ કરેલી સહીને ગાંધીજી ભયંકર ખામી તરીકે લેખશે એટલે, બીજે દિવસે સવાર સુધી થોભી જવાનો અને એ દરમ્યાન, ગેરહાજર સભ્યોનો સંપર્ક સાધવાને દૂતો મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો.

રાત્રે સાડા નવ વાગ્યે શાંતિસમિતિની સભાનો હેવાલ લઈને હું બિરલા ભવન પાછો ફર્યો ત્યારે સૌના ચહેરા ગંભીર જણાયા. ગાંધીજી ઘસઘસાટ ઊંઘતા હતા. સાંજ પછી તેમને ખૂબ જ બેચેની લાગતી હતી અને તેઓ પથારીમાં જ હતા તેમ છતાં સન્નિપાતને કારણે, પોતાને પથારીમાં લઈ જવાને કહેતા હતા. પેશાબની તકલીફ હજી ચાલુ જ હતી એટલે દાક્તરો પણ બહુ જ ચિંતાગ્રસ્ત હતા. મેં તેમને ધીમેથી ઢંઢોળ્યા. તેઓ જાગ્યા અને મારો હેવાલ તેમણે ઘણાં જ ધ્યાનથી સાંભળ્યો. એકંદરે એથી તેમને સંતોષ થયો. પરંતુ મારી અટકળ પ્રમાણે, ગેરહાજર રહેલાંઓની સહી મેળવવા માટે તેમણે આગ્રહ રાખ્યો. તેમણે ચેતવણી ઉચ્ચારી કે, મને આપવામાં આવેલા વચનનો ભંગ થશે તો એની શિક્ષા રૂપે હું બિનશરતી આમરણ ઉપવાસ પર ઊતરીશ.

રાતે તેઓ સારી રીતે ઊંઘ્યા અને હંમેશની જેમ સવારની પ્રાર્થના માટે બીજે દિવસે મળસ્કે સાડા ત્રણ વાગ્યે જાગ્યા. થોડું ગરમ પાણી પીધા પછી તેમણે કાગળો લખાવવા માંડ્યા. પંડિત નેહરુએ તેમનું વજન કર્યું. તે અપશુકનિયાળ રીતે ૧૦૭ રતલ પર જ કાયમ રહેલું માલૂમ પડ્યું.

શાંતિસમિતિ ૧૮મી જાન્યુઆરીએ સવારે ફરીથી મળી. આગલી રાત્રે ગેરહાજર રહેલાઓ એમાં હાજર રહ્યા હતા. ગાંધીજીએ રજૂ કરેલી શરતો એ બધાએ સ્વીકારી અને નીચેની પ્રતિજ્ઞા પર તેમણે પોતાની સહી કરી:

> અમે જાહેર કરવા માગીએ છીએ કે, હિંદુઓ, મુસલમાનો, શીખો તથા બીજી કોમોના માણસો દિલ્હીમાં ફરીથી એક વાર ભાઈઓની જેમ અને પૂરેપૂરા મેળથી રહે એ અમારી હૃદયપૂર્વકની ઇચ્છા છે. અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે, અમે મુસલમાનોના જાન, માલમિલકત તથા ધર્મનું રક્ષણ કરીશું અને દિલ્હીમાં બનવા પામ્યા છે એવા બનાવો ફરીથી બનશે નહીં.

સહીઓ એકઠી કરવામાં આવી રહી હતી એ દરમ્યાન, બિરલા ભવનથી ફોન પર ખબર આવી કે ગાંધીજીની સ્થિતિ એકાએક બહુ જ બગડવા પામી છે, એટલે, સમિતિના કેટલાક સભ્યો સાથે ડૉ. રાજેન્દ્રપ્રસાદ બિરલા ભવન દોડી આવ્યા.

ગાંધીજીનો ઓરડો ખીચોખીચ ભરાઈ ગયો હતો. એ સમુદાયમાં પંડિત નેહરુ અને મૌલાના આઝાદ, પાકિસ્તાનના હાઈ કમિશનર ઝહીદ હુસેન તથા દિલ્હીના મુસલમાનોના, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના, હિંદુ મહાસભાના અને જુદી જુદી શીખોની સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો. દિલ્હીના વહીવટી તંત્રના પ્રતિનિધિઓ તરીકે દિલ્હીના ચીફ કમિશનર તથા ડેપ્યુટી ચીફ કમિશનર હતા.

ડૉ. રાજેન્દ્રપ્રસાદે જણાવ્યું કે વૈયક્તિક રીતે અને સંયુક્ત રીતે આપવામાં આવેલી બાંયધરી ધ્યાનમાં લઈને, ગાંધીજી હવે પોતાના ઉપવાસ છોડશે એવી અમે સૌ આશા રાખીએ છીએ.

જવાબમાં ગાંધીજીએ જણાવ્યું કે, મુસલમાનો હિંદને પોતાના દેશ તરીકે લેખતા નથી. એ જ રીતે, મુસલમાનો યવનો એટલે કે પરદેશીઓ અને અસુરો છે, એટલે કે, ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાને અપાત્ર છે, એમ જો કેટલાક હિંદુઓ માનતા હોય તો, એ પણ મોટું દૂષણ છે. તમે જેના પર સહીઓ કરી છે એ કરારમાં એવી ભાવનાને અવકાશ ન હોઈ શકે.

પછીથી ગાંધીજીએ પટનામાં એક મુસલમાન મિત્રે તેમને ભેટ આપેલા પુસ્તકનો ઉલ્લેખ કર્યો. તેમાં એવું લખવામાં આવ્યું હતું

કે, કુરાનના અભિપ્રાય પ્રમાણે કાફરો, એટલે કે, હિંદુઓ, ઝેરી સાપોના કરતાં બદતર છે અને તેથી તેઓ નિર્મૂળ કરવાને પાત્ર છે. ગાંધીજીએ કહ્યું કે, ખુદાથી ડરીને ચાલનારો કોઈ પણ મુસલમાન આ વિચાર સાથે સંમત નહીં થઈ શકે, એની મને ખાતરી છે.

ગાંધીજી પછી બોલતાં મૌલાના આઝાદે કહ્યું કે, મહાત્માજીએ જેનો ઉલ્લેખ કર્યો છે તે પુસ્તકમાંનું વિધાન, ઈસ્લામની બદનક્ષી તરીકે વર્ણવતાં મને લેશમાત્ર પણ સંકોચ થતો નથી. દિલ્હીના મુસલમાનોના પ્રતિનિધિ બોલ્યા કે, હિંદ પર આક્રમણ કરવામાં આવશે તો છેલ્લા માણસ સુધી અમે તેનું રક્ષણ કરીશું. મારા સહધર્મીઓ પૈકી જેઓ એવું કરવા તૈયાર ન હોય તેમણે હિંદ છોડીને પાકિસ્તાનમાં જઈને વસવું જોઈએ.

એ પછી પાકિસ્તાનના હાઈ કમિશનરે ઉપર્યુક્ત અપીલમાં પોતાનો સાદ પુરાવ્યો અને હિંદુ મહાસભાના, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના તથા શીખોના પ્રતિનિધિઓએ અને દિલ્હીના રાજતંત્રના પ્રતિનિધિએ પણ એમ કર્યું. ત્યાર બાદ, ૧૯૪૮ના જાન્યુઆરીની ૧૮મી તારીખે બપોરે પોણા વાગ્યે એક ઔંસ ગ્લુકોઝ સાથે આઠ ઔંસ મોસંબીનો રસ મૌલાના આઝાદના હાથે લઈને ગાંધીજીએ ઉપવાસ છોડ્યા. પંડિત નેહરુની આંખો અશ્રુભીની થઈ ગઈ.

પછીથી એ સભા વિખેરાઈ ગઈ પણ પંડિત નેહરુ રોકાયા. ત્યારે જ તેમણે ગાંધીજીને જાણ કરી કે પોતે ત્રણ દિવસથી તેમની સાથે ઉપવાસ કરી રહ્યા હતા. તેમણે એ હકીકત તેમનાં ઘરનાં માણસોથી પણ ગુપ્ત રાખી હતી. ગાંધીજીના દિલ પર ઊંડી અસર થઈ. પંડિત નેહરુ ગયા કે તરત જ ગાંધીજીએ પંડિત નેહરુ પર સ્વહસ્તે પત્ર લખ્યો અને એ તેમને હાથોહાથ પહોંચાડવાને મને આપ્યો. પત્ર આ પ્રમાણે હતો : 'ઉપવાસ છોડો...બહુત વર્ષ જીઓ ઔર હિંદકે જવાહર બને રહો. બાપુકે આશીર્વાદ.'

આ બધી ધમાલમાં ગાંધીજીને આર્થર મૂર એકાએક યાદ આવ્યા. તેમણે મારી બહેનને કહ્યું, 'મૂરને તરત જ ટેલિફોન પર કહો કે, મેં મારા ઉપવાસ છોડ્યા છે અને તમે પણ છોડો. અને ઉપવાસ કેવી રીતે છોડવા એની તેમને ઘટતી સૂચના આપો. એના જવાબમાં ફોન પર જ આર્થર મૂરે જણાવ્યું કે, હમણાં જ મને સુખદ સમાચાર મળ્યા એટલે એક કપ કૉફી લઈને અને એક સિગાર ફૂંકીને મેં મારા ઉપવાસ છોડ્યા છે !

## આદર્શોની અવગતિ

*જે પ્રજા સાચા પૂજાર્હોને ઓળખી શકતી નથી, તે ક્રમે ક્રમે પૂજ્ય પુરુષોને પેદા કરવાની શક્તિ પણ ગુમાવી બેસે છે. પ્રથમ કક્ષાનાઓને પડતા મૂકી, ઊતરતી કક્ષાના ઠિંગુજીઓને જે પ્રજા પૂજે છે તે પોતાના આદર્શોને પણ એ જ ધોરણ પર લાવી મૂકે છે.*

**□ મહેન્દ્ર મેઘાણી**
(પરબ, ૧૯૯૦)

## છેલ્લા ઉપવાસ વખતનું ગાંધીજીનું નિવેદન

નવી દિલ્હી, તા. ૧૨ જાન્યુઆરી ૧૯૪૮.

''તબિયત સુધારવા માટે તેના નિયમો અનુસાર કેટલાક ઉપવાસ કરે છે. માણસથી કશો દોષ થઈ જાય અને પોતાની ભૂલ થઈ છે એમ તેને લાગે ત્યારે પ્રાયશ્ચિત્તરૂપે પણ ઉપવાસ કરવામાં આવે છે. આવા ઉપવાસોમાં અહિંસાને વિષે શ્રદ્ધા હોવાની જરૂર નથી. પરંતુ એવો પ્રસંગ આવે છે જ્યારે સમાજના કોઈ અન્યાય સામે વિરોધ દર્શાવવાને અહિંસાના ઉપાસકને ઉપવાસ કરવાની ફરજ પડે છે. અને અહિંસાના ઉપાસક તરીકે તેની પાસે બીજો કોઈ ઉપાય બાકી રહ્યો ન હોય ત્યારે તે એમ કરે છે. મારે માટે એવો પ્રસંગ ખડો થયો છે.

''૯મી સપ્ટેમ્બરે હું કલકત્તાથી દિલ્હી આવ્યો ત્યારે, આનંદથી ઊભરાતું દિલ્હી શહેર કબ્રસ્તાન જેવું દેખાતું હતું. હું તરત જ જોઈ ગયો કે, મારે દિલ્હીમાં રહેવું જોઈશે. લશ્કર અને પોલીસના ઝડપી પગલાંને કારણે દિલ્હીમાં ઉપર ઉપરથી જોતાં આજે શાંતિ દેખાય છે પરંતુ લોકોના દિલમાં ભારે તોફાન મચી રહ્યું છે. કોઈ પણ દિવસે તે બહાર ફાટી નીકળવા સંભવ છે. આ અજંપાભરી શાંતિને હું મારી ઉપવાસની પ્રતિજ્ઞાની પૂર્તિ નથી લેખતો. કેવળ સાચી શાંતિ જ મને મૃત્યુ જેવા અજોડ મિત્રથી અળગો રાખી શકે...

''લાચારી અનુભવવાનું મને કદી પસંદ પડ્યું નથી અને સત્યાગ્રહીએ તો એ કદી પણ અનુભવવી ન જોઈએ... કેટલાક વખતથી મારી લાચારી મને કોરી ખાતી હતી. ઉપવાસ શરૂ થતાંની સાથે એ દૂર થશે. છેલ્લા ત્રણ દિવસથી હું એ વિષે વિચાર કરી રહ્યો હતો. છેવટનો નિર્ણય વીજળીના ઝબકારાની જેમ મારી આગળ આવ્યો અને એથી મને સુખ થયું. માણસ પવિત્ર હોય તો પોતાના જાન કરતાં વધારે કીમતી બીજી કોઈ ચીજની કુરબાની તે ન કરી શકે. મને આશા છે, અને મારી એવી પ્રાર્થના છે કે, ઉપવાસ કરવા યોગ્ય પવિત્રતા મારામાં હો.''

ગાંધીજીએ તેમના પ્રયાસને આશીર્વાદ આપવા તથા તેમને માટે અને તેમની સાથે પ્રાર્થના કરવાને સૌને વિનંતી કરી. નિવેદનમાં તેમણે વધુમાં જણાવ્યું,

''હિંદની પ્રતિષ્ઠા ઘટવા લાગી છે તથા એશિયાના હૃદય પરનું

અને એ દ્વારા સમગ્ર દુનિયા પરનું તેનું પ્રભુત્વ ઝપાટાબંધ લુપ્ત થતું જાય છે. આ ઉપવાસને નિમિત્તે આપણી આંખ ઊઘડશે તો એ બધું પાછું લાધશે. હું એમ માનું છું કે, હિંદ પોતાનો આત્મા ખોશે તો, તોફાનોથી અથડાતી-કુટાતી, વેદનાગ્રસ્ત અને ભૂખી દુનિયાની આશાનું કિરણ લુપ્ત થશે.

''કોઈ મિત્ર, અથવા કોઈ દુશ્મન હોય તો દુશ્મન, મારા પર ક્રોધ ન કરે. કેટલાયે એવા મિત્રો છે, જેઓ મનુષ્યના દિલને શુદ્ધ કરવા માટે ઉપવાસની પદ્ધતિમાં નથી માનતા. તેઓ મને નભાવી લે અને જે સ્વતંત્રતા પોતાને માટે ચાહે છે તે મને પણ આપે. મારો એકમાત્ર સલાહકાર ઈશ્વર છે. મને લાગ્યું કે બીજા કોઈની પણ સલાહ વિના આ નિર્ણય કરવો જોઈએ. એમાં મેં ભૂલ કરી છે એમ મને જણાશે તો, સૌની આગળ હું મારી ભૂલનો ખુલ્લેખુલ્લી રીતે એકરાર કરીશ અને મારું ખોટું પગલું ખેંચી લઈશ. પરંતુ એવો સંભવ બહુ ઓછો છે...આ સંબંધમાં મારી સાથે બિલકુલ દલીલ કરવામાં નહીં આવે અને અનિવાર્ય એવા આ પગલામાં મને સાથ આપવામાં આવે એવી મારી વિનંતી છે. આખા હિંદુસ્તાન પર, અથવા કંઈ નહીં તો દિલ્હી પર આની સાચી અસર થશે તો ઉપવાસ જલ્દી છૂટી શકશે.

''પરંતુ એ વહેલો છૂટે કે મોડો, અથવા એ છૂટે કે કદીયે ન છૂટે, પણ આવે કટોકટીને પ્રસંગે કોઈએ નબળાઈ બતાવવી જોઈએ નહીં...શુદ્ધ ઉપવાસ, ધર્મપાલનની પેઠે, સ્વતઃ બદલારૂપ છે. કશું પરિણામ લાવવા ખાતર હું ઉપવાસ નથી કરતો. મારે ઉપવાસ કર્યે જ છૂટકો, એમ મને લાગે છે એટલે હું એ કરું છું.

એટલે, શાંત ચિત્તે અને તટસ્થતાપૂર્વક ઉપવાસ વિષે વિચાર કરવાની અને મારે મરવાનું જ હોય તો, શાંતિથી મને મરવા દેવાની મારી સૌને પ્રાર્થના છે. શાંતિ તો મને મળવાની જ છે એની મને ખાતરી છે. હિંદના, હિંદુ ધર્મના અને ઈસ્લામના વિનાશનો સાક્ષી બનવા કરતાં મૃત્યુ મારે માટે ઉમદા મુક્તિરૂપ બનશે. દુનિયામાં પ્રચલિત છે એ બધાં ધર્મો પાળનારા લોકોને સમાન દરજ્જો તથા જીવન અને માલમિલ્કતની સલામતીની ખોળાધરી પાકિસ્તાન ન આપે અને હિંદનો રાજ્યસંઘ પણ તેનું અનુકરણ કરે તો એ વિનાશ ચોક્કસ છે. તો ઈસ્લામનો તો હિંદ અને પાકિસ્તાનમાં નાશ થશે, બાકીની દુનિયામાં નહીં. પણ હિંદુ ધર્મ અને શીખ ધર્મ તો હિંદની બહાર છે જ નહીં.

નિવેદનને અંતે આ પ્રમાણે વિનવણી અને અપીલ કરવામાં આવી: 'જેઓ મારાથી જુદા વિચારો ધરાવે છે તેઓ મારો જેટલો સખત વિરોધ કરશે તેટલો હું તેમનો આદર કરીશ. મારા ઉપવાસ લોકોના અંતરાત્માને ઢંઢોળીને જાગ્રત કરવા માટે છે, તેને જડ કરવા માટે નહીં. જરા વિચાર તો કરો કે આપણા વહાલા હિંદુસ્તાનની કેટલી બધી અવનતિ થઈ છે! એવે વખતે તેનો એક નમ્ર પુત્ર એ અવનતિ દૂર કરવાને આવું ઉચિત પગલું ભરવા માટે જોઈતી શક્તિ અને સંભવતઃ એટલી પવિત્રતા પણ ધરાવે છે, એ જોઈને તમે આનંદ માણજો. એ શક્તિ અને એ પવિત્રતા તેનામાં ન હોત તો, પૃથ્વી પર તે બોજારૂપ છે એટલે જેટલો વહેલો તે પૃથ્વી પરથી ઊઠી જાય અને એ બોજામાંથી હિંદને મુકત કરે, એટલું તેને માટે અને લાગતાવળગતા સૌને માટે સારું જ છે.

મારી મિત્રોને નમ્ર અપીલ છે કે બધા બિરલા હાઉસ દોડી ન આવશો, મને સમજાવવાનો પ્રયત્ન ન કરશો અને મારા માટે ચિંતામાં પણ ન પડશો. હું ભગવાનના હાથોમાં છું. મિત્રોએ તો પોતાનાં દિલોમાં ખોળ કરવી જોઈએ. કારણ, આ આપણા સૌના માટે કસોટીની ઘડી છે. સૌ પોત પોતાને ઠેકાણે રહીને આજ સુધી કરતા આવ્યા છે તેથી પણ વધારે ચૂસ્તીથી પોતાની ફરજ બજાવશે તો તેનાથી મને અને આના ઉદ્દેશને વધારે મદદ થશે. આ ઉપવાસ આત્મ-શુદ્ધિની પ્રક્રિયા છે.''

(મહાત્મા ગાંધી: પૂર્ણાહુતિ, ગ્રંથ ૪, પાન ૩૬૨-૩૬૪)

## શતાબ્દીનો જલસો

*રે ઝાંખપ છે આંખે, પસીનો પગે છે!*
*શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!*

*પડ્યા બંધને બાપુનાં પુણ્ય-ખ્વાબો:*
*થયાં મુક્ત શેતાનરંગી શરાબો.*
*ને સૂરતી ને સુસ્તી ને સત્તાપરસ્તીની*
*મસ્તીમાં અવળા પડ્યા ઈન્કિલાબો!*
*ઈમારત જુઓ, પાયાથી ડગમગે છે!*
*શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!*

*નવાઈ નથી કંઈ, સદા આવું ચાલે!*
*મવાલી જ મુફલીસી પે ફૂલેફાલે:*
*પરંતુ ઉઠાવી છે ગાંધીને નામે*
*આવી ઘોર આંધી, તે આત્માને સાલે!*
*કવિ-ઉર રોષે, તેથી ધગધગે છે!*
*શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!*

*નથી બળતાં મંદિર, નથી બળતી મસ્જિદ:*
*નથી રડતો મુલ્લાં, નથી રડતો પંડિતઃ*
*બધે એક ઈન્સાનિયત રડતી, સૂરત*
*અરે, એક કિરતારની થાતી ખંડિત.*
*ધસે લાવા જલતો જેની રગરગે છે!*
*શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!*

□ **કરસનદાસ માણેક**
('જન્મભૂમિ' દૈનિક: ૧૯૬૯)

# ઉપવાસના બીજા દિવસે પ્રાર્થનાસભામાં આપેલું પ્રવચન

''બહેનો અને ભાઈઓ,

રોજની જેમ આજે મારું પ્રવચન પંદર મિનિટમાં નહીં પતે, આજે મારે ઘણું કહેવું છે. આજે અહીં આવી શક્યો કારણ, ઉપવાસના પહેલા ચોવીસ કલાકમાં એની અસર શરીર પર એટલી વરતાતી નથી, વરતાવી ન પણ જોઈએ.આજે મેં કેટલાંક કામો પણ કર્યા. પણ આવતી કાલથી એમાં ફેર પડશે. અહીં આવું અને બોલી ન શકું તેના કરતાં હું મારી ઓરડીમાં બેઠો બેઠો ચિંતન કરીશ. ભગવાનનું નામ સ્મરણ કરવું હોય તો તે પણ ત્યાં થઈ શકે. એટલે, મને લાગે છે કે હું આવતી કાલથી પ્રાર્થનાસભામાં નહીં આવું. પણ તમને પ્રાર્થનામાં આવવાનું મન થાય તો આવજો. આ બહેનો અહીં આવશે અને ભજનો ગાશે.

''ગઈ કાલનું મારું પ્રવચન મેં લખી નાખ્યું હતું, એ છાપાઓમાં છપાયું પણ છે. ઉપવાસ શરૂ કર્યા તે વાત ઘણાંને નહીં સમજાય. મારા મનમાં કોઈનો વાંક નથી. હું તો કહું છું કે આપણે બધા જ ગુનેગાર છીએ. એટલે કોઈ એક જ જણે ગુનો કર્યો છે એમ નથી. મુસલમાનોને ભગાડવા માગનાર હિંદુઓ હિંદુ ધર્મનું પાલન નથી કરતા. અને આજે હિંદુ ને શિખ બંને એમ કરવા મંડ્યા છે. પણ હું બધા જ હિંદુ અને બધા જ શિખોને પણ દોષ નથી દેતો, કારણ બધા જ એમ નથી કરતા. આ વાત લોકોએ સમજવી જોઈએ. લોકો એ ન સમજે તો મારા ઉપવાસનો હેતુ પણ બર નહીં આવે અને મારા ઉપવાસ પણ નહીં છૂટે. ઉપવાસમાંથી હું ઊગરી ન શકું તો તેમાં કોઈનો દોષ નથી. હું પાત્ર નહીં હોઉં તો ભગવાન મને ઉપાડી લેશે.

''લોકો મને પૂછે છે કે તમે મુસલમાનો માટે થઈને ઉપવાસ કરો છો ? મારે કહેવું પડે કે હા, એમ જ છે. કેમ ? કારણ, આજે અહીંના મુસ્લિમો બધું જ ગુમાવી બેઠા છે. આજે અહીં મુસ્લિમ લીગ નથી રહી. મુસ્લિમ લીગે દેશના ભાગલા તો પડાવ્યા પણ ત્યાર પછી પણ અહીં મુસલમાનો બહુ મોટી સંખ્યામાં છે. હું બરાબર કહેતો રહ્યો છું કે જે લોકો અહીં રહી ગયા છે તે બધાને બધી જ રીતે મદદ કરવી જોઈએ. આ જ માણસાઈ છે.

''મારા ઉપવાસ આત્મ-શુદ્ધિ માટે છે. દરેક જણે પોતાની જાતને શુદ્ધ કરવી જોઈએ. મુસ્લિમોએ પણ પોતાની જાતને શુદ્ધ કરવી જોઈએ. દરેક જણે પોતાનું દિલ સાફ કરવું જોઈએ.

આ હું મુસલમાનોને કે કોઈનેય સારું લગાડવા માટે નથી કહેતો. મારે મારા આત્માને એટલે કે ભગવાનને સારું લગાડવાનું છે. મારે ભગવાન સામે દોષી નથી બનવું. મુસ્લિમોએ પણ ભારતમાં પવિત્ર બનીને શાંતિથી જીવવું જોઈએ. ભાગલા પડ્યા તે પહેલાં દિલના ભાગલા તો ક્યારના પડી ચૂક્યા હતા. આમાં મુસમલાનોનો પણ વાંક છે, પણ એમ ન કહી શકાય કે એમનો એકલાનો જ વાંક છે. હિંદુ, શિખ અને મુસ્લિમ બધાને માથે આળ આવે તેમ છે. પણ હવે બધાએ ફરી મિત્ર બનવાનું છે. સૌ ભગવાન સામે જુએ, શેતાન સામે નહીં. મુસ્લિમોમાં પણ એવા ઘણા છે જે શેતાન ભણી તાકે છે. તેવી રીતે હિંદુ અને શિખોમાં પણ એવા છે જે ગુરુ નાનક કે બીજા ગુરુઓ ભણી નહીં, શેતાન ભણી તાકે છે. ધરમને નામે આપણે અધરમી બન્યા છીએ.

''મેં મુસ્લિમો ખાતર થઈને ઉપવાસ શરૂ કર્યા છે ત્યારે એમને માથે મોટી જવાબદારી આવી પડે છે. એ લોકોને એ સમજાવું જોઈએ કે એમણે જો હિંદુઓની સાથે ભાઈચારાથી રહેવું હોય તો એમણે ભારતને વફાદાર રહેવું જોઈશે, પાકિસ્તાનને નહીં.

''સરદારનું નામ વગોવાય છે. મુસ્લિમો કહે છે કે હું તો સારો છું, પણ સરદાર સારા નથી, એમને ત્યાંથી દૂર કરવા જોઈએ. મારે કહેવું જોઈએ કે એમની વાત બરાબર નથી. કારણ, સરકાર એટલે આખું મંત્રી મંડળ, એકલા સરદાર કે એકલા જવાહર નહીં. એ તમારા સેવકો છે. તમે એમને હટાવી શકો. એ ખરું કે એકલા મુસ્લિમો એમને હટાવી ન શકે. પણ એમના ધારવા પ્રમાણે સરદારની કોઈ ભૂલ થતી હોય તો એ તરફ એમનું ધ્યાન તો દોરી જ શકે. એમણે ક્યાંક કશુંક કહ્યું હોય તે ટાંકવા માત્રથી નહીં ચાલે, એમણે શું ખોટું કર્યું તે તમારે મને કહેવું જ પડશે. હું એમને અવારનવાર મળતો રહું છું, હું એમનું એ વાત તરફ ધ્યાન ખેંચીશ. જવાહરલાલ એમને હટાવી શકે, પરંતુ એ હટાવતા નથી તો તેનું કંઈ કારણ હશે. એ તો સરદારની પ્રશંસા કરે છે. પછી સરદાર જે કાંઈ કરે છે તે માટે સરકારની જવાબદારી છે. તમે પણ જવાબદાર છો કારણ કે એ તમારા પ્રતિનિધિ છે. લોકશાહીમાં એ રીતનો વહેવાર હોય છે. એટલે મારું કહેવું છે કે મુસ્લિમોએ નિર્ભય અને બહાદુર બનવું જોઈએ. સાથે સાથે ભગવાન-ભીરુ પણ બનવું જોઈએ. હું એમની સાથે છું. મારે એમની સાથે રહેવું અને મરવું છે. તમારી એકતા હું જાળવી ન શકું તો મારું જીવન વ્યર્થ છે. આમ મુસ્લિમોને માથે મોટી જવાબદારી છે, એ વાત એમણે ભૂલવી ન જોઈએ.

''સરદારની ભાષા જરા કરડી છે. ક્યારેક એમની વાત કડવી લાગે તેવી હોય છે. એમણે લખનૌમાં અને કલકત્તામાં કહ્યું કે બધા







મુસલમાનો અહીં અને અહીં રહી શકે છે. એમણે મને એ પણ કહ્યું કે ગઈ કાલ સુધી જે મુસલમાનો લીગના અનુયાયી હતા અને હિંદુ તથા શિખોને પોતાના દુશ્મન ગણતા હતા તે રાતોરાત બદલાઈ જાય અને દોસ્ત બની જવાની વાત કરે તેનો વિશ્વાસ એ નહીં કરી શકે. ધારો કે આજે પણ અહીં લીગ હોય તો એ કોને વફાદાર રહેશે, પાકિસ્તાનને કે અહીંની સરકારને ? લીગ એની એ વાતને વળગી રહે તો એની તરફ શંકાનો ભાવ રહેવાનો જ. સરદાર કહે છે કે એમને લીગી મુસ્લિમોની વફાદારી પર ભરોસો નથી, એમના પર એ વિશ્વાસ મૂકી ન શકે. એક વાર એમને વિશ્વાસને પાત્ર બનવા દો, ત્યારબાદ જ હું હિંદુ અને શિખોને કહી શકું.

''આ બહેનોએ જે ગીત ગાયું તે ગુરુદેવનું રચેલું છે. નોઆખલીના પ્રવાસમાં અમે એ ગાતા. એક માણસ બીજાઓને એની સાથે જોડાવા સાદ પાડે છે, પણ ધારો કે કોઈ એ સાદ સુણી નથી આવતું અને અંધારી રાત ઘેરાય છે તો કવિ કહે છે કે એ યાત્રિકે એકલા જ ચાલી નીકળવું જોઈએ કારણ કે એની સાથે બીજું કોઈ હો ન હો, ભગવાન તો ક્યારનો એની સાથે છે જ. હિંદુ અને શિખો જો ખરેખર પોતાના ધર્મમાં માનતા હોય તો એમણે આ રીત અપનાવવી જોઈએ. મુસ્લિમોને પાકિસ્તાન ભાગવું પડે તેવું ભયનું વાતાવરણ એમણે પેદા ન કરવું જોઈએ. હિંદુ અને શિખોએ બહાદુર બની દેખાડી આપવું જોઈએ કે પાકિસ્તાનમાંના તમામ હિંદુઓને મારી નાખવામાં આવે તો પણ ભારતમાં એની વસૂલાત કરવામાં નહીં આવે. આપણા લોકો પાકિસ્તાનની નકલ કરે એ જોવા મારે જીવવું નથી. આપણે બહાદુર બનવાનું છે, કાયર નહીં.

## एकला चलो रे

यदि तोर हाक सुने केउ ना आसे तबे
एकला चलो रे
एकला चलो, एकला चलो,
एकला चलो रे।
यदि कोउ कथा न कोय, ओरे, ओरे ओ अभागा,
यदि सबाई थाके मुख फिराये, सबाई करे भय-
तबे परान खुले
ओ, तुई मुख फूटे तोर मनेर कथा
एकला बोलो रे।

यदि सबाई फिरे जाय, ओरे, ओरे ओ अभागा,
यदि गहन पथे जाबार काले केउ फिरे ना जाय-
तबे पथेर कांटा
ओ, तुई रक्त माखा चरण तले
एकला चलो रे।

यदि आलो ना धरे ओरे, ओरे ओ अभागा-
यदि झड़ बादल आंधार राते दुआर देय धरे-
तबे बज्रानले
आपन बुकेर पांजर ज्वालिए निये
एकला चलो रे।

**□ गुरुदेव रवीन्द्रनाथ ठाकुर**

''દિલ્હીમાં શાંતિ સ્થપાશે ત્યારે જ હું ઉપવાસ છોડીશ. દિલ્હીમાં શાંતિ સ્થપાશે તો એની અસર આખા દેશ પર થશે એટલું જ નહીં, પાકિસ્તાન પર પણ થશે. આવું થશે અને કોઈ પણ મુસલમાન એકલો એકલો શહેરમાં આમથી તેમ આવ જા કરી શકશે ત્યારે હું મારા ઉપવાસ છોડીશ. દિલ્હી ભારતની રાજધાની છે, અને એ સદા ભારતની રાજધાની રહ્યું છે. એટલે દિલ્હીમાં સામાન્ય સ્થિતિ ન સ્થપાય ત્યાં સુધી ભારત કે પાકિસ્તાન ક્યાંય સ્થિતિ સામાન્ય નહીં બને. આજે સુહરાવર્દીને અહીં બોલાવી શકતો નથી કારણ કે કોઈ એમનું અપમાન કરી બેસે. એ આજે દિલ્હીની શેરીઓમાં છૂટા ફરી શકતા નથી, ફરવા જાય તો એમના પર હુમલો થાય એમ છે. એ રાતના અંધારામાં પણ નિર્ભય રીતે આમ તેમ જોઈ શકે એવી સ્થિતિ મારે જોઈએ છે. કલકત્તામાં જ્યારે મુસ્લિમો સપડાયા ત્યારે એ ધારત તો પરિસ્થિતિને વધારે વણસાવી શક્યા હોત, પણ એમને એમ નહોતું કરવું. જે મકાનોનો મુસ્લિમોએ કબજો લીધો હતો તે વાસ્તવમાં હિંદુ અને શિખોનાં હતાં, છતાં એ ખાલી કરાવવાની ફરજ એમણે બજાવી. દિલ્હીમાં શાંતિ સ્થપાતાં એક મહિનો લાગી જાય તો મને વાંધો નથી. ખાલી મારા ઉપવાસ છોડાવવા સારું થઈને જ જનતાએ કંઈ કરવાની જરૂર નથી.

''એટલે હું ઈચ્છું છું કે હિંદુ, શિખ, પારસી, ઈસાઈ અને મુસલમાનો અને જે લોકો ભારતમાં છે તે ભારતમાં જ રહે અને ભારત એવો દેશ બને કે જેમાં તમામ લોકોના જાનમાલ સલામત હોય. આમ બનશે તો જ ભારત પ્રગતિ કરી શકશે.''

✱ ✱ ✱

(કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી, ગ્રંથ ૯૦, પાન ૪૧૩)

✱ ✱ ✱

# પાકિસ્તાનને ૫૫ કરોડ અપાવવા માટે ગાંધીજીએ ઉપવાસ કર્યા હતા!

❑ ચુનીભાઈ વૈદ્ય

ગાંધીજી ઘણું આગળનું વિચારતા હતા. એમની દૃષ્ટિ અત્યંત વ્યાપક - વૈશ્વિક હતી. દેશના ભાગલા અંગ્રેજ સરકારની મધ્યસ્થીથી કરાયા તેવી જ રીતે દેશની ચલ-અચલ સંપત્તિના પણ ભાગલા એમની જ મધ્યસ્થીમાં વિવિધ સમિતિઓ નીમી કરાયા હતા એટલે વાઈસરૉય માઉન્ટબેટનનો આગ્રહ રહે જ કે ભારત અપાયેલા વચનનું પાલન કરે. એ પણ ખરું કે એમણે ગાંધીજી સાથે તા. ૬ઠ્ઠી અને ૧૨મી જાન્યુઆરીએ એ અંગે વાત કરી હતી. એ વાત પણ ખરી કે પંચાવન કરોડ રૂપિયા ચૂકવી દેવા જોઈએ, એ ભારત સરકારની નૈતિક ફરજ છે એમ ગાંધીજી જરૂર માનતા હતા.

પણ એમ કહેવું કે ગાંધીજીએ ૫૫ કરોડ માટે ઉપવાસ આદર્યા હતા તો એ ખોટું થશે. જો એમ જ હોત તો ગાંધીજીએ ઉપવાસ શરૂ કરતાં પહેલાં શરત તરીકે એ વાત અવશ્ય રજૂ કરી હોત. પરંતુ તે દિવસના અને ત્યારબાદના એમના પ્રવચનોમાં પૈસાનો ઉલ્લેખ સુદ્ધાં નહોતો.

વળી, ઉપવાસના ત્રીજા જ દિવસે ભારત સરકારે એ પૈસા પાકિસ્તાન સરકારને આપી દેવાના નિર્ણયની જાહેરાત કરી અને બીજી બાજુ ડૉક્ટરોએ ગાંધીજી પર ઉપવાસ છોડી દબાણ કર્યું કારણ કે ગાંધીજીને પેશાબમાં એસિટોન જવા માંડ્યું હતું. આમ ઉપવાસ છોડી દેવા માટે બબ્બે સબળ કારણો અને દબાણો હોવા છતાં બાપુએ ઉપવાસ છોડ્યાં નહીં. એ તો ૧૮મી જાન્યુઆરીના રોજ જ્યારે ડૉ. રાજેન્દ્ર બાબુની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ આવીને ચાર બાબતની ખાતરી આપી ત્યારે જ ઉપવાસ છૂટ્યા. એ ખાતરીમાં પણ પૈસાનો ઉલ્લેખ ક્યાંય નહોતો.

વળી ભારત સરકારે પૈસા ચૂકવી દેવાના પોતાના નિર્ણયની જાહેરાત કરી તેમાં પણ ગાંધીજીની આવી કોઈ શરતના જવાબમાં આ નિર્ણય લીધો હોય તેવો પણ ક્યાંય ઉલ્લેખ નથી

એક સવાલના જવાબમાં ગાંધીજીએ બહુ સ્પષ્ટ રીતે કહ્યું કે એમના ઉપવાસ ગૃહ મંત્રાલયના કોઈ પગલાંના વિરોધમાં નથી. એમના ઉપવાસ સ્પષ્ટ રીતે ભારતના શીખ અને હિંદુઓની અને પાકિસ્તાનમાંના મુસ્લિમોની વિરુદ્ધ છે. એ આ બંને દેશોની લઘુમતીઓના બચાવ માટે છે. ગાંધીજીનાં તા. ૧૨ અને ૧૩નાં પ્રાર્થના પ્રવચનો તથા ભારત સરકારનું ૧૫મીનું જાહેરનામું વાંચીએ તો વાત તદ્દન સ્પષ્ટ સમજાઈ જશે. એમાં પૈસાનો ક્યાંય ઉલ્લેખ નથી. એમને જે વાતે હચમચાવી નાખ્યા હતા તે એ હતી કે જે દેશે શાંતિ અને હિંસાના માર્ગે ચાલી સ્વાધીનતા મેળવી તે જ દેશના લોકો આટલા મોટા પાયે પોતાનાં જ ભાંડુઓનું લોહી રેડે અને સ્ત્રીઓ પર અત્યાચાર અને બળાત્કાર ગુજારે! બંને દેશોની પાગલ બનેલી પ્રજાની સાન ઠેકાણે લાવવા માટે મરણિયા બની ઉપવાસનો આશરો લીધા વિના આરો નહોતો.

બરેલીના મૌલવીએ ઉપવાસના સંદર્ભમાં ગાંધીજીને સંબોધીને જાહેર નિવેદન કરતાં કહ્યું :

''પાકિસ્તાનમાંના અત્યાચારો માટે, નિર્દોષ સ્ત્રી-પુરુષ ને બાળકોની કતલ માટે તથા બળાત્કારે કરવામાં આવેલા ધર્મપલટા અને સ્ત્રીઓના અપહરણ અલ્લા સામેના ગુનાઓ છે અને એને માટે કોઈ પણ પ્રકારની માફી નથી. હિંદુસ્તાનના મારા અનુયાયીઓને તથા મુસલમાનોને મારો આદેશ છે કે એમણે આપને તથા સંઘ-સરકારને છેવટ સુધી વફાદાર રહેવું અને પાકિસ્તાનમાંના તેમના સહધર્મીઓના દુષ્કૃત્ય સાફ સાફ શબ્દોમાં ને ભારપૂર્વક વખોડી કાઢવાં....દોરવણી અને મદદ માટે પાકિસ્તાન તરફ નજર રાખવાની ગુપ્ત ઈચ્છા તેમનો વિનાશ કરશે..' (મહાત્મા ગાંધી : પૂર્ણાહુતિ, ગ્રંથ-૪, પાન-૩૭૬)

પાકિસ્તાનમાં પણ એનો પડઘો પડ્યો. પુનર્વસવાટ પ્રધાન રાજા ગઝનફર અલી ખાને અખબારી નિવેદનમાં કહ્યું, ''તાજેતરના મહિનાઓ દરમ્યાન હિંદુસ્તાન તેમ જ પાકિસ્તાન ઉભયમાં નીતિમત્તાની ભયંકર અધોગતિ જોવા મળી છે. તેની સામે આકરા ઈલાજની જરૂર હતી અને મહાત્મા ગાંધીએ એ પરિસ્થિતિની સામે અંતિમ સ્વરૂપે પોતાનો વિરોધ પ્રગટ કર્યો છે.'' (મહાત્મા ગાંધી : પૂર્ણાહુતિ, ગ્રંથ-૪, પાન-૩૭૮)

પાકિસ્તાનમાં પશ્ચિમ પંજાબની ધારાસભામાં ફિરોઝખાન નૂને કહ્યું, 'ધર્મપ્રવર્તકો બાદ કરતાં મહાત્મા ગાંધીથી વધારે મહાન પુરુષ દુનિયાના કોઈ પણ દેશે પેદા કર્યો નથી.' (મહાત્મા ગાંધી : પૂર્ણાહુતિ, ગ્રંથ-૪, પાન-૩૭૮)

એ નોંધનીય છે કે ગાંધીજીના અનશનની સારી અસર સ્વાભાવિક જ મુસલમાનો પર વધારે થઈ, જ્યારે કટ્ટર હિંદુવાદીઓ પર એની અવળી અસર થઈ.

જેમને આ પ્રસંગે લોહીની હોળી ખેલવી જ હતી, જેમના દિલોમાં વિધર્મીઓની કતલ કરવાની ઘેલછાઓ ધૂણી રહી હતી તે આ પારના હિંદુધર્મ-ઝનૂનીઓ અને પેલી પારના મુસ્લિમધર્મ-ઝનૂનીઓ જનતાને ભડકાવતા ને ધુણાવતા રહ્યા.

ગાંધીજી બે મુલકને એક કરવા, કમ સે કમ એકમત અને એકમન કરવા, અખંડ-ભારત ફરી સાકાર કરવા જીવનના એ આખરી દિવસોમાં ઝઝૂમાત રહ્યા. પ્રેમ, અહિંસા, સત્ય અને સર્વ સદ્ગુણોનું આચરણ એકપક્ષી – નિરપેક્ષ હોય છે, એમાં સોદાબાજી હોતી નથી એ વાત દુનિયાને ગળે ઊતરતાં વાર હતી. પરંતુ ગાંધીજી પોતે અંત સુધી – ૩૦મી જાન્યુઆરી સુધી એ વાત સમજાવતા રહ્યા અને એ જ પંથ પરથી પરલોક સીધાવ્યા.

✷ ✷ ✷

# ગાંધીજીની હત્યાના પ્રયાસો

◻ ચુનીભાઈ વૈદ્ય

ગાંધીજીની હત્યાના કુલ દસ પ્રયાસો થયા હતા એમ લાગે છે. એમાંના છ અંગે લેખિત નોંધ મળી શકી છે. પ્રયાસોનો આરંભ છેક ૧૯૩૪થી થયેલો. આમાંના ત્રણ પ્રસંગોમાં નથુરામ ગોડસે સંડોવાયો હતો. અને બધા જ પ્રસંગોમાં પૂનાના કેટલાક કટ્ટર રૂઢિવાદીઓ જ હતા એમ કહેવાય છે. છ પ્રસંગો પૈકી ચાર બન્યા ત્યારે દેશના ભાગલા કે ૫૫ કરોડ રૂપિયાની વાત સ્વપ્નમાં પણ નહોતી. તો તે પ્રસંગોએ હત્યાના પ્રયત્ન માટે શું કારણ હતું? ટૂંકામાં કહીએ તો અંગ્રેજી કહેવત – Any excuse serves an evil-doer – પ્રમાણે પાપીને પાપ કરવા માટે ગમે તે બહાનું હોય તો ચાલે. એને ખૂન કરવું હતું, તે વખતે સામે જે બહાનું જડ્યું તેને કારણ તરીકે રજૂ કર્યું. પણ સવાલ તો એ છે કે એ જ પ્રવક્તા, એ જ પોલીસ, એ જ ન્યાયાધીશ અને એ જ ફાંસીગર! નથુરામને આ બધું બનાવ્યો કોણે?

હત્યાના પ્રયત્નોની નોંધાયેલી ઘટનાઓ નીચે પ્રમાણે છેઃ

૧. ૧૯૩૪ના રોજ પૂના મ્યુનિસિપાલિટીએ ગાંધીજીને સન્માનવા માટે ગોઠવેલા સમારંભમાં જતી વખતે બૉંબ ફેંકવામાં આવ્યો. પરંતુ ભૂલથી બૉંબ આગલી ગાડી પર પડ્યો જ્યારે ગાંધીજી પાછલી ગાડીમાં હતા. આ હુમલામાં મ્યુનિસિપાલિટીના ચીફ ઑફિસર, બે પોલીસ અને બીજા મળી સાત જણ ગંભીર રીતે ઘવાયા. આ હુમલા વખતે ભાગલાની કે ૫૫ કરોડ રૂપિયાની વાત ક્યાં હતી? છતાં આ જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો.

૨. જુલાઈ ૧૯૪૪માં ગાંધીજી પંચગનીમાં હતા ત્યારે એક દિવસ એક માણસ હાથમાં છરા સાથે ગાંધીજી પર ધસી આવ્યો હતો. એ માણસ એ આ નથુરામ ગોડસે હતો એવી જુબાની પૂનાની સુરતી લૉજના માલિક મણિશંકર પુરોહિતે આપી હતી. મહાબળેશ્વર કૉંગ્રેસના માજી સાંસદ અને તે વખતના સતારા જિલ્લા મધ્યવર્તી બૅંકના અધ્યક્ષ શ્રી ભિ. દા. ભિસારે ગુરુજીએ નથુરામના હાથમાંથી છરો પડાવી લીધો હતો. ગાંધીજીએ ત્યાર બાદ તરત જ નથુરામ ગોડસેને મળવા માટે બોલાવ્યો. પરંતુ એ ન ગયો. જે લોકો આજે કહે છે કે વિચારનો જવાબ વિચારથી આપવો જોઈએ તે લોકોએ આ ઘટના પણ નોંધવા જેવી છે. અને ગાંધીજી તો ગમે ત્યારે મળવા આવનારને મળતા જ હતા, છતાં નથુરામ મળ્યો નહોતો એ એક હકીકત છે. આ વખતે પણ ભાગલાની કે ૫૫ કરોડની વાત નહોતી. તો પછી હત્યાનો પ્રયાસ કેમ?

૩. ત્રીજો પ્રયાસ સપ્ટેમ્બર ૧૯૪૪માં થયો. ગાંધીજી મહંમદ અલી જિન્ના સાથે વાટાઘાટ કરવા મુંબઈ જવાના હતા. એ પ્રસંગનો ગેરલાભ લેવા પૂનાથી એક જૂથ વર્ધા ગયું હતું. એમના પૈકીના એક જણ ગ. લ. થત્તે નામના માણસ પાસેથી પોલીસને છરો મળી આવ્યો હતો. થત્તેનો બચાવ એવો હતો કે એ તો ગાંધીજી જે કારમાં બેસીને જવાના હતા તેના ટાયરને ફાડી નાખવા માટે હતો. પરંતુ પ્યારેલાલ લખે છે કે એ દિવસે સવારે એમના પર પોલીસ અધિકારી-ડી.સી.પી.નો ફોન આવ્યો હતો કે દેખાવકારો અમંગળ ઘટનાની તૈયારી કરીને આવ્યાની માહિતી હોવાથી એમણે નાછૂટકે અગમચેતીનાં પગલાં ભરવાં પડશે. ગાંધીજીનો આગ્રહ હતો કે પોતે એકલા દેખાવકારોની સાથે ચાલતા જશે

## પવિત્ર સ્મૃતિ

બાપુની હત્યા થઈ ત્યારે હું દિલ્હી હતો અને તેમની સ્મશાન યાત્રામાં શામેલ પણ થયો હતો.

બાપુ માટે મને અત્યંત આદર અને અત્યંત પ્રેમ. મુંબઈ ભણતો, પણ વેકેશનમાં બોટાદ જાઉં ત્યારે 'હરિજન બંધુ'ની ફેરી કરવા નીકળતો. એલચી ખાતામાં કામ કરવાની મને બહુ હોંશ હતી. સ્વામી આનંદને મેં વાત કરી ત્યારે તેમણે કહ્યું, 'દિલ્હી જા અને સરદારને મળ.'

હું દિલ્હી ઉપડ્યો. સરદાર વહેલી સવારે ચાલવા નીકળે ત્યારે મુલાકાતનો સમય આપે. ચાલતા ચાલતા જ એક સાથે વાત કરે, બાકીના જરા અંતર રાખી પાછળ ચાલે. પછી બીજા સાથે વાત કરે. આમ મારો વારો આવતાં મેં તેમને મારી ઈચ્છા જણાવી. તેમણે મને ઈન્ફર્મેશન ડિપાર્ટમેન્ટમાં કોઈકનું નામ આપી તેને મળવા કહ્યું.

હિન્દુસ્તાન ટાઈમ્સની ઑફિસના મોટા મકાનમાં યશવન્ત પંડ્યાને ત્યાં હું ઊતર્યો હતો. આ જ મકાનમાં દેવદાસ ગાંધી પણ રહેતા હતા. એ દિવસે હું બહાર નીકળ્યો ત્યારે રોજની જેમ હિંદુસ્તાન ટાઈમ્સની ઑફિસ બહાર બૉર્ડમાં મૂકેલા તાજા સમાચાર જોવા અટક્યો. લખ્યું હતું, 'ગાંધી શોટ ડેડ.' હું તરત બિરલા હાઉસ પહોંચ્યો. ખૂબ ભીડ હતી. દરવાજા બંધ હતા. જવાહરલાલ ઉપરથી ભીડને સંબોધતા હતા, શાંતિ રાખવાનું કહેતા હતા. બીજે દિવસે સ્મશાનયાત્રા પણ જોઈ. અત્યંત ભવ્ય અને કરુણ દૃશ્ય હતું. એટનબરોની 'ગાંધી' ફિલ્મમાં અંતિમ યાત્રાનાં દૃશ્યો લગભગ એવા જ બતાવ્યાં છે.

◻ મહેન્દ્ર મેઘાણી

શરીરમાં જીવ હોય ત્યાં સુધી કરુણા ન છોડવી.

અને દેખાવકારો એમને ગાડીમાં બેસીને જવાની રજા ન આપે ત્યાં સુધી એ એમની સાથે ચાલતા રહેશે. પરંતુ ગાંધીજીનો નીકળવાનો સમય થાય તે પહેલાં પોલીસે દેખાવકારોને પકડી લીધા. હવે આ વખતે ભાગલા સ્વીકાર્યાની કે ૫૫ કરોડની વાત ક્યાં હતી?

૪. ૨૯ જુન ૧૯૪૬ના રોજ ચોથો પ્રયત્ન કરવામાં આવ્યો. ગાંધીજી ખાસ ટ્રેન વાટે મુંબઈથી પૂના જતા હતા. ત્યારે નેરળ અને કર્જત વચ્ચે પાટા પર મોટા પથ્થરો મૂકી ટ્રેન ઉથલાવવાનું કાવતરું કરવામાં આવ્યું હતું. રાતનો વખત હોવા છતાં મોટરમેનની સાવધાનીને કારણે ગંભીર અકસ્માત ન થયો. છતાં એન્જિનને નુકસાન થયાની વાત નોંધાઈ છે. અને, આ પ્રયાસ બાદ ગાંધીજીએ પ્રાર્થનાસભામાં એ ઘટનાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે હું સાત વાર આ રીતના પ્રયાસથી બચી ગયો છું. હું એમ મરવાનો પણ નથી, હું તો ૧૨૫ વર્ષ જીવવાનો છું. આ વાતનો ઉલ્લેખ નથુરામ ગોડસે પોતાના સામયિક 'અગ્રણી'માં કરે છે અને કહે છે, 'પણ જગુ કોણ દેતો ?' – એટલે તમને જીવવા કોણ દેવાનું છે ? મતલબ કે એમના ખૂનનો નિરધાર એ ક્યારનો કરીને જ બેઠો હતો. એ વખતે પણ ભાગલાની કોઈ વાત નહોતી કે નહોતી ૫૫ કરોડની વાત.

૫. અને ૬. ૨૦મી જાન્યુઆરીના રોજ મદનલાલ પાહવાએ બૉંબ ફેંકી હત્યાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો અને ૩૦મી જાન્યુઆરીએ નથુરામ ગોડસેએ ગાંધીજીનું ખૂન કર્યું. તા. ૧૨મી જાન્યુઆરી ૧૯૪૮ પછી થયેલી આ ઘટનાઓ પ્રસંગે ભાગલા અને ૫૫ કરોડના મુદ્દા ઊભા થયા હતા, તે પહેલાં એ ક્યારેય નહોતા.

આના પરથી સ્પષ્ટ સમજાશે કે એ કહેવાતા હિંદુવાદીઓ ખૂન કરવાના કાવતરાં તો કેટલાંય વરસો પહેલેથી ઘડતા આવ્યા હતા. એમને તો પોતાનું પાપ ઢાંકવા બહાનાની જરૂર હતી. જે વખતે જે મળ્યું તે ખરું.

✷ ✷ ✷

## મહાત્માની ટપલી ❑ ધીરુબહેન પટેલ

*[ સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને ગાંધી યુગની સાત્ત્વિક નીપજ જેવી નારીપ્રતિભા ધીરુબહેન પટેલ ગાંધીજીના નિકટના વર્તુળમાંનાં એક એવા ગંગાબહેન અને બોમ્બે ક્રોનિકલના પત્રકાર ગોરધનભાઈ પટેલનાં સુપુત્રી છે. અંગ્રેજી સાહિત્યનાં અધ્યાપિકા ધીરુબહેને ૪૫ જેટલાં પુસ્તકો લખ્યાં છે, ગુજરાતી સાહિત્યનાં ઉચ્ચ સન્માનો મેળવ્યાં છે અને બાળ સાહિત્ય–કિશોર સાહિત્યના સંવર્ધનના ઉપક્રમોમાં સક્રિય છે. ]*

ત્યારે મને ચોથું વરસ ચાલતું હતું. સ્વાતંત્ર્ય સંગ્રામના આગળ પડતા સૈનિક અને પૂ. ગાંધીજીના નિકટના વર્તુલમાંના એક એવા મારા માતુશ્રી ગંગાબહેન પટેલની આંગળી પકડીને એક સોહામણી સાંજે જૂહુના સાગરતટ પર મને બાપુજીની સાયંપ્રાર્થનામાં સામેલ થવાનો લહાવો મળ્યો હતો. પ્રાર્થના પત્યા પછી કોઈએ કહ્યું, 'બાપુ, આ ગંગાબહેનની દીકરી, બહુ હોંશિયાર છે.'

'એમ કે ?' કહીને એમણે નજર માંડીને પૂછ્યું, 'તું હોંશિયાર છે ? તને શું શું આવડે છે ?'

'મને વાંચતા આવડે છે. લખતા પણ આવડે છે.' મેં નીડરતાથી કહી દીધું. પણ અફસોસ ! આ વાતનો એમના ઉપર કોઈ પ્રભાવ ન પડ્યો. એમણે તો પૂછ્યું, 'તને કામ કરતા આવડે છે ?' હજી તો કામની વ્યાખ્યા મારા મનમાં સ્પષ્ટ થાય એ પહેલાં એમણે આગળ ચલાવ્યું, 'કપડાં ધોતાં આવડે ? વાસણ માંજતાં આવડે ?'

મારી વિકેટ ધડ દઈને પડી ગઈ. શરમાઈને માથું ધુણાવી ના પાડ્યા સિવાય કોઈ આરો ન હતો.

'તો પછી તું શાની હોંશિયાર ?' કહીને તેઓ બીજા કોઈ સાથે વાતે વળગ્યા.

મારા મનમાં ઘણા વિચારો ફુદરડી ફરવા માંડ્યા. બાપુજી આમ મારો કાંકરો કાઢી નાખે તે કેમ ચાલે ? તે સાથે જૂઠું તો બોલાય નહીં એટલી સમજ એ વયે પણ હતી. બાની સાથે રોજ સવાર-સાંજની પ્રાર્થના વખતે પાસે બેસતી એટલે અર્થ થોડાઘણા સમજાય-ન સમજાય તોયે શબ્દો યાદ રહી જતા.

ભારે થઈ !

આત્મસન્માન અને સત્ય વચ્ચેની આ અજબ મૂંઝવણમાં ઓચિંતો મારા મનમાં દીવો પ્રગટ્યો. આસપાસની વાતચીતમાં બધાએ જરાક પોરો ખાધો એટલે મેં તરત જ ઝુકાવ્યું.

'બાપુ ! મારો રૂમાલ હું જાતે જ ધોઉં છું !'

'એમ કે ?' કહીને એ ખડખડાટ હસી પડ્યા અને હેતથી મારા ડાબા ગાલ પર ટપલી મારીને બોલ્યા, 'તો તું હોંશિયાર ખરી !'

આજે એ પ્રસંગ યાદ આવે છે ત્યારે મારા એ ડાબા ગાલ પર હળવેથી હાથ ફેરવી લેવાનું મન થાય છે એટલું જ નહીં, પણ એ સાંજ પછી મારા મનમાં જે શ્રમનો મહિમા અને શ્રમજીવીઓ પ્રત્યેનો આદર પ્રગટ્યો અને જીવનભર રહ્યો તથા એકલું પાંડિત્ય કંઈ કામનું નથી, મનની અને શરીરની સજ્જતા અને કાર્યકુશળતા હોય તો જ માણસ બે પાંખે ઊડતા પક્ષીની જેમ આકાશને આંબી શકે એ સત્ય સમજાયું.

મારી દિનચર્યામાં એ સાંજથી જ જે પરિવર્તન આવ્યું તે આજ લગી કોઈ ને કોઈ સ્વરૂપે ટકી રહ્યું છે એના મૂળમાં છે એ બાપુની ટપલી.

✷ ✷ ✷

# બાપુને માથે મોત ભમતું હતું ?

□યોગેન્દ્ર પરીખ

*[ મકરંદ દવે જેમને 'ઉફરે માર્ગે ચાલનાર' અને 'કંઠી તોડનાર' કહે છે તે યોગેન્દ્ર પરીખે ગાંધી વિચારોથી પ્રેરાઈ નાની ઉંમરે જ ગામડામાં જઈ સેવા કરવાનું વ્રત લીધું હતું, તે જિંદગીભર સામે પૂરે તરતા રહીને નિભાવ્યું. સાથે શબ્દની ઉપાસના પણ ચાલતી રહી. પ્રસ્તુત લેખ 'લેટસ કિલ ગાંધી' એ તુષાર ગાંધીના પુસ્તકના યોગેન્દ્ર પરીખે કરેલા સંક્ષેપ અને ગુજરાતી અનુવાદનો સંકલિત અંશ છે. ]*

'આ બતાવે છે વધારે પડતા ભલા થવું કેટલું જોખમી છે.'

– જ્યોર્જ બર્નાર્ડ શૉ

'તેઓ હજુ બાળકો છે. હમણાં તેઓ પરિસ્થિતિને સમજતા નથી. મારા મૃત્યુ પછી તેઓ કહેશે કે ડોસા બરાબર કહેતા હતા.'

– ગાંધીજી

'પ્રાર્થનાને સમયે જ્યારે મેં પોતાને ઈશ્વરના રક્ષણમાં મૂકી હોય ત્યારે મારી શ્રદ્ધાને માણસોના રક્ષણ તળે મૂકાવાનું મંજૂર નથી.'

– ગાંધીજી

'ભગવાનની કૃપાથી કહેવત મુજબ હું મૃત્યુના જડબામાંથી સાત વાર બચી ગયો છું. મેં કોઈને ઈજા પહોંચાડી નથી. હું કોઈને મારા શત્રુ માનતો નથી. તેથી મને સમજાતું નથી કે મારા પ્રાણ લેવાના આટલા બધા પ્રયત્નો શું કામ થાય છે? મારા પ્રાણ લેવાનો ગઈ કાલનો પ્રયત્ન નિષ્ફળ ગયો. હજુ હું મરવા માટે તૈયાર નથી. હું ૧૨૫ વરસનો થાઉં ત્યાં સુધી જીવવાનો છું.'

–ગાંધીજી તા. ૩૦ જૂન ૧૯૪૬.

'પણ તમને આટલું લાંબું જીવન જીવવા દેશે કોણ?'

–નાથુરામ ગોડસેએ ગાંધીજીની ઠેકડી ઉડાડતાં જાહેર સભામાં જવાબ આપ્યો હતો.

'આંખ સાટે આંખ લેવાનું અંતિમ પરિણામ દુનિયાને આંધળી બનાવવામાં આવશે.

–ગાંધીજી

'કોઈક પોતાને મારો બેટો ગણાવે છે અને બીજો પોતાને મારો ચેલો ગણાવે છે. પણ મારું હવે કોઈ વધુ સાંભળતું નથી.'

– ગાંધીજી, જાન્યુઆરી ૧૯૪૮.

### ૩૦ મી જાન્યુઆરીની રાત !

*આજે આ રેડિયો સમાચાર કેવા આપે છે?*
*મારા અંતરના જાણે ખેંચાય છે તાર.*
*થઈ ગયું હૃદય સ્તબ્ધ, દેહ થયો નિસ્તેજ*
*અવનત ગ્રીવે*
*વિન શીશે*
*સાંભળું છું બેસી.*
*અનહદ સુખનો અનુભવ કરે આ મન અધીર*
*જો કોઈ અંધકારભરી નિશા ચીરી ચિત્કારી ઉઠે*
*બુઝાયેલ દીપમાં કરી તેજ પ્રગટ્યું, ભર્યો સ્નેહ*
*થઈ રહ્યા*
*બાપુ પણ*
*પુનઃ સજીવ.*
*કોની બની આસ્થા, નિષ્ઠા, શ્રદ્ધા*
*તેઓ જીવંત રહ્યા તન-મન-જીવન મહીં*
*જે જવાથી તેમ ના લાગે સત્વર*
*હલી ઊઠી આજ*
*માનવતાની*
*પુનઃ સુદૃઢ ઈંટ.*

હિંદી : **હરિવંશરાય બચ્ચન**
અનુ : **પુષ્પા પરીખ**

'જો છેલ્લી ઘડીએ મારા હોઠ પર ગુસ્સાનો કે નિંદાનો શબ્દ મારા પર હુમલો કરનાર માટે નીકળે તો મને ઢોંગી તરીકે લખી વાળજો. મને તેનાથી સંતોષ થશે.'

'ભૂતકાળમાં મારો પ્રાણ લેવા માટે સાત વાર હુમલા થયા છે. પણ ભગવાને મને અત્યાર સુધી બચાવ્યો છે અને હુમલો કરનારે પોતાના કૃત્ય બદલ પસ્તાવો કર્યો છે. પણ જો કોઈ એવી માન્યતા સાથે કે આ દુષ્ટનો નિકાલ કરવા મારા પર ગોળી છોડે તો તે સાચા ગાંધીને નહિ મારે પણ પેલા દુષ્ટ જણાતા ગાંધીને મારશે.'

– ગાંધીજી

ગાંધીજીએ મનુને કહ્યું, 'જો હું લાંબી માંદગીથી મરું કે સાદી ફોડલીથી, તો તારું કર્તવ્ય એ હશે કે, લોકો તારાથી ગુસ્સે થાય તો ય, દુનિયાને જણાવજે કે હું દાવો કરું છું તેવો ભગવાનનો માણસ નથી. જો તું આમ કરશે તો મારા આત્માને શાંતિ મળશે. એ પણ નોંધી લે કે જો કોઈ મને ગોળી મારીને કે તે દિવસની જેમ બોમ્બથી મારું મૃત્યુ નિપજાવે અને મારા છેલ્લા શ્વાસ વખતે ભગવાનનું નામ લેતો હોઉં તો જ મારો દાવો ખરો ઠરશે.'

બોમ્બ વિસ્ફોટ પછી લેડી માઉન્ટબેટન અભિનંદન આપવા આવ્યાં ત્યારે મહાત્મા કહે, 'આ પ્રસંગે મેં વીરતા બતાવી નથી. જો મારા પર કોઈ નજીકથી ગોળી છોડે અને હું હિમ્મત સાથે હૃદયમાં રામનું નામ લેતાં વિદાય થાઉં તો હું તમારા અભિનંદનનો અધિકારી બનીશ.'

'થોડી વાર પછી મનુએ સૂતેલા બાપુ જાગ્યા છે કે નહિ તે જોયું, પણ હજી બાપુ સૂતા હતા. તેમનાથી થોડેક દૂર એક બાજ નજરવાળો યુવાન એમની તરફ એકાગ્ર થઈને જોતો હતો. એ કદાચ

બાપુની ઊંઘમાં ખલેલ પાડશે એમ લાગવાથી મનુ એની પાસે ગઈ અને કહ્યું, 'ભાઈ, બાપુ અત્યારે આરામમાં છે. મહેરબાની કરી મોડેથી આવજો.' યુવાન માણસ જાણે સમાધિમાંથી જાગતો હોય તેમ એક પણ શબ્દ બોલ્યા વિના પાછો વળ્યો અને બિરલા હાઉસની બહાર ચાલી નીકળ્યો. આ જ યુવાન નાથુરામે સાંજે બાપુ પર ગોળી છોડી. નાથુરામે પોતાની આ મુલાકાત સાથીઓથી છુપાવી હતી.

સાંજની પ્રાર્થનામાં નાથુરામ મનુને ધક્કો મારીને બાપુજીની સામે આવી ઊભો. 'નમસ્તે બાપુ.' મનુ કહે, 'બાપુ પ્રાર્થના માટે મોડા પડ્યા છે...' મનુ વાક્ય પૂરું કરે તે પહેલાં તેને ધક્કો માર્યો. મનુના હાથમાંથી થૂંકદાની અને માળા પડી ગયાં અને એ ગબડી પડી. પડતી વખતે એણે જોયું કે બપોરે આવેલો માણસ એ જ નથુરામ ગોડસે હતો.

સરદાર વલ્લભભાઈને એક પત્ર મળ્યો, જેમાં ગાંધીહત્યાના 'સારા સમાચાર' રેડિયો પર સાંભળવાની સૂચના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **RSS**ના સભ્યોને આપવામાં આવી હતી. આ સાંભળ્યા પછી **RSS**ની શાખાઓના સભ્યોમાં પેંડા વહેંચાયા હતા. સરકારે જ્યારે **RSS** પર પ્રતિબંધ મૂક્યો ત્યારે સ્થાનિક પોલિસના વડા ડેપ્યુટી કમિશ્નર રંધવાએ **RSS**ની ઑફિસો તેર દિવસ બંધ રાખવાની સૂચના આપી. આવો સડો સરકારમાં બધા સ્તરોએ પેસી ગયો હતો.

પરચુરે બીજા સાવરકર મનાતા હતા. એમનો કડપ એવો હતો કે ગ્વાલિયરમાં મસ્જિદો પર પણ ભગવો ઝંડો ફરકતો હતો! તા.૨ ડિસેમ્બર, ૧૯૪૭ને દિને ગાંધી અને કૉંગ્રેસ વિરુદ્ધનું ભાષણ કરતાં એમણે કહ્યું હતું, 'ગાંધી અને નહેરુ એમણે આચરેલાં પાપોના ફળ થોડા જ સમયમાં ભોગવશે.'

સરદારે કહ્યું, 'મેં છેલ્લા ઈલાજ તરીકે વિભાજનને સંમતિ આપી કારણ કે તે વિના આપણે બધું જ ખોઈ બેસીશું.' આ વાતની ગાંધીજીને ખબર ન હતી કારણ કે તેઓ નોઆખલીમાં રમખાણોના પીડિતોનાં આંસુ લૂછતા હતા. નહેરુ ગાંધીજીના પ્રિયપાત્ર હતા. પણ એમણે ગાંધીજીને ખુલ્લેઆમ તરછોડ્યા અને દેશના નીતિ વિષયક નિર્ણયોમાં એમને અવગણ્યા.

પંચગીનીમાં ગાંધીજીએ સમાજવાદી જયપ્રકાશ નારાયણને ૧૯૪૬માં કહ્યું, 'જવાહરલાલે અખંડ ભારતના મારા સ્વપ્નોનો નાશ કર્યો.'

વિભાજનનો ઠરાવ કૉંગ્રેસની મહાસમિતિમાં આવ્યો ત્યારે તેનો વિરોધ કરવામાં ગાંધીજી, ખાન અબ્દુલ ગફાર ખાન, જયપ્રકાશ નારાયણ અને રામમનોહર લોહિયા હતા. જો કે તે પહેલાં જ નહેરુ અને પટેલ તો વિભાજન માટે સહી કરી ચૂક્યા હતા! હવે માત્ર બહાલી મેળવતા હતા!!

ગાંધીજીએ ચર્ચાની વચ્ચે બોલતાં કહ્યું, 'નહેરુ અને સરદારે મને વિભાજનની બાબતમાં અંધારામાં રાખ્યો હતો.' નહેરુએ ગુસ્સે થઈને જવાબ આપ્યો, 'અમે તમને જણાવતા હતા.' ગાંધીજીએ ભારપૂર્વક ફરીથી કહ્યું, 'તમે એમ નથી કર્યું. વિભાજન માટે મને અંધારામાં જ રાખ્યો હતો.' ત્યારે નહેરુએ અચકાઈને કહ્યું, 'તમે તે વખતે નોઆખલીના તોફાની વિસ્તારમાં ફરતા હતા અને તમને વિભાજનની યોજનાની ખબર આપવી શક્ય જ ન હતી.' ગાંધીજીએ માઉન્ટબેટનને કહ્યું કે વસ્તીની ફેરબદલી ન કરશો. તેનાથી લોહીની નદીઓ વહેશે. માઉન્ટબેટને આ ન માન્યું. ભયાનક પરિણામ આખી દુનિયાએ જોયું.

આમ છતાં **RSS** અને હિંદુ મહાસભા ભાગલા માટે ગાંધીજીને દોષિત ગણે છે! વિભાજનના ભયંકર પરિણામો જોઈને નેતાઓ સ્તબ્ધ થઈ ગયા. તા. ૧૬ નવેમ્બર ૧૯૪૯માં ન્યુ યોર્કની સભાને સંબોધતાં નહેરુએ કહ્યું હતું, 'અમને વિભાજનના આવાં ભયંકર પરિણામોની જાણ ન હતી. ભારતના વિભાજનનો વિરોધ કરતાં ગાંધીની વાત તે સમયે અમે ન માની. એ અમારી મોટી ભૂલ હતી.'

ગાંધીએ એક વાર કહ્યું, 'હું એકલો હોવા છતાં જો મારી શ્રદ્ધા ઝળહળતી હશે તો હું કબરમાં પણ જીવીશ અને ત્યાંથી બોલતો રહીશ. હું એકલો ચાલવામાં માનું છું. આ દુનિયામાં હું એકલો આવ્યો હતો. મૃત્યુની ખીણના પડછાયામાં હું એકલો જ ચાલ્યો છું અને હું એકલો દુનિયા છોડીશ. હું જાણું છું કે એકલો હોવા છતાં ગમે ત્યારે સત્યાગ્રહ કરવાની શક્તિ ધરાવું છું. બંધારણ સભા આવો એક રચનાત્મક સત્યાગ્રહ છે.'

૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનમાં હિંદુ મહાસભા અને **RSS** સરકારને પક્ષે હતા. મહંમદઅલી ઝીણા પણ સરકારને પક્ષે હતા. વાઈસરોયે સલાહકાર સમિતિ બીજા વિશ્વયુદ્ધ વખતે બનાવી હતી તેમાં સાવરકર અને ઝીણા–પરસ્પરના કટ્ટર દુશ્મનો–સભ્ય હતા. ઝીણાને પાકિસ્તાન જોઈતું હતું અને સાવરકરને સરકારની નજરમાં રહીને વફાદારી દેખાડવી હતી. યુદ્ધ પૂરું થતાં ઝીણાને પાકિસ્તાન મળ્યું. પણ સાવરકરે હિંદુ મહાસભાના પ્રમુખ તરીકે આદેશ આપ્યો હતો કે બધા સરકારી તંત્રમાં બધે સ્તરે દાખલ થઈ જાવ. પોલિસ, મિલિટરી, વહીવટી તંત્ર અને પ્રધાનોની સલાહકાર સમિતિ સુધી આમ બન્યું. એટલે જ **RSS** પર પ્રતિબંધની વાત ફૂટી ગઈ અને બધાને અદશ્ય થઈ જવાની તક મળી. એટલું જ નહિ પણ પૂનાની પોલિસ જાણતી હોવા છતાં ગાંધીજીની હત્યા કરવાની વાતો ઉપરી અધિકારીઓને પહોંચાડી નહિ.

મદનલાલે બોમ્બ ફોડ્યા પછી ગોડસેને ગાંધીહત્યા કરવા માટે પૂનામાં વિદાયમાન આપવામાં આવ્યું હતું. નિર્વાસિતોના શિબિરમાં

RSS સક્રિય હતું. અલ્વરમાં તો અગાઉથી ખબર હતી એટલે હત્યાના સમાચાર મળતાં RSSની શાખાઓમાં પેંડા વહેંચવામાં આવ્યા હતા. ગ્વાલિયરની રાણીએ રૂા. ૬૫,૦૦૦ શસ્ત્રોની ખરીદી કરવા ગાંધીહત્યા નિમિત્તે આપ્યા હતા. પછી એણે સરદાર પટેલની આજીજી કરીને માફી માંગી.

**આરોપીઓ:**

**૧. નાથુરામ વિનાયક ગોડસે**–ઉંમર ૩૬ વરસ–મુખ્ય આરોપી હતો. અપરિણીત. ગાંધી હત્યા પછી તરત જ એને પકડવામાં આવ્યો હતો. દરજીનું કામ પૂનામાં કરતો હતો. એ સાવરકરના પરિચયમાં આવ્યો, એની સાથે અંગત મંત્રી તરીકે દેશભરમાં પ્રવાસ કર્યો. એ પહેલાં RSSનો સભ્ય હતો. મરાઠી દૈનિક 'અગ્રણી' ૧૯૪૪માં પૂનાથી છાપતો હતો. પછી 'હિન્દુ રાષ્ટ્ર'નો તંત્રી હતો.

**૨. નારાયણ દત્તાત્રેય આપ્ટે**–ઉંમર ૩૫. **B.Sc. B.T.** હિંદુ બ્રાહ્મણ, પરણેલો, અહમદનગરમાં લેકચરર તરીકે કામ કર્યું અને ત્યાં રાઈફલ કલબ ચલાવતો હતો.

**૩. વિષ્ણુ રામકૃષ્ણ કરકરે**–ઉંમર ૩૫ વરસ. પરણેલો. અહમદનગરમાં હૉટલ ચલાવતો હતો.

**૪. દિગંબર રામચંદ્ર બડગે**–ઉંમર ૩૫. હિંદુ, પરણેલો, શસ્ત્રોનો વેપારી 'શસ્ત્રભંડાર' ચલાવતો હતો. તલવાર, ખંજર, ધાતુની બંડી બનાવતો હતો. એ તાજનો સાક્ષી બન્યો હતો.

**૫. મદનલાલ કાશ્મીરીલાલ પાહવા**–ઉંમર ૨૩, (લગભગ). હિંદુ અપરિણીત શરણાર્થી પશ્ચિમ પંજાબમાંથી આવ્યો હતો. ગાંધીહત્યાના ૧૦ દિવસ પહેલાં પ્રાર્થનાસભામાં ગાંધીજીથી પચાસ વાર દૂર બોમ્બ ફોડ્યો હતો. એની પાસેથી હેન્ડ ગ્રેનેડ મળી હતી. એની ધરપકડ પછી 'વો ફિરસે આયેગા' એવું બોલતો રહ્યો. એના પર ત્રીજી ડિગ્રીનું શારીરિક દબાણ લાવવામાં આવ્યું હતું અને એ બધા સાથીદારોની માહિતી આપતો થયો હતો. એ તાજનો સાક્ષી બન્યો હતો.

**૬. શંકર કિસ્તૈયા.** બડગેના સોલાપુરમાં 'શસ્ત્રભંડાર'નો મદદનીશ.

**૭. ગોપાલ વિનાયક ગોડસે**–ઉંમર ૩૨, હિંદુ બ્રાહ્મણ, પરિણીત, નાથુરામ ગોડસેનો નાનો ભાઈ. વિશ્વયુદ્ધમાં કોલોનિયલ આર્મીમાં હતો.

**૮. વિનાયક દામોદર સાવરકર**–ઉંમર ૬૫. પરિણીત. હિંદુ મહાસભાના ભૂતપૂર્વ પ્રમુખ. કાળા પાણીની પચાસ વરસની સજા બ્રિટન વિરુદ્ધ હિંસક પ્રવૃત્તિ કરવા બદલ થઈ હતી. તેમાંથી ૧૪ વરસ ભોગવી, પણ પછી ભાંગેલી તબિયતે સરકારને વફાદાર રહેવાની શરતે માફી માગીને છૂટ્યા. સાવરકર અને ગોડસેનો પરિચય અહીં થયો હતો અને ઘનિષ્ઠ બન્યો હતો. એમને રત્નાગિરીના સમુદ્ર કિનારાના મકાનમાં નજરકેદ રાખવામાં આવ્યા હતા. ગાંધીજીએ સાવરકરને મળવાની પરવાનગી સરકાર પાસે માગી હતી. પણ તે ન મળી. ૧૯૩૭માં કૉંગ્રેસની સરકારે એમને વિના શરતે મુક્ત કર્યા હતા. તેઓ મરાઠી સાહિત્યના લેખક, સુધારક અને સામાજીક કાર્યકર્તા હતા.

**૯. ડૉ. દત્તાત્રય સદાશિવ પરચુરે**–ઉંમર ૪૯. હિંદુ બ્રાહ્મણ. પરિણીત. ગ્વાલિયરમાં હોમિયોપેથીના ડૉક્ટર હતા. ગ્વાલિયરની હિંદુ મહાસભાના પ્રમુખ અને 'હિંદુ રાષ્ટ્ર સેના'ના સરમુખત્યાર હતા.

**ચુકાદો :**

ન્યાયાધીશ આત્મચરણે નાથુરામ ગોડસે અને નારાયણ આપ્ટેને ફાંસીની સજા ફરમાવી. સાવરકરને નિર્દોષ ગણી છોડી મૂક્યા. બડગેને પોલિસ કસ્ટડીમાં રાખ્યો. શંકર કિસ્તૈયાને નિર્દોષ ગણી છોડી મૂક્યો. ગોપાલ ગોડસે, મદનલાલ પાહવા અને વિષ્ણુ કરકરેને જેલની સજા થઈ. તેમને ૧૨ ઑક્ટોબર ૧૯૯૪ને દિન મુક્ત કરવામાં આવ્યા.

તા. ૧૨-૧૧-૧૯૬૪ને દિન આ ત્રણેયનું પૂનામાં 'વીરો' તરીકે સન્માન કરવામાં આવ્યું.

ગાંધીજીની હત્યા માટે પ્રેરણા આપનાર સાવરકરને છોડી મૂકાયા. એમની મુક્તિ એ રાજકીય આવશ્યકતા હતી. સરદાર પટેલે કહ્યું કે સરકારે મુસ્લિમોને નારાજ કર્યા છે. હવે હિંદુઓનો રોષ પણ વહોરી લેવાની તૈયારી ન હતી.

ગોડસે-આપ્ટેએ સાવરકર સાથે મસલત કરી જ હશે. જો કે ગાંધીહત્યા પછી સાવરકર તો અપરાધભાવે જીવતા હતા. આમ છતાં ઝનૂની હિંદુત્વવાદનો પ્રચાર મૃત્યુ પર્યંત કરતા રહ્યા (૨૭ ફેબ્રુઆરી ૧૯૬૬)

તા. ૨૦મી જાન્યુઆરી ૧૯૪૮ને દિન બોમ્બ ફૂટ્યા બાદ નહેરુએ કદી પણ તા. ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ સુધી પૂછપરછ કરી ન હતી! સરદાર વલ્લભભાઈના કામમાં તેઓ ખૂબ દખલ કરતા હતા અને સરદારે ગાંધીજી આગળ પોતાનું રાજીનામું મૂક્યું હતું. પ્રાર્થના પછી ગાંધીજી નહેરુને મળવાના હતા, પણ ઈશ્વરે જુદી જ યોજના કરી હતી. માઉન્ટબેટને બન્નેને શોકાકુળ વાતાવરણમાં એક કર્યા અને મહત્ત્વાકાંક્ષી નહેરુનો રસ્તો ચોખ્ખો થયો. સરદારે એમને જાહેર પ્રવચનમાં પોતાના નેતા માન્યા.

ન્યાયાધીશ આત્મચરણે પોલીસની બેદરકારીની કડક ટીકા કરી. મુંબઈ અને દિલ્હીની પોલીસના વડાઓ વચ્ચે કોઈ જ સંકલન ન હતું. સવેળા મહત્ત્વની માહિતીની લેવડદેવડ ન હતી. સૂઝ પ્રમાણે પહેલ કરવાની વૃત્તિ પણ ન હતી. જો આ નબળાઈઓ ન હોત તો ગાંધીજીને બચાવી શકાત.

ગોપાલ ગોડસે, કરકરે અને મદનલાલના સન્માનની સભામાં બાળ ગંગાધર (લોકમાન્ય ટિળકના પૌત્ર) કેતકરે જે પ્રવચન આપ્યું, નાથુરામનું ધોતિયું ભક્તિભાવે પહેર્યું અને સૌને બિરદાવ્યા તેની



દુષ્ટ વિચારો માનસિક બીમારીની નિશાની છે.

## 'પણ જીવવા દેશે કોણ !'

ગાંધીજીના નિવાસની બહાર વિરોધીઓ સૂત્રોચ્ચાર કરતા આવી પહોંચ્યા. ગાંધીજીએ કહ્યું, 'મારે એ લોકોને મળવું છે. પણ પેલા લોકો કહે, 'અમારે એમને મળવું નથી.' પછી એ લોકોને પોલીસે પકડ્યા-તલાશી લીધી ત્યારે એક માણસ પાસેથી લાંબો છરો મળ્યો. એ માણસનું નામ હતું નથુરામ ગોડસે ! ગાંધીજીની હત્યા માટે ૧૪ વર્ષથી પ્રયાસો ચાલતા હતા અને આ છઠ્ઠો પ્રયાસ હતો. છમાંથી ચાર પ્રયાસોમાં ગોડસે હાજર હતો. ગાંધીજીએ ૧૯૩૭'૩૮માં ૧૨૦ વર્ષ જીવવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે નથુરામ ગોડસેએ મરાઠી પેપર 'અગ્રણી'ના તંત્રી તરીકે તંત્રીલેખ લખ્યો, તેનું મથાળું હતું, '....પણ એમને જીવવા દેશે કોણ ?'

❑ નારાયણ દેસાઈ

જબ્બર પ્રસિદ્ધિ છાપાંઓમાં થઈ અને સરકારને કપૂર કમિશન નીમવાની ફરજ પડી. ગાંધીહત્યા બાદ ૧૭ વરસે કપૂર કમિશન નિમાયું. એની જવાબદારી એ શોધવાની હતી કે ગાંધીહત્યાની આગોતરી ખબર કોને હતી, તે કોને પહોંચાડવામાં આવી અને તેના અનુસંધાનમાં કયા પગલાં લેવામાં આવ્યાં.

લાલ કિલ્લામાં બધા આરોપીઓને જુદા જુદા રાખવામાં આવ્યા હતા. તે વખતે ગોડસે અને સાવરકર વચ્ચે કાગળોની લેવડદેવડ કરીને સંપર્ક ચાલુ હતો. જેલનો જ એક માણસ આ કામ કરતો હતો. એના ઉપરીઓના ધ્યાનમાં આ વાત આવી એટલે એને સસ્પેન્ડ કરવામાં આવ્યો. ગોડસેનું જે નિવેદન કોર્ટમાં થયું તેમાં સાવરકરની ભાષાનો બહુ મોટો ફાળો હતો. ગોડસેનું અંગ્રેજી કાચું, પણ સાવરકરની મદદને કારણે પંજાબની હાઈકોર્ટમાં તે ઘણું અસરકારક નીવડ્યું. ન્યાયાધીશ ખોસલાએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં કહ્યું હતું કે જો આ કેસ શ્રોતાઓની જ્યુરી સમક્ષ મૂકાયો હોત તો ગોડસેની તરફેણમાં ચુકાદો આવત ! પણ એ તો હવે ઓછું જીવવાનો હતો એટલે એને બોલવાનો મોકો આપવામાં આવ્યો હતો. ગોડસેએ તેનો પૂરો લાભ ઉઠાવ્યો.

કાયદાએ કાયદાનું કામ કર્યું. ગાંધીજીના પુત્રો મણિલાલ અને રામદાસે આરોપીઓને મુક્ત કરવાની વિનંતી કરી પણ તે માન્ય ન રખાઈ.

ગાંધીજીએ મુસ્લિમ તરફી કરેલા ઉપવાસને કારણે ગોડસેનો રોષ ચરમ સીમાએ પહોંચ્યો હતો. હવે તેને એમ લાગ્યું કે ગાંધીજીના અસ્તિત્વને તરત જ મિટાવી દેવું જોઈએ. મુસ્લિમો માટેનો એમનો મોહ વધતો જતો હતો. 'ગાંધીજીની હત્યા કરવાથી મારું ભવિષ્ય બરબાદ થઈ જશે પણ દેશ પાકિસ્તાનની આડાઈઓથી બચી જશે.' પોતાના પ્રવચનને અંતે ગોડસેએ કહ્યું.

'મારા પર દયા કરવામાં આવે એવી મારી કોઈ ઈચ્છા નથી. ધોળે દિવસે મેં ગાંધીજી પર ગોળી છોડી છે. મેં નાસી જવાનો પ્રયત્ન કર્યો નથી. ખરું જોતાં મને એવો વિચાર આવ્યો ન હતો. મેં મારા પર ગોળી ચલાવવાનો પ્રયત્ન ન કર્યો. મારે ભલે મરવું પડે પણ ગાંધીને દેશના હિતને ખાતર મારવા જ રહ્યા. અને મેં આખરી નિર્ણય લીધો. ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ને દિન પ્રાર્થનાસભામાં જતી વખતે એમના પર ગોળીઓ છોડીને હિંમતપૂર્વક એમનો અંત આણ્યો. મારે વધુ કાંઈ કહેવું નથી. જો દેશભક્તિ પાપ હોય તો તે મેં કર્યું છે. જો અહીંના માનવસર્જિત ન્યાયાલયમાં આ પુણ્ય કાર્યનો સ્વીકાર ન થાય તો એનાથી ઉચ્ચ ન્યાયાલયમાં તેનો સ્વીકાર થશે અને એને અન્યાયી ગણવામાં નહિ આવે. હું દાવો કરું છું કે મેં પુણ્યનું કામ કર્યું છે. અને એ પુણ્યનો હું ભાગીદાર છું. આ કામ શુદ્ધ હેતુથી માનવતાના હિત ખાતર મેં કર્યું છે. આ ગોળીઓ એવા માણસ પર છોડાઈ હતી કે જેણે લાખો હિંદુઓને વિનાશની સ્થિતિમાં મૂક્યા.' ગોડસેને પોતાનું નિવેદન પૂરું કરતાં પાંચ કલાક લાગ્યા હતા.

**ચૂકાદાનો અમલ :**

ગોડસે અને આપ્ટેને અંબાલાની જેલમાં તા. ૧૫ નવેમ્બર ૧૯૪૯ને દિન ફાંસી આપવામાં આવી. બન્ને જણાના હાથ પીઠ પાછળ બાંધી માંચડા પર લઈ જવામાં આવ્યા. ત્યાં જતી વખતે ગોડસેના પગ લથડતા હતા. એણે 'અખંડ ભારત' નબળા સાદે ઉચ્ચાર્યું અને પાછળથી આપ્ટેનો જોરદાર અવાજ આવ્યો 'અમર રહે.' એમની ડોક પર કાળું કપડું બાંધીને ફાંસીનો ગાળિયો પહેરાવવામાં આવ્યો. આપ્ટેનું મૃત્યુ તરત જ થયું પણ ગોડસેનો જીવ ૧૫ મિનિટ સુધી ન ગયો. એના પગ મરડાતા હતા તે ધીમે ધીમે શાંત થયા. બન્નેની ચિતા ત્યાં જ સળગાવવામાં આવી અને એમના અસ્થિ બીજે દિવસે ઢાઢર નદીમાં વહાવી દેવામાં આવ્યાં. ચિતાની જગ્યા ખેડી કાઢવામાં આવી હતી.

ગોડસેનો એકંદર દેખાવ માનસિક દુર્બળતા અને ભયયુક્ત હતો. જો કે એ હિંમતબાજ દેખાવાનો પ્રયત્ન વારંવાર તરડાયેલા નબળા અવાજે 'અખંડ ભારત' બોલી કરી રહ્યો હતો. એની તુલનામાં આપ્ટે સ્વસ્થ ચિત્તે મક્કમ ડગલાં ભરતો. ભયમુક્ત, છાતી કાઢીને ચાલતો હતો. ગોડસે માટે પછીથી કહેવાયું કે જેલના છેલ્લા દિવસો દરમિયાન પોતાના કાર્ય બદલ પસ્તાવો થયો અને જાહેર કર્યું કે જો બીજી તક આપવામાં આવે તો તે પોતાનું શેષ જીવન શાંતિ ફેલાવવામાં અને દેશસેવામાં ગાળવા માગે છે.

✶✶✶

'સરગમ', ૨૧/એ અલકા સોસાયટી, છાપરા રોડ, નવસારી.



ભાગ્ય પર બધું ન છોડો, પુરુષાર્થ પર અભિમાન પણ ન કરો.

# ગાંધીજીએ જીવનના છેલ્લા અઠવાડિયા દરમ્યાન કરેલાં નિવેદનો

૧૯૪૮ના જાન્યુઆરીનું છેલ્લું અઠવાડિયું ગાંધીજીના જીવનનું પણ છેલ્લું અઠવાડિયું હતું. એ દરમ્યાન તેમણે ઘણાં જ મહત્ત્વનાં નિવેદનો કર્યાં હતાં. એવા એક નિવેદનમાં, સ્વતંત્રતા આવ્યા પછી તેના નશામાં આવી જઈને આપણા લોકોમાં ઠાઠમાઠ અને ભપકાની દાખલ થયેલી ઘેલછાને તેમણે છેલ્લી વાર વખોડી કાઢી. તેમણે કહ્યું, કોંગ્રેસ આઝાદી માટે લડતી હતી ત્યારે તેણે પ્રજા આગળ સેવા, સાદાઈ અને ત્યાગના આદર્શો મૂક્યા હતા. 'કેટલાક લોકો એમ માનતા લાગે છેકે, હિંદના આગેવાનોએ તથા હિંદના એલચીઓએ તેમના સ્વતંત્ર દરજ્જાને છાજે એ રીતે રહેવું જોઈએ તથા પૈસા ખરચવા જોઈએ અને ઠાઠમાઠમાં સ્વતંત્ર અમેરિકા અને ઇંગ્લૅંડની હરીફાઈ કરવી જોઈએ. સ્વતંત્રતાનો અર્થ ઠાઠમાઠ અને ભપકો નથી. દુનિયામાં હિંદના દરજ્જાનો આધાર તેના બેઠા પ્રતિકારે તેને બક્ષેલી તેની નૈતિક સરસાઈ પર રહેશે. એમાં હજી કોઈ તેનો હરીફ મોજૂદ નથી.

'અમે મોટો પગાર ન માગીએ અને જૂના સનદી નોકરોની જેમ ઠાઠમાઠથી ન રહીએ તો અમારો ભાવ નહીં પુછાય' એવું જાણે તેઓ માનતા હોય એમ લાગે છે. હિંદની સેવા કરવાની એ રીત નથી. માણસ કેટલા પૈસા કમાય છે તેના પર તેનું મૂલ્ય અંકાતું નથી, એ તેમણે ભૂલવું ન જોઈએ. આત્મશુદ્ધિ માટે – એ પ્રક્રિયામાં સૌ કોઈએ ભાગ લેવો જોઈએ – સમ્યક્ વિચાર અને સમ્યક્ કાર્યની જરૂર છે.'

એક ભાઈએ તેમને લખ્યું છે કે, આપના ઉપવાસને પરિણામે આપનું મરણ થવા પામત, તો એથી આખોયે દેશ આંતરવિગ્રહના દાવાનળમાં ફેંકાઈ જાત. ગાંધીજીએ કહ્યું કે, એ ભીષણ શક્યતાનો પણ મારા મનમાં ખ્યાલ આવ્યો હતો. ભગવાન કૃષ્ણના અવસાન પહેલાં યાદવોએ આપસમાં લડીને પોતાનો વિનાશ કર્યો હતો. 'લોકો યાદવોની પેઠે પ્રમાદી અને દુરાચારી બન્યા હોય અને ઈશ્વરને એમ લાગે કે, નિકંદન સિવાય બીજો કોઈ રસ્તો નથી તો, મારા જેવા એક સામાન્ય માનવીને પણ એવી ભીષણ આપત્તિ માટેનું નિમિત્ત કદાચ તે બનાવે. પરંતુ ઉપવાસ દરમ્યાન મેં જે કંઈ જોયું તેથી મને આશા આવી કે, હિંદના નસીબમાં એવો આત્મવિનાશ લખાયો નથી.'

તેમના બીજા એક વક્તવ્યમાં તેમણે જણાવ્યું કે, સાંસ્કૃતિક સ્વાયત્તતા કૉંગ્રેસનું સૂત્ર છે. પરંતુ સ્થાનિક રાજકીય આગેવાનો પોતાને માટે સત્તા હાથ કરવાને એનો ગેરલાભ ઉઠાવે એવો ભય રહે છે. ભાષાવાર પ્રાંતરચનાના સિદ્ધાંતનો સંકુચિત પ્રાંતીયતાવાદ ખીલવવામાં ઉપયોગ કરવામાં આવે તો તે વિઘાતક થઈ પડશે. કૉંગ્રેસ સંસ્થામાં લાંબા સમય સુધી મહત્ત્વનો હોદ્દો ધરાવનાર એક પીઢ કૉંગ્રેસી આગેવાન તેમને મળ્યા પછી ગાંધીજીએ કહ્યું કે, પ્રાદેશિક વફાદારીને દેશભક્તિ કરતાં ઊંચું સ્થાન આપનાર સંકુચિત વૃત્તિથી તે પણ મુક્ત નથી, એ જોઈને મને ભારે દુઃખ થયું.

આઝાદી આવ્યા પછીના પહેલાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે –૨૬ જાન્યુઆરી, ૧૯૪૮–તેમણે ફરીથી સવાલ કર્યો કે, મેં તથા કૉંગ્રેસે જેનું સ્વપ્નું સેવ્યું હતું તે આ સ્વતંત્રતા છે ખરી?

૨૭ તારીખે સવારે મરોલીના વાર્ષિક ઉરસમાં હાજરી આપવાને તેઓ નીકળ્યા. ઇતિહાસમાં તે પૃથ્વીરાજની પ્રાચીન રાજધાની તરીકે પ્રસિદ્ધ છે. ખ્વાજા સૈયદ કુતબુદ્દીન બખ્તિયારની દરગાહ શરીફ ત્યાં આગળ છે. તોફાનો દરમ્યાન ત્યાં આગળ કેટલાક ભીષણ બનાવો બન્યા હતા. ત્યાં આગળ દર વર્ષે એક મોટો ધાર્મિક મેળો ભરાય છે. એ મેળામાં હિંદભરમાંથી કેવળ મુસલમાનો જ નહીં પણ હિંદુઓ સુધ્ધાં આવે છે. તોફાનોની પરિસ્થિતિને કારણે એ વરસે પ્રસ્તુત મેળો ન ભરાય એવી ભીતિ

## खादी के फूल

*बापू की पावन छाती से जो खून बहा,*
*यह गलत, उसे कपड़े-मिट्टी ने सोख लिया,*
*जड़ मिट्टी-कपडे में है इतनी शक्ति कहाँ,*
*बापू का तेजस-*
*पुंज रक्त*
*बर्दाश्त करें!*
*वह बापू के सीने से बाहर आते ही*
*अति प्रबल क्षिप्र विद्युत-धारा में परिवर्तित*
*हो, पैठ गया हर भारतवासी के तन में,*
*कोई जिसकी*
*रग में उनका*
*रक्त नहीं!*
*मैं सोच रहा था अब तक बात मनुष्यों की,*
*मेरी काली सतरों में लाली-सी झलकी,*
*क्या आज लेखनी को भी मेरी कलुष-मुखी*
*बापू के कण भर*
*लोहू का*
*रंग मिला?*

**❑ डॉ. हरिवंश राय 'बच्चन'**

રહેતી હતી. પરંતુ ગાંધીજીએ એ મેળો ભરવામાં આવે એને પોતાના ઉપવાસ છોડવાની એક શરત તરીકે મૂકી હતી. અને એ પૂરી કરવાની બધા પક્ષો બાંયધરી આપી હતી.

મુસ્લિમોનો ઉત્સવ ઉજવવા માટે દિલ્હીના હિંદુઓ, મુસલમાનો તથા શીખોની ભાઈચારાની લાગણીથી ઊભરાતી આટલી મોટી મેદની એકઠી થાય એવી કલ્પના થોડા દિવસ અગાઉ કોઈ પણ કરી શકત નહીં. સેંકડોની સંખ્યામાં હિંદુ તેમ જ શીખ બહેનોની હાજરી હતી. વાતાવરણ હિંદુ-મુસ્લિમ એકતાની પરાકાષ્ઠાના દિવસોની સુગંધથી મઘમઘી રહ્યું હતું.

ગાંધીજી સાથે તેમની મંડળીની ત્રણ બહેનો મેળામાં ગઈ હતી. નિયમ તરીકે બહેનોને દરગાહમાં અમુક જગ્યાથી આગળ જવા દેવામાં આવતી નથી. પરંતુ ગાંધીજીને ત્યાં આગળ લઈ જનારા મુસલમાનોએ કહ્યું કે, બહેનોને પાછળ મૂકી જવાની કશી જરૂર નથી. અમે તેમને 'સ્ત્રીઓ નહીં પણ મહાત્માજીની દીકરીઓ તરીકે લેખીએ છીએ.' પ્રસાદની મીઠાઈથી ભરેલો થાળ ગાંધીજીને ભેટ આપવામાં આવ્યો. આ તેમણે તેમની આસપાસના ટોળામાં વહેંચી દીધી. એક મુસલમાને એવી વિનંતી કરી કે, ગાંધીજીની મંડળીની બહેનો સાંજની પ્રાર્થના વખતે દરરોજ ગાય છે તે જ રીતે મુસ્લિમ પ્રાર્થના તેમણે ગાવી જોઈએ. તેમણે બહુ જ આનંદપૂર્વક એમ કર્યું.

છાપાંઓમાં એવી ખબરો પ્રસિદ્ધ થઈ હતી કે, પાકિસ્તાનની સરકારે બહાર પાડેલા નિવેદન પ્રમાણે, તાયફાવાળાઓના પ્રદેશમાંથી આવેલા હુમલાખોરોએ પેશાવરની પરચીનાર નિરાશ્રિત છાવણીમાં ૧૩૦ નિર્દોષ હિંદુઓ તથા શીખોને મારી નાખ્યા હતા. એવી ભીતિ સેવવામાં આવતી હતી કે, વસ્તુતાએ એથી ઘણી વધારે ખુવારી થવા પામી હતી. આમ છતાં, એ સમાચારને પરિણામે પાટનગરમાં લેશ માત્ર પણ હિંસા ફાટી નીકળી નહોતી. ગાંધીજીએ જણાવ્યું, 'અહિંસક હિંમત માટેની મારી હાકલનો શીખોએ અપેક્ષા કરતાંયે વધારે સારો જવાબ વાળ્યો છે.

## बापू

ऐसा भी कोई ज़ीवन का मैदान कहीं
जिसने पाया कुछ बापू से वरदान नहीं ?
मानव के हित जो कुछ भी रखता था माने
बापू ने सबको
गिनगिनकर
अवगाह लिया।

बापू की छाती की हर साँस तपस्या थी
आतीजाती हल करती एक समस्या थी
पल बिना दिए कुछ भेद कहाँ पाया जाने
बापू ने जीवन
के क्षण-क्षण को
थाह लिया।

किसके मरने पर जग भर को पछताव हुआ ?
किसके मरने पर इतना हृदय मथाव हुआ ?
किसके मरने का इतना अधिक प्रभाव हुआ ?
बनियापन अपना सिद्ध किया सोलह आने
जीने की कीमत कर वसूल पाईपाई
मरने का भी
बापू ने मूल्य
उगाह लिया।

□ **डॉ. हरिवंश राय 'बच्चन'**

સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિ જે રીતે કાશ્મીરનો સવાલ હાથ ધરી રહી હતી તેથી ગાંધીજીને ભારે નિરાશા થઈ. હિંદની ફરિયાદનો વિચાર કરવાને અને આક્રમણને પાછું ખેંચાવવાને બદલે, લોકમત લેવાની – એ કાશ્મીરનું ભાવિ નક્કી કરનાર હતો – પ્રાથમિક ભૂમિકા તરીકે, હિંદને પોતાનું લશ્કર કાશ્મીરમાંથી ખસેડી લેવાને કહેવાની બાજી તૈયાર થઈ રહી હતી. એ કેવળ મળતિયાઓની જ સંસ્થા બની ગઈ હોય અને જૂઠાણાને તથા દગાફટકાને ઘણાં ઊંચા ભાવ મળતા હોય એમ લાગતું હતું. દરગાહથી પાછાં ફરતાં ગાંધીજીએ કહ્યું, 'આપણે અતિશય સવાધાની નહીં રાખીએ તો, આપણા નામને કલંક લાગશે.'

દિલ્હીમાં કોમી પરિસ્થિતિ સુધરવા વિષેની ખાતરીઓનો ધોધ વહેતો હતો એ ધ્યાનમાં લઈને ગાંધીજીએ તેમની એક પ્રાર્થનાસભામાં એવું સૂચવ્યું હતું કે, એ દિશાના એક આગળના પગલા તરીકે, પ્રાર્થનાસભામાં આવનાર પ્રત્યેક શીખ તથા હિંદુએ પોતાની સાથે ઓછામાં ઓછા એક મુસલમાનને લઈ આવવો.

ગાંધીજી પ્રાર્થનામાંથી પાછા ફર્યા ત્યારે વિન્સન્ટ શીન નામના અમેરિકન લેખક ગાંધીજી સાથેની તેમની પહેલી મુલાકાત માટે રાહ જોતા હતા. એ મુલાકાત બીજે દિવસે ચાલુ રહી. તેમણે સાધન તથા સાધ્યની ફિલસૂફીની તેમ જ ગીતાની કર્મફળત્યાગની ફિલસૂફી વિષે ચર્ચા કરી.

ગાંધીજીના કહેવાનો સાર એ હતો કે, લોકો સાચી દૃષ્ટિ અને મૂલ્યોને વિષે સાચી સમજ કેળવે તો, અહિંસક સમાજવ્યવસ્થાની સિદ્ધિ દેખાય છે એટલી મુશ્કેલ નહીં લાગે.

ગીતાનો વિષય નથી હિંસા કે નથી અહિંસા પણ નિઃસ્વાર્થ કર્મ છે – એટલે કે, કર્મનાં ફળો ઈશ્વર પર છોડી દઈને અનાસક્ત ભાવે સાચાં સાધનો દ્વારા સાચાં કર્મો કરવાની ફરજ છે. ✶ ✶ ✶

સંકલન : **સોનલ પરીખ**



સત્ય બોલનારે દરેક શબ્દને તોળી તોળીને બોલવો પડે છે.

# મહાત્મા ગાંધીના પાર્થિવ દેહનો અંત

□ પ્યારેલાલ

ગાંધીજીના ઉપવાસ અગાઉ ગુજરાત રેલવે સ્ટેશન પર ગાડીમા થવા પામેલી કતલમાંથી બચી જવા પામેલા બન્નુના કેટલાક નિરાશ્રિતો જાન્યુઆરીની ૨૯મી તારીખે બપોર પછી ગાંધીજીને મળવાને બિરલા ભવન આવ્યા. તેમના પૈકીના એકે ગાંધીજીને કહ્યું: 'હવે આપ આરામ શાને નથી લેતા? આપ પૂરતું નુકસાન કરી ચૂક્યા છો. આપે અમારું સત્યાનાશ વાળ્યું છે. આપે હવે અમને અમારું ફોડી લેવા દેવું જોઈએ અને હિમાલયમાં જઈને વસવું જોઈએ. શોકથી અમે પાગલ બની ગયા છીએ.'

ગાંધીજી: 'મારો શોક તમારાથી ઓછો નથી.'

૨૯મી જાન્યુઆરીનો આખો દિવસ ભરચક કામકાજમાં પસાર થયો. દિવસને અંતે ગાંધીજી થાકીને લોથ થઈ ગયા. 'મારું માથું ભમે છે. છતાં મારે આ પૂરું કર્યે જ છૂટકો.' કૉંગ્રેસની કારોબારી સમિતિ માટે તેમણે ઘડી કાઢેલો કૉંગ્રેસના બંધારણનો મુસદ્દો–એ ઘડી કાઢવાનું તેમણે માથે લીધું હતું–બતાવીને આભા ગાંધીને તેમણે એ પ્રમાણે કહ્યું.

એક આશ્રમવાસીને તેમણે કહ્યું: 'મારે કોલાહલ અને ધમાલની વચ્ચે શાંતિ, અંધકારની વચ્ચે પ્રકાશ અને નિરાશાની વચ્ચે આશા ખોળવાની છે.'

રાજકીય પરિસ્થિતિનું અવલોકન કરતાં તેઓ મનમાં ને મનમાં વિચારવા લાગ્યા કે, સ્વતંત્રતાને અર્થે ઝૂઝનારા અને બલિદાનો આપનારા કૉંગ્રેસીઓ હવે જ્યારે સ્વતંત્રતાનો બોજો ઉઠાવવાનું તેમને માથે આવ્યું છે ત્યારે હોદ્દા અને સત્તાની મોહજાળને શાને વશ થતા હશે?' 'આ આપણને ક્યાં લઈ જશે? એ ક્યાં સુધી ચાલશે? આ રીતે આપણે દુનિયામાં આપણી પ્રતિષ્ઠા જાળવી શકીશું ખરા? હું ક્યાં ઊભો છું? આ અશાંતિની વચ્ચે અક્ષુબ્ધ શાંતિ અને સમતા પ્રાપ્ત કરવા માટે મારે શું કરવું જોઈએ?' અને પછી અલ્લાહબાદના મશહૂર કવિ નઝીરની જાણીતી ગઝલની કડી પારાવાર ગમગીનીભર્યા સૂરે તેમણે ઉચ્ચારી:

*હૈ બહારે બાગ દુનિયા ચંદરોઝ,*
*દેખ લો ઉસકા તમાશા ચંદરોઝ.*

પછી તેમને ઉધરસનું સખત ખાંખણું આવ્યું. એ શમાવવાને પેનિસિલીનની ગોળી ચૂસવાનું તેમને કહેવામાં આવ્યું ત્યારે, એકમાત્ર રામનામની શક્તિથી સાજા થવાનો તેમનો નિર્ધાર છેલ્લી વાર તેમણે ફરીથી ઉચ્ચાર્યો. તેમના માથાને માલિશ કરનાર તેમના એક પરિચારકને તેમણે કહ્યું: 'જો હું રોગથી મરું, અરે એક નાનકડી ફોડકીથીય મરું, તો તું દુનિયાને પોકારી પોકારીને કહેજે કે આ દંભી મહાત્મા હતો. તો જ હું જ્યાં હોઈશ ત્યાં મારા આત્માને શાંતિ થશે. રોગથી મરું તો દંભી મહાત્મા ઠેરવજે. પણ કોઈ મને ગોળીથી મારે અને તે સામી છાતીએ ઝીલું છતાં મોઢામાંથી સિસકારો ન નીકળતાં રામજીનું રટણ ચાલતું હોય તો જ કહેજે કે સાચો મહાત્મા હતો.'

* * *

સાથીને લખેલો આશ્વાસનનો પત્ર આ રીતનો હતો: 'તમારી દીકરી સુલોચનાના સ્વર્ગવાસની ખબર ચિ. કિશોરલાલે મોકલી... હું શું લખું? મરણ સાચો મિત્ર છે. આપણા અજ્ઞાનના માર્યા આપણે દુ:ખી થઈએ છીએ. આત્મા કાલે હતો, આજે છે અને ભવિષ્યમાં પણ રહેશે. શરીર તો જનારું જ છે. સુલોચના પોતાના દોષ સાથે લેતી ગઈ, ગુણને અહીં મૂકતી ગઈ. એને આપણે નહીં વીસરીએ ને ફરજ અદા કરવામાં વધારે સાવધાન થઈએ.'

સવારે ફરવા જવા જેટલું સારું તેમને ન લાગ્યું એટલે પોતાના ઓરડામાં જ જેમણે થોડી વાર આંટા માર્યા. પોતાની ઉધરસને શમાવવા માટે લવિંગના ભૂકાવાળી તાડગોળની ટીકડીઓ તેઓ લેતા હતા. લવિંગનો ભૂકો ખલાસ થઈ ગયો હતો. એથી મનુ તેમની સાથે જોડાવાને બદલે થોડી લવિંગ વાટવા બેઠી. તેણે તેમને કહ્યું, 'થોડી જ વારમાં હું આવું છું. નહીં તો સાંજે લવિંગના ભૂકાની જરૂર પડે તો તે હશે નહીં.' કોઈ પણ પોતાની તત્કાળની ફરજ છોડીને અનિશ્ચિત ભવિષ્યને માટે જોગવાઈ કરે એ ગાંધીજીને પસંદ નહોતું. તેમણે મનુને કહ્યું, 'રાત પડતાં પહેલાં શું થશે અને હુંયે જીવતો હોઈશ કે કેમ, એની કોને ખબર?'

રોજના સમયે પોતાના માલિશ માટે અતિથિગૃહમાંના મારા ઓરડામાં થઈને જતાં તેમણે કૉંગ્રેસ માટેના નવ બંધારણનો મુસદ્દો મને આપ્યો અને એ કાળજીપૂર્વક વાંચી જવાને મને કહ્યું. રાષ્ટ્ર માટેનું તેમનું એ છેલ્લું વસિયતનામું હતું. તેમણે કહ્યું, 'મારી વિચારણામાં તમને કાંઈ ગાબડાં નજરે પડે તો તમે તે ભરી કાઢજો. એ મુસદ્દો મેં ઘણી જ તાણ નીચે તૈયાર કર્યો છે.'

માલિશ થઈ ગયા પછી, ઉપર્યુક્ત મુસદ્દો મેં વાંચી લીધો કે કેમ એ તેમણે મને પૂછ્યું અને નોઆખાલીમાંના મારા અનુભવો તથા પ્રયોગોને આધારે મદ્રાસમાં ઝઝૂમી રહેલી ખોરાકની કટોકટીને કેવી રીતે પહોંચી વળવું, એ વિષે એક નોંધ તૈયાર કરવાને મને જણાવ્યું.

પછી તેમણે સ્નાન કર્યું. સ્નાન કરીને બહાર આવ્યા ત્યારે તેઓ ઘણાં જ પ્રફુલ્લ લાગતા હતા. આગલી રાતનો થાક અદૃશ્ય થયો હતો અને તેઓ તેમની હંમેશની પ્રસન્નતાથી ઊભરાતા હતા.

પછીથી તેમનું વજન લેવામાં આવ્યું. બંગાળી લખવાનો રોજનો પાઠ કર્યા પછી સાડા નવ વાગ્યે તેમણે બાફેલું શાક, ૧૨ ઔંસ

બકરીનું દૂધ, ચાર પાકાં ટામેટાં, ચાર મોસંબી, કાચા ગાજરનો રસ તથા આદું, ખાટાં લીંબુ તથા ઘૃતકુમારીના કાઢાનું ભોજન લીધું. ભોજન કરતાં કરતાં કૉંગ્રેસના બંધારણમાં મેં કરેલા ઉમેરા તથા ફેરફારો તેઓ એક પછી એક જોઈ ગયા અને પંચાયતના આગેવાનોની સંખ્યાના સંબંધમાં મૂળ મુસદ્દામાં ગણતરીની ભૂલ સુધારી.

મેં ગાંધીજીને પૂછ્યું હતું કે, કાશ્મીરના મુદ્દા પર બે સંસ્થાનો વચ્ચે કદાચ યુદ્ધ ફાટી નીકળે તો નોઆખાલીમાં અમે શું કરીએ એવી આપ અપેક્ષા રાખો ?

'તમે છૂટા હો ત્યાં સુધી લોકોને તમે પોતાનું રક્ષણ કરવાને શીખવવાનું ચાલુ રાખશો. અહિંસાના તમારા મિશન દરમ્યાન મરણ આવે તો તમે તેને ભેટશો. તેઓ તમને જેલમાં પૂરી દે તો તમે આમરણ ઉપવાસ કરશો. જેમનામાં એ તાકાત હોય તેઓ બહેનો પર જે કંઈ વીતે તેનાથી ડગ્યા વિના નોઆખાલીમાં રહેવાનું ચાલુ રાખે અને મોતનો મુકાબલો કરે. કાયરતાભરી પીછેહઠને અવકાશ જ નથી.'

નોઆખાલીમાં રચનાત્મક અહિંસાના હું જે કેટલાક પ્રયોગો કરી રહ્યો હતો અને તેમના આદેશથી તે પૈકીના કેટલાક હરિજનમાં મેં વર્ણવ્યા હતા તેનો ઉલ્લેખ કરીને ગાંધીજીએ વધુમાં જણાવ્યું : 'આ બધી વસ્તુઓ જાતે કરવાને હું કેટલું બધું ઝંખતો હતો ! આપણને જરૂર છે મરણનો ભય તજવાની અને જેમની આપણે સેવા કરતા હોઈએ તેમના હૃદયોમાં પ્રવેશ કરવાની અને તેમનો પ્રેમ સંપાદન કરવાની. એ તમે કર્યું છે. પ્રેમની સાથે તમે જ્ઞાન અને મહેનત જોડ્યાં છે. એક વ્યક્તિ પણ—પોતાની ફરજ પૂરેપૂરી અને સારી રીતે બજાવે તો તેમાં બધા આવી જશે.'

સાડા દશ વાગ્યે આરામ માટે તેઓ પોતાના ખાટલા પર પડ્યા અને ઝોકું ખાવા પહેલાં તેમનું રોજનું બંગાળી વાચન પતાવ્યું. જાગીને તેઓ સુધીર ઘોષને મળ્યા. સુધીરે લંડનના ટાઇમ્સ પત્રનું એક કતરણ તથા એક અંગ્રેજ મિત્રના પત્રમાંથી કેટલાક ફકરા ગાંધીજીને વાંચી સંભળાવ્યા. પત્રમાં દર્શાવવામાં આવ્યું હતું કે, પંડિત નેહરુ અને સરદાર પટેલ વચ્ચેના મતભેદો સંબંધમાં કાગનો વાઘ કરવાની કેટલાક લોકો ઝુંબેશ ચલાવી રહ્યા છે. એમાં સરદાર પટેલને કોમવાદી તરીકે ઉતારી પાડવામાં આવે છે અને પંડિત નહેરુની પ્રશંસા કરવાનો ડોળ કરવામાં આવે છે. ગાંધીજીએ કહ્યું કે, મને એની જાણ છે. એ સંબંધમાં વધારે શું કરવું એ હું વિચારી રહ્યો છું.

બાદ મુલાકાતો ફરીથી શરૂ થઈ. તેમને મળવા આવનારાઓ પૈકી સિલોનના ડૉ. ડી સિલ્વા અને તેમની દીકરી હતાં. ડૉ. ડી સિલ્વાની દીકરીએ તેમના હસ્તાક્ષર લીધા – એ કદાચ તેમના જીવનમાં તેમણે આપેલા છેલ્લા હસ્તાક્ષર હશે. પછીથી એક ફ્રેંચ ફોટોગ્રાફર આવ્યા. તેમણે ગાંધીજીને ફોટાઓનું એક આલબમ ભેટ આપ્યું.

ચાર વાગ્યે મુલાકાતો પૂરી થઈ. પછીથી ગાંધીજી સરદાર પટેલ સાથે – સરદાર પોતાની દીકરી સાથે આવ્યા હતા – પોતાના ઓરડામાં ગયા અને કાંતતાં કાંતતાં તેમની સાથે એક કલાક સુધી તેમણે વાતો કરી. તેમણે સરદારને કહ્યું, 'બેમાંથી – સરદાર અથવા પંડિત નેહરુ, – એકે પ્રધાનમંડળમાંથી નીકળી જવું જોઈએ એવો વિચાર અગાઉ મેં દર્શાવ્યો હતો એ ખરું, પરંતુ પછીથી હું એવા મક્કમ નિર્ણય પર આવ્યો છું કે, બંનેની હાજરી અનિવાર્ય છે. આજની ઘડીએ તમારા પક્ષકારો વચ્ચે કશું પણ ભંગાણ પડે એ આપત્તિકારક થઈ પડશે. ગાંધીજીએ વધુમાં કહ્યું કે, આજની સાંજની પ્રાર્થનાસભામાં હું મારા ભાષણમાં એ વિષય ચર્ચીશ. પ્રાર્થના પછી પંડિત નેહરુ મને મળવાના છે. તેમની સાથે પણ હું એ સવાલ ચર્ચીશ. તમારા બંને વચ્ચે વૈમનસ્યના પ્રેતને છેવટનું દફનાવવામાં આવે ત્યાં સુધી દિલ્હી છોડીશ નહીં.

સરદાર માટે આ ગાંધીજીનો છેલ્લો આદેશ બન્યો. એ પછી પણ પંડિત નેહરુ સાથે તેમનો દૃષ્ટિભેદ ચાલુ રહ્યો પરંતુ તેમને બાંધી રાખનારું વફાદારીનું બંધન અભેદ્ય બન્યું.

પણ સરદાર અને પંડિત નહેરુ વચ્ચે વિચારણીની ખેંચતાણ ચાલુ જ રહી. પરંતુ દેશના કલ્યાણને અર્થ સમર્પણની ભાવનાથી કાર્ય કરવાને બંને પ્રતિજ્ઞાબદ્ધ હતા. વખત વીતતાં લાગણીઓની ઉગ્રતા શાંત પડતાં તથા રાજવહીવટની ચિંતાઓનો તથા તેના બોજાનો ભાર પંડિત નેહરુ પર ઉત્તરોત્તર વધ્યે જતાં સરદારના અજોડ ગુણોની તેમની કદર પણ વધતી ગઈ.

* * *

સાડા ચાર વાગ્યે આભા ગાંધીજી આગળ તેમનું સાંજનું ભોજન લાવી. એ લગભગ સવારના ભોજન જેવું જ હતું. પ્રાર્થનાનો સમય લગભગ થવા આવ્યો હતો. પરંતુ સરદારની વાત હજી પૂરી થઈ નહોતી. બિચારી આભા ઊંચીનીચી થતી હતી. ગાંધીજી સમયપાલનને, ખાસ કરીને પ્રાર્થનાના સંબંધમાં, ભારે મહત્ત્વ આપતા હતા એ તે જાણતી હતી. પણ વચ્ચે બોલવાની તેની હિંમત ન ચાલી. આખરે તેની ધીરજ ખૂટી, ગાંધીજીનું ઘડિયાળ ઉપાડીને તેમનું ધ્યાન ખેંચવાને તેણે તે તેમની સામે ધર્યું. પણ કશું વળ્યું નહીં. તેની મૂંઝવણ ભાળીને સરદારના દીકરી વચ્ચે પડ્યાં. પ્રાર્થનાભૂમિ પર જવા માટે તૈયાર થવાને ઊભા થતાં ગાંધીજીએ સરદારને કહ્યું, 'હવે તો મારે ગયે જ છૂટકો.' જતાં રસ્તામાં તેમના એક પરિચારકે તેમને કહ્યું કે, કાઠિયાવાડથી આવેલા બે કાર્યકર્તાઓએ મુલાકાત માટે સમય માગ્યો છે. ગાંધીજીએ જવાબ આપ્યો, 'પ્રાર્થના પછી તેમને આવવાને કહો. ત્યારે હું તેમને મળીશ–જીવતો હોઈશ તો.'

પછી આભા અને મનુના ખભા પર પોતાના હાથ રાખીને તેમની

સાથે મજાક ઉડાવતા અને હસતા તેઓ પ્રાર્થનાભૂમિ તરફ ચાલ્યા.

પ્રાર્થના થતી હતી તે ચોતરા તરફ લઈ જતાં પગથિયાં પસાર કરતાં તેમણે કહ્યું: 'હું દશ મિનિટ મોડો છું. મોડા થવાનું મને બિલકુલ પસંદ નથી. બરાબર પાંચને ટકોરે પ્રાર્થનામાં હું હોઉં એ મને ગમે.'

ત્યાં વાતચીત એકદમ અટકી ગઈ. ગાંધીજી અને તેમની 'લાકડીઓ' વચ્ચે એવો ગુપ્ત કરાર હતો કે, પ્રાર્થનાભૂમિમાં દાખલ થતાંની સાથે સઘળી મજાક અને વાતચીત બંધ થઈ જવી જોઈએ – મનમાં કેવળ પ્રાર્થનાના જ વિચારો ઊભરાવા જોઈએ.

વ્યાસપીઠ પર પહોંચવા માટે મેદનીએ ગાંધીજીને માર્ગ કરી આપ્યો. જનમેદનીના અભિવાદનનો જવાબ વાળવાને ગાંધીજીએ બે બાળાઓના ખભા પરથી પોતાના હાથ ઉઠાવ્યા ત્યાં જમણી બાજુએથી લોકોને હડસેલીને માર્ગ કરતું કોઈક આવ્યું. તેનો હાથ પકડીને મનુએ તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેણે જોરથી તેને હડસેલી મૂકી અને પ્રણામ કરતો હોય તેમ, પોતાના હાથ જોડીને વાંકા વળી સાત બારની ઑટોમેટિક પિસ્તોલમાંથી છેક નજીકમાંથી એક પછી એક ત્રણ બાર કર્યા. તેણે એટલા બધા નજીકથી ગોળી છોડી હતી કે એક ગોળીનું કોચલું તો પાછળથી ગાંધીજીના કપડાંની ગડીમાંથી મળી આવ્યું હતું. પહેલી ગોળી પેટમાં જમણી બાજુએ ડૂંટીથી અઢી ઈંચ ઉપર વાગી હતી. બીજી ગોળી મધ્યરેખાથી એક ઈંચ જમણી બાજુએ સાતમી પાંસળીની નીચેની જગ્યાએ વાગી હતી અને ત્રીજી ગોળી છાતીની જમણી બાજુએ ઉરુ-સ્થળથી એક ઈંચ ઉપર અને મધ્ય-રેખાથી ચાર ઈંચને અંતરે વાગી હતી. પહેલી અને બીજી ગોળી શરીરની આરપાર નીકળી ગઈ હતી. ત્રીજી ફેફસામાં પુરાઈ રહી હતી. પહેલી ગોળી ગાંધીજીને વાગી ત્યારે તેમનો જે પગ ગતિમાં હતો તે વાંકો વળી ગયો. બીજી અને ત્રીજી ગોળી છૂટી ત્યારે પણ તેઓ પોતાના પગ પર ઊભા હતા. પછી તેઓ ઢળી પડ્યા. તેમના બોલેલા છેલ્લા શબ્દો હતા: 'રામ! રામ!'

તેમનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો. સફેદ કપડાં પર ફેલાતો જતો લાલ ડાઘ દેખાયો. જનમેદનીને નમસ્કાર કરવાને ઊંચા કરેલા હાથ ધીમેથી નીચે આવ્યા. એક હાથ આભાના ખભા પર તેની સ્વાભાવિક જગ્યાએ પડ્યો. શિથિલ થઈ ગયેલો દેહ ધીમેથી ઢગલો થઈને પડ્યો. આભી બની ગયેલી છોકરીઓએ ત્યારે જ જાણ્યું કે શું બનવા પામ્યું છે.

શહેરમાંથી પાછા ફરતાં, માર્ગમાં અમારે ઘેરથી મારા ભાઈની પાંચ વરસની દીકરીને મેં સાથે લીધી હતી. તે ગાંધીજીની લાડકી હતી અને તેણે એ સાંજે મારી સાથે બિરલા ભવન આવવાની હઠ પકડી હતી. અમે બિરલા ભવન પહોંચ્યા ત્યારે કોઈક સરદાર પટેલની મોટર લઈ આવવાને કહેતું હતું. એનો અર્થ એ હતો કે, પ્રાર્થનાસભામાં જવા માટે ગાંધીજી પોતાના આસન પરથી ઊઠ્યા હશે અને અમારે ઉતાવળ કરવી જોઈએ. હું સીધો જ પ્રાર્થનાભૂમિ તરફ જવા લાગ્યો અને મારી જોડેની બાળાને પોતાના બૂટ કાઢીને મારી પાછળ આવવાને મેં સૂચવ્યું. જેમાં થઈને પ્રાર્થનાસ્થળે જવાતું હતું તે પથ્થરના સ્તંભોની હારમાળા સુધી હું પહોંચ્યો ન પહોંચ્યો ત્યાં ગાંધીજીના એક મદદનીશ બી. પી. ચંદવાણી સામી દિશામાંથી દોડતા આવ્યા. તેમણે બૂમ પાડીને કહ્યું, 'તત્કાળ દાક્તરને બોલાવવાને ફોન કરો. બાપુને ગોળીથી ઠાર કરવામાં આવ્યા છે!'

હું તો સડક થઈને ઊભો. યંત્રવત્ મેં કોઈકને ફોન કરીને દાક્તરને બોલાવવાને કહ્યું.

સૌ કોઈ આભાં બની ગયાં હતાં. ગાંધીજીની પાછળ આવનાર મારી બહેનની મિત્ર લેડી હાર્ડિંજ મેડિકલ કૉલેજની એક સ્ત્રી દાક્તરે હળવેથી તેમનું માથું ઊંચકીને પોતાના ખોળામાં મૂક્યું–તેમનો દેહ તેની સામે ઊંબડો પડ્યો હતો અને કંપતો હતો અને આંખો બંધ હતી. ખૂની નથુરામ ગોડસેને બિરલા ભવનના માળી રઘુએ પકડ્યો અને થોડી ખેંચતાણ પછી બીજાઓની મદદથી તેને મજબૂત રીતે કબજામાં લેવામાં આવ્યો.

નિશ્ચેષ્ટ અને શિથિલ દેહને મિત્રો અંદર ઊંચકી લઈ ગયા. જ્યાં તેઓ બેસતા અને કામ કરતા હતા તે સાદડી પર તેમણે હળવેથી તે મૂક્યો, પણ કશું પણ કરી શકાય તે પહેલાં પ્રાણપંખેરું ઊડી ગયું હતું. તેમને અંદર લાવ્યા પછી એક નાની ચમચી ભરીને મધ તથા ગરમ પાણી તેમના મોંમાં મૂકવામાં આવ્યું. પણ તે અણગળ્યું જ રહ્યું. મરણ લગભગ તત્કાળ થયું હોવું જોઈએ. બીજે દિવસે મળેલો મરણોત્તર હેવાલ આ પ્રમાણે હતો: 'પિસ્તોલમાંથી ફોડવામાં આવેલી ગોળીઓથી થયેલી ઈજાને કારણે શરીરની અંદર લોહી વહેવાથી તથા આઘાતથી મોત થવા પામ્યું હતું.'

ગાંધીજીના સાથીઓ પૈકી સૌથી પહેલા આવનાર સરદાર પટેલ હતા. સરદાર તેમની નજીક બેસી ગયા, તેમની નાડી જોઈ અને માન્યું કે હજી તે મંદ મંદ ચાલે છે. ડૉ. ભાર્ગવે નાડ તપાસી અને પછી આંખની પ્રતિક્રિયા તપાસી અને પછી ધીમેથી બોલ્યા, 'દશ મિનિટથી અવસાન પામ્યા છે.' ડૉ. જીવરાજ મહેતા ડૉ. ભાર્ગવના ચહેરા પર નજર માંડીને સામે ઊભા હતા. તેમણે અફસોસપૂર્વક પોતાનું ડોકું ધુણાવ્યું. આભા અને મનુ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. પરંતુ થોડી જ વારમાં તે બંને સ્વસ્થ થઈ ગઈ અને રામધૂન ગાવા લાગી. મહાત્માના નિષ્પ્રાણ દેહની પાસે સરદાર વજ્ર સમાન કઠણ પણ નંખાઈ ગયેલે ચહેરે બેઠા હતા. પછી પંડિત નેહરુ આવ્યા. ગાંધીજીનાં કપડાંમાં પોતાનું મોં ઢાંકી દઈને બાળકની જેમ તે રડી પડયા. સરદાર પટેલે પ્રેમથી તેમની પીઠ પંપાળીને તેમને આશ્વાસન આપ્યું. એ પછી મહાત્માના સૌથી નાના દીકરા દેવદાસ આવ્યા.

બહુ જ હળવેથી પોતાના પિતાના હાથ પોતાના હાથમાં લઈને તેમણે ભરપૂર આંસુ સાર્યાં. પછીથી મૌલાના આઝાદ, જયરામદાસ દોલતરામ, રાજકુમારી અમૃતકોર, આચાર્ય કૃપાલાની તથા કનૈયાલાલ મુનશી વગેરે આવ્યા. લૉર્ડ માઉન્ટબેટન તે જ દિવસે મદ્રાસથી ઍરોપ્લેનમાં પાછા ફર્યા હતા.તે બિરલા ભવન આગળ આવ્યા ત્યારે બહાર માનવમેદનીનો ધસારો એટલો બધો ભારે હતો કે, મહામુશ્કેલીથી તે અંદર આવી શક્યા.

સૌ આભા બની ગયા હતા. સરદાર પટેલને તો જાણે ભાંગીને ભૂકો જ થઈ ગયા જેવું લાગતું હતું. પાછળથી તેમણે મને કહ્યું, 'બીજાઓ તો રડી શકે અને એ રીતે આંસુ સારીને પોતાનો શોક હળવો કરી શકે. હું એ કરી શકતો નથી. પણ એને લઈને મારા મગજનો લોચો થઈ જાય છે.'

પાસેના ઝાંખા પ્રકાશવાળા ઓરડામાં પંડિત નેહરુ ખુરસી પર બેઠા હતા. બીજે દિવસે નીકળનારી સ્મશાનયાત્રાની તેમ જ અગ્નિસંસ્કારની વિધિની ગોઠવણ વિષે તેમના દિલમાં ઊંડી ગડમથલ ચાલી રહી હતી. પાછળથી તેમણે એ પ્રસંગ આ રીતે વર્ણવ્યો હતો : 'એકાએક મને વિચાર આવ્યો, ચાલ જઈને એ વિષે બાપુની સલાહ લઉં...પછીથી મને પ્રતીતિ થઈ. અમારી બધી જ મુશ્કેલીઓ તેમની પાસે લઈ જવાને મન એટલું બધું ટેવાઈ ગયું હતું.'

એક ક્ષણ પણ ગુમાવ્યા વિના, પીઢ સૈનિક માઉન્ટબેટને, કુટુંબના વડીલ તરીકે, આખીયે પરિસ્થિતિનો બોજો પોતાના પર ઉપાડી લીધો. પોતાના મિત્રના દેહ પાસેથી સીધા પંડિત નેહરુ પાસે જઈને, પોતાની સાથે જોડાવાને તેમણે સરદાર પટેલને ઇશારો કર્યો અને કહ્યું : 'તમને બંનેને સાથે લાવવાને તથા તમને મિત્રો રાખવાને મારાથી થઈ શકે તે બધું કરી છૂટવાની ગાંધીજીની છેલ્લી વિનંતી મને હતી.' બંનેના સહિયારા શોકમાં કશા પ્રોત્સાહનની જરૂર હતી જ નહીં. તેમણે તેમના માથાં હલાવ્યાં અને કશું બોલ્યાચાલ્યા વિના તેઓ એકબીજાને ભેટ્યા. વળી, લૉર્ડ માઉન્ટબૅટનની વિનંતીથી રાત્રે તેમણે બંનેએ આકાશવાણી પરથી પ્રવચન કર્યું.

ગાંધીજીના દેહને રાસાયણિક પ્રક્રિયા કરીને જાળવી રાખવાની અને કંઈ નહીં તો અમુક સમય સુધી તેને દબદબાપૂર્વક રાખવાની સૂચના કરવામાં આવી. અવસાન બાદ ભૌતિક દેહનું બુત કરવા સામે ગાંધીજીનો તેથી કટ્ટર વિરોધ હતો. તેમના મૃતદેહને જાળવી રાખવાનો વિચાર પડતો મૂકવામાં આવ્યો.

બાકીની આખી રાત દરમ્યાન, ગાંધીજીની મંડળીના સભ્યોના ગીતાના તથા ત્યાં હાજર રહેલા શીખોના સુખમની સાહેબના (શીખોનો એક ધર્મગ્રંથ) મધુર પારાયણે ઓરડાની નિઃશબ્દતાને ભરી દીધી, જ્યારે બહારની બાજુએ માનવસાગરનું દર્શન માટે ભારે દબાણ થઈ રહ્યું હતું. મૃતદેહને સુવાડવામાં આવ્યો હતો તે ઓરડાના સઘળાં બારી તથા બારણાં આગળ અશ્રુભીની અને શોકપૂર્ણ આંખોથી લોકો ઊભા હતા અને તેમના ફીકા પડી ગયેલા ગમગીન ચહેરા કાચ સામે દેખાતા હતા. થોડી મસલતો પછી દેહને ઉપર લઈ જઈને બધા લોકો દર્શન કરી શકે તે માટે ઝરૂખામાં મૂકવામાં આવ્યો. ફાનસનો ઝળહળતો પ્રકાશ નિશ્ચેષ્ટ ચહેરાને મૃદુ તેજસ્વિતા અર્પતો હતો.

રાત્રે આકાશવાણી પર પંડિત નેહરુનો અવાજ સંભળાયો: *'મિત્રો...આપણા જીવનમાંથી પ્રકાશનો લોપ થયો છે અને સર્વત્ર અંધકાર છવાઈ ગયો છે. તમને મારે શું કહેવું અને કેવી રીતે કહેવું એની મને સૂઝ પડતી નથી. જેમને આપણે બાપુ કહીને સંબોધતા હતા તે આપણા રાષ્ટ્રપિતા, આપણા વહાલા નેતા આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે...આ બધાં વરસો દરમ્યાન આપણે તેમને જોતા આવ્યા હતા તેમ હવે પછી ફરીથી આપણે તેમને જોવા પામવાના નથી. હવે પછી, તેમની સલાહ લેવાને કે તેમની પાસેથી સાંત્વન મેળવવાને આપણે તેમની પાસે જઈ શકવાના નથી. અને એ એક જબરદસ્ત ફટકો છે...હું આગળ કહી ગયો કે પ્રકાશનો લોપ થયો છે. પણ એમ કહેવામાં મારી ભૂલ થતી હતી. કેમ કે, આ દેશમાં જે પ્રકાશ ઝળહળતો હતો તે કોઈ સામાન્ય પ્રકારનો પ્રકાશ નહોતો. આ બધાં વરસો દરમ્યાન જે પ્રકાશ આ દેશને અજવાળતો રહ્યો હતો તે અનેક વરસો સુધી આ દેશને અજવાળતો રહેશે અને હજાર વરસ પછી પણ એ પ્રકાશની પ્રભા આ દેશમાં દેખાતી રહેશે તથા દુનિયા પણ તે જોશે અને અગણિત માનવીનાં સંતપ્ત હૃદયોને તે સાંત્વન આપતી રહેશે. કેમ કે, એ પ્રકાશ જીવંત સત્યનો દ્યોતક હતો અને સાંત્વન સત્ય વ્યક્ત કરતો શાશ્વત માનવી આપણી પડખે હતો. તેણે સાચા રાહનું આપણને સ્મરણ કરાવ્યું, સ્ખલનમાંથી આપણને પાછા વાળ્યા અને આ પ્રાચીન દેશને સ્વાધીનતાને મંદિરે પહોંચાડ્યો.'*

મળસ્કે મૃતદેહને સ્નાન કરાવવામાં આવ્યું અને તેને ચંદનનું તિલક કરવામાં આવ્યું. પછી તેને પુષ્પાચ્છાદિત ઓરડામાં સુવાડવામાં આવ્યો. પછીથી એલચી મંડળના સભ્યો આવ્યા અને પગ આગળ ફૂલોનો હાર મૂકીને તેમણે મૂક અંજલિ આપી.

મૃતદેહને ફરીથી ઉપલા માળ પર લઈ જઈને ઝરૂખામાં મૂકવામાં આવ્યો. બપોરે સાડા અગિયાર વાગ્યે શબવાહિની બિરલા ભવનની બહાર લઈ જઈને ફૂલોથી શણગારેલી શસ્ત્રગાડીમાં મૂકવામાં આવી. સ્મશાનયાત્રા શરૂ થવાની તૈયારી હતા ત્યાં એકાએક દરવાજા આગળ ખળભળાટ થયો. સાથે સાથે ટોળાએ વિભક્ત થઈને માર્ગ કરી દીધો. સુશીલા લાહોરથી એ જ વખતે આવી પહોંચી હતી.

✶ ✶ ✶

[ 'પૂર્ણાહુતિ' ભાગ - ૪ માંથી ટૂંકાવીને ]



*આપવું હોય તો પોતાનો શ્રેષ્ઠ અને સત્યપૂર્ણ હિસ્સો આપો.*




# અંતિમયાત્રા અને અસ્થિવિસર્જન

❑ પ્યારેલાલ

અગ્નિસંસ્કાર માટેની વ્યવસ્થા કરવાનો હવાલો સંરક્ષણ ખાતાએ સંભાળી લીધો હતો. એ કાર્ય એટલું જબરદસ્ત હતું કે, એ પાર પાડવાનું કોઈ પણ પ્રજાકીય સંસ્થાના ગજાની બહાર હતું. આખુંયે શહેર ખળભળી ઊઠ્યું હતું. એટલે તોફાન ફાટી નીકળવાની અને એને પરિણામે આખા દેશમાં હિંસાનો દાવાનળ ફેલાઈ જવાની શક્યતા ભયભીત કરી મૂકતી હતી. લશ્કરે રાતભરમાં શસ્ત્રગાડીને શબવાહિનીના રૂપમાં ફેરવી નાખી. તેની વચ્ચેના ભાગમાં તૈયાર કરવામાં આવેલા ઊંચા વ્યાસપીઠ પર મૃતદેહને સુવાડવામાં આવ્યો. તે ત્રિરંગી રાષ્ટ્રધ્વજથી આચ્છાદિત હતો અને ફૂલમાળાઓ તથા ફૂલોના ઢગલામાં અડધો દટાયેલો હતો. તેની જમણી બાજુએ ગાંધીજીના ત્રીજા પુત્ર રામદાસ, ડાબી બાજુએ સરદાર પટેલ અને સામે દેવદાસ ગાંધી બેઠા હતા. ગાંધીજીના 'કુટુંબ'ના બીજા સભ્યો અને આગેવાનો વારાફરતી એ વાહન પર મૃતદેહની નજીક બેઠા અથવા રામધૂન ગાતા ગાતા તેની પાછળ ચાલ્યા.

લશ્કર, નૌકાસૈન્ય તથા હવાઈ દળના બસો માણસોની બનેલી ટુકડી ચાર મજબૂત દોરડાં વતી એ ગાડીને ખેંચતી હતી. ચાર હજાર સૈનિકો, એક હજાર હવાઈ દળના માણસો અને એક હજાર પોલીસો શબવાહિનીની આગળ તથા પાછળ ચાલતા હતા. ગવર્નર-જનરલના ઘોડેસવાર અંગરક્ષકો સફેદ ધજા ફરકાવતા સૌની આગળ ચાલતા હતા. આખે રસ્તે સૈનિકો, પોલીસો તથા રણગાડીઓ જનમેદનીને અંકુશમાં રાખવાના કાર્યમાં મદદ આપતાં હતાં.

સ્મશાન-સરઘસ બહુ જ મંદ ગતિથી શોકપૂર્ણ મૌનથી ચાલતું હતું. મહાત્મા ગાંધીકી જયના પ્રચંડ પોકારોથી કવચિત્ કવચિત્ એમાં ભંગ પડતો હતો. એક કલાક બાદ સરઘસ યુદ્ધસ્મારકની કમાન આગળ આવી પહોંચ્યું. ફરતેના હોજમાં થઈને લોકો રાજા પંચમ જ્યોર્જના પૂતળાની બેઠક આગળ આવી પહોંચ્યા. સ્મશાન-સરઘસને વધારે સારી રીતે જોઈ શકાય એ માટે લોકો પથ્થરના છત્રને ટેકવી રાખતા થાંભલાઓ પર લટકતા હતા, ૧૫૦ ફૂટ ઊંચા યુદ્ધસ્મારકની ટોચ પર બેઠા હતા, દીવાના તથા ટેલિફોનના થાંભલાઓ પર બેઠા હતા તથા રસ્તાની બંને બાજુ પરનાં ઝાડોની ડાળીઓ પર બેઠા હતા. આખુંય દૃશ્ય જાણે માનવસાગર ઊલટ્યો હોય એવું હતું. અને દૂરથી તો એ લગભગ સ્થિર હોય એમ જણાતું હતું. સરઘસ હાર્ડિંજ એવન્યૂ અને દિલ્હી દરવાજા આગળ આવી પહોંચતાં હવાઈ દળનાં ત્રણ વિમાનો વારંવાર નીચે ઊતરી આવીને સરઘસ પર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યાં.

ચાર ને વીસ મિનિટે જમના નદીની બાજુમાં આવેલી સ્મશાનભૂમિ આગળ સરઘસ આવી પહોંચ્યું. છેક સવારથી લોકો ત્યાં એકઠા થવા લાગ્યા હતા. સ્મશાનની આસપાસનો આખો વિસ્તાર નજર પહોંચે ત્યાં સુધી, શોકગ્રસ્ત ચહેરાઓનો સાગર હતો. એ અફાટ મેદની વારંવાર આગળ ધસવાનો પ્રયત્ન કરતી હતી. ચિતાની ફરતે રચવામાં આવેલી કૉર્ડન તેણે તોડી નાખી; લશ્કરના માણસો મેદનીને પાછી ખસેડવા જહેમત ઉઠાવી રહ્યા હતા. ઘોડેસવાર અંગરક્ષકોએ મહામુસીબતે તેને ચિતા પર ધસી આવતી રોકી રાખી. કેટલાંય બાળકો બેશુદ્ધ થઈ ગયાં, સરદાર પટેલ, પંડિત નહેરુ તથા લેડી માઉન્ટબેટન કેટલાંક બાળકોને ઊંચકીને સલામત સ્થળે તેમને મૂકી આવતાં જોવામાં આવ્યાં.

આખરે મૃતદેહને શસ્ત્રગાડી પરથી નીચે ઉતારીને અગ્નિસંસ્કાર પહેલાંની અંતિમ વિધિ કરવા માટે ચિતા પાસે ઊભા કરવામાં આવેલા ઊંચા વ્યાસપીઠ પર મૂકવામાં આવ્યો. સાડા ચાર વાગ્યે દેહને ચિતા પર મૂકવામાં આવ્યો. અગ્નિદાહ માટે પંદર મણ સુખડ, ચાર મણ ઘી, બે મણ સુગંધી પદાર્થો, એક મણ નાળિયેરો અને પંદર શેર કપૂર લાવવામાં આવ્યાં હતાં. મૃતદેહના પગ આગળ ફૂલમાળાઓ મૂકવામાં આવી. પાટનગરના એલચીઓના અગ્રણી ચીની એલચીએ એમાં પહેલ કરી. પછીથી દેહ પર ઓઢાડવામાં આવેલો હિંદી રાષ્ટ્રધ્વજ ઉઠાવી લેવામાં આવ્યો. દેવદાસ ગાંધીએ પવિત્ર ગંગાજળ છાંટવામાં આવેલા પોતાના પિતાના દેહ પર સુખડનાં કાષ્ઠ મૂક્યાં. વેદોની ઋચાઓના ગાન વચ્ચે તેમના મોટા ભાઈ રામદાસ ગાંધીએ ચિતા સળગાવી.

અગ્નિસંસ્કારની વિધિ ચાલી રહી હતી તે દરમ્યાન લૉર્ડ તથા લેડી માઉન્ટબૅટન તેમની બે દીકરીઓ સાથે બીજા બધાઓની જોડે જમીન પર બેઠાં રહ્યાં. ઘણા 'જૂના જોગીઓ' ધ્રુસકે ધ્રુસકે રોતા જોવામાં આવ્યા. સરદાર પટેલ પૂતળાની જેમ અચળ બેઠા હતા.

પોણા પાંચ વાગ્યા હતા. અગ્નિની જ્વાળાઓ ધીમે ધીમે લાકડાંના ટુકડાઓને સ્પર્શવા લાગી. એ વખતે ચિતાની આસપાસની મેદની એક મિનિટનું મૌન પાળીને રાષ્ટ્રપિતાને છેલ્લી અંજલિ આપવાને ઊભી થઈ. આથમતા સૂર્યની સામે અગ્નિની રાતી જ્વાળાઓ ઊંચી ને ઊંચી જવા લાગી. વિશાળ મેદનીમાંથી ગગનભેદી પોકાર ઊઠ્યો– 'મહાત્મા ગાંધી અમર હો ગયે.' જ્વાળાઓ મહાત્માના પાર્થિવ દેહને ભરખી રહી હતી ત્યારે, એ અંતિમક્રિયા

असतो मा सद् गमय
तमसो मा ज्योतिर्गमय
मृत्योर्मामृतं गमय







એ વેદની પ્રાર્થનાને પરિપૂર્ણ કરી રહી હતી.

ધૂપ વગેરે સુગંધી પદાર્થોની સુવાસ સમગ્ર વાતાવરણમાં વ્યાપી ગઈ. પછી તો ભડકો એટલો ઉગ્ર બન્યો કે, પહેલી હારમાં બેઠેલાઓ ત્યાં ટકી ન શક્યા. સાંજે છ વાગ્યે મહાત્માનો દેહ સંપૂર્ણપણે ભસ્મરૂપ બની ગયો.

સૂર્ય આથમતાં મેદની વિખેરાવા લાગી. અમે પાછા ફર્યા ત્યારે બિરલા ભવન અંધકારમાં ડૂબી ગયું હતું. તેમની હાજરીએ હજી ગઈ કાલ સુધી જેને દુનિયાના કેન્દ્રના રૂપમાં પલટી નાખ્યો હતો એ તેમના સ્મશાન-શાંતિવાળા દીવારહિત ઓરડામાં પેલો સવાલ ફરીથી મારા મનમાં ઊઠ્યો. ગાંધીજી હંમેશાં કહેતા હતા કે, અહિંસા દુનિયામાં સૌથી વધારે સક્રિય બળ છે. એ સઘળી મુશ્કેલીઓ પાર કરે છે અને તેની આગળ દ્વેષમાત્ર અવશ્ય ઓગળી જાય છે. તો પછી, અહિંસાના અવતાર સમા તેઓ ખૂનીની ગોળીનો ભોગ શાને બન્યા? એ કોયડાની ગૂઢતાએ મને હંફાવી મૂક્યો. અને પછી અંતરની ગડમથલ શાંત પડતાં સીધો અને સ્પષ્ટ જવાબ લાધ્યો.

પોતાના અંત દ્વારા ગાંધીજીએ આપણે માટે એ પ્રશ્નાર્થનું ચિહ્ન દૂર કર્યું. 'આપણાં કાર્યો આપણાં છે, તેનાં પરિણામો આપણાં બિલકુલ નથી.' માણસ ઘટનાઓ પર હંમેશાં અંકુશ રાખી શકતો નથી, કેમ કે દૈવં ચૈવાત્ર પંચમમ્ પ્રમાણે એ અજ્ઞાત નિયતિને અધીન છે. પરંતુ સત્યાગ્રહી તેમાંથી અનિષ્ટ તત્ત્વ હંમેશાં દૂર કરી શકે છે અને વિષ પ્રત્યે સત્ય અને અહિંસાને અનુસરીને સાચો વર્તાવ દાખવીને તેને અમૃતમાં પલટી નાખે છે અને એ રીતે જીવનના અકસ્માતોમાંથી તેમનો ડંખ અને મૃત્યુ પાસેથી તેનો વિજય હરી લે છે.

પોતાની કારકિર્દીની પરાકાષ્ઠાને સમયે અને જાણે જીવનભરની સેવાના બદલા રૂપ હોય તેમ ખૂનીની ગોળીઓ, પોતાના દિલમાં ઈતરાજી કે ક્રોધ વિના અને પોતાની અંતિમ સભાન ક્ષણ સુધી રામનું નામ રટતાં અને ખૂનીને માટે પ્રાર્થના કરતાં કરતાં ઝીલીને ગાંધીજીએ એ કરુણ ઘટનાને વિજય અને કૃતકૃત્યતામાં પલટી નાખી. એ રીતે તેમણે સત્યાગ્રહના કેન્દ્રવર્તી સત્યને રોમાંચક રીતે પ્રદર્શિત કરી બતાવ્યું – બીજી કોઈ પણ રીતે એ ન કરી શકત – કે, નિષ્ફળતાને તે સફળતાની દિશાના પગથિયામાં પલટી નાખે છે, શરણાગતિ દ્વારા વિજય મેળવે છે અને હારવા છતાં અને કેટલીક વાર હાર દ્વારા જીતે છે; એ કદી પણ નિષ્ફળ નીવડતો નથી. પોતાના સમગ્ર જીવન દરમ્યાન જેને માટે તેમણે પરિશ્રમ અને જહેમત ઉઠાવ્યાં હતાં તે કોમી એકરાગની સ્થાપના કરવામાં પોતાના જીવનકાળ દરમ્યાન તેઓ વિફળ નીવડ્યા હતા. તે એટલે સુધી કે, વધુ ને વધુ લોકો ખુદ તેના પાયાને વિષે પણ શંકા કરવા લાગ્યા હતા. તેમના અવસાને, એક સપાટે એ સવાલને સદાને માટે નિર્વિવાદ બનાવી મૂક્યો.

'અહિંસા આખી દુનિયાને આવરી લઈ શકે એવું તેમણે જેને વિષે કહ્યું હતું તે અહિંસાની તાકાતનું રહસ્ય તેઓ પામ્યા હતા?' એ સવાલનો જવાબ પણ એ પૂરો પાડે છે. એક જ વિચાર સમગ્ર દુનિયાને આવરી લઈ શકે, એમ તેમણે જાહેર કર્યું હતું પરંતુ સાથે સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે, વાણી અને કાર્યમાં તેને પૂરેપૂરી રીતે વ્યક્ત કરવામાં દેહધારી કોઈ પણ માનવી ક્યારેયે સફળ થયો નથી. 'વાણી કે કાર્યના વાઘામાં વિચારને સજ્જ કરવાનો પ્રયાસ સ્વતઃ તેને સીમિત કરે છે.' એથી કરીને, કેટલાક વખતથી તેઓ કહેવા લાગ્યા હતા કે, હું મારી પાછળ અહિંસાનો એક સંપૂર્ણ દાખલો મૂકતો જઈ શકું તો, મેં મારું કર્તવ્ય બજાવ્યું છે, એવો પૂરેપૂરો સંતોષ મને થશે. આ અવનિ પરથી ચાલ્યા જવાની રીતમાં તેમની આકાંક્ષાના એ એક પૂર્ણ કાર્યને પૂરેપૂરી રીતે મૂર્તિમંત કરીને અહિંસામાં સુષુપ્તપણે રહેલી સંપૂર્ણ તાકાત કેવી રીતે મુક્ત કરી શકાય અને એ શક્તિ મુક્ત થાય ત્યારે તે શું સિદ્ધ કરી શકે એ તેમણે દર્શાવી આપ્યું.

આવો પુરુષ કદી મરતો નથી. 'તે જીવે છે, તે જાગે છે–મૃત્યુ મરણ પામ્યું છે, તે નહીં.'

*જીવે છે નિત્ય 'એ' એક, જાગતો પણ 'એ' જ છે,*
*થાય છે મૃત્યુનું મૃત્યુ, કિન્તુ અ-મૃત 'એ' રહે.*
*અન્યાયો ખમતા એવા વિશ્વના બોજનો સહુ*
*વહે જે ભાર ને એની રક્ષાએ કરતો રહે;*
*દુઃખભાગી બને એનું સમગ્ર વિશ્વ એ સમે*
*મર્ત્યભાગ્ય રહે તોયે શી રીતે એ મરે કહો?*
*ઘડીક શોધશો એને ના દેખાતો ઘણી ક્ષણો!*
*તદનુ કૈં નિહાળીને દૃષ્ટિ જો નાખશો કદી,*
*પેખશો ધરતો એને રૂડું મૃત્યુંજયી મુખ.*
*કાલને ગ્રસતો કાલ, કિન્તુ એ જીવતો ચિરમ્.*

* * *

ચિતા ચૌદ કલાક બળી અને તે પછી ભસ્મ ઠંડી પડે તે માટે બીજા સત્તાવીસ કલાક તેને જેમની તેમ રહેવા દીધા પછી એ બળી રહેલી ચિતામાંથી ભસ્મ અને ફૂલો એકઠાં કરીને કુંભમાં ભરવામાં આવ્યાં. ભસ્મ ભરેલા એ તાંબાના કુંભને માળાઓ તથા ફૂલો ચડાવી બિરલા ભવન લઈ જવામાં આવ્યો અને ભસ્મવિસર્જનના દિવસ સુધી તે ત્યાં રાખવામાં આવ્યો. સાંજે રાજઘાટ આગળ પ્રાર્થના કરવામાં આવી. એમાં ભાગ લેનારાઓ પૈકી ગાંધીજીના વહાલા મિત્ર અલીગઢના ચુસ્ત રાષ્ટ્રવાદી મુસ્લિમ આગેવાન ખ્વાજા અબ્દુલ મજીદ હતા. તેમણે કુરાનમાંથી નીચેની આયતો વાંચીઃ



*પ્રાર્થના માટે ભાવ જરૂરી છે, શબ્દો નહીં.*

''હે ઈમાનદારો, સબૂરી અને ખામોશી દ્વારા ખુદાની મદદ યાચો. અને ખુદાની સેવા કરતાં કરતાં મરણને ભેટનારાઓને મરેલા ન માનશો. તેઓ જીવતા છે, જોકે તમે સમજી શકતા નથી...નિયત કરવામાં આવેલે સમયે ખુદાની પરવાનગી વિના કોઈ પણ મરી શકતું નથી.''

ભસ્મ એકત્ર કરવામાં આવી અને તેનું વિસર્જન કરવામાં આવ્યું તે વચ્ચેનો દશ દિવસનો ગાળો સૌને માટે પ્રાર્થનાપૂર્વકની અંતઃખોજનો હતો. ગાંધીજી અમને કહેતા હતા, 'મારા અવસાન પછી, કોઈ એક જ વ્યક્તિ સંપૂર્ણપણે મારું પ્રતિનિધિત્વ કરી શકશે નહીં. પરંતુ મારો સ્વલ્પ અંશ તમારામાંના ઘણાઓમાં જીવતો રહેશે. પ્રત્યેક વ્યક્તિ ધ્યેયને પ્રથમ અને પોતાની જાતને છેલ્લી મૂકશે તો અવકાશ ઘણો અંશે ભરાઈ જશે.'

કેટલાક વખતથી, તેમના અંતેવાસીઓને અંતઃસ્ફુરણાથી તેઓ આને માટે તૈયાર કરી રહ્યા હતા એમ લગભગ લાગે છે. તેમના દેહાન્ત અગાઉ થોડા સમય પર તેમના એક બહુ જ નિકટના સાથીના દીકરાએ પત્ર લખીને તેમને પૂછ્યું હતું કે, સ્વતંત્રતા આવ્યા પછી પણ ખાદીને વળગી રહેવાનું જરૂરી છે ખરું ? તેમની સૂચના માટે એ પત્ર તેમની આગળ તેમના એક મદદનીશે તેમને વાંચી સંભળાવ્યો ત્યારે તેમણે કહ્યુંઃ 'તેમને લખો કે, આટલા વખત પછી પણ આ સવાલ પૂછવાની તમને જરૂર જણાય તો તમારે ખાદી સર્વથા છોડી દેવી જોઈએ. દિલમાં શ્રદ્ધા ન હોય તો એને વળગી રહેવાનો શો અર્થ ? દરેક વ્યક્તિએ પોતાના સ્વધર્મ અનુસાર આચરણ કરવું જોઈએ. પોતાના અંતરના અવાજ દ્વારા દોરવાવું જોઈએ, બીજાઓ કહે તે પ્રમાણે ચાલવું ન જોઈએ. પણ એક અપવાદ છે ખરો. જેણે કોઈને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યો હોય તેનો આદેશ શિરોમાન્ય હોવો જોઈએ.'

તેમના મદદનીશે પૂછ્યુંઃ 'પણ, બાપુ, આપ અમ સૌના ગુરુને સ્થાને નથી ?'

તેમણે જવાબ આપ્યોઃ 'એ સંજોગોમાં દલીલ બિનજરૂરી છે. મારો શબ્દ કોઈ પણ પ્રકારની દલીલબાજી વિના સોંસરો ગળે ઊતરી જવો જોઈએ. માણસની કેળવણીમાં, ગુરુ તેને જે કંઈ શીખવે તેના કરતાં ગુરુને વિષેની શ્રદ્ધામાંથી મળતી પ્રેરણા વધારે કીમતી ભાગ ભજવે છે.'

ગીતામાં ભગવાન કૃષ્ણે પણ આ જ કહ્યું છે, 'જે મને જે ભાવે ભજશે તેને તે ભાવે હું મળીશ.'

ગાંધીજી આપણ સૌને ભારપૂર્વક કહેતા હતા કે, હું સદેહે તમારી વચ્ચે સદાને માટે રહેનાર નથી. પરંતુ જેના દિલમાં એ શ્રદ્ધા અને એ ઝંખના હશે એવા કોઈની પણ પડખે હું સદા હોઈશ. પ્રેરણા પ્રત્યેક વ્યક્તિની શ્રદ્ધા અને જહેમત અનુસાર હશે.

તેમના અસ્થિનો અમુક ભાગ બુદ્ધ ભગવાનના પવિત્ર અવશેષોની પેઠે સાચવી રાખીને કોઈક જાહેર સ્થળે મૂકવામાં આવે એમ ઘણાં મિત્રો ઇચ્છતા હતા. તેમના કેટલાક સૌથી નિકટના સાથીઓએ યાદગીરીની વસ્તુ તરીકે તેમના અવશેષો અંગત રીતે રાખવા દેવાની માગણી કરી. પરંતુ એ બાબતમાં ગાંધીજીએ વારંવાર આપેલ આદેશ અનુસાર, તેમની જ્ઞાત ચોક્કસ ઇચ્છા સંબંધમાં કશો પણ ફેરફાર કરવા ન દેવાનું નક્કી કરવામાં આવ્યું. કેટલાયે સમયથી તેઓ કુટુંબના મટી ગયા હતા. લોહીના સંબંધને કારણે અથવા બીજા કોઈ અંગત સંબંધને કારણે કોઈ પણ વ્યક્તિનો તેમના પર ખાસ હક નહોતો. તેમનું પોતાનું એવું કોઈ તેમનું ઘર હતું જ નહીં, અથવા કહો કે, આખી દુનિયા તેમનું ઘર હતું અને સમગ્ર માનવજાત તેમનું કુટુંબ હતું. એક જ વાક્યમાં તેમણે પોતાની જીવનની ફિલસૂફીનો સાર આપી દીધો છે : 'કરોડોની મૂક જનતાના હૃદયમાં વિરાજમાન છે તે સિવાયના બીજા કોઈ ઈશ્વરને હું પીછાનતો નથી...અને એ કરોડોની આમજનતાની સેવા દ્વારા હું સત્યરૂપી ઈશ્વરની આરાધના કરું છું.' વળી તેઓ કહે છે : 'હું ઈશ્વરની અને તેથી માનવજાતની સંપૂર્ણ એકતામાં માનું છું. આપણે શરીરે ભલેને અસંખ્ય હોઈએ, ઘટ ઘટમાં વ્યાપી રહેલો એક જ આત્મસૂત્રરૂપે સૌ કોઈમાં વિરાજી રહ્યો છે. એક જ સૂર્યના કિરણો પરાવર્તન પામી અસંખ્ય બને છે. અને છતાં એ બધાનું ઊગમસ્થાન એક જ છે. તેથી જ હું તો પાપીમાં પાપી જીવથી પણ મને પોતાને અલગ કરી શકતો નથી. તેમ પાકમાં પાક આત્માઓ જોડેનો અભેદભાવ પણ હું ઈન્કારી શકતો નથી.'

તેમના જીવનની આ ફિલસૂફી અમારી સામે હતી એટલે અમને લાગ્યું કે તેમની ભસ્મ ખરચાળ સ્મારક નીચે રહે એ તેમને પસંદ નહીં પડે. કસ્તૂરબાની ભસ્મ પણ જ્યાં પધરાવવામાં આવી હતી તે પવિત્ર ત્રિવેણીને અસ્થિવિસર્જનની મુખ્ય વિધિ માટે પસંદગી આપવામાં આવી.

રેલવેના સત્તાવાળાઓએ મહાત્માને માટે છેલ્લી વાર સ્પેશ્યલ ગાડી દોડાવી–આ વખતે તેમની ભસ્મ માટે. ડબ્બાની વચ્ચોવચ્ચ ઊંચા મંચ પર અસ્થિનો ફૂલોથી ઢંકાયેલો કુંભ મૂકવામાં આવ્યો હતો. મિત્રો અને અનુયાયીઓ સ્તોત્રો અને પ્રાર્થનાના ભજનો વારાફરતી ગાતા હતા. આખાયે પ્રવાસ દરમ્યાન મોટાં તેમજ નાનાં સઘળાં રેલ્વે સ્ટેશનોએ કીડીદર માનવમેદની એકત્ર થઈ હતી. કેટલાક લોકો તો એ ગાડીનાં કેવળ દૂરથી દર્શન કરવાને અર્થે જ લાંબાં અંતર પગે કાપીને આવ્યા હતા. શોકાગ્ર અને મૂક, આંખોમાંથી આંસુ સારતા તેઓ ઊભા હતા.

દિવસ ચડતો ગયો તેમ તેમ ટોળાઓ રેલવે સ્ટેશનોની વચ્ચેના ભાગોમાં પણ પાટાની બન્ને બાજુએ એકત્ર થયેલા જોવામાં આવતાં

*આસક્તિ સાથે કરેલા સારા કામમાં પણ દાવપેચ આવી જાય છે.*

હતાં. એ દૃશ્ય અબ્રાહમ લિંકનના મૃતદેહને વૉશિંગ્ટનથી ઈલીનોય રાજ્યની રાજધાની સ્પ્રિંગફીલ્ડ લઈ જતી ગાડીનું સ્મરણ કરાવતું હતું. ફરક એટલો જ કે, લિંકનના દેહની જેમ મહાત્માને 'ઘેર' લઈ જવામાં આવતા નહોતા. તેમનાં અસ્થિ તો પવિત્ર ગંગા મૈયા પાસે લઈ જવામાં આવતાં હતાં. વળી, લિંકનની 'એકાકી ગાડી'ના કાળા રંગવામાં આવેલા સાત ડબ્બાઓની જેમ એ ગાડીના ડબ્બાઓ કાળા રંગવામાં આવ્યા નહોતા. હિંદુ ધર્મમાં મરણ જીવનનો અંત યા શોક કરવાનો પ્રસંગ નથી પણ અંતઃખોજ કરવા માટેનો પ્રસંગ છે. સાગરનું ટીપું સાગર સાથે મળી જઈને તેનું સામર્થ્ય તથા તેનું ગૌરવ પ્રાપ્ત કરવાને માટે તેની સાથે પાછું વળી જાય છે તે પ્રમાણે ચાલ્યો ગયેલો આત્મા સર્વશક્તિમાન પરમાત્મા સાથે એકરૂપ થવા પહેલાં કેવળ પોતાનો પુરુષાર્થ પૂરો કરવાને જ આ દુનિયામાં આવે છે.

અલ્હાબાદથી સાઠ માઈલને અંતરે આવેલા રસૂલાબાદ નામના એક નાનકડા સ્ટેશને ગાડી ઊભી રહી અને રાતવાસા માટે તેને બાજુના પાટા પર લઈ જવામાં આવી. બીજે દિવસે સવારે બરાબર નવને ટકોરે તે અલ્હાબાદ સ્ટેશને આવી પહોંચી. ત્યાં આગળ વિરાટ મેદની જમા થઈ હતી. બહાર શણગારેલો મોટર ખટારો ઊભો હતો. તેમાં કુંભને મૂકવામાં આવ્યો. રેલ્વે સ્ટેશનથી નદી સુધી અફાટ માનવમેદની ખટારાની પાછળ ચાલી. માર્ગમાં એક દેવળમાં પ્રાર્થના કરનારાઓ ગાંધીજીને મનગમતું 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ' એ ભજન ગાતા હતા ત્યાં કુંભની ગાડી થોડી વાર થોભાવવામાં આવી. નદીકાંઠા પર જઈને કુંભને ફૂલોથી સજાવેલા મોટર ખટારામાંથી ઉપાડીને 'બતક'માં મૂકવામાં આવ્યો. 'બતક'માં બીજાઓ ઉપરાંત પંડિત નેહરુ અને સરદાર પટેલ, સરોજિની નાયડુ અને તેમની દીકરી, મૌલાના આઝાદ અને ગોવિંદવલ્લભ પંત તથા મહાત્માના બે દીકરા રામદાસ અને દેવદાસ હતાં. જળ અને સ્થળ ઉભય પર ચાલી શકનારી એ નૌકા પ્રવાહની વચ્ચોવચ જ્યાં ગંગાનાં શ્વેત અને જમનાનાં નીલ વારિ એકત્ર મળે છે ત્યાં પહોંચી. થોડે સુધી એ બંને જળપ્રવાહો સાથે મળી ગયા વિના અલગ અલગ વહે છે. એટલે બંનેને એકબીજાથી નિરાળા સહેલાઈથી જોઈ શકાય છે. અગ્નિદાહના બારમા દિવસે અહીં ગંગા, જમના અને સરસ્વતીના પવિત્ર સંગમ આગળ મહાત્માના પાર્થિવ દેહના બાકી રહેલા અવશેષોને પધરાવવામાં આવ્યા. વેદોના મંત્રોચ્ચાર સાથે કુંભમાંના અવશેષો નદીના શાન્ત ઉદરમાં પધરાવવામાં આવ્યા એ વિધિ નદીના કાંઠા પરથી લગભગ ત્રીસ લાખ માણસોએ નિહાળ્યો હતો. તેઓ 'નિશાના પડછાયાને ઓળંગી ગયા હતા' અને મૃત્યુમાંથી અમરત્વ પામ્યા હતા. નદી સમુદ્રમાં મળી ગઈ. મહાત્મા મહત્ તત્ત્વ સાથે એકરૂપ થઈ ગયા.

✷ ✷ ✷

## વ્યાપક શોક

ગાંધીજીના મૃત્યુથી આખો દેશ શોકમાં ડૂબી ગયો. પેલી ત્રણ ગોળીઓ ગાંધીજીનાં દેહને જ નહિ, દેશના કરોડો નરનારીઓના મર્મને વીંધનારી નીવડી હતી. દુશ્મનોના ઉપર પણ પ્રેમ રાખે, એક નાનાશા જીવની પણ હિંસા કરવાનો વિચાર ન કરે એવા એ શાંતિના દૂતના પોતાના જ દેશવાસી અને સહધર્મીની ગોળી પ્રાણ લે એ સાંભળીને જ દેશના ગાત્રો ઠરી ગયાં. આજના યુગના ઇતિહાસમાં કોઈ વ્યક્તિને માટે આટલી ઊંડી, આટલી વ્યાપક શોકની લાગણી વ્યક્ત નથી થઈ.

૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મી તારીખ ને શુક્રવારે એમનું મૃત્યુ થયું તે દિવસે પણ એ સદાના સામાન્ય માનવી હતા. એમની પાસે ધન ન હતું, સંપત્તિ ન હતી, એ કોઈ સરકારી પદ પર ન હતા, એમણે એવું ઉચ્ચ કોટિનું શિક્ષણ નહોતું મેળવ્યું, નહોતી મેળવી એવી વૈજ્ઞાનિક સિદ્ધિ, નહોતી એમનામાં કશી કલાત્મક પ્રતિભા; છતાં શાસનના એ સેનાના દોર હાથમાં રાખીને ફરનારા લોકોએ ૭૮ વર્ષના એ લંગોટીધારી આદમીને નિવાપાંજલિ અર્પી.

દુનિયાનાં કરોડો લોકોએ પોતાનું જ સ્વજન ગુમાવ્યું હોય તેમ આંસુ સાર્યાં. એમના જમાનાની કોઈ પણ જીવિત વ્યક્તિએ મહા બળવાન પ્રતિપક્ષીઓ સામેની લાંબી ને વિકટ લડતમાં પણ સચ્ચાઈ, દયા, ત્યાગ, વિનય, સેવાવૃત્તિ ને અહિંસાયુક્ત વ્યવહાર ચલાવવાનો આટલો કઠોર પ્રયત્ન નથી કર્યો, ને તે પણ આટલી સફળતાથી. તેઓ પોતાના દેશ પર પકડ જમાવી બેઠેલા બ્રિટિશ શાસન સામે ને પોતાના જ દેશવાસીઓની ક્ષતિઓ સામે અવિરતપણે લડત આપતા રહ્યા, પરંતુ એ લડતમાંય એમણે એમના ચારિત્ર્ય પર ડાઘ સરખો બેસવા દીધો નહિ.

**□ લુઈ ફિશર**

[ અમેરિકન પત્રકાર જેમણે ૧૯૫૦માં મહાત્મા ગાંધીનું જીવનચરિત્ર લખ્યું હતું. ૧૯૮૨ની એટિનબરોની ફિલ્મ 'ગાંધી' લુઈ ફિશરના પુસ્તક પરથી બની હતી. લુઈ ફિશરે લેનિનનું જીવનચરિત્ર પણ લખ્યું છે. ]



'હું કરું છું' શબ્દો અજ્ઞાનતાની પરિસીમા છે.

# ગાંધીજીનું છેલ્લું વસિયતનામું

ભાગલા પડ્યા છતાં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસે યોજેલાં સાધનો દ્વારા હિંદે રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરી હોવાથી આજના સ્વરૂપની કૉંગ્રેસનો, એટલે કે, પ્રચારના વાહન અને ધારાસભાની પ્રવૃત્તિ ચલાવવાના તંત્ર તરીકેનો તેનો ઉપયોગ હવે પૂરો થયો છે. શહેરો તથા કસબાઓથી ભિન્ન એવાં તેનાં સાત લાખ ગામડાંઓની દૃષ્ટિથી હિંદની સામાજિક, નૈતિક અને આર્થિક સ્વતંત્રતા સિદ્ધ કરવાની હજી બાકી છે. લોકશાહીના લક્ષ્ય તરફની હિંદની પ્રગતિ દરમિયાન લશ્કરી સત્તા ઉપર સરસાઈ સ્થાપવા માટેની મુલકી સત્તાની ઝુંબેશ અનિવાર્ય છે. એને રાજકીય પક્ષો અને કોમી સંસ્થાઓ સાથેની અઘટિત સ્પર્ધાથી અળગી રાખવી જોઈએ. આ અને એવાં બીજાં કારણોને લઈને, નીચેના નિયમો અનુસાર મહાસમિતિ કૉંગ્રેસની વર્તમાન સંસ્થાને વિખેરી નાખવાનું અને લોકસેવક સંઘને સ્વરૂપે પ્રગટ થવાનું ઠરાવે. પ્રસંગ અનુસાર એ નિયમોમાં ફેરફારો કરવાની એ સંઘને સત્તા હોય.

ગ્રામવાસી હોય એવાં અથવા ગ્રામવાસીના માનસવાળાં પુખ્તવયના પાંચ સ્ત્રીપુરુષોની બનેલી પ્રત્યેક પંચાયત એક ઘટક બનશે. પાસપાસેની આવી પ્રત્યેક બે પંચાયતોની તેમનામાંથી ચૂંટી કાઢેલા એક નેતાની દોરવણી નીચે કાર્ય કરનારી મંડળી બને.

આવી સો પંચાયતો બને ત્યારે પ્રથમ કક્ષાના પચાસ નેતાઓ પોતાનામાંથી એક બીજી કક્ષાનો નેતા ચૂંટે અને એ રીતે પહેલી કક્ષાના આગેવાનો બીજી કક્ષાના આગેવાનોની દોરવણી નીચે કાર્ય કરે. આખું હિંદ આવરી લેવામાં આવે ત્યાં સુધી બસો પંચાયતોના આવા જોડકાં રચ્યે જવામાં આવે અને પછી રચાતું પંચાયતોનું પ્રત્યેક જૂથ પહેલાંની જેમ બીજી કક્ષાનો નેતા ચૂંટ્યે જાય. બીજી કક્ષાના નેતાઓ સમગ્ર હિંદને માટે એકત્ર રીતે કાર્ય કરે અને પોતપોતાના પ્રદેશોમાં અલગ અલગ કાર્ય કરે. તેમને જ્યારે પણ જરૂરી લાગે ત્યારે બીજી કક્ષાના નેતાઓ પોતાનામાંથી એક વડો ચૂંટી કાઢે. તે તેને ચૂંટનારાઓ ઈચ્છે ત્યાં સુધી બધાં જૂથોને વ્યવસ્થિત કરે તેમ જ તેમને દોરવણી આપે.

(પ્રાંતો અથવા વિભાગોની છેવટની રચના હજી નક્કી થઈ ન હોવાથી આ સેવકોના જૂથને પ્રાંતીય યા વિભાગીય સમિતિઓમાં વહેંચવાનો પ્રયત્ન કરવામાં નથી આવ્યો. અને સમગ્ર હિંદમાં કાર્ય કરવાનો અધિકાર કોઈપણ સમયે રચવામાં આવેલાં જૂથ કે જૂથોમાં પ્રતિષ્ઠિત થાય છે. સેવકોના આ સમુદાયને અધિકાર અથવા સત્તા–જેની તેમણે સ્વેચ્છાપૂર્વક અને ડહાપણભરી રીતે સેવા કરી છે એવા તેમના સ્વામી, એટલે કે, સમગ્ર હિંદની પ્રજા પાસેથી મળે છે.)

૧. પ્રત્યેક સેવક, જાતે કાંતેલા સૂતરની અથવા ચરખા સંઘની પ્રમાણિત ખાદી હંમેશાં પહેરનારો અને માદક પીણાં ન પીનારો હોવો જોઈએ. જો તે હિંદુ હોય તો પોતે તથા પોતાના કુટુંબમાંથી હરકોઈ સ્વરૂપની અસ્પૃશ્યતા તેણે દૂર કરી હોવી જોઈએ, કોમ કોમ વચ્ચેની એકતાના, સર્વધર્મ પ્રત્યેના સમભાવના તથા જાતિ, ધર્મ કે સ્ત્રીપુરુષના કશાયે ભેદભાવ રહિતની સૌને માટેની સમાન તક અને દરજ્જાના આદર્શમાં તે માનતો હોવો જોઈએ.
૨. તેના કાર્યક્ષેત્રમાંના પ્રત્યેક ગ્રામવાસીના અંગત સંસર્ગમાં તેણે રહેવું જોઈએ.
૩. ગ્રામવાસીઓમાંથી તે કાર્યકર્તાઓ નોંધશે અને તેમને તાલીમ આપશે. એ બધાનું તે પત્રક રાખશે.
૪. તે તેનાં રોજેરોજનાં કામની નોંધ રાખશે.
૫. પોતાની ખેતી તેમજ ગૃહઉદ્યોગો દ્વારા ગામડાંઓ સ્વયંપૂર્ણ બને, એ રીતે તે તેમને સંગઠિત કરશે.
૬. ગ્રામવાસીઓને તે સફાઈ તેમ જ આરોગ્યનું શિક્ષણ આપશે અને તેમના બિમારી તથા રોગો અટકાવવા બધા ઉપાયો લેશે.
૭. હિંદુસ્તાની તાલીમી સંઘની નીતિ અનુસારની નઈ તાલીમને ધોરણે તે જન્મથી મરણ પર્યંતની સઘળા ગ્રામવાસીઓની કેળવણીનો પ્રબંધ કરશે.
૮. જેમનાં નામ સરકારી મતદાર પત્રકોમાં નોંધવાં રહી ગયા હોય તેમનાં નામો તે તેમાં નોંધાવશે.
૯. જેમણે મતાધિકારના હકને માટેની જરૂરી યોગ્યતા હજી પ્રાપ્ત કરી ન હોય તેમને એ પ્રાપ્ત કરવા તે પ્રોત્સાહન આપશે.
૧૦. ઉપર જણાવેલા અને વખતોવખત જે બીજા ઉમેરવામાં આવે તે હેતુઓ સાધવાને માટે યોગ્ય ફરજ બજાવવા માટેનાં સંઘે ઘડેલાં ધારાધોરણો અનુસાર તે પોતે તાલીમ લેશે અને યોગ્ય બનશે.

સંઘ નીચેની સ્વાધીન સંસ્થાઓને માન્યતા આપશે:

૧. અખિલ હિંદ ચરખા સંઘ
૨. અખિલ હિંદ ગ્રામોદ્યોગ સંઘ
૩. હિંદુસ્તાની તાલીમી સંઘ
૪. હરિજન સેવક સંઘ
૫. ગૌસેવા સંઘ

**નાણાં**

સંઘ પોતાનું ધ્યેય પાર પાડવાને અર્થે ગ્રામવાસીઓ અને બીજાઓ પાસેથી નાણાં ઊભાં કરશે. ગરીબ માણસોનો પાઈ-પૈસો ઉઘરાવવા ખાસ ભાર મૂકવામાં આવશે.

નવી દિલ્હી, ૨૯-૧-'૪૦ ❑ **મો. ક. ગાંધી**

# સંત નાથુરામ, દેશદ્રોહી ગાંધી ?

□ તુષાર ગાંધી

*[ મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર ગાંધી (મણિલાલ ગાંધીના પુત્ર અરુણ ગાંધીના પુત્ર) મહાત્મા ગાંધી ફાઉન્ડશનના મેનેજિંગ ટ્રસ્ટી તેમજ ઑસ્ટ્રેલિયન ઈન્ડિયન રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના ચેરમેન છે. તેમના પુસ્તક 'લેટસ કિલ ગાંધી'માં મહાત્મા ગાંધીની હત્યાના કાવતરાથી માંડી હત્યારાઓ પર ચાલેલા કેસ અને ચુકાદાની કડીબદ્ધ વિગતો છે. પ્રસ્તુત લેખમાં તેમણે નાથુરામ ગોડસેને સંત અને શહીદ કહેનાર વર્ગની આલોચના કરી ગાધીહત્યાનું સત્ય સ્પષ્ટ કર્યું છે. ]*

૯ જાન્યુઆરી, ૨૦૧૫ એટલે દક્ષિણ આફ્રિકાથી આવી ભારતની ધરતી પર બાપુએ પગ મૂક્યો તે ઘટનાની શતાબ્દી. સરકારે આ દિનને પ્રવાસી ભારતીય દિવસ તરીકે ઉજવ્યો. સંઘ પરિવારના અમુક સભ્યો બાપુની હત્યા કરવા બદલ નાથુરામ ગોડસેને 'સંત' ગણાવવાની મથામણમાં છે કારણ તેમને માટે નાથુરામ એવો દેશભક્ત છે જેણે દેશદ્રોહી ગાંધીની હત્યા કરી રાષ્ટ્રને અને હિંદુત્વને ઉગારી લીધું છે.

હત્યા પછી થયેલી સઘન તપાસે બાપુની હત્યાના કાવતરાને પકડી પાડ્યું. તમામ આરોપીઓ પકડાયા અને આરોપનામા ઘડાયા. આ આરોપીઓ હતા નાથુરામ વિનાયક ગોડસે, નારાયણ આપ્ટે, વિષ્ણુ કરકરે, ગોપાલ ગોડસે, દિગંબર ખડગે, મદનલાલ પાહવા, દત્તાત્રેય પરચુરે, શંકર કિષ્ટૈયા અને વિનાયક દામોદર સાવરકર. લાલ કિલ્લા પર ખાસ નિમાયેલી અદાલતમાં કેસ ચાલ્યો, ચુકાદો અપાયો અને સજા ફરમાવાઈ. સાવરકરને છોડી મૂકવામાં આવ્યા. પરચુરે અને કિષ્ટૈયા જામીન પર છૂટ્યા. નાથુરામ અને આપ્ટેને ફાંસી થઈ, કરકરે અને મદનલાલને જનમટીપ મળી અને બડગેને એ તાજનો સાક્ષી બન્યો તે બદલ માફી મળી.

લાલ કિલ્લા પર ચાલેલા કેસ દરમ્યાન ત્યાં બનાવેલી ખાસ જેલમાં બાપુની હત્યાના આરોપીઓને કેદ રખાયા હતા. કેસ ચાલતો હતો તે દરમિયાન નાથુરામ ગોડસેએ ઘણી અરજીઓ કરી. જેલના ચોકીદારો જ કેદીઓ વચ્ચે અને જેલની બહાર આવતા-જતા પત્રો પહોંચાડવાનું કામ કરતા. નાથુરામ જેલમાંથી ને સાવરકર જેલ બહારથી સંપર્કમાં હતા. બંનેએ મળી નાથુરામનું બયાન તૈયાર કર્યું, જેમાં નાથુરામે પોતે કરેલી ગાંધી હત્યા માટે અપાયેલા ખુલાસા હતા. નાથુરામના બયાનમાં આગઝરતી જલદ ભાષા હતી. સાવરકરે ઘડેલું બચાવનામું શિષ્ટ ભાષામાં હતું. પોતાના બચાવમાં નાથુરામ જે બોલ્યો તે સાવરકરની ભાષા હતી.

બાપુની હત્યા તો કરી, હવે એને યોગ્ય ઠેરવવાની હતી! તેને માટે નાથુરામને બે મોકા મળ્યા જેનો તેણે પૂરો લાભ લીધો—લાલ કિલ્લામાં અને પંજાબ હાઈ કોર્ટને કરેલી અપીલમાં. સુનાવણી વખતના ત્રણ ન્યાયાધીશમાંના મુખ્ય જસ્ટીસ જી. ડી. ખોસલાએ લખ્યું છે,'નાથુરામે પોતાનું બયાન પૂરું કર્યું ત્યારે અદાલતમાં હાજર રહેલા દરેકની આંખો ભીની હતી. દરેકના કંઠ રૂંધાઈ ગયા હતા. જો આ શ્રોતાઓને ન્યાય કરવાનું સોંપાયું હોત તો નાથુરામ છૂટી જાત એટલું જ નહીં, ઉદ્ધારકની પદવી પણ પામત!' નાથુરામ જાણતો હતો કે આ તેનો દિવસ હતો. તે દરેકના ધ્યાનનું કેન્દ્ર હતો અને તેણે તેનો પૂરો લાભ લીધો. સાવરકરમાં આ તાકાત હતી. પોતાના પ્રિય શિષ્ય અને આરોપીને 'હીરો' બનાવી પોતાના અલગતાવાદી ઝેરી વિચારોનો પ્રસાર કરવાની તક તેઓ બિલકુલ ન ચૂક્યા. બંને પ્રસંગોએ પત્રકારો અદાલતમાં હતા. નાથુરામનું બચાવનામું રેકોર્ડ થયું અને છપાયું પણ. તેની ફિલ્મ પણ બની જે આર.એસ.એસ. અને હિંદુ મહાસભાની શાળાઓમાં બતાવવામાં આવી. ત્યાર પછી સરકારની આંખો ખૂલી. ભાગલાની કરુણતામાંથી માંડ ઊભા થયેલા દેશના તંગ વાતાવરણમાં ઝેર ફેલાતું અટકાવવા સરકારો જે કરે તે થયું. તેના પર પ્રતિબંધ મુકાયો. આરએસએસ અને હિંદુ મહાસભા ખાનગીમાં તેનું વિતરણ કરી નાથુરામને શહીદ બનાવતી ગઈ. વહીવટી સેવાઓ, પોલીસ અને લશ્કરમાં સેવા આપતા હિંદુઓ સુધી વાયરો પહોંચ્યો. ગોડસેના બયાને જૂઠાણાં અને અર્ધસત્યોને સુંદર વાઘા પહેરાવ્યા.

નાથુરામ ગોડસેનો ભાઈ ગોપાલ ગોડસે, જે પણ એક આરોપી હતો, તેણે ખોટી માહિતીઓ આપી ધિક્કાર ફેલાવવા માંડ્યો. પોતાના ભાઈના બચાવનામાને તેણે પુસ્તિકાના રૂપમાં પ્રગટ કર્યું. 'મે ઈટ પ્લીઝ યોર ઓનર' અંગ્રેજીમાં અને 'પંચાવન કોટિ ચા બલિ' મરાઠીમાં. તેના પર પ્રતિબંધ મુકાયો, જે પછી સુપ્રિમ કોર્ટે ઉઠાવી લીધો. અસત્ય બેરોકટોક લોકો સુધી પહોંચી ગયું.

મહારાષ્ટ્ર અને દિલ્હીની એનડીએ સરકારે અને સંઘે હાથ મિલાવી એક નાટક ભજવ્યું 'મી નાથુરામ ગોડસે બોલતોય.' નાથુરામ તેનો હીરો હતો, શહીદ હતો. સંઘ પરિવારે દેશભક્ત નાથુરામ ગોડસે અને દેશદ્રોહી ગાંધી પર ફિલ્મ બનાવવાની તૈયારી કરી છે. સરકાર અને સરકારના વરિષ્ઠ અમલદારો બહેરામૂંગાની જેમ વર્તે છે. હત્યારાને શહીદ ગણાવવાના પ્રયત્નોને અવગણવામાં આવે છે. આનો અર્થ શું એ છે કે સરકાર આ આખા અભિયાનને સમર્થન આપી રહી છે?

✷ ✷ ✷

ભાજપના એક વરિષ્ઠ મુખ્ય પ્રધાને થોડા વખત પહેલા બાપુના

હત્યારા નાથુરામ ગોડસેને દેશભક્ત કહ્યો અને પછી ફેરવી તોળ્યું. સંઘ અને સભાએ ખાનગીમાં તો હંમેશાં નાથુરામ ગોડસેને પ્રશંસા અને પૂજ્યભાવે જોયો છે. એમાંના એકે હમણાં આ ભાવને પ્રામાણિકતાપૂર્વક જાહેર કર્યો. નાથુરામે પોતે બાપુની હત્યાને વાજબી ઠરાવતાં કારણો આપ્યા છે, જેમાં સત્યનો અંશ નથી. તેણે બાપુ પર કરેલા આક્ષેપોમાંના મુખ્યને મેં નીચે ચર્ચ્યાં છે અને સત્ય શું હતું તે દર્શાવ્યું છે.

**આરોપ : ૧**

**ગાંધી હિંદુઓ માટે ખતરનાક છે તે મુસ્લિમોની તરફદારી કરે છે અને હિંદુઓને નુકસાન કરે છે. જો તેને વધારે જીવવા દેવાશે તો તે હિંદુઓ અને ભારતમાતાનું સત્યાનાશ વાળશે.**

**ઉત્તર :** ૧૯૪૬માં મુસ્લિમ લીગ પુરસ્કૃત 'સીધા પગલા'ના લીધે કૉલકાતામાં હુલ્લડ ફાટી નીકળ્યું. તે પછી કૉલકાતા અને પૂર્વ બંગાળના નોઆખલી, તિપરાહ જિલ્લામાં મોટે પાયે હત્યાકાંડ થયો, જેમાં અસંખ્ય હિંદુઓ કપાયા, તેમની સ્ત્રીઓ પર અત્યાચાર થયા, તેમની મિલકતો લૂંટી લેવાઈ કે બરબાદ કરી દેવાઈ. બાપુ એ વિસ્તારોમાં ફર્યા અને શાંતિ સ્થાપવા જબ્બર પુરુષાર્થ કર્યો. પરિણામે સ્થિતિ થોડી કાબૂમાં આવી. વિશ્વાસુ સાથીઓને ત્યાં શાંતિ જાળવવાનું સોંપી બાપુ બિહારમાં ફાટી નીકળેલા હુલ્લડને રોકવા ત્યાં ગયા. ત્યાં હિંદુઓ કત્લેઆમ પર ઉતરી આવ્યા હતા. બાપુએ મુસ્લિમોને બચાવ્યા. બંગાળમાં હિંદુઓને બચાવનાર બાપુએ બિહારમાં મુસ્લિમોને બચાવ્યા તે સંઘ અને સભાથી સહન ન થયું.

સ્વાતંત્ર્ય અને ભાગલા આવ્યા ત્યારે પૂર્વ બંગાળ પૂર્વ પાકિસ્તાન બન્યું. ત્યાંના હિંદુઓની ચિંતામાં બાપુએ ત્યાં જવાનો નિર્ણય કર્યો. સ્વાતંત્ર્યદિનની સંધ્યાએ બાપુ કોલકાતામાં હતા. બંગાળના મુખ્ય પ્રધાન સુહરાવર્દી, કોલકાતાના મુસ્લિમો પર તોળાતા જોખમથી ચિંતિત હતા. તેમની સામૂહિક કતલ અને બરબાદી અટકાવવા માત્ર બાપુ જ સમર્થ હતા. તેમણે બાપુને કોલકાતામાં શાંતિ સ્થાપીને પછી આગળ જવાની વિનંતી કરી. બાપુએ શરત મૂકી કે પૂર્વ બંગાળમાં એક પણ હિંદુની કતલ નહીં થાય તેવી બાંહેધરી સુહરાવર્દી આપે તો જ પોતે કોલકાતા રોકાશે. સુહરાવર્દીએ એ જવાબદારી લીધી. બાપુ કોલકાતા રોકાયા. કોલકાતા કાબૂમાં આવ્યું. ત્યાં પંજાબ સળગ્યું. તેને ઠારવા જતાં બાપુ દિલ્હી આવ્યા ત્યારે દિલ્હી હિંસાની જ્વાળાઓમાં ઘેરાયું હતું. કોમી શાંતિ સ્થાપવા છેલ્લી વાર ઉપવાસ પર ઊતર્યા. દિલ્હીમાં શાંતિ સ્થાપી. તેમણે ઉત્તરના મુસ્લિમોને વિશ્વાસ આપ્યો કે ભારત તેમની પણ માતૃભૂમિ છે અને તેઓ અહીં સલામત છે. બાપુનું આ માનવતાભર્યું પગલું કટ્ટરતાવાદીઓને આંખના કણાની જેમ ખૂંચ્યું.

**આરોપ : ૨**

**ગાંધીજીએ સરકાર પર પાકિસ્તાનને ૫૫ કરોડ રૂપિયા આપવા માટે દબાણ કર્યું.**

**ઉત્તર :** કૉંગ્રેસ અને મુસ્લિમ લીગના નેતાઓની બનેલી ભાગલા સમિતિએ પાકિસ્તાનને ૭૫ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય આપ્યો હતો. ૨૦ કરોડ ચૂકવાઈ ગયા હતા, ૫૫ કરોડ બાકી હતા. કરાર એવો થયો હતો કે પાકિસ્તાનને જોઈશે ત્યારે પંચાવન કરોડ રૂપિયા આપી દેવામાં આવશે. આ કરાર પર પંડિત નેહરુ અને સરદાર પટેલે સહી કરી હતી. પાકિસ્તાને કાશ્મીર પર આક્રમણ કર્યું ત્યારે ભારત સરકારને સમજાયું કે યુદ્ધ ચાલુ હોય ત્યાં સુધી અને પાકસ્તાનથી તગડી મુકાયેલ હિંદુ શરણાર્થીઓ વ્યવસ્થિત ન ગોઠવાય ત્યાં સુધી પાકિસ્તાનને પંચાવન કરોડ આપવા એ સરકાર માટે નામોશીભર્યું પગલું લેખાશે. એટલે તેમણે ચૂકવણી અટકાવી. બાપુએ આ જાણ્યું ત્યારે તેમણે કહ્યું કે આ અનૈતિક અને અપ્રમાણિક પગલું છે. ત્યાર પછી બાપુએ કોમી શાંતિ સ્થાપવા ઉપવાસ આદર્યા. એ સાચું છે કે પાકિસ્તાનને પંચાવન કરોડ આપવાનો નિર્ણય એ ઉપવાસ દરમ્યાન લેવાયો, પણ તે પછી પણ બાપુના ઉપવાસ ચાલુ હતા જે કોમી શાંતિ સ્થાપવાની ખાતરી થયા પછી અટક્યા. જે શરતો બાપુએ મૂકી હતી તેમાં પંચાવન કરોડનો ઉલ્લેખ પણ નથી. પણ સંઘ અને સભાએ આનું ફાવતું અર્થઘટન કરી તેને બાપુની હત્યાના કારણ તરીકે ધરી દીધું.

**આરોપ : ૩**

**ગાંધીજીએ દેશના ભાગલા પડાવ્યા**

**ઉત્તર :** સ્વાતંત્ર્ય સાથે દેશનું વિભાજન કરવાનો વિચાર સૌ પ્રથમ સરદાર પટેલ પાસે મૂકવામાં આવ્યો હતો. તેમની સંમતિ મળતાં માઉન્ટબેટને એ વિચાર પંડિત નહેરુ સમક્ષ રજૂ કર્યો. થોડાં વિરોધ પછી નહેરુએ પણ સંમતિ આપી. છેલ્લે પ્રસ્તાવ બાપુ સામે રજૂ થયો. તેમણે તરત વિરોધ કર્યો. માઉન્ટબેટને જ્યારે કહ્યું કે નહેરુ અને સરદાર બંને આ પ્રસ્તાવ સાથે સંમત છે ત્યારે બાપુએ પોતાના જ માણસો દ્વારા છેતરાયાની લાગણી અનુભવી નિયતિને સ્વીકારી લીધી. બાપુ એકલા હતા, એકલા પાડી દેવાયેલા હતા અને ધિક્કારનું અનુકૂળ નિશાન બનવાની સ્થિતિમાં હતા.

નાથુરામ ગોડસેની ભક્તિ કરનારાઓ એટલું તો કહે, કે આખરે શા માટે તેણે બાપુની હત્યા કરી?

✶ ✶ ✶

૯, સુખરામ ગૃહ, સર વિઠ્ઠલદાસ નગર, સરોજિની રોડ,
સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૪.
મોબાઈલ- ૦૯૮૨૧૩૩૬૬૧૭

# 'ગાંધી ચલે જાવ'

□ જિતેન્દ્ર દવે

*માલાડની સ્કૂલમાંથી પ્રિન્સીપાલ તરીકે નિવૃત્ત થયેલા જિતેન્દ્ર દવે વર્ષોથી મહાત્મા ગાંધી વિશે લખતા અને બોલતા રહ્યા છે. કારકિર્દી દરમ્યાન ગાંધી જીવન અને કાર્યોનો સતત અભ્યાસ કરતા રહેલા જિતેન્દ્રભાઈ મહાભારત અને રામાયણના પણ અભ્યાસી અને લેખક-પ્રવચનકાર છે. મહાત્મા ગાંધી વિશે તેમના ત્રણ પુસ્તકો પ્રગટ થયા છે 'કામણગારા ગાંધીજી', 'ગાંધીજીની ધર્મભાવના', અને 'ઉદયાચલનો સૂર્ય'.*

૨જી ઑક્ટોબર, ૧૯૪૭.

રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મદિવસ. વર્ષગાંઠની વધાઈ આપવા લેડી માઉન્ટબૅટન તથા બીજા અનેક આવ્યા. ગાંધીજી બોલ્યા, 'આને અભિનંદન નહીં પણ ખરખરો કહેવો વધુ યોગ્ય છે. લાંબુ જીવવાની હવે મને ઈચ્છા નથી.' ગાંધીજીએ એ દિવસે ઉપવાસ કર્યો હતો.

રાષ્ટ્રપિતા ગણાતા ગાંધીજીને તેમની દીર્ઘ જીવનયાત્રાના અંતિમ વર્ષો દરમ્યાન વારંવાર અપમાનિત થવાનું અને એમના આદેશોનું ઉલ્લંઘન થતું જોવાનું દુર્ભાગ્ય સહન કરવાનું આવ્યું હતું.

૧૯૪૭ના માર્ચ મહિનાના છેલ્લા અઠવાડિયાની એક સાંજે દિલ્હીમાં ગાંધીજીની જાહેર સાયંપ્રાર્થનામાં કુરાનની આયાતો ગાવાની શરૂઆત થઈ કે તરત હિંદુ મહાસભાના એક સભ્યે ઊભા થઈને કહ્યું, 'આ હિંદુ મંદિર છે, અહીં અમે તમને મુસલમાનોની પ્રાર્થના ગાવા નહીં દઈએ.'

પ્રાર્થનામાં દખલ કરનાર એ યુવાનને જબરદસ્તીથી પ્રાર્થના સભામાંથી કાઢી મૂકવાનો કેટલાક લોકોએ પ્રયત્ન કર્યો, પરંતુ ગાંધીજી વચ્ચે પડ્યા. 'એક પણ માણસ વાંધો ઉઠાવશે ત્યાં સુધી હું પ્રાર્થના આગળ નહીં ચલાવું. વિરોધ કરનાર લઘુમતીને હું પૂરેપૂરી સ્વતંત્રતા આપવા માગું છું.' પેલા જુવાને વ્યાસપીઠ પાસે પહોંચવાનો પ્રયત્ન કર્યો. બીજાઓએ તેને એમ કરતાં અટકાવ્યો. 'આ જુવાન અને મારી વચ્ચે કોઈ આવે નહીં,' એમ કહેતા કહેતા ગાંધીજી તેને મળવા સામે ગયા. લોકો ચિડાઈ ગયા અને જુવાનને પ્રાર્થનાસભામાંથી હાંકી કાઢવામાં આવ્યો. ગાંધીજીએ સભામાં કહ્યું, 'એ જુવાન ગુસ્સામાં હતો. ગુસ્સો તાત્પુરતું ગાંડપણ છે. પરંતુ ગાંડપણનો ગાંડપણથી નહીં પણ ડહાપણથી મુકાબલો કરવાની તમારી તથા મારી ફરજ છે.'

બીજ દિવસે પ્રાર્થના શરૂ થાય તે પહેલાં, ગાંધીજીએ પૂછ્યું કે કોઈ વિરોધ કરનાર છે? તરત જ એક જુવાન ઊભો થયો અને તેણે આગલા દિવસનો વાંધો ફરીથી સંભળાવ્યો. કહ્યું, 'આ હિંદુ મંદિર છે...' ગાંધીજીએ કહ્યું, 'આ ભંગીઓનું મંદિર છે.' (ત્યારે આ શબ્દ વપરાતો હતો) કેવળ મંદિરના ટ્રસ્ટીઓને જ વાંધો ઉઠાવવાનો હક છે. પણ તેમણે વાંધો ઉઠાવ્યો નથી.' પેલા જુવાને કહ્યું, 'ઉપાસનાનું આ જાહેર સ્થળ છે. આપને કુરાનમાંથી વાંચવું હોય તો આપે બીજે સ્થળે જવું જોઈએ.' 'પૂરી નમ્રતાથી હું ફરીથી કહું છું કે, હું ધંધે ભંગી છું અને એ રીતે તમારા કરતાં મને ભંગીઓ વતી બોલવાનો વધારે હક છે. તમે તો તમારી જિંદગીમાં કદાચ એકે વાર જાજરૂ સાફ કર્યું નહીં હોય અને અત્યારે પણ એ કરવાને તૈયાર નહીં હશો.'

પ્રાર્થના સભામાં હાજર રહેલા લોકોમાંથી પોકાર ઉઠ્યા, 'અમે પ્રાર્થના ચાલુ રાખવા માગીએ છીએ. બાકીના બીજા બધાની મરજી વિરુદ્ધ પ્રાર્થના અટકાવી રાખવાનો એક માણસને શો હક છે? કૃપા કરીને પ્રાર્થના ચલાવો.'

ગાંધીજીએ પેલા જુવાનને કહ્યું; 'પ્રાર્થના ચાલુ કરવાની હજારો લોકો માગણી કરે છે. તમે તમારો આગ્રહ ચાલુ રાખશો તો તેઓ ઘણા જ નિરાશ થશે. તમને એ છાજે છે?' પેલો જુવાન બેસી ગયો. પણ તુરંત બીજો જુવાન ઊભો થયો. એ કહે, 'આપ મસ્જિદમાં જઈને ગીતાનું પારાયણ કેમ કરતા નથી?' ગાંધીજીએ કહ્યું; 'તમારે ઉશ્કેરાવાની જરૂર નથી. તમારી અવિચારી ધર્માંધતાથી હિંદુ ધર્મનું કશું ભલું તમે નથી કરતા પણ કેવળ વિનાશ નોતરો છો. હિંદુ ધર્મ તો સહિષ્ણુતા અને ઉદાર ભાવની અવધિ છે. આ બાદશાહખાન બેઠા છે. તમારે જીવતો જાગતો ઈશ્વરનો ભક્ત જોવો હોય તો તે નખશિખ ખુદાના બંદા છે. તેમને માટે પણ તમને આદર નથી? પરંતુ હું આગળ કહી ચૂક્યો છું તેમ, એક બાળક સરખું પણ વિરોધ કરશે તો, પ્રાર્થના હું આગળ નહીં ચલાવું.'

ત્યાં જ કોઈ બોલી ઊઠ્યું, 'તમે પંજાબ શાને જતા નથી?' કેટલાક લોકોએ વિરોધ કરનારને બળજબરીથી બહાર કાઢવાની ધમકી આપી. પરંતુ ગાંધીજીએ એમ ન કરવાની અપીલ કરી. વિરોધ કરનારે મોટે અવાજે કહ્યું, 'મારે પાંચ મિનિટ જોઈએ છે.' ગાંધીજી બોલ્યા, 'તમે તમારી ઈચ્છા 'હા' કે 'ના' કહીને દર્શાવી શકો છો, અને હું તેને વશ થઈશ.'

પેલો કહે, 'અહીં આપ મુસલમાની પ્રાર્થના ન કરી શકો.' ગાંધીજી, 'સારું...સૌ કોઈ શાંતિ રાખે. આવતી કાલે હું ફરીથી આ સવાલ પૂછીશ અને એક નાનું બાળક પણ માત્ર 'ના' કહીને મને પ્રાર્થના કરાવતો અટકાવી શકે છે.' આટલું કહીને ગાંધીજી પ્રાર્થનાનું

સ્થળ છોડી જતા રહ્યા અને પોતાના ઓરડામાં તેમણે પ્રાર્થના કરી. એ પ્રાર્થનામાં તેમની મંડળીના સભ્યો જ હાજર હતા.

ત્રીજે દિવસે, ગાંધીજી પ્રાર્થના કરવા જઈ રહ્યા હતા ત્યારે કોઈએ આવીને એમને એક પત્ર આપ્યો. પત્ર આપતા પેલાએ કહ્યું, 'ભંગીઓના મહાજનના પ્રમુખનો પત્ર છે.' પત્રમાં એવું લખવામાં આવ્યું હતું કે ગાંધીજી ભંગી કૉલોનીમાં રહે એમ એ લોકો ઈચ્છતા નથી. તપાસ કરતાં ખબર પડી કે એ પત્ર બનાવટી હતો. ગાંધીજીએ પ્રાર્થના સભામાં કહ્યું, 'મારા જેવા બુઢ્ઢાની આ કેવી ક્રૂર મશ્કરી છે! તેઓ મને કહે છે કે, હું કુરાનમાંથી આયતો ન પઢું તો જ અમે તમને પ્રાર્થનાસભા ભરવા દઈશું. મને લાગે તે પ્રમાણે પ્રાર્થના કરવાની પણ મને સ્વતંત્રતા નથી?'

પછી તેમણે પૂછ્યું, 'આ સભામાં કોઈ વિરોધ કરનારા છે? જવાબમાં ત્રણ માણસો ઊભા થયા. ગાંધીજીએ શાંતિથી કહ્યું, 'હું વિરોધીઓને વશ થાઉં છું. પ્રાર્થના થશે નહીં.' ગાંધીજી પ્રાર્થનાસ્થળ છોડીને જવા લાગ્યા ત્યારે પ્રાર્થના કરવાની માગણી કરતા પોકારો લોકો કરવા લાગ્યા. ગાંધીજીએ કહ્યું, 'આજે નહીં. વિરોધ કરનારાઓની સંખ્યા વધી છે. એ સારું છે. નોઆખલીમાં રામધૂન ગાતાં તેમણે કદી પણ મને અટકાવ્યો ન હતો. એની સામે જેમને વાંધો હતો તેઓ પ્રાર્થનાસભામાંથી ચાલ્યા જતા હતા.'

મારા વાચક મિત્રો, આ પ્રમાણે ગાંધીજી અને સાથે સાથે તેમની અહિંસા પરની દૃઢ શ્રદ્ધાની કસોટી થઈ. ચોથા દિવસની સાંજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતા ગાંધીજીને મળવા આવ્યા અને તેમણે ખાતરી આપી કે, આપની પ્રાર્થનાસભામાં હવે ખલેલ પહોંચાડવામાં નહીં આવે. એ દિવસની સાયં પ્રાર્થનાસભામાં ગાંધીજીએ જ્યારે પૂછ્યું કે કોઈ વિરોધ કરનાર છે? કે તરત એક જુવાને વિરોધ દર્શાવવા હાથ ઊંચો કર્યો. એ જોઈને એક બીજા માણસે ઊભા થઈને કહ્યું, 'આપણા તોછડાઈભર્યા વિરોધને કારણે ગાંધીજી પોતાની પ્રાર્થનાસભા છેલ્લા ત્રણ દિવસથી ચલાવી શક્યા નથી એ શરમજનક છે. હવે કશો વિરોધ ન કરવા માટે હું તમને આજીજી કરું છું.'

ગાંધીજીએ કહ્યું, 'જો કોઈ વિરોધ કરનાર હોય તો, તે હજી પણ પોતાનો વિટો વાપરી શકે છે.' સભામાં શાંતિ પ્રવર્તી રહી. પહેલો વિરોધ કરનાર બેસી ગયો. પણ ત્યાં બીજો વિરોધી ઊભો થયો. એ જોઈ ગાંધીજી બોલ્યા, 'વારું, હું હાર કબૂલું છું. પણ આ પ્રાર્થનાસભાની હાર નથી. સભામાંના લોકો જો તમારી સામે ક્રોધ કરે, હિંસા વાપરે અથવા તમને ગાળો આપે તો જ તેઓ હાર્યા કહેવાય.' વિરોધ ન કરવાની વિનંતી કરનાર ભાઈ ફરીથી ઊભા થયા અને પેલાને સમજાવવા લાગ્યા. વિરોધ કરનાર ભાઈ પલળ્યા. કહે, 'હું મારો વિરોધ ખેંચી લઉં છું. આપ પ્રાર્થના ચલાવી શકો છો.'

આમ આખરે ચોથે દિવસે ગાંધીજી સાયંપ્રાર્થના કરી શક્યા. પ્રવચનમાં ગાંધીજીએ કહ્યું, 'છેલ્લા ત્રણ દિવસ આપણે પ્રાર્થના નથી કરી એમ રખે કોઈ માને. આપણે હોઠ દ્વારા પ્રાર્થના નથી કરી પણ હૃદય દ્વારા આપણે પ્રાર્થના કરી છે, અને પ્રાર્થનાનો એ ઘણો જ અસરકારક ભાગ છે.'

તા. ૪થી અને ૫મી એપ્રિલે સાયંપ્રાર્થનામાં એક લાખથીયે વધુ માણસો હાજર હતા એવો અંદાજ છે. પરંતુ દોઢેક મહિના પછી ફરીથી કુરાનની આયતો પઢવા સામે વિરોધ ઉઠાવવામાં આવ્યો. આપ એનો આગ્રહ રાખશો તો, પ્રાર્થનાસભા આગળ કાળા વાવટાઓના દેખાવો કરવામાં આવશે, એવો પત્રો ગાંધીજી પર આવ્યા. પરંતુ દિલ્હીની પ્રજાએ અત્યાર સુધીમાં એટલાં શિસ્ત અને સંયમ કેળવ્યાં હતાં કે, વિરોધ કરનારનો તેઓ વાળ પણ વાંકો કરશે નહીં, એમ ગાંધીજીને લાગ્યું. આથી એમણે ધમકીની અવગણના કરીને, પ્રાર્થના કરવાનો નિર્ણય કર્યો. પહેલે દિવસે તો પ્રાર્થનામાં કશી ખલેલ પહોંચી નહીં. ૨૮મી મે, ૧૯૪૭ના રોજ ગાંધીજીએ જાહેર કર્યું કે, એ લોકો માત્ર કાળા વાવટાઓ જ નહીં પણ લાઠીઓ લઈનેય આવે તો પણ હું પ્રાર્થનાસભા ભરીશ. તેઓ મને ફટકાઓ મારશે તોયે, તેમની સામે મારા દિલમાં લેશ પણ બૂરી લાગણી રાખ્યા વિના, ભગવાનનું નામ છેવટ સુધી જપ્યા કરીશ.

ગુસ્સે ભરાયેલા એક ખબરપત્રીએ ગાંધીજીને સૂચવ્યું કે, હિંદુઓને આપ તલવાર સામે તલવાર ઉગામવાને અને આગ સામે આગ લગાડવાને કહી શકતા ન હો તો, આપે જંગલમાં ચાલ્યા જવું જોઈએ. ૨૯મી મે ને દિવસે સાયંપ્રાર્થનામાં એને વિષય બનાવીને ગાંધીજીએ એ ખબરપત્રીની સલાહને અનુસરવાની પોતાની અશક્તિ દર્શાવી.

એક સહકાર્યકર્તાએ ગાંધીજીને કહ્યું, 'આપે કહ્યું છે કે, સમજાવટથી આખુંયે હિંદ પાકિસ્તાનમાં પલટાઈ જાય તેની મને પરવા નથી, પરંતુ જબરદસ્તીને કારણે એક ઈંચ પણ નહીં અપાય. આપની એ જાહેરાતની બાબતમાં આપ તો મક્કમ રહ્યા છો. પરંતુ કૉંગ્રેસની કારોબારી સમિતિ એ સિદ્ધાંત પ્રમાણે કાર્ય કરે છે ખરી? તે તો બળ આગળ નમતું આપે છે. 'હિંદ છોડો'નો રણનાદ આપે અમને આપ્યો; અમારી લડાઈઓ આપ લડ્યા; પરંતુ નિર્ણયનો સમો આવ્યો ત્યારે ચિત્રમાં આપ નથી. આપને તથા આપના આદર્શોનો છોડી દેવામાં આવ્યા છે.' ગાંધીજી બોલ્યા, 'આજે મારું કોણ સાંભળે છે?' 'આગેવાનો નહીં હોય પણ પ્રજા તો આપની પાછળ છે.' 'પ્રજા પણ મારી પાછળ નથી. મને હિમાલય જવાને કહેવામાં આવે છે. મારા ફોટાઓને તથા પૂતળાઓને હાર પહેરાવવાને દરેક જણ આતુર છે પણ મારી સલાહને અનુસરવાને ખરેખર કોઈ જ તૈયાર નથી.'



*મનુષ્ય ભોગ નથી ભોગવતો, ભોગો મનુષ્યને ભોગવે છે.*

૧લી જૂન, ૧૯૪૭. ગાંધીજી રોજ કરતાં વહેલા ઊઠી ગયા. પથારીમાં પડ્યા પડ્યા ધીમે સાદે વિચારવા લાગ્યા, 'આજે હું એકલો જ રહી ગયો છું. સરદાર અને જવાહરલાલ સુદ્ધાં માને છે કે, પરિસ્થિતિની મારી સમજ ખોટી છે અને ભાગલાની બાબતમાં સંમતિ થાય તો સુલેહશાંતિ ખસૂસ ફરીથી સ્થપાશે...ભાગલા પડવાના જ હોય તો તે બ્રિટિશ દરમ્યાનગીરીથી અથવા બ્રિટિશ અમલ નીચે ન પડવા જોઈએ, એમ હું વાઈસરૉયને કહું એ તેમને પસંદ નથી...તેમને થાય છે કે ઘડપણને લઈને મારી બુદ્ધિ બહેર તો નથી મારી ગઈ!...એમ છતાં, મારી સલાહની કદર થાય કે ન થાય તોયે, મને લાગે તે જ મારે કહેવું રહ્યું...આ ડોસાએ શી શી મનોવેદના ભોગવી હતી એ ભવિષ્યની પ્રજા જાણી લે. એમ ન કહેવાઓ કે, ગાંધી હિંદના દેહછેદનનો પક્ષકાર હતો.'

૩જી જૂને પોતાના નાહવાના ટબમાં સૂતાં સૂતાં ગાંધીજીએ કહ્યું હતું કે, 'આજે દિવસ દરમ્યાન ભાગલાની યોજના પર ઘણું કરીને સહી-સાટાં થઈ જશે. હું ફરીથી કહું છું કે, હિંદના ભાગલા દેશના ભાવિને નુકસાન કર્યા વિના નહીં રહે, જો કે, એવો વિચાર ધરાવનાર કદાચ હું એકલો જ હોઈશ.'

એ દિવસે સાંજે રાજકુમારી અમૃતકોરે સમાચાર આપ્યા કે કૉંગ્રેસ, મુસ્લિમ લીગ તથા શીખો એ ત્રણે પક્ષોએ માઉન્ટબેટન યોજના પર સહી કરી છે. ગાંધીજી કશી ટીકા ટીપ્પણ કર્યા વગર સાંભળી રહ્યા. પછી ઊંડો નિઃશ્વાસ નાખીને બોલ્યા, 'ભગવાન તેમની રક્ષા કરો અને સંપૂર્ણ શાણપણ બક્ષો.'

ત્યાર પછીના દિવસોમાં ડાહ્યા લોકો ગાંધીજીને પૂછવા માંડ્યા કે કૉંગ્રેસે સંમતિ આપી તેનો વિરોધ ગાંધીજીએ કેમ ન કર્યો, તેની સામે ઉપવાસ કેમ ન કર્યા? તેની સામે બળવો કેમ ન કર્યો? વગેરે. એના જવાબમાં ગાંધીજીએ કહ્યું, 'હિંદના થોડા જ વખતમાં પડનારા ભાગલા સંબંધમાં મને થાય છે એટલું દુઃખ ભાગ્યે જ બીજા કોઈને થતું હશે, પરંતુ જે સિદ્ધ હકીકત બનનાર છે એની સામે લડત ઉપાડવાની મારી ઈચ્છા નથી. એવા ભાગલાને હું બૂરી વસ્તુ લેખતો આવ્યો છું અને તેથી હું કદી પણ તેનો પક્ષકાર થઈ શકું નહીં. પરંતુ કૉંગ્રેસ જ્યારે કમને પણ એવા ભાગલા સ્વીકારે ત્યારે સંસ્થાની સામે હું કોઈ પણ પ્રકારનું આંદોલન ઉપાડું નહીં.'

* * *

ઈંગ્લેન્ડની ઉમરાવ સભામાં હિંદ સ્વાતંત્ર્ય ખરડાના બીજા વાચન વખતે થયેલી ચર્ચા દરમ્યાન લૉર્ડ હર્બર્ટ સેમ્યુઅલે જણાવ્યું હતું, 'હિંદની પ્રજા છેલ્લી અર્ધી સદી કરતાં પણ વધુ સમયથી ખુલ્લો બળવો કરવાનું જ બાકી રાખીને, તેની ઈચ્છા દર્શાવવા માટે, લોકમતનો હરેક પ્રકારે ઉપયોગ કરતી આવી છે, એની પાછળનો વિચાર કરતાં મને એ કહેવાનું ઉચિત લાગે છે કે, આ ઝઘડાના હરેક તબક્કા દરમિયાન હિંદમાં ખુલ્લો બળવો ન થવા પામ્યો એ હકીકત ઘણે મોટે અંશે મિ. ગાંધીના પ્રભાવને તથા તેમના અહિંસાના સિદ્ધાંતને આભારી છે.'

* * *

એક અંગ્રેજ મિત્રે લખ્યું, 'હું અતિશય શરમ, ખેદ અને દુઃખ અનુભવું છું... મારા પોતાના અંતરાત્માના ફિટકારમાંથી હું ઊગરી શકતો નથી. હિંદને આ આધ્યાત્મિક દુર્ઘટનાની સ્થિતિમાં લાવી મૂકવા માટે અમ બ્રિટિશરોએ અમારાથી થઈ શકે તે કરવાનું કશું બાકી રાખ્યું નથી. આજની પરિસ્થિતિમાં એ યોજના જ શ્રેષ્ઠ હોઈ શકે એમ બને; હિંદે આજની પરિસ્થિતિમાં કદી પણ મુકાવું જોઈતું નહોતું એમ પણ ભલે હોય; પરંતુ આખરે અને અચૂકપણે દોષનો ટોપલો તો ખરેખર અમારા પર જ ઢોળાવો જોઈએ–ભૂતકાળની નીતિઓ માટે, કોમી મતાધિકાર માટે, તડો પડાવનારી સઘળી અસરો માટે, વસ્તુસ્થિતિને અમે જે રીતે કથળવા દીધી તે માટે તથા માનવીઓ પોતે જ નૈતિક અને આધ્યાત્મિક હ્રાસની સ્થિતિમાં આવી પડવા જેટલી પરિસ્થિતિ પાકી ગઈ, ત્યાંસુધી હિંદને ચીટકી રહેવા માટે હજુ અત્યારે પણ અમે સીધી રમત રમીએ છીએ એવો સંતોષ મને નથી. બહુ બહુ તો અમે રાજકીય શેતરંજની ભૂમિકા પર છીએ...અહીં અમારે ત્યાં તો પ્રાયશ્ચિતની ભાવના જરા સરખી પણ દેખાતી નથી. અહીં સર્વસામાન્ય લાગણી પ્રવર્તે છે કે, બ્રિટને હિંદમાં એક અતિભવ્ય કાર્ય કર્યું છે, અને પોતાના કામ ઉપર તેણે ભવ્ય કળશ ચડાવ્યો છે..છેવટની ઘડી સુધી અશાંતિ અને તોફાનો અને નિષ્ફળતાઓ ચાલુ રહે તેના કરતાં ભાગલા સ્વીકારી લેવા સારા એ ગોઝારી પસંદગી કરવામાં આવી ત્યાં સુધી, હિંદને અમારા પંજામાં અમે પકડી રાખ્યું. સ્થાપવામાં આવેલી સરકારને (અમે પોતે જ તે સ્થાપી હતી) સત્તા સોંપીને તથા નિર્ણયો કરવાને હિંદને ખરેખર સ્વતંત્ર સ્થિતિમાં મૂકીને, અમે શાને ચાલ્યા ન ગયા?'

મિત્રો, શું હજુય આપણે કહીશું, 'ગાંધી, ચલે જાવ?' ✷ ✷ ✷

C\o. કુન્તલ દવે, નાનુભાઈ દેસાઈ એન્ડ કાં.,
૫૧૭ સર વિઠ્ઠલદાસ ચેમ્બર્સ, ૧૬, મુંબઈ સમાચાર માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૧. મોબાઈલ : ૦૯૮૩૩૬૨૬૬૩૮.

✷ ✷ ✷

**આધાર ગ્રંથ :**

૧. ગાંધીજીની દિનવારી–શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલ
૨. મારું જીવન એ જ મારી વાણી (ચોથો ખંડ) : શ્રી નારાયણ દેસાઈ
૩. મહાત્મા ગાંધી-પૂર્ણાહુતિ (પુસ્તક ત્રીજું) : શ્રી પ્યારેલાલ
૪. દિલ્હીમાં ગાંધીજી (ભાગ બીજો) : મનુબહેન ગાંધી

# ધ મર્ડર ઑફ ધ મહાત્મા | ગાંધીજીની હત્યાનો કેસ અને ચુકાદો

*[ જસ્ટિસ જી. ડી. ખોસલા લાહોરના આઈસીએસ અધિકારીના પુત્ર હતા. મસૂરી અને કેમ્બ્રિજમાં શિક્ષણ લઈ તેઓ પંજાબ હાઈકોર્ટમાં જજ બન્યા હતા. સાહિત્ય, સંગીત અને ભારતીય સંસ્કૃતિમાં ઊંડો રસ ધરાવનાર જસ્ટિસ ખોસલાએ ૨૦૦ થી વધુ રેડિયો ટોક આપી હતી.*

*મહાત્મા ગાંધીની હત્યા કરનાર નાથુરામ ગોડસે અને અન્ય આરોપીઓની અપીલ તેમણે સાંભળેલી. કેસની ગંભીરતા અને મહત્ત્વ જોતાં સુનાવણી માટે ત્રણ જજની પેનલ નિમાયેલી જેમાં જસ્ટિસ ખોસલા ઉપરાંત જસ્ટિસ ભંડારી અને જસ્ટિસ અચ્છુરામ હતા. જસ્ટિસ ખોસલાએ લખેલા પુસ્તક 'ધ મર્ડર ઑફ ધ મહાત્મા એન્ડ અધર કેસીઝ ફ્રોમ અ જજ'ઝ નોટબુક'નું દસમું અને છેલ્લું પ્રકરણ ગાંધી હત્યાના ઐતિહાસિક ચુકાદા વિશે છે. આ લેખ તેનો અંશ છે. ]*

પ્રવાસમાં જાણવા મળ્યું કે નાથુરામ ગોડસે એકલો જ હત્યામાં સંડોવાયેલો ન હતો. તેમાં ઘણાં લોકો હતા ને ગોડસેનું કામ ગાંધીને ગોળી મારવાનું હતું. પોલીસને તપાસની કામગીરી પાર પાડવામાં પુરા પાંચ મહિના થયા હતા અને પછી કેસ મુકદ્દમાં માટે તૈયાર જાહેર કરાયો હતો.

Indian Civil Service Judicial Branch ના વડા શ્રી આત્મચરણ આગળ આ મુકદ્દમો ૨૨ જૂન ૧૯૪૮ના દિવસે શરૂ થયો હતો. જેઓની કાયદેસર રીતે અને જરૂરી સત્તાઓ સાથે (Requiste juriditional) આ કાર્ય માટે નિમણૂંક કરવામાં આવી હતી. આ જરૂરી હતું, કારણ કે એમને જજ તરીકે સામાન્ય કરતા વધુ પડતા મોટા ગુનાના ક્ષેત્ર territorial juriditional (કાયદસ અને ફરજ રાજ્ય પ્રમાણે હોય છે. એક રાજ્યનો વકીલ બીજા રાજ્યમાં કરાયેલ અપરાધ માટે કામ ના કરી શકે, સિવાય કે ખાસ પરવાનગી આપવામાં આવી હોય.) સાથે કામ લેવાનું હતું. મુકદમો દિલ્હીમાં લાલકિલ્લામાં ચાલતો હતો, પરંતુ તે પ્રજા અને પ્રેસ માટે ખુલ્લો હતો અને તેનો અહેવાલ બધા જ છાપાઓમાં વિસ્તૃતપણે છપાતો હતો. ગુનેગારોને તેમની પસંદગીના સલાહકારની મદદ લેવાની પૂરેપૂરી છૂટ હતી.

નીચેના આઠ શખ્સો ઉપર Act and Explosive Substance Actની કલમ પ્રમાણે ખૂન કરવાનો અને ખૂન કરવા માટેનું કાવતરુ ઘડવાનો આરોપ મુકાયો હતો.

(૧) નાથુરામ ગોડસે, ૩૭, તંત્રી, હિન્દુ રાષ્ટ્ર પુના
(૨) તેનો ભાઈ ગોપાલ ગોડસે, ૨૭, સ્ટોરકીપર આર્મી ડેપો, પુના
(૩) નારાયણ આપ્ટે, ૩૪ મેનેજીંગ ડીરેક્ટર, હિન્દુરાષ્ટ્ર પ્રકાશન લિ. પુના
(૪) વિષ્ણુ કરકરે, ૩૭, રેસ્ટોરન્ટનો માલીક, અહમદનગર
(૫) મદનલાલ પાહવા, ૨૦, રેફ્યુજી કેમ્પ અહમદનગર
(૬) શંકર કિસ્તયન ૨૭, ઘરઘાટી, પુના
(૭) દત્તાત્રેય પરચુરે, ૪૯, ડૉક્ટર ગ્વાલિયર
(૮) વિનાયક સાવરકર ૬૫, બેરિસ્ટર એટ લો જમીનદાર અને સંપત્તિનો માલીક-મુંબઈ

બીજા ત્રણ એટલે કે ગંગાધર દંડવતી, ગંગાધર જાદવ અને સૂર્યદેવ શર્મા ભાગેડુ જાહેર કરાયા હતા અને તેમના ઉપરનો કેસ તેમની ગેરહાજરીમાં ચાલવાતો હતો. ફરિયાદીઓ તરફથી આ કેસ સી. કે. દફતરી, એડવોકેટ જનરલ મુંબઈ (હાલમાં એટર્ની-જનરલ ભારત) તરફથી ખુલવાનો હતો. ૨૪મી જુને સાક્ષીઓની ઉલટતપાસ શરૂ થઈ. બધા જ એટલે કે કુલ ૧૪૯ સાક્ષીઓ બોલાવવામાં આવ્યા અને સૌથી અગત્યનો પુરાવો કેસમાં માફી માટે દિગમ્બર બાગડેના નિવેદનનો સ્વીકૃત રહ્યો. એ પણ કાવતરા બાજોના ટોળામાંનો એક હતો અને કાવતરું ઘડવામાં સક્રિય ભાગ લેનાર આરોપી જાહેર થયો હતો. જાન્યુઆરી ૩૧ના દિવસે એટલે કે ગાંધીજીની હત્યાના બીજા દિવસે એની ધરપકડ કરાયા બાદ પોલીસની પ્રશ્નોત્તરીથી શરણે થઈ ગયો હતો. બહુ જલદી તેણે પોતાનો ગુનો કબુલી લઈને પોતે આ ગુનાના આરોપનો સાગરિત હતો તેવું નિવેદન આપી દીધું હતું. પછીના સમયે તેણે મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર રહીને પોતાનું આ નિવેદન દોહરાવ્યું હતું. અને તેની આ સંમતિ માટે શરતો ક્ષમાને પાત્ર બનીને આ રીતે તે તાજનો સાક્ષી બન્યો હતો. સજા પામેલા આરોપીઓમાંથી સાવરકર નિર્દોષ જાહેર થયો હતો. બીજા બે એટલે કે નાથુરામ ગોડસે અને તેના મિત્ર આપ્ટેને ફાંસીની સજા અને બાકીના પાંચને આજીવન કેદની સજા જાહેર કરાઈ હતી. ચુકાદો આપનાર જજે, સજા જાહેર કરતી વખતે જણાવ્યું હતું કે તેમના ચુકાદાને આરોપીઓ ઉપલી કોર્ટમાં અરજી કરી શકે છે, પણ તેમણે પંદર દિવસમાં જ અરજી કરી દેવાની રહેશે. ચાર દિવસ પછી સાત આરોપીઓ તરફથી પંજાબ હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. ગોડસેએ હત્યાના ગુનાસર અપાયેલ ચુકાદો પડકાર્યો ન હતો. ન તો એણે ફાંસીની સજા યોગ્ય છે કે નહીં તેવો પ્રશ્ન કર્યો હતો. તેની અરજી કહેતી હતી કે કાવતરું રચાયું હતું. તેણે મહાત્મા ગાંધીના મૃત્યુની સંપૂર્ણ જવાબદારી પોતાના માથે લઈ લીધી હતી

અને ઝનૂનપૂર્વક ઈન્કાર કર્યો હતો કે આમાં બીજી કોઈને પણ કોઈજ લેવાદેવા ન હતી. હાઈકોર્ટના કાયદા કાનૂન મુજબ ખૂન કેસની અરજીની સુનાવણી બે જજ ધરાવતી Division Branchમાં થતી હતી. પણ મરણ પામનારની બેજોડ મહાનતાના કારણે જટિલતા અને પુરાવાઓની પ્રબળતાના લીધે તેનું મહત્ત્વ અને અગાઉ ક્યારેય ઊભો થયો ના હોય તેવો રસ આ કેસમાં ઊભો થયો. તેના લીધે મુખ્ય ન્યાયાધીશે ગોડસે અને તેના સાથીદારોની અરજીની સુનાવણી માટે ત્રણ જજની બેંચનું બંધારણ નક્કી કર્યું. જજો હતા જસ્ટિસ ભંડારી, જસ્ટિસ અછોરામ અને ત્રીજો હું. ભારત સરકારે અમારા માટે (મકાનનું નામ) એવી જગ્યા ફાળવી હતી કે જે આઝાદી પહેલાં વાઈસરોય માટે ઉનાળામાં રહેવાનું રજવાડી મકાન હતું. આ મકાન નવલકથાઓમાં આવતાં વર્ણનો પ્રમાણેનું આહ્‌લાદક વાતાવરણથી ઘેરાયેલું હતું. થોડે દૂર આવેલી હિમાચ્છાદિત શિખરોવાળી ટેકરીઓનું સુંદર દૃશ્ય દેખાતું હતું. પરંતુ હાઈકોર્ટ માટે ભાગ્યે જ અનુકૂળ હતું. આખું કાવતરું કેવી રીતે રચાયું તેની કથા કહેતા પહેલાં હું તમને આ લોકોનો પરિચય આપું જેમના ભાગ્યનો ચુકાદો આપવા અમને નીમ્યા હતા.

નથુરામ અને ગોપાલ ગોડસે ગામડાના ટપાલીના દીકરાઓ હતા. તે લોકો છ ભાઈ-બહેન હતા, ચાર ભાઈઓ અને બે બહેનો નથુરામ બીજા નંબરનું સંતાન હતો. અને ભણવામાં મહેનતુ નહોતો. એણે મેટ્રીકની પરીક્ષા આપ્યા પહેલાં જ શાળા છોડી દીધી હતી. એણે કાપડનો નાનો ધંધો શરૂ કર્યો હતો. પણ જ્યારે આમાં કંઈ બરકત આવી નહીં ત્યારે દરજી કામમાં જોડાઈ ગયો. ૨૨ વર્ષની ઉંમરે તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાયો. થોડાં વર્ષ પછી તે પૂના ગયો અને હિન્દુ મહાસભાની સ્થાનિક શાખામાં સેક્રેટરી બન્યો. તેણે હૈદરાબાદમાં નાગરિક અસહકારની ચળવળમાં ભાગ લીધો જ્યાં હિંદુઓ, નિઝામની સરકાર દ્વારા તેમના હકો છીનવી લેવાય છે, તેવી ફરિયાદ કરતા હતા. નથુરામની ધરપકડ થઈ હતી અને અમુક મુદતની જેલની સજા થઈ હતી. ત્યારપછી તે હિંદુરાજકારણમાં ગાઢ રીતે જોડાઈ ગયો હતો. ઇતિહાસ અને સમાજશાસ્ત્ર વિશે ખૂબ વાંચન કર્યું હતું. એણે કોઈપણ જાતના બંધનમાંથી મુક્ત રહેવાનું નક્કી કર્યું હતું. લગ્નનું બંધન પણ નહીં. પૂનામાં તે આપ્ટેને મળ્યો હતો. આપ્ટે શાળામાં શિક્ષક હતો. ગોડસેએ અગ્રણી અખબાર શરૂ કર્યું હતું. પાછળથી તેનું નામ બદલાઈને 'હિંદુ રાષ્ટ્ર' થયું હતું. ગોડસેએ મહાત્મા ગાંધીની કાર્યપદ્ધતિની (Policy) જે 'મુસલમાનને શાંત પાડવા પ્રત્યે હતી તેનો સખત વિરોધ કર્યો હતો. અને ઝીણાની દરેક માગણીઓને માન્ય રાખવાની બાબતની ટીકા કરી હતી. મહાત્મા ગાંધીની ઝીણા સાથેની મુલાકાત અને બંગાળના મુસલમાન નેતા સુહરાવર્દી સાથેની મિત્રતાથી ગોડસે અત્યંત રોષે ભરાયો હતો. જ્યારે તેનું લખાણ સ્ફોટક બનીને પ્રજામાં શાંતિ ટકાવી રાખવા માટે ભયજનક બની ગયું હતું, ત્યારે સરકારે તેને ચેતવ્યો હતો. આટલું પુરતું ન હતું. Press Security Act (મુદ્રણ સલામતી કરાર) પ્રમાણે તેની સલામત (Security Deposit) પુંજી જપ્ત કરી લેવાઈ હતી અને નવી પુંજી જમા કરાવવાનું કહેવામાં આવ્યું હતું. પૈસા ઝડપથી હિન્દુ મહાસભાના સમર્થકો પાસેથી ઉઘરાવવામાં આવ્યા હતા. ૨૦ જાન્યુઆરી ઈ. સ. ૧૯૪૮ના દિવસે બનેલો બોમ્બનો બનાવ 'હિન્દુ રાષ્ટ્ર'માં મુખ્ય સમાચાર તરીકે અંદર વધારો કરીને ચમકાવવામાં આવ્યો હતો. મથાળું હતું–

રોષે ભરાયેલા હિન્દુ શરણાર્થીઓનું શાંતિ માટેની ગાંધીની રાજનીતિના વિરોધનું પ્રતિનિધિત્વ કરતું કૃત્ય.

ગોડસેએ ભગવદ્ ગીતાનો અભ્યાસ કર્યો હતો અને એમાંના અમુક શ્લોકો તેમના મોઢે હતા. અને તેના હિંસક કૃત્યને પોતાના પ્રમાણિક અને સાચા ઉદ્દેશને પુરવાર કરવાના પ્રયત્નોમાં આ શ્લોકો બોલવાનું ગમતું હતું. એનો સ્વભાવ અત્યંત તામસી (ક્રોધી) હતો જેને છુપાવવા એ ઘણું કરીને બહારથી શાંત અને સ્વસ્થ રહેતો હોવાના દેખાવ માટે પ્રયત્ન કરતો હતો.

એનો નાનો ભાઈ ગોપાલ એના હિન્દુ આંદોલનમાં કામ કરવા પ્રત્યે એટલો બધો ઝનૂની નહોતો. મેટ્રીકની પરીક્ષા પાસ કરીને તે પણ જ્યાં નથુરામ નોકરી કરતો હતો તે દરજી કામના સંકુલમાં જોડાઈ ગયો હતો. તે પરણેલો હતો અને તેને બે દીકરીઓ હતી. થોડો સમય હિન્દુ મહાસભા માટે કામ કર્યા પછી તે લશ્કરમાં સ્થાનિક કર્મચારી તરીકે જોડાયો અને ત્યાં પૂના નજીકના કિર્કી (Kirkee) ખાતે મોટર ટ્રાન્સપોર્ટ સ્પેર્સ સબ ડેપોના (Store Keeper) તરીકે નીમાયો. યુદ્ધ દરમિયાન તે ઈરાન અને ઈરાક ગયો અને ત્યાંથી માનવ અધિકાર અને સ્વતંત્રતાના મહત્ત્વ વિશે પૂરેપૂરી જાણકારી પ્રાપ્ત કરીને પાછો આવ્યો. સાવરકરના ભારતના ભાગલા વિરૂદ્ધમાં અપાતા ભાષણોથી અત્યંત પ્રભાવિત થયો અને હિંસા કરવાના મતમાં વટલાયો. એના ભાઈ નથુરામે તેને સલાહ આપી કે તું પરણેલો છે અને જવાબદારીઓ ને ફરજોમાં બંધાયેલો છે. આ ભયાનક દિશામાં આગળ જતાં પહેલાં બે વાર વિચાર કરજે. ગોપાલ આ બાબતે વિચાર કરતા થોડો ખચકાયો પણ આખરે તેણે નથુરામ સાથે જોડાવાનું નક્કી કરી લીધું.

નારાયણ દત્તાત્રેય આપ્ટે મધ્યમવર્ગીય બ્રાહ્મણ કુટુંબમાંથી આવતો હતો. એણે B.Sc.ની પદવી લીધી પછી અહમદનગરની એક શાળામાં શિક્ષક થઈ ગયો. ત્યાં તેણે રાયફલ કલબ ચાલુ કરી, અને હિંદુ રાષ્ટ્રદલમાં જોડાયો. આ સમય દરમિયાન તે નથુરામ ગોડસેને મળ્યો અને તેની સાથે મિત્રતા બંધી. ઈ. સ. ૧૯૪૩માં એ Indian Airforce માં જોડાયો અને King's Commission

દ્વારા કામ મેળવ્યું. ચાર મહિના પછી તેણે રાજીનામું આપ્યું, કારણ કે નાના ભાઈના અવસાનના કારણે ઘરની જવાબદારીઓ અદા કરવા માટે ઘેર પાછા ફરવાની ફરજ પડી. પછીના વર્ષે તે ગોડસે સાથે તેના અખબારના વ્યવસ્થાપક ખાતામાં જોડાયો. તેની ગોડસે સાથેની ગાઢ મિત્રતા એ માન્યતામાં પરિણમી કે કોઈ પણ માગણી રાજકીય ક્ષેત્રમાં શાંતિના રસ્તે મેળવાતી નથી. અને છેલ્લે તેણે ગોડસે કરતાં પણ વધારે દૃઢ નિશ્ચય અને હિંમત બતાવ્યા. જો કે તે ગોડસે જેવો ધાર્મિક જુસ્સો ધરાવતો નહોતો.

વિષ્ણુ રામકૃષ્ણ કરકરેનું બાળપણ તડકા-છાંયડાવાળું અને યુવાવસ્થા દુ:ખદ હતા. તેના માતાપિતા તેનો ઉછેર કરી શકે તેમ ન હતા એટલે તેને અનાથ આશ્રમમાં ત્યજી દીધો હતો. એ ત્યાંથી ભાગી ગયો અને હોટલોમાં અને રેસ્ટોરન્ટમાં ગમે તેવી નોકરી કરી ગુજરાન ચલાવવા માંડ્યો. ત્યાંથી તે રામલીલા કરતા એક ગામથી બીજે ગામ ફરતા નટો સાથે જોડાયો અને છેવટે પોતાની નાનકડી રેસ્ટોરન્ટ અહમદનગરમાં શરૂ કરી. અહીં તે હિંદુ મહાસભાનો સક્રિય સભ્ય બન્યો. અને જિલ્લાની શાખામાં (District branch) સેક્રેટરી તરીકે ચૂંટાયો. અને એટલે જ તે આપ્ટેના પરિચયમાં આવ્યો. અને તે પણ આપ્ટેને મદદ કરવામાં ગાઢ સાથીદાર બન્યો. કરકરેએ અહમદનગર મ્યુનિસિપલ કમિટીની ચૂંટણીમાં જ્વલંત વિજય મેળવ્યો. નોઆખલીમાં મુસમલાનોના હિંસક રમખાણોનો શિકાર બનેલા હિંદુઓની મદદ માટે રાહત મંડળ સાથે ૧૯૪૬માં તે નોઆખલી ગયો. ત્યાં તે ત્રણ મહિના રહ્યો અને હિંદુ સ્ત્રીઓના થતા અપહરણો અને બળાત્કારો તેણે નજરે જોયા. તે ભારે કડવાશભર્યા મનથી પાછો ફર્યો અને તેનો પ્રકોપ જાહેર કર્યો જ્યારે મહાત્મા ગાંધીએ કહ્યું કે તેમણે એકપણ કેસ અપહરણ કે બળાત્કારનો જોયો નથી.

મદનલાલ પાહવા, પાકપટ્ટનનો (હાલમાં પાકિસ્તાન) હિંદુ પંજાબી, સરકાર વિરૂદ્ધ ઉશ્કેરનાર તત્ત્વોનું સર્જન હતો. તે Royal Indian Navyમાં જવા માટે સ્કૂલમાંથી ભાગી ગયો હતો. જ્યારે તે પરીક્ષામાં નાપાસ થયો ત્યારે એ પૂના ગયો અને લશ્કરમાં જોડાયો. તાલીમના થોડા સમય બાદ તેણે છૂટા થવાની રજા માગી અને તેના ઘેર પાકિસ્તાન ગયો. જ્યારે ૧૯૪૭માં મોટા પાયા પર હુલ્લડો શરૂ થયા તે ઘર છોડી ફિરોઝપુર ગયો. ત્યાં તેણે જોયું કે મુસલમાનોના ટોળા દ્વારા તેના પિતા અને કાકીની ક્રુર હત્યા કરવામાં આવી હતી. તેણે પાકિસ્તાન છોડ્યું તે પહેલાં તેણે નોકરી મેળવવા ઘણાં ફાંફા માર્યા પણ નિષ્ફળ ગયો અને સતત મળતી નિષ્ફળતાથી એનામાં રોષ ભરાતો ગયો. ૧૯૪૭ના ડિસેમ્બરમાં તે આપ્ટે અને ગોડસેને મળ્યો. શરણાર્થીઓના સમૂહને ભેગા કરી સરકાર અને ભાગલાના શિકાર બનેલા હિંદુઓ તરફ દયાહીન વલણ વિરૂદ્ધ દેખાવો કરવા માંડ્યો.

શંકર કિસ્તય ગામડાના સુથારનો દીકરો હતો. એ ક્યારેય કોઈપણ જાતની શાળામાં ગયો નહોતો અને અભણ રહ્યો હતો. નાની નાની કામચલાઉ નોકરીઓ કરીને એ પૂના જતો રહ્યો અને ત્યાં એક દુકાનમાં નોકરી મેળવી. ત્યાં એ બાગડેને મળ્યો જે છરી, કટારી અને ખંજર તથા ગેરકાયદે ઘુસાડેલા બંદુક (પિસ્તોલ) અને દારૂગોળાનો વેપાર કરતો હતો. બાગડેએ તેને ઘરઘાટી તરીકે રહેવા કહ્યું અને કિસ્તય મહિને રૂા. ૩૦/- પગારે તેની નોકરી કરવા તૈયાર થઈ ગયો. કિસ્તય ઉત્સાહી અને ખુશ નોકર પુરવાર થયો. બાગડેનું ઘરકામ કરવા ઉપરાંત તે તેના કપડાં ધોતો હતો, તેની દુકાનનું ધ્યાન રાખતો હતો અને રીક્ષા મજુરીનું કામ પણ કરતો હતો. પણ જ્યારે તેને પગાર ઓછો પડવા માંડ્યો એ તેના માલિક વતી એક ઘરડી સ્ત્રી પાસેથી રૂપિયા માગીને ભાગી ગયો. જ્યારે રૂપિયા ખતમ થઈ ગયા ત્યારે પાછો બાગડે પાસે આવ્યો અને બાગડેનો ગેરકાયદે આવેલા હથિયાર અને શસ્ત્રો તેના ગ્રાહકોને પહોંચાડવાનો વિશ્વાસુ કારભારી બની ગયો. એ સમયે ગેરકાયદે શસ્ત્રો રાખવાનો હૈદરાબાદ અને દેશના બીજા ભાગોમાં કોમી રમખાણો માટે ધીકતો ધંધો ચાલતો હતો.

ડૉ. દત્તાત્રેય પરચુરે ગ્વાલિયરનો બ્રાહ્મણ હતો. તેના પિતા રાજ્યના શિક્ષણ વિભાગમાં ઊંચી પદવી પર હતા. અને એક આદરણીય વ્યક્તિ હતા. પરચુરે M.B.B.S. (ડૉક્ટર) થઈને રાજ્યની તબીબી સેવામાં જોડાયો હતો. તેને ૧૯૪૩માં બરતરફ કરાયો હતો. પછી તેણે પોતાની અંગત પ્રેક્ટીસ શરૂ કરી હતી. તે હિંદુ મહાસભાના કાર્યોમાં સક્રિય ભાગ લેતો હતો અને સ્થાનિક હિંદુ રાષ્ટ્રીય સેનાનો સર્વેસર્વા ચૂંટાયો હતો. અહીં તે ગોડસે અને આપ્ટેના પરિચયમાં આવ્યો હતો.

વિનાયક સાવરકર અથવા વીર સાવરકર વકીલ અને ઇતિહાસકાર હતો. એ ક્રાંતિકારી મંડળમાં જોડાયો અને તેને ચૌદ વર્ષની કાળાપાણીની સજા થઈ હતી. ત્યારપછી તે નજર કેદ હતો. ૧૯૩૭માં છુટ્યા પછી તે હિંદુ મહાસભામાં જોડાયો અને મહાસભાના અખંડ ભારતના પક્ષમાં પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. તે ઘણાં વર્ષો આ મંડળનો પ્રમુખ રહ્યો. અને તેણે કાળજીપૂર્વક વિચારેલી કાર્યપદ્ધતિનો પ્રભાવ પાડવા માટે મહેનત કરતો રહ્યો. તેનું ઘર સાવરકર સદન, દરેક હિંદુ નેતાઓ અને તેમની બેઠકોનું મુલાકાત કેન્દ્ર હતું અને સરકારની આંખોમાં શંકાની નજરથી જોવાતું હતું.

દિગંબર રામચંદ્ર બાગડે માફીનો સાક્ષીદાર પૂર્વ ખાનદેશના

ચાલીસગાંવનો મરાઠો હતો અને થોડાં જ વર્ષો સ્કૂલમાં ગયો હતો. મેટ્રીકના ઘણાં વર્ષો પહેલાંથી સ્કૂલ છોડી દીધી હતી અને ગુજરાન ચલાવવા પૂના જતો રહ્યો હતો. સ્થાયી નોકરી મેળવવા માટે તેણે ઘણી મુશ્કેલીઓ વેઠી હતી અને જુદી જુદી જાતની કામચલાઉ નોકરીઓમાં જ સંતોષ માનવો પડ્યો હતો. એકવાર તે પૂના શહેર મ્યુનિસિપાલિટીના ચેરમેનના ઘરની સામે સત્યાગ્રહમાં મદદ માટે ગયો હતો. એને જે કામની નોકરી મંજુર કરાઈ તેનાથી તેને સંતોષ નહોતો એટલે તેણે છોડી દીધી. થોડો સમય તે એક ધર્માદા સંસ્થા માટે ભંડોળ એકઠું કરવા માટે રહ્યો. તે પૈસા નાખવાના કાણાવાળા ડબ્બા સાથે ઘેર ઘેર જતો હતો અને મહેનતાણાના ભાગરૂપે તેણે એકઠા કરેલા પૈસાનો ૨૫% ટકા ભાગ તેને મળતો હતો. તેણે થોડા પ્રમાણમાં ચપ્પુ, ખંજર અને આંગળીની વેઢો એક દુકાનમાંથી ખરીદી અને ફેરી કરીને વેચવા માંડ્યો. અત્યાર સુધી તેને મળતા હતા તેના કરતાં આ ધંધામાં તેને થોડા વધારે પૈસા મળવા માંડ્યા. ધીમે ધીમે તે તેના કાર્યમાં રહેલા અવકાશને વધારતો ગયો અને છેવટે પોતાની માલિકીની દુકાન કરી. તે જે વસ્તુઓનો ધંધો કરતો હતો તેમાં સરકારની મંજુરીની જરૂર પડતી ન હતી. તે સમયે રાજકીય ચળવળીયાઓ અને મુસમલાન વિરુદ્ધ સંગઠનોની ભારે માગ હતી. જે હિંદુઓ હૈદરાબાદ રાજ્યની મુસ્લિમ સરહદમાં રહેતા હતા, ખાસ કરીને તેઓ સારા ઘરાક હતા અને તેથી બાગડે હિંદુ મહાસભાના સભ્યોના પરિચયમાં આવ્યો અને સંસ્થાના વાર્ષિક સંમેલનોમાં હાજરી આપવાનું શરૂ કર્યું. એ લોકો જ્યાં પણ સંમેલન રાખે ત્યાં જતો ને દરેક પ્રસંગે પુસ્તકોનો સ્ટોલ ખોલતો હતો. પુષ્કળ પ્રમાણમાં ફક્ત પુસ્તકો જ નહીં પણ સાથે વધારે પ્રચલિત છરા, ખંજર અને વેઢા (આંગળીના) રાખતો હતો.

તે નથુરામ ગોડસે અને આપ્ટેને હિંદુ મહાસભાના પ્રમુખ વીર સાવરકરના ઘેર મળ્યો હતો. ૧૯૪૭માં તેણે ધંધો વધાર્યો. તેણે દાણચોરી દ્વારા લવાયેલા હથિયાર અને દારૂગોળાનો જથ્થો (Stock) વધાર્યો. આ બધું લે-વેચનું કામ તેણે ગેરકાયદેસર રીતે તેની ત્યારની ઓળખાણો અને તે પછી અત્યાર સુધીની પુનામાં અને મુંબઈમાં હતી તેના દ્વારા કર્યું. આ સોદાઓ તેના માટે દેશભક્તિ અને હિંદુ તત્ત્વજ્ઞાનના પુસ્તકો કરતાં ઘણાં વધારે નફો રળી આપનાર નીવડ્યાં.

આ એક એવા લોકોનું ભેગું થયેલું સંગઠન હતું જેઓ સાથે આવ્યા હતા ને તેમની ઘૃણાસ્પદ માન્યતાથી એક બન્યા હતા. તેઓ માનતા હતા કે આપણી નબળી રાજકીય કાર્યપદ્ધતિની મુસ્લિમ ઉદ્દંડતાને તાબે થયેલી હતી, જે મહાત્મા ગાંધીના મંતવ્યો અને પક્ષપાતી (મુસલમાનો પ્રત્યે) વલણના પરિણામરૂપે હતી. જ્યારે પુરાવાકોર્ટમાં ખુલ્લો પડ્યો ત્યારે ખબર પડી કે આ આખુંય કાવતરું પાર પાડવા સુધીની યોજના ગોડસે અને આપ્ટેએ ૧૯૪૭ના ડિસમ્બર મહિનામાં ઘડી હતી. થોડા અઠવાડિયાઓનો ઘટનાક્રમ હતો જેમાં પાછળથી બીજા જોડાયા હતા અને નાનકડું જૂથ (મંડળી) બન્યું હતું. આ આખી યોજના ઝીણી ઝીણી બાબતોને ધ્યાનમાં લઈને ઘડાઈ હતી. આ કૃત્ય પાર પાડવાનો નિર્ણય ૧૩મી જાન્યુઆરીએ લેવાયો હતો.

✷ ✷ ✷

## છેલ્લો કટોરો

**[ ગોળમેજી પરિષદમાં જતી વેળા ગાંધીજીને ]**

છેલ્લો કટોરો ઝેરનો આ: પી જજો, બાપુ !
સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો, બાપુ !
અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારુંઃ
ધૂર્તો-દગલબાજો થકી પડિયું પનારુંઃ
શત્રુ તણે ખોળે ઢળી, સુખથી સૂનારુંઃ
આ આખરી ઓશીકડે શિર સોંપવું, બાપુ !
કાપે ભલે ગર્દન ! રિપુ-મન માપવું, બાપુ !
સુર-અસુરના આ નવયુગી ઉદધિ-વલોણે,
શી છે ગતાગમ રત્નના કામી જનોને ?
તું વિના, શંભુ ! કોણ પીશે ઝેર દોણે !
હૈયા લગી ગળવા ગરલ ઝટ જાઓ રે, બાપુ !
ઓ સૌમ્ય-રૌદ્ર ! કરાલ-કોમલ ! જાઓ રે, બાપુ !
કહેશે જગતઃ જોગી તણા શું જોગ ખૂટ્યા ?
દરિયા ગયા શોષાઈ ? શું ઘન-નીર ખૂટ્યાં ?
શું આભ સૂરજ-ચંદ્રમાનાં તેલ ખૂટ્યાં ?
દેખી અમારા દુઃખ નવ અટકી જજો, બાપુ !
સહિયું ઘણું, સહીશું વધુઃ નવ થડકજો, બાપુ !
ચાબુક, જપ્તી, દંડ, ડંડા મારના,
જીવતાં કબ્રસ્તાન કારાગારનાં,
થોડાઘણા છંટકાવ ગોળીબારના-
એ તો બધાંય જરી ગયાં, કોઠે પડ્યાં બાપુ !
ફૂલ સમાં અમ હૈડાં તમે લોઢે ઘડ્યાં, બાપુ !
શું થયું-ત્યાંથી ઢીંગલું લાવો ન-લાવો !
બોસા દઈશું-ભલે ખાલી હાથ આવો !
રોપશું તારે કંઠ રસબસતી ભુજાઓ !
દુનિયા તણે મોંયે જરી જઈ આવજો, બાપુ !
હમદર્દીના સંદેશડા દઈ આવજો, બાપુ !
જગ મારશે મે'ણાંઃ ન આવ્યો આત્મજ્ઞાની !
નાવ્યો ગુમાની-પોલ પોતાની પિછાની !
જગપ્રેમી જોયો ! દાઝ દુનિયાની ન જાણી !

**□ ઝવેરચંદ મેઘાણી**

# કોટિ કંઠ કરે સ્તુતિગાન

સંકલન : નીલમ પરીખ

*[ મહાત્મા ગાંધીના પ્રપૌત્રી નીલમ પરીખ (હરિલાલ ગાંધીના પુત્ર રામીબહેનની પુત્રી)નું સમગ્ર જીવન ગાંધીચીંધ્યા માર્ગે સેવા અને શિક્ષણકાર્યમાં વીત્યું છે. 'હરિલાલ ગાંધી-ગાંધીજીનું ખોવાયેલું રતન', 'પૂત્રવધૂને પત્રો', 'ગાંધીજીના સહસાધકો' જેનાં પુસ્તકો તેમની ગાંધી વિચારો પ્રત્યેની પ્રતિબદ્ધતાને વ્યક્ત કરે છે.*

*પ્રસ્તુત લેખમાં તેમણે મહાત્મા ગાંધીને અંજલિ આપતી રચનાઓ વિશે વાત કરી છે. મહાત્મા ગાંધીના જીવન અને મૃત્યુને વિવિધ સર્જકોએ કેવી રીતે મૂલવ્યું, પ્રમાણ્યું અને પ્રશંસ્યું છે તે જાણવું રસપ્રદ છે. ]*

સત્‌નો અસત્ પર વિજય થાય એ આકાંક્ષા હૃદયમાં રાખીને દધીચિ ઋષિએ દેવોને પોતાના હાડકાં અર્પણ કર્યાં હતાં. આ યુગો જૂની સૂરકથા કરતાં યે અધિક બલિદાને ભભકતી પૃથ્વી પરના ગાંધીની કથા છે.

પ્રત્યેક યુગમાં કોઈ ને કોઈ વિશિષ્ટ વિભૂતિએ કે સંત-મહાત્માએ જન્મ લીધો. પણ એમનાથી કોઈ યુગ ન બન્યો. ગાંધીજી એક એવા મહાત્મા થયા કે, યુગ બનીને પ્રભાવહીન જ નહીં, પરંતુ આજે પણ અને આવનાર યુગ યુગો સુધી એમના જીવન આદર્શોને કારણે પ્રાસંગિક રહેશે જ.

ગાંધીજીના પ્રભાવથી ભાગ્યે જ કોઈ કવિ કે સાહિત્યકાર પ્રભાવિત ન રહ્યો હોય! મોટે ભાગે સાહિત્યકારોએ એમના જીવન પરની આસ્થાને વિશ્વાસની સાથે આત્મસાત કર્યો છે. રાષ્ટ્રપિતાના જીવનની અને ઉપદેશની કણી કણીને કવિઓએ પોતાના કાવ્યકુસુમોમાં વણી લીધી છે અને જુદે જુદે પ્રસંગે પોતાના સંવેદનો-લાગણી વહેતાં મૂકી અંજલિ-અર્ધ્ય અર્પ્યાં છે.

ગાંધીજી જયારે દક્ષિણ આફ્રિકામાં ભાવિ ભારતના અરુણોદયનું મંગલાચરણ કરી રહ્યા હતા ત્યારે સૌ પ્રથમ કવિ શ્રી લલિતજીએ ઈ. સ. ૧૯૧૩માં-

'ગરવા ગુર્જર ગાંધીજી,

લાડીલા લોકર્ષિ નમું તુજને-'માં 'લોકર્ષિ'નું બિરુદ આપ્યું છે. હિંદભરમાં સૌ પ્રથમ ગાંધીજી માટેનું કાવ્ય 'મનમોહન ગાંધી' તા. ૧૮-૧૨-'૧૩ ને દિન બન્યું. તેમાં ગાય છે:

***'ગાંધી તું હો સુકાની રે : સાચો હિન્દવાન!***
***હિન્દની જિંદગી અમારી અફળાતી અસ્થરિ ન્યારી***
***તેને જોગવતો તું હો સુકાની રે: સાચો હિન્દવાન!***
***જનતાના જગ મહારાજ્યે, હિન્દી જન તણા સ્વરાજ્યે***
***ગજવે હિન્દી હાક તું હો સુકાની રે : સાચો હિન્દવાન!***

તો 'વિશ્વશાંતિ' કાવ્યમાં ઉમાશંકર જોષી લખે છે: ભાવિએ મીટ માંડીને જોઈ'તી તમ વાટડી'. વળી ગાંધીજીની આંતરખોજની આંતરયાત્રા સતત વિકસતી રહે તે માટે–

***'અહિંસાથી ભીંજાવો ને પ્રકાશો સત્ય તેજથી!***
***શાન્તિનો જગને માટે માર્ગ એકે બીજો નથી...'***

કવિવર નાનાલાલ 'ગુજરાતના તપસ્વી' કાવ્યમાં ગાંધીજીને યુગદૃષ્ટા તરીકે જુએ છે:

***'ભારતનો વર્તમાન મહાગુરુ***
***એ તો ગુજરાતનો તપસ્વી***
***મહાત્મા મોહનદાસ ગાંધી.'***

આ ઉપરાંત, ગાંધીજીની પચાસમી જન્મજયંતીએ ગાય છે:

***'મંદિરોમાં પચ્ચાસ દીપમાળા પ્રગટાવો...***
***આજે પચ્ચાસ વર્ષોનો ઉત્સવ છે.***
***અને એ કોણ છે એવો?***
***જાણે કોઈક જગતભૂખ્યો, જાણે કોઈક વિશ્વ તરસ્યો,***
***જાણે સદાનો અપવાસી, એ કોણ છે એવોક?***
***લોકવંદ્ય ને સર્વપૂજ્ય? સુદામાનો જાણે કો સહોદર?***
***એ માનવ સળેકડું છે શું?***
***સળકડાથી યે રેખાપાતળું***
***એ કિરણ છે મહાસૂર્યનું...***
***એ તપસ્વી છે***
***સાબ્રમતીના ઊંચા કિનારાનો:***
***રિદ્ધિવન્તા રાજનગરની હવેલીઓનો***
***એ યોગિન્દ્ર છે અવધૂત.***
***એ તો સંસારી સાધુ છે;***
***ગૃહસ્થ થઈ સંન્યાસ પાળે છે.***
***નિરંતર દુ:ખને ન્હોતરતો***
***એશિયાના એક મહાયોગિન્દ્ર ઈસુનો***
***એ અનુજ છે ન્હાનકડો.***

* * *

***વદને વિરાજેલી છે વિષાદછાયા,***
***દેશની દાઝથી દાઝે છે***
***છણછણતી એની દેહલતા,***
***વિરોધીઓ પ્રતિ યે પ્રેમીલો,***
***'શઠં પ્રતિ સત્યમ્' બોધનાર...'***

સ્વરાજ્યની લડત ગાંધીજીએ શરૂ કરી ત્યારે ઉમાશંકર જોશીને કોઈકે એક પ્રશ્ન પૂછ્યો, 'તમે આ લડતમાં શા હેતુથી જોડાયા?' કવિનો જવાબ: 'જીવનનું નિયામક તત્ત્વ પશુબળ નહીં, પણ પ્રેમ છે. અને ગાંધીજીની સ્વરાજ્ય માટેની લડતમાં પ્રેમનું બળ અને

એકલા પડી જવાય તો પણ આત્માના અવાજને કદી ન દબાવાય.

અહિંસાનું બળ અજમાવવામાં આવ્યું છે! અને એક જ પંક્તિમાં ગાય છેઃ 'તું પાપ સાથે નવ પાપી મારતો!'

કવિ સુંદરમ્એ ગાંધીયુગની આ ખાસ વાત ગણીને કહ્યું;

*'હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં !*
*લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી !'*

અગ્રણી કવિશ્રી નરસિંહરાવે ગાંધીજીને શ્રીકૃષ્ણ સાથે સરખાવ્યા છે :

*'જ્યાં યોગેશ્વર ગાંધી છે, ને ધુરંધર વલ્લભ,*
*ત્યાં શ્રી વિજય ને કીર્તિ નક્કી મારી મતિ કહે...'*

મુંબઈથી વિલેપારલેની શાળામાં જાહેરસભામાં કવિશ્રી નરસિંહરાવે સભા પૂરી થયા બાદ ગાંધીજીને મળી તેમના હાથમાં એક પરબીડિયું મૂક્યું, જેમાં ગાંધીજીને માટે ઉપરોકત મુક્તક લખ્યું હતું. એ વાંચીને હસતા હસતા ગાંધીજી કહેઃ 'વલ્લભભાઈને તમે ઠીક બળદિયા બનાવી દીધા!' (ધૂરંધર-ધૂંસરી-ધૂરા ધારણ કરે તે. એનો અર્થ 'મોટો નેતા' પણ થાય અને બળદ પણ થઈ શકે!)

જૈન મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ ગાય છેઃ

*'જગતને બોધ દેવાને, જરૂરી વાત કહેવાને;*
*લઈ સંદેશ પ્રભુજીનો અવનિમાં ગાંધીજી આવ્યા.*
*સત્યના સૂત્ર સમજાવા...અહિંસા ઔષધ પાવા;..*
*જીવવું કેમ આ જગમાં, વહે કેમ પ્રેમ રગરગમાં,*
*ભણાવવા પ્રેમના મંત્રો, અવનિમાં ગાંધીજી આવ્યા...'*

ત્રણ મહામાનવોની 'ત્રિમૂર્તિ' રચી કવિશ્રી સુંદરમ્ દર્શન કરાવે છેઃ

*બુધ્ધ*
*અહિંસા કેરો આ પ્રથમ પ્રગટ્યો મંત્ર જગતે...*
*ઈશુ*
*તહીં તે હોમાઈ જગતદુઃખનો હોમ હરિયો.*
*ગાંધી*
*બન્યા ગાંધી રૂપે પ્રગટ ધરતીનાં રુદન સૌ.*

કવિશ્રી કરસનદાસ માણેક લખે છેઃ

*'સત્યનું કાવ્ય છો બાપુ, કાવ્યનું સત્ય છો તમે!*
*ઝંખતી કાવ્યને સત્યે સૃષ્ટિ આ આપને નમે!'*

શ્રી હરિહર ભટ્ટ કહે છેઃ

*'સત્યના સંત,*
*કોટિ વંદન તને છે અમારા!*
*વિજયી હો જીવન સંદેશ તારા!'*

અને કવિશ્રી પૂજાલાલ લખે છેઃ

*'કઠોર વજ્રના જેવા, મૃદુ પુષ્પ શિરીષથી,*
*હૈયાએ જ સમર્પ્યું શું 'મહાત્મા નામ મીઠડું?'*

કવિવર રવીન્દ્રનાથ ટાગોર લખે છેઃ

*'કરી'તી મેં વિશ્વ સાથે પ્રતિ પલ પ્રીત,*
*પ્રીતિ એ જ સત્ય, એ જન્મ દીધું દાન...'*

૧૯૩૦ ગાંધીજીએ વિખ્યાત દાંડીકૂચ શરૂ કરી ત્યારે સહેતુક ગુજરાતની ભૂમિ પસંદ કરી હતી.

*'આ જ કણકણમાં,*
*ભારતથી સારા ય વિશ્વમાં*
*બાપૂ, બાપૂ, બાપૂ,*
*તમે જ છો*
*નિરાકાર દેહધારી*
*તમારી કૂચ...*
*હા, હતી એ વિરાટ કૂચ,*
*મુઠ્ઠીભર મીઠામાંથી સર્જી હતી*
*માનવ મહેરામણની આઝાદી*
*માટેની કૂચ;*
*એ હતી દાંડીકૂચ.*

**-જયંતિ પરમાર**

તો કરસનદાસ માણેક લખે છે :

*'પગમાં પુણ્યનું જોમ, ઉરે માનવતા વસી,*
*ધૈર્યદંડે તનુધારી જો કેવો જાય છે ધસી!...*

૧૯૩૧માં ગોળમેજી પરિષદ વખતે આપણા દેશનાં જ પરિબળો દગો દે છે ત્યારે કવિ મેઘાણીનું વ્યથિત હૃદય ગાય છે :

*'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ!*
*સાગર પીનારા! અંજલિ નવ ઢોળશો બાપુ!'*

* * *

*'અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું,*
*ધૂર્તો દગલબાજો થકી પડિયું પનારું,...*
*આ આખરી ઓશીકડે શિર સોંપવું બાપુ!*
*દેખી અમારા દુઃખ નવ અટકી જજો બાપુ!*
*સહિયું ઘણું, સહિશું વધુઃ નવ થડકજો બાપુ!*
*ચાલ્યો જજે! તુજ ભોમિયો ભગવાન છે, બાપુ!'*

ચારણ કવિ દુલા કાગ લલકારે છેઃ

*'માથડા માગે માવડી ત્યાં સૌ બેટડા ભેળા થાય;*
*રીડ પડી રણહાકની રે આજ ક્ષતરી કાં સંતાપ?'*

અસ્પૃશ્યો અને આદિવાસીઓ ગાંધીને જ પોતાનો ઉદ્ધારક સમજે છે એટલે ભીલસેવક ઈશ્વરલાલ ગાંધી 'ભીલ' કાવ્યમાં શ્રદ્ધાપૂર્વક બોલે છેઃ

*'ટોપાવાળાને સલામ કેવી? જેણે દુનિયા બાંધી,*
*એક બડો બાવો રામ છે સાહેબ, બીજા ઠક્કર ને ગાંધી.'*

લતીફ નામના ઓછું ભણેલા એક મુસ્લિમ યુવાને 'ગાંધીજીને પુષ્પાંજલિ'માં સુંદર અંજલિ અર્પી :

*ઘનઘોર કાળાં વાદળામાંથી*
*સ્વયંપ્રકાશિત તેજનો ગોળો*






*ધીમો ધીમો ઝીણો ઝીણો પ્રકાશ*
*દુ:ખી દુનિયાને આપી રહ્યો છે...'*

૧૯૪૪માં કસ્તૂરબાના મૃત્યુની ગાંધીજીની વેદનાનું ચિત્ર ઉમાશંકર જોશી 'प्रसीदते रुद्यते' કાવ્યમાં દોરે છેઃ

*'અબૂધ વયમાં ઝાલ્યો'તો આ કરે કર કોમલ*
*ગભરુ અબલાનો, તો યે તે રહ્યો જ બની બલ.*

✻ ✻ ✻

*અડગ હૃદયે ઝાલ્યું સૂત્ર, સ્થિર થઈ, હાથમાં,*
*વિતક કંઈ જે વ્હોર્યાં વીત્યાં, સહ્યાં સહુ સાથમાં...*

✻ ✻ ✻

*ગઈ જ શિખવી, ભોળી જેને ગણી હતી, ધર્મ તે;*
*સ્મરણ બની એ સાધ્વી! આત્મન 'प्रसीदते रुद्यते'*

ગાંધીજી આગાખાન મહેલમાં કેદી તરીકે હતા અને લાંબા ઉપવાસ શરૂ કર્યા ત્યારે એમનો જીવનદીપ ઓલવાઈ જશે તો એ બીકે પ્રાર્થના કરતા કવિ શ્રી પિનાકિન ત્રિવેદી ગાય છે:

*'તારી જીવન જ્યોત જ્વલંત રહો,*
*તારો રક્ષણહાર સદાય હરિ*
*એનું મંગલ ચિંતન નિત્ય કરી...*
*કરીએ પ્રાર્થના 'વીર અમર રહો',*
*'અમ વચ્ચે 'મોહન' અમર રહો.'*
*'એની જીવન જ્યોત જ્વલંત રહો...'*

૧૯૪૭માં ભાગલાના રૂપમાં ભારતને આઝાદી મળી પરંતુ તુરત જ કોમી હુલ્લડની આગ હિન્દુસ્તાન-પાકિસ્તાનમાં ફરી વળી. આ કોમી હુતાશન ઠારવા ગાંધીજી એકલપંડે નોઆખલી યાત્રા કરે છે ત્યારે એમના બાલસ્નેહી બ. ક. ઠાકોરનું હૃદય દ્રવે છે અને 'ભીખે સક્રિય બંધુતા' કાવ્યમાં લખે છેઃ

*'કહે કવિ શું 'વીર'? શું 'શહીદ'? શું 'મહાત્મા'? વડેરો જ શું?...'*
*....ચહુ ફક્ત બંધુતા, ન વચને, ભીખે સક્રિય બંધુતા,*
*લહે અભય સર્વ, શાન્તિ સુખ સર્વ હૃદયરસસુધા બંધુતા!'*

૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ એક પાગલ વ્યક્તિ ગાંધીજીનું બલિદાન લે છે. ભારત અને સમસ્ત વિશ્વ આક્રંદ કરે છે. ભારતનું ઝાડવે ઝાડવું રુદન કરે છે. કવિઓની કાવ્યવીણામાંથી કરુણ ગાનના સ્વરો ઘૂંટાઈ ઘૂંટાઈને નીકળે છે.

ઉમાશંકર જોશી-'ત્રણ અગ્નિની અંગુલી' કાવ્યમાં કહે છે...

*'ત્રણ અગ્નિની અંગુલિ વડે*
*પ્રભુ ચૂંટી લીધું પ્રાણ પુષ્પ તેં*
*વર એવી વિભૂતિ સ્પર્શવા*
*ન ઘટે અગ્નિથી ઓછું શુદ્ધ કૈં...'*

મનસુખલાલ ઝવેરી...'આજ નયનો રડો'માં :

*'ને હવે તેં હણી આજ ઓ માનવી!*
*માનવી હૃદયને મૂર્ખ! નાખ્યું હણી!'*

✻ ✻ ✻

*નયન તો ના રડો!*
*હૃદય ધીરજ ધરો!*
*ગાંધીનું જીવન તે વિજય છે જીવનનો!*
*ગાંધીનું મૃત્યુ છે વિજય માનવ્યનો!*

ગાંધીજીએ પોતાના મૃત્યુ વિશે કેવી મંગલકામના કરી હશે તેનું હૃદયભેદક ચિત્ર, સાક્ષાત્ ગાંધીજીના મુખની વાણી હોય એવી રીતે ઉમાશંકર જોશી 'રડો ન મુજ મૃત્યુને' કાવ્યમાં પ્રગટ કરે છે.

*'રડો ન મુજ મૃત્યુને, હરખ માય આ ધ્વનીમાં*
*ન રે! કયમ તમે ય તો હરખતાં ન હૈયાં મહીં?*
*વિંધાયું ઉર તેથી કેવળ શું રક્તધારા છૂટી?*
*અને નહીં શું પ્રેમધાર ઉછળી અરે! હે રડો?*

✻ ✻ ✻

*સુણો પ્રગટ સત્ય: વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ!*
*હસે ઈશુ, હસે જુઓ સુક્રતુ, સૌમ્ય સંતો હસે.'*

ગાંધીજીના અંતરની આ અદૃષ્ટ વાણી સુણી કવિ કહે છે:

*'અમે ન રડીએ પિતા, મરણ આપનું પાવન,*
*કલંકમય દૈત્યનું નિજ રડી રહ્યા જીવન.'*

ગાંધીજીના મૃત્યુ પ્રસંગે પ્રજાએ દાખવેલું અખૂટ ધૈર્ય જોઈને શ્રી રસિકલાલ છો. પરીખ તેને ચમત્કાર ગણે છેઃ

*'દેહાંત તારો સુણીને મહાત્મન્*
*ગળે ન આંસુ, નવ થાય શોક!*
*ખૂની વિશે ક્રોધ થતો ન કાંઈ!*
*તારો ચમત્કાર હશે મહાત્મન્!!'*

બાપુના અકસ્માત મૃત્યુથી સ્તબ્ધ થયેલા સ્નેહરશ્મિ આંખમાં આંસુ સાથે લખે છે :

*'મોટા ઘરનો મોભ તૂટ્યો આ? કે વ્હાણનો કૂવાથંભ?*
*ફાટ્યો પ્હાડનો પ્હાડ હિમાલય? કે આ ઘોર ભૂકંપ?*
*બની ભોમ ગાંધી વિનાની! તૂટી હાય! દાંડી ધરાની!*

✻ ✻ ✻

નોંધારાને ગોદ કોણ લેશે? બાપુ વિના હૂંફ કોણ દેશે?'

હવે શું થશે-એનો શોક કરતાં સ્નેહરશ્મિ લખે છેઃ

*'ગયા બાપુ! ઋત ગયું શું? ગયાં પ્રેમ ને ત્યાગ,*
*ગયા ગાંધી સત્ય ગયું શું? ગયાં શીલ-સોહાગ?'*

રમણ કોઠારી કહે છેઃ

*'તારી હયાતીમાં ગાંધી! માનવતા જે મ્હોરતી.*
*સત્ય, શ્રદ્ધા, અહિંસા જે તું જાતા બધુંયે ગયું.'*


પોતાના હૃદયમાં રહેલા રામને જાણે છે તે જ સાચા અર્થમાં જીવતો છે.

બાપુના અદ્‌ભુત કાર્યો વિશે લેખકો-કવિઓ લખે છેઃ
રામનારાયણ પાઠકઃ
*'ઢોરનાં જેણે કીધાં મનેખજી'*
રમણલાલ દેસાઈ :
*'દૈત્ય નિવારી મર્દ બનાવ્યા*
*આપી અમર સંદેશ*
*જ્યોતિર્ધર ઊતરે ભારત દેશ.'*
દેવજી મોઢાઃ
*'અછૂતને અપનાવી એણે કંઈ ડૂબતાંને તાર્યા'*
*ઉપર આભ, નીચે ધરતી એ હરિજન ઉધ્ધાર્યા,*
*રાય-રંકને એણે દીધાં સૂતર તારે સાંધી...'*
ચંદ્રવદન મહેતા :
*'કથીરમાંથી કંચન કાઢી, કાયરને વીર કીધો.'*
દિવ્યકાન્ત ઓઝા :
*'તમ તો હે પિતા!' પથ્થરના માનવ ઘડ્યા.'*
પ્રાણજીવન મહેતા-'પ્રશ્ન' કાવ્યમાં પૂછે છેઃ
*'સત્યને તો તમે તારવી મૂક્યું હતું,*
*આ અહીં અમારા સહુની નજીક,*
*સહુની વચ્ચે જ મૂક્યું હતું,*
*પણ*
*આ માખણ શા પિંડના જેવું તારવેલું સત્ય*
*બાવીસ વરસની કાચી વયના સૂરજના તાપમાં*
*ઓગળી રેલાઈ ગયું.*
*બાપુ,*
*અહીં ફરી કોણ અંધકારને વર્ષો સુધી વલોવી*
*પાચું સત્યનું પિંડ તારવી*
*અમારી સમક્ષ મૂકશે?*
હિન્દી કવિશ્રી બચ્ચનજી 'તિલાંજલિ' આપે છે :
*'તમે તલ સમ હતા, કિન્તુ તાડને સદા ઝુકાવતા રહ્યા!*
*તમે તલ હતા, કિન્તુ પહાડને નિજમાં છુપાવતા રહ્યા!*
*પિનાકપાણિ જેમ, ભૂમિ પર પ્રસરી આણ તમારી*
*તમે તલમાત્ર પણ નવ હટ્યા, ગઈ દાનવ શક્તિ હારી!*
*તલ તમારા જીવનની વ્યાખ્યા ખરી!*
*તમે ખપ્યા પણ તલભર ઘટ્યું નહીં માહાત્મ્ય.*
*દેહથી લુપ્ત થયા પણ જરીયે ન ઓછું થયું તમારું ગૌરવ.*
*તમે શરીર ન હતા, તમે હતા ભારતનો આત્મા!!'*
બાપુના અસ્થિ વિસર્જન ટાણે કવિ શ્રી બાદરાયણે વિનંતિ કરેલી છે :
*'ભાઈ રે માછીડા હોડી હળવેથી હાંકજે રે*
*બાપુનાં ફૂલ મારાં થડકે નહીં,*
*ગંગા ને જમુના તમે ધીરે ધીરે વ્હેજો રે,*
*બાપુનાં ફૂલ મારાં થડકે નહીં,*
*એવું હતું અંતર ગીત ગૂંજતું*
*વિદાય જ્યારે અવશેષને અમે*
*બાપુ તણા, સંગમ માર્ગમાં દીધી...'*
**દેહે વિલોપન ગ્રહી નિજ આત્મ તેજે જ્યોતિ**
**સ્વરૂપ થઈ લોક ઉરે પ્રકાશ્યા, ને ભાવિમાંય તમ**
**જ્યોતિ પ્રકાશી રહેશે. વંદુ વિભૂતિને, લઘુ મૌન**
**તણા જ અર્ઘ્યે!!**
હસમુખ પાઠક 'રાજઘાટ પર' માં :
*'આટલાં ફૂલો ને આટલો લાંબો સમય*
*ગાંધી કદી સૂતો ન'તો...'*
ભરત વ્યાસ લખે છેઃ
*'ઓ દિલ્હીના રાજઘાટ!*
*તું તીર્થરાજ પવિત્ર વિરાટ થઈ ગયો,*
*તારા તટ પર ચિર સમાધિ લઈ*
*ભારતનો સમ્રાટ સૂઈ ગયો!!*
મુરલી ઠાકુર
*'રાજઘાટ પે ફૂલ એકલાં ઝૂરે*
*સૌરભ ક્યાં છે?'*
ગાંધીજીની પ્રતિમા-શિલ્પમૂર્તિ જોઈને હેમન્ત દેસાઈને સ્ફૂરે છે :
*'આ ભવ્ય માનવતણી પ્રતિમા ય ભવ્ય*
*જે પુણ્ય પિયૂષ જગે વહાવ્યું...*
*એ સત્યના અટલ આગ્રહીનું ખમીર*
*દર્શાવિયું ડગ ભરી – સ્થિત આકૃતિમાં*
*ને સૌમ્ય ચારુ નત લોચનોમાં*
*વ્હેતી ક્ષમાસભર કૈં કરુણા અમીર!*
*શ્રદ્ધા થકી દીસત ઉન્નત એની ગ્રીવા*
*ને વસ્ત્ર સ્વલ્પ થકી – દેહ તણી ય ઢાંકી!*
*-દારિદ્રય એનું તલપે જણાવા.*
*શું હાસ્ય ને વિજયની તનમાંય સ્ફૂર્તિ!*
*તાદૃશ્ય બાપુ તણી શિલ્પમૂર્તિ...*

શ્રી રાજ ગોપાલાચારીજીએ કહ્યુંઃ 'મહાત્મા ગાંધીજી કરતાં બીજા કોઈ માણસે ભારતમાતા અને ભારતીય જનોને આટલો પ્યાર નહીં કર્યો હોય!

છેલ્લે શ્રી હરીન્દ્ર દવેના શબ્દોમાં કહું તો...
*પ્રાર્થનાના તો ન શબ્દો યાદ,*
*પણ બાપુ સદા કહેતા હતા,*
*કે હૃદય જો પ્રાર્થતું હોય, તે સાચી પ્રાર્થના!'*

✷ ✷ ✷

'સરગમ', ૨૧/એ અલકા સોસાયટી, છાપરા રોડ, નવસારી.

શરીરના મેલથી વધુ ગંદકી મનના મેલની છે.

# ગાંધીજીને જગવંદના

**સંકલન : નીલમ પરીખ**

ગોપાલકૃષ્ણ ગોખલે આદરપૂર્વક કહેતા :

'ગાંધીજી વિષે એમ કહી શકાય કે, તે મનુષ્યોમાં ઉત્તમ અને દેશભક્તોના પણ એક આગેવાન દેશભક્ત છે. હિન્દુસ્તાનની માનવતા એમનામાં ઉચ્ચ કોટિએ પહોંચી છે.'

ગાંધીજીએ બીજા કોઈના કરતાં અધિક અંશે અર્વાચીન ઇતિહાસને તેજસ્વી બનાવ્યો છે. પોતાના દેશભાઈઓને જગાડ્યા છે. બ્રિટિશ સામ્રાજ્યને હચમચાવ્યું છે, ને જગતે ન જોયેલી એવી અતિ પ્રચંડ હિલચાલ માનવી રાજકારણમાં પ્રવર્તાવી છે. તેમને સમર્પણ થનારા અભિનંદનો, અંજલિઓ અને અર્ઘ્યમાં મને થોડીક લીટીઓ લખવાની તક મળી છે એને હું મારું સદ્‌ભાગ્ય ગણું છું.

મોટે ભાગે ઈશ્વરની શોધ કરનારા મહાપુરુષો એકાંતમાં ધ્યાન વગેરે કરતા. તેમનો સામાન્ય સમાજ સાથે સંપર્ક ન રહેતો. પણ બાપુ તો સમાજની વચ્ચે સામાન્ય સંસારીની જેમ રહીને કામ કરતા કરતા કહેતાઃ 'ધ્યાન તો આપણાં દરેક કાર્યમાં હોવું જોઈએ. અને જનસેવામાં જ એકાંતનો અનુભવ કરવો, મારી પૂરી જીવનસાધના. સત્યાગ્રહ વગેરે કામો પરમેશ્વરની ખોજ માટેના જ છે.'

પ્રચંડ શસ્ત્રશક્તિ સામે, આત્મશક્તિથી ઝઝૂમનાર અને માટીમાંથી માનવી સર્જનાર સામે લગભગ અડધા દાયકા સુધી દુનિયા મીટ માંડી રહી હતી અને આશ્ચર્ય સાથે જેને નીરખી રહી હતી એવા એ મુઠ્ઠીભર હાડકાંના મહામાનવી મોહનદાસ કરમચંદ ગાંધીએ જગતની સામે ભારતને દીપાવ્યું.

'શઠં પ્રતિ સત્યમ્' એ જ જેમનો જીવનમુદ્રા લેખ હતો. એમનું જીવન એ મહાયજ્ઞ હતો. સ્વર્પણ એમનો રહસ્યમંત્ર. અસિધારા વ્રતના અડગ ઉપાસક, બુદ્ધની કરુણા, મહાવીરની અહિંસા, રામનું સત્ય, કૃષ્ણનો અનુરાગ, શિવની શક્તિ, મહંમદની પયગંબરી, ઈશુનું ભોળપણ, આ બધું તેમનામાં સમન્વિત હતું. અંગ્રેજો સામે લડત ચલાવી. પણ તેમના પ્રત્યે હૃદયમાં મલિનભાવ નહોતો એ બધાં પ્રત્યે સુહૃદભાવ હતો.

બાપુ દેશની અને ધર્મની સેવા ભગવાનની પ્રેરણાથી કરતા હતા. 'વૈષ્ણવ જન તો તેને કહિયે' એ ભજન સાબરમતી આશ્રમમાં હંમેશાં ગવાતું. તેમાં 'રામનામ' શું તાળી રે લાગી...' ગાતાં રામનામમાં તન્મય થઈ જતા! એમના જીવનમાં જાણે કે રામનામની રઢ લાગી ગઈ હતી. અંત સમયે એ જ નામ લઈને ગયા. દિલ્હીમાં પ્રાર્થનામાં જે કાંઈ બોલતા તે પ્રવચનો છપાઈ ચૂક્યા છે. એમના છેલ્લા દિવસના વ્યાખ્યાનમાં 'હે રામ' એટલું જ છપાયું છે. એમનાંઅ બધાં વ્યાખ્યાનો કરતાં આ છેલ્લું વ્યાખ્યાન ઘણું જ વધારે મહાન છે.

બાપુએ અંતિમ સમયે 'રામનામ' લીધું એ કરોડોના કંઠમાંથી નીકળતું. ભારતનો એકેએક સામાન્ય નાગરિક, અભણ કે દીનદલિત કે પતિત જે નામનો આશ્રય લે છે એ નામ પર એમણે શ્રદ્ધા રાખી. એ નામના જેટલા ઉન્નત અર્થ કરવા હોય એટલા કરી શકાય. બાપુએ પણ એ નામને જ પોતાના જીવનનો આધાર માન્યો. એમને કોઈ પૂછતા કે 'રામ' કોણ છે ? તો તેઓ કહી દેતા, 'અંતર્યામી.'

પ્રભુએ પોતે કહ્યું છે, 'વિભૂતિયુક્ત સત્ત્વ જ્યાં, ત્યાં ત્યાં અંશ હશે મારો અને મારું જ તત્ત્વ ત્યાં.' બાપુની પ્રતિભામાં તે દેખાયું. સત્યનો પૂજારી સત્યના લોકમાં ગયો. સત્ય ને સ્નેહની એ મૂર્તિ દેશને માટે અંતિમ ક્ષણ સુધી જીવી. એમનું જીવન-મૃત્યુ ધન્ય થયાં. દિવ્ય લોકની જ્યોતિ દિવ્ય લોકમાં ભળી ગઈ!!

આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું છે કેઃ 'ભવિષ્યની પેઢી તો કદાચ માનશે પણ નહીં કે આવો એક આદમી પૃથ્વી પર પાક્યો હશે.'

સમસ્ત વિશ્વે અંજલિ અર્પી ભક્તિથી, પ્રેમથી...પ્રણામ ગાંધી મહાત્મા તને...

'ભારતના ગરીબોના રાજા'ને દેશ-વિદેશના મહાનુભાવોએ આપેલી ભવ્ય અંજલિઓનું ભાવસ્મરણ કરીએ તથા બાપુને અને એમની અક્ષર વિભૂતિને હૃદયથી પ્રણમીએ.

**શ્રી રાજગોપાલાચારી :**

મહાત્મા ગાંધી જેવું ભવ્ય મૃત્યુ કોઈને મળી શક્યું ન હોય. તેઓ પ્રાર્થના માટે જતા હતા, રામની સાથે વાત કરવા. તેઓ માંદગીને બિછાને ડૉક્ટરો અને નર્સોની વચ્ચે, તેઓ માંદગીમાં અસંબદ્ધ શબ્દો ગણગણતા મર્યા નથી. તેઓ ઊભા ઊભા, બેઠેલા પણ નહીં–મર્યા. રામ એમને મળવા માટે એટલા ઉત્સુક હતા કે પ્રાર્થના માટે બેસે તે પહેલાં એમને લઈ લીધા.

**પંડિત જવાહરલાલ નહેરુ :**

આ દૈવી તેજ ધરાવનાર માણસે પોતાના જીવન દરમિયાન કરોડો માણસોના હૈયામાં સ્થાન જમાવ્યું હતું. તેઓ ભારતના ગામડાંઓમાં ફેલાઈ ગયા, દરેક ઝૂંપડીમાં જ્યાં દલિતો રીબાતા હોય. તેઓ કરોડોના હૃદયમાં રહે છે અને યુગો સુધી અમર રહેશે.

એવી લાગણી દેશભરમાં છે કે એમના વિના સૌ એકલા અને અટૂલા પડી ગયા. મને ખબર નથી કે આપણે તેમાંથી ક્યારે બહાર નીકળી શકીશું. આવી મહાન શક્તિશાળી વ્યક્તિ સાથે અમારી આ પેઢી સંકળાઈ હતી. તેના પગલાં પડયાં હોય એવી આ પવિત્ર ભૂમિ પર આપણે પણ એને અનુસરીએ, આપણે એને લાયક બનીએ, આપણે હંમેશાં એમના બનીએ.



બલિદાન તે જ આપી શકે જે પવિત્ર, નિર્ભય અને યોગ્ય હોય.

**સરદાર વલ્લભભાઈ પટેલ :**

જે પાગલ યુવાને એમને મારી નાખ્યા તેણે માન્યું હશે કે આમ કરવાથી એમનું ઉચ્ચ મિશન નાશ પામશે. કદાચ ભગવાન ગાંધીજીનું મિશન એમના બલિદાન મારફત પૂરું કરી વ્યાપક બનાવવા માગે છે. આપણે ગાંધીજીનું મિશન પાર પાડવાનું છે. આપણે સૌ બહાદુરીથી એક થઈએ અને જે રાષ્ટ્રીય આપત્તિ આપણે માથે આવી પડી છે તેનો સામનો કરીએ. આપણે સૌ પ્રતિજ્ઞા કરીએ કે બાપુની શીખ અને આદર્શોનું પાલન કરીશું.

**મૌલાના અબુલ કલામ આઝાદ :**

તેઓ માનવતાનો બહુ મોટો ભાર પોતાના દુર્બળ ખભા પર ઉપાડતા હતા. જો કરોડો ભારતીયો એ ભાર વહેંચી શકે અને તે સફળતાથી ઉપાડે તો એ ચમત્કારથી કશું ઓછું નહીં હોય.

**સરોજિની નાયડુ :**

તેઓ બધા રાજાઓના રાજા હતા. બધા યોદ્ધાઓ કરતાં મહાન હતા. આ નાનકડો માણસ સૌથી વધુ બહાદુર અને લોકોનો સૌથી વધુ નીવડેલો મિત્ર હતો. આ મહાન ક્રાંતિકારીએ વિદેશી ગુલામીના બંધનોમાંથી દેશને મુક્ત કરી પોતાના દેશને સ્વરાજ અને ધ્વજ આપ્યા.

**ડૉ. રાજેન્દ્ર પ્રસાદ :**

તેઓ હિંદુ સમાજના ઉગારનાર અને દલિત પીડિતોના ઉગારનાર હતા. તેમણે અન્યાય સામે લડવા માટે જે અપૂર્વ અને અજોડ રીત સૂચવી છે ને વાપરી બતાવી છે તે એમની મોટામાં મોટી સેવા છે–એકલા હિન્દુસ્તાનની જ નહીં, પણ આખા જગતની પીડિત માનવ જાતિની.

**ડૉ. સર્વોપલ્લી રાધાક્રિષ્ણન :**

અદૃશ્ય થતા ભૂતકાળનું એકલું અટૂલું પ્રતીક, મહાત્મા ગાંધી હવે નથી રહ્યા. આપણે એમના શરીરને મારી નાખ્યું છે પણ એમાં રહેલા તેજને, જે સત્ય અને પ્રેમની દિવ્ય જ્વાળામાંથી આવ્યું છે, તેને બુઝાવી નહીં શકાય.

**શ્રી અરવિંદ :**

જે શક્તિ આપણને લાંબા સંઘર્ષ અને પીડા પછી સ્વરાજ સુધી લાવી છે તે જ શક્તિ ગમે તેટલા ઝગડા અને મુશ્કેલી વચ્ચેથી આપણને પાર ઉતારશે. ભારતમાતા એના બાળકોને પોતાની ચારે બાજુ ભેગાં કરી રાષ્ટ્રની એકતાને મજબૂત કરશે અને પ્રજાના જીવનમાં એકતા લાવી મહાન બનાવશે.

**જયપ્રકાશ નારાયણ :**

આખો દેશ રડે અને આંસુથી આત્માને સાફ કરે. જગતે આપેલા એક મહાન નિર્દોષ વ્યક્તિના લોહીનો ડાઘ આત્મા પર લાગ્યો છે. મહાત્મા ગાંધીએ ચીંધેલા રસ્તે આપણે ચાલવું જોઈએ.

**મહામહિમ રાજા :**

શ્રી ગાંધીના મૃત્યુથી રાણીને અને મને ઊંડો આઘાત થયો છે. તમે કૃપા કરીને ભારતના લોકોને અમારી નિષ્ઠાભરી સહાનુભૂતિ, આ ન પૂરી શકાય એવી એમને અને માનવજાતને પણ પડેલી ખોટ માટે પહોંચાડશો.

**લૉર્ડ માઉન્ટબેટન :**

તેઓ સત્ય અને સહિષ્ણુતા માટે પુરુષાર્થ કરતા રહ્યા અને પ્રાણની આહૂતિ આપી. સમગ્ર દુનિયાને પણ, સૈકાઓ સુધી આવો આના જેવો માણસ કદાચ જોવા નહીં મળે. એમનું જીવન પોતાના સાથીઓ માટે સત્ય, સહિષ્ણુતા અને પ્રેમથી ભરેલું હતું. એમનું ઉન્નત ઉદાહરણ અનુસરીને દુઃખી દુનિયાને પ્રેરણા મળશે.

**આલ્બર્ટ આઈન્સ્ટાઈન :**

તેઓ પોતાના સિદ્ધાંતોનો ભોગ બન્યા. આ સિદ્ધાંત અહિંસાનો હતો. તેઓ મર્યા કારણ કે પોતાના દેશમાં અવ્યવસ્થા અને વ્યાપક ઉશ્કેરાટ હતો. એમણે પોતાને માટે રક્ષણ લેવાની ના પાડી. એમની અચળ માન્યતા હતી કે જબરદસ્તીનો ઉપયોગ જાતે જ એક પાપ છે. તેથી જેઓ સર્વોચ્ચ ન્યાયને માટે લડે છે એમણે તેનો ઉપયોગ ટાળવો જોઈએ. રાષ્ટ્રીય સંબંધોમાં કાયદા અને ન્યાયના પાયા પર જે નિર્ણયો લેવાય તે જરૂરી છે. આજ સુધી 'હું જ સાચો' એ પાયા પર નિર્ણયો લેવાતા રહ્યા છે.

બુદ્ધ અને જીસસની જેમ ઇતિહાસમાં એમનું નામ લખાશે. તેઓ એક અવતાર હતા.

**પ્રેસિડન્ટ ટ્રુમેન :**

ગાંધીજી આંતરરાષ્ટ્રીય સ્તરના નેતા હતા. એમના ઉદ્દેશ અને આચરણોએ કરોડો લોકો પર ઊંડી છાપ પાડી છે. એક શિક્ષક અને નેતા તરીકે એમની અસર કેવળ ભારત પર નહીં પણ આખી દુનિયા પર બધે પડી છે. એમના મૃત્યુથી શાંતિચાહક લોકો શોકમાં ડૂબી ગયા છે. એશિયાના લોકો વધુ સંકલ્પ બળથી સહકાર અને પરસ્પર વિશ્વાસથી ધ્યેયો સિદ્ધ કરશે. એને માટે મહાત્મા ગાંધીએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે.

**ખાન અબ્દુલ ગફારખાન :**

પ્રકાશનું આ એક જ કિરણ. તેઓ એક જ આશાનું કિરણ હતા જે આ અત્યંત કાળા દિવસોમાંથી બહાર નીકળવામાં મદદ કરે. પોતડી પહેરેલો આ ભારતનો ગામડિયો માણસ મર્યો ત્યારે માનવતા રડી ઊઠી.

**હો ચી મિન્હ : (વિયેટનામ)**

હું અને બીજા ક્રાંતિકારીઓ હોઈશું. પણ અમે મહાત્મા ગાંધીના સીધા કે આડકતરા શિષ્યો છીએ. એનાથી વધુ નહીં એનાથી ઓછા નહીં. અમારે માટે ગાંધી જ એક આશાનું કિરણ હતા.

**રવીન્દ્રનાથ ટાગોર :**

મહાત્મા ગાંધી આવ્યા અને ભારતના કંગાળ કરોડો લોકોના દરવાજે આવીને ઊભા. તેઓ ગરીબ જેવાં જ કપડાં પહેરીને એમની જ ભાષામાં બોલતા. આમ જરા ય સંકોચ વિના ભારતની વિશાળ જનસંખ્યાને કોણે અપનાવી છે? જાણે કે ભારતીય લોકો પોતાના હાડમાંસના બનેલા હોય... 'સત્યએ સત્યને જગાડયું.' જે માણસે એમને મારી નાખ્યા એ પણ જાણતો હતો કે તેઓ સાચા હતા.

**રોમાં રોલાં :**

મેં ગાંધીને સ્વિટ્ઝરલેન્ડમાં આ દેશના ગામડા અને પહાડમાં વસતા નમ્ર ખેડૂતોને પ્રેરણાભર્યો પ્રેમ આપતા જોયા છે.

**લૉર્ડ રિચાર્ડ એટનબરો :**

માનવ સ્વભાવમાં કયો ગુણ એમને ખૂબ પ્રશંસનીય લાગે છે એવું પૂછતાં મહાત્મા ગાંધીએ તરત જ જવાબ આપ્યો, 'હિમ્મત અને અહિંસા.' એમણે કહ્યું, 'એ કદી કાયરની ઢાલ બની ન શકે. એ તો બહાદુરનું હથિયાર છે.'

**મહામહિમ દલાઈ લામા :**

મારી પ્રાર્થના છે કે આપણે નવી શતાબ્દીમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે અહિંસા અને પરસ્પર સંવાદ વધતા જશે અને માનવસંબંધોનું સંચાલન કરશે.

**જ્યોર્જ બર્નાર્ડ શૉ :**

મને મહાત્મા ગાંધી માટે ઘણો પ્રેમભાવ છે. તેઓ માનવોમાં સૌથી મહાન હતા. એમનામાં માનવસ્વભાવની ઊંડી સમજ હતી. એમના જીવનમાંથી મને પ્રેરણા મળી છે.

**લુઈ ફિશર :**

આ એક એવો માણસ છે કે જેણે ૩૦ કરોડ લોકોમાં બંડ કરાવ્યું. એણે બ્રિટિશ સામ્રાજ્યના પાયા હલાવી નાખ્યા. એણે છેલ્લાં ૨૦૦ વરસોમાં માનવોના રાજકારણમાં શક્તિશાળી ધાર્મિક આવેગ ઊભો કર્યો.

**ઉ. ન. ઢેબર :**

માનવ વિકાસના ક્ષેત્રમાં તેમણે સત્યાગ્રહી શક્તિ એક નવીન શસ્ત્રની ભેટ ધરી.

**વિજયાલક્ષ્મી પંડિત :**

મહાત્મા ગાંધી તો જાદુગર હતા. તેમણે ભારતનો આત્મા અને ચહેરો બદલી નાખ્યો અને આગળ ધપવાની શક્તિ આપી. આપણે ગાંધીજીની ભાવનાને ન ભૂલીએ.

**અરુણા અસફઅલી :**

ચાલો, આપણે એમની નિર્ભયતા અને અમર સાહસનું અનુકરણ કરીએ.

**મોરારજી દેસાઈ :**

પરાધીન અને ભયભીત દશામાંથી નીકળવાનો માર્ગ ગાંધીજીએ દોરીને આપણને માણસ બનાવ્યા અને મુક્તિ અપાવી. સ્વાભાવિક રીતે દરેક ભારતીવાસીએ બાપુને રાષ્ટ્રપિતા માન્યા.

**દાદા ધર્માધિકારી :**

શું પ્રતિકાર પણ પ્રેમપૂર્વક અને પ્રેમમય હોઈ શકે? આ પ્રશ્નનો ઉત્તર કોઈ પણ ધર્મવેત્તા, સંત કે વીરે આપ્યો ન હતો. ઈશ્વરે એક એવી અનોખી વ્યક્તિ મોકલી કે જેણે આ પ્રશ્નનો વ્યાવહારિક અને કલાત્મક ઉત્તર પોતાના અદ્‌ભુત જીવન દ્વારા આપ્યો. એ માનવનું નામ હતું ગાંધી.

**કાકા કાલેલકર :**

દરેક માણસમાં જે સારાપણું છુપાયેલું છે તે એ પોતે જાણે એના કરતાં ગાંધીજી વધારે સારી રીતે જાણતા હતા, જાણી શકતા હતા અને એથી યે વિશેષ–સારાપણું કોક વાર જાગ્રત પણ કરી શકતા હતા.

**લાલ બહાદુર શાસ્ત્રી :**

કેવી આકર્ષક મુદ્રા છે! પવિત્રતાના પૂજારી–એટલે તો ખડખડાટ હસતા હતા. સ્વચ્છતા અને નિર્ભયતા પ્રદાન કરી. જીવન સંઘર્ષમય છે. કપરા માર્ગે ચાલવાનું છે. ગાંધીજીએ સતત પ્રયાસનો મંત્ર આપણને શીખવ્યો એ ધ્યાનમાં રાખી એ મુજબ આચરણ કરવાનું છે.

**ગુરુ દયાલ મલ્લિક :**

ગાંધીજી કહેતા, 'સત્ય એ જ ઈશ્વર છે.' પરંતુ સત્યની ઓળખ મુશ્કેલ છે. એટલે એમના જીવનમાંથી હું જે કાંઈ સમજ્યો છું એ છે: 'પ્રેમ એજ સત્ય છે.' અને આ પ્રેમમાં જ ઈશ્વરની ઓળખ થઈ શકે છે. આવો મારો વિશ્વાસ ગાંધીજીના જીવને દૃઢ કર્યો છે, એટલે હું સદા એમનો ઋણી છું. તેઓ ઉદાત્ત અને ઉત્તમ જીવનમાં મૂર્ત ભગવદ્‌ગીતા હતા.

**સુશીલા નય્યર :**

બાપુજી યુગપુરુષ હતા, યુગદૃષ્ટા હતા અને યુગના માર્ગદર્શક હતા. માનવીને એમણે શાંતિથી જીવવાનો રસ્તો બતાવ્યો અને હૃદય પરિવર્તન દ્વારા દુશ્મનને દોસ્ત બનાવવાનો રસ્તો બતાવ્યો. મારી દૃષ્ટિએ બાપુજીની મહાનતા એક બહુ જ લાગણી પ્રધાન પિતાના રૂપમાં હતી.

**વિનોબા :**

ધર્મમાં બતાવ્યું છે કે સર્વોત્તમ વિચાર કરતાં દેહ છોડવો એ પુણ્યની પરિસીમા છે. જેણે જીવનભર નિરંતર ધર્મ-પાલનનો વિચાર કર્યો છે, તે પોતાના દિવસનું કાર્ય પૂરું કરીને પ્રાર્થનામાં જઈ રહ્યા છે, મિત્રોની સાથે જઈ રહ્યા છે, બધાને પ્રાર્થના માટે બોલાવી રહ્યા છે અને એ સમયે અંત આવે છે! આ મૃત્યુ બહુ પાવન છે, પવિત્ર છે. મને તો બાપુના જીવનને માટે આ સમય 'ઉત્તમ પૂર્ણાહુતિ' લાગે છે.

સત્ય, પ્રેમ અને કરુણાસભર વિભૂતિની સ્મૃતિને હૃદયપૂર્વક વંદના...

✷ ✷ ✷

# બાપુ મારી નજરે

❑ જવાહરલાલ નહેરુ

૧૯૧૬માં મેં બાપુને પહેલી વાર જોયા. પાછું વળીને જોઉં છું તો સ્મૃતિઓનો સમુદ્ર ઘૂઘવે છે. ભારતના ઇતિહાસનો આ ગાળો અનેક ઉથલપાથલ અને ઉતારચઢાવથી ભરપૂર, અદ્ભુત છે. પણ સૌથી વધુ આશ્ચર્ય એ વાતનું છે કે આખા દેશે એક ઉચ્ચ સ્તર પર આવીને કામ કર્યું અને તે પણ ઘણાં લાંબા સમય સુધી. તેનું કારણ બાપુ હતા.

***

બાપુ વિના આપણે અનાથ થઈ ગયા છીએ તેવું લાગતાં આપણે આંસુ વહાવીએ છીએ. પણ તેમની શાનદાર જિંદગીને જોતાં દુઃખી થવા જેવી કોઈ વાત દેખાતી નથી. ઇતિહાસમાં એવા લોકો કેટલા જેઓ પોતાના આદર્શોની વિરાટ સફળતા પોતાના જ જીવનમાં જુએ? બાપુએ જેને સ્પર્શ કર્યો, સોનું બની ગયું. જે કર્યું તેનાં નક્કર પરિણામો આવ્યાં.

તેમના મૃત્યુમાં પણ એક દિવ્યતા હતી, પરિપૂર્ણતા હતી. જેવું મહાન જીવન, તેવું ભવ્ય મૃત્યુ. તેમના મૃત્યુથી તેમના જીવનને એક તેજસ્વી પુટ મળ્યો. તેમનું શરીર બિમારી અને જીર્ણતાનો ભોગ બનીને ખલાસ ન થયું. શરીર અને મનની પૂરી શક્તિથી તેઓ જીવ્યા અને એવી જ રીતે મૃત્યુ પામ્યા. તેમણે વિશ્વ પર છોડેલી છાપ કદી ઝાંખી નહીં પડે.

આપણા આત્માના કણ કણમાં બાપુ પ્રવેશ્યા હતા. આપણી આત્મિક શક્તિ તેમણે જગાડી હતી. આપણો આત્મા ગુલામ અને નિર્બળ બન્યો હતો, બરાબર એ જ સમયે બાપુ આવ્યા અને આપણને એવી શક્તિ આપી ગયા જે હંમેશ માટે આપણાં અસ્તિત્વનો ભાગ બની ગઈ.

***

બાપુનું શરીર દૂબળું, પાતળું, પણ આત્મા પહાડ જેવો શકિતશાળી હતો. તેમનો ચહેરો આકર્ષક ન હતો, પણ તેના પર બાદશાહોનું ગૌરવ ચમકતું. બાપુ નમ્ર હતા, પણ હીરા જેવા સખત પણ હતા. મીઠું બોલતા અને હસમુખા હતા, પણ પોતાની વાતમાં અત્યંત દૃઢ હતા. તેમની આંખોમાં કરુણા હતી, પણ સંકલ્પની જ્વાળા પણ હતી. તેમના દરેક શબ્દની પાછળ અર્થ રહેતો, શાંત વાણીની પાછળ શક્તિ અને કર્મઠતાની છાયા ઉભરતી, અને અસત્ય સામે ન ઝૂકવાનો નિર્ણય સ્પષ્ટ દેખાતો. તેઓ કોઈ અજબ માટીના બનેલા હતા, ને તેમની આંખોમાં ગેબી તત્ત્વ ઝબકતું દેખાતું.

ગાંધીજીએ ચલાવેલાં આંદોલનો તે તેમની ભારતની પ્રજાને આપેલી મહાન દેણગી છે. દેશના લાખો કરોડો લોકો માટે તેઓ ભારતના સ્વાતંત્ર્યના દૃઢ સંકલ્પ અને શોષણ સામે કદી ન ઝૂકતી નિશ્ચયશક્તિના પ્રતીક હતા. જે લોકો તેમની આલોચના કરતા, મતભેદ ધરાવતા, તે પણ સંઘર્ષની ક્ષણે તેમની પાસે જતા અને તેમના ઇશારે ચાલતા. આજે કે ભૂતકાળમાં ભારતની જનતાને કોઈએ એટલી નથી સમજી જેટલી ગાંધીએ સમજી હતી.

ગાંધીજીએ જે શક્તિશાળી આંદોલનો ચલાવ્યાં, તે ભારતની જનતાને તેમની મુખ્ય દેણ છે. દેશવ્યાપી આંદોલનો દ્વારા તેમણે લાખો લોકોને નવા આકારમાં ઢાળવાની કોશિષ કરી. ડરપોક, લાચાર, સદીઓથી શક્તિશાળી શોષકો દ્વારા દબાવી દેવાયેલી ને કચડાયેલી ભારતની જનતા, જેનામાં પ્રતિકાર કરવાની શક્તિ બચી ન હતી. તેને બાપુએ એક મહાન ધ્યેય આપી આત્મત્યાગના સંગઠિત પ્રયત્નોને યોગ્ય બનાવી, તેને અત્યાચારોનો સામનો કરતા શીખવ્યું અને તેનામાં આત્મનિર્ભરતાની ભાવના ભરી.

અંધારું ચીરીને, આંખો આડે આવતા ધુમ્મસને હટાવતા સૂર્ય કિરણોની જેમ ગાંધી આવ્યા. વિચારોને ઉપર તળે કરી નાંખતું તોફાન હતા તેઓ. શાંતિ અને પ્રતિકારનો તેમના જેવો સમન્વય મેં કોઈનામાં નથી જોયો. ઈતિહાસમાં ભાગ્યે જ એવો નેતા મળશે જેણે ગાંધીજી જેવું ભારત ભ્રમણ કર્યું હોય કે ભારતની જનતાની આટલી સેવા કરી હોય.

***

**અવસર**

જૈન સ્તવનો અને પદોને શાસ્ત્રીય રાગોથી અલંકૃત કરનાર

**કુમાર ચેટરજી**

**માનવમન અને શરીર ઉપર થતી મંત્ર અને રાગોની અસરનો એક વધુ પ્રયોગ પ્રસ્તુત કરશે.**

**સૂર, લય અને તાલ, ઈડા, પિંગલા અને સુષ્મણા, મંત્ર, સૂર અને સ્વર–આ સંગમોની પ્રસ્તુતિ દષ્ય-શ્રાવ્ય દ્વારા**

તા. ૨૮ ફેબ્રુઆરી-શનિવાર, સમય–સાંજે સાત

**સ્થળ :** નહેરુ સેન્ટર, મુંબઈ

સંપર્ક–**કુમાર ચેટરજી**–૯૮૨૧૧૧૨૪૮૯

'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને ૨૦ % ડિસ્કાઉન્ટ

# લૉંગ લિવ ગાંધીજી

❑ ફૈઝ અહમદ ફૈઝ

બ્રિટીશ પરંપરામાં રાજા મૃત્યુ પામે ત્યારે કહેવામાં આવે છે કે 'ધ કિંગ ઈઝ ડેડ, લૉંગ લિવ ધ કિંગ.' વર્ષો પહેલાં ચિત્તરંજન દાસનું અવસાન થયું ત્યારે મહાત્મા ગાંધીજીએ એક હૃદયસ્પર્શી તંત્રીલેખ લખ્યો હતો, જેનું શીર્ષક હતું, 'દેશબંધુ ઈઝ ડેડ, લૉંગ લિવ દેશબંધુ!'

આ જ શબ્દોમાં મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા ઈચ્છું છું કારણ કે હું, આપણે બધા માનીએ છીએ કે આ સદીમાં માનવતાનો તેમના જેવો સેવક, શોષિતોનો તેમના જેવો ઉદ્ધારક ભાગ્યે જ કોઈ હશે. મહાત્મા ગાંધી તેમના મર્ત્ય શરીરને છોડી ગયાને ૪૮ કલાક થયા છે. પીડા અને શોકના ગાઢ અંધકારમાં મહાત્માની શહાદત એળે નહીં જાય એવી આશાનું આછું કિરણ ચમકી રહ્યું છે. કોઈ તારણ પર આવવાનું અત્યારે વહેલું ગણાય, પણ તેમના મૃત્યુએ જે રીતે વિશ્વચૈતન્યને ખળભળાવી મૂક્યું છે તે જોતાં આ આશા અસ્થાને નથી. ભારતના મારા શંકાશીલ મિત્રોને મારે કહેવું છે કે ગાંધીજીનું મૃત્યુ પાકિસ્તાન માટે પણ એટલું જ આઘાતજનક છે જેટલું ભારત માટે છે. લાહોરના લોકોના ચહેરા પર શોક છે અને આંખોમાં પાણી. પાકિસ્તાનમાં શોક વ્યક્ત કરવા રજા રખાઈ છે, હડતાલો પડી છે. મારા ભારતીય મિત્રોને મારે એ પણ કહેવું છે, ભારપૂર્વક કહેવું છે કે અમે પાકિસ્તાનવાસીઓ મૈત્રી, સદ્ભાવના અને સહકારની ભાવના સરહદની આ પાર ઊભા રહીને વ્યક્ત કરીએ છીએ.

ભારત અને પાકિસ્તાનની સરકારો જ્વાળામુખી પર બેઠેલી છે. ભારત સરકારને અને ભારતની પ્રજાને એ સમજાતું તો હશે કે તેમના દુશ્મનો તેમની જ અંદર રહેલા છે. મુસ્લિમો કે પાકિસ્તાનીઓ પાપી નથી. આરએસએસ અને હિંદુ મહાસભા, જેના વખાણ કરતાં ભારતના નેતાઓ પણ થાકતા નથી, તેણે વિશ્વનો સૌથી મોટો અપરાધી પેદા કર્યો છે. જવાહરલાલ નહેરુ પણ આ બંનેની કટ્ટરતા તેમના દેશ માટે કેટલી ખતરનાક છે તે જાણતા હતા. જે કોમી શાંતિની ખાતરીએ મહાત્મા ગાંધીના ઉપવાસ છોડાવ્યા તે કેટલી ઉપરછલ્લી હતી, કે તેના બીજા જ દિવસે હિંદુ મહાસભાના નેતાઓએ કહ્યું કે મુસ્લિમોને દેશમાંથી હાંકી કાઢવા જોઈએ. જો ભારતની સરકારે તેમની જ અંદર વસતા આ કટ્ટરપંથીઓને કાબૂમાં રાખ્યા હોત તો મહાત્મા ગાંધી આજે જીવતા હોત. મુસ્લિમોના ઘરમાંથી શસ્ત્રો શોધવા દરોડા પાડનારી ભારતની જાસૂસી સેવાઓ મહાત્મા ગાંધીની કિંમતી જિંદગીની રક્ષા માટે સાબદી રહી હોત તો આ વિરાટ ઉપખંડને માટે હાથ દઈને રોવાનો વારો ન આવત, આખું વિશ્વ આમ સ્તબ્ધ – શોકાર્ત ન થઈ જાત.

મહાત્મા ગાંધીના મૃત્યુનો કોઈ ગેરલાભ લેવાનો વિચાર કરવા જેટલા અમે હલકા નથી, પણ આ ક્ષણે કહેવાનું મન થાય છે કે ભારતના જે લાખો મુસ્લિમોનું હિત મહાત્મા ગાંધીના હૈયે વસ્યું હતું તેમને સાચવી લઈ ભારતની સરકાર મહાત્મા ગાંધીનું યોગ્ય તર્પણ કરશે એવી મને આશા છે.

મહાત્મા ગાંધી ચાલ્યા ગયા,
મહાત્મા ગાંધી અમર રહે.

✷ ✷ ✷

## 'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતા કોર્પસ ફંડ

રૂા ત્રણ લાખનું અનુદાન ઉપરોક્ત ફંડમાં અર્પણ કરનાર દાતા પોતાને ઈચ્છિત કોઈ પણ એક મહિનાનું વીસ વર્ષ સુધી 'સૌજન્યદાતા' સ્થાન પ્રાપ્ત કરી શકશે. ત્યાર પછી આ રકમ 'પ્રબુદ્ધ જીવન' નીધિ ફંડમાં ઉમેરાશે જેથી 'પ્રબુદ્ધ જીવન' ભવિષ્યમાં નિયમિત પ્રકાશિત થતું રહે.

**અમારી આ યોજનાને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે.**

| | |
|---|---|
| રૂા. પાંચ લાખ | સુશ્રાવક સી. કે. મહેતા-સૌજન્ય માસ-ઑગસ્ટ |
| રૂા. ત્રણ લાખ | શ્રીમતિ દીનાબેન ચેતનભાઈ શાહ<br>શ્રી ચેતનભાઈ નવનીતલાલ શાહ<br>પૂણ્ય સ્મૃતિ<br>માતુશ્રી હીરાલક્ષ્મી નવનીતલાલ શાહ<br>સૌજન્ય માસ-ફેબ્રુઆરી |
| રૂા. ત્રણ લાખ | પ્રસન્ન એન. ટોલિયા<br>સૌજન્ય માસ-સપ્ટેમ્બર |

આશા છે કે હવે બાકીના નવ મહિનાના દાતા પણ આ યોજના-કોર્પસ ફંડ માટે અમને મળી રહેશે. જેથી ભવિષ્યમાં 'પ્રબુદ્ધ જીવન' નિયમિત પ્રકાશિત થતું રહે.

**જ્ઞાન દાન એ ઉત્તમ દાન છે. ચિર સ્મરણીય છે.**

**કર્મ નિર્જરાનું સોપાન છે. મોક્ષ પ્રત્યેની દૃષ્ટિ છે.**

❑ તંત્રી

# ગાંધીજી પછીનું ભારત

□ યોગેન્દ્ર પારેખ

*[ 'શાશ્વત ગાંધી' તથા 'અભિદૃષ્ટિ' સામયિકના સહસંપાદક શ્રી નારાયણભાઈ દેસાઈની ગાંધીકથા પરંપરાને અવિરત આગળ ધપાવવાના શુભાશયથી તેમણે 'શાશ્વત ગાંધીકથા'ની શરૂઆત કરી છે. 'કચ્છમિત્ર' દૈનિકમાં કટાર લેખન અને નિબંધ, વિવેચન, સંપાદન તથા જૈનદર્શનના અનુવાદ ક્ષેત્રે; બધા મળીને બાવીસ પુસ્તકોનું પ્રદાન. હાલ, અમદાવાદ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટિમાં એસોસિએટ પ્રોફેસર તરીકે સેવા આપે છે. પ્રસ્તુત લેખમાં તેમણે ગાંધીજી ગયા ત્યાર પછીના ભારતના બદલાયેલાં મૂલ્યો અને પલટાતી જીવનશૈલીનાં વિવિધ પાસાં પર પ્રકાશ ફેંક્યો છે. ]*

૧૯૧૫માં ગાંધીજી સ્વદેશ પાછા ફર્યા અને આઝાદી આંદોલનનું સુકાન સંભાળ્યું તેના બત્રીસમા વર્ષે દેશ આઝાદ થયો. સવિનય કાનૂનભંગ અને અસહકાર જેવાં શસ્ત્રો હોવા છતાં આઝાદ થવામાં ત્રણ દાયકા કરતાં વધુ સમય થયો કારણ કે ગાંધીજી સત્યાગ્રહની ભૂમિકાએ, રચનાત્મક કાર્યોની સમાંતરે ચળવળ ચલાવતા હતા. ત્રણ દાયકા દરમ્યાન ગાંધીજી હિંદની જનતાને સ્વતંત્રતા માટે લાયક બનાવી રહ્યા હતા. બુનિયાદી તાલીમ, શ્રમમૂલક કેળવણી, આરોગ્ય, ખાદી, ગૌસેવા, સ્વદેશી વસ્તુઓનો આગ્રહ, સાદગી, અસ્પૃશ્યતા નિવારણ, માતૃભાષાનો મહિમા જેવા અનેકવિધ ઉપક્રમો દ્વારા ગાંધીજી પાયાનું કાર્ય કરી રહ્યા હતા. ગામડાના ઉદ્ધાર વગર ચલાવાનું નથી એ વાતની એક સદી અગાઉ ગાંધીજીને ખબર હતી. ગાંધીજીના માર્ગદર્શક સિદ્ધાંતોની ધરાર અવગણના વીસમી સદીના ઉત્તરાર્ધની, આઝાદ ભારતની કહાની છે.

કોઈપણ રાષ્ટ્રના ઘડતરમાં તેના પ્રાથમિક શિક્ષણની સ્થિતિ ખૂબ મહત્ત્વની હોય છે. શિક્ષણના ક્ષેત્રમાં ગાંધીજીની અવગણના આપણા સમયનું ખેદજનક વાસ્તવ અને નરી આંખે અલગ તારવી શકાય એવી નિષ્ફળતાઓ છે. દક્ષિણ આફ્રિકાના નિવાસ દરમ્યાન પોતાના સંતાનોના શિક્ષણ વિશે ગાંધીજી ઠીક ઠીક ચિંતિત હતા અથવા તો ચિંતનશીલ હતા. પોતે વિલાયત જઈ બેરિસ્ટર થઈ આવેલા પણ મોટા દીકરા હરિલાલે બેરિસ્ટરનું ભણવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે યુનિવર્સિટી શિક્ષણની મર્યાદાઓથી સ્વાનુભવે સભાન થયેલા ગાંધીજીએ પુત્ર હરિલાલને વિલાયત જઈ ભણવાની બાબતમાં પ્રોત્સાહન આપ્યું નહિ અને ભણાવવા બાબત સંપૂર્ણ અસહમત હોવાનું ભારપૂર્વક જણાવ્યું. શ્રી મહાદેવભાઈ દેસાઈના પુત્ર શ્રી નારાયણભાઈ દેસાઈએ બાળવયે જ બાપુને પત્ર લખીને શાળાએ ન જવા વિશે જણાવ્યું ત્યારે ગાંધીજીએ પ્રત્યુત્તરમાં નારાયણ દેસાઈને શાબાશી પાઠવેલી. રાષ્ટ્ર ઘડતર માટે સેવકો તૈયાર થાય અને શ્રમ તથા ચારિત્ર્ય કેન્દ્રમાં હોય એવા ઉમદા આશયથી ૧૯૨૦ જેટલાં વહેલાં ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. શિક્ષણ માતૃભાષામાં જ થવું જોઈએ એવો ગાંધીજીનો આગ્રહ હતો. આજે ગાંધીજી પછીના ભારતમાં શિક્ષણની સ્થિતિ વિશે સ્થિતિ સંતોષજનક નથી.

ગાંધીજીના આદર્શોને ધ્યેયમંત્ર તરીકે રાખવામાં જે સંસ્થાઓએ ઠીક ઠીક સભાનતા રાખી હોય એવી પ્રતિષ્ઠિત શાળાઓએ અંગ્રેજી માધ્યમના વિભાગો શરૂ કરી દીધા છે; એટલું જ નહિ પણ ગુજરાતી માધ્યમના વિભાગો બંધ થાય એવી સ્થિતિમાંથી ઉગરવાનો કોઈ પ્રયાસ પણ કર્યો નથી. શિક્ષણમાંથી શ્રમનું મહત્ત્વ ઘટી ગયું છે અને સુખ-સગવડને કેન્દ્રમાં રાખનારું કારકિર્દી નિર્માણ થતું જાય છે. ગાંધીજી એવું ઈચ્છતા હતા કે ઉચ્ચશિક્ષણનો બોજ સરકારે ઉઠાવવો જોઈએ નહિ. તેમની વિભાવના એવી હતી કે શિક્ષણની સાથે સાથે જીવનલક્ષી તાલીમ પામેલો વિદ્યાર્થી સાચા અર્થમાં તાલીમાર્થી બને અને સંસ્થા, સમાજ કે સરકાર પર બોજ બનવાના બદલે સ્વનિર્ભર બને. છેલ્લા બે દાયકામાં સ્વનિર્ભરતાનો ભળતો જ અર્થ થયો. ઉચ્ચ શિક્ષણની સેલ્ફ ફાઈનાન્સ સંસ્થા ખોલીને વિદ્યાર્થીઓને લૂંટવાનો ઉદ્યોગ ચાલુ થયો. શિક્ષણનું ખાનગીકરણ વિકૃત રીતે વકરતું જાય છે. વિદ્યાર્થીમાં સ્વાવલંબન કેળવવાની વાત તો અશક્ય આદર્શ થઈ ગઈ. શિક્ષણક્ષેત્ર વિષયક ઘોર નિષ્ફળતા અને અક્ષમ્ય બેદરકારી કોઈ એકાદ રાજ્ય પૂરતી સીમિત નથી.

આદર્શ લોકશાહી શાસન વ્યવસ્થાના સ્વપ્નદ્રષ્ટાઓએ શ્રેષ્ઠ બંધારણ આપ્યું. લોકશાહી મૂલ્યોની સ્થાપના અને સમાનતાના મહાન આદર્શો આપણા બંધારણમાં છે. માનવ અધિકારો વિશેની તકેદારી તથા સ્વતંત્રતા વિષયક સૂક્ષ્મ વિચારણા બંધારણનું હાર્દ છે. આઝાદી બાદ ગાંધીચીંધ્યો માર્ગ સત્તાપ્રાપ્તિનો હાથવગો માર્ગ બનતો ગયો. દરેક રાજકીય પક્ષોએ જનપ્રતિનિધિની પસંદગી કે ટિકિટ ફાળવણી માટે જીતી શકે એવા ઉમેદવારોને પ્રાથમિકતા આપી. ચૂંટણી જીતવા માટે કે સત્તા મેળવવા માટે કોઈપણ રીતરસમ અજમાવનારાઓએ રાજકારણનું અપરાધીકરણ કરી નાખ્યું. ભ્રષ્ટ રીત રસમોની કોઈ નવાઈ નથી રહી. પ્રથમ લોકસભા ચૂંટણી વખતે જ ઉમેદવારોની પસંદગીમાં જાતિવાદી ગણતરીઓનો કળિપ્રવેશ થઈ ચૂક્યો હતો. તેમ છતાં ૧૯૬૭ સુધી રાજનીતિમાં સાધનશુદ્ધિના સિદ્ધાંતો કૉંગ્રેસ જેવા મુખ્ય રાજકીય પક્ષની ઓળખ હતા. ગાંધીજીના અવસાન બાદ કૉંગ્રેસમાં કોઈ અનિષ્ટ તત્ત્વો દાખલ ન થઈ જાય





તેની પૂરતી કાળજી લેવામાં ન આવી. સ્વતંત્ર ભારતના ફળ ચાખનારા બધા લોકો પ્રજાનિષ્ઠ સેવકો ન હતા. પ્રધાન કે ધારાસભ્ય, સંસદસભ્ય થનાર નેતાઓમાં દીર્ઘકાળ સુધી પોતાનું સ્થાન ટકાવી રાખવાનું સ્વાર્થી વલણ સામાન્ય બનતું ગયું. રાજકારણનું અપરાધીકરણ અને ભ્રષ્ટ્રાચાર એ જ શિષ્ટાચાર જેવા નિબંધો આપણી શાળાઓમાં ભણાવવામાં આવ્યા અને પરીક્ષામાં પૂછાતા રહ્યા. સંસદમાં વીસ ટકાથી વધુ સભ્યો કોઈ ને કોઈ ગુના અંતર્ગત કાયદેસરની કાર્યવાહીનો સામનો કરી રહ્યા હોય એ સ્થિતિનો કોઈને આઘાત રહ્યો નહિ. વૉટબૅન્ક જેવો શબ્દ ચલણી સિક્કાની જેમ ઉછળવા, ચાલવા લાગ્યો. કોમવાદી ધ્રુવીકરણ સર્વસામાન્ય કે સર્વમાન્ય સિદ્ધાંત તરીકે સ્વીકૃતિ પામ્યું. એકબીજાની કટ્ટરતાને જ શ્રેષ્ઠ ગણવામાં ગૌરવ અનુભવતા લોકોએ આંતરિક શાંતિ હણી લીધી. ગાંધી શતાબ્દીના વર્ષે જ ભયાનક કોમી હિંસા થઈ. જવાહરલાલ નહેરુના નિધન બાદ જાહેર જીવનના મૂલ્યોનું ધોવાણ થતું ગયું. ગાંધીજીએ કૉંગ્રેસની સત્તાલક્ષી રાજનીતિથી દૂર રહીને લોકસેવક સંઘ તરીકે કાર્યરત રહેવાની સલાહ આપી હતી તેની અવગણના થઈ. શ્રીમતી ઇંદિરા ગાંધીને પોતાનું પ્રભુત્વ રાજકીય દાવપેચથી સ્થાપવામાં એટલી હદે સફળતા મળી કે મોરારજી દેસાઈ જેવા અગ્રણી કૉંગ્રેસીઓ અને મૂલ્યનિઠ જાહેરજીવનના આદર્શો હાંસિયામાં ધકેલાઈ ગયા. 'ઇંદિરા ઈઝ ઇન્ડિયા' કહેવામાં ગૌરવ અનુભવતા કૉંગ્રેસના નેતાઓએ સ્વસ્થ, તંદુરસ્ત લોકશાહીની આપણી અપેક્ષાને લુણો લગાડ્યો.

જાહેર ચૂંટણીઓમાં સરકારી તંત્ર ને સંસાધનોનો ઉપયોગ ન થાય તેની કાળજી ૧૯૬૭ સુધી સહુથી મોટા રાજકીય પક્ષ કૉંગ્રેસ દ્વારા રાખવામાં આવી. ૧૯૬૭ પછી ઉદ્યોગપતિઓ પાસેથી ચૂંટણી ફંડ મેળવવું અને મતદારોને ખરીદવાની વૃત્તિ અવિરામ ચાલતી રહી છે. ધારાસભ્યો અને સંસદસભ્યોને ખરીદવા સુધીની અધોગતિ કે ગૃહમાં પ્રશ્નો પૂછવા માટે લાંચ લેવા સુધીની દુર્ઘટનાઓ ઘટતી રહી. કોઈ પક્ષ દૂધે ધોયેલો નથી એ વાતની ખાતરી જાહેર જનતાને રોજબરોજ થતી રહે છે. કૌભાંડો, અપરાધીકરણમાં નેતાઓની સામેલગીરી, ગુનાઈત બેદરકારી, અમર્યાદ સંપત્તિ સર્જન, વિચારધારાહીન ગઠબંધન, બેફામ વાણીવિલાસ જેવા દુર્ગુણોથી ખદબદતું જાહેર જીવન જોઈને આપણને એમ થાય કે શું આ દેશમાં મહાત્મા થઈ ગયા ?

૨૫મી જૂન દિલ્હીમાં રામલીલા મેદાનમાં જંગી જાહેરસભા થઈ. લોકસંઘર્ષ સમિતિના પ્રમુખ મોરારજી દેસાઈ અને લોકનાયક જયપ્રકાશ નારાયણ આ સભાના સૂત્રધાર હતા. સત્તા ટકાવી રાખવા માટેની ઇંદિરા કૉંગ્રેસની ભ્રષ્ટ રીતરસમો અને ઇંદિરા ગાંધીની સરમુખત્યારી સામે નાગરિક અવાજની રૂએ લોકસંઘર્ષ સમિતિ પોતાનો અવાજ કે ચળવળ બુલંદ કરે તે પહેલાં ૨૬મી જૂને સરકારે કટોકટી લાદી દીધી. સમાચાર-માધ્યમો પર સેન્સરશિપ લાદી દેવામાં આવી. જયપ્રકાશજી અને મોરારજી જેવા અગ્રણીઓ અને અસંખ્ય નેતાઓની ધરપકડ થઈ. લોકસભાએ જૂલાઈ-ઑગષ્ટમાં બંધારણમાં અને ચૂંટણી વિશેના કાયદામાં જે ફેરફારો કર્યા તેના પરિણામે કટોકટીને ન્યાયની અદાલતમાં પડકારવાની શક્યતા જ સમાપ્ત થઈ ગઈ. અખબારોના નિયંત્રણો એટલાં સખત હતા કે ધરપકડ થયેલાં નેતાઓના નામ પણ પ્રગટ કરવાની કોઈ વર્તમાનપત્રની હિંમત નહોતી. વિનોબા જેવા ગાંધીનિષ્ઠ સામ્યયોગીએ 'અનુશાસન પર્વ' કહી કટોકટીને સમર્થન આપેલું. તે કટોકટી ગાંધી પછીના ભારતનું, લોકશાહીના મૃત્યુઘંટનું કલંકિત પ્રકરણ હતું.

ગાંધીજી પછીના ભારતનો પ્રથમ દોઢ દાયકો જવાહરલાલ નેહરુના શાસનનો હતો. કાશ્મીર અને ચીનના મામલે નહેરુની દેખીતી નિષ્ફળતાના કારણે સમગ્ર નેહરુ વિશેની પૂર્વગ્રહયુક્ત અધૂરી સમજ આપણા અર્ધદગ્ધ વિશ્લેષકોનો માનીતો વિષય છે. ઔદ્યોગિક ક્રાંતિ અને વિજ્ઞાન આધારિત વિકાસયાત્રા, બદલાતા વિશ્વ સાથે ભારતની સહયાત્રાના અનિવાર્ય ઉપક્રમ તરીકે પંડિત નેહરુના શાસનમાં જ ઉદ્‌ભવ અને વિકાસ પામે છે. ગાંધીજીએ 'હિંદ સ્વરાજ'માં કલ્પેલી જીવનશૈલી અશક્ય આદર્શ બની જાય એટલી હદે વિશ્વ બદલાતું રહ્યું. ગાંધીજીની હાજરીમાં જ અહિંસા અવમૂલ્યન પામી. તેમની ગેરહાજરીમાં 'હિંદસ્વરાજ'ના આદર્શોનું પાલન અસંભવ બની રહ્યું.

જવાહરલાલ નેહરુના શાસનકાળમાં નદીઓ પર બંધોનું નિર્માણ થયું. આ બંધોને નેહરુએ આધુનિક ભારતના મંદિરો કહ્યા. કૃષિક્ષેત્રે વિકાસ માટે બંધો અનિવાર્ય બન્યા અને હરિયાળી ક્રાંતિ સંભવ થઈ. ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીઝ, ધ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટની સ્થાપના આધુનિક ભારતના ઘડવૈયા તરીકે નેહરુને પ્રતિષ્ઠિત કરે છે. સિંચાઈ યોજનાઓ દ્વારા કૃષિ વિકાસ, વીજળી ઉત્પાદન અંગેના વિચારોનો પરિણામલક્ષી અમલ ઉપરાંત અણુશક્તિ અંગેના કાર્યક્રમોની શરૂઆત નેહરુયુગની દેણ કહી શકાય. ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે તત્કાલીન વિશ્વ સાથે દેશને જોડવામાં વિજ્ઞાનકેન્દ્રી વિકાસ કાર્યક્રમોમાં નેહરુને ઉલ્લેખનીય સફળતા મળી.

ગાંધીજી વિશ્વશાંતિના અગ્રદૂત હતા. પ્રકૃતિ, પર્યાવરણ, જીવદયા, અહિંસા અને તનાવમુક્ત જીવનશૈલીના સાહજિક સમર્થક ગાંધીજીની બદલાયેલા વિશ્વને જરૂર જ ન હોય તે રીતે ધરાર

અવગણના થઈ. જગત આખું વિરાટ બજારમાં ફેરવાઈ જાય એવા અર્થતંત્રમાં આપણી આર્થિક નીતિઓ અને કાર્યક્રમો બદલાતા રહ્યા. જાણે વિકાસ માટે દેશ વિવશ થયો. શ્રી નરસિંહરાવના શાસનમાં અર્થતંત્રની પરિવર્તનશીલ આબોહવાએ વિકાસને વેગ આપ્યો. નીતિ બદલાતી રહી અને અનીતિ જળવાઈ રહી.

મુક્ત અર્થતંત્રની નવી નીતિની અવગણના કરવાનું દુ:સાહસ નરસિંહરાવ પછીના કોઈ વડાપ્રધાનથી શક્ય નથી રહ્યું. વ્યાપાર વિશ્વનાં પરિમાણો બદલવાના કારણે ગ્રાહકને ફાયદો થયો. અતિની અધોગતિ નિશ્ચિત છે. ઉપભોક્તા સંસ્કૃતિનો ઉદય થયો. ટી.વી. જેવાં સમૂહમાધ્યમો તેની સંપૂર્ણ શક્તિ-મર્યાદા સાથે પ્રજા જીવન પર છવાઈ ગયા. પાણીનું પાર્સલ થયું. કુદરત દ્વારા મબલખ માત્રામાં મફત વરસતો ધોધમાર વરસાદ પ્લાસ્ટિકની બોટલમાં વીસ રૂપિયે કેદ થયો. પેટ્રોલના ભાવે પાણી ખરીદવાનું સામર્થ્ય માણસે મેળવ્યું. વિકાસનું અટ્ટહાસ્ય ગરીબની ઝૂંપડી સુધી રણકતા મોબાઈલ સ્વરૂપે પહોંચ્યું. પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ મોંઘી થતી ગઈ અને ગમે તેવી મોંઘી વસ્તુઓ હપ્તેથી પણ ખરીદવાનું વલણ વિકૃતિની હદે વકરવાના કારણે માણસ આર્થિક રીતે અને બુદ્ધિથી દેવાળિયો સિદ્ધ થયો. સિમકાર્ડ મફત મળે અને ડુંગળી દુર્લભ થતી જાય એને વિકાસ કહેવાય એમ સમજનારી નવી પેઢી ધ્યેયમુક્ત બને એવી જીવનશૈલી અને માધ્યમોનું આક્રમણ જોવાનું, જીરવવાનું આપણા જીવનમાં સ્વાભાવિક ઉપક્રમ તરીકે ઉપસી આવ્યું.

ગાંધીજી પછીનું ભારત એ નિરંકુશ ભારત છે. પરમાણુ પરીક્ષણની સફળતા, બાંગ્લાદેશનો ઉદય, બૅન્કનું રાષ્ટ્રીયકરણ, રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ, બે-બે વડાપ્રધાનોની હત્યા, ૧૯૬૯, ૧૯૮૪ અને ૨૦૦૨નાં હિંસક તોફાનો, રાષ્ટ્રીય કક્ષાએ શ્રી નરેન્દ્ર મોદીનો ઉદય, આપણા જાહેર જીવનના જમા-ઉધાર છે. સહુ પોતપોતાની ગણતરી મુજબ જમા-ઉધાર કરી શકે એટલા તર્કો, એટલી દલીલો, એટલા આધારો છે. પોતાનો કક્કો ખરો કરવાની પારાવાર અનુકૂળતાઓ વચ્ચે સ્વસ્થ, તંદુરસ્ત, તટસ્થ અને સંયત અવાજ શોધવો ખૂબ મુશ્કેલ છે. અનેકાંતવાદી અભિગમનો અભાવ આપણા સમીક્ષકોની નબળાઈ છે. કોઈપણ સમસ્યાનું મૂલ્યાંકન કરવા માટેની ગાંધીદૃષ્ટિ કે સમ્યક્ ચિંતન દુર્લભ થતું જાય છે.

સ્વસ્થ નાગરિક સમાજનું ઘડતર કરવાનું શિક્ષકો દ્વારા ચૂકી જવાયું છે તેથી જ તો આપણે સર્વસ્તરીય અરાજકતાનો ભોગ બન્યા છીએ. ધર્મ, રાજનીતિ, શિક્ષણ જેવી પાયાની સંસ્થાના અગ્રણીઓએ વિશ્વસનીયતા ગુમાવી દીધી છે. એનરોઈડ મોબાઈલ અને ઈન્ટરનેટના ફાયદા કરતાં ગેરફાયદા પ્રત્યેનું આકર્ષણ આખી પેઢીને બેહોશ બનાવી રહ્યું છે.

કોમવાદી ધોરણે મતદારનું વિભાજન, દેશ વિભાજન કરતાં મોટી દુર્ઘટના છે એટલું આપણા રાજકીય પક્ષોને સમજાતું નથી. મતદારોને આકર્ષવા માટેના તમામ નુસખાઓ અનૈતિક અને ખર્ચાળ છે. સંપત્તિ પ્રદર્શનનું ભપકાનું આકર્ષણ વધી જાય ત્યારે વાણી વિલાસ પણ ગેરવાજબી સ્વીકૃતિ પામે છે. આપણો મતદાર, આપણો શિક્ષક અને આપણું પ્રાથમિક શિક્ષણ દિશા-વિહીન છે; એ ગાંધીજી પછીના ભારતનું નિર્મમ વાસ્તવ છે.

ખાદ્ય અન્ન, ઔષધ અને ઓઈલ ભેળસેળમુક્ત નથી. જળ, જમીન અને જંગલ પરનું અમર્યાદ અતિક્રમણ ખાળવાનું કોઈને સૂઝતું નથી. લગભગ દરેક મુખ્યમંત્રી પ્રોપર્ટી ડિલરની જેમ વર્તે છે. શિક્ષણ, કોઈ સરકારના આયોજનમાં અગ્રતાક્રમે તો નહિ દસમાં ક્રમે પણ નથી. એકસો વર્ષ પૂર્વે પૂજ્ય નાનાભાઈ ભટ્ટને કૉલેજમાં અપાતા ઉચ્ચ શિક્ષણની ગતિ-વિધિથી સંતોષ ન હતો. તેથી તેમણે પાયો મજબૂત કરવા બાળ કેળવણીનું કામ શરૂ કર્યું. નાનાભાઈએ પ્રોફેસર તરીકેની નોકરી છોડી અને પોતાનું જીવન પ્રાથમિક કેળવણી ક્ષેત્રે સમર્પિત કર્યું. ૧૯૪૭ના માર્ચ મહિનાની નવમી તારીખે, પોતાના મૃત્યુના એક દિવસ અગાઉ શિક્ષકોને સંબોધિત કરતા શ્રી ઝવેરચંદ મેઘાણીએ તત્કાલીન અંગ્રેજી સરકાર સંદર્ભે કહ્યું: 'શિક્ષણ એક એવું ખાતું છે, જે સરકાર બંધ ના કરી શકે તે માટે ચલાવે છે.' શ્રી મેઘાણીનું આ કથન આજે પણ કેટલી હદે પ્રસ્તુત છે. શિક્ષણનું ધંધાદારીકરણ આપણી ઉધાર માનસિકતાનો પરિચય કરાવે છે.

ટૅકનોલોજી આશીર્વાદરૂપ ત્યારે જ પૂરવાર થાય જ્યારે વિવેકનું શિક્ષણ મળે. શોષણમુક્ત, ભયમુક્ત, સ્વસ્થ નાગરિકસમાજની સંરચના માટે શિક્ષણક્ષેત્રનું સ્વાસ્થ્ય સુધારવું ઘટે. સુખવાદી જીવનશૈલી છોડીને સાચુકલા કર્મશીલો નૂતન ભારત નિર્માણનો આદર્શ સેવે તે આપણા સમયની અનિવાર્યતા છે. ગાંધીચીંધ્યો માર્ગ એ કાર્યક્રમનો વિષય નથી, અનિવાર્ય નિત્યક્રમ છે એમ સમજ્યા પછી આચરણમાં ઉતારનારની સંખ્યા વધે તો 'ગાંધીના સ્વપ્નનું ભારત'ની દિશામાં આગે કદમ થાય.

લેખનું સમાપન કરી રહ્યાની ક્ષણે, વહેલી સવારે આવેલા અખબારમાં વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના ખર્ચના આંકડાઓ આવ્યા છે. કરોડોના ખર્ચના ખૂની ભપકાઓ વેઠતી લોકશાહીને હજી પરિપક્વ થવાની બહુ વાર હોય એમ લાગે છે. કરોડોના ખર્ચે થતા રાજ્યારોહણના ઝગમગાટમાં છેવાડાનો માણસ ખોવાયો છે. સામાન્ય નાગરિકને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે અને દરેક રીઢા ગુનેગારને આપણા ન્યાયતંત્રમાં સંપૂર્ણ ભરોસો છે. અરણ્યરુદનના આ સમયમાં માત્ર રુદન જ આપણો વિશેષાધિકાર છે. ✷✷✷

૬, અરનાથ એપાર્ટમેન્ટ, બી/એચ પીએસી હેલ્થ સેન્ટર,
મેમનગર - ગામ, અમદાવાદ-૩૮૦૦૦૨.
મોબાઈલ : ૦૯૮૨૧૩ ૩૬૬૧૭

# આદર્શોની અવનતિ

*[ મહાત્મા ગાંધીના આદર્શો શાશ્વત અને સર્વવ્યાપક હતા, જેને લીધે આજે પણ આખું વિશ્વ તેમને પૂજે છે – પણ ઘરઆંગણે તેમની કિંમત ઉપયોગિતાના ત્રાજવે તોલાઈ અને તેઓ ઝડપથી 'આઉટ ઑફ ડેટ' થઈ ગયા – આવું કેમ થયું ? ]*

જેમ જેમ મહાત્મા ગાંધીના વ્યક્તિત્વને, જીવનને અને કાર્યને સમજવાની યોગ્યતા આવતી જાય તેમ તેમ ભગવાન કૃષ્ણના વિશ્વરૂપ દર્શનની જેમ તેમની અત્યંત મૌલિક, તેજસ્વી અને વિરાટ પ્રતિભા વધુ ને વધુ આકર્ષતી જાય તેવો અનુભવ ઘણાબધાને થાય છે. ગાંધીજી સતત વિકસતા જતા મનુષ્ય હતા, અને તેથી તેમનાં શાશ્વત મૂલ્યોમાં એક જાતની નિત્યનૂતનતા અને તાજગી હતી, છે. તેમના વિશે જેટલું લખાયું છે તેટલું વિશ્વની કોઈ વિભૂતિ વિશે લખાયું કે ચર્ચાયું નથી. અન્યાયના પ્રતિકાર માટે ગાંધીચીંધ્યા અહિંસક પ્રતિકારના માર્ગનો વિકલ્પ હજુ સુધી કોઈ શોધી શક્યું નથી. વ્યક્તિગત અને સામુદાયિક વિકાસની પારાશીશી સત્ય, અહિંસા, માનવતા, નિર્ભયતા, સાદગી અને છેવાડાના માણસના કલ્યાણ જેવા ગાંધીમૂલ્યો જ નથી? તો પછી એવું કેમ થયું કે આ બધાં મૂલ્યો અને ખુદ મહાત્મા ગાંધી પણ તેમના જીવનકાળ દરમ્યાન જ કોરે મુકાયા, બાજુએ ધકેલાયા અને હડસેલી દેવાયા? તેમની હત્યાને એક અસંતુષ્ટ વર્ગના રોષનું પરિણામ ગણીએ-પણ ગાંધીજીની કૉંગ્રેસ, ગાંધીજીના સાથીઓ, ગાંધીજીનું ભારત ગાંધીજીની અવગણના કરવા માંડ્યું, ભૂલવા માંડ્યું અને એ પણ બહુ ઝડપથી-આવું કેમ થયું? આ પ્રશ્ન સૌને પજવે છે અને તેનો જવાબ કદાચ કોઈને નથી મળ્યો.

ગાંધીમૂલ્યોને જીવનભર અત્યંત આદરથી અનુસરનારા મહેન્દ્ર મેઘાણીએ કહ્યું છે, 'જે પ્રજા સાચા પૂજાર્હોને ઓળખી શકતી નથી, તે ક્રમે ક્રમે પૂજ્ય પુરુષોને પેદા કરવાની શક્તિ પણ ગુમાવી બેસે છે. પ્રથમ કક્ષાનાઓને પડતા મૂકી, ઊતરતી કક્ષાના ઠિંગુજીઓને જે પ્રજા પૂજે છે તે પોતાના આદર્શોને પણ એ જ ધોરણ પર લાવી મૂકે છે!

## માનવસ્વભાવની વિચિત્રતા

ઘણાંના મનમાં ભ્રમ થાય છે કે જો ગાંધીજી આટલા મહાન હતા તો તેમની વાતોની અસર તેમના જીવનકાળ સુધી પણ કેમ ન ટકી? છેલ્લા દિવસોમાં બાપુ એકલા પડી ગયા, આઉટ ઑફ ડેટ જેવા થઈ ગયા અને ગોળીનો શિકાર બન્યા. શું તેમને સમજવામાં આપણી ભૂલ થઈ? શું તેઓ બીજા કોઈ દેશમાં જન્મ્યા હોત તો આવું ન બનત?

ગાંધીજીને આખા દેશના અગ્રણીઓ અને આમજનતા અનુસરતા હતા, તેઓ ગાંધીજીની કડવી ને ગળે ન ઊતરે તેવી વાતો પણ સાંભળતા હતા કારણ કે સ્વરાજ અપાવવાની શક્તિ માત્ર તેમનામાં જ હતી. સ્વરાજ મળી ગયા પછી તેમની કોઈને જરૂર ન રહી. તેમના આદર્શો શાશ્વત અને સર્વવ્યાપક હતા, જેને લીધે આજે પણ આખું વિશ્વ તેમને પૂજે છે, પણ હકીકત એ છે કે ઘર આંગણે તેમની કિંમત તેમની ઉપયોગિતાને ત્રાજવે તોલાઈ હતી, તોલાય છે. માનવ સ્વભાવની આ વિચિત્ર કરુણતા છે. તેઓ બીજા દેશમાં જન્મ્યા હોત તો પણ આ જ થાત. ઈસુ કે સોક્રેટીસ ભારતીય હતા?

વિનોબા કહેતા કે ભારતની પ્રજા ૫૦૦૦ વર્ષ જૂની છે. રીઢી થઈ ગયેલી છે. નવી બાબતને તરત સ્વીકારતી નથી. જરૂર પડે તો અનુસરે ખરી. દર્શક કહેતા કે સંસ્કાર વારસાગત હોતા નથી. બુદ્ધ ગયા એટલે બુદ્ધના સંસ્કાર પણ ગયા, તેમ ગાંધી ગયા એટલે ગાંધીના સંસ્કાર પણ ગયા. દરેક નવી પેઢીને નવેસરથી સંસ્કારી બનાવવી પડે છે. ગાંધીજી થઈ ગયા એટલે હવે આપણે કંઈ કરવાનું નથી તેમ નથી. દરેક નવી પેઢીને કેળવવાની છે અને તે કામ દરેક માબાપનું છે. અઘરું છે. તેને માટે માબાપે પહેલાં તો પોતાને કેળવવા પડે.

**☐ મહેન્દ્ર મેઘાણી**

## ગાંધી ઝડપથી ભૂલાઈ કેમ ગયા ?

એ એક વિચારમાં નાખી દે એવી વાત છે કે જો સ્વાતંત્ર્ય પહેલાંના/પૂર્વેના હિંદમાં ગાંધી ભારે પ્રભાવક રહ્યા, તો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના થોડાક જ સમયમાં એ એક એકાંકી અને હાંસિયામાં મૂકાયેલ વ્યક્તિ બની ગયા. એમના દેશવાસીઓ, જે એમને એક વાર ખૂબ સ્નેહાદર આપતા, એઓ હવે એમનાથી થાકવા લાગ્યા, અને કેટલાક તો એમનું મોત પણ ઇચ્છવા લાગ્યા. 'ભલે મરતો એ ગાંધી' ('Let Gandhi Die'), એ ગાંધીના છેલ્લા ઉપવાસ દરમ્યાન દિલ્હીમાં એક લોક-પ્રચલિત નારો હતો. અને ન્યાયમૂર્તિ ખોસલાને એમાં કોઈ સંશય નહોતો કે જો ગોડસેનો ખટલો જ્યુરી દ્વારા ચલાવવામાં આવ્યો હોત તો એ છૂટી જાત! ૧૯૪૭ પછી તરત જ ભારત વિકાસના એક એવે રસ્તે ચડ્યું જે અંગે ગાંધીની કોઈ સહાનુભૂતિ હતી નહીં. અને એમના જૂના સાથીઓએ એવી જીવન-શૈલી અપનાવી લીધી જે ગાંધીએ દીર્ઘ સમય સુધી પ્રબોધેલી અને પ્રયોગમાં મૂકેલી જીવન શૈલીની પૂરેપૂરી વિરોધી હતી. બેમાંથી એકેયે એ જન સમુદાયનો વિરોધ સહેવો પડ્યો નહીં જેણે લગભગ ત્રણ દાયકા જેટલા સમય માટે ગાંધીની સાદગીભરી અને સંયમશીલ જિન્દગીનો ભારે સ્નેહ-સમાદર કર્યો હતો. ગાંધીનાં વિદ્યાલયો અને આશ્રમો પણ આઘાં હડસેલાઈ દેવાયાં, અને ગરીબો માટેની એમની

ઉત્કટ ખેવના, ગ્રામવિકાસ માટેની એમની અપીલ, અને સમાજ સેવાનાં કામોની એમણે ભારે જહેમતથી પોષેલી પરમ્પરા, આ બધું કાં તો ત્યજી દેવામાં આવ્યું કે પછી પાણી-પાતળું કરી મૂકાયું. ગાંધીવાદી વાણી-વળોટ સુદ્ધાં (Gandhian language of discourse) એક એવી બોલી બની ગયો જેને એક નાનકડી લઘુમતી બોલતી હોય, ને એથી યે વધારે નાની લઘુમતી સમજતી હોય.

આ સઘળું સમજાવવું સહેલું નથી. બેશક, ગાંધીના વિચારો અમલમાં મૂકવા મુશ્કેલ બને એવા હતા અને એમના જીવન કાળ દરમ્યાન પણ એમનો પ્રતિરોધ થતો રહ્યો, અને સ્વતંત્ર ભારતની મસમોટી રાજકીય, આર્થિક અને સામાજિક સમસ્યાઓ અંગે કેવળ મર્યાદિત પ્રાસંગિકતા ધરાવતા હતા. પણ એટલું તો મનમાં લાગે કે ગાંધી-પ્રભાવ-વિઘટનની પ્રક્રિયા સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી થોડાક લાજ ન આવે તેટલા લાંબા સમયગાળા પછી શરૂ થઈ શકી હોત અને એ પ્રક્રિયાએ એક ટકા વિરોધનો સામનો કમ સે કમ થોડાક વર્ષો સુધી તો કરવો પડ્યો હોત, તો સહેજ ઠીક થયું હોત. એની જગ્યાએ હિંદ સ્વતંત્ર થયું તે જ દિવસથી એ પ્રક્રિયાએ જોર પકડવા માંડ્યું. જાણે દેશ એક દીર્ઘ ગાંધીવાદી દુસ્વપ્નમાંથી સફાળો જાગ્યો હોય અને પોતાના એ ભૂતકાળ સાથેનો સંબંધ તોડી નાખવામાં વિપળની યે વાર સહી શકતો ન હોય.

**[લૉર્ડ ભીખુ પારેખની 'અન્ડરસ્ટેડીંગ ગાંધી' પુસ્તકની પ્રસ્તાવનાનો અંશ. અનુ. સિતાંશુ યશશ્ચંદ્ર. 'ગમતાનો કરીએ ગુલાલ-૨૦૧૪'માંથી]**

## બાણપથારી

ન રે તારે પંડે, જગત! વિષ દેવા જવું પડે,
યથા ગ્રીસે પૂર્વે સુકૃત-કર પ્યાલી વિષ તણી
દીધી ને ઘેલુડી પ્રભુપ્રણયમાં પ્રાણ ધરતી
સુકંઠી મીરાંને દીધ વિષકટોરી નૃપતિએ;

ન એવું ગાંધીને, નિજ નજર તીણી ચલવીને
લિયે ગોતી એ તો વિષહૃદય પ્યાલા, વિષ ચૂસી
ભરી દે પાછા એ ઉરઅમૃત પૂરી નિજ તણાં.
ન એ થાકે જોઈ અનવરત આ પાપરમણા,
ડગો માંડે ધૈર્યે અડગ, અભયે, કૂંણપભર્યા
કરે સદવૃત્તિને મૃદુલ પસવારે;

ઘવાયું જ્યાં કિંચિત સત્, જખમ ગાંધી-ઉર થયો;
નિચોવાયું હૈયું, કહીં જરીય જો પ્રેમ દૂભવ્યો;
ગરીબીથી ભીંજી નિજ જીવન નિષ્કિંચન કર્યું;
ઊંચાનીચા ભેદે કમકમી લીધું દીન-પડખું.

શકે કો એકાકી હૃદય, સહ્યું એથી કંઈગણું.
પથારી જે ભીષ્મે સમર બીચ પૂર્વે રચી હતી
સદા ગાંધીને તે મરણ-શરશય્યા પર સૂવું!
અહો, મૃત્યુ એ તે! જીવનભર એ શે જીરવવું?!

✷ ✷ ✷

યુગે તારેયે જો જગત-ઉર-લાવા સળગતા
ઉરે પોતા કેરે હસી ઠલવતા સંતજન હો,
કવિ! તો રેડીને જીવન નિજ ગાજેઃ 'જગજનો!
રિબાવી સંતોનાં હૃદય, કુરબાનીની પછીથી
તમે ગાશો ગાથાઃ રમત ક્રૂર એવી શીદ રમો?
ન કાં પ્હેલેથી તો હૃદય પરખો સંતજનનાં?

**❑ ઉમાશંકર જોશી**

(ગાંધીગંગા-૧)

## ગાંધીજીની પ્રચંડ ઊર્જા જ તેમની અવગણનાનું કારણ હતી

૧૯૧૫માં મહાત્મા ગાંધી ભારતમાં આવ્યા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની સફળતા ભારતના લોકોથી અજાણી ન હતી. ભારતમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રે કામ કરી રહેલા જુદાં જુદાં જૂથો અને સંસ્થાઓ ગાંધીની શક્તિને પોતાની સાથે ભેળવવા સ્વાભાવિક રીતે જ ઉત્સુક હતા. પણ તેમનાં કાર્યોનું સ્વરૂપ સ્થાનિક અને પ્રમાણમાં સીમિત હતું જ્યારે ગાંધીજીની ઊર્જા પ્રચંડ હતી. આ ઊર્જાનો અનુભવ થતાં જેઓ ગાંધીજીને પોતાની સાથે લેવા આતુર હતા તેઓ એમ કહેવા લાગ્યા કે, 'ગાંધીજી શક્તિશાળી છે, પણ આપણા કામના નથી.' તેમની પરવા કર્યા વિના ગાંધીજીએ સામુદાયિક ચેતનાને જગાડી અને રાજકીય પ્રવૃત્તિઓને રાષ્ટ્રીય કક્ષાએ લઈ ગયા. તેમને નકારનારાં જૂથો અને સંસ્થાઓને હવે પ્રજાએ નકારવા માંડ્યા. પોતાનો ઘટતો અને ગાંધીજીનો વધતો પ્રભાવ જોઈ આ બધા તેમની સાથે જોડાયા તો ખરા, પણ પછી જ્યારે જ્યારે મોકો મળ્યો ત્યારે તેમના ઘવાયેલા અહમ્ અને દબાયેલા વિરોધે ફેણ માંડી. ગાંધીજીની આલોચના કરનારા મોટા ભાગના આ જૂથો અને સંસ્થાઓમાંના અસંતુષ્ટો હતા અને તેમની સંખ્યા નાની ન હતી. તેઓ દેશભરમાં ફેલાયેલા હતા અને રાજકીય ઉથલપાથલથી મૂંઝાયેલી પ્રજા ઘણે અંશે તેમનાથી દોરવાયેલી હતી તેમ ચોક્કસ કહી શકાય.

**❑ રમેશ ઓઝા**

# જલધર ! શુભ વિતરો સંદેશ

જલધર! શુભ વિતરો સંદેશ.
મુજને અતિ પ્રિય ભારતદેશ.
જા જલધર! તું ભારતભૂમિ શ્રીનિવાસ પદ ધન્યા!
આલિંગે છે જ્યાં સુરધુની કૃષ્ણામયી રવિકન્યા!
તુહિનાચલ રક્ષિત દેશ.
જલધર! દઈ દે સંદેશ.
જાજે જલધર! સૌરાષ્ટ્ર ભોમકા દ્વારાવતીપતિ પાદપુનીતા.
શ્યામઘનતનુ લોકમહેશ્વર શ્રી સોમનાથ નિવસિતા.
સુર પ્રભાવિત દેશ.
જલધર! દઈ દે સંદેશ.
જ્યાં હું જાયો, જ્યાં વીતાવ્યો સુરમ્ય ઉષ:કાળ!
પોરબંદર સુદામાનગરી કાઢજે તું ત્યાં ભાળ!
મમ નિહાળજે નિવેશ!
જલધર દઈ દે સંદેશ।
આસપાસ ઉછળે છે સિંધુ જાણે દીનજનોનો બંધુ!
અમૃતમથિતે સ્વાતંત્ર્યે કેણે ઘોળ્યાં હલાહલ બિંદુ?
બન્ધુસમૂહ અશેષ!
મત્પ્રિય ભારતદેશ!
કેમ છે મારી ભારતમાતા દિવસે દિવસે દીનસંજાતા?
શો છે તારો તાપ શી પીડા અનુભવે મનમાં શું વ્રીડા?
મૈયા! દૂર હો માનસકલેશ.
જલધર! નય સંદેશ.
આંતર બાહ્ય સંતપતું અંતર નિહાળી સહુ સંઘર્ષ.
આતંકિત અતિ દૈન્યર્ષિત શમાવ દ્વેષામર્ષ.
પયોધર! શમાવ! દ્વેષામર્ષ.
જયતુ જયતુ ભારતવર્ષ!
હિંદુ મુસ્લિમ શીખ ઈસાઈ વિનિર્મિતા બંધુતા!
એકસૂત્રતા રહો અખંડિત તુજ ભારત અસ્મિતા!
રઘુવર! આશા એ અવશેષ.
જલધર! નય સંદેશ!
અભિનવ અસુરોથી ભીતા સીતા હે રઘુનંદન! ભૂમિસુતા.
દુઃશાસન શાપિત જનતા જોને! પાંચાલી જેમ પીડિતા.
રક્ષ યદુવર! દેશ!
જલધર નય સંદેશ.
નયનન જલભરી અંતરજલના મન કેમે કંઈ પામત કલના.
નવલ બલે ઉદ્યત કરી જલધર! નવ ઉન્મેષમહીં આકર્ષ!
તવ રુચિર સંજીવન સ્પર્શ!
ઉજ્જવલ સેવો આદર્શ!
પ્રતિપદતીર્થભૂત શુભ કાયા પુણ્યતપોભૂમિ હો સુખદાતા!
સત્ય અહિંસા વિશ્વબંધુતા ત્રાતા અભયોદ્‌ગાતા!
વિવર્ધતુ સંનિવેશ!
જલધર નય સંદેશ।
ગામે ગામે ગેહે ગેહે
જલધર! જાજે ભારતવર્ષ.
નવચૈતન્યોલ્લાસ ભરી દઈ વરસાવી દે હર્ષ!!!
કિરપા વરસાવો નિ:શેષ!
શુભ વિતરો ગાંધી સંદેશ!
શુભ વિતરો ગાંધી સંદેશ! શુભ વિતરો ગાંધી સંદેશ!
મુજને અતિ પ્રિય ભારતદેશ!

□ **હેમાંગિની વસંત જાઈ**

લાડની વાડી, ૩જે માળે, ૩૨, વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. ૦૨૨-૨૨૪૨૩૯૫૫. મોબાઈલ : ૦૯૮૧૯૨૬૭૮૧૩.
મેઈલ : hemanginijai@gmail.com

## કોણ ટકાવી શકે છે ?

મૈસૂરની યુવક પરિષદમાં અમેરિકન મિશનરી મોટ આવ્યા હતા. ત્યાંથી પાછા ફરતાં તેઓ ગાંધીજીને મળવા (સાબરમતી) આશ્રમમાં આવ્યા. ગાંધીજી એમને માટે કેવળ દશ મિનિટ કાઢી શકે એમ હતું. દુનિયાના યુવકોના માનીતા રેવરંડ મોટ દશ મિનિટમાં ગાંધીજીને શું પૂછશે, એ કુતૂહલે હું પણ ત્યાં ગયો. ભૂખ્યા વરુની પેઠે એમણે એક પછી એક પ્રશ્નપરંપરા શરૂ કરી. ગાંધીજીએ એમને ટૂંકા ને ટચ જવાબ આપ્યા. બે પ્રશ્નોએ મારું ખૂબ ધ્યાન ખેંચ્યું.

'તમારા જીવનમાં એવી કઈ એક વસ્તુ છે કે જેના આનંદમાં તમે કટોકટીના સમયે પણ ટકી શકો છો?' રેવરંડ મોટે પૂછ્યું.

ગાંધીજીએ જવાબ આપ્યો: 'હિંદુસ્તાનની પ્રજાના સ્વભાવમાં અહિંસા રહેલી છે. આ એક શ્રદ્ધા મને ટકાવી રહેલી છે. આ શ્રદ્ધામાં વિશ્વાસ રાખીને મારી પ્રજા દ્વારા જગતને અદ્વિતીય એવી ક્રાંતિ કરી દેખાડવાની ઉમેદ હું રાખી શકું છું.'

રેવરંડ મોટે બીજો પ્રશ્ન પૂછ્યો: 'તમને વધારેમાં વધારે ચિંતાજનક અને દુ:ખદ કઈ વસ્તુ લાગે છે?'

'ભારતભરના ભણેલા લોકોની 'હાર્ડનેસ ઓફ હાર્ટ', બાપુજીએ જવાબ વાળ્યો. 'અંગ્રેજી કેળવણીની અસરને લીધે તેઓનાં હૃદય પાષાણ જેવાં બની ગયાં છે.'

□ **કાકા કાલેલકર**

## પ્રકાંડ વિદ્વત્તા, પ્રબળ ધર્મપ્રભાવકતા અને ગુજરાતની અસ્મિતાના જ્યોર્તિધર

# કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

ક્ષિતિજના ઓવારે પ્રગટેલા સહસ્રરશ્મિના તેજબિંબમાંથી ફૂટતાં કિરણો એકસાથે જન અને વન, માનવ અને મકાન–એમ સર્વને સર્વ દિશાઓથી અજવાળે છે તે જ રીતે કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના વિરાટ પ્રતિભાપુંજમાંથી પ્રગટતી તેજસરવાણીઓએ સમકાલીન પ્રજાજીવનના સર્વ અંગોને પ્રકાશિત કર્યા છે. ગુજરાતી ભાષાનું પ્રભાત કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યથી ઊઘડે છે. ગુજરાતની અસ્મિતાના એ પ્રથમ છડીદાર. ભારતભરના સારસ્વત દિગ્ગજોની પંક્તિમાં સ્થાન ધરાવે તેવો ગુજરાતી વિદ્વતતાનો અપ્રતિમ માનદંડ હેમચંદ્રાચાર્યથી સ્થપાય છે. સોલંકીયુગની વિદ્વત્તા, રાજસત્તા, લોકવ્યવહાર, જનજીવન, ભાષા, સાહિત્ય, સભ્યતા અને સંસ્કારિતા–આ બધાં જ ક્ષેત્રો એમની વિશાળ પ્રતિભાના તેજથી છવાઈ ગયાં હતાં. આથી સવાલ એ જાગે છે કે એમને જ્યોર્તિધર કહેવા કે યુગપ્રવર્તક ગણવા? મહાસમર્થ સારસ્વત કહેવા કે જીવનકલાધર કહેવા? સમન્વયદૃષ્ટિ ધરાવતા મહાન આચાર્ય સારસ્વત કહેવા કે જીવનકલાધર કહેવા? સમન્વયદૃષ્ટિ ધરાવતા મહાન આચાર્ય ગણવા કે પછી ગુજરાતી પ્રજાની સૂતેલી અસ્મિતાને જગાડનારા લોકનાયક કહેવા.

ભારતીય વિદ્યાના સમર્થ અભ્યાસી ડૉ. પિટર્સને એમના જીવનકાર્ય વિશે આશ્ચર્ય વક્ત કરતાં હેમચંદ્રાચાર્યને જ્ઞાનનો મહાસાગર (Ocean of Knowledge) કહ્યા હતા. પં. બેચરદાસ દોશી એમના અગાધ પાંડિત્યપૂર્ણ વ્યક્તિત્વને 'જીવંત શબ્દકોશ' કહીને અંજલિ આપે છે. તો મુનિ પુણ્યવિજયજી એમની

**શ્રી ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત**

**વિરાટ વિભૂતિના ભવ્ય જીવનની જ્ઞાનસભર, ચિંતનયુક્ત, પ્રેરક શૈલીમાં**

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા**

**।। શ્રી હેમચંદ્રાચાર્ય કથા ।।**

**।। પ્રથમ દિવસ — ૨૯–૩–૨૦૧૫, રવિવાર, સવારે ૧૦–૦૦ વાગે ।।**

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો સમયસંદર્ભ, માતા પાહિણીને આવેલું અદ્ભુત ચિંતામણિ રત્નનું સ્વપ્ન અને સ્વપ્નફળનું કથન, બાલ્યાવસ્થા, માતૃવાત્સલ્ય, માતા-પુત્રે લીધી દીક્ષા, 'હેમચંદ્રસૂરિ' નામાભિધાન, રાજા સિદ્ધરાજ સાથે મેળાપ, 'સિદ્ધહેમ-શબ્દાનુશાસન' વ્યાકરણ ગ્રંથનો રચના-પુરુષાર્થ, ગ્રંથની શોભાયાત્રાની અજોડ ઘટના.

**।। બીજો દિવસ — ૩૦–૩–૨૦૧૫, સોમવાર, સાંજે ૬–૦૦ વાગે ।।**

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને સમ્રાટ કુમારપાળનો મેળાપ, મહામંત્રી ઉદયન, કુમારપાળના રાજ્યોરોહણનો પ્રસંગ, લોકજીવનના પ્રહરી, પ્રજાને આપી સુવર્ણસિદ્ધિ, અમારિ ઘોષણા, નૈતિક આદર્શોની પ્રતિષ્ઠા, પ્રજામાં સરસ્વતી અને શૌર્યની ઉપાસના માટેના પ્રયત્નો, ધર્મનિષ્ઠ માતાને અર્પણ, મહાન પુત્ર, મહાન માતા-

**।। ત્રીજો દિવસ — ૩૦–૩–૨૦૧૫, મંગળવાર, સાંજે ૬–૦૦ વાગે ।।**

ગુજરાતમાં 'હૈમયુગ', વિપુલ અક્ષરજીવન, બહુમુખી પ્રતિભા, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને દેશ્ય વાઙ્મયના ગ્રંથપ્રણેતા, 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ, ગુજરાતનો સુવર્ણયુગ, સાહિત્ય અને ઇતિહાસ, શાસ્ત્ર અને કળા, વ્યાકરણ અને તર્ક, કવિતા અને કોશ, પુરાણ અને યોગ જેવા વિષયો પર ગ્રંથરચના, ગુજરાતી ભાષાનો પ્રારંભ, સિદ્ધહેમના અપભ્રંશ દુહાઓ, ધર્મ અને વ્યવહાર, સાધુતા અને સરલતા, રાજા અને પ્રજા એમ વિવિધ સ્તરે સહજ સમન્વય સાધી આપનાર સંસ્કારશિલ્પી, ભવિષ્યદર્શન, શિષ્યવર્તુળ, સોલંકીયુગના પ્રજાજીવનના સર્વક્ષેત્રોને પ્રકાશિત કરનાર સમર્થ સાહિત્યપુરુષ, યુગપુરુષને શબ્દાંજલિ

**સ્થળ : ભારતીય વિદ્યાભવન,ચોપાટી, મુંબઈ**


*સ્વાર્થને પરમાર્થ માનવો એ શિયાળને સિંહ માનવા જેવું છે.*

સર્વધર્મસમભાવ અને અનેકાંત દૃષ્ટિને જોઈને તેમને 'સ્યાદ્‌વાદવિજ્ઞાનમૂર્તિ' તરીકે ઓળખાવે છે. કનૈયાલાલ મુનશી અને ધૂમકેતુ જેવા ગુજરાતના પ્રથમ પંક્તિના સર્જકોએ પણ એમની સાહિત્યોપાસનાને ભવ્ય અંજલિ અર્પી છે.

શ્રી કનૈયાલાલ મુનશી હેમચંદ્રાચાર્યની 'ગુજરાતના સાહિત્યસ્વામીઓના શિરોમણિ અને ગુજરાતની અસ્મિતાનો પાયો નાખનાર જ્યોતિર્ધર' તરીકે ઓળખ આપે છે. જ્યારે હેમચંદ્રાર્યના ચરિત્રકાર શ્રી ધૂમકેતુ એમને 'હરકોઈ જમાનાના મહાપુરુષ' તરીકે આદર આપે છે. કેટલાકે હેમચંદ્રાચાર્યને સિદ્ધહેમ, દિવાકર અને આર્ય સુહસ્તિના અનુગામી તરીકે જોયા છે, તો કોઈએ એમની સાહિત્યસેવાને અનુલક્ષીને બીજા પતંજલિ, પાણિની, મમ્મટ, પિંગલાચાર્ય, ભટ્ટિ કે અમરસિંહ કોશકાર તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કર્યો છે.

જુદા જુદા ક્ષેત્રની એમની સિદ્ધિને માટે એમણે જુદાં જુદાં વિશેષણો પ્રયોજ્યાં છે. છેવટે 'કલિકાળસર્વજ્ઞ' કહીને આ એક વિશેષણમાં બધાં વિશેષણોનો સમાવેશ કરવામાં આવ્યો. જોકે દીવાન બહાદુર કૃષ્ણલાલ મો. ઝવેરી તો કહે છે કે કળિકાળસર્વજ્ઞ કરતાં પણ વધુ ઉચ્ચતા દર્શાવતું વિશેષણ વાપરો તોપણ તેમાં સહેજે અતિશયોક્તિ કહેવાશે નહિ.

ગુજરાતના સંસ્કારજીવન પર નજર કરીએ તો સાહિત્ય, સમાજ, દેશ, સંસ્કાર કે સાધુતાના ક્ષેત્રમાં વ્યાપી જતી એમની તોલે આવે તેવી, બીજી કોઈ વિભૂતિ જોવા મળતી નથી. સાંપ્રદાયિકતાની સંકીર્ણ દીવાલોને ઓળંગીને તેઓ પોતાના સંયમ, સાહિત્ય અને સાધુતાના બળે ગુજરાતના સંસ્કારસ્વામી, પરમ સારસ્વત અને સન્માનનીય રાજગુરુ તરીકે મોખરે રહ્યા. એમણે જીવનધર્મ ઉપરાંત લોકધર્મ, રાજધર્મ અને યુદ્ધધર્મની રાજા અને પ્રજાને યોગ્ય સમજ આપી. નિર્લેપ સાધુતા હોવા છતાં તેઓ વ્યવહારદક્ષ રહ્યા હતા. વસ્તુતઃ તેઓ વ્યવહારદક્ષ વિદ્વદ્વર્ય હતા.

એમની વિદ્વતા માત્ર પોથીપુરાણમાં બદ્ધ નહોતી. તેનાથી એમણે પ્રજાકીય અસ્મિતાનો ઉત્કર્ષ સાધ્યો હતો. કોઈ પદ કે મોભાની પરવા કર્યા વગર ગુર્જર સંસ્કૃતિના પાયામાં શ્રી અને સરસ્વતીની સ્થાપના કરી બતાવવા મથતો અક્ષરપુરુષાર્થ તેમણે જિંદગીભર અવિરત સાધ્યો હતો.

ગુર્જર દેશના રાજા અને પ્રજા ઉભયના સંસ્કારનિર્માતા, નિઃસ્પૃહી સાધુ, સમયધર્મી કુશળ રાજનીતિજ્ઞ અને ગહન અધ્યાત્મયોગના ઊર્ધ્વગામી યાત્રિક પણ હતા. પ્રશ્ન એ થાય કે કયે સમયે એમણે જીવનમાં કયું કાર્ય કર્યું હશે ? સાધુતાના આચારો સાચવીને કઈ રીતે જાહેરજીવનની આટલી બધી પ્રેરક પ્રવૃત્તિ કરી હશે ? અશોકના શિલાલેખમાં કોતરાયેલ અહિંસાની ભાવનાનો છોડ એમણે કઈ રીતે ગૂર્જરભૂમિમાં વાવીને ઉગાડ્યો હશે ?

આટલાં વિભિન્ન ક્ષેત્રોમાં સાતેક દાયકા જેટલા દીર્ઘકાળ સુધી એમના જેવું ભગીરથ અને ચિરંજીવ કાર્ય કરનાર અન્ય કોઈ વિભૂતિ મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસમાં મળવી મુશ્કેલ છે. બહુમુખી પ્રતિભાવાળા તેમના આ વિરાટ વ્યક્તિત્વને કારણે ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના આ સુવર્ણયુગને 'હેમયુગ' ગણવામાં આવે છે. ગુર્જર સંસ્કૃતિના બે મુખ્ય પાયા અહિંસા અને અનેકાંત-સિદ્ધાંતને હેમચંદ્રાચાર્ય દૃઢમૂળ કરી આપે છે. અર્વાચીન કાળમાં ગાંધીજીએ તેનો જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રયોગ કરી બતાવ્યો તે જોતાં હેમચંદ્રાચાર્યના જીવનકાર્યનું સાતત્ય ગાંધીજીમાં દેખાય.

હેમચંદ્રાચાર્યના સાહિત્યમાંનું વિષયવૈવિધ્ય આશ્ચર્યકારક લાગે છે. કાવ્ય, ન્યાય, કોશ, યોગ, છંદ, અલંકાર, ઇતિહાસ, પુરાણ અને વ્યાકરણ–એમ અનેક વિષયો પર એમણે શાસ્ત્રીય પાંડિત્યપૂર્ણ ગ્રંથોની રચના કરી છે. આ ગ્રંથોમાંથી એ પણ ખ્યાલ આવે છે કે તેઓ મંત્ર, તંત્ર, શિલ્પ, વૈદક, યંત્ર, જ્યોતિષ, યુદ્ધશાસ્ત્ર, વનસ્પતિવિદ્યા, સામુદ્રિક-શાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, રત્નવિદ્યા વગેરે વિદ્યાઓના પણ જ્ઞાતા હતા.

એમનું સમગ્ર લેખનકાર્ય જોતાં એમ લાગે છે કે ગહન ચિંતનશીલતા, અપ્રતિમ સર્જકતા અને મર્મગામી ભાવયિત્રી પ્રતિભા વિના આટલું વિપુલ અને સત્ત્વશીલ સાહિત્ય એક વ્યક્તિના જીવનકાળ દરમિયાન સર્જાવું લગભગ અશક્ય છે. વિદ્યાભ્યાસ, વિચારોની વિશદતા જાળવીને વિષયની સચોટ અને સાંગોપાંગ ચર્ચા થાય તેવી ઓજસ્વી આલેખનરીતિનું આયોજન એમણે કરેલી ગ્રંથરચનામાં સામાન્યતયા જોવા મળે છે.

સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત, અપભ્રંશ અને દેશ્ય ભાષાના વાવિહાર કરેલો છે. એમનું પ્રાકૃત વ્યાકરણ તો સમગ્ર ભારતીય વાઙ્‌મયમાં એ વિષયના અપૂર્વ અને અનન્ય ગ્રંથ તરીકે આદર પામ્યું છે. તેમણે એમાં બધા પ્રકારની પ્રાકૃતને લગતું વ્યાકરણ આપ્યું. તેમણે સ્વરચિત કૃતિઓ પર વિસ્તૃત સ્વોપજ્ઞ ટીકા લખી છે. લુપ્ત થયેલા સાહિત્યમાંથી અનેક અવતરણો ટાંકીને એમણે લોકસાહિત્યની હૃદયસ્પર્શિતાનો સર્વપ્રથમ સંકેત આપ્યો.

અનુગામીઓને માટે ગહન વિષયને સુગમ રીતે આયોજનબદ્ધ પદ્ધતિએ આલેખવાનો આદર્શ તેમણે પૂરો પાડ્યો એમ કહી શકાય. તેમની આ ખાસિયત વિશદ ભાષા, પ્રાસાદિક શૈલી અને સર્વગ્રાહી પરિચય આપતા મીમાંસાગ્રંથોમાં ખાસ ધ્યાન ખેંચે છે. 'સિદ્ધહેમ-શબ્દાનુશાસન', 'દ્વયાશ્રય' મહાકાવ્ય કે 'ત્રિષષ્ટિ-શલાકપુરુષચરિત' જેવા વિશાળકાય ગ્રંથો તો એમના પ્રતિભાસ્તંભ જેવા છે, પણ 'અન્યયોગવ્યવચ્છદ્વાત્રિંશિકા' જેવા બત્રીસ શ્લોકના નાના સ્તુતિકાવ્યમાં પણ એમની પ્રતિભાના સ્ફુલ્લિંગોનો સ્પર્શ થયા વિના

રહેતો નથી.

ગુજરાતની લૂખીસૂકી ભૂમિ પર હેમચંદ્રાચાર્યે આમ સરસ્વતીનો ધોધ વહેવડાવ્યો અને ભવિષ્યમાં ઊઘડનારી ગુજરાતી ભાષાના બીજને તત્કાલીન બોલતી ભાષાના જલસિંચન સાથે જ્ઞાન, વિદ્વત્તા, શાસ્ત્રીયતાનો પુટ ચડાવ્યો એ મોટા સદ્‌ભાગ્યની વાત છે. મૈત્રકવંશનો રાજા ગુહસેન સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ–એમ ત્રણેય ભાષામાં રચના કરતો હતો તેવા ઉલ્લેખો સાંપડે છે. હેમચંદ્રાચાર્યના આ ત્રણે ભાષામાં રચાયેલા ગ્રંથો તો મળે છે, પણ, એથીયે વિશેષ તેમણે આ ત્રણેય ભાષાના કોશ અને વ્યાકરણ રચીને અનન્ય અભ્યાસસાધન સુલભ કરી આપ્યું. આને પરિણામે જૈનેતર વિદ્વાનોમાં પણ હેમચંદ્રાચાર્યની કૃતિઓ આદર પામી. છંદશાસ્ત્રના ટીકાકાર હલાયુધ જેવા તો હેમચંદ્રાચાર્યની કૃતિઓના સીધેસીધા ગ્રંથસંદર્ભો જ ટાંકે છે.

સિદ્ધરાજનું શૌર્ય અને કુમારપાળની સંસ્કારપ્રિયતા હેમચંદ્રાચાર્યની સાધુતાની જ્યોતથી વધુ પ્રકાશિત બની. હેમચંદ્રાચાર્ય વિના સોલંકીયુગના સુવર્ણકાળના સીમાડા માત્ર પ્રજાની ભૌતિક સિદ્ધિ-સમૃદ્ધિ સુધી જ સીમિત રહેત. જ્ઞાન અને સંસ્કારના સમન્વયરૂપ શીલ વિકસ્યું હોત કે કેમ એ પ્રશ્ન છે. વિદ્યાનું તેજ રાજાઓની આંખમાં આંજીને પ્રજાજીવનના સર્વ ક્ષેત્રોને એ તેજથી પ્રકાશિત કરનાર સમર્થ સંસ્કૃતિપુરુષ તે હેમચંદ્રાચાર્ય. સાહિત્ય અને ઇતિહાસ, શાસ્ત્ર અને કળા, વ્યાકરણ અને તર્ક, ધર્મ અને વ્યવહાર, સાધુતા અને સરસતા તથા રાજા અને પ્રજા એમ વિભિન્ન સ્તરે સહજ સમન્વય સાધી બતાવનાર સંસ્કારશિલ્પી એટલે હેમચંદ્રાચાર્ય. આથી જ કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના ચરિત્રના લેખક અને ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ નવલકથાકાર 'ધૂમકેતુ' કહે છે-

'હેમચંદ્રાચાર્ય વિના ગુજરાતી ભાષાનો જન્મ કલ્પી શકાતો નથી; એમના વિના વર્ષો સુધી ગુજરાતને જાગ્રત રાખનારી સંસ્કારિતા કલ્પી શકાતી નથી; અને એમના વિના ગુજરાતી પ્રજાના ખાસ લક્ષણો- સમન્વય, વિવેક, અહિંસા, પ્રેમ, શુદ્ધ સદાચાર અને પ્રામાણિક વ્યવહારપ્રમાલિકા–કલ્પી શકાતાં નથી. હેમચંદ્રાચાર્ય માનવ તરીકે મહાન હતા; સાધુ તરીકે વધારે મહાન હતા; પણ સંસ્કારદ્રષ્ટા તરીકે તો એ સૌથી વધારે મહાન હતા. એમણે જે સંસ્કાર રેડ્યા, એમણે જે ભાષા આપી, એમણે લોકોને જે રીતે બોલતા કર્યા, એમણે જે સાહિત્ય આપ્યું–એ સઘળું આજના ગુજરાતની નસમાં હજી વહી રહ્યું છે!'

## વિશ્વ મંગલમ્ અનેરાને આર્થિક સહાય રૂા. ૨૮૭૩૯૮૩+૫૦૦૦૦૦+૨૦૦૦૦૦=૩૫૭૩૯૮૩નો

# ચેક અર્પણ કરવા યોજાયેલ સમારોહનો અહેવાલ

પર્યુષણ પર્વ દરમિયાન આર્થિક સહાય માટે ગુજરાતની શૈક્ષણિક સંસ્થા વિશ્વ મંગલમ્-અનેરાને અનુદાનની રકમ અર્પણ કરવા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ૧૪ સભ્યો તા. ૩૧-૧-૨૦૧૫ના એ સ્થાને ગયા.

તા. ૩૧-૧-૨૦૧૫ના સાંજે સર્વે ૧૪ સભ્યો અનેરાના મંગલમય વાતાવરણમાં પ્રવેશ્યા. સંસ્થાના સર્જક ઋષિ-દંપતી ગોવિંદભાઈ રાવળ અને સુમતિબહેને સર્વેનું અંતરના ભાવથી સ્વાગત કર્યું. તે જ રાત્રે સંસ્થાની વિદ્યાર્થિનીઓએ ભાવગીતનો મંગળમય કાર્યક્રમ પ્રસ્તુત કર્યો.

બીજે દિવસે એટલે તા. ૧-૨-૨૦૧૫ના સવારે દસ વાગે એક ભવ્ય સમારંભનું, ચેક અર્પણ માટે, આયોજન થયું.

અત્રે પ્રસ્તુત છે કાર્યક્રમની પવિત્ર ઝલકઃ

વિશ્વમંગલમ્ અનેરા ખાતે મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે આર્થિક સહયોગ અર્પણ સમારંભનું આયોજન તા. ૧-૨-૨૦૧૫ના રોજ સંપન્ન થયું.

આ કાર્યક્રમના શુભારંભે સંસ્થા વડા અને સૌના પ્રેરણામૂર્તિ એવા વંદનીય પૂ. સુમતિબહેનશ્રીએ સાજ, વાજ અને અવાજના સુભગ સમન્વયથી સમગ્ર વૃંદાગાન ટૂકડી સાથે પ્રાર્થના અને ગીત- 'મેરે સ્વરમેં ભર દો જાન..' થી સમગ્ર વાતાવરણને જીવંત બનાવ્યું. સંસ્થાના સર્જક અને પ્રેરક એવા વંદનીય ભાઈશ્રી ગોવિંદભાઈએ સર્વ આમંત્રિત મહાનુભાવોનો પરિચય આપી સ્વાગત કર્યું અને જણાવ્યું કે આજે અનેરાના આંગણે સુવર્ણ અવસર ઉપસ્થિત થયો છે. આજે અમારે ત્યાં જૈન યુવક સંઘના મહેમાનો ખાસ આર્થિક સહયોગ આપવા આવ્યા છે. વિશ્વ મંગલમ્ પરિવાર વતી સૌનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું.

સંસ્થાના પ્રમુખશ્રી મનુભાઈ પટેલની નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત ન રહી શકતા તેમણે પ્રેમભર્યો પત્ર પાઠવ્યો હતો જેનું વાંચન સંસ્થાના ઉપપ્રમુખ શ્રી રમણભાઈએ કર્યું અને સાથે સાથે સૌને આવકાર્યા.

સંસ્થાની વિદ્યાર્થિની બહેનોએ સૂતરની આંટી અને ગૂલછડી આપીને મહેમાનોનું ભાવસભર સ્વાગત કર્યું. સૌ મહાનુભાવોની ઉપસ્થિતિમાં દરેક મહાનુભાવના શુભ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો.

જૈન યુવક સંઘના સભ્યોનો પરિચય સંઘના ઉપપ્રમુખ શ્રી



દયાની અપેક્ષા રાખે તે અહિંસા ખોટી.

નિતીનભાઈ સોનાવાલાએ આપ્યો.

સમારંભ પ્રમુખ શ્રી ડૉ. શ્રી ધનવંતભાઈ શાહના હસ્તે પૂ. ભાઈ અને બહેનને આર્થિક સહયોગ પેટે વિશ્વ મંગલમ્ અનેરા-વૃંદાવનના શૈક્ષણિક વિકાસ અર્થે રૂા. ૨૮,૭૩,૯૮૩/- લાખની માતબર રકમનો ચેક ગુજરાત વિદ્યાપીઠના કુલ નાયક ડૉ. અનામિક શાહના હસ્તે વિશ્વ મંગલમ્ સંસ્થાને અર્પણ કરાયો. ઉપરાંત એ જ સમયે દાતા પીયૂષભાઈ કોઠારીએ બીજા પાંચ લાખના દાનની જાહેરાત કરી. આ પાંચ લાખ વિદ્યાર્થીઓના પ્રવાસ માટે વાપરવા વિનંતિ કરી. અને યુવક સંઘના સભ્ય દાતા શ્રી બિપિનચંદ્ર જૈને પોતાના તરફથી વધુ બે લાખ અર્પણ કરવાની ભાવના મોકલી. આમ દાનની રકમ રૂા.૩૫,૭૩,૯૮૩/- થઈ. આ સમયે સમગ્ર માહોલ, સૌ ગ્રામજનો, કારોબારી સભ્યો, કાર્યકર્તાગણ વિગેરે અને સમગ્ર પરિસર એકદમ ભાવવિભોર બની ગયું.

જૈન યુવક સંઘના સભ્ય અને દાતા શ્રી પીયૂષભાઈએ સંસ્થાની કદર કરી કાર્યક્રમમાં પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને સા. કાં. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી શાંતાબહેને પોતાના વિદ્યાર્થી જીવનના સંસ્મરણો વાગોળ્યા. ભૂતપૂર્વ વિદ્યાર્થી અને નિવૃત્ત આચાર્ય મોહનભાઈ પટેલે પણ અનેરાનો તેમના જીવન ઘડતરમાં ફાળો અને સમાજ ઉપર અનેરાની થયેલી આર્થિક, સામાજિક અસરોની ઝાંખી કરાવી.

ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને મદ્રેસા પ્રા. શાળાની આચાર્યાશ્રી યાસ્મીનબાનુએ લાગણીસભર અને પ્રેમપૂર્વક પૂ. ભાઈ-બહેનોની કાર્યનીતિનો પરિચય કરાવ્યો.

સંસ્થાના ભૂતપૂર્વ કાર્યકર શ્રી રામભાઈએ કહ્યું કે હું આજે જે કાંઈ છું તે વિશ્વ મંગલમ્ અનેરાને પ્રતાપે છું. તેમણે પૂ. ભાઈ-બહેનનો જીવનભર ઋણી રહીને અનેરાનો ઋણાનુભાવ વ્યક્ત કરવાની વાત કરી.

સાબરકાંઠા જિલ્લાના કેળવણીકાર અને લેખક ભાઈશ્રી કેશુભાઈ દેસાઈએ સંસ્થાના જનક-જનેતા, શીવ-પાર્વતી જેવા ભાઈશ્રી ગોવિંદભાઈ અને સુમતિબેનની જીવન ઘડતરની કાર્યશૈલીને વખાણીને અનેરાની અનેરાઈને સાચા અર્થમાં બિરદાવી. સંગીતવૃંદે 'અમે પ્રેમનગરના વાસી...' ગીતથી સમગ્ર વાતાવરણને પ્રેમમય બનાવી દીધું.

જૈન યુવક સંઘમાંથી પધારેલ શ્રી કાકુભાઈએ મેંગોગર્લ અને શ્રમદાનની વાતો કરી કહ્યું કે સંસ્થાની સાદાઈ સાથે સૌંદર્ય જોવા મળ્યું. સંસ્કૃતિનું અવગાહન થઈ રહ્યું છે તે સમયે અનેરાના સંસ્કારો યથાવત્ જોવા મળે છે અને વિશ્વ મંગલમ્ સાચા અર્થમાં ઉત્તમ કેળવણીનું કામ કરે છે તેમ જણાવ્યું.

સાબરકાંઠા જિલ્લાના એડીશનલ કલેક્ટરશ્રીએ જણાવ્યું કે સંસ્થાનું આકસ્મિક દર્શન કરતાં હું સમગ્ર વાતાવરણથી ખૂબ પ્રભાવિત થયો છું. તેમણે જીવનમાં કેળવણીનું મહત્ત્વ સમજાવ્યું અને અનેરા ગુજરાતની ખ્યાતનામ સંસ્થા છે તે રીતે કદર કરી.

ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી અનામિકભાઈ શાહે પોતે રસાયણશાસ્ત્રના પ્રોફેસર હોવા છતાં બાળપણના શિક્ષણના પ્રસંગો પરથી આવી બુનિયાદી વિચારોને વરેલી સંસ્થાઓ પુસ્તકીયા જ્ઞાનને બદલે જીવનલક્ષી પાથેય પૂરું પાડે છે તેમ જણાવી વિદ્યાપીઠ અને અનેરાની ભ્રષ્ટાચારના સમાયમાં પણ નીતિમત્તાની કામગીરીની પ્રશંસા કરી.

સમારંભ પ્રમુખશ્રી ડૉ. ધનવંતભાઈ શાહ સંસ્થા ભાવાવરણથી ખૂબ પ્રભાવિત થયા અને જણાવ્યું કે હું અનેરામાં પ્રવેશ્યો ત્યારથી જ પ્રેમના વર્તુળ મળતા રહે છે. 'પરમ પ્રેમ પરબ્રમ...' નાનાલાલની ઉક્તિ ગાઈ સંસ્થાના ગુણગાન ગાયા. સંસ્થાના વડા ગોવિંદભાઈની અંદર ગાંધી અને વિનોબાના સંસ્કારોના દર્શન થાય છે તેમ જણાવ્યું. સંસ્થાનો માહોલ શાંતિ નિકેતન જેવો લાગ્યો. ગુજરાતમાં ગણ્યા–ગાંઠ્યા કાર્યકરો જ નવી તાલીમના મૂલ્યોને સાચા અર્થમાં ચરિતાર્થ કરે છે.

અંતમાં, સંસ્થાના મંત્રીશ્રી સુમતિબહેને સૌનો આભાર વ્યક્ત કર્યો અને મેળવેલ આર્થિક સહયોગનો સાચા માર્ગે ઉપયોગ થાય એની ખાત્રી આપી અને અમારી સૌની જવાબદારી ખૂબ વધી જાય છે તેમ જણાવી સમાજમાં થતા પ્રસંગોના ખોટા ઠઠારાને ઓછા કરી સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપવા સૌને જણાવ્યું.

છેલ્લે-અનેરાના સૌએ સમૂહમાં' અમારી સંગમની દુનિયા...' ગીત ગાઈને કાર્યક્રમનું સમાપન કર્યું.

કાર્યક્રમના સમાપન પછી સૌ મહેમાનો, કાર્યકર્તા અને વિદ્યાર્થીઓ સમૂહ ભોજનનો આસ્વાદ માણી છૂટા પડ્યા દરેકના ચિત્ત ઉપર આ કાર્યક્રમની જુદી જ અસર વર્તાઈ.

સત્ય-પ્રેમ-કરૂણા.

✱ ✱ ✱

## અવસર

**જીવનસંધ્યાએ જન-પ્રદાન શિબિરો**
**ગુજરાત વિદ્યાપીઠ પર ગાંધી-ગીતો, આનંદઘનસ્તવન પદો**
**અને ધ્યાન સંગીત તાલીમ શિબિર:**

**પ્રા. પ્રતાપકુમાર ટોલિયા, સુમિત્રા ટોલિયા દ્વારા**
**શનિ ૨૧ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધી.**
**કેવળ સુમધુર કંઠો માટે જ.**

**વિગતો અને નામાંકન (રજિસ્ટ્રેશન)** : ગુ.વિ. સંગીતાચાર્ય શ્રી નરેન્દ્રભાઈ મહર્ષિ (૦૯૮૨૫૩૮૯૦૫૮) અથવા ટોલિયા દંપતી, બેંગલોર (૦૯૬૧૧૨૩૧૫૮૦, ૦૯૮૪૫૦૦૬૫૪૨.)

અન્યત્ર પૂર્વાયોજનો માટે પણ આયોજક મિત્રો–સંસ્થાઓનું સ્વાગત છે.



હૃદયના સિંહાસન પર ઈશ્વર પણ બેસે ને શેતાન પણ-એવું ન થઈ શકે.





# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

# ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

આ વ્યાખ્યાનમાળાના બધાં વ્યાખ્યાનો અને ભક્તિ સંગીત આપ સંસ્થાની વેબ સાઈટ ઉપર સાંભળી શકશો.
●Website : www.mumbai_jainyuvaksangh.com ●email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

## (તા. ૨૨ ઑગસ્ટ ૨૦૧૪થી તા. ૨૯ ઑગસ્ટ ૨૦૧૪)

**(ડિસેમ્બર ૨૦૧૪ના અંકથી આગળ)**

### વ્યાખ્યાન-દસ : ૨૯ ઑગસ્ટ

### વિષય : નિયમસાર

### જૈન એકમાત્ર એવો ધર્મ છે કે જે કહે છે કે બધા ભગવાન છો અને તમે ભગવાન થઈ શકો છો.

*[ડૉ. પ્રિયદર્શના જૈન છેલ્લા ૩૦ વર્ષથી જૈન ધર્મ વિશે ભણાવે છે. હાલ તેઓ મદ્રાસ યુનિવર્સિટીમાં રિસર્ચ ફાઉન્ડેશન ફોર જૈનોલોજી અને પ્રાકૃત સ્ટડીસના કૉર્સના સંયોજક છે. તેમણે જૈનોલોજીના વિષય સાથે એમ.એ., એમ.ફીલ. અને પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. તેઓ જૈન સાધુ-સાધ્વીઓને પ્રાકૃત ભાષા ભણાવે છે. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત જેવા મૂલ્યોના પ્રસાર માટે કામ કરે છે. જીવનના સારભૂત તત્ત્વો મેળવીને આત્માને પરમાત્મા બનાવવો તે નિયમસાર. ]*

ડૉ. પ્રિયદર્શના જૈને 'નિયમસાર' વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે કુંદકુંદ આચાર્યએ નિયમસારની રચના કરી છે. તે શૌર્યસેની પ્રાકૃતમાં લખાયો છે. તેની ૧૮૭ ગાથા અને બાર ચેપ્ટર (પ્રકરણ) છે. તે બાર અધિકાર કે પ્રકરણના નામ, જીવ, અજીવ, શુદ્ધભાવ, વ્યવહારચરિત્ર, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચન, પ્રાયશ્ચિત્ત, પરમસમાધિ, પરમભક્તિ, નિશ્ચયઆવશ્યક અને શુદ્ધ ઉપયોગ છે. નિયમસાર ગ્રંથ સ્યાદ્વાદ શૈલીમાં લખાયો છે.

સૂર્ય નિયમ અનુસાર ઉગે અને અસ્ત થાય છે. શરીરના પ્રત્યેક કોષ નિયમ મુજબ જ કામ કરે છે. પરમાત્માને બહાર શોધવાથી નહીં મળે. તેને આત્મામાં શોધવો જોઈએ. કુદરત પણ નિયમથી ચાલે છે. જૈન ધર્મ માને છે કે ઈશ્વર કર્તા નથી. આત્મા અને મોક્ષ માટે પણ નિયમ છે. આત્મા સ્વ-તંત્રથી સંચાલિત છે. તે સ્વતંત્રમાં આવે ત્યારે તે મોક્ષ છે. સ્વ આવે નહીં અને પરમાં રહે તો તે સંસાર દશા છે. જીવ અધિકારમાં કહેવાયું છે કે જીવની ચાર ગતિ નથી તેથી કોઈ જીવ કાયમી રીતે કોઈ ગતિમાં રહેતો નથી. તે કર્મ અનુસાર ગતિમાં ભ્રમણ કરે છે. આપણો આત્મા શુદ્ધ સોના જેવો છે. સોનાની ચેન કિચડમાં પડી હોય તો તમે તેને અશુદ્ધ કહેશો ? સોનાની ચેન અશુદ્ધિથી વિંટાયેલી છે તે રીતે આત્મા નર્ક, નિગોદ કે મોક્ષમાં હોય પણ તે સો ટચના સોના જેવો છે. મોક્ષ માર્ગની શરૂઆત રીઅલાઈઝેશન સાથે શરૂ થાય છે અને તે એનલાઈટનમેન્ટ અથવા સેલ્ફએબ્સોર્પશન સાથે પૂર્ણ થાય છે. સિદ્ધ ભગવાનના દર્શન કેવી રીતે કરવા ? બાળક માતાને ચંદામામા દેખાડવાનું કહે છે ત્યારે માતા આકાશમાં ચંદામામા તરફ આંગળી કરે છે. બાળક આંગળી તરફ દૃષ્ટિ કરે છે. આંગળી જે તરફ જોવાનું કહે છે ત્યાં આપણે જોતા નથી. દેવ, ધર્મ, ગુરુ અને શાસ્ત્ર એક દિશા તરફ એટલે કે આપણા શુદ્ધ આત્મા તરફ આંગળી દેખાડે છે. પરંતુ આપણે તે તરફ એટલે કે આત્મા તરફ જોતા નથી. જૈન ધર્મ એક જ એવો ધર્મ છે જે કહે છે કે બધા ભગવાન છો અને બધા ભગવાન થઈ શકો છો. મારા દાદા મારા નામે એક કરોડ સ્વર્ણમુદ્રા કરીને ગયા છે. પણ મને તેની જાણકારી કે જ્ઞાન નથી. તેથી હું કરોડપતિ કહેવાઉં ? હા અને ના બંને જવાબ હોઈ શકે. તે રીતે આપણે ભગવાન છીએ અને નથી. જૈન ધર્મની ફિલસૂફી રીલેટીવીટી અને અનેકાંતની રીતે રજૂ થયેલી છે. મને કોઈ કહે કે કરોડ રૂપિયા તારા છે, તો હું પ્રશ્નો પૂછીને પાકી ખાતરી કરીશ. તેનાથી મારી શ્રદ્ધાને પાકી કરીશ. તે રીતે મને જ્ઞાન થઈ જાય મારા આત્મામાં અનંત સુખ, અનંત દર્શન, અનંત જ્ઞાન અને વીર્ય સમાયેલા છે. જે રીતે સિદ્ધ ભગવાન અનુભવી રહ્યા છે તે રીતે મારામાં અનંત જ્ઞાન અને સુખ લહેરાય છે. ત્યારપછી હું પાંચ ઈન્દ્રિય અને વિષયોમાં ભટકવાનું બંધ કરીશ. આ સમજણથી મારી જીવનશૈલી બદલાશે. કુંદકુંદ આચાર્ય કહે છે કે આત્માનું ધ્યાન કેવી રીતે કરશો ? અહમ્ રોકો. હું એકલો છું. આ શરીર મારું નથી. તો મકાન, ધન, શહેર, સમાજ અને રાષ્ટ્ર વિગેરે મારું કેવી રીતે થઈ શકે. આ બધા વ્યવહારમાં હોય છે. આપણે ચેન્નાઈથી દિલ્હી જઈએ તો માર્ગમાં વિજયવાડા આવે જ. વ્રત, નિયમ, પચ્ચખાણ, ભક્તિ, તપ અને ત્યાગ આવશે. આ વ્યવહાર મોક્ષમાર્ગ છે. આપણે નિશ્ચય મોક્ષ માર્ગે આગળ વધવાનું છે. વ્યવહાર મોક્ષ માર્ગે ચાલતા અનેક જન્મો થયા. આપણે જે કરવાનું છે તે ન કર્યું. આપણે પર સ્થાનમાંથી સ્વ સ્થાનમાં આવવાનું છે. આત્મા પરમાત્મા છે. એ આપણે સાંભળ્યું છે એ સાર્થક ક્યારે થાય ? બેસીને પરમાત્મા ભાવનો અનુભવ કરીએ તો તે સાર્થક લેખાશે. અધ્યયન એટલે કે અધિકાર ત્રણમાં કહેવાયું છે કે આત્માને ભજો. ભાવ પાંચ પ્રકારના છે. પહેલો ઔદાયિક એટલે કર્મના ઉદય વખતે થાય તે ભાવ. બીજો ક્ષાયિક એટલે કર્મનો ક્ષયભાવ. ત્રીજો ક્ષાયોશમિક એટલે કર્મના ક્ષયોપશમથી થાય તે ભાવ. ચોથો ઔપક્ષમિક એટલે કર્મના ઉપશમથી થાય તે ભાવ. પાંચમો પરંપારિણામિક એટલે શુદ્ધ આત્માનો ભાવ. તે આત્માના પરિણામને પ્રગટ કરે તે પરંપરિણામિક ભાવ. તે નરક, નિગોદ અને સિદ્ધ ભગવાનમાં અત્યારે પણ છે. જે તેનો આશ્રય લે

તે મોક્ષ પ્રાપ્ત કરે. આવશ્યક એટલે શું ? પરમ શુદ્ધ નિશ્ચય નયથી કરીએ તે. જિનવાણી આત્માની વાણી છે તેને અનુસરો. આજ સુધી આપણો આત્મા અજ્ઞાન, કશાય અને મિથ્યાત્વને વશ થતો આવ્યો છે. નિયમસારમાં છ આવશ્યક (જે કરવું જરૂરી છે)નો ઉલ્લેખ છે. તેમાં સામયિક, ૨૪ તીર્થંકરોની સ્તુતિ (અરિહંત પરમાત્માની પ્રતિમાને જુઓ ત્યારે પોતાના આત્માના દર્શન કરો), વંદના (ગુરુ ભગવંતો જ્યાં વંદન કરે છે ત્યાં હું પણ ઝુકું), પ્રતિક્રમણ (પ્રતિ એટલે પાછા ફરવું. ક્રમણ એટલે પોતાનામાં આવવું), કાયોત્સર્ગ (કાયા પ્રત્યે પોતાનાપણું તજવું) અને પ્રત્યાખ્યાન (આત્મામાં મુકેલું જ્ઞાન એ પ્રત્યાખ્યાન)નો સમાવેશ થાય છે. આત્મામાં રહેવું અને અનાચાર છોડી આચારમાં સ્થિર ભાવ કરવો એ પ્રતિક્રમણ છે. શુદ્ધ ભાવમાં સાધના કરે એ સાધુ છે. પોતાના આત્માને ન જાણો એ અપરાધ છે. દુઃખની પરંપરાને તોડવા નિયમસાર બનાવાયો છે. આપણે મૃત્યુ નહીં પણ મૃત્યુની પરંપરાને, કર્મ નહીં પણ તેની પરંપરાને તોડવા, પાપને નહીં તેના મૂળ કારણોની પરંપરા તોડવાની છે.

(વધુ વ્યાખ્યાનો માર્ચ ૨૦૧૫ના અંકમાં)

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓ

- 'પ્રબુદ્ધ જીવન' (સંઘનું માસિક મુખપત્ર) દર માસની ૧૬ તારીખે પ્રગટ થાય છે. કોઈ પણ પ્રકારની જાxખ પ્રકાશિત નહિ કરતું અને ચિંતનાત્મક વિચારો પ્રગટ કરતું સંસ્થાનું મુખપત્ર.
- શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ આર્થિક સહયોગથી ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળા
- સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટના ઉપક્રમે ચિંતનાત્મક પ્રકાશનો
- સ્વ. વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાળા પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે જરૂરીયાતવાળાને દવાની મદદ કરતો વિભાગ
- શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અને ભાનુ ચેરિટી ટ્રસ્ટ ઉપક્રમે જરૂરીયાતવાળા પરિવારોને અનાજ આપતો વિભાગ
- સ્વ. સરસ્વતીબેન ડાહ્યાભાઈ જવેરી ચશ્માબેંક ફંડ ઉપક્રમે જરૂરીયાતવાળા પરિવારને ચશ્મા આપવામાં આવે છે.
- શ્રી કિશોર ટીંબડિયા કેળવણી ફંડના ઉપક્રમે વિદ્યાર્થીને સ્કૉલરશીપ આપવામાં આવે છે.
- વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાળા મહાવીર વંદના ઉપક્રમે દર વર્ષે મહાવીર જયંતી નિમિત્તે ભક્તિ સંગીતનો પ્રોગ્રામ કરવામાં આવે છે.
- પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ : 'પ્રબુદ્ધ જીવન' માસિક મુખપત્ર માટે આર્થિક સહાય સ્વીકારતો વિભાગ
- મહાવીર જન્મ કલ્યાણક દિવસ નિમિત્તે જૈન તીર્થંકરો અને મુનિ ભગવંતોના જીવન અને ચિંતનની કથાઓની ત્રિદિવસીય પ્રસ્તુતિ–અત્યાર સુધી ગૌતમ કથા, મહાવીર કથા, નેમ-રાજુલ કથા, ઋષભ કથા, પાર્શ્વ-પદ્માવતી કથા અને ૨૦૧૫માં હેમચંદ્રાચાર્ય કથા.
- જૈન ધર્મના મહાન ગ્રંથોના સ્વાધ્યાયની ત્રિદિવસીય શિબિરો. આ વર્ષે ૨૦૨૫માં ગુરુદેવ રાકેશભાઈ ઝવેરીની અમૃતવાણી દ્વારા તા. ૫,૬,૭ મેના ત્રિદિવસીય 'ઉત્તરાધ્યયન' સૂત્ર ઉપર સ્વાધ્યાય.

આપ ઉપરની કોઈ પણ પ્રવૃત્તિ માટે આપના દાનનો પ્રવાહ વહાવી શકો છો. લગભગ ૮૭ વર્ષથી સંસ્થાનું વૈચારિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રગટ થાય છે. આપ કોઈ પણ એક અંકના રૂા. ૨૦,૦૦૦/-નું દાન આપી એ અંકના દાતા બની શકો છો. વિચાર દાન એ ઉત્તમ દાન છે. આ દાનથી આપ બન્ને દાનના લાભાર્થી બની શકો છો.

### વિવિધ પ્રવૃત્તિઓ અને તેના સંચાલકો

**પ્રેમળ જ્યોતિ**

**સંચાલકો :**

| | |
|---|---|
| શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ | ટે. નં. ૨૩૬૩૧૨૮૫ |
| શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ | ટે. નં. ૨૩૮૭૩૬૧૧ |

**કિશોર ટિંબડીયા કેળવણી યોજના ફંડ**

**સંચાલકો :**

| | |
|---|---|
| શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા | મો. ૯૬૧૯૧૯૫૯૩૮ |
| શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ | મો. ૯૮૧૯૭૮૨૧૯૭ |
| કુ. વસુબહેન ચંદુલાલ ભણશાલી | મો. ૯૮૨૧૧૬૮૩૧૯ |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

**સંચાલકો :**

| | |
|---|---|
| શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા | મો. ૯૬૧૯૧૯૫૯૩૮ |
| શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ | મો. ૯૮૧૯૭૮૨૧૯૭ |
| શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ | ટે. નં. ૨૩૮૭૩૬૧૧ |

**ભાનુ ચેરિટી ટ્રસ્ટ : અનાજ રાહત ફંડ**

**સંચાલકો :**

| | |
|---|---|
| શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ | મો. ૯૮૧૯૭૮૨૧૯૭ |
| શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા | મો. ૯૬૧૯૧૯૫૯૩૮ |
| શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ | ટે. નં. ૨૩૮૭૩૬૧૧ |

# ભાવ-પ્રતિભાવ

(૧)

સૌ પ્રથમ આપે મોકલેલા 'પ્રબુદ્ધ જીવન'ના ડિસેમ્બર ૨૦૧૪ના અંક માટે આપનો ખૂબ ખૂબ આભાર માનું છું.

એમાં આપે નાતાલ પર્વને ધ્યાનમાં રાખીને ખૂબ સુયોગ્ય રીતે પ્રભુ ઈસુના જીવન અને સંદેશ વિશેના પાઠો બાઈબલના 'નવો કરાર'માંથી મૂક્યા છે. એકેક પાઠ સાથે આપે સુંદર રીતે શીર્ષક તથા કડી-કલમો પણ સાથે આપ્યા છે. આભાર અને અભિનંદન.

આપની સાથે સો ટકા સહમત થાઉં છું કે 'પ્રત્યેક વ્યક્તિએ સ્વધર્મને સમજવા માટે પણ અન્ય ધર્મગ્રંથોનું વાંચન કરવું જોઈએ.'

આપની આ વાત મારા અનુભવની પણ વાત છે. હું લંડનમાં પત્રકારત્વનો અભ્યાસ કરતો હતો ત્યારે મારા વાંચન અને અભ્યાસને કારણે અંગ્રેજી લોકોને હું હિન્દુ ધર્મ, રામાયણ, મહાભારત અને ગીતા વિશે પ્રવચનો આપી શક્યો છું.

વિવિધ ધર્મના ધાર્મિક ગ્રંથોનું વાંચન માણસને વિશાળ દૃષ્ટિ આપે છે. વિવિધ ધાર્મિક ગ્રંથોમાંથી માણસ ખુદ પોતાના જીવન માટે પ્રેરણા પણ મેળવી શકે છે.

**ફાધર વર્ગીસ પોલ, એસ. જે.**
ડાયરેક્ટર
અમીબેલા બિલ્ડીંગ, સન્માન હૉટલ પાસે, અપ ઈન્કમટેક્ષ અન્ડર બ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૧૪. ટેલિ. : (૦૭૯) ૨૭૫૪૨૯૨૨,
મો. : ૯૪૨૯૫ ૧૬૪૯૮ ફેક્સ : (૦૭૯) ૨૭૫૦૦૬૩.

(૨)

તા. ૨૫ ડિસેમ્બર એટલે પ્રેમ અને કરુણાનો દિવ્ય સંદેશ આપનાર ઈસુ ખ્રિસ્તનો જન્મદિન. ડિસેમ્બર ૨૦૧૪ના 'પ્રબુદ્ધ જીવન'નો તંત્રીલેખ ઈસુને કેન્દ્રિત છે. તે સર્વથા પ્રસંગોચિત રહ્યો. પા. ૭ પરના શબ્દો હિન્દુ ધર્મના કર્મના તત્ત્વજ્ઞાનની પુષ્ટિ કરે છે. બંને વચ્ચે કેટલું સામ્ય.

'અમે ખાશું શું, પીશું શું કે પહેરશું શું એની ચિંતા કરશો નહિ. એ બધી વસ્તુઓ પાછળ તો નાસ્તિકો જ પડે. તમારા પરમ પિતાને ખબર છે કે તમને આ બધાની જરૂર છે, એટલે તમે સૌથી પહેલાં ઈશ્વરના રાજ્યની અને એણે ઈચ્છેલા ધર્માચરણની પાછળ પડો. એટલે આ બધી વસ્તુઓ તમને મળી રહેશે.'

શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ કહે છેઃ

कर्मण्येवाधिकारेषु मा फलेषु कदाचन।

**□ શાંતિલાલ ગઢિયા**
'સાકેત', ૬, ગુરુકૃપા સોસાયટી, પાણીની ટાંકી પાછળ, હરની રોડ,
વડોદરા-૩૯૦ ૦૦૬. ફોન : ૦૨૬૫-૨૪૮૧૬૮૦

(૩)

નાતાલની પૂર્વ-સંધ્યાએ તમારા તરફથી 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને, 'ઈસુ –કરુણાનિધિ–માનવ મિત્ર' લેખ વાંચવા મળ્યો. તેથી ખૂબ પ્રસન્નતા થઈ. 'આત્મા એ જ પરમાત્મા', શુદ્ધ, બુદ્ધ અને નિત્ય આત્માની ઝાંખી થઈ. લોકોને સારા અને સાચા માર્ગે વાળવાની, મહાત્મા ઈસુની ભાવના અને લાગણીની પ્રતીતિ થઈ. પ્રભુમાં, અતૂટ શ્રદ્ધા પણ ઉત્પન્ન થઈ.

'જીવો અને જીવવા દો', પશુ-પક્ષીઓ, આવતીકાલની ચિંતા કરતા નથી. કુદરત તે બાબતને સંભાળી લે છે. કીડીને કણ અને હાથીને મણ પૂરો પાડતી કુદરતની નજીક રહેવું સારું, તેનાથી દૂર જવાથી પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. છતાં માનવીએ પરિશ્રમ તો કરવો જ પડે. નાની એવી કીડી પણ નિરંતર ચાલતી રહે છે. પોતાનું દર બનાવીને, ભાવિ પેઢીને ઉછેરે છે. આચાર્ય રજનીશજી પણ કાયમ વહેતા રહેવાની વાત કરતા. તેમ છતાં આજે સમાજમાં જે આર્થિક અસમાનતાનો માહોલ સર્જાઈ રહ્યો છે તેને સ્થાને સૌને પોતાના જીવન જરૂરિયાતોની ચીજ વસ્તુઓ, સરળતાથી મળી રહે, તેવા વાતાવરણનું નિર્માણ કરવું રહ્યું. શોષણને સ્થાને પોષણની ભાવના જડશે તો સમાજમાં શાંતિ અને સ્થિરતા જળવાઈ રહેશે.

ઈસુનું રાઈના દાણાનું દૃષ્ટાંત પ્રેરક રહ્યું. જેઓ દેહને હણે છે પણ આત્માને હણી શકતા નથી, તેનાથી ડરશો નહીં. ઈશ્વરનો–કુદરતનો ડર રાખશો. વાતો વિચારવા જેવી રહી. છેવટે તો આવા મહાત્માને, સમાજે ક્રોસ પર લટકાવીને તેમના દેહનું ભલે રૂપાંતર કર્યું, આત્મા અમર છે.

**□ હરજીવન થાનકી**
સીતારામ નગર, પોરબંદર

(૪)

પ્રબુદ્ધ જીવન'નો ડિસેમ્બર અંક મળી ગયો. તંત્રી લેખમાં ઈશુની વાત ખૂબ જ સરસ રીતે કરવામાં આવી છે. મારા મનમાં તત્ત્વજ્ઞાનને લગતા અનેક સવાલો સળવળતા હોય છે પણ મને ફાધર વાલેસનું લખેલ નાનું પુસ્તક 'ગિરિપ્રવચન' વાંચવાથી જે સમાધાન મળેલ છે તે અન્ય ધર્મગ્રંથો વાંચવામાંથી મળેલ નથી.

અને ત્યારબાદ કેદારનાથજીનું પુસ્તક 'વિવેક અને સાધના' વાંચીને એટલું સમજાઈ ગયું કે તત્ત્વજ્ઞાનમાં રહેલા મતભેદોની ચર્ચા કેટલી નિરર્થક છે, સંપ્રદાયો તમામ અર્થહીન છે. ગુણવિકાસથી વધુ મહત્ત્વનું કશું જ નથી.



*તોફાનો આવે તો પણ સમુદ્ર પોતાની શાંતિ છોડતો નથી.*

> ***મહાવીરનું માત્ર ને માત્ર સત્ય આધારિત ઐતિહાસિક જીવનચરિત્ર હવે સૌ જૈનોને મળવું જોઈએ.***

અનેક વિદ્વાનોએ લખેલ છે કે રામાયણ અને મહાભારત વિ. ગ્રંથો ઇતિહાસ નથી પણ મહાકાવ્યો છે. આવા કથા કાવ્યોમાં અનેક પ્રકારની અપ્રાકૃતિક ઘટનાઓ અને ચમત્કારો સહેલાઈથી ઉમેરી શકાય છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણેશ, સૂર્યદેવ, ઈન્દ્ર, અગ્નિદેવ, વાયુદેવ, વરૂણદેવ, ચંદ્રદેવ, શનિદેવ, જગદંબા માતાજીઓ વિ.વિ. આ બધા પૌરાણિક પાત્રો છે અને એમની મહાનતા દર્શાવવા તેમના ભક્તો વિવિધ પ્રકારના અપ્રાકૃતિક, અવૈજ્ઞાનિક અને ચમત્કારિક પ્રસંગો આલેખી શકે.

પરંતુ મહાવીર એ નવલકથાના પાત્ર નથી પણ ઐતિહાસિક વ્યક્તિ છે. એના જીવનચરિત્રમાં કૃત્રિમ ઘટનાઓ અને ચમત્કારિક પ્રસંગો ઉમેરી શકાય નહીં. આપણા પૂર્વાચાર્યોએ મહાવીરના કથાત્મક જીવનચરિત્રમાં ઘણાં પ્રસંગો વર્ણવ્યા છે. શ્રદ્ધાળુ જૈનો ક્ષમા કરે પણ ખુદ મહાવીરનો જન્મ પણ અવાસ્તવિક પ્રસંગ રૂપે શ્વેતાંબર પરંપરામાં સ્વીકારાયેલો છે. ઋષભદત્તના પુત્રને ત્રિશલાદેવી જન્મ આપે એ આખીયે ઘટના ખુદ મહાવીર, તેમના પિતા ઋષભદત્ત તથા ત્રિશલાદેવી એ ત્રણેય વ્યક્તિઓ માટે ભારે અપમાનજનક છે. સૌથી વધારે કફોડી સ્થિતિ તો બિચારા સિદ્ધાર્થની થાય છે જેનો બિલકુલ વિચાર કથાસર્જક આચાર્યોએ કર્યો જ નથી.

જ્યારે આપણે સૌ જાણીએ છીએ કે સ્વર્ગ કે દેવલોક નામની તેમજ નરક નામની કોઈ જગ્યા છે જ નહીં અને ઈન્દ્ર નામનો કોઈ દેવ કદી હતો જ નહીં અને છે જ નહીં.

આપણે જેને મહાન દેવ તરીકે ઈન્દ્રને માનીએ છીએ એ ઈન્દ્રને દુનિયાની ૭૦૦ કરોડની વસ્તીમાંથી ૯૫ ટકા અથવા એથી પણ વધારે લોકો જાણતા જ નથી, ઓળખતા નથી, સ્વીકારતા નથી. જગતના લોકો માટે આપણા મહાન ઈન્દ્રની કીમત એક ફૂટેલી કોડી જેટલી પણ નથી.

જે પૌરાણિક પાત્ર હોય, વાર્તાનું પાત્ર હોય એની કથા બનાવાય પણ જે ઇતિહાસનું પાત્ર હોય અને તે પણ એવું પાત્ર જે કોઈ મહાન ધર્મ પ્રવર્તક હોય તેની કથા બનાવાય નહીં.

મહાવીરનું માત્ર ને માત્ર સત્ય આધારિત ઐતિહાસિક જીવનચરિત્ર હવે સૌ જૈનોને મળવું જોઈએ.

માતાને પેટે જન્મેલો કોઈપણ માણસ ભગવાન હોઈ શકે નહીં અને સર્વજ્ઞ હોઈ શકે નહીં. ભગવાન તો એ છે જે અસંખ્ય પૃથ્વીઓ અને સમગ્ર બ્રહ્માંડનો સર્જનહાર છે, સ્વામી છે, નિયામક છે. જે પરમશક્તિ-પરમાત્મા છે. (અત્રે પરમાત્મા એટલે NATURE)

આપણા સહિત દુનિયાના મોટા ભાગના લોકો એક ભૂલ કરતા રહ્યા છે. કેટલાક લોકો એક મહાપુરુષને વળગી રહે છે તો બીજા કેટલાક બીજાને અને ત્રીજા કેટલાક ત્રીજાને વળગી રહે છે. આમ આપણે મહાપુરુષોના ભાગલા પાડી નાખીએ છીએ કે આ તારા અને આ મારા મહાપુરુષો કે ભગવાનો. એટલું સમજતા નથી કે **એક જ પરમશક્તિ તમામ મહાપુરુષોને કોઈ ને કોઈ ખાસ મિશન સોંપીને જગત પર મોકલે છે અને બધા જ મહાપુરુષો એ સમગ્ર માનવજાતની મૂડી છે. પરમ શક્તિએ તેમને સોંપેલું કાર્ય કરીને તેઓ જગતથી વિદાય લે છે.** આવા મહાપુરુષો ભૂતકાળમાં અસંખ્ય હતા, વર્તમાનમાં પણ અસંખ્ય મહાપુરુષો જગતમાં હયાતી ધરાવે છે અને ભવિષ્યમાં અસંખ્ય મહાપુરુષો આવતા જ રહેશે. મહાપુરુષોની આવન-જાવન પર ક્યારેય પણ પૂર્ણવિરામ હોતું નથી. અલ્પબુદ્ધિના આપણે એમ માની લઈએ છીએ કે હવે બસ. જેટલા ભગવાનો આવવાના હતા તે બધા જ આવી ગયા છે, નવા હવે આવવાના નથી. આવો નિર્ણય કરવાની કોઈ જ સત્તા આપણને આપવામાં આવી નથી.

મારું ચાલે તો કમ સે કમ આપણા જૈન સમાજ (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા) ને વિનંતી કરું કે બીજું જે કાંઈ વાંચવું હોય તે જરૂર વાંચો **પણ 'ગિરિ પ્રવચન' તો અચૂક વાંચો જ.**

સત્ય, અહિંસા, દયા, ધીરજ, કરુણા, સહનશીલતા, પ્રમાણિકતા, પવિત્રતા, સરલતા, પ્રેમ, વિનમ્રતા, વિ.વિ. કોઈની અંગત મિલ્કત નથી. 'ગિરિપ્રવચન' વાંચ્યા પછી આટલું સમજાઈ ગયા બાદ 'તત્ત્વનું ટીંપણું તુચ્છ' (સૌજન્ય નરસિંહ મહેતા) લાગશે અને 'અંતે તો હેમનું હેમ હોય' એ પણ સમજાઈ જશે અને પછી તમામ સંપ્રદાયો ખરી પડશે.

ડિસેમ્બર અંકમાં તંત્રી લેખ ઉપરાંત શ્રી અનામીજીનો લેખ તથા શ્રી પન્નાલાલ ખીમજી છેડા અને શ્રી રાજેન્દ્ર શાહના પ્રતિભાવો ઉત્તમ લાગ્યા. આ સૌને ઘણા ઘણા ધન્યવાદ.

**☐ શાંતિલાલ સંઘવી**
RH/2 પુણ્યશ્રી ઍપાર્ટમેન્ટ, કાશીરામ
અગ્રવાલ હૉલ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫.

(૫)

ડિસે. અંકમાં દૂધ વિષે સરસ લેખ વાંચવા મળ્યો. ઘણાં વાચકોએ પહેલી જ વાર દૂધ વિષે આટલું જાણ્યું હશે. વળી દૂધ નિર્દોષ આહાર છે એવી 'ખોટી' છાપને ભૂંસવાનું આ લેખથી બન્યું છે. આપણા સાધુ-સાધ્વીજી મહારોજો પણ દૂધને નિર્દોષ ગણી, ખોરાક તરીકે દૂધને પ્રાધાન્ય આપતાં જોયાં છે.

આપણાં દેશમાં દૂધાળા પશુઓ પર જે રીતે જોર-જૂલમ થાય છે, વિદેશમાં એટલો નહીં જ થતો હોય!

પ્રસ્તુત લેખમાં દૂધના આહારને માંસાહાર બરાબર ગણ્યો છે

તે સર્વથા ઉચિત છે.

હવે પછી બૉન-ચાઈના ક્રોકરીનો વધતો (ખોટો) મોહ ઘટે એ બાબત પણ લખજો.

**☐ રમેશ બાપાલાલ શાહ**

૭૦૩, નૂતન નિવાસ, ભટાર રોડ, સુરત-૩૯૫૦૦૧.

(૬)

દિવાળી અંક પછીનો ડિસેમ્બર અંક પણ મળ્યો.

લેખોની વિવિધતા તેમજ લેખકોની વિવિધતા આ અંકોની વિશેષતા છે. વળી તંત્રીની બાજ-નજરમાંથી પસાર થતાં લેખો સામાન્ય નથી રહેતા.

વર્ષોથી પ્રકાશિત થતા (૬૩ વર્ષ) પ્રબુદ્ધ જીવનના અંકો આ જ ધ્યેયથી પ્રકાશિત થતા રહે છે—આ વિશેષતા છે.

એક નાનકડું સૂચન કારવા મન થયું છે. 'પ્રબુદ્ધ જીવન'ના પ્રકાશન કાર્યને જાળવવા વાચકોના લવાજમ અને સૌજન્યદાતાઓનો ફાળો છે. આ સિવાય પ્રકાશન શક્ય જ ન બને. આમ મળેલી રકમ કરકસરથી જ વપરાતી હશે!

ટાઈટલ પેજ ચાર કલરમાં છપાય છે તે સુશોભન વધારે છે એ ખરું પરંતુ એ સુશોભન જ વધારે છે. આ સિવાયનો ધ્યેય નજરે ચડતો નથી. અગાઉની જેમ સાદું ટાઈટલ છાપી ચાર કલર તથા લેમીનેશનનો મોટો ખર્ચ કેમ ન બચાવીએ?

**☐ રમેશ બાપાલાલ શાહ**

૭૦૩, નૂતન નિવાસ, ભટાર માર્ગ, સુરત-૩૯૫૦૦૧

(૭)

ડિસેમ્બર ૨૦૧૪ના અંકમાં પ્રગટ થયેલ આધ્યાત્મિક જ્ઞાન/દર્શનના સારરૂપ વિનોબાજીની ૬ નિષ્ઠાઓ અમૂલ્ય છે અને દેશકાળથી પર છે. વિનોબાજી અને એમની જ્ઞાન સંપદાનું શ્રી ગોવિંદભાઈ રાવલે કરેલ આલેખન રોચક છે. એમને મારા ધન્યવાદ છે.

તો એ જ અંકના સંપાદકીયમાં ઈસુ, ડૉ. નરેશ વેદનો યોગ વિચારનો લેખ અને ડૉ. ગોગરીના ઝોરોષ્ટ્રીયાનિઝમ અને ઈસ્લામ અંગેનો પરિચય લેખ માટે અમને સૌને એમના અધ્યયન અને પરિશ્રમ માટે ધન્યવાદ ઘટે છે.

આપણે દૂધ આહારી કેટલા હિંસક? શ્રી અતુલ દોશીનો લેખ વાંચીને પીડા થઈ. મને એ દેખાયું છે કે મારકેટ પરિબળો આધારિત મૂડીવાદ કાતીલ શિકારી મનોવૃત્તિ ધરાવે છે. Capitalism Militates against everything. વ્યક્તિ, સમાજ, રાજ્ય, મૂલ્યો, પર્યાવરણ ઈ. ઈ.માંથી કાંઈ પણ પોતાના નફા કે પ્રભાવને આડું આવે તેનો ધ્વંશ કરવા મૂડીવાદ પ્રયાસ કરશે જ.

'પ્રબુદ્ધ જીવન'માં એક મજાની વાત એ જોઈ કે રૂઢિચુસ્ત લાગે એવા જૈનોની ભાષાશક્તિ સારી છે.

**☐ કીર્તિચંદ્ર શાહ**

ઋષભ મહલ, હાજી બાપુ રોડ,

મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.

(૮)

**પ્રબુદ્ધ જીવન-સામયિક વિષે**

ધર્મની ભાવનાને પ્રબળ બનાવનારા લેખો દ્વારા આપ સતત 'પ્રબુદ્ધ જીવન' સામયિકમાં પ્રાસંગિક પ્રયોગશીલ ભાવના પોષી રહ્યા છો. ઉત્તમ કક્ષાના લેખકોનો તમને ઉત્તમ સહકાર મળે છે.

અંકનું કવર પેજ બસ સતત એકીટશે નિહાળ્યા કરીએ તથા શારદાના ચરણમાં મસ્તક નમાવી દે તેવી કૃતિઓથી અંકનું સામર્થ્ય વિશેષ મહત્ત્વનું બનાવી રહ્યા છો.

હવે લોકગીતો, લોકપ્રાર્થનાઓ, સાધુચરિત્રોની ભાવનાઓ તથા રાષ્ટ્રભાવનાને પોષે તેવા લેખોની મિજબાની વાચક જરૂર હોંશે માણી શકે છે.

ભૂલતો ન હોઉં તો આપના 'પ્રબુદ્ધ જીવન'ના અંકો છેલ્લા આઠ દસ વરસથી સ-રસ મેળવી રહ્યો છું. આપની સંસ્થાના સંચાલકો, ટ્રસ્ટીઓ તથા કાર્યકરોની સેવાની ભાવનાનો હું અંક મેળવીને ભાગીદાર બનતો ગયો છું.

છપાઈની શુદ્ધિ—લેખોની મધુરતા—જૈનધર્મની ન જાણેલી, ન માણેલી ઉચ્ચ કક્ષાની વિગતો હૃદયને સ્પર્શે તે રીતે રજૂ કરવામાં આપને હૃદયપૂર્વકના વંદન!

આ ઉપરાંત 'પંથે પંથે પાથેય'એ તો નવો ચીલો ચાતર્યો છે. એના દરેક લેખોમાં માણસાઈનું અવનવું ચિત્રણ જાણવા મળે છે. ઘણા ખરા તો આપના સામયિકનું છેલ્લું કવર પેજ પહેલાં વાંચે છે અને પછી અંદરની મનગમતી સામગ્રીનો બુદ્ધિપૂર્વક આસ્વાદ લ્યે છે.

પરિવર્તન પ્રકૃતિનો નિયમ છે પણ 'પ્રબુદ્ધ જીવન' પણ પરિવર્તનને પારણે ઝૂલવા લાગ્યું છે! વંદન-અભિનંદન.

**☐ મનસુખ ઉપાધાય**

૧૩-એ, આશીર્વાદ, પ્લોટ નં. ૩૫૩-બી-૧૪,

વલ્લભબાગ લેન એક્ષટેન્શન, સાંઈબાબા લેન,

ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૦૭.

ટે.: (૦૨૨) ૨૫૦૬૯૧૨૫.

(૯)

વર્તમાન સમય જે રીતે હિંસક વિનાશકતા તરફ દોડી રહ્યો છે ત્યારે જૈન ધર્મની અહિંસા, દયા, પ્રેમ, કરુણાની વિચારધારાનો પ્રચાર ખૂબ જ સમયસર પ્રસ્તુત છે, જે આપનો સંઘ વર્ષોથી કરી રહ્યો છે.

મહાત્મા ગાંધીજીનો સત્યાગ્રહ પણ અહિંસાના પાયા પર જ

રચાયેલો હતો. ગાંધીવિચારને લઈ કામ કરી રહેલી એવી શિક્ષણ સંસ્થા કે જેઓ માનવસેવાને જ ઈશ્વર સેવા માને છે અને કાર્ય કરી રહી છે તેમને આર્થિક સહાય કરવાનું સંઘ સ્વીકારે છે તે પણ ખૂબ જ પ્રશ્યસ્ય બાબત બની રહે છે. આવી ગાંધીવાદી સંસ્થાઓને મળતી મદદ એ જૈનધર્મની અહિંસાનો જ પ્રચાર-પ્રસાર બની રહેશે.

**□ નાનુભાઈ શિરોયા**

લોક વિદ્યાલય, મુ. પો. વાલુકડ, તા. વાયા. પાલીતાણા,
જિ. ભાવનગર, પીન-૩૬૪૨૭૦ (ગુજરાત)

(૧૦)

I have read your essay in January-2015 issue today. First of all let me congratulate you for writing such a thoughtful article. More important I appreciate your bravery and guts to publish this in the magazine. Ramanbhai must be happy and sending his blessings.

I sincerely hope this article wakes up few Jains from their Guru induced-coma. I am afraid that you are going to create quite a few ememies.

I am willing to pay for publishing a special issue that will carry ALL responses (of all kinds) with minimum editing. Make sure you include the original article in this issue. It may become a historical document just like few article by Vadilal Kamdar.

**□ Lalit Shah**

A'vad. Tel. : (079) 2642 39 39

## 'પ્રબુદ્ધ જીવન'નો ડીઝીટિલાયઝેશન યુગમાં પ્રવેશ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આ મુખપત્રનો પ્રારંભ સન ૧૯૨૯ થી થયો. ત્યારથી આજ સુધીના અંકો સંસ્થાની વેબસાઈટ ઉપર મુકવાનો પ્રારંભ થઈ ગયો છે. ઉપરાંત આ સર્વ અંકોની સી.ડી. પણ તૈયાર થશે. વાચકોના સૂચનો આવકાર્ય છે.
વેબ સાઈટ સંપાદક : શ્રી હિતેશ માયાણી - 09820347990 અને
પ્રસ્તુતકર્તા : શ્રી રોહિતભાઈ મહેતા - 09920308045

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

### આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં



**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**



**।। ગૌતમ કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**



**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**



**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# સર્જન–સ્વાગત

**□ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **પુરુષાર્થની પગદંડી**
ડૉ. મોહનભાઈ પટેલ વિષયક લેખસંગ્રહ
લેખક-સંપાદક : ડૉ. કલ્પના દવે
પ્રકાશક-પ્રાપ્તિસ્થાન : (૧) જનસેવા સમિતી, ભાઈલાલભાઈ પટેલ રોડ, મલાડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૬૪.
(૨) સુમન પ્રકાશન, ૯૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨. ફોન નં. : ૨૦૫૬૩૦૫૦.
મૂલ્ય રૂા. ૧૦૦/-, પાના : ૧૫૮, આવૃત્તિ : પ્રથમ

આ પુસ્તકમાં કર્મવીર મોહનભાઈની કાર્યશક્તિ વિવિધ ક્ષેત્રે સંકળાયેલા વિદ્વાનોની દૃષ્ટિએ મુલવવાનો પ્રયાસ કર્યો છે. ઔદ્યોગિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કરનાર મોહનભાઈના બહુમુખી પાસાદાર વ્યક્તિત્વની ઝાંખી કરાવતા લેખોનો આ પુસ્તકમાં સંચય છે.

મોહનભાઈની વિસ્તૃત સંબંધ સૃષ્ટિમાં પરિપાક રૂપે વિવિધ ક્ષેત્રોના વિવિધ બૌદ્ધિકોએ અહીં પોતાના વિચારો રજૂ કર્યા છે. મોહનભાઈનું કાર્યક્ષેત્ર ખૂબ વિશાળ અને તેમનું મિત્રવર્તુળ બહોળું એટલે માત્ર ગુજરાતી જ નહીં પણ હિન્દી, મરાઠી તથા અંગ્રેજીમાં લખાયેલા લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે તે આ પુસ્તકની વિશેષતા ગણી શકાય.

'પુરુષાર્થની પગદંડી'ના સંપાદકનો મૂળ ઉદ્દેશ મોહનભાઈએ કરેલા વિવિધ ક્ષેત્રોના કાર્યને જોવાનો છે. વિવિધ વ્યક્તિઓના સ્વાનુભવથી રસાયેલા આ લેખોમાં નાવીન્ય દૃષ્ટિની સાથે એકવિધતાનો દોષ આવી જાય તે સહજ છે. અને અભિપ્રાયોમાં પણ પુનરાવૃત્તિનો દોષ સ્વીકારવો પડે. આ પુનરુક્તિને બીજી દૃષ્ટિએ જોઈએ તો તે થકી મોહનભાઈની બહુમુખી પ્રતિભાને નવું પરિમાણ પ્રાપ્ત થાય છે.

આ પુસ્તક વાચકના ભીતરના દરિયાને ભેદી-શકે, કદાચ કોઈ વૈચારિક સ્પંદનોને જગાડી શકે તેવું છે.

xxx

પુસ્તકનું નામ : **વડીલો અને વાતચીત**
લેખિકા : ડૉ. ઉર્મિલા શાહ
પ્રકાશક : ગૂર્જર ગ્રંતરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૧૫૦, પાના : ૨૦૮, આવૃત્તિ-પહેલી-૨૦૧૪.

શારદા મંદિર જેવી પ્રતિષ્ઠિત સ્કૂલમાં છેલ્લાં એકત્રીસ વર્ષથી કો-ઓરડિનેટર હોવાને નાતે ડૉ. ઉર્મિલાબહેન બાળકોને ખૂબ નજીકથી સમજી શકે છે. અને એમની એ વેદના–સંવેદનાથી જ Parenting એ એમના જીવનનું મુખ્ય કાર્ય બની ગયું છે.

આ પુસ્તકમાં આલેખાયેલ એક એક વાતો હકીકતો છે. એકે કિસ્સો કાલ્પનિક નથી. નિર્દોષ બાળકોએ એમના હૃદયની વ્યક્ત કરેલી વ્યથા છે. અને બાળકોના હૃદયની વેદનાને ડૉ. ઉર્મિલાબહેને વાચકના હૃદય સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે.

ડૉ. ઉર્મિલાબહેને આ પુસ્તકમાં નાદાન નિર્દોષ બાળકોના હૃદયની વ્યથાને ખૂબ અસરકારક રીતે વાચા આપી છે. અહીં આલેખાયેલી એક એક વાતો હકીકતો છે. બાળકના હૃદયની સાહજિક અભિવ્યક્તિ છે. વેદનાની સંવેદનાથી જ Parenting એ એમના જીવનનું મુખ્ય કાર્ય બનીૂ ગયું છે. લેખિકા પોતે કહે છે 'છેલ્લા ત્રણ દાયકાથી શારદા મંદિર જેવી પ્રતિષ્ઠિત સ્કૂલમાં કો-ઓરડિનેટર હોવાને કારણે મને બાળકોને ખૂબ નજીકથી જોવાની, માણવાની, સમજવાની તક મળે છે.'

આ પુસ્તક વાલીઓને ખૂબ સારું માર્ગદર્શન પૂરું પાડે અને વાલીઓના પ્રશ્નોના જવાબ આપે તેવું છે.

xxx

પુસ્તકનું નામ : **૧૫ પ્રતિનિધિ ગુજરાતી નવલિકાઓ**
લેખક-સંપાદક : પ્રસાદ બ્રહ્મભટ્ટ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૧૮૦, પાના : ૨૩૦, આવૃત્તિ-પ્રથમ-૨૦૧૪.

સંપાદક કહે છે-'આ સંપાદન એક વ્યવહારુ પ્રયોજનથી, વિશિષ્ટ અભિગમથી કરવામાં આવ્યું છે. કોલેજ-કક્ષાએ ગુજરાતી ભાષાસાહિત્યનું અધ્યયન કરતા વિદ્યાર્થીઓને લક્ષમાં રાખી તેમને ઉપયોગી નીવડે એવું એક સંપાદન કરવાનો અહીં ઉપક્રમ છે.

આ સંપાદનમાં 'પ્રતિનિધિ' વિશેષણ ત્રિવિધ અર્થમાં પ્રયોજાયું છે. ગુજરાતી નવલિકાના વિવિધ તબક્કાઓ, વિવિધ વાર્તાકારો અને વિવિધ વાર્તાઓનું કંઈક અંશે પ્રતિનિધિત્વ થાય એ ઉદ્દેશ છે. આ વિશિષ્ટ સંપાદનમાં છેલ્લી શતાબ્દીના ગુજરાતી નવલિકાકારોની પંદર નમૂનેદાર નવલિકાઓ પસંદ કરી છે. વાર્તાકારોની સાથે સાથે વાર્તાના વિષયવસ્તુનું તથા રચનારીતિનું વૈવિધ્ય જળવાય એનું ધ્યાન રાખવામાં આવ્યું છે અને આ સંપાદનમાં પ્રત્યેક વાર્તાકારનો ટૂંકો પરિચય, પસંદ કરેલી વાર્તાનો આસ્વાદ એક સાથે આપવામાં આવ્યા છે.

આ સંપાદનમાં વિદ્યાર્થીઓને જ લક્ષમાં રાખ્યા હોઈ સર્જક પરિચય, વાર્તાકૃતિ અને વાર્તાનો આસ્વાદ એક સાથે આપ્યા છે.

કોલેજમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને ખાસ ઉપયોગી થાય તેવું આ પુસ્તક છે.

xxx

પુસ્તકનું નામ : **હયા, સુમેઘા, કશ્વી**
લેખકા : યોસેફ મેકવાન
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૬૦, પાના : ૮+૭૨, આવૃત્તિ-પ્રથમ-ઈ. સ. ૨૦૧૪.

''દેશભરની સાહિત્ય અકાદમીએ ૨૦૧૨નો ઉત્તમ બાળ સાહિત્ય તરીકેનો ખૂબ મોટો પુરસ્કાર એમને આપ્યો. આવા

વખણાયેલા મારા લેખક મિત્રની આ વાર્તા છે.'' – યશવંત મહેતા

આ કથા ત્રણ નાનકડી સખીઓના અદ્ભુત અનોખા આનંદ પ્રવાસની છે. લેખક ભલે એને સાહસકથા કહે; હકીકતમાં એ આનંદ પ્રવાસની પરીકથા છે. જે પ્રવાસ દરમિયાન અનેકવિધ એવી ઘટનાઓ બને છે કે આનંદ અને અચરજ બન્ને થાય છે. વિશ્વ વિખ્યાત 'એલિસ ઈન વન્ડરલેન્ડ'ના પાત્રોના જેવી જ આ પાત્રોની સૃષ્ટિ છે. એક પછી બીજું પરાક્રમ આ ત્રણ બહેનપણીઓ આદરે છે અને હસતાં રમતાં એમાંથી પાર ઉતરે છે.

ત્રણે બહેનપણીઓ જે અવનવા પ્રદેશમાં જાય છે ત્યાંના તેમના અનુભવો આકર્ષક રીતે નિરુપાયા છે. વિસ્મય અને કુતૂહલ આ વાર્તાનો પ્રાણ છે.

આ સળંગ બાળવાર્તામાં જે નાવિન્ય, મૌલિકતા અને રજૂઆત છે તે આજકાલ રચાતી બાળવાર્તાઓથી કંઈક અલગ છે. કંઈક નવીન છે.

ગુજરાતી બાળ સાહિત્યની વર્તમાન સ્થિતિમાં પ્રતિભાનો આવો ઉન્મેષ આહ્લાદક અને આવકાર્ય છે.

x x x

પુસ્તકનું નામ : **વત્સલ અવિરત ટાંકણાં**
લેખક : ભરત ના. ભટ્ટ
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર
નંદલાલ કાન્તિલાલ શાહ
કામધેનુ કોમ્પલેક્ષની સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
મૂલ્ય : રૂા. ૨૦૦, પાના : ૧૪+૨૭૪, આવૃત્તિ-પ્રથમ-૨૦૧૪.

'નિત નિત નવું રૂપ લે ને નવું દર્શન આપે તે નઈ તાલીમ.' – ભરતભાઈ બટ્ટ

આ પુસ્તક 'વત્સલ અવિરત ટાંકણા'માં ભરતભાઈએ ગ્રામ દક્ષિણા મૂર્તિ આંબલાના સંસ્મરણો આલેખ્યાં છે. જીવન ઘડતરના ઉત્તમ સમયના સંસ્મરણો ભરતભાઈએ પોતાની વિશિષ્ટ હળવી શૈલીમાં આલેખ્યાં છે, વિદ્યાર્થીકાળના સંસ્મરણો પછી તેઓ શિક્ષક બન્યા, ગૃહપતિ બન્યા. શિક્ષણ વિશે, વિદ્યાર્થીના ઘડતર વિશે સમજણ પરિપક્વ બની–આ બધાંનું વૈજ્ઞાનિક તથા માનસશાસ્ત્રીય પૃથક્કરણ તેઓ કરે છે અને મૂલવે છે. વિવિધ વિષયોમાં ઊંડા ઊતરે છે. તેમની રજૂઆતમાં માર્મિક હાસ્ય પાંગરે છે. પુસ્તક વાંચન સંસ્થાના વાતાવરણનો, શિક્ષકોના વલણોનો પરિચય થાય છે. અને કેળવણી એટલે શું તે પણ સમજાય છે.

ભરતભાઈએ લખ્યું છે, 'વિદ્યાર્થી માટે નિયમો છે. નિયમો માટે વિદ્યાર્થી નથી' વિદ્યાર્થી અંદરથી સતત બદલાતો રહે છે, તેથી જ નઈ તાલીમના શિક્ષકે પણ દરેક ક્ષણે નવા થવું પડે છે. શિક્ષકે વિદ્યાર્થીના માનસના વિકાસ માટે કામ કરવાનું છે અને તેનું શ્રેષ્ઠ માધ્યમ પ્રેમ છે, જે વિદ્યાર્થીના જીવનને સુંદર ઘાટ આપે છે. ભરતભાઈએ સંસ્થાની વિલક્ષણતાઓ પણ દર્શાવી છે.

વિદ્યાર્થીના જીવન ઘડતરમાં રસ ધરાવતી દરેક સંસ્થામાં આ લાક્ષણિકતા અનિવાર્ય છે.

x x x

પુસ્તકનું નામ : **નામ મધમીઠું અનુપમા**
લેખક : ભારતી દિપક મહેતા
પ્રકાશક : થીંક ફેઈસ્ટા
અનુકાંચન સોલ્યુશન પ્રાઈવેટ લિ.
પટની બિલ્ડિંગ, એમ. જી. રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૩૨૩૨૨.
મૂલ્ય રૂા. ૧૦૦/-, પાના : ૧૬૮, આવૃત્તિ : ૨૦૦૮.

ભારતી બહેન મહેતા લખે છે-'પૂ. મમ્મીજીએ જે સમજણથી પાર્કિસન્સ PSP રોગને સ્વીકારી, આવકારી ને તેને જે રીતે ઓળંગી ગયા તેનો આ આલેખ છે. Fighting Spirit થી છલોછલ એક અનાસક્ત સન્નારીની આંતરકથા છે.'

આ પુસ્તકમાં પૂજ્ય અનુપમા બહેનના અંતિમ સમયની કથા તેમના પુત્રવધૂ ભારતીબહેન મહેતાએ આલેખી છે. સાસુ પાસેથી ભારતીબહેન દીકરી કરતાંય વધારે વહાલ પામ્યા હતા. વાત્સલ્યના પારાવારમાં વાત્સલ્ય મૂર્તિના જીવનના અંતિમ સમયને જોવો-અનુભવવો એની વેદનાનું આલેખન ભારતી બહેને કર્યું છે. શશિકાન્તભાઈના ધર્મપત્ની પૂજ્ય અનુપમા બહેનની અંતિમ અવસ્થાનો અહીં માર્મિક અને હૃદયસ્પર્શી આલેખ છે.

એક પુત્રવધૂએ અત્યંત ભાવભીના શબ્દોમાં મા-સમાન સાસુની અંતિમ દુઃખદ અવસ્થાનું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે.

આ પુસ્તક દ્વારા ભારતી બહેનની સંસ્કારિતા, સાહિત્ય પ્રીતિ અને ધર્મ ભાવનાનો પરિચય મળે છે. સાથે સાથે પાર્કિસન્સના દરેક દર્દી તથા તેમનાં પરિવારજનો માટે આ વીરરસકથા અખૂટ પ્રેરણાસ્રોત બની રહેશે.

x x x

પુસ્તકનું નામ : **મારી આનંદયાત્રા**
લેખક : ભગવાનદાસ પટેલ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૩૦૦, પાના : ૮+૩૨૪=૩૩૨, આવૃત્તિ-પ્રથમ-૨૦૧૪.

લોક સાહિત્યના વિવેચક-સાહિત્યકાર શ્રી હસુ યાજ્ઞિકના મૌખિક ઉદ્ગારો નીચે પ્રમાણે છે.

'અહીં ગંભીર ભગવાનદાસ નહીં પરંતુ બાબુ (મારું બાળપણનું નામ) પૂર્ણ આનંદ રૂપે પ્રગટ્યો છે.'

'મારી આનંદયાત્રા' પુસ્તકમાં છ પ્રકરણોમાં લેખકના જીવનના ૭૦ વર્ષોમાં બનેલા મહત્ત્વના ૮૯ પ્રસંગો-ઘટનાઓ આલેખાયેલાં છે, જે વિભાગની દૃષ્ટિએ ૩ પરિશિષ્ટોમાં વહેંચ્યા. પરિશિષ્ટ ૧માં સાક્ષર-સ્નેહીઓની પ્રથમ મુલાકાતે લેખકના માનસમાં જે આનંદની અનુભૂતિ થઈ તેનું આલેખન છે. પરિશિષ્ટ ૨માં સંશોધિત-સંપાદિત પ્રગટ ભીલી લોકસાહિત્યના સ્થાનિક સંસ્થાથી આરંભી રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર થયેલા આનંદને અને તે નિમિત્તે થયેલ દક્ષિણ કોરિયાની સાંસ્કૃતિક યાત્રાના આનંદનું આલેખન છે. લેખક ભગવાનદાસ પોતે કહે છે તેમ 'પરિશિષ્ટ એક અને બે ભાવકોને આનંદ આપતા મારી જીવન યાત્રાના મહત્ત્વના પ્રસંગો-અંશો જ છે. સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ આનંદ આપવાનો છે. એ રીતે આ પુસ્તકમાં મોટા ભાગના આનંદ આપનારા પ્રસંગોનું શબ્દરૂપે નિરૂપણ થયેલું છે.

વાચક પણ આનંદ યાત્રાનો અનુભવ કરે.

x x x

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ (ઈસ્ટ), મુંબઈ-૬૩.
મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

## THE SEEKER'S DIARY

## MAKING OF MAHATMA

When a very patient Sonal ben (the editor for this issue) was giving me tips to base my article of 'the last few moments of Gandhi', I went back into time and started really thinking about how and what must have been the state of heart / mind during the split second of his shocking death. Then started going backwards to his last days, to his earlier life, to his beginning and thinking of him for an hour filled me with a very strong emotion of awe and surprise. Awe because of the 'Mahatma' he could become, and surprise because of the man that he was, like the rest of us, any of us.

Then Sonal ben tried to make it easier for me and said 'you can write about how the young generation, your generation thinks of him.' or anything that you wish to write about.' The past two weeks has been just this – chewing on my thoughts of this man called Mohandas Karamchand Gandhi.'

Before I write a few consolidated thoughts on him, I would like to explain the universal law of when one really wants something, the universe conspires to make it happen. So all around me there have been random conversations on him, came across and read the deep influence Param Kripadu Dev had on him and just last year Pujyashri Rakesh Bhai Jhaveri had taken two incredible lectures to make us aware of the little things about him that were so human and how he transformed them into strengths.

My thoughts below are largely influenced by my master and through him, I pen down my thoughts.

The first and foremost thing that simply blows my mind about Gandhi ji is his 'Ordinariness.' Here was a man who did not have visions, or jaati smaran gyan (જાતિ સ્મરણ જ્ઞાન) or some miraculous revelation. He could have been an awkward wise uncle, a stubborn demanding parent, quirky neighbour,analytical difficult husband, all things ordinary. And within the folds of this ordinary life, he step by step created this extraordinariness where the whole country stopped to listen. He did it slowly, steadily,through learning, through asking, through deliberating, through making mistakes, step by step. Incidents that must have happened in every one's life – of humiliation, one upmanship, inferiority complex, anger, purposelessness, fear – he had all of them. He did not have any answers or magic wand before. At every step when he experienced something , had adequate reactions and then through an emotion of anger, of fear, he transformed his weakness into strengths.

Visualise an inconspicuous man, fearful but self respecting man in the first class compartment of a train in Durban in South Africa being thrown out by a white man-

Now see him aakul vyakool (આકુળ વ્યાકુળ) full of not so charitable thoughts humiliated and vengeful all night in that cold weather – thinking of ways to re-establish his bruised self respect.

When he was thrown out from that first class compartment, he did not touch his luggage which was thrown out with him, and did not go in the waiting room. What was he thinking on that cold, dark and lonely platform at that moment ? He saw the three options. (1) To leave South Africa for ever (2) To stay in South Africa and obey unjust rules and (3) To stay in South Africa and fight injustice.

He selected the third option and rest is the history.

So What really happend that night?

This elusive thing called 'Purpose' and 'Clarity of Purpose' entered his life and that was his first extraordinary moment. But limited to only within him. AND Yet imagine any of us who finds a passionate purpose, be it personal or universal. For him at that moment, it was 'I want to fight against this injustice.' That is all, HE did not know how or what he would do but he was clear about his purpose. Somewhere that night or the nights following that he must have also felt his own limitations and within that thinking he decided at that time to simply stick to the Truth and fight his way through only sticking by Truth in a non violent matter.

We dont know whether it was the passion of purpose or the planets were right those days, but he spoke and people listened.

That push must have made his resolve stronger and his method sharper and clearer – that of **'Satyagraha.'**

Such a noble thought had to have the universe aiding him and during that time he toned his other two qualities, that of discernment and delegation. He could guage and assess qualities in people and give them a task accordingly and in that he met some fine noble people who had sincerety, singlemindedness, commitedness and developed a totaly unflinching loyalty towards him.

Through trial and error, he discovered another very special lesson – to bring about a change in people, he must live and be that change and that is when he started experiments with himself. Countless stories of how when he wanted to teach a lesson to someone, or convince someone, he would first put himself through that test, alter that part within him and then go about bringing that change in the other.

That also makes me come to a part I am most fascinated by in the few people like Gandhi who have this quality – that of **'Aparigraha' (અપરિગ્રહ).** How does one steer away from beautiful things? How does one concsiously give up on luxuries, comforts, even necessities? Higher Purpose – yes but alongwith that purpose, to truly realise that Parigraha is the biggest distraction and obstacle towards self growth. I and thus we see at the height of his fame, when all the wealth was available to him from all his admirers, followers, he only and only used it for the journey towards **Swaraj (સ્વરાજ).** He embraced inner and outer discipline and thus everything outside of his purpose became valueless for him.

Then his qualities of perfection in the smallest of work and absolute emphasis on punctuality, his ability to work beyond his capacity and finally from dar to nidarta...

There are things and things already written about him, he has been dissected and criticised, he has been loved and revered, so what else to say?

But just that he is a real example of the fact that there is a 'Mahatma' in all of us, waiting to leap out, only if we can look beyond our trivialities, our smallmindedness, our ordinariness and we all have in us to transform our weakness into strengths.

Will end with what Sonal ben ended her mail to me with : **``we all have a Pitermaritzburg (Durban) station in our life. We all have options and what we select determines the course of our life."**

**Here is praying that we always select the path less trodden and are able to live to our highest human potential.'**

**Reshma Jain**
The Narrators
Tel: +91 99209 51074

## QUOTES BY MAHATMA....

*"If we have listening ears, God speaks to us in our own language, whatever that language is."*

*Strength does not come from winning. Your struggles develop your strengths. When you go through hardships and decide not to surrender, that is strength.*

*I cannot teach you violence, as I do not myself believe in it. I can only teach you not to bow your heads before any one even at the cost of your life.*

*The golden rule of conduct...is mutual toleration, seeing that we will never all think alike and we shall see Truth in fragments and from different angles of vision.*

*Conscience is not the same thing for all. Whilst, therefore, it is a good guide for individual conduct, imposition of that conduct upon all will be an insufferable interference with everybody's freedom of conscience*

*Democracy is not a state in which people act like sheep.*

*Truth resides in every human heart, and one has to search for it there, and to be guided by truth as one see it. But no one has a right to coerce others to act according to his own truth.*

*God, as Truth, has been for me a treasure beyond price. May He be so to every one of us.*

*There is nothing that wastes the body like worry, and one who has any faith in God should be ashamed to worry about anything whatsoever.*

*Each one has to find his peace from within. And peace to be real must be unaffected by outside circumstances.*

*Those who say religion has nothing to do with politics do not know what religion is.*

LESSON - 4 : TIRTHANKARAS

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

□ DR. KAMINI GOGRI

In the following article we will study about the fourth topic, Tirthankars, Agama and other Jain Literature.

**Tirthankars**

Tirthankars are those special virtuous souls who have attained ultimate eternal hapipness by liberation for themselves and have also shown the path of liberation for others. Jains believe in eternal cycles of time with rise and decline. Utsarpini is a `rising' era in which human morale and natural conditions improve over time. At the end of Utsarpini, begins Avasarpini, a `declining' era of the same length, in which human morale and virtues deteriorate. During the middle of every rising and declining era there are infinite souls who attain liberation but out of them only twenty-four souls become Tirthankaras. They are the humans like us who rise to highest spiritual level. While accumulating different karmas in past lives, they also accumulate and get a special karma called Tirthakar Nam Karma in the last 3rd of their life by performing one or more of the 20 special austerities. Tirthakar Nam Karma matures in the final life and leads the person to become a Tirthankara. After attaining omniscience, Tirthankara reorganizes Jain religion to suit the changing times and become a role-model and leader for those seeking spiritual guidance. `Savve Jiv Karu Shashan Rasi.' Since there are infinite Kala Chakras there are infinite Chauvisies. In present time Adinath is from 3rd Ara and remaining 23 tirthankaras are from 4th Ara.

**Definitions –**

Tirthankaras literally means builders of ford, which leads across the samsara i.e. the sea of suffering. The Tirthankara is the personage who shows the path to liberation (moksha). It also means the spiritual leader who established four Tirthas- sadhu (monk), sadhvi (nun), sravaka (layperson-male) and sravika (layperson-female). Tirtha also means Pravachana (sermon). Hence, Pravachankara is called Tirthankara.

By the term `Tirtha' is also meant the group of twelve Anga. Thus, Tirthankaras are so called because they are the authors of the meaning emobodied in Anga works composed by their direct disciples.

From this it can be derived that the title Tirthankara is peculiar to Jainism.

Scholars like Buhler and Jacobi are of the opinion that the meaning Tirthankara – prophet or founder of the religion – is a derivation from the Brahmanical use of the word Tirtha in the sense of `doctrine'.

**Emblems**

The emblems (symbols) associated with the Tirthankaras are drawn mostly from animal and vagetation life. Swastika, srivasta and nandyvarta, which traditionally have auspicious qualities, also posses great antiquity. Thunderbolt is the only object which is an astra used in warfare. These symbols suggest sublimation of the qualities possessed by chosen animals and vegetable forms.

| | | |
|---|---|---|
| 1. | Bhagavan Rishabha Dev- | Bull |
| 2. | Bhagavan Ajitnath | Elephant |
| 3. | Bhagavan Sambhavanath | Horse |
| 4. | Bhagavan Abhinandan | Monkey |
| 5. | Bhagavan Sumatinath | Curlew or Red Ghoose bird (Kronch) |
| 6. | Bhagavan Padmaprabha | Lotus |
| 7. | Bhagavan Suparshvanath | Swastika |
| 8. | Bhagavan Chandraprabha | Moon |
| 9. | Bhagavan Pushpadanta | Crocodile |
| 10. | Bhagavan Sitalanath | Kalpavriksha |
| 11. | Bhagavan Sreyansanath | Rhinoceros (Ghenda) |
| 12. | Bhagavan Vasupujya | Female Buffalo |
| 13. | Bhagavan Vimalanath | Pig |
| 14. | Bhagavan Anantanath | Baj |
| 15. | Bhagavan Dharmanath | Vajra |
| 16. | Bhagavan Santinath | Deer |
| 17. | Bhagavan Kunthunath | Goat |
| 18. | Bhagavan Aranath | Fish |
| 19. | Bhagavan Mallinath | Kalasa |
| 20. | Bhagavan Munisuvrata | Tortoise |



પોતાને છેતરવાની માનવીની શક્તિ અમાપ અને આશ્ચર્યજનક છે.

| | | |
|---|---|---|
| 21. | Bhagavan Naminath | Blue lotus |
| 22. | Bhagavan Neminath | Conch |
| 23. | Bhagavan Parshvanath | Snake |
| 24 | Bhagavan Mahavira | Lion |

**B. Agamas**

Meaning of the term Agama is `A' means complete and`Gama' means to gain. Agama is the scripture which gives complete knowledge. All religions regard Scriptural knowledge as the `Verbal Testimony', which is the knowledge derived from the words of a Trustworthy person (*Apta*). In Jaina tradition *Tirthankaras* are considered *Apta purusa*. *Agama* belongs to the second type of Knowledge known as *Srutajnana* (Scriptural Knowledge) according to Jainism.

Agamas are also as *Dvadasangi, Upadesa, Vacana, Aptavani, Pravacana, Siddhanta, Sruta, Sutra, Sutta* etc. They ae wirtten in Prakrit language (Ardha Magadhi, Paisachi, Maharashtri, etc.) the language of the masses spoken in North India during ancient period.

After the Nirvana of Lord Mahavira, Gautamswami headed the *Sangh* (Community) for 12 years, followed by Sudharmaswami who headed for next 12 years. He was followed by his disciple Jambuswami, who headed the Sangha for 38 years or 24 years. These three were *Arhat Kevalis*. After them, the Jaina community was under the leadership of five Srutakevalis, viz. Prabhavaswami, Sajjambhavasuri, Yasobhadrasuri, Sambhutivijayji and Bhadrabahu1. (according to Svetambara tradition) Vishnukumara, Nandimitra, Aparajita, Govardhana and Bhadrabahu 1(according to Digambara tradition). During the leadership of Bhadrabahu 1, there was a terrible famine in Magadha (part of Northern India), which lasted for 12 long years. Bhadrabahu professed this famine and so he migrated to Southern India near the place called Kanara, along with Chandragupta Maurya and 12000 monks.The monks who resided in Magadha were under the leadership of Sthulabhadra. After the end of the famine Sthulabhadra organized a meeting to complete the scriptures, as during that time scriptures were memorized and not written. Therefore it became inevitable to organize a meeting to know, exactly the content of the Agamas remembered by the surviving monks. The meeting organized for the preservation and conservation and conservation of the scriptures is called as *Vacana*. In all there were four *Vacanas* arranged, as follows.

| COUNCIL | PERIOD | HEAD | PLACE |
|---|---|---|---|
| First | 3rd Century BCE | Sthulabhadra | Patliputra |
| Second | 4th Century CE | Arya Skandil | Mathura |
| Third | 3rd Century CE | Nagarjunasuri | Vallabhi |
| Fourth | 5th or 6th Century CE | Devardhigani ksamasramana | Vallabhi |

**CLASSIFICATION**

In the last Vacana finally the Agamas were written down, that is approximately 1000 years after the Nirvana of Lord Mahavira. In all presently there are 45 scriptures, which are classified as follows; according to the tradition, the canonical literature originated from the *first tirthankara* Adinatha. It was forgotten and revived from time to time by *tirthankara* succeeding Adinatha. The last tirthankara Mahavira's teachings were recorded in twelve sections known *as angas*. The last part contains the teachings of fourteen earlier works called *purva*. A council was formed in c.300 BCE at Patliputra for compilation of the scriptures. However the last Anga was unknown to everyone. So Jain monks were sent to Bhadrabahu to retrieve it. Bhadrabahu was a *sutra-kevali* according to Jain tradition. *Sutra-kevalies* are individuals who had memorised all Jain scriptures and could recite them out of memory. Of the whole delegation, only Sthulabhadra, a Jain monk learnt the *purva*, while the others found themselves incapable of receiving the knowledge. However, Bhadrabahu did not allow Sthulabhadra to teach the last four *purva* to anyone. The knowledge of ten *purva* were passed on heriditarily up to seven generations of the teachers before it was lost permanently. The Vallabhi council was commissioned in c. 5th century CE to write down the scriptures. The council was headed by Devarddhi. The scriptures compiled by this council forms the canonical texts of the Swetambara *Svetambara* sect. The *Digambara* sect of Jainism share the opinion that Bhadrabahu knew the scriptures. However, according to the *Digambara* tradition, the knowledge of the twelve *angas* were also lost along with the fourteen *purva*. Svetambara sect thus claim to have the correct but incomplete canonical literature where as texts written in a later period guide the principles of the

*Digambara*. The Svetambara canonical literature consists of forty-five texts. There are eleven *anga*, twelve *upanga*, ten *prakrina*, six *chedasutra*, two *sutra* and four *mulasutra*. Further, Svetambara also have *niyukti* and other works which are added to these forty-five texts. The holy texts of Svetambara thus comes to around eighty-four. There are also thiry-six *nigama* which serves as a supplement to *agama.* There are some branches within Svetambara sect which do not regard all these texts as authoritative. For instance, the Sthanakavasi sect regards only thirty-two of these as their holy books. Digambar sect believes that there were 25 *Agama-sutras* (*11 Anga sutras + 14 Anga-Bahya-sutra*) complied from the original preaching of Lord Mahavira. However, they were gradually lost starting about two hundred years after Lord Mahavira's *nirvana*, except certain portion of *Dristivada*, the 12th *Anga sutra*. Hence the existing *Agama-sutras* (which are accepted by the Swetambar sects) are not accepted by them as authentic scriptures.

In the absence of authentic scriptures, Digambaras consider the following two works as the *Agama* substitute texts. These scriptures were written by great *Acharyas* from 100 to 800 CE and are based on the original *Agama sutras*. They are:-

**Satakhandagama**

This Digambar scripture is also known as *Maha-kammapayadi-pahuda* or *Maha-karma-prabhrut*. It was written by two *Acharyas*, Pushpadant and Bhutabali, disciples of *Acharya Dharasena* around 160 CE. The second *Purva-agama* named *Agrayaniya* was used as the basis for this scripture. The scripture contains six volumes.

Jivasthana, Kshulakabandha, Buddhasvamitavichaya, Vedana, Vargana and Mahabandha.

Acharya Virsena wrote two commentary texts, known as Dhavala-tika on the first five volumes and *Maha-dhavala-tika* on the sixth volume of this scripture, around 780 CE.

**Kashaya-pahuda (Kashaya Prabhruta)** : This scripture was written by *Acharya* Gunadhara, based on the fifth *Purva-agama* named Jnana-pravada. *Acharya* Virsena and his disciple, Jinsena, wrote a commentary text known as *Jaya-dhavala-tika* on it around 780 CE.

**C. Other Literature.**

In addition to their canons and commentaries, the Svetambara and Digambara traditions have produced a voluminous body of literature, written in several languages, in the areas of philosophy, poetry, drama, grammar, music, mathematics, medicine, astronomy, astrology, and architecture. In Tamil the epics *Chilappatikaram* and/*Jivikachintamani*, which are wirtten from a Jain perspective, are important works of early postclassical Tamil literature. Jain authors were also an important formative influence on Kannada literature.

The Jain lay poet *Pampa's Adipurana* (another text dealing with the lives of Rishabha, Bahubali, and Bharata) in the earliest extant piece of *mahaakvya* (`high poetic') Kannada literature. Jains were similarly influential in the *Prakrit languages*. Apabhramsha, Old Gujarati and later, Sanskrit. A particular forte of Jain writers was narrative, through which they promoted the religion's ideals. The most remarkable example of this is the huge Sanskrit novel. T*he Story of Upamiti's Series of Existences* by the 10th century Shvetambara monk Siddharshi. Of particular importance, both as a systemization of the early Jain worldview and as an authoritative basis of later philosophical commentary, is the *Tathvartha-sutra* of Umasvati, whose work is claimed by both the Digambara and Umasvamin communities. Composed early in the Common Era, the *Tattvartha-sutra* was the first Jain philosophical work in Sanskrit to address logic, epistemology, ontology, ethics, cosmography and cosmogony.

Digambaras also value the Prakrit works of Kundakunda (c. 2nd century, though perhaps latter), including the *Pravachanasara* (on ethics), the *Samayasara* (on the essence of doctrine), the *Niyamasara* (on Jain monastic discipline), and the six *Prabhritas* (`Chapters'; on various religious topics), Kundakunda's writings are distinguished by their deployment of a two perspective (*naya*) model, according to which all outward aspects of Jain practice are subordinated to an inner, spirtual interpre-

tation.

The details of Jain doctrine did not change much throughout history, and no major philosophical disagreements excercised Jain intellectuals. The main concerns of the medieval period were to ensure that scriptural statements were compatible with logic and to controvert the rival claims of the Hindus and the Buddhists.

Bhadrabahu (c. 300 BCE) is considered by the Jains as last *sutra-kevli* (one who has memorized all the scriptures). He wrote various books known as *niyakti*, which are commentaries on those scriptures. He also wrote *Samhita*, a book dealing with legal cases. Umaswati (c. 1st century CE) wrote *Tattvarthadhigama-sutra* which briefly describes all the basic tennets of Jainism, Siddhasena Divakara (c. 650 CE), a contemporary of Vikramaditya, wrote *Nyayavatra* a work on pure logic. Haribhadra Suri (c. 1088-1072 CE) wrote *Yogasutra*, a textbook on yoga and *Adhatma Upanishad*. His minor work Vitragastuti gives outlines of the Jaina doctrine in form of hyms. This was later detailed by Mallisena (c. 1292 CE) in his work *Syadavadamanjari.* Devendrasuri wrote *Karmagrantha* which discusses the theory of Karma in Jainism. Gunaratna (c. 1440 CE) gave a commentary on Haribhadra's work Dharmasagara (c. 1573) wrote *kaupaksakausi-kasahasrakirana* (Sun for the owls of the false doctrine). In this work he wrote against the Digambara sect of Jainism. *Lokaprakasa* of Vinayavijaya and *pratimasataka* of Yasovijaya were written in c. 17th century CE. *Lokaprakasa* deals with all aspects of Jainism. *Pratimasataka* deals with metaphysics and logic. Yasovijaya defends idol-worshiping in this work. A recent work in Jaina theology is *Jainatattvajnana* written by Vijay Dharma Suri in 1917 CE. Srivarddhaeva (aka Tumbuluracrya) wrote a Kannada commentary on *Tattvarthadigama-sutra.* This work has 96000 verses. This work is praised in various inscriptions but it is lost. Jainendravyakarnana of Pujyapada Devanandi and *Sakatayana-vyakarana* of Sakatayana are the work on grammar written in c. 9th century CE. Siddhahemacandra by Hemacandra (c. 12th century CE) is considered by E. Kielhorn as the best grammar work of the Indian middle age. Hemacandra's book *Kumarapalacaritra* is also noteworthy.

**Narrative literature and poetry**

Jaina narrative literature mainely contains stories about-sixty-three prominent figures known as *Salakapurusa*, and people who were related to them. Some of the important works are *Harivamshapurana* of Jinasena (c. 8th century CE), Vikramarjuna-Vijaya (also known as Pampa-Bharata) of Kannada poet named Adi Pampa (c. 10th century CE), *Pandavapurana* of Shubhachandra (c. 16th century CE). Paumacariya of Vimalssuri (c. 3rd or 4th century CE), *Padma-purana* of Ravisena (c. 660 CE) and *Ramacandracaritra-purana* (also known as *Pampa-Ramayana*) of Pampa II (c. 1100 CE) have the stories of the legendary figure Rama.

(To be continue)

76/C, Mangal, 3/15, R.A.K. Road, Matunga,
Mumbai-400 019. Mobile: 9819179589 / 9619379589
Email : kaminigogri@gmail.com

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી**

**પ્રબુદ્ધ જીવન સૌજન્ય કોર્પસ ફંડ**

| રૂપિયા | નામ |
|---|---|
| ૩૦૦૦૦૦ | પ્રસન એન. ટોલીયા (પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'પ્રબુદ્ધ જીવન'નાં પ્રકાશન અર્થે) |
| ૩૦૦૦૦૦ | કુલ રકમ |

**કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૧૦૦૦૦૦ | પ્રસન એન. ટોલીયા |
| ૧૦૦૦૦૦ | કુલ રકમ |

**જમનાદાસહાથીભાઇ અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૧૦૦૦૦૦ | પ્રસન એન. ટોલીયા |
| ૧૦૦૦૦૦ | કુલ રકમ |

**જનરલ ડોનેશન ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦ | રશ્મિન સંઘવી |
| ૫૦૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન સૌજન્ય**

| | |
|---|---|
| ૨૦૦૦૦ | પ્રહીર ફાઉન્ડેશન (ગૌતમ હીરાલાલ ગાંધી) જાન્યુ-૨૦૧૫ |
| ૨૦૦૦૦ | બામ્બે મિનરર્લસ (દીનાબેન તથા ચેતનભાઇ) ફેબ્રુ-૨૦૧૫ |
| ૪૦૦૦૦ | કુલ રકમ |

# ગાંધીજીવનના અંતિમ અધ્યાયની તસવીરો-ઝલક



નોઆખલીમાં પગપાળા ફરતા મહાત્મા ગાંધી



મહાત્મા ગાંધીજી અને તેમની
'લાકડીઓ'-મનુ ગાંધી અને આભા ગાંધી



મહાત્મા ગાંધી
છેલ્લા વાઈસરોય લૉર્ડ માઉન્ટબેટન
અને એડવિના માઉન્ટબેટન સાથે



મહેરુલીની દરગાહમાંથી નીકળતા
મહાત્મા ગાંધી ઉપવાસ પછી અને મૃત્યુ પહેલાં
લેવાયેલી અંતિમ તસવીરોમાંની એક



ગાંધીજીના છેલ્લા ઉપવાસ



મહાન આત્માની ચિરવિદાય



અંતિમ દર્શન



અંતિમ યાત્રા વખતે ઊમટેલો માનવ મહેરામણ



મહાત્માની ચિંતનશીલ મુદ્રા

Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# सेवक की प्रार्थना

हे नम्रता के सम्राट्!
दीन भंगी की हीन कुटिया के निवासी!
गंगा, यमुना और ब्रह्मपुत्रा के जलों से सिंचित
इस सुन्दर देश में
तुझे सब जगह खोजने में हमे मदद दे।
हमें ग्रहणशीलता और खुला दिल दे।
तेरी अपनी नम्रता दे;
दिन्दुस्तान की जनता से
एकरूप होने की शक्ति और उत्कण्ठा दे।
हे भगवन्!
तू तभी मदद के लिए आता है,
जब मनुष्य शून्य बनकर, तेरी शरण लेता है।
हमें वरदान दे,
कि सेवक और मित्र के नाते
जिस जनता की हम सेवा करना चाहते हैं,
उससे कभी अलग न पड़ जायें।
हमें त्याग, भक्ति और नम्रता की मूर्ति बना,
ताकि, इस देश को हम ज्यादा समझें
और ज्यादा चाहें।

[ મહાત્મા ગાંધીએ જીવનમાં એક જ કાવ્ય લખ્યું હતું, તે આ. તેમણે તો તેને ફકરારૂપે જ લખેલું. ૧૯૬૭માં વસંત દેસાઈએ તેને સ્વરબદ્ધ કર્યું અને મન્ના ડે પાસે ગવડાવ્યું. આ અદ્ભુત રેકોર્ડ ઇન્ડિયન રેકોર્ડ કલેક્ટર્સ એસોસિએશન પાસે ઉપલબ્ધ છે. ]

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

અનેકાન્તવાદ, સ્યાદ્‌વાદ અને નયવાદ વિશેષાંક

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 2, ISSUE : 12, MARCH 2015, PAGES 140. PRICE 20/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ-૬૩) • અંક ૧૨ • માર્ચ ૨૦૧૫ • પાનાં ૧૪૦ • કીમત રૂા. ૨૦/-



एकेनाकर्षन्ती श्लथयन्ती वस्तुतत्त्वमितरेण ।
अन्तेन जयति जैनी नीतिर्मन्थाननेत्रमिव गोपी ।।

આ પ્રતીકાત્મક ચિત્ર અનેકાન્ત દૃષ્ટિ માટેની સુંદર સમજ આપે છે. જ્યારે ગોપી છાશને વલોવે છે ત્યારે એક દોરી ખેંચે એ સમયે બીજી દોરી ઢીલી પડે અને એ જ રીતે બીજી દોરી ખેંચે ત્યારે પહેલી દોરી ઢીલી પડે છે. આમ કરતી વખતે તેની દૃષ્ટિ માખણ ઉપર હોય છે નહીં કે દોરી ઉપર અને તેથી જ માખણ પ્રાપ્ત થાય છે અને એ જૈન દર્શનનું પ્રતીક છે. કોઈ પણ એક દૃષ્ટિને પકડીને ચાલીએ તો મંથન ન જ થાય અને મંથન ન થાય તો માખણ ન નીકળે અર્થાત્ તત્ત્વદર્શનની પ્રાપ્તિથી દૂર રહી જવાય. જૈન ગોપીરૂપી દૃષ્ટિ ત્યારે જ વિજય પામે જ્યારે સમગ્રતા પર ધ્યાન આપે નહીં કે કોઈ એક દોરી રૂપી વિચાર પર.

સૌજન્ય : અનેકાન્ત સામયિક

## જિન-વચન

**વચનરૂપી કાંટા સહન કરનાર પૂજ્ય છે!**

सक्का सहेउं आसाए कंटया
अओमया उच्छहया नरेणं ।
अणासए जो उ सहेज्ज कंटए
वईमए कण्णसरे स पुज्जो ।।
(द. ९-(३)-६)

ઉત્સાહી માણસ ધન કે બીજા કશા સ્વાર્થની આશામાં લોઢાના કાંટા (ખીલા) સહન કરી શકે છે, પરંતુ કોઈ પણ જાતની આશા રાખ્યા વગર વચનરૂપી કાંટા જે સહન કરે છે તે પૂજ્ય છે.

An enthusiastic person will be prepared to bear even the torture of iron nails to get wealth or some other reward, but a person who bears the tortue of nail-like words without any expectation is indeed respectable.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબ સાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## સપ્તભંગી

**પ્રથમ ભંગ :**
'બેરિસ્ટર ચક્રવર્તી' ઉદાર 'છે'.

**બીજો ભંગ :**
'બેરિસ્ટર ચક્રવર્તી' ઉદાર 'નથી.'

**ત્રીજો ભંગ :**
'બેરિસ્ટર ચક્રવર્તી' ઉદાર 'છે અને નથી'.

**ચોથો ભંગ :**
'બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા' અવક્તવ્ય 'છે'.

**પાંચમો ભંગ :**
'બેરિસ્ટર ચક્રવર્તી'ની ઉદારતા 'છે' અને 'અવક્તવ્ય' 'છે'.

**છઠ્ઠો ભંગ :**
'બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા' નથી અને 'અવક્તવ્ય' 'છે'.

**સાતમો ભંગ :**
'બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા' છે, નથી અને અવક્તવ્ય છે'.

આ અંગેનો 'બેરિસ્ટર ચક્રવર્તી'નો લેખ અંદર વાંચો

जे विणा वि लोगस्स, ववहारो सव्व हा निव्वडइ
तस्स भुवणेक गुरूणो, णमो अणे गंतवायस्स
आचार्य सिद्धसेन दिवाकर

*તું કહે તે હોય અને હું કહું તે ય હોય,*
*સત્ય આપણા બેઉનું ગર્વમુક્ત હોય.*
*વાદ-વિવાદથી સહુની મુક્તિ હોય,*
*વાડાના બંધનોથી મનુષ્ય પર હોય.*
*નિજ આત્મ તત્વ ઢંઢોળવું,*
*દ્વેષતણાં ભારથી મન મુક્ત હોય.*
*જ્ઞાનથી મોટો ગુરુ નહિ ને*
*સમજણથી મોટો મિત્ર નહિ,*
*જે સમજ્યો માનવ મનને*
*તેની અનંત સુખ ભણી ગતિ હોય.*

# પ્રબુદ્ધ જીવન

## અનેકાન્તવાદ, સ્યાદ્વાદ અને નયવાદ વિશેષાંક

માર્ચ ૨૦૧૫

## સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | વિશ્વશાંતિ માટેનો અજોડ વિચાર : અનેકાન્તવાદ | ડૉ. ધનવંત શાહ | ૦૫ |
| ૨ | જૈન ધર્મ અને અનેકાન્તવાદ : આ વિશિષ્ટ અંકની માનદ વિદુષી સંપાદિકા : ડૉ. સેજલ શાહ | ડૉ. ધનવંત શાહ | ૦૮ |
| ૩ | એક નાની વાત | ડૉ. સેજલ શાહ | ૦૯ |
| ૪ | અનેકાન્ત જીવન તરફ | ડૉ. સેજલ શાહ | ૦૯ |
| ૫ | અનેકાંતવાદ : સમસ્યામય જીવનમાં સમન્વયનું મેઘધનુષ | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૮ |
| ૬ | અનેકાન્તવાદ સૈધ્ધાંતિક પક્ષ | ડૉ. નરેશ વેદ | ૨૫ |
| ૭ | જૈન દર્શનમાં નય | ડૉ. જિતેન્દ્ર શાહ | ૨૮ |
| ૮. | શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં અનેકાન્તવાદ | પ્રતાપકુમાર ટોલિયા | ૩૧ |
| ૯ | અનેકાન્તદર્શન : તત્ત્વ અને તંત્ર | ડૉ. બળવંત જાની | ૩૨ |
| ૧૦ | જીવનના વ્યવહારમાં અતિશય ઉપયોગી અનેકાન્તવાદ...સ્યાદ્વાદ...અને નયવાદ | પંન્યાસ ડૉ. અરુણવિજય મ. સા. | ૩૪ |
| ૧૧ | અનેકાન્તવાદ સિધ્ધાંત ઔર વ્યવહાર | ડૉ. સાગરમલ જૈન | ૩૮ |
| ૧૨ | દર્શનોનું દર્શન : અનેકાન્તવાદ | ભાણદેવજી | ૪૧ |
| ૧૩ | અનેકાન્તદર્શન | ભાણદેવજી | ૪૪ |
| ૧૪ | અનેકાન્તવાદની વ્યવહારિક ભૂમિકા | ગુણવંત બરવાળિયા | ૪૭ |
| ૧૫ | અનેકાન્તવાદ અને સાપેક્ષવાદ | ડૉ. જે. જે. રાવલ | ૫૧ |
| ૧૬ | સ્યાદ્વાદ | દિનકર જોષી | ૬૧ |
| ૧૭ | શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીની અનેકાન્તવાદની ઘોષણા | ડૉ. રેણુકા પોરવાલ | ૬૪ |
| ૧૮ | અનેકાન્તવાદ : વ્યાવહારિક પક્ષ | ડૉ. નરેશ વેદ | ૬૬ |
| ૧૯ | જૈનદર્શન અને અનેકાન્તવાદ | સંપાદન : સૂર્યવદન ઠાકોરદાસ જવેરી | ૬૮ |
| ૨૦ | અનેકાન્તવાદ અને સમ્યક્જ્ઞાન | પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ | ૭૩ |
| ૨૧ | આનંદઘનજીના સ્તવનોમાં અનેકાંત | ડૉ. અભય દોશી | ૭૭ |
| ૨૨ | સામાજિક સૌહાર્દ, સમરસતા અને અનેકાન્તવાદ દૃષ્ટિ | ડૉ. વીરસાગર જૈન | ૮૦ |
| ૨૩ | અનેકાન્ત, સ્યાદ્વાદ એવં સપ્તભંગી : એક સંક્ષિપ્ત વિવેચન | ડૉ. વીરસાગર જૈન | ૮૩ |
| ૨૪ | આગમની દૃષ્ટિએ અનેકાન્તવાદ | વર્ષા શાહ | ૮૫ |
| ૨૫ | અનેકાન્તવાદ અને ઉપનિષદની દાર્શનિક વિચારણા | ડૉ. નિરંજના જોષી | ૮૯ |
| ૨૬ | અનેકાન્તવાદ : સાત નયોનું વૈચારિક મેઘધનુષ્ય | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૯૫ |
| ૨૭. | અપેક્ષા | ચંદુલાલ સકરચંદ શાહ | ૯૮ |
| ૨૮. | બેરિસ્ટર ચક્રવર્તી | ચંદુલાલ સકરચંદ શાહ | ૧૦૧ |
| ૨૯. | ભારતીય દર્શનોનું સમન્વયતીર્થ | ડૉ. રશ્મિ ભેદા | ૧૦૬ |
| ૩૦. | અહિંસા–અનેકાંતના પરિપેક્ષ્યમાં | પાર્વતી નેણશી ખીરાણી | ૧૦૯ |
| ૩૧. | ખ્રિસ્તી ધર્મ અને અનેકાન્તવાદ | સંકલન : ડૉ. થોમસ પરમાર | ૧૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૩૨. | સંઘર્ષની સમાપ્તિ અને સંવાદિતાનો સેતુ એટલે મહાવીર સ્વામીનો અનેકાન્તવાદ | શ્રીમતી પારુલબેન બી. ગાંધી | ૧૧૪ |
| ૩૩ | Seeker's Diary -- On Anekantvad | Reshma Jain | 119 |
| ૩૪ | Application of Anekantvad : Multidynamic Vision | Dr. (Kumari) Utpala Kantilal Mody | 121 |
| ૩૫. | Anekantvada | Dr. Kokila Hemchand Shah | 122 |
| ૩૬. | અવસર | —- | ૧૨૩ |
| ૩૭. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનેપ્રાપ્ત થયેલ અનદાનની યાદી | — | ૧૨૬ |
| ૩૮. | ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન | — | ૧૨૭ |
| ૩૫. | ભાવ-પ્રતિભાવ | — | ૧૨૯ |
| ૩૬ | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૩૩ |
| ૩૭. | Enlighten Yourself By Study Of Jainology Lesson 5 : Jain Cosmology &Cycle of the Time | Dr. Kamini Gogri | 135 |
| ૩૮. | Siddhasena Divakar (Pictorial Feature) | Dr. Renuka porwal | 139 |
| ૩૯. | પંથે પંથે પાથેય...જે અનંત છે એની પ્રાપ્તિ તરફ... | — | ૧૪૦ |



**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ३०० |
| ૮ | जैन धर्म दर्शन | ३०० |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૩૯ | **.ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | રૂા. ૩૦૦ |
| ૪૦ | **ઈલા દીપક મહેતા સંપાદિત સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ | રૂા. ૩૫૦ |

**ઉપરનાબધાપુસ્તકોસંઘનીઑફિસેમળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨(કુલ વર્ષ ૬૩) ● અંક : ૧૨ ● માર્ચ ૨૦૧૫ ● વિક્રમ સંવત ૨૦૭૧ ● વીર સંવત ૨૫૪૧ ● ફાગણ વદિ તિથિ-૧૦ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

## અનેકાન્તવાદ, સ્યાદ્વાદ અને નયવાદ વિશેષાંક

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●    ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ વિશિષ્ટ અંકની માનદ વિદુષી સંપાદિકા

ડૉ. સેજલ શાહ

# વિશ્વશાંતિ માટેનો અજોડ વિચાર

# અનેકાન્તવાદ

### તંત્રી સ્થાનેથી...

'પ્રબુદ્ધ જીવન'ના વિશિષ્ટ અંકો – ઑગસ્ટનો 'કર્મવાદ' અને ઑક્ટોબરનો 'જૈન તીર્થ વંદના' વાંચી વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને સામાજિક કાર્યકર, સાહિત્યપ્રેમી અને તત્ત્વજિજ્ઞાસુ મારા મિત્ર શ્રીકાંત વસાએ નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં એ અંકો માટેનો પોતાનો રાજીપો વ્યક્ત કરી 'જૈન ધર્મ અને અનેકાંતવાદ' વિષે એવો જ દળદાર અંક પ્રકાશિત કરવાનું મને પ્રેમભર્યું સૂચન કર્યું અને સાથોસાથ આ અંકનું સૌજન્ય સ્વીકારવાની ભાવના પણ વ્યક્ત કરી. ઉપરાંત એવી પણ ઈચ્છા વ્યક્ત કરી કે આ ગહન વિચારની પ્રસ્તુતિ વાચકો સમક્ષ સરળ ભાષામાં બાળ જિજ્ઞાસુઓને સમજાય એ રીતે થાય.

મેં આનંદ અને ઉત્સાહપૂર્વક આ મિત્રની ઈચ્છા અને સૂચનો સ્વીકારી લીધા.

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રીમતી ઇન્દુમતિબેન એસ. વસા**

બાવીસમા જૈમ સાહિત્ય સમારોહની એક બેઠકનું સફળતાપૂર્વક કરેલ સંચાલન અને ૮૦મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'નય પ્રમાણથી મન પ્રમાણ સુધી' જેવા ગહન વિષય ઉપર સરળતાથી પોતાનું વક્તવ્ય પીરસનાર અને સર્વ જિજ્ઞાસુ શ્રોતાઓને પ્રભાવિત કરનાર ડૉ. સેજલ શાહ મારા મનમાં ગોઠવાઈ ગયા હતા અને મનોમન હું એમની પ્રતિભાનો 'પ્રબુદ્ધ જીવન' માટે ક્યાંક ઉપયોગ કરવાનો વિચાર કરતો હતો ત્યાં મિત્ર શ્રીકાંતભાઈનું આ સૂચન– આમંત્રણ મળ્યું એટલે આ ગહન ચિંતનાત્મક વિષયના અંકના સંપાદન માટે મને ડૉ. સેજલનો જ વિચાર આવે એ સ્વાભાવિક છે, અને બહેન સેજલને મેં સીધો 'આદેશ' જ કરી દીધો, અને 'હા-ના, મારાથી આવા ગહન વિષયને ન્યાય નહિ અપાય' વગેરે વગેરે ઘણી ચર્ચા–દલીલો અમારા વચ્ચે થઈ અને અંતે મારા પ્રેમાગ્રહની

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260.
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

જીત થઈ. બહેન સેજલ શાહ પાસે ત્રણ મહિનાનો સમય હતો, વિષય ગહન હતો અને તજજ્ઞ વિદ્વાનો પાસે આ વિષયના જુદાં જુદાં પાસાં ઉપર લખાવડાવવાનું હતું. હું તો સાવ અળગો થઈ ગયો હતો. અને બહેન સેજલને એકલે હાથ આ મહાસાગર ખેડવાનો હતો. પરંતુ પોતે સંશોધનનાં વિદ્યાર્થિની, કૉલેજ અને પ્રાધ્યાપન દરમિયાન આવા ઘણાં પ્રકલ્પ-પ્રોજેક્ટો-એમણે કર્યા હતાં. ઉપરાંત આ વિષયની ઊંડાણપૂર્વકની એમને સૂઝ હતી, કેટલાંક લેખો ન મળ્યા તો પુસ્તકો-ગ્રંથોનું અધ્યયન કરી એ વિચારોનું સંકલન કર્યું, આમ અતિ પરિશ્રમથી ડૉ. સેજલે આ જ્ઞાનસમૃદ્ધ અંક તૈયાર કર્યો.

મિત્ર શ્રીકાંતભાઈએ મને ખાસ કહ્યું હતું કે, આ ગહન વિષયને સરળ ભાષામાં સમજાવવો, પણ એ શક્ય ખરું ?

અનેકાંતવાદ એ વિશ્વને જૈનધર્મની અમૂલ્ય-અજોડ ભેટ છે. આ વિચાર સાથે સ્યાદ્વાદ અને સાપેક્ષવાદ પણ સંકળાયેલા છે.

આ વિષય ઉપર આ અંકમાં તજજ્ઞ વિદ્વાનોએ ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરી છે. વાચક જેમ જેમ એ લેખોમાં પ્રવેશશે તેમ તેમ આ વિષયની સમજ એમને પ્રાપ્ત થતી જશે, એ સમજ જિજ્ઞાસુ વાચકને પોતાના વ્યવહાર જીવનમાં ઉપયોગી થશે, અને તેથી જીવનમાં શાંતિ અને સમજની સ્થાપના કરી સકશે, ઉપરાંત આ સમજ થકી મોક્ષ માર્ગની યાત્રાના સોપાનોનું પણ આરોહણ કરી શકશે.

અનેકાંતવાદની ખૂબ જ સાદી સમજ એ કે વ્યક્તિએ અન્ય વ્યક્તિના દૃષ્ટિકોણને સમજવો, એ અન્ય વ્યક્તિના સ્થાને પોતે બિરાજી એ વ્યક્તિની દૃષ્ટિથી તત્ત્વને અને વિચારને સમજવો. પ્રત્યેક પાસે પોતાનું સત્ય હોય છે. એ સત્યને સમજવું, પોતાના સત્યનો દુરાગ્રહ રાખ્યા વગર.

ચાર અંધજનને હાથી પાસે લઈ જઈને પૂછ્યું કે હાથી કેવો છે ? તો જેના હાથમાં સૂંઢ આવી, જેના હાથમાં પૂંછ આવી, જેના હાથમાં પગ આવ્યા, જેના હાથમાં જે આવ્યું એવો હાથી છે એવું એ દરેક કહેશે. એ બધાંનું પોતાનું સત્ય છે, પણ એ એકબીજાના સત્યથી જુદું છે છતાં જે જે જે કહે છે એ સત્ય છે જ. અહીં એક અંત નથી, અનેક અંત છે, આ અનેકાંત વાદ.

બીજો દાખલો, એક વ્યક્તિ એક વ્યક્તિનો પિતા છે, બીજીનો પતિ છે, ત્રીજીનો ભાઈ છે અને ચોથાનો પુત્ર છે. સંબંધમાં આ બધાંને પોતપોતાના સત્યો છે, પણ વ્યક્તિ તો એક જ છે. કોઈ એમ નહિ કહી શકે કે આ મારો પિતા છે એટલે તારો પતિ કે ભાઈ નથી.

ભગવાન મહાવીરે આ સિદ્ધાંત-વિચાર આપ્યો, આ દૃષ્ટિથી બધા એક બીજાને જૂએ તો દુરાગ્રહને તિલાંજલિ અપાય અને પોતાના મતાગ્રહ માટે હિંસાનો પ્રારંભ ન થાય. આવી જ રીતે પ્રત્યેક ધર્મ અન્ય ધર્મની દૃષ્ટિ, એ ધર્મના આસન પાસે બેસીને એ ધર્મની સમજ કેળવે તો જગતમાં ધર્મના કોઈ ઝઘડા ન થાય.

'મારી વાત સાચી છે, પણ તમારી વાત પણ સાચી હોઈ શકે,' એના સ્થાને 'મારી વાત જ સાચી છે, અને તમારી વાત મારે સમજવી જ નથી' તો અંતે તો મતભેદથી મનભેદ અને હિંસાનો પ્રારંભ.

'તું પણ તારી રીતે સાચો હોઈ શકે અને હું પણ મારી રીતે સાચો હોઈ શકું.'

વાચકને આ અંકના મુખપૃષ્ટ અને એની નીચે આપેલા સંસ્કૃત શ્લોકની સમજને ધ્યાન અને ચિંતનની દૃષ્ટિથી જોવા વિનંતી કરું છું. અનેકાન્તવાદના હાર્દને સ્પષ્ટતાથી સમજી શકાશે.

આવી રીતે જ જગતના રાજકારણીઓ એકબીજાના સત્યને સમજવાની કોશિશ કરે તો લડાઈનો પ્રારંભ જ ન થાય.

એટલે જ અનેકાંતવાદ એ વિશ્વશાંતિનો અજોડ અને અમૂલ્ય વિચાર છે.

માનવી પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી પણ એના સત્યને જોશે અને મંથન કરશે તો એને બીજાનું સત્ય પણ કદાચ સત્ય લાગશે, આવું સ્વીકારવાથી પૂરું જગત શાંત થઈ જશે.

મૂળ વસ્તુ એકની એક હોવા છતાં જુદા જુદા સ્વરૂપો જુદા જુદા નામથી ઓળખાય છે. આ જુદા જુદા સ્વરૂપો પાછાં પરસ્પર વિરોધી ગુણોવાળા હોય છે. જેમ કે મૂળ લોખંડ છે, એમાંથી મારવાની તલવાર બને અને બચાવવાની ઢાલ પણ બને, જુદા કરવાની કાતર બને અને ભેગા કરવાની સોય પણ બને. ઝેર મરણ બને છે તો એ જ ઝેર ઔષધ રૂપે જીવન પણ બને છે.

અનેકાંતવાદની પૂર્વ શરત એ છે કે વ્યક્તિએ સર્વ પ્રથમ અહં અને પૂર્વગ્રહ મુક્ત થવું, તો જ સત્ય પાસે પહોંચી શકાય. કારણ કે પ્રત્યેક વસ્તુમાં એક નહિ અનેક ધર્મો હોય છે. આ બધા ધર્મોને એના પરિમાણ-એન્ગલથી સમજવા એ જ અનેકાંતવાદ.

પરંતુ આ અનેકાંતવાદ સમજવો આટલો જ સરળ નથી. આ વિચાર ઉપર જૈનાચાર્યો અને વિદ્વદ્જનોએ મહાગ્રંથો લખ્યા છે અને આ વિચારની વિશદ ભાષ્ય છણાવટ કરી છે. આ પ્રતીતિ આ અંકના અંદરના પૃષ્ઠો વાંચતા વાચકને અવશ્ય થશે.

આ અનેકાંતવાદ સાથે 'નય' શબ્દ જોડાયો છે. નય એટલે દૃષ્ટિ, વિચાર, વિચારક્રમ. આ 'નય'ની પણ આ અંકમાં વિશદ ચર્ચા છે.

એક વ્યક્તિ બીજી વ્યક્તિના વિચાર પાસે જાય તો સર્વપ્રથમ તો તેના 'દ્વેષ'નો છેદ ઊડી જાય છે, જેવો આ કષાય મંદ પડ્યો એટલે નવા કર્મોના પ્રવેશનો નિષેધ થયો. મન જેવું રાગ-દ્વેષથી મુક્ત થયું તેવું જ એના માટે મોક્ષનું દ્વાર ખૂલી ગયું સમજવું. આ મોક્ષ

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/-(U.S. $ 20) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/-(U.S. $ 50) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/-(U.S. $ 80)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/-(U.S. $180) • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260.

માર્ગે આગળ વધવા માટે સાત નયોને સમજવા જરૂરી છે. જેને સપ્તભંગી કહે છે. ઘડો માટીમાંથી બને છે. જો આ ઘડો તૂટી જાય તો માટી તો હજુ ઉપસ્થિત છે એટલે ઘડો નથી, તો પણ ઘડો છે જ, આવા સાત નયો વ્યક્તિને આત્મજ્ઞાન પાસે લઈ જાય છે.

**જિજ્ઞાસુને વિનંતિ છે કે ધીરજપૂર્વક આ અંકની અંદરના લેખો વાંચે, મન સાથે ચર્ચા–ચિંતન કરશે તો અમને શ્રદ્ધા છે કે જિજ્ઞાસુને મોક્ષની ચાવી અવશ્ય મળી જશે.**

આ વિષય ઉપર હવે વધુ ચર્ચા નથી કરતો. જિજ્ઞાસુ વાચકને આ અંકની અંદર ઘણું વાંચવાનું છે. ચિંતન કરવાનું છે.

જિજ્ઞાસુને વિનંતિ છે કે ધીરજપૂર્વક આ અંકની અંદરના લેખો વાંચે, મન સાથે ચર્ચા–ચિંતન કરશે તો અમને શ્રદ્ધા છે કે જિજ્ઞાસુને મોક્ષની ચાવી અવશ્ય મળી જશે.

ગાંધીજી વિશેના વિશિષ્ટ દળદાર અંક પછી તરત જ આવો બીજો અંક તૈયાર કરતી વખતે મોરપિચ્છ જેવી અમારી ટીમે ખૂબ જ પરિશ્રમ ઉઠાવ્યો છે એ સર્વનો હૃદયથી આભાર માનું છું. ઉપરાંત મિત્ર શ્રીકાંત વસા અને શ્રીમતી ઇન્દુમતિબેનનો ખાસ. એમની પ્રેરણા અને સહકાર વગર આ અં શક્ય ન બનત.

અને બહેન સેજલને તો 'ગણ્યા ગણાય નહિ, વીણ્યા વીણાય નહિ' એટલા અભિનંદન.

આ અનેકાંતવાદની સમજ જીવનમાં અવશ્ય શાંતિ લાવશે, એક જીવનની શાંતિ એ એક પરિવારની શાંતિ છે. એક પરિવારની શાંતિ સમગ્ર સમાજ અને રાષ્ટ્રની શાંતિ છે, અને રાષ્ટ્રની શાંતિ જગતની શાંતિ છે.

**ધનવંત શાહ**
drdtshah@hotmail.com

**શ્રી ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત**

**વિરાટ વિભૂતિના ભવ્ય જીવનની જ્ઞાનસભર, ચિંતનયુક્ત, પ્રેરક શૈલીમાં**

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા**

**।। શ્રી હેમચંદ્રાચાર્ય કથા ।।**

**।। પ્રથમ દિવસ — ૨૯-૩-૨૦૧૫, રવિવાર, સવારે ૧૦-૦૦ વાગે ।।**

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો સમયસંદર્ભ, માતા પાહિણીને આવેલું અદ્ભુત ચિંતામણિ રત્નનું સ્વપ્ન અને સ્વપ્નફળનું કથન, બાલ્યાવસ્થા, માતૃવાત્સલ્ય, માતા-પુત્રે લીધી દીક્ષા, 'હેમચંદ્રસૂરિ' નામાભિધાન, રાજા સિદ્ધરાજ સાથે મેળાપ, 'સિદ્ધહેમ-શબ્દાનુશાસન' વ્યાકરણ ગ્રંથનો રચના-પુરુષાર્થ, ગ્રંથની શોભાયાત્રાની અજોડ ઘટના.

**।। બીજો દિવસ — ૩૦-૩-૨૦૧૫, સોમવાર, સાંજે ૬-૦૦ વાગે ।।**

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને સમ્રાટ કુમારપાળનો મેળાપ, મહામંત્રી ઉદયન, કુમારપાળના રાજ્યારોહણનો પ્રસંગ, લોકજીવનના પ્રહરી, પ્રજાને આપી સુવર્ણસિદ્ધિ, અમારિ ઘોષણા, નૈતિક આદર્શોની પ્રતિષ્ઠા, પ્રજામાં સરસ્વતી અને શૌર્યની ઉપાસના માટેના પ્રયત્નો, ધર્મનિષ્ઠ માતાને અર્પણ, મહાન પુત્ર, મહાન માતા-

**।। ત્રીજો દિવસ — ૩૧-૩-૨૦૧૫, મંગળવાર, સાંજે ૬-૦૦ વાગે ।।**

ગુજરાતમાં 'હૈમયુગ', વિપુલ અક્ષરજીવન, બહુમુખી પ્રતિભા, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને દેશ્ય વાઙ્મયના ગ્રંથપ્રણેતા, 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ, ગુજરાતનો સુવર્ણયુગ, સાહિત્ય અને ઇતિહાસ, શાસ્ત્ર અને કળા, વ્યાકરણ અને તર્ક, કવિતા અને કોશ, પુરાણ અને યોગ જેવા વિષયો પર ગ્રંથરચના, ગુજરાતી ભાષાનો પ્રારંભ, સિદ્ધહેમના અપભ્રંશ દુહાઓ, ધર્મ અને વ્યવહાર, સાધુતા અને સરલતા, રાજા અને પ્રજા એમ વિવિધ સ્તરે સહજ સમન્વય સાધી આપનાર સંસ્કારશિલ્પી, ભવિષ્યદર્શન, શિષ્યવર્તુળ, સોલંકીયુગના પ્રજાજીવનના સર્વક્ષેત્રોને પ્રકાશિત કરનાર સમર્થ સાહિત્યપુરુષ, યુગપુરુષને શબ્દાંજલિ

**સંગીત**
**શ્રદ્ધા શ્રીધરાણી**

**ત્રણે દિવસના સૌજન્યદાતા વસુમતીબેન કીર્તિલાલ ચોકસી-પાટણ**
**સ્મૃતિ : તનવીરકુમાર કીર્તિલાલ ચોકસી**

**સ્થળ : ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ**

# જૈનધર્મ અને અનેકાન્તવાદ : આ વિશિષ્ટ અંકની માનદ વિદુષી સંપાદિકા ડૉ. સેજલ શાહ

લેખિકા, કવયિત્રી, પત્રકાર અને ગુજરાતી ભાષાની પ્રાધ્યાપિકા ડૉ. સેજલ શાહનો પરિચય કઈ અને કેવી રીતે આપું ? તેજસ્વી પ્રતિભા, જ્ઞાનસમૃદ્ધિ અને સરળ વ્યક્તિત્વ તેમજ હૂંફાળા અવાજથી જે વ્યક્તિએ હૃદયમાં પુત્રીવત સ્થાન પ્રાપ્ત કર્યું હોય–અમેરિકા સ્થિત મારી મોટી પુત્રી પ્રાચી અને ડૉ. સેજલ સમવયસ્ક–એના વિશે તો ઘણું ઘણું લખવાનું મન થાય, એટલે જ તો આ ડૉ. સેજલને ક્યારેક હું ભીતરના વ્હાલથી 'તું'કારે પણ સંબોધી લઉં.

લગભગ પાંચ-છ વર્ષ પહેલાં ડૉ. સેજલ પાર્લાની જે મણિબેન નાણાવટી કૉલેજમાં પહેલાં ૨૦૦૧ થી અને ૨૦૦૮ સુધી પ્રાધ્યાપિકા અને ૨૦૦૮થી વર્તમાનમાં એ કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષા છે, ત્યાં કોઈ સેમિનાર માટે મને નિમંત્ર્યો અને મને ડૉ. સેજલની વિદ્વતા અને કુશળ સંયોજનકાર તરીકેનો પરિચય થયો. એક વખત તો એ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની અમારી એક પેનલમાં અમારી સામે પક્ષે ડૉ. સેજલ હતા, ત્યારે પણ એમણે અમને બધાંને એમના જ્ઞાન, નિષ્ઠા અને પ્રોજેક્ટો-પ્રકલ્પથી ખૂબ જ પ્રભાવિત કર્યા હતા.

ડૉ. સેજલ સ્નાતક થયા પોલિટિકલ સાયન્સમાં અને બી.એડ્.ની ડિગ્રી પણ લઈ લીધી અને ત્રણેક વર્ષ જુનિયર કૉલેજમાં અધ્યાપનની લટાર પણ મારી આવ્યા.

એક શુભ ઘડીએ આપણા ગુજરાતી સાહિત્યના તોખાર ચંદ્રકાંત બક્ષી એમને મળી ગયા અને સેજલબેનના સાહિત્યરસને પ્રતિબદ્ધતા તરફ લઈ જવાની પ્રેરણા અને જોશ આપ્યા અને સેજલબેન ગુજરાતી સાહિત્યના વિષય સાથે એમ.એ. થયા. ત્યાર પછી એમના પ્રેરક બળ બન્યા આપણા વિદ્વદ્ કવિજન નીતિન મહેતા; અને સેજલબેને 'આંતરકૃતિત્વ અને ગુજરાતી કવિતામાં તેનો વિનિયોગ' ઉપર મહાનિબંધ લખી પીએચ.ડી. -- ડૉક્ટરેટની ડીગ્રી પ્રાપ્ત કરી. વાચકને થશે આ 'આંતરકૃતિત્વ' એટલે શું ? આટલો સૂક્ષ્મ અને અઘરો વિષય ? 'આંતરકૃતિત્વ' એટલે સર્જક જે સર્જન કરતો હોય, કવિતા, નવલ કે નાટક કે કોઈપણ પ્રકાર–તે વખતે એ સર્જકના મનમાં એણે વાંચેલી કોઈ કૃતિનો એના અંતરમાં અને એનાં સર્જનમાં પ્રભાવ પડયો હોય તે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત ૨૨મા જૈન સાહિત્ય સમારોહ માટેના એક વિષય 'જૈન ફાગુ કાવ્યો અને બારમાસી કાવ્યો' માટે નિબંધો લખનારને માર્ગદર્શન આપે એવા વિદ્વાનની મારે જરૂર હતી અને અમારા લાડકા મિત્ર ડૉ. અભય દોશીએ મને આ ડૉ. સેજલનું નામ સૂચવ્યું. મેં બહેન સેજલનો સંપર્ક કર્યો અને સરળતાથી આ કાર્ય સ્વીકારી નિબંધકર્તાઓને ઉત્તમ માર્ગદર્શન આપી નવા લેખકોને આવા કઠિન વિષય ઉપર લખવા માટે હૂંફાળું માર્ગદર્શન આપ્યું, એ સત્રનું કુશળ સંચાલન પણ એમણે કર્યું અને સર્વ વિદ્વદ્જનોના પ્રેમાધિકારી બન્યા. આ યશ પ્રાપ્તિથી સેજલબેનની પ્રતિભાએ મારા હૃદયમાં વધુ એક પગલાંનું આરોહણ કર્યું.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત ૮૦મી વ્યાખ્યાનમાળાના આયોજન વખતે એક ભારે વિષય માટે મને વક્તાની જરૂર પડી અને મેં બહેન સેજલનો એક અધિકારભાવથી સંપર્ક કર્યો. બહેન સેજલે મને સ્પષ્ટ ના ન પાડી પણ આવી ઉચ્ચ કક્ષાની વ્યાખ્યાનમાળાના વકતા તરીકે પોતે સજ્જ નથી એવું મને કહી સંકોચ વ્યક્ત કર્યો. પરંતુ મારો પ્રેમાગ્રહ વધતો ગયો અને ડૉ. સેજલે મને સંમતી આપી અને 'નયપ્રમાણથી મનપ્રમાણ સુધી' જેવા અનેકાંત અને સ્યાદ્વાદના ગહન વિષય ઉપર એવું વક્તવ્ય આપ્યું કે સર્વ શ્રોતા અને આયોજકો આફ્રિન થઈ ગયા. વિદ્વતા અને સચોટ વક્તવ્યનો વિરલ સમન્વય – મારા મનમસ્તિષ્કમાં સેજનબેનનું વધુ એક આરોહણ.

પર્યુષણ પર્વનો 'પ્રબુદ્ધ જીવન'નો કર્મવાદ ઉપરનો અંક વાંચી મારા પરમ મિત્ર શ્રીકાંત વસાએ ફોન કરી મને કહ્યું, 'હવે અનેકાંતવાદને સરળ ભાષામાં સમજાવતો અંક આપો.' આ સૂચન સાથે આર્થિક સૌજન્યની ભીનાશ પણ આ મિત્રે અમને આપી.

હવે આપ જ કહો, આવા વિષયના સંપાદન માટે મારા હૃદયમાં કોનું નામ આવે ? અને હવે તો બહેન સેજલ ઉપર થોડા અધિકારનો ભાવ પણ ઉગી નીકળ્યો હતો, અને એ ભાવનો ઉપયોગ કરી બહેન સેજલને ફોન કરી બસ, આદેશ આપી દીધો. થોડા 'હા', 'ના', પ્રશ્નો વગેરે ઘણું થયું પણ હું મક્કમ હતો અને મને બહેન સેજલ ઉપર પૂરતો વિશ્વાસ હતો.

કૉલેજના લેક્ચકર, સંસારની જવાબદારી અને અન્ય સ્થળે કોલમ લખવાની પ્રતિબદ્ધતા સાથે સેજલબેને એકલે હાથે, હા, એકલે હાથે જ આ અંકયજ્ઞ આરંભ્યો અને આ ઐતિહાસિક અંક તૈયાર કર્યો.

જૈન સાહિત્યજગત ડૉ. સેજલના આ ઉમદા કાર્યની નોધ લઈને એમને યશ આપવા અધીરો થશે એમાં મને જરાય શંકા નથી. નિષ્ઠા અને પ્રતિબદ્ધતાનું વૃક્ષ આપમેળે ઊગીને ઘટાદાર બને છે, એના ઉપર ધજાનું આપોઆપ આરોપણ થઈ જાય છે.

'મુઠ્ઠી ભીતરની આઝાદી' પુસ્તક ડૉ. સેજલના નામે છે ઉપરાંત શોધનિબંધો અને 'નવનીત સમર્પણ'માં પુસ્તકોનું વિવેચન તેમજ 'કવિતા' સામયિકમાં કવિતા, રેડિયો નાટકો, આ બધું એમનું સર્જન છે. અને ભવિષ્યમાં સર્જન થતું રહેશેએવી એમની સંવેદના અને પ્રજ્ઞા છે. જૈનધર્મનો એમનો ઊંડો અને વિશદ્ અભ્યાસ આ અંક પ્રતીતિ કરાવે છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય નવલિકા સ્પર્ધામાં એમની નવલિકાને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું છે.

જન્મ તો મુંબઈમાં, ૧૯૭૪માં, મૂળ વતન સંસ્કારી નગરી ભાવનગરમાં, પિતા બિપીનભાઈ અને માતા અરૂણાબેન પાસેથી જન્મજાત જૈન ધર્મના સંસ્કાર અને પ્રોત્સાહન પ્રાપ્ત થયા.

મિકેનિકલ એન્જિનિયર જીવનસાથી મનીષ શાહ અને પુત્ર કેવીન શાહના સહકાર અને પ્રોત્સાહન વગર બહેન સેજલ, ડૉ. સેજલ બની શકે ? આપણા માટે આટલું બધું કામ કરી શકે ? આપણે આ દ્વયને અભિનંદીએ.

જ્ઞાનસજ્જ અને સજ્જનતાથી શણગારાયેલ બહેન સેજલે મારા મનમાં એક આશા જન્માવી છે. મા સરસ્વતી મારી આ શ્રદ્ધા ફળાવશે એવી મને શ્રદ્ધા છે.

બહેન સેજલ (મોબાઈલ-૦૯૮૨૧૫૩૩૭૦૨)માં પળે પળે જ્ઞાનભૂખ પ્રગટતી રહો અને પ્રતિપળે ઋતંભરા પ્રજ્ઞા તરફ આ પુત્રીની ગતિ થતી રહો એવી પરમ તત્ત્વને પ્રાર્થના.

❑ ધનવંત

# એક નાની વાત...

**સેજલ શાહ**

અહો કિંચિત્ જ્ઞાનિ અબુધ મનમાં ગર્વ ધરતો,
બધું હું જાણું છું, અવલ મુજને એમ ગણતો,
પરંતુ જે વારે, પરિચય થયો સંત જનનો,
ખૂલ્યાં ચક્ષુ ત્યારે સમજ પડી કે મૂર્ખ હું તો.'

ભર્તૃહરિ નીતિશતકમાં લખાયેલું આ કથન સહજ જ યાદ આવ્યું. આજે ૨૧મી સદીમાં જ્ઞાનવિસ્ફોટ થયો હોય એવું લાગી રહ્યું છે. 'ગુગલદેવ'ને હાથમાં લઈ સહુ પોતાને જ્ઞાની સમજવા માંડ્યા છે, જ્ઞાન એટલે જાણે એક 'ક્લીક'ની રમત. અને આ વમળમાં મન ફસાય એ પહેલાં ગુરુ હાથ ઝાલીને કહે છે કે 'ફર ઘડી તારી જાત ભણી, તારામાં કેટલું ઠર્યું છે, એ જો તો ઘડી.' અને અંદરનું પાત્ર સાવ ખાલી લાગે છે. ત્યારે અચાનક જ જૈન તત્ત્વદર્શન ભણી નજર દોડે છે અને એના વિશાળ સમુદ્રમાંથી અનેક પથ અને દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. મનને ઝળહળાં કરી દે એવી એક દૃષ્ટિ છે 'અનેકાંતવિચાર/વાદ'. અનેકવાર જે કહેવાઈ ગયું છે કે જૈન ધર્મ એ માત્ર સંપ્રદાય નહીં પરંતુ સમૃદ્ધ જીવન જીવવાની એક શૈલી આપે છે. એના અગાધ તત્ત્વદર્શનના વિચારો સમજવા સમય ખૂટી પડે એવું લાગે છે. કવિ રાજેન્દ્ર શાહની એક પંક્તિ છે, 'ભઈ રે, આપણા દુઃખનું કેટલું જોર, નાની અમથી જાતક વાતનો મચવીએ નહીં શોર...', અને પોતાના કેન્દ્રથી સૃષ્ટિ તરફ દોરી જવાની વાત તો થઈ પણ જે ઘડીએ જે પમાય છે એનો એ રીતનો સ્વીકાર મનુષ્યને કેટલો હળવો અને સહજ બનાવી દે છે. 'ઝીલાય તેમ ઝીલતો, સૃષ્ટિના સહુ રંગ...' જે જે રૂપે મળે તેનો વિરોધ ન કરતા, તેનો સ્વીકાર કરવાની વૃત્તિ. ટૂંકમાં અનેક વિરોધાભાસોની વચ્ચે સમન્વય સાધવાની વાતનો તંતુ મળે છે 'અનેકાંતવાદ'માં. વિસંવાદમાં સંવાદ સાધવાની ગુરુ ચાવી છે અહીં. આવી કંઈક સમજ કેળવાઈ હતી ત્યાં શ્રી ધનવંતભાઈ શાહે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અનેકાંત વિશે બોલવાનું નિમંત્રણ આપ્યું અને એમના પ્રોત્સાહનથી બોલવાનું સ્વીકાર્યું. વધુ ઊંડાણ-પૂર્વક આ વિશે અભ્યાસ કરવાનો મોકો મળી ગયો. વ્યાખ્યાન પછી ફરી એ નોટ્સ અને પુસ્તકો ખૂણે મૂકાઈ ગયા. ત્યાં જ ફરી ધનવંતભાઈએ 'પ્રબુદ્ધ જીવન'નો વિશેષાંક 'અનેકાંતવાદ' પર પ્રગટ કરીએ એવું સૂચવ્યું. ખૂબ જ ગહન વિષય અને મારી પ્રત્યેક મર્યાદા સ્વીકારી મેં ના પાડી. પરંતુ એમના વિશ્વાસ અને શ્રદ્ધાએ મને તૈયાર કરી. આ વિષય માત્ર ધાર્મિક નહીં પરંતુ તાત્ત્વીક પણ છે, એની પૂરતી જાગૃતિ સાથે 'અનેકાંતવાદ'ને પાર પાડવાનું બીડું ઝડપ્યું. અને આજે હાજર છે આપની સમક્ષ પરિણામ.

અહીં મારે થોડીક સ્પષ્ટતા કરવી જોઈએ કે આ વિષયનું કેન્દ્ર એક જ છે અને જેની સાથે અનેકતા જોડાયેલી છે. એટલે એને દરેક પરિમાણથી લખતી વખતે એકબીજાનો આધાર લેવો પડે. ઘણીવાર અમુક લેખ વાંચતા એવી અનુભૂતિ થશે કે આ વાત તો અમને કહી છે, પરંતુ આગળ વાંચતા ખ્યાલ આવશે કે એ લેખની ગતિ કોઈ નવી દિશા તરફ દોરી રહી છે.

અનેકાંતની ભૂમિકા દરેક વસ્તુના સ્વીકાર અને અન્યના આદરની રીતિ શીખવાડે છે. આ અંકનો વિસ્તાર હજુ અનેક રીતે થઈ શકે, કારણ દરેક અંત સાથે નવો આરંભ જોડાયેલો જ છે, પણ અત્યારે આ ક્ષણે, આટલું પૂરતું છે. આપણે સૌ સાથે મળી આ વિશ્વમાં પ્રવેશીએ. પછી દરેક પોતપોતાની રીતે એના વિકાસ તરફ જશે, તો એ ફળશ્રુતિ ગણાશે.

અનેક વિદ્વાનોએ પોતાના લેખથી આ અંકને સમૃદ્ધ કર્યો છે. તે સૌનું ઋણ સ્વીકારું છું. આ અંક માટે મારા સતત માર્ગદર્શક બની રહેનાર ધનવંતભાઈ શાહ વગર આ અંક શક્ય જ ન બનત. એક વ્યક્તિના વિકાસ માટે તેઓ જે ખંતથી કાર્ય કરે છે અને પડદા પાછળ રહી એક પછી એક પગથિયાં ચડવામાં મદદ કરે છે, તેમના આ કાર્યની અનુમોદના માત્ર. 'પ્રબુદ્ધ જીવન' અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે જોડાયેલા સહુને આદર સાથે સ્મરું છું. તેમની સતત સહાય વગર અનેક કામો અધુરા રહી જાત.

આ અંકની તૈયારી દરમ્યાન મને અનેક રીતે સહાય પૂરી પાડનાર ડૉ. રેણુકા પોરવાલનો વિશેષ આભાર માનું છું. ડૉ. અભય દોશીનો પણ આભાર માનું છું. આ અંકના મુખપૃષ્ઠ માટે વિશેષ મદદ કરનાર એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર, તત્ત્વ અને દર્શનના વિદ્વાન ડૉ. જિતેન્દ્રભાઈ શાહનો વિશેષ આભાર માનું છું. જ્ઞાની છતાં સહજ અને પ્રોત્સાહિત કરનાર તેઓ છે. તેમનું ઋણ-સ્વીકાર. આપ સર્વ સુજ્ઞજનોને વંદન. અંક સાથે પ્રત્યક્ષ ને પરોક્ષ રીતે જોડાયેલ સહુને પ્રણામ.

આ સમગ્ર અંકમાં મારી સાથે ધીરજપૂર્વક મને સહકાર આપનાર 'પ્રબુદ્ધ જીવન'નું મુદ્રણકાર્ય સંભાળનાર જવાહરભાઈનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

અહીં મૂકવામાં આવેલ વિચારો અનેક સંદર્ભોના આધારે તૈયાર કરાયા છે.

'જ્યાંથી જે મળી ઝળહળાં ક્ષણો,
તે ફરી આપને અર્પણ કરું...'

એટલે આ કોઈ નવી વાત નથી, પરંતુ ફરી પ્રાગટ્ય જાગૃતિ ભણી.

✶✶✶

# અનેકાન્ત જીવન તરફ

☐ ડૉ. સેજલ શાહ

શ્રી આચારાંગ સૂત્રમાં એક વાત આવે છે કે 'સત્યની 'આજ્ઞા ઉપર ઊભેલો બુદ્ધિમાન, મૃત્યુને પણ તરી જાય છે.' પરંતુ સત્ એટલે શું ? સત્ નિત્ય છે કે અનિત્ય, એક છે કે અનેક, વાચ્ય છે કે અવાચ્ય જેવા અનેક પ્રશ્નો જોડાયેલા છે. આ સત્‌ના સ્વરૂપ વિશે વૈદિક યુગમાં માન્યતા હતી, વેદમાં કહેવાતું, एकं सत् विप्रा बहुधा वदन्ति'-અર્થાત્ એક જ સત્‌ને પંડિતો ભિન્ન ભિન્ન રીતે રજૂ કરે છે. સત્‌ના અનેક પાસાં હોઈ, તે અંગે વિચાર કરી, સત્યની પ્રાપ્તિ કરી શકાશે. આ દૃષ્ટિકોણ અનેકાન્તવાદી છે. અનેકાન્તનો અર્થ થાય છે વિચારોના દ્વાર ખુલ્લા રાખવા. આમ કરવાથી બધા વિચારોમાંથી સત્ય પ્રાપ્ત થાય છે.

જૈન સાહિત્યના બે બહુ જ મહત્ત્વના મંડાણ જો કોઈ હોય તો તે છે અહિંસા અને અનેકાંત. જૈન આચાર અને સંપ્રદાયની વિશેષતા આ બે બાબતોથી બતાવી શકાય છે. એક તરફ જે. કૃષ્ણમૂર્તિની વાત યાદ આવે છે કે સત્ય સતત બદલાય છે. બીજી તરફ પંડિત સુખલાલજી કહે છે તે મુજબ સત્ય ખરેખર એક જ હોય છે, પણ મનુષ્યની દૃષ્ટિ તેને એક રીતે ગ્રહણ કરી શકતી નથી જ. અને તેથી જ સત્યના દર્શન માટે મનુષ્યે પોતાની દૃષ્ટિમર્યાદા વિકસાવવી જોઈએ અને તેનાં સત્યગ્રહણની સંભવિત બધી જ રીતોને સ્થાન આપવું જોઈએ. આ ઉદાત્ત અને વિશાળ ભાવનામાંથી અનેકાંતની વિચારસરણીનો જન્મ થયેલો છે. અનેકાંત વિચારસરણીનો ખરો અર્થ એ છે કે સત્યદર્શનને લક્ષમાં રાખી તેના બધા અંશો અને ભાગોને એક વિશાળ માનસવર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું.

સમ્યગ્જ્ઞાન મેળવવાના અનેક માર્ગો શોધાયા છે. કોઈકે એક પર કોઈકે બીજા પર ભાર આપ્યો. એમાંથી પંથભેદો જન્મ્યા. આ જ પંથભેદો ટૂંકી દૃષ્ટિથી પોષાતા સાંકડા વાડા બની ગયા. એટલું જ નહિ પરંતુ ઘણીવાર શાબ્દિક યુદ્ધને કારણે એકબીજાના ખંડનમાં પણ ઉતરી ગયા અને દૃષ્ટિની વિશાળતા, આત્મશુદ્ધિ સાધવાનો મુખ્ય ઉદ્દેશ આમાં વિસરાઈ ગયો. આમ જે આધ્યાત્મિક સાધના માટે પરંપરા ઊભી થઈ હતી તે જ એકદેશીય અને દુરાગ્રહી બની ગઈ. આવા સમયે સત્યને ક્યાં અને કઈ રીતે શોધવું એ મૂળભૂત પ્રશ્ન સામાન્ય માણસને મૂંઝવે, ત્યારે એનો જવાબ અનેકાંતવાદમાંથી મળે છે. અનેકાંતવાદ અને સ્યાદ્વાદ એ જૈન તત્ત્વજ્ઞાનની ઉચ્ચત્તમ પરિશીમા છે. એના પાયામાં મૂળ બાબત છે કે કોઈપણ એક જ દૃષ્ટિબિંદુથી કોઈપણ વાતનો વિચાર ન કરો. જે બાબતોનો વિચાર કે નિર્ણય કરવાનો હોય તે અંગે અનેક બાજુથી વિચારવું. અનેકાંતવાદ માત્ર શાસ્ત્રીય વાદોને જ નથી સમાવતા પરંતુ જીવનના પ્રત્યેક ક્ષેત્રને સ્પર્શે છે. વ્યવહારુ જીવનની દરેક બાજુને અવિવેકી આત્યંતિકતા તરફ ઢળતાં રોકવી એ જ સાચી અનેકાન્તદૃષ્ટિ છે. બહુ સરળ કરીને આ વાતને કહેવી હોય તો એમ કહી શકાય કે એક ખૂબ જ જ્ઞાની અને બુદ્ધિશાળી વ્યક્તિ છે, જેને જીવનના બધા જ તત્ત્વોને પોતાની રીતે સિદ્ધ કર્યા છે. એ વ્યક્તિને અચાનક યુરોપના કોઈ એક એવા દેશમાં મૂકી દેવામાં આવે છે જ્યાંની ભાષા તેને સમજાતી નથી. તો આ વ્યક્તિ માટે બહુ જ જ્ઞાન નકામું નીવડશે કારણ જો ભાષા જ નહીં જાણતો હોય તો કઈ રીતે સંવાદ કરશે અને માટે એ વ્યક્તિનું જ્ઞાન એટલા સમય પૂરતું એ કાળ અને ક્ષેત્રમાં તત્પૂરતું નકામું બની જશે. એનો અર્થ એ નથી કે એ વ્યક્તિની બૌદ્ધિક ક્ષમતા સામે કોઈ પ્રશ્ન છે કે એ ઉપયોગી નથી. એક મનુષ્યની અંદર અનેક મનુષ્ય ભરેલા પડ્યા છે અને પ્રત્યેક સમયે તે જુદો સંવાદ ઊભો કરે છે. એટલે જ્યારે તે જેટલો વ્યક્ત થાય છે તે પૂર્ણ નથી. એ સિવાય પણ એમાં હજી બાકી છે. એ વિચાર સ્વીકારવો જોઈએ.

અનેકાંતવાદની વિચારધારાનો મૂળ આધાર ભગવાન મહાવીરના સંદેશામાં જોવા મળે છે, જેમાં એક તરફ વાસ્તવને વિનાશી, વિકારી, પરિણામી માને છે, તો બીજી તરફ વાસ્તવને અવિનાશી, નિર્વિકાર પણ માને છે. આ બે વિરોધી વિચારોમાંથી અનેકાંત, સ્યાદ્વાદ અને નયવાદનું વિપુલ સાહિત્ય પ્રાપ્ત થાય છે.

સંપૂર્ણ સત્ય અંગેનું પૂરેપૂરું જ્ઞાન એ મનુષ્ય માટે એક જટિલ પ્રશ્ન રહ્યો છે. અપૂર્ણ દ્વારા પૂર્ણને જાણવાનો પ્રયાસ દ્વારા આંશિક સત્ય સુધી પહોંચી શકાય. પરંતુ મુશ્કેલી ત્યારથી શરૂ થાય છે જ્યારે માની લેવાય છે કે અપૂર્ણ સત્ય જ પૂર્ણ સત્ય છે અને અહીંથી વિવાદ અને વૈચારિક સંઘર્ષોનો જન્મ થાય છે. સત્ય માત્ર એટલું જ નથી જેટલું આપણે જાણીએ છીએ, એ એક વ્યાપક પૂર્ણ છે. એને તર્ક, વિચાર, બુદ્ધિ અથવા વાણીનો વિષય ન બતાવી શકાય. કઠોપનિષદમાં કહ્યું છે. 'સત્ય'ને બુદ્ધિ અને તર્કથી પર મનાય છે. મુણ્ડકોપનિષદમાં એને મેઘા અને શ્રુતિથી અગમ્ય કહેવાયું છે અને એના તથ્યને સ્પષ્ટ કરાયું છે. આચારાંગ સૂત્રમાં એને શબ્દ, વાણી, તર્કથી અગોચર કહેવાયું છે. બૌદ્ધ વિચારક ચન્દ્રકીર્તિએ 'પરમાર્થો હિ આર્યાણા તૃષ્ણીભાવ' કહી એનું તથ્ય વ્યક્ત કર્યું છે. પશ્ચિમી વિચારક લાંક, કાન્ત, બ્રેડલ, બર્ગસા વગેરેએ 'સત્ય'ને તર્ક વિચારની કોટિથી ઉપર ગણ્યું છે. આપણી ઈન્દ્રિયક્ષમતા, તર્કબુદ્ધિ, વિચાર ક્ષમતા, વાણીભાષા એટલા અપૂર્ણ છે કે એનામાં સંપૂર્ણ સત્યની અભિવ્યક્તિની ક્ષમતા નથી.

જ્યારે આપણે અપૂર્ણ છીએ, ત્યારે આપણું જ્ઞાન પણ અપૂર્ણ છે અને પ્રાપ્ત થયેલું સત્ય પણ આંશિક છે, અને આમ પણ જે કંઈ પ્રાપ્ત થાય છે તે બધું જ અપૂર્ણ છે. એના આધાર પર જ વૈજ્ઞાનિક સંશોધન સતત થાય છે. કારણ વિજ્ઞાનમાં એક મુખ્ય બળ જે સંશોધન કરાવે છે તેમાં વ્યક્ત થયું છે કે જે કંઈ જડયું છે તેનાથી ય વિશેષ કંઈક છે.

અનેકાંત શબ્દને જરા સમજીએ તો અન+એક+અંત-અર્થાત્ જેનો અંત એક નથી, એટલે અનેકાંત. એક ઝાડ શબ્દ સાથે કેટલા બધા અર્થ છે, થડ, મૂળ, ફળ, પાન વગેરે. આમ આપણી વિચાર શક્તિમાં એક શબ્દ દ્વારા અનેક અર્થો જન્મતા હોય છે. જૈન તત્ત્વજ્ઞાનમાં ચાર સાધનો કહ્યા છે–૧. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. આ ચાર દૃષ્ટિકોણથી વસ્તુ જોવી. જૈન દાર્શનિકોએ અનેકાંત દૃષ્ટિ અંગે કહ્યું છે કે 'જે વસ્તુ તત્ત્વસ્વરૂપ છે, તે અતત્ત્વસ્વરૂપ પણ છે જે વસ્તુ સત્ છે, તે જ અસત્ પણ છે, જે એક છે તે અનેક પણ છે, જે નિત્ય છે, તે અનિત્ય પણ છે, આમ પ્રત્યેક વસ્તુ પરસ્પર વિરોધી એવા ગુણ ધર્મોથી ભરેલી છે. ઉદા. તરીકે એક દવા એક માણસ માટે કામની છે. જ્યારે અન્ય માટે નકામી છે, આમ વિરોધી તત્ત્વ બને છે. એકનું અસ્તિત્વ બીજા પર આધારિત બને છે. અનેકાંત અનેક નિષ્કર્ષોમાંથી જન્મેલો સિદ્ધાંત છે. આ અનેકાંતને Logically રજૂ કરવા માટેની રીત એટલે સ્યાદ્વાદ છે. સ્યાત્ એટલે નિશ્ચિત એવો અર્થ થાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સ્યાત્ શબ્દ એક નિશ્ચિત સ્થિતિ અથવા અવસ્થા સૂચવે છે.

'સ્યાદ્વાદ'ને અનેકાંતવાદ અથવા સાપેક્ષવાદ નામથી પણ ઓળખવામાં આવે છે. પરંતુ અનેકાંતવાદના તત્ત્વજ્ઞાનની રજૂઆત કરવા માટેની સ્યાદ્વાદ એક પદ્ધતિ છે. અનેકાંત તથા સ્યાદ્વાદનો સંબંધ 'વાચ્ય-વાચક' જેવો અથવા 'સાધ્ય-સાધક' જેવો પણ મનાય છે. ઉપમાની દૃષ્ટિએ વાત કરીએ તો અનેકાંતને સુવર્ણની અને સ્યાદ્વાદને કસોટીની, અથવા અનેકાંતને કિલ્લાની અને સ્યાદ્વાદને એ કિલ્લા તરફ દોરી જતા વિવિધ માર્ગો બતાવતા નકશાની સાથે સરખાવી શકાય છે. આપણે સાથે એ પણ સ્પષ્ટ સમજી લઈએ કે અનેકાંતવાદ અને સ્યાદ્વાદ, એક જ તત્ત્વવિજ્ઞાનના અંગ હોઈ વસ્તુતઃ એક જ છે. સ્યાત્ અને વાદ એમ શબ્દોના સમુચ્ચયથી બનેલા પ્રથમ શબ્દ 'સ્યાત્'નો અર્થ ક્વચિત્ કોઈ એક પ્રકાર–In some respect–એવો થાય છે. આમાં જે પ્રકાર શબ્દ છે તે કોઈ એક અવસ્થા, સ્થિતિ, સંયોગ દર્શાવે છે. ગુજરાતના પ્રસિદ્ધ વિદ્વાન સ્વ. પ્રોફેસર આનંદશંકર ધ્રુવ સાહેબે પોતાના એક વખતના વ્યાખ્યાનમાં સ્યાદ્વાદ સિદ્ધાંત વિષેનો તેમનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો, 'સ્યાદ્વાદ, એકીકરણનું દૃષ્ટિબિંદુ અમારી સામે ઉપસ્થિત કરે છે. શંકરાચાર્યે સ્યાદ્વાદ ઉપર જે આક્ષેપ કર્યો છે, તે મૂળ રહસ્યની સાથે સંબંધ રાખતો નથી. એ નિશ્ચિત છે કે વિવિધ દૃષ્ટિબિંદુઓ દ્વારા નિરીક્ષણ કર્યા વગર કોઈ વસ્તુ સંપૂર્ણ સ્વરૂપે સમજવામાં આવી શકે નહિ. આ માટે સ્યાદ્વાદ ઉપયોગી તથા સાર્થક છે.'

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ આ 'સ્યાત્' શબ્દ એક નિશ્ચિત સ્થિતિ અથવા અવસ્થા સૂચવે છે. સપ્તભંગીમાં આ 'સ્યાત્' શબ્દની સાથે एव 'એવ' શબ્દનો જે પ્રયોગ કરવામાં આવે છે, તે એના ચોક્કસ (નિશ્ચિત) પ્રકારનું સ્પષ્ટ સૂચન કરવા માટે જ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો એક ક્રિકેટરને ચંદ્રક મળે છે. જે માત્ર એમને સારી બોલિંગ કરી કે પછી અન્યે ખરાબ બોલિંગ કરી, એવું નથી પરંતુ એ સ્થળે એમને જે બોલિંગ કરી, તેને કારણે ભારતને વિજય પ્રાપ્ત થયો, તે વિજયને અનુલક્ષીને ચંદ્રક પ્રાપ્ત થયો છે.


## મહાવીર વંદના

**શ્રીમતિ વિદ્યાબેન મહાસુખલાલ શાહ (ખંભાતવાળા)ના આર્થિક સહયોગથી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજે છે

ભક્તિ સંગીતનો મનહર મનભાવન કાર્યક્રમ

**મહાવીર વંદના**

**મહાવીર વંદના**

**ગાયક કલાકાર :** ઝરણાબેન વ્યાસ, અયોધ્યાદાસ

**સંગીત :** વિજયદત્તભાઈ વ્યાસ

તા. ૨૫ એપ્રિલ-૨૦૧૫

**અલ્પાહાર :** સાંજે ૫-૩૦ થી ૬-૩૦ શનિવાર (ટેરેસ પર)

**મહાવીર વંદના - ભક્તિ સંગીત :**

**સાંજે ૬-૩૦ થી ૯-૩૦ શનિવાર**

સ્થળ :

પ્રેમપુરી આશ્રમ, ત્રીજે માળે, બાબુલનાથ પાસે, મુંબઈ-૪૦૦ ૦૦૭

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વ સભ્ય ભાઈ-બહેનો, પેટ્રનો, આજીવન સભ્યો, તથા સર્વ ભાઈ-બહેનો, કુટુંબીજનો, તથા મિત્રો સાથે સર્વે ભક્તજનોને હૃદયપુર્વકનું જાહેર નિમંત્રણ.**

**સંયોજક :**

નિતિન સોનાવાલા, પુષ્પાબેન પરીખ

ઊષાબેન પ્રવીણભાઈ શાહ અને કમલેષભાઈ શાહ

**નિમંત્રક :**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

આ બાબત સ્પષ્ટ કરે છે કે તેમને મળેલું માન પેલા વિજયની અપેક્ષાએ–'સ્યાત્' હતું.

એક ક્રિકેટરને ચંદ્રક મળ્યો–તો માત્ર સારી બોલિંગ માટે નહીં, કે અન્યે ખરાબ બોલીંગ કરી છે એવું પણ નહીં–પરંતુ એ સ્થળે એમને સારી બોલીંગ માટે ભારતને વિજય પ્રાપ્ત થયો માટે પદ્મશ્રીનો ઈલ્કાબ અપાયો. કોઈપણ વસ્તુનો નિર્ણય કરતી વખતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને ધ્યાનમાં રાખવા પડે. સ્યાદ્વાદ એક સ્વરૂપનું દર્શન અનેક દૃષ્ટિબિંદુથી કરશે. આ જ સ્યાત્‌ની વાત પછી આપણે નયની વાત કહી-નય અર્થાત્ Knowledge.

અનેકાંત અનેક નિષ્કર્ષોમાંથી જન્મેલો સિદ્ધાંત છે. સ્યાદ્વાદ સપ્તભંગી એ અનેકાંતના જ રૂપ છે. સ્યાદ્વાદ એ અભિવ્યક્તિની એક રીત છે. સ્યાદ્ શબ્દ અપેક્ષા અથવા આંશિક સત્યનું સૂચન કરે છે. અનેકાન્ત દ્વારા જૈન અનંતધર્મનો બોધ થાય છે. કોઈ એક ધર્મના વિચારને અન્યધર્મને અવરોધ કર્યા વગર રજૂ કરવો એ જ સ્યાદ્વાદ છે. આપણે 'આમ જ' કરવું એમ કહીએ છીએ ત્યારે એમાં આગ્રહ હોય છે પરંતુ 'આમ પણ' કહી શકાય એમાં વિરોધ વગર પોતાની વાત રજૂ કરવાની રીત છે. આમ કરવાથી જગતની વિષમતા દૂર કરી શકાય છે.

જૈન દાર્શનિકોએ પાંચ કારણો બતાવ્યાં છેઃ

(૧) **કાળ :** વસ્તુ અથવા કાર્યનો પરિપક્વ કે અપરિપક્વ સમય એવો અર્થ. આ કાળ કારણમાં સમજવાનો છે.

(૨) **સ્વભાવ :** અહીં સ્વ-ભાવ એવી વ્યુત્પત્તિ છે. એટલે માણસનો કે જાનવરનો સ્વભાવ નહીં પણ પ્રત્યેક વસ્તુનો પોતાનો સ્વ-ભાવ, આપણે એને 'સહજધર્મ' આ નામે ઓળખીશું.

(૩) **ભવિતવ્યતા** : આનું નિયતિ એવું બીજું નામ પણ છે. આનો અર્થ કર્મ દ્વારા ઘડાયેલું પ્રારબ્ધ એવો થતો નથી. આ એક અનાદિ-અનંત અને સ્વતંત્ર કારણ છે.

(૪) **પ્રારબ્ધ :** આનું કર્મ એવું બીજું નામ પણ છે. વ્યક્તિગત અને સામુદાયિક કર્મો દ્વારા જે ઘડાય છે તે પ્રારબ્ધ.

(૫) **પુરુષાર્થ** : આને માટે 'ઉદ્યમ' એવું બીજું નામ પણ છે. જીવ-ચૈતન્ય જે ઉદ્યમ અથવા પુરુષાર્થ કરે છે તે.

જ્યાં સુધી આ પાંચ કારણો ભેગાં થતાં નથી ત્યાં સુધી કશુંય કાર્ય બનતું નથી.

કોઈપણ એક કારણથી બધું જ બને છે. એમ કહેવું તે 'એકાંતસૂચક' છે. એકાંત મિથ્યાત્વ છે અને અનેકાંત એ સમ્યક્ત્વ છે.' પાંચ આંગળીઓ અથવા બે હાથ ભેગા મળે છે, ત્યારે જ કાર્ય થાય છે. હાથ વિના કંઈ પકડી શકાતું નથી, તો પગ વિના ચાલી શકાતું નથી. બે હાથ વિના તાળી પડતી નથી. આગ્રહમાં આવી જઈને કોઈપણ એક જ વસ્તુ યા કારણને મહત્ત્વ આપવાથી કશો અર્થ સરતો નથી. જેમ યુદ્ધમાં સેનાપતિને મહત્ત્વ હોય છે પરંતુ સેનાપતિ એકલો કંઈ જ ન કરી શકે. સેનાપતીની યુદ્ધ કુશળતા, સૈન્યનું શિસ્ત-શક્તિ સાધન-સામગ્રીઓ વગેરે જેવી અનેક બાબતો ભાગ ભજવતી હોય છે. એમ કહી શકાય કે 'ભવિતવ્યાથી જીવ, નિગોદમાંથી બહાર નીકળે છે. સ્વભાવ અનેક કાળના સહકારથી ચરમાવર્તમાં આવે છે. ચરમાવર્તમાં કર્મ વડે ધર્મ પુરુષાર્થ માટેની પંચેન્દ્રિયપણું વગેરે આવશ્યક સામગ્રી તેને પ્રાપ્ત થાય છે અને આ સામગ્રી વડે યુક્ત થયેલો આત્મા હવે પંચમકારણ પુરુષાર્થ દ્વારા જ મોક્ષમાર્ગની સાધના કરે છે, એ માર્ગે પ્રયાણ કરે છે.' આમ આપણે જોઈ શકીએ છીએ કે એક કારણથી જીવ નિગોદમાંથી બહાર આવે છે ત્યારે બીજા કારણે તે મનુષ્યભવ મેળવે છે. જ્યારે સ્વગુણ અને સ્વભાવને કારણે પોતાના કર્મમળને બાંધે છે. પુરુષાર્થ દ્વારા કર્મમુક્ત પણ થાય છે, આમ અનેક કારણોથી આ પ્રવાહ આગળ વધે છે. આ વાતને ઉદાહરણથી સમજીએ.

એક કાપડની મિલ ઊભી કરવાની છે પ્રારબ્ધની લક્ષ્મી તો પ્રાપ્ત થઈ છે. મહેનતથી યોજના તૈયાર કરાય છે અને ઉદ્યોગના સંચાલનને સમજી શકે એવા ગુણ-સ્વભાવવાળા ટેકનિશિયનો લેવાય છે. કાપડને તૈયાર થતાં જે સમય લાગે તે મુજબ સમય પ્રમાણે એટલા કાળમાં કપડું તૈયાર થાય છે. બધી અનુકૂળ બાબતો હોય પરંતુ જો ભવિતવ્યતાનો સહકાર ન હોય તો ખેલ બગાડવાની શક્યતા રહે છે. ટૂંકમાં જ્યાં સુધી સહકાર ન મળે ત્યાં સુધી કપાસમાંથી કાપડ, ઘાસમાંથી દૂધ, ઘઉંમાંથી રોટલી, ડાંગરમાંથી ભાત, શેરડીમાંથી સાકર બનતા નથી. આ પાંચ કારણો પછી આપણે નય તરફ આગળ વધીએ.

નય એટલે કોઈપણ વસ્તુના એક ગુણ, ધર્મ કે સ્વરૂપને સમજાવે. નયના બે ઉપયોગ છે, એક તો પોતાને સમજવા માટે, એને 'જ્ઞાનાત્મક' કહે છે અને બીજો અન્યને સમજવા માટે એને 'વચનાત્મક' કહે છે. નય સાત છે અને સાતે નય પ્રત્યેક વસ્તુ માટે પોતપોતાના અભિપ્રાયો ધરાવે છે. સાતે નયના અભિપ્રાયો પરસ્પરથી ભિન્ન હોવા છતાં તે એકઠાં મળીને સ્યાદ્વાદ શ્રુતરૂપી આગમનો જ ભાગ છે. કોઈ પણ વસ્તુનું જ્ઞાન બે રીતે થાય છે. એક 'પ્રમાણ'થી અને બીજું 'નય'થી. પ્રમાણ એટલે સાબિતી-Proof. જેના વડ વસ્તુ નિઃસંદેહ અને બરાબર સમજાય છે.

ન્યાયદર્શનમાં ચાર પ્રમાણ કહ્યા છેઃ (૧) પ્રત્યક્ષ પ્રમાણ (૨) અનુમાન પ્રમાણ (૩) ઉપમાન પ્રમાણ (૪) આગમ પ્રમાણ.

આ ચાર પ્રમાણને વિસ્તારથી સમજીએ.

(૧) પ્રત્યક્ષ પ્રમાણ-આપણી પાંચ ઈન્દ્રિયો આંખ, કાન, નાક, જીભ અને ત્વચાથી જેનો બોધ થાય છે તે પ્રત્યક્ષ પ્રમાણ છે. દૂરથી કોઈ મનુષ્ય જેવી આકૃતિ દેખાય, જે અસ્પષ્ટ ભાસ હોય તો

'અવગ્રહ' છે. નજીક આવતા સ્ત્રી છે કે પુરુષ છે તે અંગે આછું દર્શન થાય તે 'ઈહ.' છે અને પછી નિર્ણય અપાય છે. ભવિષ્યમાં એ જ વ્યક્તિને સ્મરણથી ઓળખીશું.

(૨) અનુમાન પ્રમાણ-કોઈ એક વસ્તુ દ્વારા બીજી વસ્તુનું જે જ્ઞાન થાય તે 'અનુમાન પ્રમાણ' છે. ઉદા. તરીકે ચોક્કસ પ્રકારની વાત આવતાં કશુંક બળે છે, એવો નિર્ણય આપણે જે કરીએ છીએ તે અનુમાન પ્રમાણ છે. બંબાનો અવાજ સાંભળતા આગ લાગવાનો કે શરણાઈનો અવાજ સાંભળી ઉત્સવનું અનુમાન લગાડીએ છીએ.

(૩) ઉપમાન પ્રમાણ-સાદશ્યના જ્ઞાન વડે થતું જ્ઞાન તે ઉપમાન પ્રમાણ છે. કોઈને કોઈના જેવું .. હોવાની ઉપમા આપવી. જેમ કે કોઈ મહેમાન આપણાં ઘરે આવે અને આપણને કહે કે અહીં જે ગાય નામનું જે પ્રાણી છે તેને તેમના પ્રદેશમાં રોઝ કહે છે. આપણે ત્યાં જઈને જોઈએ છીએ ત્યારે ખબર પડે છે કે એ ભાઈના પ્રદેશમાં 'ગાયના જેવું રોઝ પ્રાણી છે.'

(૪) આગમ પ્રમાણ : આપ્ત (જેમનામાં શ્રદ્ધા રાખી શકાય તેવા) શ્રદ્ધેય અને પ્રમાણિક) પુરુષોના વચન, કથન કે લેખનથી જે બોધ આપણને થાય છે તે આગમ પ્રમાણ કહેવાય છે. આગમોની બાબતમાં એક મહત્ત્વની વાત હોય છે કે પ્રત્યક્ષ તથા અનુમાન વગેરે પ્રમાણોથી વિરુદ્ધ તેમાં કશું હોતું નથી અને તેમાં આલેખાયેલા વચનો, આત્મવિકાસ તથા તેના માર્ગ પર સાચો પ્રકાશ નાખનારા અને શુદ્ધ તત્ત્વના પ્રરૂપક હોય છે.

નય વિચારમાં ઉપર દર્શાવેલા પ્રમાણોના વિષયના અંશને નય ગ્રહણ કરે છે. કોઈ એક અંતથી નિર્ણય કરીને, વસ્તુના બીજા સ્વરૂપોનો સ્વીકાર કરવાનો જો ઈન્કાર કરીએ તો તે એકાંત અથવા મિથ્યાજ્ઞાન બને પરંતુ નય વિષયમાં એવું નથી. એક નય જ્યારે વસ્તુના એક જ સ્વરૂપને ગ્રહણ કરે છે, ત્યારે બીજા નય અનુસાર જણાવવામાં આવતા વસ્તુના બીજા સ્વરૂપનો ઈન્કાર કરતા નથી. બીજા નય દ્વારા રજુ થતી બાબતમાં પ્રથમ સ્વરૂપ કરતાં વિરોધ હોય છતાં એ બીજા સ્વરૂપને અમુક સંદર્ભોથી સ્વીકારે છે, તેથી નયજ્ઞાન મિથ્યા કરતું નથી. બીજી એક વાત પણ યાદ રાખવી પડે કે આ બધા નયો, સ્યાદ્વાદના એક અંગ અથવા અવયવ જેવા હોઈ, તે 'સ્યાત્' શબ્દની છત્રછાયામાં કાર્ય કરે છે.

'સ્યાત્' શબ્દનું પ્રયોજન જ નયોની સાપેક્ષતા સૂચવવા માટે છે. આ સાત નયને શાસ્ત્રકારોએ બે ભાગમાં વહેંચ્યા છે.

(૧) દ્રવ્યાર્થિક-અહીં 'દ્રવ્ય' શબ્દનો અર્થ સામાન્ય (General) એવો કરવાનો છે. ઉદા. માણસ તો એમાં સ્ત્રી, પુરુષ, બાળક સૌ કોઈ આવી જાય. (૧) નૈગમનય (૨) સંગ્રહનય (૩) વ્યવહારનય. આ ત્રણે નયો વસ્તુના સામાન્ય અર્થને અનુસરે છે. સામાન્ય અર્થની સમજણ આપે છે.

(૨) પર્યાયાર્થિક નય-અહીં પર્યાય શબ્દનો અર્થ વિશેષ એમ કર્યો છે. દ્રવ્ય એ વસ્તુ અર્થાત્ Substance છે. જ્યારે 'પર્યાય' એ વસ્તુની ભિન્ન અવસ્થા છે. ઉદા. તરીકે માણસ એ એક સામાન્ય છે જ્યારે એ વિશેષ અર્થમાં રજૂ થાય. ઉદા. તરીકે વ્યાખ્યાન આપતો હોય ત્યારે તે 'વક્તા' એવા વિશેષ અર્થમાં રજૂ થાય છે. (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત એ ચાર નયો પર્યાયાર્થિક નયોના નય છે.

આપણે કોઈ પણ વસ્તુનું Analysis કરીએ છીએ. પૃથ્થકરણ દ્વારા એમાં શું છે એ સમજીએ છીએ એ જ રીતે નય દ્વારા વસ્તુના ભિન્ન અંગોને જાણીએ છીએ. આ એક Analytical Process છે. આ દૃષ્ટિથી પ્રથમ ત્રણ નય : નૈગમ, સંગ્રહ અને વ્યવહાર– સામાન્યાર્થિક નય તરીકે ઓળખાય છે. છેલ્લા ચાર નય : ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ વિશેષાર્થિક નય તરીકે ઓળખાય છે.

આગળ આપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ અપેક્ષા ચતુષ્ટયની-ચાર આધારોની વાત કરી ગયા છીએ. એવી જ રીતે, અહીં નનયો વિચાર કરવામાં ચાર શબ્દો ધરાવતી 'નિક્ષેપ' બાબતને પણ સમજીએ. (૧) નામ નિક્ષેપ (૨) સ્થાપના નિક્ષેપ (૩) દ્રવ્ય નિક્ષેપ (૪) ભાવ નિક્ષેપ.

નિક્ષેપ એટલે વિભાગ. કોઈપણ શબ્દના ચાર વિભાગ પડે છે. એક તો 'સંજ્ઞા' અથવા નામ. બીજો 'આકૃતિ', ત્રીજો 'દળ' અને ચોથો 'ભાવ' એટલે ગુણધર્મ અને આચાર. આ પૈકી કોઈ એકનો તે વસ્તુ સાથે સંબંધ જોડવો તે 'નિક્ષેપ કર્યો' એમ કહેવાય છે. કોઈપણ એક શબ્દમાં જ્યારે અમુક અર્થનો આપણે સંબંધ જોડીએ છીએ, અથવા કોઈ અર્થમાં અમુક શબ્દનો સંબંધ આપણે જોડીએ છીએ, ત્યારે તેને 'નિક્ષેપ' શબ્દથી જૈન તત્ત્વવેત્તાઓ ઓળખાવે છે. કોઈપણ પદાર્થનું આપણે કંઈ નામ આપીએ, એને ઓળખવાની કંઈક સંજ્ઞા નક્કી કરીએ, અને પછી એના મૂળ શબ્દ સાથે જે સંબંધ જોડીએ તેને 'નામનિક્ષેપ કર્યો' એમ કહેવામાં આવે છે. તેને `Naming a substance' એમ કહેવામાં આવે છે.

(૧) નામ નિક્ષેપ :– કોઈએ વસ્તુને સમજવા જે ચોક્કસ નામ અપાય છે તે નામ નિક્ષેપ છે. વ્યક્તિને ઓળખવા માટે જે ચોક્કસ નામ અપાય છે તે નામ નિક્ષેપ છે. આ નામને અર્થ કે ભાવ સાથે કોઈ સંબંધ નથી. ઉદા. હનુમાનજીનું બીજું નામ 'બજરંગબલી' કહેવાય તો તેમના વિશિષ્ટ ગુણોને કારણે એટલે તે નામ નિક્ષેપમાં નહીં આવે.

(૨) સ્થાપના નિક્ષેપ :- કોઈપણ એક વસ્તુમાં બીજી વસ્તુની સ્થાપના કરી, એ નામ દ્વારા ઓળખાવવું એ 'સ્થાપના નિક્ષેપ' છે. અહીં 'તદાકાર સ્થાપના' અને 'સ્થાપના નિક્ષેપ' છે. અહીં 'તદાકાર

સ્થાપના' અને 'અતાદાકાર સ્થાપના' બે ભેદ છે. પથ્થરમાંથી મૂર્તિ બનાવી એને એક નામ આપવું એ 'તદાકાર સ્થાપના' છે. જ્યારે 'ચેસ'ની રમત રમતી વખતે આપણે મ્હોરાને જુદાં જુદાં નામથી ઓળખીએ છીએ, હાથી, ઘોડા વગેરે. અહીં આકાર ન હોય તોય એ રીતે ઓળખાવાય છે. આ છે 'અતદાકાર સ્થાપના'.

(૩) દ્રવ્ય નિક્ષેપ :- ભૂતકાળ તથા ભવિષ્યકાળ સાથે સંબંધ ધરાવતી વિવક્ષિત વસ્તુ અથવા વ્યક્તિના મૂળ સ્વરૂપનો, તે નામથી વર્તમાનકાળમાં ઉલ્લેખ કરવો એને 'દ્રવ્ય નિક્ષેપ' કહેવાય છે. ભારત લોકશાહી દેશ છે. અહીં રાજા નથી પરંતુ પહેલાં તેઓ રાજા હતા તો આજે તેઓ રાજા નથી છતાં એમને રાજા તરીકે ઓળખાવાય છે, તે છે દ્રવ્ય નિક્ષેપ. વસ્તુ અથવા વ્યક્તિ વિશે એના ભૂતકાળ અથવા ભવિષ્યકાળને લક્ષમાં રાખીને કોઈ શબ્દનું આરોપણ આપણે વર્તમાનમાં કરીએ તે 'દ્રવ્ય નિક્ષેપ' થાય છે.

(૪) ભાવ નિક્ષેપ :-કોઈ પણ વસ્તુ યા વ્યક્તિને, તેવી વર્તમાન વ્યવસ્થા વિષે અથવા વર્તમાન ગુણધર્મ અનુસાર સંબોધવી એને ભાવનિક્ષેપ કહે છે. દાન આપનારને દાતા, રાજ્ય કરનારને રાજા, કુસ્તીબાજને પહેલવાન, કાવ્ય લખનારને કવિ, સંઘ કાઢી લઈ જનારને સંઘવી વગેરે તરીકે ઓળખાવીએ એ 'ભાવનિક્ષેપ' છે.

નય અને વિક્ષેપનો સંબંધ સમજીએ તો 'નય' દ્વારા આપણે વસ્તુનું જ્ઞાન મેળવીએ છીએ અને નિક્ષેપ અર્થાત્મક છે. શબ્દ અને અર્થનો સંબંધ છે, 'જ્ઞેય-જ્ઞાયક'નો સંબંધ છે, ટૂંકમાં શબ્દ, અર્થ, તેવી સમજણ, માહિતી સુધી પહોંચી શકાય છે. હવે આપણે 'સાત નય' સમજીએ.

(૧) નૈગમનય-અર્થાત્ વસ્તુના સામાન્ય તથા વિશેષ એમ ઉભય સ્વરૂપને માને પરંતુ અલગ-અલગ માને તે નૈગમ-Figurative Knowledge.

આ 'નૈગમ'માં મૂળ શબ્દ છે, 'નિગમ'. न+एक+गम=नैगम. આમાં જે નિગમ શબ્દ છે તેનો અર્થ 'સંકલ્પ' (નિર્ણય) એવો થાય છે. આ નિગમ શબ્દનો 'કલ્પના' એવો અર્થ પણ થાય છે. કલ્પનાથી થતો વ્યવહાર તે નૈગમ કહેવાય છે. અહીં કલ્પના એટલે કોઈ અર્થાત્ કાલ્પનિક ધર્મની સ્ફુરણા નથી સમજવાની. પણ સત્ વાસ્તવિક ધર્મની સ્ફૂરણા લેવાની છે. આ નયમાં બે વાત ખાસ છે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણયને આ નય 'વર્તમાનવત્' બતાવે છે. સાથે અહીં સંકલ્પની વાત પણ આવે છે.

કોઈ એવી વાત જે વર્તમાનવત્ કહેવાઈ છે પણ કાં તો તે ભૂતકાત બની ગઈ. અથવા ભવિષ્યમાં બનવાની છે. તેને નૈગમ કહેવાય. ઉદા. રૂપાલી અમેરિકા જવાની છે પણ જ્યારે એ બોલે છે ત્યારે ભારતની ભૂમિ પર ઊભા રહીને કહે છે કે હું અમેરિકા જાઉં છું ત્યારે આપણે તેની વાતનો વિરોધ નથી કરતાં કારણ જવું તેનો સંકલ્પ છે અને તે વાતને સ્વીકારી વર્તમાનમાં એ રીતે રજૂ કરી છે.

મેડિકલના સ્ટુડન્ટને ડૉક્ટર કહેવું કે પછી મકાનનો કોઈ ભાગ પડી જાય તો પણ મકાન પડી ગયું એમ કહેવું કે પછી અરિહંત સિદ્ધ છે-તેમાં ભૂતકાળ, ભવિષ્યકાળ બંનેની વાત આવી જાય છે. ભૂતકાળ કે ભવિષ્યકાળની અપૂર્ણ ઘટનાને વર્તમાનવત્ બનાવી દઈએ છીએ. વસ્તુનું સામાન્ય અને વિશેષ-સ્વરૂપાત્મક અને લક્ષણાત્મક વર્ણન જેમાં સમાવિષ્ટ છે તે નૈગમનય છે.

(૨) સંગ્રહનય-જેને Collective અથવા Synthetic Approach કહેવાય છે. આ નય વસ્તુના સામાન્ય સ્વરુપનો પરિચય આવે છે. આ નય વસ્તુને કેવળ સામાન્ય ધર્મવાળી જ માનીને એ રીતે તેનો પરિચય આપણને આપે છે–સંગ્રહનયમાં વસ્તુને વ્યાપક અને સાધારણ દૃષ્ટિથી આપણે જોઈએ છીએ. ઉદા. નખ-આંગળીથી જુદાં નથી-આંગળી હાથથી જુદી નથી. એ હાથ શરીરથી ભિન્ન નથી. અહીં સર્વના રૂપે જોવાય છે. આ સંગ્રહનયમાં પરસંગ્રહ અને અપરસંગ્રહ એવા બે બતાવ્યા છે.

આ બંન્ને શબ્દો 'સામાન્ય' અર્થના જ સૂચક હોવા છતાં એકમાં 'મહાસામાન્ય' અને બીજામાં 'અવાંતર સામાન્ય' નો નિર્દેશ કરાયો છે.

વસ્તુના કોઈપણ વિશેષભાવને આ નય સ્વીકારતો નથી. ઉદા. તરીકે કબાટમાં કોટ, સાડી, ટાઈ વગેરે અનેક કપડાં પડ્યા હોવા છતાં આ નય તેનો જુદો જુદો પરિચય નહિ આપે. માત્ર કબાટમાં કપડાં છે કે પ્રાણીબાગમાં પ્રાણીઓ છે એમ જ કહેશે, પણ ક્યાં ક્યાં પ્રાણીઓ, એ અંગે વિશેષતા વ્યક્ત નહીં કરે. ટૂંકમાં સંગ્રહનય વસ્તુના સામાન્ય સ્વરૂપને જ માત્ર ઓળખાવે છે.

(૩) વ્યવહાર નય–આ નય વસ્તુના માત્ર વિશેષ સ્વરૂપને જ માને છે. Practical, Individual Analytical approach આને કહે છે. વ્યવહાર નય વસ્તુને વિશેષ ધર્મવાળી જ માને છે. એના મતે જ્યાં સુધી વિશેષ ન આવે ત્યાં સુધી અર્થ પકડાય નહીં. ઉદા. જનાવર તો કયું–પૂંછડાવાળું-પૂંછડાં વગરનું, શીંગડાવાળું– શીંગડા વગરનું વગેરે. અહીં વિશેષ પર્યાયથી જ કાર્ય થાય છે. વ્યવહારનયમાં સંગ્રહનયથી એક જુદી જ દિશાનું કાર્ય થાય છે. આ ત્રણ નયો સામાન્ય અને વિશેષ સ્વરૂપની વાત કરી પરંતુ એથી સૂક્ષ્મ દૃષ્ટિકોણ હવેના ચાર નયોમાં છે—પર્યાયાયિક નયોમાં

(૪) ઋજૂસૂત્ર નય–આ નય સ્થૂળ અને સૂક્ષ્મ પ્રકારે વસ્તુની વર્તમાન અવસ્થાને બતાવે છે, ગ્રહણ કરે છે-અંગ્રેજીમાં તેને The king in its present condtion-વસ્તુ પોતાની વર્તમાન અવસ્થામાં એમ કહી શકાય.

આ નય વસ્તુની ભૂત તથા ભાવિની અવસ્થાને નથી માનતો પરંતુ વસ્તુના પોતાના વર્તમાન પર્યાયને જ માને છે. વર્તમાન

કાળના જે સૂક્ષ્મ અને સ્થૂળભેદ ઋજૂસૂત્ર નય સ્વીકારે છે. જે વર્તમાનકાળમાં છે તે જ આપણને ઉપયોગી છે. અન્ય ઉપયોગમાં નથી આવતા માટે આ નય એનો સ્વીકાર નથી કરતો. ઉદા. હાથી અત્યારે છે–તો એનો સ્વીકાર પરંતુ પછી આવવાનો છે તો નય એનો સ્વીકાર નથી કરતો.

(૫) શબ્દ નય-વસ્તુ વિશે વપરાતા શબ્દના, લિંગ, વચન, કાળ, સંખ્યા વગેરે વ્યાકરણ ભેદે થતા અર્થોને જુદા જુદા તરીકે જાણે અને બતાવે તે શબ્દ નય. આ નય અનેક શબ્દો વડે ઓળખાતા. એક પદાર્થને એક જ માને છે. આ નય Grammatical approach ધરાવેછે. અર્થાત્-ચોક્કસ વસ્તુ માટે ચોક્કસ શબ્દ પ્રયોગ કરવો એવું માને છે. મનુષ્યને બદલે 'નર' અથવા 'નારી' એવા જ શબ્દોનો પ્રયોગ કરશે.શબ્દોનો પ્રયોગ કરશે. શબ્દ નય લિંગ, વચન, કાળ વગેરે દ્વારા વસ્તુના અર્થમાં જે ફેરફાર થાય છે તે મુજબના અર્થમાં બતાવે છે. અહીં મુખ્યત્વે ભાષાનું વ્યાકરણ મહત્તવનો ભાગ ભજવે છે. આપણે એને વ્યાકરણવાદી, અંગ્રેજીમાં `Gramatical Approach' કહી શકાય.

(૬) સમભિરૂઢ નય–શબ્દભેદે અર્થભેદે માને, તે સમભિરૂઢ નય-એક જ વસ્તુને જુદાં જુદાં શબ્દો વડે જ્યારે ઓળખવામાં આવે ત્યારે તે શબ્દો પર્યાય બને છે-અર્થાતે જ્યારે શબ્દનય એમ કહે કે-કુંભ, કળશ, ઘડો, આદિ જુદા શબ્દોથી ઓળખાતા પદાર્થ એક જ છે. જ્યારે સમભિરૂઢ નય કહે છે કે આ ત્રણેય પદાર્થો અલગ-અલગ છે.

આ નય માને છે કે વસ્તુનું નામ બદલાતા વસ્તુના અર્થમાં પણ ભેદ પડે છે. આ નય Specific Knowledge માં માને છે. શ્રીકૃષ્ણના અનેક નામ હોય પરંતુ દરેક નામ સાથે જુદાં સંદર્ભો રહેલા છે. આમ દરેક ચોક્કસ નામનો અર્થ હોય છે તેમ તે સ્વીકારે છે.

(૭) એવંભૂત નય–આ નય ક્રિયાશીલ Active નય છે. શબ્દના ક્રિયાત્મક અર્થને તે ગ્રહણ કરે છે. જે વખતે તે ક્રિયા થતી હોય તે જ વખતે તેજ અર્થમાં શબ્દને સ્વીકારે છે–ટૂંકમાં જે ક્રિયા અત્યારે ચાલુ છે તેના જ અર્થમાં તેનો સ્વીકાર કરવો. આ નય ક્રિયાભેદે અર્થભેદ બતાવે છે. શબ્દના અર્થમાં ઉલ્લેખાયેલી ક્રિયા જે વખતે ન થતી હોય તે વખતે એ અર્થમાં આ નય કબૂલ રાખતો નથી. ઉદા. 'ગાયક' શબ્દનો અર્થ 'ગીત ગાનાર' એવો થાય છે. અવંભૂત નય એને સર્વકાળે ગાયક તરીકે નહીં સ્વીકારે. એ માણસ જ્યારે ગીત ગાવા રૂપી ક્રિયા કરતો હશે ત્યારે જ એને ગાયક તરીકે સ્વીકારાશે. આમ જ 'પૂજારી' જ્યારે પૂજાની ક્રિયા કરતો હશે ત્યારે જ 'પૂજારી' અન્યથા નહીં.

આમ આપણે સાત નયો જોયા. જે આપણને મનોગત સમજણ પૂરી પાડે છે-જે સ્વતંત્ર છે અને નથી પણ. આધારિત છે અને નથી પણ.સાતે સાત નયો વધુ ને વધુ શુદ્ધ અર્થ આપે છે. નયોનો વિષય સૂક્ષ્મ છે. એક જ વસ્તુને જોવાની-સમજવાની આ ભિન્ન ભિન્ન બાજુઓ છે. આ સાતેય બાજુઓ મળીને સંપૂર્ણ ખ્યાલ આવે છે. આ સાતે નય મળીને જે શ્રુત બતાવે છે તે 'પ્રમાણશ્રુત' કહેવાય છે. આ બધા નયો પરસ્પર સાપેક્ષ હોય તો જ સત્ય છે. અન્યથા મિથ્યા છે. દુર્તય છે, પોતપોતાના સ્થાને અમુક નિશ્ચિંત વસ્તુ બતાવે છે.

આ રીતે નયો કે સાત પરિમાણ જેવા છે જે એ સંપૂર્ણ ચિત્ર રજૂ કરવાનો પ્રયાસ કરે છે. એકબીજાનું ખંડન નથી કરતા પરંતુ ખંડન કર્યા વિના પોતાની માન્યતાને સ્વીકારે છે. બીજા નયને સાપેક્ષ રહીને, બીજી અપેક્ષાઓને આધીન રહીને વસ્તુનું યથાર્થ સ્વરૂપ બતાવે છે ત્યારે જ તેની ગણના 'સ્યાદ્વાદ શ્રુત'માં થાય છે.

બે બાબતોને આપણે સમજી લઈએ. પરસ્પર વિરુદ્ધ એવા ધર્મોનો એક જ વસ્તુમાં સ્વીકાર કરવો, પૂરી સમજણથી સ્વીકાર કરવો. અને (૨) વસ્તુ એક જ હોવા છતાં એના ભિન્ન ભિન્ન સ્વરૂપો બુદ્ધિમાં ઉદ્ભવે જ છે અને આ ભિન્ન ભિન્ન પ્રકારની બુદ્ધિને આપણે 'નય બુદ્ધિ' કહીશું.

પ્રત્યેક વસ્તુ અનેક ગુણ ધર્માત્મક છે. નયની સહાયથી, ભિન્ન ભિન્ન ગુણધર્મોને જાણવાનું થતું જ્ઞાન જે છે, તે પણ ભિન્ન ભિન્ન છે. દરેક વ્યક્તિ પોત પોતાની શક્તિ અને સમજણ અનુસાર Caliber & Catagery મુજબ સમજી શકે છે. વસ્તુને અંશથી જ્યોર જોવાય ત્યારે મતભેદ ને સ્યાત્ રહે છે. આ મતભેદોને નિવારવાનું સાધન તે આ 'નય-જ્ઞાન' છે.

આજે અનેક વસ્તુનો અનેક રીતે સ્વીકાર કરતા આ નય શીખવે છે. ધર્મના આચરણમાં જૈન દાર્શનિકોએ બે નય કહ્યાં છે. (૧) વ્યવહાર નય (૨) નિશ્ચય નય. વ્યવહાર-સાધન અને નિશ્ચય એ સાધ્ય-સાધનો વડે સાધ્ય સિદ્ધ થાય છે. સાધનો વ્યવહારના ક્ષેત્રમાં આવે અને સિદ્ધ થનારું સાધ્ય એ નિશ્ચયના ક્ષેત્રમાં આવે છે. ધ્યાન દ્વારા આત્માનો વિકાસ થાય ત્યાં ધ્યાન એ સાધન છે અને વિકાસ એ સાધ્ય છે.

આજે આજ નય દ્વારા આપણે મનને તપાસીએ છીએ. મન દુષિત છે એ એ જ જુએ છે જેમાં એને સુખ મળે છે. પરંતુ મનનો નિશ્ચય એ આનંદ છે અને એ માટે એને વ્યવહારને બદલવાનો છે.

જ્યારે વ્યવહારમાં આચરણની વાત આવે ત્યારે નિશ્ચય નયને નજર સામે રાખીને જ આપણો વર્તમાન Code of Conduct-આપણે નક્કી કરવો પડે. નિશ્ચય દૃષ્ટિ તત્ત્વ સ્પર્શી પવિત્ર જ્ઞાનની દૃષ્ટિ છે. આપણા વ્યવહારમાં દાખલ થઈ જતી અશુદ્ધિઓને દૂર કરવાનું અને અટકાવવાનુ કામ તે કરે છે. માણસે પોતાનું આંતરિક અને બાહ્ય બંને પ્રકારનું જીવન શુદ્ધ રાખવું જોઈએ.

ઘણીવાર એવું બનતું હોય છે કે કોઈક કારણોસર કેટલીક વ્યક્તિઓ આપણને નથી ગમતી ત્યારે આપણે આપણા અંગત પ્રતિભાવથી એ વ્યક્તિના સમગ્રતા પર આઘાત પહોંચાડતા હોય છે. કારણ એ જ વ્યક્તિ આપણા માટે ન ગમતી અને અન્ય માટે અતિપ્રિય હોઈ શકે તો પછી એવા સમયે એ વ્યક્તિને એ એકમાત્ર દૃષ્ટિકોણથી માપવાનો આપણને કોઈ અધિકાર નથી. જે સત્ય આપણને પ્રાપ્ત થયું છે તે પૂર્ણ નથી અને સમજણ સ્વીકાર point of viewમાં પડી ગયા છીએ. દરેકને પોતાના point of view સિદ્ધ કરવા છે અને તેને કારણે અનેક ટાપુઓમાં સહુ વિભાજીત થઈ ગયા છે. જૈન ધર્મમાં અનેક ફાંટા જોઈને આનંદઘનજીએ પણ આંસુ વહાવતા ગાયું છે.

'ગચ્છના બહુભેદ નયને નિહાળતા
તત્ત્વની વાત કરતા તમે, લાજ નૈ આવે ?'

તત્ત્વના નામે ભેદ ન હોય એ તો સમન્વયની ભૂમિકા છે, દર્શનની ભૂમિકા છે. સાક્ષાત્કારની ભૂમિકા છે. આપણે એ જ તત્ત્વના નામે જુદા પડી ગયા છીએ. એક વ્યક્તિ એકવાર નદીમાં ડૂબતો હતો એને લાકડાનું પાટિયું મળી ગયું એના સહારે નદી તરી ગયો અને બહાર આવી ગયો. હવે એ વ્યક્તિએ એ લાકડું છોડી દેવું પડશે. કંઈ એ આ લાકડાને લઈને જમીન પર નહીં ઊડી શકે, એ લાકડું એટલા સમય પૂરતું જ મર્યાદીત હતું. એમ જ દરેક ક્ષણનું સત્ય જુદું હોય છે. અને એ ક્ષણે ક્ષણે બદલાય છે. એની સાથે માણસે પણ બદલાવું પડે છે. આપણી નજર નિશ્ચિત હોવા છતાં વ્યવહારને આપણે શુદ્ધ ન રાખીએ અથવા વ્યવહાર શુદ્ધ હોય પરંતુ આપણું ધ્યાન નિશ્ચય પરથી ખસેડી નાખીએ તો તે બંને કાર્ય આપણા માટે નુકસાનકારક છે. જ્ઞાન અને વિવેક બંનેમાંથી એકનો પણ અભાવ ન ચાલે. જ્ઞાન અને વિવેક બંનેને જરૂરી છે. શાસ્ત્રકારોએ કહ્યું જ છે કે-

'જે આસવા તે પડિસ્સવા
જે પડિસ્સવા તે આસવા.'

અર્થાત્ આત્માને કર્મબંધ કરાવનારા સ્થાનો કર્મમાંથી છોડાવે અને કર્મમાંથી છોડાવનારાં સ્થાનો કર્મનો બંધ કરાવે છે. એનો અર્થ એવો છે કે જે પ્રવૃત્તિથી અજ્ઞાન અને અવિવેકીના કર્મબંધન થાય એ જ પ્રવૃત્તિ જ્ઞાન અને વિવેકી સજ્જન માટે કર્મમાંથી મુક્તિ અપાવનારી બને. ઉદા. જે જ્ઞાની અને વિવેકી છે તેનાથી માનવ સમાજનું સારું કાર્ય થાય તો પણ તે નમ્રતાપૂર્વક વર્તશે અને કર્મબંધન નહીં કરે જ્યારે એ જ કાર્ય અજ્ઞાની અને અવિવેકીથી થશે તો તેના મનમાં અહંકાર આવશે અને કર્મબંધનનો ભોગ બનશે.

આમ સમજણ ભેદ બહુ મોટો ભાગ ભજવે છે.

આજે આપણે ધર્મ અને તત્ત્વજ્ઞાનને જુદા જોઈએ છે. પરંતુ નયપ્રમાણમાં બંને સાથે જ છે. તત્ત્વજ્ઞાન આપણને સદ્વિચાર આપે છે અને ધર્મ આપણને આચરણ શીખવે છે. સારો વિચાર અને સારો આચાર, આ બંને પરસ્પર સંકળાયેલા અને મહત્ત્વ ધરાવનારા છે. સુવિચાર એ નિશ્ચયદૃષ્ટિ છે અને સદાચાર એ વ્યવહાર દૃષ્ટિ છે.

આજે જીવનના દરેક પગલે નિશ્ચય અને વ્યવહાર નય આવશ્યક છે. આપણા પ્રત્યેક કાર્ય વખતે આપણી દૃષ્ટિ સદ્વિચાર કે ધર્મ પર હોય તો એ મુજબ આચરણ કરવું જોઈએ. જ્યારે કોઈ એક વસ્તુનો નિર્ણય લેવો હોય ત્યારે તેને અનેક બાજુથી જોઈ તપાસીને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તો જ આપણે સત્યની નિકટ પહોંચી શકીશું અન્યથા નહીં.

અનેકાંતવાદના સિદ્ધાંતમાં અપેક્ષાભાવ, સાપેક્ષતા ખૂબ જ ક્રિયાશીલ–Active અને મહત્ત્વનો ભાગ ભજવે છે. આ અપેક્ષાવાદ કે સ્યાદ્વાદ એ માત્ર અમુક પ્રકારની ચર્ચા, વ્યવહાર કે બુદ્ધિવૈશધા કરવા માટે જ છે એવું નથી, પરંતુ વસ્તુ માત્ર વાસ્તવમાં પોતે જેવી અનેક ધર્માત્મક છે, તેવું તેનું દર્શન કરાવનાર આ અપેક્ષાવાદ-સ્યાદ્વાદ છે. એનાથી જ વસ્તુના સમગ્ર સ્વરૂપોને સમજી શકાય છે. આમ સાપેક્ષ યા સ્વાદ્વાદની દૃષ્ટિ વસ્તુમાં કંઈ નવું સર્જતી નથી. અથવા તેમાં કોઈ આરોપણ કરતી નથી પરંતુ ભોમિયાની જેમ વસ્તુમાં જે છે, તે ખુલ્લું કરીને બતાવે છે. રામ એ પિતા છે, અને પુત્ર પણ છે, એ ભાવ લવકુશની અને દશરથની અપેક્ષાથી સ્પષ્ટ થાય છે.

નિશ્ચય નય અને વ્યવહાર નયમાં સ્યાદ્વાદ એ Balance જેવો છે. કર્મબદ્ધ થયેલા સંસારી જીવને નિશ્ચય જાળવી રાખવા માટે મુશ્કેલીનો સામનો કરવાનો હોય છે. માટે જ વ્યવહારમાં 'ઉત્સર્ગ' અને 'અપવાદ' એવા બે વિભાગો દર્શાવ્યા છે. 'ઉત્સર્ગ' એટલે નિશ્ચય તરફ દોરી જતો Right Royal Highway જ્યારે અપવાદ એટલે મૂળ માર્ગના રક્ષણ માટે ઉપયોગમાં લેવાતો પેટા માર્ગ Diversion તે પેલા મૂળ માર્ગના રક્ષણ માટે અને સફળ અનુસરણ માટે એક ઉપાય છે. ઉદા. તરીકે મુંબઈથી દિલ્હી જતાં રસ્તામાં રીપેરીંગ કાર્ય ચાલતું હોય ત્યારે 'હાઈ-વે' છોડીને અન્ય રસ્તે જઈએ ત્યારે આપણી મૂળ નજર તો મૂળ રસ્તા પર પાછા ફરવાની જ હતી.

નયદૃષ્ટિ માણસનું અજ્ઞાન દૂર કરે છે, એમ કરવાથી કલ્યાણ જ થાય છે.

જેમ સાત નય જોયા તેમ સપ્તભંગી પણ રસપ્રદ છે. સપ્તભંગી એ કસોટીપત્ર છે. કશું પણ જાણવા માટે માણસને પ્રથમ જિજ્ઞાસા થાય છે. આ જીજ્ઞાસાનું બીજ છે સંશય... સંશય સાત પ્રકારના હોય છે.

ઘર બંધ કરીને, તાળું મારીને, સપરિવાર યાત્રા કરવા માટે બહારગામ ગયા. ત્યાં સમાચાર મળ્યા કે ગામમાં ચોરીનો ઉપદ્રવ

શરૂ થયો છે. ત્યારે આપણે અસ્વસ્થ થઈએ–અને સાત સંશયો જન્મે
(૧) મારા ઘરમાં શું ચોરી થઈ છે?
(૨) ચોરી નથી થઈ?
(૩) ચોરી થઈ હશે કે નહિ થઈ હોય?
(૪) શું કહી શકાય?
(૫) થઈ હશે પણ શું કહી શકાય?
(૬) નથી થઈ પણ શું કહી શકાય?
(૭) થઈ છે, નથી થઈ, પણ શું કહી શકાય?

જૈન દાર્શનિકોએ ઘડાનું ઉદાહરણ છે. આવા પ્રશ્નો પૂછ્યા છે-
(૧) શું ઘડો છે? – અમુક અપેક્ષાએ ઘડો છે.
(૨) શું ઘડો નથી? – અમુક અપેક્ષાએ ઘડો નથી.
(૩) શું ઘડો છે અને નથી – અમુક અપેક્ષાએ છે અને નથી.
(૪) શું ઘડો અવાચ્ય છે – અવાચ્ય અર્થાત્ વાણી યા શબ્દ દ્વારા જેનું વર્ણન ન થઈ શકે તેવો.
(૫) શું ઘડો છે અને અવાચ્ય છે?
(૬) શું ઘડો નથી અને અવાચ્ય છે?
(૭) શું ઘડો છે, નથી અને અવાચ્ય છે?

આ સાત સિવાય આઠમો પ્રશ્ન કદી પૂછાતો નથી.

પહેલા વાક્યમાં છે, પછી નથી. ત્રીજામાં છે અને નથી સુધી સમજ્યા પછી ઘડો અવાચ્ય છે અર્થાત્ ઘણીવાર કેટલીક લાગણીઓને વ્યકત કરવા શબ્દ નથી. પહેલાં ત્રણ વાક્યો સ્પષ્ટ છે. ઘડો અમુક પરિસ્થિતિમાં છે, અમુકમાં નથી જ અને પછી સાપેક્ષ છે અને નથી. હવે ચોથા વાક્યમાં શબ્દ દ્વારા જ્યાં વર્ણન શક્ય નથી તેની વાત આવે છે. વર્ણન કરવાની અશક્તિમાંથી નેતિ નેતિ (નથી, નથી) શબ્દો પ્રગટ થયા. આમ જ ચોથા ભંગમાં અવક્તવ્ય શબ્દ અમુક સાપેક્ષતાનો સૂચક હોઈ શકે. ત્યારબાદ પાંચમી – ઘડો છે અને અવક્તવ્ય છે. અહીં વસ્તુના અસ્તિત્વના સ્વીકાર પછી અવક્તવ્ય કહે છે. જમીનની નીચે પાણી છે. એ વાસ્તવિકતા છે પણ કુવો ખોદવા માટે કોઈ પૂછે તો કહેવું પડે કે છે, પણ કહી શકાય નહીં.

છઠ્ઠી ભંગીમાં-

ક્વચિત ઘડો નથી અને અવક્તવ્ય છે.

એટલે જમીનને ઊંડે ખોદી પણ પાણી નીકળતું નથી એટલે જમીનની નીચે પાણી નથી. એટલે જમીન નીચે પાણી છે એ વાસ્તવિકતા છતાં અહીંથી પાણી ન મળ્યું.

અને છેલ્લે ઘડો છે, નથી અને અવ્યક્તવ્ય છે. એક કુવામાં પાણી છે, બીજામાં નથી, બંનેનું ખોદાણ એક સરખું જ હતું. પણ બીજામાં ન મળ્યું અને એનું કારણ કહી શકાય એમ નથી. (મૂડી છે, નથી, ભવિષ્યથી થશે કે નહીં ખબર નથી.)

આમ સાત ભંગ દ્વારા વસ્તુના સાત જુદા જુદા નિર્ણયો પ્રાપ્ત થાય છે.

પોટેશિયમ સાઈનાઈડ જે કાતિલ ઝેર પરંતુ ઈન્ડસ્ટ્રીમાં તેનો ઉપયોગ કેવો થાય એ રહસ્ય જ.

જ્ઞાન છેવટે તો શ્રદ્ધા અને બુદ્ધિના સમન્વયથી ખીલે છે. સોક્રેટીસની એક કથા બહુ પ્રચલિત છે. કેટલાક લોકોએ એવી આકાશવાણી સાંભળી કે આ યુગમાં સૌથી શાણો અને ડાહ્યો માણસ સોક્રેટીસ છે. આ સાંભળીને લોકો સોક્રેટીસ પાસે ગયા અને પૂછ્યું કે આ વાત સાચી છે, ત્યારે થોડીવાર વિચારીને પછી સોક્રેટીસે જવાબ આપ્યો, એ જવાબ બહુ સૂચક છે. 'હા એ વાત સાચી છે, કારણ કે હું કશું જાણતો નથી એ વાત હું જાણું છું.'

આમ જે માણસ જાણે છે કે એ અજ્ઞાની છે તે જ મહા જ્ઞાની છે. જેમ કબીરે યોગ્ય ગુરુ શોધવા કહ્યું હતું તેમ સાચું સ્થાન પણ પામવું પડે. જ્ઞાન અને સાચા જ્ઞાન માટે તો માર્ગ અનેકાંતવાદમાં છે- 'બાબાવાક્ય પ્રમાણમ્' જેવી વાત ન હોવી જોઈએ.

ટૂંકમાં જૈનદર્શન પ્રતીતિ અને સાક્ષાત્કારની અવસ્થાએ મનુષ્યને લાવીને મૂકે છે. અંતે આપણે સહુ એક જ સત્ય અને આત્માને પામવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે અનેકાંતવિચાર આપણે વિચાર સમૃદ્ધિ આપે છે. અનેકાંતવાદ આપણને બીજાની જગ્યાએ ઊભા રહીને વિચાર કરતા શીખવે છે-ત્યાંથી સમન્વયની શરૂઆત થાય છે અને આત્માર્થની સીડી ચઢાય છે.

*વિશ્વ સમન્વય અનેકાન્ત પથ*
*સર્વોદય કા પ્રતિપલ ગાન!*
*મૈત્રી કરુણા સર્વ જીવો પર,*
*જૈન ધર્મ જગ જ્યોતિ મહાન!*

✶ ✶ ✶

૧૦-બી, ૭૦૨, અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્સ,
કાંદિવલી (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦ ૧૦૧.
મો. ૯૮૨૧૫ ૩૩૭૦૨.

## અસ્તિત્વ

☐ *અસ્તિત્વ શાશ્વત છે.*

*તે ગઈકાલે પણ હતું, આજે પણ છે, આવતીકાલે પણ હશે.*

*અસ્તિત્વ નિરંતર અસ્તિત્વમાં પરિણમન કરતું રહે છે, તેથી તેનું ક્યારેય નાસ્તિત્વ થતું નથી.*

*એનો અર્થ છે - અસ્તિત્વ અજર-અમર છે.*

*એક માણસ જન્મે છે, મૃત્યુ પામે છે પરંતુ આત્માનું અસ્તિત્વ ટકી રહે છે.*

*જન્મ અને મૃત્યુની પરંપરાથી પર છે આત્માનું અસ્તિત્વ.*

*આજે એક પુસ્તક છે. આવતીકાલે તે નાશ પામી શકે છે, પરંતુ પરમાણુનું અસ્તિત્વ ક્યારેય નાશ પામતું નથી.*

# અનેકાંતવાદઃ સમસ્યામય જીવનમાં સમન્વયનું મેઘધનુષ

□ પદ્મશ્રી કુમારપાળ દેસાઈ

*[ પદ્મશ્રી સન્માનથી એમને સન્માનીત કરાયા છે. જૈન દર્શનના તજજ્ઞ વિદ્વાનની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી છે. સર્જક, વ્યાખ્યાતા, વક્તા એવા કુમારપાળ દેસાઈએ અનેક ક્ષેત્રોમાં પોતાનું પ્રદાન આપ્યું છે. જૈન દર્શનની સાથે ગુજરાતી સાહિત્યમાં મોખરાનું સ્થાન ધરાવતા આ સર્જક પ્રસ્તુત લેખમાં અનેકાંતવાદનો વિચાર સમષ્ટિમાં શાંતિ અને સુખનું નિર્માણ કરવામાં કઈ રીતે ઉપયોગી છે, તે રજૂ કરે છે. જીવનની સાથે જોડી તાત્ત્વિક વિચારણાને એમને સરળતાથી રજૂ કરી છે. ]*

જીવનના ધરાતલમાંથી જાગેલા ચિંતનમાંથી પ્રગટે છે તત્ત્વજ્ઞાન. તત્ત્વજ્ઞાનના એ વિચારની પાછળ અખિલાઈથી જોવાયેલા જીવનનો અર્ક અને મર્મ હોય છે. જો એ તત્ત્વજ્ઞાન સાથે જીવનની ભાવના જોડાયેલી ન હોય, તો સમય જતાં એ ખોખલું, ચીલાચાલુ અને સર્વથા અપ્રસ્તુત બની જાય છે. એવું તત્ત્વજ્ઞાન વ્યક્તિ, સમાજ કે સાધકને દિશાદર્શન કરાવવાને બદલે સમાજ પર ભારરૂપ બને છે અને તેને પરિણામે કેટલીય ભ્રાંત માન્યતાઓ, જડતા, મૂઢતા, દ્વિધા અને શંકા જાગે છે. જીવનના સ્પર્શ વિનાનું તત્ત્વજ્ઞાન એ માત્ર એક તરંગ બનીને અટકી જાય છે.

તત્ત્વદર્શન જ્યારે પ્રગટે છે, ત્યારે માનવીના સમગ્ર જીવનદર્શનમાંથી પ્રગટતું હોય છે. માનવીની વૃત્તિ, વાણી અને વ્યવહાર એની સાથે અનુસ્યૂત હોય છે. એની પાછળ મનુષ્યજીવનની ઊર્ધ્વતા કે માનવકલ્યાણનો આશય રાખવામાં આવ્યો હોય છે. આવું તત્ત્વજ્ઞાન એ એવી વિચારશૈલી ધરાવે છે કે જેનાથી માનવી માનસિક, ચૈતસિક કે આધ્યાત્મિક શાંતિ કે પરમ કલ્યાણ કે મુક્તિની પ્રાપ્તિ કરી શકે.

આ સંદર્ભમાં જૈનદર્શનની જગતને સર્વોચ્ચ ભેટ સમાન અનેકાંતવાદનો વિચાર કરીએ. અત્યંત વિલક્ષણ લાગે એવું આ તત્ત્વદર્શન છે, કારણ કે સામાન્ય રીતે માનવી પોતાની રીતે કે પોતાની દૃષ્ટિને અનુકૂળ હોય તે રીતે વિચારે છે. પોતે જે વિચારે છે, એને સર્વથા અને સંપૂર્ણ સત્ય છે એમ માને છે અને એ પછી વળગી રહે છે. આને કારણે જગતમાં વિચારોની સાઠમારી થાય છે. સામસામી પક્ષાપક્ષી થાય છે. આગ્રહોનું સમરાંગણ ખેલાય છે. એકબીજા પર આક્ષેપો–પ્રતિઆક્ષેપો થતા હોય છે અને સામાની વાતને સદંતર નકારવાનો પ્રયાસ થતો હોય છે. 'મારું જ સાચું' એમ આગ્રહપૂર્વક કહેવામાં આવે છે અને બીજાને વિચાર-યુદ્ધમાં પરાજિત કરીને વ્યક્તિ આનંદિત બનતી હોય છે. કોઈને વાદમાં પરાજિત કરીને પોતાની જાતને એ વિદ્વાન વિજેતા માનતો હોય છે અને પરાજિત થનારને ધુત્કારતો હોય છે. આ રીતે 'મારો જ મત સાચો' એવી જગતની શૈલી છે, ત્યારે ભગવાન મહાવીરે પ્રબોધેલો અનેકાંતવાદ એ 'સાચું જ મારું'નું મૌલિક દર્શન છે.

આગ્રહ અને અહંકારમાં રહેલી વ્યક્તિ સદૈવ પોતાની વાત, મત, અભિપ્રાય કે માન્યતાને માને છે, પણ હકીકતમાં તો એની પાસે પૂર્ણ સત્ય હોતું નથી. સત્યનો એક અંશ એ અપૂર્ણ સત્ય છે. બધા અંશો ભેગા થાય, તો પૂર્ણ સત્ય પ્રાપ્ત થઈ શકે. આ સંદર્ભમાં એક પ્રસિદ્ધ ઉદાહરણ જોઈએ.

બે વ્યક્તિઓ નૃત્ય જોવા ગઈ. એક વ્યક્તિ અંધ અને બીજી બધિર હતી. નૃત્ય સાથે ગાનનો કાર્યક્રમ હતો. કાર્યક્રમ પૂર્ણ થતાં અંધ વ્યક્તિએ કહ્યું, 'વાહ, ગીત કેવું સુંદર હતું ? આવું મધુર ગીત મેં જિંદગીમાં ક્યારેય સાંભળ્યું નથી.'

ત્યારે બધિરે કહ્યું, 'અરે ! ક્યાં કોઈ ગીત જેવી વાત જ હતી. મંચ પર તો કેવલ નૃત્ય હતું. ગીત નહીં.' અને પછી બંને વચ્ચે કલહ જાગ્યો. આમ એકાંત દૃષ્ટિએ વિચારનાર આગ્રહમાં સરી પડે છે. એ પોતાની વાતને વળગી રહે છે, એથી ય વિશેષ સામાની વાતનો સર્વથા, સર્વ પ્રકારે અસ્વીકાર કરે છે. જ્યારે જૈનદર્શનનો અનેકાંતવાદ એ 'જ'કારને બદલે 'પણ'કારનો સિદ્ધાંત છે. એ કહે છે કે કોઈપણ પદાર્થને એક દૃષ્ટિબિંદુથી જોવાને બદલે સર્વાંગી દૃષ્ટિએ જોવો જોઈએ. આને માટે બીજાની વાત સાંભળો અને બીજાના દૃષ્ટિબંદુને સાંકળો. દરેક વસ્તુની અનંત બાજુ (ધર્મ) હોય છે અને એ રીતે સંસાર અનંતધર્મા છે.

કોઈ કવિને આકાશમાંથી રૂપેરી ચાંદની રેલાવતો શરદ પૂર્ણિમાનો પૂર્ણરૂપે ખીલેલો ચંદ્ર એ પ્રિયતમાના સુંદર મુખ જેવો લાગે, કોઈને વળી પ્રિયતમની રાહ જોતી બારણામાંથી સહજ ડોકિયું કરતી નારીના સુંદર મુખ જેવો લાગે, તો કોઈને ચંદ્રની ચાંદની પરુ જેવી અને એની આસપાસના તારાઓ બણબણતી માખી જેવા પણ લાગે. એક જ ઘટનાના કેવા ભિન્ન ભિન્ન પ્રતિભાવ પણ હોય છે !

અનેકાંતમાં બે શબ્દ છે અને તે છે અનેક અને અંત. અનેક એટલે ઘણા અથવા તો અધિક અને અંત એટલે ધર્મ કે દૃષ્ટિ. આ રીતે કોઈપણ વસ્તુતત્ત્વનું ભિન્ન ભિન્ન દૃષ્ટિએ પર્યાવલોકન કરવું તે અનેકાંત છે. આને 'અંધહસ્તીન્યાય' કહેવામાં આવે છે. સાત અંધજનો હાથીને જુએ છે. એના જુદા જુદા અંગને સ્પર્શે છે, અને જે કાનને સ્પર્શે છે, એને હાથી સૂપડા જેવો લાગે છે. જે પગને

સ્પર્શે છે એને હાથી થાંભલા જેવો લાગે છે. જે પૂંછડીને સ્પર્શે છે, એને હાથી દોરડા જેવો લાગે છે. એ પછી મહાવત આ બધાને હાથથી આખાય હાથીનો સ્પર્શ કરાવીને એના સમગ્ર આકારનો ખ્યાલ આપે છે અને એ રીતે એ ખંડદર્શનને બદલે અખંડદર્શન પામે છે.

અનેકાંતદર્શન કહે છે કે સત્ય એક જ છે, એનું સ્વરૂપ અનેક હોઈ શકે. એ સત્યનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું જોઈએ. સાદી રીતે વિચારીએ તો એક જ વ્યક્તિ કોઈનો પિતા હોય છે, કોઈનો મિત્ર હોય છે, તો કોઈનો પતિ હોય છે. અને તેથી જ એ પોતાની પ્રત્યેક જવાબદારીમાં જુદો જુદો દેખાતો હોય છે. પોતાના મંતવ્યને તટસ્થતાથી વિચારવું અને વિરોધીના મંતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવી એ અનેકાંતનો પાયો છે.

ભગવાન મહાવીર અને એમના શિષ્યો વિરોધી મતવાળાને સ્નેહથી પોતાનો મત સમજાવતા હતા. હકીકતમાં જૈનદર્શનની સૌથી મહાન ઘટના ગણધરવાદમાં અગિયાર ગણધરોને ભગવાન મહાવીરે દેવયોનિ શું? નરકગતિ શું? કર્મ છે કે નહીં? જીવ અને શરીર એક છે કે જુદાં? એ શંકાઓનું નિવારણ આપ્યું, ત્યારે એમણે વેદના વાક્યોનો જ નવો અર્થ તારવી આપ્યો હતો. એમની વાતને અસત્ય કહેવા કે ઠેરવવાને બદલે એ જ વાક્યોનું જૂદું અર્થઘટન આપીને સમજાવે છે.

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, 'મારા જેવા અલ્પાત્માને માપવા સારું સત્યનો ગજ કદી ટૂંકો ન થાય.' એવા આ સત્યના ગજને પામવાની પ્રક્રિયા એટલે અનેકાંતવાદ. એક અર્થમાં કહીએ તો અનેકાંત દ્વારા પૂર્ણ સત્યનું જ્ઞાન થાય છે. વિરોધી દેખાતા વિચારોમાં વાસ્તવિક અવિરોધનું મૂળ તપાસનાર અને તેમ કરીને તેવા વિચારોનો સમન્વય કરનાર શાસ્ત્ર તે અનેકાંતવાદ.

આપણે જાણીએ છીએ કે મનુષ્યજાતિએ છેલ્લા પાંચ હજાર વર્ષમાં ઓછામાં ઓછાં પંદર હજાર યુદ્ધો કર્યા છે અને આ યુદ્ધનાં કારણોમાં મતાંધતા, આગ્રહ અને અહંકાર છે. આજે તો ધર્મ કે સંપ્રદાયના ઝનૂની આગ્રહ કે આવેશે વિશ્વ પર સંહારક આતંકનું રૂપ લીધું છે. આવે સમયે વિશ્વને મૌલિક અને સંવાદી દર્શન અનેકાંતવાદ આપી શકે તેમ છે. એ દૃષ્ટિએ જૈનદર્શને સંપૂર્ણ જ્ઞાનને પામવા માટે આપેલું આ આગવું અને વિશિષ્ટ દર્શન છે. આ દર્શન એ સ્યાદ્વાદ કે અનેકાંતવાદને નામે ઓળખાય છે અને સ્યાદ્વાદનો અર્થ થાય છે 'અપેક્ષાપૂર્વક કથન કરવું.' એનો અર્થ એ કે અન્ય વ્યક્તિનું દૃષ્ટિબિંદુ જોવું અને જાણવું જરૂરી છે. 'મારું તે સાચું' નહીં, પણ 'સાચું તે મારું' એવી ઝંખનાથી અનેકાંતવાદના માર્ગે ચાલી શકાય.

માનવીના અહંકારનું વિષ નિર્મૂળ કરવાનું અમૃત છે અનેકાંતવાદ. જૈનદર્શનની વ્યાપક દૃષ્ટિ આમાં પ્રગટ થાય છે. એ અન્ય દર્શનોના વિચારો તરફ પૂર્વગ્રહયુક્ત વિરોધનો ભાવ રાખતું નથી, બલ્કે અપેક્ષા વિશેષે તેને પણ સત્ય માને છે અને એ રીતે કોઈ પણ વસ્તુ કે પદાર્થનું સાંગોપાંગ જ્ઞાન કરાવે છે. આને પરિણામે તો જૈનદર્શન અન્ય દર્શનોના સિદ્ધાંતને સમાદર આપે છે અને માધ્યસ્થભાવે સંપર્ણ વિરોધોનો સમન્વય કરે છે. આથી તો શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી હરિભદ્રસૂરિજીની, પં. આશાધર, રાજશેખર, ઉપાધ્યાય યશોવિજયજી જેવા જૈન સાધુઓએ વૈદિક અને બૌદ્ધ ગ્રંથો પર સુંદર વિવેચન લખ્યું છે અને એ રીતે પોતાની ગુણગ્રાહિતા, હૃદયની વિશાળતા અને સમન્વયવૃત્તિનો પરિચય આપ્યો છે.

## ગ્રંથ સ્વાધ્યાય

**શ્રી ભદ્રંકર વિદ્યા દીપક જ્ઞાન વિજ્ઞાન સ્વાધ્યાય સત્રના ઉપક્રમે**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત**

**પ. પૂજ્ય ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરીની**

**અમૃતમય વાણીદ્વારા**

**ભગવાન મહાવીરની અંતિમ દેશના**

**'ઉત્તરાધ્યયન સૂત્ર' ગ્રંથ**

**ત્રિદિવસીય સ્વાધ્યાય**

**સ્થળ :** બિરલા માતુશ્રી સભાગૃહ-મરીન લાઈન્સ-મુંબઈ

**દિવસ :** ૨૦૧૫ મે માસ, તારીખ ૫, ૬, ૭ મંગળ, બુધ, ગુરુ

સમય : ત્રણે દિવસ સાંજે સાડા છ થી નવ

**સંયોજિકા : રેશ્મા જૈન-** 9920951074

**પ્રવેશ :** જિજ્ઞાસુઓને પોતાનું નામ સરનામું ઑફિસમાં વહેલી તકે નોંધાવી લેવા વિનંતિ. ૨૩૮૨૦૨૯૬. સ્વાધ્યાયના દિવસના એક સપ્તાહ પહેલાં જિજ્ઞાસુઓને પ્રવેશ પત્ર પોતાના સરનામે મોકલવામાં આવશે.

ત્રણે દિવસ સ્વાધ્યાયના સૌજન્યદાતા
ભાગ્યશાળી

**બિપીનચંદ્ર કે. જૈન**

**નિલમબેન બી. જૈન**

સામી વ્યક્તિનું દૃષ્ટિબિંદુ જોવાનું શીખવતો સ્યાદ્વાદ આજે અનેક વિરોધો અને વિવાદોમાં ખૂંપેલા જગતને અત્યંત ઉપયોગી બને તેવો છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે જ્યારે હું સ્યાદ્વાદ શીખ્યો ત્યારે જ મુસલમાનોને મુસલમાનની દૃષ્ટિથી અને પારસીને પારસીની દૃષ્ટિથી જોતાં શીખ્યો. ન્યાયાધીશ જેમ વાદી-પ્રતિવાદીની જુબાની સાંભળીને અને તેમના દૃષ્ટિબંદુ સમજીને કેસનો ફેંસલો આપે છે, એ રીતે સ્યાદ્વાદમાં માનનારો વિરોધીઓના દૃષ્ટિબિંદુ અવલોકીને તેમાંથી સાર ખેંચી વસ્તુસ્થિતિનો નિર્ણય કરે છે. વળી એમાં સમન્વય કરાવીને ન્યાયાધીશથી એક ડગલું આગળ પણ વધે છે.

સ્યાદ્વાદ દૃષ્ટિ વસ્તુના તમામ ધર્મો તપાસે છે અને જુદી જુદી અપેક્ષાએ તમામ વસ્તુને નિહાળે છે અને ત્યાર બાદ જ તેનો ખ્યાલ બાંધે છે. આ રીતે વિવિધ દૃષ્ટિબિંદુઓ જાણીને વિરુદ્ધ દેખાતા મતોની સમુચિત સંગતિ કરાવે છે. આવો સિદ્ધાંત વ્યક્તિના અંગત જીવનમાં આવે તો એ અન્યના દૃષ્ટિબિંદુને સમજી શકે અને પરસ્પરના આગ્રહો, પૂર્વગ્રહો ઓછા થાય. કુટુંબ અને સમાજમાં આવે તો કેટલાય વિવાદો અને કલહો શમી જાય. જગતના ઝઘડાઓનું મૂળ પણ મતભેદ છે. મતભેદથી મનભેદ થાય છે અને તેમાંથી ભય અને અશાંતિ જાગે છે. આવા સમયે વિરોધી તત્ત્વોમાંથી અવિરોધી મૂળ શોધી કાઢીને સમન્વય કરાવનારો સ્યાદ્વાદ જગતના કલ્યાણનું કારણ બને તેવો છે.

આજનો માનવી અત્યંત ટેન્શન(તનાવ)માં રહે છે એ સંદર્ભમાં જોઈએ તો જો વ્યક્તિ અનેકાંતવાદની ઉચ્ચ ભાવના જાણે અને પછી એ અનુપમ ધર્મભાવનાને પોતાના વ્યવહારજીવનમાં ધબકતી કરે, તો એની વૈચારિક અને વાસ્તવિક દુનિયા પલટાઈ જાય છે. એ પહેલાં માત્ર પોતાની દૃષ્ટિએ વિચારતો હોય છે. પોતીકા સ્વાર્થને જોતો હોય છે. પોતાના સંજોગો અને પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લેતો હોય છે અને પોતાના વિચારો માટે તીવ્ર આગ્રહ સેવે છે. બીજાની પરિસ્થિતિનો લેશમાત્ર વિચાર કર્યા વિના એ અન્ય પર પોતાનો વિચાર લાદે છે અને એ વિચાર મુજબ બીજાએ જીવવું જ જોઈએ એવો આગ્રહ સેવે છે અથવા તો પોતે ચડિયાતો હોય તો એને એ રીતે જીવવા માટે કોઈપણ રીતે મજબૂર કરે છે.

જો જીવનમાં અનેકાંતદૃષ્ટિએ આવે, તો વ્યક્તિ સામી વ્યક્તિનો મનોભાવ સમજવાની કોશિશ કરશે. એની પરિસ્થિતિને જાણવાનો, પામવાનો કે આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરશે. એના સંજોગોને જુએ છે અને એના મનમાં આવેલો વિચાર કે એણે કરેલાં કાર્ય વિશે એની દૃષ્ટિએ ચિંતન કરે છે. સીધી-સાદી વાત કરીએ તો જો આપણા સમાજમાં પિતાએ પુત્રની દૃષ્ટિએ વિચાર્યું હોત, તો કેટલો બધો સંવાદ સધાયો હોત. આજની વાત જવા દઈએ, પરંતુ અગાઉના જમાનામાં સાસુએ પોતે પણ ક્યારેક વહુ હતી, એ રીતે વિચાર્યું હોત તો હિંદુ-સમાજના કેટલાય કૌટુંબિક કલહો અને આઘાતોનું નિવારણ થઈ શક્યું હોત.

ક્યારેક એવું પણ લાગે કે જે તત્ત્વજ્ઞાનનું આપણે ગ્રંથોમાં વાચન કરીએ છીએ કે સંતો પાસેથી શ્રવણ કરીએ છીએ એ તત્ત્વજ્ઞાન માત્ર સાત્વિક વિચાર રહે છે, પણ તે જીવનનો સાત્વિક આચાર બને છે ખરું ? અનેકાંતવાદ એ જૈનદર્શનની વિશ્વને મહાન ભેટ છે એ સાચું, પરંતુ એમાં જેની વાત કરવામાં આવી છે એ અનેકાંતદૃષ્ટિ વિશે તો ભારતના પ્રાચીનતમ વેદો અને ઉપનિષદોમાં પણ ઉલ્લેખ મળે છે. જૈનદર્શનના આ મુખ્ય સિદ્ધાંતની એના આગમોમાં ચર્ચા નથી, પરંતુ એને વિશે 'શ્રી ભગવતીસૂત્ર' ગ્રંથમાં ચર્ચા મળે છે. ભગવાન મહાવીરને એમના મુખ્ય શિષ્ય ગણધર શ્રી ગૌતમસ્વામી પ્રશ્નો પૂછે છે અને ભગવાન મહાવીર એનો અનેકાંતદૃષ્ટિથી ઉત્તર આપે છે.

આ અનેકાંતદૃષ્ટિમાં એક પ્રકારની વ્યાપકતા છે. વિવેક અને સમજણ છે. જીવનનું સત્ય હોય કે અધ્યાત્મનું સત્ય હોય, પણ એને પામવાની ચાવી અહીં છે. એમાં પોતાના મંતવ્યની તટસ્થતાથી ચકાસણી કરવામાં આવે છે અને વિરોધીઓના મંતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવામાં આવે છે. એમાં પોતાના સિદ્ધાંતને આદરથી જોવામાં આવે છે, પણ સાથોસાથ બીજાના ધર્મસિદ્ધાંતોને પણ સન્માનદૃષ્ટિએ વિચારવામાં આવે છે.

એક અત્યંત સાંકડા પુલ પરથી બે બકરાં પસાર થતા હતા. બંને પુલના જુદા જુદા છેડેથી એમાં દાખલ થયા. મુશ્કેલી એ હતી કે પુલનો માર્ગ એટલો સાંકડો હતો કે એમાંથી માત્ર એક જ બકરો પસાર થઈ શકે. જો બંને સામસામા આવીને અથડાયા હોત, તો બંને પુલ પરથી નીચે પડીને નદીમાં ડૂબી ગયા હોત. પરંતુ એક બકરો નીચે બેઠો અને તેના પર પગ મૂકીને બીજો બકરો પસાર થઈ ગયો, જેને પરિણામે બંને હેમખેમ રહ્યા.

આ સામાન્ય કથા એમ સમજાવે છે કે સામેની વ્યક્તિને એના વિચાર કે મનોભાવને આદર આપવો જોઈએ. જો માળાના ૧૦૮ મણકા ખૂણેખાંચરે વેરાયેલા હોય, તો માળા ન રચી શકાય, પણ એ બધા મણકા ભેગા કરીએ તો જ માળા રચાય. આ રીતે અનેકાંત કહે છે કે આપણે જે જોઈએ છીએ, તે અનંત સત્ય નથી. એ તો સત્યનું એક સ્ફુલ્લિંગ કે કિરણ છે. એ બધાં કિરણો ભેગા કરીએ ત્યારે પૂર્ણ અનંત સત્ય પ્રાપ્ત થાય.

આનો સરળ અર્થ એ છે કે તમે નીરખ્યું તે જ સત્ય એવો એકાંત આગ્રહ નહીં, પરંતુ મારી નજરનું સત્ય અને તેના પરની મારી શ્રદ્ધા અને બીજાની નજરનું સત્ય અને તે અંગેની તેની શ્રદ્ધા વિશેની વિચારણા – એવો સર્વ દૃષ્ટિને સમાવતો અનેકાંત છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને આ ભૌતિક જગતને સાપેક્ષવાદ (થિયરી ઑફ

રીલેટીવિટી) આપ્યો, જ્યારે ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં અનેકાંતદૃષ્ટિ દ્વારા વ્યવહારજીવનનો સાપેક્ષતાવાદ બતાવ્યો.

અનેકાંત કહે છે કે તમારે સહપ્રતિપક્ષનો વિચાર કરવો જોઈએ. કોઈપણ વસ્તુ વિશે એક રીતે જ વિચારવું એ યોગ્ય નથી. બીજાના દૃષ્ટિબિંદુને પણ લક્ષમાં લેવું જોઈએ. આ રીતે અનેકાંતવાદનો મહેલ એવો છે કે જેમાં બધાં દર્શનો વિશે વિચારી શકાય. આને માનવપ્રજ્ઞાની શ્રેષ્ઠ નિષ્પત્તિ ગણી શકાય.

આપણે જે વાત કરવી છે તે તો એ છે કે આજના અત્યંત ટેન્શનયુક્ત વ્યસ્ત જીવનમાં મને અનેકાંત કઈ રીતે મદદ કરી શકે ? કઈ રીતે અનેકાંત દૃષ્ટિથી હું મારા જીવનને સુખી કરી શકું ? આનું પહેલું પગથિયું એ છે કે તમે જે બાબતથી ટેન્શનમાં રહો છો, એના મૂળ કારણનો વિચાર કરો. ટેન્શનના કારણોના મૂળમાં વ્યક્તિ ભાગ્યે જ જતી હોય છે. માત્ર એની પ્રક્રિયા કે પરિણામમાં જ ગૂંચવાતી હોય છે.

ઘણીવાર ટેન્શનનું મુખ્ય કારણ વ્યક્તિની પ્રકૃતિ, આદતો, સ્વભાવ અને વૃત્તિ હોય છે. ઘણાં માણસો સતત ટેન્શનમાં રહેતા હોય છે, કારણ કે એ પોતે જ પોતાના જીવનને યોગ્ય રીતે પરિમિત કે વ્યવસ્થિત કરવાને બદલે ઘણાં કામોમાં ગૂંથાઈ જાય છે. એક સાથે એ સઘળાં કામોને ક્યાંથી ન્યાય આપી શકે ? આથી બને એવું કે એ એક કામને ન્યાય આપે છે, પણ ત્યાં બીજું કામ ઉપેક્ષા પામે છે અને એ ઉપેક્ષા પામેલું કામ એના ચિત્તમાં 'ટેન્શન'નું રૂપ ધારણ કરે છે. કાં તો એને સતત વસવસો રહે છે કે પોતે બીજું કામ કરી શકતો નથી અથવા તો એ બીજું કામ એની ઉપેક્ષાને પરિણામે નવી સમસ્યાઓ સર્જતું હોય છે. અનેકાંત કહે છે કે મધ્યસ્થતાથી વિચારો. આ માધ્યસ્થ જરૂરી છે.

ટેન્શનનું બીજું કારણ ટેવો અને આદતો છે અને વ્યક્તિ એની આદતને કારણે ટેન્શનનો ભોગ બનતી હોય છે. ખૂબ મોડેથી ઊઠનારી સૂર્યવંશી વ્યક્તિઓ હંમેશાં કામના બોજ હેઠળ દબાયેલી હોય છે. ક્યારેક ટેન્શનનું કારણ વ્યક્તિનો કટુસ્વભાવ કે અકારણ ક્રોધ હોય છે. એના નકારાત્મક સ્વભાવને કારણે એના મનને ક્યાંય મજા આવતી નથી. એનું મન મુક્ત ઉલ્લાસ અનુભવતું નથી અને સાચા દિલથી હસી શકતું નથી. વળી નકારાત્મકતાને કારણે એ એના પરિવારજનો તરફ કટુતા રાખતો હશે અને વિચારતો હશે કે ક્યાં આવો પરિવાર મળ્યો અને એ જ નકારાત્મકતાને કારણે વ્યક્તિ એમ પણ વિચારે કે ક્યાં આવા અવ્યવસ્થા અને ભ્રષ્ટાચારથી ભરેલા દેશમાં મારો જન્મ થયો !

આજના સમયના ટેન્શનનું એક કારણ માનવીની વૃત્તિ છે. માણસ વધુ ને વધુ ભૌતિક સુખો તરફ દોડી રહ્યો છે અને એ ભૌતિક સુખો એનામાં સંતોષ જગાડવાને બદલે વધુ ને વધુ અસંતોષ જગાડે છે. જે કંઈ પ્રાપ્ત થયું છે, એનો એને આનંદ નથી, પણ જે કંઈ પ્રાપ્ત થયું નથી એનો વસવસો છે. એની વૃત્તિઓ જ એના ટેન્શનનું કારણ બનતી હોય છે અને આવે સમયે અનેકાંતવાદની મધ્યસ્થતા વ્યક્તિને મદદરૂપ બને છે.

અનેકાંતવાદનો બીજો અર્થ છે પરસ્પર વિરોધી વિચારધારાઓનો સમન્વય. જૈનદર્શનની માફક 'બૃહદારણ્યક ઉપનિષદ'માં પણ આવા પરસ્પર વિરોધી ગુણધર્મોનો સંકેત મળે છે. એમાં ઉપનિષદનો ઋષિ કહે છે કે એ 'સ્થૂળ પણ નથી અને સૂક્ષ્મ પણ નથી' અને એ જ રીતે 'તૈતરિય ઉપનિષદ'માં કહેવાયું છે,

'એ પરમ સત્તા મૂર્ત-અમૂર્ત, વાચ્ય-અવાચ્ય, વિજ્ઞાન (ચેતન) – અવિજ્ઞાન (જડ) અને સત્-અસત્ રૂપ છે.' અનેકાંતવાદ આને વસ્તુની અનંત ધર્માત્મકતા તરીકે ઓળખાવે છે. એટલે કે એ વસ્તુમાં માત્ર જુદા જુદા ગુણધર્મો છે એટલું જ નહીં પરંતુ એ જ વસ્તુમાં પરસ્પર વિરોધી ગુણધર્મો પણ હોય છે.

આ અનંતધર્માત્મકતાને જોઈએ એટલે જીવનના ઘણાં દુઃખો ઓછાં થાય. જેમ કે એક યુવતીનો મૃતદેહ પડ્યો હોય તો એના પિતા પોતાની મૃત પુત્રીને જોઈને જોનારનું કાળજું કપાઈ જાય એવું આક્રંદ કરશે. જો કોઈ કામી પુરુષ એ યુવતીનો મૃતદેહ જુએ તો વિચારશે કે આવી યુવતી જીવતી હોત અને એની સાથે ભોગ ભોગવવા મળ્યો હોત, તો કેવું સારું ! કોઈ સોની અહીંથી પસાર થશે, તો એની નજર યુવતીના ઘરેણાંની ડિઝાઈન પર પડશે અને કોઈ ચોર પસાર થશે તો એને એવો વસવસો થશે કે પોતે જો અહીં વહેલો આવ્યો હોત, તો આ બધા ઘરેણાં ચોરી લેવા મળત. આમાંથી દરેકના વિચારો એમના સંબંધ કે પ્રકૃતિ અનુસાર છે. કોઈ એકને તમે ખોટો કહી શકશો નહીં.

જરા જુદી રીતે વિચારીએ તો એમ કહી શકાય કે વ્યક્તિ જગતમાં જે કંઈ વસ્તુઓ વિશે વિચારે છે, જે કોઈ સંબંધોના સરવાળા માંડે છે, એ બધાની પાછળ એની રાગદ્વેષની વૃત્તિ કામ કરતી હોય છે. જેના તરફ રાગ હશે, તેના તરફ નજર બદલાઈ જશે અને એ જ વ્યક્તિ તરફ જો દ્વેષ હશે, તો વાત સાવ જુદી બનશે. આમ સંક્ષેપમાં અનેકાંતવાદ એ અનંત ગુણાધર્માત્મક દૃષ્ટિનું દૃષ્ટાંત બની રહે છે.

આનો અર્થ એ કે વસ્તુતત્ત્વ અનંતધર્મા હોય છે અથવા તો બહુઆયામી હોય છે, અને તેથી દરેક પક્ષની સંભાવનાઓનો સ્વીકાર કરવો જરૂરી બને છે. આવી સર્વાંગી દૃષ્ટિથી આપણે આપણું 'ટેન્શન' ઓછું કરી શકીએ છીએ. સામાન્ય રીતે આપણે વસ્તુના એક જ પાસાને જોઈએ છીએ અને તે પણ આપણા ચશ્માથી. આપણે જે ચશ્મા પહેરીએ છીએ, તે ગમતા-અણગમતાની ફેક્ટરીમાં બનેલા છે. ગમતી વાત હોય તો તરત દોડી જઈશું. ગમતા માનવીની ભૂલ ભૂલ નહીં લાગે અને અણગમતા માનવી નવી નાનકડી ભૂલ હિમાલય

જેવડી ભૂલ લાગશે. માનવી એની જિંદગીમાં ગમા-અણગમાનો ખેલ ખેલતો હોય છે અને એની ગમતી વ્યક્તિ એક કામ કરે અને એ જ કામ એની અણગમતી વ્યક્તિ કરે, તો બંને કાર્ય પ્રત્યેનો એનો પ્રતિભાવ જુદો હોય છે.

ગમતી વ્યક્તિના એ કામમાં એ એના વ્યક્તિત્વની વિશેષતા જોશે અને અણગમતી વ્યક્તિના એ કાર્યમાં એની મર્યાદાઓ શોધશે. રાગ અને દ્વેષના પડળ આપણી આંખે બાઝી ગયાં હોય છે. આ રાગદ્વેષને જુદી દૃષ્ટિએ પણ વિચારવા જેવા છે. આપણને રાગ છે આપણા અવગુણો તરફ અને આપણને દ્વેષ છે બીજાના ગુણો તરફ. આપણા અવગુણોને આપણે આપણી ખૂબી કે વિશિષ્ટતા તરીકે જોઈએ છીએ. કોઈ વ્યસન કરતું હોય તો એ વ્યસનને પોતાની વિશેષતા તરીકે ખપાવે છે. પોતાનો પુત્ર પરીક્ષામાં ઓછા ગુણ લાવે તો પેપર અઘરું હોવાનું કહેવાય છે અને બીજાનો પુત્ર જો ઓછા ગુણ લાવે, તો એ અભ્યાસમાં નબળો, અક્કલમાં સામાન્ય અને આવડતમાં મીંડું છે એમ કહેવાય છે.

આ રાગ અને દ્વેષ જ આપણા જીવનમાં 'ટેન્શન' ઊભા કરે છે અને એવે સમયે એક જ ઘટનાને ચોપાસથી જોવી જોઈએ. એક જ બનાવને સામે પક્ષે જઈને પણ વિચારવો જોઈએ. આને માટે પ્રતિપક્ષનો વિચાર કરવો જોઈએ. જો સહપ્રતિપક્ષનો વિચાર કરવામાં આવે, તો તેની સમગ્રતાનો ખ્યાલ આવે. જેમ કે કોઈ ઈશ્વરને સાકાર કહે, તો કોઈ ઈશ્વરને નિરાકાર કહે છે. કોઈ મનુસ્મૃતિનો સ્વીકાર કરે છે, તો કોઈ મનુસ્મૃતિનો ઇન્કાર કરે છે. આ રીતે બંને પક્ષ એક સાથે અસ્તિત્વમાં હોય છે.

વર્તમાન યુગમાં વિરોધી ભાવનાઓનો મેળો જોવા મળે છે. એક વ્યક્તિ એક નેતાને ટેકો આપે, તો બીજી વ્યક્તિ એના વિરોધી નેતાને ટેકો આપે છે. એક શાસક પક્ષને ટેકો આપે, તો બીજો વિરોધપક્ષને ટેકો આપે છે. એકને આ વિશ્વ દીર્ઘકાળ સુધી જીવવા જેવું લાગે છે અને બીજો સતત એમ કહેતો ફરે કે હું તો આવી કઠોર દુનિયાથી છૂટકારો મેળવવા માટે વહેલું મૃત્યુ ઈચ્છું છું.

રળિયામણી પ્રકૃતિ હોય, તો વૃક્ષપ્રેમી એમાં વૃક્ષ વાવવાનો વિચાર કરે, પર્યાવરણપ્રેમી હરિયાળી જાળવવાનો વિચાર કરે, નગરપાલિકા એમાં બગીચો બનાવવાનો વિચાર કરે અને કોઈ બિલ્ડર એ જમીન હડપ કરીને એના પર ગગનચૂંબી ફ્લેટો બાંધવાનો વિચાર કરે. એક જ બાબતમાં તદ્દન વિરોધી ધારણાઓ જોવા મળે છે અને એ વિરોધી ધારણાને કારણે મનમાં 'ટેન્શન' ઊભું થાય છે.

વ્યક્તિ એક ધારણાનો સ્વીકાર કરી બીજી ધારણાનો સમૂળગો ઈન્કાર કરે છે. એક વાતનો સ્વીકાર કરી, વિરોધી વાતનો અસ્વીકાર કરે છે. એક પક્ષનો સ્વીકાર કરી બીજા પક્ષને હડધૂત કરે છે. આવો વિવાદ એ અશાંતિ સર્જતો હોય છે. એક પક્ષનો નેતા પ્રતિપક્ષનો અસ્વીકાર જ નહીં, બલ્કે એનો પ્રખર વિરોધ કરે છે અને આવો વિરોધ સમય જતાં વિવાદ ખડો કરે છે અને એમાંથી 'ટેન્શન' ઊભું થાય છે. નાનકડો વિવાદ સમય જતાં વિકરાળ રૂપ લે છે અને પછી તો બંને પક્ષ પોતાના વિરોધી પર કૌરવ-પાંડવની માફક સામસામે તૂટી પડે છે અને કલહ, કંકાસ કે યુદ્ધનું મહાભારત રચાય છે.

આવે સમયે કોઈ આ વિરોધી વિચારધારાઓની વચ્ચે સમન્વય સ્થાપવા પ્રયાસ કરે તો કેવું ? બે દેશો વચ્ચે સરહદો સતત સળગતી હોય, ત્યારે એમની વચ્ચે સમન્વયની ભૂમિકા રચવાની જરૂર પડે છે. આપણા રોજિંદા જીવનથી માંડીને આપણા તાત્ત્વિકદર્શન અને જીવન-આચાર સુધી આવા સમન્વયની આવશ્યકતા છે. માણસ અંતિમ છેડે રહેવાનું પસંદ કરતો હોય છે અને એને કારણે એ એકબીજા સાથે લડ્યા જ કરે છે, પરિણામે એમની વચ્ચે ક્યારેય સંવાદિતા સધાતી નથી, જ્યારે અનેકાંત એ સમન્વયની ખોજ છે. જગતના મહાન પ્રશ્નોનો ઉકેલ એકાંતઆગ્રહથી નહીં, પરંતુ આ પ્રકારના અનેકાંતવાદી સમન્વય–ચિંતન દ્વારા આવી શકે છે.

સમન્વયનો શોધક એ પોતાના પક્ષ અને પ્રતિપક્ષ બંનેનો વિચાર કરે છે અને આપણે એ સમજવું જોઈએ કે જો વિરોધ કે વિવાદ ન હોય, તો ન ચાલે. વિકાસને માટે એ જરૂરી છે. જેમ લોકશાહીમાં વિવાદનો સૂર હોવો જરૂરી છે. જો એવો સૂર ન હોય અથવા એને ગૂંગળાવી દેવામાં આવે, તો ખુદ લોકશાહી ગૂંગળાઈ મરે છે. આથી વિરોધ ન હોય તો વિકાસ નથી, કારણ કે ઊંચું હોય તો જ નીચું પણ હોય, મૃત્યુ હોય તો જ જીવન હોય અને એ રીતે જ વ્યક્તિએ પ્રતિપક્ષનો પૂરો વિચાર કરીને સમન્વય સાધવાનો વિચાર કરવો જોઈએ. જગતના વિરલ પુરુષોએ પછી તે ભગવાન બુદ્ધ કે મહાવીર હોય અથવા તો મહાત્મા ગાંધીજી કે નેલ્સન મંડેલા હોય એમણે એમના પ્રતિસ્પર્ધીઓની સાથે કેવો મેળાપ રચ્યો છે! સમાજમાં જેઓ પરિવર્તનનો શંખનાદ ફૂંકે છે, તેઓ વિરોધીપક્ષને પોતાની નજીક લાવે છે, એનો નાશ કરતા નથી.

અનેકાંતવાદ એક ત્રીજી વાત એ પણ કહે છે કે વસ્તુ એક હોય છે, પણ એના અનેક ધર્મો હોય છે. એટલે કે એક વસ્તુતત્ત્વમાં અનંતગુણો હોય છે અને તે સમયે સમયે પ્રગટ થતાં હોય છે. જેમ કે એક બાળકમાં જેટલી બુદ્ધિ હોય છે, એ જ એના જીવનભરનો માપદંડ બની રહેતી નથી. એની ઉંમર જેમ વધતી જાય, એમ એની બુદ્ધિ અને સમજ વિકસતી જાય છે. કાચું કેળું ઘણું કડક હોય છે અને પાકું કેળું પોચું હોય છે. આ રીતે એક જ વસ્તુ સમયે સમયે જુદા જુદા ગુણધર્મ પ્રગટ કરતી હોય છે.

એક વ્યક્તિમાં એક આવડત ન હોય, પણ સમય જતાં એ શીખીને

એ આવડત મેળવી શકતા હોય છે. માનવીનો જ વિચાર કરો ને ? એનામાં કેટલી બધી અનંત શક્યતાઓ અને સંભાવનાઓ પડેલી છે. ક્યારેક તો એવું પણ બને કે તદ્દન વિરોધી લાગતા ગુણધર્મો એક જ વસ્તુમાં હોય. જેમ કે કાચી કેરી ખાટી હોય છે, અને પાકી કેરી અત્યંત મધુર અને મિષ્ટ હોય છે.

આ રીતે બે તદ્દન વિરોધી બાબતો પણ વ્યક્તિમાં હોય છે. અને એથી જ એક વ્યક્તિનો વિચાર કરીએ, ત્યારે એને વિશે માત્ર સારો કે ખોટો ખ્યાલ રાખ્યો ન ચાલે. એ સારો હોય છતાં એ સંપૂર્ણ સારો ન હોય, એનામાં ઉમદા ગુણો હોય છતાં થોડીક માનવીય મર્યાદાઓ પણ હોય. અથવા સામે પક્ષે એમ પણ કહી શકાય કે જે વ્યક્તિના હૃદયમાં શેતાન વસતો હોય, ત્યાં ક્યાંક માનવતાનો અંશ પણ વસેલો હોય છે.

આમ તદ્દન વિરોધી બાબતો એક સાથે વસતી હોય એવો વિચાર કરીએ તો આપણે મનુષ્યને સાચી રીતે ઓળખી શકીએ છીએ. આવી રીતે જીવનના દરેક ક્ષેત્રમાં અનેકાંતવાદનો દૃષ્ટિકોણ અપનાવવામાં આવે તો એક નવી દૃષ્ટિ, નવો અભિગમ અને નવો સંવાદ રચી શકાય, કારણ કે અનેકાંતના આકાશમાં તમે સમન્વયનું મેઘધનુષ સર્જી શકો છો. પરંતુ આજના ટૅન્શનભર્યા યુગમાં અનેકાન્તને સમજવો કઈ રીતે અને એની સમન્વય સાધના કરવી કઈ રીતે ?

આજે આપણે જાણીએ છીએ કે મોટા ભાગના માણસો ટૅન્શનથી ગ્રસ્ત હોય છે. કોઈને આર્થિક તંગીને કારણે આજીવિકાનું ટૅન્શન હોય છે. તો કોઈને નજીક જઈને પૂછશો તો કહેશે કે પુત્રીના વિવાહ અંગે કે પુત્રના વર્તન અંગે મન ટૅન્શનમાં રહે છે. સામાન્ય માનવીને પોતાની રોજિંદી જિંદગી સારી રીતે ગાળવા માટેનું ટૅન્શન હોય છે અને સત્તાધારી નેતાને પોતાની સત્તા જાળવવા કે વિસ્તારવા ટૅન્શન હોય છે. ટૅન્શન વિનાનો માણસ તમને જોવા મળે તો એને તમારું મોટું સદ્ભાગ્ય માનજો. આ ટૅન્શનના અનેક પ્રકારો હોય છે, ત્યારે એમાંથી આપણા જીવનને માર્ગદર્શક કોણ બની શકે ?

તમને આશ્ચર્ય થશે, પરંતુ આની ચાવી ઉદાર વ્યક્તિત્વ, ગહન ચિંતનશક્તિ અને ઉત્કૃષ્ટ દાર્શનિક વિચારો આપનારા દિગ્ગજ વિદ્વાન શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના 'સન્મતિ-તર્ક-પ્રકરણ' (૩/૭૦)માં આલેખાયેલી છે. એમાં આ ઉચ્ચ કોટિના વિદ્વાન અને સાહિત્યકાર કહે છે.

'જગતના એકમાત્ર ગુરુ એવા અનેકાંતવાદને નમસ્કાર છે, જેમના વિના સંસારનો વ્યવહાર પણ અસંભવ છે.'

આનો અર્થ એ થયો કે ગુરુ જેમ વિદ્યા અને માર્ગદર્શન આપે છે, એ જ રીતે જીવન જીવવા અંગે અનેકાંતવાદ માર્ગદર્શન આપે છે. વ્યક્તિ જેમ ગુરુ પાસેથી શિક્ષા મેળવીને પોતાનું જીવન ઉજાળે છે, એ જ રીતે એ અનેકાંતવાદને સમજીને એનું જીવન ઊજળું બનાવી શકે છે. વ્યવહારજગતમાં આ અનેકાંતવાદ કઈ રીતે ઉપયોગી બની શકે ? આને માટે આપણે એ વિચારવું જોઈએ કે આ જગતમાં જે વસ્તુ તમને 'ટૅન્શન' આપતી હોય છે, એ જ તમને 'ટૅન્શન'માંથી મુક્ત પણ કરી શકતી હોય છે. જેમ કે કોઈ નેતા ચૂંટણીમાં વિજય મેળવવા માટે પુષ્કળ પ્રયત્ન કરે, રાતદિવસ પ્રચાર કરે, જીતશે કે નહીં એની ચિંતા સેવે, મતદાનના દિવસે તો પોતાની જાતને નિચોવી નાખે અને પછી પરિણામ આવે ત્યારે એ 'ટૅન્શન' અનુભવતા હોય છે, પણ જે સત્તાપ્રાપ્તિની પ્રક્રિયા 'ટૅન્શન' જગાવનારી હતી, તે જ વ્યક્તિને સત્તાપ્રાપ્તિ થતાં 'ટૅન્શન'મુક્ત કરી દે છે. આનો અર્થ એ થયો કે સત્તા એ 'ટૅન્શન' સર્જી શકે છે અને સત્તા એ 'ટૅન્શન'મુક્ત પણ કરી શકે છે. ધનપ્રાપ્તિ આપણને તનાવમુક્ત કરી શકે છે અને


## ૨૦૧૫નો વિશિષ્ટ પર્યુષણ અંક

### જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ

**આ વિશિષ્ટ અંકની વિદુષી માનદ્ સંપાદિકા :**

**ડૉ. રશ્મિબેન જિતુભાઈ ભેદા**

**શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

જૈન પરંપરામાં પરમ તત્ત્વને, આત્માને, પરમાત્માને જાણવાના સાધનાનો માર્ગ એટલે છ આવશ્યક ક્રિયાઓને **'ષડ્ આવશ્યક'** કહેવામાં આવે છે જેમાં સામાયિક, લોગસ્સ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન (પચ્ચખાણ)નો સમાવેશ થયેલો છે.

અન્ય ધર્મમાં પણ આવી ક્રિયાઓ છે.

ઉપરના પ્રત્યેક વિષય અને અન્ય ધર્મનાં વિષય ઉપર તજજ્ઞ વિદ્વાનો પોતાનું ચિંતન આ અંકમાં પ્રકાશિત કરશે.

ક્રિયા અને જ્ઞાનના સમન્વયનો આ વિશિષ્ટ અંક જિજ્ઞાસુ માટે એક અમૂલ્ય નજરાણું બની રહેશે.

**પ્રભાવના માટે ઇચ્છિત નકલો માટે સંઘની ઑફિસમાં ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતી. ૧૦૦ થી વધુ નકલોનો ઑર્ડર હશે તો અંકમાં પ્રભાવનાકારનું નામ છાપી શકાશે.**

**એક નકલની કિંમત રૂા. ૬૦/-**

**–તંત્રી**

એ જ ધનની પ્રાપ્તિ આપણને તનાવગ્રસ્ત પણ કરી શકે છે.

આમ જીવનમાં સાપેક્ષ દૃષ્ટિની આવશ્યકતા રહે છે. અનેકાંતવાદ એ સાપેક્ષદૃષ્ટિ તરફ આંગળી ચીંધીને કહે છે, કે જો તમે સાપેક્ષ દૃષ્ટિથી વિચારશો, તો વિરોધી લાગતી બાબતો પણ વિરોધી નહીં લાગે અને એ રીતે સામસામો તીવ્ર વિરોધ દૂર થઈ જશે, જેથી સમન્વય સાધનાનો માર્ગ વધુ ખુલ્લો થઈ જશે. આ વિશે 'શ્રી ભગવતી સૂત્ર' આગમગ્રંથમાં ભગવાન મહાવીર સ્વામીને જયંતિ નામની શ્રાવિકાએ પૂછેલા પ્રશ્નનો વિચાર કરીએ.

એણે ભગવાન મહાવીર સ્વામીને પૂછ્યું કે માણસ જાગતો સારો કે માણસ ઊંઘતો સારો ?

ત્યારે ભગવાન મહાવીરે એમ કહ્યું કે 'કેટલાક માણસ જાગતા સારા અને કેટલાક માણસ ઉંઘતા સારા.'

એમ અહીં એમણે સાપેક્ષ દૃષ્ટિએ વાત કરી છે અને પછી એ સાપેક્ષ દૃષ્ટિ બતાવતા એમણે કહ્યું, 'ધાર્મિક માણસો જાગતા સારા અને પાપીઓ ઉંઘતા સારા.'

આ રીતે અનેકાંત વિચારધારા અપનાવવાથી જે બાબત સાવ વિરોધી લાગે છે, તે સમન્વયી લાગવા માંડશે. જેમ કે એક પિતા એ કોઈનો પુત્ર હોય છે, કોઈનો ભાઈ હોય છે, કોઈનો ભત્રીજો હોય છે, તો કોઈનો વેવાઈ હોય છે. આમ એક જ વ્યક્તિ એ જુદી જુદી રીતે કાર્ય કરતી હોય છે અને એટલે જ એ વ્યક્તિ તરફ એના પુત્રની જેવી અપેક્ષા હશે, એવી અપેક્ષા એના કાકાની નહીં હોય. એ વ્યક્તિ વિશે કોઈ એક અભિપ્રાય આપી શકાય નહીં, કારણ કે એ દરેક તબક્કે વિભિન્ન વર્તન કરતો હોય છે. એક વ્યક્તિ એના નોકરચાકર સાથે જે રીતે વર્તતી હોય છે, એ રીતે પોતાના બૉસ સાથે કે તપાસ માટે આવેલા ઈન્કમટેક્સ અધિકારી સાથે વર્તતી નથી. વ્યક્તિ તો એક હોય છે, પણ એના વર્તનમાં પરિવર્તન હોય છે અને આવી પરિવર્તનશીલતાને કારણે અથવા તો વ્યવહારજીવનની સાપેક્ષતાને કારણે એ વ્યક્તિ વિશે કોઈ એક નિર્ણય લઈ શકાય નહીં. દાદા તરીકે એ પોતાના પૌત્ર તરફ જે દૃષ્ટિ ધરાવતો હશે, તે પિતા તરીકે પોતાના પુત્ર તરફ અથવા માલિક તરીકે પોતાના નોકર તરફ જુદી જ દૃષ્ટિ ધરાવતો હશે. આથી અનેકાંતવાદ કહે છે કે આમાં કોઈ એકાંતરૂપે નિર્ણય કરી શકાય નહીં.

જો અનેકાન્તવાદની સાપેક્ષદૃષ્ટિ અપનાવવામાં આવે, તો વ્યક્તિ વિરોધી બાબતો વિશે સાચી સમજ કેળવી શકે, વિરોધી મતો વચ્ચે સમન્વય સાધી શકે, વિરોધી વિચારો અંગે એકત્વ પામી શકે. સુંદરીના કંઠે બિરાજેલો અત્યંત સુંદર સુવર્ણનો કલામય હાર એ સુંદરીને એક પ્રકારનું સૌંદર્ય બક્ષે છે. એ જ હાર કોઈ સુવર્ણકારની દૃષ્ટિએ ચડશે તો એ એમાંનું કલાત્મક ઘડામણ જોશે, એ જ હાર કોઈ અન્ય સ્ત્રી જોશે તો એનામાં ઈર્ષ્યાને કારણે દ્વેષ પેદા કરશે, અને એ જ હાર એનો પતિ જુએ તો એ પત્નીના સૌંદર્યમાં થયેલી વૃદ્ધિનો અનુભવ કરશે.

આ રીતે એક જ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિના અનેક પ્રકારે પડઘા પડતા હોય છે. જે એકને ગમે તે બીજાને નાપસંદ હોય. જે એકને સુંદર લાગે, તે બીજાને અસુંદર લાગે. આનો અર્થ એ થયો કે કોઈપણ સ્થિતિ કે વ્યક્તિને અનેક દૃષ્ટિકોણથી આપણે જોવી જોઈએ. એક સ્ત્રીનું સૌંદર્ય એના પતિને આકર્ષણ કરનારું બને, તો એ જ સ્ત્રીનું સૌંદર્ય બીજી સ્ત્રીને ટૅન્શનગ્રસ્ત કરે છે.

જીવનમાં ડગલે ને પગલે સંઘર્ષો આવતા હોય છે. વિવાદો થતા હોય છે. સાસુ અને વહુની જુદી જુદી પરિસ્થિતિ, સંજોગ અને સમયને કારણે એમની વચ્ચે પ્રબળ ઘર્ષણો જાગતા હોય છે. આ સમયે જો બંને એકબીજાની દૃષ્ટિએ વિચાર કરે, તો એ ઘર્ષણોની સમાપ્તિ થઈ જાય. પરસ્પરની સમજવાની સાચી દૃષ્ટિ મળે, અને જીવન વધુ સમતાયુક્ત બને.

અનેકાંતવાદ વ્યક્તિના અંગત જીવનથી માંડીને એના વ્યવહારજીવન અને એની વિચારસૃષ્ટિ બધે જ ઉપયોગી બની શકે. માણસ મોટે ભાગે મતાંધતામાં જીવતો હોય છે. એ પોતાના મતને એટલો બધો દૃઢપણે વળગી પડ્યો હોય છે કે એના બીજાં પાસાંનો વિચાર જ કરતો નથી. પ્રાચીન ગ્રીસનો મહાજ્ઞાની એરિસ્ટોટલ એમ માનતો હતો કે પુરુષો કરતાં સ્ત્રીઓના મુખમાં ઓછા દાંત હોય છે. એણે એની આ માન્યતાને ચકાસવાનો ક્યારેય પ્રયત્ન કર્યો નહીં અને એ જ રૂઢ માન્યતાને આધારે એ વિચારતો રહ્યો.

માણસ આગ્રહ કે વિગ્રહ કદાચ છોડી શકે છે, પરંતુ પૂર્વગ્રહ છોડી શકતો નથી. આ પૂર્વગ્રહને પરિણામે એ માણસ અમુક વ્યક્તિ, સમાજ, જ્ઞાતિ કે કોમ પ્રત્યે સૂગ, ધૂત્કાર કે ઉપેક્ષાનો ભાવ ધરાવતો હોય છે. એની વાત આવતાં જ એ તરત જ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી દેશે. જો એનો વિરોધી હશે તો એની શક્ય એટલી નિંદા કરશે. કોઈ અન્ય વ્યક્તિએ એની ટીકા કરી હશે, તો એને વિશે ઘણો નિમ્ન અભિપ્રાય ધરાવશે. પરંતુ એ ટીકામાં કંઈ તથ્ય છે કે નહીં કે પછી એનો સ્વભાવ જ ટીકાખોર છે અથવા તો આવી ટીકાઓ પર ધ્યાન આપવું એ પોતાને માટે જરૂરી નથી એમ સામે છેડે જઈને વિચાર કરશે, તો એના જીવનમાંથી અનેક બાબતોના ટૅન્શન ઓછા થશે અને એ રીતે અનેકાંતવાદ દ્વારા વ્યક્તિ ટૅન્શનમુક્તિનો અનુભવ કરી શકશે.

✶ ✶ ✶

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫.
મોબાઈલ : ૦૯૮ ૨૪૦૧૯૯૨૫

# અનેકાન્તવાદ સૈધ્ધાંતિક પક્ષ

☐ ડૉ. નરેશ વેદ

*[ વેદ અને હિન્દુ શાસ્ત્રોના અભ્યાસી, પ્રખર ચિંતક, પ્રભાવક વક્તા ડૉ. નરેશ વેદ વિદ્વાન અધ્યાપક છે. ઉપરાંત ભાવનગર યુનિવર્સિટીમાં ઉપકુલપતિ પણ હતા. શૈક્ષણિક ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસિલ કરી છે. પ્રસ્તુત લેખમાં તેમણે સરળ શબ્દોમાં અનેકાંતવાદનો સૈધ્ધાંતિક પક્ષ સમજાવ્યો છે. ]*

કોઈપણ વિશિષ્ટ દર્શન હોય કે ધર્મપંથ હોય, એના આધારરૂપ એના મૂળ પ્રવર્તકની એક ખાસ દૃષ્ટિ હોય છે. જેમ કે શંકરાચાર્યની પોતાના મતનિરૂપણમાં 'અદ્વૈતદૃષ્ટિ' અને ભગવાન બુદ્ધની પોતાના ધર્મપથ પ્રવર્તનમાં 'મધ્યમપ્રતિપદા દૃષ્ટિ' એ ખાસ દૃષ્ટિઓ છે. જૈન દર્શન ભારતીય દર્શનોમાં એક વિશિષ્ટ દર્શન છે; સાથેસાથે વિશિષ્ટ ધર્મપંથ પણ છે. તેથી એના પ્રવર્તક અને પ્રચારકોની એક ખાસ દૃષ્ટિ એના મૂળમાં હોવી જ જોઈએ, અને એ છે પણ ખરી. આ દૃષ્ટિ જ 'અનેકાન્તવાદ' છે. જૈન તત્ત્વવિચાર હોય કે આચાર-વ્યવહાર હોય–એ બધુંય અનેકાન્તદૃષ્ટિને આધારે યોજવામાં આવે છે, અથવા એમ પણ કહી શકાય કે અનેક પ્રકારના વિચારો અને આચારોમાંથી જૈન વિચાર અને જૈન આચાર શું છે; એ કેવા હોઈ શકે એ નક્કી કરવાની અને એની આકારણી કરવાની એકમાત્ર કસોટી પણ અનેકાન્તદૃષ્ટિ જ છે.

તીર્થંકરોએ પ્રવર્તાવેલ જૈન ધર્મ અને દર્શનનું હાર્દ છે: અહિંસા. આ અહિંસા આચાર અને વિચાર એમ બંનેમાં હોવી જોઈએ. આચારમાં અહિંસાના બે રૂપો છે: (૧) સંયમ અને (૨) તપ. સંયમમાં 'સંવર' એટલે કે સંકોચ આવે છે–શરીરનો, મનનો અને વાણીનો. જીવ આવા સંયમને કારણે નવાં બંધનોમાં પડતો નથી. પણ જૂનાં બંધનોનું શું ? જૂનાં ઉપાર્જિત બંધનો જીવ 'તપ'થી કાપી નાખે છે. મતલબ કે માત્ર અહિંસાના પાલનથી મનુષ્ય મુક્તિ મેળવી શકે છે.

જીવનમાં અહિંસાનું પૂરેપૂરું પાલન કરવું હોય તો વિચારમાં અનેકાંતને અપનાવ્યા વિના ચાલે જ નહિ. આથી અહિંસાના ખ્યાલમાંથી જ જૈન ધર્મનો દાર્શનિક સિદ્ધાન્ત અનેકાન્ત ફલિત થયો છે. જૈન ધર્મ સહિષ્ણુતાને અને દરેક દૃષ્ટિબિંદુને માન આપે છે. આપણે જાણીએ છીએ કે દરેક દૃષ્ટિબિંદુ આંશિક સત્ય છે. આવા આંશિક સત્યને પૂર્ણ સત્ય માની લેવાની ભૂલ કરનાર વાસ્તવમાં અસહિષ્ણુ અને હિંસક બની બેસે છે, પરંતુ બધાં દૃષ્ટિબિંદુઓમાં રહેલાં આંશિક સત્યોને સ્વીકારી તેમનો સમન્વય કરવામાં સહિષ્ણુતા અને સહૃદયતા રહેલી છે. વિચારોનાં દ્વાર ખુલ્લાં રાખો, તમને બધાના વિચારોમાંથી સત્યાંશો પ્રાપ્ત થશે અને એનો સમન્વય કરતાં તમને સત્ય મળી આવશે – આ છે અનેકાન્તનો અર્થ. સત્યના આગ્રહી માટે સૌ પ્રથમ પોતાનો એ કદાગ્રહ કે 'મારો વિચાર, મારું દૃષ્ટિબિંદુ તે જ સાચાં અને બીજાં બધાં જૂઠાં' – એ છોડવો જ પડે. આવો કદાગ્રહ એ ન છોડે ત્યાં સુધી તે બીજાને અન્યાય જ કરશે, અને એ જ તો હિંસા છે. આથી, અહિંસક રહેવા માટે અનેકાંતવાદી થવું અનિવાર્ય છે. અહિંસામાંથી અનેકાંતદૃષ્ટિ સ્ફુરે છે અને અનેકાંતદૃષ્ટિના યોગથી અહિંસા જાગ્રત અને પુષ્ટ થાય છે. આમ, અહિંસા અને અનેકાંતદૃષ્ટિના યોગથી અહિંસા જાગ્રત અને પુષ્ટ થાય છે. આમ, અહિંસા અને અનેકાંતદૃષ્ટિ એ બંને અન્યોન્યને ઉપકારક છે.

અનેકાન્તદૃષ્ટિનું સ્વરૂપ સમજવા આપણે એની વિદ્વાનો દ્વારા અપાયેલી કેટલીક વ્યાખ્યા જોઈએ :

(૧) વસ્તુ અથવા વિચારનું જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી અવલોકન કરવું કે કથન કરવું એને સ્યાદ્વાદ કે અનેકાન્તવાદ કહે છે. બીજી રીતે કહીએ તો એક વસ્તુ કે વિચારમાં ભિન્નભિન્ન દૃષ્ટિએ સંગત થઈ શકે તેવા ભિન્નભિન્ન ગુણધર્મોનો સમન્વય કરવો એટલે સ્યાદ્વાદ અથવા અનેકાન્તવાદ છે.

(૨) વસ્તુનું સ્વરૂપ અમુક જ પ્રકારનું છે અને બીજી રીતનું ન જ હોઈ શકે એવો નિર્ણય તેનું નામ એકાંતવાદ. દૃષ્ટિભેદને અનુસરતું વસ્તુનું સ્વરૂપ છે એવો નિશ્ચય કરવો તે અનેકાન્તવાદ.

(૩) કોઈપણ વિષય, વિચાર, વસ્તુ, પરિસ્થિતિ ઇત્યાદિને વધુમાં વધુ દૃષ્ટિકોણથી, વધુમાં વધુ વિગતોથી અને વધુમાં વધુ ઊંડાણથી તપાસવાં અને એમાં દેખાતાં પરસ્પર, વિરોધી એવાં તત્ત્વો/વિચારો/દૃષ્ટિબિંદુઓનો સમન્વય કરીને તેમાંથી સત્ય તારવવું તે અનેકાન્તવાદ. સત્ય એક છે, પરંતુ તેના સ્વરૂપો અનંત હોઈ શકે છે. એ સ્વરૂપોનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું તે અનેકાન્તવાદ.

(૪) વસ્તુને એક દૃષ્ટિથી, એક બાજુથી જોવી, એ થઈ એકાન્તદૃષ્ટિ, મતલબ કે અપૂર્ણ દૃષ્ટિ. જ્યારે વસ્તુને અનેક બાજુથી, ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુઓથી નિહાળતી દૃષ્ટિ, એ થઈ અનેકાન્તદૃષ્ટિ; એટલે કે વિશાળ કે વ્યાપક દૃષ્ટિ.

(૫) સામાન્યતયા આપણી દૃષ્ટિ એકાંગી હોય છે. આપણે કોઈ પણ વસ્તુ, વિચાર કે પરિસ્થિતિને એક સાથે બધી બાજુથી જોઈ અને સમજી શકતા નથી. તેથી તેમના વિશેનું આપણું જ્ઞાન જે તે સ્થળકાળ અને દૃષ્ટિબિંદુથી મર્યાદિત હોય છે. એને બદલે કોઈપણ વસ્તુ, વિચાર કે પરિસ્થિતિને જુદી જુદી દૃષ્ટિના સહારે જાણવી અને

સ્વીકારવી અને એમ કરવામાં વૈચારિક જાગૃતિ અને બૌદ્ધિક ઉદારતા કેળવવી એનું નામ અનેકાન્તવાદ.

(૬) સર્વ પદાર્થો પ્રથમ દર્શને એકરૂપના જણાય છે અથવા સમજાવાય છે, તો પણ બીજા રૂપમાં અથવા અંશમાં ભાવરૂપે, અભાવરૂપે અથવા અનિર્વચનીય રૂપે ગુંચવાયેલા હોવાથી સર્વે પદાર્થો અનેકાંતિક ગણવા ઘટે છે.

(૭) બધાં દૃષ્ટિબિંદુઓમાં રહેલાં આંશિક સત્યોને સ્વીકારી તેમનો સમન્વય કરવો તે જ અનેકાન્ત છે. સ્યાદ્વાદ યા અનેકાન્તવાદ એ એક વિશાળ દૃષ્ટિ છે જે વસ્તુનું ભિન્નભિન્ન દૃષ્ટિકોણોથી અવલોકન કરે છે. આ વ્યાપક દૃષ્ટિના અવલોકને એક દૃષ્ટિબદ્ધ વિચારો સંકુચિત અને અધૂરા સાબિત થાય છે અને ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુ સંગત ભિન્નભિન્ન અને વિરોધી જણાતા વિચારો પણ માળામાં મૌક્તિકોની જેમ સમન્વિત બની જાય છે.

આ બધી વ્યાખ્યાઓ જોતાં એમ સમજાય છે કે અનેકાન્ત એક જાતની વિચારપદ્ધતિ છે. કહો કે બધી બાજુઓથી, બધી દિશાઓ તરફનું ખુલ્લું માનસ (open mindedness) છે. જ્ઞાનના, વિચારના અને આચરણના કોઈપણ વિષયને તે માત્ર એક ખંડિત કે અધૂરી બાજુથી કે દૃષ્ટિથી જોવાની ના પાડે છે, અને શક્ય હોય તેટલી વધારેમાં વધારે વિગતોથી અને વધારેમાં વધારે ઊંડાણથી સર્વ કાંઈ જોવા, વિચારવા અને કરવાની વાત તરફ પક્ષપાત ધરાવે છે. તેનો આ પક્ષપાત પણ માત્ર સત્યના પાયા ઉપર જ બંધાયેલો છે. જૈનોના આ અનેકાન્તવાદને આપણે અપ્રત્ય અને પાશ્ચાત્ય બેઉ તત્ત્વદૃષ્ટિઓથી પણ સમર્થિત કરી શકીએ એમ છીએ. ભારતીય તત્ત્વચિંતકોએ આપણું માનસ ખુલ્લું રાખી નવા વિચારો, નવી શોધખોળો, નવા સંશોધન તરફ અભિમુખ રહી જ્ઞાનમાં શુદ્ધિવૃદ્ધિ કરતાં રહેવા ઉપર ભાર મૂકતાં આપણને શીખ આપેલીઃ 'आनो भद्राः क्रतवो यन्तु विश्वतः।' જ્યારે વર્ષો સુધી પશ્ચિમી ફિલસૂફીએ uni-diemensional approach સ્વીકારી કામ કર્યા કર્યું. પરંતુ લાંબા અનુભવે એમને સમજાયું કે એમનો આ foundational concept જ ભૂલ ભરેલો હતો. વસ્તુનું કે ઘટનાનું પૂર્ણ અને યથાર્થ દર્શન કરવું હોય, એમાંથી પૂર્ણ જ્ઞાન કે સત્ય પામવા હોય તો ખંડદર્શનથી નહીં મળે; અખંડ દર્શનથી જ મળે. એટલે multi-dimentional એવો holistic approach એમણે સ્વીકાર્યો. 'દશેય દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાવ' એવી પ્રાર્થના અનેકાન્તવાદનો જ પ્રતિઘોષ છે.

**અનેકાન્તવાદ અને સ્યાદ્વાદ :**

એમ કહેવાય છે કે સ્યાદ્વાદનું જ બીજું નામ અનેકાંતવાદ છે. આ વાત બરાબર સમજવા આપણે બંને શબ્દોના ઘડતર અને અર્થને સ્પષ્ટ કરી લઈએ. 'સ્યાદ્વાદ' સામાસિક શબ્દ છે. 'સ્યાત્' અને 'વાદ' એ બે શબ્દોથી બનેલો સમાસ છે. 'સ્યાત્' એટલે અમુક અપેક્ષાએ કે અમુક દૃષ્ટિકોણથી. જ્યારે 'વાદ' એટલે વિચારસરણી. 'અનેકાન્ત'માં 'અનેક' અને 'અંત' એમ બે શબ્દો છે. તેમાં 'અનેક'નો અર્થ તો એકથી વધારે, બહુ એવો સ્પષ્ટ છે પણ 'અંત'નો અર્થ છે : ધર્મ, દૃષ્ટિ, દિશા, અપેક્ષા, બાજુ વગેરે. એ ઉપરથી 'સ્યાદ્વાદ'નો અર્થ થાય અમુક અપેક્ષાવાળી અમુક દૃષ્ટિકોણ ધરાવતી વિચારસરણી. 'અનેકાન્ત'નો અર્થ થાય અનેક દૃષ્ટિઓથી વિવિધ દિશાઓથી, ભિન્નભિન્ન અપેક્ષાથી વસ્તુનું અવલોકન કે કથન કરવું. આમ 'સ્યાદ્વાદ' અને 'અનેકાન્તવાદ' બંને સંજ્ઞાઓ સમાન ખ્યાલ રજૂ કરતી જણાય છે.

કેટલાક વિદ્વાનોએ આ વાત જુદી રીતે પણ સમજાવી છે. એમના મત મુજબ અનેકાન્તવાદ માટેનો પારિભાષિક શબ્દ 'સ્યાદ્વાદ' છે. 'સ્યાત્' એટલે 'कथंचित्.' મતલબ કે કેટલુંક જાણવા મળ્યું છે, પરંતુ ઘણું જાણવાનું બાકી છે. એટલે અનેકાન્તવાદ સિદ્ધાન્ત છે અને એ સિદ્ધાન્તને અમલમાં મૂકવાની રીતિ, પદ્ધતિ કે શૈલી તે સ્યાદ્વાદ છે.

**અનેકાન્તવાદ વિશે બે પ્રશ્નો :**

પહેલો પ્રશ્ન છે કે અનેકાન્તવાદ કલ્પના છે કે હકીકત? તો કહેવું જોઈએ કે તત્ત્વચિંતકોએ કરેલી હોવાથી એ ધારણાયુક્ત કલ્પના છે, પણ એ માત્ર કલ્પના નથી, વ્યવહાર જગતમાં એનું આચરણ કરતાં એ સ્વતઃસિદ્ધ થયેલી છે. એટલે એમ કહેવું જોઈએ કે ભલે એ કલ્પના હોય પણ હકીકતે સત્યસિદ્ધ થયેલી હોવાથી એ તત્ત્વજ્ઞાન છે તેમ વિવેકી આચરણનો વિષય હોવાથી ધર્મ પણ છે.

બીજો પ્રશ્ન છે કે અનેકાન્તવાદનું જીવિતપણું શામાં છે? અનેકાંતનું જીવિતપણું એમાં છે કે તે જેમ બીજા વિષયોને બધી બાજુથી તટસ્થપણે જોવા-વિચારવા પ્રેરે છે તેમ એ પોતાના સ્વરૂપ અને જીવિતપણા વિશે પણ ખુલ્લા મનથી વિચાર કરવા અનુરોધ કરે છે. જેટલું આપણું વિચારનું ખુલ્લાપણું, સ્પષ્ટપણું અને તટસ્થપણું તેટલું અનેકાંતનું બળ અને જીવન.

**અનેકાન્તવાદ અને સાપેક્ષવાદ :**

પ્રથમ દર્શને એકાંતરૂપવાળો પદાર્થ અધિક વિચારથી અનેકાંતિક છે એવી સમજણ ધરાવનારને એકાન્તિક ગ્રહ વળગતો નથી. મતલબ કે એ મતાગ્રહી થતા નથી. વસ્તુના સ્વરૂપ નિર્ણય પ્રસંગે અમુક મુદ્દામાં તે નિર્ણય એકાંત ગણી વ્યવહાર થાય છે, પરંતુ વસ્તુવિચારથી તે વસ્તુ બીજારૂપે પણ સમજાય છે. આથી મતભેદને હંમેશાં અવકાશ હોય છે. આજની ભાષામાં કહીએ તો સત્ય હંમેશાં સાપેક્ષ હોય છે. કારણ કે વાસ્તવ હંમેશાં નિરીક્ષક અને પરિવેશ અનુસાર, નિકટતા કે દૂરતા અનુસાર, અંગત કે બિનઅંગતપણે અર્થ ધારણ કરે છે. વ્યક્તિ, વસ્તુ, વિચાર, પરિસ્થિતિને જોનાર કોણ છે એ કેટલા અંતરથી, કેવી દૃષ્ટિથી, કેવા સંજોગોમાં નિહાળે છે એના ઉપર એના

અર્થઘટનનો આધાર રહે છે. જીવનમાં દુઃખ છે એ હકીકત છે. પણ કોઈના મત મુજબ એ તૃષ્ણાને કારણે, કોઈના મત મુજબ અહંતા–મમતા–અભિમાનને કારણે, અવિદ્યાને કારણે–એમ મતમતાંતરો હોઈ શકે. ત્યારે સત્યને પામવા ઉદાર મતવાદી થવું પડે. આવો ઉદારમતવાદ સપ્તભંગી નયમાં સમાયેલો છે. સત્ય 'એક'માં નહીં 'અનેક'માં રહેલું છે એ સ્પષ્ટ કરતો આ અનેકાન્તવાદ કે સ્યાદ્વાદ, આ દૃષ્ટિએ, આજના વૈજ્ઞાનિક સાપેક્ષવાદ (theory of relativity) નું પુરાતન રૂપ છે.

**અનેકાન્તવાદ શા માટે ?**

નિરપેક્ષ એકાંત, નૈગમનય, સંગ્રહનય કે વ્યવહારનય જગતના વિચિત્ર અનુભવોને જેવો જોઈએ તેવો ખુલાસો કરી શકતા નથી. આ કારણથી જૈનદર્શનના વિચારકો વસ્તુનું સ્વરૂપ અનેકાંત માને છે. પહેલી નજરે આ અનેકાંતવાદ 'હસવું અને લોટ ફાંકવો' જેવો લાગે છે. એક જ પદાર્થમાં અનેક વિરોધી ગુણનો આશ્રય શી રીતે હોય ? તે પદાર્થનું નિશ્ચિત એક પ્રકારનું રૂપ હોવું જોઈએ એવું આપણું સ્વાભાવિક મંતવ્ય હોય છે. પણ વધારે ઊંડી સમજણ કેળવીને જોઈશું તો આપણને જૈનોનું આ મંતવ્ય ખરું લાગ્યા વિના નહીં રહે.

**અનેકાન્તવાદની સ્વીકાર્યતા :**

જેઓ એકાંતવાદી છે તેમને પણ પ્રકારાન્તે જાણ્યે–અજાણ્યે આ અનેકાન્તવાદ સ્વીકારવો પડ્યો છે. ઉદાહરણ તરીકે હિન્દુ ધર્મના ષડ્દર્શનો તેમ બૌદ્ધ ધર્મદર્શન. જુઓ-

(૧) સાત્ત્વિક, રાજસી અને તામસી એવા ત્રણ ગુણોના સામ્ય ભાવવાળી પ્રકૃતિમાં પ્રસાદ, સંતોષ, દૈન્ય વગેરે અનેક ધર્મોનો એકાશ્રયમાં સ્વીકાર સાંખ્ય વિચારકોને કરવો પડ્યો છે.

(૨) નૈયાયિકો પણ દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણ પદાર્થો સામાન્ય તથા વિશેષરૂપ છે એમ માને છે.

(૩) પૂર્વમીમાંસકોએ પ્રમાતા, પ્રમેય અને પ્રમિતિના જ્ઞાનને એકરૂપ માન્યું છે.

(૪) બ્રહ્મવસ્તુ અંતર્ગત માયાશક્તિના પ્રભાવથી એકી વખતે અનેકાકાર થઈ જગતનો વિભ્રમ પેદા કરે છે એવું માનનાર વેદાંતીઓ પણ અનેકાંતવાદી છે.

(૫) બૌદ્ધોએ પણ પાંચ વર્ણવાળા રત્નને 'મેચક' કહીને ચિત્રજ્ઞાનનો સ્વીકાર વિજ્ઞાનવાદમાં કર્યો છે.

આટલા વૃત્તાંતથી સમજાશે કે અન્ય વિચારસરણી ધરાવનારા વિચારકોએ પણ ન્યાય દૃષ્ટિથી આ અનેકાન્તવાદનો જાણ્યે-અજાણ્યે સ્વીકાર કરવો પડ્યો છે.

**અનેકાન્તવાદની ઉપકારકતા :**

હિન્દુ અને બૌદ્ધ દર્શનોની માફક જૈન દર્શનપણ મૈત્રી, કરુણા, મુદિતા અને માધ્યસ્થ વૃત્તિ કેળવવા પર ભાર મૂકે છે. એ ચાર પૈકીની માધ્યસ્થ વૃત્તિ કેળવવામાં જૈનદર્શનની આ દૃષ્ટિ વિચારકોને ઉપયોગી થાય તેવી છે. મનુષ્યજાતિના રાગદ્વેષોનું આવરણ ખસેડવામાં તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓએ તટસ્થતા કેળવવી જરૂરી છે. આવી કેળવણી કે આવો સંસ્કાર આપવામાં તત્ત્વજ્ઞાનની અનેક પદ્ધતિઓમાં જૈનોની અનેકાંતવાદની આ પદ્ધતિ ઘણી ઉપકારક છે. કેમકે અનેકાન્તવાદ વસ્તુતઃ સમન્વયકળા છે. તેનું પરિણામ અધૂરી કે એકાંગી દૃષ્ટિઓથી ઉપજતા કલહો અને કલેશોને શમાવી સમભાવ સર્જવામાં છે. પરસ્પર સૌમનસ્ય સાધવાનો માર્ગ, માનવજાત માટે, અને અનેકાંતદૃષ્ટિને સહારે સરળ થાય એમ છે. ✷✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, નૉલેજ હાઈસ્કૂલ પાસે, મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર (૩૮૮૧૨૦).
સેલ ફોનઃ ૦૯૭૨૭૩૩૩૦૦૦.
ટેલિફોન : ૦૨૬૯૨-૨૩૩૭૫૦.

## ધન્ય ગુરુ – ધન્ય શિષ્ય

શ્રી સિદ્ધસેનજીએ નવકારમંત્રને એક વાક્યમાં સંસ્કૃતમાં અનુવાદિત કર્યું. ગુરુ વૃદ્ધવાદીને આ પસંદ નહીં પડ્યું. એમની સાથે ચર્ચા થતાં, (સિદ્ધસેનજી) એમણે તો ઘણાં આગમોનો પણ સંસ્કૃતમાં અનુવાદ કરવાની ઈચ્છા જાહેર કરી. ગુરુએ એમને ગચ્છ બહાર મુક્યા. થોડાં વર્ષ પછી ગુરુને એમને પરત ગચ્છમાં લેવાની ઈચ્છા થઈ. પ્રાયશ્ચિત્તના આટલા વર્ષોમાં શ્રી સિદ્ધસેનજીએ શાસનની ઘણી પ્રભાવના કરી હતી. ઉપરાંત રાજાએ એમને 'દીવાકર'નો ઈલ્કાબ પણ આપ્યો હતો. એક વખત તેઓ દરબારમાં જતા હતા. ગુરુ વૃદ્ધવાદીએ વેશપલટો કરી સિદ્ધસેનજીની પાલખી ઉપાડી. વૃદ્ધ હોવાને કારણે તેઓ અન્ય ત્રણ મજૂરોની તુલનામાં થોડા ધીરે ધીરે ચાલતા હતા સિદ્ધસેનજીએ તેમને પૂછ્યું-

'भूरिभार भरा कान्त: स्कन्ध कि तव बाधति ?'

અર્થ- 'હે ભાઈ, મારા વધુ વજનને કારણે તારો ખભો દુઃખે છે.'

શ્રી સિદ્ધસેનજી અહીં બાધતે ક્રિયાપદને બદલે બાધતિ વાપરે છે જે ખોટું હતું.

વૃદ્ધવાદી જવાબ આપે છે-

'न तथा बाधते स्कंधो यथा बाधति बाधते।'

અર્થ-'સૂરિજી, મને મારો સ્કંધ (ખભો) એટલી પીડા નથી આપતો જેટલી પીડા 'बाधति' આપે છે.

(बाधते આત્મને પદ, बाधति પરસ્મૈ પદ)

શ્રી સિદ્ધસેનજીને તરત જ સ્ફુરણા થઈ કે મારી ભૂલ તો મારા ગુરુ વૃદ્ધવાદી સિવાય કોઈ જ નહીં બતાવી શકે. તેઓ પાલખીમાંથી નીચે ઉતર્યા અને તેમની માફી માગી. ગુરુએ પણ આટલા સમર્થ શિષ્યને આદરપૂર્વક ફરી ગચ્છમાં લીધા.

□ ડૉ. રેણુકા પોરવાલ

# જૈન દર્શનમાં નય

❑ ડૉ. જિતેન્દ્ર શાહ

*[ ડૉ. જિતેન્દ્ર બી. શાહ ભારતીય દર્શનોના પ્રકાંડ વિદ્વાન, મર્મજ્ઞ અને જૈન દર્શનના વિશેષ અભ્યાસી છે. વિદ્યા ક્ષેત્રે અને સંશોધન ક્ષેત્રે તેમણે અનેક ઉલબ્ધીઓ હાંસિલ કરી છે. આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, પ્રાદેશિક સ્તરે ભારતીય દર્શનોના અને જૈન વિદ્યાનાં વિવિધ સેમિનારોમાં તેઓ ભાગ લે છે. હાલમાં તેઓ એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ અ. ઈન્ડોલોજીના ડાયરેક્ટર છે. પ્રસ્તુત લેખમાં જૈન દર્શનમાં નય અંગે થયેલી વિશદ અને વિશાળ ચર્ચાનો ખ્યાલ આવે માટે લેખકના પુસ્તકમાંથી અમુક જ અંશ પસંદ કરી અહીં મૂકવામાં આવ્યા છે. ]*

નય એ જૈન દર્શનનો વિશિષ્ટ સિદ્ધાંત છે. સામાન્ય રીતે નય એટલે દૃષ્ટિ. પદાર્થ અથવા પરિસ્થિતિને મૂલવવાની વિભિન્ન દૃષ્ટિઓ એટલે જ નય અને આ તમામ દૃષ્ટિઓનો સમન્વય એટલે સ્યાદ્વાદ. અનેકાન્તવાદને સમજવા પણ નયસિદ્ધાંત સમજવો આવશ્યક છે. નયો વિશે આગમ સાહિત્યમાં પ્રચુર ચિંતન ઉપલબ્ધ થાય છે. ત્યારબાદ નયસિદ્ધાંત દાર્શનિક રીતે પણ મૂલવવામાં આવ્યો. એટલું જ નહીં જૈન દાર્શનિકોએ નયસિદ્ધાંતને તાર્કિક કસોટીથી કસ્યો અને તેનું મહત્ત્વ પણ સ્થાપિત કર્યું. ઉમાસ્વાતિ, સિદ્ધસેન, પૂજ્યપાદ અને સમન્તભદ્ર જેવા સમર્થ દાર્શનિકોએ તેની આવશ્યકતા પણ પ્રમાણિત કરી. ત્યારબાદ તો નયો ઉપર સ્વતંત્ર ગ્રંથોની રચના પણ થઈ. આચાર્ય દેવસેને નયચક્ર નામક ગ્રંથમાં નયો વિશે વિશેષ ચિંતન કર્યું છે. તેની સમાલોચના ઉપાધ્યાય યશોવિજયજીએ દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં અનેક શાસ્ત્રીય પ્રમાણો આપીને કરી છે. આચાર્ય દેવસેને તો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ગ્રંથો રચ્યા છે. આચાર્ય દેવસેન વિક્રમની ૧૦મી શતાબ્દીમાં થઈ ગયા છે. તેમણે દર્શનસાર, આરાધનાસાર, તત્ત્વસાર, નયચક્ર અને આલાપ પદ્ધત્તિ આદિ ગ્રંથોની રચના કરી છે. દર્શનસાર ઇતિહાસ વિષયક ગ્રંથ છે. તેમાં વિભિન્ન દશ મતોની ઉત્પત્તિની ચર્ચા કરવામાં આવી છે. આચાર્ય દેવસેન જૈનદર્શનના પ્રમુખ સિદ્ધાંત 'નય સિદ્ધાંત'ના પારગામી વિદ્વાન હતા.

દર્શનસારની અંતિમ ગાથાઓમાં જણાવ્યા અનુસાર તેમણે દર્શનસાર ગ્રંથની રચના ધારાનગરીમાં આવેલા પાર્શ્વનાથના ચૈત્યમાં રહીને કરી હતી. તેટલી જ માહિતી તેમના સ્થળ વિશે પ્રાપ્ત થાય છે તેને આધારે તેઓ ધારાનગરની મધ્યપ્રદેશની આસપાસના ક્ષેત્રમાં વિહરતા હશે તેવું અનુમાન કરી શકાય.

**નયચક્ર :**

નયચક્રને લઘુ નયચક્રના નામથી ઓળખવામાં આવે છે. તેના કર્તા આચાર્ય દેવસેન છે. પ્રાકૃત ભાષા નિબદ્ધ ૮૭ ગાથાઓમાં નયોનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે. નય એ જૈન ધર્મનો વિશિષ્ટ સિદ્ધાન્ત છે. દિગંબર પરંપરામાં નયોનું સ્વતંત્ર વર્ણન કરતો આ સર્વપ્રથમ ગ્રંથ છે. નયોનું વર્ણન કરતા આચાર્ય દેવસેને નયોની મહત્તા પણ દર્શાવી છે.

जह्मा णएण विणा होइ ण णरस्स सियवायपडिवत्ती ।
तह्मा सो बोहव्वो एयंतं हंतुकामेण ।।१७४।।

નયના જ્ઞાન વિના મનુષ્યને સ્યાદ્વાદનો બોધ થતો નથી. માટે એકાન્તનો વિરોધ કરવાની ઈચ્છા હોય તેણે નયનું જ્ઞાન મેળવવું જોઈએ.

जह सत्थाणं माई सम्पत्तं जह तवाइगुणणिलए ।
धाउवए रसो तह णयमूलं अणेयंते ।।१७५।।

જેવી રીતે શાસ્ત્રનું મૂળ અકારાદિ વર્ણ છે. તપ આદિ ગુણોના ભંડાર સાધુમાં સમ્યક્ત્વ અને ધાતુવાદમાં પારો છે તેવી રીતે અનેકાન્તવાદનું મૂળ નયવાદ છે.

जे णयदिट्ठिविहीणा ताण ण वत्थूसहावउलद्धि।
वत्थुसहावविहूणा सम्मादिट्ठी कहं हुंति ।।१८१।।

જે વ્યક્તિ નયદૃષ્ટિથી વિહીન છે તેને વસ્તુના સ્વરૂપનું જ્ઞાન નથી થતું. અને વસ્તુના સ્વરૂપને ન જાણનાર સમ્યક્દૃષ્ટિ કેવી રીતે હોઈ શકે.

धम्मविहीणो सोक्खं तहणाछेयं जलेण जह रहिदो।
तह इह वंछइ मूढो णवरहिओ दव्वणिच्छित्ती ।।६।।

જેવી રીતે મનુષ્ય ધર્મ વિના સૌખ્ય પામવાની ઈચ્છા કરે, અને જળ વગર તૃષ્ણા નાશ કરવાની ભાવના રાખે તો તે ફળીભૂત થાય નહીં તેવી જ રીતે નયજ્ઞાન વગર જો દ્રવ્યનું જ્ઞાન પામવાની ઈચ્છા કરે તો તે નિરર્થક છે.

जह ण विभुंजइ रज्जं राओ गहभेयणेण परिणीणो।
तह झादा णायव्वो दवियणिछित्तीहिं परिहीणो।।७।।

જેવી રીતે રાજા જુદા જુદા ખાતાઓની વહેંચણી કર્યા વગર રાજ કરી શકતો નથી તેવી જ રીતે જે મનુષ્ય નય જ્ઞાન વિના જ દ્રવ્યનું જ્ઞાન મેળવવા ઈચ્છે તે નિરર્થક છે.

આમ નયની મહત્તા દર્શાવતી ગાથાઓ દર્શાવી છે. ત્યારબાદ દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક આ બે નયોને સાત નયમાં ઉમેરી નવ નય અને ત્રણ ઉપનયો સાથે બાર નયની વ્યાખ્યા સાથે ચર્ચા કરી છે.

**જૈન દર્શનમાં નય**

નિર્ગ્રન્થ દર્શનમાં વસ્તુતત્ત્વને અનન્તધર્માત્મક માનેલ છે. પ્રત્યેક વસ્તુ અનેકાનેક ભાવાત્મક અને અભાવાત્મક ગુણધર્મોથી યુક્ત હોય છે. એટલું જ નહીં પરંતુ વસ્તુમાં પરસ્પર વિરોધી ગુણધર્મ પણ એકસાથે જોવા મળે છે. વસ્તુની આ અનન્તધર્માત્મકતા જ અનેકાન્તવાદનો તાત્ત્વિક આધાર છે. વસ્તુમાં અનેક ગુણધર્મો હોવા છતાં પણ જ્યારે એનું કથન કરીએ છીએ ત્યારે કોઈ એક ધર્મને

કોઈ એક અપેક્ષાએ મુખ્ય બનાવીને કથન કરવામાં આવે છે. જ્યારે કોઈ એક વસ્તુનો વિવિધ પક્ષોના અંતર્ગતના કોઈ એક પક્ષને ધ્યાનમાં રાખીને કથન કરવામાં આવે છે ત્યારે વસ્તુતઃ અન્ય પક્ષ કે ગુણધર્મનો અભાવ થઈ જતો નથી. આ અનંતધર્માત્મક વસ્તુની કોઈ એક એવી કથનશૈલીની જરૂરિયાત છે જે વસ્તુના કોઈ એક ગુણધર્મનું વિધાન કરે ત્યારે અન્ય ગુણધર્મોનો નિષેધ ન થાય. બીજા શબ્દોમાં કહીએ તો વસ્તુના સંબંધમાં સાપેક્ષિત કથન કરવામાં આવે છે તે કોઈ અભિપ્રાયવિશેષ કે દૃષ્ટિકોણવિશેષને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. વક્તાનો આ અભિપ્રાયવિશેષ અર્થાત્ દૃષ્ટિકોણવિશેષ એ જ નય કહેવાય છે. તદુપરાંત જે અપેક્ષાના આધારે વસ્તુના અનન્ત ગુણધર્મો પૈકી કોઈ એક ગુણધર્મનું વિધાન કે નિષેધ કરવામાં આવે છે તે નય કહેવાય છે. નયનો સંબંધ વસ્તુની અભિવ્યક્તિની શૈલી સાથે છે. માટે જ આચાર્ય સિદ્ધસેને સન્મતિ-પ્રકરણ (પ્રાયઃ ઈસ્વી સનની પાંચમી સદીનો પૂર્વાર્ધ)માં કહ્યું છે કેઃ-

जावइया वयणवहा तावइया चेव होंति णयवाया।

जावइया णयवाया तावइया चेव परसमया।।

અર્થાત્ કથનની જેટલી શૈલી કે જેટલાં વચન પદ હોય છે તેટલા નયવાદ હોય છે તથા જેટલા નયવાદ હોય છે તેટલાં પર-સમય અર્થાત્ પરદર્શન હોય છે. આ આધાર પરથી સિદ્ધ થાય છે કે નયોની સંખ્યા અનંત છે. કારણ કે વસ્તુના અનંત ગુણધર્મોની અભિવ્યક્તિ માટે વિવિધ દૃષ્ટિકોણોની સહાય લેવી પડે છે. આ બધા દૃષ્ટિકોણ નય આશ્રિત જ હોય છે. જૈનદર્શનમાં નયોની ચર્ચા વિભિન્ન રૂપોમાં કરવામાં આવી છે. સર્વપ્રથમ આગમ યુગમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક દૃષ્ટિથી વસ્તુનું વિવેચન જોવા મળે છે. વસ્તુના દ્રવ્યાત્મક કે નિત્યત્વને જે પોતાનો વિષય બનાવે છે તેને 'દ્રવ્યાર્થિક-નય' કહેવામાં આવે છે. એનાથી વિરુદ્ધ પરિવર્તનશીલ પક્ષને જે નય પોતાનો વિષય બનાવે છે તે નય 'પર્યાયાર્થિકનય' કહેવાય છે. તેમજ પ્રમાણ અને યથાર્થતાના આધાર પર પણ પ્રાચીન આગમોમાં બે પ્રકારના નયોનો ઉલ્લેખ મળે છે. જે નય વસ્તુના મૂળભૂત સ્વાભાવિક સ્વરૂપને પોતાનો વિષય બનાવે છે તે 'નિશ્ચયનય' અને જે નય વસ્તુના પ્રમાણજન્ય વિષયને પોતાનો વિષય બનાવે છે તે 'વ્યવહારનય' કહેવાય છે.

પ્રાચીન આગમોમાં મુખ્યતઃ આ બે પ્રકારના નયોની ચર્ચા કરવામાં આવી છે. ક્યારેક વ્યવહારનય કે દ્રવ્યાર્થિક નય અથવા અવ્યુચ્છિત્તિ-નય તેમજ પર્યાયાર્થિક-નય કે નિશ્ચયનયને વ્યુચ્છિત્તિ-નય કહેવામાં આવે છે. નયોના આ બે પ્રકારના વિવેચન ઉપરાંત આપણને તેના અન્ય વર્ગીકરણ પણ ઉપલબ્ધ થાય છે. ઉમાસ્વાતિએ તત્ત્વાર્થાધિગમસૂત્ર (પ્રાયઃ ઇસ્વી. ૩૫૦)માં નૈગમાદિ પાંચ મૂળ નયોનો ઉલ્લેખ કર્યો છે. સિદ્ધસેન દિવાકરે સન્મત્તિપ્રકરણમાં નૈગમનય છોડીને બીજા છ નયોની ચર્ચા કરી છે. તત્ત્વાર્થસૂત્રના દિગંબર ટીકાકાર તેમજ કેટલાક અન્ય આચાર્યો સાત નયોની ચર્ચા કરે છે. દ્વાદશાર નવચક્રના ગ્રંથકર્તા મલ્લવાદી (ઈસ્વી. ૫૫૦-૬૦૦)એ નૂતન દૃષ્ટિકોણોનો આધાર લઈ બાર નયોની ચર્ચા કરી છે. નયચક્રના ઉલ્લેખ પરથી કહી શકાય કે વિભિન્ન દૃષ્ટિકોણના આધાર પર નયોનું સાતસો રૂપોમાં વિભાજન કરવામાં આવતું હતું. પરંતુ વર્તમાન યુગમાં નયોના વર્ગીકરણની સંક્ષિપ્ત અને મધ્યમ શૈલી જ પ્રચલિત છે.

**જૈન દર્શનમાં નયની વ્યાપકતા**

અનેકાન્તવાદના આધારભૂત નયવાદની મહત્તા આગમકાળમાં સ્થપાઈ ચૂકી હતી, જે પછીના કાળમાં ઉત્તરોત્તર વધતી જ ગઈ હતી. જૈન દર્શનમાં પ્રત્યેક પદાર્થને નયદૃષ્ટિથી મૂલવવાની પદ્ધતિ પણ પ્રાચીન છે. આગમના પ્રત્યેક સૂત્રને વિભિન્ન નયથી વિચારવા અને શ્રોતા અનુસાર તેનું કથન કરવાની પ્રણાલી હતી તેથી નયના ભેદપ્રભેદની સંખ્યા પણ વધતી જ ગઈ હતી. આવશ્યકનિર્યુક્તિમાં જણાવેલા નયોના સાતસો કે પાંચસો ભેદ આ વાતની પુષ્ટિ કરે છે. જૈન દર્શનના પ્રત્યેક સૂત્રો પણ નયને આધારે કહેવાય છે. આમ નયની સર્વવ્યાપકતા જૈન દર્શનમાં જોવા મળે છે. આવશ્યકનિર્યુક્તિમાં/વિશેષાવશ્યકભાષ્યમાં તો એટલે સુધી કહેવામાં આવ્યું છે કે-

नात्थि नएहिं विहुणं, सुत्तं अत्थो य जिणमए किंचि ।

आसज्ज उ सोयारं, ने नयविसारओ बूआ ।।२२७७।।

અર્થાત્ જૈન દર્શનમાં નયરહિત કોઈ સૂત્ર કે અર્થ નથી, તેથી નયવિશારદ (નયમાં નિષ્ણાતગુરુ) યોગ્ય શ્રોતા મળતાં નયનું વિવિધ પ્રકારે વર્ણન કરે. આથી જ પછીના કાળમાં પ્રત્યેક જૈન દાર્શનિકોએ નય અંગે ઊંડું ચિંતન કર્યું છે અને તેના વિશે લખ્યું છે.

શ્વેતામ્બર અને દિગમ્બર પરંપરામાં નયવિષયક વિપુલ સાહિત્ય ઉપલબ્ધ થાય છે. નયના વિશદ વર્ણન કરતાં ગ્રંથોની સંખ્યા અલ્પ છે. પરંતુ દર્શનના ગ્રંથમાં યત્ર તત્ર નયની ચર્ચા થયેલી છે. તેમાં નયના લક્ષણની પણ ચર્ચા થયેલ છે. વિભિન્ન ગ્રંથોમાં નયોનું લક્ષણ ભિન્ન ભિન્ન જોવા મળે છે. અનુયોગદ્વારવૃત્તિમાં નયનું લક્ષણ આપતાં જણાવ્યું છે કે-

सर्वात्रानन्तधर्माध्यासिते वस्तुनि एकांसग्राहको बोधो नयः ।।

અર્થાત્ અનન્તધર્માત્મક વસ્તુના એક અંશને ગ્રહણ કરનાર બોધ તે નય છે.

ન્યાયાવતાર (શ્લોક ૨૯)ની ટીકામાં સિદ્ધર્ષિ નયની વ્યાખ્યા કરતાં જણાવે છે કે-

अनन्तधर्मांध्यासितं वस्तु स्वाभिप्रेतैकधर्मविशिष्टं नयति-प्रापयति संवेदन-मारोहयतीति नयः।

અર્થાત્ અનંતધર્મોથી વિશિષ્ટ વસ્તુને પોતાને અભિમત એવા એક ધર્મથી યુક્ત બતાવે છે તે નય છે. દિગમ્બર પરંપરામાં નયનું લક્ષણ જણાવતાં કહ્યું છે કે

ज्ञातुरभिप्राय: श्रुतविकल्पो वा नय:।।

અર્થાત્ જ્ઞાતાનો અભિપ્રાય અથવા શ્રુત વિકલ્પ નય છે.

આ ઉપરાંત યશોવિજયજીએ સપ્તભંગી નયપ્રદીપમાં અન્ય લક્ષણો પણ નોંધ્યા છે.

नानास्वभावेभ्यो व्यावृत्तयैकस्मिन् सवभावे वस्तु नयति-प्राप्नोतीति नयः।।

વિવિધ સ્વભાવોમાંથી કોઈ એક સ્વભાવયુક્ત વસ્તુનું જ્ઞાન કરાવે તે નય છે.

प्रमाणेन संगृहीतार्थकांशो नयः।

પ્રમાણ દ્વારા સંગ્રહીત કરવામાં આવેલ ધર્મોમાંથી કોઈ એક અંશને ગ્રહણ કરવો એ નયનું લક્ષણ છે.

તત્ત્વાર્થરાજવાત્તિંકમાં નયનું લક્ષણ નીચે પ્રમાણે જણાવ્યું છેઃ-

प्रमाण-प्रकाशितोऽर्थ विशेषप्ररुपको नयः।।

અર્થાત્ પ્રમાણ વડે પ્રકાશિત અર્થના પર્યાયોની પ્રરૂપણા કરનાર નય છે. પ્રમાણનયતત્ત્વલોકાલંકાર સૂત્રમાં નયની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કેઃ-

नीयते येन श्रुताख्य प्रमाणविषयीकृतस्यार्थस्यांशस्तदितरांश
औदासीच्यतः स प्रतिपत्तुरभिप्रायविशेषो नयः ।

અર્થાત્ સિદ્ધાન્તમાં કહેલા, પ્રમાણના વિષયરૂપ, પદાર્થના અંશરૂપ, અન્ય અંશો તરફ ઉદાસીનતાપૂર્વકનો અભિપ્રાય તે નય છે.

ઉપર જણાવેલ તમામ લક્ષણોમાં સહુથી વધુ પરિષ્કૃત લક્ષણ પ્રમાણનયતત્ત્વલોલંકારનું છે. તેમના અનુસાર અનન્તધર્માત્મક વસ્તુ જે શ્રુતનો અને પ્રમાણનો વિષય છે. તે અનન્તધર્માત્મક વસ્તુના કોઈ એક અંશને મુખ્ય કરીને બાકીના તમામ અંશો તરફ ઉદાસીન ભાવ રાખવા પૂર્વક અર્થાત્ ગૌણ ગણીને વક્તાનો અભિપ્રાય વિશેષ એ નય છે. આ જ વાતને અન્ય શબ્દોમાં કહીએ તો કોઈ એક વસ્તુ સંબંધી જુદી-જુદી દૃષ્ટિએ—અપેક્ષાએ વિચાર કરવાથી જે જુદા-જુદા યથાર્થ અભિપ્રાયો બાંધવામાં આવે છે તે બધા નય કેહવાય છે.

**મુખ્ય બે ભેદ :**

નયોની અનન્તતા હોય તો તેનો બોધ થઈ જ ન શકે. નયનો બોધ ન થાય તો નય દ્વારા અનેકાન્તની સિદ્ધિ ન થઈ શકે. આમ નથી પરંતુ જગતમાં કોઈ પણ વ્યક્તિ પદાર્થનો બોધ કરવાની શરૂઆત કરે છે ત્યારે તે પદાર્થને ભેદદૃષ્ટિથી કે અભેદદૃષ્ટિથી જોવાનો પ્રયાસ કરે છે. આ દ્વારા જ તે બોધ પ્રાપ્ત કરે છે. ભેદદૃષ્ટિ તે વિશેષ દૃષ્ટિ છે અને અભેદગામી દૃષ્ટિ તે સામાન્ય દૃષ્ટિ છે. ભેદગામી અને અભેદગામી દૃષ્ટિમાં જ બાકીની અનન્ત દૃષ્ટિનો સમાવેશ થઈ જાય છે. આથી મૂળમાં તો બે જ દૃષ્ટિ રહેલી છે. અને આ ભેદગામી દૃષ્ટિ તે જ પર્યાર્થિક નય છે અને અભેદગામી દૃષ્ટિ તે દ્રવ્યાર્થિક નય છે. આથી અસંખ્ય નયોને આ બે ભાગમાં વહેંચી શકાય. કહ્યું છે કે-

निथ्थयर वयण संगह विसेस पत्थार मूलवागणी
दव्वट्ठयो य पज्जवणओ य सेस्सा वियप्पा सिं ।।१-३।।

અર્થાત્ તીર્થંકરોનાં વચનોના સામાન્ય અને વિશેષ રૂપ રાશિઓના મૂળ પ્રતિપાદક દ્રવ્યાર્થિક અને પરમાર્થિક નય છે. બાકીના એ બેના જ ભેદો છે.

આ વાતને આચાર્ય દેવસેને નયચક્રમાં નીચે પ્રમાણે જણાવી છે.

दो चेव मूलिमयणा भणिया दव्वत्थ पज्जयत्तगया
अण्णं असंख्य संखा ते तब्भेया मुणेयव्वा ।।...।।

અર્થાત્ બે જ મૂળ નયો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક છે. બાકીના અસંખ્ય નયો તો આ બેના જ ભેદો છે.

**દ્વાદશાર નયચક્રગત નયોનું વિભાજન :**

સમગ્ર જૈન દાર્શનિક પરંપરામાં દ્વાદશાર નયચક્ર એક વિલક્ષણ દાર્શનિક ગ્રંથ છે. દ્વાદશાર નયચક્રમાં આગમપ્રસિદ્ધ નયોના દ્વિવિધ વર્ગીકરણનો સ્વીકાર કરીને તેમાં દર્શન યુગના સાત નયોનો સમાવેશ તો કર્યો છે પરંતુ તે સિવાય જૈન દર્શનમાં અન્યત્ર અનુપલબ્ધ એવા વિધિ, નિયમ, વિધિ-વિધિ જેવા બાર નયોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમના દ્વારા આ નય દ્વાદશવિધ નય વર્ગીકરણ કયા પ્રકારે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા દ્વિવિધ અને નૈગમ આદિ સાત નયોમાં વિભાગીકરણ થાય છે તે નીચે જણાવેલ કોષ્ટક પરથી સાબિત થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | વિધિ | द्रव्यार्थिक | व्यवहार |
| ૨. | વિધિવિધઃ | द्रव्यार्थिक | संग्रहनय |
| ૩. | विध्युभयम् | द्रव्यार्थिक | संग्रहनय |
| ૪. | विधिनियमः | द्रव्यार्थिक | संग्रहनय |
| ૫. | उभयम् | द्रव्यार्थिक | नैगमनय |
| ૬. | उभयविधिः | द्रव्यार्थिक | नैगमनय |
| ૭. | उभयोभयम् | पर्यायार्थिक | ऋजुसूत्र |
| ૮. | उभयनियमः | पर्यायार्थिक | शब्दनय |
| ૯. | नियमः | पर्यायार्थिक | शब्दनय |
| ૧૦. | नियमविधिः | पर्यायार्थिक | समभिरूढ |
| ૧૧. | नियमोभयम् | पर्यायार्थिक | समभिरूढ |
| ૧૨. | नियमनियमः | पर्यायार्थिक | एवंभूतनय |

ઉપર્યુક્ત બાર 'અર' દ્વાદશાર-નયચક્રની સ્વયં વિશેષતા છે. વિધિ અને નિયમ શબ્દનો અર્થ અનુક્રમે સત્‌નો સ્વીકાર અને અસ્વીકાર છે. આ બે શબ્દોના સંયોજનથી જ બાર ભેદ કરાયા છે. તેમાં તે યુગના સમગ્ર ભારતીય દર્શનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રથમ ચાર અરમાં સત્‌ને નિત્ય માનતા દર્શનોનો સમાવેશ કરાયો છે. ઉભયાદિ ચાર અરમાં સત્યને નિત્યા-નિત્યાત્મક માનતા દર્શનોનો તેમ જ અંતનાં ચાર અરમાં સત્‌ને અનિત્ય માનતા દર્શનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રમાણે જૈન દર્શનમાં નયોનો ક્રમિક વિકાસ થયો છે પરંતુ દ્વાદશાર-નયચક્રમાં પ્રયોજાયેલ શૈલી તેમજ નયોનાં નામ નયચક્રના પૂર્વવર્તી કે પરાવર્તી સાહિત્યમાં ઉપલબ્ધ થતાં નથી. ✷✷✷

સૌજન્ય-જૈન દર્શનમાં નય પુસ્તકમાંથી-લેખક ડૉ. જીતુભાઈ શાહ
મોબાઈલ : ૦૯૮૨૫૮૦૦૧૨૬.

# શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં અનેકાન્તવાદ

❑ પ્રતાપકુમાર ટોલિયા

*[ પ્રતાપકુમાર ટોલિયાએ ગુજરાત અને બેંગલોરમાં અંગ્રેજી અને હિન્દીના પ્રચારક તરીકે કાર્ય કર્યું છે. તેઓ પ્રિન્સીપાલ હતા. સપ્તભાષી આત્મસિદ્ધિશાસ્ત્રનો સાત ભાષામાં અનુવાદ તેમજ સંપાદન કાર્ય કર્યું છે. જ્ઞાન સાથે સંગીતને મુકવાની તેમની વિશેષ શૈલીના ફળ સ્વરૂપ આપેલ સંગીતમય કાર્યક્રમો અને સી.ડી. તેમની પાસેથી મળ્યા છે. અહીં તેમણે આત્મસિદ્ધિશાસ્ત્રના સંદર્ભે અનેકાન્તવાદ સમજાવ્યો છે. ]*

આત્મજ્ઞાનના શૈલશિખર, ગ્રંથસાગર, ચૌદ પૂર્વોના સારરૂપ સાતમા 'આત્મપ્રવાહ' પૂર્વના કથન-સંક્ષેપ અને વિશ્વધર્મ-સ્વરૂપે મહાન જૈનદર્શનને સુસ્પષ્ટપણે, સરળ ભાષામાં, સર્વ ગ્રાહ્ય–સર્વ સ્વીકાર્ય ક્ષમતાપૂર્વક પ્રસ્તુત કરતા વિશ્વગ્રંથ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની મહાનતા તેમજ સર્વોપરિતા માટે શું શું કહીએ?

અનેક મહાન મનીષીઓએ, અનેક મહાપ્રાજ્ઞ પુરુષોએ, અનેક તત્ત્વચિંતકોએ આ સિદ્ધ કરી દીધું છે. અનેક સાધકોએ આ આત્મસાત્ કરી લીધું છે.

શ્રી આત્મસિદ્ધિમાં નિહિત આત્મ–તત્ત્વદર્શન જૈનદર્શનને તેનો નામોલ્લેખ પણ કર્યા વિના એવી કુશળતાથી, એવી સમગ્રતાથી, એવી સહજતાથી, એવી અપૂર્વતાથી પ્રસ્તુત કરે છે કે આશ્ચર્યચકિત થઈ જવાય!

સર્વ વિશ્વમતોથી ઉપરે, સર્વ દૃષ્ટિઓને–નયોને પોતાનામાં સમાવી લેતું આ આત્મ તત્ત્વદર્શન બહુ સૂક્ષ્મતાથી, ઊંડાણથી અવગાહવા, સમજવા ને માણવા જેવું છે. જૈનદર્શન કથિત 'આત્મ' સ્વરૂપના સર્વોચ્ચ દર્શનને રજૂ કરતાં આત્મસિદ્ધિ શાસ્ત્ર, જિનવાણીના મહત્ત્વપૂર્ણ નિરૂપક 'અનેકાન્તવાદ'ને અદ્ભુત રીતે વણી લે છે અને વ્યક્ત કરે છે. એમ જ લાગે કે જાણે સર્વજ્ઞ તીર્થંકર ભગવંત મહાવીરની અને તેને ઝીલતા-ગુંથતા જ્ઞાની ગણધરોની વાક્ગંગા જ જાણે તેમાં ન વહી રહી હોય!

આ મહાન પ્રાક્-વાક્-ગંગાને વર્તમાનકાળમાં ઝીલીને વહાવતા શ્રીમદ્ રાજચંદ્રજી જેવા જ્ઞાનાવતાર, પચ્ચીસસો વર્ષ પૂર્વે જાણે ભગવંત મહાવીર પ્રભુના શ્રીચરણે બેસીને એ દિવ્ય સમવસરણમાંથી 'ગણધરવાદ'ની પરિચર્ચાને અપૂર્વ દત્ત-ચિત્ત પણ સુણતા હોય, અંતરઊંડે સંઘરતા હોય અને અહીં એ મહાશ્રવણને પુનઃ વ્યક્ત કરતા હોય એમ પ્રતીત નથી થતું? જાણે તેમનું ચૈતન્ય–તેમાં Store અને Save કરેલાં તત્ત્વો તથ્યોનું Opening અર્થાત્ કૉમ્પ્યુટર જ રહસ્યોદ્‌ઘાટન નથી આપતું? જાણે તેમનું અંદરનું 'ટેઈપ રેકોર્ડર' (Recorder) આ અનેકાંત તત્ત્વ પચ્ચીસસો વર્ષ પૂર્વનું સ્વસ્થ તત્ત્વ-શ્રવણ પુનઃ (Replug) શ્રવણ નથી કરાવતું? અસ્તુ.

આ પૂર્વ પરમશ્રુતના પુનઃશ્રવણમાં જાણે તેમનો અનેકાંતવાદનો અભિગમ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં યત્ર-તત્ર સહજપણે વ્યક્ત થઈ જાય છે. આ સર્વનું અનુચિંતન કરતાં એ નિમ્ન સાતેક સ્વરૂપો અને સ્થાનોમાં દેખાય છે:

વૃત્તિ અને વ્રત, દ્રવ્ય અને પર્યાય, નિત્યાનિત્ય વિવેક, નિશ્ચય અને વ્યવહાર, ઉપાદાન અને નિમિત્ત, વાણી અને વિચાર, અંતઃકરણ અને આચરણ.

આ સર્વનું એક પછી એક ઉધ્ધરણ સહ અધ્યયન કરીએ. સર્વત્ર તેમાં અનેકાંતવાદ ઝળકતો દેખાશે. તદ્દન સ્પષ્ટ તરી આવશે.

**● વૃત્તિ અને વ્રત :**

'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત-અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. (ગાથા-૨૮)

**● દ્રવ્ય અને પર્યાય :**

'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એનકે થાય.' (૬૮)

**● નિત્યાનિત્ય વિવેક: ષટ્પદનામકથન :**

'આત્મા છે', 'તે નિત્ય છે', છે કર્તા નિજકર્મ;
છે ભોક્તા વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ.' (૪૩)

અહીં આત્માના અસ્તિત્વ સાથે જ **નિત્ય**ત્વની સ્પષ્ટતા છે, સ્ફટિક શી સ્પષ્ટતા છે. અહીં તેમાં લેશ પણ સંશય કે સંદેહ નથી. ઉપરની ગાથામાં જ તેને અનેકાંતવાદથી **દ્રવ્યે નિત્ય** અને **પર્યાયે અનિત્ય** સૂચવી નિત્યાનિત્યતાનો વિવેક કરી દીધો છે. અહીં વેદાંત-દર્શનના **'કૂટસ્થ નિત્ય'** કહેનારા એકાંતવાદનો અને બૌદ્ધદર્શનના 'ક્ષણિકવાદ'નો આબાદ છેદ ઉડાવાયો છે. પરોક્ષપણે, કષાય દર્શન નામો ભણી અંગુલિનિર્દેશ કર્યા વિના! 'અનેકાંતવાદ' એ સંશયવાદ છે એમ આરોપણ મિથ્યા-પ્રરૂપણ કરનારાઓને બહુ સહજ અને સ્વસ્થપણે જડબાતોડ જવાબ અપાયો છે. જૈનદર્શન–'જિનદર્શન'ના સમગ્રતાસભર સત્યવાદનો જયજયકાર કરાયો છે અને કે કશાય મંડન-ખંડન અને વાદ-પરંપરાનો આશ્રય લીધા વગર! અહીં આમ વ્યકત થતા અનેકાંતવાદની આ કોઈ નાનીસૂની સિદ્ધિ નથી.

**નિશ્ચય અને વ્યવહાર :**

નિશ્ચયદૃષ્ટિ વ્યવહારદૃષ્ટિ બંનેનું સંતુલનભર્યું અનેકાંતિક નિરૂપણ તો શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ઠેર ઠેર જોવા મળે છે: ઊદા.

પ્રથમોક્ત 'વૃત્તિ અને વ્રત'ની ગાથાના અનુસંધાનમાં જ આ પછીની ગાથા, કેવળ નિશ્ચયનયને અપનાવનારા અને વ્યવહારનયને લોપનારા સામે કેવો લાલબત્તીભર્યો બોધ કરે છે,

'અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્વ્યવહારને સાધન રહિત થાય.' (ગાથા ૨૯)

પુનઃ આ સદ્બોધ આગળ સ્પષ્ટ થાય છે:

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૩)

# અનેકાન્તદર્શન : તત્ત્વ અને તંત્ર

❑ ડૉ. બળવંત જાની

*[ ડૉ. બળવંત જાની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ અધ્યક્ષ અને વાઈસ ચાન્સેલર હતા. ધર્મચિંતન અને બીજા અનેક વિષયો પર દેશ-વિદેશમાં એમણે વ્યાખ્યાનો આપ્યા છે. જ્ઞાની વક્તા અને સંશોધન ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર આ વિદ્વાને પ્રસ્તુત લેખમાં અનેકાન્ત દર્શન : તત્ત્વ અને તંત્રની તાત્ત્વીક ભૂમિકા સમજાવી છે. ]*

અનેકાન્તવાદ માટે મને 'અનેકાન્તદર્શન' સંજ્ઞા પ્રયોજવાનું ગમે છે. અહીં આ દર્શનના તત્ત્વની અને તંત્રની વિગતો ટૂંકમાં નિર્દેશવા ધાર્યું છે.

આપણે આપણી ધર્મશાસ્ત્ર પરંપરાની ચર્ચા કરીએ ત્યારે પરિભાષા સંદર્ભે સજાગ રહેવું જોઈએ. અર્વાચીન સમયમાં પશ્ચિમની અંગ્રેજી પરિભાષાઓના ગુજરાતી કે ભારતીય સંદર્ભમાં પ્રયોજવાનું આરંભાયું, એમાં આવી સમાનતા જાગૃતિ અનેક સ્થાને નથી રખાઈ એવું મને મારા અભ્યાસ દરમ્યાન જણાયું છે. આપણે જાણીએ છીએ કે પશ્ચિમમાં ધર્મ માટે 'રિલીજીયન' સંજ્ઞા છે. અને ગ્રીસમાં દર્શનશાસ્ત્ર માટે 'ફિલોસોફી' સંજ્ઞા છે. આપણે ત્યાં ધર્મદર્શન એક સાથે છે. પશ્ચિમમાં ધર્મ-ખ્રિસ્તીધર્મ-એમ સ્વાયત્ત સંજ્ઞા છે. એમાં ફિલોસોફી સંમિલિત નથી. એ જ રીતે ગ્રીસમાં ફિલોસોફી છે, જેમાં ધર્મ ભળેલ નથી. આપણી અખંડ સાયુજ્યની સંકલ્પના છે. એ જ રીતે આપણે વાદ-પ્રતિવાદને બદલે સંવાદ, ચર્ચા-વિમર્શ, ગોષ્ઠિના ઉપાસક છીએ. અનેકાન્ત સંજ્ઞામાં વાદને સાંકળવાથી અર્થસંકોચ થાય છે. અનેકાન્ત દર્શન છે, વિચાર છે, વિચારધારા છે. એની સાથે 'વાદ' વિશેષણ ભળી ગયું એમાં કારણભૂત પરિસ્થિતિ તો મહાવીરકાલીન દર્શન વિભાવના છે. તત્કાલીન ક્રિયા-અક્રિયાવાદ, વિનયવાદ, અજ્ઞાનવાદ અને નમસ્કારવાદ એમ ચાર પ્રકારમાં પ્રચલિત દર્શનોને વિભાજિત કે વર્ગીકૃત કરાતા. એનાથી પર અને સર્વાશ્લેષી–સર્વભાવને સ્વીકારવાના વલણવાળી વિચારધારા એટલે અનેકાન્તવાદ. એમ સંજ્ઞા પ્રચલિત થઈ અને પ્રસ્થાપિત થઈ જણાય છે.

અનેકાન્તદર્શન એ મહાવીર વિચારધારા, વ્યવહાર અને કથનનું પ્રાપ્તવ્ય છે. આગમોની રચના થઈ, એમ જ સુધર્માસ્વામી ગણધરે મહાવીરસ્વામી સાથે ત્રીસ વર્ષ સુધી સાક્ષાત્ સ્વરૂપે વિહાર-વિચરણ કરેલું. સુધર્માસ્વામીના પટ્ટશિષ્ય ગણાય છે જંબુસ્વામી. જંબુસ્વામીના વાર્તાલાપ સ્વરૂપે, સંવાદ સ્વરૂપે શ્રીસૂયગડાંગસૂત્ર (સૂત્રકૃતાંગ સૂત્ર) છે. એમાં છઠ્ઠું અધ્યયન પુચ્છિસ્સૂણં અર્થાત્ 'વીરસ્તુતિ' છે. એમાં માત્ર ઓગણત્રીસ ગાથા છે. ભગવાન મહાવીર વિશે જે કંઈ સાંભળ્યું છે તે કહો, આવા પ્રશ્નના ઉત્તરમાં જંબુસ્વામીએ કહેલ વિગતોનું આ કાવ્ય અર્ધમાગધીમાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં રચાયેલી રચના છે. આ રચનાની ૨૭મી ગાથામાં અનેકાન્ત દર્શનનો ઉલ્લેખ અને આલેખ છે, નિર્દેશ છેઃ

કિરિયાકિરિયં વેણઈયાણુવાયં, અણ્ણાણિયાણં પડિયચ્ચ ઠાણં।
એ સવ્વયાયં ઈઈ વેયઈત્તા, અવાહ્ઠિએ સંજમ દિહરાયં।।

અર્થાત્ ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદ– આ ચાર એકાન્તોને (પરિપૂર્ણ ન માનતા તેમનો સાપેક્ષભાવે સ્વીકાર કરે છે. સાપેક્ષભાવોનો સ્વીકાર કરવાથી વાદ-વિવાદનો સાગર તરી શકાય છે.) વિશિષ્ટ શૈલીથી સાપેક્ષભાવે સમજીને, તેઓ સંયમનો અર્થાત્ સાધનાનો અનેકાન્તદર્શનનો આરંભ થયો.

અનેકાન્ત દર્શનને સમજાવવાના ખૂબ પ્રયત્નો પંડિતોએ કર્યા છે. અનેકાન્ત અર્થાત્ એક જ દ્રવ્યમાં અનેક ધર્મો, લક્ષણ, ગુણો, અવસ્થાઓનું કથન, વિરોધી લક્ષણોનો સમન્વય મુખ્યતયા ગૌણત્વની અપેક્ષાએ હોય છે. જે રીતે આત્મા સ્વભાવથી નિત્ય અને શુદ્ધ છે, જન્મ અને મૃત્યુની અવસ્થા અનિત્ય છે, રાગાદિને કારણે અશુદ્ધ છે–આવું કથન કેવળ કલ્પના નથી કારણ કે, આ કથન સત્ય આધારિત છે. કોઈ એક પુરુષ કોઈનો મિત્ર છે, કોઈનો પતિ છે, કોઈનો પિતા છે. એક પુરુષમાં આવી વિવિધ અવસ્થિતિઓનું હોવું સત્ય છે અને સંભવિત પણ છે. એમ અનેકાન્તમાં શંકા-સંશય નથી પરંતુ અપેક્ષિત કથન હોય છે. અપેક્ષારહિત કથન મિથ્યા હોય છે. અનેકાન્તમાં અનેકાન્તકથન આવી શકે. પરંતુ એકાન્તમાં અનેકાન્તનો નિર્દેશ ન થઈ શકે.

અજ્ઞજનોના જ્ઞાનસ્વરૂપ આત્માના ઉપદેશ માટે, તેની અનેક શુદ્ધ અવસ્થાઓના જ્ઞાન માટે તત્ત્વના હેય અને ઉપાદેયના વિવેક માટે, અનેકાન્તદૃષ્ટિથી તત્ત્વની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દૃષ્ટિ થાય છે. વિધિ અને નિષેધની યોગ્યતાની પ્રસિદ્ધિ માટે અનેકાન્ત છે. અનેકાન્તના બે ભેદ છે. સમ્યગ્ અનેકાન્ત અને મિથ્યા અનેકાન્ત.

અનેકાન્ત એટલે કે વિવિધ દૃષ્ટિબિંદુથી અવલોકવું–સ્વીકારવું. સત્ય એક જ છે એ હકકત છે પણ તેમ છતાં એના અનંતસ્વરૂપો શક્ય છે. આવા સ્વરૂપોનું વિવિધ દૃષ્ટિએ દર્શન કરવું કે અવલોકવું એટલે અનેકાન્ત.

અનેકાન્તદર્શનમાં વિરોધી કે અન્ય મતવાદીના મતનો–વિચારનો પુરા આદર સાથે સ્વીકાર કરવામાં આવે છે. કોઈનો નકાર, કોઈ પરત્વે અસંમતિ દર્શાવવામાં પણ સૂક્ષ્મ અહિંસા રહેલી છે. જૈન દર્શનની અહિંસાની વિભાવના અનેકાન્તદર્શનના ઉદ્ભવ પાછળ કારણભૂત જણાય છે.

સામાન્ય વ્યવહારમાં અનેકાન્તદર્શન હકારાત્મક વાતાવરણનું નિર્માણ કરે છે, જ્ઞાનની ક્ષિતિજ વિસ્તારે છે અને તમામને સ્વીકારવાનું વલણ સંવાદિતા સર્જે છે. આમ, વિસંવાદમાં કે વિભિન્ન

મતવાદીઓ વચ્ચે સંવાદિતા સ્થાપિત કરનારું ઘટક અનેકાન્ત છે. સર્વ વસ્તુમાં સર્વધર્મને જોવાથી અને સ્વીકારવાથી અર્થાત્ એની દરેક અપેક્ષાએ વસ્તુ સ્વરૂપનિર્ણિત કરતું હોઈને આ દર્શન માટે 'અનેકાન્તદર્શન'એવી સંજ્ઞા સમુચિત રીતે પ્રયોજાઈ છે.

સપ્તભંગી, નય, નિક્ષેપ અને પ્રમાણ જેવી જૈનદર્શનની સંજ્ઞાઓથી અનેકાન્તને વધુ સ્પષ્ટ, સુરેખ રીતે સમજી શકાય છે કે સમજાવી શકાય છે. સપ્તભંગીના સાત રૂપો, નયના સાત રૂપો, નિક્ષેપના ચાર રૂપો અને પ્રમાણના બે રૂપો અને એના પેટા ભેદરૂપોની, એના સ્વરૂપની, અર્થસંદર્ભની વિગતે વાત અને વિભાવનાને સમજવાથી અનેકાન્તદર્શન સુસ્પષ્ટ બની રહે છે. મૂળે તો મહાવીરે પુરોગામીઓની પરંપરાને પોતીકા વ્યવહાર, વર્તન અને વાણીથી જૈનદર્શનના ખરા પરિચાયક અનેકાન્તદર્શનને વિગતે વિચાર્યું એનો ઘણો મહિમા એ કારણે પણ સ્થિર થયો, સ્થાપિત થયો. અનેકાન્તદર્શનને સમજનારા અને સમજાવનારાઓ પણ તિથિ અને તીર્થસ્થાનો સંદર્ભે એકમત નથી. જડતા, રૂઢિદાસ્ય અને પરંપરાને માટે દુરાગ્રહીપણું અનેકાન્તના ઉપાસકો દ્વારા પ્રગટે ત્યારે આ દર્શન અને પરંપરા પરત્વે, એમાં સાધકો-ઉપાસકો પરત્વે અહોભાવ પ્રગટતો અટકે છે.

અનેકાન્તવાદ સંજ્ઞા ભલે પ્રચલિત હોય કે પ્રસ્થાપિત હોય પણ વાદ-વિવાદમાંથી આ સંજ્ઞા જન્મી નથી કે આ સંજ્ઞા માટે કોઈ વાદ-વિવાદ નથી. વાદ એ ઈઝમ-ismનો ગુજરાતી અનુવાદ છે. અંગ્રેજી અર્થચ્છાયા પણ પ્રતિબદ્ધતાની પરિચાયક છે. અનેકાન્ત દર્શન એ જીવન-વ્યવહાર-વર્તનની શૈલી છે, જૈન મતાનુસારી જીવનપદ્ધતિનું એક લક્ષણ છે.

આગમના સૂત્રો, મહાવીર અનુપ્રાણિત સાહિત્યનું અધ્યયન અને પંડિતો સાથેના વિમર્શમાંથી પ્રાપ્ત પરિચયને પ્રસ્તુત કરવાનું બન્યું, એ નિમિત્તે ધર્મલાભ રળવાનું બન્યું એની પ્રસન્નતા સાથે. ✱ ✱

તીર્થ, ૨૬૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.
મોબાઈલ : ૦૯૮૨૫૦૭૫૦૯૮.

## શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં અનેકાન્તવાદ (પાના ૩૧થી ચાલુ)

'નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય. (૧૩૧)
નિય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથે રહેલ. (૧૩૨)

અનેકાન્તવાદનું આવું સરળ, મનોરમ ચિત્રણ અન્યત્ર ક્યાં મળશે ?

**● ઉપાદાન અને નિમિત્ત : ચેતન અને જડ:**

જડ અને ચૈતન્યની ભિન્નતા દર્શાવી ચેતનની પ્રેરણાની મહત્તા દર્શાવતાં શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર નિરૂપે છે,

'હોય ન ચેતનપ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડ સ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ.' (૭૫)
'જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ.' (૭૫)

અગીં જડ-ચેતનના વિવેક ભણી આંગળી ચીંધી છે. તે જ રીતે નિમિત્ત અને ઉપાદાન બંનેનું પણ અનેકાંતિક સમાન મહત્ત્વ અને સ્થાન બતાવાયું છે આ ગાથામાં-

'ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.' (૧૩૬)

**●** વાણી-વિચારઃ અંતઃકરણ અને આચરણ :

मनस्य अन्यद् वचस्य अन्यद्, कार्य अन्य्' એવા વિપરીત મન-વાણી-વ્યવહાર ને અંતઃકરણ–આચાર ભિન્નતાભર્યા ઉપદેશકો–તથાકથિત ધાર્મિકજનોને ઢંઢોળતી આત્મસિદ્ધિની વાણીમાં પણ, ત્રિવિધ યોગોની એકતામાં પણ, અનેકાંતવાદ જ નથી ભર્યો ? ઊદા.

'મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.' (૧૩૭)

આમ આત્માની સમગ્ર સિદ્ધિ કરનારા આ પરમશ્રુતની અપૂર્વ વાણીમાં, જૈનદર્શનનો અનેકાંતવાદ સજગ સંશોધકોને સર્વત્ર પ્રાપ્ત થયા વિના રહેશે નહીં.

વસ્તુનું વસ્તુસ્વરૂપ યથાતથ્ય, જેમ છે તેમ અને અનેક નય-નિક્ષેપો સહ સમગ્રતામાં (In Totality), સંતુલન અને સમન્વયપૂર્વક અહીં જે દર્શાવાયું છે તે સાધકને **શ્રી જિનકથિત મોક્ષમાર્ગે** આરુઢ કરાવનારું છે. **આ વસ્તુસ્વરૂપ દર્શનમાં અનેકાંતવાદ સુસ્પષ્ટ થયો છે.** જિનવાણીને, જિન-દર્શન, જૈન દર્શનને, પચ્ચીસસો વર્ષ પૂર્વેના રૂપે પ્રતિધ્વનિત કરતા આ આત્મસિદ્ધિ શાસ્ત્રની કેટકેટલી અનુમોદના, અભિવંદના, સ્તવના, આરાધના કરીએ ? તેમાંની જ 'અનંત અનંત ભાવભેદો ભરી' અનેકાંતિક શૈલીની કેટલી ભજના કરીએ ? શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના રચયિતાની આ જિનેશ્વરવાણીનો મહિમા જાણે આ આત્મસિદ્ધિ નિહિત અનેકાંતિક વાણીને પણ લાગુ પડે છે:

'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે, અનંત અનંત...'

આ મહિમામયી અનંત-વાણીને, તેના ઉદ્ગાતાને અભ્યંતરાઃ નમસ્કાર કરીને, આ વાણીના માધ્યમ દ્વારા, આપણે પણ એના આદિ મહાઘોષક મહાવીર પ્રભુના શ્રીચરણે પહોંચી જઈએ એ દિવ્ય સમવસરણમાં અને શ્રવણ કરી ધન્ય થઈએ–ગણધરવાદની એ પરમ પ્રબોધક, સ્વપર-પ્રકાશક જિનવાણી.

'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત!'

।। ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।। ✱ ✱ ✱

૧૫૮૦, કુમારસ્વામી લૅઆઉટ, બેંગલોર–૫૬૦ ૦૭૮.
મોબાઈલ : ૦૯૬૧૧૨૩૧૫૮૦.
Email ID pratapkumartolia@gmail.com

# જીવનના વ્યવહારમાં અતિશય ઉપયોગી અનેકાન્તવાદ...સ્યાદ્વાદ... અને નયવાદ

☐ પંન્યાસ ડૉ. અરૂણવિજય મ.

*[ આચાર્ય શ્રી પ્રેમસૂરિ મહારાજના ભાઈ આચાર્ય શ્રી સુબોધસૂરિ મહારાજના શિષ્ય શ્રી અરુણવિજયજીએ 'ઈશ્વર સૃષ્ટિના કર્તા છે કે નહીં?' જેવા તત્ત્વજ્ઞાનના ગહન વિષય પર પીએચ.ડી. કર્યું છે. આ વિષય પરના તેમના બે પુસ્તકો ઉપરાંત અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનની સરળ ચર્ચા કરતા તેમના બીજા ગ્રંથો વાચકની જ્ઞાનતૃષાને સંતોષે છે. પ્રસ્તુત લેખમાં અનેકાન્તવાદ, સ્યાદ્વાદ અને નયવાદની તાત્ત્વિક ભૂમિકા સમજાવતાં તેમણે વ્યવહારિક સ્પષ્ટતાઓ આપી છે. ]*

સંપૂર્ણ જૈન ધર્મની જ્ઞાનગંગાની મૂળ ગંગોત્રી એક માત્ર તીર્થંકર ભગવંતો જ છે. તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી કેવળજ્ઞાન કલ્યાણકની ઉજવણી કરવા દેવતાઓ આવીને સમવસરણની રચના કરે છે. સર્વજ્ઞપ્રભુ આવા Congrigation Place – સમવસરણમાં દેશના આપે છે. અર્થથી તત્ત્વની અપાતી દેશના શ્રવણ કરીને ગણધર ભગવંતો સૂત્રબદ્ધ રચના કરે છે. તે જ કાળાન્તરે આગમ શાસ્ત્ર સ્વરૂપે પ્રસિદ્ધિ પામે છે.

સર્વજ્ઞ પ્રભુનું કેવળજ્ઞાન–કેવળદર્શન સર્વવ્યાપી હોય છે. અહીંયા સર્વ શબ્દને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવાદિ નિક્ષેપાઓની સાથે જોડીને જોઈએ તો સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ, સર્વભાવ, સર્વભવાદિ અર્થમાં વ્યાપક જ્ઞાન-દર્શન થાય છે. આ રીતે સર્વ નિક્ષેપાઓથી વિચારીએ.

**૧. સર્વદ્રવ્ય** — સર્વ શબ્દ સમસ્ત-સંપૂર્ણવાચી છે, સંખ્યાવાચી પણ છે. પ્રમાણ-માપવાચી પણ છે. સમસ્ત દ્રવ્યોને અને તેમના સર્વાંગીણ સંપૂર્ણ સ્વરૂપને સર્વજ્ઞ કેવલી પોતાના અનન્તદર્શન વડે આત્મપ્રત્યક્ષથી જુએ છે અને અનન્તજ્ઞાન વડે જાણે છે. એવા સર્વ દ્રવ્યો જે અસ્તિત્વ ધરાવે છે, તે માત્ર પાંચ જ છે. અસ્તિકાયાત્મક અસ્તિત્વ ધરાવતા હોવાથી સંખ્યાવાચી પાંચ શબ્દ સાથે જોડીને પંચાસ્તિકાય તેવી સંખ્યા અપાઈ છે.

**પંચાસ્તિકાયાત્મક પાંચ દ્રવ્યો**

૧. જીવાસ્તિકાય ૨. ધર્માસ્તિકાય ૩. અધર્માસ્તિકાય ૪. આકાશાસ્તિકાય ૫. પુદ્ગલાસ્તિકાય



આ પંચાસ્તિકાયાત્મક પાંચેય પદાર્થોના સમ્મિલિત–સમૂહાત્મક સંયુક્ત સ્વરૂપને જ જગત્–વિશ્વ એવી સંજ્ઞા આપવામાં આવી છે. આ રીતે આખું બ્રહ્માંડ–જગત એ બીજું કંઈ જ નથી પરંતુ માત્ર અસ્તિત્વ ધરાવતા એવા અસ્તિકાયાત્મક પાંચ પદાર્થોનું સમૂહાત્મક સ્વરૂપ જ છે. અસ્તિત્વ જ ત્રિકાળ નિત્ય–શાશ્વત સ્વરૂપે છે. શાશ્વતનો અર્થ જ છે અનાદિથી અસ્તિત્વ ધરાવે છે અને અનન્ત કાળ સુધી એકધારૂં અસ્તિત્વ ટકી રહે છે. માટે જ આ સર્વ પદાર્થો અનુત્પન્ન– અવિનાશી કક્ષાના છે. જે ક્યારેય ઉત્પન્ન જ ન થાય, બની જ ન શકે તેને અનુત્પન્ન કહેવાય અને જેનો ક્યારેય નાશ–અન્ત જ ન થાય તેને અવિનાશી કહેવાય. આવા જ પદાર્થો ત્રિકાળ-નિત્ય-ત્રૈકાલિક શાશ્વત હોય છે.

આવા નિયમની કસોટી ઉપર અસ્તિકાયાત્મક – પાંચેય પંચાસ્તિકાયોના પદાર્થોને ચકાસવામાં આવે તો તે બધા આવા જ પદાર્થો છે. આ સિદ્ધાન્તાનુસાર આખું સંપૂર્ણ જગત–વિશ્વ ત્રિકાળ નિત્ય શાશ્વત જ છે. મૂળમાં પદાર્થો જ જ્યારે ઉત્પન્ન થવાના સ્વભાવવાળા જ નથી તો પછી તેમના સંમિશ્રણની સંમ્મિલિત કક્ષાવાળા વિશ્વની ઉત્પત્તિ માનવી તે પણ અસ્થાને છે. પદાર્થો જ મૂળમાં ઉત્પત્તિશીલ-ઉત્પન્ન થવાના સ્વભાવવાળા જ નથી તેથી આ પંચાસ્તિકાયાત્મક જગત–વિશ્વ પણ સોત્પન્ન કક્ષાનું નથી. અને જે જે ઉત્પત્તિશીલ જ નથી તે તે વિનાશી પણ નથી. અનુત્પન્ન પદાર્થો અને તેની સંમ્મિલિત અવસ્થાવાળું વિશ્વ પણ અવિનાશી જ છે. જે જે અનુત્પન્ન–અવિનાશીની કક્ષાવાળું હોય તે તે ત્રિકાલનિત્ય–ત્રૈકાલિક શાશ્વત જ હોય છે. માટે આ સમગ્ર બ્રહ્માણ્ડરૂપ જગત ક્યારેય નષ્ટ થવાનું જ નથી.

માટે આવા બ્રહ્માણ્ડરૂપ સંપૂર્ણ વિશ્વને ઉત્પન્ન–નિર્માણ કરનારાને સર્જક અને તેનો પ્રલય કરનારાને વિસર્જક–પ્રલયકર્તાદિ રૂપે માનવા અને તેને સૃષ્ટિના સર્જનહાર–વિસર્જનહારની ઉપમાઓથી નવાજીને ઈશ્વર–પરમેશ્વરના બિરૂદથી સંબોધીને સદા તેની તેવા જ સ્વરૂપે સ્તુતિ–સ્તવના કરતા રહેવાની પ્રવૃત્તિ સર્વથા મિથ્યા છે.

**ગુણ-પર્યાયાત્મક પદાર્થ સ્વરૂપ**

સંસારના પંચાસ્તિકાયાત્મક પાંચેય પદાર્થો મૂળમાં ગુણ–પર્યાયાત્મ દ્રવ્યો છે. ગુણ– પર્યાયાવદ્ દ્રવ્યનું તત્ત્વાર્થનું સૂત્ર આ સ્વરૂપને સ્પષ્ટ કરે છે. એક પણ દ્રવ્ય ગુણ વગરનો નથી, હોઈ જ ન

શકે. એવી જ રીતે પર્યાય વગરના પણ નથી. ૧. આકાશ દ્રવ્ય અવકાશ પ્રદાન ગુણવાળો છે. ૨. ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિસહાયક ગુણવાળો, ૩. અધર્માસ્તિકાય દ્રવ્ય સ્થિતિ સહાયક, ૪. પુદ્ગલ દ્રવ્ય વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ગુણવાળો અને ૫. જીવાસ્તિકાય દ્રવ્ય જ્ઞાન-દર્શનચારિત્ર-તપ-વીર્ય-ઉપયોગાદિ ગુણવાળો દ્રવ્ય છે. આવી રીતે બધા જ દ્રવ્યો પોતપોતાના ગુણોવાળા છે. ગુણરહિત એક પણ નથી. અને એક દ્રવ્યના ગુણોને બીજા દ્રવ્યમાં સંક્રમિત થતા નથી. સ્વદ્રવ્યને છોડીને ગુણો પર(અન્ય)દ્રવ્યમાં જતા નથી. તેથી દ્રવ્ય પરગુણરૂપે રહેતું નથી. ગુણો ભેદક છે. એકથી બીજાને જુદા પાડવાવાળા છે. ગુણો વડે જ તે તે દ્રવ્યનું મૂળ સ્વરૂપ ઓળખાય છે. દ્રવ્યાનુયોગના આવા પાયાભૂત સિદ્ધાન્તોનું જ્ઞાન ખૂબ જ અગત્યનું–અનિવાર્ય છે.

**પર્યાય સ્વરૂપ :**



પર્યાય–આકાર-પ્રકાર સ્વરૂપે છે. પ્રત્યેક દ્રવ્યની પોતાની પર્યાયો છે. આત્મા–આકાશાદિ અમૂર્ત દ્રવ્યો છે. જ્યારે એકમાત્ર પુદ્ગલજ મૂર્ત દ્રવ્ય છે. આકાશ અનન્ત છે. અમાપ



છે અને અસીમ છે. જ્યારે ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય બન્ને દ્રવ્યોની પર્યાય વિષ્કંભાકાર– ચતુર્દશ રજવાત્મક લોકપુરુષાકાર છે. આવી એમની પર્યાય છે. બન્ને દ્રવ્યો અમૂર્ત છે. અરૂપી–અદૃશ્ય છે. અને આ બન્ને દ્રવ્યો સર્વાંશે સમાન્તર છે. સમાન સ્વરૂપે છે. માપ–પ્રમાણ તેમજ આકાર– પ્રકારાત્મક પર્યાયરૂપે પણ સમાન છે. એક સરખા જ છે. સમક્ષેત્રી છે. માત્ર ગુણ ભેદે જ ભિન્ન છે. ગતિસહાયક ગુણ વડે જ ધર્માસ્તિકાય સ્વથી ભિન્ન પર એવા અધર્માસ્તિકાય દ્રવ્યથી સર્વથા ભિન્ન છે. એવી જ રીતે અધર્માસ્તિકાય દ્રવ્ય સ્થિતિસહાયક એવા સ્વગુણ વડે પર દ્રવ્ય સ્વરૂપ ધર્માસ્તિકાય આદિથી સર્વથા ભિન્ન સ્વતંત્ર છે.

**જીવાત્મા અને પુદ્ગલ દ્રવ્ય :**

પંચાસ્તિકાયાત્મક પાંચેય પદાર્થોમાં એક માત્ર જીવાત્મદ્રવ્ય અને પુદ્ગલ આ બન્ને દ્રવ્યો જ પરસ્પરે મળે છે અને છુટા પડે છે. સંયોગ-વિયોગ થતા જ રહે છે. પુદ્ગલ દ્રવ્યના પરમાણુઓ ગ્રહણ કરીને તેને દેહ બનાવીને તેમાં દેહાકાર પર્યાય ધારણ કરીને જીવાત્મા પોતાના આયુષ્ય કર્મની કાળાવધિ સુધી રહે છે. તે સમાપ્ત થતા તે પુગલાત્મક દેહ છોડીને જીવાત્મા જાય છે અને સ્વકર્માનુસાર બીજો દેહ બનાવીને તેમાં રહે છે–તે ધારણ કરે છે. જે વખતે જેવો દેહ ધારણ કરીને રહે છે તે વખતે જીવાત્મા તેવી પર્યાયવાળા તરીકે ઓળખાય છે. તેવી નામદિની સંજ્ઞા વડે વ્યવહારમાં ઓળખાય છે. પદાર્થના મૂળ સ્વરૂપનું આ ભેદજ્ઞાન સાચા અર્થમાં સમજી લેવું જોઈએ. પુદ્ગલનો બનેલો દેહ અને તેમાં રહેતા ચેતન આત્માને તે દેહાકાર પર્યાયમાં રહેવાથી અભિન્ન–એક સ્વરૂપે માની લેવાની જે ભ્રાન્તિ-ભ્રમણા જીવ કરી લે છે... બસ આ અજ્ઞાન દશા જ જીવને દુ:ખી કરી મૂકે છે. માટે જ બન્નેમાં ભેદબુદ્ધિ કરવાની વાત અધ્યાત્મ શાસ્ત્રે સમજાવી છે. અધ્યાત્મ શાસ્ત્ર વડે ભેદજ્ઞાન કરીને સ્વથી સર્વથા ભિન્ન પર એવા પુદ્ગલ દ્રવ્યને ઓળખી લેવામાં આવે અને તેના વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ગુણોમાં જીવાત્મા આકર્ષાય નહીં. મોહિત ન થાય તો જ જીવાત્માનું કલ્યાણ થાય તેમ છે. અન્યથા સંભવ જ નથી. પર એવા પુદ્ગલ દ્રવ્યમાં પોતાપણાની સ્વબુદ્ધિ કરી લઈને પોતાને દેહાકાર માની લઈને અભેદભાવે જીવો જે વ્યવહાર કરે છે તે વડે જ મિથ્યારૂપે દુ:ખી થાય છે.

જીવ-પુદ્ગલ દ્રવ્યોની સંયોગ-વિયોગરૂપે પર્યાયો બદલાતી જ રહે છે. બસ આ પ્રક્રિયા જ ઉત્પાદ-વ્યયરૂપે ઓળખાય છે. જો બન્નેમાંથી એક પણ દ્રવ્યના ગુણો એક-બીજામાં જતા નથી. એ પ્રમાણે ચેતન જીવાત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણો સ્વદ્રવ્ય આત્માને છોડીને પરદ્રવ્ય પુદ્ગલમાં જતા જ નથી. પુદ્ગલરૂપે થતા જ નથી. દ્રવ્યનું પરદ્રવ્યરૂપે પરિવર્તન કે પરિણમન થતું જ નથી. એવી જ રીતે ગુણોનું પણ પરદ્રવ્યના ગુણરૂપે પરિવર્તન કે પરિણમન સંભવ જ નથી. પરંતુ આ જીવ–પુદ્ગલ બન્ને દ્રવ્યોની સંમ્મિલિત અવસ્થામાં જે અભેદ બુદ્ધિ જીવાત્મામાં આવી જાય છે તે તેની અજ્ઞાનદશાના કારણે છે. પરંતુ જીવ જો તેને જ સાચું માની લે તો આ ભ્રાન્તિ જ મિથ્યાત્વ છે. આવી મિથ્યા-ભ્રાન્ત ધારણા–માન્યતામાંથી બહાર નીકળવા જીવે મથવું જોઈએ. અને તે માટે સર્વજ્ઞવચન ને સારી રીતે સમજી વિચારી ને સાચું સમ્યગ્જ્ઞાન મેળવવું જોઈએ અને સમ્યગ્દર્શન તરફ વળવું જોઈએ.

**અનેકાન્તવાદ-સ્યાદ્વાદ-નયવાદનું ઉદ્ગમ :**

આ ત્રણેય વાદોનો મૂળ આધાર પદાર્થ સ્વરૂપ છે. પદાર્થો પોતાના મૂળભૂત દ્રવ્ય સ્વરૂપે ત્રિકાળ નિત્ય શાશ્વત છે. જ્યારે ગુણ-પર્યાય સ્વરૂપે ઉત્પાદ-વ્યયાત્મક સ્થિતિવાળા છે. પદાર્થોના મૂળભૂત સ્વરૂપના આધારે જ સંપૂર્ણ જોવું-જાણવું-અનેક સ્વરૂપે તેની જાણી-જોઈને વિચારવું, તેનું સ્વરૂપ બીજાને જણાવવા કહેવું અને દૃષ્ટિ વિશેષથી આંશિક રૂપે કહેવું આદિ વ્યવહારોના કારણે અનેકાન્તવાદ, સ્યાદ્વાદ, નયવાદ આદિ ત્રણેય વાદો–વ્યવહારમાં આવે છે. અનેકાન્તવાદ વધારે ચિંતન–મનનના સ્તરનું છે. જેમાં પદાર્થોના દ્રવ્ય સ્વરૂપને ધ્રુવ–નિત્ય સ્વરૂપે, ગુણ-પર્યાયના ઉત્પાદ-વ્યયાત્મક પરિવર્તનશીલ સ્વરૂપને જાણવા-સમજવા-વિચારવાનું હોય છે. જ્યારે સ્યાદ્વાદ ભાષા વ્યવહાર વડે તેને બીજાને જણાવવા કહેવા માટે ઉપયોગી બને છે. એનાથી પણ વધારે કોઈ ખાસ દૃષ્ટિ વિશેષ વડે તેના આંશિક સ્વરૂપને કહેવા–બોલવાદિ વ્યવહાર માટે નયવાદની ભાષા પદ્ધતિ વપરાય છે. આ રીતે આ ત્રણેય વાદો પોતપોતાના સ્વરૂપે વ્યવહારમાં છે. પરંતુ તે ત્રણેયનું મૂળ ઉદ્ગમ પદાર્થજ્ઞાન ઉપર આશ્રિત–આધારિત છે. જો પદાર્થ જ્ઞાનનો પાયો સુવ્યવસ્થિત મજબૂત નહીં હોય તો તેને વિચારવા-કહેવાની-બોલવાની ભાષા પદ્ધતિમાં પણ ભૂલો થવાની સંભાવના ઘણી વધારે રહેવાની. મૂળ પાયામાં જૈન સિદ્ધાન્તાનુસાર પદાર્થોનું સ્વરૂપ જ ત્રિપદીમય–ત્રિપદાત્મક જ છે – 'उत्पाद-व्यय-ध्रौव्यात्मकं सत्' – તત્ત્વાર્થાધિકારે પૂ. વાચકમુખ્યજી ઉમાસ્વાતિ મહારાજ જેમણે જિનાગમોના દોહનરૂપે આવી સૂત્ર રચના કરીને પદાર્થ સ્વરૂપ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે ગુણ-પર્યાયવાળું દ્રવ્ય-ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપે છે. પદાર્થ-દ્રવ્ય માત્ર ગુણ-પર્યાયવાળું જ છે. ગુણ-પર્યાય વગરનું એક પણ દ્રવ્ય જ નથી. દ્રવ્યને છોડીને ગુણો ક્યાંય અન્યત્ર રહી શકે તેમ જ નથી. અને એવી જ રીતે ગુણો વિના દ્રવ્ય રહી શકે જ નહીં. એવી જ રીતે પર્યાયની બાબતમાં પણ સમજવું જરૂરી છે. આવા ગુણ-પર્યાયવાળા પંચાસ્તિકાયાત્મક પાંચેય પદાર્થો જે દ્રવ્ય સ્વરૂપે ધ્રુવ-ત્રિકાળ નિત્ય જ છે અને નિત્ય શાશ્વત હોવા છતાં પણ તેમના ગુણો અને પર્યાયો ઉત્પન્ન-નષ્ટ થવાવાળા હોવાથી પરિવર્તનશીલ સ્વભાવે છે. ઉત્પાદ-વ્યય થવાના કારણે ગુણો પણ બદલાય છે અને પર્યાયો પણ બદલાય છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે ઉત્પાદ-વ્યય થવા છતાં પણ મૂળ દ્રવ્ય સ્વરૂપ જે સર્વથા અવિનાશી નિત્ય જ રહે છે. આવું પેચીદું પદાર્થ સ્વરૂપ જેમને પણ સ્પષ્ટ થતું નથી તેઓ સ્યાદ્વાદ–નયયાદની ભાષા પદ્ધતિ પણ સમજી શકતા નથી.

**સ્યાદ્વાદ–નયવાદની ભાષા પદ્ધતિ :**

૧. સંપૂર્ણ સત્ય--------- પ્રમાણ------ ૨. આંશિક સત્ય

સપ્તભંગી પ્રમાણે ……… સપ્ત નય પ્રમાણે

સર્વજ્ઞ–સર્વદર્શી ભગવંતે પોતાના અનન્તદર્શનમાં જોયા પ્રમાણે...અને અનન્તજ્ઞાનમાં જાણ્યા પ્રમાણે...જે રીતે સંપૂર્ણ સત્ય ને સ્યાદ્વાદની ભાષા પદ્ધતિથી જગત સમક્ષ જણાવ્યું છે તેમાં તે તે દ્રવ્યના એક-એક ગુણ-ધર્મને સ્યાદ્ શબ્દ જોડીને એક-એક વાક્યનું કથન કરતા સાત જ ભાંગા થાય છે. સ્વ અને પર એમ બન્ને અપેક્ષાથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની એપેક્ષાએ સાત-સાત ભાંગા થાય છે. એક વધારે એટલે આઠ પણ નહીં, અને એક ઓછું એમ છ પણ ભાંગા નથી થતા. થઈ થઈને ફક્ત સાત જ ભાંગા થાય છે. આ ભાંગા એટલે વાક્ય કથન. સ્વદ્રવ્ય જે લીધું હોય તેની પોતાની દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ એક ગુણ ધર્મની અપેક્ષા વિચારવી અને એવી જ રીતે સ્વ થી ભિન્ન પરની એવી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની બધી અપેક્ષાથી એક-એક-ગુણ-ધર્મ વિષે કથન કરવા જતા-અર્થાત્ કહેવા જતા સાત-સાત ભાંગા જ થાય છે. માટે સપ્તભંગી એવી સંજ્ઞા અપાઈ છે. ગણિતીય નિયમ પ્રમાણે દ્વિસંયોગી અસ્તિ-નાસ્તિ અને અવક્તવ્ય સંબંધી સાત જ ભાંગા થાય છે. ઓછા-વધારે થઈ જ ન શકે. તે આ પ્રમાણે-

૧. स्यादस्ति आत्मा–કથંચિદ્ આત્મા છે. અર્થાત્ સ્વ દ્રવ્ય, ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ આત્મા છે.

૨.स्यान्नास्ति आत्मा–પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ આત્મા નથી. સ્વ થી આત્મ દ્રવ્ય પોતે. તે વખતે-તે કાળે તે દેહ ક્ષેત્રમાં જ્ઞાન-દર્શનાદિનો વ્યવહાર કરતો આત્મા છે. પરંતુ જે વખતે સ્વ આત્મ દ્રવ્યથી છે તે જ વખતે સ્વ થી ભિન્ન પર એવા જડ પુદ્ગલ દ્રવ્યરૂપે તે આત્મા નથી. અર્થાત્ જડ શરીર એ આત્મા નથી. દ્રવ્યથી પણ નથી. ક્ષેત્રથી તે શરીર આત્મા નથી. કાળથી તે વખતે પણ નથી અને ભાવથી તે જ્ઞાન-દર્શનાદિ વ્યવહર્તા પણ નથી.

૩. स्वादास्तिनास्ति च आत्मा–પ્રથમ બન્ને ભંગ ભેગા કરતા સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા હોવા છતાં તે જ વખતે પર દ્રવ્યાદિ સ્વરૂપે તે નથી.

૪. स्वादवक्तव्य–એક પણ શબ્દ એવો નથી કે જેના વડે હોવા છતાં નથી તે વ્યક્ત કરી શકે. માટે અવક્તવ્ય છે.

૫. स्यादास्ति च अव्यक्तव्यमात्मा–બન્ને અસ્તિ-નાસ્તિની સંમ્મિલિત અવસ્થામાં હોવા છતાં કહી શકાતું નથી.

૬. स्यान्नास्ति च अवक्तव्यमात्मा બન્ને અસ્તિ-નાસ્તિની સંમ્મિલિત અવસ્થામાં એકલું નથી એમ પણ કહી શકાય નહીં.

૭. स्यादास्ति-नास्ति च अवक्तव्योऽयंमात्मा-અસ્તિ-નાસ્તિપણું બન્ને અવસ્થાને એકી સાથે એક શબ્દથી વાચ્ય કરી શકાતું નથી.

આ રીતે સાતેય ભાંગાઓ વડે એક ધર્મ 'અસ્તિ'–હોવાપણાની અપેક્ષા લઈને તે દૃષ્ટિએ કથન કરતા તેની જ વિપરીત ન હોવાપણાની દૃષ્ટિ(અપેક્ષા)થી એમ ઉભય રીતે વિચારણા કરવાથી એક દ્રવ્યના

સર્વાંગીણ સ્વરૂપની એક ધર્મ 'અસ્તિ'ની વિવક્ષા થાય છે. એવી એક-એક ધર્મની અપેક્ષાથી તેના વિરોધી ધર્મની અપેક્ષાથી વાદ કથન થાય છે. તેથી વધુ સ્પષ્ટ થાય છે. આવી રીતે દ્રવ્યગત અનેક ધર્મો છે. બધા ધર્મોની અપેક્ષાથી વિવક્ષા કરીને એક દ્રવ્ય સંબંધી વાદ-કથન કરતા પરને બોધ કરાવી શકાય છે. એક દ્રવ્ય વિષે પ્રરૂપણા કરી શકાય છે. તો જ એક-એક દ્રવ્ય વિષેનું સંપૂર્ણ જ્ઞાન થઈ શકે. અસ્તિથી હોવાપણું, અને નાસ્તિથી ન હોવાપણું એમ પરસ્પર વિરૂદ્ધ ગુણધર્મો બંને વિવક્ષાથી કથન કરાય છે. માટે એક એક પદાર્થ વિષેનો બોધ સ્પષ્ટ થાય છે. પછી શંકા ને અવકાશ રહેતો જ નથી. આ રીતે સ્યાદ્વાદની ભાષા પદ્ધતિ પરિપૂર્ણ સંપૂર્ણ સત્ય શોધક છે. સ્યાદ્ શબ્દ કથંચિત અર્થમાં હોઈને બીજા ભંગની અપેક્ષા દર્શાવે છે. તેથી જ સ્વ અપેક્ષાથી વિવશ કરવા છતાં તે જ વખતે પર દ્રવ્યાદિની અપેક્ષાને પણ પહેલાથી જ અભિપ્રેત કરે છે. આ રીતે સ્પષ્ટ થાય છે કે સ્યાદ્વાદ એ સંશયવાદ નથી. પરંતુ તે સત્ય શોધકવાદ છે. એક દ્રવ્યના એક-ગુણ-ધર્મની વિવક્ષા કરીને તે જ વખતે તેના પરસ્પર વિરોધી ગુણ-ધર્મની પર રૂપે અપેક્ષા કરીને વાદ-કથન કરવાની-કહેવાની ભાષા પદ્ધતિમાં કંઈ જ સંશય ન રહેતા તે અધૂરી પણ નથી તેમજ શંકાસ્પદ, સંશયાત્મક પણ નથી. આ રીતે મૂળમાં જ પદાર્થ સ્વરૂપ અને સ્યાદ્વાદની પદ્ધતિ ન સમજી શકનારા પૂર્વગ્રહગ્રસ્ત એવા કહેવાતા આદ્ય શંકરાચાર્ય અને તેમના અનુયાયી એવા રાધાકૃષ્ણન જેવા પણ સ્યાદ્વાદને સંશયવાદ કહીને પોતાની અજ્ઞાનતા વ્યક્ત કરે છે. સર્વજ્ઞ ભગવંતોએ પ્રરૂપેલા મૂળભૂત પદાર્થ સ્વરૂપને દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની ત્રિપદી સ્વરૂપે જાણી સમજીને એક એક ગુણ-ધર્મની અપેક્ષાએ એક-એક સપ્તભંગીથી અનેકાન્ત રૂપે વિચારતા અને સ્યાદ્વાદની ભાષા પદ્ધતિથી જણાવતા પ્રમાણ રૂપ-પ્રામાણિક વ્યવહાર થાય છે.

**નયવાદ :**

જેઓ અપેક્ષા સહિત–સાપેક્ષ સ્વરૂપે પદાર્થગત ગુણધર્મોને કથન નથી કરતા. નિરપેક્ષભાવે એક અંશવિશેષ્યનું આંશિક કથન કરવાની ભાષા પદ્ધતિ એ નયવાદ છે. 'वक्तुरभिप्राय विशेष्यो नय:' કહેનાર વક્તાનો એક અભિપ્રાય વિશેષ્ય કહેવાય છે. કહેનાર વક્તા બીજા કોઈએ અથવા બીજો નય શું કરે છે તેની દરકાર ન કરતા, તેની અપેક્ષા ન સમજતા પોતાને એક દૃષ્ટિકોણથી જે કહેવાનું છે તે જ કહે છે માટે નયો નિરપેક્ષ છે. જ્યારે સ્યાદ્વાદ સાપેક્ષ છે. ૧. નૈગમ, ૨. સંગ્રહ, ૩. વ્યવહાર ૪. ઋજુ સૂત્ર, ૫. શબ્દનય, ૬. સમભિરૂઢ અને ૭. એવંભૂત. આ સાત મુખ્ય નયો છે. ફક્ત ગચ્છતિ ઇતિ ગૌ–ચાલતી-જતી હોય તો ગાય કહેવી પરંતુ બેઠી કે ખાતી-પીતી હોય તો ગાય ન કહેવી. એવી દૃષ્ટિવાળા અલગ-અલગ નયો છે. એક નય એક જ દૃષ્ટિથી બોલે છે. તે સાપેક્ષભાવે બીજાની અપેક્ષાનો વિચાર સુદ્ધા કરવા તૈયાર નથી. માટે નયવાદ અપ્રમાણિક છે. એક નયથી એક પણ પદાર્થ દ્રવ્યનું સર્વાંગીણ-સંપૂર્ણ સત્ય સ્વરૂપ જાણી શકાય નહીં. સમજી શકાય નહીં. જ્યારે સર્વ ભાંગાઓની અપેક્ષાનો સામટો વિચાર કરીને કથન કરવાથી (વાદ) સ્યાદ્વાદ એ ભાષા કથનની પ્રમાણિક પ્રક્રિયા છે. એના વડે પદાર્થ-દ્રવ્યના એક-એક ગુણ ધર્મનો સાચો બોધ થાય છે. એમ કરતાં જો પદાર્થના બધા જ ગુણ-ધર્મનો સાત-સાત ભંગો વડે સાચું સ્વરૂપ સમજવામાં આવે તો પદાર્થનું સર્વાંગીણ-સંપૂર્ણ સ્વરૂપ જાણી શકાય.

સંસારના રોજીંદા વ્યવહારમાં નયવાદ જ મોટા પ્રમાણમાં લોકો વાપરે છે. સ્યાદ્વાદની ભાષા પદ્ધતિ સમજનારા–બોલનારા આદિ તો વિરલા છે. નયવાદની ભાષામાં આશય જ જો ન સમજાય, અને બીજા નયને પણ શું કહેવું છે તે પણ જો ન સમજાય તો કલેશ-કષાય અને કલહનું પ્રમાણ વધે. આ સમજીને સૌએ નયોનો આશય સમજવો તેમજ સ્યાદ્વાદ તરફ વળવું હિતાવહ છે. ✷ ✷ ✷

મોબાઈલ : ૦૮૧૦૮૩૯૬૭૩.

## આત્માના 'ષડ્રિપુ'

જૈન દર્શનકારોએ, આત્માના 'ષડ્રિપુ' નામથી ઓળખાતા છ શત્રુઓ બતાવ્યા છે. એ આત્મશત્રુઓના નામ છેઃ 'કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. આધ્યાત્મિક વિકાસમાં અડચણ કરનારા આ છ દુશ્મનો, ભૌતિક વિકાસમાં પણ એવા જ અને એટલા જ અડચણકર્તા છે. આ વાત બરાબર યાદ રાખવા જેવી છે. એ બહુ મોટા અવગુણો છે. વ્યવસ્થિત જીવનના વિકાસમાં આ અવગુણો બાધક તત્ત્વો `Blocking elements' છે. 'અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ' એ પાંચ મિત્રોની સહાયતા લઈને આ છ શત્રુઓનો પરાભવ કરવા માટે રણે ચડવું એ પ્રત્યેક વિવેકપૂર્ણ મનુષ્યનો પ્રાથમિક પુરુષાર્થ છે. આ વાતને ઉંચી મૂકીનેજીવન જીવવાનો માર્ગ નક્કી થાય જ નહિ. એને લક્ષ્યમાં રાખીને આપણે જે જીવન જીવીએ, એ 'વિશુદ્ધ આમોદપ્રમોદકારક નંદનવન છે.' એને બાદ કરીને ચાલીએ તો જીવન એક ઝંઝટ છે, મહાઝંઝટ છે.

એ મહાઝંઝટમાંથી છૂટવા માટે સ્યાદ્વાદ શ્રુતધારક અનેકાન્તવાદના અદ્ભુત તત્ત્વવિજ્ઞાનનો આશ્રય લેવાની અનિવાર્ય આવશ્યકતા રહે જ છે.

# અનેકાન્તવાદ સિદ્ધાંત ઔર વ્યવહાર

❑ ડૉ. સાગરમલ જૈન

*[ જૈન દર્શનના અતિ વિદ્વાન તેજસ્વી શ્રી સાગરમલજી જૈન પાર્શ્વનાથ શોધ સંસ્થાન, બનારસના પૂર્વ ડાયરેક્ટર છે. તેમના સૌથી વધુ પુસ્તકો, શોધ-નિબંધો, લેખો વગેરે પ્રકાશિત થયા છે. વર્તમાનમાં તેમણે પોતે સ્થાપિત કરેલ સંસ્થા 'પ્રાચ્ય વિદ્યાપીઠ', શાજાપુર (મધ્યપ્રદેશ)માં કાર્યરત છે. પ્રસ્તુત અંકમાં તેમનો અનેકાંતવાદના વિકાસનો ઇતિહાસ અંગેનો લેખ પ્રગટ કરેલ છે. તેમના લેખમાં સંશોધન દૃષ્ટિની નિપુણતા જોવા મળે છે. ]*

દર્શન કા જન્મ માનવીય જિજ્ઞાસા સે હોતા હૈ. ઈસા પૂર્વ છઠી શતી મેં મનુષ્ય કી વહ જિજ્ઞાસા પર્યાપ્ત રૂપ સે પ્રૌઢ હો ચુકી થી. અનેક વિચારક વિશ્વ કે રહસ્યોદ્‌ઘાટન કે લિએ પ્રયત્નશીલ થે. ઇન જિજ્ઞાસુ ચિન્તકોં કે સામને અનેક સમસ્યાએં થીં, જૈસે-ઇસ દૃશ્યમાન વિશ્વ કી ઉત્પત્તિ કૈસે હુઈ, ઇસકા મૂલ કારણ ક્યા હૈ? વહ મૂલ કારણ યા પરમતત્ત્વ જડ હૈ યા ચેતન? પુનઃ યહ જગત્ સત્ સે ઉત્પન્ન હુઆ હૈ યા અસત્ સે? યદિ યહ સંસાર સત્ સે ઉત્પન્ન હુઆ તો વહ સત્ યા મૂલ તત્ત્વ એક હૈ યા અનેક. યદિ વહ એક હૈ તો વહ પુરુષ (બ્રહ્મ) હૈ યા પુરુષેતર (જડતત્ત્વ) હૈ. યદિ પુરુષેતર હૈ તો વહ જલ, વાયુ, અગ્નિ, આકાશ આદિ મેં સે ક્યા હૈ? પુનઃ યદિ વહ અનેક હૈ તો વે અનેક તત્ત્વ કૌન સે હૈં? પુનઃ યદિ યહ સંસાર સૃષ્ટ હૈ તો વહ સ્રષ્ટા કૌન હૈ? ઉસને જગત્ કી સૃષ્ટિ ક્યોં કી ઔર કિસસે કી? ઇસકે વિપરીત યદિ યહ અસૃષ્ટ હૈ તો ક્યા અનાદિ હૈ? પુનઃ યદિ યહ અનાદિ હૈ તો ઇસમેં હોન વાલે ઉત્પાદ, વ્યય રૂપી પરિવર્તનોં કી ક્યા વ્યાખ્યા હૈ, આદિ. ઇસ પ્રકાર કે અનેક પ્રશ્ન માનવ મસ્તિષ્ક મેં ઉઠ રહે થે. ચિન્તકોં ને અપને ચિન્તન એવં અનુભવ કે બલ પર ઇનકે અનેક પ્રકાર સે ઉત્તર દિયે. ચિન્તકોં યા દાર્શનિકો કે ઇન વિવિધ ઉત્તર યા સમાધાનોં કા કારણ દોહરા થા, એક ઔર વસ્તુતત્ત્વ યા સત્તા કી બહુઆયામિતા ઔર દૂસરી ઔર માનવીય બુદ્ધિ, ઐન્દ્રિક અનુભૂતિ એવં અભિવ્યક્તિ સામર્થ્ય કી સીમિતતા. ફલતઃ પ્રત્યેક ચિન્તક યા દાર્શનિક ને સત્તા કો અલગ-અલગ રૂપ મેં વ્યાખ્યાયિત કિયા.

**અનેકાન્તવાદ કે વિકાસ કા ઇતિહાસ**

ભારતીય સાહિત્ય મેં વેદ પ્રાચીનતમ હૈ. ઉનમેં ભી ઋગ્વેદ સર્વાધિક પ્રાચીન હૈ ઉસકે નાસદીયસૂક્ત (૧૦:૧૨:૨) મેં પરમતત્ત્વ કે સત્ યા અસત્ હોને કે સમ્બન્ધ મેં ન કેવલ જિજ્ઞાસા પ્રસ્તુત કી ગઈ, અપિતુ અન્ત મેં ઋષિ ને કહ દિયા કિ ઉસ પરસત્તા કો ન સત્ કહા જા સકતા હૈ ઔર ન અસત. ઇસ પ્રકાર સત્તા કી બહુઆયામિતા ઔર ઉસમેં અપેક્ષા ભેદ સે પરસ્પર વિરોધી ગુણ ધર્મો કી ઉપસ્થિતિ કી સ્વીકૃતિ વેદકાલ મેં ભી માન્ય રહી હૈ ઔર ઋષિયોં ને ઉસકે વિવિધ આયામોં કો જાનને-સમઝને ઔર અભિવ્યક્ત કરને કા પ્રયાસ ભી કિયા હૈ. માત્ર યહી નહીં ઋગ્વેદ (૧:૧૬૪:૪૬) મેં હી પરસ્પર વિરોધી માન્યતાઓં મેં નિહિત સાપેક્ષિક સત્યતા કો સ્વીકાર કરતે હુએ યહ ભી કહા ગયા હૈ–**એકં સદ્ વિપ્રાઃ બહુધા વદંતિ** – અર્થાત્ સત્ એક હૈ વિદ્વાન્ ઉસે અનેક દૃષ્ટિ સે વ્યાખ્યાયિત કરતે હૈં.

ઇસ પ્રકાર હમ દેખતે હૈં કિ અનેકાંતિક દૃષ્ટિ કા ઇતિહાસ અતિ પ્રાચીન હૈ. ન કેવલ વેદોં મેં અપિતુ ઉપનિષદોં મેં ભી ઇસ અનેકાંતિક દૃષ્ટિ ઉલ્લેખ કે અનેકોં સંકેત ઉપલબ્ધ હૈ. ઉપનિષદોં મેં અનેક સ્થલોં પર પરમસત્તા કે બહુઆયામી હોને ઔર ઉસમેં પરસ્પર વિરોધી કહે જાને વાલે ગુણધર્મો કી ઉપસ્થિતિ કે સંદર્ભ મિલતે હૈં. જબ હમ ઉપનિષદોં મેં અનૈકાન્તિકદૃષ્ટિ કે સન્દર્ભો કી ખોજ કરતે હૈં તો ઉનમેં હમેં નિમ્ન તીન પ્રકાર કે દૃષ્ટિકોણ ઉપલબ્ધ હોતે હૈં–

(૧) અલગ-અલગ સન્દર્ભો મેં પરસ્પર વિરોધી વિચારધારાઓં કા પ્રસ્તુતીકરણ.

(૨) એકાન્તિક વિચારધારાઓં કા નિષેધ.

(૩) પરસ્પર વિરોધી વિચારધારાઓં કે સમન્વય કા પ્રયાસ.

સૃષ્ટિ કા મૂલતત્ત્વ સત્ હૈ યા અસત્ હમ ઇસ સમસ્યા કે સન્દર્ભ મેં હમે ઉપનિષદોં મેં દોનોં હી પ્રકાર કી વિચારધારાઓં કે સંકેત ઉપલબ્ધ હોતે હૈં. તૈત્તિરીય ઉપનિષદ (૨.૭) મેં કહા ગયા હા કિ પ્રારમ્ભ મેં અસત્ હી થા ઉસી સે સત્ ઉત્પન્ન હુઆ. ઇસી વિચારધારા કી પુષ્ટિ છાન્દોગ્યોપનિષદ્ (૩/૧૯/૧) મેં ભી ઉપલબ્ધ હોતી હૈ. ઉસમેં ભી કહા ગયા હૈ કિ સર્વપ્રથમ અસત્ હી થા ઉસસે સત્ હુઆ ઔર સત્ સે સૃષ્ટિ હુઈ. ઇસ પ્રકાર હમ દેખતે હૈં કિ ઇન દોનોં મેં અસત્‌વાદી વિચારધારા કા પ્રતિપાદન હુઆ, કિન્તુ ઇસી કે વિપરીત ઉસી છાન્દોગ્યોપનિષદ્ (૬:૨:૧,૩) મેં યહ ભી કહા ગયા કિ પહલે અકેલા સત્ હી થા, દૂસરા કુછ નહીં થા, ઉસી સે યહ સૃષ્ટિ હુઈ હૈ. બૃહદારણ્યકોપનિષદ્ (૧:૪: ૧-૪) મેં ભી ઇસી તથ્ય કી પુષ્ટિ કરતે હુએ કહા ગયા હૈ કિ જો કુછ ભી સત્તા હૈ ઉસકા આધાર લોકાંતીત સત્ હી હૈ. પ્રપંચાત્મક જગત્ ઇસી સત્ સે ઉત્પન્ન હોતા હૈ.

ઇસી તરહ વિશ્વ કા મૂલતત્ત્વ જડ હૈ યા ચેતન ઇસ પ્રશ્ન કો લેકર

ઉપનિષદોં મેં દોનોં હી પ્રકાર કે સન્દર્ભ ઉપલબ્ધ હોતે હૈં. એક ઔર બૃહદારણ્યકોપનિષદ્ (૨:૪:૧૨) મેં યાજ્ઞવલ્ક્ય, મૈત્રેયી સે કહતે હૈં કિ ચેતના ઇન્હીં ભૂતોં મેં સે ઉત્પન્ન હોકર ઉન્હીં મેં લીન હો જાતી હૈ તો દૂસરી ઓર છાન્દોગ્યોપનિષદ (૬:૨:૧,૩) મેં કહા ગયા હૈ કિ પહલે અકેલા સત્ (ચિત્ત તત્ત્વ) હી થા દૂસરા કોઈ નહીં થા. ઉસને સોચા કિ મૈં અનેક હો જાઉં ઔર ઇસ પ્રકાર સૃષ્ટિ કી ઉત્પત્તિ હુઈ. ઇસી તથ્ય કી પુષ્ટિ તૈત્તિરીયોપનિષદ્ (૨:૬) સે ભી હોતી હૈ. ઇસ પ્રકાર હમ દેખતે હૈં કિ ઉપનિષદો મેં પરસ્પર વિરોધી વિચારધારાયેં પ્રસ્તુત કી ગયી હૈં. યદિ યે સભી વિચારધારાયેં સત્ય હૈ તો ઇસસે ઔપનિષદિક ઋષિયોં કી અનેકાન્ત દૃષ્ટિ કા હી પરિચય મિલતા હૈ. યદ્યપિ યે સભી સંકેત એકાન્તવાદ કો પ્રસ્તુત કરતે હૈં, કિન્તુ વિભિન્ન એકાન્તવાદોં કી સ્વીકૃતિ મેં હી અનેકાન્તવાદ કા જન્મ હોતા હૈ, અતઃ હમ ઇતના અવશ્ય કહ સકતે હૈં કિ ઔપનિષદિક ચિન્તનોં મેં વિભિન્ન એકાન્તવાદોં કો સ્વીકાર કરને કી અનૈકાન્તિક દૃષ્ટિ અવશ્ય થી. ક્યોંકિ ઉપનિષદોં મેં હમે ઐસે **અનેક સંકેત મિલતે હૈં જહાં એકાન્તવાદ કા નિષેધ કિયા ગયૌ હૈ. બૃહદારણ્યકોપનિષદ્** (૩:૮:૮) મેં ઋષિ કહતા હૈ કિ 'યહ સ્થૂલ ભી નહીં હૈ ઔર સૂક્ષ્મ ભી નહીં હૈ. વહ હ્રસ્વ ભી નહીં હૈ ઔર દીર્ઘ ભી નહીં હૈં. ઇસ પ્રકાર યહાઁ હમેં સ્પષ્ટતયા એકાન્તવાદ કા નિષેધ પ્રાપ્ત હોતા હૈ. એકાન્ત કે નિષેધ કે સાથ-સાથ સત્તા મેં પરસ્પર વિરોધી ગુણધર્મોં કી ઉપસ્થિતિ કે સંકેત ભી હમેં ઉપનિષદોં મેં મિલ જાતે હૈં. તૈત્તિરીયોપનિષદ્ (૨:૬) મેં કહા ગયા હૈ કિ વહ પરમ સત્તા મૂર્ત-અમૂર્ત, વાચ્ય-અવાચ્ય, વિજ્ઞાન (ચેતન)–અવિજ્ઞાન (જડ), સત્–અસત્, રૂપ હૈ. ઇસી પ્રકાર કઠોપનિષદ્ (૧:૨૦) મેં ઇસ પરમ સત્તા કો અણુ કી અપેક્ષા ભી સૂક્ષ્મ વ મહત્ કી અપેક્ષા ભી મહાન કહા ગયા હૈ. યહાં પરમ સત્તા મેં સૂક્ષ્મતા ઔર મહત્તા દોનોં હી પરસ્પર વિરોધી ધર્મ એક સાથ સ્વીકાર કરને કા અર્થ અનેકાન્ત કી સ્વીકૃતિ કે અતિરિક્ત ક્યા હો સકતા હૈ? પુનઃ ઉસી ઉપનિષદ્ (૩:૧૨) મેં એક ઔર આત્મા કો જ્ઞાન કા વિષય બતાયા ગયા હૈ વહીં દૂસરી ઓર ઉસે જ્ઞાન કા અવિષય બતાયા ગયા હૈ. જબ ઇસકી વ્યાખ્યા કા પ્રશ્ન આયા તો આચાર્ય શંકર કો ભી કહના પડા કિ યહાં અપેક્ષા ભેદ સે જો અજ્ઞેય હૈ ઉસે હી સૂક્ષ્મ જ્ઞાન કા વિષય બતાયા ગયા હૈ. યહી ઉપનિષદ્કારોં કા અનેકાન્ત હૈ. ઇસી પ્રકાર શ્વેતાશ્વતરોપનિષદ્ (૧.૭) મેં ભી ઉસ પરમ સત્તા કો ક્ષર એવં અક્ષર, વ્યક્ત અવં અવ્યક્ત ઐસે પરસ્પર વિરોધી ધર્મોં સે યુક્ત કહા ગયા હૈ. યહાં ભી સત્તા યા પરમતત્ત્વ કી બહુઆયામિતા યા અનૈકાન્તિકા સ્પષ્ટ હોતી હૈ. માત્ર યહી નહીં યહાઁ પરસ્પર વિરુદ્ધ ધર્મો કી એક સાથ સ્વીકૃતિ ઇસ તથ્ય કા પ્રમાણ હૈ કિ ઉપનિષદકારોં કી શૈલી અનેકાન્તાત્મક રહી હૈ. યહાં હમ દેખતે હૈં કિ ઉપનિષદોં કા દર્શન જૈનદર્શન કે સમાન હી સત્તા મેં પરસ્પર વિરોધી ગુણધર્મોં કો સ્વીકાર કરતા પ્રતીત હોતા હૈ. માત્ર યહી નહીં ઉપનિષદોં મેં પરસ્પર વિરોધી મતવાદોં કે સમન્વય કે સૂત્ર ભી ઉપલબ્ધ હોતે હૈં જો યહ સિદ્ધ કરતે હૈં કી ઉપનિષદકારોં ને ન કેવલ એકાન્ત કા નિષેધ કિયા, અપિતુ સત્તા મેં પરસ્પર વિરોધી ગુણધર્મોં કો સ્વીકૃતિ ભી પ્રદાન કી. જબ ઔપનિષદિક ઋષિયોં કો યહ લગા હોગા કિ પરમતત્ત્વ મેં પરસ્પર વિરોધી ગુણધર્મોં કી એક હી સાથ સ્વીકૃતિ તાર્કિક દૃષ્ટિ સે યુક્તિસંગત નહીં હોગી તો ઉન્હોંને ઉસ પરમતત્ત્વ કો અનિર્વચનીય યા અવક્તવ્ય ભી માન લિયા. તૈત્તરીય ઉપનિષદ્ (૨) મેં યહ ભી કહા ગયા હૈ કિ વહાઁ વાણી કી પહુંચ નહીં હૈ ઔર ઉસે મન કે દ્વારા ભી પ્રાપ્ત નહીં કિયા જા સકતા. **(યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્યમનસા સહ)**. ઇસસે ઐસા લગતા હૈ કિ ઉપનિષદ્ કાલ મેં સત્તા કે સત્, અસત્, ઉભય ઔર અવક્તવ્ય/અનિર્વચનીય- યે ચારોં પક્ષ સ્વીકૃત હો ચુકે થે. કિન્તુ ઔપનિષદિક ઋષિયોં કી વિશેષતા યહ હૈ કિ ઉન્હોંને ઉન વિરોધોં કે સમન્વય કા માર્ગ ભી પ્રશસ્ત કિયા. ઇસકા સબસે ઉત્તમ પ્રતિનિધિત્વ હમેં ઈશાવસ્યોપનિષદ્ (૪) મેં મિલતા હૈ. ઉસમેં કહા ગયા હૈ કિ-

**'અનેજદેકં મનસો જવીયો નૈનદ્દેવા આપ્નુવન્પૂર્વમર્ષત્'**

અર્થાત્ વહ ગતિરહિત હૈ ફિક ભી મન સે એવં દેવોં સે તેજ ગતિ કરતા હૈ. 'તદેજતિ તન્નૈજતિ તદ્દૂરે તદ્વન્તિકે અર્થાત્ વહ ચલતા હૈ ઔર નહીં ભી ચલતા હૈ, વહ દૂર ભી હૈ, વહ પાસ ભી હૈ. ઇસ પ્રકાર ઉપનિષદોં મેં જહાં વિરોધી પ્રતીત હોને વાલે અંશ હૈ, વહીં ઉનમેં સમન્વય કો મુખરિત કરને વાલે અંશ ભી પ્રાપ્ત હોતે હૈં. પરમસત્તા કે એકત્વ, અનેકત્વ, જડત્વ-ચેતનત્વ આદિ વિવિધ આયામોં મેં સે કિસી એક કો સ્વીકાર કર ઉપનિષદ કાલ મેં અનેક દાર્શનિક દૃષ્ટિયોં કા ઉદય હુઆ. જબ યે દૃષ્ટિયાં અપને-અપને મન્તવ્યોં કો હી એકમાત્ર સત્ય માનતે હુએ, દૂસરે કા નિષેધ કરને લગીં તબ સત્ય કે ગવેશકોં કો એક ઐસી દૃષ્ટિ કા વિકાસ કરના પડા જો સભી કી સાપેક્ષિક સત્યતા કો સ્વીકાર કરતે હુએ ઉન વિરોધી વિચારોં કા સમન્વય કર સકે. યહ વિકસિત દૃષ્ટિ અનેકાન્ત દૃષ્ટિ હૈ જો વસ્તુ મેં પ્રતીતિ કે સ્તર પર દિખાઈ દેને વાલે વિરોધ કે અન્તસ્ મેં અવિરોધ કો દેખતી હૈ ઔર સૈદ્ધાન્તિક દ્વન્દ્વોં કે નિરાકરણ કા એક વ્યાવહારિક એવં સાર્થક સમાધાન પ્રસ્તુત કરતી હૈ. ઇસ પ્રકાર અનેકાન્તવાદ વિરોધોં કે શમન કા એક વ્યાવહારિક દર્શન હૈ. વહ ઉન્હેં સમન્વય કે સૂત્ર મેં પિરોને કા સફલ પ્રાયસ કરતા હૈ.

ઈશાવાસ્ય મેં પગ-પગ પર અનેકાન્ત જીવન દૃષ્ટિ કે સંકેત પ્રાપ્ત હોતે હૈં. વહ અપને પ્રથમ શ્લોક મેં હી **'ત્યેન ત્યક્તેન ભુઞ્જીથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્'** કહ કર ત્યાગ એવં ભોગ-ઇન દો વિરોધી તથ્યોં કા સમન્વય કરતા હૈ એવં એકાંત ત્યાગ ઔર એકાન્ત ભોગ

દોનોં કો સમ્યક્ જીવન દૃષ્ટિ કે લિએ અસ્વીકાર કરતા હૈ. જીવન ન તો એકાન્ત ત્યાગ પર ચલતા હૈ ઔર ન એકાન્ત ભોગ પર, બલ્કિ જીવનયાત્રા ત્યાગ ઔર ભોગરૂપી દોનોં ચક્રોં કે સહારે ચલતી હૈ. ઇસ પ્રકાર ઈશાવાસ્ય સર્વપ્રથમ અનેકાન્ત કી વ્યાવહારિક જીવનદૃષ્ટિ કો પ્રસ્તુત કરતા હૈ. ઇસી પ્રકાર કર્મ ઔર અકર્મ સમ્બન્ધી એકાન્તિક વિચારધારાઓં મેં સમન્વય કરતે હુએ ઈશાવસ્ય (૨) કહતા હૈ કિ **'કુર્વન્નેવેહ કર્માણિ જિજીવિષેચ્છતાઁ સમા:'** અર્થાત્ મનુષ્ય નિષ્કામ ભાવ સે કર્મ કરતે હુએ સૌ વર્ષ જીયે. નિહિતાર્થ યહ હૈ કિ જો કર્મ સામાન્યતયા સકામ યા સપ્રયોજન હોતે હૈં વે બન્ધનકારક હોતે હૈં, કિન્તુ યદિ કર્મ નિષ્કામ ભાવ સે બિના કિસી સ્પૃહા કે હોં તો ઉનસે મનુષ્ય લિપ્ત નહીં હોતા, અર્થાત્ વે બન્ધન કારક નહીં હોતે. નિષ્કામ કર્મ કી યહ જીવનદૃષ્ટિ વ્યાવહારિક જીવન-દૃષ્ટિ હૈ. ભેદ-અભેદ કા વ્યાવહારિક દૃષ્ટિ સે સમન્વય કરતે હુએ ઉસી મેં આગે કહા ગયા હૈ કિ–

યસ્તુ સર્વાણિભૂતાન્યાત્મન્યેવાનુપશ્યતિ।
સર્વભૂતેષુચાત્માનં તતો ન વિજુગુપ્સતે ।। (ઈશા. ૬)

અર્થાત્ જો સભી પ્રાણિયોં મેં અપની આત્મા કો ઔર અપની આત્મા મેં સભી પ્રાણિયોં કો દેખતા હૈ વહ કિસી સે ઘૃણા નહીં કરતા. યહાં જીવાત્માઓં મેં ભેદ એવં અભેદ દોનોં કો એક સાથ સ્વીકાર કિયા ગયા હૈ. યહાં ભી ઋષિ કી અનેકાન્તદૃષ્ટિ હી પરિલક્ષિત હોતી હૈ જો સમન્વય કે આધાર પર પારસ્પરિક ઘૃણા કો સમાપ્ત કરને કી બાત કહતી હૈ.

એક અન્ય સ્થલ પર વિદ્યા (અધ્યાત્મ) ઔર અવિદ્યા (વિજ્ઞાન) (ઈશા.૧૦) મેં તથા સમ્ભૂતિ (કાર્યબ્રહ્મ) એવં અસમ્ભૂતિ (કારણબ્રહ્મ) (ઈશા. ૧૨) અથવા વૈયક્તિકતા ઔર સામાજિકતા મેં ભી સમન્વય કરને કા પ્રયાસ કિયા ગયા હૈ. ઋષિ કહતા હૈ કિ જો અવિદ્યા કી ઉપાસના કરતા હૈ વહ અન્ધકાર મેં પ્રવેશ કરતા હૈ ઔર વિદ્યા કી ઉપાસના કરતા હૈ વહ ઉસસે ભી ગહન અન્ધકાર મેં પ્રવેસ કરતા હૈ (ઈશા-૯) ઔર વહ જો દોનોં કો જાનતા હૈ યા દોનોં કા સમન્વય કરતા હૈ વહ અવિદ્યા સે મૃત્યુ પર વિજય પ્રાપ્ત કર વિદ્યા સે અમૃત તત્ત્વ કો પ્રાપ્ત કરતા હૈ (ઈશા.૧૧). યહાં વિદ્યા ઔર અવિદ્યા અર્થાત્ અધ્યાત્મ ઔર વિજ્ઞાન કી પરસ્પર સમન્વિત સાધના અનેકાન્ત દૃષ્ટિ કે વ્યાવહારિક પક્ષ કો પ્રસ્તુત કરતી હૈ. ઉપરોક્ત વિવેચન સે યહ સ્પષ્ટ હૈ કિ સત્તા કી બહુઆયામિતા ઔર સમન્વયવાદી વ્યાવહારિક જીવન દૃષ્ટિ કા અસ્તિત્વ બુદ્ધ ઔર મહાવીર સે પૂર્વ ભી થા, જિસે અનેકાન્ત દર્શન કા આધાર બના જા સકતા હૈ.

અનેકાન્તવાદ કા મૂલ પ્રયોજન સત્ય કો ઉસકે વિભિન્ન આયામોં મેં દેખને, સમઝને ઔર સમઝાને કા પ્રયત્ન હૈ. યહી કારણ હૈ કિ માનવીય પ્રજ્ઞા કે વિકાસ કે પ્રથમ ચરણ સે હી ઐસે પ્રયાસ પરિલક્ષિત હોને લગતે હૈં. ભારતીય મનીષા કે પ્રારમ્ભિક કાલ મેં હમેં ઇસ દિશા મેં દો પ્રકાર કે પ્રયત્ન દૃષ્ટિગત હોતે હૈં-(ક) બહુઆયામી સત્તા કે કિસી પક્ષ વિશેષ કી સ્વીકૃતિ કે આધાર પર અપની દાર્શનિક માન્યતા કા પ્રસ્તુતીકરણ તથા (ખ) ઉન એકપક્ષીય (એકાન્તિક) અવધારણાઓં કે સમન્વય કા પ્રયાસ. સમન્વયસૂત્ર કા સૃજન હી અનેકાન્તવાદ કી વ્યાવહારિક ઉપાદેયતા કો સ્પષ્ટ કરતા હૈ. વસ્તુતઃ અનેકાન્તવાદ કા કાર્ય ત્રિવિધ હૈ–પ્રથમ, તો યહ વિભિન્ન એકાન્તિક અવધારણોં કે ગુણ-દોષોં કી તાર્કિક સમીક્ષા કરતા હૈ, દૂસરે વહ ઉસ સમીક્ષા મેં યહ દેખતા હૈ કિ ઇસ અવધારણા મેં જો સત્યાંશ હૈ વહ કિસ અપેક્ષા સે હૈ, તીસરે, વહ ઉન સાપેક્ષિક સત્યાંશોં કે આધાર પર, ઉન એકાન્તવાદોં કો સમન્વિત કરતા હૈ.

ઇસ પ્રકાર અનેકાન્તવાદ માત્ર તાર્કિક પદ્ધતિ ન હોકર એક વ્યાવહારિક દાર્શનિક પદ્ધતિ હૈ. યહ એક સિદ્ધાન્ત માત્ર ન હોકર, સત્ય કો દેખને ઔર સમઝને કી પદ્ધતિ (method system) વિશેષ હૈ, ઔર યહી ઉસકી વ્યવહારિક ઉપાદેયતા હૈ.✷ ✷

પ્રાચ્ય વિદ્યાપીઠ, શાજાપુર (મધ્ય પ્રદેશ)
મો. : ૦૯૪૨૪૮૭૬૫૪૫.

## દીર્ઘદષ્ટા સિદ્ધસેન દિવાકરજી

શ્રી સિદ્ધસેન દિવાકરજીના જીવન સંબંધી અનેક કિવદંતીઓ જાણવા મળે છે. એમાંની એક થોડી અલગ પ્રકારની છે. આ વાર્તા મુજબ તેઓ એકવાર વિહાર કરતા ચિત્તોડગઢ પહોંચ્યા. દેરાસરના પ્રાંગણમાં આવેલ એક સ્તંભ ઉપર એમની નજર પડી. આ સ્તંભ થોડા અલગ પ્રકારનો એમને જણાયો. તેમણે પાસેના જંગલમાંથી થોડી વનસ્પતિઓ મંગાવી. તથા એમાંથી એક લેપ તૈયાર કરી સ્તંભ ઉપર એને ધીરેથી વિધિસર લગાવ્યો. એમના આશ્ચર્ય વચ્ચે એ સ્તંભ કમળફૂલની જેમ ખુલ્યો, એમાં ઘણાં પુસ્તકો સંગ્રહિત થયેલા હતા. દીવાકરશ્રીએ એમાંથી બે પુસ્તકો જોયા અને તરત જ એક દૈવી ધ્વનિ સંભળાયો કે એ સ્તંભ ખોલવા માટેનો ઉચિત સમય હજી પાક્યો નથી. દીવાકરશ્રીજીએ સ્તંભને પુનઃ એ જ સ્થિતિમાં ગોઠવ્યો. તેમણે એમાંથી જે બે વિદ્યા ગ્રહણ કરી તે-

૧. લશ્કર ઉત્પન્ન કરવા માટેની 'સરસપ' વિદ્યા. આ વિદ્યાને આજના સમયના રૉબો સાથે સરખાવી શકાય.
૨. સ્વર્ણ સિદ્ધિ મંત્ર-આપણે ત્યાં 'પારસ પત્થર'ની ઘણી વાર્તાઓ છે. ઉપરાંત દેદાશાહ અને ત્યારબાદ આનંદઘનજીના સમયમાં પણ એક સંન્યાસીએ આવો રસ તૈયાર કર્યો હતો.

# દર્શનોનું દર્શન : અનેકાન્ત

□ ભાણદેવજી

*[ અધ્યાત્મપથના આ વિદ્વાન લેખક યોગાચાર્ય છે. યોગ અને તત્વજ્ઞાનના પ્રચાર અર્થે વિદેશભ્રમણ કર્યું છે. અંદાજે પાંત્રીસ પુસ્તકોના કર્તા છે. સૌરાષ્ટ્રમાં મોરબી પાસે તેમના આશ્રમમાં સ્થાયી છે. અહીં તેમણે બે લેખો દ્વારા વિષયને ન્યાય આપ્યો છે. ]*

આધુનિક યુગના એક મહાન મનીષી શ્રી જે. કૃષ્ણમૂર્તિ કહે છે-

The Life is greater than Philosophy.

'જીવન તત્ત્વજ્ઞાન કરતાં ઘણું મહાન છે.'

જીવન અને અસ્તિત્વ એટલું મહાન અને એટલું વ્યાપક છે કે તે કોઈ તત્ત્વજ્ઞાનમાં સમાઈ શકે તેમ નથી. જીવન અને અસ્તિત્વ અનંત છે અને તત્ત્વજ્ઞાન સીમિત છે. સીમિતમાં અસ્તિત્વ કેવી રીતે સમાઈ શકે? વ્યાપકમાં વ્યાપક તત્ત્વજ્ઞાન પણ જીવન અને અસ્તિત્વના એક અંશને જ અભિવ્યક્ત કરી શકે છે.

સત્ય સાકરનો પહાડ છે. જ્ઞાનીઓ કીડીઓ છે. આ કીડીઓ સાકરના પહાડમાંથી સાકરના થોડાં કણ પોતાના દરમાં લઈ જઈ શકે, પરંતુ સાકરના આખા પહાડને કોઈ લઈ જઈ શકે નહિ.

એક મહાન ભવનના, દશ અલગ અલગ સ્થાને ઊભા રહીને દશ ફોટોગ્રાફ્સ લેવામાં આવે તો દશેય ફોટોગ્રાફ્સ અલગ અલગ બનશે. કયો ફોટોગ્રાફ સાચો? દશેય સાચા છે, પરંતુ એકેય પૂર્ણ નથી. પ્રત્યેક ફોટોગ્રાફ ભવનના એક એક અંશને અભિવ્યક્ત કરે છે, પરંતુ કોઈ ફોટોગ્રાફમાં ભવન પૂર્ણતઃ આવી જતું નથી. આ ફોટોગ્રાફ્સની જેમ આપણાં તત્ત્વજ્ઞાનની પ્રત્યેક શાખા પણ આંશિક દર્શન રજૂ કરે છે. પ્રત્યેક તત્ત્વજ્ઞાન સાચું છે, પરંતુ પૂર્ણદર્શન એકેય નથી.

માનવ ચેતનામાં જીવન અને અસ્તિત્વનું પૂર્ણજ્ઞાન, પૂર્ણદર્શન સમાઈ ન શકે.

આપણે આપણાં આંશિક દર્શનને પૂર્ણ દર્શન માની લેવાની ભૂલ ન કરીએ, તે માટે સાવધાન કરનાર કોઈ દર્શન છે? દર્શનોનું દર્શન કરાવનાર તે દર્શન છે–અનેકાન્ત દર્શન.

માનવદર્શનની આ મર્યાદા અને જીવન ગહન રહસ્યમયતાને અનેકાન્તવાદ એક ઘણી વિશિષ્ટ રીતે અભિવ્યક્ત કરે છે.

અનેકાન્તવાદ અર્થાત્ સ્યાદ્વાદ વસ્તુતઃ કોઈ વાદ નથી, પરંતુ સર્વ વાદોની મર્યાદા અભિવ્યક્ત કરનાર એક ઘણું વિશિષ્ટ દર્શન છે અને તેથી તે દર્શનોનું દર્શન છે.

તત્ત્વજ્ઞાનીઓ તત્ત્વજ્ઞાનની રચના કરે છે. તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો આપે છે, પરંતુ દૃષ્ટાઓ, સૂરિઓ તત્ત્વજ્ઞાનની રચના નથી કરતા. તેઓ તો આમ કહે છે-

'અમને આમ દેખાય છે, પરંતુ અમારું દર્શન અંતિમ કે પૂર્ણ નથી અને અમને જે દેખાય છે, તે પણ બુદ્ધિપૂર્વક અને ભાષાના માધ્યમથી અભિવ્યક્ત કરી શકાય તેમ નથી.'

અને આટલું કહીને તેઓ મૌન થઈ જાય છે. પરંતુ તેમને બહુ આગ્રહ કરીને કહેવામાં આવે છે-

'પણ તમે કાંઈક તો કહો!'

ત્યારે તેઓ કહે છે-

'પણ ભાઈ! સત્યને અનેક રીતે અભિવ્યક્ત કરી શકાય છે અને આ રીતો પ્રથમ દૃષ્ટિએ પરસ્પર વિરોધી પણ લાગી શકે અને તેથી અમારે જે કહેવું છે, તે છે–અનેકાન્તવાદ!'

આમ અને આટલું કહીને સૂરિઓ મૌન થઈ જાય છે. તેમના આ દર્શનનો આધાર લઈને 'અનેકાન્તવાદ' આ નામ અને સિદ્ધાંતની રચના તો આપણે કરી છે, સૂરિઓ તો આટલું કહીને મૌન થઈ ગયા છે!

અનેકાન્તવાદ વસ્તુતઃ વાદ નથી, પરંતુ સર્વ વાદોથી પર થઈને કરેલું દર્શન છે. અનેકાન્તવાદમાં પ્રયુક્ત 'વાદ' ગેરમાર્ગે દોરનારો છે. આ અનેકાન્તવાદ નથી, પરંતુ અનેકાન્તદર્શન છે, તેમ કહેવું વધુ સાચું છે.

જૈન આચારમાં પ્રધાન તત્ત્વ 'અહિંસા' છે. જૈન આચારના પ્રધાન અંગો મહદ્ અંશે 'અહિંસા'ને કેન્દ્રમાં રાખીને, અહિંસાની આજુબાજુ ગોઠવાયેલાં છે. આચારનું આ મુખ્ય તત્ત્વ અહિંસા 'વિચાર' સુધી પહોંચે અને વિચારણાને પણ પ્રભાવિત કરે તો? તો તેમાંથી અનેકાન્તવાદ કે સ્યાદ્વાદ નિષ્પન્ન થાય છે અને તેમ જ થયું છે. જ્યારે આપણે કોઈ એકદેશીય દર્શનને જ પકડીને તેને જ સત્ય ગણવાનો દુરાગ્રહ રાખીએ છીએ ત્યારે તેમાં સૂક્ષ્મ સ્વરૂપે અર્થાત્ વૈચારિક ભૂમિકા પર હિંસા થાય છે. જૈનદર્શનને આવી સૂક્ષ્મ કે વૈચારિક હિંસા પણ માન્ય નથી અને તેમાંથી અનેકાન્તવાદ નિષ્પન્ન થાય છે.

આ પૃથ્વી પર અગણિત દર્શનો પ્રગટ્યા છે અને વિકસ્યા છે. અનેકાન્તવાદનું જે સ્પષ્ટ દર્શન જૈન દર્શનમાં છે, તેટલું સ્પષ્ટ અને નિશ્ચયાત્મક દર્શન અન્ય દર્શનોમાં જોવા મળતું નથીઅ. તેથી જ અનેકાન્તવાદ કે અનેકાન્તદર્શન જૈન દર્શનનું વિશિષ્ટ અને મૌલિક પ્રદાન ગણાય છે.

આમ છતાં આપણે સ્વીકારવું જોઈએ અને કહેવું જોઈએ કે જૈનેતર દર્શનમાં પણ અનેક સ્થાને કોઈ ને કોઈ રૂપે, ભલે 'અનેકાન્તવાદ' શબ્દનો પ્રયોગ કર્યા વિના પણ અનેકાન્તવાદના તત્ત્વો જોવા મળે છે. અહીં આપણે થોડાં દૃષ્ટાંતો જોઈએ.

**૧. વેદાંતમાં માયાનું સ્વરૂપ**

અદ્વૈત વેદાંતમાં 'માયા'ની ધારણા ઘણી મહત્ત્વપૂર્ણ અને ચાવીરૂપ

ગણાય છે. આ જગતના કોયડાને અદ્વૈતવેદાંતદર્શન માયાવાદ દ્વારા સમજાવે છે.

માયા થકી જ આ જગત પ્રતીત થાય છે. આ જગત સત્ નથી અને છતાં માયાને કારણે સત્ જેવું જણાય છે. હવે પ્રશ્ન એ થાય છે કે અદ્વૈતવાદી વેદાંત દર્શનમાં બ્રહ્મને જ એકમેવાદ્વિતીય તત્ત્વ ગણવામાં આવે છે, તો માયને ક્યાં મૂકશો?

ઉત્તર છે-માયા અનિર્વચનીય છે.

હવે પ્રશ્ન છે-અનિવર્ચનીય એટલે શું?

ઉત્તર છે-માયા સત્ નથી, માયા અસત્ નથી, માયા સત્ અને અસત્ પણ નથી, માયા સત્ અસત્થી વિલક્ષણ પણ નથી. તો માયા કેવી છે! કોઈ શબ્દ દ્વારા કહી શકાય તેમ નથી, તેથી માયાને અનિવર્ચનીય ગણવામાં આવેલ છે.

જુઓઅહીં કોઈને કોઈ રૂપે અનેકાન્તવાદનું તત્ત્વ છે જ!

**૨. વૈષ્ણવદર્શનોમાં પરમાત્માનું સ્વરૂપ**

વૈષ્ણવદર્શનોમાં પરમાત્માના સ્વરૂપ વિશે આમ કહેવાય છે-

પરમાત્મા સગુણ છે, નિર્ગુણ પણ છે.

પરમાત્મા આકાર છે, નિરાકાર પણ છે.

પરમાત્મા કર્તા છે, અકર્તા પણ છે.

સગુણ અને નિર્ગુણ, સાકાર અને નિરાકાર, કર્તા અને અકર્તા- આ પરસ્પર વિરોધી તત્ત્વો છે, તો આ તત્ત્વો પરમાત્મામાં એક સાથે કેવી રીતે સંભવે?

વૈષ્ણવદર્શનો આ ઉત્તર આ પ્રમાણે આપે છે-

પરમાત્મા અનંત છે અને જે અનંત હોય તે પરસ્પર વિરોધી ગુણોનું આશ્રયસ્થાન હોય છે. તેથી પરમાત્મામાં આ સર્વ પરસ્પર વિરોધી લાગતાં ધર્મો સંભવી શકે છે.

જુઓ! આ વૈષ્ણવદર્શનોમાં આવેલો અનેકાન્તવાદ જ છે.

**૩. ઉપનિષદમાં અનેકાન્તવાદ**

तदेजति तन्नेजति तद् दूरे तद्वन्तिके ।
तदन्तरस्य सर्वस्य तद् सर्वस्यास्य बाह्यत:।।

ईशावास्योपनिषद्-५

'તે ચાલે છે, તે ચાલતો નથી. તે દૂર છે અને તે અત્યંત નજીક પઊણ છે. તે સમસ્ત જગતની અંદર પણ છે અને તે સમસ્ત જગતની બહાર પણ છે જ.'

ઉપનિષદના આ મંત્રમાં પરમાત્માના સ્વરૂપનું કથન થયું છે. અહીં પણ પરમાત્મા માટે પરસ્પર વિરોધી જણાય તેવા ગુણોનું કથન થયું જ છે. તે ચાલે છે અને ચાલતો નથી, તે દૂર પણ છે અને અત્યંત નજીક પણ છે જ. તે જગતની અંદર પણ છે અને બહાર પણ છે જ!

અનેકાન્તવાદને સ્વવિરોધી સિદ્ધાંત કહેનારા દાર્શનિકો! સાંભળો! અહીં ઉપનિષદના ઋષિ શું કહે છે? અહીં એક સ્વરૂપે અનેકાન્તવાદ છે જ!

**૪. સિદ્ધત્વમપિ સાપેક્ષ**

ભગવાન શંકરાચાર્યકૃત બ્રહ્મસૂત્ર ભાષ્યમાં એક સુંદર પ્રસંગ આવે છે. અદ્વૈતવાદની પ્રતિષ્ઠા સિદ્ધ કરવા માટે ભગવાન શંકરાચાર્ય સાંખ્યદર્શનના દ્વૈતવાદનું ખંડન કરે છે. તે વખતે પૂર્વપક્ષ આમ કહે છે-

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કપિલને સિદ્ધોમાં પણ સર્વ શ્રેષ્ઠ કહે છે-

सिद्धानां कपिलो मुनि: ।

गीता; १०-२६

''(હે અર્જુન!) સિદ્ધોમાં હું કપિલ મુનિ છું.''

આમ ભગવાન શ્રીકૃષ્ણ કપિલમુનિને પોતાની વિભૂતિ ગણાવે છે અને સિદ્ધોમાં સર્વશ્રેષ્ઠ ગણાવે છે. આવા સિદ્ધોમાં પ્રધાન કપિલમુનિ પ્રણિત સાંખ્યદર્શનને ખામીયુક્ત અને તેથી ખંડનપાત્ર કેવી રીતે ગણી શકાય?

પૂર્વ પક્ષની આ દલીલના ઉત્તરમાં ભગવાન શંકરાચાર્ય લખે છે-

सिद्धत्वमपि सापेक्षं।

'સિદ્ધત્વ પણ સાપેક્ષ છે.'

આનો અર્થ એમ કે સિદ્ધોનું સિદ્ધત્વ પણ સાપેક્ષ છે. અહીં કોઈ નિરપેક્ષ સિદ્ધ નથી કે કોઈ સિદ્ધનું વિધાન નિરપેક્ષ કે પૂર્ણ સત્ય છે, એમ ન કહી શકાય.

અહીં સાપેક્ષતાનું કથન આ વાતને અનેકાન્તવાદ તરફ લઈ જાય છે.

**૫. આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ**

અરે! જુઓ! જુઓ! આ અનેકાન્તવાદ તત્ત્વજ્ઞાનના સીમાડા ભેદીને હવે વિજ્ઞાન સુધી પહોંચી ગયો છે. માત્ર તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જ આ જગતનું જ્ઞાન સાપેક્ષ (સ્યાદ્વાદ) છે, તેમ નથી. હવે વૈજ્ઞાનિક દૃષ્ટિથી પણ આ જગતને, આ જગતના સ્વરૂપને, આ જગત વિષયક આપણાં દર્શનને સાપેક્ષ સિદ્ધ કરવા સુધી આપણે પહોંચી ગયા છીએ. આનો અર્થ એમ થયો કે અનેકાન્તવાદનો વિજ્ઞાનમાં પ્રવેશ થયો છે.

આ સૃષ્ટિ વિશેના વિજ્ઞાનના દર્શનને, આ સૃષ્ટિના સ્વરૂપને, ગતિને, સૃષ્ટિના સંચાલનને પ્રક્રિયાને–આમ સર્વત્ર સાપેક્ષવાદ સિદ્ધ કરીને વિશ્વના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન અનેકાન્તવાદનો વિજ્ઞાન ક્ષેત્રમાં પ્રવેશ કરરવે છે. ભલે, તેમણે જૈનદર્શનનો અભ્યાસ ન કર્યો હોય કે ભલે તેઓએ 'અનેકાન્તવાદ' શબ્દ સાંભળ્યો પણ ન હોય!

**૬. ભગવાન બુદ્ધનું મૌન**

જીવન અને અસ્તિત્વનું સ્વરૂપ એવું અને એટલું અગાધ અને

રહસ્યપૂર્ણ છે કે તેના વિશે કોઈ નિશ્ચયાત્મક વિધાન કરવું બહુ મુશ્કેલ છે. આ સત્યને સમજીને ભગવાન બુદ્ધ આત્મા, પરમાત્મા, અસિત્વનું સ્વરૂપ આદિ રહસ્યપૂર્ણ વિગતો વિશે મૌન જ રહ્યા છે. બૌદ્ધ ધર્મમાં આત્મા-પરમાત્માનો વિચાર થયો નથી.

બૌદ્ધ દર્શનમાં આત્મા-પરમાત્માનો સ્વીકાર નથી. વસ્તુતઃ ભગવાન બુદ્ધે આત્મા-પરમાત્માનો ઈન્કાર નથી કર્યો. તેઓ માત્ર તે વિશે મૌન જ રહ્યાં છે. તેમના મૌનનો પછીથી ઈન્કારવાચક અર્થ કરી લેવામાં આવ્યો છે. ભગવાન બુદ્ધ કોઈ ગામ, નગર કે સમાજમાં જતા ત્યારે પહેલાં બૌદ્ધ ભિક્ષુઓ ઢોલ વગાડીને ભગવાન બુદ્ધને અમુક પ્રશ્નો ન પૂછવાની સૌને સૂચના આપતા. આ પ્રશ્નોની યાદીમાં આત્મા-પરમાત્મા વિષયક પ્રશ્નોનો પણ સમાવેશ થતો. એટલું જ નહિ, પરંતુ નિર્વાણ કે જે બૌદ્ધ ધર્મનું પરમ પ્રાપ્તવ્ય છે, તેના સ્વરૂપ વિશે પણ બુદ્ધ અને બૌદ્ધ ધર્મ મૌન જ રહે છે. આમ શા માટે? કારણ એક જ છે કે આ બધા તત્ત્વોનું સ્વરૂપ માનવ ચેતના માટે અગમ્ય છે. જે અગાધ છે, રહસ્યપૂર્ણ છે, તેના વિશે કોઈ નિશ્ચયાત્મક વિધાન કેવી રીતે થઈ શકે?

ભગવાન બુદ્ધ પરમજ્ઞાની પુરુષ છે અને છતાં અસ્તિત્વના આ રહસ્યપૂર્ણ સત્યો વિશે મૌન કેમ રહ્યા છે. કારણ એક જ છે, અને તે છે - અભિવ્યક્તિની મર્યાદા.

આ અભિવ્યક્તિની મર્યાદા દ્વારા અહીં કોઈ સ્વરૂપે અનેકાન્તદર્શન સૂચિત થાય છે!

જૈન સૂરિઓએ જે રહસ્ય સપ્તભંગી ન્યાય દ્વારા અભિવ્યક્ત કર્યું છે, તે જ રહસ્ય ભગવાન બુદ્ધ મૌન દ્વારા અભિવ્યક્ત કરે છે. મૂળ વાત એક જ છે.

सब शयाने एक मत।

**૭. સોક્રેટિસનું અજ્ઞાન**

સોક્રેટિસ જ્ઞાની પુરુષ છે, આવો સર્વસંમત મત છે. આમ છતાં સોક્રેટિસ પોતાને કદી જ્ઞાની પુરુષ ગણતા નહિ. તેઓ કહેતા 'હું જાણતો નથી. હું અજ્ઞાની છું.' જ્ઞાની સોક્રેટિસ પોતાને જ્ઞાની કેમ ગણાવતા નથી? અજ્ઞાની શા માટે કહે છે? કારણ સ્પષ્ટ છે. જ્ઞાની પુરુષ પોતાના જ્ઞાન થકી જીવન અને અસ્તિત્વની અગાધ રહસ્યમયતાને જોઈ શકે છે. તેથી તેઓ પોતાના જ્ઞાનની મર્યાદને અને પોતાના અજ્ઞાનને જોઈએ શકે છે. તેથી તેઓ જાણે છે અને તેથી કહે છે–અહીં કોઈ પૂર્ણજ્ઞાની નથી અને તદનુસાર હું પણ પૂર્ણજ્ઞાની નથી.

એકવાર ડેલ્ફીની દેવીએ જાહેર કર્યું કે સોક્રેટિસ ગ્રીસના સૌથી મહાન જ્ઞાની પુરુષ છે.

લોકો સોક્રેટિસ પાસે પહોંચ્યા અને તેમણે સોક્રેટિસને કહ્યું-

'આપ કહો છો કે આપ જ્ઞાની પુરુષ નથી; પરંતુ ડેલ્ફીની દેવીએ તો કહ્યું કે આપ ગ્રીસના સૌથી મહાન જ્ઞાની પુરુષ છો. તો અમારે શું સમજવું?'

સોક્રેટિસ તો ત્વરિત ઉત્તર આપે છે-

'ડેલ્ફીની દેવીની વાત સાચી છે. મારા અને તમારા વચ્ચે આટલો જ ફેર છે.'

'તમે જાણતા નથી અને તમે એ પણ જાણતા નથી કે તમે જાણતા નથી. તમે અજ્ઞાની છો, પરંતુ તમને તમારા અજ્ઞાનની પણ જાણ નથી.'

'હું પણ જાણતો નથી, પરંતુ હું એટલું તો અવશ્ય જાણું છું કે હું જાણતો નથી. હું પણ અજ્ઞાની છું, પરંતુ મને મારા અજ્ઞાનની જાણ છે.'

જુઓ જ્ઞાની સોક્રેટિસ પણ પોતાને જ્ઞાની ગણતા નથી, કારણ કે આ અફાટ અને અગાધ રહસ્યપૂર્ણ અસ્તિત્વને કોણ જાણી શકે?

આ છે-સોક્રેટિસનો અનેકાન્તવાદ!

આપણું આ અસ્તિત્વ વિશેનું જ્ઞાન કેવું છે?

કાંઈક આવું-

એક સમુદ્રમાં કિનારા પાસે બે માછલીઓ રહેતી હતી. એક નાની માછલી હતી અને બીજી મોટી માછલી હતી.

એક વાર નાની માછલીએ મોટી માછલીને પૂછયું-

'દીદી! માણસો અહીં કિનારે સવાર-સાંજ ફરવા આવે છે. તેઓ 'સમુદ્ર, સમુદ્ર' એમ બોલ્યો કરે છે. આ સમુદ્ર શું છે?'

મોટી માછલી ઉત્તર આપે છે-

'બહેન! માણસજાતને આવો લવારો કરવાની ટેવ છે. 'સમુદ્ર' માણસોએ ફેલાવેલી એક અફવા છે. આપણે અફવાના ભોગ ન બનવું.'

આપણે જીવન સમુદ્રના માછલાં છીએ અને આપણું જીવન સમુદ્ર વિષયક જ્ઞાન માછલી જેવું છે.

અહીં આપણી પાસે અને આપણી મદદે અનેકાન્તદર્શન આવે છે. અનેકાન્તવાદ આપણને, માનવજાતને કહે છે-

'હે મારા માનવબંધુઓ! તમારા જ્ઞાનના પ્રમાણમાં અસ્તિત્વ વિષયક તમારું અજ્ઞાન અનેકગણું વધુ છે. તેથી માછલીની જેમ જીવનસમુદ્ર અફવા ગણી કાઢવાની ભૂલ ન કરશો!'

**સમાપન**

કોઈ પણ દર્શન જ્યારે અનેકાન્તવાદના સ્વરૂપને સમજે નહિ અને તેના હાર્દને સ્વીકારે નહિ ત્યારે તે દર્શન દુરાગ્રહી બની જાય છે અને સ્વમતમંડન અને પરમતખંડનમાં પડી જાય છે. પરંતુ જો આપણે અનેકાન્તવાદના હાર્દને આત્મસાત્ કરી શકીએ તો આપણે આ ખંડનમંડન અને વિતંડાવાદમાંથી બચી શકીએ છીએ તેથી આ અનેકાન્તવાદ સર્વ દર્શનોનું દર્શન છે!

✶ ✶ ✶

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર (નદી), વાયા મોરબી-૩૬૩૬૪૨.મોબાઈલ : ૦૯૩૭૪૪૧૬૬૧૦.

# અનેકાન્તદર્શન

**❑ ભાણદેવજી**

**ભૂમિકા**

The life is a mystery and it is to remain a mystery for ever.

'જીવન એક રહસ્ય છે અને તે સર્વદા એક રહસ્ય જ રહેશે.'

જીવન અને અસ્તિત્વ અગાધ, અફાટ અને અટલ છે. તેને સાંગોપાંગ અને સાદ્યંત કોઈ જાણી શકે નહિ.

ઋગ્વેદનાં નાસદીય સૂક્તના અંતિમ બે મંત્રો આ પ્રમાણે છે-

को अध्दा वेद क इह प्र वोचत, कुत आजाता कुत इयं विसृष्टि:।
अर्वाग्देवा अस्य विसर्जनेनाऽथा, को वेद यत आबभूव ।।

-ऋग्वेद; १०-१२९-६

આ સૃષ્ટિ ક્યાંથી આવી અને કઈ રીતે ઉત્પન્ન થઈ, તે કોણ જાણી શકે અને કોણ કહી શકે? દેવો પણ આ સૃષ્ટિ રચાયા પછી ઉત્પન્ન થયા છે, તેથી આ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઈ તે કોણ જાણે છે?'

इयं विसृष्टिर्यत आबभूव यदि वा दधे यदि वान।
यो अस्याध्याक्षः परमे व्योमन् त्सो अङ्ग वेद यदि वा न वेद।।

ऋग्वेद; १०.१२९-७

આ સૃષ્ટિ જેમાંથી આવિર્ભૂત થઈ છે, તે પરમાત્મા પણ તેને ધારણ કરી રાખે છે કે નહિ? પરમાકાશમાં આ સૃષ્ટિના પરમ અધ્યક્ષ પરબ્રહ્મ પરમાત્મા પણ આ સૃષ્ટિના રહસ્યને પૂર્ણતઃ જાણતા હશે કે તેઓ પણ નહિ જાણતા હોય?'

આ બે મંત્રો દ્વારા શું સૂચિત થાય છે?

અસ્તિત્વ એક રહસ્ય છે અને ગહન રહસ્યને પૂર્ણતઃ ઉકેલી શકાય તેમ નથી. ઋતંભરા પ્રજ્ઞાના પ્રકાશથી આ મૂળભૂત રહસ્યને ઋષિઓ ક્યારેક કાંઈક અંશે જોઈ શકે છે. પૂર્ણતઃ તો નહિ જ! જેટલું જોઈ શકાય છે, તેને પણ પૂર્ણતઃ વ્યક્ત કરી શકાતું નથી. આ દર્શન આંશિક છે અને અભિવ્યક્તિ તો આંશિકની પણ આંશિક છે.

જો જીવન અને અસ્તિત્વ વિષયક આપણું જ્ઞાન આવું અને આટલું આંશિક છે તો આપણે જીવન અને અસ્તિત્વના સ્વરૂપ વિશે કોઈ નિશ્ચયાત્મક, સર્વથા નિશ્ચયાત્મક વિધાન ન જ કરી શકીએ.

આપણું સમર્થમાં સમર્થ દર્શન પણ આંશિક દર્શન જ છે અને તદનુસાર આપણું તદ્વિષયક કોઈપણ વિધાન પણ આંશિક, એકદેશીય અને એકાંગી જ રહેવાનું છે.

જીવન અને અસ્તિત્વના આ અતિ ગહન અને રહસ્યપૂર્ણ સ્વરૂપને અને તદ્વિષયક આપણાં આંશિક દર્શનને પ્રજ્ઞાવાન જૈન સૂરિઓએ પોતાની પ્રજ્ઞાવંત દૃષ્ટિથી જોયું છે અને તેમાંથી એક મૂલ્યવાન દર્શન પ્રગટ થયું છે. તે છે – અનેકાન્તવાદ કે સ્યાદ્વાદ.

**અનેકાન્તવાદનું સ્વરૂપ**

જૈનદર્શન વાસ્તવવાદી દર્શન છે. તદનુસાર તે મન કે આત્માથી અતિરિક્ત સૃષ્ટિની સત્તાનો સ્વીકાર કરે છે. જગત મિથ્યા છે–આ દર્શનનો જૈનદર્શનમાં સ્વીકાર નથી.

હવે પ્રશ્ન એ છે કે જૈનદર્શન આ વાસ્તવિક જગતના તત્ત્વોનું દર્શન કઈ રીતે કરે છે અને તેને અભિવ્યક્ત કેવી રીતે કરે છે.

કોઈ પણ વસ્તુ, પરિસ્થિતિ, ઘટના, તથ્ય કે વ્યક્તિ વિશે આપણે કોઈ એક વિધાન કરીએ છીએ ત્યારે તે વિધાન એકદેશીય કે એકાંતિક હોય છે; કારણ કે અસ્તિત્વની બહુદેશીયતા કોઈ એક એકદેશીય વિધાન દ્વારા યથાર્થતઃ અભિવ્યક્ત કરી શકાય નહિ. આવી અભિવ્યક્તિ એકાંગી જ હોય છે. જૈનદર્શન આ સ્વરૂપના એકાંગીપણાથી સાવધાન છે અને તેથી તે એકાંગીદર્શનને બદલે અનેકાંગીદર્શન સૂચવે છે. આ અનેકાંગીદર્શનને અનેકાન્તવાદ કહેવામાં આવે છે. અનેકાન્તવાદ એટલે સર્વદેશીય દર્શન.

અનેકાન્તવાદને સ્યાદ્વાદ પણ કહેવામાં આવે છે. 'સ્યાદ્' શબ્દનો અર્થ અહીં 'અમુક દૃષ્ટિકોણથી' કે 'અમુક અપેક્ષાએ' એવો થાય છે. આમ અનેકાન્તવાદ એટલે અનેક દૃષ્ટિબિંદુના સ્વીકારપૂર્વક કથન. પ્રત્યેક તત્ત્વ અનેક લક્ષણો કે પાસાંઓથી યુક્ત છે. તદનુસાર અનેકાન્તવાદ તત્ત્વની અનેકદેશીયતાની અભિવ્યક્તિ છે.

અનેકાન્તદૃષ્ટિમાંથી નયવાદ અર્થાત્ સપ્તભંગી નય ફલિત થાય છે. અન્ય રીતે કહીએ તો સપ્તભંગીનય દ્વારા અનેકાન્ત દર્શન વધુ સ્પષ્ટ રીતે અભિવ્યક્ત થાય છે.

જૈન દાર્શનિકો દ્રવ્ય કે તત્ત્વના પ્રત્યેક ગુણના વિધિનિષેધને સાત પ્રકારના શબ્દ પ્રયોગો દ્વારા અભિવ્યક્ત કરે છે, દર્શાવે છે તેને સપ્તભંગીનય કહેવામાં આવે છે. આ સપ્તભંગી ન્યાય આ રીતે દર્શાવાય છે.

૧. स्यात् अस्ति
૨. स्यात् नास्ति
३. स्यात् अस्ति च नास्ति च
૪. स्यात् अवक्तव्यम्
૫. स्यात् अस्ति च अवक्तव्यम् च
૬. स्यात् नास्ति च अवक्तव्यम् च

૭. स्यात् अस्ति च नास्ति च

ઉપર્યુક્ત વિધાનોમાં 'સ્યાત્' શબ્દ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ શબ્દ દ્વારા સૂચિત થાય છે કે કોઈપણ એક વિધાન અન્ય સર્વ વિધાનોને બાકાત રાખીને નિરપેક્ષ સ્વરૂપે સાચું ન હોઈ શકે. પ્રત્યેક નિર્ણય કે વિધાન સાપેક્ષતાની છાપથી અંકિત છે. પ્રત્યેક વિધાન કોઈ એક વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી અર્થાત્ વિશિષ્ટ ઘટકની હાજરીના દૃષ્ટિબિંદુથી સાચું છે. આમ આપણા સર્વ નિર્ણયો સાપેક્ષ છે. આમ અહીં નિરપેક્ષવાદની ધારણાનું ખંડન છે.

હવે આપણે અનેકાન્તવાદના આ સપ્તભંગી ન્યાયને સમજવાનો પ્રયત્ન કરીએ. અહીં આપણે સમજણની સ્પષ્ટતા માટે એક ઘડાના અસ્તિત્વને દૃષ્ટાંત તરીકે લઈએ છીએ, તેમ સમજવું.

૧. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન છે.

આ વિધાન પ્રથમ દૃષ્ટિએ સૂચિત કરે છે કે અમુક દૃષ્ટિબિંદુથી ઘડો અસ્તિત્વમાન છે.

પદાર્થ સાથે સંબંધિત ચાર મુખ્ય તત્ત્વો છે-(૧) દ્રવ્ય (૨) ક્ષેત્ર (૩) કાળ (૪) પર્યાય.

આ ચાર તત્ત્વો વિધાનના વિશિષ્ટ દૃષ્ટિબિંદુને નિશ્ચિત કરે છે. આ ચારેય તત્ત્વોને આ રીતે સમજી શકાય

(૧) દ્રવ્ય-ઘડો માટી નામના દ્રવ્યથી બનેલ છે. આ વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી જોતાં કહી શકાય કે ઘડો અસ્તિત્વમાન છે.

(૨) ક્ષેત્ર-ઘડો જ્યાં અવસ્થિત છે, તે ઘડાનું ક્ષેત્ર છે. આ વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી જોતાં કહી શકાય કે ઘડો અસ્તિત્વમાન છે.

(૩) કાળ-જે વર્તમાન સમયમાં ઘડો અસ્તિત્વમાન છે, તે ઘડાના અસ્તિત્વનો કાળ છે. સમયના આ વિશિષ્ટ ગાળા દરમિયાન તેની ઉપસ્થિતિના દૃષ્ટિબિંદુથી નિહાળતાં ઘડો અસ્તિત્વમાન છે, તેમ કહી શકાય; પરંતુ ઉત્પત્તિ પૂર્વે અને વિનાશ પછી ઘડો નહિ હોય. આ દૃષ્ટિકોણથી ઘડો અસ્તિત્વમાન છે, તેમ કહી શકાય નહિ.

(૪) પર્યાય–આ 'પર્યાય' દ્વારા ઘડાનું સ્વરૂપ કે આકાર સૂચિત થાય છે. આ વિશિષ્ટ સ્વરૂપના દૃષ્ટિકોણથી નિહાળતાં ઘડો અસ્તિત્વમાન છે, તેમ કહી શકાય. પરંતુ આ સ્વરૂપ સિવાય ઘડો અસ્તિત્વમાન છે, તેમ ન કહી શકાય.

આમ આ પ્રથમ વિધાનનો અર્થ એવો છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને પર્યાયના દૃષ્ટિબિંદુથી વિચારતા સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-પર્યાય રૂપે ઘડો અસ્તિત્વમાન છે.

**૨. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન નથી.**

આ વિધાનનો અર્થ એ છે કે ઘડાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-પર્યાયના લક્ષણોની ગેરહાજરીના દૃષ્ટિબિંદુથી નિહાળતાં ઘડો અસ્તિત્વમાન નથી. આ વિધાનને વધુ સ્પષ્ટ કરવા માટે કહી શકાય કે પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-પર્યાયથી ઘડો અસ્તિત્વમાન નથી. આનો અર્થ એમ કે ઘડો, પટ આદિ અન્ય કાંઈક તરીકે અસ્તિત્વમાન નથી.

પ્રથમ દૃષ્ટિએ જોઈએ તો સપ્તભંગી નયના આ પ્રથમ અને દ્વિતીય વિધાન વચ્ચે પૂર્ણ વિરોધ નથી. આ દ્વિતીય વિધાન પ્રથમ વિધાનનું પૂર્ણ વિરોધી નથી. આ દ્વિતીય વિધાન ઘડાના અસ્તિત્વનો ઈન્કાર કરતું નથી; પરંતુ તેમાં વિધાયક સ્વરૂપે હાજર ન હોય તેવા અન્ય લક્ષણોને ધ્યાનમાં લેવામાં આવે તો અને ત્યારે જ તેના અસ્તિત્વનો ઈન્કાર કરવામાં આવે છે. આનો અર્થ એમ કરવો જોઈએ કે ઘડો અસ્તિત્વમાન ન હોય તો તેનું અસ્તિત્વ સ્વીકારી શકાય નહિ.

આ પ્રથમ અને દ્વિતીય વિધાન તે સપ્તભંગી નયના મૂળ વિધાનો છે. બાકીના પાંચ વિધાનો તેમના આધારે ફલિત થાય છે, તેમ સમજવું જોઈએ.

**૩. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન છે અને અસ્તિત્વમાન નથી**

આ વિધાન સમજવા માટે ઊંડો વિચાર કરવો આવશ્યક છે. ઘડો છે અને નથી. આ બંને એક સાથે કેવી રીતે સાચું હોઈ શકે ?

આ વિધાન આ રીતે સમજવું જોઈએ–ઘડો સ્વ-દ્રવ્ય-કાળ-ક્ષેત્ર-પર્યાયના દૃષ્ટિકોણથી અસ્તિત્વમાન છે, પરંતુ પર-દ્રવ્ય-કાળ-ક્ષેત્ર-પર્યાયના દૃષ્ટિકોણથી જોઈએ તો તે અસ્તિત્વમાન નથી.

આ તત્ત્વને સરળ રીતે આમ રજૂ કરી શકાય.

ઘડો જે દ્રવ્યનો–માટીનો બનેલો છે, તે દ્રવ્યથી તે અસ્તિત્વમાન છે. પરંતુ અન્ય દ્રવ્યનો, જેમકે સુવર્ણનો બનેલો નથી.

ઘડો જે કાળમાં અસ્તિત્વમાન છે, તે કાળ સિવાયના કાળમાં અસ્તિત્વમાન નથી.

ઘડો જે ક્ષેત્રમાં અસ્તિત્વમાન છે, તે ક્ષેત્રમાં અસ્તિત્વમાન છે પરંતુ તે ક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસ્તિત્વમાન નથી. દૃષ્ટાંતતઃ ઘડો એક ઓરડાના એક ખૂણામાં અસ્તિત્વમાન છે, પરંતુ તે ઓરડાના અન્ય ખૂણામાં અસ્તિત્વમાન નથી.

ઘડો જે સ્વરૂપમાં અસ્તિત્વમાન છે, તે સિવાયના સ્વરૂપમાં અસ્તિત્વમાન નથી.

આમ ઘડો અસિત્વમાન છે અને અસ્તિત્વમાન નથી. આ બંને વિધાન સત્ય હોઈ શકે છે.

આ વિધાનમાં બે પર્યાયોની ક્રમિક અભિવ્યક્તિ છે.

**૪. સ્યાત્ ઘડો અવક્તવ્ય છે.**

પ્રથમ વિધાન અને દ્વિતીય વિધાનને ક્રમિક રીતે લેવામાં આવે છે ત્યારે તૃતીય વિધાન બને છે અને પ્રથમ અને દ્વિતીય વિધાનને યુગપત્ લેવામાં આવે છે, ત્યારે તેમાંથી આ ચતુર્થ વિધાન બને છે.

પ્રથમ અને દ્વિતીય યુગપત્ લેવામાં આવે ત્યારે અસ્તિત્વ અને અભાવ, આ બંને ખ્યાલો એક સાથે સ્વીકારવામાં આવે છે. આમ

બને ત્યારે તે અવક્તવ્ય બની રહે છે.

ઘડાના અસ્તિત્વ અને અભાવ આ બંને સ્વરૂપને એક સાથે દર્શાવવા હોય ત્યારે તે માટે કોઈ શબ્દ નથી તેથી તેને અહીં 'ઘડો અવક્તવ્ય છે' એમ કહેવામાં આવે છે.

અસ્તિત્વ અને અભાવ–આ બંને પાસાં પ્રત્યે એકી સાથે ધ્યાન મનોવૈજ્ઞાનિક અને તાર્કિક રીતે અશક્ય લાગે છે.

સત્ અને અસત્–આ બંને પરસ્પર નિષેધક છે અને તેથી એક અને સમાન વસ્તુમાં બંનેનું એક સાથે આરોપણ અશક્ય છે. આથી 'ઘડો અવક્તવ્ય છે' એમ કહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

**૫. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન છે અને અવક્તવ્ય છે**

ઘડો અસ્તિત્વ ધરાવે છે. તે માન્ય છે, પરંતુ ઘડા વિશે બધું કહી શકાય તેમ નથી, તેથી અસ્તિત્વમાન હોવા છતાં ઘડામાં ઘણું અવ્યક્તવ્ય પણ છે.

આમ અહીં અસ્તિત્વ અને અવક્તવ્યપણું, એક સાથે છે.

અસ્તિત્વમાન હોય તે બધું જ વક્તવ્ય નથી. તદનુસાર અસ્તિત્વમાન વસ્તુ સાથે અવક્તવ્યપણું પણ હોય જ છે.

**૬. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન અને અવક્તવ્ય છે**

આ વિધાનનો અર્થ આ રીતે થઈ શકે-

ઘડો તેના અભાવદર્શક પાસાંમાંના સંબંધમાં અસ્તિત્વમાન નથી, પરંતુ તેના અસ્તિત્વદર્શી અને અભાવદર્શી સ્વરૂપોના દૃષ્ટિબિંદુથી નિહાળતા તે 'અવક્તવ્ય' બની રહે છે.

જેમ અસ્તિત્વ અવક્તવ્ય હોય છે તેમ નાસ્તિકત્વ પણ અવક્તવ્ય હોય શકે છે.

૭. સ્યાત્ ઘડો અસ્તિત્વમાન છે, અસ્તિત્વમાન નથી અને અવક્તવ્ય છે.

ઘડો પોતાના ગુણધર્મ પ્રમાણે અસ્તિત્વમાન છે; પોતાના અભાવદર્શક ગુણધર્મો પ્રમાણે અસ્તિત્વમાન નથી.

આ બંને દૃષ્ટિબિંદુઓને એકી સાથે લેતાં તે 'અવક્તવ્ય' છે.

અહીં ઘડાના ત્રણેય દૃષ્ટિબિંદુનું સંયોજન છે–અસ્તિત્વ, નાસ્તિત્વ અને અવક્તવ્ય!

આ સાતેય વિધાનોને આપણે આ પ્રકારે મૂકી શકીએ.

પ્રથમ અને દ્વિતીય વિધાનો મૂળભૂત વિધાનો છે.

પ્રથમ અને દ્વિતીય વિધાનને ક્રમિક રીતે મૂકતાં તૃતીય વિધાન અને બંનેને યુગપત મૂકતાં ચતુર્થ વિધાન ફલિત થાય છે.

આમાંથી પ્રથમ દ્વિતીય અને તૃતીય વિધાન સાથે ચતુર્થ વિધાન ઉમેરતાં અનુક્રમે પાંચમું, છઠ્ઠું અને સાતમું વિધાન ફલિત થાય છે.

કોઈપણ પરિસ્થિતિ વિશે આ સાત સ્વરૂપે વિધાન કરી શકાય છે – છે, નથી, છે નથી, અવક્તવ્ય, છે અવક્તવ્ય, નથી અવક્તવ્ય અને છે નથી અવક્તવ્ય. આ સાતથી અતિરિક્ત આઠમું કોઈ વિધાન શક્ય નથી. આ રીતે આ અનેકાન્ત દર્શન છે, અને એકાન્ત દર્શન નથી.

કોઈ પણ પદાર્થ કે પરિસ્થિતિનું પ્રત્યેક પાસું આ સાત દૃષ્ટિબિંદુઓથી નિહાળી શકાય છે. આમાંનું પ્રત્યેક દૃષ્ટિબિંદુ સત્ય છે, પરંતુ કોઈ દૃષ્ટિબિંદુ પૂર્ણ નથી. સાંગોપાંગ નથી. સમગ્ર સત્ય સાત દૃષ્ટિબિંદુઓના સમન્વયમાં છે.

વસ્તુના નિર્ણયનો આ સપ્તભંગીનય જૈનદર્શનની વિશિષ્ટ અને અદ્વિતીય પદ્ધતિ છે.

સામાન્યતઃ પ્રત્યેક દર્શન પોતાના મતનું મંડન અને અન્યમતનું ખંડન કરવામાં રાચે છે. ત્યારે જૈનદર્શનનો આ અનેકાન્તવાદ ઉદારતાપૂર્વ કહે છે-

'હા, સ્યાત્ તમારી વાત પણ સાચી હોઈ શકે છે.'

અને યાદ રહે! અન્ય દાર્શનિકોની જેમ જૈન દાર્શનિક સામાન્યતઃ ખંડન-મંડનમાં પડ્યા નથી. આમ બન્યું છે, તેના પાયામાં જૈન સૂરિઓનું આ અનેકાન્તદર્શન છે. ધર્મને નામે સંઘર્ષો જૈનો કદી કરતા નથી. તેમ બનવાના કારણો આ બે છે–જૈન દર્શનનો અનેકાન્તવાદ અને જૈન-આચારની અહિંસા!

આ અનેકાન્તવાદે અને આ અહિંસાના મહાન સિદ્ધાંતે જૈનોને ખૂબ શાંતિપ્રિય પ્રજા બનાવી અને રાખી છે. જૈનો મંદિરો બનાવે છે, પરંતુ અન્ય ધર્મના મંદિરો તોડે તેવી કલ્પના પણ કોઈ ન કરી શકે. આ દુષ્કૃત્યોમાંથી જૈનોને કોણ બચાવે છે? અનેકાન્તવાદ અને અહિંસા!

જૈનદર્શનના સાત પાયા છે-

૧. અનેકાન્તવાદ, ૨. અહિંસા, ૩. નવકાર મંત્ર, ૪. કર્મનો સિદ્ધાંત, ૫. તપ, ૬. ચૌદ ગુણસ્થાન ૭. નવ તત્ત્વો–(૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આસ્રવ (૬) સંવર (૭) નિર્જરા (૮) બંધ (૯) મોક્ષ.

આ સાતેય તત્ત્વનો તાત્ત્વિક આધાર શું છે–આ તાત્ત્વિક આધાર છે–અનેકાન્તવાદ અર્થાત્ અનેકાન્ત દર્શન!

**સમાપન**

વિશ્વના દાર્શનિકોએ અનેકાન્તવાદની જેટલી નોંધ લેવી જોઈએ, તેટલી લીધી નથી, કારણ કે જૈનો અને જૈનધર્મ અનાક્રમવાદી અને અપ્રચારક પ્રજા છે. જૈનોને સંખ્યામાં રસ નથી અને વિજય પણ મેળવવો નથી.

આમ છતાં પોતાની દૃષ્ટિના વિકાસ માટે આપણે સૌ આ મહાનદર્શન–અનેકાન્ત દર્શનને આત્મસાત્ કરીએ તો તેમાં સૌનું કલ્યાણ છે.

✶✶✶

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર (નદી), વાયા મોરબી-૩૬૩૬૪૨. ટેલિફોન : ૦૯૩૭૪૪૧૬૬૧૦.

# અનેકાન્તવાદની વ્યવહારિક ભૂમિકા

□ ગુણવંત બરવાળિયા

*[ લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. જૈન સાહિત્ય અને જૈન ચિંતનને લગતા અનેક પુસ્તકોના લેખક, સંપાદક છે. જૈન જ્ઞાનસત્રનું આયોજન કરી જ્ઞાન-સંવર્ધનની પ્રવૃત્તિમાં સતત કાર્યરત છે. હાલમાં જૈન વિશ્વકોશની પ્રવૃતિ સાથે સંકળાયેલા છે. પ્રસ્તુત લેખમાં તેમણે અનેકાન્તવાદની વ્યવહારિક ભૂમિકા સમજાવી છે. ]*

અનેકાંતવાદ કે સાપેક્ષવાદ એ વસ્તુને યથાર્થ રૂપે જણાવનાર છે તેથી તે યથાર્થજ્ઞાન છે. એકાંતવાદ એ નિરપેક્ષવાદ છે. તેથી વસ્તુને અયથાર્થપણે અને વિપરીત રીતે બતાવનાર છે – તેથી તે મિથ્યા છે. અપ્રમાણ છે. સ્યાદ્વાદ શ્રુતરૂપી પ્રમાણ વડે જાણેલી વસ્તુનું જ્ઞાન એ જ અસંદિગ્ધ અને નિર્ભ્રાત છે. ભ્રાંતિ અને સંદેહ એ જ્ઞાનના દોષ છે. દુષિત જ્ઞાન વડે થતી પ્રકૃતિ યથાર્થ ન હોય. યથાર્થ પ્રકૃતિ વિના ઈષ્ટ સિદ્ધિ ન થાય. ઈષ્ટ સિદ્ધિ માટે જેમ યથાર્થ પ્રકૃતિની જરૂર છે તેમ યથાર્થ પ્રકૃતિ માટે અસંદિગ્ધ (શંકા કે કન્ફ્યુઝન વગરનું) ભ્રાંતિ રહિતના જ્ઞાનની જરૂર છે. આવા સાપેક્ષજ્ઞાન વડે હેયનું હાન (જે જે છોડવા જેવું છે તે છોડી શકાય), ઉપાદેયનું ઉપાદાન (જે ગ્રહ કરવા યોગ્ય છે તેને જીવનમાં ગ્રહણ કરવાની પૂર્વભૂમિકા પાત્રતા સર્જાય) અને ઉપેક્ષણીયની સાચી ઉપેક્ષા રોજબરોજના જીવનમાં તેની માધ્યસ્થ ભાવ દ્વારા ઉપેક્ષા કરી શકાય.

કોઈપણ કથન નિરપેક્ષપણે સત્ય નથી. સત્ય હંમેશાં આપણા દૃષ્ટિબિંદુઓને સાપેક્ષ છે. માનવી પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી પણ જોશે તો બીજાની વાત પણ સાચી છે એવું માનવાથી સ્વીકારવાથી અડધું જગત શાંત થઈ જશે.

અનેકાંતવાદને નામે કેટલીક ગેરસમજણો ફેલાય છે. કેટલાક કહે છે કે સ્યાદ્વાદ એ સંશયવાદ છે. વળી કેટલાક આધુનિકો કહે છે કે સ્યાદ્વાદ એ સમન્વયવાદ છે. વસ્તુતઃ બેમાંથી એક વાત પણ બરાબર નથી.

સ્યાદ્વાદ એ સંશયવાદ નથી પણ સર્વ સંશયોનો છેદ ઉડાડનાર નિશ્ચિતવાદ છે. જે અપેક્ષાએ જે વાક્ય કહેવાય તે અપેક્ષાએ તે વાક્ય તેમ જ છે એમ સ્યાદ્વાદ 'જ' કાર પૂર્વક કહે છે. દાખલા તરીકે સ્યાદવાદી દ્રવ્ય દૃષ્ટિએ આત્માને નિત્ય 'જ' માને છે અને પર્યાય દૃષ્ટિએ અનિત્ય જ માને છે. દ્રવ્ય દૃષ્ટિએ નિત્ય પણ છે અને અનિત્યપણ છે, કે પર્યાદૃષ્ટિએ અનિત્ય પણ છે અને નિત્ય પણ છે, એમ સ્યાદ્વાદ કહેતા નથી, 'જ' કાર પૂર્વક કહેવા છતાં સ્યાત્ પદનો પ્રયોગ તે એટલા માટે કરે છે કે આત્મા જેમ દ્રવ્ય દૃષ્ટિએ નિત્યધર્મવાળો તેમ પર્યાય દૃષ્ટિએ અનિત્યધર્મવાળો પણ છે. એ વાતનું વિસ્મરણ થાય તો એકાંતવાદ આવી જાય અને એકાંતવાદથી તત્ત્વ પામી શકાય નહીં. આમ અનેકાંતવાદ પર્યાપ્ત નિર્ણય કરનારો નિશ્ચિતવાદ છે.

વહેવારમાં ઘણાં તેને સમન્વયવાદ તરીકે ઓળખાવે છે પરંતુ એ બરાબર નથી. વસ્તુમાં રહેલા અનંતધર્મોમાંથી એકની પણ ઉપેક્ષા (અપલાપ) કર્યા વિના વસ્તુના સર્વધર્મનો સમન્વય કરનાર તરીકે ઓળખાવીએ તે ઠીક છે પરંતુ એકાંતવાદના પાયા પર રચાયેલા સર્વ ધર્મો કે સર્વધર્મ માર્ગો મુક્તિ અપાવનારા છે. એમ કહેવું તે નિતાન્ત અસત્ય છે. વહેવારમાં સ્યાદ્વાદીનો સર્વધર્મ સમન્વયવાદ કે સર્વધર્મ તુલનાવાદ જુદો જ છે તે સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્ય રૂપે ઓળખી અસત્યનો પરિહાર અને સત્યનો સ્વીકાર કરવામાં રહેલો છે.

જૈનદર્શનમાં 'સ્યાદ્વાદ' તત્ત્વજ્ઞાનને સમજવા માટે જે પદ્ધતિ તૈયાર કરવામાં આવી છે તેને 'નય' નામથી ઓળખવામાં આવે છે. 'નય' શબ્દનો અર્થ આપણે અપેક્ષાર્થે થતું વસ્તુનું જ્ઞાન Relative Knowledge એવો કરીશું.

આ નયના મુખ્ય બે વિભાગ છે.

(૧) દ્રવ્યાર્થિક એટલે વસ્તુના સામાન્ય સ્વરૂપને સંભવે તે

(૨) પર્યાયાર્થિક એટલે વસ્તુના વિશેષ સ્વરૂપને સમજાવે તે તે સાત નય

૧ઃ નૈગમ ૨ઃ સંગ્રહ ૩ઃ વ્યવહાર ૪ઃ ઋજુસૂત્ર ૫ઃ શબ્દ ૬ઃ સમભિરૂઢ ૭ઃ એવંભૂત

ધર્મના આચરણ માટે જૈનદાર્શનિકોએ એને નિશ્ચય અને વહેવાર નય એમ બે વિભાગમાં વહેંચ્યા છે. અહીં નિશ્ચયનો અર્થ મૂળભૂત સિદ્ધાંત ધ્યેય અથવા એક અને અબાધિત સત્ય એવો થાય છે. માટે વહેવાર નયમાં એ સિદ્ધાંતની પૂર્તિ માટે વહેવારમાં આચરવામાં ઉપયોગી થાય એવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મૂળ સિદ્ધાંતનો બાધક વિરોધી કે ઉન્મૂલક હોય એવા વ્યવહારનો આમ પણ એમાં સમાવેશ થતો નથી.

પ્રત્યેક વસ્તુ અનેક ધર્માત્મક છે. આ અનેક ધર્માત્મક એટલે પ્રત્યેક વસ્તુને એક નહિ પણ વિવિધ બાજુઓ હોય છે. આમાંય પાછી ખાસ ખ્યાલમાં રાખવાની અને સમજી લેવાની વાત એ છે 'કે' આ અનેક ધર્મોમાં પરસ્પર વિરોધી એવા ગુણધર્મો પણ હોય છે.'

ઝેર એક જ હોય છે. પ્રમાણ અને અવસ્થાભેદે તે માણસને મારે પણ છે અને જીવાડે પણ છે. મારતી વખતે એ ઝેર કહેવાય છે અને જીવાડતી વખતે એ ઔષધ અમૃત કહેવાય છે. એક જ વસ્તુનો આ પરસ્પર વિરોધી સ્વભાવ થયો.

મૂળ વસ્તુ એકની એક હોવા છતાં તેના જુદા જુદા સ્વરૂપો જુદા

જુદા નામથી ઓળખાય છે. આ જુદા જુદા સ્વરૂપો પાછા પરસ્પર વિરોધી ગુણ ધર્મોવાળા હોય છે. લોખંડ એક વસ્તુ છે. તેમાંથી બનાવવામાં આવતાં ઢાલ, તલવાર, ચાકુ, કાતર, અને સોય વિગેરેમાં લોખંડ હોવા છતાં તે બધા જુદા જુદા નામે ઓળખાય છે અને વળી પરસ્પર વિરોધી કામ પણ કરે છે. તલવાર કાપે છે જ્યારે ઢાલ એને કાપવા દેતી નથી. કાતર ચીરા પાડી શકે છે જ્યારે સોય એ ચીરાને સાંધીને પાછા એક કરી દે છે.

પિસ્તોલ આપણાં હાથમાં હોય છે ત્યારે આપણું રક્ષણ કરે છે. પ્રતિપક્ષીના હાથમાં જાય તો એ જ પિસ્તોલ આપણું મોત નીપજાવે છે. અહીં પિસ્તોલનો ક્ષેત્રભેદ થયો. પેલા ઝેરમાં (પ્રમાણ) ભાવભેદ થયો હતો.

માણસની પણ બચપણ, કિશોરાવસ્થા, યૌવન, આધેડ અવસ્થા, વૃદ્ધાવસ્થા અને અંતિમ અવસ્થા જોઈએ છીએ. દેહ અને નામ એક જ હોવા છતાં કાળભેદે કાળની અપેક્ષાએ–કેટલા સ્વરૂપો થયા? તેમાં પાછા પરસ્પર વિરોધી, આ વિરોધી પણ માત્ર દૃષ્ટિ પુરતા જ, દેખાવ પુરતા જ નહિ. સ્વભાવ પણ પાછો પરસપર વિરોધી હોય છે.

સંસ્કૃતમાં વિદ્વાન 'તો' જર્મન ભાષા માટે 'ઢ' કહી શકાય. આમ એક વ્યક્તિ વિદ્વાન પણ અને 'ઢ' પણ છે.

સફેદ દીવાલવાળા રૂમમાં પીળા રંગની રાત્રે લાઈટ થાય ત્યારે દીવાલ પીળી લાગે. દિવસે જોનારને સફેદ લાગે. એક અપેક્ષાએ બન્ને સાચા છે અને બન્ને ખોટા પણ છે.

ઘર માલિક આનો ફોડ પાડી શકે.

દ્રવ્યભેદે–દ્રવ્યની અપેક્ષાએ તે એકનો એક જ દેહ સુકોમળ વજ્ર જેવો મજબૂત, માંદલો, તંદુરસ્ત, સશક્ત, અશક્ત, દાઢી મૂછ વગરનો, દાઢી મૂછવાળો, ટટ્ટાર, વાંકો, મખમલ જેવો મુલાયમ અને કરચુલીઓવાળો જર્જરીત પરસ્પર વિરોધી ગુણધર્મોવાળો પણ બને છે.

એ જ દેહ ક્ષેત્રની અપેક્ષાએ અંગ્રેજ, અમેરિકન, યુરોપિયન, આફ્રિકન, બંગાળી અને ગુજરાતી વગેરે જુદા જુદા નામે ઓળખાય છે.

ભાવની અપેક્ષાએ જ માણસ સૌમ્ય, રૌદ્ર, શાંત, અશાંત, સ્થિર, અસ્થિર, ધીર, અધીર, છીછરો, ગંભીર, રૂપાળો અને કદરૂપો પણ દેખાય છે.

કાળની અપેક્ષાએ એને જ આપણે બાળક, કિશોર. યુવાન આધેડ અને વૃદ્ધ કહીએ છીએ. આમ મનુષ્યનો દેહ એકનો એક હોવા છતાં, વસ્તુ તરીકે એક જ હોવા છતાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની ભિન્ન ભિન્ન અપેક્ષાથી જુદો જુદો દેખાય છે. જુદો જુદો બની જાય છે. આ બધું આપણે સાચું માનીએ જ છીએ. બધાં માને છે. આ બધું એ નિઃશંક પુરવાર કરે છે કે કોઈ પણ પદાર્થમાં પરસ્પર વિરોધી એવા ગુણધર્મોનું અસ્તિત્વ હોય જ છે. આ વાતનો સ્વીકાર કરવામાં હવે કશી અસ્પષ્ટતા નહિ રહે, કંઈ મુશ્કેલી નહિ રહે. જૈન દાર્શનિકોએ અનેકાંતવાદનો આશ્રય લઈને આવી ઘણી વાતો સ્પષ્ટતાથી સમજાવી છે.

આધુનિક મનોવિજ્ઞાન શાસ્ત્રીઓ કહે છે કે, દરેક માણસોમાં 'ડૉક્ટર જેકિલ અને મિસ્ટર હાઈડની' જેમ પરસ્પર વિરોધી, ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર ધરાવતી વૃત્તિઓ હોય જ છે. એટલે, કોઈપણ સંસારી માણસને સર્વથા સારો અથવા સર્વથા ખરાબ-બુરો-એમ કહી શકાય જ નહિ.

એક સજ્જને પોતાના નામથી એક સાર્વજનિક દવાખાનું બાંધવા માટે પંદર લાખ રૂપિયા આપ્યા. તેને ત્યાં કામ કરતા એક નોકરને ઓપરેશન કરાવવા માટે જરૂરી પંદર હજાર રૂપિયા આપવાની તેમણે ઘસીને ના પાડી. પરિણામે જરૂરી સારવાર પેલો ગુમાસ્તો મેળવી ના શક્યો અને એનું અવસાન થયું.

આ સજ્જન માટે આપણે શું કહીશું? દયાળુ? ઉદાર? નિર્દય? અધમ? જવાબ આપવાની કશી આવશ્યકતા નથી. સહેજે સમજાઈ જાય એવી વાત છે.

આવા આવા તો અનેક દૃષ્ટાંતો ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં જોવા મળશે. એ બધા ઉપરથી સહેજે સમજાશે કે 'એક જ વસ્તુ છે અને નથી' એમ જ્યારે જૈન દાર્શનિકો કહે છે તે અનેકાંત દૃષ્ટિથી કહે છે અને તે યથાર્થ છે, એમ કહેવામાં તેઓ તદ્દન સાચા છે. આ વાતનો સ્વીકાર આપણે કરવો જ જોઈએ.

અનેકાંત દૃષ્ટિની આવી વાતો ખૂબ જ સમજવા જેવી છે. જો બરાબર સમજાઈ જાય તો, પછી જગત અને જીવનની તમામ સમસ્યાઓનો ઉકેલ બહુ જ સરળતાથી આવી જાય.

અનેકાંત દૃષ્ટિ રાખીને આ વાતનો વધારે વિચાર કરીશું તો, એક જ વસ્તુમાં સત્ત્વ અને અસત્ત્વ, નિત્યત્ત્વ અને અનિત્યત્ત્વ તેમ જ એકત્વ અને અનેકત્વ વગેરે એક જ સમયે રહે છે, એ સમજવામાં કશી મુશ્કેલી નહિ નડે. એ બધું જોવા અને સમજવા માટે, અનેકાંતવાદનો આશ્રય લેવો પડશે. એનો આધાર જો ન લઈએ તો તે આપણને કદીપણ નહિ સમજાય.

એક અને અનેક એક સાથે એક સમયે રહે છે, તે સમજવામાં તો આજના આ વિજ્ઞાનવાદી અણુ-પરમાણુ-સંશોધન યુગમાં કશી મુશ્કેલી નહિ નડે.

વસ્તુનું નિત્યત્વ અને અનિત્યત્વ સમજવું પણ સહેલું છે. બધું જ પરિવર્તનશીલ છે; આ વાત તો સૌ કોઈ સ્વીકાર છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ તથા અવસ્થા (પર્યાય) ભેદે એક જ વસ્તુ અનેક પરિવર્તનો પામે છે. એ પરિવર્શનશીલ છે એટલે એને અનિત્ય કહી શકાય–અનિત્ય છે. છતાં, એનું મૂળ દ્રવ્ય, જુદા જુદા સ્વરૂપમાં પણ એમાં કાયમ રહે છે, એટલે એને નિત્ય પણ કહી શકાયે–નિત્ય છે. એકલું નિત્ય કહેવું એ જેમ ખોટું ઠરે તેમ એકલું અનિત્ય કહેવું એ પણ ખોટું છે.

આ પરિવર્તન પણ સહસા–એકાએક નથી થતું. એ એનો

સમય લે જ છે. કપડું એકદમ મેલું થતું નથી, ચોખામાંથી ભાત એકદમ નથી બની જતો, ઘઉંમાંથી સીધી રોટલી નથી બનતી અને બાળક એકદમ વૃદ્ધ નથી બનતું. આ બધાનો એક કાળક્રમ છે. આવા બધા પરિવર્તનો છતાં એની મૂળ વસ્તુનો સર્વથા નાશ પણ નથી થતો.

માટીમાંથી ઘડો જ્યારે બનાવ્યો ત્યારે તે ઘડાના સ્વરૂપમાં પણ મૂળ પદાર્થ માટીનું અસ્તિત્વ તો રહ્યું જ. એ ઘડાના જ્યારે ટુકડા થાય છે, ત્યારે, એના એ બીજા સ્વરૂપમાં પણ મૂળ દ્રવ્ય માટીનું અસ્તિત્વ હોય છે.

એ જ ન્યાયે તત્ત્વજ્ઞાનની ભૂમિકા ઉપર, કોઈપણ વસ્તુતત્ત્વને સર્વથા સત્ય કે અસત્ય, સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય એમ માનવું એ પણ ભૂલ છે. બધા જ વસ્તુતત્ત્વો જેવા છે તેવા જ રહેવાના હોય, એમાં પરસ્પર વિરોધી ગુણધર્મો જો ન હોય અને એ પરિવર્તનશીલ ન હોય તો પછી એનું અસ્તિત્વ કેવળ નિરૂપયોગી બની જાય છે.

પત્થર એક કાળે જેવો અને જેવડો છે, તેવો અને તેવડો જ જો સર્વકાળે તે રહેવાનો હોય, તો પછી એનો અર્થ એ થયો કે તેનામાં ક્રિયાશીલતા નથી. હવે, એનામાં ક્રિયાશીલતા જો ન હોય, તો પછી એના દ્વારા કંઈ પણ કાર્ય થાય એવી આશા કેમ રાખી શકાય?

એવી જ રીતે, બ્રહ્મને એકને જ માત્ર સત્ય માનવામાં આવે અને એના અસ્તિત્વને તદ્દન સ્થિર તેમજ અપરિવર્તનશીલ માનવામાં આવે, તો પછી, એનામાં ક્રિયાશીલતાનો અભાવ હોઈ એની ઉપયોગિતા શું?

જગતને જો સર્વથા મિથ્યા જ માનવામાં આવે, તો પછી, જેને વાસ્તવિક (સત્ય) માનવામાં આવે છે તેવા બ્રહ્મ સાથે એનો સંબંધ જોડી જ કેવી રીતે શકાય! એવી જ રીતે જડ અને ચેતનને એકબીજાથી તદ્દન ભિન્ન જ માનવામાં આવે તો પછી એકની અસર બીજા ઉપર થાય એવી આશા પણ કેમ રાખી શકાય?

જગત જો પરિવર્તનશીલ હોય તો પછી, એ જગતમાંથી ઉત્પન્ન થયું હોવાનું વૈદિક તત્ત્વજ્ઞાનીઓ માને છે ને બતાવે છે, તે બ્રહ્મ પણ, પરિવર્તનશીલ જ હોવું જોઈએ. એમ જો ન હોય તો એક નિત્ય અને અપરિવર્તનશીલ બ્રહ્મમાંથી અનિત્ય અને પરિવર્તનશીલ જગત ઉદ્‌ભવે જ કેવી રીતે?

એકાંત નિત્યમાંથી અનિત્ય કે એકાંત અનિત્યમાંથી નિત્યનો સ્વતંત્ર ઉદ્‌ભવ કદી સંભવી શકે જ નહિ. આ વાત જૈન તત્ત્વજ્ઞાનીઓએ ખૂબ જ ભારપૂર્વક અને અસંદિગ્ધપણે કહી છે. એ વાત ખૂબ સમજવા જેવી છે. દ્વૈત, અદ્વૈત અને એના બધા ફાટાઓમાંથી તથા ક્ષણિકવાદ વગેરે બધાં એકાંત તત્ત્વજ્ઞાનોમાંથી આ બધી સમજણ મળતી નથી. કેમકે એ બધા પાછળ દર્શાવ્યું છે તે મુજબ એક નય (એકાંતજ્ઞાન)ના આધારે અને એકાંતિક નિર્ણયો દ્વારા રચાય છે. એ બધાની સામે સરોવરના સમૂહ સમક્ષ ઘૂઘવાતા મહાસાગર સમો જૈન તત્ત્વજ્ઞાનનો અનેકાંતવાદ ઉભો છે. એની સમજણ એ જ સાચી સમજણ છે. આ વાત સ્વીકારવામાં હવે કશી આપત્તિ રહે છે? નથી રહેતી. હજુ થોડુંક વિશેષ સ્પષ્ટિકરણ કરીએ.

સત્ય અને અસત્યને બદલે આપણે સત્વ અને અસત્વ એવા બે શબ્દો મૂકીએ. આ બંનેમાં પરસ્પર વિરોધી એવા ગુણધર્મો છે. પણ, અહીં આપણે પેલી ચાર અપેક્ષાને, ચતુષ્ટયને લાવીને મૂકીશું તો જણાશે કે સ્વદ્રવ્યક્ષેત્રકાળભાવથી કે સત્વ છે, તે જ સત્ત્વ પરદ્રવ્યક્ષેત્રકાળ ભાવથી અસત્ત્વ છે.

આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષામાં સ્વ શું અને પર શું? આ વાત નવી આવી, કેમ? કશા સંભ્રમમાં ન રહેવાય એટલા ખાતર એક ટૂંકી સમજણ આપણે અહીં લઈ લઈએ. જ્યાં 'પોતે' છે એ 'સ્વ' અને જ્યાં 'પોતે' નથી એ 'પર'. આ વિષય ઉપર આપણે આવીએ ત્યાં સુધીમાં આનો થોડોક વિચાર જો કરી રાખશો તો તે વખતે એ સમજવાનું બહુ સહેલું થઈ પડશે.

આ રીતે અસત્ત્વ અને સત્ત્વ, અનિત્યત્વ અને નિત્યત્વ, અનેકત્વ અને એકત્વ વિગેરે પરસ્પર વિરોધી ગુણધર્મવાળી બાબતોને, તે વસ્તુઓને આપણે જો વિવિધ બાજુઓથી જોઈએ તો પછી એ બધું અનેકાંતાત્મક છે, એ વાત ખૂબ સરળ રીતે અને સહેલાઈથી સમજાશે.

એક જ વસ્તુમાં અનેક પ્રકારના ગુણધર્મો હોય છે એ વાત જૈનેતર તત્ત્વજ્ઞાનીઓએ પણ સ્વીકારેલી છે. જે લોકો અનેકાંતવાદને પૂર્ણપણે સમજ્યા નથી એ લોકો એવો પ્રશ્ન પૂછે છે કે 'આ તો અમારામાં પણ છે? જૈન ફિલસૂફોએ નવું શું કહ્યું?'

અહીં જ, જૈન ધર્મની વિશિષ્ટતાનું દર્શન થાય છે. પ્રત્યેક વસ્તુમાં અનેક ગુણધર્મો હોય છે, એ દેખાડવા માત્રથી જ જૈન તત્ત્વજ્ઞાનને અનેકાંતવાદ નામ નથી આપાયું. જૈનદર્શને વસ્તુ, એ વાત, સાબિત કરીને બતાવી છે.

તદુપરાંત, એ પ્રત્યેક વસ્તુમાં 'પરસ્પર વિરોધી' એવા તત્ત્વો 'એક સાથે' રહેલા છે અને વસ્તુ માત્ર 'અનેક ગુણધર્માત્મક' નહિ પણ 'પરસ્પર વિરોધી એવી અનેકગુણધર્માત્મક' છે એમ જૈન તત્ત્વજ્ઞાન કહે છે. આ જે વિરોધી ગુણધર્મો છે તે એકાંત દૃષ્ટિથી દેખાતા નથી. અનેકાંત દૃષ્ટિથી જ એને જોઈ તથા સમજી શકાય છે. જૈન તત્ત્વજ્ઞાનની, અનેકાંતવાદની, જે વિશિષ્ટતા છે તે આ છે. આ કંઈ નાની સૂની વિશિષ્ટતા નથી. તત્ત્વજ્ઞાનના વિષયમાં એ એક મહાન સિદ્ધિ છે. એટલા માટે જ આ અનેકાંતવાદને તત્ત્વશિરોમણી માનવામાં આવ્યું છે.

આકારણ કરુણાના કરનાર ભગવાન મહાવીરની ચિંતનપ્રધાન તપસ્યાએ તેમને અનેકાંત દૃષ્ટિ સુઝાડી અને એમની સત્પન્ન શોધનો સંકલ્પ સફળ થયો. એમને પોતાને સાંપડેલી એ અનેકાંત દૃષ્ટિ ચાવીથી વ્યક્તિગત તેમ જ સામૂહિક જીવનની વ્યાવહારિક અને પારમાર્થિક સમસ્યાઓના તાળા ઉઘાડી નાખ્યા અને સમાધાન મેળવ્યું ત્યારે એમણે જીવનમાં ઉપયોગી વિચાર અને આચારનું ઘડતર કરતી વખતે

એ અનેકાંત દૃષ્ટિને નીચે પ્રમાણેની મુખ્ય શરતોથી પ્રકાશિત કરી અને પોતાના જીવનદ્વારા એનું અનુસરણ કરવાનો કેટલી શરતોએ ઉપદેશ આપ્યો.

- રાગ અને દ્વેષમાંથી પેદા થતા સંસ્કારોથી વશ ન થવું અર્થાત તેજસ્વી મધ્યસ્થભાવ ધારણ કરવો.
- જ્યાં લગી મધ્યસ્થ ભાવનો પૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી એ ધ્યેય રાખીને કેવળ સત્યની જિજ્ઞાસા રાખવી.
- ગમે તેવા વિરોધી દેખાતા પક્ષથી ગભરાવું નહિ અને પોતાના પક્ષની જેમ એ પક્ષની પણ આદરપૂર્વક વિચારણા કરવી અને પોતાના પક્ષ તરફ પણ આકરી સમાલોચક દૃષ્ટિ રાખવી.
- વિરોધી લાગતા હોય તેવા બીજાના અનુભવોમાંથી જે જે અંશો સાચા લાગે તેનો વિવેકબુદ્ધિથી સમન્વય કરવાની ઉદારતા સાથે અભ્યાસ કરવો. સમન્વય કરવામાં મિથ્યાભિમાનનો ત્યાગ કરવો.

જીવન વહેવારમાં અનેકાંતના આચરણ માટે ભગવાનની આ શીખમાં સ્વ પર કલ્યાણ અભિપ્રેત છે.

જૈન તત્ત્વજ્ઞાનીઓએ હંમેશાં એવો આગ્રહ રાખ્યો છે કે તીવ્ર બુદ્ધિશક્તિ હોવા છતાંય તટસ્થ ભાવ જ્યાં સુધી પ્રગટતો નથી ત્યાં સુધી પૂર્ણ સત્યની પ્રાપ્તિ થતી નથી, એ તટસ્થવૃત્તિ કેળવવા માટે અજ્ઞાન દૂર કરી સમ્યકજ્ઞાન મેળવવું પડે. પૂર્વગ્રહો, અભિપ્રાયો અને અહંકારથી મુક્ત થવું પડશે. ઈન્દ્રિયાદિક વૃત્તિઓ સાથેનો સંબંધ ધરાવતા ભૌતિક સ્વાર્થને ત્યાગવો પડશે. વિવેકબુદ્ધિના જાગરણ સાથે વિશ્વવાત્સલ્ય, કરૂણા અને મૈત્રીભાવ કેળવવો પડે વળી. પરમત સહિષ્ણુતાની પાવન જ્યોત પ્રગટે તો જ અનેકાંતનો અનેરો લાભ મળે.

બીજો પણ સાચો હોઈ શકે, બીજી દાર્શનિક પરંપરા ને અન્ય ધર્મોની વાત સહિષ્ણુતાથી સાંભળવી (તેને માની લેવી એવું જરૂરી નથી). તેમ કરવાથી ધર્મઝનુન નિવારી શકાય, અનેકાંત સમજીને દરેક પાસાનો વિચાર કરવાથી વ્યવહારિક જીવનમાં – પતિ-પત્ની, માતા-પિતા, પૂત્ર-પૂત્રી, ભાઈ-ભાઈ, સાસુ-વહુ, નણંદ-ભોજાઈ જેવા સંબંધોમાં સામંજસ્ય સર્જાશે. શિષ્ય-ગુરુ, ભક્ત-ગુરુ, નોકર-માલિક (શેઠ), સંસ્થાના કાર્યકરો રાજકીય પક્ષો, શિક્ષક-વિદ્યાર્થી, નેતા-અમલદા–પ્રજા વચ્ચે દરેક તબક્કે હાર્મની જળવાઈ રહેશે.

અનેકાંત દ્વારા રાષ્ટ્રની સીમાઓ, જળ, જમીન, આકાશ અને કુદરતી સંપત્તિની વહેંચણી માટેના ઘર્ષણ અટકશે. અનેકાંતનું આચરણ વ્યક્તિને અન્ય ધર્મ પ્રત્યે થતી નફરત રોકશે પણ જ્યાં જ્યાં સારું છે તે મારું છે, મારું છે તે જ સારું છે નહિ પણ અનેકાંતની સમજણથી હંસદૃષ્ટિનો વિવેક, પ્રમોદભાવ અને માધ્યસ્થ ભાવ પ્રગટશે.

લોહીને હિંસા સાથે સંબંધ છે. સામાન્ય રીતે હિંસક પ્રવૃત્તિમાં આપણને લોહી દેખાય છે, પરંતુ આ તો સ્થૂળ હિંસાની વાત થઈ. કેટલીક હિંસક પ્રવૃત્તિઓ એવી હોય છે કે જે હિંસા દ્વારા લોહી વહેતું નથી છતાં એ પ્રવૃત્તિ તીવ્ર અને ઘાતક હોય છે.

વિશ્વાસઘાત, કોઈના ગુપ્ત રહસ્યોને વિવેકહીન રીતે ઉઘાડાં પાડવાં, ધ્રાસ્કો પડે તેવું બોલવું કે સમાચાર આપવા, શોષણ અને અન્યાય દ્વારા પરિગ્રહની પ્રવૃત્તિ પણ હિંસા છે. અયોગ્ય માર્ગે કોઈનું બ્રેઈન વૉશ કરવું કે ષડયંત્રો રચવા એ હિંસા છે.

વિચારોના વિકૃત અર્થઘટન અને અભિવ્યક્તિ દ્વારા આપણે હિંસક બની અનેકાંતના હત્યારા બનીએ છીએ. આકરી, શુષ્ક, અશક્ય અને કાલ્પનિક વાતો દ્વારા યુવાનોને ધર્મવિમુખ બનાવવાની હિંસાથી બચીએ.

અપરિગ્રહના એકાંતિક આગ્રહથી હું કદાચ કટ્ટર દિગંબર બની શકું. અહિંસાના એકાંતિક આગ્રહથી હું કદાચ કટ્ટર સ્થાનકવાસી બની શકું. જીવદયા અને હિંસાના વૈચારિક અનુબંધથી હું કદાચ તેરાપંથી બની શકું. જિનપૂજામાં આરંભ-સમારંભની વિવેકહિન અનિવાર્યતા મને કદાચ કટ્ટર મૂર્તિપૂજક બનાવી દે. કટ્ટરતામાં ધર્મઝનૂન અભિપ્રેત છે. ધર્મ એ અમૃત છે, પણ ઝનૂન એ વિષ છે. એ વિષથી આપણે બચવાનું છે. વિવેકપૂર્વક વિચારીશું તો અહીં અનેકાંત વિચારધારા આપણને બચાવી શકે. એકાંત ક્રિયાવાદ કે એકાંત જ્ઞાનવાદ મોક્ષ તરફ જવાના માર્ગે નહીં લઈ જઈ શકે. જ્ઞાનની આંખ અને ક્રિયાની પાંખ દ્વારા જ આ આતમ પંખી ઊર્ધ્વગમન કરી શકે.

મારી વિચારધારા, દૃઢ માન્યતા અને આગ્રહને કારણે હું ત્યાગમાર્ગમાં પણ શાંતિ મેળવી શકું નહિ. કામરાગ અને સ્નેહરાગથી છૂટવું હજી સહેલું છે, પણ દૃષ્ટિરાગથી મુક્ત થવું કઠિન છે.

દૃષ્ટિરાગથી પરાધીન એવા મને મારી દયા આવે છે. દયા-ધર્મના જ્ઞાતાઓએ કહ્યું છે કે પહેલાં સ્વદયા પછી પરદયા. સ્વદયા એટલે પોતાનાં જ્ઞાન, શાંતિ, આનંદ અને સમત્વના ભાવપ્રાણ હણવા ન દેવા તે. અહીં પળે પળે ભયંકર ભાવમરણથી આત્મરક્ષણની વાત અભિપ્રેત છે. પોતાના ભાવપ્રાણ હણાય તેવી પ્રવૃત્તિ સ્વહિંસા છે. જ્યારે બીજાના ભાવપ્રાણ હણાય તેવી પ્રવૃત્તિ પરહિંસા છે.

સાધનાના માર્ગે આગળ વધતો સાધક વિવેક અને જયણા દ્વારા લોહી વહે તેવી સ્થૂળ હિંસા તો સહજ નિવારી શકે, પરંતુ અહીં આગળ વધીને સૂક્ષ્મ અહિંસાનું ચિંતન કરવાનું છે. લોહી ન વહે તેવી હિંસાથી બચવાનો પુરુષાર્થ સાધકનો સમ્યક્ પુરુષાર્થ છે. અને ભગવાન મહાવીરે ચીંધેલી અનેકાંત વિચારધારાનું આચરણ જ તેમાં સહાયક બની શકે.

✷ ✷ ✷

**સંદર્ભ ગ્રંથ :**


અનેકાંત સ્યાદ્વાદ. લેખક-ચંદુલાલ શાહ 'ચંદ્ર'

અનેકાંતવાદ. લેખ-હરિસત્ય ભટ્ટાચાર્ય

જૈન ધર્મનો પ્રાણ. લેખક-પંડિત સુખલાલજી



૬૦૧, સ્મીત ઍપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર ઈસ્ટ,
મુંબઈ-૪૦૦ ૦૭૭. મો. : ૦૯૮૨૦૨૧૫૫૪૨.

# અનેકાન્તવાદ અને સાપેક્ષવાદ

□ ડૉ. જે. જે. રાવલ

*[ ડૉ. જે. જે. રાવલ મુંબઈ પ્લેનેટરી સોસાયટીના પ્રેસિડેન્ટ છે. ખગોળ વિજ્ઞાનને લગતા અનેક મહત્ત્વના સંશોધનો તેમણે કર્યા છે અને તેમણે કરેલું પ્રદાન ખૂબ જ મહત્ત્વનું છે. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે તેમનું નામ જાણીતું છે. ૨૦૦૦ લેખો, અનેક સંશોધન પત્રો અને ૨૪થી વધુ પુસ્તકો લખ્યા છે. તેઓએ આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ પર સંશોધન પણ કર્યું છે. અહીં તેઓએ અનેકાન્તવાદની વાત સાપેક્ષવાદના સંદર્ભે ખૂબ જ રસપ્રદ રીતે રજૂ કરી છે. ]*

આધુનિક સમયમાં સાપેક્ષવાદનો સિદ્ધાંત આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાંતના નામે વિખ્યાત છે. તથ્યમાં તે હજારો વર્ષોથી ભારતીય મનીષીઓને જાણીતો હતો. વેદો અને ઉપનિષદોમાં માનવીના મનોવિજ્ઞાન સંદર્ભે તેનો ઉલ્લેખ છે. મનીષીઓએ કહેલું કે માનવીના માઈન્ડની એટલી શક્તિ છે કે તે ગમે તે કરી શકે છે. સુખદુઃખ એ બધું સાપેક્ષ છે.

મહાવીર સ્વામીએ અનેકાંતવાદમાં સાપેક્ષવાદને સમાવી, માનવીને બ્રહ્માંડને નીરખવાની અને સત્યના સ્વરૂપનો અહેસાસ કરવાની દૃષ્ટિ આપી.

આઈન્સ્ટાઈને ગણિતશાસ્ત્રીય અને ભૌતિકશાસ્ત્રીય રીતે સાબિત કર્યું કે ગતિ, સમય, પરિમાણો, પદાર્થ, રંગ બધું જ સાપેક્ષ છે. તમે તેને અને બ્રહ્માંડને કયા પ્લેટફોર્મ પરથી જુઓ છો તેના પર બધો આધાર છે. કઈ દૃષ્ટિથી તમે બ્રહ્માંડને જુઓ છો તેવું બ્રહ્માંડ દેખાય. બ્રહ્માંડમાં કશું પણ નિરપેક્ષ નથી. માટે હંમેશાં વસ્તુને સાપેક્ષમાં, સંદર્ભમાં જોવાની રહે છે. ગરમ-ઠંડું, ડાબું-જમણું, હોંશિયાર-ઠોઠ, નાનું-મોટું બધું જ સાપેક્ષ છે.

અત્રે આપણે મહાવીર સ્વામીના અનેકાંતવાદને, સ્યાદ્વાદને, નયવાદને – સાપેક્ષવાદની પાર્શ્વભૂમિકામાં સમજવાનો પ્રયત્ન કરીશું.

અનેકાંતવાદ એટલે પોતાના જ મંતવ્યો, વિચારો અને માન્યતાઓને ન વળગી રહી બીજાના મંતવ્યો, વિચારો અને માન્યતાઓને પણ એટલો જ આદર આપવો અને તેના પર પણ વિચાર કરવો અને ધ્યાન આપવું, કારણ કે 'સત્ય એક જ નથી.' સત્યને પામવાના ઘણા રસ્તા છે. બીજાના વિચારોને પણ સમજમાં લેવા. એકાંતવાદ એટલે માત્ર પોતાની માન્યતા જ સાચી અને એ જ સત્ય છે, બીજું સત્ય નથી એવો ભાવ. અનેકાંતવાદને અંત હોતો નથી, તેને છેડો હોતો નથી. જ્યારે એકાંતવાદને છેડો હોય છે. અંત (Dead End) હોય છે. જ્યાંથી આગળ વધી શકાય નહીં.

૨૪મા જૈન તીર્થંકર મહાવીર સ્વામી (ઈ. પૂ. ૫૯૯-૫૨૭)એ કેવળજ્ઞાન પામ્યા પછી અનેકાંતવાદનો પ્રથમ બોધ આપ્યો. આ દર્શાવે છે કે મહાવીર સ્વામી ફક્ત જ્ઞાન જ પામ્યા ન હતા, પણ કેવળજ્ઞાન પામ્યા હતા. આ વિષયને સંલગ્ન બધું સાહિત્ય વાંચતા હું એવા નિર્ણય પર આવ્યો છું કે અનેકાંતવાદ એ સુપ્રીમ સિદ્ધાંત છે. માનવકલ્યાણ માટે, માનવના ઉત્થાન માટે અને જ્ઞાનની પરિસીમાની નજીક પહોંચવા માત્ર અનેકાંતવાદ જ અંતિમ રસ્તો છે. જો કે આમ કહેવું અનેકાંતવાદની વિરૂદ્ધમાં છે અને તે એકાંતવાદમાં પરિણમે છે, પણ તે સ્યાદ્વાદને લીધે અનેકાંતવાદ જ બની રહે છે, કારણ કે અંશની વાત કરીએ ત્યારે સ્યાદ્વાદથી જ વાત કરી શકાય. આ બધાને સમજવા અને વિચારવા ભાષાની ક્ષમતા ઓછી પડે છે. શબ્દોની ક્ષમતા ઓછી પડે છે. છેલ્લા અઢી હજાર વર્ષમાં મહાજ્ઞાની, કેવલજ્ઞાન પ્રાપ્ત મહાવીર સ્વામીનો આ સિદ્ધાંત મહાસિદ્ધાંત તરીકે ઉપસી આવે છે. તેની અંદર અહિંસા ભારોભાર ભરી છે. વિચારોની હિંસાને તે પૂર્ણવિરામ આપે છે. હું પોતે શંકરાચાર્યનો અનુયાયી છું, જે અદ્વૈતવાદના સિદ્ધાંતના પ્રવર્તક છે પણ હું સંમત થયો છું કે અદ્વૈતવાદ કરતાં અનેકાંતવાદ શિખરે બેસે છે, તે ડેડ-એન્ડ નથી. શંકરાચાર્યને કદાચ આઈન્સ્ટાઈનનો સિદ્ધાંત, $E=me^2$ અને કવૉન્ટમ સિદ્ધાંત, વેવ પાર્ટીકલ ડુઆલીટી (Duality), તરંગ અને પદાર્થકણના દ્વિસ્વરૂપની જાણ ન હતી. જો તેમને આ સિદ્ધાંતોની ખબર હોત તો તે અદ્વૈતવાદ જરૂર સુધારતે. આઈન્સ્ટાઈને દર્શાવ્યું કે પદાર્થ એ પદાર્થ નથી અને ઉર્જા એ ઉર્જા નથી. પદાર્થ ઉર્જામાં રૂપાંતર પામી શકે છે અને ઉર્જા પદાર્થમાં. આમ પદાર્થકણ અને તરંગો એકબીજાના રૂપક છે. પ્રકાશકણ ફોટોન પદાર્થકણ છે અને તરંગો પણ છે. પદાર્થકણ એટલે પદાર્થ (Mass-m) અને ઉર્જા એટલે તરંગો (Waves). આ સાબિત કરવામાં પ્લાન્ક $E=hv$, E= ઊર્જા, v એટલે તરંગનું આવર્તન (ફ્રિક્વન્સી) અને h એ અચળ (constant) જેને પ્લાન્કના માનમાં 'પ્લાન્ટનો અચળ' કહે છે. પ્લાન્કે આમ કુદરતના વિરોધાભાસી રૂપને પ્રગટ કર્યું. આમ અનેકાંતવાદ વસ્તુનું વિરોધાભાસી ચિત્ર પણ ખડું કરી શકે છે. જેમ કે સૂર્ય આપણને જીવાડે છે તેમ તે આપણને મૃત્યુ પણ પમાડી શકે છે. કાર્બન ડાયોક્સાઈડ અંગારવાળું છે. ગ્લોબલ-વોર્મીંગ કરે છે પણ તે વૃક્ષોનો ખોરાક પણ છે અને આ વાયુથી જ આપણે પૃથ્વી પર હૂંફ પામી શકીએ છીએ, નહીં તો આપણે ઠંડા થઈ જાત. ઠંડીમાં જ્યારે ખૂબ જ ઠંડી લાગે છે ત્યારે આપણે કોચલું વળીને માથે ઓઢીને સૂઈ જઈએ છીએ, પણ કાર્બનડાયોક્સાઈડને લીધે આપણે હૂંફ પામીને પગ પસારવા શક્તિમાન બનીએ છીએ. અગ્નિ આપણને બાળી શકે છે

પણ તે જ અગ્નિ આપણને જીવાડે પણ છે.

આપણે પૃથ્વી પર મેદાનમાં જઈએ તો આપણને લાગે કે આપણે જ વિશ્વના કેન્દ્રમાં છીએ. મુંબઈથી દિલ્હી જઈને જોઈએ તો પણ એમ જ લાગે કે આપણે વિશ્વના કેન્દ્રમાં છીએ. તો ખરેખર વિશ્વના કેન્દ્રમાં ક્યું બિન્દુ છે ? દરેકે દરેક બિન્દુ વિશ્વનું કેન્દ્ર છે અને કોઈ પણ બિન્દુ વિશ્વનું કેન્દ્ર નથી. તે અનેકાંતવાદને પ્રદર્શિત કરે છે.

આપણે આપણી ફરતે દૂર દૂર ક્ષિતિજ (Horizon) જોઈએ છીએ. તે આભાસ છે. આપણે ચાલીએ તો આપણી સાથે ક્ષિતિજ પણ ચાલવા લાગે. તે આપણા વિશ્વને બાંધતી હોય તેમ લાગે, પણ તે સત્ય હોવા છતાં અસત્ય છે, કારણ કે બ્રહ્માંડ વિશાળ છે. એકાંતવાદ માનવીને છેડે લાવીને માર્ગ વગરનો કરી મૂકે છે. જ્યારે અનેકાંતવાદ માનવીને હજારો રસ્તા દેખાડી શકે છે.

અનેકાંતવાદના જ્ઞાનથી અદ્વૈતવાદ એકાંતવાદ તરીકે નજરે પડે છે. તે સંશાત્મક થઈ જાય છે. તેની હદ બંધાય છે. વિજ્ઞાન બધી જ જાતના બળો એક જ છે, છેવટે બધું એક જ છે એમ પ્રતિપાદિત કરી અદ્વૈતવાદને સાબિત કરે છે પણ તેનું છેલ્લું પગથિયું જે છે તે બ્રહ્માંડની ચેતના છે. ઊર્જા છે અને તેને દ્વિસ્વરૂપ છે. Wave particle duality છે. તે અદ્વૈતવાદમાંથી અનેકાંતવાદમાં પ્રવેશે છે. માટે એકાંતવાદની પાર્શ્વભૂમિમાં અંશ તરીકે બધા વાદ સમજી શકાય તેમ છે. એનો અર્થ એ નથી કે આ બધા વાદો ખોટા છે. પણ તેમને પણ આપણી સમજમાં સ્થાન છે જેટલું અનેકાંતવાદનું આપણી સમજણમાં સ્થાન છે. આ જ અનેકાંતવાદને શિખરે બેસાડે છે તેમ છતાં તે અનેકાંતવાદ છે. તે છેડો હંમેશા ખુલ્લો જ રાખે છે.

એકાંતવાદ સમય અને સ્થળનો સૂચક છે. જે સમયે અને જે સ્થળે જે સત્ય આપણને સમજાયું તે એકાંતવાદ, પણ અનેકાંતવાદ તેનાથી આગળ જાય છે, એ અર્થમાં અનેકાંતવાદ સંપૂર્ણ છે, સંપૂર્ણતા દર્શાવે છે, નિરપેક્ષતા દર્શાવે છે. તેમ છતાં તે પોતાને નિરપેક્ષ માનતો નથી. બધા રસ્તા ખુલ્લા રાખે છે. આ ઉપરથી આપણને ખબર પડે છે કે મહાવીર સ્વામીએ ખરેખર કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. કેવળજ્ઞાન એટલે શું ? તેનો આપણને અહીં અર્થ અને મહત્તા સમજાય છે.

કેટલાંક લોકો માને છે કે વિજ્ઞાન ધર્મની વિરૂદ્ધ છે. હકીકત એ છે કે વિજ્ઞાન ધર્મનું જબ્બર ટેકેદાર છે. આધુનિક યુગમાં ધર્મના સિદ્ધાંતોને ભૌતિક રીતે સાચા દર્શાવવા માટે વિજ્ઞાન જ એક માર્ગ છે અને તે કરી શકે છે, પણ તે સંશયાત્મક સત્ય છે. એકાંતવાદનું સ્યાદવાદનું સત્ય છે. અનેકાંતવાદ પ્રમાણે તે એક રસ્તો છે. બીજા પણ રસ્તા હોઈ શકે પણ ભાષાની મર્યાદાને કારણે એક વાત એક જ વખત કહી શકાય છે. ક્વૉન્ટમ ભૌતિકશાસ્ત્ર અનેકાંતવાદ અને સ્યાદ્વાદને બરાબર રજૂ કરી શકે છે. ક્વૉન્ટમ ભૌતિકશાસ્ત્ર પ્રમાણે તરંગોનું જૂથ ((wave packet) બધી જ સંભાવનાને (probability) રજૂ કરે છે. પણ જ્યારે માપણી કરવી હોય ત્યારે એક જ તરંગ બાકી રહે છે. બાકીની બધી જ અદૃશ્ય થઈ જાય છે. તે હોવા છતાં અદૃશ્ય થઈને રહે છે. એ બધી જ સંભાવના અસ્તિત્વ ધરાવે છે. અનેકાંતવાદને ક્વૉન્ટમ ભૌતિકશાસ્ત્રનો મોટો ટેકો છે. હાલમાં વિજ્ઞાનમાં ક્વૉન્ટમ ભૌતિકશાસ્ત્ર સર્વોપરી છે જેમ અનેકાંતવાદ સ્રવોપરી છે.

અત્રે હું અનેકાંતવાદને સમજવા અને સમજાવવા બે ભૌતિક પરિસ્થિતિનું વર્ણન કરવા માગું છું.

ભારતના રાજસ્થાનના રણમાં ઉનાળામાં ઉષ્ણતામાનનો પારો ૫૫ અંશ સેલ્સીઅસ બતાવતો થઈ જાય છે. આ સ્થળે જો આપણે ઍન્ટાર્કટિકાના માણસોને લઈ આવીએ, તો તેઓ કહેશે કે રાજસ્થાનના માણસો બોઈલરમાં રહે છે.

શનિના ક્ષેત્રમાં ઉષ્ણતામાન ઓછા ૨૪૦° (-૨૪૦°) સેલ્સીઅસ રહે છે. જો શનિના સૌથી મોટા ઉપગ્રહ પર જીવન હોય અને ત્યાં માણસો રહેતાં હોય અને તે મનુષ્યોને આપણે ઍન્ટાર્કટિકામાં લઈ આવીએ તો તેઓ કહેશે કે ઍન્ટાર્કટિકાના માણસો બોઈલરમાં રહે છે.

પ્લૂટોના ક્ષેત્રમાં ઉષ્ણતામાન ઓછા ૨૬૦° (-૨૬૦°) સેલ્સીઅસ છે. જો ત્યાંના ઉપગ્રહ પર જીવન હોય અને ત્યાં માણસો રહેતાં હોય અને તે મનુષ્યોને આપણે શનિના ઉપગ્રહ પર લઈ આવીએ તો તેઓ કહેશે કે શનિના ઉપગ્રહ પરના માણસો બોઈલરમાં રહે છે.

તો બોઈલર ક્યું ? બોઈલર બધી જ જગ્યાએ છે અને તે કોઈપણ જગ્યાએ નથી. તમે કઈ દૃષ્ટિએ બોઈલરને જુઓ છો, પરિસ્થિતિને પામો છો, જુઓ છો તેના પર બધો આધાર છે.

કાચ હાથમાંથી પડે તો તેના ટુકડે ટુકડા થઈ જાય. કાચ ઘન છે અને તેના ગુણધર્મોમાં પરાવર્તન, વક્રીભવન, મેઘધનુષ ઉત્પન્ન કરવું વગેરે છે. હવે હું તમને કહું કે પાણી પણ કાચ છે તો તમને નવાઈ લાગશે. તમને થાય કે પાણી તો આપણે પીએ છીએ, તેના વડે સ્નાન કરીએ છીએ. આકાશમાંથી પાણીનો વરસાદ વરસે છે. તો પાણી કાચ કેવી રીતે હોઈ શકે ? પાણીના અનેક ગુણો છે પણ પાણી કાચના પણ બધા જ ગુણો ધરાવે છે. તે પરાવર્તન, વક્રીભવન કરે છે, મેઘધનુષ ઉત્પન્ન કરે છે, માટે પાણી કાચથી પણ ઘણું વિશેષ છે. વિશેષ કાચ છે. હવે તમે મારી સાથે સહમત થશો કે હકીકતમાં પાણી કાચ છે.

હવે હું તમને કહું કે પૃથ્વી ફરતેનું વાતાવરણ પણ કાચ છે તે તમને માનવામાં આવશે ? પૃથ્વી ફરતેનું વાતાવરણ પરાવર્તન કરે છે, વક્રીભવન કરે છે, મૃગજળ દેખાડે છે, મેઘધનુષ દેખાડે છે માટે પૃથ્વી ફરતેનું વાતાવરણ પણ કાચ જ છે; પણ કાચથી વિશેષ છે જેમાં આપણે ફરી શકીએ છીએ, શ્વાસ લઈ શકીએ છીએ. આમ

વાયુમંડળને તમે કઈ દૃષ્ટિથી જુઓ છો તેના પર આધાર છે.

હવે હું તમને કહું કે આપણી ફરતેનું અંતરિક્ષ પણ કાચ જ છે તો ? તમને માનવું અઘરું પડે. અંતરિક્ષ દેખાતું પણ નથી પણ તે કાચના બધા જ ગુણો જેવા કે પરાવર્તન, વક્રીભવન, મૃગજળ, મેઘધનુષ બધું જ આવરે છે. આમ કઈ દૃષ્ટિથી આપણે વસ્તુને જોઈએ છીએ તેના પર બધો આધાર છે. તે સત્ય છે, અને સત્ય નથી પણ.

સત્ય એક જ નથી. સત્યના ઘણાં રૂપો છે. તે બહુરૂપી છે. તે તરંગ-પદાર્થકણ દ્વિસ્વરૂપ (wave-particle duality) માફક બહુરૂપી છે. માટે જ તેને અનેકાંતવાદ દ્વારા જ પામી શકાય. સ્યાદ્વાદ દ્વારા તેનું વર્ણન કરી શકાય. તે એકાંતવાદ નથી પણ સંશયાત્મક વાત કરીએ ત્યારે તે એકાંતવાદનું રૂપ ધારણ કરે છે.

મહાવીર સ્વામીએ લોકોને અનેકાંતવાદનો બોધ આપ્યો કે જેથી કરીને લોકો એકબીજાની સાથે નાહકના ઝઘડે નહીં અને શાંતિથી અને સંવાદિતાથી રહે.

રાજકારણીઓને અનેકાંતવાદ અનુસરવાની ખાસ જરૂર છે કારણ કે તેમને વિવિધ વિચારો અને સિદ્ધાંતવાળા લોકોને મળવાનું છે. તેમને તેમની સાથે સહકાર અને સંવાદિતાથી કામ કરવાનું છે, તેમના પ્રશ્નો ઉકેલવાના છે. તેથી તેમનામાં બધાને સહન કરવાની શક્તિ હોવી જોઈએ, જે અનેકાંતવાદ જ આપી શકે.

અનેકાંતવાદ જીવનના દરેક ક્ષેત્રે કાર્યરત છે અને આપણને કામ આવે છે. તે દરેક વસ્તુને લાગુ પાડી શકાય છે. કારણ કે કોઈ જ વસ્તુ ખરાબ હોતી નથી. તેના સારા અને ખરાબ બધા જ પ્રકારના ઉપયોગો હોય છે. આપણે તેનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તેના પર આધાર છે. ડૉક્ટરના હાથમાં છરી માનવીનું જીવન બચાવી શકે છે, જ્યારે ખૂનીના હાથની છરી માનવીને મારી નાખે છે.

આપણી બુદ્ધિ જો ખરાબ વિચાર કરે તો તે આપણને શયતાન બનાવી શકે છે અને સારા વિચાર આપણને મહાન બનાવી શકે છે.

અનેકાંતવાદ કોઈપણ માનવી, સ્થિતિ, બનાવ કે સંજોગોને લાગુ પડી શકે. તે સર્વવ્યાપી સિદ્ધાંત છે અને તે સર્વ સિદ્ધાંતોને પોતાનામાં આવરે છે. તે બધાના વિચારોને નવી દૃષ્ટિથી જુએ છે અને બધી જ વસ્તુઓને, બધા જ વિચારોને યોગ્ય રીતે મૂકે છે.

માનવી જન્મે છે ત્યારે તેની સાથે તેનું બ્રહ્માંડ જન્મે છે અને મૃત્યુ પામતાં તેનું બ્રહ્માંડ મૃત્યુ પામે છે માટે બ્રહ્માડ નિત્ય છે અને અનિત્ય પણ છે. બ્રહ્માંડ કેટલું મોટું ? તેનો જવાબ છે : તમે જાણો એટલું મોટું. બ્રહ્માંડનું અસ્તિત્વ આપણા સંદર્ભે મળે.

અનેકાંતવાદ દરેકને વિચારોની સ્વતંત્રતા આપે છે. ઠંડુ-ગરમ, સુખ-દુઃખ બધું સાપેક્ષ છે. મુંબઈમાં રહેતી વ્યક્તિને શિમલા ઠંડું લાગે. કોઈ માણસનું સુખ બીજા માણસનું દુઃખ પણ હોઈ શકે.

આ બ્રહ્માંડ સાત અંધજન અને હાથીની કથા જેવું છે. તેનું ચિત્ર મેળવવું અઘરૂં છે. આપણે ઘરની પૂર્વ દિશાની બારીમાંથી જોઈએ તો દુનિયા એક લાગે. ઉત્તર દિશાની બારીમાંથી જોઈએ તો અલગ હોય. તેવી જ રીતે પશ્ચિમ અને દક્ષિણ દિશાની બારીમાંથી જોઈએ તો પણ અલગ હોય. બ્રહ્માંડને એક્સ-રે પ્રકાશમાં જોઈએ તો તે અલગ ચિત્ર દેખાડે. અલ્ટ્રાવાયોલેટ પ્રકાશમાં જોઈએ તો તે અલગ ચિત્ર દેખાડે, રેડિયો પ્રકાશમાં અને દૃશ્ય પ્રકાશમાં પણ અલગ-અલગ ચિત્ર દેખાડે. તો સવાલ એ થાય કે બ્રહ્માંડનું સાચું ચિત્ર કયું ?

બ્રહ્માંડને તમે કયા પ્લેટફોર્મ પરથી જુઓ છો તેના પર આધાર રાખે છે. આના ટેકામાં એક સરસ વાર્તા છે. એક ગામમાં એક મહાન સાધુ આવ્યા. તેમણે ગામમાં રામાયણની કથા કહેવી શરૂ કરી. મહારાજ એટલી સુંદર રીતે જ્ઞાનમય કથા કહેતા હતા કે શ્રોતાઓ રાજી રાજી થઈ ગયા હતા. પુરા ગામમાં તેમની સુંદર કથાની વાતો પ્રસરી હતી. આખું ગામ મહારાજની કથા સાંભળવા આવતું. આ વાત હનુમાનજીના કાને આવી. હનુમાનજી તો રામભક્ત એટલે એ પણ કથા સાંભળવા આવ્યા. તેમને તો કથા અદૃશ્યરૂપે જ સાંભળવી પડે. નહીં તો લોકો હેરાન કરે. હનુમાનજીને કથા સાંભળવામાં ખૂબ મજા આવી. એટલે બીજે દિવસે પણ અદૃશ્યરૂપે કથા સાંભળવા આવ્યા. તેમને ખૂબ જ આનંદ થયો. પછી તો હનુમાનજી રામાયણ-કથા સાંભળવા દરરોજ આવવા લાગ્યા. એક દિવસે મહારાજે અશોકવનમાં સીતાજી જ્યાં બેઠા હતા તેનું વર્ણન કરતાં કહ્યું કે સીતાજીની ફરતે સફેદ ફૂલના છોડ હતા. હનુમાનજી આ સાંભળીને ચમક્યા. તેમને થયું કે મહારાજ ખોટું બોલી રહ્યા છે. અશોકવનમાં જ્યાં સીતાજી બેઠા હતા ત્યાં તો લાલ રંગના ફૂલના છોડ હતા. મેં જ તેનો સેંકડોની સંખ્યામાં ધ્વંશ કર્યો હતો. મહારાજને ખોટું કહેતાં સાંભળીને હનુમાનજીને થયું કે લોકોમાં ખોટી માહિતી જશે, માટે મહારાજને સુધારવા જરૂરી છે. તેથી હનુમાનજી દૃશ્યરૂપે આવ્યા અને મહારાજને કહેવા લાગ્યા કે મહારાજ આપની ભૂલ થાય છે. અશોકવનમાં તો લાલ-ફૂલ હતા. મહારાજે કહ્યું કે હે હનુમાનજી, હું તો સમાધિમાં રામકથા કહું છું. તેમાં મને એવું દૃશ્યમાન થયું તેથી સીતાજીની આસપાસ સફેદ ફૂલ હતા તેમ કહ્યું. હનુમાનજીએ કહ્યું કે હું પોતે અશોકવનમાં ગયો હતો અને મેં પોતે અશોકવનના લાલફૂલોના છોડોનો કચ્ચરઘાણ બોલાવ્યો હતો. હનુમાનજીએ મહારાજને રામ ભગવાન પાસે સત્ય જાણવા આપણે બંને જઈએ તેવું સૂચન કર્યું અને બંને રામ ભગવાન પાસે ગયા. રામ ભગવાને બંનેની વાત સાંભળીને કહ્યું કે હે હનુમાનજી અને મહારાજ, હું પોતે અશોકવનમાં હતો નહીં. ત્યાં તો સીતાજી અને હનુમાનજી બંને જ ગયા હતા. તો સત્ય જાણવા માટે ચાલો સીતાજી પાસે. આમ રામ ભગવાન, હનુમાન અને મહારાજ સીતાજી પાસે ગયા અને બધી વાત કરી. વાત સાંભળીને સીતાજીએ કહ્યું કે અશોકવનમાં

સફેદ ફૂલો હતા. હનુમાનજી તો વાત સાંભળીને ઝાંખા પડી ગયા અને કહ્યું કે માતાજી, તમો પણ સફેદ ફૂલ હતા તેમ કહો છો પરંતુ મેં તો અશોકવનમાં લાલ ફૂલોના છોડનો કચ્ચરખાણ વાળી નાખ્યો હતો. સીતાજીએ વાતને સમજાવતાં કહ્યું કે ફૂલો સફેદ રંગના જ હતા પરંતુ તમે જ્યારે અશોકવનમાં આવ્યા ત્યારે ખૂબ જ ક્રોધિત થઈને આવ્યા હતા એટલે તમારી આંખ લાલ થઈ ગઈ હતી માટે તમને સફેદ ફૂલ લાલ રંગના દેખાયા હતા.

એટલે કહેવાનો હેતુ એ છે કે આપણે કેવી પરિસ્થિતિમાં છીએ તેના પર આધારિત સંસાર આપણને દેખાય છે. આપણે ગમગીન હોઈએ ત્યારે સંસાર પણ ગમગીન દેખાય છે અને આનંદિત હોઈએ છીએ ત્યારે એ જ સંસાર આપણને આનંદિત લાગે છે. બાકી તો સંસાર એ જ હોય છે. ગમગીની વાતાવરણમાં ચંદ્રની ચાંદની આપણને આનંદિત કરતી નથી જ્યારે આનંદિત વાતાવરણમાં તે જ ચાંદની આપણને આનંદિત કરે છે. આ બ્રહ્માંડમાં બધું સાપેક્ષ છે. કાંઈપણ નિરપેક્ષ નથી. તે આપણા પર, આપણા જીવન પર, આપણી પરિસ્થિતિ પર આપણા સાથે બનાવ બન્યો હોય તેના પર અથવા આપણી સામે આવેલ વસ્તુ પર આધાર રાખે છે. તે સાપેક્ષ છે. જે રંગના ચશ્મા પહેર્યાં હોય તે રંગની દુનિયા દેખાય છે. બધાને હાથી અને સાત અંધજનોની વાર્તાની ખબર જ છે. જે અંધજન હાથીના જે ભાગ પર હાથ ફેરવતો તેવું તે હાથીનું વર્ણન કરતો. આ સાતેય હાથીનું વર્ણન કરવામાં સાચા છે અને સાતેય ખોટા છે કારણ કે તેઓએ હાથીને પૂર્ણ રૂપે જાણ્યો જ નથી. આમ સત્યને આપણે પૂર્ણપણે જાણીએ નહીં ત્યાં સુધી તેનું પૂર્ણ વર્ણન થઈ શકે જ નહીં. તેથી તેનું અધુરું વર્ણન જ થાય અને તે આંશિક હોય છે અને તેની સ્થિતિમાં તે સાચું હોય છે. આમ એકાંતવાદ આંશિક સાચો હોય છે માટે દરેક વાદને માન આપવું ઘટે. કોઈ વાદનો તદ્દન છેદ ઉડાડવો ન જોઈએ. સ્યાદ્વાદ જે તે વર્ણન કરે છે. એક સમયે તે એકવાદનું વર્ણન કરે તેનો અર્થ એ નથી કે બીજા વાદો નથી. જ્યારે એકવાદનું વર્ણન થાય ત્યારે ગર્ભિત રીતે બીજા વાદો અસ્તિત્વ ધરાવે છે. અનેકાંતવાદ પ્રમાણે આ મર્મ છે. માટે તે બધા વાદનો સ્વીકાર કરે છે અને પૂર્ણતાને પામવા રસ્તો ખુલ્લો રાખે છે. વિજ્ઞાન પણ જ્યારે વાત કરે છે ત્યારે આશિંક પરિસ્થિતિની વાત કરે છે. આ રીતે અદ્વૈતવાદ પણ છેક સુધી સાચો હોય છે પણ તેના છેલ્લા બિંદુએ તે એકાંતવાદ પુરવાર થાય છે. અને અનેકાંતવાદ તેની પણ પર છે. અનેકાંતવાદમાં અદ્વૈતવાદ છે, પણ અદ્વૈતવાદમાં અનેકાંતવાદ નથી. અનેકાંતવાદ મહાસિદ્ધાંત છે તે તેના સ્વભાવથી સમીપ જાય છે. અદ્વૈતવાદ એકાંતવાદ હોવાથી વાદનો છેડો નથી. નિરપેક્ષ નથી. વસ્તુસ્થિતિને સાપેક્ષ છે. કારણ કે સત્યને પૂર્ણ રીતે જાણી શકાતું નથી. અનેકાંતવાદ આ રસ્તો ખૂલ્લો રાખે છે. માટે તે મહાસિદ્ધાંત છે.

આ બાબતે દુર્યોધન અને યુધિષ્ઠિરની કથા પણ જાણીતી છે. ભિષ્મપિતામહે બંનેને કહ્યું કે રાજ્યમાં ડાહ્યા અને વિદ્વાન માણસો કેટલા છે તેની યાદી બનાવી લાવો. ત્યારે દુર્યોધન રાજ્યમાં ફર્યો અને છેવટે નિર્ણય પર આવ્યો કે તે પોતે જ રાજ્યનો એકમાત્ર ડાહ્યો અને વિદ્વાન માણસ છે. યુધિષ્ઠિરે રાજ્યના ડાહ્યા અને વિદ્વાન માણસોની યાદી બનાવી અને લખ્યું કે તેનામાં પોતાનામાં ઘણી ખામીઓ છે. દુર્યોધનના મતે દુર્યોધન ખોટો ન ગણાય, તે પણ સાચો ગણાય અને યુધિષ્ઠિરના મતે યુધિષ્ઠિર સાચા ગણાય. અનેકાંતવાદ બંનેને સર્ટિફિકેટ આપે છે કારણ કે દુર્યોધન જે પ્લેટફોર્મ પરથી દુનિયાને જુએ છે તે અલગ છે અને યુધિષ્ઠિર જે પ્લેટફોર્મ પરથી દુનિયાને જુએ છે તે અલગ છે.

તમે જ સાચા છો તે ભાષા એકાંતવાદની છે અને તમે પણ સાચા છો તે ભાષા અનેકાંતવાદની છે. અનેકાંતવાદમાં એક જવાબ નથી હોતો પણ ઘણા બધા જવાબો હોય છે. અનેકાંતવાદનું કહેવાનું છે કે કાંઈપણ પૂર્ણ નથી. કોઈ જવાબ પૂર્ણ નથી. અંતિમ નથી. અનેકાંતવાદ કોઈનું પણ અપમાન કરતો નથી અને તે વૈચારિક અહિંસક છે, જે અહિંસાનું બહુ ઉચ્ચસ્તર છે.

સાહિત્યમાં અનેકાંતવાદ આત્મસાત્ કરવા પાંચ વાતને અનુસરવી જરૂરી છે.

૧. મનને ખુલ્લું રાખવું. બધું જાણો અને બધાને સ્વીકારો.

૨. જીવનમાં તટસ્થ રહો.

૩. જીવનમાં દોરડીની માફક રહો, કોઈપણ વસ્તુ માટે અક્કડ વલણ નહીં રાખો.

૪. વિવિધતા અને અલગતા જ જીવનનું રહસ્ય સમજાવે છે.

૫. સમજો કે તકો ઘણી છે, રસ્તાઓ ઘણા છે.

સહનશીલતા અને ધીરજ જીવનમાં બહુ જરૂરી છે. માફી માગવી અને માફી આપવી જીવનને હળવું ફૂલ બનાવે છે. બધાનો સહકાર લ્યો અને બધાને સહકાર આપો. બહુ જરૂર પડતું બોલવામાં કલ્યાણ છે.

સત્ય પામવાના ઘણા રસ્તા છે. તમે તે પત્રકાર થઈને પામી શકો છે. ડૉક્ટર, એન્જિનિયર, પોલીસ, રાજકારણી, વિજ્ઞાની, મહાત્મા, સીએ વગેરે ગમે તે બનીને પામી શકો છો. હિન્દુઓમાં ૩૩ કરોડ દેવતા છે. આટલા બધા દેવતા? હા, હિન્દુધર્મ બહુ ખુલ્લા મનનો છે. તમે ગમે તે દેવતાને, પથ્થરમાં કંડારેલા દેવતાને પૂજીને પણ સત્ય મેળવી શકો છો. અહીં આપણને અનેકાંતવાદના દર્શન થાય છે. વિજ્ઞાન પણ કહે છે કે એક પ્રમેય ગમે તેટલી રીતે સિદ્ધ કરી શકાય. બે બિન્દુઓ વચ્ચેનો રસ્તો ગમે તે હોઈ શકે. લોકો ધર્મને સમજી શક્યા જ નથી. તેમના જ ભગવાન એક ભગવાન છે અને બીજાના ભગવાન, ભગવાન નથી, તેમ કહેવું તે અજ્ઞાનનો સાગર કહેવાય. સંતો અને મહાપુરુષોએ કદાપી આવું કહ્યું નથી.

આ તો ધર્મના ઠેકેદારોએ ઊભી કરેલી ભાંજગડ છે. કયા ધર્મમાં કહ્યું છે કે નિર્દોષ બાળકોને એક સાથે ૧૩૨ કે વધારેને મારી નાખવા?

હિન્દુ ધર્મમાં લખ્યું છે કે જ્ઞાના દેવતુ કૈવલ્યમ્! એટલે જ્ઞાન જ મોક્ષ અપાવી શકે. મર્યા પછી નહીં, મર્યા પહેલાં, આ જીવનમાં અને તે અનેકાંતવાદથી શક્ય છે કારણ કે તેમાં નથી હરીફાઈ, નથી ઈર્ષ્યા, બધા પ્રત્યે સમભાવ છે. કોઈના પ્રત્યે દ્વેષ નથી. કોઈ ખોટા નથી અને કોઈ પૂર્ણપણે સાચા પણ નથી. બધામાં આનંદની વાત છે. આ મોક્ષ નહીં તો શું? ગીતામાં કહ્યું છે કે નહિ જ્ઞાનેન સદેશં પવિત્રમિહવિધાતા–જ્ઞાનથી પવિત્ર કાંઈ જ નથી. કયું જ્ઞાન? અનેકાંતવાદનું જ્ઞાન. અનેકાંતવાદના જાણ્યા પછી હું સહમત થયો છું કે આ મહાસિદ્ધાંત જો જીવનમાં ઉતરે તો જીવન પાર પડી શકે. આપણે સાચા છીએ તે એકાંતવાદ માનવાનો નથી અને બીજા ખોટા છે, સાચા નથી તે એકાંતવાદને પણ માનવાનો નથી. વ્યક્તિગત જીવન એ ઉદ્ધતાઈ છે. એક જ ધર્મ સાચો અને બીજા બધા ધર્મો ખોટા તે પણ અજ્ઞાન જ છે. અજ્ઞાનમાં દીવા પ્રગટે નહીં. અર્થપૂર્ણ આચરણ અને બોલવાનું જ માનવીને માનવી બનાવે છે.

એક કથા છે કે એક પાયલટ દીકરાએ માતા-પિતાને વિમાનની મુસાફરી કરાવવાનો વિચાર કર્યો. વિમાનને ઉડાડતી વખતે તેણે તેના માતાપિતાને કહ્યું કે જ્યાં સુધી વિમાન ફરી પાછું જમીન પર ઉતરે નહીં ત્યાં સુધી કાંઈપણ બોલતા નહીં. વિમાને બરાબર ઉડીને જમીન પર ઉતરાણ કર્યું ત્યારે પાયલટની માતાએ કહ્યું કે, દીકરા, તારા કહેવા પ્રમાણે વિમાન ઉતરાણ ન કરે ત્યાં સુધી બોલતા નહીં પરંતુ હવે જ્યારે વિમાને ઉતરાણ કર્યું જ છે ત્યારે તેને કહું છું કે તારા પિતાજી બહાર ફેંકાઈ ગયા છે. આવું ન બોલવાનો તો કોઈ અર્થ નથી. ક્યારે બોલવું, કેટલું બોલવું, શું બોલવું–ન બોલવું બધાનો વિવેકથી વિચાર કરવો જોઈએ. આ સંદર્ભે એક કથા છે.

એક આગબોટ મહાસાગરમાં સફર કરી રહી હતી. તેના ઉપરથી એક નાની છોકરી પાણીમાં પડી ગઈ. કેપ્ટન ડેક પર ઊભો હતો. તેણે આ જોયું ને દુઃખી થઈ ગયો. તરત જ તેણે જોયું કે એક વૃદ્ધ માણસ સ્ટીમરમાંથી કૂદ્યો અને તે નાની બાળકીને બચાવી લીધી. કેપ્ટન આ બનાવથી ખૂબ જ પ્રભાવિત થઈ ગયો. તેણે વૃદ્ધ માણસની હિંમતને બિરદાવવા અને તેને માન આપવા તે સાંજે સ્ટીમરમાં જબ્બર પાર્ટી આપી, જેમાં સરસ ભોજન, સંગીત વગેરે રાખવામાં આવ્યા હતા. અને છેવટે કેપ્ટને વૃદ્ધ માણસને તેના હીરોઈક કાર્ય માટે બે શબ્દો બોલવા કહ્યું. તે વૃદ્ધ માણસે કહ્યું કે હું તે નાની બાળકીને બચાવી શક્યો ન હોત જો કોઈએ મને પાણીમાં સૌ પ્રથમ ધક્કો માર્યો ન હોત. તથ્યમાં તેનું કહેવાનું એમ હતું કે જો કોઈએ એને તરતાં ન શીખડાવ્યું હોત તો તે બાળકીને બચાવી શક્યો ન હોત. પણ તેના શબ્દો બરાબર ન હતા અને અર્થ એમ નીકળતો હતો કે આગબોટ પરથી કોઈએ તેને ધક્કો માર્યો ન હોત તો હું તે નાની બાળકીને બચાવી શક્યો ન હોત. આમ બોલવાના શબ્દો બરાબર હોવા જોઈએ, નહીં તો બોલવું પણ નકામું છે. અને ધારો કે કોઈએ તેને ધક્કો માર્યો હોય અને તેને પરાણે સમુદ્રના પાણીમાં નાખ્યો હોત–તો પણ આવા પ્રસંગોએ એ બોલવાની જરૂર ન હતી, કારણ કે તે અપ્રસ્તુત કાર્ય ગણાય.

અનેકાંતવાદ સત્યના અંશો છે. જે ભેગા થઈને પૂર્ણ સત્ય તરફ આપણને લઈ જઈ શકે છે. બધાને પોતાના મંતવ્યો હોય છે અને બધા જ પોતપોતાની રીતે સાચા છે. અનેક એકાંતવાદો મળીને અનેકાંતવાદ બને છે. મહાવીર સ્વામીએ આપેલો અનેકાંતવાદ માનવજાત માટે આશીર્વાદ છે, જો આપણે તેને અનુસરીએ તો.

અનેકાંતવાદ બહુ આયામી સાપેક્ષવાદ છે. લોકો તેને જૈનોનો પાયાનો સિદ્ધાંત કહે છે. પણ હું તો કહીશ કે તે પૂરી માનવજાનતે જીવવા માટે પાયાનો સિદ્ધાંત છે.

જુદી જુદી દૃષ્ટિએ સત્યને પામી તેનું સંયોજન કરી સત્યને પામવાનો આ સિદ્ધાંત છે. માત્ર એક દૃષ્ટિએ સત્યને શોધવું તે સત્યના માત્ર અંશને પામવા જેવું છે. બધી દૃષ્ટિનું સંયોજન આપણી પાસે સત્યના બધા અંશોના સંયોજનનું ચિત્ર રજૂ કરશે જે સત્યના સ્વરૂપની ઝાંખી હશે. એ પણ અંતિમ સત્ય તો નહીં જ હોય પણ અંતિમ સત્યની નજીક તો ખરું.

કોઈપણ વસ્તુને ઘણા ગુણો અને પાસા હોય છે. ઘણી રીતે તે અસ્તિત્વ ધરાવે છે. તેથી તેના બધા જ રૂપોમાં તેને સમજવું, તે માનવીની પોતાની અક્ષમતા–સીમા હોઈ શક્ય નથી.

અનેકાંતવાદનો મહાસિદ્ધાંત એક દિશાનો નથી પણ અનેક દિશાનો છે. એકતરફી નથી પણ બહુતરફી છે.

અનેકાંતવાદનું આંશિક રૂપમાં વર્ણન કરી તેના બીજા અંશોનું નિરોપણ કરનાર સિદ્ધાંત સ્યાદ્વાદ છે. તે અનેકાંતવાદનો ટેકેદાર વાદ છે. અનેકાતવાદનું વાહન છે.

સત્ય એટલું ગૂઢ અને રહસ્યમય છે કે માત્ર એક જ થીએરી (વાદ) તેના સ્વરૂપને પૂર્ણ રીતે રજૂ કરી જ ન શકે. અનેકાંતવાદ એ તરફ આંગળી ચીંધે છે. તેથી સ્યાત્ શબ્દ એ કોઈપણ વાદને શરતી રજૂ કરે છે. આમ નિરપેક્ષતા સ્થાન પામતી નથી અને ધર્માંધતા અદૃશ્ય થાય છે.

સપ્તભંગીની દરેક ભંગિમાં વિરાટ ગૂંચવણભરેલ, ગૂઢ, બહુરૂપી સત્યને સમય, અંતરિક્ષ, વસ્તુ અને રીતિનું સાપેક્ષ દૃષ્ટિએ વર્ણન કરે છે અને સમજાવવા પ્રયત્ન કરે છે, જેથી સત્યની સંયોજન સ્વરૂપે ઝાંખી થાય. સત્યની ગૂઢતાને નજર અંદાજ કરીને તેનું સાદા રૂપમાં વર્ણન કરવું તે એક અંધશ્રદ્ધાત્મક પગલું બને છે.

સપ્તભંગીની સાત ભંગિમા નીચે પ્રમાણે છે, જે સત્યની ગૂઢતાને અનેકાંતવાદના સિદ્ધાંત પ્રમાણે તપાસે છે. તેની ગૂઢતાને સમજવા

અને સમજાવવા પ્રયત્ન કરે છે.

૧. સ્યાદ્ અસ્તિ–તે (થીઅરી, વિચારસરણી) કોઈક રીતે સાચી હોય.
૨. સ્યાદ્ નાસ્તિ–તે કોઈક રીતે સાચી ન પણ હોય.
૩. સ્યાદ્ અસ્તિનાસ્તિ–તે કોઈક રીતે સાચી હોય અને કોઈક રીતે સાચી ન પણ હોય.
૪. સ્યાદ્ અસ્તિઅવક્તવ્ય–તે કોઈક રીતે સાચી હોય પરંતુ તેનું વર્ણન કરવું અઘરું છે.
૫. સ્યાદ્ નાસ્તિઅવક્તવ્ય–તે કોઈક રીતે સાચી ન પણ હોય પણ તેનું વર્ણન કરવું અઘરું છે.
૬. સ્યાદ્ અસ્તિ-નાસ્તિઅવક્તવ્ય–તે કોઈક રીતે સાચી હોય અને કોઈક રીતે સાચી ન પણ હોય પણ તેનું વર્ણન કરવું અઘરું છે.
૭. સ્યાદ્ અવક્તવ્ય–તેનું કોઈક રીતે વર્ણન કરવું અઘરું છે.

અનેકાંતવાદનો સિદ્ધાંત મહાવીર સ્વામીએ બધા જ લોકોના કલ્યાણ માટે આપ્યો છે. મહાવીર સ્વામીના વિચારો, સિદ્ધાંતો, બોધને અનુસરનારો એક સમાજ જૈનો કહેવાયા. પણ તેથી મહાવીર સ્વામીનો અનેકાંતવાદનો સિદ્ધાંત છે તેમ કહેવું નથી, તે વૈશ્વિક સિદ્ધાંત છે. સાપેક્ષવાદનો સિદ્ધાંત આઈન્સ્ટાઈનનો સાચો, માટે તે સાપેક્ષવાદને અનુસરનારા વૈજ્ઞાનિકો કે વિજ્ઞાનનો જ સિદ્ધાંત નથી. તે વૈશ્વિક સિદ્ધાંત છે. જો કે, આઈન્સ્ટાઈને સાપેક્ષવાદને વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું તે સાચું છે. પણ આ અનેકાંતવાદનો સિદ્ધાંત હજારો વર્ષોથી જાણીતો છે. અનેકાંતવાદ સાપેક્ષવાદનો જ સિદ્ધાંત છે. મહાવીર સ્વામીએ અનેકાંતવાદ આપીને સાપેક્ષવાદની પ્રથમ સ્થાપના કરી ગણાય. તેને સમાજના સંદર્ભે, ધર્મોના સંદર્ભે, મનોવિજ્ઞાનના સંદર્ભે આપ્યો હતો. એમ તો હિન્દુશાસ્ત્રમાં વેદો, ઉપનિષદોમાં પણ સાપેક્ષવાદનું નિરુપણ થયું જ છે. તેમ છતાં આઈન્સ્ટાઈને તેને વૈજ્ઞાનિક રીતે સાબિત કર્યો, તેને વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું અને વિજ્ઞાનમાં સ્થાન અપાવ્યું.

અનેકાંતવાદ એ વિચારસરણીઓનો ગુણાત્વકનો સિદ્ધાંત છે. તે બ્રહ્માંડની દરેકે દરેક વસ્તુને, દરેકે દરેક સમયે, સ્થળે, સંજોગોમાં લાગુ પડે છે, માટે ધર્મોને પણ લાગુ પડે છે.

અનેકાંતવાદનું કહેવું છે કે સત્યને જાણવાના અલગ-અલગ રસ્તા છે. અલગ-અલગ રસ્તે અને તદ્દન વિરોધાત્મક રસ્તે પણ સત્યને જાણી શકાય છે. સત્યને જાણવા એક અને માત્ર એક જ રસ્તો હોઈ જ ન શકે. એક જ વિચારસરણી પૂર્ણ સત્યને કદાપી પણ પામી શકે નહીં.

અનેકાન્તવાદ નિરપેક્ષ સત્યમાં માનતો નથી, કારણ કે સત્યનું સ્વરૂપ વિરાટ, ગૂંચવણ ભરેલું અને ગૂઢ હોય છે જે હાથી અને સાત અંધજનની વાર્તા દ્વારા નિરૂપાઈ શકે છે.

અનેકાન્તવાદ એ વિરોધી વિચારોને અને માન્યતાઓને પણ ધ્યાનમાં લે છે, તેમને નકારવાની વાત નથી. અનેકાન્તવાદ જૈન ધર્મના સિદ્ધાંતોને પણ અંતિમ માનતો નથી. એ વાત બધાને વિદિત જ છે કે મહાત્મા ગાંધી મહાવીર સ્વામીના અનેકાંતવાદમાં માનતા હતા અને તેથી જ તેમણે સર્વધર્મ સમભાવ, અહિંસા અને સત્યાગ્રહનો માર્ગ પકડ્યો હતો. સત્યાગ્રહમાં આગ્રહ છે, પણ તે બળજબરી નથી, પણ સત્યને અનુસરવાની દૃઢતા છે, સમ્યક્ત્વ તર્ક પર આધારિત છે અને તેમાં અંધશ્રદ્ધાને સ્થાન નથી.

અનેકાન્તવાદ એ મહાવીર સ્વામીએ આપેલો સાપેક્ષવાદ છે. સ્યાદ્વાદ અને નયવાદ અનેકાંતવાદના મદદનીશ સિદ્ધાંતો છે. આ ત્રણ સિદ્ધાંતો કોઈપણ વિવાદ પર તર્ક અને દલીલ કરવામાં વાપરવામાં આવે છે.

સ્યાદ્વાદ અને નયવાદ એ અનેકાંતવાદને રજૂ કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે, કારણ કે ચિત્ર રજૂ કરવા ભાષા ઉણી ઉતરે છે અને એક સાથે આપણે દરેક વસ્તુની અસીમિત શક્યતાઓને રજૂ કરી શકતા નથી. સ્યાદ્વાદ અનેકાંતવાદનો જ ભાગ છે. સ્યાદ્વાદ એટલે એક દૃષ્ટિએ જોતાં અથવા કોઈક રીતે. સ્યાદ્વાદ કોઈ એક વસ્તુને વળગી રહેતો નથી. તે એકાંતવાદ નથી પણ તેની અંદર અનેકાંતવાદ છૂપાયેલો છે, ગર્ભિત છે.

અસંખ્ય શક્યતાઓમાંથી કોઈ પણ એક શક્યતાને એક દૃષ્ટિને સાબિત કરવા અનેકાંતવાદ નયવાદનો ઉપયોગ કરે છે. નયવાદ અનેકાંતવાદનો જ ભાગ છે. અનેકાંતવાદનો આંશિકભાગ છે. જ્યારે આપણે કોઈ એક અંશની વાત કરીએ ત્યારે આપણે નયવાદનો ઉપયોગ કરવો પડે છે. કારણ કે બીજી બધી વાતો અહીં સ્થાન પામતી નથી. આ બરાબર અર્વાચીન વિજ્ઞાનના ક્વૉન્ટમ મિકેનિક્સ છે. ક્વૉન્ટમ મિકેનિક્સમાં તરંગોના સમૂહના બધા જ તરંગો માટે સંભવિતતા છે. દરેક તરંગ એક માહિતી રાખે છે, પણ જ્યારે આપણને તેમાંથી માહિતી જોઈતી હોય ત્યારે તેમાં એક જ તરંગ રહે છે અને બીજા બધા તરંગોનું પતન ખઈ જાય છે. બીજા બધા જ તરંગોની માહિતીની સંભાવના (probability) શૂન્ય થઈ જાય છે. દા. ત. જ્યારે આપણે બ્લ્યૂ BMW કારની વાત કરીએ છીએ ત્યારે તેની જ વાત કરીએ છીએ. પણ બધા જ રંગની BMW કારો છે પણ તેમાંથી આપણે બ્લ્યૂ BMW પર જ આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. નયવાદ આ કાર્ય કરે છે. તે એક વસ્તુ પર, એક વાદ પર, એક વિચારસરણી પર, ધ્યાન કેન્દ્રિત કરે છે પણ બીજી બધી વિચારસરણીની હયાતીમાં તે એકની વાત કરે છે. તે નયવાદનો અર્થ છે. જ્યારે આપણે બ્લ્યૂ BMW કારની વાત કરીએ છીએ ત્યારે તેના અથવા કારના રંગોની વાત કરીએ છીએ. આ વખતે તેના યંત્રો, સિલીન્ડર, ઝડપ, કિંમત વગેરેની વાત કરતા નથી.

નયવાદનું કહેવાનું છે કે દુનિયામાં વાદો વચ્ચે જે ઝઘડા થાય છે તેની પાછળનું કારણ આપણી અલગ અલગ દૃષ્ટિઓ છે. જે

દૃષ્ટિઓ વચ્ચે ગૂંચવણ ઊભી કરે છે. બાકી ઝઘડાનું કારણ કોઈ જ નથી. જો આપણે દરેક વિચારસરણીને માત્ર એક દૃષ્ટિ તરીકે જ લઈએ તો કોઈ ઝઘડા થાય જ નહીં. અનેકાંતવાદની અંતર્ગત નયવાદ આ તથ્યને સમજાવે છે અને એ પ્રમાણે કાર્ય કરે છે અને સ્યાદ્વાદ આવી પરિસ્થિતિનું વર્ણન કરે છે.

નયવાદ આપણને સત્યને પગથિયે પગથિયે સમજાવે છે. અંશ પછી અંશ (પાર્ટ બાય પાર્ટ) સમજાવે છે, જેથી વિવિધ અંશો સમજી પછી તેમાંથી સત્યનું પૂરું રૂપ જોવા આપણને સમર્થ બનાવી શકે છે. અલગ અલગ ભાગો જાણી પૂર્ણ સત્યના રૂપનું સંયોજન આપણે કરવાનું છે.

અનેકાંતવાદ પ્રમાણે આપણે પોતાની વિચારસરણી ટકાવી બીજાની વિચારસરણીને સમજવા પ્રયત્ન કરવાનો છે. તેને નકારવાની નથી, એમ કરીને નાહકના ઝગડામાં પડવાનું નથી કારણ કે અંતિમ સત્ય બંને વિચારસરણીમાં નથી તેમાં આંશિક સત્ય છે.

અનેકાંતવાદ આપણને પરસ્પર વિરોધી વિચારસરણી સમજવાની અને તેને સહન કરવાની તક આપે છે. જ્ઞાનના વાદવિવાદમાં આ ગુણો જરૂરી હોય છે. તેમાં મારામારી કરવાની નથી હોતી. અનેકાંતવાદ કહે છે કે આપણે આપણી વિચારસરણી છોડી દેવાની નથી. તેની તરફેણમાં દલીલો પણ કરવાની છે પણ બીજી થીઅરીને માનથી સમજવાની કોશિષ પણ કરવાની છે કારણ કે તે અસ્તિત્વમાં આવી છે માટે તેમાં પણ પૂર્ણ નહીં તે આંશિક સત્ય તો સમાયેલું જ છે. એક ધર્મના વિદ્વાનોએ બીજા ધર્મના વિદ્વાનોને અને સિદ્ધાંતોને સમજવા જરૂરી છે. મેં જોયું છે કે એક ધર્મના અનુયાયીઓ બીજા ધર્મના મંદિરે પણ જતા નથી. તેમના વિશે કાંઈ જાણવા પણ પ્રયત્ન કરતા નથી. તેમના પુસ્તકો તો વાંચતા જ નથી પરંતુ તેને નિષેધ સમજે છે. આ અસહ્ય બાબત ગણાય. અનેકાંતવાદ આ સ્થિતિને સ્વીકારતો નથી.

એક જ વિચારસરણી સત્ય છે તેમ માનવું તે સત્યનેસીમિત કરવાની વાત છે, સીમિતમાં જોવાની વાત છે, જે નથી.

અનેકાંતવાદનો અર્થ એવો નથી કે બધી જ વિચારસરણી સરખી છે, પણ કઈ વિચારસરણી સરખી છે, તર્કબદ્ધ છે અને પોતાને સાબિત કરવા પુરાવા આપે છે અને કેટલી હદે ? અને કયા સંદર્ભે ?

અનેકાંતવાદ બધા ધર્મો પ્રતિ માનની દૃષ્ટિએ જોવાનો હકારાત્મક સિદ્ધાંત છે.

જે અંધજન હાથીના પગે હાથ ફેરવીને તેને થાંભલા જેવો કહે છે અને બીજો અંધજન તેની પીઠ પર હાથ ફેરવીને કહે છે કે તે ટેકરી જેવો છે. આ વાતમાં બંને વ્યક્તિ ઝઘડે તે બરાબર ન ગણાય કારણ કે આંશિક રીતે બંને સાચા છે. પણ પૂર્ણ સત્ય કોઈની પાસે નથી. આ પરિસ્થિતિનું સમાધાન માત્ર અનેકાંતવાદ જ કરી શકે. તે કોઈને પણ સાચો કે ખોટો કહેતો નથી. સાથે સાથે તે પૂર્ણ સત્ય તપાસવા સલાહ આપે છે. પ્રેરણા આપે છે.

અનેકાંતવાદ કહે છે કે કોઈપણ વિચારસરણીને નકારવી કે અવગણવી તે સત્યના એક અંશને નકારવાની વાત છે. આમ જેટલી વિચાસરણીને આપણે નકારીએ એટલા સત્યના અંશને આપણે નકારતા જઈએ છીએ. આપણી પાસે માત્ર એક અંશ રહે છે, તેને આપણે વળગી રહીએ છીએ. તેનો અર્થ એમ પણ થાય કે આપણી બુદ્ધિ એટલી વિચક્ષણ નથી કે બીજી વિચાસરણીને પણ તે સમજી શકે માટે તેને આપણે અવગણીએ છીએ. જેમ ગણિતશાસ્ત્રને સમજતાં નથી તેઓ તેને અવગણે છે. તેને ભણતાં નથી કારણ કે તેમની બુદ્ધિ તે સમજી શકતી નથી. આપણી બુદ્ધિ બધું સમજી શકે તે પણ શક્ય નથી. સત્યને તેની પૂર્ણતામાં સમજવું તે આપણા માટે શક્ય નથી માટે આપણે નયવાદની અગત્ય સમજવી જોઈએ, સ્યાદ્વાદની અગત્ય સમજવી જોઈએ અને અનેકાંતવાદની અગત્ય પણ સમજવી જોઈએ.

અસીમ સત્યને સમજવું ઘણું અઘરું છે, માટે બધા જ અંશોનું સંયોજન કરી એક ચિત્ર રજૂ કરવું જરૂરી છે, જે ઘણાખરા અંશોને આવરે અને પૂર્ણતાની ઝાંખી દેખાડવા સમર્થ બને. નહીં તો બધું અલગ અલગ જાણી શું હાથમાં આવે ?

અનેકાંતવાદ સત્યને સમજાવવાનો સાપેક્ષવાદનો સિદ્ધાંત છે.

મહાવીર સ્વામીને શા માટે લોકોને અનેકાંતવાદ સમજાવવાની જરૂર પડી ? લોકો આત્માને સમજવાના પ્રશ્નો પૂછતા હતા કે આત્મા શું છે ? કાયમી છે કે નથી ?

મહાવીર ભગવાને કહ્યું કે દ્રવ્યની દૃષ્ટિએ જોઈએ તો આત્મા કાયમી છે, પણ તેના કાર્યોમાં જે ફેરફાર થાય છે તે હંગામી છે. કાયમી નથી. તે અજર-અમર છે અને નથી પણ.

તત્ત્વાર્થશ્લોકવાર્તીકા (૧૧૬) માં આચાર્ય વિદ્યાનંદી (ઈસુની અગિયારમી સદી) સત્યના સ્વભાવને સમજાવવા એક ઉદાહરણ આપે છે. કળશમાં જો આપણે મહાસાગરનું પાણી ભરીએ તો તે કળશને આપણે ન તો મહાસાગર કહી શકીએ અને ન તો માત્ર કળશનું પાણી કહી શકીએ, પણ તેને માત્ર મહાસાગરનો ભાગ કહી શકીએ, મહાસાગરનું પાણી કહી શકીએ. તેથી કોઈપણ ધર્મની વિચાસરણી જો કે પૂર્ણ સત્યમાંથી ઉત્પન્ન થાય છે તેથી તેને પૂર્ણ સત્ય પણ ન કહેવાય અને અસત્ય પણ ન કહેવાય.

સત્તરમી સદીના જૈન સાધુ યશોવિજયગાની (જ્ઞાની) અનેકાંતવાદથી આગળ જઈને મધ્યસ્થ માટે દલીલ કરે છે. આ પરિસ્થિતિએ તેમને બીજા ધર્મના માનવીઓના ગુણોના વખાણ કરવા શક્તિમાન બનાવ્યા કે જે જૈન ન હતા.

અનેકાંતવાદે જૈન ધર્મના વિકાસમાં અને તેને બચાવવા મોટું યોગદાન આપ્યું છે એટલું જ નહીં તેને રાજદરબારમાં સ્થાન અપાવ્યું છે.

જૈન ગ્રંથ પ્રબંધકાન્તમણી પ્રમાણે રાજા સિદ્ધરાજ જયસિંહને પ્રબુદ્ધ થવાની ઈચ્છા થઈ અને જીવનમાં મુક્તિ મળે, શાંતિ થાય, તેવી ભાવના જાગી. તેણે પોતાના રાજ્યના બધા જ ધર્મગુરુઓને બોલાવીને, તેઓને સાંભળ્યા. બધાએ જ પોતપોતાનો જ ધર્મ સાચો ધર્મ છે અને બીજા ધર્મો ધતિંગ છે એવી દલીલો કરી. આ ધર્મગુરુઓમાં જૈન ધર્મના ગુરુ હેમચંદ્રાચાર્યને પણ આમંત્રણ મળેલું. છેવટે સિદ્ધરાજે તેમને બોલાવ્યા અને જૈન ધર્મ વિષે વાત કરવાનું કહ્યું. તેમાંથી બોધ આપવાનું અને જૈન ધર્મ બીજા કરતાં કેમ અલગ પડે છે તે જણાવવા કહ્યું. ત્યારે હેમચંદ્રાચાર્યે બીજા ધર્મના ધર્મગુરુઓ જેવી વાત ન કરતાં એક સુંદર વાત (બોધકથા) કહી. તે પ્રમાણે એક રોગી માણસ હતો. તેને બધાએ જાત જાતના ઓસડિયા અને વનસ્પતિ ખાવાના સૂચનો કર્યા. એ રોગીએ તે પ્રમાણે કર્યું અને તેનો રોગ મટી ગયો. પણ તેને એ ખબર ન પડી કે ખરેખર કઈ વનસ્પતિએ, કે કઈ જડીબુટ્ટીએ તેનો રોગ મટાડી દીધો. આ નાની બોધકથાનો સંદેશો એ છે કે હકીકતમાં રોગીને એ ખબર ન પડી કે શેનાથી તેનો રોગ મટી ગયો. પરંતુ તે નિરોગી થઈ ગયો. તે હકીકત બની ગઈ. તેવી રીતે ડાહ્યા મનુષ્યોએ બધા જ ધર્મોને માન આપીને મુક્તિ મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. ન જાણે તે બધામાંથી કયો ધર્મ તેને મુક્તિ અપાવી શકે. રાજા જયસિંહ હેમચંદ્રાચાર્યના અનેકાંતવાદની બોધકથા સાંભળી ખૂબ જ આનંદિત થઈ ગયો અને તેને દૃઢ પણે મનમાં વિચાર આવ્યો કે જૈન ધર્મ જ ધર્મ છે. તેમણે ત્યારપછી જૈનધર્મ અંગીકાર કર્યો અને હેમચંદ્રાચાર્યને પોતાના ગુરુપદે સ્થાપ્યા. હેમચંદ્રાચાર્યે પછી 'સિદ્ધહેમ' નામનો ગ્રંથ રચ્યો, જે ગુજરાતી ભાષાનો પ્રથમ ગ્રંથ છે, જે તે વખતની ગુજરાતની પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. આ ગ્રંથ જ્યારે પૂર્ણપણે રચાઈ ગયો ત્યારે તેને હાથીની અંબાડી પર રાખી શહેરમાં ફેરવીને તેનું બહુમાન કર્યું.

અનેકાંતવાદ પ્રમાણે આપણે સત્યના બધા જ સ્વરૂપોનો સ્વીકાર કરવો ઘટે. તો જ પૂર્ણ સ્વરૂપની ઝાંખી થઈ શકે. આપણે સત્યને જોતાં નથી પણ સત્યના પડછાયાને જોઈએ છીએ. સત્યના પડછાયાને પણ પૂર્ણપણે જોવો હોય તો આપણે અનેકાંતવાદને માર્ગે જ ચાલવું પડે, જે જીવન માટે રોયલરોડ છે.

મહાવીર ભગવાને તેમના અનુયાયીઓને બીજા ધર્મોનો અભ્યાસ કરવાનું કહ્યું. બીજા ધર્મનો અભ્યાસ કરવાથી આપણે આપણા ધર્મની વિચારસરણીને સ્વચ્છ, સુંદર અને મહાન બનાવી શકીએ. તેમાં જો ઊણપ હોય તે દૂર કરી તેને પરિપૂર્ણ અને શ્રેષ્ઠ બનાવી શકીએ.

અનેકાંતવાદ ધર્મોની વિચારસરણીની લડાઈઓમાં માનતો નથી. આવી વિચારસરણીની લડાઈને પણ તે માનસિક, વૈચારિક હિંસા જ માને છે અને આ અહિંસાનું ગુરુ શિખર છે. અહિંસાનું છેલ્લું પગથિયું ગણાય.

ધર્મોની વિચારસરણીની લડાઈ છેવટે શારીરિક, રાજકીય, ધાર્મિક અને સામાજિક લડાઈ અને છેવટે મહાલડાઈ સુધી માનવજાતને લઈ જાય છે, જે હાલમાં આપણે જોઈ રહ્યા છીએ. મારો ધર્મ અથવા તમારો ધર્મ છેવટે દુનિયાને ભયંકર યાતનાઓની ખાઈમાં ધકેલી દે છે.

સૂત્રકૃતાંગ ગ્રંથ કહે છે કે જે લોકો પોતાના જ ધર્મની વિચારસરણીની પ્રશંસા કરે છે અને બીજા ધર્મની વિચારસરણીની નિંદા કરે છે તે સત્યને કુરૂપ બનાવે છે. જેમ વિજય ધર્મસૂરી મહારાજે કહ્યું છે તેમ હું નથી જૈન, નથી હિન્દુ, નથી યુધિષ્ઠિર, નથી શૈવધર્મી કે વૈષ્ણવધર્મી પણ હું શાંતિના માર્ગનો પ્રવાસી છું.

અનેકાંતવાદ આ દુનિયાના કેટલાંય પ્રશ્નો હલ કરી શકે છે. આજે પર્યાવરણના પ્રશ્નો ઊભા થયા છે. તે માટે પણ અનેકાંતવાદ પાસે ઉકેલ છે. આ પ્રશ્નો શા માટે ઊભા થયા છે? તે એટલા માટે ઊભા થયા છે કેમકે માનવીએ કુદરતના અને માનવીના ભાગલા પાડ્યા છે. માનવી વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને ભૂલી ગયો છે, જે કોઈને પણ ધિક્કારતી નથી અને બધાને પોતાના સ્વજન ગણે છે. માનવજાત અને કુદરત અલગ-અલગ નથી. ન્યાય, લોકશાહી, વિચારો, મુક્ત કરવાની સ્વતંત્રતા, સર્વધર્મ સમભાવની પાછળ જો કોઈ સિદ્ધાંત બળ આપતો હોય તો તે અનેકાંતવાદ છે.

દુનિયાને સુખ, શાંતિ અપાવે એવો જો સિદ્ધાંત હોય તો તે મહાસિદ્ધાંત અનેકાંતવાદ છે. એક જૈન આચાર્યે કહેલ છે કે હું એકાંતવાદને નમસ્કાર કરું છું કારણ કે તેણે અનેકાંતવાદને જન્મ આપ્યો છે. અંધશ્રદ્ધા અને ગેરમાર્ગે દોરનાર ધર્મના જ્ઞાને, આપણા જીવનને માન નહીં આપવાની અને બીજાના મંતવ્યોને સહન નહીં કરવાની નિષ્ફળતાએ આપણને ખતરનાક વળાંક પર લાવી મુક્યા છે. હજુ પણ સમય ચાલ્યો ગયો નથી. આપણે બાજી સુધારી શકીએ છીએ, જો અનેકાંતવાદને પૂર્ણ રીતે અનુસરીએ.

દુનિયામાં શાંતિ સ્થાપની હોય તો, અનેકાંતવાદ મોટું યોગદાન આપી શકે છે.

અનેકાંતવાદ ધર્મોની એકતરફી ભૂલોથી દૂર રહે છે અને બધા ધર્મોની પરસ્પર વિરોધી વિચારસણીને માનભેર ગ્રહણ કરે છે અને તેમાં સાપેક્ષ સત્યની બહુ પાયાની બહુલતા છે અને તેથી તે દુનિયાને નંદનવન બનાવવા સમર્થ છે.

અનેકાંતવાદનો અર્થ એવો નથી થતો કે તે અનિશ્ચિત છે. તેનું કહેવું છે કે આપણે આપણા ધર્મની વિચારસરણી તો રાખવાની જ છે પણ બીજાના ધર્મની વિચાસરણીને માન આપવાનું છે, તે ખોટી છે કે તે સાચી છે, તેના ઝઘડામાં પડવાનું નથી. તેઓ આપણા ધર્મની વિચારસરણી માને કે ન માને. શંકરાચાર્યે અનેકાંતવાદ સમજવા આ ભૂલ કરી છે.

जेण विणा वि लोगस्स ववहारो सच्चहा निव्वडई।
तस्स ध्रुवणेक गुरुणो णमो अणेगंतवायस्स।।

–आचार्य सिद्धसेन दिवाकर

અનેકાંતવાદ સંસારનો ગુરુ કહેવાને યોગ્ય છે. એના સિવાય આ સંસારનો વ્યવહાર સારી રીતે ચાલી શકે તેમ નથી તેથી આચાર્ય સિદ્ધસેન દિવાકર કહે છે કે હું તેને નમસ્કાર કરું છું.

અનેકાંતવાદનો સિદ્ધાંત દાર્શનિક જગતને, જૈનદર્શનની મૌલિક ભેટ છે, દેન છે. આ જૈન ચિંતકોની, જૈન દાર્શનિકોની, જૈન આચાર્યોની, જૈન ગુરુઓની વિચક્ષણ દૃષ્ટિ છે. વાસ્તવમાં આ સિદ્ધાંત વિશ્વ મંગલકારક છે. દુર્ભાગ્યની વાત એ છે કે એને જૈન સંપ્રદાયની છાપ લગાવીને અલગ રાખી દેવામાં આવ્યો છે કે એ તો જૈન ધર્મનો સિદ્ધાંત છે. જૈનો તેને અનુસરે છે.

આપણે શરીરના સંદર્ભમાં અનિત્ય છીએ પણ આત્માના સંદર્ભમાં નિત્ય છીએ. સ્વામી દયાનંદ સરસ્વતીને એકવાર કોઈએ પ્રશ્ન પૂછ્યો. આપ વિદ્વાન છો કે અવિદ્વાન! તો સ્વામીજીએ ઉત્તર આપ્યો કે દાર્શનિક ક્ષેત્રે વિદ્વાન પણ વેપારના ક્ષેત્રે અવિદ્વાન.

સખત ગરમીમાં ખેડૂત ખેતરમાં કામ કરે છે. તેના માટે આ કામ સ્વાભાવિક છે, સુખ છે, પણ ઍન્ટાકર્ટિકમાં રાત-દિવસ રહેનારા માટે તે અસહ્ય છે, દુર્લભ છે. તેમાં સુખ કયું અને દુ:ખ કયું?

અમેરિકામાં અત્યારે રાત છે અને આપણે ત્યાં દિવસ છે. તો અમેરિકામાં કહે કે રાત છે. અને આપણે કહીએ કે દિવસ છે, તો બંને પોત-પોતાની જગ્યાએ સાચા છે પણ એકબીજાની દૃષ્ટિએ અલગ છે.

કલકત્તા કેટલું દૂર? આ પ્રશ્ન અધૂરો ગણાય. ક્યા સાધનોથી તમે કલકત્તા દૂર કહો છો તે જરૂરી છે. તમે ચાલીને જાવ તો મહિનાઓ દૂર, જો ટ્રેઈનમાં જાવ તો બે રાત અને એક દિવસ જેટલું દૂર, જો પ્લેનમાં જાવ તો બે કલાકના સમય જેટલું દૂર, અને મોબાઈલથી વાત કરતાં ક્ષણ-સમય જેટલું દૂર. આમ આ બ્રહ્માંડમાં દૂર કે નજીકની વાખ્યા તમે કેવી રીતે તે સ્થળે પહોંચ્યો છે, જાવ છો તેની પર આધારિત છે.

પૃથ્વીની સાપેક્ષમાં પૃથ્વી પરથી સૂર્યને જોઇએ તો તે ગોળ-ગોળ ઘૂમતો અને આકાશમાં વિચરતો જણાય અને પૃથ્વી તદ્દન સ્થિર ગણાય. સૂર્યની સાપેક્ષમાં સૂર્ય પર જઈને પૃથ્વીને જોઈએ તો પૃથ્વી ગોળ-ગોળ ઘૂમતી દેખાય અને સૂર્યની પરિક્રમા કરતી દેખાય અને સૂર્ય સ્થિર લાગે. તો આમાં સાચું શું?

આપણે સવારે પ્લેનમાં પશ્ચિમમાં જતાં જ રહીએ, જતાં જ રહીએ તો કદી સૂર્યાસ્ત થતો જણાય જ નહીં. ધારો કે વિમાનમાં ન્યૂક્લિયર ફ્યુલ છે જે હજારો વર્ષ સુધી ખતમ ન થાય તો, અને જો વિમાનમાં બાળક જન્મે અને તે પ્લેનમાં જ મોટું થતું રહે તો તેને રાત શું? ચંદ્ર શું? તારા શું? તેની ખબર જ ન પડે. તો શું રાત નથી? હવે જો પ્રવાસી રાતના પૂર્વ તરફ વિમાન લઈને જાય તો તેને તેના જીવનપર્યંત રાત જ દેખાય. વિમાનમાં જો બાળક જન્મે તો તેને દિવસ અથવા સૂર્યની ખબર ન પડે, તો શું દિવસ અને સૂર્ય નથી? આ બ્રહ્માંડમાં બધું સાપેક્ષ છે.

આ બ્રહ્માંડમાં ઘણીવાર જે દેખાય છે તે સાચું હોતું નથી અને સાચું હોય છે તે ઘણીવાર દેખાતું નથી.

મોક્ષ એટલે શું? તેની પણ વાખ્યા કરવી પડે. અને અલગ અલગ મતે તેની વ્યાખ્યા અલગ અલગ છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે– ज्ञाना देवतु कैवल्म्। માત્ર જ્ઞાન જ મોક્ષ અપાવી શકે–તો આ જ્ઞાન કેવું હોય?

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે– नहि ज्ञानेन सदृशं पवित्रमिहविद्यते ।  અર્થાત્ જ્ઞાનથી પવિત્ર કોઈ વસ્તુ નથી. આ પવિત્રમાં પવિત્ર જ્ઞાન જ આપણને અનેકાંતવાદની મહત્તા સમજાવી શકે અને આપણને ઉચ્ચ આત્માના સ્તર પર લઈ જઈ શકે.

વિજ્ઞાન એકાંતવાદ પર આધારિત છે કે અનેકાંતવાદ પર? આ પ્રશ્ન છે. વિજ્ઞાન ઘણી બધી શક્યતાનું મહારથી છે અને કોઈને પણ અંતિમ માનતું નથી. બીજું એ કે કુદરતને કોઈ ૧૦૦ ટકા જાણી શકવા સમર્થ નથી. જેમ કે ૧૦૦ ટકા અવકાશ ઉત્પન્ન કરી શકાતો નથી. આપણે -૨૭૩ અંશ સેલ્સીઅસ સુધી જઈ શકતા નથી. માપન પદ્ધતિમાં કેટલાય પ્રકારની ભૂલો થાય છે. આ બધું બતાવે છે કે વિજ્ઞાન અનેકાંતવાદનું દ્યોતક છે. પણ કોઈ ચોક્કસ માપનમાં તે નયવાદનો ઉપયોગ કરે છે. વર્ણનમાં તે સ્યાદ્વાદનો જ ઉપયોગ કરે છે. ક્વૉન્ટમ ફિઝિક્સ બધી જ સંભાવના સાથે શરુ થાય છે પણ માપન વખતે એક જ રાહ પકડે છે, તે જ નયવાદ. પણ બીજા બધા રાહ તો છે જ. વિજ્ઞાન, અનેકાંતવાદની ખરેખર પ્રયોગ દ્વારા રજૂઆત કરે છે. વિજ્ઞાનમાં પ્રયોગો, સાબિતી નયવાદ છે પણ બધા જ પ્રકારની ધારણા (Hypothesis) તેમાં અસ્તિત્વ ધરાવે છે. વિજ્ઞાન સાપેક્ષવાદ પર નિર્ભર છે. તેમાં કાંઈ જ નિરપેક્ષ નથી.

હકીકતમાં ગુરુત્વાકર્ષણ શું છે? તે કોઈ ખરેખર જાણતું નથી. ઘન અને ઋણ વિદ્યુતભાર શું છે? તે કોઈ જાણતું નથી. ચૂંબકત્વ શું છે? તે કોઈ જાણતું નથી. શા માટે અલગ-અલગ બળોને અલગ-અલગ ગુણધર્મો હોય છે? ખરેખર જીવન શું છે? તે કેવી રીતે ઉત્પન્ન થયું છે? તે કોઈને જ ખબર નથી. બ્રહ્માંડના અંતિમ સત્યોની કોઈને જ ખબર નથી. આ બધી બાબતો આપણે અનેકાંતવાદના સહારે સમજી શકીએ છીએ.

સાપેક્ષવાદનો ઉપયોગ એ છે કે જે વસ્તુ અનેકાંતરૂપ છે તે સાપેક્ષ દૃષ્ટિએ એકાંત છે. હકીકતમાં અનેકાંત એકાંત પર આધારિત છે. અનેકાંતવાદ સર્વનયાત્મક છે. જે પ્રકારે અલગ અલગ મોતીઓને એક સૂત્રમાં પરોવીએ તો સુંદર માળા બની જાય છે. તે રીતે ભિન્ન ભિન્ન નયોને સ્યાદ્વાદરૂપી સૂત્રમાં બાંધીએ તો સંપૂર્ણ નયશ્રુત પ્રમાણ બને છે.

કોઈ ધર્મનું દર્શન જુએ–એક અંશ અને તેને પૂર્ણાંગ કહે તે બરાબર નથી. અંધજન હાથીના પગને અડકે અને તેને હાથી કહે તે

યોગ્ય નથી.

સ્યાદ્વાદ એ સ્પષ્ટ કરે છે કે અહીં જે વર્ણન કરવામાં આવ્યું છે તે અંશાત્મક છે. અંશના સંબંધે છે. પૂર્ણ વસ્તુ માટે નહીં. એકાંત અંશ જુએ છે, અનેકાંત સમગ્રતામાં વાત કરે છે. હાથીની પીઠ કઈ અપેક્ષાએ ટેકરા જેવી પણ છે તેમ કહી શકાય. આ કથન અંશાત્મક પૂર્ણ સત્ય છે. પણ પૂર્ણતા માટે આંશિક સત્ય છે. પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન એકાંતવાદનું દ્યોતક છે કારણ કે તેમાં બધું જડાઈ જાય છે. જ્યારે વ્યાખ્યાન અનેકાંતવાદનું દ્યોતક છે. સ્યાદ્વાદ, શાયદવાદ કે સંશયવાદ નથી.

બ્રહ્માંડમાં એવી મંદાકિનીઓ છે જે edge on દેખાય છે જાણે કે રેખાખંડ. પણ જ્યારે તેને face on જોઈએ તો ખબર પડે કે તે તો ચક્ર જેવી મંદાકિની છે. આમ આંશિક સત્ય અને પૂર્ણસત્ય અલગ-અલગ હોય છે.

બ્રહ્માંડ પણ અલગ અલગ દિશામાં, અલગ-અલગ દેખાય છે. અલગ-અલગ પ્રકાશમાં અલગ અલગ દેખાય છે. તેના સંપૂર્ણ સ્વરૂપનો અહેસાસ કરવો નામુમકીન લાગે. બ્રહ્માંડના આંશિક ભાગો સત્ય છે પણ તે પૂર્ણ સત્ય નથી. બધાને સાથે મૂકીએ તો સત્યનો અહેસાસ થાય. સત્યનો પડછાયો જોઈ શકાય પણ પૂર્ણ સત્ય નહીં.

સ્યાદ્વાદ એક દૃષ્ટિબિંદુ છે જે આપણને દર્શાવે છે કે બ્રહ્માંડનું કઈ રીતે, કેવી રીતે અવલોકન કરવું જોઈએ. કોઈપણ વસ્તુને પૂર્ણ રીતે સમજવાના પ્રયત્નમાં વિવિધ દૃષ્ટિબિંદુથી તેનું અવલોકન કરવું જોઈએ, તો જ તે પૂર્ણ રૂપમાં આપણી સમક્ષ આવી શકે અને તેનો અંદાજ નીકળી શકે.

અનેકાંતવાદ અને સ્યાદ્વાદ વસ્તુ સ્વરૂપનું સાચા સ્વરૂપમાં જોવા દિગ્દર્શન કરવાવાળા સિદ્ધાંતો હોવાથી તે આત્મશાંતિની સાથે સાથે વિશ્વશાંતિને સ્થાપવાના પણ સિદ્ધાંતો છે. 'અનેકાંતવાદ સાથે અનુસંધાન'-તે ભારતની અહિંસા સાધનાની ચરમ સીમા છે. તેને દુનિયા જેટલી જલ્દીથી સ્વીકાર કરશે તેટલી જલ્દી દુનિયામાં શાંતિ સ્થપાશે.

Acharya Siddhasena Divakara (3rd century A.D.) expounded on the nature of truth in the court of king Vikramaditya in the following way:

Vikramaditya : What is truth? Is it that which is said repeatedly, that which is said loudly, that which is said with authority or that which is agreed by the majority?

Divakara : None of the above. Every one has his own definition of truth and it is conditional.

Vikramaditya : How about traditions? Have they been established by our ancestors and have they been passed the test of time?

Divakara : would the system established by ancestors held true on examination? In case it does not, I am not here to justify if for the sake of loving the traditional grace of the dead irrespective of the wrath I may have to face.

(Vardhamana Dvatrimisika 6/2)

In Sanmatitarka Divakara furthers address:

`All doctrines are right in their own respective spheres but if they eneroach upon the province of other doctrines and try to refuse their views, they are wrong. A man who hold the view of the cummulative character of truth never says that a particular view is right or a particular view is wrong?

ઈસુની ત્રીજી સદીમાં રાજા વિક્રમાદિત્યના દરબારમાં આચાર્ય સિદ્ધસેન દીવાકારે સત્યના સ્વભાવ વિષે નીચે પ્રમાણે વિસ્તારથી સમજાવ્યું-

વિક્રમાદિત્ય : સત્ય શું છે? શું તે એ છે જે વારંવાર એ જ રૂપે દૃશ્યમાન થાય છે કે જેને મોટેથી કહેવામાં આવે છે કે જેને બહુ જ આત્મવિશ્વાસ અને ઓથોરીટીથી કહેવામાં આવે છે, કે જેને લગભગ ઘણાંખરા લોકો માને છે?

દીવાકર : આમાનું કાંઈ જ સત્યને સ્થાપિત કરી શકે નહીં. દરેકે દરેક-જણને સત્યની પોતાની વ્યાખ્યા હોય છે અને તે એકતરફી (શરતી એકાંતવાદી) હોય છે.

વિક્રમાદિત્ય : આપણા રીત-રિવાજો વિષે આપનું શું કહેવાનું છે? શું તેને આપણા પૂર્વજોએ સ્થાપિત કરેલા છે અને તે સમયની કસોટી પર સાચા સાબિત તયા છે?

દીવાકર : શું પૂર્વજોએ સ્થાપેલા રીત-રિવાજોને કસોટીની એરણ પર તપાસવામાં આવ્યા છે? જો ન તપાસવામાં આવ્યા હોય તો હું તેના વિષે કશું કહેવા માગતો નથી કારણ કે મારે પૂર્વજોનું માન રાખવાનું છે. તેના માટે મારે ભલે ગમે તે સહન કરવું પડે.

(વર્ધમાન દ્વાત્રિંસીકા ૬/૨)

સનમતીતારકામાં દીવાકર સ્વામિ કહે છે :

'ધર્મની બધી વિચારસરણીઓ તેનામાં સાચી છે. પણ તેઓ જ્યારે બીજા ધર્મની વિચારસરણીઓમાં પ્રવેશ કરે અને તેમને ખોટી પાડવા પ્રયત્ન કરે તો તે બધી જ ખોટી છે. જે માણસ સત્યની બહુલતાની વિચારસરણીના ગુણને જાણે છે, તે કદી પણ એમ નહીં કહે કે કોઈ એક ધર્મની વિચાસરણી સાચી છે કે તે ખોટી છે.'

✶ ✶ ✶

ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી, વરલી, મુંબઈ-૪૦૦ ૦૧૮
ટેલિફોન : ૨૨૨-૨૮૯૪૮૬૭૮.

# સ્યાદ્વાદ

**□ દિનકર જોષી**

*[ લેખક, સંપાદક, અનુવાદક દિનકર જોષીએ ૧૫૦ પુસ્તકનું સર્જન કર્યું છે. મહાત્મા ગાંધી, ઝીણા, ટાગોર, નર્મદ અને સરદાર પટેલ ના ચરિત્રકાર દિનકરભાઈનું નામ ગુજરાતી સાહિત્યમાં ઘણું જાણીતું છે. અનેક મહત્ત્વના વિષયો પરના તેમના ચિંતનાત્મક લખાણો નવી દિશા પ્રેરે છે. પ્રસ્તુત લેખમાં સ્યાદ્વાદની સમજ દિનકર જોષી પાસેથી આપણને મળે છે. ]*

એક માણસ મુંબઈથી રાત્રે દશ વાગ્યે ઊપડતા ગુજરાત મેલમાં અગાઉથી રિઝર્વ કરાવેલી બર્થ ઉપર શાંતિથી સૂઈ જાય છે અને વહેલી સવારે છ વાગ્યે એની આંખ ઊઘડે છે ત્યારે એ અમદાવાદના કાળુપુર સ્ટેશને આવી પહોંચ્યો હોય છે. રાતભરની મુસાફરી પછી પણ એ થાક્યો નથી, તાજોમાજો લાગે છે, કેમ કે એનું રિઝર્વેશન એરકંડિશન ક્લાસમાં હતું.

બીજો માણસ પણ મુંબઈથી અમદાવાદ જ જાય છે, પણ એને રાતભરની રેલવેની મુસાફરી પસંદ નથી, એટલે સાન્તાક્રુઝ એરપૉર્ટ ઉપરથી વહેલી સવારે છ વાગ્યે ઊપડતા વિમાનમાં મુસાફરી કરે છે. આગલી રાત્રે ગુજરાત મેલમાં મુંબઈથી નીકળેલો પેલો માણસ અને આજે વહેલી સવારે સાન્તાક્રુઝ એરપૉર્ટ પરથી વિમાનમાં અમદાવાદ આવેલો બીજો માણસ–બંને લગભગ સાથે જ પહોંચ્યા છે એમ કહી શકાય.

વિમાનમાં આવેલો માણસ એના વિમાનનો ડીપાર્ચર ટાઈમ વહેલી સવારે છ વાગ્યાનો હોવાને કારણે નિયત કરેલા રીપૉર્ટિંગ ટાઈમે સવારે પાંચ વાગ્યે સાંતાક્રુઝ પહોંચ્યો હોય છે. ધારો કે એ બોરીવલી રહેતો હોય, તો સવારે પાંચ વાગ્યે સાન્તાક્રુઝ પહોંચવા માટે એણે મોડામાં મોડું સવાચાર કે સાડાચાર વાગ્યે તો નીકળવું જ જોઈએ. હવે આ સમયે તૈયાર થઈને નીકળવા માટે એણે મોડામાં મોડું સાડાત્રણ વાગ્યે તો ઊઠવું જ જોઈએ. આમ, ગુજરાત મેલમાં ગયેલો મુસાફર આખી રાતની ઊંઘ લીધા પછી અમદાવાદ પહોંચ્યો છે અને હવાઈ મુસાફરી કરીને પહોંચેલો માણસ જોકે એક જ કલાકમાં પહોંચી ગયો છે, પણ લગભગ આખી રાતના ઉજાગરા પછી પહોંચ્યો છે.

ત્રીજા માણસને પણ મુંબઈથી અમદાવાદ જ જવું છે, પણ એ મોટર-માર્ગે પોતાની ગાડી લઈને અમદાવાદ જાય છે. એને સુરત અને વડોદરામાં એક-બે કલાકના ધંધાદારી રોકાણો છે, એટલે એક દિવસમાં બધાં કામો આટોપી શકાય એવી ગણતરીથી સવારે આઠ વાગ્યે નાસ્તો-પાણી પતાવીને, ડ્રાઈવરને સાથે લઈને પ્રવાસ શરૂ કરે છે. એકાદ કલાક સુરત અને એકાદ કલાક વડોદરામાં રોકાઈને ધંધાદારી કામો આટોપે છે અને રાત પડ્યે અમદાવાદ પહોંચી જાય છે.

આપણે જોઈ શકીએ છીએ કે આ ત્રણેય માણસો અમદાવાદ તો સમયસર પહોંચ્યા જ છે. એમનું ધ્યેય એમણે પોતપોતાના માર્ગે પ્રવાસ કરીને હાંસલ કર્યું જ છે. એવું નથી કે વિમાનમાર્ગે જનારાનું અમદાવાદ જૂદું હોય અને રેલવે-માર્ગે જનારાનું અમદાવાદ જુદું હોય. અમદાવાદ તો એક જ છે. હવે જો રેલવે-માર્ગે જનારો એમ કહે કે અમદાવાદ તો રેલવે-માર્ગે અને એય ગુજરાત મેલથી જ પહોંચી શકાય અને જો વિમાનમાર્ગે જનારો એમ કહે કે અમદાવાદ પહોંચવા માટે હવાઈ મુસાફરી એ જ એકમાત્ર માર્ગ છે, તો એ બંને સત્યથી દૂર છે. એક રીતે એમની વાત સાચી છે કે તેઓ પોતપોતાની રીતે અમદાવાદ પહોંચ્યા છે અને પોતપોતાની સગવડ પ્રમાણે એમણે મુસાફરી કરી છે. પોતપોતાના અનુભવના આધારે આ ત્રણેયનો માર્ગ સારો અને સાચો પણ લાગે તો એમાં કશું વાંધાજનક ન કહેવાય. ત્રણેયની જરૂરિયાતો જુદી છે. ત્રણેયની સગવડો જુદી છે, પણ જો ત્રણેય એમ કહે કે આ જ એકમાત્ર સાચો માર્ગ છે, તો આપણે આ ત્રણેયને સ્વસ્થ ચિત્તના માણસો કહી નહિ શકીએ.

હવે એક બીજું ઉદાહરણ જોઈએ. મીરાંબાઈ પગે ઘૂંઘરું બાંધીને ચિતોડના રાજમાર્ગો ઉપર સાધુસંતો સાથે પદો ગાતાં-ગાતાં નૃત્ય કરતી રહી અને આ નૃત્યના ઠેકે-ઠેકે જ એણે સિદ્ધિ મેળવી લીધી એનો કોઈ ઈન્કાર કરી શકે એમ નથી. શંકરાચાર્યે પગે કોઈ ઘૂંઘરું બાંધ્યા નહોતા. રાજમાર્ગો ઉપર નૃત્ય પણ કર્યાં નહોતાં, છતાં એમણે પણ મીરાંબાઈ કરતાં તદ્દન જુદા માર્ગે સિદ્ધિ મેળવી જ હતી. મીરાંબાઈની સિદ્ધિ અને શંકરાચાર્યની સિદ્ધિ બે અલગ અલગ પ્રદેશો નથી. બંનેના માર્ગો જુદા હતા પણ ગંતવ્યસ્થાન એક જ હતું. આ નિશ્ચિત ગંતવ્યસ્થાને પોતપોતાના માર્ગે તેઓ પહોંચી ગયાં હતાં.

આ દુનિયામાં વૈવિધ્યનો કોઈ પાર નથી. આપણા રોજિંદા જીવન-વ્યવહારમાં પણ આપણે રોજ પ્રત્યેક ક્ષણે આવા વૈવિધ્ય વચ્ચેથી પસાર થતા હોઈએ છીએ. આ ત્રિપરિમાણી વિશ્વ આપણે આખેઆખું સળંગ ક્યારેય જોઈ શકતા નથી, સંવેદી શકતા નથી. આપણને બે જ આંખ ચહેરાના આગળના ભાગમાં ઈશ્વરે આપી છે. આમ હોવાથી જ્યારે આપણે આગળનું વિશ્વ જોઈએ છીએ ત્યારે પાછળનું વિશ્વ જોઈ શકતા નથી. જોઈ શકતા નથી માટે એ નથી એમ તો ન જ કહી શકાય. કોઈ એમ કહી શકે કે પીઠ પાછળનું વિશ્વ આ ક્ષણે ભલે દેખાતું નથી, પણ આ પૂર્વેની ક્ષણે ચહેરો ઘુમાવીને એને સંવેદ્યું હતું. આ વાત અર્ધસત્ય છે, કારણ કે સતત પરિવર્તનશીલ વિશ્વમાં આપણે જે કંઈ એક ક્ષણ પહેલાં પીઠ પાછળ જોયું હતું એ બધું અત્યારે પણ એમ ને એમ જ છે એમ માનવું એ ભોળપણ છે. પ્રત્યેક ક્ષણે સઘળું પરિવર્તનશીલ હોય છે. એક ક્ષણ પૂર્વે તમે જે

જોયું હતું એ બીજી ક્ષણે એનું એ નથી હોતું. એમાં અપાર ફેરફાર થઈ ગયા હોય છે. આ પરિવર્તન તત્કાલ આપણે નોંધી શકતા નથી એ આપણી મર્યાદા છે. આપણો અનુભવ અથવા આપણું દર્શન એકાંગી હોય છે. એને પૂર્ણ માની લેવું એ સત્યને નહિ સમજવા જેવું છે.

આપણાં લગભગ તમામ ઘર્ષણોનું કારણ આવા એકાંગી દર્શનને આપણે પૂર્ણ માની લઈએ છીએ એ જ હોય છે. પરિવારમાં, પડોશમાં, વ્યાવસાયિક સંબંધોમાં કે કોઈપણ સામાજિક સંબંધોમાં આપણા મર્યાદિત અનુભવ અને દર્શનને ચોકકસ અને અંતિમ રૂપ આપીને આપણે ઘણાં પ્રશ્નો પેદા કરીએ છીએ. એક મુસલમાન નમાજ પઢતી વખતે નીરવ શાંતિની અપેક્ષા રાખે છે, કેમકે એને એવી ગ્રંથિ બાંધી દેવામાં આવી છે કે અલ્લાહનું સાંનિધ્ય આ રીતે નમાજ પઢવાથી જ પ્રાપ્ત થાય છે. આ સિવાયના બીજા કોઈ માર્ગે પણ ઈબાદત કરીને અલ્લાહ સુધી પહોંચી શકાય છે એ વાત એને ગળે જ નથી ઊતરતી. આવું જ અન્ય ધર્મોની પ્રાર્થના પદ્ધતિઓ વિશે પણ કહી શકાય.

જૈન ધર્મે માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં બીજું ગમે તે ભલે આપ્યું હોય કે ન આપ્યું હોય, પણ જેને સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદ કહીએ છીએ એ એવું અદ્ભુત દર્શન આપ્યું છે કે માનવજાત સદૈવ જૈન ધર્મની ઓશિંગણ રહેશે. આ 'સ્યાદ્' શબ્દના અનેક અર્થો કરવામાં આવ્યા છે, પણ આપણા જેવા સરેરાશ માણસોને સમજવા માટે આ પૈકી એક જ અર્થ ઉપયોગી છે. આ અર્થ 'એના સંદર્ભમાં' એવો થાય છે. આ 'એના સંદર્ભમાં' એટલે શું એ થોડુંક વિગતે સમજીએ.

ધારો કે તમે રસ્તા વચ્ચે ઊભા છો અને બરાબર એ જ વખતે તમારા પિતા આવીને એમના મિત્રને કહે છે કે આ મારો પુત્ર છે. તમે તમારા પિતાના પુત્ર છો એ તો નિઃશંક છે, એટલે આ સત્યનો તમે સ્વીકાર કરો છો. બરાબર એ જ વખતે તમારો પુત્ર એના મિત્ર સાથે ત્યાં આવી પહોંચે છે અને એ એના મિત્રને કહે છે કે આ મારા પિતા છે. તમે આ સત્યનો પણ સ્વીકાર કરો છો. જે રીતે તમે તમારા પિતાના પુત્ર છો એ જ રીતે તમારા પુત્રના પિતા પણ છો. તમારી પત્નીના સંદર્ભમાં તમે એના પતિ છો અને તમારી બહેનના સંદર્ભમાં તમે એના ભાઈ છો. તમારા બૉસ માટે તમે એના હાથ નીચેના કર્મચારી છો તો તમારા હાથ નીચેના કર્મચારી માટે તમે બૉસ છો.

તમે તો એક અને અવિભાજ્ય છો, પણ તમારી આસપાસના આ સહુ માટે તમે જુદાજુદા છો. પિતાને મન તમે પુત્ર છો, તો પુત્રને મન તમે પિતા છો. પત્નીને મન તમે પતિ છો, તો બહેનને મન તમે ભાઈ છો. આમ, એકની એક વ્યક્તિ પણ જુદાંજુદાં માણસોનાં જુદાજુદા સંદર્ભોમાં જુદી જુદી રીતે ઓળખાય છે. આ દરેક અપેક્ષાનો તમારે સ્વીકાર કરવો રહ્યો. તમે એનો ઈન્કાર કરી શકો નહિ. ઉપર ટાંકેલા અમદાવાદના ઉદાહરણમાં જે રીતે અમદાવાદ એક જ છે, પણ ત્યાં પહોંચવાના માર્ગો જુદા જુદા છે, એ જ રીતે અહીં પણ તમે તો એક જ છો પણ તમારા સુધી પહોંચવા માટેના માર્ગો અથવા તો તમારી સાથે સંબંધ સ્થાપિત કરવા માટેની અપેક્ષાઓ તમારી આસપાસના સહુ માણસો માટે જુદી જુદી છે.

'હું સાચો છું' એમ તમે ભલે વિશ્વાસપૂર્વક કહી શકતા હો, પણ એ સાથે જ 'તમે પણ કદાચ સાચા હોઈ શકો' એવો વિશ્વાસ ધરાવવાની તમારી તૈયારી એ જ આ સ્યાદ્વાદ છે. ઈસ્લામમાં જે નથી માનતા એ કાફિરો છે અને આ કાફિરોને અલ્લાહના સાચા માર્ગે લઈ જવા માટે એમને મુસલમાન બનાવવા જોઈએ એ એક માન્યતા છે. આ માન્યતા વિશે કદાચ કટ્ટર ઈસ્લામ પંથીઓ પ્રામાણિક પણ હોય, તેઓ ખરેખર એમ માનતા પણ હોય, પણ જો એ જ રીતે અન્ય ધર્મના અનુયાયીઓ પણ માનવા માંડે અને પરસ્પરને, પોતે માની લીધેલા અલ્લાહ સુધી પહોંચાડવા માટે ધર્માંતર કરાવવા માંડે તો જગતમાં યુદ્ધો સિવાય બીજું શું થાય ? આજે આ જ બન્યું છે. સ્યાદ્વાદનો એના મર્મ સાથે સહજભાવે સ્વીકાર કરવાને બદલે આપણું વર્તન એનાથી વિપરીત રહ્યું છે. પરિણામે, જે ધર્મની ઉત્પત્તિ સુખ અને શાંતિ માટે થઈ હતી એ જ ધર્મો માનવજાતને વધારેમાં વધારે અસુખ અને અશાંતિ આપી રહ્યા છે.

આપણા જેવા સરેરાશ માણસો વૈશ્વિક સ્તરે વ્યાપેલી આ અણસમજને કદાચ અટકાવી ન શકે, પણ વ્યક્તિગત ધોરણે એનું અનુસરણ કરવામાં કશી જ મુશ્કેલી નથી. રોજિંદા વહેવારમાં ડગલે ને પગલે આપણા સંખ્યાબંધ ગમા-અણગમા હોય છે. આવા ગમા-અણગમાની વિરુદ્ધમાં જેઓ ગમા-અણગમા ધરાવતા હોય એમના માટે આપણે મોં મચકોડી દઈએ છીએ.

ધારો કે કોબીનું શાક તમને ભાવતું નથી એટલે જેમને કોબીનું શાક અત્યંત ભાવે છે એમને સ્વાદપૂર્વક એ શાક ખાતા જોઈને તમારા મનમાં અસુખ પેદા થઈ જાય છે. ક્યારેક તમે બબડી પણ નાખો છો કે 'કોબીનું શાક એ તે કંઈ શાક છે ? ધૂળ અને ઢેફાં જેવું લાગે ! એ તો ઢોરનો ખોરાક કહેવાય !' આ વખતે જો કોઈ તમને પૂછે કે કોબીને ઢોરનો ખોરાક કયા શાસ્ત્રમાં કયા પૂર્વજોએ કહ્યું છે, તો તમે તમારી માન્યતાને સાચી ઠરાવવા માટે ગમે ત્યાંથી ગમે તે વાક્યો ટાંકી દેતાં પણ અચકાશો નહિ.

અહીં સ્યાદ્વાદના મૂળને સ્પર્શી શકાય છે. આ તો એક સ્થૂળ ઉદાહરણ થયું, પણ આવા ઉદાહરણના આશ્રયે જ આપણે આપણા અન્ય ગમા-અણગમા વિશે પણ વિચારી શકીએ.

સ્યાદ્વાદના આવા અનુસરણથી વૈશ્વિક સુખ અને શાંતિ સ્થપાય કે ન પણ સ્થપાય, પણ વ્યક્તિગત સુખ અને શાંતિ તો અવશ્ય પ્રાપ્ત થશે જ. પાર વિનાના માનસિક કલહો અને ઉત્તાપો શમાવી શકવાને સમર્થ એવો આ રાજમાર્ગ છે. આપણે જ્યારે આપણી માન્યતામાં મક્કમ હોઈએ છીએ એટલે કે કટ્ટરવાદી હોઈએ છીએ ત્યારે એનું અને માત્ર એનું જ સમર્થન કરવા પાછળ આપણા મોટા

ભાગના સમય અને શક્તિનો વ્યય કરીએ છીએ. આપણા ગમા-અણગમાના પણ જે કોઈ ચોક્કસ તાર્કિક કારણો હોય એને રજૂ કરવામાં કશું ખોટું નથી. પણ તર્ક હંમેશાં સત્યના માર્ગે જ લઈ જાય છે એવું માનવું સાચું નથી.

આપણી માન્યતા માટે જેમ આપણો અનુભવ અને આપણા તર્કો હોય છે એમ એથી વિપરીત માનનારાને પણ એના પોતાના તર્કો અને અનુભવો હોય છે એનો આપણે સ્વીકાર કરવો જોઈએ. એક કે બે વાણિયાથી છેતરાયેલો કોઈ માણસ સતત એવું કહેતો ફરે કે બધા વાણિયા લુચ્ચા જ હોય છે, તો એમાં તર્કદોષ છે. આ નિરીક્ષણમાં ભલે સ્વાનુભવ હોય, પણ તર્ક નથી. તર્કશાસ્ત્રના જાણકારો સમજી શકશે કે આમાં અતિવ્યાપ્તિનો દોષ છે. એ જ રીતે બધા મુસલમાનો કટ્ટરવાદી જ હોય છે કે બધા હિંદુઓ ઉદાર જ હોય છે, એ માન્યતામાં પણ ભરપૂર તર્કદોષ છે. મને મળેલા ચાર મુસલમાનો પૈકી ત્રણ જણનો મારો અનુભવ કડવો રહ્યો હોય, પણ એથી કંઈ વિશ્વભરના કરોડો મુસલમાનો માટે હું સામાન્ય નિરીક્ષણ કરી શકું નહિ. મારે કહેવું જોઈએ કે મને આવા-આવા કડવા અનુભવો થયા છે, પણ અન્યોને સારા અનુભવો થયા હોય એવું ય બને.

આપણે જ્યારે આપણા ગમા-અણગમા વિશે દૃઢ આગ્રહી છીએ ત્યારે એક રીતે તો સમગ્ર વિશ્વના દરવાજા આપણા માટે બંધ થઈ જાય છે. આપણે એમ માનીએ છીએ કે આપણે જૂઠાણાંઓને, અસત્યોને મને અનિચ્છનીય તત્ત્વોને બહાર રાખ્યાં છે, પણ ખરેખર તો આપણે જ બહાર જતા રહીએ છીએ. કોઈક મોટા મેળામાં ભૂલું પડી ગયેલું બાળક રડવા માંડે અને જો કોઈ પોલીસ એને પૂછે ત્યારે આ બાળક રડતાં-રડતાં કહી દે કે મારી મા ખોવાઈ ગઈ છે–એના જેવો જ આ તાલ થાય છે. ભીડમાં મા નથી ખોવાઈ ગઈ, બાળક ખોવાઈ ગયું છે. પણ બાળકને એની ખબર નથી, એટલે એ એમ જ માને છે કે હું તો યથાસ્થાને જ છું, પણ મારી મા ક્યાંક ખોવાઈ ગઈ છે.

સ્યાદ્વાદનું સરળ અનુસરણ આપણાં દૈનિક જીવનના અપાર સંઘર્ષો તો ટાળે જ છે અને માનસિક શાંતિ પણ આપે છે, પણ એનાથી સહુથી વધુ લાભ માનવીય જ્ઞાનના કુલ જથ્થાને થાય છે. આપણે ત્યાં પ્રાચીનકાળમાં શાસ્ત્રીય વિવાદ અથવા શાસ્ત્રાર્થ અવારનવાર યોજવામાં આવતા. સ્યાદ્વાદનો સ્વીકાર કરીએ તો આવા શાસ્ત્રાર્થ પોતાના કોઈ મતના મંડન કે વિપક્ષીના કોઈ મતના ખંડન માટે નથી હોતા. શાસ્ત્રાર્થ કરનાર ઉભયપક્ષનું લક્ષ્ય એ ક જ હોય છે.

એક પક્ષ કહે છે કે આ વિષયમાં આટઆટલી વાતો હું જાણું છું અને આટઆટલા વિષયોમાં હું આટઆટલું સમજ્યો છું. આ મારું જ્ઞાન છે. હવે તમે તમારું જ્ઞાન કહો. વિપક્ષી પ્રતિસ્પર્ધક એ જ રીતે પોતાની વાત પણ રજૂ કરે છે. આમ બંને પક્ષે બધું ખુલ્લું થાય છે એટલે બેય પક્ષમાં જ્યાં-ક્યાંય પણ ચૂક હોય એમાં સુધારો થાય છે અને જ્યાં ન્યૂનતા હોય ત્યાં ઉમેરો થાય છે. આમ, આ શાસ્ત્રાર્થથી બંને પક્ષે જ્ઞાનમાં વધારો થાય છે અને બંને પક્ષે જે કંઈ ભૂલચૂક હોય એમાં સુધારો થાય છે. જો આ શાસ્ત્રાર્થ ન થતો હોય તો બંને પક્ષ પાસે પોતપોતાનું મર્યાદિત જ્ઞાન એમ ને એમ રહ્યું હોત અને આ સમજમાં જ્યાં-ક્યાંય પણ ઊણપ હતી એ એમ ને એમ જ અકબંધ રહી હોત. હું જ સાચો છું અને તમે ખોટા છો એવા ભાવથી જો આવો શાસ્ત્રાર્થ થાય તો ખંડન અને મંડનના વિવાદો પેદા થાય. એને બદલે સ્યાદ્વાદના અનુસરણથી એટલે કે 'તમે પણ સાચા હોઈ શકો છો' એના ભાવથી થતા શાસ્ત્રાર્થને પરિણામે માનવ સંસ્કૃતિમાં વધારો થાય છે.

શાસ્ત્રાર્થ પાછળ જ્યારે આવો ભાવ નથી હોતો ત્યારે વિજય કે પરાજયનો પક્ષ પેદા થાય છે. પરાજય કોઈનેય પસંદ નથી હોતો. એટલે પરાજિત થવા છતાં માણસ પોતાના મતનું સાચું-ખોટું અનુમોદન કર્યે જ જાય છે. વિજયી થનારને વિજયનો કેફ ચડે છે, એના અહંકારમાં વધારો થાય છે અને પરાજિતના અહંકારને ઠેસ વાગી હોવાને કારણે એનામાં રોષ જન્મે છે. પોતાના મતના સમર્થન માટે એ વધુ વેગથી કામે લાગી જાય છે, એટલું જ નહિ, વિપક્ષી પ્રત્યે હવે એના મનમાં દ્વેષ પણ પેદા થાય છે. આમ સ્યાદ્વાદથી વિપરીત આચરણ કરવાને કારણે જ્ઞાનનો પ્રવાહ કલુષિત થાય છે, એટલું જ નહિ, સામાજિક સ્તરે અહંકાર, દ્વેષ, ક્રોધ–આ બધાં નાસ્તિવાચક મૂલ્યો પ્રતિષ્ઠિત થાય છે.

'શાસ્ત્રાર્થ' શબ્દ વિદ્વાનો માટે રહેવા દઈએ, તો સામાન્ય સંવાદ એ આપણો ઘરેલુ અનુભવ છે. જો હું પહેલેથી જ મારા મત માટે હઠાગ્રહી ન હોઉં, એટલું જ નહિ, મને જો મારી સમજદારી કે બુદ્ધિમત્તા વિશે અહંકાર કહી શકાય એવો ખ્યાલ ન હોય, તો આવા સંવાદથી સામેવાળાના મતમાં ભલે મોટા ભાગે અતાર્કિક વાતો હોય, તોય કેટલુંક સત્ય તો અવશ્ય લાધે છે, પણ આપણો પેલો અહંકાર એનો સ્વીકાર કરવા દેતો નથી. આ અહંકારને ઓગાળીને જે કંઈ સત્ય વિપક્ષે હોય એનો પણ સ્વીકાર એનું નામ જ સાચું રેશનાલિઝમ છે. આ અર્થમાં આધુનિક રેશનાલિસ્ટોએ સ્યાદ્વાદ સમજવા જેવો છે. સ્યાદ્વાદના અનુસરણથી રેશનાલિઝમ સાચા અર્થમાં રેશનાલિસ્ટ બનશે.

જો આપણે સ્યાદ્વાદને આ રીતે સમજીને વહેવારમાં ઉતારીએ તો આપણા ઘણાં સંઘર્ષો અને સમસ્યાઓનું નિરાકરણ આપોઆપ થઈ જાય છે અને માનસિક સ્તરે હળવાશ પણ પ્રાપ્ત થાય છે. ✷

૧૦૨/એ, પાર્ક એવન્યુ, એમ. જી. રોડ, દહાણુકરવાડી,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
મોબાઈલ : ૦૯૯૬૯૫૧૬૭૪૫.

# શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીની અનેકાંતવાદની ઘોષણા

❑ ડૉ. રેણુકા પોરવાલ

*[ રેણુકા પોરવાલે આચાર્ય બુદ્ધિસાગરજીના જીવન અને સાહિત્ય ઉપર ડૉ. કલાબેન શાહના માર્ગદર્શન દ્વારા મહાનિબંધ લખ્યો છે. હાલમાં તેઓ ડૉ. સાગરમલ જૈન પાસે 'મથુરાના જૈન સ્તૂપ પર સંશોધન' અધ્યયન કાર્ય કરી રહ્યા છે. તેમણે જૈન જગતના હિન્દી વિભાગનું સંપાદન કાર્ય કર્યું છે. પ્રસ્તુત લેખમાં તેમણે સિદ્ધસેન દિવાકરજી ના સંદર્ભે અનેકાંતવાદ સમજાવ્યો છે. ]*

મહાન તાર્કિક શિરોમણી આચાર્ય સિદ્ધસેનસૂરિજીએ સૌ પ્રથમ અનેકાંતવાદનું નિરૂપણ સાત નય અને સપ્તભંગી વડે સન્મતિ તર્ક પ્રકરણમાં કર્યું. જીવ ઘણી વાર મૂઢતાને લીધે પદાર્થને વાસ્તવિક સ્વરૂપે અવલોકવા સમર્થ બનતો નથી. તે એક જ દૃષ્ટિથી તત્ત્વને જુએ છે જેનાથી એના પ્રત્યે એકાંત રાગ ઉદ્ભવે છે, જેના કારણે તે એકાંતવાદી થાય છે. જીવ જો પદાર્થને કે સિદ્ધાંતને સમજવા માટે વિવિધ દૃષ્ટિ અપનાવે તો એનું દૃષ્ટિબિંદુ વિશાળ બને છે. આ તર્કનો ઉપયોગ જનહિતાર્થે કરી અલગ અલગ દર્શનને તેમણે નય અને સપ્તભંગીના પ્રમાણથી સમજાવ્યું.

**આચાર્ય શ્રી સિદ્ધસેનસૂરિજીનું જીવન વૃત્ત :**

આચાર્ય સિદ્ધસેનસૂરિ આશરે વિક્રમની ચોથી શતાબ્દીના ઉત્તરાર્ધમાં થઈ ગયા. તેમની ગુરુ પરંપરા 'પ્રભાવક ચરિત્ર'માં સવિસ્તૃત રીતે જોવા મળે છે. તદ્નુસાર તેઓ 'માથુરી વાચના'ના પ્રણેતા આર્ય સ્કંદીલના પ્રશિષ્ય તથા શ્રી વૃદ્ધવાદીના શિષ્ય હતા. આ વાચના વિ. સં. ૩૭૦ અર્થાત્ મહાવીર નિર્વાણ ૮૪૦માં થઈ હતી. 'સન્મતિ તર્ક' પરની ટીકા મલ્લવાદીએ વિ. સં. ૫માં રચી ઉપરાંત પૂજ્યપાદ દેવનંદીના 'જૈનેન્દ્ર વ્યાકરણ'માં પણ સન્મતિ તર્કનો ઉલ્લેખ છે જે પાંચમી અને છઠ્ઠી સદીની મધ્યમાં થઈ હતી માટે શ્રી સિદ્ધસેનજીનો સમયગાળો યોગ્ય જણાય છે.

તેમનું મૂળ નામ મુકુંદ પંડિત, અને પિતા દેવઋષી હતા. તેઓ વાદ વિવાદમાં એક વાર વૃદ્ધવાદી સમક્ષ હારી જતાં. શર્ત અનુસાર તેમના શિષ્ય બન્યા. તેમનું દીક્ષાનું નામ કુમુદચંદ્ર હતું. પરંતુ 'સૂરિ' પદની પ્રાપ્તિ બાદ સિદ્ધસેન તરીકે જાણીતા થયા.

**સન્મતિતર્ક પ્રકરણ :**

શ્રી સિદ્ધસેનજીની મુખ્ય કૃતિઓમાં અગ્રસ્થાને 'સન્મતિ તર્ક પ્રકરણ'ની ગણના થાય છે. અન્ય કૃતિઓમાં મુખ્યત્વે દ્વાત્રિંશિકા, ન્યાયાવતાર અને કલ્યાણ મંદિર ગણાય છે. સન્મતિ અર્થાત્ વસ્તુને વાસ્તવિક રીતે સમજવા માટેની નિર્મળ મતિ અને એ જેનાથી મળે એવો ગ્રંથ એટલે 'સન્મતિતર્ક પ્રકરણ.' અહીં 'સન્મતિ' શબ્દ પ્રભુ મહાવીરના નામાર્થે પણ વપરાયેલ છે. ('ધનંજય નામમાળા' પ્રમાણે પ્રભુ મહાવીરનું નામ 'સન્મતિ' પણ છે.)

આ ગ્રંથને એટલો આવશ્યક અને પવિત્ર ગણવામાં આવે છે કે એના અભ્યાસ માટે જો કોઈ અપવાદ સેવવો પડે તો પણ તેના પ્રાયશ્ચિત્તની જરૂર રહેતી નથી. જીતકલ્પની ચૂર્ણિમાં એનો સ્પષ્ટ નિર્દેશ છે કે, 'સન્મતિ-ગ્રંથ'ના અધ્યયન માટે સંધ્યાકાળના બાધિત સમયનો ઉપયોગ કર્યો હોય તો પણ એને માટે પ્રાયશ્ચિત્ત નથી. આ ગ્રંથની ભાષા અર્ધમાગધી મિશ્રિત મહારાષ્ટ્રી પ્રાકૃત છે.

આ ભાષાનું પ્રભુત્વ પશ્ચિમ ભારતમાં વધુ હતું માટે ગ્રંથની રચના આ ક્ષેત્રમાં થવા સંભવે છે. તે સમયે જૈનોમાં કર્મકાંડ વધુ હતો. નવીન પરિબળોનો સમાવેશ કરવો તો લગભગ અશક્ય જ કહેવાતું. આવા કપરા સમયમાં પ્રભુ મહાવીરના સિદ્ધાંતોને અન્ય દર્શનોની સમકક્ષ મૂકી એનો પ્રચાર કરવો એમ તેમની ઈચ્છા હતી. પ્રભુના સિદ્ધાંતોને જગતને જણાવી જૈનોનું પ્રભાવશાળી વ્યક્તિત્વ ઉજાગર કરવાની તેમની નેમ હતી.

**સન્મતિતર્કનું વિષય વસ્તુ :**

અનેકાંતવાદની સ્થાપનાના આ ગ્રંથમાં આર્યા છંદમાં ૧૬૭ ગાથા છે. (પાઠ ભેદે ૧૬૬ ગાથા). એ ત્રણ વિભાગ અર્થાત્ કાંડમાં વિભાજીત છે.

પ્રથમ કાંડ-૫૪ ગાથા

બીજો કાંડ-૪૩ ગાથા

ત્રીજો કાંડ-૭૦ ગાથા

ઉપરોક્ત પ્રમાણે ત્રણ કાંડોમાં ૧૬૭ ગાથાઓમાં નિબદ્ધ આ ગ્રંથ છે. પ્રથમ કાંડમાં અનેકાંતવાદ, નયવાદ અને સપ્તભંગીની ચર્ચાનો સમાવેશ છે. અહીં અન્ય દર્શનોની એકાંતવાદી માન્યતાઓની સમીક્ષા કર્યા બાદ અનેકાંતવાદનું ભારપૂર્વક સમર્થન કર્યું છે. સપ્તભંગી-સ્યાદ્અસ્તિ, સ્યાદ્નસ્તિ, સ્યાદ્અસ્તિનસ્તિ-વગેરેનો ઉલ્લેખ અહીં પ્રથમ વખત જોવા મળે છે.

બીજા કાંડમાં કેવળ દર્શન અને કેવળજ્ઞાનની ઉત્પત્તિના પ્રશ્નની છણાવટ કર્યા બાદ અભેદવાદની પોતાની માન્યતા પણ પ્રસ્તુત કરી છે. ત્રીજા કાંડમાં શ્રદ્ધા અને તર્કની માન્યતાઓનું સ્પષ્ટીકરણ અનેકાંત દૃષ્ટિ વડે કરી બતાવ્યું. ઉપરાંત અહીં કોઈપણ કાર્ય બનવાના નિમિત્તરૂપ પાંચ સમન્વય (સમવાય) કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષાર્થ

વગેરેનો સંબંધ બતાવ્યો.

આ ગ્રંથમાં તેઓ કહે છે કે ફક્ત શબ્દોના અર્થ જાણવાથી સૂત્રનો આશય સમજી શકાતો નથી.

**સન્મતિતર્કની રચનાનો ઉદ્દેશ :**

તે કાળે જૈન સાધુઓ ત્યાગપ્રધાન જ્ઞાની તો હતા પરંતુ રૂઢિઓમાં જકડાઈ જવાથી સંકુચિત માનસવાળા થઈ ગયા હતા. તીર્થંકર મહાવીરના સિદ્ધાંતોને જગત સમક્ષ મૂકવા માટે નવી દૃષ્ટિ અપનાવી નવા ક્લેવર સાથે રજૂ કરવા માટે તેઓ તૈયાર ન હતા. શ્રી દિવાકરજીને લાગ્યું કે પ્રભુના સિદ્ધાંતો ગંભીર અને ઉદાર હોવાથી વિસ્તરીત કરી શકાય તેમ છે જો એમાં તર્ક અને પ્રજ્ઞા ભળે તો. પણ આ કાર્ય માટે શ્રમણો તૈયાર ન હતા. તેઓ એને શાસનની આશાતના જણાવતા હતા. શ્રી દિવાકરજી જૈન દર્શન તથા અન્ય દર્શનના સમર્થ પંડિત હતા.

**સન્મતિ તર્ક દ્વારા અનેકાંતવાદની ઘોષણા :**

સિદ્ધસેનજી યુગદષ્ટા હતા. જૈન ધર્મ જ્યારે સ્પષ્ટપણે શ્વેતાંબર અને દિગંબર આમ્નાયમાં વિભાજીત થયો ન હતો ત્યારે તેમણે આ ગ્રંથની રચના કરી હતી. પ્રભુ મહાવીર પ્રત્યે તેમને અપાર અનુરાગ હતો. તેમને પ્રભુના સિદ્ધાંતોની વિશિષ્ટતાનું દર્શન થયું, પરંતુ શ્રાવકો તેમનો તર્કવાદ સાંભળવા તૈયાર ન હતા. તેમણે જણાવ્યું કે જિનેશ્વરના કથિત તત્ત્વો પર શ્રદ્ધા રાખનારનું જ્ઞાન એ જ સમ્યક્ દર્શન છે, જે પ્રાપ્ત કરવા દરેકે પ્રયત્ન કરવો. પ્રભુના સિદ્ધાંતોને સર્વગ્રાહ્ય કરાવવા તેમણે ખૂબ ઉદ્યમ સેવ્યો. એક સુંદર સ્તુતિ તેમણે દ્વાત્રિંશિકામાં આપી છે.

न काव्यशक्तेर्न परस्परेर्ष्यया न वीर ! कीर्तिप्रतिबोधनेच्छया।

न केवलं श्राद्धतयैव नूयसे गुणाज्ञ पूज्योऽसि यतोऽयमादरः।।४।।

પ્રથમ દ્વાત્રિંશિકા

ભાવાર્થ-હે વીર, મારે કંઈ મારી કાવ્યશક્તિ કે પરસ્પરની ઈર્ષ્યા કે કીર્તિ–પ્રસિદ્ધિની ઈચ્છાથી હું તારી સ્તુતિ કરતો નથી પરંતુ ગુણીજનો તારું બહુમાન કરે છે માટે હું પણ કરું છું. તેઓ પોતે શા માટે અનેકાંત, નયવાદ અને સપ્તભંગી દ્વારા તત્ત્વને રજૂ કરતા તથા સમન્વયવાદી દૃષ્ટિ અપનાવતા, એનું કારણ આગળની ગાથામાં જણાવે છે કે-

परस्पराक्षेपविलुप्तचेतसः स्ववादपूर्वापरमूढनिश्चयान् ।

समीक्ष्य तत्त्वोत्पथिकान् कुवादिनः कथं पुमान् स्याच्छिथिलादरस्त्वयि।।(५)

પ્રથમ દ્વાત્રિંશિકા

ભાવાર્થ–પરસ્પર આક્ષેપો કરીને જેઓના ચિત્ત કંઈપણ વિચારવા સમર્થ નથી, તેઓ પોતાના સિદ્ધાંત (વાદ)ને પણ સમજતા નથી. એવા એકાંતવાદીઓની નીતિ અને દુરાગ્રહથી કંટાળેલો પુરુષ તારી અનેકાંતવાદી સમન્વયદૃષ્ટિ તરફ જરૂરથી આકર્ષાશે.

આ ગ્રંથની ઘણી ટીકાઓ ઉપલબ્ધ છે. શ્રી વિજયાનંદસૂરિ, શ્રી ઉપાધ્યાયજી અને શ્રીમદ્ રાજચંદ્રજીને આ ગ્રંથનું અધ્યયન કરવાનું અને સન્માન કરવાનું ઘણું ગમતું. અંતમાં અનેકાંતવાદની ગંભીરતા અને વિશાળતાનું જ્ઞાન દર્શાવતી દ્વાત્રિંશિકાની પંક્તિઓ છે- ‘સમુદ્રમાં સર્વ સરિતાઓ ભળી જાય છે તેમ તારા અનેકાંતવાદમાં બધી દૃષ્ટિઓ ભળી જાય છે. જેમ ભિન્ન ભિન્ન સરિતાઓમાં ક્યાંય પણ સમુદ્ર દૃષ્ટિગોચર થતો નથી તેમ એકાંત દૃષ્ટિઓમાં તું ક્યાંય જણાતો નથી.’

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि सर्वदृष्टयः।

न च तासु भवानुदीक्षयते प्रविभक्तासु सरित्स्विवोदधिः ।।१५।।

(ચતુર્થી દ્વાત્રિંશિકા)

✶ ✶ ✶

૧૦, દીક્ષિત ભવન,
૧૪૮, પી. કે. રોડ,
મુલુંડ વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૮૦.
ફોનઃ ૨૫૬૧૬૨૩.
મો. : ૦૯૮૨૧૮૭૭૩૨૭

## આત્મતત્ત્વ પામવા માટે ઉપયોગી સૂચનો

૧ ક્ષેત્ર આદિ બાહ્ય ગ્રંથિ (આસક્તિ), મિથ્યાત્વાદિ આભ્યંતર ગ્રંથિ (આસક્તિ)નો ત્યાગ કરી આત્મતત્ત્વનું ધ્યાન કરવું.

૨. સંગ જ બધાં દુઃખનું કારણ મનાય છે માટે સંગત્યાગ કરવો. સંગત્યાગથી ઉપશમભાવ જન્મે છે. ઉપશમ-ભાવથી જીવ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

૩. જ્યાં સુધી પરિગ્રહનો ત્યાગ નથી થતો ત્યાં સુધી ચિત્તની મલિનતા નાશ પામતી નથી. પરિગ્રહનો નાશ થતાં જ ચિત્તની મલિનતા નાશ પામે છે.

૪. જ્યાં સુધી કષાયોની સંલ્લેખના કરવામાં ન આવે ત્યાં સુધી બહારની બધી જ સંલ્લેખનાઓ નિરર્થક છે. કષાયોની સંલ્લેખના કરવાથી જ આત્મા-તત્ત્વમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

૫. ક્રોધ, માન, માયા, લોભ રૂપી ચાર કષાયો કૃશ થાય તો ધ્યાનમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

૬. સમ્યક્જ્ઞાન દ્વારા ઉપસર્ગો અને પરિગ્રહો ઉપર વિજય મેળવવો જોઈએ.

૭. અસંયમિત ઈન્દ્રિયો અને ચંચળ મન વિષયરૂપી વન તરફ દોડે છે. તેમજ બધા જ પ્રકારના ત્યાગ પછી મન વિષયો તરફ જ દોડતું હોય તો દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ બધું જ નિષ્ફળ થઈ જાય છે.

# અનેકાન્તવાદ : વ્યાવહારિક પક્ષ

❑ ડૉ. નરેશ વેદ

કોઈ બાબત કે ઘટનાને એક બાજુથી, એક દૃષ્ટિથી જોવી, એ થઈ એકાન્તદૃષ્ટિ; એટલે કે અપૂર્ણ દૃષ્ટિ. જ્યારે કોઈ પણ બાબત કે ઘટનાને અનેક બાજુએથી, ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુઓથી નિહાળતી દૃષ્ટિ, એને કહેવાય અનેકાન્તદૃષ્ટિ; એટલે કે સર્વાશ્લેષી વ્યાપક અને યથાર્થ દૃષ્ટિ. અહિંસાપ્રેમી જૈન ધર્મદર્શન અને તત્ત્વદર્શન આવી સર્વાશ્લેષી અનેકાન્તદૃષ્ટિનું પુરસ્કર્તા છે. જૈનોના આ વિશિષ્ટ સંપ્રત્યયનું અન્ય એક લેખમાં સૈદ્ધાન્તિક સ્વરૂપ આપણે સમજવાનો પ્રયત્ન કર્યો છે. આ લેખમાં એક ઉદાહરણ દ્વારા, તેનું વ્યાવહારિક રૂપ અને અર્થ સમજવાનો આપણે પ્રયત્ન કરીએ.

અનેકાન્તવાદનું આવું રૂપ અને અર્થ સમજવા અહીં આપણે ગુજરાતી સાહિત્યના ટૂંકી વાર્તાના એક સફળ સર્જક ધૂમકેતુની બહુ જાણીતી 'પોસ્ટ ઑફિસ' નામની વાર્તાનું ઉદાહરણ લઈએ.

વાર્તાનો નાયક છે અલી. તે મૂળ હોંશિયાર શિકારી હતો. શિકારના અભ્યાસમાં તે એવો કુશળ બન્યો હતો કે હંમેશાં જેમ અફીણીને અફીણ લેવું પડે તેમ તેને શિકાર કરવો પડે. તે અઠંગ શિકારી બની ગયો હતો. શિકારનો રસ લેતી નસેનસમાં ઊતરી ગયો હતો. પણ જ્યારે જીવનસંધ્યા પહોંચતી લાગી ત્યારે આ શિકારી બીજી દિશામાં વળી ગયો. એની એકની એક દીકરી મરિયમ પરણીને સાસરે ગઈ પછી જેને માટે તે જીવન નિભાવતો હતો તે મરિયમ, લશ્કરમાં નોકરી કરતાં પતિ સાથે પંજાબ તરફ ગઈ તે પછી પાંચ વર્ષ થયાં તેના કાંઈ સમાચાર હતા નહિ. તેને માટે તો તે જીવન નિભાવતો હતો; પરંતુ જે દિવસે મરિયમ ગઈ, તેને જિંદગીમાં એકલતા સાલવા લાગી. તે દહાડાથી અલી, શિકારે જતો, પણ શિકાર ભૂલી, સ્થિર દૃષ્ટિથી અનાજનાં ખેતરો જોઈ રહેતો. એક સમયે ઉડતાં પંખીનો શિકાર કરી, એનાં આકુળ-વ્યાકુળ બચ્ચાંને જોઈને આનંદ પામતા અલીને, દીકરી સાસરે ગયા પછી અને એના કોઈ સમાચાર ન મળવાથી, જિંદગીમાં પહેલી વખત સમજાયું કે કુદરતમાં સ્નેહની સૃષ્ટિ અને વિરહના આંસુ છે! દીકરીના વિરહમાં અને યાદમાં એક દિવસ તો એક ખાખરાના ઝાડ નીચે બેસીને હૈયાફાટ રૂદન કરી બેઠો. ત્યાર પછી હંમેશાં સવારમાં ચાર વાગ્યે ઊઠીને પોસ્ટઑફિસે જતો થયો. એનો કાગળ તો કોઈ દિવસ હોય નહિ; પણ પુત્રી મરિયમનો કાગળ એક દિવસ આવશે એવી ભક્તના જેવી શ્રદ્ધામાં ને આશાભર્યા ઉલ્લાસમાં તે હંમેશાં સૌથી પહેલો પોસ્ટઑફિસે જઈને બેસતો. પોસ્ટઑફિસ એનું ધર્મક્ષેત્ર તીર્થસ્થાન બન્યું. એને ધૂની કે પાગલ જાણી સૌ હસતા. પોસ્ટમેન મશ્કરી કરતા ને ક્યારેક મજાકમાં એનું નામ દઈ, એને જ્યાં એ બેઠો હોય ત્યાંથી પોસ્ટઑફિસનાં બારણાં સુધી, એનો કાગળ ન હોય છતાં, ધક્કો ખવરાવતા. એ વાત જરા પણ મન ઉપર લીધા સિવાય, અખૂટ શ્રદ્ધા ને અનંત ધૈર્ય હોય તેમ એ હંમેશાં પોસ્ટઑફિસે ધક્કો ખાતો ને દરરોજ ઠાલે હાથે પાછો જતો.

પોસ્ટઑફિસેથી પાછો વળતાં તે પોસ્ટઑફિસને પ્રણામ કરીને ચાલ્યો જતો જોઈને પોસ્ટમાસ્તરને એ ગામડિયો જણાય છે. પાંચ પાંચ વર્ષોથી, ગમે તેવી ઋતુ હોય છતાં તે કાગળ લેવા રોજ આવે છે એ જાણીને પોસ્ટમાસ્તરને એ કેવળ ગામડિયો જ નહિ, ગમાર અને ગાંડો પણ જણાય છે. તેઓ પણ પોસ્ટમેનની ઠઠ્ઠામશ્કરીમાં ભળે છે. પણ એક વખત અલી બે-ત્રણ દિવસ સુધી પોસ્ટઑફિસે દેખાયો નહિ. પોસ્ટઑફિસમાં તેનું મન સમજી જાય એવી સહાનુભૂતિ કે વિશાળ દૃષ્ટિ કોઈનામાં ન હતી, પણ એ કેમ ન આવ્યો તેનું સૌને કૌતુક જરૂર થયું.

પછી એક દિવસ તનમનથી થાકી હારી ગયેલો હાંફતો આવેલો અલી અધીરો થઈ સીધો પોસ્ટમાસ્તરને પોતાની પુત્રીના કાગળ વિશે પૃચ્છા કરે છે ત્યારે ગામ જવાની ઉતાવળમાં અશાંત મનમગજવાળા પોસ્ટમાસ્તર એનો સવાલ ઝીલી ન શક્યા અને તેની ઉપર ગુસ્સો કરી, તેને ધમકાવી, ચાલ્યા ગયા. તે દિવસે તેની આંખોમાં અનાથતાના આંસુ છલકી ઊઠ્યાં. અશ્રદ્ધા ન હતી; પણ એની ધીરજનો અંત આવ્યો હતો. બીમારી પછી મરણના પગલાં એને સંભળાવા લાગ્યાં હતાં. એની ફિકર એ હતી કે પોતાના મૃત્યુ પછી મરિયમનો પત્ર આવે તો તેને ક્યાંથી પહોંચશે?

પોસ્ટઑફિસના એક સારા સ્વભાવના કારકૂનની પાસે જઈ જીવનભર ઝંઈ ઝંઈ કરી પોતે ભેગી કરેલી પોતાની જીવનજણસરૂપ ત્રણ સોનાની ગીની એને આપીને એ વિનવે છેઃ 'સાચું કહું છું, આજ હવે છેલ્લો દિવસ છે. મરિયમ ન મળી, ન મળ્યો કાગળ. ઉપર આકાશમાં અલ્લા છે, તેની સાક્ષીમાં તમને આ પૈસા આપું છું. મારી મરિયમનો કાગળ આવે તો તમારે મારી કબર ઉપર પહોંચાડવો.' પછી અલી કોઈ દિવસ દેખાયો નહિ. એની ખબર કાઢવાની ચિંતા તો કોઈને શાની હોય?

ત્યાર બાદ વાર્તામાં વળાંક આવે છે. એક દિવસ પોસ્ટમાસ્તર જરા અફસોસમાં હતા. એમની દીકરી દૂર દેશાવરમાં માંદી હતી અને એના સમાચારની રાહ જોતા એ શોકમાં બેઠા હતા. ટપાલ આવી ને થોક પડ્યો એ સાથે જ રંગ ઉપરથી પોતાનું કવર છે એમ ધારીને પોસ્ટમાસ્તરે ઝપાટાબંધ એક કવર ઊંચકી લીધું પણ તેના ઉપર સરનામું હતુંઃ કોચમૅન અલી ડોસા. વીજળીનો આંચકો લાગ્યો

હોય તેમ તેમણે તે નીચે નાખી દીધું. દિલગીરી અને ચિંતાની થોડી ક્ષણમાં એમનો અધિકારીનો કડક સ્વભાવ જતો રહ્યો અને માનવ સ્વભાવ બહાર આવ્યો. એમને એકદમ સાંભર્યું કે આ પેલા ડોસાનું જ કવર–અને કદાચ એની દીકરી મરિયમનું. પોસ્ટમૅનને પૂછતાં એ ડોસાની તપાસ કરવાનું જણાવે છે.

તે દિવસે પોસ્ટમાસ્તરની પુત્રીના સમાચાર ન આવ્યા. આખી રાત એમણે શંકામાં વિતાવી. બીજે દિવસે ત્રણ વાગ્યામાં તેઓ ઑફિસમાં જઈને બેઠા, ચાર વાગે ને અલીડોસા આવે કે તુરત પોતે જ તેને કવર આપે એવી ઈચ્છાથી. વૃદ્ધ ડોસાની સ્થિતિ પોસ્ટમાસ્તર હવે સમજી ગયા હતા. પોતે એક આખી રાત સવારે આવનાર કાગળના ધ્યાનમાં ગાળી હતી. પણ અલીડોસાએ તો પાંચ પાંચ વર્ષની રાતો આ રીતે ગાળી હતી. પાંચ પાંચ વર્ષ સુધી આવી અખંડ ઉદ્વિગ્ન રાતો ગાળનાર અલી તરફ એમનું હૃદય પહેલીવાર લાગણીથી ઊછળી રહ્યું. બરાબર પાંચ વાગ્યે બારણે ટકોરા પડતાં, એ ટકોરા અલીના હશે એમ માનીને, પિતાનું હૃદય પિતાના હૃદયને પિછાને તેમ એ ઊભા થઈ, દોડ્યા અને બારણું ખોલી : 'આવો અલીભાઈ! આ તમારો કાગળ' એમ કહી એને કાગળ આપવા પ્રયત્ન કર્યો. પણ પત્ર નીચે પડ્યો. પોતે દીનવદને બારણામાં ઊભેલો જોયો અલી ડોસો સાચો હતો કે પછી પોતાની ભ્રમણા હતી તેની વિમાસણમાં પોસ્ટમાસ્તર પડ્યા. પોસ્ટઑફિસની રોજની રૂટિન કાર્યવાહી આગળ ચાલી, નામો બોલાવા લાગ્યા, કાગળો લેવા આવનાર તરફ ફેંકતા રહ્યા. પણ દરેક કાગળમાં એક ધડકતું હૃદય હોય એમ પોસ્ટમાસ્તર એકીનજરે એ બધાં કાગળો તરફ જોઈ રહ્યા. કવર એટલે એક આનો, ને પોસ્ટકાર્ડ એટલે બે પૈસા એ દૃષ્ટિ ચાલી ગઈ. ઠેઠ આફ્રિકાથી, કોઈ વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું? પોસ્ટમાસ્તર વિચારમાં વધારે ને વધારે ઊંડા ઊતરતા ગયા.

તે સાંજે લક્ષ્મીદાસ નામના પેલા સારા સ્વભાવના કારકુન સાથે પોસ્ટમાસ્તર ધીમે પગલે અલીની કબર સુધી જઈ, કાગળ કબર પર મુકી આવ્યા. એમનું પિતા તરીકેનું હૃદય અલીને ન સમજવા માટે ડંખતું હતું. હજી પોતાની પુત્રીના તો સમાચાર મળ્યા ન હતા તેથી સમાચારની ચિંતામાં તે પાછા રાત ગાળવાના હતા. પણ તેઓ ત્યારે આશ્ચર્ય, શંકા અને પશ્ચાત્તાપના ત્રિવિધ તાપથી તપી રહ્યા હતા.

લેખક પોસ્ટમાસ્તરના મનમાં ઊઠતા વિચારરૂપે વાર્તાના ધ્વનિનું સ્પષ્ટીકરણ કરે છે: 'મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ, તો અર્ધું જગત શાંત થઈ જાય.' બે પિતૃહૃદયની ભાવધારાઓ મૂકી એમાંથી વિવક્ષિત ધ્વનિ પ્રગટાવવાની લેખકની નેમ છે. પરણીને દૂર સાસરે ગયેલી પુત્રીનો લાંબા સમયથી કોઈ પત્ર ન હોવાને કારણે રોજ પોસ્ટઑફિસે ધક્કા ખાતા અલીડોસાને, એની લાગણીને કોઈ સમજતું નથી. ખુદ પોસ્ટમાસ્તર પોતાની બીમાર પુત્રીના સમાચાર જાણવા માટે તડપતા હોય ત્યારે એમને અલીડોસાની વેદના સમજાય છે. એકમાત્ર જીવનઆધાર જેવી પુત્રી પરણીને ચાલી જતાં એકલા પડેલા અઠંગ, અને નિર્દયી અલીને અપત્ય પ્રેમ અને ઋણાનુબંધનો ઋજુગરવો ભાવ સમજાય છે, જીવનમાં સ્નેહ અને વિરહ શું છે એ સમજાતાં એનો દૃષ્ટિકોણ બદલાય છે, તેમ અલીડોસા જેવી પરિસ્થિતિમાં મૂકાતા પોસ્ટમાસ્તરનો દૃષ્ટિકોણ બદલાય છે; ઘાયલની ગત ઘાયલ જાણી શકે તે રીતે. શરૂઆતમાં પોસ્ટઑફિસના કારકુનો અને પોસ્ટમાસ્તર એકાન્તદૃષ્ટિએ અલીના વ્યવહાર-વર્તન જોતા હતા, પણ વાર્તાને અંતે લક્ષ્મીદાસ ટપાલી અને પોસ્ટમાસ્તર અનેકાન્તદૃષ્ટિએ જોતા થાય છે.

એકાન્તદૃષ્ટિ આપણને પૂરું સત્ય આપી શકતી નથી; અનેકાન્તદૃષ્ટિએ કોઈ બાબત કે ઘટનાને નિહાળીએ ત્યારે જ આપણને સત્ય પ્રાપ્ત થાય છે. એક નજરથી, એક દૃષ્ટિથી કે એક તરફથી જ જોતાં આપણે એ બાબત કે ઘટનાને યથાર્થ રૂપમાં સમજી શકતા નથી. પરંતુ કોઈ બાબત કે ઘટનાને બધી બાજુએથી, જુદી જુદી દૃષ્ટિથી અને વિવિધ નજરથી જોઈએ ત્યારે સમગ્ર દર્શન પ્રાપ્ત થાય છે. એકાન્તદૃષ્ટિ ટૂંકી અને અપર્યાપ્ત છે, અનેકાન્ત દૃષ્ટિ લાંબી અને પર્યાપ્ત છે. કોઈ વ્યક્તિ, ઘટના કે બાબત વિશે અલગ અલગ વ્યક્તિઓનો અલગ અલગ મત હોઈ શકે. માણસને પોતાનો મત બહુ કિંમતી જણાય છે. તેથી તે પોતાનો મત, પોતાનો ખ્યાલ, પોતાની વાત જ સત્ય, બાકીની મિથ્યા, એવું સમજવા લાગે છે ત્યાં એકાન્તદૃષ્ટિ છે અને એ દુઃખદાયી છે. કેમકે એ મત નથી, પણ મમત છે; મતાગ્રહિતા છે. એવી મતાગ્રહિતામાં માણસ અંધ, અવિવેકી અને ગુમાની બની બેસે છે. જીવનમાં મતનું મહત્ત્વ છે, મમતનું નહીં. માણસ જ્યારે પોતાની દૃષ્ટિ, પોતાનો મત બાજુ ઉપર રાખી સામા માણસના મતને, તેની દૃષ્ટિને સમજવા મથે, એ જરૂરી છે. પોતાના વિચારો અને સિદ્ધાન્તો જ સાચા એમ માનીને ચાલનારા આખરે જીવનમાં નિષ્ફળ જાય છે અને દુઃખી થાય છે. સામી અન્ય વ્યક્તિના વિચારો અને સિદ્ધાન્તોને સહૃદયતાથી સમજવાને માટે જે લોકો તત્પર રહે છે, તેઓ ક્યારેય જીવનમાં નિષ્ફળ નથી જતા. અન્યની દૃષ્ટિ અને વાતને સમજવાની તત્પરતા અને સ્વીકારવાની સહૃદયતા એનું નામ અનેકાન્તવાદ. સામાન્ય રીતે આપણી દૃષ્ટિ એકાંગી હોય છે. આપણે કોઈપણ વસ્તુ, વિચાર કે પરિસ્થિતિને એકી સાથે બધી બાજુથી જોઈ અને સમજી શકતા નથી. તેથી તેમના વિશેનું આપણું જ્ઞાન જે તે સ્થળકાળ અને દૃષ્ટિબિંદુથી મર્યાદિત હોય છે. એને બદલે કોઈપણ વસ્તુ, વિચાર કે પરિસ્થિતિને જુદી જુદી દૃષ્ટિના સહારે જાણવી અને સ્વીકારવી, અને એમ કરવામાં વૈચારિક જાગૃતિ અને બૌદ્ધિક ઉદારતા દાખવવી, એનું નામ અનેકાન્તવાદ.

✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, નૉલેજ હાઈસ્કૂલ પાસે,
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર (૩૮૮૧૨૦).
ફોન નં. ૦૨૬૯૨–૨૩૩૭૫૦. મોબાઈલ : ૦૯૭૨૭૩૩૩૦૦૦.

# જૈનદર્શન અને અનેકાન્તવાદ

❑ સંપાદન : સૂર્યવદન ઠાકોરદાસ જવેરી

*[ જૈન દર્શનના તત્ત્વોના જાણકાર અને એ અંગે સતત અભ્યાસ અને ચિંતન કરનાર વિદ્વાન સૂર્યવદન ઝવેરીએ આ ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. જૈન દર્શનના મહત્ત્વના સિદ્ધાંતો અંગે તેમણે અનેક લખાણો કર્યા છે. પ્રસ્તુત લેખમાં તેઓએ જૈન દર્શનના મહત્ત્વના સિદ્ધાંત અનેકાંતવાદ પર સૈદ્ધાંતિક અને થોડીક વ્યવહારિક, ઉદાહરણ આપી વાત કરી છે. ]*

જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે. અનેકાન્તવાદનો અર્થ મોટેભાગે એવો કરાતો હોય છે કે હું પણ સાચો અને તું પણ સાચો. રાગ પણ ધર્મ છે અને વીતરાગતા પણ ધર્મ છે. શું આ સ્યાદ્વાદી કથન છે? શું આ અનેકાન્ત સ્વરૂપ છે? ના! પહેલાં તો એ સુસ્પષ્ટ થવું જોઈએ કે ક્યાં એકાન્ત ઘટિત કરવો? અને ક્યાં અનેકાન્ત ઘટિત કરવો? પ્રથમ તો એ માટે 'અનેકાન્ત' શબ્દને સમજવો જોઈશે. અનેકાન્ત એ સામાસિક શબ્દ છે. અનેક+અંત એ બે શબ્દો મળી બહુવ્રિહી સમાસ થતાં 'અનેકાન્ત' શબ્દ બને છે. જેના અનેક અંત (ENDS) છેડા છે તે અનેકાન્ત છે. હવે 'અનેક' અને 'અંત' એ બે શબ્દનું અર્થઘટન કરીશું તો 'અનેકાન્ત' શબ્દ સમજાશે.

'અનેક' એટલે શું? જે એક નથી તે – અન+એક એવું અનેક છે. અર્થાત્ જે ૨,૩,૪,૫,૬..૧૧,૧૨,૧૩...૯૯...૧૦૧, ૧૦૨...અનંત છે, તે સર્વ સંખ્યા અનેક કહેવાય છે. એ સંખ્યામાં જે બે (૨) છે તે જઘન્ય (Minimum) (કોટિનું અનેક છે અને જે ઉત્કૃષ્ટ કોટિનું-પરાકાષ્ટાની (Minimum) કોટિનું અનેક છે તે– 'અનંત' (Infinity) છે.

'અંત' એટલે શું? અંત એટલે છેડો કે END. અધ્યાત્મક્ષેત્રે 'અંત' શબ્દના બે અર્થ થાય છે–આધ્યાત્મિક અર્થઘટન કરતાં 'અંત'નો એક અર્થ છે 'ધર્મ' અને બીજો અર્થ છે 'ગુણ'. આ 'અંત' શબ્દનો અર્થ 'ધર્મ' કરવો કે 'ગુણ' તે અનેક શબ્દનો શું અર્થ કરીએ છીએ તેના ઉપર અવલંબે છે. જ્યાં અનેક શબ્દનો અર્થ બે (૨) કરાતો હોય ત્યાં 'અંત' શબ્દનો અર્થ 'ધર્મ' થતો હોય છે. તથા જ્યાં 'અનેક' શબ્દનો 'અનંત' કરાતો હોય ત્યાં 'અંત' શબ્દનો અર્થ 'ગુણ' થતો હોય છે. પ્રત્યેક વસ્તુ યા દ્રવ્યમાં પરસ્પર વિરુદ્ધ ધર્મ બે (૨) હોય છે અને ગુણો અનંતા હોય છે. વસ્તુમાં પરસ્પર વિરોધી ધર્મ જે હોય છે તે વસ્તુની શક્તિ હોય છે. એ 'શક્તિ' જેને 'ધર્મ' કહીએ છીએ, તે નિત્ય-અનિત્ય, શુદ્ધ-અશુદ્ધ, ધ્રુવ-અધ્રુવ, સ્થિર-અસ્થિર, ભેદ-અભેદ, રૂપી-અરૂપી, અસ્તિ-નાસ્તિના તેના જોડકામાં યુગ્મ છે.

એથી વિપરીત–

**અનેકનું એક સાથે એક સમયે એકમાં હોવું તેનું નામ અનેકાન્ત છે.**

આત્મા એક છે. આત્મપ્રદેશો અસંખ્યાત છે. આત્માના ગુણો અનંત છે અને અને પર્યાયો અનંતાનંત છે. આમ એક એવા આત્મદ્રવ્યમાં એક સાથે, એક સમયે સંખ્યાતતા, અસંખ્યાતતા, અનંતતા તથા અનંતાનંતતા હોવું સૂચવે છે કે આત્મામાં અનેકાન્તતા છે.

એજ પ્રમાણે પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત છે. '।।ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત સત્ય।।' એ દ્રવ્યની વ્યાખ્યા છે. દ્રવ્યની એ વ્યાખ્યામાં ઉત્પાદ અને વ્યય પરસ્પર વિરોધી છે. એ ઉત્પાદ ને વ્યય મળીને પર્યાય થાય છે.

ધ્રૌવ્ય એટલે ધ્રુવ અર્થાત્ નિત્ય-અવિનાશી-સ્થિર, જે દ્રવ્ય છે. આ ધ્રૌવ્યતા પોતે અવિરોધી છે. પરંતુ ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય તેનું વિરોધી છે.

આમ વિરોધી+અવિરોધી એવું ઉત્પાદ–વ્યય+ધ્રૌવ્ય જે વિરોધીપણું છે તે એક જ દ્રવ્યમાં રહેલ હોવાથી આત્મા સહિતના સર્વ દ્રવ્યો અનેકાન્ત સ્વરૂપી છે. આવા અનેકાન્ત સ્વરૂપી દ્રવ્ય કે વસ્તુને સમજવાની અને સમજાવવાની રીતને સ્યાદ્વાદ કહેવાય છે. તેથી અનેકાન્તપણું વસ્તુમાં હોય છે અને સ્યાદ્વાદના વચનમાં હોય છે. આમ જ્ઞાનમાં–વિચારમાં અનેકાન્તતા છે જ્યારે વાણી (કથન)માં સ્યાદ્વાદતા છે.

ગળ્યાપણું, ચીકણાપણું, પીળાપણું બધુંય એક દ્રવ્ય ગોળમાં હોય છે. એક એવા ગોળ દ્રવ્યમાં મીઠા(ગળ્ય)પણાદિની અનેકતા અર્થાત્ અનંતતા છે.

પુત્રના પિતા છો? એ સ્યાદ્વાદ વચન છે. પુત્રનો સંબંધ મુખ્ય રાખીને બાકી પતિ, પુત્ર, કાકા, મામા, માસા, ફુઆ વિગેરેના સંબંધો અહીં ગૌણ કરાયા છે. આવી રીતે એકને મુખ્ય કરીને બીજાને ગૌણ (અધ્યાહાર) રાખીને કહેવાની શૈલી (પદ્ધતિ)ને સ્યાદ્વાદ કથન કહેવાય છે. તીર્થંકર ભગવાનની વાણી સ્યાદ્વાદ વાણી હોય છે. અર્થાત્ અનેકાન્તસ્વરૂપી વસ્તુનું નિરૂપણ કરતા કોઈક એકને આગળ કરી, મુખ્ય રાખી અન્ય અનેકને ગૌણ રાખીને કહેવાનું અથવા ન કહી

શકવાનું નામ સ્યાદ્વાદ છે. ગોળની ચીકાશ, પીળાશ આદિ ગૌણ કરી 'ગોળ ગળ્યો છે' એમ કહેવું તે સ્યાદ્વાદ છે. પણ ગોળ કેવો ગળ્યો છે તે વર્ણવીને કહી ન શકવું તે અકથ્ય એટલે અવક્તવ્ય છે. ગોળની મીઠાશ એ અસ્તિ છે. ગોળ કડવો, તૂરો, તીખો, ખાટો આદિ નથી તે નાસ્તિ છે. ગોળ એ પુદ્‌ગલ છે. ગોળની મીઠાશનો આનંદ એ પુદ્‌ગલનો આનંદ છે. બોલવા (વચન)માં ભાષા-વર્ગણાના પુદ્‌ગલોનું આલંબન છે. આમ પુદ્‌ગલનો આનંદ પણ (ભાષાવર્ગણાના) પુદ્‌ગલથી બતાવી શકાતો ન હોય તો પછી અતીન્દ્રિય આનંદ કેવી રીતે બતાવી શકાય?!-વર્ણવી શકાય?!

મૌન એકાદશીએ મૌન ઉપર પ્રવચન આપવાનું છે. કેમ કરી સમજાવાય? મૌનને શું મૌન રહીને સમજાવાય? મૌન સમજાવવાને માટે શબ્દનો આધાર અર્થાત્ ભાષાવર્ગણાના પુદ્‌ગલનું આલંબન લેવું જ પડે. આમ...

**મૌન સમજાવાય તો બોલીને શબ્દથી**

પરંતુ

**મૌન અનુભવાય તો મૂંગા રહી અશબ્દથી!!**

અનેકાન્તનું નામ પ્રમાણ છે. અસ્તિભાંગાથી, નાસ્તિ ભાંગાથી, અસ્તિ-નાસ્તિ ભાંગાથી, અવક્તવ્યાદિ સાત પ્રકારે કહેવાની કે ન કહેવાની-કથ્ય-અકથ્યની કથન શૈલીને સ્યાદ્‌વાદ શૈલી કહેવાય છે. એ શૈલીના ભાંગા (ભેદ) સાત જ થતાં હોય છે. સાતથી આઠમો એક સાતથી ઓછો છ પ્રકાર હોતા નથી માટે સ્યાદ્‌વાદ શૈલી એ સપ્તભંગી શૈલી છે. **થોડું થોડું અંશે અંશે કોઈ અપેક્ષાથી કહેવાય છે માટે સાપેક્ષવાદ-નય છે.** અવક્તવ્ય પણ-અવક્તવ્ય છે એવું કથન તો કરવું પડતું હોય છે માટે તે કથન શૈલીનો પ્રકાર છે. આમ સ્યાદ્વાદ એ નય છે. એક અદ્વૈત છે તે નિરપેક્ષ રીયલ પૂર્ણ નિત્ય સ્થિર હોય છે. દ્વૈત છે ત્યાં અનેકતા છે માટે ત્યાં સાપેક્ષતા છે માટે જ્યાં અપેક્ષા સહિતતા છે ત્યાં સાપેક્ષવાદ છે. જ્યારે કોઈ એકનો અન્યમાં આરોપ કે આક્ષેપ કરીને નામ રૂપાદિનો પ્રતીક, પ્રતિકૃતિ (પ્રતિમા) અને પ્રતિનિધિનો જે જીવન વ્યવહાર છે તે નામ-રૂપના વ્યવહારને આધ્યાત્મિક ક્ષેત્રે નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ કહેવાય છે. આવી જૈનદર્શનની એનેકાન્તતાની વ્યક્તતા પ્રમાણ, નય, નિક્ષેપા ને સ્યાદ્વાદતાથી છે. અનેકાન્તસ્વરૂપને જાણનારા અને કહેનારા જ્ઞાનને 'પ્રમાણ' કહે છે. સ્યાદ્વાદના વિષયને જાણનારા અને કહેનારા જ્ઞાનને 'નય' કહે છે. 'નય' એ જ્ઞાનનો અંશ છે.

ધર્મ (વસ્તુત્વ-વસ્તુ સ્વભાવ)ના પર્યાય નથી હોતા, પણ અસ્તિ-નાસ્તિ રૂપ એના બે પડખા હોય છે. સ્વપણાથી ભાવરૂપતા એટલે કે હોવાપણું અસ્તિધર્મ છે. પરપણાથી અભાવરૂપતા એટલે કે નહોવાપણારૂપ નાસ્તિધર્મ છે. એથી વિપરીત ગુણોનો પર્યાય (હાલત-દશા-અવસ્થા) હોય છે. જ્યાં વિરુદ્ધતા-પ્રતિપક્ષતા-પ્રતિદ્વંદ્વતા હોય છે ત્યાં ધર્મ હોય છે. પરંતુ જેની જુદી જુદી તરતમ ચઢતી ઉતરતી અવસ્થાઓ-પર્યાય હોય છે તે વસ્તુ (દ્રવ્ય)ના ગુણ હોય છે. ગુણો એકલા હોય છે-જ્યારે ધર્મ બેકલા-જોડ્યા હોય છે. સંસારના લોકવ્યવહારમાં તો પતિ-પત્નીનું યુગલ (સજોડું) હોય છે અને પાછા તેના બાળબચ્ચાં-સંતાનો હોય છે અને પાછા તેના બાળબચ્ચાં-સંતાનો હોય છે. તેથી વિપરીત જે પરિણીત ન હોય એવા વાંઢાને કે કન્યાકુમારીને બાળબચ્ચાં યા ફરજંદ (સંતાન) ન હોય. અધ્યાત્મ ક્ષેત્રે પરિસ્થિતિ તદ્દન ઉલટી છે. ધર્મ જે નિત્યાનિત્ય, શુદ્ધાશુદ્ધ, સ્વપર રૂપ, ભેદાભેદ, દ્વૈતાદ્વૈતરૂપ કે અસ્તિ-નાસ્તિરૂપના જોડલા અથવા યુગ્મરૂપ હોય છે, તેના બાળબચ્ચાં કે સંતાનોરૂપ પર્યાય નથી હોતા, પરંતુ ગુણ જે જ્ઞાનદર્શનાદિરૂપ એકલા છે તે તેની ભિન્નભિન્ન અવસ્થારૂપ કે કાર્ય યા ક્રિયારૂપ અનંત પર્યાય હોય છે. જેમકે જ્ઞાનગુણના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાયાદિ પર્યાયો, દર્શન-શ્રદ્ધાગુણના સમ્યક્, મિથ્યા આદિ પર્યાયો.

સિક્કાની પરસ્પર વિરોધી બે બાજુ-બે પડખા હોય છે; જે છાપ અને કાંટો કે હેડ એન્ડ ટેઈલ તરીકે ઓળખાય છે. એ સિક્કાની ગોળાકાર ધાર ઉપર આંકા કે ગીસીઓ અનેક-ઘણી બધી હોય છે. વર્તુળની ત્રીજ્યા કે વર્તુળના વ્યાસ બહુ બધા હોય છે. પણ વર્તુળથી પરિઘ દ્વારા બાજુ બે વિભાગમાં વહેંચાયેલ છે. વર્તુળની પરિઘથી ઘેરાયેલ બાજુ અંદરની બાજુ હોય છે જ્યારે પરિઘની બહાર તરફની અસીમિત વ્યાપક બાજુ બહારની બાજુ હોય છે. એ જ પ્રમાણે પ્રત્યેક દ્રવ્ય યા વસ્તુના પરસ્પર વિરુદ્ધ ધર્મો-પ્રતિપક્ષી ધર્મો બે છે પણ ગુણ અનંતા છે. અથવા તો કહો કે દોરી (ધાગા)ના છેડા બે જ છે. ઊભી રાખેલ દોરીના બે છેડા ઉત્તર ને દક્ષિણ છે તો આડી રાખેલ દોરીના પૂર્વ અને પશ્ચિમ એવા બે છેડા હોય છે. પરંતુ દોરી જે ધાગા કે તંતુની બનેલી હોય છે તે વળ ચડાવીને દોરીરૂપ તંતુઓ કે ધાગા અનેક એટલે બે થી વધુ બહુ બધા હોય છે.

વસ્તુના પ્રતિપક્ષી ધર્મો બે તથા ભેદરૂપ ભિન્નભિન્ન ગુણો અનંતા હોય છે. તે બે પ્રતિપક્ષી ધર્મો તથા અનંતા ગુણોની રજૂઆત તો એકસાથે સમકાળ કે યુગપત્ તો થઈ શકતી નથી. રજૂઆત કરવી હોય, કહેવું હોય તો વારાફરતી એક પછી એક ક્રમશઃ થોડું થોડું કહેવાય. ટૂકડે ટૂકડે રજૂઆત થાય. સ્વ અપેક્ષાએ અસ્તિ છે, પર અપેક્ષાએ નાસ્તિ છે. પરમાણુ અપેક્ષાએ શુદ્ધ છે, સ્કંધ અપેક્ષાએ અશુદ્ધ છે એમ થોડું થોડું કંઈક કંઈક કથંચિત એટલે સ્યાત્ અને વાદ એટલે કહેવાય કે કથન કરાય. ક્રમશઃ કથંચિત-સ્યાત્ કહેવાય (વાદ) એટલે કથનમાં કે વચનમાં સ્યાદ્વાદ હોય. કથ્ય છે માટે વક્તવ્ય અને અકથ્ય છે માટે અવક્તવ્ય છે.

**આમ જણાય બધું એક સાથે-એક સમયે સમસમુચ્ચય. પરંતુ**

**કહેવાનું આવે ત્યારે કહેવાય ક્રમે ક્રમે વારાફરતી ક્રમશ: By And By.** કારણ કે કહેવામાં ભાષાવર્ગણાના પુદ્‌ગલનું માધ્યમ હોવાથી પરાધીનતા, મર્યાદિતતા અને ક્રમિકતા હોય છે. પરંતુ જ્ઞાનમાં સર્વ કાંઈ જણાય એક સાથે સમસમુચ્ચય. કારણ કે જ્ઞાન સ્વ હોવાથી સ્વાધીનતા, વ્યાપકતા અને અક્રમિકતા હોય છે. કેમકે જ્ઞાન સ્વભાવ-સ્વગુણ છે. તેથી જ અનેકાન્તધર્મી દ્રવ્યની કથનશૈલી સ્યાદ્વાદશૈલી છે. એ સ્યાદ્‌વાદશૈલીના અસ્તિ, નાસ્તિ, અસ્તિનાસ્તિ આદિ સાત ભાંગા (ભેદ-પ્રકાર) હોય છે. **એ સાતે ભેદ વક્તવ્ય અને અવક્તવ્યના છે પરંતુ જ્ઞાતવ્ય અને અજ્ઞાતવ્યના નથી. સર્વ કાંઈ જ્ઞાતવ્ય જ છે. કશું જ અજ્ઞાતવ્ય નથી. જેમ આકાશ (અવકાશ)ની બહાર કાંઈ જ નથી તેમ જ્ઞાનની બહાર કાંઈ જ નથી.**

**આમ વિચાર-જ્ઞાનમાં અનેકાન્તતા છે જ્યારે વાણી-કથનમાં સ્યાદ્વાદતા છે.** વળી આ સ્યાદ્‌વાદ એ નિરૂપણવાદ કે પ્રરૂપણવાદ હોવાથી તે કથનશૈલી છે. વસ્તુસ્વરૂપ અનેકાન્તધર્મી (અનેકાન્ત સ્વરૂપી) હોવાથી જ્ઞાનમાં અનેકાન્તતા છે. વાણીમાં–કથનમાં કથંચિતતા ને ક્રમિકતા હોવાથી સ્યાદ્વાદતા છે.

હવે આમાં હુંય સાચો અને તુંય સાચો તથા બધુંય સાચું, એવું ક્યાં આવ્યું ? કઈ વસ્તુ કઈ અપેક્ષાએ સાચી છે અને કઈ અપેક્ષાએ ખોટી છે, તે જાણીને સમજીને અપેક્ષા લગાડી વાત કહેવી પડે. આ જે અપેક્ષા લગાડવાની વાત છે તેને 'સાપેક્ષવાદ' કહેવાય છે જે આઈન્સ્ટાઈનની Theory of Relativity નામથી પ્રસિદ્ધ છે. વ્યવહારમાં જે કાંઈ વ્યવહારનું છે તે બધું કોઈના કશાક સંબંધથી છે કે પછી કોઈ ને કોઈ સંદર્ભમાં અર્થાત્ Reference to Context, હોય છે.

પૂર્ણ તો પૂર્ણ જ હોય. એને કોઈની અપેક્ષા હોય નહીં તેથી નિરપેક્ષ હોય છે. એવું એ નિરપેક્ષ પણ કથનમાં આવે ત્યારે તે સાપેક્ષ થઈ જાય છે. અપૂર્ણ હરહંમેશ અપેક્ષા સહિત સાપેક્ષ જ હોય. અપૂર્ણ હોય તો તે કયા પૂર્ણથી કેટલું ને કેવી રીતે અપૂર્ણ છે તે જાણવું પડે ને કહેવું પડે. વૈજ્ઞાનિક સર આઈન્સ્ટાઈનની થીએરી ઓફ રીલેટીવિટી તો અપૂર્ણની અપૂર્ણ સાથેની સરખામણીરૂપ સાપેક્ષવાદ છે. જ્યારે જૈનદર્શનનો સાપેક્ષવાદ તો પૂર્ણ-નિરપેક્ષની તુલનામાં અપૂર્ણતા જણાવતો અને કહેતો નિરપેક્ષ કેન્દ્રિત સાપેક્ષવાદ છે.

હવે જૈનધર્મીને પૂછવામાં આવે કે શું જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે ? આપણે કહીએ કે હા ! ફરી ફરીને પૂછાતા ફરી ફરી જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે એવો જ જવાબ વારંવાર મળતો રહે છે. આવો એકનો એક જવાબ મળતો રહેતો હોવાથી તે અનેકાન્તવાદી કરતાં તે મિથ્યા કથન કરે છે. ખરેખર વાસ્તવિકતા તો એ છે કે જૈનદર્શન ન તો એકલું એકાન્તે અનેકાન્તવાદી છે કે ન તો એકલું એકાન્તે એકાન્તવાદી છે.

અનેકાન્ત+એકાન્ત=અનેકાન્ત એવું **જૈનદર્શન સમ્યગ્ એકાન્તપૂર્વકનું સમ્યગ્ અનેકાન્ત એવું અનેકાન્તવાદી દર્શન છે.** ક્યારેય રાગભાવથી મોક્ષ થાય જ નહિ. વીતરાગભાવથી જ મોક્ષ થાય એવા સમ્યક્ એકાન્ત સહ સમ્યક્ અનેકાન્ત એ જૈનદર્શન છે.

સમ્યગજ્ઞાની, સમ્યગ્ એકાન્ત સમ્યગ્દર્શન સ્વરૂપી આત્મા (ધ્રૌવ્ય)નો અનુભવ કરી સમ્યગ્ અનેકાન્ત સ્વરૂપી જગત સમસ્તને જાણે છે.

વર્ધમાન ચોથે માળે છે. વર્ધમાનને ખોળતા આવેલા મિત્રવર્ગને ભોંયતળિયે રહેલ માતા કહે છે કે ઉપર જાઓ ! વર્ધમાન ચોથે માળે છે. ખોળતા ખોળતા મિત્રવર્ગ ચોથો માળ ચૂકી જઈ પાંચમા માળે જઈ પહોંચે છે. પાંચમે માળે હિસાબી કામકાજ કરતા પિતા મિત્રવર્ગને નીચે ચોથે માળે જવા જણાવે છે. મિત્રવર્ગ ગુંચવાય જાય છે કે મિત્ર વર્ધમાન ક્યાં છે ? ઉપર છે કે નીચે ? આમાં અનેકાન્ત છે. માતા પણ એની અપેક્ષાએ સાચા છે અને પિતા પણ એની અપેક્ષાએ સાચા છે. કારણ કે ભોંયતળિયે રહેલ માતાની અપેક્ષાએ–દૃષ્ટિકોણથી ચોથે માળે રહેલ પુત્ર વર્ધમાન ઉપર 'જ' છે. જ્યારે પાંચમે માળે રહેલ પિતાની અપેક્ષા–દૃષ્ટિકોણથી પુત્ર વર્ધમાન ચોથે માળે હોવાથી નીચે 'જ' છે.

આ રીતે 'પણ' અવ્યયના પ્રયોગથી થયેલ કથનમાં સ્યાત્ શબ્દના પ્રગટ કે અપ્રગટ ગર્ભિતપણે પ્રયોગથી અનેકાન્ત સ્વરૂપનું પ્રકાશન થતું હોય છે. પરંતુ 'જ' કે 'સ્યાત્ એવ' અવ્યયના પ્રયોગથી અમુક દૃષ્ટિકોણ View Point થી અથવા તો અપેક્ષા લગાડીને થતાં કથનમાં અનેકાન્ત છે અને તે સાપેક્ષવાદ છે, જે સ્યાદ્વાદસ્વરૂપ છે.

અનેકાન્તરૂપી વસ્તુના નિરૂપણ કે કથનમાં સ્યાદ્વાદશૈલી હોય છે. એ શૈલીમાં સ્યાત્ કે કથંચિત યા 'પણ' કહેવા દ્વારા કે વક્તા દ્વારા અન્ય ગુણની સ્વીકૃતિ પ્રગટપણે યા તો ગર્ભિત (અપ્રગટ) પણે રહેલ હોય છે. કેમ કે વક્તા યા ઉપદૃષ્ટા જાણતો હોય છે કે કહેવામાં આવે યા કથન કરવામાં આવે ત્યારે ભાષાવર્ગણાના પુદ્‌ગલનું માધ્યમ સ્વીકારવું પડતું હોવાથી કથનમાં પરાધીનતા–સીમિતતા–અને ક્રમિતા હોય છે.

ઉપર-નીચે, જમણે-ડાબે, પૂરબ-પશ્ચિમ, અંદર-બહાર કે બાહ્ય-અભ્યંતર, શુદ્ધ-અશુદ્ધ, નિત્ય-અનિત્ય, ધ્રુવ-અધ્રુવ, સ્થિર (ચર)-અસ્થિર (અચર) એવા એવા પરસ્પર બે વિરુદ્ધ ધર્મો, પ્રતિપક્ષો, દ્વૈત કે દ્વંદ્વ જ્યાં હોય ત્યાં અનેકાન્ત ધર્મ સ્યાદ્‌વાદશૈલીથી કહી શકાતો હોય છે કારણ કે કોઈ અપેક્ષાએ વસ્તુને ઉપર, જમણે, પૂરબમાં કહી શકાય છે. તો તે જ વસ્તુને કોઈ બીજી અપેક્ષાએ

નીચે, ડાબે, પશ્ચિમમાં છે; એમ કહી શકાતું હોય છે. 'પણ' અવ્યયના પ્રયોગથી બંને પડખાંઓને સ્વીકાર થતો હોય છે. એ સ્યાદ્વાદ છે. પરસ્પર વિરોધી ઉભયપક્ષી વાતોને એક સાથે નિત્યાનિત્ય, શુદ્ધાશુદ્ધ, ભેદાભેદ, ધ્રુવાધ્રુવ, ગમનાગમન એમ પ્રતિપક્ષી ધર્મો દ્વંદ્વ સમાસથી કહી શકાય છે.પરંતુ અનેકાન્તધર્મી કે અનેકાન્તગુણી યા અનંત ગુણાત્મક વસ્તુને તે પ્રમાણે જમાવી શકાતી નથી. તેથી અનંતગુણાત્મક વસ્તુના કથન માટે તો સ્યાદ્વાદશૈલી જે સપ્તભંગી કહેવાય છે તેની સહાય લેવી જરૂરી થઈ પડતી હોય છે.

અનેકાન્તધર્મી વસ્તુના વસ્તુસ્વરૂપનું નિરૂપણ કરતા કરતા એક સ્થિતિ એવી પણ આવે છે કે જ્યારે કહેવું પડે કે આ જ સાચું છે અર્થાત્ અંતિમ આત્યંતિક નિરપેક્ષ સત્ય છે, રીયલ છે, કારણ કે રીલેટીવીટી કે સાપેક્ષતા રહી નથી. આ જ સત્ય છે એમ કહેવામાં પછી વસ્તુ સ્વરૂપનું નિરૂપણ અનેકાન્ત ન રહેતા એકાન્ત થઈ જાય છે. પરંતુ તે એકાન્ત કથનમાં અપેક્ષા લગાવી 'જ' અવ્યયનો પ્રયોગ થતો હોય છે. અને તે એકાન્તિક કથન સાપેક્ષિક નયાત્મક કથન થતું હોય છે.

પૂજા, ભક્તિ, વ્રત, પચ્ચખ્ખાણ આદિ શુભ ભાવ છે. એનાથી મોક્ષ ન જ થાય. સંસાર અસાર જ છે. સંસાર દુઃખરૂપ, દુઃખમય, દુઃખફલક જ છે. રાગ-દ્વેષાદિ કષાય ભાવોથી મોક્ષ ન જ થાય. આમાં એકાન્ત જ ઘટિત થાય. ઉદાહરણ પરમગુરુ ગણધર શ્રી ગૌતમસ્વામીજીનું છે. શુદ્ધભાવ–શુદ્ધોપયોગ–વીતરાગભાવથી જ મોક્ષ થાય. આમાં એકાન્ત જ ઘટિત થાય. રાગથી ય મોક્ષ થાય અને વીતરાગતાથી ય મોક્ષ થાય એવો અનેકાન્ત ત્યાં ઘટિત ન થાય.

જૈનદર્શન સમ્યગ્ એકાન્તપૂર્વકનું સમ્યગ્ અનેકાન્તદર્શન હોવાથી જ્યાં જ્યાં જે જે યોગ્ય–ઘટિત થતું હોય ત્યાં ત્યાં તે તે ઘટિત કરવું જોઈએ. તેથી જ યોગીરાજ આનંદઘનજી મહારાજાનું ગાન છે કે...

*એક અનેકરૂપ નયવાદે, નિયતે નય અનુસરીએ રે...*

વાસુપૂજ્ય શ્રીમદ્જી રાજચંદ્રજીનું પણ ગાન છે કે...

*જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;*
*ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ...*

આત્મસિદ્ધિ

અહીં કોઈ જિજ્ઞાસુ પ્રશ્ન કરે કે...

જીવ મોક્ષને જ ઈચ્છે છે કે એવો એકાન્ત હોય કે નહિ?

સમાધાન : જ્યાં જીવ પોતાને શુદ્ધાત્મા મોક્ષસ્વરૂપ જોતો-જાણતો-અનુભવતો હોય ત્યાં પછી મોક્ષની ઈચ્છા પણ ક્યાં રહે? ઈચ્છા સહિતતા તો રાગ છે. ઈચ્છા છે અને ઈચ્છા રહિતતા નીરિહીતા એ વીતરાગતા છે.

એક કહે ક્રિયાકાંડ સાચા છે. બીજો કહે જ્ઞાન સાચું છે. એકલી ક્રિયાને સાચી કહેવામાં અને એકલા જ્ઞાનને જ સાચું કહેવામાં તો એકાન્તતા છે. જૈનદર્શને તેથી જ તો એક મહાન સૂત્ર આપ્યું છે કે...

।। ज्ञानक्रियाभ्याम् मोक्ष ।। એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષ નથી. જ્ઞાન વગરની એકલી ક્રિયા આંધળી છે અને ક્રિયા વિનાનું જ્ઞાન પાંગળું છે. અંતરજ્ઞાન કે અભ્યંતરમાં સાચી સમજણપૂર્વક બાહ્યમાં થતી દૃશ્યાત્મક બાહ્ય ક્રિયાથી મોક્ષ છે. Software તથા Hardware બંનેની જરૂર પડે. એ બંને હોય ત્યારે કૉમ્પ્યુટર કાર્યશીલ થાય.

અંતરમાં એવી તો વૈરાગ કે વીતરાગ પરિણિત ઉભરે કે ત્યારે બહારમાં શરીરમાં ખોરાક ન જવાની ક્રિયા જે થઈ જતી હોય છે, તે અનશન યા ઉપવાસ છે. એ જ આત્મ-સામીપ્ય કે આત્મૈક્ય. ભીતર સ્વરૂપમાં એવા તો ડૂબી ગયા કે પછી ગરકાવ થઈ ગયા કે ઘરવાળા ભોજનથાળી મૂકી ગયા તે એમની એમ પડી રહી, તે ત્યાં સુધી કે માખીઓ બણબણવા લાગી ને ફરતે કીડી મકોડા ફરવા લાગ્યા. ઘરવાળા આવીને કહેવા લાગ્યા કે ક્યાં ખોવાઈ ગયા તે ભોજન પણ ન કર્યું અને આ બધી હિંસા થઈ ગઈ. અરે ભાઈ! હિંસા ક્યાં થઈ? આ તો મોટી અહિંસા થઈ ગઈ. સ્વભાવની સ્વરૂપની જાગૃતિ એ જ મોટી અહિંસા છે. સ્વરૂપાનુભવમાં કે સ્વરૂપચિંતનમાં એવા તો ખોવાઈ જવાય કે ખાવાપીવાનું ભાન કે સુધબુધ રહે નહીં.

આ વાતો સાંભળી વિચારકને પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે ક્રિયા આવી ક્યાંથી? પ્રતિપ્રશ્ન કર્યો કે ભાવ ગયા ક્યાં? પહેલાં તો ભાવ અને ક્રિયા ઉભય હતાં. ક્રિયા રહી ગઈ તો ભાવ ક્યાં ગયા? જ્ઞાન-સમજણ જે ભાવજનક છે તે રહ્યા નહિ તેથી ભાવ સહિતની ભાવક્રિયા થઈ શકતી નથી માટે કુળપરંપરાની ભાવવિહોણી પણ ક્રિયા કરવાની ચીલાચાલુ પ્રવૃત્તિ તો રહી પણ વૃત્તિ ખોવાઈ ગઈ. જ્યાં પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં આવીને વૃત્તિ વિનાના નિર્વિકલ્પ થવાનું હતું અને સ્વભાવમાં સ્થિર થઈ જવાનું હતું ત્યાં વૃત્તિનું બાષ્પીભવન થઈ ગયું અને પ્રવૃત્તિ ધમધોકાર ચાલુ થઈ ગઈ. શાંતિ ખોવાઈ ગઈ અને ઘોંઘાટ ખૂબ વધી ગયો. પછી અનાહતનાદ–આત્મનાદ સંભળાય ક્યારે? અશાંતિમાંથી શાંતિમાં જવાનું છે, શબ્દમાંથી અશબ્દમાં, ભેદમાંથી અભેદમાં જઈને કરવાપણામાંથી જ્યાં ઠરવાપણામાં આવવાનું છે ત્યાં કરવાપણામાંથી કરવાપણું જ નિપજતું રહ્યું પણ ઠરવાપણું તો ભૂલાઈ ગયું. ઉપયોગ થકી યોગ હોવા છતાં દેખાતો યોગ અને દેખીતી યોગક્રિયા રહી ગઈ પણ અભ્યંતર ન દેખાતી ઉપયોગક્રિયા ગાયબ થઈ ગઈ.

અનેકાન્તમાંથી એકાન્તમાં જવાનું હતું અને પરમ સ્થૈર્યને પ્રાપ્ત કરી લોકાગ્ર શિખરે પરમધામમાં પરમપદે–વિરાજમાન થવાને બદલે અનેકતામાં અને અનેકાન્ત (ભવોભવના ભવાંત)માં જ ગૂંચવાયેલા રહ્યા. અનેકમાંથી જે એક કૈવલ્યતામાં આવે છે તે જ એના

કેવળજ્ઞાનમાં અનેકને પ્રતિબિંબરૂપ સમાવી લે છે. **એ કેવલિ જ અનાદિ-અનંત કાળનો એક સમય રૂપ સંકોચ કરે છે, જ્યારે છદ્મસ્થ એક સમયને અનંતકાળ રૂપ વિસ્તારે છે.**

વિધાન, કથન કે વાક્ય એકાન્તિક છે કે અનેકાન્તિક; તેને ઓળખવાની નિશાની તે વાક્યપ્રયોગમાં વપરાતા અવ્યયો 'જ' અને 'પણ' છે. આ આમ 'જ' છે, એ વાક્યપ્રયોગ એકાન્તિક છે. આ આમ 'પણ' છે એ વાક્યપ્રયોગ અનેકાન્તિક છે. હિન્દી ભાષાની વાત કરીએ તો 'ही' અવ્યયનો પ્રયોગ એકાન્તતા સૂચક છે તો 'भी' અવ્યયનો પ્રયોગ અનેકાન્તતા સૂચક છે. ये ऐसा ही है। આ વાક્યપ્રયોગ એકાન્ત સૂચક છે. ये ऐसा भी है। આ વાક્યપ્રયોગ અનેકાન્ત સૂચક છે. એ પ્રમાણે અંગ્રેજી ભાષામાં May, will, અનેકાન્ત સૂચક છે તો Must, Shall એકાન્ત સૂચક છે.

કોઈ એક અંશ (Part-વિભાગ) ને અંશી (પૂર્ણ કે Whole) માનવો અર્થાત્ આત્માને નિત્ય જ માનવો; આત્માને અનિત્ય (ક્ષણભંગુર) જ માનવો, તે સઘળી એકાન્તિક આગ્રહી માન્યતાઓ છે. કોઈ દર્શન આત્માને નિત્ય જ માનવાનો આગ્રહ રાખે છે તો કોઈ દર્શન આત્માને અનિત્ય કે ક્ષણભંગુર માનવાનો આગ્રહ રાખે છે તે સર્વ એકાન્ત મિથ્યા માન્યતા છે જે જૈનદર્શનમાં 'એકાન્ત મિથ્યાત્વ' કે અભિનિવેશ નામનો મિથ્યાત્વનો એક પ્રકાર છે.

જૈનદર્શન વીતરાગવિજ્ઞાન હોવાથી નિરાગ્રહી છે. તેથી કહે છે,

આત્મા દ્રવ્યદૃષ્ટિએ (મૂળમાં)માં નિત્ય છે અને પર્યાયદૃષ્ટિએ (વર્તમાન અવસ્થાએ) અનિત્ય (ક્ષણિક) છે. આત્મા દ્રવ્યદૃષ્ટિએ (મૂળ સ્વરૂપની અપેક્ષાએ) શુદ્ધ છે અને પર્યાયદૃષ્ટિએ (વર્તમાન અવસ્થાની અપેક્ષાએ) અશુદ્ધ છે. જૈનદર્શનની આ સમ્યક્ માન્યતા સમ્યક્ અનેકાન્તતા છે. સ્વની અસ્તિથી સ્વમાં એકત્વ છે અને પરની નાસ્તિથી પરથી વિભક્ત છે, તે જૈનદર્શનની અનેકાન્ત દર્શનશૈલી છે.

આત્માને એકાન્તે નિત્ય કે અનિત્ય, શુદ્ધ કે અશુદ્ધ, અભેદરૂપ કે ભેદરૂપ માનવો તે સઘળી માન્યતા એકાન્ત મિથ્યાત્વ છે.

કોઈ પૂછે કે ભારતદેશ એક છે કે અનેક છે? ત્યારે તે પ્રશ્નકર્તાનું સમાધાન કરતાં જણાવવું પડે કે...દેશ તરીકે ભારત દેશ એક જ છે પણ તે દેશ કે રાષ્ટ્રનો રાજ્ય યા પ્રાંત રૂપે ઉલ્લેખ કરતાં જણાવવું પડતું હોય છે કે ભારત રાષ્ટ્ર અનેક અઠ્ઠાવીસ પ્રાંતોનો બનેલ એક રાષ્ટ્ર યા દેશ છે. બધાય અંગોપાંગના બનેલ સર્વાંગી શરીફ કહેવાય છે. શરીરના અંગોપાંગ અવયવ કહેવાય છે જ્યારે ખોડખાંપણવાળું પાંગળું શરીર વિકલાંગ કહેવાય છે. આ તો જીવાતા જીવનાનુભવના એકાન્ત (એક) અને અનેકાન્ત (અનેક)ના બુદ્ધિગમ્ય ઉદાહરણો છે.

નય વિવક્ષા રહિત તથા 'જ'કાર સહિતથી ગુણોના સર્વથા ભેદની કે ગુણીના સર્વથા અભેદાદિની જે જે પ્રકારની એકાન્ત માન્યતાઓ છે; તે સર્વ એકાન્ત મિથ્યાત્વ છે. અનેકાન્ત ધર્મવાળા આત્માને એક જ ધર્મવાળો આત્મા માનવો તે એકાન્ત મિથ્યાત્વ યા અભિનિવેશ છે.

'હું તો આવો જ છું!' 'હું તો પાપી જ છું!' એવું એકાન્તે ન માનવું. 'સ્વભાવ (સ્વરૂપ)થી હું પરમાત્મ સ્વરૂપ છું!' 'ભલે વર્તમાન અવસ્થામાં પાપી છું!' 'દ્રવ્યદૃષ્ટિથી હું પરમાત્મા છું!' 'પર્યાય દૃષ્ટિએ હું જીવાત્મા છું!' દ્રવ્યદૃષ્ટિની દૃઢતા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ પર્યાયદૃષ્ટિ ઘટતી જાય છે. પલટાવાનું નામ જ પર્યાય છે. જો પર્યાય પરિવર્તનશીલ હોત નહીં તો દુષ્ટજન સજ્જન થાત નહિ અને સંસારી ક્યારેય સિદ્ધ થઈ શકત નહીં.

અનેકાન્તવાદી જૈનદર્શન સાર્વભૌમિક છે, સાર્વકાલીન છે, સાર્વજનિક છે, કારણ કે તે વીતરાગવિજ્ઞાન અને આત્મવિજ્ઞાન છે. વળી એ જગજાહેર છે કે જે વિજ્ઞાન હોય તે સર્વને, સર્વત્ર, સર્વદા, સર્વથા એક સમાન લાગુ પડે. તેથી જ તો વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ એકાન્તથી પીડાતા જગતને અનેકાન્તતાનો ઉપદેશ આપ્યો છે.

સહુ કોઈ હળુકર્મી ભવ્યાત્માઓ દોષ-અવગુણની વર્તમાનમાં જે અસ્તિ છે, તેની નાસ્તિ કરીને તથા સ્વરૂપ ગુણની વર્તમાનમાં જે નાસ્તિ છે, તેની અસ્તિ કરીને સદ્‌ગુણો કેળવી સ્વરૂપ ગુણોને પ્રગટ કરી અન્ય-પરથી વિભક્ત થઈને (છૂટા પડીને) સ્વથી ઐક્ય સાધીને મૂળ મૌલિક સ્વરૂપ પ્રગટ કરી અસ્તિત્વનો આનંદ માણો! એવી હાર્દિક અભ્યર્થના!

* * *

૮૦૨, સ્કાય હાઈ ટાવર,
શંકર લેન, માલાડ (પ.),
મુંબઈ-૪૦૦ ૦૬૪.
મો. : ૯૮૬૯૭૧૨૨૩૮.

**નોંધ :**

*સ્વરૂપચિંતક પંડિતશ્રી પનાલાલ જ. ગાંધી તથા નવયુવાન પંડિતથી ફુલચંદ શાસ્ત્રીજીથી સંપાદિત જ્ઞાનના આધારે પ્રસ્તુત લેખનું સંપાદન થયું છે.*

### વ્યક્તિને મારી શકો છો, અસ્તિત્વને નહિ

☐ મહાવીરના દર્શનનું હાર્દ છે-

*તમે કોઈ વ્યક્તિને મારો છો તો તે શરીર સાથે જોડાયેલી હિંસા છે, વધે છે.*

*તમે કોઈનું અનિષ્ટ ચિંતન કરો છો, તે માનસિક હિંસા છે.*

*તમે કોઈ વ્યક્તિને દબાવવા માટે કોઈ વ્યક્તિને ઊંચકો છો, કોઈ વ્યક્તિના ઉત્થાન માટે કોઈ વ્યક્તિને દબાવો છો તે ભાવાત્મક હિંસા છે.*

*તમે કોઈ વ્યક્તિને મારી શકો છો, અસ્તિત્વને નહિ.*

*તમે કોઈ વ્યક્તિને નીચે પાડી શકો છો, અસ્તિત્વને નહિ.*

# અનેકાન્તવાદ અને સમ્યક્જ્ઞાન

☐ પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ

*[ ડૉ. કોકિલા હેમચંદ શાહ – મુંબઈ યુનિવર્સિટીના એડજર્ન્ટ પ્રોફેસર તરીકે, પીએચ. ડી. ગાઈડ તરીકે પોતાની સેવા આપે છે. સોમૈયા કૉલેજમાં જૈન સેન્ટરના પણ અધ્યયન કાર્યમાં રત છે. વિદુષી લેખિકા જૈન સાહિત્ય સમારોહમાં પોતાના વિદ્વતાભર્યા સંશોધન પત્રો રજૂ કરે છે અને લેખો પણ લખે છે. પ્રસ્તુત અંકમાં તેમણે સમ્યક્ દર્શનના કેટલાક મહત્ત્વનાં પાસાની ચર્ચા અનેકાંત દર્શનના સંદર્ભે કરી છે. ]*

'जेण विणा लोगस्स ववहारो सव्वहा ण निव्वडइ।
तस्य भुवणेक्कागुरुणो णमो अणेंगतवायस्स।।'
(–સિદ્ધસેન દિવાકર - સન્મત્તિતર્કપ્રકરણ)

'જેના વિના જગતનો વ્યવહાર પણ નથી ચાલતો તે સમસ્ત લોકના એક માત્ર ગુરુ અનેકાંતવાદને હું નમસ્કાર કરું છું.'

જૈનાચાર્યોના સર્વ દાર્શનિક ચિંતનનો આધાર અનેકાંતવાદ છે. સત્યજ્ઞાનની પ્રાપ્તિની વાત તો દૂર રહી, સમાજ અને પરિવારના સંબંધનો નિર્વાહ પણ અનેકાંત વિના નથી ચાલતો. સમગ્ર જગતનો એકમાત્ર ગુરુ અને અનુશાસ્તા અનેકાંત છે. સમ્યક્જ્ઞાન અને સમગ્ર વ્યવહાર એના દ્વારા અનુશાસિત છે. તેથી તેને નમસ્કાર. જૈનદર્શનમાં સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદનું એટલું બધું મહત્ત્વ છે કે આજે સ્યાદ્વાદ કે અનેકાંતવાદ જૈનદર્શનનો પર્યાય બની ચૂક્યો છે.

અનેકાંતવાદ જૈનદર્શનનો મૌલિક સિદ્ધાંત છે. દરેક વસ્તુ પદાર્થ અનેકાંત્મક છે. જૈનાચાર્યોના મત અનુસાર પ્રત્યેક વસ્તુમાં અનંત ગુણધર્મો હોય છે. 'અનંત ધર્માત્મકમ્‌વસ્તુ.' પરસ્પર વિરોધી ગુણધર્મોનું હોવું એ મૂળભૂત સિદ્ધાંત છે. પ્રત્યેક વસ્તુ પરસ્પર વિરોધી એવા અનંત ગુણધર્માત્મક, અનેક પ્રકારની વિવિધતાઓથી ભરેલી છે.

મનુષ્યની આ અનાદિકાલીન જિજ્ઞાસા રહી છે કે સત્ય શું છે? તત્ત્વ શું છે? સમ્યક્જ્ઞાન શું છે? એક વખત ગણધર ગૌતમે ભગવાન મહાવીરને પૂછ્યું કે 'તત્ત્વ શું છે?' 'કિં તત્ત્વમ્?'

ભગવાને કહ્યું, 'अपन्नेइ वा, विगमेइ वा, ध्रुवेइ वा।'

અર્થાત્ ઉત્પન્ન થવું, નાશ થવો અને શાશ્વત રહેવું એ તત્ત્વ છે. આ ત્રિપદી તત્ત્વ છે, સત્ય છે. અહીં સાપેક્ષતાનું (Relativism) સૂચન છે. વસ્તુ નિત્ય છે, અનિત્ય છે અને શાશ્વત છે એ સત્ય છે. જે એક છે તે અનેક પણ છે. જે નિત્ય છે, તે અનિત્ય પણ છે. ફક્ત શાશ્વત, કે ફક્ત નિત્ય કે, ફક્ત અનિત્ય એ તત્ત્વ નથી. નિત્યતા અને અનિત્યતા સાપેક્ષ છે. તત્ત્વ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યાત્મક છે. મહાવીરે આ રીતે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો. તેમણે વસ્તુના સ્વરૂપનું બધી દૃષ્ટિઓથી પ્રતિપાદન કર્યું. અનેકાંતનો આધાર સાત નય – દૃષ્ટિબિંદુ (standpoint) છે.

અનેકાંતનો શાબ્દિક અર્થ છે – જેનો અંત એક નથી તે, અર્થાત્ જેનો ગુણ એક નથી એવો મત – કે જે અનુસાર કોઈપણ વસ્તુ એકાંતિક નથી. આ સમજવા કેટલા દૃષ્ટાંતો પણ જૈન સાહિત્યમાં જોવા મળે છે, જે દ્વારા પરસ્પર વિરોધી લાગતા ગુણોનો સમન્વય કેવી રીતે થાય તે જાણવા મળે છે. ભગવતી સૂત્રમાં પ્રશ્ન પૂછ્યો છે કે,'લોક શાશ્વત છે કે અશાશ્વત?'

ભગવાન મહાવીર આ પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે - 'લોક શાશ્વત પણ છે, અશાશ્વત પણ છે. ત્રણે કાળમાં એવો એક પણ સમય નથી જ્યારે લોક ન હોય તેથી તે શાશ્વત છે. લોક સદા, હંમેશાં એક સરખો નથી રહેતો. તે અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં બદલતો રહે છે તેથી તે અશાશ્વત છે. આમ વસ્તુમાં પરસ્પર વિરોધી ધર્મો હોવાથી અનંત ધર્માત્મક છે.' જયંતિ મહાવીરને પ્રશ્ન પૂછે છે- 'સૂતા રહેવું સારું કે જાગતા રહેવું?' મહાવીર કહે છે-'કેટલાક જીવોનું સૂતા રહેવું સારું જ્યારે કેટલાકનું જાગતા રહેવું સારું.' જયંતિ પૂછે છે, એ કેવી રીતે? મહાવીર કહે છે, જે જીવો અધર્મી છે એમણે સૂતા રહેવું સારું કે જેથી તે બીજાને પીડા ન પહોંચાડે. જ્યારે ધાર્મિક જીવોનું જાગવું સારું છે કારણ કે તે અનેક જીવોને સુખ અર્પે છે.

જૈનદર્શન પ્રમાણે વસ્તુમાં અનેક ગુણધર્મો છે. એક જ ગુણધર્મ પર ભાર મૂકવો એટલે એકાંતવાદ. આંશિક સત્યને પૂર્ણ સત્ય માનવું એટલે મિથ્યાજ્ઞાન. એકાંતવાદ કોઈ એક દૃષ્ટિનું જ સમર્થન કરે છે. એકાંતવાદ ક્યારેક સામાન્ય અથવા વિશેષના રૂપમાં મળે છે તો ક્યારેક સત્ કે અસત્‌ના રૂપમાં. તત્ત્વને પૂર્ણ રૂપમાં જોવું એટલે એકાંતવાદનો ત્યાગ કરવો. તાત્ત્વિક દૃષ્ટિએ – પદાર્થના એક ગુણધર્મને સર્વથા સત્ય માનવું અને બીજા ગુણધર્મને સર્વથા મિથ્યા માનવું એ વસ્તુની પૂર્ણતાને ખંડિત કરે છે. પરસ્પર વિરોધી લાગતા ગુણો એકબીજાથી અવશ્ય વિરોધી છે; પણ સંપૂર્ણ વસ્તુથી વિરોધી નથી. વસ્તુ બંનેને સમાનરૂપી આશ્રય આપે છે – આ દૃષ્ટિ અનેકાંત છે, સ્યાદ્વાદ છે, સાપેક્ષવાદ છે. અનેકાંતવાદ એક વિલક્ષણ સ્વતંત્ર દૃષ્ટિ છે જેમાં વસ્તુનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ થાય છે. એક અને અનેક, નિત્ય અને અનિત્ય આવા ગુણોનો અનેકાંતવાદને આધારે સમન્વય કરવામાં આવે છે. અનેકાંતનું સૂત્ર છે સંતુલન. પરસ્પર વિરોધી

લાગતા ગુણોને એક જ દ્રવ્યમાં અવિરોધી રીતે સમન્વય કરવા તે અનેકાંતવાદની દેણ છે. અનેકાંતવાદી ફક્ત દ્રવ્યદૃષ્ટિથી જોતો નથી, ફક્ત પર્યાયદૃષ્ટિથી પણ નહીં. દ્રવ્ય અને પર્યાય બંને દૃષ્ટિથી જોવું તે અનેકાંત અર્થાત્ અનેકાંતદૃષ્ટિ ન કેવળ દ્રવ્યાત્મક છે, કે ન પર્યાયાત્મક, પણ ઉભયાત્મક છે. આચાર્ય મહાપ્રજ્ઞ અનેકાંતને ત્રીજું નેત્ર કહે છે. સમ્યક્જ્ઞાનની દૃષ્ટિએ, સત્યની દૃષ્ટિએ તે ત્રીજું નેત્ર છે. એક જ વસ્તુમાં રહેલા પરસ્પર વિરોધી ગુણધર્મો અને તત્ત્વોને ખુલ્લા કરીને જે બતાવી શકે તે અનેકાંતવાદ. આ ગુણધર્મો વસ્તુની અંદર રહેલા છે. તત્ત્વજ્ઞાનના ઉચ્ચ તથા કઠિન ક્ષેત્રથી માંડીને, વિચારમૂલક ભૂમિકાથી લઈને આચારમૂલક પ્રદેશ સુધીની તમામ પરિસ્થિતિઓમાં અનેકાંત તત્ત્વજ્ઞાનની સમજણ ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે. અનેકાંતથી સાપેક્ષતાનો વિકાસ થાય છે. એનાથી જીવન વ્યવહાર સ્વસ્થ અને સામંજસ્યપૂર્ણ થાય છે.

પરમસત્યની અનુભૂતિ અનેકાંતના આધારે થાય છે. એકાંતવાદ કે નિરપેક્ષ ચિંતન પૂર્ણ સત્ય નથી. સમ્યક્જ્ઞાનની ભૂમિકા એટલે અનેકાંતદૃષ્ટિ. કોઈપણ વસ્તુના વિવિધ પાસાંઓ તપાસી તેના સત્ય સ્વરૂપને જાણવું તે અનેકાંતવાદ છે. સત્ય એક જ હોય છે. પરંતુ તેના પાસા અનેક હોય છે. દરેક પાસાને જુદી જુદી અપેક્ષાથી જોવા અને સમજવા તે અનેકાંતવાદ છે. તત્ત્વને વિવિધ દૃષ્ટિકોણથી જોવું તે અનેકાંત સિદ્ધાંત છે અને તેનું સાપેક્ષ પ્રતિપાદન કરવું તે સાપેક્ષવાદ છે. નય એટલે કોઈ એક દૃષ્ટિકોણ પ્રમાણેનું સત્ય. નયવાદ એટલે અપેક્ષાવાદ. સામાન્ય મનુષ્ય એક કાળે વસ્તુના એક જ ધર્મને, પાસાને જાણી શકે છે. તેથી તેનું જ્ઞાન સાપેક્ષ હોય છે, આંશિક હોય છે. નય દ્વારા જે જ્ઞાન છે તે એટલા માટે સમ્યક્ માનવામાં આવે છે કે તે પોતાના દૃષ્ટિબિંદુથી અતિરિક્ત બીજા જેટલા દૃષ્ટિબિંદુ છે તેનો નિષેધ નથી કરતું પણ તે પ્રત્યે ઉપેક્ષાભાવ દર્શાવે છે. સ્યાદ્વાદ વિરાટ દૃષ્ટિકોણ પ્રસ્તુત કરે છે.

કહેવાય છે કે મહાવીરે ચિત્રવિચિત્ર પાંખવાળા એક મોટા પુંસ્કોકિલને સ્વપ્નમાં જોયું. પુંસ્કોકિલની ચિત્રવિચિત્ર પંખો અનેકાંતવાદની પ્રતીક છે. જ્યાં એક જ જ્ઞાનના પંખ હોય ત્યાં એકાંતવાદ છે. અનેકાંતવાદ એક જ રંગનું પાંખવાળું કોકિલ નથી, પરંતુ ચિત્રવિચિત્ર પાંખવાળું કોકિલ છે. જ્યાં વિવિધ વર્ણના પંખ હોય છે ત્યાં અનેકાંતવાદ હોય છે. આ રીતે જૈન ધર્મના પ્રાણભૂત સિદ્ધાંત અનેકવાદનું સુંદર રીતે ચિત્રણ કર્યું છે. એકાંતવાદ કોઈ એક દૃષ્ટિબિંદુનું સમર્થન કરે છે. ક્યારેક સામાન્યનું તો ક્યારેક વિશેષ ગુણધર્મનું; જ્યારે અનેકાંતવાદ અનેકનું સમર્થન કરે છે. પરસ્પર વિરોધી લાગતા ગુણોનો એક જ દ્રવ્યમાં અવિરોધી રીતે સમન્વય કરવો એ અનેકાંતવાદનું દર્શનશાસ્ત્રમાં મહત્ત્વનું યોગદાન છે. બે વિરોધી ગુણોનું અપેક્ષાભેદથી રહેવું એ શક્ય છે, વાસ્તવમાં આ ગુણો વિરોધી નથી.

**નયવાદ અને અનેકાંતવાદ**

જૈનદર્શનને સાચા અર્થમાં સમજવા માટે અનેકાંતવાદ, નયવાદ અને સ્યાદ્વાદનું સ્વરૂપ સમજવું જરૂરી છે.

વસ્તુ અનેક ધર્માત્મક છે. આવી વસ્તુનું કે દ્રવ્યનું જ્ઞાન બે રીતે થાય છે – એક પ્રમાણથી અને બીજું નયથી. પ્રમાણ એટલે સાચું જ્ઞાન. આ જ્ઞાનના પાંચ પ્રકાર છે–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળજ્ઞાન. આખી વસ્તુને તેના વિવિધ પડખાથી જાણવું તે પ્રમાણ છે. જ્યારે તે જ વસ્તુને તેના એક પડખાથી જાણવું તે નય છે. પ્રમાણ દ્વારા વસ્તુનું સમગ્ર યથાર્થ જ્ઞાન મળે છે જ્યારે વસ્તુના આંશિક સ્વરૂપનો પરિચય નય દ્વારા મળે છે. પ્રમાણ દ્વારા વસ્તુના અખંડ સ્વરૂપનું જ્ઞાન થાય છે. જ્યારે નય દ્વારા વસ્તુના અંશભૂત જુદા જુદા સ્વરૂપોનું દર્શન થાય છે.

દરેક વસ્તુને જાણવાના દૃષ્ટિકોણો પણ અનેક હોઈ શકે છે. પરંતુ જ્યારે આપણે એક દૃષ્ટિકોણથી વસ્તુને જાણીએ ત્યારે બીજા દૃષ્ટિકોણનો નિષેધ ન કરીએ તો તેને નય કહેવાય. પરંતુ એક દૃષ્ટિકોણથી વસ્તુ જેવી જણાય તેવી જ માત્ર વસ્તુ છે એમ માની લેવું તેને દુર્નય કહેવાય. જેમ કોઈ અંધ વ્યક્તિ હાથીના પગને સ્પર્શ કરી એમ માને કે હાથી થાંભલા જેવો જ છે તો તે દુર્નય કહેવાય. પણ જો તે એમ સમજે કે હાથીના શરીરનો એક ભાગ થાંભલા જવો છે તો તે નય કહેવાય.

જૈન દાર્શનિકોના મત પ્રમાણે વસ્તુનું સાચું જ્ઞાન–સમ્યક્ જ્ઞાન મેળવવા માટે તેને જુદી જુદી બાજુએથી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ અને આ બધા પાસાંને યોગ્ય રીતે ભેગા કરી વસ્તુનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. જુદા જુદા દૃષ્ટિકોણથી પ્રાપ્ત થયેલ માહિતીને ભેગી કરીને વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં કોઈને વિરોધ જેવું લાગે, કારણ કે આમ કરવાથી એક જ વસ્તુ નિત્ય અને અનિત્ય, સત્ અને અસત્ આવા પરસ્પર વિરોધી ગુણવાણી લાગે અને પ્રશ્ન થાય કે આવા વિરોધી ગુણો એક જ વસ્તુમાં એક સાથે કઈ રીતે રહી શકે ? આમ, આંતરિક વિરોધ છે એવા ભયથી આપણે વસ્તુની અંદર એવા ગુણોને ન સ્વીકારીએ તો વસ્તુનું યથાર્થ સ્વરૂપ આપણે સમજી ન શકીએ. અહીં એ વાત યાદ રાખવી ઘટે કે એક જ વસ્તુમાં આ પરસ્પર વિરોધી જણાતા ગુણો એક સાથે રહે જ છે એટલે એમાં ખરેખર વિરોધ છે જ નહીં. જ્યારે જૈન દાર્શનિકો કહે છે એક જ વસ્તુ નિત્ય-અનિત્ય, એક-અનેક આદિ છે ત્યારે તેનો અર્થ એવો નથી કે વસ્તુ તે જ અપેક્ષાથી નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. અનેકાંતના સિદ્ધાંત પ્રમાણે એક જ વસ્તુ એક અપેક્ષાથી નિત્ય છે, તો બીજી અપેક્ષાથી અનિત્ય પણ છે. આમ જુદી જુદી અપેક્ષાથી વસ્તુમાં જુદા જુદા ગુણોનો સ્વીકાર કરાય છે. આ બધા

ગુણો વસ્તુમાં એક સાથે જ રહે છે. અમુક વખતે અમુક ગુણોને મુખ્ય કરવામાં આવે છે. જ્યારે બીજા ગુણને ગૌણ કરવામાં આવે છે. આમ અનેકાંત એ વસ્તુનું સ્વરૂપ છે અને આવી અનેક ધર્માત્મક વસ્તુ–સ્વરૂપને જાણવાનું કામ આપણે દૃષ્ટિકોણરૂપ નયને સ્વીકારવાથી કરી શકીએ. પરંતુ એક નયથી જાણેલ વસ્તુના સ્વરૂપને તે વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ માની લેવું ભૂલભરેલું છે. આથી જ જૈન આચાર્યોએ કહ્યું છે કે બીજા દૃષ્ટિકોણનો વિરોધ કર્યા વિના એક નયને મુખ્ય કરીએ ત્યારે બીજા નયની વાતનો નિષેધ ન કરતા આપણે બીજા નયની વાતને ગૌણ કરીએ તો તે નય છે અને જો બીજા નયોનો નિષેધ કરીએ તો તે દુર્નય છે. આમ નય એટલે કોઈ એક દૃષ્ટિકોણ પ્રમાણેનું સત્ય. અનેકાંત નિરપેક્ષ નયોનો સમૂહ નથી કારણ કે પરસ્પર નિરપેક્ષ નય મિથ્યા છે. જે અપેક્ષા સહિત નય છે તે વસ્તુસ્વરૂપ છે.

આમ, નયોનું વિશેષ મહત્ત્વ છે. નયદૃષ્ટિ વગર વસ્તુસ્વરૂપને સમજી શકાતું નથી. વિરોધાભાસનું સમાધાન નયની સમજણથી થાય છે. પ્રત્યેક વસ્તુ દ્રવ્યદૃષ્ટિથી નિત્ય અને એકરૂપ છે અને પર્યાયદૃષ્ટિથી અનિત્ય-અનેકરૂપ છે. પહેલી દૃષ્ટિમાં દ્રવ્યની મુખ્યતા છે અને પર્યાયની ગૌણતા છે. આમ ગૌણતા અને મુખ્યતાથી જ વસ્તુની સિદ્ધિ થાય છે. નય દ્વારા જીવાદિ પદાર્થોનું સમ્યક્જ્ઞાન થાય છે.

અનેકાંતાત્મક વસ્તુને જાણવાની અને સમજવાની પદ્ધતિ તે નયવાદ છે. જૈન દાર્શનિકોએ નયના જુદી જુદી રીતે ભેદ પાડ્યા છે.

**(૧) દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય**

જે નય વસ્તુની શાશ્વત બાજુ જુએ છે દ્રવ્યાર્થિકનય અને જે નય વસ્તુની પરિવર્તનશીલ બાજુ જુએ છે તે પર્યાયાર્થિક નય. વસ્તુનિરૂપણની બધી જ દૃષ્ટિઓ આ બે દૃષ્ટિમાં સમાઈ જાય છે. મૂળ આ બે જ નય છે. આચાર્ય સિદ્ધસેને આ નયોનું સમર્થન કરતાં કહ્યું છે કે આ બે નયો મુખ્ય છે–બીજા બધા એમના પ્રકારો જ છે. દ્રવ્યદૃષ્ટિથી દરેક પદાર્થ નિત્ય છે જ્યારે પર્યાયદૃષ્ટિથી અનિત્ય છે.

**(૨) અર્થનય અને શબ્દનય**

જે નય વસ્તુને અથવા પદાર્થને જુએ છે તે અર્થનય અને જે નય તેના વાચક શબ્દને જુએ છે તે શબ્દનય.

**(૩) નિશ્ચયનય અને વ્યવહારનય**

વસ્તુના નિરપેક્ષ સ્વરૂપને જોનાર નય તે નિશ્ચયનય જ્યારે એક વસ્તુનું બીજી વસ્તુમાં આરોપણ કરી જોનાર તે વ્યવહારનય. નિશ્ચયનય વસ્તુનું પારમાર્થિક રૂપ છે જ્યારે વ્યવહારનય વસ્તુનું પ્રાતિભાસિક રૂપ છે. ઈન્દ્રિયગમ્ય વસ્તુનું સ્થૂળરૂપ વ્યવહારની દૃષ્ટિથી યથાર્થ છે. નિશ્ચયનય દૃષ્ટિ ઈન્દ્રિયાતીત છે, સૂક્ષ્મ છે. બંને દૃષ્ટિઓ સમ્યક્ છે, યથાર્થતાનું ગ્રહણ કરે છે.

જૈન ધર્મના દાર્શનિક ગ્રંથોમાં સાત નયોનું વર્ણન જોવા મળે છે.

(૧) નૈગમન્ય
(૨) સંગ્રહનય
(૩) વ્યવહારનય
(૪) ઋજુસૂત્રનય
(૫) શબ્દનય
(૬) સમભિરૂદ્રનય
(૨) એવમ્ભૂતનય

અહીં પહેલા ચાર અર્થનય છે જ્યારે છેલ્લા ત્રણ શબ્દનય છે. સાતે નયો એક જ વસ્તુને જોવાની, સમજવાની ભિન્ન ભિન્ન બાજુઓ છે. આ સાતેય બાજુ એકઠી મળીને વસ્તુનો સંપૂર્ણ ખ્યાલ આપે છે.

નયના જેટલા ભેદ છે એટલા મત છે. અનેકાંતવાદને બીજાઓના દૃષ્ટિબિંદુઓ, મતો પ્રત્યે માન છે. દરેક મતમાં, વિચારમાં સત્ય છે એ વાત તે માન્ય રાખે છે. પરંતુ એ પણ સમજવું જરૂરી છે કે દરેક મત, વિચાર, સંપૂર્ણ સત્ય નહિ પણ આંશિક સત્ય રજૂ કરે છે તેથી પૂર્ણ સત્યને પામવા પરસ્પર વિસંવાદી મતોનો સમન્વય કરવો જરૂરી છે. એ રીતે જુદા જુદા દર્શનોનો સમન્વય કરી વિરોધ દૂર કરી શકાય. અનેકાંતવાદનું કાર્ય માત્ર વિવિધ મતો, વિચારો, દર્શનોના સત્યો સાપેક્ષ અને આંશિક છે એ દર્શાવવાનું નથી પણ સાથે સાથે તેમનો એક બીજા સાથે યથાયોગ્ય મેળ કરી વિરોધનું શમન કરવાનો છે અને વધુ ને વધુ સર્વગ્રાહી ઉચ્ચત્તર સત્યને પામવાનું છે. આ કારણે જ જૈનદર્શન પોતાને ભિન્ન ભિન્ન દર્શનોના સમન્વયરૂપ સમજે છે. 'ષડ્દર્શન જિન અંગ ભણીજે.'

**અનેકાંતવાદ અને સ્યાદ્વાદ**

સ્યાદ્વાદનો મૂળભૂત સિદ્ધાંત છે–પ્રત્યેક વસ્તુ સાપેક્ષ છે.

સ્યાદ્વાદ: સ્યાદ્વાદ એટલે શક્યતાનો સિદ્ધાંત.

સ્યાદ્વાદ સાપેક્ષિક કથનપદ્ધતિ છે. અનેકાંતાત્મક વસ્તુને નય દ્વારા જાણીએ પણ એનું વર્ણન કરવું હોય તો આપણે એવી ભાષા પદ્ધતિ અપનાવીએ કે જેથી વસ્તુના કોઈપણ પક્ષનો નિષેધ ન થાય. આવી પદ્ધતિ જે જૈન શાસ્ત્રકારોએ વિકસાવી છે તે સ્યાદ્વાદ છે. સ્યાદ્વાદ પદાર્થ કે વસ્તુના વિવિધ પાસાંઓનું વિવિધ દૃષ્ટિકોણથી વિશ્લેષણ કરે છે–એ રીતે કે અમુક વસ્તુનું કથન કરતા વસ્તુના અનેક ગુણધર્મોનો નિષેધ થતો નથી. સ્યાદ્વાદ દ્વારા સત્-અસત્, નિત્ય-અનિત્ય આદિ પરસ્પર વિરોધી લાગતા પરંતુ એક સાથે એક જ વસ્તુમાં રહેતા તે ગુણો બાબત કથન કરવામાં આવે છે. અહીં આવા પરસ્પર વિરોધી લાગતા ગુણો શા માટે ખરેખર વિરોધી નથી, પરંતુ એકબીજાના પૂરક છે એ વાત દર્શાવી છે. આ પદ્ધતિમાં દરેક કથન સાથે 'સ્યાદ્' પદ લગાવવામાં આવે છે. આ સિદ્ધાંતમાં 'સ્યાદ' શબ્દનો અર્થ છે 'કોઈ એક અપેક્ષાથી અથવા 'કથંચિત્', 'સ્યાત્'પૂર્વક જે વાદ છે–કથન છે–તે સ્યાદવાદ. 'સ્યાદ્' શબ્દ

અનેકાંતનો દ્યોતક છે. તેથી સ્યાદ્વાદને અનેકાંતવાદ પણ કહે છે-(સ્યાદ્વાદ મંજરી). સ્યાદ્વાદને 'સપ્તભંગી' પણ કહે છે. 'સપ્તભંગી' એટલે જુદી અપેક્ષાએ યોજાતા સાત વાક્યોનો સમૂહ, સ્યાદ્વાદના સાત ભંગો નીચે મુજબ છે-

## અસ્તિત્વ અનાદિ છે

☐ *હિંસા મૃત્યુ છે, કોઈકને મારવું તે હિંસા છે.*

*જે જન્મે છે તે મૃત્યુ પામે છે. જે જન્મતો જ નથી, તે મૃત્યુ પામશે કેવી રીતે?*

*અસ્તિત્વ અનાદિ છે.*

*જેનો આદિ નથી, તેનો અંત કેવી રીતે હોઈ શકે?*

*જે અમર અને શાશ્વત છે, તેને કોણ મારી શકે?*

૧. स्याद् अस्ति एव–વસ્તુ અમુક અપેક્ષાથી છે.
૨. स्याद् नास्ति एव–વસ્તુ અમુક અપેક્ષાથી નથી.
૩. स्याद् अस्तिय नास्तिय एव–કોઈ અપેક્ષાથી વસ્તુ છે અને કોઈ અપેક્ષાથી નથી.
૪. स्याद् अवक्तव्यम् एव–વસ્તુ, કોઈ અપેક્ષાથી છે અને અવક્તવ્ય છે.
૫. स्याद् अस्तिय अव्यक्तव्यम् एव–વસ્તુ અમુક અપેક્ષાથી છે અને અને અવક્તવ્ય છે.
૬. स्याद् नास्तिय अव्यक्तव्यम् एव–અમુક અપેક્ષાથી નથી અને અવક્તવ્ય છે.
૭. स्याद् अस्तिय नास्तिय अव्यक्तव्यम् एव–અમુક અપેક્ષાથી વસ્તુ છે, નથી અને અવક્તવ્ય છે.

આમ વસ્તુ એક જ રૂપ નથી–તેના અન્ય રૂપ પણ છે.

કોઈ વસ્તુનું અસ્તિત્વ કે નાસ્તિત્વ એકાંત નથી. સ્યાદ્વાદ પ્રમાણે બધા જ કથનો સાપેક્ષ છે–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અમુક અપેક્ષાથી સત્ય છે. વસ્તુનું સ્વરૂપ; જૈનદર્શન પ્રમાણે–અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્યથી સમજી શકાય છે. સ્યાદ્વાદમાં દરેક કથન એકાંત છે પણ સમગ્ર કથનપદ્ધતિ અનેકાત્મક છે. સ્યાદ્વાદ અનિશ્ચિતવાદ કે સંશયવાદ નથી. કારણ કે 'સ્યાત્'નો અર્થ સંભવતઃ હોવા છતાં 'એવ' શબ્દનો પ્રયોગ કથનપદ્ધતિમાં કરવામાં આવ્યો છે તે એમ સૂચવે છે કે જે જ્ઞાન મળે છે તે નિશ્ચિત અને સાપેક્ષ મળે છે. વિજ્ઞાનમાં આઈન્સ્ટાઈનની `Theory of Relativity' સાથે તે સામ્ય ધરાવે છે. સ્યાદ્નો અર્થ `May be' કે `Perhaps' નથી–પણ 'કોઈ એક અપેક્ષાથી' છે. સ્યાદ્વાદમાં દરેક કથન એકાંત છે. પણ તે વસ્તુ જેવી છે તેવી જ બતાવે છે. સ્યાદ્વાદનો આધાર છે વસ્તુતત્ત્વના અનંત ગુણો, માનવીય જ્ઞાનની અપૂર્ણતા અને સાપેક્ષતા. જૈન તર્કશાસ્ત્રીઓ આ સાપેક્ષ કથન યા વિધાનના સિદ્ધાંતને સ્યાદ્વાદ કહે છે. અનેકાંતવાદ દર્શન છે. સ્યાદ્વાદ એની અભિવ્યક્તિનું માધ્યમ છે. સત્ય માટેની શૈલીના મુખ્ય બે તત્ત્વ છે–પૂર્ણતા અને યથાર્થતા જે અનેકાંતવાદ કહે છે અનેકાંતનું સમ્યક્ પરિજ્ઞાન થયા વગર જૈન તત્ત્વજ્ઞાનને યથાર્થ રીતે સમજવું અશક્ય છે. સ્યાદ્વાદ અપેક્ષાભેદથી નિશ્ચયાત્મક છે. તે સંશયવાદ કે અજ્ઞાનવાદ નથી. સ્યાદ્વાદને વાસ્તવિક રીતે ન જાણનારા આ સિદ્ધાંત પર દોષારોપણ કરે છે જે મિથ્યા છે. તે આધુનિક વિજ્ઞાન-પદાર્થ વિજ્ઞાન સાથે સુસંગત છે. વ્યવહારમાં પણ અનેકાંતવાદના ઘણા ફાયદા છે. તેનાથી વિવાદ અને વૈચારિક સંઘર્ષનું નિવારણ શક્ય બને છે. વૈચારિક સહિષ્ણુતા દ્વારા ધર્મ સહિષ્ણુતા–જુદા જુદા ધર્મોમાં રહેલ સત્ય આંશિક રીતે જોવા મળે છે. આમ તેમાં વિવિધ વિચારધારાઓના સમન્વયની શક્તિ છે. વિવિધતામાં એકતા સ્થાપવા આ સિદ્ધાંત ઉપયોગી થઈ શકે.

આમ સમ્યક્જ્ઞાન માટે અનેકાંતવાદ, નયવાદ અને સ્યાદ્વાદ જરૂરી છે. જૈન દાર્શનિકોની નિષ્પક્ષવૃત્તિ અને અહિંસક પ્રવૃત્તિનો અહેસાસ આ સિદ્ધાંત કરાવે છે. જ્યાં કોઈ નય કિંચિત્ માત્ર ન દુભાય એવી જિનેશ્વરોની વાણી છે–'અનંત અનંત ભાવભેદથી ભરેલી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે.' સપ્તભંગી એક એવો સિદ્ધાંત છે કે જે વસ્તુનું આંશિક પરંતુ યથાર્થ કથન કરવા સમર્થ બને છે. અનેકાંતવાદના મૂળ સિદ્ધાંતો સમન્વયવાદ અને સહઅસ્તિત્વાદ સૂચવે છે. અનેકાંતદૃષ્ટિએ સમસ્યાનું સમાધાન શોધવાથી આગ્રહ-વિગ્રહનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી. અનેકાંતનું યોગદાન દાર્શનિક ક્ષેત્રમાં જેમ મહત્ત્વપૂર્ણ છે તેમ વ્યાવહારિક જીવનમાં પણ તેની મહત્તા છે.

અંતમાં-

'જે અનેકાંતપદને પ્રાપ્ત છે, એવા અખિલ પ્રમાણનો વિષય જયશીલ હો, તે અનેકાંતપદ પ્રવૃદ્ધશાળી અને અતુલ છે તથા પોતાના ઈષ્ટ અર્થની સિદ્ધિ આપવાવાળો છે. એમાં અનંત ગુણોને ઉદય છે. તે પૂર્ણરૂપથી નિર્મળ, જીવોને આનંદિત કરવાવાળો, મિથ્યા એકાંતરૂપ, મહાન અંધકારથી રહિત તથા શ્રી વર્ધમાન તીર્થંકર પ્રતિપાદિત છે.

(પ્રમેય કમલમાર્તણ્ડ પૃ-૫૧, ઉદ્વિતીય ભાગ)

અનેકાત્મક અર્થવાળું વાક્ય એ જ સ્યાદ્વાદ છે એમ વધીયસ્ત્રટીકામાં કહ્યું છે–અનેકાંતદૃષ્ટિ એ સત્યદૃષ્ટિ છે તેથી સમ્યક્જ્ઞાન છે. આંશિત સત્યને પૂર્ણ સત્ય માનવું એ મિથ્યાજ્ઞાન છે. તત્ત્વને પૂર્ણરૂપમાં જોવું એટલે અનેકાંતવાદનો સ્વીકાર કરવો જેનું તત્ત્વજ્ઞાન અનોખું અને વિશિષ્ટ છે. ✷✷✷

બી-૧૪, કકડ નિકેતન, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ)
મુંબઈ-૪૦૦ ૦૭૭. મોબાઈલ : ૯૩૨૩૦૭૯૯૨૨.

# આનંદઘનજીના સ્તવનોમાં અનેકાંત

☐ ડૉ. અભય દોશી

*[ ડૉ. અભય દોશી – મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છે. જૈન ધર્મ-ચિંતન અને સાહિત્યના ઊંડા અભ્યાસી અને સંશોધક છે. જૈન સંશોધકોને પીએચ. ડી. કરાવનાર આ વિદ્વાનનું ચોવીસી સાહિત્ય પરનું પુસ્તક ખૂબ જ લોકપ્રિય થયું છે. પ્રસ્તુત અંકમાં આનંદઘનજીના સ્તવનોમાં અનેકાન્તવાદ વિષે તેમણે વિષદ ચર્ચા કરી છે. ]*

સત્તરમી સદીના પૂર્વાર્ધમાં થયેલા આનંદઘનજીની એક મર્મી સર્જક તરીકે ખ્યાત છે. તેમના પદોમાં અલૌકિક અનુભવની અભિવ્યક્તિ જોવા મળે છે. રાજસ્થાન-ગુજરાતની સરહદ પર વિચરતા આ સાધક મુનિ સંપ્રદાય અને દર્શનના ભેદથી પર થઈ આત્મતત્ત્વની, અનહદની ધૂન લગાવીને બેઠેલા સંતપુરુષ છે. એમના પદોની અભિવ્યક્તિમાં નિર્ગુણ સંત પરંપરાનો પ્રભાવ જોઈ શકાય છે.

કવિની 'પદબહુતેરી' પ્રસિદ્ધ રચના છે. તો એ સાથે જ એમની બીજી પ્રસિદ્ધ રચના 'ચોવીસી' નામે સુવિખ્યાત છે. આજે આપણને કવિને હાથે સર્જાયેલા ૨૨ સ્તવનો જ ઉપલબ્ધ થાય છે. આ સ્તવનોમાં કવિએ ભક્તિની સાથે જ તત્ત્વજ્ઞાનની રસભરી લલિત રીતે પ્રસ્તુતિ કરી છે. કવિ અનેકાંતદર્શનના આકંઠ અભ્યાસી છે. આથી કવિની અનેક રચનાઓમાં અનેકાંતવાદનું નિરૂપણ સહજ રીતે આવે છે. દસમા શીતલનાથ ભગવાનના સ્તવનમાં પરમાત્મામાં પરસ્પર વિરોધી ગુણોનો અનેકાંતદૃષ્ટિએ સુભગ સમન્વય દર્શાવ્યો છે. આવા અનેક સ્થળો ચોવીસીનાં સ્તવનોમાં જોઈ શકાય. એમ છતાં, કવિનું ૨૦મું અને ૨૧મું સ્તવન દાર્શનિક ભૂમિકાએ અનેકાંતવાદની રજૂઆત કરે છે.

વીસમા મુનિસુવ્રતસ્વામી સ્તવનનો પ્રારંભ સાધકના પ્રશ્નથી થાય છે;

'આતમતત્ત્વ કયું જાણું ? જગતગુરુ ! એહ વિચાર મુજ કહીયો.'

હે જગતગુરુ પ્રભુ ! આત્મતત્ત્વ કેવી રીતે પામું તેનો માર્ગ દર્શાવો. સાધક બીજી કડીમાં આ આત્મતત્ત્વ જાણવાની જીજ્ઞાસાનું કારણ દર્શાવતા કહે છે કે આત્મતત્ત્વને જાણ્યા વિના જીવ નિર્માણ સમાધિ પામતો નથી.

ભારતીય પરંપરામાં જે વિવિધ દર્શનો આત્મતત્ત્વ અંગેના પોતાના મતો ધરાવે છે, તેની વાત કરતાં કવિ કહે છે:

કેટલાક વેદાંત આદિ દર્શનવાળા આત્માને બંધરહિત માને છે, પણ વ્યવહારમાં તેઓ ક્રિયા કરતા દેખાય છે. તેઓને આ ક્રિયાનું ફળ કોણ ભોગવે એવું પૂછવામાં આવે તો તેઓ રીસાય છે.

વળી, નાસ્તિકમતવાળા કહે છે કે જડ અને ચેતનમાં કોઈ ભેદ નથી, બંનેમાં આત્મતત્ત્વ એક છે. સ્થાવર અને જંગમ સરખા છે, આવા મતને માનીએ તો સુખ અને દુઃખના સંકર (મિશ્રણ)નો દોષ આવે છે, માટે આ મતને મનમાં વિચાર કરી પરીક્ષા કરો.

વળી, વેદાંતદર્શનવાળા કહે છે; આત્મા કેવળ નિત્ય છે, અને તેઓ આવી વાત કરી આત્મદર્શનમાં લીન થાય છે. પણ તેમાં કરેલાં કર્મનો નાશ અને નહિ કરેલા કર્મની પ્રાપ્તિનો દોષ આવે છે, તે મનુષ્ય જોઈ શકતો નથી.

આત્માને એકાંત નિત્ય માનવામાં આવે તો પ્રત્યક્ષમાં જોવાતા કાર્ય-કારણભાવ ઘટી શકે નહિ . દા. ત. સોનારૂપી પદાર્થમાંથી તાર બનાવવામાં આવ્યો, તારમાંથી કડી બનાવી દેવાઈ એટલે કે તારરૂપી કારણમાંથી કડીરૂપ કાર્ય ઉત્પન્ન થયું.

પરંતુ, જો તાર સદાકાળ નિત્ય માનવામાં આવે, એક જ સ્વરૂપમાં રહેનાર માનવામાં આવે તો તેમાંથી કડી કઈ રીતે નિષ્પન્ન થઈ શકે ?

એટલે આત્મા આત્મસ્વરૂપે સુવર્ણની જેમ નિત્ય છે, પરંતુ કડી અને તાર જેવા વિવિધ પર્યાયો-પરિણામો ભવ અપેક્ષાએ ધારણ કરે છે. આમ, આત્મા સંયોગ અનુસાર વિવિધ પરિણામ ધારણ કરે છે, માટે તે એકાંતે નિત્ય નથી.

વળી સુગત એટલે કે બૌદ્ધદર્શનવાળા કહે છે કે, આત્મા ક્ષણિક છે. જો આત્માને કેવળ ક્ષણિક માનવામાં આવે તો, આત્માને બંધ-મોક્ષ, સુખ-દુઃખ આદિ સંભવી શકતા નથી. આ વિચારને બરાબર મનમાં બેસાડો.

વળી, લોકાયતિક વગેરે દર્શનવાળા કહે છે કે પૃથ્વી, અગ્નિ, વાયુ અને જળ. આ ચાર ભૂતથી વિભિન્ન આત્મા જેવું કાંઈ છે નહિ. આવું કહેનાર મત તો અંધ મનુષ્ય જેવો છે. અંધ મનુષ્ય જેમ બાજુમાં રહેલા ગાડાને જોઈ ન શકે, અને કહે કે આ જગતમાં ગાડું નથી, તો ગાડું નથી, એ વાતને કેવી રીતે માની શકાય ?

આવા વિવિધ મતોને લીધે સાધક ભ્રમમાં પડ્યો છે. ચિત્તસમાધિને માટે આત્મતત્ત્વનું દર્શન જરૂરી હોવાથી ફરી પ્રશ્ન પૂછે છે કે, હે પ્રભુ ! તમારા સિવાય આત્મતત્ત્વનું દર્શન કરાવવા કોઈ સમર્થ નથી. આપ જ સમાધિનું કારણ એવા આત્મદર્શનનું તત્ત્વ કહો. અહીં કવિ પરસ્પર વિરોધી વેદાંત, બૌદ્ધ અને લોકાયતિક દર્શનની વાત રજૂ કરી તેમના દોષો દર્શાવી દાર્શનિક રીતે 'અનેકાંત'ની સ્થાપના કરી ચૂક્યા છે. તેઓ ભિન્નાભિન્ન, નિત્યાનિત્ય એવી આત્મતત્ત્વની ઓળખાણ પ્રભુમુખે આપી શક્યા હોત, પરંતુ આનંદઘનજી કેવળ

દાર્શનિક વાદ-વિવાદથી સંતોષ પામે એવા સાધક નથી, તેઓ સાધકને સાધનાના ગર્ભમાં પ્રવેશ કરાવવા ઈચ્છે છે. દાર્શનિક ભૂમિકામાં અટવાતા સાધકને દર્શનથી ઉપર લઈ જઈ શુદ્ધ અધ્યાત્મના ક્ષેત્રમાં વિહાર કરાવતી અનુભવયોગીની વાણીનો મધુરસ્પર્શ જુઓ;

‘વલતું જગતગુરુ ઈણિ પરે ભાખે, પક્ષપાત સવિ છંડી
રાગદ્વેષ મોહ વરજિત, આતમ શું રઢ મંડી.’

મુનિ.

આતમધ્યાન કરે જો કોઉ, સો ફિરિ ઈણમાં નાવે,
વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્તચાવે.’

મુનિ.

સાધકના હૃદયની જીજ્ઞાસાના પ્રત્યુત્તરમાં પ્રભુ કહે છે; હે સાધક, આ કે તે મતનો પક્ષપાત છોડી દઈ, રાગદ્વેષ અને મોહથી વર્જિત એવા શુદ્ધ આત્મતત્ત્વની લગની લગાવ, રઢ માંડ. એનું જ એક પ્રણિધાન કર. આવા શુદ્ધ આત્માનું પ્રણિધાન કરનારા સાધક ફરી આ ચર્ચામાં આવતા નથી. તેઓ આત્મતત્ત્વની અનુપમ ચર્વણામાં ડૂબેલા હોવાથી, આ સર્વ દાર્શનિક વાતોને વાગ્જાળ–કેવળ ચર્ચારૂપ જ માને છે. આવો વિવેક કરી જેઓ આ કે તે પક્ષ ગ્રહણ ન કરતા આત્માના પક્ષને ગ્રહણ કરનારને જ તત્ત્વજ્ઞાની કહીએ. આવા મુનિસુવ્રત પ્રભુની કૃપાથી (તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરી) અંતે આત્માના શુદ્ધ આનંદઘન સ્વરૂપને પ્રાપ્ત કરી શકીએ.

૨૦મા સ્તવનમાં એક-એક દર્શનની પક્ષસાપેક્ષમર્યાદાઓ દર્શાવી છે, તો ૨૧મા સ્તવનમાં આ જ દર્શનો પરમાત્માના અંગરૂપ બની આત્મદર્શનમાં કઈ રીતે સહાયક બને છે, તેનું દર્શન કરાવ્યું છે.

કવિ આ સ્તવનના પ્રારંભમાં જ કહે છે; છ દર્શનને જિનેશ્વરદેવના અંગ જાણો. આ છ દર્શનની પ્રભુ અંગમાં સ્થાપના કરો. નમિનાથ ભગવાનના ઉપાસકો છ દર્શનની આરાધના કરનારા હોય છે.

સર્વપ્રથમ સાંખ્ય અને યોગદર્શનની વાત કરતા કવિ કહે છે; જિનેશ્વરદેવના ચરણકમળ સમા સાંખ્ય અને યોગ એ બે દર્શનને વખાણું છું. આ બન્ને દર્શનો આત્માની સત્તાનું વિવરણ કરી આત્માની સ્થાપના કરે છે, માટે તેઓ દેહમાં જેમ ચરણ (પગ) ગતિ કરવામાં આધારરૂપ હોય છે, એ રીતે આ ચરણો આત્માના સ્વીકાર કરવા દ્વારા સાધનાપ્રદેશમાં ગતિ કરાવે છે.

આત્માને પરમાત્માથી ભેદરૂપ એટલે નશ્વર માનતા સુગત (બૌદ્ધ) અને આત્માને અભેદરૂપ માનતા મીમાંસક જિનેશ્વરદેવના બે હાથો છે. બૌદ્ધદર્શનથી વૈરાગ્યનું પોષણ થાય છે, તો વેદાંતથી સિદ્ધસ્વરૂપ સાથેનું અનુસંધાન થાય છે. આ દર્શનની સમજણથી લોક અને અલોકનું સ્વરૂપ પણ સમજાય છે.

કવિ પાંચમા દર્શન તરીકે લોકાયતિકને જિનવરની કુક્ષિરૂપે સ્થાપે છે. લોકાયતિક શબ્દનો એક પ્રચલિત અર્થ નાસ્તિક છે. પરંતુ તેના અર્થ અંગે ઘણી મીમાંસા થઈ છે. ‘લોકાયત’ નામનું પુસ્તક પણ ‘લોકાયત’ શબ્દની અર્થવિચારણા માટે લખાયું છે. ‘લોકાયત’ શબ્દથી ગોશાલકનો નિયતિવાદથી માંડી લોકપ્રચલિત આચારો, ગણપતિ ઉપાસક મતો જેવા અર્થ સૂચવાયા છે. વળી, દેવગુરુ બૃહસ્પતિનો મત પણ ‘લોકાયત’ મત તરીકે સ્વીકૃત છે.

આનંદઘનજીને ‘લોકાયત’ શબ્દથી કયો અર્થ અભિપ્રેત હશે, એ નિશ્ચિત કરવું અઘરૂં છે. પરંતુ ‘લોકાયત’ શબ્દથી કેવળ નાસ્તિકથી વિશેષ ચોક્કસ કવિને અભિપ્રેત હોવું જોઈએ.

કવિ કહે છે કે, આ દર્શનની આ સ્થાપના, તે તે દર્શનમાં રહેલા અંશોને આધારે કરવી. અથવા, આ સર્વદર્શનોમાં જિનેશ્વરપ્રભુનું તત્ત્વ અંશતઃ રહેલું છે, એમ સમજીને સ્થાપના કરવી. આ તત્ત્વવિચાર અતિગૂઢ છે, અને અમૃતની ધારા સમાન છે, માટે યોગ્ય ગુરુગમથી જ આ વિચાર યથાર્થ રીતે સમજીને આ અમૃતધારા સમાન તત્ત્વવિચારને પી શકાય.

જૈનદર્શન એ જિનેશ્વરદેવનું ઉત્તમ અંગ છે, એટલે કે મસ્તક છે. તે બહિર્‌રંગ અને અંતરંગ એમ બે પ્રકારે છે. આ છ દર્શનના અક્ષરોનો એટલે કે તેના શાસ્ત્રવિચારોનો યોગ્ય રીતે સમન્વયપૂર્વક સ્થાપના (ન્યાસ)

## તમામ કાર્યોનું કારણ કેવળ એક કર્મ જ છે

એક સ્થળે બરાબર બંધ કરેલો એક કરંડિયો પડ્યો હતો. એમાં કંઈક ખાવાનું હશે એમ સમજીને એક ભૂખ્યા ઉંદરે, એ કરંડીયામાં દાખલ થવા માટે કાણું પાડવાનો ઉદ્યમ શરૂ કર્યો. પોતે એ કરંડીયામાં દાખલ થઈ શકે એટલા માટે એ ઉદરે કરંડીયાને કાતરવા માંડ્યો. કાતરી કાતરીને કરંડીયામાં એણે કાણું પાડ્યું.

‘એ કરંડીયામાં કોઈએ એક સર્પને પૂરી રાખ્યો હતો. ઘણાં દિવસનો ભૂખ્યો એ સર્પ, કરંડીયો કોરાતો હતો તે જાણી અંદર ટટ્ટાર થઈ ગયો. પેલો ઉંદર જેવો એ કરંડિયામાં દાખલ થયો કે તુરત જ પેલા સર્પના મોઢામાં જઈ પડ્યો. સર્પને ભક્ષ અને મુક્તિ એ બેઉ એક સાથે જ સાંપડી ગયા. ઉંદરનું ભક્ષણ કરીને, ઉંદરે જ કાતરી કાતરીને તૈયાર કરેલા કાણામાંથી એ સર્પ બહાર નીકળ્યો અને વનમાં ચાલ્યો ગયો.’

‘અહીં ઉદ્યમ તો ઉંદરે કર્યો. પરંતુ ઉદ્યમ કરનાર મર્યો અને અંદર પુરાયેલો સર્પ ત્યાંથી મુક્તિ મેળવીને છટક્યો. કહો ત્યારે, આમાં કર્મ એ જ બળવાન છે કે બીજું કંઈ ?’ આવી વાત કરીને આ દૃષ્ટાંત દ્વારા કર્મકારણવાદીઓ કહે છે કે ‘આ જગતમાં બનતા તમામ કાર્યોનું કારણ કેવળ એક કર્મ જ છે.

કરવા દ્વારા ઉત્તમ સાધક ગુરુ ભગવંતના માર્ગદર્શન અનુસાર સાધના કરે છે.

આ જિનેશ્વરદેવ અનેકાંતમય હોવાથી સર્વદર્શનો સમાય છે. અન્ય દર્શનોમાં જિનેશ્વરદેવ હોય અથવા ન પણ હોય. સાગરમાં બધી જ નદી સમાય છે, પરંતુ નદીમાં સાગર સમાતો નથી. આ જિનેશ્વરદેવની આરાધના કરવા માટે જિનસ્વરૂપ થઈને આરાધના કરવી જોઈએ. જે રીતે ઈયળ ભમરીનો ચટકો પામી ભમરી બની જાય છે, અને આવી ભમરીને લોકો જુએ છે, એ જ રીતે સાધક જિનેશ્વરમાં તન્મય બની સાધના કરે તો જિનસ્વરૂપ થાય.

હવે કવિએ પ્રથમ જિનેશ્વરદેવમાં વિવિધ દર્શનોની સ્થાપના રજૂ કરી હતી. હવે સમયપુરુષ અથવા આગમપુરુષમાં વિવિધ અંગોની સ્થાપના દર્શાવે છે. કેવળ સૂત્રને આધારે અર્થ કરનાર એકાંતમાં સરી જાય છે. અનેકાંતદૃષ્ટિવાળા ચૂર્ણી, ભાષ્ય, નિર્યુક્તિ, વૃત્તિ અને અનુભવ તેમ જ પરંપરાના આ અંગો છે. આ અંગોને જે છેદે છે, તે દુર્ભવ્ય છે.

આ આગમપુરુષ-સમયપુરુષના ધ્યાન માટે મુદ્રા[૧], બીજ[૨], ધારણા[૩], અક્ષર આદિનો ન્યાસ[૪], કરવાપૂર્વક તેમજ અર્થના વિનિયોગપૂર્વક આરાધના કરે તે માર્ગને યોગ્ય રીતે પામે છે, તે ક્રિયાઅવંચકપણું પામી છેતરાયા વગર મોક્ષમાર્ગને પામે છે.

આ સમગ્ર વાત માટે આનંદઘનજી જેવા મહાપુરુષ પણ કહે છે, 'હું શાસ્ત્રને આધારે વિચારીને બોલું છું. મને એવા સદ્ગુરુનો યોગ મળતો નથી. ક્રિયા કરવા છતાં પણ ઉપર વર્ણવી એવી અવંચક ધ્યાનની ક્રિયા સાધી શકાતી નથી, તેનો વિષાદ ચિત્તમાં વ્યાપ્ત થયેલ છે. એ માટે હે પ્રભુ! તમારી આગળ ઊભો રહ્યો છું. હે પ્રભુ! તમે મને તમારા આગમ (સમય) અનુસારના ચારિત્રરૂપ (ચરણસેવા) સેવા દેજો, કે જેમ કરીને આનંદઘનપદ પામીએ.'

આમ, આનંદઘનજીએ આ બે સ્તવનોમાં છયે દર્શનોની અનેકાંતની ભૂમિકાએ માંડણી કરી છે. પ્રથમ સ્તવનમાં વિવિધ દર્શનોની મર્યાદા દર્શાવી, દર્શનથી પર થઈ આત્મતત્ત્વની ઉપાસના પર ભાર મૂક્યો છે. બીજા સ્તવનમાં આ છ દર્શનોમાં રહેલા અમુક-અમુક તત્ત્વો આત્મદર્શનમાં કઈ રીતે સહાયક બની શકે, તે દર્શાવ્યું છે, એટલું જ નહિ એથી આગળ વધી સમયપુરુષ (આગમપુરુષ)ની ઉપાસનાને અનેકાંતમાર્ગમાં સ્થિરતા આપનારી દર્શાવી છે. વળી, આ કાળમાં આ સાધના દુર્લભ બની છે તેનો વિષાદ દર્શાવી અંતે પરમાત્માની ઉપાસના જ આ કાળમાં સહાયક છે, એવા ભાવ સાથે સમાપ્ત થાય છે. આ બન્ને સ્તવનોમાં આનંદઘનજીએ ભક્તિની સાથે અનેકાંતની ખૂબ સુંદર રીતે પ્રસ્થાપના કરી છે એટલું જ નહિ. અનેક માર્ગો જ્યાં અંત પામે એવા અધ્યાત્મતત્ત્વની સુંદર ભૂમિકા રચી આપે છે. ✷✷✷

એ/૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝ શાહ રોડ, સાંતાક્રુઝ (પ.), મુંબઈ-૪૦૦ ૦૫૪. ફોન : 98926 78278
abhaydoshi9@gmail.com

**નય અને અનેકાંતવાદની વિશેષતા સમજાવવા દીવાકરશ્રીનો પુરુષાર્થ**

*નય અને અનેકાંતવાદને સ્પષ્ટ સમજાવવા અને જૈન તત્ત્વજ્ઞાનની એ વિશેષતાને સર્વગમ્ય કરવા સૌથી પહેલાં બુદ્ધિ અને તર્કસિદ્ધ જો કોઈ પ્રયત્ન થયો હોય તો તે દીવાકરશ્રીનો જ પ્રયત્ન છે. દિગંબરાચાર્ય સામંતભદ્રની આપ્તમીમાંસા અને શ્વેતાંબરાચાર્ય હરિભદ્રની અનેકાંત જય પતાકા વગેરે કૃતિઓ એ પાછળના પ્રયત્નો છે.*

*વીર અને વિદ્વાન પુરુષની પ્રભા કાંઈ પોતાના જ કુલને આપીને અટકતી નથી. એ તો સહસ્ત્રકિરણ સૂર્યની પેઠે બધી દિશાઓને ઝગમગાવી મૂકે છે. એમના તેજોબળથી આકર્ષાયેલા બીજા વિદ્વાન આચાર્યોએ પણ એમનાં ગુણાગન કરવાનું વીસાર્યું નથી.*

(પં. સુખલાલજી અને પ. બેચરદાસ, સન્મતિ તર્ક અને તેનું મહત્ત્વ', 'જૈન' રૌપ્ય અંક)

**પરિશિષ્ટ :-**

૧. મુદ્રા–મંત્રશાસ્ત્ર અનુસાર અમુક ચોક્કસ શારીરિક મુદ્રાઓમાં ધ્યાન ધરવું.
૨. બીજ–પ્રત્યેક મંત્રના મંત્રશાસ્ત્રાનુસાર બીજમંત્રો હોય છે. અથવા દેવી-દેવતાઓના પણ બીજતંત્ર હોય છે.
૩. ધારણા–મંત્રશાસ્ત્રોમાં તે તે મંત્રોની ધ્યાન કરવાની ચોક્કસ પદ્ધતિ હોય છે, તેની પૂર્વતૈયારી રૂપે ધારણા કરવામાં આવે છે.
૪. ન્યાસ–અંગ પર અમુક અમુક મંત્રાક્ષરોની સ્થાપના કરવી, તે રીતે મંત્રમય બની મંત્રની આરાધના કરવી.

આ બન્ને ગાથાનો તાત્પર્યાર્થ એવો લાગે છે કે, જે રીતે અમુક મંત્રના ધ્યાનની આ પદ્ધતિઓ ઉપલબ્ધ છે, પરંતુ સમગ્ર આગમશાસ્ત્રોના ધ્યાન માટેની વિશિષ્ટ પદ્ધતિ માટેનો ગુરુગમ ઉપલબ્ધ નથી. વધુ રહસ્યાર્થ તો જ્ઞાની પુરુષો જ દર્શાવી શકે.

**સંદર્ભ સૂચિ :-**

(૧) ભક્તિરસઝરણા–ખંડ-૧, સં. અભયસાગરજી મ.સા.
પ્રકાશક : પ્રાચીન શ્રુત રક્ષક સમિતિ, કપડવંજ (જિ. ખેડા)
(૨) આનંદઘન એક અધ્યયન–લે. ડૉ. કુમારપાળ દેસાઈ
પ્રકાશક : આદર્શ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
(૩) લોકાયત
(૪) આનંદઘન ચોવીસી–મુનિશ્રી કુંદકુંદવિજયજી મ.સા. (પછીથી આચાર્ય કુંદકુંદસૂરીશ્વરજી મ.સા.)
ભક્તિ પ્રકાશન મંદિર, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# સામાજિક સૌહાર્દ, સમરસતા ઔર અનેકાન્ત દૃષ્ટિ

❑ ડૉ. વીરસાગર જૈન

*[ શ્રી લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ ખાતે જૈન દર્શન વિભાગના અધ્યક્ષ છે. એ ઉપરાંત આ જ યુનિવર્સિટી ખાતે તેઓ 'ડીન' તરીકેની ભૂમિકા ભજવે છે. જૈન તત્ત્વજ્ઞાનના વિદ્વાન અને સંશોધનકર્તા ડૉ. વીરસાગરજી પાસેથી ૨૦ થી ૨૫ પુસ્તકો પ્રાપ્ત થયા છે. અહીં તેઓએ અનેકાન્ત દૃષ્ટિ સમજાવતો લેખ લખ્યો છે. ]*

જૈનદર્શન એક અત્યન્ત વ્યાવહારિક દર્શન હૈ. ઉસકે સિદ્ધાન્ત ન કેવલ પારમાર્થિક દૃષ્ટિ સે, અપિતુ લૌકિક યા વ્યાવહારિક દૃષ્ટિ સે ભી અત્યન્ત ઉપાદેય સિદ્ધ હોતે હૈં. યહી કારણ હૈ કિ આચાર્ય વિદ્યાનન્દ જૈસે અધ્યયનશીલ વિદ્વાન મુનિ ને ભી જૈનદર્શન કે સભી પ્રમુખ સિદ્ધાન્તોં કી સામાજિક/વ્યાવહારિક વ્યાખ્યા નિમ્ન પ્રકાર સે પ્રસિદ્ધ કી હૈ–

૧. આત્માનુશાસન – સ્વયં પર સ્વયં કા શાસન.

૨. અનેકાન્તવાદ – સબકે સાથ સમન્વય કી કલા.

૩. અહિંસાવાદ – કિસી કા મન વ્યર્થ મે મત દુખાઓ.

૪. અપરિગ્રહવાદ – અતિ લોભ ખતરે કી ઘણ્ટી હૈ.

૫. સ્યાદ્વાદ – પહલે તૌલો, ફિર બોલો.[૧]

જૈનદર્શન કે પ્રમુખ સિદ્ધાન્તોં કી ઉક્ત વ્યાખ્યા કો ઉન્હોંને 'વિશ્વ કલ્યાણ મેં ઉપયોગી શ્રેષ્ઠ જીવન–નિર્માણ કે પાંચ સૂત્ર' શીર્ષક દેકર સર્વત્ર પ્રચારિત કિયા હૈ. ઇસસે સિદ્ધ હોતા હૈ કિ જૈનદર્શન એક અત્યન્ત વ્યાવહારિક દર્શન હૈ ઔર ઉસકે સિદ્ધાન્ત આત્મકલ્યાણાર્થ હી નહીં, વિશ્વકલ્યાણાર્થ ભી અત્યન્ત ઉપયોગી હૈ.

આચાર્ય વિદ્યાનન્દ મુનિ કી ભાંતિ અન્ય ભી અનેક મનીષી ચિન્તકોં ને જૈનદર્શન ઔર ઉસકે સિદ્ધાન્તોં કી વ્યાવહારિકતા એવં લોકહિત મેં ઉપાદેયતા પર બડા હી સુન્દર પ્રકાશ ડાલા હૈ, પરન્તુ વિસ્તાર-ભય સે યહાં હમ ઉસકી વિશેષ ચર્ચા નહીં કર સકતે હૈં. માત્ર **સત્યદેવ વિદ્યાલંકાર** કા એક કથન ઉદ્ધૃત કર અપની બાત કો આગે બઢાતે હૈં. ઉનકા વહ કથન ઇસ પ્રકાર હૈ–

'જૈન ધર્મ કા સામ્યભાવ યા સમાજવાદ કેવલ માનવ સમાજ તક સીમિત નહીં હૈ. પ્રાણિમાત્ર ઉસકી પરિધિ મેં સમા જાતે હૈં. વહ વિપક્ષી કે લિએ ભી અપને હી સમાન ગુંજાઇશ રખતા હૈ. યદિ દૂસરે કે લિએ ગુંજાઈશ રખકર જીવન વ્યવહાર કિયા જાયે તો સંઘર્ષ કી સંભાવના નહીં રહતી... વ્યાવહારિક રૂપ મેં જૈનધર્મ કી ક્ષમતા અસીમ હૈ.'[૨]

આજ હમારા વિષય જૈનદર્શન કે એક અત્યન્ત પ્રમુખ સિદ્ધાન્ત અનેકાન્તવાદ કી સામાજિક સૌહાદ મેં ઉપયોગિતા પર ચિન્તન કરના હૈ. કહને કી આવશ્યકતા નહીં હૈ કિ ઇસકે લિએ સર્વપ્રથમ હમેં અનેકાન્તવાદ કા સમીચીન સ્વરૂપ સમઝના હોગા, તભી હમ ઉસકી સામાજિક સૌહાર્દ મેં ભૂમિકા કા નિર્ણય એવં વિચાર કર પાયેંગે.

**ક્યા હૈ અનેકાન્તવાદ કા સ્વરુપ–**

જૈનદર્શન કે અનુસાર ઇસ વિશ્વ કી સભી વસ્તુએં અનેકાન્તાત્મક હૈ, અનેકાન્તસ્વરુપ હૈં અર્થાત્ ઉનકા સ્વરુપ હી અનેકાન્ત હૈ. અનેકાન્ત કા અર્થ હૈ કિ ઉસમેં અનેક 'અન્ત' રહતે હૈં. 'અન્ત' કા અર્થ યહાં ધર્મ, ગુણ, વિશેષતા આદિ સમઝના ચાહિએ તથા 'અનેક' કા ભી અર્થ વૈસે તો અનેક (એકાધિક, બહુત, સંખ્યાત, અસંખ્યાત ઔર અનન્ત તક ભી) સમઝે જા સકતે હૈં; કિન્તુ યહાઁ રૂઢિવશાદ્ 'દો' હી ઔર વહ ભી પરસ્પર વિરુદ્ધ પ્રતીત હોને વાલે 'દો' હી ગ્રહણ કિએ જાયેં તો અધિક અચ્છા રહેગા, ઉસી સે અનેકાન્તવાદ કા સૌન્દર્ય અથવા વૈશિષ્ટ્ય ઉભરકર સામને આ સકેગા – એૈસા જૈનાચાર્યોં કા સ્પષ્ટ નિર્દેશ હૈ.

કહને કા તાત્પર્ય યહ હુઆ કિ વિશ્વ કી પ્રત્યેક વસ્તુ પરસ્પર વિરુદ્ધ પ્રતીત હોને વાલે દો-દો ધર્મોં કે અનન્ત યુગલોં કા નિવાસ-સ્થાન હૈં ઔર ઇસ લિએ વહ અનેકાન્તાત્મક યા અનેકાન્ત-સ્વરુપ હૈ. તથા ઇસ પ્રકાર વિશ્વ કી પ્રત્યેક વસ્તુ કો અનેકાન્ત-સ્વરુપ માનના અનેકાન્તવાદ હૈ ઔર ઉસે કહને યા સમઝને કે લિએ જિસ સમીચીન પદ્ધતિ કા આશ્રય લિયા જાતા હૈ, વહ સ્યાદ્વાદ હૈ.

અનેકાન્તવાદ કે સાથ સ્યાદ્વાદ કો ભી સમઝના પરમ આવશ્યક હૈ. દોનોં પરસ્પર અત્યન્ત સમ્બદ્ધ હૈં. અનેકાન્ત પ્રત્યેક વસ્તુ કો પરસ્પર વિરુદ્ધ અનન્ત ધર્મયુગલોં કા નિવાસ-સ્થાન ઘોષિત કરતા હૈ, કિન્તુ એૈસે જટિલ સ્વરુપ વાલી વસ્તુ કો સ્યાદ્વાદ કે બિના કહના યા સમઝાના સમ્ભવ નહીં હૈ, અતઃ સ્યાદ્વાદ અનેકાન્તાત્મક વસ્તુ કો સમીચીનતયા કહને યા સમઝને કી ઉત્તમ વિધિ હૈ, જો પ્રાયઃ ઇસ પ્રકાર કથન કરતી હૈ કિ – પ્રત્યેક વસ્તુ સ્યાત્ (કથંચિત્ / કિસી એક અપેક્ષા સે / અમુક અપેક્ષા સે) નિત્ય હૈ ઔર વહી વસ્તુ સ્યાત્ (કથંચિત્ / કિસી એક અપેક્ષા સે / અમુક અપેક્ષા સે) અનિત્ય ભી હૈ. અથવા – પ્રત્યેક વસ્તુ સ્યાત્ અસ્તિ હૈ, સ્યાત્ નાસ્તિ ભી હૈ. અથવા સ્યાત્ એક હૈ, સ્યાત્ અનેક ભી હૈ, ઇત્યાદિ.[૩]

અનેકાન્ત-સ્યાદ્વાદ યા યહ સિદ્ધાન્ત વસ્તુ-સ્વરુપ કો સમીચીનતયા સમઝને–સમઝાને મેં અત્યન્ત સમર્થ હોને સે દર્શન કે ક્ષેત્ર મેં તો બડા ઉપયોગી / મહત્ત્વપૂર્ણ માના હી જાતા હૈ; કિન્તુ વ્યક્તિ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર ઔર યહાં તક કિ સમ્પૂર્ણ વિશ્વ મેં સુખ-શાન્તિ સ્થાપિત કરને કી દૃષ્ટિ સે ભી બડા હી મહત્ત્વપૂર્ણ ઔર ઉપાદેય સમઝા જાતા હૈ. ઇસ સમ્બન્ધ મેં જૈનાચાર્યો ને તો અપના દૃષ્ટિકોણ પ્રબલતાપૂર્વક હી હૈ, કિન્તુ દુનિયા ભર કે સમાજશાસ્ત્રિયોં ઔર રાજનીતિજ્ઞોં ને ભી ઇસ સંબંધ મેં અપને વિચાર મુક્ત-કંઠ સે રખે હૈં, જિનસે સિદ્ધ હોતા હૈ કિ સંપૂર્ણ વિશ્વ મેં વ્યાપ્ત ધર્માંધતા, સામ્પ્રદાયિકતા, અસહિષ્ણુતા, આતંકવાદ આદિ સભી સમસ્યાઓં કો સમાપ્ત કર સામાજિક સૌહાર્દ ઔર સમરસતા કા વાતાવરણ બનાને મેં અનેકાન્તદૃષ્ટિ અત્યન્ત સમર્થ હૈ. યહાં તક ભી કહા જા સકતા હૈ કિ એકમાત્ર અનેકાન્તદૃષ્ટિ હી ઇસકા સમીચીન ઉપાય હૈ, અમોઘ ઉપાય હૈ. પ્રમાણસ્વરૂપ હમ યહાં કતિપય જૈનાચાર્યોં ઔર વિશ્વ-પ્રસિદ્ધ દાર્શનિક, સામાજિક એવં રાજનીતિક ચિન્તકોં કે કથન / વિચાર ઉદ્‌ધૃત કર રહે હૈં. આશા હૈ, ઇનસે અનેકાન્તદૃષ્ટિ કી વ્યાવહારિક જીવન મેં ઉપયોગિતા ભલીભાંતિ સ્પષ્ટ હો સકેગી-

**તીન લોક કા અદ્વિતીય ગુરુ હૈ અનેકાન્તવાદ,**
**ઉસકે બિના લોકવ્યવહાર ભી નહીં ચલ સકતા-**

'તસ્યાનેકાન્તવાદસ્ય લિંગં સ્યાચ્છબ્દ ઉચ્યતે।
તદુક્તાર્થે બિના ભાવે લોકયાત્રા ન પ્રવર્તતે।।'[૪]

અર્થ-ઉસ અનેકાન્તવાદ કા ચિહ્‌ન 'સ્યાત્' શબ્દ હૈ. ઉસે કહે બિના લોક-યાત્રા ભી નહીં ચલ સકતી હૈ.

'જેણ વિણા લોગસ્સ વિ વવહારો સવ્વહા ણં ણિવ્વહઇ।
તસ્સ ભુવણેક્કગુરુણો ણમો અણેગંતવાયસ્સ।।'[૫]

અર્થ-જિસકે બિના લોકવ્યવહાર ભી બિલકુલ નહીં ચલ સકતા, ઉસ તીન લોક કે અદ્વિતીય ગુરુ અનેકાન્તવાદ કો મૈં નમસ્કાર કરતા હૂઁ.

**સર્વ વિવાદોં કા વિનાશક (સમાધાન) હૈ અનેકાન્તવાદ-**

'પરમારમસ્યજીવં નિષિદ્ધજાત્યન્ધસિન્ધુરવિધાનમ્।
સકલનયવિલસિતાનાં વિરોધમથનં નમામ્યનેકાન્તમ્।।[૬]

અર્થ-જો સંપૂર્ણ પરમાગમ કા પ્રાણ હૈ ઔર જિસમેં સભી નય ઇસ પ્રકાર વિલાસ કરતે હૈં કિ જન્માન્ધ વ્યક્તિયોં કે હસ્તિ-દર્શન સંબંધી વિવાદ કી ભાંતિ સર્વ વિવાદ સહજ હી સમાપ્ત હો જાતે હૈં, ઉસ અનેકાન્તવાદ કો મૈં નમસ્કાર કરતા હૂં.

**વિભિન્ન દૃષ્ટિકોણોં કે સમન્વય કી અદ્‌ભુત કલા સિખાકર**
**શાન્તિ સ્થાપિત કરતા હૈ અનેકાન્તવાદ-**

'સ્યાદ્‌વાદ વિભિન્ન દૃષ્ટિકોણોં કા સમન્વય હમારે સામને ઉપસ્થિત કરતા હૈ. વહ અપને-અપને દૃષ્ટિકોણ કે અનુસાર વસ્તુ કે સ્વરૂપ કો માનકર પરસ્પર મેં વિવાદ કરને વાલે લોગોં મેં સમઝૌતા કરાને મેં સમર્થ હૈ. આજ સંસાર મેં સર્વત્ર ત્રાહિ-ત્રાહિ કી પુકાર સુનાઈ પડતી હૈ. અશાંતિ સે ત્રસ્ત માનવ શાંતિ કી અભિલાષા કરતે હૈં, લેકિન ઉનકો પૂર્ણ શાંતિ નહીં મિલતી. શાંતિ કા યથાર્થ ઉપાય હૈ–વિભિન્ન દૃષ્ટિકોણોં કા સમન્વય યા એકીકરણ. કિસી ભી વસ્તુ કો યદિ પૂર્ણ રુપ સે સમઝના હૈ તો ઇસકે લિએ વિભિન્ન દૃષ્ટિકોણોં સે ઉસકા નિરીક્ષણ કરના આવશ્યક હૈ ક્યોંકિ ઐસા કિએ બિના; વસ્તુ કા પૂર્ણ રૂપ સમઝ મેં નહીં આ સકતા. કિસી ભી બાત પર વિભિન્ન દૃષ્ટિકોણોં સે વિચાર કરને કા નામ હી સ્યાદ્વાદ હૈ ઔર એક દૃષ્ટિકોણ સે કિસી વિષય પર વિચાર કરના એકાન્તવાદ હૈ. એકાન્તવાદી અપને દૃષ્ટિકોણ સે સ્થિર કિએ હુએ સત્ય કો પૂર્ણ સત્ય માનકર અન્ય લોગોં કે દૃષ્ટિકોણ કો મિથ્યા બતલાતે હૈં. મતભેદોં તથા સંઘર્ષોં કા કારણ યહી એકાન્ત દૃષ્ટિ હૈ. જૈનદર્શન કા સ્યાદ્વાદ સિદ્ધાન્ત ભિન્ન-ભિન્ન મતભેદોં કો દૂર કરને મેં સર્વથા સમર્થ હૈ.'[૭]

**–પ્રો. ઉદયચન્દ જૈન, વારાણસી**

**વિરોધી સે પ્યાર કરને કી અદ્‌ભુત કલા સિખાતા હૈ અનેકાન્તવાદ-**

'જિસ પ્રકાર મેં સ્યાદવાદ કો જાનતા હૂં ઉસી પ્રકાર ઉસકો માનતા ભી હૂઁ. મુઝે યહ અનેકાન્ત બડા પ્રિય હૈ....પહલે મેં માનતા થા કિ મેરે વિરોધી અજ્ઞાન મેં હૈં. આજ મૈં. વિરોધિઓં સે પ્યાર કરતા હૂઁ. ક્યોંકિ અબ મૈ વિરોધિયોં કી દૃષ્ટિ સે અપને કો દેખ સકતા હૂઁ. મેરા અનેકાન્તવાદ સત્ય ઔર અહિંસા ઇન્હીં યુગલ સિદ્ધાન્તોં કા પરિણામ હૈ.'[૮]

**-મહાત્મા ગાંધી**

**સામ્પ્રદાયિકતા, ધર્માન્ધતા, અસહિષ્ણુતા આદિ**
**અનેક સમસ્યાઓં કા સમાધાન હૈ અનેકાન્તવાદ–**

'જૈનાચાર્યોં કી યહ વૃત્તિ અભિનન્દનીય હૈ કિ ઉન્હોંને ઈશ્વરીય આલોક કે નામ પર અપને ઉપદેશોં મેં હી સત્ય કા એકાધિકાર નહીં બતાયા. ઇસકે ફલસ્વરૂપ ઉન્હોંને સામ્પ્રદાયિકતા ઔર ધર્માન્ધતા કે દુર્ગુણોં કો દૂર કર દિયા, જિસકે કારણ માનવ-ઇતિહાસ ભયંકર દ્વન્દ્વ ઔર રક્તપાત કે દ્વારા કલંકિત હુઆ. અનેકાન્તવાદ અથવા સ્યાદ્વાદ વિશ્વ કે દર્શનોં મેં અદ્વિતીય હૈં..... સ્યાદ્વાદ સહિષ્ણુતા ઔર ક્ષમા કા પ્રતીક હૈ; કારણ વહ યહ માનતા હૈ કિ દૂસરે વ્યક્તિ કો ભી કુછ કહના હૈ. સમ્યગ્દર્શન ઔર સ્યાદ્વાદ કે સિદ્ધાંત ઔદ્યોગિક પદ્ધતિ દ્વારા પ્રસ્તુતિ કી ગઈ જટિલ સમસ્યાઓં કો સુલઝાને મેં અત્યધિક કાર્યકારી હોંગે.'[૯]

-ડૉ. એસ. વી. નિયોગી, ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ
તથા કુલપતિ, નાગપુર વિશ્વવિદ્યાલય

**લોકદૃષ્ટિ સે ભી બડા ઉપયોગી હે અનેકાન્તવાદ-**

'જૈનોં કે 'અનેકાન્ત કો કુછ આસ્તિક દર્શનોં મેં છલ કી સંજ્ઞા દી ગઈ હૈ; કિન્તુ યહ ઠીક નહી હૈ.... અનેકાન્તવાદ સંશય કા હેતુ ભી નહીં હૈ, ક્યોંકિ સપ્તભંગી નય મેં સમઝાયા ગયા હૈ કિ પ્રત્યેક પદાર્થ મેં સ્વ-સ્વરુપ ઔર પર-સ્વરુપ કે વિશેષોં કી ઉપલબ્ધિ હોતી હૈ. ઇસ દૃષ્ટિ સે અનેકાન્તવાદ મેં સંશય કી કોઈ ગુંજાઇશ નહીં હૈ. ઇસકે અતિરિક્ત વહ તો લોકદૃષ્ટિ સે જિતના ઉપયોગી હૈ વિચાર કી દૃષ્ટિ સે ભી ઉતના હી ઉપયોગી હૈ.'[૧૦]

**-ડૉ. વાચસ્પતિ ગૈરોલા**

**નૈતિક ઉત્કર્ષ ઔર વ્યાવહારિક શુદ્ધિ કે લિએ ભી અત્યન્ત આવશ્યક હે અનેકાન્તવાદ–**

'પાણિનિ સૂત્ર 'અસ્તિ નાસ્તિ દિષ્ટં મતિઃ' (પા. ૪/૪/૩૦) કે અનુસાર જૈનદર્શન આસ્તિક દર્શન મેં હી પરિગણિત હોતા હૈ. જૈનદર્શન કા અનેકાન્ત તો ઉસકા આધાર-સ્તમ્ભ હૈ હી, પરંતુ પરમાર્થતઃ પ્રત્યેક દાર્શનિક વિચારધારા કે લિએ ભી ઇસકો આવશ્યક માનના ચાહિએ ક્યોંકિ સ્વભાવતઃ પ્રત્યેક તત્ત્વ મેં અનેકરુપતા હોની હી ચાહિએ. નૈતિક ઉત્કર્ષ કે સાથ વ્યાવહારિક શુદ્ધિ કે લિએ ભી અનેકાન્ત દર્શન જૈનદર્શન કી મહાન દેન હૈ.'[૧૧]

**ડૉ. મંગલ દેવ શાસ્ત્રી**

**સ્યાદ્વાદ સે સર્વ સત્ય વિચારોં કા દ્વાર ખુલ જાતા હૈ-**

'જૈનદર્શન કે સિદ્ધાન્ત પ્રાચીન તત્ત્વજ્ઞાન તથા ધાર્મિક પદ્ધતિ કે અભ્યાસિયોં કે લિએ બહુત મહત્ત્વપૂર્ણ હૈ. ઇસકે સ્યાદ્વાદ નામક સિદ્ધાન્ત સે સર્વ સત્ય વિચારોં કા દ્વાર ખુલ જાતા હૈ.'[૧૨]

**-જર્મન વિદ્વાન હર્મન જૈકોબી**

**અનેકાન્તવાદ કો જિતના શીઘ્ર અપનાયા જાએગા ઉતની હી શીઘ્ર વિશ્વ મેં શાન્તિ સ્થાપિત હોગી-**

'ઇસમેં કોઈ સન્દેહ નહી કિ અનેકાન્ત કા અનુસંધાન ભારત કી અહિંસા-સાધના કા ચરમ ઉત્કર્ષ હૈ ઔર સારા સંસાર ઇસે જિતની હી શીઘ્ર અપનાએગા, વિશ્વ મેં શાન્તિ ભી ઉતની હી શીઘ્ર સ્થાપિત હોગી.'[૧૩]

**-રામધારી સિંહ દિનકર**

**અનેકાન્ત દૃષ્ટિ હી પૂર્ણ એવં યથાર્થ દૃષ્ટિ હૈ–**

'સબ ધર્મોં મેં એક પરમતત્ત્વ કા હી ગુણગાન હૈ, ઔર સબ દર્શનોં ને ભિન્ન-ભિન્ન શૈલી સે ઉસ પરમતત્ત્વ કા વિવેચન કિયા હૈ, પરન્તુ સ્યાદ્વાદ શૈલી સંપૂર્ણ એવં યથાર્થ હૈ.'[૧૪]

**-શ્રીમદ્ રાજચન્દ્ર**

'ઇસી પ્રકાર કે વિચાર મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટીન ને ભી પ્રકટ કિએ હૈં-હમ કેવલ સાપેક્ષ સત્ય કો હી જાન સકતે હૈં. વસ્તુ કે સમગ્ર સત્યાંશો કો વિશ્વદૃષ્ટા હી જાન સકતા હૈ. કારણ કિ વસ્તુ મેં અનેક ગુણ રહતે હૈં ઔર યે સ્યાદ્વાદ સે હી અલ્પજ્ઞાની દ્વારા જાને જા સકતે હૈં।'[૧૫]

**ભૌતિક એકતા ઔર વિશ્વ શાંતિ કે લિએ અત્યધિક ઉપયોગી હે અનેકાન્તવાદ-**

'અનેકાન્ત જૈનદર્શન કા એક મહત્ત્વપૂર્ણ સિદ્ધાન્ત હૈ જિસકો પશ્ચિમી વૈજ્ઞાનિકોં તથા હિન્દુ તર્કશાસ્ત્રિયોં દ્વારા સામાન્યરૂપ સે હી નહીં સ્વીકૃત કિયા ગયા હૈ કિન્તુ ઉસકો ભૌતિક એકતા યા સમઝૌતે દ્વારા વિશ્વશાન્તિ કે લિએ ભી પ્રમુખ સિદ્ધાંત માના ગયા હૈ.'[૧૬]

**વિચાર-સહિષ્ણુતા ઔર સહ-અસ્તિત્વ કી ભાવના જાગૃત કરતા હૈ અનેકાન્તવાદ-**

'અનેકાન્તદૃષ્ટિ સે વિચારસહિષ્ણુતા ઔર પરમસન્માન કી વૃત્તિ જગ જાને પર મન દૂસરે કે સ્વાર્થ કો અપના સ્વાર્થ માનને કી ઔર પ્રવૃત્ત હોકર સમઝૌતે કી ઔર સદા ઝુકને લગતા હૈ. જબ ઉસકે સ્વાધિકાર કે સાથ હી સાથ સ્વકર્તવ્ય કા ભી ભાવ ઉદિત હોતા હૈ, તબ વહ દૂસરે કે આન્તરિક મામલોં મેં જબરદસ્તી ટાઁગ નહીં અડાતા... પં. જવાહરલાલ નેહરૂ ને વિશ્વશાન્તિ કે લિએ જિન પંચશીલ સિદ્ધાન્તોં કા ઉદ્‌ઘોષ કિયા હૈ ઉનકી બુનયાદ અનેકાન્તદૃષ્ટિ–સમઝૌતે કિ વૃત્તિ, સહ-અસ્તિત્વ કી ભાવના, સમન્વય કે પ્રતિ નિષ્ઠા ઔર વર્ણ–જાતિ-રંગ આદિ કે ભેદોં સે ઉપર ઉઠકર માનવ માત્ર કે સમઅભ્યુદય કી કામના પર હી તો રખી ગઈ હૈ.'[૧૭]

**-ડૉ. મહેન્દ્ર કુમાર ન્યાયાચાર્ય**

**એકાન્તવાદી માનસિક રૂપ સે વિકલાંગ હોતા હૈ-**

'વિકલાંગ દો પ્રકાર કે હોતે હૈં-શારીરિક ઔર માનસિક. જો એકાન્તવાદી હોતે હૈં વે માનસિક વિકલાંગ હોતે હૈં. અનેકાન્તવાદી હી પૂર્ણ યા સર્વાંગ હો સકતા હૈ ઔર વહી દૂસરોં કી ભી વિકલાંગતા મિટા શકતા હૈ.'[૧૮]

**–પ્રો. વાચસ્પતિ ઉપાધ્યાય**

**વચન-શુદ્ધિ કા એકમાત્ર ઉપાય હૈ અનેકાન્ત સ્યાદ્વાદ–**

'જૈનદર્શન કા સ્યાદ્વાદ સિદ્ધાન્ત વસ્તુતઃ બોલને કી કલા કા હી ચરમ વિકાસ હૈ. સ્યાદ્વાદ કે અવલમ્બન બિના કભી કોઈ અચ્છા બોલ હી નહીં સકતા, ક્યોંકિ ઉસકે બિના સચ્ચા બોલા નહીં જા સકતા. જો સચ્ચા ન હો વહ કૈસા ભી હો, અચ્છા નહીં હો સકતા, અતઃ અચ્છા વ સચ્ચા બોલને કે લિએ સ્યાદ્વાદ કા અવલમ્બન અનિવાર્ય હૈ. વસ્તુતઃ અનન્તધર્માત્મક જટિલ વસ્તુ કો સ્યાદ્વાદ કે બિના બોલને કી કોભી કોશિશ ઠીક સે હો હી નહીં સકતી.'[૧૯]

**પ્રાકૃતવિદ્યા**

**આતંકવાદ કહતા હૈ-મરો ઔર મારો, અનેકાન્તવાદ કહતા હૈ-જીઓ ઔર જીને દો-**

એકાન્તદૃષ્ટિ આતંકવાદ હૈ. ઉસમેં પર-સહિષ્ણુતા નહીં હોતી. ઉસકા સિદ્ધાન્ત હી હોતા હૈ-'મરો ઔર મારો'. કિન્તુ અનેકાન્તદૃષ્ટિ કા સિદ્ધાન્ત હૈ-'જીઓ ઔર જીને દો'. વહ સભી કો અપને સાથ-સાથ પર કા ભી ધ્યાન રખના સિખાતી હૈ. મતભેદ હોતે હુએ ભી મનભેદ ન રખને કી અદ્‌ભુત કલા કા વિકાસ અનેકાન્તદૃષ્ટિ સે હી હોતા હૈ. અતઃ એકાન્તદૃષ્ટિ આગ્રહપૂર્ણ હોને સે વિવિધ વિવાદોં કો જન્મ દેકર સર્વત્ર અશાન્તિ કા વાતાવરણ ઉત્પન્ન કરતી હૈ ઔર અનેકાન્તદૃષ્ટિ સર્વવિવાદોં કો સમુચિતરૂપ સે સુલઝાકર સર્વત્ર શાન્તિ કી સ્થાપના કરતી હૈ. અન્ત મેં મૈં અપની બાત શ્રદ્ધેય પ. ચૈનસુખદાસજી ન્યાયતીર્થ કે હી એક મહત્ત્વપૂર્ણ કથન કે સાથ પૂર્ણ કરતા હૂં:

'દુનિયા મેં બહુત સે વાદ હૈં, સ્યાદ્વાદ ભી ઉનમેં સે એક હૈ, પર વહ અપની અદ્‌ભુત વિશેષતા લિએ હુએ હૈં. દૂસરે વાદ વિવાદોં કો ઉત્પન્ન કર સંઘર્ષ કી વૃદ્ધિ કે કારણ બન જાતે હૈં તબ સ્યાદ્વાદ જગત કે સારે વિવાદોં કો મિટા કર સંઘર્ષ કો વિનષ્ટ કરને મેં હી અપના ગૌરવ પ્રકટ કરતા હૈ. સ્યાદ્વાદ કે અતિરિક્ત સબ વાદોં મેં આગ્રહ હૈ ઇસલિએ ઉનમેં સે વિગ્રહ ફૂટ પડતે હૈં, કિન્તુ સ્યાદ્વાદ તો નિરાગ્રહ વાદ હૈ, ઉસમેં કહીં ભી આગ્રહ કા નામ નહીં હૈં. યહીં કારણ હૈ કિ ઇસમેં કિસી ભી પ્રકાર કે વિગ્રહ કા અવકાશ નહીં હૈ.'[૨૦] ✷ ✷ ✷

શ્રી લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ,
નઈ દિલ્લી-૧૧૦ ૦૧૬.
દૂરભાષ : ૦૧૧-૨૬૧૭૭૨૦૭, ૯૮૬૮૮૮૬૦૭.

**સંદર્ભ સૂચિ :**

૧. કુન્દકુન્દ ભારતી શોધ સંસ્થાન નઈ દિલ્લી કે પ્રવેશદ્વાર પર પ્રચારિત-પ્રસારિત.
૨. બાબુ છોટે લાલ જૈન અભિનન્દન ગ્રન્થ (કલકત્તા) મેં પ્રકાશિત ઉનકે લેખ સે.
૩. 'યેદવ તત્ તદેવ અતત્ યદેવૈકં તદેવાનેક, યદેવ સત્ તદેવાસત્, યદેવ નિત્યં તદેવાનિત્યમિત્યે કવસ્તુત્વનિષ્પાદકપરસ્પર વિરુદ્ધશક્તિદ્વયપ્રકાશનનમનેકાન્ત.' આચાર્ય અમૃચન્દ, સમયસાર-ટીકા, પરિશિષ્ટ.
૪. આચાર્ય જટાસિહનન્દિ, વરાંગચરિત્ર, ૨૬/૮૩
૫. આચાર્ય સિદ્ધસેન સન્મતિસૂત્ર-૩/૬૯
૬. આચાર્ય અમૃતચન્દ, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય, શ્લોક-૨.
૭. અનેકાન્ત ઔર સ્યાદ્વાદ (ગણેશ વર્ણી સંસ્થાન, વારાણસી), પૃષ્ઠ ૧૯
૮.જૈન ધર્મ, અહિંસા ઔર મહાત્મા ગાંધી (કુંદકુંદ ભારતી, નઈ દિલ્હી)
૯. પ્રાકૃતવિદ્યા, અપ્રૈલ-દિસમ્બર-૨૦૦૮, પૃષ્ઠ-૧૫૫
૧૦. ભારતીય દર્શન, પૃષ્ઠ-૧૧૪
૧૧. જૈન દર્શન (મહેન્દ્ર કુમાર ન્યાયાચાર્ય), પ્રાક્કથન, પૃષ્ઠ ૧૪
૧૨. સ્યાદ્વાદ (પં. જવાહરલાલ શાસ્ત્રી), પૃષ્ઠ ૨૪૯
૧૩. સંસ્કૃતિ કે ચાર અધ્યાય, પૃષ્ઠ ૧૩૭
૧૪. શ્રીમદ્ રાજચન્દ્ર, ભાગ-૧, પૃષ્ઠ : ૨૪૫
૧૫. સ્યાદ્વાદ (પં. જવાહરલાલ શાસ્ત્રી), પૃષ્ઠ-૨૪૯
૧૬. આચાર્ય શિવસાગર સ્મૃતિ ગ્રન્થ, પૃષ્ઠ ૫૪૬
૧૭. જૈન દર્શન (ગણેશ વર્ણી સંસ્થાન, વારાણસી) પૃષ્ઠ ૪૭૪
૧૮. જૈન સમાજ ગ્રીન પાર્ક નઈ દિલ્લી દ્વારા આયોજિત વિકલાંગ સહાયતા શિબિર મેં.
૧૯. પ્રાકૃતવિદ્યા (અપ્રૈલ-દિસમ્બર-૨૦૦૮) કવર પૃષ્ઠ-૨
૨૦.પ્રાકૃતવિદ્યા (અપ્રૈલ-દિસમ્બર-૨૦૦૮) પૃષ્ઠ-૧૧૧

# અનેકાન્ત, સ્યાદ્વાદ એવં સપ્તભંગી : એક સંક્ષિપ્ત વિવેચન

□ ડૉ. વીરસાગર જૈન

અનેકાન્ત, સ્યાદ્વાદ એવં સપ્તભંગી-ઇન તીનોં કે પારસ્પરિક સંબંધ કે વિષય મેં લોગોં કો બડા ભ્રમ રહતા હૈ, યહાઁ ઉસે સંક્ષેપ મેં સ્પષ્ટ કરને કા પ્રયાસ કિયા જા રહા હૈ.

**અનેકાન્ત** કા અર્થ હૈ-અનેક (અનન્ત) ધર્મ/ગુણ વાલી વસ્તુ. જૈનદર્શન એક અનુસાર સભી વસ્તુએં અન્નત ધર્મ/ગુણ વાલી હૈં, અનન્ત ધર્માત્મક હૈં, અતઃ અનેકાન્તસ્વરૂપ હૈં. જૈનદર્શન કો ઇસીલિએ અનેકાન્તવાદી કહતે હૈં, ક્યોંકિ વહ પ્રત્યેક વસ્તુ કો અનન્તધર્માત્મક માનતા હૈ. અનન્તધર્માત્મક કા અર્થ ભી માત્ર ઇતના હી નહીં હૈ કિ ઉસમેં અનન્ત ધર્મ રહતે હૈં, બલ્કિ યહ હૈ કિ ઉસમેં ઐસે અનેક ધર્મ-યુગલ રહતે હૈં જો પરસ્પર વિરુદ્ધ ભી પ્રતીત હોતે હૈં.

અબ સ્યાદ્વાદ કા અર્થ સમજતે હૈં – અનેકાન્તાત્મક વસ્તુ કો કહને કી એક વિશેષ પદ્ધતિ જિસમેં હર એક વાક્ય કો 'સ્યાત્' કો લગાકર બોલા જાતા હૈ, સ્યાદ્‌વાદ કહેલાતી હૈ. 'સ્યાત્' પદ લગાને સે કથન મેં દોષ નહીં રહતા ઔર સમગ્ર વસ્તુ-સ્વરુપ કા સમીચીન પરતિપાદન હો જાતા હૈ.

ઇસ પ્રકાર હમ દેખતે હૈં કિ અનેકાન્ત વસ્તુ કા સ્વરૂપ હૈ ઔર સ્યાદ્વાદ ઉસે કહને કી પદ્ધતિ/શૈલી હૈ. દૂસરો શબ્દોં મેં, અનેકાન્ત વાચ્ય હૈ ઔર સ્યાદ્વાદ વાચક હૈ.

અબ પ્રશ્ન હૈ કિ **સપ્તભંગી** ક્યા હૈ ?

**ઉત્તર**-અનેકાંત કહતા હૈ કિ પ્રત્યેક વસ્તુ મેં અનન્ત ધર્મ રહતે હૈં. સ્યાદ્વાદ કહતા હૈ કિ – ઉન્હેં સદા સ્યાત્ લગા કર હી કહો, તાકિ ઉસ સમય ઉસકે અન્ય પ્રતિપક્ષી ધર્મ ભી ગૌણ રુપ સે પ્રતિપાદિત હો સકેં, ઉનકા અબાવ ન હો પાયે. કિન્તુ સપ્તભંગ સિદ્ધાન્ત ઔર આગે બઢકર કહતા હૈ કિ વે પ્રત્યેક ધર્મ-યુગલ વાસ્તવ મેં સાત સાત ભંગ વાલે હૈં. યદ્યપિ ઉસકે મૂલ ભંગ દો હી કહે જાતે હૈં, પર યદિ બારીકી મેં જાએંગે તો ઉસકે સાત સાત ભંગ બનેગેં. ઇસે હી સપ્તભંગી કહતે હૈં. ઉદાહરણાર્થ-વસ્તુ મેં અસ્તિ-નાસ્તિ, એક-અનેક, ભેદ-

અભેદ, નિત્ય-અનિત્ય આદિ અનન્ત ધર્મયુગલ હૈં. ઇનમેં સ્યાદ્વાદ તો માત્ર ઇતના કહકર ચુપ હો જાએગા કિ વહ સ્વચતુષ્ટય કી અપેક્ષા અસ્તિ હૈ ઔર પર સ્વચતુષ્ટય કી અપેક્ષા નાસ્તિ હૈ, કિન્તુ સપ્તભંગવાદ અભી આગે કી જિજ્ઞાસા કા ભી સમાધાન કરેગા, જો સાત પ્રકાર સે હોતી હૈ. યથા-

પ્રથમ ભંગ-સ્યાત્ અસ્તિ–વસ્તુ સ્વચતુષ્ટય સે હૈ.

દ્વિતીય ભંગ-સ્યાત્ નાસ્તિ–વહી વસ્તુ પરમચતુષ્ટય સે નહીં હૈ.

તૃતીય ભંગ-સ્યાત્ અસ્તિ-નાસ્તિ–યુગપદ્ દોનોં હૈં.

ચતુર્થ ભંગ-સ્યાત્ અવક્તવ્ય–યુગપદ્ કહ નહીં સકતે.

પઞ્ચમ ભંગ-સ્યાત્ અસ્તિ અવક્તવ્ય–સ્વચતુષ્ટય સે અસ્તિ હૈ, યુગપદ નહીં કહ સકતે.

ષષ્ઠ ભંગ-સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય–પરચતુષ્ટય સે નાસ્તિ હૈ, યુગપદે નહીં કહ સકતે.

સપ્તમ ભંગ-સ્યાત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય–ક્રમશઃ કહ સકતે હૈં, યુગપદ્ નહીં કહ સકતે.

જિસ પ્રકાર યહાઁ અસ્તિત્વ-નાસ્તિત્વ–ઇસ ધર્મયુગલ પર સપ્તભંગી ઘટિત કરકે બતાઈ હૈ, ઉસીપ્રકાર સભી ધર્મયુગલોં પર ઘટિત કર લેના ચાહિએ. યહી સપ્તભંગી સિદ્ધાન્ત હૈ.

ઇસપ્રકાર હમ કહ સકતે હૈં કિ સપ્તભંગી વસ્તુતઃ કોઈ અલગ સિદ્ધાન્ત નહીં હૈ, અપિતુ સ્યાદ્વાદ કા હી પૂર્ણ વિસ્તાર હૈ. સ્યાદ્વાદ એક ધર્મ કો ઉસકે એક અપર ધર્મ કે સાથ અવિરોધ ભાવ સે સમઝાતા હૈ, કિન્તુ સપ્તભંગવાદ ઉસે ઔર અધિક ખોલકર ઉસકે જો સાત આયામ (ભંગ) બન સકતે હૈં, ઉન સબકો ઉનકી અપેક્ષા (વિવક્ષા) સમઝાતે હુએ અવિરોધભાવ સે સમઝાતા હૈ.

ધ્યાન રહે, સપ્તભંગ સિદ્ધાન્ત એક ધર્મ કે સાત ભંગ નહીં પ્રસ્તુત કરતા, બલ્કિ ધર્મયુગલ કે સાત રંગ પ્રસ્તુત કરતા હૈ. સ્યાદ્વાદ ઔર સપ્તભંગ મેં અન્તર હી યહ હૈ કિ સ્યાદ્વાદ તો ઉસકે એક અપર પક્ષ કો હી દિખાને સે બન જાતા હૈ, પરન્તુ સપ્તભંગવાદ ઉસમેં સાત ભંગ મુખ્ય-ગૌણ વિવક્ષા સે સિદ્ધ કરતા હૈ.

**પ્રશ્ન**-તો ફિર પ્રત્યેક વસ્તુ મેં અનન્ત સપ્તભંગી કૈસે કહી ગઈ હૈ?

## અસ્તિત્વ

☐ *પ્રશ્ન એ પણ છે કે-*

*શું હિંસા અસ્તિત્વ સાથે જોડાયેલી છે?*
*શું હિંસા થશે તો અસ્તિત્વ નહિ રહે?*
*શું અહિંસા અને અસ્તિત્વ વચ્ચે કોઈ સંબંધ છે?*
*જો બન્ને વચ્ચે સંબંધ હોય તો સંબંધસેતુ કયો છે?*
*આપણું અસ્તિત્વ છે પરંતુ આપણને અસ્તિત્વની અનુભૂતિ નથી.*
*આપણે વ્યક્તિત્વમાં અટવાયેલા છીએ.*
*અસ્તિત્વની અભિવ્યક્તિ એટલે વ્યક્તિત્વ.*
*એક અસ્તિત્વ અભિવ્યક્ત છે પશુ અને પક્ષીના રૂપમાં,*
*એક અસ્તિત્વ અભિવ્યક્ત છે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના રૂપમાં.*
*અસ્તિત્વ સમાન છે, વ્યક્તિત્વ સમાન નથી.*
*અસ્તિત્વ દૃશ્ય નથી, વ્યક્તિત્વ દૃશ્ય છે.*
*અસ્તિત્વ શુદ્ધ છે, વ્યક્તિત્વ ભેળસેળ છે.*
*વ્યક્તિત્વ મૃત્યુ પામે છે, અસ્તિત્વ નહિ.*
*વ્યક્તિત્વને મારી શકાય છે, અસ્તિત્વને નહિ.*

**ઉત્તર**-પ્રત્યેક વસ્તુ મેં અનન્ત ધર્મયુગલ રહતે હૈં ઔર સભી કી વિધિ-નિષેધ રુપ મૂલ દો ભંગોં સે અનન્ત સપ્તભંગિયાં બન સકતી હૈં, અતઃ અનન્ત સપ્તભંગી કહી ગઈ હૈ. યહી કારણ હૈ કિ સપ્તભંગી કો અનેક વિદ્વાનોં ને વિધિ-નિષેધ-કલ્પના મૂલક પદ્ધતિ કહા હૈ. આચાર્યોં ને ભી સાપ્તભંગી કી યહી પરિભાષા દી હૈ–'એકસ્મિન્ વસ્તુનિ પ્રશ્નવશાદ્ દૃષ્ટેનેષ્ટેન ચ પ્રમાણેનાવિરુદ્ધા વિધિપ્રતિષેધવિકલ્પના સપ્તભંગી વિજ્ઞેયા।।' અકલંક, રાજવાર્તિક ૧/૬/૫

**પ્રશ્ન**-સપ્તભંગી દો પ્રકાર કી કહી જાતી હૈ–પ્રમાણ-સપ્તભંગી ઔર નય-સપ્તભંગી. ઉનમેં ક્યા અન્તર હૈ?

**ઉત્તર**-પ્રમાણ-સપ્તભંગી ઔર નય-સપ્તભંગી મેં લગભગ વહી અંતર હૈ જો પ્રમાણ ઔર નય મેં હોતા હૈ. પ્રમાણ પૂર્ણ વસ્તુ કા ગ્રાહક હોતા હૈ ઔર નય ઉસકે એક દેશ કા. ઉસી પ્રકાર જિસ સપ્તભંગી સે પૂરી વસ્તુ કા પ્રતિપાદન કિયા જાય ઉસે પ્રમાણ-સપ્તભંગી કહતે હૈં ઔર જિસ સપ્તભંગી સે વસ્તુ કે એક દેશ કા પ્રતિપાદન કિયા જાય ઉસે નય-સપ્તભભંગી કહતે હૈં.

ઉદાહરણાર્થ–'સ્યાત્ જીવઃ'–યહ પ્રમાણ-સપ્તભંગી કા પ્રથમ ભંગ કહલાયેગા, ક્યોંકિ યહ પૂરી વસ્તુ કા પ્રતિપાદન કર રહા હૈ, કિન્તુ 'સ્યાત્ અસ્તિ'–યહ નય-સપ્તભંગી કા પ્રથમ ભંગ કહલાયેગા, ક્યોંકિ યહ વસ્તુ કે એક દેશ કા પ્રતિપાદન કર રહા હૈ.

**પ્રશ્ન**-'સ્યાત્ સત્' – યહ પ્રમાણ-સપ્તભંગી કા પ્રથમ ભંગ હૈ યા નય-સપ્તભંગી કા?

**ઉત્તર**-બહુત અચ્છા પ્રશ્ન કિયા. ઇસમેં લોગોં કો બડા ભ્રમ હોતા હૈ. 'સત્' શબ્દ ગુણવાચક ભી હૈ ઔર દ્રવ્યવાચક ભી. જબ દ્રવ્યવાચક હોતા હૈ તો ઉસે પ્રમાણ-સપ્તભંગી સમઝના ચાહિએ ઔર જબ ગુણવાચક હોતા હૈ તો ઉસે નય-સપ્તભંગી સમઝના ચાહિએ.

ઇસ પ્રકાર અનેકાન્ત, સ્યાદ્વાદ ઔર સપ્તભંગ સિદ્ધાન્ત કા અન્તર સંક્ષેપ મેં સ્પષ્ટ કિયા ગયા. વિશેષ જિજ્ઞાસુઓં કો અન્ય બડે ગ્રન્થોં કા અધ્યયન કરના ચાહિએ. ✱✱✱

શ્રી લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ,
નઈ દિલ્લી-૧૧૦૦૧૬.
દૂરભાષ : ૦૧૧-૨૬૧૭૨૦૭, ૯૮૬૮૮૮૮૬૦૭.

# આગમની દૃષ્ટિએ અનેકાન્તવાદ

❑ વર્ષા શાહ

*[ રિસર્ચ આસિસ્ટન્ટ અને જૈનોલોજી કૉર્સના પ્રાધ્યાપિકા તરીકે કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ સાથે જોડાયેલા છે. આ ક્ષેત્રમાં સતત સંશોધન અને મનન કરે છે. પ્રસ્તુત લેખમાં તેમણે આગમ અને અનેકાન્તવાદનો સંદર્ભ કઈ રીતે જોડાયેલો છે, તે લખ્યું છે.]*

'जेण विणा लोगस्स वि, ववहारो सव्वहा न निव्वहइ।
तस्स भवणेक्कगरुणो णमो अणेगंतवायस्स।।'

સિદ્ધસેન દિવાકર સન્મતી તર્ક, (૩/૬૯)

ભાવાર્થ : જેના વિના આ જગતનો વ્યવહાર બિલકુલ ચાલી ન શકે એવા ત્રણ લોકના એક માત્ર ગુરુ સમાન અનેકાન્તવાદને નમસ્કાર.

જૈન પરંપરામાં વસ્તુદર્શનના અને દૃષ્ટ વસ્તુના પ્રતિપાદન માટે અન્યત્ર જોવા ન મળતી એક વિશિષ્ટ શૈલી જોવા મળે છે.

આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, ભગવતીસૂત્ર આદિ જુદાં જુદાં દ્વારોના આધારે વસ્તુ વિચાર કરવામાં આવ્યો છે.

વ્યાખ્યા કરવાની પદ્ધતિનું પરિપક્વ સ્વરૂપ અનુયોગદ્વાર સૂત્રમાં જોવા મળે છે.

તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામીએ અને ત્યારબાદ સિદ્ધસેન દિવાકર, આ. સામંતભદ્ર આદિ દાર્શનિકોએ તત્ત્વના નિરૂપણમાં પ્રમાણ, નય અને નિક્ષેપનો વિચાર કર્યો છે.

**એકાન્તવાદ અને અનેકાન્તવાદ :**

પ્રભુ મહાવીર છદ્મસ્થ અવસ્થાની અંતિમ રાત્રિના પાછલા પ્રહરમાં દશ સ્વપ્ન જોઈને જાગૃત થયા. દશ સ્વપ્નમાંથી ત્રીજા સ્વપ્નમાં ભગવાને રંગબેરંગી પાંખવાળા પુંસ્કોકિલને જોયા જેનો ઉલ્લેખ ભગવતી સૂત્રમાં છે.

एगं च णं महं चित्तविचित्तपक्खगं पुंस्कोइलगं सुविणे पासित्ता णं पडिबुद्धे।

तण्णं समणे भगवं महावीरे विचितं ससमयपरसमइयं दुवालसंगं
गणिपिडगं आद्यवेति पन्नवेति परुवेति।

(ભગવતી સૂત્ર, ૧૬.૬)

શ્રમણ ભગવાન મહાવીરે જે પુંસ્કોકિલ સ્વપ્નમાં જોયું છે એનો અર્થ એવો ઘટીત થાય છે કે તેઓ વિવિધ વિચારયુક્ત સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતને પ્રગટ કરતી દ્વાદશાંગીની પરૂપણા કરશે.

શાસ્ત્રકારો આ સ્વપ્ન વિશે જણાવે છે. આ ચિત્રવિચિત્ર પુંસ્કોકિલ શું છે ?

આ પક્ષી અનેકાન્ત-સ્યાદ્વાદનું પ્રતીક છે. એકજ રંગની પાંખવાળો કોકિલ નથી પરંતુ ચિત્રવિચિત્ર રંગનો પાંખવાળો કોકિલ છે. જ્યાં એકજ રંગની પાંખો હોય ત્યાં એકાન્તવાદ હોય છે અને જ્યાં વિવિધ રંગવાળી પાંખો હોય ત્યાં અનેકાન્તવાદ હોય છે. એક રંગની પાંખોવાળા કોકિલ અને વિવિધ રંગોની પાંખોવાળા કોકિલમાં આ જ ફર્ક છે.

કેવળજ્ઞાન પણ એકાન્તવાદ-સ્યાદ્વાદ આધારિત હોય છે. અનેકાન્તવાદ સિદ્ધાંત છે અને સ્યાદ્વાદ એ સિદ્ધાંતને ઉપયોગ કરવાની રીત છે. તત્ત્વને અનંત દૃષ્ટિકોણથી જોવું તે અનેકાન્ત અને તેનું સાપેક્ષ પ્રતિપાદન કરવું તે સ્યાદ્વાદ છે. એકાન્તવાદ કદી સંપૂર્ણ સત્ય સમજી ન શકે.

**વિભજ્યવાદ અને અનેકાન્તવાદ**

મજ્ઝિમનિકાય (સુત્ત, ૯૯) અનુસાર માણવક ભગવાન બુદ્ધને પ્રશ્ન પૂછે છે, 'હે ભગવાન! મેં સાંભળ્યું છે કે ગૃહસ્થી આરાધક હોય છે, ન કે સંયમી?'

ભગવાન બુદ્ધ ઉત્તર આપે છે, 'ગૃહસ્થી મિથ્યાત્વી છે તો આરાધક નથી તેમજ સંયમી પણ મિથ્યાત્વી હશે તો નિર્વાણમાર્ગનો આરાધક ન હોઈ શકે. જો બન્ને સમ્યક્ પ્રતિપત્તિ સમ્પન્ન હોય તો બન્ને આરાધક છે.

બુદ્ધે ગૃહસ્થ અને ત્યાગીની આરાધનાના પ્રશ્ન સંબંધી વિભાજનપૂર્વક ઉત્તર આપ્યો, એકાન્તરૂપથી નહિ. આવા પ્રકારના ઉત્તરને વિભજ્યવાદ કહેવાય છે.

સૂત્રકૃતાંગમાં પણ આવા પ્રકારના પ્રયોગ જોવા મળે છે. જ્યારે ભગવાનને પ્રશ્ન પૂછાયો કે એક ભિક્ષુએ કેવા પ્રકારની ભાષાનો ઉપયોગ કરવો જોઈએ. જવાબમાં ભગવાન કહે છે કે ભિક્ષુએ વિભજ્યવાદનો ઉપયોગ કરવો જોઈએ.

'भिक्खू विभज्जवार्य च वियागरेज्जा।

(સૂત્રકૃતાંગ, ૧.૧૪)

માણવક અને ભગવાન બુદ્ધની જેમ ગૌતમાદિ અને ભગવાન મહાવીર વચ્ચે આવા પ્રકારનાં સંવાદ/ચર્ચા પણ જોવા મળે છે.

સહસ્રાનિક રાજાના પુત્રી, શતાનિક રાજાના બેન, ઉદાયન રાજાના ફૈબા, મૃગાવતી રાણીના નણંદ અને ભગવાન મહાવીર સ્વામીના સાધુઓના પ્રથમ શય્યાતરી (સ્થાન આપનાર) જયંતી શ્રમણોપાસિકા હતા. તેણે ભગવાન મહાવીરને કેટલાક પ્રશ્નો પૂછ્યા છે.

હે ભગવાન! જીવો સૂતેલા શ્રેષ્ઠ છે કે જાગૃત શ્રેષ્ઠ છે?

હે જયંતી! કેટલાક જીવો સૂતેલા શ્રેષ્ઠ છે અને કેટલાક જીવો જાગૃત શ્રેઠ છે.

હે ભગવાન! તેનું શું કારણ છે?

હે જયંતી! જે જીવો અધર્મી છે, અધર્મનું આચરણ કરે છે, અધર્મનો ઉપદેશ આપે છે, અધર્મમાં આનંદ માને છે, તેવા જીવો સૂતેલા હોય તે શ્રેષ્ઠ છે. તેવા જીવો જાગીને અધર્મ આચરણથી અનેક જીવોને પીડા પહોંચાડે છે અને અધર્મમાં જોડે છે, તેથી તે સૂતેલા હોય તે જ શ્રેષ્ઠ છે.

જે જીવ ધર્મી છે, ધર્મનું આચરણ કરે છે, ધર્મનો ઉપદેશ આપે છે, ધર્મમાં આનંદ માને છે, તેવા જીવો જાગૃત હોય તે શ્રેષ્ઠ છે. તે જાગૃત રહીને, ધર્મનું આચરણ કરીને અન્ય અનેક જીવોને શાતા પમાડે છે અને અન્યને ધર્મમાં જોડે છે.

તે જ રીતે અધર્મી જીવો નિર્બળ હોય તે શ્રેષ્ઠ છે અને ધર્મી જીવો બળવાન હોય તે શ્રેષ્ઠ છે. અધર્મી આળસુ હોય તે શ્રેષ્ઠ અને ધર્મી ઉદ્યમવંત હોય તે શ્રેષ્ઠ છે.

(ભગવતી સૂત્ર, ૧૨.૨)

એવી જ રીતે ગૌતમ અને ભગવાન મહાવીર વચ્ચેનો સંવાદ આ પ્રમાણે છે.

ગૌતમ : ભગવાન! જીવ સકમ્પ છે કે નિષ્કમ્પ ?

મહાવીર : ગૌતમ! જીવ સકમ્પ પણ છે અને નિષ્કમ્પ પણ છે.

ગૌતમ : કઈ રીતે?

મહાવીર : જીવ બે પ્રકારના છે, સંસારી અને સિદ્ધ.

સિદ્ધ જીવ બે પ્રકારના છે—અનન્તર સિદ્ધ અને પરમ્પર સિદ્ધ. પરમ્પર સિદ્ધ નિષ્કમ્પ હોય છે અને અનન્તર સિદ્ધ સકમ્પ હોય છે.

સંસારી જીવોના પણ બે ભેદ હોય છે. શૈલેશી અને અશૈલેશી. શૈલેશી જીવ નિષ્કમ્પ હોય છે અને અશૈલેશી જીવ સકમ્પ હોય છે.

(ભગવતી સૂત્ર, ૨૫.૪)

અન્ય ઠેકાણે ગૌતમ અને મહાવીરની વચ્ચેનો સંવાદ આ પ્રમાણે છે.

ગૌતમ : ભગવાન, જીવ સવીર્ય હો છે કે અવીર્ય?

ભગવાન : જીવ સવીર્ય પણ હોય છે અને અવીર્ય પણ હોય છે.

ગૌતમ : એ કઈ રીતે?

ભગવાન : જીવ બે પ્રકારના છે. સંસારી અને સિદ્ધ. સિદ્ધ જીવ અવીર્ય છે.

સંસારી જીવ બે પ્રકારના હોય છે. શૈલેશી પ્રતિપન્ન અને અશૈલેશી પ્રતિપન્ન. શૈલેશી પ્રતિપન્ન જીવ લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય હોય છે અને કરણવીર્યની અપેક્ષાએ સવીર્ય સવીર્ય અને અવીર્ય પણ હોય. જે જીવ પરાક્રમ કરે છે તે જીવ કરણવીર્યની અપેક્ષા સવીર્ય છે. જે જીવ પરાક્રમ નથી કરતો તે કરણવીર્યની અપેક્ષા અવીર્ય છે.

(ભગવતી સૂત્ર, ૧.૮)

ગૌતમ : કોઈ એમ કહે કે મેં સર્વપ્રાણ, સર્વભૂત, સર્વજીવ, સર્વસત્વની હિંસાના પચ્ચખાણ (પ્રત્યાખ્યાન, ત્યાગ) લીધાં છે તો શું તે સુપ્રત્યાખ્યાન છે કે દુપ્રત્યાખ્યાન છે?

ભગવાન : અપેક્ષાએ સુપ્રત્યાખ્યાન અને અપેક્ષાએ દુષ્પ્રત્યાખ્યાન.

ગૌતમ : એ કઈ રીતે?

ભગવાન : જેને જીવ-અજીવ, ત્રસ-સ્થાવર ખબર જ નથી તેના પ્રત્યાખ્યાન દુપ્રત્યાખ્યાન છે. તે મૃષાવાદી હોય છે. જેને ખબર છે કે આ જીવ છે, અજીવ છે, ત્રસ છે, સ્થાવર છે, તેના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન કહેવાય. તે સત્યવાદી હોય છે.

(ભગવતી સૂત્ર, ૭.૨)

આવા પ્રકારના પ્રશ્નોત્તરી શૈલી વિચારોનું નિરાકરણ લાવવાની શૈલી છે. આવી શૈલીથી વસ્તુના અનેક પાસાંઓ જાણવા મળે છે.

જૈન.દર્શન માને છે કે વસ્તુના અનેક ધર્મ હોય છે. જે વસ્તુ શાશ્વત લાગે છે તે અશાશ્વત પણ હોય છે. જે વસ્તુ ક્ષણિક પ્રતીત થાય છે તે શાશ્વતી પણ હોઈ શકે. શાશ્વત અને અશાશ્વત બન્ને વસ્તુઓના સ્વરૂપને સમજવું બહુ જ જરૂરી છે. પરસ્પર વિરોધી લાગવાવાળા ધર્મનો સમન્વય કઈ રીતે થઈ શકે? પદાર્થમાં એ કેવી રીતે રહે છે. આપણી પ્રતીતિથી તેઓમાં શું સામ્ય છે ઈત્યાદિ પ્રશ્નોનો આગમના આધારે વિચાર કરીશું.

લોક નિત્ય છે કે અનિત્ય

લોક સાન્ત છે કે અનન્ત

જીવ નિત્ય છે કે અનિત્ય

જીવ સાન્ત છે કે અનન્ત

પુદ્ગલ નિત્ય છે કે અનિત્ય

જીવ દ્રવ્ય અને અજીવની દ્રવ્ય એકતા અને અનેકતા.

આવા પ્રશ્નોને ભગવાન બુદ્ધ અવ્યાકૃત કહ્યા છે. ભગવાન મહાવીરે આવા વિષયોમાં મૌન ધારણ કરવું ઉચિત નથી સમજ્યું. એમણે પ્રશ્નોના વિવિધ રીતે જવાબો આપ્યા છે.

લોકની નિત્યતા અને અનિત્યતા ઉપર જમાલીનો પ્રશ્ન.

ભગવાન : જમાલી! લોક શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે. ત્રણે કાળમાં એક પણ સમય એવો નથી કે જ્યારે લોક ન હોય. એટલે લોક શાશ્વત છે.

असासए लोए नमाली!

(ભગવતી સૂત્ર, ૯.૩૩)

વળી લોક સદા એક રૂપમાં નથી રહેતો, એ અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં બદલાય છે એટલે લોક અશાશ્વત પણ છે.

ભગવાન મહાવીરે નિત્ય અને અનિત્યના પ્રશ્નો સંબંધી બન્ને દૃષ્ટિથી જવાબ આપ્યા છે.

લોક હંમેશાં કોઈ ને કોઈ સ્વરૂપે રહે છે. એટલે તે નિત્ય છે, ધ્રુવ છે, શાશ્વત છે, અપરિવર્તનશીલ છે. લોક હંમેશાં એકરૂપ નથી રહેતા. ક્યારેક તેમાં સુખની માત્રા વધી જાય છે, તો ક્યારે દુઃખની માત્રા વધી જાય છે. કાળ ભેદથી લોકમાં વિવિધતા જોવા મળે છે. એટલે લોક અનિત્ય છે, અશાશ્વત છે, અસ્થિર છે, પરિવર્તનશીલ છે, અધ્રુવ છે, ક્ષણિક છે.

લોકની સાન્તતા (અંત સહિત) અને અનન્તતાને લઈને ભગવાન મહાવીરે આ પ્રમાણે સમાધાન આપ્યું છે.

'લોક ચાર પ્રકારથી જાણી શકાય છે–દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

દ્રવ્યની અપેક્ષાએ–

લોક એક છે અને સાન્ત છે.

ક્ષેત્રની અપેક્ષાએ–

લોક અસંખ્યાત જોજન ક્રોડાક્રોડી વિસ્તાર અને અસંખ્યાત યોજન ક્ષેત્રફળ પ્રમાણ છે એટલે ક્ષેત્રની અપેક્ષાએ લોક સાન્ત છે.

કાળની અપેક્ષાએ–

કોઈ કાળ એવો નથી કે જ્યારે લોક ન હોય એટલે લોક ધ્રુવ છે, નિત્ય છે, શાસ્વત છે, અવ્યય છે, અક્ષય છે, અવસ્થિત છે. એનો અંત નથી.

ભાવની અપેક્ષાએ–

લોકના અનંત વર્ણ પર્યાય, ગંધ પર્યાય, રસ પર્યાય, સ્પર્શ પર્યાય છે. અનંત સંસ્થાન પર્યાય છે. અનન્ત ગુરુલઘુ પર્યાય છે એનો કોઈ અંત નથી.

એટલે કે લોક દ્રવ્ય અને ક્ષેત્રની દૃષ્ટિએ સાન્ત છે અને કાળ અને ભાવની દૃષ્ટિએ અનન્ત છે.

લોકના આ રીતે ચાર દૃષ્ટિએથી વિચાર કરવામાં આવ્યા છે.

દ્રવ્યની દૃષ્ટિએથી લોક સાન્ત છે કેમ કે એ સંખ્યામાં એક છે.

ક્ષેત્રની દૃષ્ટિએથી પણ લોક સાન્ત છે કારણ કે સકળ આકાશમાં કોઈક ક્ષેત્રમાં લોક છે. આ ક્ષેત્ર અસંખ્યાત ક્રોડાક્રોડી યોજનની પરિધિમાં છે. કાળની દૃષ્ટિએ લોક અનન્ત છે કારણ કે વર્તમાન ભૂત અને ભવિષ્યની કોઈપણ ક્ષણ એવી નથી જેમાં લોક ન હોય.

ભાવની દૃષ્ટિથી પણ લોક અનંત છે કારણ કે એક લોકના અનંત પર્યાય છે.

ભગવાન મહાવીરે સાન્તતા અને અનન્તતાનું પોતાની દૃષ્ટિથી સમાધાન કર્યું છે. ભગવાન બુદ્ધે સાન્તતા અને અનન્તતા બંનેને અવ્યાકૃત શ્રેણીમાં રાખ્યું છે.

**જીવની નિત્યતા અને અનિત્યતા**

ભગવાન બુદ્ધે જીવની નિત્યતા અને અનિત્યતાના પ્રશ્નને પણ અવ્યાકૃત શ્રેણીમાં રાખ્યો છે. ભગવાન મહાવીરે આ પ્રશ્નનનું પણ અનેકાન્ત દૃષ્ટિ અને સ્યાદ્વાદ શૈલીથી સમાધાન કર્યું છે.

ભગવાનન મહાવીરે મોક્ષ પ્રાપ્તિ માટે પણ આવા પ્રકારના પ્રશ્નોના જ્ઞાનને જરૂરી માન્યું છે. આચારાંગના પ્રારંભમાં જ કેટલાક વાક્યોથી આ વાતની સમજ આવે છે.

'से आयावाइ, लोगावाइ, कम्मावाइ, किरियावाइ।'

આચારાંગ, ૧૦૧.૫

ભાવાર્થ : તે જે પરિભ્રમણનો સિદ્ધાંત સમજે છે તે.

આત્મવાદી : આત્માના અસ્તિત્વને માનનારા છે.

લોકવાદી : આત્માની જેમ લોક પણ અસ્તિત્વ છે (એવું માનનારા)

કર્મવાદી : પુનર્જન્મનું કારણ કર્મબંધન છે.

ક્રિયાવાદી : કર્મબંધનનું કારણ શુભાશુભ પ્રવૃત્તિ છે. (એવું માનનારા)

'હું કોણ છું?' અને 'હું તે જ છું.' આત્માની દાર્શનિક ચર્ચામાં આ બે વાત ઘણી જ અગત્યની છે. પહેલી વાત નીજના સ્વરૂપ વિશે જાણવાની જીજ્ઞાસા દર્શાવે છે અને બીજી વાત નીજના સ્વરૂપને ઓળખવાની તે જીજ્ઞાસાનું સમાધાન છે.

પુનર્જન્મ આત્માના તત્ત્વનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. પુનર્જન્મનું કારણ કર્મબંધન છે અને તે બંધનનું કારણ શુભાશુભ પ્રવૃત્તિ છે. આ બધું લોકમાં (સંસારમાં) બને છે.

જીવની શાશ્વતતા અને અશાશ્વતતાને લઈને ગૌતમ અને ભગવાન મહાવીરનો સંવાદ આ પ્રમાણે છે.

ગૌતમ : ભગવાન! જીવ શાશ્વત છે કે અશાશ્વત?

મહાવીર : ગૌતમ! જીવ અમુક દૃષ્ટિથી શાશ્વત છે અને અમુક દૃષ્ટિથી અશાશ્વત છે.

गोयमा! दव्वट्ठुयाण सासया भावट्ठुयाए असासया।

(ભગવતી સૂત્ર, ૭.૩)

ભાવાર્થ : દ્રવ્યાદિકની દૃષ્ટિથી શાશ્વત છે અને પર્યાયાદિ દૃષ્ટિથી અશાશ્વત છે.

દ્રવ્યદૃષ્ટિએ જીવમાં ક્યારેય જીવત્વ અભાવ હોતો નથી. એ કોઈપણ અવસ્થામાં હોય છે, જીવ જ રહે છે. અજીવ બનતો નથી. પર્યાયની દૃષ્ટિએ જીવ અશાશ્વત છે. એક પર્યાય છોડીને બીજા પર્યાયને ગ્રહણ કરે છે.

જીવની સાન્તતા અને અનન્તતાને લઈને ખંદકમુનિ અને ભગવાન મહાવીરનો સંવાદ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચાર દૃષ્ટિથી કરવામાં આવ્યો છે.

દ્રવ્યની દૃષ્ટિથી જીવ સાન્ત છે.

ક્ષેત્રની દૃષ્ટિથી જીવ અસંખ્યાત પ્રદેશવાળો છે એટલે સાન્ત છે.

કાળની દૃષ્ટિએ જીવ હંમેશાં છે એટલે એ અનન્ત છે.

ભાવની દૃષ્ટિએ જીવના અનન્ત જ્ઞાનપર્યાય, અનન્ત દર્શનપર્યાય, અનંત ચારિત્રપર્યાય છે, અનંત અગુરુલઘુપર્યાય છે એટલે જીવ અનન્ત છે.

(ભગવતી સૂત્ર, ૨.૧)

પુદ્‌ગલની નિત્યતા અને અનિત્યતાને લઈને ગૌતમ અને ભગવાન મહાવીરનો સંવાદ આ પ્રમાણે છે.

દ્રવ્યનો સૌથી નાનામાં નાનો અંશ જેનો ફરીથી ભાગ ન પાડી શકાય તે પરમાણું છે.

પરમાણુંના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે.

સૂક્ષ્મતમ દ્રવ્ય તે દ્રવ્યપરમાણું/પુદ્‌ગલપરમાણું છે.

આકાશ દ્રવ્યનું સૂક્ષ્મતમ પ્રદેશ ક્ષેત્રપરમાણું છે.

સમય પ્રદેશનું સૂક્ષ્મતમ કાળ પરમાણું છે.

દ્રવ્ય પરમાણુનું વર્ણાદિ પર્યાયમાં પરિણમન થવું તે ભાવ પરમાણું છે.

ગૌતમ અને ભગવાન મહાવીરના સંવાદથી સ્પષ્ટ થાય છે કે પરમાણું નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.

વૈશેષિક આદિ અન્ય દર્શન દ્રવ્ય પરમાણુંને એકાન્ત નિત્ય માને છે.

ભગવાન મહાવીર પરમાણું નિત્યવાદનું ખંડન કરતા કહે છે કે જેમ પરમાણુંનું કાર્ય ઘટાદિમાં પરિવર્તન થાય છે અને તે અનિત્ય છે તેમજ પરમાણુ પોતે પણ અનિત્ય છે કારણ જે પુદ્‌ગલ પૂર્વે એક સમયમાં રુક્ષ ગુણવાળો હતો તે નષ્ટ થઈને અન્ય સમયે અરુક્ષ પણ બને છે. એટલું જ નહિ એક સમયમાં એક દેશથી જે પુદ્‌ગલ રુક્ષ હતો તે નષ્ટ થઈને અન્ય સમયે એક દેશથી અરુક્ષ પણ બને છે. સ્વભાવથી અથવા પ્રયોગ દ્વારા અનેક વર્ણ પરિણામવાળા પુદ્‌ગલ નષ્ટ થઈને એક જ વર્ણ પરિણામવાળા પુદ્‌ગલ પણ થઈ જાય છે.

દ્રવ્યદૃષ્ટિથી પુદ્‌ગલ નિત્ય છે કારણ એવો કોઈ સમય નથી જે સમયે પુદ્‌ગલ પુદ્‌ગલરૂપે ન હોય પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાયની દૃષ્ટિએ પુદ્‌ગલ અશાશ્વત છે.

**જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યની એકતા અનેકતા :**

જીવ દ્રવ્યની એકતા અને અનેકતાને લઈને મહાવીર અને સૌમિલ બ્રાહ્મણનો સંવાદ આ પ્રમાણે છેઃ

સોમિલ ! દ્રવ્યની દૃષ્ટિથી હું એક છું. જ્ઞાન અને દર્શનની દૃષ્ટિથી હું બે છું.

શાશ્વત પ્રદેશોની દૃષ્ટિએ હું અક્ષય છું, અવ્યય છું, અવસ્થિત છું !

બદલાતા ઉપયોગની દૃષ્ટિએ હું અનેક છું.

(ભગવતી સૂત્ર, ૧.૮)

અજીવ દ્રવ્યની એકતા અને અનેકતાનું સ્પષ્ટીકરણ કરતા ગૌતમ અને ભગવાન મહાવીર વચ્ચેનો સંવાદ આ પ્રમાણે છેઃ

ગૌતમ ! ધર્માસ્તિકાય–દ્રવ્યની દૃષ્ટિએ એક છે એટલે અખંડ છે. એ જ ધર્માસ્તિકાય પ્રદેશોની દૃષ્ટિએ અસંખ્યાતગુણ પણ છે. એવી જ રીતે અધર્માસ્તિકાય, આકાશાદિ દ્રવ્યની દૃષ્ટિએ એક છે અને પ્રદેશની દૃષ્ટિએ અનેક છે.

(પ્રજ્ઞાપન સૂત્ર, ૩.૫૬)

પરસ્પર વિરોધી લાગતા બધાં દ્રવ્યોનું એક આકાશ પ્રદેશમાં અવિરોધપણે સમન્વય થઈને રહેવું એ અનેકાન્તવાદની જ દેન છે !

ભગવાન મહાવીરે અનેકાન્તવાદનો ઉપયોગ રાગ-દ્વેષ ઘટાડવા માટે કર્યો જેથી સમભાવ વધે અને મૈત્રીભાવ અને શાંતિ જળવાઈ રહે.

**વર્તમાન સ્થિતિ :**

વિશ્વના અન્ય ધર્મોમાં જૈન ધર્મનું ઉત્તમ સ્થાન છે. તે વૈજ્ઞાનિક તથ્યોથી સુસજ્જ છે.

સ્થાનાંગ સૂત્રમાં આત્માર્થી સંતોને દશ ધર્મની સાથે ગ્રામ્ય ધર્મ, કુળધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ, ગણધર્મ, સંઘધર્મ, સૂત્રધર્મ, વ્રતધર્મ, ચારિત્રધર્મ અને વિશ્વધર્મ ઉપર પણ ભાર આપ્યો છે.

વર્તમાન યુગની આપણી એક મોટી મર્યાદા સંપ્રદાયવાદ છે. આપણે વાડાઓમાં વહેંચાઈ ગયા છીએ અને તેમાં કેદ થઈ ગયા છીએ. તેથી આપણે ખૂબ નબળા પડી ગયા છીએ.

બાળકો અને યુવાનોની મુંઝવણો, માગણીઓ, આવશ્યકતાઓ સમજી એનું સમાધાન શોધી આપીશું તો યુવાવર્ગને સાચા ધર્મથી વિમુખ થતો રોકી શકીશું.

*પુરાણી ઔર નયી રોશની મેં ફરક ઈતના હૈ,*

*ઉસે કિશ્તી નહીં મિલતી, ઈસે સાહિલ નહીં મિલતા !*

જૈન ધર્મનું ધાર્મિક બંધારણ અને જૈનોની સામાજિક વ્યવસ્થાઓ તથા જીવનશૈલી ઘણી જ સુસજ્જ છે, માત્ર બાહ્ય રીતે દેખાતું તન્ત્ર જો સુસંગઠિત થાય અને જે ખામીઓ દેખાય છે તે દૂર કરાય તો એ પ્રબુદ્ધ વર્ગ જૈનતત્ત્વથી ચોક્કસ પ્રકારે પ્રભાવિત થઈ શકે છે. સાથોસાથે આપણે ધાર્મિક, સામાજિક, નૈતિક અને સાંસ્કૃતિક લાભો મેળવી શકીએ તેમ છીએ.

* * *

બી-૩/૧૬, પરેરા સદન, નટરાજ સ્ટુડિયો સામે, એમ. વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૯. મો. : ૯૭૫૭૧૨૪૨૮૨.

# અનેકાન્તવાદ અને ઉપનિષદની દાર્શનિક વિચારણા

☐ ડૉ. નિરંજના જોષી

*[ ડૉ. નિરંજના જોષી અધ્યાપક છે, સંસ્કૃત અને ગુજરાતી ભાષા સાહિત્યના જાણકાર, ગીતા અને અન્ય વેદિક સાહિત્યનું જ્ઞાન ધરાવે છે. સર્જનાત્મક અને વિવેચનાત્મક લેખો લખે છે. પ્રસ્તુત લેખમાં ઉપનિષદની સાથે અનેકાન્તનો તુલનાત્મક સાર રજૂ કર્યો છે. ]*

जन्तूनां नरजन्म दुर्लभमत: पुंस्त्वं ततो विप्रता
तस्माद्वैदिकधर्ममार्गपरता विद्वत्वमस्मात् परम ।
आत्मानात्मविवेचनं स्वनुभवो ब्रह्मात्मना संस्थिति:
मुक्तिर्नो शतकोटिजन्मसु कृतै: पुण्यैर्विना लभ्यते ।।

પ્રાણીમાત્ર માટે નરજન્મ દુર્લભ છે. એથી યે દુર્લભ પુરુષજન્મ (નવદ્વારે પુરે દેહિ ઇતિ નરઃપુરુષઃ) છે. તેમાંય વિદ્યાપરાયણ (વિપ્ર) થવું કઠણ છે. એનાથી યે વેદપ્રતિપ્રાદિત ધર્મમાર્ગે જવું અઘરું છે. એથીયે મુશ્કેલ શાસ્ત્રતત્ત્વને પિછાણવું–વિદ્વત્તા હોવી એ છે. એથીયે અઘરો આત્મા અને અનાત્મા વિવેક–બે વચ્ચેના ભેદની સમજ–છે. ત્યાર પછી આત્માનુભૂતિ શક્ય બને છે. તેમ જ આત્મા જ બ્રહ્મ છે, પરમાત્મા છે એવી અનુભૂતિ થાય છે, તેનું જ નામ મોક્ષ; જે સો કરોડ જન્મના સદાચારથી કમાયેલાં પુણ્ય વિના મળતો નથી.

મનુષ્ય તરીકે જન્મ લેવો પર્યાપ્ત નથી. એની દુર્લભતા સમજવાવાળાએ તેને સાર્થક કરવાનું લક્ષ્ય સેવવું પડે છે. એ લક્ષ્યસિદ્ધિ માટે ઋષિઓ, આચાર્યો, મુનિઓએ માર્ગદર્શિકા–આચારસંહિતા–ઘડી કાઢી છે તેનું શ્રવણ, મનન, નિદિધ્યાસન (એકાગ્રતાપૂર્વક સતત ચિંતન) કરવાથી નરમાંથી નારાયણ અને પુરુષમાંથી પુરુષોત્તમ બની શકાય છે. તેથી જ કહ્યું છેઃ

दुर्लभं त्रयमेयैतद् देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षत्वं महापुरुषसंश्रय: ।।

હવા અને આકાશ જેવો સર્વત્ર વ્યાપક એવો શુદ્ધ ધર્મ માનવી માત્રને સ્વતંત્ર વિચારક બનવા દઈ તેને ગુણવાન, ચારિત્ર્યશીલ, નમ્ર તથા સાચા સેવક બનવા તરફ દોરે છે.

જિન એટલે આત્મવિજયી; જે અર્હંત તરીકે પણ ઓળખાય છે. સંસ્કૃતમાં અર્હ્ ધાતુનો અર્થ જ યોગ્ય હોવું, પાત્રતા હોવી–એવો થાય છે. દા. ત. માનાર્હ એટલે માન આપવાને યોગ્ય. જિનમાંથી આવેલા જૈનમૂલ્યોમાં કેવલિન્ (સંપૂર્ણ જ્ઞાની), નિર્ગ્રંથ (અનાસક્ત), શ્રમણ (સૌમ્ય સ્વભાવધારી) અને તીર્થંકર (ભવસાગરતારક)–આ સર્વની ગણના થાય છે. જિન અને અર્હંત અનેક છે, પણ તીર્થંકરો ચોવીસ મનાય છે. માનવ સંસ્કૃતિ અને ધર્માચરણના સ્થાપક, કર્મયુગના આરંભક ઋષભદેવ માનવજાતના અગ્રેસર ગણાય છે. છેલ્લા ત્રણ તીર્થંકરો–અરિષ્ટનેમિ (વાસુદેવ કૃષ્ણના રક્તસંબંધી બંધુજન), પાર્શ્વનાથ અને વર્ધમાન મહાવીર મનાય છે. આ સર્વ તીર્થંકરો સામાન્ય નર તરીકે જન્મ્યા હતા, છતાં દુન્યવી સુખો છોડી આત્મસંયમ, બ્રહ્મચર્ય અને ચિત્તૈકાગ્ર્ય દ્વારા તેઓ આત્મવિજયી બન્યા. આધ્યાત્મિક વિકાસની આડે આવતા પરિબળો અને પ્રભાવોનો ઉચ્છેદ કરી આત્મસાક્ષાત્કાર કરી પૂર્ણાનુભૂતિ પામ્યા. સમસ્ત ચેતનસૃષ્ટિને કલ્યાણ અને સુખપ્રદાન કરવા સ્વાનુભૂતિનો બોધ આપ્યો.

વેદોના સારરૂપ હોવાથી વેદાંત તરીકે ઓળખાતા ઉપનિષદોના મંત્રદષ્ટા ઋષિઓએ વેદાંતવિદ્યા જેવો અમૂલ્ય નિધિ માનવસમાજને ધરી દીધો. આ અમૂલ્ય નિધિને પ્રાપ્ત કરવાના અધિકાર માટે બહિર્‌રંગ અને અંતરંગ સાધનોને આત્મસાત્ કરવાની અનિવાર્યતા સમજાવી. બહિર્‌રંગ સાધનોમાં વિવેક (–નિત્ય અને અનિત્ય વસ્તુઓના ભેદની સમજ–), વૈરાગ્ય (–ઇહલોક અને પરલોકના ભોગો પ્રત્યે અનાસક્તિ–), પટ્ સંપત્તિ (શમ, દમ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન અને ઉપરતિ), મુમુક્ષા (મુક્તિની ઉત્કટ ઇચ્છા). આ બાહ્ય સાધનોને આત્મસાત કર્યા પછી જ અંતરંગ સાધનો (શ્રવણ, મનન, નિદિધ્યાસન) અપનાવવાની પાત્રતા મળે છે.

આમ જૈન તીર્થંકરો અને મંત્રદષ્ટા ઋષિઓએ આત્મશોધન દ્વારા પરમપદ પ્રાપ્તિને જ પરમ લક્ષ્ય માન્યું છે. બંને દર્શનોના મૂળભૂત વિષયો અંગેના સિદ્ધાંતો કદાચ ઉપલક દૃષ્ટિએ ભિન્ન જણાય, પણ અંતિમ લક્ષ્ય અંગે બંને દર્શનો એકમત જણાય છે. સૃષ્ટિની ઉત્પત્તિ, આત્મા, કર્મમીમાંસા વગેરે વિષયો અંગેની બંને દર્શનોની વિચારણા અભ્યાસ માગી લે છે.

સૃષ્ટિના ઉદ્‌ગમસ્થાન અને તેના સ્વરૂપ વિષે ઋગ્વેદના દીર્ઘતમા ઋષિ કહે છેઃ एकं सत् विप्रा बहुधा वदन्ति–અર્થાત્ સત્ તો એક છે, કિન્તુ વિદ્વાનો તેનું વર્ણન વિવિધ શબ્દો દ્વારા કરે છે. વેદોમાં બે ભાગ છે. એક અદ્વૈત વેદાંત અને બીજું દ્વૈત વેદાંત. દ્વૈત વેદાંત જીવ, ઈશ્વર અને જગતને સંપૂર્ણપણે પૃથક્ તત્ત્વરૂપે માને છે. જ્યારે શંકરાચાર્યે એ જ વેદોપનિષદના આધારે સત્‌ને એક અને અદ્વૈત કહ્યું. ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापर:–એમ કહી નિત્ય-અનિત્યના વિવેકનું પ્રમાણ આપ્યું.

ઋગ્વેદના નાસદીયસૂક્તમાં ઋષિવચનોમાં આપણને સમન્વયવાદી દૃષ્ટિની ઝલક જોવા મળે છે. આદિમ વેદ ઋગ્વેદની અનંત શાખાઓના ૧૦૧૮ સૂક્તોમાંના આ એક નાસદીય સૂક્ત ઋગ્વેદના દસમા મંડલમાં ૧૨૯મું સ્થાન ધરાવે છે. આ સૂક્તમાં સૃષ્ટિની ઉત્પત્તિનું રહસ્ય વર્ણવાયું છે. સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે એટલે જરૂર તેનો ઉત્પાદક હોવો જોઈએ. બ્રહ્મ સૃષ્ટિના ઉત્પાદક કારણ છે

કે નિમિત્ત કારણ ? આ પ્રશ્નનો જવાબ આ સૂક્તમાં છે. સૃષ્ટિ સર્જન પહેલાં नासदासीत् નો सदासीत् तदानी–અસત્ પણ નહોતું અને સત્ પણ નહોતું એટલે તેનું નામ ન આસીત્–નાસદીય સૂક્ત પડ્યું. આકાશ, પૃથ્વી, જળ–કંઈ નહોતું. રાત્રિ અને દિવસ જેવો ભેદ પણ ત્યારે નહોતો. એક અહોરાત્રિ એટલે ૨૧,૬૦૦ શ્વાસોચ્છ્વાસ અને ૧૬૨૦૦ નિમિષ-પલકારા. સામાન્યતઃ સુદૃઢ અને નિરોગી મનુષ્યના ૨૪ કલાકમાં જેટલા શ્વાસોચ્છ્વાસ થાય તે ઉપરથી ઋષિઓએ કાળમાપન કર્યું છે. તેને 'પ્રાણાદિમૂર્તસંજ્ઞાત્મક કાળ' કહેવામાં આવે છે. અને એક દિવસમાં આંખની પાંપણ માણસ કેટલી વખત ઉઘાડબંધ કરે છે, તેને 'ત્રુટ્યાદિઅમૂર્તસંજ્ઞાત્મક કાળ' કહે છે. આ કાળનું પણ સૃષ્ટિના સર્જન પહેલાં અસ્તિત્વ નહોતું. તે કાળે ફક્ત તિમિર હતું. आसीत् तमसा गूढमग्रेऽप्रकेतं सलिलं सर्वमा इदम्–ટૂંકમાં સૃષ્ટિના સર્જન-વિસર્જન માટે નિમિત્ત ભગવદ્વિભૂતિ તે મહાકાળ છે. એટલે જ ગીતાકારે પણ આ જ મહાકાળને પોતાની વિભૂતિ ગણાવી છે. कालोऽस्मि लोकक्षयकृत् प्रवृद्ध। –૧૦–

આમ વેદકાળમાં સૃષ્ટિસર્જનના મૂળભૂત કારણો આ પ્રમાણે જણાવ્યા છે. વેદ પછી ઉપનિષદકાળ શરૂ થયો. ઉપનિષદમાં પણ સૃષ્ટિના ઉદ્ગમ બાબત વિશદ ચર્ચા થઈ છે. બૃહદારણ્યક, છાંદોગ્ય અને કઠોપનિષદમાં આપણને ભિન્ન મતો જોવા મળે છે.

ક્યાંક વાયુથી, ક્યાંક જલથી તો ક્યાંક પ્રાણથી ઉત્પત્તિ બતાવી છે. મતમાં ભિન્નતા દેખાતી હોવા છતાં કોઈ જ દ્રષ્ટા જડત્વ યા અચેતન તત્ત્વથી આ સૃષ્ટિનું સર્જન થયેલું માનતું નથી. પણ સૃષ્ટિના મૂળમાં અવશ્ય કોઈ ચેતન તત્ત્વ છે, તેનો સ્વીકાર કરે છે.

મહર્ષિ પિપ્પલાદ પ્રશ્નોપનિષદમાં કહે છેઃ तस्मै स होवाच प्रजाकामो वै प्रजापतिः। स तपोऽतप्यत स तपः तप्त्वा मिथुनमुत्पादयते । रयिंच प्राणं चेत्येतौ मे बहुधा पगरजाः करिष्यत।–પ્રજાપતિને સૃષ્ટિના આરંભકાળમાં પ્રજા ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ. અને તેમણે સંકલ્પસૂત્ર તપ કર્યું. તપથી તેમણે સર્વપ્રથમ રવિ (ચંદ્ર) અને પ્રાણ (સૂર્ય) ઉત્પન્ન કર્યા. તે બંને વિવિધ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરે એવો તેમનો ઉદ્દેશ હતો. ધન અને ઋણની જેમ (વિધેયાત્મક અને નિષેધાત્મક) પ્રાણ અને રવિના સંયોગથી સૃષ્ટિનું સમસ્ત કાર્ય સંપન્ન થાય છે. અન્યત્ર આ જ તત્ત્વોને અગ્નિ અને સોમ એવં પુરુષ તથા પ્રકૃતિ તરીકે ઓળખવામાં આવ્યા છે.

બૃહદારણ્યકોપનિષદમાં આત્માને મૂળ કારણ માની તેમાં જ तद् एतद् अर्धद्विदलं भवति–યાજ્ઞવલ્ક્યના आत्मा वा इदमेक अवाग्र आसीत्। नान्यात्किंचिनमिषत्। स ईक्षत लोकान्नु सृजा इति। દશ્યમાન, શ્રાવ્ય અને ગ્રહ્ય જડ-ચેતનમય પ્રત્યક્ષ જગતના રૂપમાં પ્રગટ થતાં પહેલાં કારણ અવસ્થામાં એક માત્ર પરમાત્મા જ હતા. તેમણે પ્રાણીમાત્રના કર્મફલભોગાર્થ ભિન્ન ભિન્ન લોકની રચના કરી.

તૈતિરીયોપનિષદમાં કહ્યું છેઃ सोऽकामयत। बहुस्यां प्रजायेयेति। પરબ્રહ્મ પરમાત્માએ જીવોના કર્માનુસાર સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો સંકલ્પ કર્યો. પછી સૃષ્ટિ સર્જી તેમાં પોતે પ્રવેશ કર્યો. પછી મૂર્ત-અમૂર્ત-સગુણ-નિર્ગુણરૂપે-પૃથ્વી, જલ, તેજ રૂપે આ ભૂતમાત્રમાં અને વાયુ એવં આકાશ–આ અદષ્ટ ભૂતોમાં પ્રગટ થયા. આમ દૃશ્ય અને અદશ્ય બધા સત્યસ્વરૂપ પરમાત્મા જ છે.

મણ્ડકોપનિષદમાં ત્રણ દૃષ્ટાંતો દ્વારા સમજાવવામાં આવ્યું છે કે પરબ્રહ્મ પરમેશ્વર જ આ જડ-ચેતનાત્મક સંપૂર્ણ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે. પહેલું કરોળિયાનું દૃટાંત આપી કહેવામાં આવ્યું છે કે -यशोर्णनाभिः सृजते गृह्णते च यथा पृथिव्यामोषधयः सम्भवन्ति ।૧:૭। જેમ કરોળિયો પોતાના મુખમાંથી નીકળતી લાળને બહાર કાઢી, વિસ્તારી જાળ બનાવે છે અને પછી તેને ગળી જાય છે, તે જ પ્રકારે તે પરબ્રહ્મ પરમેશ્વર પોતાની અંદર સૂક્ષ્મરૂપે લીન જડ-ચેતનરૂપ જગતને સૃષ્ટિના આરંભમાં વિવિધરૂપે ઉત્પન્ન કરી વિસ્તારે છે અને પ્રલયકાળે તેને પોતાનામાં ઓગાળી દે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાને સ્વમુખે આ જ વાત કહી છે. सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम्। कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ।૯:૭।

બીજા ઉદાહરણ દ્વારા ઉપનિષદકારે કહ્યું છેઃ પૃથ્વીમાં જે જે પ્રકારના અન્ન, ઘાસ, લતા વગેરે ઔષધિઓ ત્યાં ઉત્પન્ન થાય છે, તેમ સૃષ્ટિમાં કોઈ પક્ષપાત નથી. સૃષ્ટિના જીવોના ભિન્ન ભિન્ન પ્રકારના કર્મના બીજાનુસાર જ ભગવાન તેમને ભિન્ન ભિન્ન યોનિઓમાં ઉત્પન્ન કરે છે. તેથી તેમાં કોઈ જ પ્રકારની વિષમતા નથી. (બ્રહ્મસૂત્ર : ૨/૧/૩૪)

ત્રીજા ઉદાહરણ દ્વારા–यथा सतः पुरुषात् केशलोमानि तथाक्षरात् सम्भवतीह विश्वम्-સમજાવ્યું છે કે જેમ મનુષ્યના જીવિત શરીરથી તદ્દન વિલક્ષમ એવા કેશ, રૂંવાટાં અને નખ આપમેળે ઉત્પન્ન થાય છે અને વૃદ્ધિ પામે છે, તેને માટે કોઈ પ્રયત્ન નથી કરવો પડતો, તે જ રીતે પરબ્રહ્મ પરમાત્માથી આ સૃષ્ટિ સ્વભાવથી જ સમયસર ઉત્પન્ન થઈ જાય છે અને વિસ્તાર પામે છે. તેને માટે જન્મવા કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. શ્રીમદ્ ભગવદ ગીતામાં પણ ભગવાને કહ્યું છેઃ मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम्। ૯:૧૦। न मां कर्माणि लिप्यन्ति न मे कर्मफले स्पृहा। ૪:૧૪। હું આ જગતનો સર્જક હોવા છતાં પણ અકર્તા છું.

શ્વેતાશ્વેતરોપનિષદમાં બ્રહ્મજિજ્ઞાસુઓ અંદરોઅંદર ચર્ચા કરીને એ નિષ્કર્ષ પર આવ્યા છે કે કાળ, સ્વભાવ, કર્મ, પંચમહાભૂત કે જીવાત્મા સુધીના સૃષ્ટિસર્જન પાછળના કારણોના જે અધિષ્ઠાતા–સ્વામી – છે, અર્થાત્ એ બધા જેમની આજ્ઞા અને પ્રેરણા મેળવી, જેમની શક્તિનો એકાદ અંશ લઈને પોતપોતાના કાર્યમાં સમર્થ થાય છે. તે એક સર્વશક્તિમાન પરમેશ્વર જ આ સૃષ્ટિનું વાસ્તવિક કારણ છે, અન્ય કોઈ નહીં. यः कारणानि निखिलानि तानि कालात्मयुक्ता

न्यधितिष्ठत्येक ।१:३।

આમ ઉપનિષદોમાં અનેક પરસ્પર વિરોધી મતોનું મૂળ 'બ્રહ્મ' યા 'આત્મા' જ ઠરે છે. એ વિરોધો વચ્ચેના તાર્કિક સમન્વયાત્મક દૃષ્ટિકોણને કારણે જ તેનું વર્ણન અનિર્વચનીય, અવ્યક્ત, અવિકારી, નિરાકાર, અવિનાશી, નિરિન્દ્રિય, અજર, અમર, નિર્ભય વગેરે શબ્દોમાં કરવામાં આવ્યું. વિરોધી ધર્મોને અપેક્ષાભેદથી એક જ ધર્મમાં અપનાવી લેવામાં આવ્યો છે. અહીં જ અનેકાંતવાદના ઉદ્ગમનું નિમિત્ત અને પૂરક બળનું દર્શન થાય છે. જૈન દાર્શનિકોને એ ઔપનિષદિક સમાધાનોમાં અનેકાંત દૃષ્ટિના પ્રતિપાદન માટે સહયોગ મળ્યો હોય એવો સંભવ છે.

ઈશાવાસ્યોપનિષદમાં तदेजति तन्नैजति तद् दूरे तदन्तिके तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यत:। કહ્યું છે : પરબ્રહ્મ અંતર્યામી હોવાને કારણે ચાલે પણ છે અને નથી પણ ચાલતા, એક જ કાળમાં પરસ્પર વિરોધી ભાવ, ગુણ તથા ક્રિયા જેનામાં રહી શકે છે, તે જ પરબ્રહ્મ છે. સગુણસાકારની લીલા તેમનું 'ચાલવું' અને નિર્ગુણ નિરાકારતા તેમની 'અચલતા' છે. એ જ રીતે બીજો અર્થ એમ પણ થઈ શકે કે શ્રદ્ધા–પ્રેમરહિત માટે તે 'દૂરાતિદૂર' છે અને શ્રદ્ધા–પ્રેમયુક્ત માટે તે 'નિકટતમ' છે.

શ્વેતાશ્વેતરોપનિષદમાં संयुक्तमेतत्क्षरमक्षरंच व्यक्ताव्यक्तंभरते विश्वमीश: अनीश्वरात्मा बध्यते भोक्तृभावाज्ज्ञात्वा देवं मुच्यते सर्वपाशा ।।१:८।। કહ્યું છે:

જીવાત્મા સૃષ્ટિના વિષયોનો ભોક્તા બની રહેવાને કારણે પ્રકૃતિને અધીન થઈ એની મોહજાળમાં ફસાઈ જાય છે. અને પરમાત્મા તરફ દૃષ્ટિપાત જ નથી કરતો. જ્યારે તે પરમેશ્વરની કૃપાથી મહાપુરુષસંશ્રય કરી પરમતત્ત્વને જાણવા માટે અભિલાષા રાખી નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે ત્યારે તે બધા પ્રકારના બંધનોમાંથી સદાકાળ મુક્ત થઈ જાય છે. જીવની ત્રણ અવસ્થા–સિદ્ધ, મુક્ત અને બદ્ધ-માંથી બદ્ધ અવસ્થા જન્તો ર્નિહિતો ગુહાયામ્-માં વ્યક્ત કરી છે.

મુણ્ડકોપનિષદમાં आवि: संनिहितं गुहाचरं नाम महत् पदम् । अत्र एतत् समर्पितम्।(૨:૧) સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સર્વવ્યાપી પરમેશ્વર પ્રકાશસ્વરૂપ છે. તે હૃદયરૂપી ગુફામાં રહે છે. તે સત્ અને અસત્ અર્થાત્ કાર્ય અને કારણ એવં પ્રકટ અને અપ્રકટ–બધું જ છે.

ઉપરોક્ત મંત્રોમાં વિધિ અને નિષેધ બંને પક્ષોનો વિધેયાત્મક સમન્વય થયો છે. ઋગ્વેદના ઋષિએ બંને વિરોધી પક્ષોનો અસ્વીકાર કરી નિષેધાત્મક રીતે ત્રીજા અનુભવ પક્ષને (નેતિ નેતિ કહી) ઉપસ્થિત કર્યો છે; જ્યારે ઉપનિષદોના મંત્રદ્રષ્ટા ઋષિઓએ બંને વિરોધી પક્ષનો સમન્વય કરી વિધેયાત્મક દૃષ્ટિકોણથી કોઈપણ મતનું ખંડન ન કરતાં ઉભયમતમંડન કર્યું છે. અહીં જ સમન્વયવાદના મૂળ જોવા મળે છે.

સૃષ્ટિ સર્જન પ્રક્રિયા અંગે જૈન દર્શન કહે છે: 'જગત અનાદિ અને અનંત છે. તેની માત્રા નથી ઘટતી, નથી વધતી. કેવળ રૂપાંતર થાય છે. તેઓ સૃષ્ટિ સ્થિતિમાં મૂળ દસ સૂત્રો માને છે.

પુનર્જન્મ : જીવ મર્યા બાદ ફરી ફરી જન્મ લે છે.

કર્મબંધન : જીવ સદા કર્મ બાંધે છે.

મોહનીય-કર્મબંધ : જીવ સદા નિરંતર મોહનીય કર્મ બાંધે છે.

જીવ-અજીવનો અત્યંતાભાવ : જીવ અજીવ થઈ જાય કે અજીવ જીવ થઈ જાય એવું ન તો થયું છે અને ન તો થવાની શક્યતા છે.

ત્રસ સ્થાવર–અવિચ્છેદ : બધા ત્રસ જીવ સ્થાવર બની જાય યા બધા સ્થાવર જીવ ત્રસ બની જાય યા બધા જીવ કેવળ ત્રસ અથવા કેવળ સ્થાવર બની જાય–એવું ન તો બન્યું છે, ન બનવાની શક્યતા છે અને ન કદી બનવાનું છે.

લોકાલોક પૃથકત્વ : આવું ન તો થયું છે, ન ભાવ્ય છે કે ન કદી થશે કે લોક અલોક થઈ જાય અને અલોક લોક થઈ જાય.

લોકાલોક અન્યોન્યાડન્ય પ્રવેશ : એવું ન તો બન્યું છે, ન ભાવ્ય છે અને ન કદી બનશે કે લોક અલોકમાં પ્રવેશ કરે અને અલોક લોકમાં પ્રવેશ કરે.

લોક અને જીવોનો આધાર-આધેય સંબંધ : જેટલા ક્ષેત્રનું નામ લોક છે, એટલા ક્ષેત્રમાં જીવ છે અને જેટલા ક્ષેત્રમાં જીવ છે, તેટલા ક્ષેત્રનું નામ લોક છે.

લોક મર્યાદા : જેટલા ક્ષેત્રમાં જીવ અને પુદ્ગલ ગતિ કરી શકે છે, એટલું ક્ષેત્ર લોક છે અને જેટલું ક્ષેત્ર લોક છે તેટલા ક્ષેત્રમાં જીવ અને પુદ્ગલ ગતિ કરી શકે છે.

અલોક-ગતિ-કારણાભાવ : લોકના બધા અંતિમ ભાગોમાં આબદ્ધ પાર્શ્વસ્પૃષ્ટ પુદ્ગલ છે. લોકાંતના પુદ્ગલ સ્વભાવને કારણે ગતિમાં સહાયતા કરવાની સ્થિતિમાં સંઘટિત નથી થઈ શકતા. તેની સહાયતા વગર જીવ અલોકમાં ગતિ નથી કરી શકતા.' (જૈન દર્શનમાં તત્ત્વમીમાંસા')

યુવાચાર્ય મહાપ્રજ્ઞના મતે વિકાસ અને હ્રાસ જીવ અને પુદ્ગલ – આ બે દ્રવ્યોમાં થાય છે. પુદ્ગલ અચેતન છે, તેથી તેનો વિકાસ કે હ્રાસ ચૈતન્યપ્રેરિત નથી થતો. જીવના વિકાસ અને હ્રાસની આ વિશેષતા છે. તેનામાં ચૈતન્ય હોય છે એટલે તેના વિકાસ-હ્રાસમાં બાહ્ય ઉપરાંત આંતરિક પ્રેરણા પણ હોય છે. આત્મજનિત આંતર પ્રેરણાથી આધ્યાત્મિક વિકાસ થાય છે અને શરીર જનિતથી શારીરિક વિકાસ.

'બધા જ પ્રાણી, જીવ કર્મના પ્રભાવથી જ વિભિન્ન અવસ્થાઓને પ્રાપ્ત કરે છે. કર્મ જ તેમની ઉત્પત્તિ, સ્થિતિ અને ગતિનું આદિ કારણ છે. ગતિની દૃષ્ટિએ પ્રાણી બે ભાગમાં વિભક્ત છે. સ્થાવર અને ત્રસ. ત્રસ જીવોમાં ગતિ, અગતિ, ભાષા, ઈચ્છા–વ્યક્તિકરણ આદિ ચૈતન્યના સ્પષ્ટ લક્ષણો પ્રતીત થાય છે. એટલે તેમની સચેતનામાં કોઈ સંદેહ નિર્માણ નથી થતો. સ્થાવર જીવોમાં જીવના વ્યાવહારિક લક્ષણ સ્પષ્ટ પ્રતીત નથી થતા, તેથી તેમની સજીવતા

ચક્ષુગ્રાહ્ય નથી. જૈન સૂત્ર કહે છે: પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ–આ પાંચે સ્થાવર કાય જીવ છે. વેદાંતની ભાષામાં બધા પદાર્થોમાં એક જ ચેતન પ્રવાહિત છે. જૈન ભાષામાં સમગ્ર સંસાર અનંત જીવોથી વ્યાપ્ત છે. એક અણુમાત્ર પ્રદેશ પણ જીવરહિત નથી.' ('જૈનદર્શન મેં તત્ત્વમીમાંસા'–યુવાચાર્ય મહાપ્રજ્ઞ)

જૈન દર્શન સર્જક દ્વારા સૃષ્ટિના સર્જનમાં માનતું નથી. સૃષ્ટિ અને તેના ઘટકો–આત્મા, પદાર્થ, અવકાશ, કાળ અને ગતિના સિદ્ધાંતો–અસ્તિત્વ ધરાવે છે. બધા જ ઘટકો અને કર્મો વૈશ્વિક પ્રાકૃતિક નિયમો દ્વારા સંચાલિત છે. અસત્‌માંથી (અનસ્તિત્વ) પદાર્થને ઉત્પન્ન કરવો શક્ય નથી. તેથી સૃષ્ટિના સમગ્ર પદાર્થો (સામૂહિક રીતે ઉત્પત્તિ કે વિલય પામી શકતા નથી.) યથાવત્ જ રહે છે. સૃષ્ટિ સજીવ અને નિર્જીવની બનેલી છે. દરેક સજીવનો આત્મા અનન્ય અને અનુત્પાદિત છે અને આદિકાળથી અસ્તિત્વ ધરાવે છે.

જૈન દર્શનના કાર્યકારણભાવના સિદ્ધાંત મુજબ કારણ અને તેના પરિણામો હંમેશાં સ્વભાવે સરખા હોય છે. તેથી પરબ્રહ્મ જેવું જાગૃત (સજાગ) તત્ત્વ અસાર (બિનજરૂરી) સૃષ્ટિ જેવું સારભૂત તત્ત્વ ન સર્જી શકે. દિવ્યતા કે દૈવી તત્ત્વની બાબતમાં પણ તેઓ માને છે કે જે (જીવ) કર્મો અને વાસનાનો નાશ કરે છે, તેને જ મોક્ષ (મુક્તિ-નિર્વાણ) મળે છે. વાસના અને કામના રહિત જીવને સૃષ્ટિના કારભારમાં દખલગીરી કરવાનું મન થતું નથી. દિવ્ય જીવને માટે પુણ્ય-પાપ રસનો વિષય જ નથી, પરંતુ બ્રહ્માંડમાં જન્મજાત નૈતિક આદેશોમાં ફળ સ્વયં સંચાલિત યંત્રણા છે; જ્યાં પ્રત્યેક વાવે તેવું લણે છે. પોતાના કર્મોના પરિણામ તેણે ભોગવવા પડે છે.

જૈન દર્શન યુગોથી સર્જક અને સર્વશક્તિમાન પરબ્રહ્મની ભાવનાનો અસ્વીકાર કરતું આવ્યું હોવાથી તેની ગણના 'નાસ્તિક દર્શન' થાય છે. કારણ તેમાં બ્રહ્માંડ વિજ્ઞાનમાં, કર્મશાસ્ત્રમાં, મોક્ષવિષયમાં, નૈતિક ચારિત્ર્યમાં દરેક દાર્શનિક પરિમાણોમાં અસર્જકતાનો અને દૈવીકૃપાનો અભાવ જોવા મળે છે. જૈન દર્શન પ્રતિપાદન કરે છે કે ધાર્મિક અને સદાચારી જીવન સર્જક પરબ્રહ્મ વિના પણ શક્ય છે. આદિ અને અંત વગરના વિવિધ આકાર ધરાવતો પદાર્થ એટલે સૃષ્ટિ એમ જૈન દર્શન માને છે. તેમના મતે આ સૃષ્ટિ છ તત્ત્વોથી બનેલી છે. સજીવ, નિર્જીવ, ધર્મતત્ત્વ, અધર્મતત્ત્વ, આકશ અને કાલ.

ધર્મની વિભાવના કહી છે – વત્થુ સહાયોધમ્મો – પદાર્થનો અંતર્ગત (મૂળભૂત) સ્વભાવ એ જ સાચો ધર્મ! તેઓ કહે છે: પરબ્રહ્મ ખરેખર સર્જક હોય, તો ચેતન અને અચેતન એવા બે વિરોધી પરિણામો માટે એક જ ઉપાદાન કેવી રીતે હોઈ શકે? આમ તાર્કિક રીતે અસાર (immaterial) સૃષ્ટિ જડ પદાર્થોની બનેલી છે, તેથી તેમને તેના સર્જક પરબ્રહ્મને માનતાં રોકે છે. આમ જૈન દર્શન અને non-creationism – એકબીજાના પર્યાય ગણાય છે.

મનુષ્ય સર્વોત્કૃષ્ટ પ્રાણી છે, કારણ તે વિચારશીલ, મનનશીલ, પ્રાણી છે. તેણે વિચારી, સમજી તત્ત્વનું અન્વેષણ કર્યું. તેમાંથી બે વિચારપ્રવાહ નીકળ્યા. ક્રિયાવાદ અને અક્રિયાવાદ. આત્મા, પુનર્જન્મ, મોક્ષ પર વિશ્વાસ કરવાવાળા 'ક્રિયાવાદી' અને ન કરવાવાળા 'અક્રિયાવાદી' તરીકે ઓળખાયા. ક્રિયાવાદી વિચારધારામાં વસ્તુસ્થિતિ સ્પષ્ટ થઈ. લોકોએ સંયમમાર્ગ પસંદ કર્યો. ત્યાગ-તપસ્યા જીવનમાં ઊતાર્યા. અક્રિયાવાદી વિચારપ્રણાલીથી વસ્તુસ્થિતિ પર આવરણ છવાઈ ગયું. લોકો ભૌતિકસુખ તરફ વળ્યા. ક્રિયાવાદીએ વિચાર્યું આત્માના અસ્તિત્વમાં સંદેહ ન કરવો. તે અમૂર્ત છે. તેથી ઇન્દ્રિયગ્રાહ્ય નથી, નિત્ય છે. અક્રિયાવાદીના મતે પંચમહાભૂતમાંથી ચૈતન્ય યા આત્મા પેદા થાય છે. તેઓ માને છે કે જીવાત્મા કોઈ જીવંત પદાર્થ નથી. જેમ અરણિના લાકડામાંથી અગ્નિ, દૂધમાંથી ઘી અને તલમાંથી તેલ નીકળે છે, તેમ જ પંચમહાભૂતાત્મક શરીરમાંથી જીવ ઉત્પન્ન થાય છે. શરીર નષ્ટ થયા બાદ આત્મા જેવી કોઈ વસ્તુ રહેતી નથી.

આત્મતત્ત્વ ભારતીયદર્શનનું પ્રધાન અંગ ગણાય છે. આત્મવાદીઓએ બહુમુખી તર્કો દ્વારા આત્મા અને પુનર્જન્મનું સમર્થન કર્યું છે. સ્વસંવેદન, અત્યંતાભાવ, ઉપાદાનકારણ, સત્પ્રતિપક્ષ, બાધક પ્રમાણનો અભાવ, સત્‌નો નિષેધ (આત્મા નથી એમાં આત્માનો નિષેધ નથી, કિન્તુ તેનું કોઈની સાથે થવાવાળા સંયોગનો નિષેધ છે), ઇન્દ્રિય પ્રત્યક્ષની વિકલતા, ગુણ દ્વારા ગુણીનું ગ્રહણ, વિશેષગુણ (ચૈતન્ય) દ્વારા સ્વતંત્ર અસ્તિત્વનો બોધ, સંશય, દ્રવ્યની ત્રિકાલાત્મકતા, સંકલનાત્મકતા (પાંચે ઇન્દ્રિયોનું સંકલનાત્મક જ્ઞાન), સ્મૃતિ (આત્માના અભાવમાં ઇન્દ્રિયો અને મન બંને નિષ્ક્રિય થઈ જાય), જ્ઞેય અને જ્ઞાતાનું પૃથકત્વ (કુંભાર, ઘડો અને માટી), પૂર્વ સંસ્કારની સ્મૃતિ વગેરે અનેકવિધ તર્કો દ્વારા આત્મતત્વ અને પુનર્જન્મનું સમર્થન કર્યું છે.

ભારતીય દર્શન પ્રાયઃ જીવ અને આત્મામાં ભેદ માને છે. તેઓએ આત્માના સ્વરૂપપર મુખ્યત્વે મોક્ષની દૃષ્ટિએ વિચાર કર્યો છે. પુનર્જન્મની સિદ્ધિ માટે આત્માની અમરતા માનવી આવશ્યક પર્યાય છે. ઉપનિષદોમાં આત્માની કલ્પના વિવિધ રૂપોમાં જોવા મળે છે. અને તેના અસ્તિત્વની સિદ્ધિ અને સ્વરૂપના નિરૂપણનો પ્રયત્ન દેખાય છે. કઠોપનિષદમાં નચિકેતાએ યમ પાસેથી અનેક પ્રલોભનોને ઠુકરાવી આત્મવિદ્યા પ્રાપ્ત કર્યાનું વર્ણન છે. બૃહદારણ્યકોપનિષદમાં યાજ્ઞવલ્ક્ય પાસેથી મૈત્રેયી આત્માસંબંધી જ્ઞાન પ્રાપ્ત કરે છે કે આત્મા જ દર્શનીય, શ્રવણીય, મનનીય અને ધ્યાન કરવા યોગ્ય છે. આત્મા વા અરે દ્રષ્ટવ્ય: શ્રોતવ્ય: મન્તવ્ય: નિદિધ્યાસિતવ્યો (૨:૪:૫) છાન્દોગ્યોપનિષદમાં કહ્યું છેઃ આત્મતત્વ જ એક એવું તત્વ છે જેના જ્ઞાન વિના સમસ્ત જ્ઞાન એવં વિદ્યા વ્યર્થ થઈ જાય છે. નારદ મુનિ સનત્કુમારને કહે છે કે તેઓ પોતે સર્વવિદ્યાઓના જ્ઞાતા હોવા છતાં

શોકાકુલ હતા. કારણ તેઓ આત્મતત્વને જાણતા નહોતા. છાન્દોગ્યોપનિષદમાં આત્માનું સ્વરૂપ પાપથી નિર્લેપ, જરા-મરણ-શોકરહિત, ક્ષુધાતૃષારહિત કહ્યું છે. બૃહદારણ્યકોપનિષદમાં આત્માને કર્તા તથા જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થાઓમાં, મૃત્યુ અને પુનર્જન્મમાં એક સામાન રહેવાવાળો અને આત્મા અમૂર્ત અને અનુભવાતીત છે એમ કહ્યું છે. મુણ્ડકોપનિષદમાં ચંદ્ર અને સૂર્યને આત્માના ચક્ષુ, અંતરિક્ષ અને દિશાઓને તેનાં કાન અને વાયુને તેનો ઉચ્છ્વાસ કહ્યાં છે. આમ ઉપનિષદમાં આત્માને અજન્મા, નિત્ય, શાશ્વત, પુરાતન કહ્યો છે. આત્માને રથી, શરીરને રથ, મનને લગામ, ઇન્દ્રિયોને અશ્વ તથા વિષયોને માર્ગ કહ્યાં છે. બૃહદારણ્યકમાં આત્માને સર્વપ્રિય કહ્યો છે. કઠોપનિષદમાં આત્માને અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન અને હૃદયરૂપી ગુહામાં રહેવાવાળો કહ્યો છે. તૈતિરીયોપનિષદમાં આત્માને સર્વવ્યાપક કહ્યો છે. શ્વેતાશ્વેતરોપનિષદમાં આત્માને અંગુષ્ઠમાત્ર, સોયની અણી જેટલો, કેશના અગ્રભાગના હજારમાં ભાગ જેટલો કહ્યો છે. જીવાત્મા કર્મોનો કર્તા, ભોક્તા, સુખાદિ ગુણવાળો, પ્રાણોનો સ્વામી કહ્યો છે. આત્માની ચાર અવસ્થાઓ–જાગૃત સ્વપ્ન, સુષુપ્તિ, તુરીય; આત્માના પાંચ કોષ–અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય તથા આનન્દમય કોષ–ઉપનિષદો ગણાવે છે. ઉપનિષદોમાં આત્મા માટે બ્રહ્મ ઉપરાંત જીવ શબ્દ પણ પ્રયોજાયો છે. સંસારી આત્મા જે કર્મોનો કર્તા, ભોકતા, સુખદુઃખનો અનુભવકર્તા છે, તે જીવાત્મા કહેવાય છે. મુણ્ડકોપનિષદમાં 'દ્વા સુપર્ણા સયુજા સખાયા' કહી જીવ અને બ્રહ્મ વચ્ચે અંતર દેખાડ્યું છે. જીવ ફળોનો સ્વાદ લે છે, જ્યારે આત્મા યા બ્રહ્મ કેવળ દૃષ્ટા યા સાક્ષી છે. તદુપરાંત ઉપનિષદોમાં કહેવામાં આવ્યું છે કે જેમ નદી સમુદ્રમાં મળી સમુદ્રાકાર બની જાય છે અર્થાત્ સમુદ્રમાં વિલીન થઈ જાય છે, તેમ જીવાત્મા બ્રહ્મમાં ભળી મોક્ષાવસ્થામાં એકાકાર થઈ જાય છે. બ્રહ્મ આનંદસ્વરૂપ છે એટલે મોક્ષાવસ્થા પણ ઉપનિષદોમાં આનંદસ્વરૂપ કહી છે. તૈતિરીયોપનિષદમાં યાજ્ઞવલ્ક્ય ઋષિએ મૈત્રેયીને જીવાત્મા અને બ્રહ્મના તાદાત્મ્યને પાણીમાં ઓગળી ગયેલા લવણ જેવું ગણાવ્યું છે.

જૈન દર્શનમાં આત્માનું વિવેચન તત્ત્વવિચારના રૂપમાં થાય છે. જૈન દર્શનમાં સાત તત્ત્વ મનાય છે. જેમાં પ્રથમ જીવ યા આત્મા છે તથા અન્ય છ અજીવ યા જડ છે. એ બધાનું મહત્ત્વ જીવને લીધે છે. એ સાત તત્ત્વો આ પ્રમાણે છે. જીવ, અજીવ, આસ્રવ, બન્ધ, સંવર, નિર્જરા અને મોક્ષ. ટૂંકમાં સાત તત્ત્વોમાં–સજીવ અને નિર્જીવ એમ બે જ તત્ત્વો મહત્ત્વના માન્યા છે. પૂજ્યપાદાચાર્યએ 'ઈષ્ટોપદેશ'માં કહ્યું છે કે જીવ પુદ્ગલથી અલગ છે અને પુદ્ગલ જીવથી ભિન્ન છે. ઉમાસ્વાતીએ આત્માને ઉપયોગ સ્વરૂપ કહ્યો છે. સર્વાર્થસિદ્ધિમાં પૂજ્ય પાદાચાર્યએ, દ્રવ્યસંગ્રહમાં નેમિચન્દ્રાચાર્યએ આત્માને ચૈતન્યસ્વરૂપ કહ્યો છે. ઉપયોગ ચૈતન્યનું જ અન્વયી પરિણામ છે. જૈન દર્શનમાં જીવ અને આત્મા એક જ તત્ત્વના નામ છે. જૈન દર્શનમાં આત્મા સ્વતઃસિદ્ધ, અનાદિ, અનંત, અમૂર્તિક, અવિનાશી, અખંડપ્રદેશી દ્રવ્ય મનાયો છે. વળી તેઓ અનંત આત્માઓની કલ્પના કરે છે. ઉમાસ્વાતીએ 'તત્ત્વાર્થસૂત્ર'માં 'જીવાશ્ચ' કહ્યું છે. જૈન અને ન્યાય–વૈશેષિક તથા વિશિષ્ટાદ્વૈત ચિંતક બંને આત્માને શરીર, મન અને ઈન્દ્રિયોથી ભિન્ન માને છે. જૈન દર્શનમાં જીવ અને આત્મામાં કોઈ ભેદ મનાતો નથી. બંને શબ્દ એક જ સત્તાના સૂચક છે. પરંતુ વેદાંત દર્શનમાં આત્મા જે બ્રહ્મ કહેવાય છે, તેને જીવનથી ભિન્ન માન્યો છે. બંને દર્શન આત્માને ચૈતન્ય સ્વરૂપ માને છે. આત્માનું ચૈતન્ય જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અવસ્થામાં અસ્તિત્વ ધરાવે છે. બંને દર્શન આત્માને સત્, ચિત્, આનંદસ્વરૂપ માને છે. પણ જૈન દર્શન તેનાથી આગળ અનંતદર્શન અને અનંતવીર્ય પણ માને છે. ઉપનિષદોમાં ચાર મહામંત્રો દ્વારા પરમ બોધનો ઉદ્ઘોષ કર્યો છે. તત્વમસિ, અહં બ્રહ્માસ્મિ, પ્રજ્ઞાનં બ્રહ્મ અને સર્વ ખલ્વિદમ્ બ્રહ્મ. આ ચાર મંત્રોને હૃદયંગમ કરી મનુષ્ય આત્મસ્થ થઈ શકે છે. આત્માના અસ્તિત્વ અંગે જૈન દર્શન કૃતનિશ્ચયી છે. 'નિયમસાર'માં કુન્દકુન્દાચાર્ય આત્માને બંધનરહિત, અનાસક્ત, નિર્દોષ, (ત્રુટિરહિત), નિરીચ્છ, નિરહંકારી કહે છે. આત્માના ગુણજ્ઞાનથી તેનું ધ્યાન કરી તેની અનુભૂતિ થવી શક્ય છે. 'અંતઃપ્રેરણા અને જ્ઞાન જેનાથી થાય છે, તે હું છું, અનાત્મા નથી'–આ સમજણ દૃઢપણે આવવી એ આત્માનુભૂતિ છે. આત્માનું સાચું જ્ઞાન મેળવવા ઈન્દ્રિયો અને મનના બાહ્ય વલણને વળાંક આપી અંતરાત્મા તરફ લઈ જવો જોઈએ. સ્થૂળ દેહમાંથી મનને હટાવી સૂક્ષ્મ દેહ તરફ વાળવાથી આસક્તિ અને પ્રતિકૂળ વલણથી મુક્ત થઈ શકાય છે.

જૈન દર્શને આત્માના ત્રણ પ્રકાર કહ્યા છે-૧. બહિરાત્મા: જે દેહ ધારણ કરે છે, તે આત્મા છે એમ સમજનાર છેતરાય છે. તે અજ્ઞાની છે. ૨. અંતરાત્મા: તે જે તેનો સ્વભાવ બરાબર જાણે છે અને સમ્યક્ દૃષ્ટ અને સમ્યક્ શ્રદ્ધા ધરાવે છે. ૩. પરમાત્મા : જે સર્વ અશુદ્ધિ–વિકારોથી સંપૂર્ણ મુક્ત છે અને સર્વજ્ઞ છે. આવા ઉત્તમાત્મા બે પ્રકારના હોય છે. દેહધારી અર્હંત કહેવાય છે અને દેરહિત સિદ્ધ કહેવાય છે.

દાર્શનિક વિચારણાના સંદર્ભે આપણે અહીં સુધી સૃષ્ટિની ઉત્પત્તિ અને આત્મા વિષે ઉપનિષદિક (વેદાંત) અને જૈન–બંને દર્શનોમાં ચિંતનનો વિચાર કર્યો. હવે બંને દર્શનોનું કર્મમીમાંસા અંગેનું ચિંતન તપાસીએ.

વેદાંત વિચારધારા મુજબ પ્રત્યેક જીવ પોતપોતાની ઈચ્છા મુજબ કર્મ કરે છે. કર્મોમાં ભિન્નતાને લીધે કેટલાક કર્મોથી જીવ બંધનમાં પડે છે તો કેટલાક કર્મો મોક્ષદાયક બને છે. આમ બંધન અને મુક્તિનો વિચાર કર્મસિદ્ધાંત પર અવલંબિત છે. મુક્તિ (મોક્ષ) માટે સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રની આવશ્યકતા છે.

સમ્યક્ચારિત્ર જ મોક્ષનો આધારસ્તંભ છે. સમ્યક્ ચારિત્ર એટલે સત્યતા એવં વાસ્તવિકતા પ્રમાણે કર્મ કરવું. માનવે પોતાના અસ્તિત્વની સાથે સાથે બીજાના અસ્તિત્વનો વિચાર કરી ઉચિત આચરમ કરવું.

શ્રેય અને પ્રેય–બંનેનો વિચાર કરી નીરક્ષીર વિવેકથી પ્રેયની ઉપેક્ષા કરી શ્રેયને ગ્રહણ કરે તે ધીર. श्रेयो हि धीरोऽति प्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमात् वृणीते। (કઠોપનિષદ ૨/૨). શ્રેય એટલે હંમેશ માટે બધા દુઃખોમાંથી મુક્ત થઈ નિત્ય આનંદસ્વરૂપ પરબ્રહ્મ પુરુષોત્તમને પ્રાપ્ત કરવાનો ઉપાય, જ્યારે પ્રેય એટલે વાડી, બંગલા, યશ આદિ ઇહલોક અને સ્વર્ગલોકની ભૌતિક ભોગની સામગ્રીને પ્રાપ્ત કરવાનો ઉપાય! આમ કઠોપનિષદમાં નચિકેતાના કથાનક દ્વારા સમ્યક્ ચારિત્રનો માર્ગ દાખવવામાં આવ્યો છે. મુણ્ડકોપનિષદના દ્વિતીય ખંડના પહેલા મંત્રમાં કહ્યું છેઃ तदेतत् सत्यं मन्त्रेषु कर्माणि कवयो यान्यपस्यं स्तानि त्रेतायां बहुधा सनीतानि तानि आचरथ नित्यं सत्यकामा एष: व: पन्था: सुकृतस्य लोके। જાગતિક ઉન્નતિ ચાહવાવાળા મનુષ્યો ઉન્નતિનો સુંદર માર્ગ મનુષ્યદેહને સમજે છે. આળસ અને પ્રમાદમાં કે ભોગો ભોગવવામાં પશુઓની જેમ જીવન વીતાવવું મનુષ્યદેહ માટે ઉચિત નથી. તૈતિરીયોપનિષદમાં અગિયારમા અનુવાકમાં બ્રહ્મચારી અંતેવાસી આશ્રમમાંથી અધ્યયન કરી ગુરુગૃહેથી વિદાય લઈ આચાર્ય પાસેથી વ્રતદીક્ષા મેળવે છે, ત્યારના મંત્રો સદાચારના આધારસ્થંભ છે. सतं वद। धर्म चर। स्वाध्यायान्मा प्रमद:। देवपितृकार्याभ्याम् न प्रमदितव्यम्। લૌકિક અને શાસ્ત્રીય જેટલા પણ કર્તવ્યરૂપે પ્રાપ્ત શુભકર્મ છે, તેનો કદી ત્યાગ કે ઉપેક્ષા નહીં થવા જોઈએ. मातृदेवो भव। पितृदेवो भव। आचार्यदेवो भव। अतिथिदेवो भव। यान्यवद्यानि कर्माणि तानि सेवितव्यानि तो इतराणि। यानि अस्माकं सुचरितानि तानि त्वया उपास्यानि नो इतराणि। श्रद्धया देयम्। अश्रद्धया अदेयम्। श्रिया देयम्।...અહીં ઉપનિષદકાર ઉદારમતવાદી દેખાય છે. આચાર્ય શિષ્યને સ્પષ્ટ શબ્દોમાં કહે છેઃ અમારા ગુરુજનોના આચાર-વ્યવહારમાં પણ જે ઉત્તમ શાસ્ત્ર એવં શિષ્ટ પુરુષો દ્વારા અનુમોદિત આચરણ છે, જે નિઃશંક આચરણીય છે, તેનું તમારે અનુકરણ કરવું જોઈએ; અન્ય નહીં.

ઈશ્વરની આજ્ઞા તથા પરંપરાગત ઉપદેશનું નામ જ અનુશાસન! સદાચાર અને કર્તવ્યપાલન અનુશાસનબદ્ધ વ્યક્તિ જ કરી શકે. સદાચારનું મહત્ત્વ શ્વેતાશ્વેતપનિષદના પ્રથમ અધ્યાયમાં સોદાહરણ સ્પષ્ટ સમજાવ્યું છે. જે કોઈ સાધક વિષયોથી વિરક્ત થઈ સદાચાર, સત્યભાષ તથા સંયમરૂપ તપસ્યા દ્વારા સાધના કરતો કરતો પ્રભુનું નિરંતર ધ્યાન કરતો રહે છે, તેને પરબ્રહ્મ પરમાત્મા અવશ્ય પ્રાપ્ત થાય છે.

જૈન વિચારધારાને સંક્ષેપમાં વર્ણવવી હોય તો અનેકાંત અને અહિંસા–એ બે શબ્દો પર્યાપ્ત બની રહે. આચારે અહિંસા અર્થાત્ પ્રેમનો પ્રભાવ અને વિચારે અનેકાંત અર્થાત્ સત્યનો પ્રકાશ! અનેકાંત એ વાદ નહીં, જીવનદર્શન છે. તેની નૈતિકતાનું પર્યાપ્ત બળ છે અહિંસા! અહિંસાથી પરમ ધર્મ અન્ય કોઈ નથી. 'મારું તે સત્ય નહીં સત્ય તે મારું'–આ માનવીનું સૂત્ર હોવું જોઈએ. વિનોબાજીએ કહ્યું હતુંઃ 'માનવીએ સત્યાગ્રહી બનવા કરતાં સત્યગ્રાહી બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.' કારણ સત્ય શબ્દ અર્થગ્રાહ્ય એવં ભાવગ્રાહ્ય છે. આ વાતને સ્પષ્ટ કરવા મહાવીર સ્વામીએ અનેકાંતવાદનું પ્રતિપાદન કર્યું. આઈનસ્ટાઈન જેને સાપેક્ષવાદ (theory of relativity) કહે છે; શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય જેને માયાવાદ તરીકે ઓળખાવી Degrees of truth સમજાવે છે; વેદોએ જે ઉદ્‌ઘોષ કર્યોઃ- जा नो भद्रा: कृत्वो यन्तु विश्वत: (દરેક દિશામાંથી ઉમદા વિચારો મારી પાસે આવવા દો); ઉપનિષદના દોહન સમી શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં 'समदर्शन' પદ વાપરી સમન્વયતા દર્શાવી, તે જ વિચારને જૈન દર્શને અનેકાંતવાદ કહ્યો; જેની નયવાદ અને સ્યાદ્વાદ બે પાંખો છે. જૈન દર્શનના હૃદયસમો અનેકાંતવાદ આપણને ભેદ અને ખંડિતતા (વિસંગતિ) દૂર કરી ઐક્ય અને સુસંવાદિતતા કેમ જીવનમાં સ્થાપવી તે બતાવે છે. સત્ય પ્રતિ કેવી રીતે વ્યાપક અને સહિષ્ણુ દૃષ્ટિ કેળવવી તે શીખવે છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો 'सर्वत्र समदर्शन:' ગુણ જૈનના સોમ, શમ અને શ્રમ–આ ત્રણ ભારતીય સંસ્કૃતિને મળેલાં અદ્‌ભૂત યોગદાન છે. પ્રત્યેકને સારી રીતે જીવવું છે. દરેકને પોતાની જીવનશક્તિનો પૂર્ણ અને સ્વતંત્ર અનુભવ લેવો હોય છે. તેની આ જીવન શક્તિ (જોમ, જોશ) ઉપર તરાપ મારવાનો કોઈપણ પ્રયત્ન સ્પષ્ટ હિંસા છે. પોતાનું તેમ જ બીજાનું જીવન પણ એટલું જ મહત્ત્વનું છે એવો વિવેકવિચાર જ અહિંસા આચરવા પ્રેરે છે. પોતાના જીવન તથા વિચારોની સત્યતા જેટલું જ બીજાના જીવન અને વિચારોની સત્યતાનો આદરપૂર્વક સ્વીકાર કરવો એ બૌદ્ધિક અહિંસાનું આચરણ છે. અનેકાંતવાદ આંશિક મતોની કૂપમંડૂક વૃત્તિ ત્યજી એક સમન્વયવાદી વિચાર વિશ્વને આપે છે. આ જ વિચારધારા સમ્યક્ચારિત્રનો મુખ્ય માપદંડ છે. કોઈપણ જીવનું અન્ય જીવ દ્વારા શોષણ, નિર્દલન, યા સત્તાપ્રસ્થાપન (સ્વાયત્તીકરણ) અન્યાય છે. આમ અનેકાંતવાદ દ્વારા સર્વોદયી સમાજની રચના શક્ય છે. આવી જ ભાવના વૈદિક પ્રાર્થનામાં પણ વ્યક્ત થઈ છે. समानी व: आकृति: समाना ह्रदयानि व: समानमस्तु वो मन: यथा व: सुसहासति। અહીં 'વઃ' સર્વનામ જ પ્રમાણ આપે છે કે માત્ર પોતા પૂરતી આ પ્રાર્થના નથી. અમારા હેતુ, સંકલ્પો, મનોભાવ સમાન રહે. જેથી અમે પ્રસન્ન રહીએ.

છેલ્લે सर्वेऽत्र सुखिन: सन्तु सर्वे सन्तु निरामया: सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दु:खमाप्नुयात्। આ પ્રાર્થના પણ સર્વોદય સમાજ નિર્માણની ભાવના જ વ્યક્ત કરે છે.

✶ ✶ ✶

મોબાઈલ : ૯૮૨૦૬૩૭૬૪૪

# અનેકાંતવાદ : સાત નયોનું વૈચારિક મેઘધનુષ

□ ડૉ. રનતબેન ખીમજી છાડવા

*[ જૈન ધાર્મિક બૉર્ડની પરીક્ષાઓ આપી 'વિશારદ' જેવી ઉપાધિઓ પ્રાપ્ત કરનાર રતનબેન ધાર્મિક દર્શન-ચિંતનનો બહોળો અનુભવ ધરાવે છે. શ્રી જીવદયા મંડળીના મુખપત્રના માનદ તંત્રી છે. પ્રાચીન હસ્તપ્રતો ઉકેલવાની વિદ્યામાં પારંગત છે. પ્રસ્તુત લેખમાં તેમણે સાત નયોને સમજાવ્યા છે. ]*

જૈનદર્શનનો અંતનાર્દ અનેકાન્તવાદ છે. એના પાયા પર જ સમગ્ર જૈન સિદ્ધાંતો રચાયેલાં છે. ઉપ્પનેઈવા, વિગમેઈવા, ધ્રુવેઈવા આ ત્રિપદીને સાંભળી વિશિષ્ટ જ્ઞાની ગણધર ચૌદપૂર્વોની રચના કરી લે છે. આ ત્રિપદીમાં જે તત્ત્વ સમાયેલું છે તે અનેકાન્ત છે. આ દૃષ્ટિથી સમગ્ર જૈન વાઙ્મયનો આધાર અનેકાન્ત છે. એ પ્રમાણિત થઈ જાય છે.

વસ્તુ અનંતધર્માત્મક છે. એના અસંખ્ય પહેલુ છે. આવી સ્થિતિમાં કોઈ એક શબ્દ દ્વારા કોઈ એક ધર્મના કથનથી વસ્તુનું સમગ્ર સ્વરૂપ પ્રતિપાદિત કરી શકાતું નથી. ત્યારે સમગ્ર સ્વરૂપનું પ્રામાણિક પ્રતિપાદન કરવા માટે એક જ ઉપાય છે કે વસ્તુના કોઈ એક ધર્મને મુખ્ય રૂપથી કહેવામાં આવે અને શેષ ધર્મોને ગૌણ સ્વરૂપમાં સ્વીકારવામાં આવે. અર્થાત્ અપેક્ષા અથવા અનપેક્ષાથી વસ્તુ-તત્ત્વની સિદ્ધિ કરી શકાય. તેને અનેકાન્ત દૃષ્ટિ કહેવાય. અનેકાન્ત દૃષ્ટિ વિરાટ વસ્તુ તત્ત્વને જાણવા માટેનો એ પ્રકાર છે, જે વિવક્ષિત ધર્મને જાણીને પણ અન્ય ધર્મોનો નિષેધ નથી કરતો. એને ગૌણ અથવા અવિવક્ષિત કરી દે છે. આવી રીતે અનેકાન્ત દ્વારા સમગ્ર વસ્તુનું મુખ્ય-ગૌણ ભાવથી કથન થાય છે. તેમાં કોઈ પણ અંશ છુટતો નથી. આ અનેકાન્તવાદને સાપેક્ષવાદ પણ કહ્યો છે.

**નયવાદ**

શ્રમણ ભગવાન મહાવીરે સત્યની શોધ માટે સાપેક્ષ દૃષ્ટિનું નિર્ધારણ કર્યું હતું. સાપેક્ષતાનો મૂળ આધાર નયવાદ છે. જેમ શાસ્ત્ર રચનાનો આધાર માતૃકાપદ (અકાર આદિ વર્ણ) છે, તત્ત્વનો આધાર ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની ત્રિપદી છે, તેમ અનેકાન્તનો આધાર નયવાદ છે. વસ્તુના અનંત ધર્મોમાંથી કોઈ પણ એક ધર્મનું કથન કરવું તે નય કહેવાય છે. અર્થાત્ વસ્તુનો અંશગ્રાહી અભિપ્રાય નય કહેવાય જેને વિકલાદેશી માનવામાં આવે છે.

જૈન દર્શનની અનેકાન્ત દૃષ્ટિ વિભિન્ન દર્શનોની પરસ્પર વિરુદ્ધ માન્યતાઓને અલગ અલગ નયની એકાંગી દૃષ્ટિના રૂપમાં સ્વીકૃતિ આપી આંશિક સત્યના રૂપમાં તેને માન્યતા આપે છે. વસ્તુ અનંતધર્મોવાળી છે તો સ્વાભાવિક એક એક ધર્મને ગ્રહણ કરવાવાળા અભિપ્રાય પણ અનંત થશે. એટલે જેટલા વચન પ્રકાર છે, જેટલા શબ્દ છે એટલા નય છે. તેમ છતાં મુખ્ય બે નય છે– દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય. શેષ નય તેની શાખા-પ્રશાખાઓ છે.

**દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય**

જૈન પરિભાષામાં અભેદ દર્શનને દ્રવ્યાર્થિક નય અને ભેદદર્શનને પર્યાયાર્થિક નય કહે છે. વસ્તુ દર્શનના જે નાના પ્રકારો છે એ બધાનું વર્ગીકરણ જૈન આચાર્યોએ ભગવાન મહાવીરને અનુસરીને આ બે દૃષ્ટિમાં કે બે નયોમાં કર્યું છે. દ્રવ્યાર્થિક નય સામાન્યગામી દર્શન તેમજ અનેકત્વનું દર્શન કરાવે છે તો પર્યાયાર્થિક નય વિશેષગામી દર્શન તેમજ એકત્વનું દર્શન કરાવે છે. ભારતીય તો શું વિશ્વના કોઈ પણ દાર્શનિક મંતવ્યનો આ બે નયોમાંથી ગમે તે એકમાં સમાવેશ થઈ શકે છે. એવો દાવો જૈનાચાર્યોનો છે. અને તેમણે અત્યાર સુધીમાં ઊભા થયેલા તેમને જ્ઞાત સમગ્ર દર્શનોને આ બે નયોમાંથી ગમે તે એકમાં કેવી રીતે સમાવી શકાય છે તે યુક્તિપૂર્વક બતાવ્યું પણ છે. આ બે નયોના અવાંતર ભેદો જ્ઞાત કરવામાં આવ્યા છે. જેમ કે, નૈઅમ, સંગ્રહ, વ્યવહાર, ઋજૂસૂત્ર, શબ્દ, સમભિરુઢ અને એવંભૂત–આ સાત નયોમાં ભારતીય દર્શનોના સમગ્ર સિદ્ધાંતોને સમાવી લેવામાં આવ્યા છે તેમજ સમન્વય કરવામાં આવ્યું છે, જેનું વિવરણ નીચે મુજબ છે:

**૧. નૈગમનય**

નૈગમનય સામાન્ય વિશેષગ્રાહી દૃષ્ટિકોણનું પ્રતિપાદન કરે છે. વેદાન્તને મતે સત્ તે જ કહેવાય જે ત્રૈકાલિક હોય. જ્યારે ન્યાય-વૈશેષિક દર્શનની માન્યતા છે કે આત્મા આદિ પદાર્થો ત્રૈકાલિક સત્ છે પણ બધા કાર્યદ્રવ્યો ત્રૈકાલિક સત્ નથી. તેઓ પ્રથમ અસત્ હોય પણ પછી સત્ થાય અને પાછા અસત્ થઈ જાય. વળી કેટલાક પદાર્થો માત્ર સામાન્ય છે તો કેટલાક માત્ર વિશેષ છે અને કેટલાક સામાન્ય વિશેષ છે. પણ વેદાંતની જેમ જે કાંઈ સત્ છે તે માત્ર સામાન્ય જ છે એમ ન્યાય-વૈશેષિકો માનતા નથી. વૈશેષિકોના આ મંતવ્યને જૈનદર્શને નૈગમનય કહ્યો છે એટલે કે તેઓ સામાન્ય અને વિશેષ બન્નેને માને છે; માત્ર સામાન્ય કે વિશેષને નહિ. પરંતુ આમ છતાં તેઓ એક જ વસ્તુને સામાન્ય-વિશેષાત્મક માનતા નથી જેવી રીતે જૈનદર્શન માને છે. જૈનદર્શન અનુસાર સામાન્ય વિના વિશેષ ન

હોઈ શકે. અને વિશેષ વિના સામાન્ય ન હોઈ શકે. આથી બંને પરસ્પરાશ્રિત હોઈ સ્વતંત્ર નથી; પણ એક જ વસ્તુના બે પાસા છે.

વેદાંતની જેમ સાંખ્ય પણ સત્‌ને ત્રૈકાલિક જ માને છે. આથી તેમના મતે કોઈ પણ કાર્ય નવું ઉત્પન્ન થતું નથી. પણ તલમાંથી તેલની જેમ માત્ર આવિર્ભાવને પામે છે. વેદાંતના બ્રહ્મની જેમ સાંખ્યોની પ્રકૃતિ સર્વપ્રપંચાત્મક છે. પ્રકૃતિમાંથી નવા નવા પરિણામો આર્વિભૂત થાય છે અને તેમાં જ પાછાં વિલીન થઈ જાય છે. આ બધાં કાર્યોનો સમન્વય એક જ પ્રકૃતિમાં હોવાથી બધા એકરૂપ છે. આથી કોઈ પણ વસ્તુનો ક્યાંય પણ અભાવ નથી. સર્વસર્વાત્મક એવી માન્યતા સાંખ્યોની છે. તેમના આ વાદને સત્‌કાર્યવાદ કહેવામાં આવે છે. આની વિરૂદ્ધ નૈયાયિકો, વૈશેષિકો અને બૌદ્ધો અસત્‌કાર્યવાદી છે. તેમને મતે કાર્ય જો ઉત્પત્તિની પહેલા પણ સત્ હોય તો તેના ઉત્પાદનો પ્રયત્ન વ્યર્થ લેખાય માટે કાર્યને તેની ઉત્પત્તિની પૂર્વે અને વિનાશની પછી અસત્ જ માનવું પડે.

આ બન્ને વિરોધી મંતવ્યોનો સમન્વય જૈનદર્શને એનેકાન્ત દૃષ્ટિ વડે દ્રવ્ય-પર્યાયવાદથી જ કર્યો છે. દ્રવ્યરૂપે સત્ છતાં પર્યાયરૂપે અસત્ માનવું જોઈએ. જેમ કે માટી એની એ જ છતાં તેમાંથી નવા નવા પાત્રો બનાવી શકાય છે. સુવર્ણ એનું એ જ હોય છતાં નવા નવા ઘાટ બનાવી શકાય છે. આમ માટી કે સુવર્ણ રૂપે દ્રવ્ય નિત્ય-સ્થિર હોય છતાં જુદાં જુદાં ઘાટો તો નવા બનતાં-બગડતાં હોઈ તે તે રૂપે તે અનિત્ય પણ છે. આમ દ્રવ્યરૂપે નિત્ય તેમજ પર્યાયરૂપે અનિત્ય છે.

**૨. સંગ્રહનય**

સંગ્રહનય જે સામાન્યગ્રાહી દૃષ્ટિકોણનું પ્રતિપાદન ધરાવે છે. ચાર્વાક દર્શન માત્ર જડ તત્ત્વને માને છે. જ્યારે વેદાંત કે ઔપનિષદ દર્શન માત્ર ચૈતન્યને માને છે. વેદાંત દર્શનનો સમાવેશ જૈન દર્શન અનુસાર સંગ્રહનયમાં થઈ શકે. લોકમાં જે કાંઈ છે તે સર્વનો સમાવેશ સત્ તત્ત્વમાં થઈ શકે છે કારણ કે તે બધું સત્ તો છે જ એમ સંગ્રહનય પણ માને છે. વેદાંત દર્શન સત્‌ને ચૈતન્યરૂપ માને છે જે પુરુષ કે બ્રહ્મ કે આત્મા કહેવાય છે. જૈનદર્શન ચૈતન્યતત્ત્વના અસ્તિત્વમાં તો સંમત છે પણ અચેતન કહી શકાય તેવું તત્ત્વ પણ હોવું જોઈએ. અન્યથા ચૈતન્યમાં બંધ અને મોક્ષ, સંસાર અને નિર્માણની ઘટના ઘટે નહિ એમ માને છે.

વેદાંતમાં માયા, મિથ્યાત્વ, અજ્ઞાનને ચૈતન્યવિરોધી માનવામાં આવે છે પણ માયાને સત્‌ને બદલે અનિર્વાચ્ય કહે છે; એટલે કે બ્રહ્મથી ભિન્ન પણ નહિ તેમજ અભિન્ન પણ નહિ એવું માને છે. જૈનદર્શન જડ તત્ત્વને સ્વીકારે છે જેને કારણે આત્મા બંધનમાં પડે છે. માયાને જો સત્ માનવામાં આવે તો બ્રહ્મ અને માયા એમ બે સત્ થાય તો અદ્વૈત સિદ્ધ ન થાય. અને જો માયાને અસત્ કહેવામાં આવે તો અસત્‌થી પ્રપંચ કેમ થાય? આત્મા આત્મામાંથી બંધાય નહિ પણ અનાત્માથી બંધાય માટે આત્મા અને અનાત્મા– અજીવતત્ત્વ બન્ને સ્વીકારવા આવશ્યક છે. આથી વેદાંત દર્શનને પણ આંશિક સત્યરૂપે સંગ્રહનયમાં જૈનાચાર્યોએ સમાવિષ્ટ કર્યું છે.

જૈનદર્શનની જેમ સાંખ્યદર્શન પણ જીવ અને અજીવ એમ બે તત્ત્વોને પુરુષ અને પ્રકૃતિરૂપે માને છે. નૈયાયિકાદિ દર્શનો પણ જીવ અને જડ સૃષ્ટિ સ્વીકારે છે. કેવળ જીવ આત્મા માનવો એ જૈન દર્શનની દૃષ્ટિએ આંશિક સત્ય છે. પૂર્ણ સત્ય જીવ અને અજીવ બન્ને માનવામાં આવે તો બને.

આ ન્યાયે કેવળ વિજ્ઞાનવાદ, શૂન્યવાદ અને શબ્દાદ્વૈતવાદને પણ જૈનદર્શન આંશિક સત્ય માની સંગ્રહનયમાં સ્થાન આપે છે.

**૩. વ્યવહારનય**

જે વસ્તુનું વિશેષગ્રાહી દૃષ્ટિકોણનું પ્રતિપાદન કરે છે. દ્રવ્યાર્થિક નયના એક ભેદ તરીકે વ્યવહાર નય માનવામાં આવે છે. વ્યવહારનું તાત્પર્ય એ છે કે લોકવ્યવહારને પ્રમાણ માનીને ચાલવું. લોકવ્યવહાર વસ્તુગત સૂક્ષ્મ ભેદોને ધ્યાનમાં લીધા વિના જ સ્થૂલ અભેદ માનીને ચાલે છે. આથી વ્યવહારનય દ્રવ્યાર્થિકનો ભેદ છે અને જ્ઞાનને નહિ પણ અજ્ઞાનને મહત્ત્વ આપે છે. ચાર્વાકો વ્યવહારનયવાદી જ છે. કારણ કે તેઓ પણ માત્ર ભૂલોને જ માને છે. સ્વતંત્ર એવા જ્ઞાનમય ચૈતન્ય આત્માને માનતા નથી. કારણ કે તેઓ લોકવ્યવહારને જ પ્રમાણ માનીને ચાલે છે. આત્મા જેવી સૂક્ષ્મ વસ્તુના વિચારમાં પડતા નથી. આથી તેઓ અજ્ઞાનવાદનો જ આશ્રય લે છે. જો કે ચાર્વાકનો વિરોધ તો દાર્શનિકોએ આત્મતત્ત્વ સ્વતંત્ર માનીને કર્યો જ છે. જૈનદર્શનમાં જીવ અને અજીવ તત્ત્વોની માન્યતા સ્થિર થયેલી છે. આથી જડ ભૌતિક વસ્તુ પૂરતું ચાર્વાક દર્શન સાચું છે. પણ ચૈતન્ય વિષેની તેની માન્યતા ભ્રામક છે. એટલે તે પણ એક નયને અનુસરે છે એમ માનવું રહ્યું. એક નયમાં સત્ય પ્રગટ થતું નથી. સર્વ નયોમાં પૂર્ણ ચૈત્ય પ્રગટ થાય છે. આથી ચાર્વાકને પણ એકાંત અસત્ય દર્શન કહી શકાય નહિ. તેમાં પણ આંશિક સત્ય તો છે જ, એમ જૈનદર્શન માને છે.

સંસારી જીવાત્માઓમાં અધિકાંશ એવાં છે કે જેમને આત્મ-અનાત્મનો વિવેક હોતો નથી. તેઓ અજ્ઞાનને કારણે શરીરને જ આત્મા માની વ્યવહાર કરે છે. આ વ્યવહાર ચાર્વાક દર્શનને આધારે છે એમ માની શકાય. વ્યવહારનયનું મંતવ્ય છે કે પ્રમાણોના વિવિધ લક્ષણો જે દાર્શનિકો દ્વારા આપવામાં આવ્યા છે તે એકબીજાથી જુદાં પડે છે, એટલે એમાંથી કોને સત્ય માનવું? પ્રમાણ કોને કહેવું? એ નક્કી થઈ શકતું ન હોય ત્યારે તેના દ્વારા વસ્તુતત્ત્વનું જ્ઞાન કેવી રીતે શક્ય બને? માટે લોકમાં સાચું માનીને જે વ્યવહાર ચાલે છે તે ઉચિત છે. વસ્તુતત્ત્વનું યથાર્થ જ્ઞાન થઈ શકતું નથી. માટે અજ્ઞાન જ

શ્રેય છે. આમ વ્યવહારનયને આશ્રયે અજ્ઞાનવાદનું ઉત્થાન થયું છે.

વળી મીમાંસકોએ તો જ્ઞાન કરતાં કર્મને જ મહત્ત્વ આપ્યું છે અને તે રીતે જ્ઞાન નહિ તે અજ્ઞાન એ અર્થમાં તેમનો કર્મવાદ પણ એક પ્રકારનો અજ્ઞાનવાદ છે. આ બધા પ્રકારના અજ્ઞાનવાદનો સમાવેશ જૈનદર્શન સંમત વ્યવહારનયમાં થયો છે. અને તે મતનો સમન્વય જૈનદર્શને જીવ અને અજીવ તત્ત્વ માનીને તથા આત્મામાં – સંસારી આત્મામાં જ્ઞાન-અજ્ઞાન બન્ને માનીને કરેલ છે. પરમ તત્ત્વનું ભલે પ્રત્યક્ષ જ્ઞાન ન હોય પરંતુ પરોક્ષ જ્ઞાન એ અજ્ઞાન જ છે એમ કહી ન શકાય. વળી અજ્ઞાનવાદીએ દાર્શનિકોના લક્ષણોમાં વિરોધ દર્શાવ્યો છે. પણ તે વિરોધદર્શનને જ્ઞાન જ માનવું પડે છે. અન્યથા વિરૂદ્ધ સિદ્ધ થાય નહિ. આમ લોકવ્યવહારમાં પણ જ્ઞાન-અજ્ઞાન બન્નેથી કાર્યસિદ્ધિ થાય છે, એકલા અજ્ઞાનથી નહિ.

મીમાંસક વેદો ભલે કર્મમાં માને પણ એ કર્મ વિષે તો યથાર્થ જ્ઞાન જોઈએ. આમ કર્મ ભલે પોતે જ્ઞાન રૂપ ન હોય પણ એ વિષેનું જ્ઞાન જો ન હોય અને અજ્ઞાન જ હોય તો અમુક કર્મમાં પ્રવૃત્તિ અને અમુકમાં નિવૃત્તિ કેવી રીતે થાય? માટે મીમાંસકોએ પણ એકાંત કર્મને નહિ પણ જ્ઞાનને માનવું પણ જરૂરી છે. જેમ કે માત્ર દવા લેવાની ક્રિયાથી રોગમુક્તિ થતી નથી, પણ યોગ્ય દવા કઈ છે એ જાણીને દવા લેવાથી રોગમુક્ત થવાય છે. માટે જ્ઞાન અને કર્મના સમુચ્ચયનો માર્ગ જ યોગ્ય છે. હિતાવહ છે. આમ ચાર્વાક, મીમાંસક દર્શન આદિનો સમાવેશ વ્યવહારનયમાં કર્યો છે.

**૪. ઋભુસૂત્રનય**

જે વસ્તુતત્ત્વની વર્તમાનગ્રાહી દૃષ્ટિકોણનું પ્રતિપાદન કરે છે. વેદાંતને મત સત્ તે કહેવાય જે ત્રૈકાલિક હોય. પણ તેની વિરુદ્ધ બૌદ્ધોએ કહ્યું કે, સત્ તે જ કહેવાય, જે માત્ર વર્તમાનકાલિક હોય, અન્ય નહિ. વેદાંત અનુસાર સર્વ પ્રપંચોનો સંગ્રહ એક બ્રહ્મમાં–એક સામાન્ય સત્‌માં થઇ જાય છે. તેથી પૃથક્ કાંઈ રહેતું નથી. પણ તેની વિરુદ્ધ બૌદ્ધોએ કહ્યું કે સામાન્ય જેવી વસ્તુ કોઈ છે જ નહિ જે સર્વ સંગ્રાહક હોય, માત્ર વિશેષો જ છે અને તે સૌ પૃથક્ પૃથક્ છે, ક્ષણિક છે. સંસારમાં નિત્ય જેવી કોઈ વસ્તુ જ નથી. બૌદ્ધોનો આ વાદ પર્યાયનયના એક ભેદ ઋજુસૂત્રમાં સમાવિષ્ટ છે. બૌદ્ધ અને વેદાંતના પરસ્પર વિરોધી મંતવ્યો છે. પણ જૈનદર્શને એ બન્નેને આંશિક સત્ય માની પોતાના દ્રવ્ય-પર્યાયવાદમાં સમાવી દીધાં છે. દ્રવ્ય-એ ત્રૈકાલિક સત્ય-નિત્ય છે પણ તેના પરિણામો–વિશેષો અનિત્ય છે એમ કહી ઉક્ત બન્ને વિરોધી વાદોનો એણે સમન્વય કર્યો છે. વેદાંતનો જૈન સંમત સંગ્રહનયમાં સમાવેશ છે તો બૌદ્ધોનો પર્યાયનયના એક ભેદ ઋજુસૂત્રનયમાં કર્યો છે. જૈનદર્શન વસ્તુતત્ત્વને સામાન્ય–વિશેષાત્મક માને છે. આથી તે બન્ને નયોને તેમાં સ્થાન છે.

> ***અનેકાંતવાદની સંજીવની શક્તિ એવી વિશિષ્ટ છે કે એ મતોને નવતર રૂપ આપી દે છે. તેમાંથી કદાગ્રહનું વિષ નીકળી જવાથી તે મિથ્યા રહેતાં નથી. પરંતુ સત્યના એક અંશ તરીકે નવજીવન પ્રાપ્ત કરે છે.***

**૫. શબ્દનય, ૬. સમભિરુઢ, ૭. એવંભૂત**

ઉપરના ચાર નય વસ્તુવિચાર કરનારા અર્થનયો છે, પણ વ્યવહારમાં શબ્દોનો અર્થ કેવી રીતે કરવો, એના વિવિધ અર્થોનો સમાવેશ ત્રણ શબ્દ નયોમાં થયો છે, જેમ કે શબ્દ, સમભિરુઢ અને એવંભૂત નય. આ બધા જ શબ્દનયો પર્યાયાર્થિક નયમાં ગણાય છે. કારણ કે તે સામાન્ય દ્રવ્યને નહિ પણ વિશેષને–પર્યાયને પોતાના વિષય બનાવે છે.

શબ્દનયમાં પ્રથમ શબ્દનયનો એવો અભિપ્રાય છે કે ઈન્દ્ર શબ્દથી જે અર્થનો બોધ થાય છે તે જ અર્થનો બોધ શચીપતિ શબ્દથી પણ થાય છે. માત્ર કારકભેદે કે કાલભેદે અર્થભેદ છે. પણ સમભિરુઢ તો પર્યાય ભેદે પણ અર્થભેદ સ્વીકારે છે એટલે કે કોઈ બે શબ્દનો એક જ અર્થ હોઈ શકે નહિ. એવંભૂત નય આથી પણ વધુ સૂક્ષ્મતાથી શબ્દાર્થની વિચારણા કરે છે જેમ કે શબ્દની વ્યુત્પત્તિ જે ક્રિયાને લઈ હોય તે ક્રિયાનો અર્થ જો વસ્તુમાં મળે ત્યારે જ કહેવાય. જેમ કે ગમન કરે તે ગૌ. આમ આ શબ્દનયો પણ આંશિક સત્યો ઉપર ભાર આપે છે તો પણ તેમને અનેકાંતવાદમાં સ્થાન છે. જૈનદર્શન તેમાંના એક પણ નયને નિરાશ કરતું નથી. પણ સહુનો સ્વીકાર કરી એમને યથાસ્થાને ગોઠવે છે.

જેમ અનેક દિશામાંથી આવતી નદીઓ સમુદ્રમાં ભળીને એક થઈ જાય છે, પોતાનું અસ્તિત્વ ખોઈ નાખે છે, તેમ અનેકાંતવાદમાં પણ અનેક એકાંતવાદી મતો મળી જાય છે અને પોતાનું અસ્તિત્વ ખોઈ નાખે છે. અર્થાત્ તેઓ જુદા હતા ત્યારે મિથ્યા કહેવાતા હતા, પણ જ્યારે અનેકાંતમાં સમન્વિત થઈ જાય છે ત્યારે તેમનું જુદું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે અને સત્યના એક ભાગ તરીકે જ વર્તમાન રહે છે. આથી તેઓ મિથ્યા મટી જાય છે. અનેકાંતવાદની સંજીવની શક્તિ એવી વિશિષ્ટ છે કે એ મતોને નવતર રૂપ આપી દે છે. તેમાંથી કદાગ્રહનું વિષ નીકળી જવાથી તે મિથ્યા રહેતાં નથી. પરંતુ સત્યના એક અંશ તરીકે નવજીવન પ્રાપ્ત કરે છે. આમ અનેકાંતવાદમાં અનેક વિરોધી મંતવ્યોનો સમાવેશ થતો હોવાથી વિરોધ શમી જાય છે. જૈન દાર્શનિક આચાર્યોએ પણ અનેકાંતવાદના વિશાળ પ્રાસાદમાં વિવિધ દાર્શનિકોના મંતવ્યોને સ્થાન આપી એકતા સાધવાનું ભગીરથ કાર્ય કરી બતાવ્યું છે. ✶✶✶

એફ/૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ-૪૦૦ ૦૧૨.
મો. : ૯૮૯૨૮૨૮૧૯૬.

# અપેક્ષા

❑ શ્રી ચંદુલાલ સકરચંદ શાહ

*[ દેશની આઝાદી માટે સત્યાગ્રહમાં જોડાનાર ચંદુલાલ સાકરચંદ શાહ પત્રકાર હતા. તેના પ્રવાસના પુસ્તકો બહાર પડ્યા છે. અધ્યાત્મના રંગે રંગાઈ એ દિશામાં ચિંતન કર્યું હતું. વિષયનું તબક્કાવાર વર્ણન કરવાની તેમની શક્તિનો પરિચય વાચકોને તેમની લેખિનીમાં થશે જ. પ્રસ્તુત લેખમાં સપ્તભંગીને સમજવા માટેની 'અપેક્ષા'ની ભૂમિકા સરળ શબ્દોમાં તેમણે સમજાવી છે. ]*

'સપ્તભંગી' એ જુદી જુદી અપેક્ષાએ યોજાતા સાત વાક્યોનો સમૂહ છે. એટલે એની વિચારણામાં 'અપેક્ષા' એ શબ્દનો પ્રયોગ આપણે સતત આપણી નજર સમક્ષ રાખવાનો છે.

ચાર આધાર વિષે જે વિચારણા અગાઉ આપણે કરી ગયા, તેમાં 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ' એ 'અપેક્ષાચતુષ્ટય' વિશે થોડીક સમજણ તો અપાઈ ગઈ છે. આમ છતાં, 'સપ્તભંગી' અંગેની વિચારણા આપણે શરૂ કરીએ, તે પહેલાં આ 'અપેક્ષા' શબ્દને આપણે બરાબર સમજી લઈએ તે અત્યંત આવશ્યક છે.

સામાન્ય વ્યવહારમાં 'અપેક્ષા' શબ્દના જુદા જુદા અર્થ કરવામાં આવે છે. અથવા તો, જુદા જુદા અર્થમાં એ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. ભાષાનો ઉપયોગ કરતી વખતે જેમ રૂઢી અને પરંપરાથી પણ ઘણાં શબ્દોને જુદા જુદા અર્થમાં વાપરવામાં આવે છે તેમ એમની વ્યુત્પતિના હિસાબે વિવિધ મૂળ અર્થમાં પણ વાપરવામાં આવે છે. શબ્દકોષ તૈયાર કરનારાઓ એ રીતે કરવામાં આવતા પરંપરાગત અર્થને તથા અનેક મૂળ-અર્થને કબૂલ રાખે છે. અને શબ્દકોષમાં તે તે શબ્દોની સામે એના અનેક મૂળ અર્થ તથા રૂઢિજન્ય અર્થોને શામેલ કરે છે.

આ અનેક અર્થ પદ્ધતિમાં 'અપેક્ષા' શબ્દને 'આશા, ઈચ્છા અને 'આકાંક્ષા' એવા અર્થમાં વાપરવામાં આવે છે. પરંતુ તેનો સ્યાદ્વાદના સંબંધમાં મૂળ અર્થ જુદો જ થાય છે.

'તમે શાની અપેક્ષા રાખો છો ? એવી અપેક્ષા રાખશો નહિ' આવી મતલબના વાક્યોને ઉપયોગ આપણે ત્યાં સામાન્ય છે. આમાં આ 'અપેક્ષા' શબ્દને ઉપર જણાવ્યા–તે 'આશા, ઈચ્છા અને આકાંક્ષા–અર્થમાં વાપરવામાં આવ્યો છે. અહીં આ શબ્દના આ રીતે થતા પ્રયોગની ચર્ચામાં આપણે ઉતરતા નથી. પણ એનો જે સ્યાદ્વાદને ઉપયોગી અર્થ છે, તેને આપણે બરાબર સમજી લઈએ.

પ્રસ્તુતમાં 'અપેક્ષા' શબ્દનો અર્થ 'સંદર્ભ' અથવા 'આધાર' એવો થાય છે. અંગ્રેજીમાં એને માટે `With reference to certain context, અથવા `From certain point of view' એવા વાક્યો વપરાય છે. એટલે એનો અર્થ કોઈ અમુક વસ્તુ અથવા બાબતના દૃષ્ટિબિંદુથી, કોઈ એક બાબતને અનુલક્ષીને, એવો થાય છે. `In certain respect કોઈ એક પ્રકારે એવો અર્થ પણ તેનો થાય છે. અંગ્રેજી ભાષામાં આ માટે વધારે સ્પષ્ટ શબ્દો `Relativity' અર્થાત્ `In relation to' એવા વાપરવામાં આવે છે.

`In relation to' (...ના સંબંધમાં) એમ કહેવામાં એક વસ્તુ સાથે બીજા કશાકનો સંબંધ જોડવામાં આવે છે. સપ્તભંગીમાં જ્યારે આ 'અપેક્ષા' શબ્દનો ઉપયોગ થાય છે ત્યારે તેમાં પણ આવો જ અર્થ રહેલો છે.

'દ્રવ્યની અપેક્ષાએ, કાળની અપેક્ષાએ, ક્ષેત્રની અપેક્ષાએ તથા ભાવની અપેક્ષાએ' એમ ચાર પ્રકારની અપેક્ષાએ કોઈ એક વસ્તુનો, દાખલા તરીકે એક આભૂષણનો ઉલ્લેખ જ્યારે કરવામાં આવે ત્યારે તેમાં રહેલાં દ્રવ્યનો એટલે સુવર્ણનો, સમયનો, સ્થળનો તથા તેના સ્વરૂપ-આકાર ઇત્યાદિનો સંબંધ જોડવામાં આવે છે.

આ 'અપેક્ષા' શબ્દ, ઉત્તર ભારતની લગભગ બધી જ ભાષાઓમાં તે તે ભાષાઓના અંગભૂત શબ્દ તરીકે દાખલ થઈ ગયો છે. એ શબ્દનો સ્પષ્ટ અર્થ તે તે ભાષાભાષીઓ સમજે છે ખરા, પરંતુ બીજા વ્યાવહારિક અર્થોમાં તેઓ પણ આ શબ્દનો ઉપયોગ કરે છે. આપણી ગુજરાતી ભાષામાં જે જે માન્ય શબ્દકોષો છે તેમાં આ શબ્દના વ્યવહારિક અર્થોનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'નવજીવન પ્રકાશન મંદિર' તરફથી પ્રગટ થયેલા 'સાર્થ ગુજરાતી જોડણી કોષ'માં 'અપેક્ષા' શબ્દને ઇચ્છા, અગત્ય અને આકાંક્ષા એવો અર્થ લખ્યા પછી તેમાં 'ક્ષિત' ઉમેરીને, 'અપેક્ષાવાળું' એવો અર્થ બતાવવામાં આવ્યો છે. આ જોતાં એમ લાગે છે કે વ્યવહારોપયોગી કરવામાં આવતા અર્થો વધારે પ્રચલિત બન્યા છે. પરંતુ, અહીં આપણે તત્ત્વજ્ઞાનની વિચારણા કરી રહ્યા છીએ; એટલે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આ શબ્દ કયા અર્થમાં વાપરવામાં આવે છે તે વાતને, એ શબ્દના હાર્દને, સમજી લેવાનું સવિશેષ આવશ્યક છે.

જૈન તત્ત્વવેત્તાઓએ આ 'અપેક્ષા' શબ્દનો ઉપયોગ ચોક્કસ અર્થમાં કર્યો છે, '.......' ના સંબંધમાં, '.....' ને લક્ષ્યમાં લઈને... એક જ દર્શાવતા શબ્દ પ્રયોગો આપણે આ 'અપેક્ષા' શબ્દ માટે કરી શકીશું.

જ્યારે 'દ્રવ્યની અપેક્ષાએ' એમ આપણે કહીશું, ત્યારે કોઈ પણ વસ્તુમાં દ્રવ્ય (Substance of basic material) રહેલું છે, તે દ્રવ્યને લક્ષ્યમાં લઈને આપણે વાત કરીશું. દાખલા તરીકે, એક ખુરશીની આપણે 'દ્રવ્યની અપેક્ષાએ' વાત કરીશું ત્યારે વ્યાવહારિક અર્થમાં 'લાકડું' આપણા મનમાં આવશે. આ લાકડું આંબાનું, જંગલી, સાગ કે સીસમ એ બાબત તુરત જ આપણા ખ્યાલમાં આવશે.

સોનાના કોઈ અલંકારની વાત કરીશું, ત્યારે એનો ઘાટ-આકાર-ગમે જેવો હોવા છતાં, દ્રવ્યની અપેક્ષાની વાત જ્યારે આવશે, ત્યારે 'સુવર્ણ'ના મૂળ સ્વરૂપની જ આપણે વાત કરતા હોઇશું. આવી જ ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાની વાત આપણે જ્યારે કરીશું ત્યારે જે વસ્તુ વિશેની ચર્ચા થતી હશે તે વસ્તુના પોતાના ક્ષેત્ર (સ્થળ), કાળ (સમય) અને (ભાવ) (ગુણધર્મ) સાથેના તે વસ્તુના સંબંધની સ્પષ્ટ સમજણ જ એમાંથી તરી આવશે. એની વિરૂદ્ધમાં પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની વાત પણ આવશે જ.

અગાઉ આપણે 'ઉત્પત્તિ, સ્થિતિ અને લય'નો ઉલ્લેખ કરી ગયા છીએ. એની સામે જૈન તત્ત્વજ્ઞાનીઓએ 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય' એવા જે ત્રણ શબ્દો બતાવ્યા છે, તેનો ઉલ્લેખ પણ આપણે કર્યો છે.

આ ત્રિપદી (ત્રણ શબ્દો)ના ઉપર જણાવેલા બે ભિન્ન ભિન્ન શબ્દપ્રયોગોમાં આ 'અપેક્ષા' શબ્દનું સવિશેષ મહત્ત્વ છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય' એ ત્રણ શબ્દોમાં કોઈ જાતનો પૂર્વાપર સંબંધ નથી.-કોઈ જાતનો અપેક્ષાભાવ નથી; એટલે એ 'એકાંતસૂચક' શબ્દો છે. એ મોટી ગેરસમજણ છે. 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય'માં. સાપેક્ષતાનું-અપેક્ષાભાવનું સ્પષ્ટ સૂચન હોઈ, એ શબ્દપ્રયોગ અનેકાંતવાદના સિદ્ધાંત પર નિર્ભર છે અને સાચો છે. વસ્તુ માત્ર પરિણમનશીલ હોઈ તેના પ્રત્યેક પરિણમનમાં વરાળમાં જેમ પાણી રહેલું છે તેમ, તેના મૂળ દ્રવ્યનો દ્રુવ અંશ તો હોય જ છે. એટલે, વરાળના દ્રવ્યની અપેક્ષાની વાત આવશે ત્યારે તેમાં 'પાણી' આવશે જ. એ રીતે પાણીના દ્રવ્યની વાત આવશે ત્યારે તેમાં વાયુને લગતી વાત પણ આવશે જ.

'ઉત્પત્તિ' શબ્દનો જે અર્થ કરવામાં આવે છે, તે જોતાં, એની પહેલાં કશું હતું જ નહિ. એવી વાત તેમાંથી નિષ્પન્ન થાય છે. હવે, 'પહેલાં કશું હતું જ નહિ' એ વાત તો ખોટી છે. તે ત્રિપદીમાં 'લય' શબ્દને જે અર્થમાં વાપરવામાં આવ્યો છે, તેનો જ વિચાર કરીએ તો એ ત્રણે શબ્દોના પ્રયોગો યોગ્ય નથી, એ આપણે સમજી શકીશું.

પ્રલયકાળે પૃથ્વીનો નાશ થાય છે, લય થાય એવી એક માન્યતા છે. આ લય અથવા નાશ જો ખરેખર હોય અને સંપૂર્ણ હોય તો પછી, ફરીથી ઉત્પત્તિ શક્ય જ બનતી નથી. આમ છતાં, એવા અનેક પ્રલયકાળોની–લય-અને નાશની વાતો આપણે સાંભળીએ અથવા વાંચીએ છીએ. શુદ્ધ તર્કની દૃષ્ટિએ આ વાત ખોટી ઠરે છે.

એ ત્રણે સ્થિતિને સાપેક્ષ માનીને ચાલીએ, એમાં અપેક્ષાભાવનું આરોપણ આપણે કરીએ, તો જ તેમાંથી આપણને પ્રકાશ પ્રાપ્ત થશે. જેમાં અન્યની કે બીજા સાથેનો સંબધ ન હોય, એવું કશુંય આ જગતમાં નથી. એક જ દ્રવ્યને એની જુદી જુદી અવસ્થાઓ સાથે સંબંધ હોય છે. તેવી જ રીતે એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે પણ સંબંધ હોય છે. જીવ અને પુદ્ગલ દ્રવ્યના અણુએ અણુમાં જીવદ્રવ્ય-આત્મદ્રવ્ય-વ્યાપીને રહેલું છે તે તો પ્રત્યક્ષ વાત છે. આ બધા સંબંધો પણ જુદા જુદી જાતની અપેક્ષાઓને વશવર્તી હોય છે. આ 'સાપેક્ષતા' એ જગતનો એક ત્રિકાલાબાધિત નિયમ છે.

ઉત્પત્તિને બદલે 'ઉત્પાદ્' શબ્દ જૈન તત્ત્વજ્ઞાનીઓએ વાપર્યો છે. આ શબ્દ પણ અપેક્ષાયુક્ત Relative છે. ઉત્પાદનો અર્થ ઉત્પન્ન થવું એવો થાય છે. છતાં ઉત્પત્તિ અને ઉત્પાદનમાં ફરક છે. ઉત્પત્તિમાં, એની પૂર્વે બીજું કશું કલ્પવામાં આવ્યું નથી; જ્યારે ઉત્પાદમાં, એની પૂર્વે બીજું કશુંક હતું એ સ્પષ્ટ અર્થ છે.

એવી જ રીતે, 'લય' શબ્દમાં, 'તેના પછી કશું રહેતું નથી' એવો ભાવ આવે છે. જ્યારે 'વ્યય' શબ્દમાં 'એક અવસ્થાનો નાશ થવા છતાં, બીજી અવસ્થાનું આવિષ્કરણ સૂચવનારો અને એ રીતે અવસ્થાંતર પ્રાપ્ત થવા છતાં તેના આધારભૂત એવા મૂળ દ્રવ્યના ટકી રહેવાપણું દર્શાવતો સ્પષ્ટ ભાવ અને અર્થ છે.

મનુષ્ય શરીરનો, અગ્નિ સંસ્કાર દ્વારા જ્યારે લય અથવા નાશ થાય છે, ત્યારે જીવંત શરીરમાં ચૈતન્યરૂપી જે આત્મા હતો તે અને તેના ગયા પછી બાકી રહેલા પુદ્ગલો એ બંને, કોઈ ને કોઈ બીજા સ્વરૂપે કાયમ રહે જ છે, એટલે આ 'વ્યય' શબ્દમાં, સંપૂર્ણ નાશ નથી, પણ આધારભૂત દ્રવ્યના ટકાવનો ભાવ રહેલો છે. આની પાછળ પણ સાપેક્ષતા, અપેક્ષાભાવ, Relativity નો સિદ્ધાંત કામ કરે છે.

પ્રથમ ત્રિપદીમાં 'સ્થિતિ' એવો શબ્દ વપરાયો છે. તેના અર્થમાં અને જૈન તત્ત્વજ્ઞાનીઓએ વાપરેલી ત્રિપદીમાં 'ધ્રૌવ્ય' શબ્દના અર્થમાં પણ ઘણો ફરક છે. 'સ્થિતિ' શબ્દનો વ્યવહારમાં કરવામાં આવતો અર્થ, 'જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં રહેવું' એવો થાય છે. પરંતુ, જગતની માનવામાં આવતી ઉત્પત્તિ પછીની અને માની લીધેલા લય પહેલાં જે સ્થિતિ છે, વચગાળાની જે 'સ્થિતિ' છે, તેનો અર્થ 'વહન્નતી સ્થિતિ' એવો થાય છે. આ શબ્દનો કોઈ વસ્તુ અંગે જ્યારે ઉલ્લેખ કરીએ, ત્યારે પણ, એનો 'વહેતી સ્થિતિ' એવો જ અર્થ થવો જોઈએ.

હવે, આપણે જાણીએ તો છીએ જ કે પ્રત્યેક વસ્તુની અવસ્થા એ નિરંતર પલટાતી જ રહે છે. પરિવર્તનશીલતાની ઘટમાળ ચાલ્યા જ કરે છે. એક સ્વરૂપ અદૃશ્ય થતાં બીજું પ્રકટ થાય છે. વળી કોઈ એક જ સ્વરૂપ દીર્ઘકાળ પર્યંત ટક્યા કરતું દેખાવા છતાંય એમાં રોજેરોજ, પ્રતિપળે ફેરફાર થતો જ રહે છે.

આનો સ્પષ્ટ અર્થ એ થયો કે 'સ્થિતિ' રહેતી નથી; એનો વ્યય-વપરાશ-ચાલ્યા જ કરે છે. રૂપાંતરો દ્વારા વિનાશશીલતા અને નવીન નવીન સ્વરૂપશીલતાનો ક્રમ ચાલ્યા જ કરે છે. એના માટે, જૈન તત્ત્વવેત્તાઓએ, 'સ્થિતિ'ને બદલે 'ધ્રૌવ્ય' એવો શબ્દ આપ્યો છે; કેમકે તે તે પ્રત્યેક પરિવર્તનમાં પણ કોઈ કાયમી અંશની સાપેક્ષતા-અપેક્ષા-ભાવ-રહેલો જ હોય છે.

આમ આ 'ઉત્પાદ, વય અને ધ્રૌવ્યમાં જે ત્રણ પરિસ્થિતિઓનું આપણે દર્શન કરીએ છીએ એ સ્થિતિ પણ પૃથક્ પૃથક્ જુદી જુદી ભિન્ન કે એક બીજાથી સ્વતંત્ર નથી. એક જ વસ્તુની એ ત્રણ જુદી જુદી અવસ્થાઓ માત્ર છે. આ ત્રણે અવસ્થાનો એક બીજા સાથેનો સંબંધ છે, તે આ સાપેક્ષતા-અપેક્ષાભાવ ઉપર નિર્ભર છે.

વસ્તુના પ્રત્યેક પરિણમનમાં તેનો દ્રવ્યઅંશ કાયમ રહે છે, પૂર્વપર્યાયનો નાશ થાય છે અને ઉત્તર પર્યાયની ઉત્પત્તિ થાય છે. વસ્તુનો જે દ્રવ્યઅંશ છે તે ધ્રુવ (કાયમ) રહે છે અને પર્યાય અંશ ઉત્પન્ન-નષ્ટ થાય છે. અર્થાત્ મૂળ દ્રવ્યનું ધ્રૌવ્ય છે અને પૂર્વપર્યાયનો નાશ તથા ઉત્તરપર્યાયની ઉત્પત્તિ છે. આ રીતે, વસ્તુમાત્રમાં આ ત્રણે ધર્મ-ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય-અનાદિ અનંતકાલ પર્યંત ચાલ્યા કરે છે. વસ્તુનો જે ધ્રુવ (કાયમી) અંશ છે તે નિત્ય છે અને ઉત્પન્ન તથા વિનષ્ટ અંશ છે, તે અનિત્ય છે. આ રીતે વસ્તુ માત્ર, કથંચિત્ નિત્યાનિત્ય-સ્વરૂપ છે, એવું જૈન દર્શનકારો ભારપૂર્વક જણાવે છે. એકાંત નિત્ય કે એકાંત અનિત્ય કોઈ વસ્તુ હોઈ શકતી જ નથી.

અહીં કોઈ કદાચ એવો પ્રશ્ન પૂછશે કે 'ઉત્પાદ-વ્યય' તો પર્યાયમાં થયા અને ધ્રૌવ્ય દ્રવ્યમાં રહ્યું; તો પછી, આ 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય'ને એક જ વસ્તુના ત્રણ ધર્મો કેવી રીતે કહેવાય ?'

આનો ઉત્તર તદ્દન સ્પષ્ટ છે. પર્યાય, વસ્તુથી કંઈ જુદા નથી.. દ્રવ્ય પણ વસ્તુથી કંઈ જુદું નથી. વસ્તુ પોતે દ્રવ્યરૂપ પણ છે. અને પર્યાયરૂપ પણ છે; તેથી એ ત્રણ ધર્મ એક જ વસ્તુના છે.

વસ્તુ માત્રના જે જુદા જુદા અનેક અંત છેડા છે, તે દરેક અંત સ્વતંત્ર નથી. એ બધાં અંત, કોઈ ને કોઈ અપેક્ષાએ એક બીજા સાથે સંબંધ ધરાવનારા છે. આ વાત જૈન દાર્શનિકો જ્યારે નયદૃષ્ટિથી અને સપ્તભંગીના કોષ્ટક દ્વારા બતાવે છે, ત્યારે એની સામે મોટામાં મોટું બૂમરાણ એ મચાવવામાં આવે છે કે 'એ અધૂરી વાત હોવા ઉપરાંત એમાં અનિશ્ચિતતા છે.' આ બંને વાતો-એ બધી બૂમરાણો ખોટી છે.

જૈન તત્ત્વવેત્તાઓએ કોઈપણ વાતને અધૂરી કે અચોચક્કસ રીતે કહી નથી. એમની કોઈ પણ વાતમાં, ક્યાંય પણ, અનિશ્ચિતતા નથી. એથી ઉલટું, નિશ્ચિતતા જ સ્પષ્ટપણે રહેલી છે.

'જ' અને 'પણ' એ બે શબ્દો આપણી ભાષામાં અનિયંત્રિતપણે વપરાય છે. એ બંને શબ્દો ચોક્કસ અર્થ ધરાવે છે. સપ્તભંગીમાં स्यादस्ति ની સાથે एव (એવ) શબ્દ છે, તે એક નિશ્ચિતતા બતાવે છે, 'એવ' એટલે 'જ'. આ 'જ' શબ્દ જ્યાં પણ વપરાય છે ત્યાં તે નિશ્ચિતતા અને ભારપૂર્વકતા દર્શાવવા જ વપરાય છે.

'સ્યાત્+અસ્તિ+એવ' મળીને બનતા 'એક વાક્યમાં એક બાબત છે જ' એવી નિશ્ચિતતા જ બતાવવામાં આવે છે. એ સાથે જ, 'એ સિવાય બીજું 'પણ' કંઈક છે. બીજી બાજુ 'પણ' છે, એ વાતનો પણ, એમાંના 'સ્યાત્' શબ્દથી ચોક્કસ અને નિશ્ચિત ઉલ્લેખ થાય છે. આ 'જ' અને 'પણ' શબ્દો કોઈ અચોક્કસતા, કોઈ સંભવ, કોઈ સંદેહ કે અનિશ્ચિતતા બતાવતા નથી. એ શબ્દો, 'કોઈ એક અને બીજા પ્રકારની' નિશ્ચિતતા દર્શાવે છે. આ વાત જો બરાબર સમજવામાં આવશે, તો પછી, સપ્તભંગી અંગેની સમજણમાં કશો ગોટાળો કે સંભ્રમ નહિ રહે.

સપ્તભંગીમાં જ્યારે અપેક્ષાની વાત આવે છે, ત્યારે તે પણ, એક નિશ્ચિત સ્થિતિ છે. અધૂરા કે અનિશ્ચિત અર્થમાં નહિ પણ પૂર્ણ અને નિશ્ચિત અર્થમાં જ એ 'અપેક્ષા' શબ્દ વપરાયો છે. 'ટોપી' છે અને 'ટોપી નથી' એમાં બે પરસ્પર વિરોધી વિધાનોમાં આ અપેક્ષાભાવ રહેલો જ છે. જુદી જુદી અપેક્ષાએ જુદી જુદી વાત ભલે કરવામાં આવે, એ બધી વાતો 'અસંદિગ્ધ અને નિશ્ચિત' છે. નાનું બાળક મોટું થયું, હવે નાનપણની ટોપી હયાત હોવા છતાં એ ટોપી તરીકે કામ નહિ લાગતી હોવાથી ટોપી નથી એ પણ સાચું જ છે.

એવી જ રીતે, 'સ્વ' અને 'પર' શબ્દો પણ અનિશ્ચિતતાના સૂચક નથી; નિશ્ચિતતાના સૂચક છે. દાખલા તરીકે, ઘરમાં આપણે શાક સુધારવા માટેનું એક ચપ્પુ અથવા છરી જ્યારે શોધીએ છીએ ત્યારે, 'ચપ્પુ છે' અથવા 'ચપ્પુ નથી' એવા જે પરસ્પર વિરોધી જવાબો આપણને મળે છે, તે બંને નિશ્ચિત જવાબો છે. ચપ્પુ જ્યારે છે, ત્યારે તે ય ચોક્કસ જવાબ છે અને ચપ્પુ જ્યારે નથી, ત્યારે તે પણ ચોક્કસ જવાબ છે.

હવે, 'ચપ્પુ નથી' એવો જવાબ જયારે મળ્યો ત્યારે એક ચપ્પુ તો ઘરમાં હતું. એ ચપ્પુ બાળકોને રમવા માટેનું અને બુઠું હતું. એટલે તે વિવક્ષિત ઉપયોગી ચપ્પુ નથી. એટલે, 'ચપ્પુ નથી' એમ જ્યારે કહેવામાં આવે ત્યારે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે. 'ચપ્પુ સિવાયની બીજી ઘણી ચીજો ઘરમાં હોવા છતાં, 'સ્વ-દ્રવ્ય' રૂપી ચપ્પુ ત્યાં નથી. બીજાના ઘરમાં ભલે હોય, આપણા ઘરમાં 'સ્વ-ક્ષેત્ર'એ નથી. સવારે કે ગઈ કાલે હતું, પણ અત્યારે, 'સ્વ-કાળમાં' તે નથી. જે રમકડું પડ્યું છે તે 'બુઠું છે.' ધારદાર નથી. એમાં બુઠ્ઠાપણું એ પર-ભાવ હોઈ, 'સ્વભાવમાં' ચપ્પું નથી.

એટલે, જ્યારે 'નથી' અગર 'છે' એમ આપણે કહીએ છીએ, ત્યારે તે નિરપેક્ષ-સ્વતંત્ર કે સ્વ-આધારિત કથન નથી. એ કથન, સાપેક્ષ, અપેક્ષાયુક્ત અને સંબંધ ધરાવતું, Relative છે.

આપણી સમજણશક્તિમાં અને બુદ્ધિમાં આ 'અપેક્ષા' શબ્દ એક ચમત્કારિક કહી શકાય તેવી વૃદ્ધિ કરે છે એની ઉપેક્ષા જો કરીએ તો પછી, જ્યાંના ત્યાં જ આપણે રહેવાના આગળ વધવાને બદલે પાછા પડતા જવાના.

જૈન તત્ત્વજ્ઞાનના 'અનેકાંતવાદ'ના સિદ્ધાંતમાં આ 'અપેક્ષાભાવ, સાપેક્ષતા' ખૂબ જ ક્રિયાશીલ–Active અને મહત્ત્વનો–Important ભાગ ભજવે છે. જીવનના વિવિધ ક્ષેત્રમાં પણ આ અપેક્ષા–સાપેક્ષતાને જો આપણે છોડી દઈએ, તો પછી અંધારામાં ગોથાં ખાવાનું જ રહે.

આ અપેક્ષાવાદ કે સ્યાદ્વાદ એ માત્ર અમુક પ્રકારની ચર્ચા, વ્યવહાર કે બુદ્ધિવૈશદ્યા કરવા માટે જ એવું નથી; પરંતુ વસ્તુ માત્ર વાસ્તવમાં પોતે જેવી અનેક ધર્માત્મક છે, તેવું તેનું દર્શન કરાનાર આ અપેક્ષાવાદ–સ્યાદ્વાદ–છે. એનાથી જ વસ્તુના સમગ્ર સ્વરૂપોને સમજી શકાય છે; આમ સાપેક્ષ યા સ્યાદ્વાદની દૃષ્ટિ વસ્તુમાં કંઈ નવું સર્જતી નથી અથવા તેમાં કોઈ આરોપણ કરતી નથી; પરંતુ ભોમિયાની જેમ, વસ્તુમાં જે છે, તે ખુલ્લું કરીને બતાવે છે. રામ એ પિતા છે અને પુત્ર પણ છે, એ ભાવ લવ કુશની અને દશરથની અપેક્ષાથી સ્પષ્ટ થાય છે.

સાપેક્ષ શબ્દનો અર્થ 'સ+અપેક્ષા=જેમાં અપેક્ષા રહેલી છે તે, એવો થાય છે. મૂળમાં પ્રાધાન્ય તેના અપેક્ષાભાવનું જ છે. આ વાત અને આ 'અપેક્ષા' શબ્દનો અર્થ બરાબર સમજી લીધા પછી, 'સપ્તભંગી' સમજવામાં આપણને કશી મુશ્કેલી નહિ પડે, ઘણી સુગતમા તેથી સાંપડશે ✷ ✷ ✷

સૌજન્ય : 'અનેકાંત સ્યાદ્વાદ' લેખક : સ્વ. શ્રી ચંદુલાલ સકરચંદ શાહ

---

# બેરિસ્ટર ચક્રવર્તી

❑ શ્રી ચંદુલાલ સકરચંદ શાહ

'સપ્તભંગી' એ એક વિશિષ્ટ પ્રકારની 'કસોટી-માળા'-A chain of wonderful formulas-છે. એ એક સિદ્ધ પદ્ધતિ-Proved method (માત્ર Proved નહિ, Approved પણ) છે; સિદ્ધ ઉપરાંત સ્વીકૃત પણ છે. એમાં કશું સંદિગ્દ નથી, કશું અસ્પષ્ટ નથી, કશું અનિશ્ચિત નથી.

સાત જુદી જુદી રીતે આપણે વિચારતા થઈએ, તો તેથી, રોજીંદા જીવનમાં વ્યવહારના આચરણનો નિર્ણય કરવામાં આપણને ખૂબ સહાય મળી રહે એ વાત પણ નિશ્ચિત છે. એ રીતે આપણને મળી શકતી સહાયનું સ્પષ્ટ દર્શન થાય, એ હેતુથી, આપણે એક દૃષ્ટાંતનો સહારો લઈએ.

આ માટે, 'બેરિસ્ટર ચક્રવર્તી નામના એક કલ્પિત પાત્રની રચના આપણે કરીએ. આ નામ અહીં એક કલ્પી લીધેલું પાત્ર હોઈ, કોઈ પણ જીવંત વ્યક્તિ સાથે, ભૂત, ભવિષ્ય કે વર્તમાનના એવા કોઈ નામ સાથે આ લખાણને કશો સંબંધ નથી. આટલી ચોખવટ કરીને આપણે આગળ ચાલીએ.

આ બેરિસ્ટર સાહેબ એક વિશિષ્ટ પ્રકારનો સદ્ગુણ ધરાવે છે. એ ગુણ તે 'એમનું ઔદાર્ય-ઉદારતા.'

'ઉદારતા' એ આત્માનો એક ગુણ છે. આત્માને જો આપણે 'દ્રવ્ય' તરીકે ગણીને ઉદારતાનો વિચાર કરીએ તો આ ઉદારતા ગુણ, 'ભાવની અપેક્ષામાં આવે.' ઉદારતા કોઈ દ્રવ્ય નથી, આત્માના સ્વગુણનું–સ્વભાવનું એક અંગ છે.

આમ છતાં, ઉદાહરણ તરીકે, બેરિસ્ટર ચક્રવર્તીની આ ઉદારતાને આપણે એક 'વસ્તુ' ગણીને ચાલીશું, આ પ્રયોગ, સપ્તભંગીની વ્યવહારિક ઉપયોગિતા સમજવા માટે આપણે કહીએ છીએ. એ માટે આપણે પ્રથમ વાક્ય એવું બનાવીએ છીએ કે 'બેરિસ્ટર ચક્રવર્તી ઉદાર છે.'

હવે બેરિસ્ટર ચક્રવર્તીની આ ઉદારતા માટે, 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની ચાર અપેક્ષાઓ આપણે નક્કી કરીએ.'

**દ્રવ્ય :** બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા માટેનું દ્રવ્ય, તેમની પાસે અવાનવાર ફાજલ પડતા પૈસા ઉર્ફે ધન રૂપી દ્રવ્ય છે. આ ધન તેમની પાસે ફાજલ હોય ત્યારે તેમની ઉદારતા રૂપી વસ્તુ ક્રિયાશીલ બને છે.

**ક્ષેત્ર :** બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતાનું ક્ષેત્ર તેમની જ્ઞાતિ છે. પરંતુ આ જ્ઞાતિમાં પણ જે ગરીબ વર્ગ છે તે ક્ષેત્રમાં જ તેમની ઉદારતા પ્રગટ થાય છે, અન્યથા નહિ.

**કાળ :** બેરિસ્ટર ચક્રવર્તી, સવારે નિત્ય કર્મથી પરવારીને તેમના અસીલોને મળવામાં અને કૉર્ટ અંગેના કામની તૈયારી કરવામાં સમય વિતાવે છે. દિવસના ભાગમાં તેઓ કોર્ટના કેસ ચલાવવામાં રોકાયેલા રહે છે. સાંજે ક્યારેક ક્યારેક કલબમાં જઈને થોડો સમય તેઓ બ્રીજ રમે છે. એ દરમિયાન, ક્યારેક તેઓ વ્હીસ્કીના બે ચાર પેગ પણ ચડાવે છે. રવિવારે અને રજાના દિવસોએ તેઓ પોતાના ઘરમાં જ હોય છે. એટલે, તેમની ઉદારતાનો કાળ (સમય) તેઓ જ્યારે કામમાં રોકાયેલા ન હોય, કલબમાં ન ગયા હોય અને નશો ન કરેલો હોય તે સમય છે. આ રીતે તેઓ જ્યારે ફુરસદમાં હોય ત્યારે તેઓ એમની ઉદારતાને ક્રિયાશીલ બનાવે છે. એટલે એમની ઉદારતા માટે કાળની અપેક્ષા તે એમની 'ફુરસદનો સમય' છે.

**ભાવ :** બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા માટેનો ભાવ, તેમનો 'શિક્ષણપ્રેમ' છે. કેળવણી સિવાયના બીજા કોઈ કાર્યમાં તેઓ રાતો પૈસો પણ ખર્ચતા નથી. તે એટલે સુધી કે માણસ ભૂખે મરી જતો હોય તો પણ, તેઓ એક પાઈ પણ ખીસ્સામાંથી કાઢતા નથી. કેળવણી સિવાયના બીજા બધા વિષયોમાં તેઓ તદ્દન અનુદાર છે. શિક્ષણને લગતી બધી જ બાબતોમાં તેઓ છુટ્ટા હાથે પૈસા ખર્ચવા તૈયાર હોય છે.

આમ બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા માટેની, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ

તથા ભાવની ચાર અપેક્ષાઓ ઉપર બતાવી તે છે.

ટૂંકમાં બેરિસ્ટર ચક્રવર્તીની આ ઉદારાત માટે 'પૈસા' એ 'દ્રવ્ય' છે, તેમના ગરીબ જ્ઞાતિજનોએ 'ક્ષેત્ર' છે. ફુરસદનો અને નશો કરેલો ના હોય તેવો તેમનો સમય તે 'કાળ' છે. અને તેમનો 'શિક્ષણપ્રેમ' એ 'ભાવ' છે. આ ચાર તેમના સ્વ-દ્રવ્ય, સ્વ-ક્ષેત્ર, સ્વ-કાળ અને સ્વ-ભાવ રૂપી 'સ્વચતુષ્ટય' થાય.

એવી જ રીતે, તેમની પાસે જ્યારે ફાજલ પૈસા ન હોય એ 'પર-દ્રવ્ય' છે. તેમના ગરીબ જ્ઞાતિજનો સિવાયના બીજા બધા લોકો એ 'પર-ક્ષેત્ર' છે. જ્યારે કામમાં રોકાયેલા હોય અથવા નશો કરેલો હોય તે સમય, 'પર-કાળ' છે અને શિક્ષણ-કેળવણી સિવાયના બીજા બધા જ વિષયો એ 'પર-ભાવ' છે. આ તેમનું પર-ચતુષ્ટય એટલે ઉદારતા માટેના 'પર-દ્રવ્ય, પર-ક્ષેત્ર' 'પર-કાળ અને પર-ભાવ' થયું.

આમ, ઉપર જણાવ્યા મુજબના સ્વચતુષ્ટયની અપેક્ષાએ બેરિસ્ટર ચક્રવર્તી ઉદાર છે અને પરચતુષ્ટયની અપેક્ષાએ બેરિસ્ટર ચક્રવર્તી ઉદાર નથી. હવે, સપ્તભંગીના સાત પદ અનુસાર હવે આપણે આ ઊદરતા રૂપી વસ્તુને તપાસીએ.

**પ્રથમ ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તી' ઉદાર 'છે'.

**બીજો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તી' ઉદાર 'નથી.'

**ત્રીજો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તી' ઉદાર 'છે અને નથી'.

**ચોથો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા' અવક્તવ્ય 'છે'.

**પાંચમો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તી'ની ઉદારતા 'છે' અને 'અવક્તવ્ય' 'છે'.

**છઠ્ઠો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા' નથી અને 'અવક્તવ્ય' 'છે'.

**સાતમો ભંગ :** 'બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા' છે, નથી અને અવક્તવ્ય છે'.

આ સાતે પદોમાં પેલા બે શબ્દો, 'સ્યાત્' અને 'એવ' રહેલા છે એમ માનીને જ આપણે ચાલવાનું છે. એટલે, ઉપરના સાત વિધાનો અવક્તવ્ય છે.

હવે, વ્યવહારમાં બેરિસ્ટર ચક્રવર્તિની આ ઉદારતા, ઉપર જણાવેલા સાત પદોની સાત જુદી જુદી દૃષ્ટિથી શું કામ કરે છે તે આપણે તપાસીએ. આ તપાસવા માટે 'ચત્રર્ભુજ' અને 'ગંગાધર' નામના બે ગૃહસ્થોને આ 'સપ્તભંગી સમારંભ'માં દાખલ કરીએ.

આ બંને ગૃહસ્થો બેરિસ્ટર સાહેબની ઉદારતાનો લાભ લેવા ઉમેદવારો છે. એ બંને જણ આવીને પ્રશ્ન પૂછે છે કે 'બેરિસ્ટર સાહેબની ઉદારાતનો લાભ મળશે ?'

આ બેમાંના ચતુર્ભુજભાઈ બેરિસ્ટર સાહેબની જ્ઞાતિના સભ્ય છે. સ્વચતુષ્ટયમાંની એક અપેક્ષા-સ્વક્ષેત્રની અપેક્ષાને લક્ષ્યમાં લઈને આપણે તેમને કહી દઈશું કે 'બેરિસ્ટરનો ઉદારતાનો લાભ તેમને મળશે.' અહીં પ્રથમ ભંગની અપેક્ષાએ નક્કી થયું કે 'બેરિસ્ટર સાહેબ ઉદાર છે.'

પેલા ગંગાધરભાઈ બેરિસ્ટરની જ્ઞાતિના સભ્ય નથી. ઉદારતા માટેનું આ 'પર-ક્ષેત્ર' હોવાથી, એ પર-ક્ષેત્રની અપેક્ષાએ ગંગાધરભાઈને તો આપણે કહી દઈશું કે-

'બેરિસ્ટર સાહેબ ઉદાર નથી.'

પહેલા અને બીજા ભંગ અનુસાર આ બંને વાતો જે આપણે કરી તેથી પ્રથમ આવેલા ચત્રભુજભાઈને આશા બંધાતાં તેઓ આપણી પાસે બેસે છે. પહેલાં ભંગ દ્વારા આ લાભ તેમને થયો; 'આશા બંધાઈ' બીજા ભંગ અનુસારનો જવાબ મળતાં શ્રી ગંગાધરભાઈ ત્યાંથી ચાલ્યા જાય છે. એમને લાભ એ થયો કે બેરિસ્ટરની ઉદારતા તેમને માટે નથી જ એવો નિશ્ચિત જવાબ મળવાથી ખોટી આશા રાખીને મિથ્યા ફાંફાં મારવામાંથી તેઓ બચી ગયા.

પેલા ગંગાધરભાઈ ચાલ્યા ગયા અને પોતે હવે એકલા જ ઉમેદવાર બાકી રહ્યા તે જાણીને ચતુર્ભુજભાઈ રાજી થયા છે. પોતાને લાભ થશે એવી આશા તેમને બંધાઈ છે છતાં વધુ ખાત્રી કરવા માટે તેઓ ફરીથી પૂછે છેઃ 'બેરિસ્ટર સાહેબની ઉદારતાનો લાભ હું તેમનો જ્ઞાતિજન છું એટલે મળશે તો ખરો. એ લાભ મને ચોક્કસ મળશે ? બેરિસ્ટર સાહેબ શું ખરેખર ઉદાર છે ?'

આ પ્રશ્નનો આપણે શું જવાબ આપીશું ? ચક્રવર્તીના સ્વક્ષેત્રની અપેક્ષાએ આ ચતુર્ભુજભાઈ માટે તેઓ નિશ્ચિતપણે ઉદાર છે જ; પરંતુ બીજી બધી અપેક્ષાઓને આ ભાઈ પૂર્ણ કરે છે કે કેમ તે આપણે જાણતા નથી. એટલે આપણે એમને એક વાક્યમાં સ્પષ્ટ જવાબ આપવો હોય તો આપણે તેમને કહીશું કેઃ-

'બેરિસ્ટર સાહેબ ઉદાર છે અને નથી.'

આવો, પરસ્પર વિરોધી જવાબ સાંભળીને ચતુર્ભુજભાઈ આપણી પાસે એ માટે ખુલાસો માગે છે ત્યારે આપણે તેમને કહીએ છીએ કે બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા સર્વ કાળે, સર્વ સ્થળે (ક્ષેત્રે) અને સર્વભાવે કામ કરતી નથી. પ્રગટ થતી નથી. એ માટેની શરતો (અપેક્ષાઓ) હોઈ, સ્વચતુષ્ટયની અપેક્ષાએ તેઓ ઉદાર છે અને પરચતુષ્ટયની અપેક્ષાએ તેઓ ઉદાર નથી.

આ ચતુર્ભુજભાઈ પોતે બેરિસ્ટર ચક્રવર્તીની જ્ઞાતિના છે એટલે એ એક અપેક્ષા પરિપૂર્ણ થવાને કારણે બેરિસ્ટર સાહેબને ત્યાં જવાનો વિચાર કરીને આપણને પૂછે છેઃ 'તો હું બેરિસ્ટર પાસે જાઉં તો મને ફાયદો થશે.'

આ પ્રશ્નના જવાબમાં એક સ્પષ્ટ અને નિશ્ચિત વાત જો કરવી હોય તો આપણે માટે ચોથા ભંગવાળો ઉત્તર જ અનુકૂળ અને

વાસ્તવિક બનશે. આપણે એમને તરત જ કહી દઈશું કેઃ 'અવક્તવ્યઃ અર્થાત્ કાંઈ કહી શકાય નહિ.'

અહીં આપણે ચતુર્ભુજભાઈને, લાભ મળશે કે નહિ મળે એ બેમાંથી એક પણ વાત નિશ્ચિતપણે કહી શકતા નથી. કેમકે મળવું અથવા નહિ મળવું તે સ્વ અને પર ચતુષ્ટયની અપેક્ષાને આધીન છે. ચતુર્ભુજભાઈને આપણે એક નિશ્ચિત અને અસંદિગ્ધ જવાબ આપવા માગીએ છીએ. એ ભાઈ કેટલી અપેક્ષાઓને પરિપૂર્ણ કરે છે તે આપણે જાણતા નથી અને આપણે એમને અંધારામાં કે ખોટી આશામાં પણ રાખવા માગતા નથી. એટલે ચોથા ભંગ અનુસારનો આ નિશ્ચિત અભિપ્રાય આપણે તેમની સમક્ષ રજૂ કરીએ છીએ.

આમ છતાં, 'કંઈ કહી શકાય નહિ' એવો જવાબ આપીને ચતુર્ભુજભાઈને આપણે નિરાશ કરતા નથી. બેરિસ્ટર સાહેબની ઉદારતા અંગેની બધી અપેક્ષાઓથી આપણે તેમને વાકેફ કરીએ છીએ અથવા તો આપણા જવાબ દ્વારા એ બધી શરતોથી માહિતગાર થવાનું આપણે તેમને સૂચવીએ છીએ.

હવે ચતુર્ભુજભાઈ આપણને જણાવે છે કેઃ હું બેરિસ્ટર સાહેબની જ્ઞાતિનો સભ્ય છું અને મારે મારા પુત્રના શિક્ષણ અંગે સહાયની જરૂર છે.

આ વાત કરીને ઉદારતાના આ ઉમેદવાર ક્ષેત્ર ઉપરાંત ભાવની અપેક્ષાને પરિપૂર્ણ કરે છે. એમનો કેસ એટલો મજબૂત બને છે. એટલે બેરિસ્ટર સાહેબની ઉદારતાનો લાભ તેમને મળવો જોઈએ. આમ છતાં બીજી અપેક્ષાઓ પૂર્ણ થાય છે કે કેમ તે આપણે જાણતા નથી. એટલે, પાંચમા ભંગનો આશ્રય લઈને આપણે એમને એવો સ્પષ્ટ જવાબ આપી શકીશું કેઃ-

'બેરિસ્ટર સાહેબ ઉદાર છે અને અવક્તવ્ય છે અર્થાત્ કંઈ કહી શકાય નહિ' એટલે બેરિસ્ટર ઉદાર તો છે જ પણ એમનો લાભ ચતુર્ભુજભાઈને મળશે કે કેમ તે નિશ્ચિંતપણે કહેવાની સ્થિતિમાં હજુ આપણે આવ્યા નથી. એટલે, આપણો આ જવાબ તદ્દન સ્પષ્ટ અને વાસ્તવિક છે.

હવે, આ ચતુર્ભુજભાઈ સાથે વાતચીત કરતાં આપણને જાણવા મળે છે કે તેઓ સામાન્ય રીતે સુખી કહી શકાય તેવી સ્થિતિના છે. એમના જણાવવા મુજબ, ઘરના સામાન્ય ખર્ચ પુરતી આવક એમને છે; પરંતુ એમના પુત્રના કૉલેજમાંના ઉચ્ચ શિક્ષણ અંગે થતા ખર્ચને પહોંચી વળવામાં એમને મુશ્કેલી પડે છે.

આ વાતથી, તેઓ 'ગરીબ' નથી એમ નક્કી થઈ જાય છે. બેરિસ્ટરની ઉદારતા સ્વ-ક્ષેત્રની જે અપેક્ષા, તેઓ તેમની જ્ઞાતિના હોવાથી પૂર્ણ થતી હતી તે અહીં કાચી પડી જાય છે. અને અન્ય અપેક્ષાઓ તો પાછી ઉભેલી જ છે. આ સંજોગોમાં બેરિસ્ટર સાહેબની ઉદારતાનો લાભ એમને નહિ મળે એવો નિશ્ચિત અભિપ્રાય આપણે બાંધી લઈએ છીએ, આમ છતાં, એમની સફળતા કે નિષ્ફળતાનો આધાર, ઉદારતા અંગેના બેરિસ્ટર સાહેબના 'સ્વ-ક્ષેત્ર'ની અપેક્ષા પરિપૂર્ણ થાય છે એ વાતની પ્રતીતિ તેઓ સાહેબને કેવી રીતે થાય છે એના ઉપર હોવાથી, હવે છઠ્ઠા ભંગનો આશ્રય લઈને આપણે ચતુર્ભુજભાઈને કહીશું કેઃ-

'બેરિસ્ટર સાહેબની ઉદારતા નથી અને અવક્તવ્ય છે.'

અર્થાત્, ચતુર્ભુજભાઈ ગરીબ હોય તેવું આપણને લાગતું નથી એટલે બેરિસ્ટર સાહેબ પર-ક્ષેત્રની અપેક્ષાએ ઉદાર નથી. જ્યારે તે સિવાયની બીજી અપેક્ષાઓ માટે ચિત્ર અસ્પષ્ટ હોવાથી, ચતુર્ભુજભાઈ તેમની પાસે જાય તો શું પરિણામ આવશે એ આપણે જાણતા નથી એનું વર્ણન આપણે કરી શકતા નથી.

આપણો આ જવાબ ચતુર્ભુજભાઈ પાસે એક એવું સુસ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે, કે પરિસ્થિતિ જોતાં બેરિસ્ટર સાહેબની ઉદારતા એમને માટે નથી જ; આમ છતાં કંઈ કહી શકાય નહિ, આ જવાબથી ચતુર્ભુજભાઈને એક નવી દૃષ્ટિ સાંપડે છે અને તેથી બેરિસ્ટર પાસે જવા માટે તેમ જ પોતાની ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવા માટે, ગેર સમજણ ન થાય તેવી રીતે પોતાના કેસ કાળજીપૂર્વક રજુ કરવાનું માર્ગદર્શન તેમને મળે છે.

આ બધું સમજ્યા પછી ચતુર્ભુજભાઈ બેરિસ્ટર ચક્રવર્તી પાસે જવા માટે ઊભા થાય છે. જતાં જતાં તેઓ પૂછે છે કે, બરાબર કાળજીથી વાત કરૂં તો બેરિસ્ટર સાહેબની ઉદારતાનો લાભ મને ચોક્કસ મળશે ?

આ સવાલનો જવાબ લેવા માટે આપણે સાતમા ભંગનો આશ્રય લેવો પડશે. આપણે એમને ખોટી આશા આપવા માગતા નથી, તેમને નિરાશ પણ કરવા માગતા નથી અને 'વધારામાં તમે મને આડે રસ્તે દોર્યો, પરિસ્થિતિનું સ્પષ્ટ ચિત્ર તમે આપ્યું નહિ.' આવો ઠપકો પણ ચતુર્ભુજભાઈ પાસેથી સાંભળવા માગતા નથી. એટલે આપણે તેમને કહીશું કેઃ-

'બેરિસ્ટર સાહેબ ઉદાર છે, ઉદાર નથી અને અવક્તવ્ય છે. અવક્તવ્ય છે અર્થાત્ કંઈ કહી શકાય નહિ. આ જવાબથી બેરિસ્ટર સાહેબની ઉદારતાના સ્વચતુષ્ટય તથા પરચતુષ્ટયની ભિન્ન અપેક્ષાઓ તથા એ બંનેની એકત્ર અપેક્ષાને લક્ષ્યમાં રાખીને ચતુર્ભુજભાઈને આપણે એક નવી જ સ્વતંત્ર દૃષ્ટિ આપીએ છીએ.

આ રીતે, સાતે સાત ભંગની ભિન્ન ભિન્ન દૃષ્ટિથી અને ભિન્ન ભિન્ન અપેક્ષાઓ મુજબના જે સાત વિધાનો-અભિપ્રાયો-આપણે શ્રી ચતુર્ભુજભાઈને આપ્યા તે બધાએ ભેગા મળીને બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા અંગેનું એક આખું ચિત્ર તૈયાર કર્યું.

બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતા શું છે, શું નથી, ક્યાં છે, ક્યાં નથી, ક્યારે છે, ક્યારે નથી, એનો લાભ મળી શકે એમ છે કે

નહીં, એ લાભ કોને મળી શકે તેમ છે અને કોને ન મળી શકે, અને કયા સંયોગોમાં મળે તથા કયા સંજોગોમાં ન મળે, ક્યારે મળે ને ક્યારે ન મળે વગેરે બધી બાજુઓને સમજાવતું બધી બાજુઓનું નિરૂપણ એ સાતે ભંગ દ્વારા મળેલા ભિન્ન ભિન્ન જવાબો દ્વારા અને એ બધા જવાબોના સરવાળા દ્વારા, ચતુર્ભુજભાઈ પાસે પ્રગટ થઈ જાય છે. આ રીતે તૈયાર થતું એ આખુંય ચિત્ર પાછું 'સ્યાત્' શબ્દને આધીન છે. એ વાત ભૂલવાની નથી; કેમ કે, એ સમગ્ર ચિત્ર પણ એમાં પ્રત્યેક અંગોપાંગની અપેક્ષાને વશવર્તી છે. એ ચિત્રમાં, એકત્વ અને અનેકત્વ એ બંને અપેક્ષાભાવે રહેલા જ છે.

બેરિસ્ટર ચક્રવર્તીની ઉદારતાને લગતું આ જે દૃષ્ટાંત આપણે જોઈ ગયા. અહીં આપણે આ સપ્તભંગીના વ્યવહાર ઉપયોગિતા બતાવવાના શુભ આશયથી એક પાત્રની કલ્પના કરીને એક ચિત્ર રજુ કર્યું છે એ ભૂલવાનું નથી. મુખ્ય સવાલ આ રીતે વિચાર કરવાનો એટલે વસ્તુની ભિન્ન ભિન્ન બાજુઓને તપાસવાની ટેવ પાડવાનો અને એ રીતે આપણી તુલનાશક્તિને સાફ કરવાનો તથા મજબુત બનાવવાનો છે. આ હેતુ અહીં બરાબર જળવાયો છે એ નિઃશંક છે.

આવી જ રીતે, બેરિસ્ટર સાહેબના અદાલતી કામકાજમાં પણ, સ્યાદ્‌વાદમાં ઉપયોગ લાભપ્રદ રીતે અજમાવી શકાય છે.

ઉદાહરણ તરીકે, એક પેઢીના મહેતાજીનું ખૂન થયું છે. એ કેસમાં બચાવ પક્ષના બેરિસ્ટર તરીકે આ ચક્રવર્તી સાહેબને આપણે રોકીએ.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની ચારે અપેક્ષાઓ આ ખૂન કેસને લાગુ પડે છે.

(૧) ઉઘરાણી કરીને પાછા ફરતાં ખૂન થયું છે. = દ્રવ્ય

(૨) મુંબઈ શહેરમાં ધોબીતળાવ આગળ ખૂન થયું છે. = ક્ષેત્ર

(૩) બપોરના અઢીથી ત્રણના ગાળામાં ખૂન થયું છે = કાલ

(૪) લુંટ કરવાના ઇરાદાથી ખૂન થયું છે. = ભાવ

હવે બેરિસ્ટર ચક્રવર્તી, આરોપીના બચાવ માટે ઉપરના સંયોગો તથા હકીકતોને લક્ષ્યમાં લઈને, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાઓ વડે યુક્ત એવો કેસ તૈયાર કરે છે.

(૧) ખૂબ આરોપીએ કર્યું નથી. = દ્રવ્ય

(૨) આરોપી ધોબીતળાવ નજીક હતો નહિ. = ક્ષેત્ર

(૩) બપોરના ૧ થી ૩ વાગ્યા દરમ્યાન આરોપી બોરીવલીમાં હતો અને તેના સાક્ષી પુરાવા છે. = કાળ

(૪) આરોપી ખૂન કરે તેવો માણસ નથી, એની જિંદગીમાં એણે માંકડ કે મચ્છર પણ માર્યો નથી. = ભાવ

ઉપર દર્શાવેલા બંને ચતુષ્ટયોમાં ખૂન જેનું થયું છે, તે મહેતાજી માટે જે સ્વચતુષ્ટય છે તે આરોપી માટે પરચચુષ્ટય બની જાય છે અને આરોપી માટે જે સ્વચતુષ્ટય છે તે ખૂન અંગે પરચતુષ્ટય બની જાય છે.

હવે, જેનું ખૂન થયું છે, એ ખૂન તો એક હકીકત છે, એક નિશ્ચિત હકીકત તરીકે એ વાત રજુ કરવામાં આવી છે. સવાલ હવે આરોપીના બચાવનો આવે છે. એનો બચાવ બેરિસ્ટર ચક્રવર્તીના હાથમાં છે. એમની સામે ફરિયાદ પક્ષના સરકારી વકીલ છે. તેઓ બંને મળીને, સામસામા ઊભા રહીને, ન્યાયાધીશ સમક્ષ આ કેસ ચલાવવાના છે. પક્ષ તરફથી સાક્ષીઓ પણ આવવાના છે. કેસ દરમિયાન, જ્યુરીના સદ્‌ગૃહસ્થો પણ હાજર રહેવાના છે.

ન્યાય-ચુકાદો-આપવાનું કામ ન્યાયાધીશ સાહેબે કરવાનું છે. તે પહેલાં જ્યૂરીનો અભિપ્રાય પણ મેળવવાનો છે. તેઓ સાહેબ, આ કેસની આખીએ કાર્યવાહી દરમિયાન, તેમના હંમેશના સ્વભાવ મુજબ તટસ્થતા ભાવ ધારણ કરીને બેસવાના છે. આરોપીએ ખૂન કર્યું છે એ પૂરવાર કરવા ફરિયાદ પક્ષ મહેનત કરશે. આરોપી નિર્દોષ છે એ પુરવાર કરવા બેરિસ્ટર ચક્રવર્તી આકાશ-પાતળ એક કરશે. અર્થાત્, પુરેપુરી મહેનત કરશે. એ બધામાં સત્ય શું છે એ વાતનો નિર્ણય કરીને નિઃપક્ષ ચૂકાદો આપવાનું કામ સૌથી છેલ્લે ન્યાયાધીશ સાહેબે કરવાનું છે.

હવે આપણે આ કેસની કાર્યવાહી દરમ્યાન ન્યાયાધીશ સાહેબ સમક્ષ કેવા ભિન્ન ભિન્ન ચિત્રો રજૂ થાય છે. તે જોઈએ.

(૧) ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલું તહોમતનામું વાંચીને એક અભિપ્રાય આવે છે કે 'આરોપી ગુન્હેગાર છે.'

(૨) બેરિસ્ટર ચક્રવર્તીનું બચાવનામું જોઈને બીજો એક અભિપ્રાય આવે છે કે 'આરોપી ગુન્હેગાર નથી.'

(૩) તહેમતનામાની અપેક્ષાએ તથા બચાવનામાની અપેક્ષાએ તટસ્થ ન્યાયાધીશ નોંધે છે કેઃ 'આરોપી ગુન્હેગાર છે અને નથી.

(૪) આ સંયોગોમાં ચુકાદો આપવાનું કામ 'અવક્તવ્ય છે, ચુકાદા વિષે કંઈ કહી શકાય નહિ.'

(૫) ફરિયાદ પક્ષના સાક્ષીઓની જુબાની નોંધાય છે અને બેરિસ્ટર ચક્રવર્તી એમની ઉલટ તપાસ લે છે. સાક્ષીઓની જુબાની જોતાં આરોપી ગુન્હેગાર છે; પરંતુ ઉલટ તપાસ જોતાં એ ગુન્હેગાર છે એવો ચૂકાદો આપી શકાય તેમ નથી. એટલે,'આરોપી ગુન્હેગાર છે પણ ચુકાદા વિષે કંઈ કહી શકાય નહિ.'

(૬) બચાવ પક્ષના સાક્ષીઓની જુબાની નોંધાય છે અને સરકારી વકીલ એમની ઉલટ તપાસ કરે છે. આ સાક્ષીઓની જુબાની જોતાં આરોપી ગુન્હેગાર નથી; પરંતુ ઉલટ તપાસ જોતાં એ ગુન્હેગાર નથી એવો ચૂકાદો આપી શકાય તેમ નથી. એટલે, 'આરોપી ગુન્હેગાર નથી પણ ચુકાદા વિષે કંઈ કહેવાય નહિ.'

(૭) ફરિયાદ પક્ષનો કેસ મજબુત રીતે રજુ થયો છે, બચાવ પક્ષ તરફથી પણ એવી જ રીતે આરોપીના લાભમાં સંગીન રજુઆત થઈ છે. પરંતુ જ્યુરીનો નિર્ણય હજુ આવવાનો બાકી છે. એટલે ચુકાદા

વિષે હજુ કંઈ છેવટનો નિર્ણય ન્યાયાધીશ સાહેબે કર્યો નથી. એટલે, 'આરોપી ગુનેગાર છે, આરોપી ગુનેગાર નથી અને ચૂકાદા વિષે કંઈ કહેવાય નહિ.'

આ સાતે ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ નામદાર ન્યાયાધીશ સમક્ષ નોંધાયા છે. રજૂ થયા છે. એ સાતે ભેગા થઈને જે એક સળંગ ચિત્ર રજૂ કરે છે તે તેઓ સાહેબ પાસે પડેલું છે. એ દરેક અભિપ્રાયને ભિન્ન ભિન્ન રીતે તથા એ સાતેને એકઠાં કરીને નામદાર ન્યાયાધીશ સાહેબ જ્યુરીને દોરવણી આપે છે ખરા, પણ ચૂકાદો નથી આપતા. આ વાત સમજવા જેવી છે. પોતાને જે ફેંસલો કરવાનો છે, જે ચૂકાદો આપવાનો છે તે વિષે ન્યાયમૂર્તિ અગાઉથી કશો નિર્ણય બાંધી લેતા નથી. તેમનું પોતાનું મંતવ્ય-અભિપ્રાય શું છે એ તો જ્યૂરીનો નિર્ણય આવ્યા પછી તેઓ વિચારશે અને પછી જ ચૂકાદો આપશે.

હવે જ્યુરીના સદ્ ગૃહસ્થો એક જુદા ઓરડામાં જઈને એ આખાયે કેસની વિચારણા કરે છે. અંદર અંદર વિચાર-વિનિમય કરે છે. બેરિસ્ટર ચક્રવર્તીએ પોતાનો કેસ સ્યાદ્વાદ શૈલીને લક્ષ્યમાં રાખીને અને સ્થાપિત કાયદા કાનુનોને બરાબર સમજી-સમજાવીને રજૂ કર્યો છે. ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાઓ જોતાં, આરોપી નિર્દોષ જ છે એવી સંગીન અસર જ્યુરીના સદ્ગૃહસ્થો ઉપર તેઓ પાડી શક્યા છે. જે સ્થળે ખૂન થયું તે સ્થળે આરોપી હતો જ નહિ અને જે સમયે ખૂન થયું કહેવામાં આવે છે, તે સમયે તે ધોબી તળાવ પર નહિ પણ બોરીવલીમાં હતો. એવા સંગીન અને વિશ્વાસપાત્ર પુરાવાઓ તેમણે કોર્ટમાં રજૂ કર્યાં છે. આ બધું જોઈને, પૂરતી વિચારણા કર્યા પછી, 'આરોપી નિર્દોષ છે એવો ફેંસલો (Verdict) જ્યૂરી આપે છે. એ ફેંસલો બરાબર અને યોગ્ય છે. એવું, તે પછી પૂરતી વિચારણા બાદ ન્યાયાધીશ સાહેબને લાગે છે અને તેઓ 'આરોપી નિર્દોષ છે અને તેને છોડી મૂકવામાં આવે છે.' એવો ચૂકાદો સંભળાવે છે.

આરોપી છૂટી જાય છે. બેરિસ્ટર ચક્રવર્તીને સફળતા મળે છે. સ્યાદ્વાદ પદ્ધતિનો એ વિજય છે.

આ આખાય કેસ દરમિયાન આપણે જોયું કે ન્યાયાધીશ પોતે તદ્દન નિપક્ષ, તટસ્થ અને પોતાના ગૌરવ અંગે પૂર્ણપણે સજાગ રહ્યા છે. સ્યાદ્વાદ સિદ્ધાંતનું સફળ અનુસરણ કરવા માટે આવશ્યક એવા ગુણો, 'મધ્યસ્થ વૃત્તિ, અતિ નિપુણ બુદ્ધિ અને વિવેકપુર્ણ ગાંભીર્ય ન્યાયાધીશ સાહેબમાં હતા, એટલે જ તેઓ એક ન્યાયયુક્ત ચુકાદો આપી શક્યા. એ ગુણોને સ્યાદ્વાદની સમજણ મેળવવા માટે જૈન તત્ત્વવેત્તાઓએ ખાસ આવશ્યક ગણ્યા છે.

અગાઉ કહી ગયા છીએ કે સ્યાદ્વાદ સત્ય અને ન્યાયનો પક્ષકાર છે. આ કેસમાં બેરિસ્ટર ચક્રવર્તીએ આરોપીનો બચાવ સ્યાદ્વાદ શૈલીથી રજૂ કર્યો હતો. એ વાત સાચી, પણ એ રીતે રજૂ કરવામાં એમણે એકાંતિક કથન કર્યું હોત તો એને સ્યાદ્વાદ શૈલી કહી શકાત નહિ. એવી જ રીતે, નામદાર ન્યાયાધીશ સાહેબે જે ચુકાદો આપ્યો તેમાં પણ સ્યાદ્વાદની પદ્ધતિ તથા અનેકાંતવાદ અંગેની પૂરેપૂરી સમજણે ઘણો મોટો ભાગ ભજવ્યો હતો એ આખાય દૃષ્ટાંતમાંથી ફલિત થાય છે.

જૈન શાસ્ત્રકારો, અનેકાન્તવાદ અને સ્યાદ્વાદને એક અસાધારણ જ્ઞાન-તત્ત્વવિજ્ઞાન-ગણ્યું છે. આ એક ખૂબ જ ગંભીર વિષય છે, જે મળે તે બધાની પાસે આ વિષયના જ્ઞાનને ખુલ્લું મૂકવાનો જૈન શાસ્ત્રકારોએ નિષેધ કર્યો છે. તેમણે એવી શરત મૂકી છે, કે 'જેમની બુદ્ધિમાં ગ્રાહ્યશક્તિ ઊંચી કક્ષાની હોય, મુમુક્ષુભાવે જ્ઞાન મેળવવા માટે જ આ તત્ત્વ વિજ્ઞાનને સમજવા માંગતા હોય અને જીવન તથા જીવનના ધ્યેય પરત્વે પૂર્ણપણે જાગ્રત તથા ગંભીર હોય તેવા વિશિષ્ટ કોટીના વિવેકી જિજ્ઞાસુને જ આ વિષયનું જ્ઞાન આપવું.

અનેકાંતવાદના અધ્યયન અને પઠન બાબતમાં જૈન તત્ત્વવેતાઓ, સદીઓથી, આ શરતનું પાલન કરતા આવ્યા છે. આ જ્ઞાન બધાને આપવાની બાબતમાં, આ નિષેધને કારણે જ, તેઓ સંકોચ અનુભવતા રહ્યા છે. આનું એક પરિણામ એ આવ્યું કે, અન્ય એકાંતિક મતમતાંતરો જેવી પ્રસિદ્ધિ આ અદ્ભુત તત્ત્વવિજ્ઞાનને મળી નથી.

એવો દાવો કરવામાં આવે છે કે આજે આપણે બુદ્ધિવાદના જમાનામાં જીવીએ છીએ. જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં અગાઉ જે સંતોષ પ્રવર્તતો હતો તેનું સ્થાન હવે અસંતોષે લીધું છે. જે જાણીએ છીએ એટલાથી સંતોષ માનીને બેસી રહેવા આજનું જગત માનતું નથી. નવું નવું જાણવાની અને સમજવાની ભૂખ હવે ઉઘડવા લાગી છે.

સ્યાદ્વાદ સિદ્ધાંતને, જિજ્ઞાસુઓના ખુલ્લા બજારમાં મૂકવાનો સમય હવે પાકવા આવ્યો છે. આ સિદ્ધાંતનો પ્રચાર કરવાનો, સારા પ્રમાણમાં અને જોરશોરથી પ્રચાર કવરાનો સમય પાકી ગયો છે. આ સિદ્ધાંતની સમજણની આવશ્યકતા આજે છે તેવી અગાઉ ક્યારેય પણ નહોતી એમ કહેવામાં અતિશયોક્તિ નથી. થોડુંક જોખમ ખેડીને પણ, આ ઉપકારક અને વિરલ તત્ત્વજ્ઞાનનો પ્રચાર હવે પૂરી તાકાતથી થવો જોઈએ.

તત્ત્વજ્ઞાનના ઉચ્ચ તથા કઠિન ક્ષેત્રથી માંડીને, વિચારમૂલક ભૂમિકાથી લઈને આચારમૂલક પ્રદેશ સુધીની તમામ પરિસ્થિતિઓમાં અનેકાન્ત તત્ત્વજ્ઞાનની સમજણ ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે.

વિવેકપૂર્વક આ જ્ઞાનનો ઉપયોગ કરનારાઓ માટે, એમાં લાભ અને કલ્યાણ ભરપૂર પડ્યા છે. ✱ ✱ ✱

સૌજન્ય : 'અનેકાંત સ્યાદ્વાદ' :

લેખક : સ્વ. શ્રી ચંદુલાલ સકરચંદ શાહ–'ચંદ્ર'

# ભારતીય દર્શનોનું સમન્વય તીર્થ : અનેકાંતવાદ

❑ ડૉ. રશ્મિ ભેદા

*[ ડૉ. રશ્મિ ભેદા જૈન તત્વજ્ઞાનના ઉત્સુક અભ્યાસી છે. 'અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની' વિષય પર શોધપ્રબંધ લખી મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. પ્રસ્તુત અંકમાં તેમણે ભારતીય દર્શનોની વિવિધતામાં કઈ રીતે અનેકાન્તવાદ જીવનમાં સમન્વય સાધવામાં મદદ કરશે એ બાબત પર લેખ લખ્યો છે. ]*

જેમ વેદાંતદર્શનનું પ્રધાન અંગ અદ્વૈતવાદ છે, બૌદ્ધદર્શનનું પ્રધાન અંગ ક્ષણિકવાદ છે એમ જૈન દર્શનનું પ્રધાન અંગ છે અનેકાંતવાદ/સ્યાદ્‌વાદ. આજે જગતમાં બધા વિચારકો સામે એક પ્રશ્ન ઊભો થાય છે કે વસ્તુનું સ્વરૂપ શું છે ? અને વસ્તુના આખરી સ્વરૂપ માટે ભિન્ન ભિન્ન વિચારોનો આર્વિભાવ થાય છે. આ જગતમાં વિવિધ દર્શન અને આચારશાસ્ત્રોનો ઉદ્‌ગમ થાય છે ત્યારે સૂક્ષ્મ બુદ્ધિવાળા લોકોના હૃદયમાં પ્રશ્ન થાય છે કે ક્યું દર્શન અપનાવવા જેવું છે ? ત્યારે સર્વ દાર્શનિકોના તરફથી એક તરફ એ સમાધાન હોવું જોઈએ કે જે સર્વ વસ્તુઓનો જ્ઞાતા હોય અને સર્વ દોષોથી રહિત હોય એવા પુરુષવિશેષે પ્રતિપાદિત કરેલું દર્શન અને આચારશાસ્ત્ર અપનાવવું જોઈએ, અર્થાત્ જે દર્શનમાં તર્ક-યુક્તિ અને પ્રમાણથી વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન કરેલું હોય અને જે દર્શન પર આધાર રાખવાવાળા આચારશાસ્ત્રમાં બતાવેલ વિધિ નિપેક્ષ પરસ્પર અવિરૂદ્ધ હોવાથી સર્વ જીવો માટે કલ્યાણસાધક થાય છે (થઈ શકે છે). આ ભૂમિકા પર જ્યારે સર્વ દર્શનોનો અભ્યાસ કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે કોઈ જગતના અસ્તિત્વનો અસ્વીકાર કરે છે તો કોઈ એના અસ્તિત્વનું સમર્થન કરે છે. અસ્તિત્વનું સમર્થન કરવાવાળામાં પણ કોઈ દર્શન એમ માત્ર ચેતનાતત્ત્વને સ્વીકારે છે તો કોઈ માત્ર જડતત્ત્વને જ સ્વીકારે છે તો વળી કોઈ દર્શન જડ અને ચેતન બંને તત્ત્વનો સ્વીકાર કરે છે. ચેતન તત્ત્વનો સ્વીકાર કરવાવાળા પણ કોઈ એના બહુત્વનો નિષેધ કરે છે તો કોઈ એની અનેકતાનું સમર્થન કરે છે. આ બધા વિચારોનું પરીક્ષણ કરીએ તો ખ્યાલ આવે છે કે અલગ અલગ પ્રવક્તા વસ્તુના ભિન્ન ભિન્ન સ્વરૂપમાંથી કોઈ એક સ્વરૂપનું દર્શન કરીને એનું જ પ્રતિપાદન કરી રહ્યાં છે. જ્યારે સર્વ દર્શનોના તથ્યાંશને ભેગા કરીને પ્રતિપાદન કરીએ ત્યારે જ વસ્તુનું સાચું સ્વરૂપ સમજાય છે.

કર્મ સિદ્ધાન્ત ઈત્યાદિ સિદ્ધાન્તોનું અતિ વિસ્તારથી વિવેચન જૈન દર્શનમાં ઉપલબ્ધ છે અને યુક્તિ-તર્કથી અબાધિત છે અને જૈન દર્શનને પ્રતિપાદન કરવાવાળા તીર્થંકર પરમાત્મા સર્વજ્ઞ અને વીતરાગ અર્થાત્ રાગદ્વેષથી પર હતા. એમના દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતોનો સંગ્રહ જેમાં રહેલો છે એવા આગમશાસ્ત્રોનું અવગાહન કરતાં જણાય છે કે આ દર્શનમાં વસ્તુના કેવળ એક માત્ર ધર્મનું સ્વરૂપ બતાવેલું નથી પરંતુ એમાં સંભવિત બધા ધર્મોનો સ્વીકાર કરેલ છે; પછી ભલે એ પરસ્પર વિરોધી લાગતા હોય. જૈન દર્શન પ્રમાણે દરેક વસ્તુ અનંતધર્માત્મક છે, અનેકાન્તાત્મક છે અને એ જ અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદ એટલે વસ્તુનું યથાર્થ જ્ઞાન કરાવનાર વાદ. અનેકાન્તવાદ એ જૈન દર્શનના તત્ત્વજ્ઞાનની વિશેષતા છે. એ જૈન દર્શનનો એક સ્વતંત્ર અને વિશેષ સિદ્ધાંત છે એટલું જ નહિ પણ જગતની તત્ત્વ વિચારધારામાં અનેકાન્તવાદ મૌલિક અને અમૂલ્ય ફાળો આપે છે. 'સત્' વસ્તુ (જેનું અસ્તિત્વ હોય તે) અનેક ધર્માત્મક છે. 'સત્' એક અને અનેક બંને છે. વળી તે નિત્ય છે તેમ જ અનિત્ય છે. સામાન્ય ભાવે છે અને વિશેષ ભાવે પણ તેનું અસ્તિત્વ છે. તે કૂટસ્થ છે અને પરિણામી પણ છે. તે દ્રવ્યરૂપે છે અને પર્યાયરૂપે પણ છે. આમ દેખીતી રીતે પરસ્પર વિરોધી ધર્મોનું ધામ બને છે. કારણ કે આ બધા ધર્મોનો સમન્વય સત્‌માં થઈ જાય છે. આ જ અનેકાન્તવાદનો સાર છે અને આવો અનેકાન્તવાદ જૈન દર્શનનો સાર છે. જૈન દર્શન ક્યારે પણ એમ કહેતું નથી કે બીજા દર્શનોના સિદ્ધાન્ત તદ્દન અસત્ય છે. તેમનું માનવું છે કે પ્રત્યેક (દરેક) જૈનેતર દર્શનનો પાયો તર્કશુદ્ધ છે અને તેથી જ અમુક અંશે તે દર્શન ગ્રાહ્ય બને છે. જૈનેતર દર્શનોના સિદ્ધાંતમાં સત્‌નું એકાંશી દર્શન જોવામાં આવે છે, માટે જ એ દર્શનો એક બીજા સાથે સહમત થઈ શકતાં નથી અને એ બધાંનો અંતિમ સમન્વય અનેકાન્તવાદમાં થઈ જાય છે એટલે જ અનેકાંતવાદને સર્વ દર્શનોનું 'સમન્વય તીર્થ' કહ્યું છે.

આપણે ભારતીય દર્શનોના સિદ્ધાંતોને અનેકાન્તવાદની દૃષ્ટિથી જોઈએ. 'સત્' માટે વેદાંતનું કથન એમ છે કે 'સત્' એક અદ્વિતીય છે. સાંખ્યયોગ કહે છે કે સત્ પદાર્થો બે છે–પ્રકૃતિ અને પુરુષ. ન્યાય-વૈશેષિક મત પ્રમાણે મૂળ સત્ પદાર્થો એ જડ પરમાણુઓ, આત્મા, કાળ, દિશા વગેરે છે. એટલે સત્ પદાર્થ માટે વેદાંત અદ્વૈતવાદ સ્વીકારે છે. સાંખ્ય દર્શન દ્વૈતને માન્ય રાખે છે અને ન્યાય

બહુતત્ત્વવાદી છે. આ બધા દર્શન બીજાનો વિરોધ કરે છે જ્યારે જૈન દર્શન કહે છે કે દરેક દર્શન અમુક અપેક્ષાએ સત્ય છે. 'સત્' દ્રવ્યનો અર્થ જો આપણે એમ કરીએ કે જગતની સર્વ ઘટનાઓના મૂળમાં 'સત્' છે, તો તે દૃષ્ટિએ 'સત્' એક છે પણ જાગતિક ઘટનાઓમાં ઊંડા ઉતરીને જોયું તો એમાં મૌલિક ભેદો દેખાય છે જેમકે જડ અને ચેતન. ન્યાય-વૈશેષિકો કહે છે તેમ પરમાણુઓ, કાળ વગેરે એકબીજાથી સ્વભાવ ભિન્ન છે જે બધા સત્ પદાર્થો છે. અંતિમ સત્‌ની બાબતમાં આ ત્રણેય દર્શનોનો મતભેદ એ કેવળ દૃષ્ટિભેદ જ છે.

પર્યાયની બાબતમાં વેદાંત કહે છે કે દ્રવ્યના પરિણામો અસત્ છે. પણ ન્યાય કહે છે કે આ પરિણામો દ્રવ્યની જેટલા જ સત્ છે. અનેકાંતવાદ પ્રમાણે વેદાંત કહે છે તેમ આધારભૂત દ્રવ્યના અભાવે દ્રવ્ય પરિણામ સંભવી શકે નહિ. માટે પરિણામ અમુક અંશે અસત્ છે. કોઈપણ દ્રવ્ય અમુક સ્વરૂપે ઈન્દ્રિયગ્રાહ્ય બને છે તેથી દ્રવ્યનો એ સ્વરૂપ પર્યાય થયો અને ન્યાય કહે છે તેમ અમુક અંશે તે સત્ છે એટલે જૈન દર્શન કહે છે કે પર્યાય અમુક અંશે સત્ય છે અને અમુક અંશે અસત્ય પણ છે. જૈન દર્શન પ્રમાણે સત્ પદાર્થ હંમેશાં પરિણામી નિત્ય દ્રવ્ય હોય છે.

કાર્યકારણવાદની બાબતમાં પણ ન્યાય, સાંખ્ય અને વેદાંત પરસ્પર વિરૂદ્ધ છે. સાંખ્ય મત સત્ કાર્યવાદ કહેવાય છે અને એના પ્રમાણે કાર્યની સ્પષ્ટ ઉત્પત્તિ પહેલાં, કારણમાં, પહેલેથી જ કાર્ય રહેલું હોય છે. જ્યારે ન્યાય દર્શનના અસત્ કાર્યવાદ પ્રમાણે કાર્ય એ તદ્દન નવીન ઘટના છે. કારણમાં પહેલેથી કાર્ય હોતું જ નથી. વેદાંત પ્રમાણે કારણ જ સત્ છે અને જેને આપણે પરિણામ અથવા કાર્ય કહીએ છીએ તે અનિર્વચનીય છે. અહીં જૈન દર્શન કહે છે કે અમુક અંશે સાંખ્ય મત પણ સાચો છે અને અમુક અંશે ન્યાય મત પણ સાચો છે. કાર્ય અને કારણ બંનેનો આધાર દ્રવ્ય છે અને એ બંને દ્રવ્યનું જુદી જુદી રીતે સ્વરૂપ બતાવે છે છતાં દ્રવ્ય પોતે સ્વભાવથી ચ્યુત થતું નથી એટલે કાર્યનો સ્પષ્ટ આવિર્ભાવ દેખાયા પહેલા કારણમાં કાર્ય પૂર્વવર્તી રહેલું છે. હવે કાર્યને પર્યાય દૃષ્ટિએ જોઈએ તો તે એક નવીન ઘટના છે અને કાર્યના પ્રત્યેક્ષ અવિર્ભાવ પહેલાં તે નહોતું. પરસ્પર વિરોધવાળા આ દર્શનોના મતાંતરોનું સમાધાન અનેકાંતવાદથી થઈ શકે છે.

મીમાંસા દર્શન શબ્દની નિત્યતામાં માને છે. તેથી ઉલ્ટું ન્યાય કહે છે કે શબ્દોની ઉત્પત્તિ તથા પ્રયોગ આકસ્મિક છે. શબ્દ ઘટનાઓ આદિ અને અંતવાળી હોવાથી અનિત્ય છે. જૈન દર્શન અનેકાંતવાદથી બંનેનું સમાધાન કરે છે. જૈન દર્શન પ્રમાણે નૈયાયિકોનું કહેવું અંશતઃ સત્ય છે. કારણ શબ્દ માનવ પ્રયત્નથી ઉત્પન્ન થાય છે માટે અનિત્ય છે. બીજી રીતે જોઈએ તો શબ્દ પુદ્‌ગલ દ્રવ્યનો પર્યાય છે અને દ્રવ્યરૂપે પુદ્‌ગલ નિત્ય છે તેથી આધારભૂત દ્રવ્યની અપેક્ષાએ શબ્દ નિત્ય છે. આ રીતે મીમાંસા અને ન્યાય દર્શન બંને પરસ્પર વિરૂદ્ધ હોવા છતાં બંને અંશતઃ સત્ય છે. એટલે જૈન દર્શન પ્રમાણે શબ્દ પર્યાય દૃષ્ટિથી અનિત્ય છે જ્યારે દ્રવ્ય દૃષ્ટિથી નિત્ય છે. આમ બંને દર્શનોનું એણે સમાધાન કર્યું છે.

જૈન દર્શનમાં ભગવાન મહાવીરે અનેકાન્તવાદની જે પ્રરૂપણા કરી છે તેના મૂળમાં તત્કાલીન દાર્શનિકોમાંથી ભગવાન બુદ્ધના નિષેધાત્મક દૃષ્ટિકોણનું મહત્ત્વનું સ્થાન છે. જીવ અને જગત તેમજ ઈશ્વરના નિત્યત્વ-અનિત્યત્વ વિશે જે પ્રશ્નો પૂછવામાં આવતા તેમને બુદ્ધે અવ્યાકૃત કહ્યા છે પરંતુ ભગવાન મહાવીરે તે જ પ્રશ્નોનું સમાધાન અનેકાન્તવાદનો આશ્રય લઈને કર્યું છે. ભગવાન બુદ્ધ સમયના મુખ્ય પ્રશ્નો નીચે પ્રમાણે હતા-

૧. લોકની નિત્યતા, અનિત્યાત અને સાંતતા, અનંતતાનો પ્રશ્ન
૨. જીવ શરીરના ભેદ-અભેદનો પ્રશ્ન
૩. જીવની નિત્યતા, અનિત્યતાનો પ્રશ્ન

ભગવાન બુદ્ધે વિધાયક રૂપે કોઈ પ્રશ્નોના ઉત્તર આપ્યા નથી. જો તે લોક કે જીવને નિત્ય કહે તો તેમને ઉપનિષદ માન્ય શાશ્વતવાદ સ્વીકાર કરવો પડે અને જો તે અનિત્ય પક્ષનો સ્વીકાર કરે તો ચાર્વાક જેવા ભૌતિકવાદીને માન્ય ઉચ્છેદવાદનો સ્વીકાર કરવો પડે. એટલે એમણે આ પ્રશ્નોને અવ્યાકૃત ગણાવ્યા. જ્યારે ભગવાન મહાવીરે તે સમયના વાદોના ગુણદોષોની પરીક્ષા કરી જે વાદમાં સત્યતા હતી તે તેટલી માત્રામાં સ્વીકારી બધા વાદોનો સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો. (આ જ ભગવાન મહાવીરનો અનેકાન્તવાદ છે) ભગવાન બુદ્ધ જે પ્રશ્નોના ઉત્તર વિવિધરૂપે આપવા નહોતા ઈચ્છતા તે બધા પ્રશ્નોના ઉત્તર ભગવાન મહાવીરે અનેકાન્તવાદનો આશ્રય લઈને આપ્યો.

ભગવાન બુદ્ધે અવ્યાકૃત જણાવેલા પ્રશ્નોમાંના પ્રથમ ચાર-લોકની નિત્યતા, અનિત્યતા તથા સાંતતા અને અનંતતાને લગતા છે. તે પ્રશ્નોનું ભગવાન મહાવીરે જે સ્પષ્ટીકરણ કર્યું છે તે ભગવતી સૂત્રમાં સ્કંદક, પરિવ્રાજકના અધિકારમાં આવે છે. લોક દ્રવ્યની અપેક્ષાએ સાન્ત છે કારણ કે તે સંખ્યાની અપેક્ષાએ એક છે પરંતુ પર્યાયની અપેક્ષાએ લોક અનંત છે કારણ દ્રવ્યના પર્યાય અનંત છે. કાળની દૃષ્ટિએ લોક અનંત છે એટલે કે શાશ્વત છે. કારણ કે એવો કોઈ કાળ નથી કે જેમાં લોકનું અસ્તિત્વ ન હોય, પરંતુ ક્ષેત્રની દૃષ્ટિએ લોક સાન્ત છે કારણ સંપૂર્ણ ક્ષેત્રમાંથી થોડા ભાગમાં જ લોક છે. અહીં ભગવાન બુદ્ધે લોકની સાંતતા અને અનંતતા બંનેને અવ્યાકૃત ગણાવ્યા છે. જ્યારે ભગવાન મહાવીરે અનેકાન્તવાદથી લોકને સાન્ત

અને અનંત જણાવ્યો છે.

એ જ પ્રમાણે લોકની શાશ્વતતા, અશાશ્વતતા વિશે ભગવાન બુદ્ધે અવ્યાકૃત કહ્યું જ્યારે જૈન દર્શન કહે છે કે લોક શાશ્વત પણ છે અને અશાશ્વત પણ. ત્રિકાળમાં એવો એકેય સમય નથી જ્યારે લોક કોઈ ને કોઈ રીતમાં ન હોય તેથી તે શાશ્વત છે. પરંતુ તે અશાશ્વત પણ છે કારણ કે હંમેશાં એકરૂપ નથી રહેતો. તેમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીને લીધે અવનતિ અને ઉન્નતિ પણ જોવામાં આવે છે. તેથી તે અશાશ્વત પણ છે.

જીવ અને શરીરનો ભેદ છે કે અભેદ એ પ્રશ્ન ભગવાન બુદ્ધે અવ્યાકૃત કહ્યો છે. ચાર્વાકો શરીરને જ આત્મા માનતા જ્યારે ઔપનિષદ આત્માને શરીરથી તદ્દન ભિન્ન માનતા. જ્યારે જૈન દર્શન તે બંને મતોનો સમન્વય કરીને આત્માને શરીરથી ભિન્ન પણ કહે છે અને અભિન્ન પણ કહે છે. જો આત્માને શરીરથી તદ્દન જૂદો માનવામાં આવે તો કાર્યકૃત કર્મોનું ફળ તેને ન મળવું જોઈએ અને જો અત્યંત અભિન્ન માનવામાં આવે તો શરીરનો દાહ થતાં આત્મા પણ નષ્ટ થશે જેથી પરલોકનો સંભવ નહિ રહે. અહીં પણ જૈન દર્શને બંને વિરોધી વાદોનો સમન્વય કર્યો અને ભેદ તેમ જ અભેદ બંને પક્ષોનો સ્વીકાર કર્યો. એકાંત ભેદ કે એકાંત અભેદ માનવાથી જે દોષ આવે છે તે ઉભયવાદ માનવાથી આવતા નથી. જીવ અને શરીરનો ભેદ એટલા માટે માનવો જોઈએ કે શરીરનો નાશ થવા છતાં પણ આત્મા બીજા જન્મમાં રહે છે અને સિદ્ધાવસ્થામાં અશરીરી આત્મા પણ હોય છે. અને અભેદતા એટલા માટે કે સંસારી અવસ્થામાં શરીર અને આત્માનું નીરક્ષીરવત્ તાદાત્મ્ય હોય છે. કાયા સાથે કોઈ પણ વસ્તુનો સ્પર્શ થતાં આત્મામાં સંવેદન થાય છે.

એવી જ રીતે જીવની નિત્યતા અને અનિત્યતાનો પ્રશ્ન પણ બુદ્ધે અવ્યાકૃતની કોટીમાં નાખ્યો છે. જ્યારે ભગવાન મહાવીરે જીવને અપેક્ષા ભેદે શાશ્વત અને યશાશ્વત કહ્યો છે. દ્રવ્યની અપેક્ષાએ જીવ નિત્ય છે અને ભાવની અપેક્ષાએ અનિત્ય છે. આમાં શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ બંનેના સમન્વયનો પ્રયત્ન છે. ચેતન જીવ દ્રવ્યનો વિચ્છેદ ક્યારેય થતો નથી એ દૃષ્ટિએ જીવને નિત્ય માની શાશ્વતવાદનો સ્વીકાર છે. જ્યારે જીવની જુદી જુદી અવસ્થાઓ જેવી કે બાલત્વ, પાંડિત્ય વગેરે અસ્થિર છે તે અપેક્ષાએ ઉચ્છેદ અવસ્થાનો પણ સ્વીકાર છે. ભગવાન મહાવીરે જમાલી સાથેના પ્રશ્નોત્તરમાં જીવની શાશ્વતતા અને અશાશ્વતતા વિશે જે સ્પષ્ટીકરણ કર્યું છે જે ભગવતી સૂત્રમાં છે–ત્રણે કાળમાં એવો કોઈ સમય નથી જ્યારે જીવ ન હોય તેથી જ જીવને શાશ્વત, નિત્ય કહેવામાં આવે છે. પરંતુ જીવ નારક મટીને તિર્યંચ બને છે. તિર્યંચ મટીને મનુષ્ય થાય છે. આમ અનેક અવસ્થાઓ ધારણ કરે છે. એ અપેક્ષાએ અનિત્ય છે તેથી જીવ શાશ્વત અને અશાશ્વત બંને છે.

આવી રીતે ભગવાન બુદ્ધના બધા અવ્યાકૃત પ્રશ્નોનું નિરાકરણ ભગવાન મહાવીરે વિધિમાર્ગનો સ્વીકાર કરીને અનેકાન્તવાદના આશ્રયે કર્યું છે.

મોક્ષનો માર્ગ અતીન્દ્રિય છે. તેમાં ઉપયોગી એવા આત્મા, કર્મ એ બેનો સંબંધ, એ સંબંધના હેતુઓ, એનો વિયોગ અને એ વિયોગના કારણો એ સઘળું અતીન્દ્રિય જ્ઞાનગમ્ય છે. તેથી જીવોને અનેક પ્રકારની ભ્રાંતિઓ, સ્ખલનાઓ, સંશયો, વિપર્યયો ઉત્પન્ન થયા વિના રહેતા નથી. આ બધાનું તર્કગમ્ય અને શ્રદ્ધાગ્રાહ્ય નિરાકરણ ન થાય ત્યાં સુધી મુમુક્ષુ આત્મા પણ મોક્ષમાર્ગમાં યોગ્ય પ્રગતિ સાધી શકતો નથી. અનેકાન્તવાદથી તેનું બુદ્ધિગમ્ય અને શ્રદ્ધાગમ્ય નિરાકરણ થઈ શકે છે. એક એક ધર્મને ગ્રહણ કરતા દર્શનોની ત્રુટિઓ એનાથી દૂર થાય છે અને વસ્તુનું સર્વદેશીય જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે જ અનેકાન્તવાદને 'સર્વ દર્શનોનું સમન્વય તીર્થ' કહ્યું છે. ✷ ✷ ✷

૨૩, કાંતિ મહેતા રોડ, સનફ્લાવર હૉસ્પિટલ સામે, જુહુ સ્કીમ, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.


## 'પ્રબુદ્ધ જીવન'નો ડીઝીટિલાયઝેશન યુગમાં પ્રવેશ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આ મુખપત્રનો પ્રારંભ સન ૧૯૨૯ થી થયો. ત્યારથી આજ સુધીના અંકો સંસ્થાની વેબસાઈટ ઉપર મુકવાનો પ્રારંભ થઈ ગયો છે. ઉપરાંત આ સર્વ અંકોની સી.ડી. પણ તૈયાર થશે. વાચકોના સૂચનો આવકાર્ય છે.

**વેબ સાઈટ સંપાદક :**
**શ્રી હિતેશ માયાણી -**
09820347990
અને
**પ્રસ્તુતકર્તા :**
**શ્રી રોહિતભાઈ મહેતા -**
09920308045

# અહિંસા–અનેકાંતના પરિપેક્ષ્યમાં

□ પાર્વતી નેણશી ખીરાણી

*[ જૈન ધર્મ-સાહિત્યની અનેક પરીક્ષાઓ આપી અનેક પદવીઓ પામનાર પાર્વતીબેન જૈન ધર્મની શિક્ષણ સંસ્થાઓમાં સૂત્રધાર સ્થાને છે. તેઓ ધાર્મિક શિક્ષિકા છે, ઉપરાંત પ્રાચીન હસ્તપ્રત ઉકેલવાની વિદ્યામાં પારંગત છે. પ્રસ્તુત લેખમાં તેમણે અનેકાન્ત સિદ્ધાંતની ચર્ચા અહિંસાના પરિપ્રેક્ષ્યમાં કરી છે. ]*

**અનેકાંતનું સ્વરૂપ :**

અન+એકાંત=અનેકાંત. અન્=નહિ. અર્થાત્ કોઈ પણ વસ્તુનું એકાંત સ્વરૂપ ન માનવું તેનું નામ અનેકાંત. દરેક વસ્તુનું એના પાસા પરત્વે જુદી જુદી રીતે જ્ઞાન થાય છે એને અનેકાંત કહેવાય છે. અનેકાંત અધ્યાત્મપ્રધાન સંસ્કૃતિનો સુદૃઢ આધારસ્તંભ છે, જે આપણા વિચારોની શુદ્ધિ કરે છે. હું વિચારૂં છું એ જ સત્ય છે એવો આગ્રહ વ્યક્તિને સફળતાથી વંચિત રાખે છે. પોતાના વિચારોને જ સર્વેસર્વા માનનારનો આધ્યાત્મિક વિકાસ રૂંધાય છે.

જૈન તત્ત્વમીમાંસાના અનેકાંતવાદ અનુસાર પ્રત્યેક વસ્તુમાં અનંત વિરોધી યુગલ એક સાથે રહે છે. એક સમયમાં એક જ ધર્મ અભિવ્યક્તિનો વિષય બને છે. સત્ય અનંત છે એનું એક દૃષ્ટિકોણથી પ્રતિપાદન ન થઈ શકે. એ સંદર્ભે વિનોબા ભાવેએ કહ્યું છે કે 'માણસે સત્યાગ્રહી (સત્યના આગ્રહી) બનતા પહેલાં સત્યગ્રાહી બનવું જોઈએ. સત્યને ગ્રહણ કર્યા વગર સત્યનો આગ્રહ રાખવો એ દંભ કહેવાય. દંભ ગમે તેટલો ભવ્ય હોય તો પણ એને સત્ય ન જ કહેવાય.

પ્રભુ મહાવીર સત્યગ્રાહી હતા. પોતાના વિરોધી વિચારમાં પણ સત્ય હોય તો એનો આદર કરવો જોઈએ એવી એમની સમજણ પૂર્ણ પક્વ હતી. એ સમજણમાંથી આપણને અનેકાંતનો સિદ્ધાંત મળ્યો. અનેકાંત એટલે સત્યના સ્વાગત માટે ખૂલ્લું મન. અનેકાંત માનવીય એકતાનો મહાન સિદ્ધાંત છે.

સત્ય અનંત છે. એનું એક દૃષ્ટિકોણથી પ્રતિપાદન ન થઈ શકે. એ જ રીતે પ્રત્યેક વસ્તુ-વિચાર-સિદ્ધાંત અનંત ધર્માત્મક છે એની વ્યાખ્યા એક દૃષ્ટિકોણથી ન થઈ શકે. અનેક દૃષ્ટિકોણથી વિચાર કરીએ તો જ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ સમજી શકાય છે.

પ્રભુ મહાવીરે ધર્મ અને વ્યવહારના જે સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે એમાંનો એક મુખ્ય સિદ્ધાંત છે 'અહિંસા'. મહાવીર સ્વામીએ અહિંસાને સર્વોચ્ચ ધાર્મિક મહત્ત્વ આપ્યું છે. 'અહિંસા પરમોધર્મ.' ધર્મ માટે હિંસા-આચરી શકાય નહીં. ધર્મનું રક્ષણ અહિંસા દ્વારા થાય છે. એમણે ધર્મના ત્રણ લક્ષણો બતાવ્યા. અહિંસા, સંયમ અને તપ. ત્રણેય લક્ષણો સાત્ત્વિક અને વૈયક્તિક છે. એનાથી ફલિત થતું ચરિત્ર નૈતિક હોય છે. બાર વ્રતમાં પણ પ્રથમ વ્રત અહિંસાનું છે. બાકીના બધા વ્રત અહિંસાને પોષવા માટે જ છે. આમ અહિંસાનું ફલક વિશાળ છે.

**અહિંસાનું સ્વરૂપ-**

અહિંસા એ આત્મવિકાસનું સર્વથી પ્રથમ અંગ છે. એક વ્યાપક સિદ્ધાંત છે. જેમ જેમ આત્મવિકાસ થાય એમ અહિંસાનો વિકાસ થવો જોઈએ તો જ પૂર્ણ અહિંસાને (અર્થાત્ અહિંસાના બધા પાસાને) પ્રાપ્ત કરી શકાય. અહિંસા માનવજાતિના ઊર્ધ્વમુખી વિરાટ ચિંતનનું સર્વોત્તમ વિકાસબિંદુ છે. લૌકિક અને લોકોત્તર બંને પ્રકારના મંગલ જીવનનો મૂલાધાર અહિંસા છે. વ્યક્તિથી પરિવાર, પરિવારથી સમાજ, સમાજથી રાષ્ટ્ર અને રાષ્ટ્રથી વિશ્વ બંધુત્વનો જે વિકાસ થયો છે અથવા થઈ રહ્યો છે એના મૂળમાં અહિંસાની જ પવિત્ર ભાવના કામ કરી રહી છે. માનવ સભ્યતાના ઊચ્ચ આદર્શોનું ખરેખરૂં મૂલ્યાંકન અહિંસાના રૂપમાં કરી શકાય છે.

અહિંસાની વિમલધારા પ્રાંતવાદ, ભાષાવાદ, પંથવાદ, સંપ્રદાયવાદ વગેરેના ક્ષુલ્લક ઘેરાવામાં ક્યારેય બંધાતી નથી તેમ જ કોઈ વ્યક્તિગત ધોરણે પણ વ્યકત નથી થતી. અહિંસા એ તો વિશ્વનો સર્વોત્તમ સિદ્ધાંત છે તથા માનવતાનું ઉજજવલ પૃષ્ઠ છે.

**અહિંસાનો અર્થ-**

અ + હિંસ. અ=નહિ, હિંસ=મારી નાખવું. હિંસાનો અભાવ =અહિંસા. મન, વચન અને કાયાથી પીડા ન કરવાપણું, કોઈ પણ જીવને મન-વચન અને કર્મથી ન દુભવવાની વૃત્તિ. મારામારી કે કાપાકાપી ન કરવી, કોઈનો ઘાત ન કરવો, માનસિક રૂપથી કોઈનું અહિત ન વિચારવું. એક વાક્યમાં કહેવું હોય તો દુર્ભાવનો અભાવ તથા સમભાવનો નિર્વાહ.

જીવાત્મા પાસે મન, વચન, કાયાની મોટી હાટડી છે. એ ત્રણેથી સતત કર્મવ્યાપાર ચાલુ છે. એમાંથી નિવૃત્તિ મેળવીએ તો હાટડી બંધ થાય અને શાશ્વત સુખ (મોક્ષ) પ્રાપ્ત થાય. નિવૃત્તિની શરૂઆત અહિંસાથી થાય છે. એના માટે ભગવાને આચારમાં અહિંસા, વિચારમાં અનેકાંતવાદ અને ઉચ્ચારમાં સ્યાદ્વાદનો સિદ્ધાંત પ્રરૂપ્યો છે. અર્થાત્ મનની અહિંસા અનેકાંતવાદ છે. વચનની અહિંસા સ્યાદ્વાદ છે અને કાયાની અહિંસા એટલે કોઈ જીવને ન મારવું એ છે. તત્ત્વને અનંત દૃષ્ટિકોણથી જોવું તે અનેકાંત અને તેનું સાપેક્ષ પ્રતિપાદન કરવું તે સ્યાદ્વાદ.

**અનેકાંતના દૃષ્ટિકોણથી અહિંસાનું સ્વરૂપ-**

અહિંસાના મુખ્યત્વે બે પ્રકાર છે. નિષેધાત્મક અને વિધેયાત્મક.

**નિષેધાત્મક અહિંસા-**

નિષેધનો અર્થ છે રોકવું–થવા ન દેવું. એટલે નિષેધાત્મક અહિંસાનો અર્થ છે કોઈ પ્રાણીનો વધ ન કરવો, મારવું નહિ તથા કષ્ટ આપવું નહિ. પ્રાયઃ કરીને આ અર્થ જ અહિંસાના સંદર્ભમાં

પ્રચલિત છે.

**વિધેયાત્મક અહિંસા-**

વિધેય એટલે પ્રવૃત્તિ. કેટલાક પ્રકારની વિશષ પ્રવૃત્તિઓ કરવી તે કોઈનું કષ્ટ દૂર કરવાની પ્રવૃત્તિ કરવી તે વિધેયાત્મક અહિંસા છે. દયા, કરૂણા, અનુકંપા, સેવા, પ્રેમ, મૈત્રી વગેરે એના સ્વરૂપો છે.

જેમ કોઈને કષ્ટ આપવું, મારવું તે હિંસા છે. એ જ રીતે શક્તિ હોવા છતાં પીડિતોનું કષ્ટ દૂર ન કરવું તે પણ હિંસા છે. એક માણસ ભૂખથી ટળવળી રહ્યો હોય ને આપણી પાસે વધારાનું ભોજન હોય છતાં એની ક્ષુધાનું નિવારણ ન કરીએ તો એ પણ હિંસા જ છે. એ જ રીતે આપણી પાસે કબાટ ભરીને વસ્ત્રો છે પણ કોઈની ટાઢ ઉડાડવા એક વસ્ત્ર પણ ન આપીએ અથવા તો આપણી પાસે શક્તિ, સમય ને સમર્થતા છે છતાં કોઈ માંદાની સેવા સુશ્રુષા ન કરીએ કે પછી કોઈ અજ્ઞાનના અંધકારમાં ભટકતો હોય એને આપણા જ્ઞાનથી માર્ગદર્શન ન આપીએ તો એ બધા હિંસાના જ પ્રકાર છે. એ વિધેયાત્મક અહિંસાથી જ દૂર થઈ શકે છે.

વિજળીના બે તારો હોય છે. નેગેટીવ અને પોઝીટીવ. તે બે ભેગા થાય ત્યારે જ વિજળી ઉત્પન્ન થાય છે અને પ્રકાશ આપી શકે છે. તેવી જ રીતે જીવનમાં નિષેધાત્મક (નેગેટીવ) અને વિધેયાત્મક (પોઝીટીવ) બંને પ્રકારની અહિંસાનો સંગમ થાય ત્યારે જ અહિંસા તેજસ્વી બની શકે છે.

હિંસા કે અહિંસા બંનેના પાલન પાછળ ભાવ પણ મહત્ત્વનો હોય છે. કયા આશયથી હિંસા કે અહિંસા થઈ રહી છે એ જાણવામાં આવે તો જ હિંસા અહિંસાનું ઉભયાત્મક સ્વરૂપ જ અનેકાંતવાદને સિદ્ધ કરે છે.

જો જીવઘાતને એકાંત હિંસા માનીએ તો યથાર્થતાનો લોપ થઈ જશે. કારણ કે વિશેષ પ્રસંગમાં જીવઘાત હિંસારૂપ નથી પણ હોતી, જેમ કે કોઈ અપ્રમત્ત મુનિ, સંપૂર્ણ રૂપથી જાગૃત હોય, પૂર્ણપણે જતનાનું પાલન કરતા હોય છતાં કોઈ જીવને બચાવી ન શકે, હિંસા થઈ જાય તો એને હિંસાની કોટીમાં મૂકવામાં નથી આવતી. સામાન્ય રીતે જીવઘાત હિંસા છે એને અહિંસા ન મનાય પણ આવા કારણમાં એકાંત હિંસા કે અહિંસારૂપ ન મનાય. કોઈ ડૉક્ટર ઑપરેશન વખતે વ્યક્તિને કષ્ટ આપી રહ્યો હોય ત્યારે એને હિંસારૂપ ન મનાય. સામાન્યપણે કષ્ટ આપવું ભલે ને હિંસાની કોટિમાં આવતું હોય. કોઈ બળાત્કાર કરે ને શીલરક્ષા માટે સામનો કરે ત્યાં પણ હિંસક ન ગણાય. શાસ્ત્રમાં ચેણરાજાની વાત આવે છે. યુદ્ધ કરે છે છતાં એમને વ્રતધારી કહ્યા છે.

ભગવતી સૂત્રમાં ધર્મ જાગરિકામાં દયાધર્મની વાત આવે છે જે વિધેયાત્મક અહિંસા જ છે. એમાં પણ સ્વરૂપદયાની વાત આવે છે. તે કોઈ જીવને મારવાના ભાવથી પહેલાં તે જીવને સારી રીતે ખવડાવે અને શરીરે હૃષ્ટપુષ્ટ કરે સાર-સંભાળ લે એ દયા ઉપરથી દેખાવમાત્ર છે પરંતુ પાછળથી તે જીવને મારવાના પરિણામ રહેલા હોય છે. એ દયાના મૂળમાં હિંસા છે. માટે એવી દયા અહિંસાની કોટિમાં ન આવે. વર્તમાને પણ એવા જીવો જોવા મળે છે. જે માતા-પિતા કે અન્ય સ્નેહી સ્વજનોને એમની સંપત્તિ મેળવવા માટે સારી રીતે રાખે, સેવા કરે પણ જેવી સંપત્તિ એમના નામે થઈ જાય કે એમને રઝળાનવી મૂકે. એવી દયા પણ હિંસાનું જ પરિણામ છે. ત્યાં અનુબંધ દયા પણ બતાવી છે જેમાં તે જીવને ત્રાસ પમાડે, પણ અંતરથી તેને શાતા દેવા ઈચ્છે છે. જેમ કે માતા પુત્રને રોગ મટાડવાના અર્થે કડવું ઔષધ પીવડાવે, પણ અંતરથી તેનું ભલું ઈચ્છે છે. તેને સુધારવા માટે તાડન-તર્જન કરે. એવી જ રીતે ગુરુ કે પિતા કઠોર અનુશાસન કરે, શિસ્તનો આગ્રહ રાખે એના માટે કઠોર શિક્ષા પણ કરે પણ અંતરથી તો ગુણ વધારવા માટે ભલું જ ઈચ્છતા હોય છે. એમાં હિંસા દેખાતી હોય છતાં પણ પરિણામ અહિંસાના જ છે. માટે એવી દયાનું જ પાલન કરવામાં સાર રહેલો છે. એવી દયા માટે ટેનીસન કહે છે કે kind hearts are more than coronets. નિષ્ઠુર હૃદયના બાદશાહ કરતા દયાળુ હૃદયનો કંગાલ માણસ વધારે ચડિયાતો છે. દ્રવ્ય-ભાવ બંને રીતે દયાનું પાલન થવું જોઈએ. એવી જ દયાથી અહિંસાનું શ્રેષ્ઠ પાલન થાય છે તેમ જ શ્રેષ્ઠ સમાજની રચના થાય છે એટલે જ કદાચ કહેવાયું છે કે-kindness is the golden chain by which society is bound together.

**અહિંસાના વિવિધ સ્વરૂપો-**

- મન, વાણી અને કર્મ એ ત્રણેને વિશુદ્ધ અને પવિત્ર રાખવા તે અહિંસા છે.
- શારીરિક, માનસિક અને બૌદ્ધિક દરેક પ્રવૃત્તિમાં ભાવક્રિયાનું રહેવું તે અહિંસા છે.
- પ્રાપ્ત કષ્ટોને સમભાવથી સહન કરવા એ અહિંસાનું વિશિષ્ટ રૂપ છે.
- અહિંસા એટલે સ્વયં નિર્ભય થવું અને બીજાઓને અભયદાન આપવું.
- જ્યાં ભોગનો ત્યાગ હોય, ઉન્માદનો ત્યાગ હોય, આવેગનો ત્યાગ હોય ત્યાં અહિંસા છે.
- અહિંસા અર્થાત્ બાહ્ય આકર્ષણથી મુક્તિ તથા સ્વનો વિસ્તાર.
- અહિંસા એટલે અન્યાયી પાસે ઘુંટણ ટેકાવવા એમ નહીં પણ અન્યાયીની ઈચ્છા વિરુદ્ધ પોતાના આત્માની બધી શક્તિ લગાડીને અન્યાયથી મુક્ત થવું.
- જેનાથી સત્, ચિત્ અને આનંદની અનુભૂતિ થાય એ અહિંસા છે.
- બધા પ્રાણીઓ પ્રત્યે આત્મીયભાવ અર્થાત્ બીજાના દર્દને પોતાનું દર્દ માનવું તે અહિંસા છે.

**અહિંસક વ્યક્તિની વિશેષતાઓ-**

- અહિંસક વ્યક્તિ દરેક પરિસ્થિતિમાં શાંત રહી શકે છે. એના અંતઃકરણમાં શીતળતાની લહેરો હોય છે.
- અહિંસક વ્યક્તિ મારવાની ક્ષમતા રાખતી હોવા છતાં કોઈને મારતી નથી.

- જેની દૃષ્ટિ બાહ્ય ભેદોને પાર કરીને આંતરિક સમાનતાને જોતાં શીખી જાય તે અહિંસક છે.
- અહિંસક સાચા વીર હોય છે જે સ્વયં મરીને બીજાની વૃત્તિ બદલી દે છે. હૃદય પરિવર્તન કરી દે છે.
- અહિંસક, દ્વેષ, ઈર્ષ્યા, ક્રોધાદિ, આગ્રહ, અપેક્ષા આદિથી મુક્ત હોય છે.

**અહિંસા અને પર્યાવરણ-**

આ સૃષ્ટિની સમગ્ર સંપત્તિ સહિયારી છે. જે કોઈ એક વ્યક્તિ માટે નથી જ. કોઈ આ પ્રાકૃતિક સંપત્તિનો બેફામ દુરૂપયોગ કરે છે એની ગેરસમજણ છે એ ગેરવ્યાજબી પણ છે. વિશ્વની પ્રાચીન સભ્યતા તેમજ સંસ્કૃતિરૂપ ગણતા ભારત દેશના દિવ્ય મહર્ષિઓએ એની રક્ષા માટે, પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ વગેરે માટે મંત્રો બનાવીને પર્યાવરણના રક્ષણની દીર્ઘ દૃષ્ટિ ખીલવી હતી. જૈનદર્શન પ્રમાણે તો પૃથ્વી વગેરે સજીવ છે. ચેતનવંત છે માટે તેનો બેફામ ઉપયોગ કરવાથી એ જીવોની વિરાધના કે હિંસા થાય છે માટે જીવદયાના પાલન પર ભાર મૂકીને આ જીવોની રક્ષા કરવા પર ભાર મૂકયો છે. જેથી પર્યાવરણ પ્રદુષણની સમસ્યા આપોઆપ દૂર થઈ જાય છે. સચરાચર વિશ્વના આપણે પણ એક અંશમાત્ર છીએ. જેમ આપણે જીવવા ઈચ્છીએ છીએ એમ બધા જીવવા ઈચ્છે છે. 'सव्वे जीवावि इच्छंति न मरिजीह।' કોઈ મૃત્યુને ઈચ્છતું નથી. માટે 'જીવો અને જીવવા દો.' જેથી પર્યાવરણની રક્ષા પણ થઈ જશે. એ જ પર્યાવરણના સંદર્ભમાં અહિંસા પાલનનું હાર્દ છે.

**ભારતીય સંસ્કૃતિ અને અહિંસા-**

ભારતીય સંસ્કૃતિમાં માત્ર ભૂખ્યા તરસ્યાને જ અન્ન આપવું એમ નહિ, પણ કીડીઓને કીડિયારૂં, કૂતરાને રોટલો, કાગડા, કબૂતર, ચકલા વગેરે પક્ષીઓને ચણ આપવામાં આવતું. આની પાછળ એક મહાન તથ્ય સમાયેલું હતું. બીજા જીવોને ખાઈને જીવતા પશુ પક્ષીઓ જ્યારે તેમને પૂરતા પ્રમાણમાં નિર્દોષ ખોરાક મળી જાય અને એનાથી ધરાઈ જાય જેથી બીજા જીવોને ખાતા નહિ. એમ બીજા જીવોની રક્ષા થતી અને એ જીવોને નહિ ખાવાથી પશુ-પક્ષીઓના જીવનમાં પણ અહિંસક સંસ્કારો પેદા થતા જેને લઈને પશુ-પક્ષીઓ અહિંસક રીતે જીવતા જીવીને પોતાના જીવનને અહિંસાથી અનાયાસે પરિપ્લાવીત બનાવી દેતા.

જૂના જમાનામાં પક્ષીઓના માળા માટે ઘરની બહારની દિવાલમાં બાકોરા રાખવામાં આવતા જ્યાં પક્ષીઓ સુરક્ષિત રીતે માળા બાંધીને રહી શકે.

આજે પશ્ચિમની સંસ્કૃતિના આક્રમણને કારણે સંસ્કૃતિમાં વિકૃતિ પ્રવેશી ગઈ છે. તે દૂર કરીને ફરીથી આપણી મૂળ સંસ્કૃતિને જાગ્રત કરવાની જરૂર છે.

**જૈન સંસ્કૃતિમાં જયણા-**

આપણને શાંતિ સુખ વેદનારહિત જીવન ગમે છે તો બીજાને પણ એવું જ જીવન ગમે છે તેથી બીજા જીવોને ઓછામાં ઓછું દુઃખ થાય, આપણે તેમના દુઃખમાં નિમિત્ત ન બનીએ એવી જીવનશૈલી અપનાવવી તેનું નામ જયણા, જીવદયાનું પાલન કરવા માટે જીવોને ન મારવા એ જેટલું મહત્ત્વનું છે એટલું જ મહત્ત્વ એ જીવો પ્રત્યે પ્રેમ, કરૂણા, મૈત્રીભાવ કેળવવાનું છે.

ગૃહકાર્ય ખૂબ જ સાવચેતીપૂર્વક કરવું. વેરાયેલા, ઢોળાયેલા કણો-પાણી વગેરેવાળી જમીનને તરત જ સ્વચ્છ કરી લેવી જેથી જીવોત્પત્તિ જ ન થાય અને સહેજે હિંસાથી બચી જવાય. ઘરમાં યોગ્ય પ્રમાણમાં હવા ઉજાસ આવે તો પણ ઘર જીવજંતુ મુક્ત રહેશે. કદાચ કોઈ કારણસર જીવોત્પત્તિ થઈ જાય તો સૂર્યાસ્ત સંધ્યાકાળ સમયે ધૂપ કરવો. દિવસે ધૂપ કરવાથી બહાર નીકળનારા જીવો સૂર્યપ્રકાશ સહન ન કરી શકતા મરણને શરણ થાય છે કે પછી ચકલા, કાબર, કાગડા, કૂતરા, બિલાડાનો શિકાર બની જાય છે. વહેલી સવારે ધૂપ કરવાથી ખોરાક માટે નીકળેલા પક્ષીઓ એ જીવજંતુનું ભક્ષ્ય બનાવી દે છે. રાત્રે ધૂપ કરવાથી દેખી શકનારા જીવો અંધારામાં ન દેખી શકવાથી ભયભીત બની જાય તેમજ ગરોળી વગેરેના ભક્ષ્ય બનવાનો સંભાવના રહે. માટે જીવદયાના પાલન માટે સૂર્યાસ્તનો સમય જ શ્રેષ્ઠ છે. ખાલી તપેલા વગેરે ઉંધા જ રાખવા જેથી તેમાં જીવો ન ભરાય કે કરોળિયા જાળા ન બાંધે. અળસિયા, સાપોળિયા નીકળે તો એને સાવચેતીથી ઉપાડીને દૂર ઝાડીમાં કોઈનો શિકાર ન થાય એ રીતે મૂકી આવવા. આ રીતે અનેક ઝીણી ઝીણી બાબતોનું ધ્યાન રાખીને અહિંસાનું પાલન કરવું તે જયણા છે.

આમ સમગ્રતયા જોતાં ખ્યાલ આવે છે કે જૈનદર્શને અહિંસાને વ્યાપકતા પ્રદાન કરી છે. એમણે અહિંસા માત્ર, શારીરિક અહિંસા જ નહિ પણ બૌદ્ધિક અહિંસાને પણ અનિવાર્ય માની છે. અનેકાંત આ બૌદ્ધિક અહિંસાનું જ પ્રતિપાદન કરે છે. જેને મૂલતઃ અહિંસાનો વૈચારિક સિદ્ધાંત પણ કહી શકાય છે. એ વૈચારિક અહિંસાનું વાચિક રૂપ સાપેક્ષવાદ છે. કોઈપણ વસ્તુના એકાદ ધર્મને માનીએ, એના વિરોધી ધર્મનો સ્વીકાર ન કરીએ તો અનેક વિવાદો જન્મે છે અને એમાંથી હિંસા જન્મે છે જ્યારે અનેકાંતિક દૃષ્ટિકોણ કે સાપેક્ષ દૃષ્ટિકોણ સમન્વયને જન્મ આપે છે અને સમન્વય અહિંસાને.

એક વક્તા જે શબ્દ કહે છે તે શબ્દ એણે ક્યારે, ક્યાં, કઈ પરિસ્થિતિમાં શા માટે કહ્યો, એનું ઉદ્દેશ્ય શું છે વગેરે બિંદુઓ પ્રતિ ધ્યાન ન અપાય તો એના વિચારો પ્રત્યે ધર્મને અપેક્ષાપૂર્વક ગ્રહણ કરો. કારણ કે સત્ય સાપેક્ષ છે. સ્વયંની સાથે બીજાને પણ સમજવાની કોશિષ કરો. એ જ બૌદ્ધિક અહિંસા છે જે સાપેક્ષ દૃષ્ટિથી ફલિત થાય છે. નિરપેક્ષ દૃષ્ટિકોણ હિંસાને જન્મ આપે છે માટે અહિંસાના અનેકાંતવાદના સ્વરૂપને વિકસિત કરવાની ખૂબ જ જરૂર છે. આવી જ અહિંસા સામાજિક જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ઉન્નતિ લાવી દે છે તેમજ વિશ્વશાંતિની જ્વાળા પ્રજ્વલિત કરી દે છે.

✱ ✱ ✱

૪૨૩, જેઠવા નિવાસ, ૪૪૮, બી. આર. આંબેડકર રોડ, માટુંગા, કિંગ્સ સર્કલ,મુંબઈ-૪૦૦ ૦૧૯. મો. ૯૮૬૯૭૮૭૬૯૨

# ખ્રિસ્તી ધર્મ અનેકાન્તવાદ

**સંકલન : ડૉ. થોમસ પરમાર**

*[ વિદ્વાન લેખક ડૉ. થોમસ પરમાર એચ. કે. આર્ટ્સ કૉલેજ તથા ભો. જે. સંસ્થા-અમદાવાદમાં ૩૪ વર્ષ સેવા આપી નિવૃત્ત થયા. હાલ ગુજરાતી અને જૈન વિશ્વકોશમાં કાર્યરત છે. પ્રસ્તુત અંકમાં તેમણે બાઈબલના વિચારોને અનેકાન્તવાદના સંદર્ભમાં રજૂ કર્યા છે. 'પ્રબુદ્ધ જીવન'ના તેઓ નિયમિત લેખક છે. ]*

જૈન ધર્મ એ અહિંસાપ્રધાન ધર્મ છે. સત્ય અને અહિંસા તેના પાયાના સિદ્ધાંતો છે. વ્યક્તિએ મન, વચન અને કાયા વડે હિંસા કરવી નહિ, કરાવવી નહિ કે તેમ કરનારને અનુમોદન આપવું નહિ. જૈન દર્શનની એક વિશેષતા છે કે તે કોઈ પણ વસ્તુને એકાંગી રીતે ન જોતાં બધી બાજુએથી જુએ છે. આ પ્રકારની વિચારપદ્ધતિ અનેકાંતવાદને નામે ઓળખાય છે. આ વિચારપદ્ધતિ દ્વારા સત્યને બધી દિશાએથી તપાસી શકાય છે. કેટલાક વિદ્વાનો અનેકાંતને સંશયવાદ તરીકે ઓળખાવે છે, પરંતુ આ વિચાર પદ્ધતિમાં શંકાને કોઈ સ્થાન નથી. સંપૂર્ણ જ્ઞાન માટે દરેક વસ્તુને બધી બાજુએથી તપાસવાનો પ્રયત્ન છે. અનેકાન્તની રચના અહિંસાના પાયા પર જ રચાયેલી છે. અનેકાન્ત રૂપી બૌદ્ધિક અહિંસા જેના દ્વારા વિચારોનું વૈમનસ્ય, માલિન્ય તથા કાલુષ્ય ઓગળીને પરસ્પરનો વિચાર-સંઘર્ષ તથા શુષ્ક વાદવિવાદ નષ્ટ થઈ જાય છે. અનેકાન્ત મનુષ્યને એક વિશિષ્ટ પ્રકારની દૃષ્ટિ આપે છે. તે સત્યને સર્વ રીતે ચકાસીને અપનાવે છે. માનવજીવનને અનેકાન્તની દૃષ્ટિએ જોવાથી જીવનમાં ઘણાં કલેશો, સંઘર્ષો અને મતભેદોનું શમન થાય છે. અનેકાન્તવાદ માણસને સ્વતંત્ર ચિંતન પ્રદાન કરે છે. તે માણસને વિચાર-સહિષ્ણુ બનાવે છે. માણસ જ્યાં સુધી પોતાના મંતવ્ય અથવા વિચારને જ વળગી રહે છે ત્યાં સુધી તેનામાં બીજાના દૃષ્ટિકોણને સમજવાની ઉદારતા આવી શકતી નથી. પંડિત સુખલાલજી અનેકાન્તવાદનું મૂલ્યાંકન કરતાં કહે છે કે, 'અનેકાન્ત એ એક જાતની વિચાર પદ્ધતિ છે. તે બધી દિશાએથી ખુલ્લું એવું માનસચક્ષુ છે.' માનવીના સામાન્ય વ્યવહારમાં તે ઘણું જ ઉપયોગી બને છે. જીવનમાં તેના વડે અનેક પ્રકારના ધાર્મિક અને સામાજિક સંઘર્ષો ટાળી શકાય છે.

જૈન ધર્મનો આ અનેકાન્તવાદ ખ્રિસ્તી ધર્મમાં જોવા મળે છે ખરો? આ પ્રશ્નનો ઉત્તર મેળવીએ એ પહેલાં આપણે એ જાણવું જરૂરી છે કે ભારતી ધર્મો–હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મની જેમ ખ્રિસ્તી ધર્મમાં તત્ત્વજ્ઞાનની ચર્ચા નથી. ખ્રિસ્તી ધર્મમાં બાઈબલના જૂના કરારમાં પયગંબરની વાણીમાં અને નવા કરારમાં ઈસુના ઉપદેશમાં માત્ર પવિત્ર જીવન જીવવાની સરળ પદ્ધતિ અને ઈશ્વર પ્રત્યેની અડગ શ્રદ્ધાની બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેમાં તત્ત્વજ્ઞાનની કોઈ વિચારસરણીની ઊંડી ચર્ચા નથી. આથી સ્વાભાવિક છે કે ખ્રિસ્તી ધર્મમાં અનેકાન્તવાદ કે તેના જેવી કોઈ તાત્ત્વિક ચર્ચા કરવામાં ન આવી હોય. આમ છતાં નવા કરારના કેટલાંક વાક્યો વાંચતા એમ જણાય કે તે વાક્યોમાં અનેકાન્તવાદનો પડઘો પડ્યો હોય. 'નવાકરાર'માંના નીચેના વાક્યોનો અભ્યાસ કરતાં એ સમજાશે.

૧. તું તારા ભાઈની આંખમાંની રજ શા માટે જુએ છે અને પોતાની આંખમાંનો ભારટિયો કેમ જોતો નથી? તારી આંખમાં ભારટિયો હોય ત્યાં સુધી તું તારા ભાઈને શી રીતે કહીશ કે, 'લાવ તારી આંખમાંની રજ કાઢી આપું?' હે દાંભિક, પહેલાં પોતાની આંખમાંથી ભારટિયો કાઢી નાખ, તો પછી તને તારા ભાઈની આંકમાંની રજ કાઢતાં બરાબર સૂઝશે. (માથ્થી ૭,૩-૫)

અર્થાત્ કોઈનો દોષ કાઢતાં પહેલાં વ્યક્તિએ સૌ પ્રથમ પોતે પોતાનામાં રહેલ દોષ દૂર કરવો જોઈએ તેવો સામાન્ય અર્થ આ વાક્યનો થાય છે. બીજી રીતે ઊંડાણથી જોઈએ તો અન્ય વ્યક્તિની દૃષ્ટિ અર્થાત્ વિચારસરણી કે અભિપ્રાયની ટીકા કરતાં પહેલાં પોતાની દૃષ્ટિ કે વિચારસરણી કે અભિપ્રાય તપાસવા જરૂરી છે. અનેકાંતવાદની વૈચારિક સહિષ્ણુતા અહીં સૂક્ષ્મ રીતે જોતાં જણાઈ આવે છે.

૨. .....પોતાના વિશે રાખવો ઘટે તેનાં કરતાં ઊંચો ખ્યાલ રાખવો નહિ, પણ દરેકને જે પ્રમાણે ઘટતો ખ્યાલ રાખવો. (રોમ, ૧૨, ૩)

સામાન્ય વ્યવહારમાં વ્યક્તિ ક્યારેક પોતાને અન્ય વ્યક્તિ કરતાં ચઢિયાતી માને, ઊંચી માને કે અદકેરી માને છે. આ ચઢિયાતુપણું ધર્મ, જાતિ, વર્ગ કે ધન-વૈભવની બાબતમાં પણ હોઈ શકે. બૌદ્ધિકોમાં વૈચારિક ઊંચ-નીચના ખ્યાલ પ્રવર્તતા હોય છે. આવી વૈચારિક ઊંચા-નીચતાનો ખ્યાલ રાખવો એ વૈચારિક હિંસાને વિકસાવવામાં મદદરૂપ થાય છે. અનેકાન્તવાદ વૈચારિક અહિંસા પર ભાર મૂકે છે એ બાબતનો ધ્વનિ અહીં અંકાયો હોય તેમ લાગે છે.

૩. બાઈબલના જૂના કરારનું નીચેનું વાક્ય અનેકાન્તવાદનો પડઘો પાડતું હોય તેમ જણાય છે.

ઘણાં માણસો પોતાના અભિપ્રાયોથી ગેરરસ્તે દોરાઈ ગયા છે અને ભ્રાંતિભર્યા અનુમાનોએ તેમની વિચારશક્તિને ગોથા ખવડાવ્યા છે. (ઉપદેશમાળા, ૪, ૨૯) માણસ પોતાના અભિપ્રાયોથી ગેરરસ્તે દોરાઈ શકે છે અને ભ્રાંતિભર્યા અનુમાનોથી તેમની વિચારશક્તિ ગોથા ખાઈ શકે છે. આવી પરિસ્થિતિમાં અન્યના અભિપ્રાયોને સાંભળવાની તૈયારી રાખી હોય તો આ પરિસ્થિતિ ઊભી ન થઈ શકે. જો કોઈ વ્યક્તિ ઢાલની એક બાજુ જોઈને એમ અભિપ્રાય આપે કે ઢોલ તો માત્ર ચાંદીની જ છે તો તે સત્ય નથી. ઢાલની બીજી

બાજુનો જેણે અભ્યાસ કર્યો છે તે અભિપ્રાય આપે કે ઢાલ તો માત્ર સોનાની જ છે તો તે પણ સત્ય નથી. સત્ય બંને વ્યક્તિઓના અભિપ્રાયની વચ્ચે છે. બંને સાચા છે અને બંને ખોટા છે. બીજી રીતે કહીએ તો બંને સાચા નથી અને ખોટા પણ નથી. બંનેનો અભિપ્રાય પોતાને ગેરમાર્ગે દોરે છે. જો બંનેએ એકબીજાના અભિપ્રાયને ગ્રાહ્ય રાખ્યો હોત તો ગેરમાર્ગે ન દોરત અને સત્ય જાણવા મળત કે ઢાલ અંશતઃ સોનાની અને અંશતઃ ચાંદીની છે. આથી વ્યક્તિનો પોતાનો અભિપ્રાય તેને ગેરમાર્ગે દોરી શકે છે.

થોમસ કેમ્પિસના 'ધી ઈમિટેશન ઑફ ક્રાઈસ્ટ' (અનુ. ઈસુને પગલે', નટવરલાલ બુચ, ૧૯૬૭)ની ખ્યાતિ એટલી બધી છે કે ખ્રિસ્તી સમાજમાં પવિત્ર બાઈબલ પછી વધારેમાં વધારે વંચાતું પુસ્તક તે છે. રસ્કિને તેને Books for All Time કહીને બિરદાવ્યું છે. આ ગ્રંથના નીચેના વાક્યો અનેકાન્તવાદની વૈચારિક સહિષ્ણુતાનો અણસાર આપે છે.

૪. કાર્ય કે વર્તનમાં વધુ પડતી ઉતાવળ ન કરવામાં અને આપણાં પોતાના વિચારોને હઠાગ્રહથી ન વળગી રહેવામાં ડહાપણ છે. (ભાગ-૧, પ્રકરણ-૫).

૫. તમારા પોતાના વિચારો જ સત્ય છે એવો વધુ પડતો વિશ્વાસ ન રાખો, પણ બીજાના વિચારો ધ્યાનમાં લેવા તૈયાર રહો. (ભાગ-૧, પ્રકરણ-૯).

૬. એવું બને કે બે વિચારમાંનો દરેક સારો હોય, પણ જ્યારે બુદ્ધિ ચીંધાડે કે પરિસ્થિતિ માગે ત્યારે પણ બીજા સાથે સહમત ન થવું એ અભિમાન અને હઠાગ્રહની નિશાની છે. (ભાગ-૧, પ્રકરણ-૯).

૭. તમે પોતે કેવા છો તે તપાસો, અને બીજા વિશે મત બાંધવામાં સાવધ રહો (ભાગ-૧, પ્રકરણ-૧૪).

૮. બીજાનું મૂલ્યાંકન કરવામાં આપણે આપણી શક્તિ વેડફીએ છીએ; આપણે ઘણીવાર ગલતી અને પાપ કરી બેસીએ છીએ પણ આપણું પોતાનું મૂલ્યાંકન કરવામાં આપણી જે શક્તિ વપરાય છે. તેનાથી આપણને લાભ જ થાય છે. (ભાગ-૧, પ્રકરણ-૧૪).

૯. ....મતમતાન્તર અને માન્યતા ભેદને પરિણામે અનેકવાર મિત્રો અને પાડોશીઓ વચ્ચે તેમજ ધાર્મિકવૃત્તિ અને ભક્તિવૃત્તિના લોકો વચ્ચે પણ લડાઈ ઝઘડા જન્મે છે (ભાગ-૧, પ્રકરણ-૧૪).

એકબીજાના દૃષ્ટિબિંદુને બરાબર સમજવું તેનું નામ જ 'અનેકાન્ત' છે. 'ધી ઈમિટેશન ઓફ ક્રાઈસ્ટ'ના ઉપરોક્ત વાક્યો આ અર્થને પ્રગટ કરતાં જણાય છે. થોમસ કેમ્પિસે પોતાના વિચારોની સત્યતાના આગ્રહ-હઠાગ્રહને તિલાંજલિ આપીને અન્યના વિચારોને પણ ધ્યાનમાં લેવાની ઉત્તમ સલાહ આપી છે અને આમ કરવામાં જ ડહાપણ રહેલું હોવાનું જણાવે છે. 'મારો 'જ'' અભિપ્રાય સાચો એમાંનો 'જ' વિચારોના શાંત સરોવરમાં પથરો ફેંકવાનું કાર્ય કરે છે અને તેથી જે તરંગો ઉત્પન્ન થાય છે તે ધર્મ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં લડાઈ–ઝઘડા તરફ દોરી જાય છે; સર્વત્ર અશાંતિની લહર ફેલાઈ જાય છે. વિવિધ ધર્મ, સમાજ અને રાષ્ટ્રના વિચારકો એક મંચ પર બેસીને સહિષ્ણુતા અને ધૈર્યથી પરસ્પરની વાત સાંભળે અને પોતાનો અભિપ્રાય કે દૃષ્ટિબિંદુ પરાણે ઠોકી બેસાડવાનો હઠાગ્રહ ન રાખે તો સૌ સત્યને પામી શકે, સમન્વયના દ્વાર ખુલી શકે, સર્વોદયની કેડી સાફ થઈ શકે, સર્વત્ર શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને સહજીવનનો પ્રકાશ ફેલાઈ શકે.

✷ ✷ ✷

૨૩, મહાવીરનગર, એલ. જે. કૉમર્સ કૉલેજ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫. (મો. ૯૮૨૫૩૮૪૬૨૩).

**સંદર્ભ ગ્રંથો**


- નગીનદાસ પારેખ : સંપૂર્ણ બાઈબલ ઇસુદાસ કવેલી (અનુ.)
- દેવેન્દ્ર મુનિજી (સંપા.) : ધર્મ અને સંસ્કૃતિ
- આચાર્ય નવીનચંદ્ર : ભારતીય ધર્મો
- નટવરલાલ પ્રભુલાલ બુચ (અનુ.) : ઈસુને પગલે



## પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મી ખેતવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : માસિક. દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ |
| ૪. પ્રકાશકનું નામ | : શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામુઃ | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૫. તંત્રી | : શ્રી ધનવંત તિલકરાય શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામુ | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |

હું ધનવંત તિલકરાય શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૧૫ ☐ **ધનવંત તિલકરાય શાહ**, તંત્રી

# સંઘર્ષની સમાપ્તિ અને સંવાદિતાનો સેતુ એટલે મહાવીર સ્વામીનો અનેકાંતવાદ

❑ શ્રીમતી પારૂલબેન બી. ગાંધી

*[ બી.એ.માં સુવર્ણચંદ્રક સાથે M.A. કરી ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવે છે. જૈન ધર્મના પણ ઊંડા અભ્યાસી છે. સામયિકોમાં લેખો લખે છે અને સાહિત્ય સમારોહમાં શોધ-નિબંધો રજૂ કરે છે. પત્રકારત્વના ત્રણ ઍવૉર્ડ મળ્યા છે. પ્રસ્તુત લેખમાં તેમણે અનેકાન્તવાદના સિદ્ધાંતને કારણે કઈ રીતે વિશ્વમાં શાંતિ સ્થાપી શકાય તે અંગેની વાત લખી છે. ]*

**પ્રસ્તાવના :**

અનેકાંતવાદ એ જૈન ધર્મની આધારશીલા છે. જૈન તત્ત્વજ્ઞાનની આખી ઈમારત આ અનેકાંતવાદના સિદ્ધાંત પર અવલંબિત છે. અનેકાંત જૈન ધર્મનો પ્રાણ છે. જૈન ધર્મની કોઈપણ વાત સ્યાદ્‌વાદની કસોટી પરથી સાંગોપાંગ ઊતારીને પછી જ કહેવામાં આવી છે. આ જ કારણે દાર્શનિક સાહિત્યમાં અનેકાંતવાદને સ્યાદ્‌વાદદર્શન પણ કહે છે. સંસારમાં જેટલા પણ એકાંતવાદના આગ્રહી સંપ્રદાયો છે, તેઓ પદાર્થના એક અંશને અર્થાત્ એક એક ગુણને પૂરો પદાર્થ માને છે. તેથી તેઓ અન્ય ધર્મના લોકો સાથે લડતા-ઝગડતા રહે છે. પોતાની વાતને એકાંતપણે મનાવવા તેઓ ઘણીવાર આક્રમક પણ બની જાય છે. વાસ્તવિકતા એ છે કે તેઓ જે બાબતને પૂર્ણ માને છે તે સંપૂર્ણ નથી પણ અંશમાત્ર છે. અનેકાંત સર્વદૃષ્ટિ દર્શન છે. તેથી તે એકાંતવાદીઓને સમજાવે છે કે તમે કહો છો તે એક દૃષ્ટિકોણથી સત્ય છે, બધા દૃષ્ટિકોણથી નહિ.

**અનેકાંતવાદનો અર્થ :**

અનેકાંતનો અર્થ છે પ્રત્યેક વસ્તુનો જુદા જુદા દૃષ્ટિકોણથી વિચાર કરવો. જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી જોવું. કોઈપણ વસ્તુના અનેક અંત એટલે કે ગુણધર્મ હોય છે. વસ્તુના પ્રત્યેક ધર્મને, ગુણને, અંતને પૂરી રીતે તપાસી તેમાંથી સમગ્રપણે સત્ય તારવવું જોઈએ. કોઈપણ વિષય, વિચાર, વસ્તુ, પરિસ્થિતિ ઈત્યાદિને વધુમાં વધુ દૃષ્ટિકોણથી, વધુમાં વધુ વિગતોથી અને વધુમાં વધુ ઊંડાણથી તપાસવા અને તેમાં દેખાતા પરસ્પર વિરોધી એવા તત્ત્વોનો સમન્વય કરીને તેમાંથી સત્ય તારવવું તે અનેકાંતવાદ. સત્ય એક છે પરંતુ તેના સ્વરૂપ અનંત હોઈ શકે છે, એ સ્વરૂપોનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું તે અનેકાંતવાદ.

જૈન ધર્મમાં માત્ર એક જ દૃષ્ટિકોણથી પદાર્થનું અવલોકન કરવાની પદ્ધતિને અપૂર્ણ અને અપ્રમાણિક માનવામાં આવી છે અને એક જ વસ્તુમાં જુદા જુદા દૃષ્ટિકોણથી, જુદા જુદા ગુણોનું આરોપણ કરવાની પદ્ધતિને પૂર્ણ અને પ્રમાણિક માનવામાં આવી છે. આ પદ્ધતિ તે જ અનેકાંતવાદ. અનેકાંત માટેનો પારિભાષિક શબ્દ છે સ્યાદ્‌વાદ. સ્યાદ્ એટલે કથંચિત એટલે કે કેટલુંક જાણવા મળ્યું છે પરંતુ ઘણું જાણવાનું બાકી છે. અનેકાંતવાદ સિદ્ધાંત છે અને એ સિદ્ધાંતને અમલમાં મુકવાની રીતિ, પદ્ધતિ કે શૈલી તે સ્યાદ્‌વાદ છે. જે સપ્તભંગી તરીકે પણ ઓળખાય છે. આ માટે પ્રાચીન દૃષ્ટાંત છે કે સાત અંધજનોએ પોતાની હથેળી વડે સ્પર્શ કરી હાથીનો આકાર જાણવાનો પ્રયત્ન કર્યો ત્યારે કોઈકને હાથી સૂપડા જેવો, તો કોઈને થાંભલા જેવો, તો કોઈને દોરડા જેવો લાગ્યો. પોતાની વાત સાબિત કરવા તે અંદરોઅંદર ઝઘડવા લાગ્યા. મહાવતે તેમને હાથ વડે હાથીના દરેક અંગનો સ્પર્શ કરાવી હાથીના આખા આકારનો ખ્યાલ આપ્યો. હાથીના ખંડદર્શનને બદલે અખંડદર્શન કરાવનાર મહાવત તે અનેકાંતવાદના સ્થાને છે. આમ આચારપ્રધાન જૈન દર્શનની આચારશુદ્ધિનું આગવું સ્થાન અપરિગ્રહ. જ્યારે વિચારશુદ્ધિનું આગવું સ્થાન અનેકાંતવાદ કહી શકાય.

આમ અનેકાંતવાદ એટલે વિચારમાં અહિંસા કારણ કે અનેકાંતવાદ એટલે વિરોધ પક્ષના મંતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવી અને પોતાના પક્ષના મંતવ્યોની પણ પ્રામાણિકપણે, માધ્યસ્થભાવે, સત્યની જિજ્ઞાસાથી આલોચના કરવી અને મિથ્યાભિમાનનો ત્યાગ કરી પોતાની ભૂલ હોય તો સુધારવી તથા ઉદારતા અને વિવેકબુદ્ધિથી ઉત્તમ તત્ત્વોનો સમન્વય કરવો. ભગવાન મહાવીરે એટલે જ અનેકાંતવાદને ચારિત્રવિકાસના સાધન તરીકે પણ અપનાવ્યો.

**અનેકાંતના કેટલાક લૌકિક અને દાર્શનિક દૃષ્ટાંત :**

એક ફળને લઈએ તો ફળમાં રૂપ છે, રસ છે, ગંધ છે, સ્વાદ છે, આકાર છે, ભૂખ મટાડે છે, રોગ દૂર કરી શકે છે અને રોગ પેદા પણ કરી શકે છે. આમ તેમાં અનેક લક્ષણો છે છતાં આપણી બુદ્ધિ સીમિત હોવાથી બધા ગુણધર્મો જાણી શકાતાં નથી. તેવી જ રીતે કોઈ એક પુરુષને લઈએ તો તે કોઈનો પતિ, પિતા, પુત્ર, ભાઈ, શેઠ, નોકર, કાકા, મામા વગેરે હોઈ શકે. આમ એક જ વ્યક્તિ ઘણું બધું હોઈ શકે. આમાં દરેક લોકો પોતાની દૃષ્ટિએ સાચા છે પણ એકાંતે માત્ર એક જ વ્યક્તિનું સ્વરૂપ સાચું છે તેમ ન કહી શકાય.

હવે દાર્શનિક દૃષ્ટિએ નિત્યત્વ અને અનિત્યત્વ જોઈએ તો માટીનો એક ઘડો લઈએ તો આકારની દૃષ્ટિએ તે નાશવંત છે, માટીના મૂળ

સ્વરૂપની દૃષ્ટિએ લઈએ તો તે અવિનાશી છે. તેવી રીતે જીવ દ્રવ્ય છે તે ક્યારેય નાસ પામતું નથી એ દૃષ્ટિએ નિત્ય છે. મનુષ્યભવ, નારકીપણું વગેરે તેના પર્યાય છે જે અનિત્ય છે. જીવ દ્રવ્યમાં ચૈતન્ય ગુણ રહેલો છે. આમ એકની એક વસ્તુમાં પરસ્પર વિરોધી જેવી દેખાતી નિત્યતા અને અનિત્યતાના ગુણોને સિદ્ધ કરનાર સિદ્ધાંત જ અનેકાંતવાદ છે.

**દાર્શનિક જગતનો સમ્રાટ અનેકાંતવાદ,**
**વિશ્વવ્યવસ્થામાં અનેક સમસ્યાઓની માસ્ટર કી**

દાર્શનિક જગતમાં અનેકાંતવાદના અમર સિદ્ધાંતને ઘણો જ મહત્ત્વનો માનવામાં આવ્યો છે. મહાત્મા ગાંધી જેવા મહાપુરુષોએ તેની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. પાશ્ચાત્ય વિદ્વાન ડૉ. થોમસ કહે છે–અનેકાંતવાદ/સ્યાદ્વાદનો સિદ્ધાંત ઘણો જ ગંભીર છે. વસ્તુની ભિન્ન ભિન્ન સ્થિતિઓને તે ઘણી જ સ્પષ્ટ રીતે પ્રકાશિત કરે છે. વર્તમાને દેશ-દેશ વચ્ચે, ધર્મ-ધર્મ વચ્ચે, જ્ઞાતિ-જાતિ વચ્ચે, સગા-સંબંધીઓ વચ્ચે, સંપ્રદાયની, સ્વાર્થની, હૂંસાતુંસીની, મારા-તારાની જે સૂગાળવી દિવાલો ઊભી થઈ છે તેને અનેકાંતવાદ દ્વારા જ જમીનદોસ્ત કરી શકાય છે.

કુટુંબ, સમાજ, દેશ, રાષ્ટ્ર બધા જ સમસ્યાઓની ભીંસમાં રિબાય છે ત્યારે અનેકાંતવાદ જ આ બધી સમસ્યાઓની માસ્ટર કી છે. આ સિદ્ધાંત વિશ્વને જૈન ધર્મનું આગવું અને અનોખું પ્રદાન છે. આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદનો સિદ્ધાંત આ મહોર મારે છે. વિસંવાદિતામાં સંવાદિતા અને વૈમનસ્યમાં પણ પ્રેમ શોધી આપવાની આગવી અને અનોખી દૃષ્ટિ તે અનેકાંતવાદ. અનેકાંતવાદ દ્વારા સત્યનો અનુભવ પોતે જ કરવાનો છે. ઊછીનો અનુભવ સત્યનો સાક્ષાત્કાર કરાવી શકે નહિ. આથી જ કહી શકાય કે અનેકાંતવાદ સત્ય જ્ઞાનની ચાવી છે. તેને જીવનમાં ઊતારવાથી રાગ-દ્વેષ ઘટે છે, વિસંવાદ દૂર થાય છે, કલેશ ઘટે છે, સમભાવ જન્મે છે, મિત્રતા વિકસે છે. સંવાદ અને શાંતિ સ્થપાય છે. ઈર્ષા, અનુદારતા, સાંપ્રદાયિકતા, સંકુચિતતા વગેરે અનેકાંતવાદની સામે આવતા ભયભીત થઈ ભાગી જાય છે. વેર-ઝેર મટી જાય છે. આથી જ એમ પણ કહી શકાય કે વિશ્વમાં જ્યારે પણ શાંતિનું સામ્રાજ્ય પ્રસ્થાપિત થશે ત્યારે તે અનેકાંતવાદના અમર સિદ્ધાંત દ્વારા જ થશે. આમ અનેકાંવાદના સિદ્ધાંતની સાર્થકતા વર્તમાને પણ પુરવાર થાય છે.

હવે જોઈએ દાર્શનિક જગતનું સમ્રાટત્વ અનેકાંતવાદ કઈ રીતે ભોગવે છે–

ભારતમાં દાર્શનિક વિચારધારાનો જેટલો વિકાસ થયો છે તેટલો અન્યત્ર ક્યાંય થયો નથી. ભારતવર્ષ એ જુદા જુદા દર્શન અને દાર્શનિકોની જન્મભૂમિ છે. અહીં ભિન્ન ભિન્ન દર્શનો દ્વારા ભિન્ન ભિન્ન વિચારધારાઓ કોઈપણ પ્રકારના અવરોધ વિના ફૂલીફાલી છે. જો ભારતના બધા પ્રાચીન દર્શનનો પરિચય કરવા જઈએ તો એક દળદાર ગ્રંથ તૈયાર થાય. અહીં વિસ્તરણના ભયે માત્ર પાંચ મુખ્ય દાર્શનિક વિચારધારા વિષે જોઈશું. વિશ્વની વ્યવસ્થા જે ગોઠવાયેલી છે તેમાં આ પાંચેય વિચારધારાઓનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. પરંતુ પાંચેય દર્શનોની વિચારધારામાં પરસ્પર ભયંકર સંઘર્ષ છે. પ્રત્યેક એક-બીજાના મતોનું ખંડન કરે છે, અને પોતાના એકલાથી જ દરેક કાર્ય સિદ્ધ થઈ શકે છે તેવું માને છે, દાવો કરે છે. પરંતુ બધાનો વ્યવસ્થિત રીતે અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે કે એકેયનો દાવો સાચો નથી. મહાવીરદેવે આ પાંચેય વિચારધારાઓને સમજી તેના વિષે ઘણું વિચાર્યું છે. તેમણે દર્શાવ્યું કે બધાનું પોતપોતાની રીતે મહત્ત્વ છે તે હકીકત છે. પરંતુ માત્ર એકથી જ કાર્ય થાય છે તે માનવું ભૂલભરેલું છે. આ વાતને તેમણે અનેકાંતવાદથી (સમન્વયવાદથી-સ્યાદ્વાદથી-કથંચિતવાદથી-અપેક્ષાવાદથી) સુંદર રીતે સમજાવી છે. આ માટે પાંચેય વિચારધારા વિષે થોડું વિસ્તૃત રીતે જોઈશું.

**૧. કાળવાદ :** આ લોકો માને છે કે જગતના સર્વ પદાર્થો કાળના કબજામાં છે. કાળનું બધા પર આધિપત્ય છે. સ્ત્રીગર્ભાધાન વિષે વિચાર કરીએ તો યોગ્ય ઉંમરના સ્ત્રી-પુરુષના સંયોગથી સ્ત્રી ગર્ભ ધારણ કરે છે. પરંતુ એ જ સ્ત્રી વૃદ્ધ થયા પછી પુરુષનો સંયોગ થવા છતાં ગર્ભ ધારણ કરી શકતી નથી. તેવી જ રીતે ગર્ભ અમુક સમય ગર્ભમાં રહે તો જ વિકસશે, બાળક તરીકે જન્મ લેશે, યોગ્ય ઉંમરે બોલશે, ચાલશે વગેરે. એ જ રીતે અન્ય જીવસૃષ્ટિ પર પણ કાળની સત્તા છે. વનસ્પતિને પણ કાળ પરિપક્વ થાય ત્યારે જ અંકુર ફૂટે, શાખાઓ થાય, ફળ-ફૂલ આવે. તે જ રીતે સૂર્ય-ચંદ્ર એના સમયે ઊગે-આથમે છે, ઋતુ બદલાય છે, ઠંડી-ગરમી-વરસાદ પડે છે. આમ કાળવાદીના મતે દુનિયા આખી કાળ પ્રમાણે જ ચાલે છે. જે ખરેખર એકાંતે સત્ય નથી.

**૨. સ્વભાવવાદ :** આ લોકો માને છે કે સ્વભાવ પ્રમાણે જ બધું થાય છે. જેમ કે વનસ્પતિના હજારો પ્રકાર છે પણ દરેકમાં તેના સ્વભાવ પ્રમાણે રસ પ્રગટે છે. કોઈને ફૂલ આવે, કોઈને ફળ આવે, કોઈને ફળ-ફૂલ ન આવે. પૃથ્વીમાં કઠિનતા, પાણીમાં પ્રવાહિતા અને ઠંડક તથા અગ્નિમાં રહેલી ઊષ્ણતા સ્વભાવગત છે. પુરુષ યુવાન થતાં દાઢી-મૂછ ઊગે છે તે સ્ત્રીને શા માટે નથી ઊગતા? વંધ્યા સ્ત્રીને સંતાનપ્રાપ્તિ કેમ નથી થતી? હથેળીમાં વાળ શા માટે નથી ઊગતા? લીમડાને ગોળ અને ઘીનું સિંચન કરો તો પણ મીઠો મધુર બનાવી શકાય? દહીંને વલોવવાથી જ માખણ નીકળે છે, પાણીને વલોવવાથી નહિ. આમ પ્રત્યેક વસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણે કાર્ય કરે છે. સ્વભાવની સામે કાળ, કર્મ, પુરુષાર્થ, નિયતિ કશું કરી શકતા નથી.

**૩. કર્મવાદ :** આ એક પ્રબળ દાર્શનિક વિચારધારા છે. કર્મવાદનું કહેવું છે કે અન્ય તેની સામે તુચ્છ છે. સંસારમાં સર્વત્ર કર્મનું એકચક્રી શાસન છે. એક જ માતાને બે બાળકોમાં એક બુદ્ધિમાન હોય તો બીજો સાવ મૂર્ખ ! આવું શા માટે ? બંનેનું વાતાવરણ સ્થિતિ વગેરે સરખા હોવા છતાં ભેદ છે તે કર્મના કારણે છે. બે વ્યક્તિ સરખી શક્તિ, અભ્યાસ, સામાજિક સ્તરવાળા હોવા છતાં એક હજારો રૂપિયા કમાઈ લે છે જ્યારે બીજાને બે ટંક ભોજનના પણ ઠેકાણા નથી. કપટી, દંભી, દુર્જનો લહેર કરે છે જ્યારે સરળ, ધર્મી, નિખાલસ સજ્જનો બધેથી પાછા પડે છે. સારા કાર્યો કરનાર દુઃખી છે જ્યારે બીજાને ત્રાસ આપનાર સુખી છે. આ બધા કર્મના ખેલ છે. આથી જ વિદ્વાનો કહે છે કે गहना कर्मणो गति:। અર્થાત્ કર્મની ગતિ અતિ ગહન છે.

**૪. પુરુષાર્થવાદ :** આ વિચારધારાવાળા કહે છે કે પુરુષાર્થ વિના દુનિયાનું એક પણ કાર્ય સફળ થઈ શકતું નથી. જે કાર્યો થાય છે તેની પાછળ કર્તાનો પુરુષાર્થ રહેલો છે. કેરીની ગોટલીમાં કેરી ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે પરંતુ કોઠારમાં પડેલી ગોટલીમાંથી આંબાનું ઝાડ તૈયાર થશે ખરું ? આજે માનવીએ જે કાંઈ વિકાસ સાધ્યો છે તે તેના પુરુષાર્થને આભારી છે. ચંદ્ર પર માનવી પહોંચ્યો તે પુરુષાર્થને કારણે જ. કોઈ ભૂખ્યા માણસને મીઠાઈનો થાળ સામે મૂકીએ, બટકું મોઢામાં આપીએ પણ તે ચાવે અને ગળે ન ઉતારે તો ભૂખ નહિ મટે. એ પુરુષાર્થ તેણે પોતે જ કરવો પડશે. આમ પુરુષાર્થ જ મહાન છે તેમ તેઓ માને છે.

**૫. નિયતિવાદ :** આ દર્શન થોડું ગંભીર છે. પ્રકૃતિના અટલ નિયમોને નિયતિ કહે છે. નિયતિવાદની વિચારધારાનું કહેવું છે કે જે કાંઈ કાર્યો થાય છે તે બધાં નિયતિને આધીન છે. સૂર્ય પૂર્વમાં ઊગે છે, પશ્ચિમમાં કેમ નહિ ? કમળ પાણીમાં જ ઊગે છે, પથ્થરમાં કેમ નહિ ? પક્ષીઓ આકાશમાં ઊડે છે, પશુઓ શા માટે નહિ ? આ બધા પ્રશ્નોનો જવાબ એ છે કે પ્રકૃતિનો નિયમ અટલ છે, ફરી શકે નહિ. જો તેમાં પરિવર્તન થાય તો સંસારમાં પ્રલય જ થઈ જાય. દુનિયાની સમગ્ર વ્યવસ્થા ખોરવાઈ જાય. આથી જ નિયતિ મહાન છે. તેની પાસે બીજા બધા સિદ્ધાંત તુચ્છ છે. કોઈપણ વ્યક્તિ પ્રકૃતિના નિયમો વિરુદ્ધ જઈ શકે નહિ.

**ભગવાન મહાવીર પ્રરૂપિત અનેકાંતવાદની સાર્થકતા તથા સિદ્ધિ :**

ભગવાન મહાવીરે આ એકાંતવાદોની સંઘર્ષ સમસ્યાને ઊંડાણથી સમજી–વિચારી તેના સમાધાનરૂપે અનેકાંતવાદ મૂક્યો. આ વાદ મુજબ આગળ બતાવેલી પાંચેય વિચારધારા પોતપોતાની રીતે બરાબર છે. પરંતુ કોઈપણ કાર્યની પાછળ એક જ વાદ કામ કરે છે તે વાત વાસ્તવિકતા નથી. કદાચ એક વાદની મુખ્યતા હોઈ શકે અર્થાત્ એક વાદનો હિસ્સો ૮૦% હોય તો બીજા ચાર ૨૦% માં આવી જતા હોય, પણ એક જ વાદ મુખ્ય હોય તેવું બની શકે નહિ. સંસારમાં થતાં દરેક કાર્યની પાછળ પાંચે પાંચ સમવાય રહેલા છે. કોઈ એકથી જ સમગ્ર કાર્ય સિદ્ધ થાય તેવું બની ન શકે. આથી જે વિચક્ષણ અને બુદ્ધિમાન મનુષ્યો છે તે કોઈ એક જ વાદનો દુરાગ્રહ છોડીને બધાને સાથે રાખી કાર્ય કરે છે. બધાના સમન્વય વગર સફળતા સંભવી જ ન શકે. ભગવાન મહાવીરની આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજીએ...

૧. જ્યારે માળી દ્વારા કોઈ બીજને કે ગોટલાને વાવવામાં આવે છે તો તેમાંથી અંકુર ફૂટે છે તે તેનો સ્વભાવ છે. પરંતુ બીજ વાવ્યા પછી તેને ખાતર-પાણી-વાડથી રક્ષણ કરવું વગેરે ઉદ્યમ કરવો જરૂરી છે. તેનો કાળ પાકશે પછી જ તેમાંથી અંકુર ફૂટશે, શાખા નીકળશે, પાંદડા, ફળ-ફૂલ વગેરે આવશે. આ બધું કર્યા પછી જો તેની નિયતિ હશે તો જ તે બીજ ફૂલી-ફાલી વૃક્ષ બનશે. જો તેનું આયુષ્ય કર્મ બળવાન નહિ હોય તો તે વૃક્ષ ફૂલી-ફાલી શકશે નહિ.

૨. એક જીવાત્મા જ્યારે સંસાર છોડી સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે તેની પાછળ પણ આ પાંચે બાબતો ઘણી મહત્ત્વની રહેલી છે. સર્વપ્રથમ સંસારી જીવને લઈએ તો કર્મ દ્વારા જ તે સંસારમાં ભટકી રહ્યો છે. કર્મને જીવથી અલગ પાડવા માટે કઠિન પુરુષાર્થ જરૂરી બને છે. આમ છતાં જે ભવી હોય તે જ મોક્ષની સાધના કરી શકે છે; કારણ તે જ તેનો સ્વભાવ છે માટે કરી શકે છે. જે જીવનો મોક્ષ થવાનો છે તે કેવળીએ કેવળજ્ઞાનમાં જોયેલું છે. આમ તે તેની નિયતિ છે જ અને મોક્ષ પણ. જ્યારે એનો સમય પાકશે ત્યારે જ થશે આથી કાળ એ રીતે મહત્ત્વનો છે.

**ઉપસંહાર :**

ઉપરના બંને દૃષ્ટાંતો દ્વારા એ સાબિત થાય છે કે કોઈપણ કાર્યની પાછળ ઘણી બધી બાબતો રહેલી છે. આથી કોઈ એક જ બાબતને કોઈ એક કાર્ય માટે જવાબદાર ગણી શકાય નહિ. અનેકાંતવાદ આ જ બાબતનું સમર્થન કરે છે. સમન્વય દ્વારા સંઘર્ષને ટાળી, વૈમનસ્યને વિદારી સાયુજ્ય સાધવું એ વાત જ મહત્ત્વની છે. અનેકાંતવાદ દ્વારા એ શક્ય બને છે તેથી જ તે શ્રેષ્ઠ છે, શિરમોર છે. આજે એકાંતવાદને કારણે ચારે બાજુ સંઘર્ષ-જડતા-સમસ્યાઓ-વેર-ઝેર અને જિદ જોવા મળે છે. જેને કારણે અનેક સમસ્યાઓ સર્જાય છે. આ સમસ્યાઓનું સમાધાન એટલે મહાવીરદેવનો અનેકાંતવાદ-સમન્વયવાદ-સ્યાદ્વાદ. તેનાથી માત્ર કોઈ એક માનવીનું નહિ, ચોક્કસ સમાજનું નહિ પરંતુ સમગ્ર વિશ્વનું અને સમગ્ર જીવસૃષ્ટિનું કલ્યાણ થઈ શકશે. આ વાતને આજે નહિ તો કાલે સમગ્ર દુનિયાએ સ્વીકારવી જ પડશે.

✷ ✷ ✷

'ઉષા જાગૃતિ', ૧, ભક્તિનગર સોસાયટી, જૈન ઉપાશ્રયની બાજુમાં,
રાજકોટ-૩૬૦ ૦૦૨. ફોન : ૦૨૮૧-૨૨૨૨૭૯૫
મો. : ૯૭૨૫૬ ૮૦૮૮૫ / ૯૮૨૪૪ ૮૫૪૧૦
E-mail : bharatgandhi19@gmail.com.

## THE SEEKER'S DIARY – ON ANEKANTVAD

Since the last three months, I have been struggling to write on this vast subject of 'Anekantvad.' Sejal

Ben, Dhanvant Bhai all have been exasperated and yet very patient quite unable to comprehend as to "why am I not giving this article on Anekantvad.. ?'

They gave references, examples, explanations on their attempts at inspiring me, to make me come out with my thoughts.. And I was just plain stuck. Perhaps I felt that I was not qualified to write on a subject this deep, this vast, that no matter what I had understood, it was all intellectually and not experiential. I could superficially explain it to those who were unfamiliar to it but Anekantvad was perhaps not yet a part of my DNA. It was not yet seeped inside me. The ability to see 'anek'ant – Many ends or many perspectives on the same subject to be able to see the other, or another's point of view with absolute non judgement.

In brief; the concept – Anekantvad which is to see and accept another person's perspective and his point of view and accept that as holding as true as your own perspective.

As we unfold this beautiful beautiful subject, please know this article is not 'Taatvik' in the sense that thinkers, masters, philosophers have spoken far more eloquently on this – I am merely speaking it in a very personal tone and relating it to incidents of our daily lives.

'Anadi Sanskar' (previous births karmic baggage) blended with the present birth's logic and environment combined with experiences and emotions and morals – all this mixed together and despite these so many layers to see the world from another's perspective, through its endless, contradictory ways – how is it even possible ?

What am I talking about? Will try and explain.

This writing about Anekantvad led me into a three month journey into observing Reshma while she was with another person, while she was reacting to any pleasant, unpleasant event, occurrence and most of all while opposite reactions were being addressed.

Let me take you with me through an incident as an example, and then thoughts from the very ordinary to the profound.

In January, I was by sheer default made to be a decision maker in a close friend's family feud. Default since I was made judge only because at that moment when tempers were running high I happened to be present there and I had extremely tender relationship with all the seven members.

The subject was 'Fairness'. The object was ' jewellery' and the problem was that all of them felt that they had been short changed. Seven of them

The mother was in a position of power as she was technically the divider of this jewellery between her three sons. She was weak and not given to clarity due to the overpowering men in her life. A strongly opinionated husband and powerful three sons. To make it brief, the story was that during the weddings of her two sons in a brief spell of spiritual high, the men insisted on no jewelery. They had felt that they had enough.

The mother made a slight noise about it, saying it was not right 'vyavhar' not to make new jewellery for the weddings but was disregarded and condemned at her attachment to 'pudgal.' The wives were not given the jewellery at the right time.' A decade passed and prices went up. The age of materialism seeped in, the innocence of youth and love and fresh air had been outgrown and the time had come to take stock and pass on to what was to the two wives and some for the third son yet unmarried. Trends had changed, suddenly what had seemed enough and a lot then was not so anymore. The division was not done fairly. The mother was pointed at and both the brothers felt that they had got the smaller pie.The bottom-line was there were seven people here who all were feeling miserable inspite of the exchange.

The mother because she was finally giving away all her 'stree dhan' to wives who were not satisfied with it anyway.

The wives because they all felt that they had got lesser or the less prettier piece and as an outsider I was listening to their seemingly petty discussion, in my mind judging all of them.

Why could not the mother have been strong then and put her foot down?

Why cannot the father come and protect his wife and make the jewellery for all?

Why can't the sons who are doing so well for themselves not buy for their wives and protect their mom?

Why cannot the two wives see how the mother in law's life has panned and ease out on judging her?

Why cannot the third son be the hero and say `Ma, I don't want anything, since anyway I am single, just give away all.'

So what is my point?

In this above glimpse of 'Ghar Ghar ki Kahani', we can see that all of us live between idealism, pragmaticness and our own desires, sanskars and karmic debts.

We see the world only through our eyes and our expectations and never from anyone else.

Idealistically we would want to give the world to our husbands, sons, parents, friends, loved ones and yet realistically when it comes to it we might be unable to give that one pair of earrings which a sister in law has also been coveting for.

As I experienced life and people, I saw that this concept of Anekantvad was only possible to experience when we were not directly involved, when we were these outsiders of human dramas unfolding, when we were not in the battlefield, but were mere observers.

In the above story I saw myself being judgmental and taking sides as to why was the mother in law being weak, and why the daughters in law so needy and the sons greedy – and all inherantly wonderful people. so even though I saw 'all ' the points of view, I was still not calm enough to be non judgmental and see the point of views as they existed from each person's perspective. Each of them had their perspective and no one was right or wrong. Each one has their layer of past karma and sanskars blended with the factors of this birth and were seeing and reacting due to it.

So for me **Anekantvad** in its broadest meaning means many things – To begin with – **Acceptance**.

**Acceptance** of duality. Acceptance of people, events, situations, things, religions, code of conducts, as they are without the layer of good or bad or right or wrong.

Acceptance first of Karmic debts.

Acceptance then that Nothing in this world is absolute and only – there are different perspectives and one has to be able to respect the others perspective; even if you are unable to understand or relate to it at times.

How Liberating would it feel when we in our core belief system really believe that NO ONE or nothing else is to blame that it's just a matter of each one's individual perspective.

How beautiful is this concept. The fundamental core of Jainism is Ahimsa – non violence. When we are able to see the other's perspective for what it is and not what it is in comparison to our perspective. Comparison leads to conflict and acceptance leads to co-existence.

**Anekantvad** then to me means Forgiveness.

**Forgiveness that naturally stems from Acceptance, that is a natural by product of Acceptance.** Forgiveness first of the self because birth itself means that it accumulated the karma in previous lives and still hung on to the illusion that happiness can be from the outside and forgiveness thus then of all others whom you have thought could give you pleasure or pain because they can't.

**Anekantvad** thus also means Non Judgement.

Non Judgement because there is nothing like 'bad' or 'evil' to judge – within another or self.**' Not judging anything as 'bad' implies also not judging anything as 'good'!** also. Because when you judge something as good it instantly also implies existence of a bad. It's just that our negative judgment is only hidden.

How can we sit in the chair of a judge? Our knowledge and perspective is so limited that we are unable to even sit in the chair of another person – to slip in his shoes and see his point.

Non-judgment propels us into that state called bliss – which is not that state which is 'good and joyous' but a state that is beyond the opposites of duality… beyond good or bad… beyond painful or pleasurable… into the neutrality of all is as it is.

**Anekantvad** then to me means **Surrender.**

Surrender not of resignation and giving up but of arms outstretched, head held high to any and all situations

**[ Continued on Page 121 ]**

# APPLICATION OF ANEKANTVADA : MULTI DYNAMIC VISION

*[ Dr. (Kum) Utpala Kantilal Mody, Ex-Vice Principal and Professor of Bhavan's Hazarimal Somani College, founder faculty member in Jain Academy and University department of Philosophy. Author of Gujarati book' Jain Gnana Sarita' , actively Participated and presented a paper in various state, National and International Seminars. ]*

Anekantavada is the heart of Jaina metaphysics and Nayavada and Syadvada or Saptabhangi are its main artieries, or to use a happier metaphor, the bird of anekantavada flies on its two wings of Nayavada and Syadvada The claim that anekantvada is the most consistent form of realism lies in the fact Jainism has allowed the Principle of distinction to run its full course until it reaches its logical terminus, the theory of manifoldness of realiity and knowledge.

In the theory of the Anekanta nature of reality the notion of manifoldness, not merely pre supposes the notion of manyness or pluralism, but also contains the activistic implication of reciprocity or interaction among the reals in the universe.

A thing has innumerable number of charscteristics. Every object possesses innumerable positive and negative characters. It is not possible for us ordinary people to know all of them. We know only some qualities of somethings. To know all the aspects of thing is to become omniscient.

The epistemological and logical theory of the Jain as is called `Syadvada'. Both Anekantavada and Syadvada are the two aspects of the same teaching-realistic and relativistic:pluralism. They are like the two sides of the same coin.

The logical justification for the formulation of these two methods of nayavada and Syadvada consists in the fact that the immense complexity of the relativistic universe is too baffling for the human mind, with its limited range of perceptual and other capacities to penetrate at once, into its full secrets. In the process of grasping the bewildering universe, analysis or Nayavada, naturally precedes synthesis, or Syadvada, and the two methods together offer an articulated knowledge of the Universe.

Anekanta consists in a many sided approach to the study of problems. Intellectual tolerance is the foundation of this doctrine. It is the Symbolisation of the fundamental non-violent attitude.

It emphasizes the many-sidedness of truth. Reality can be looked at from various angles. The function of philosophy is not merely an academic pursuit of reality. It is a way of life. It emphasizes a catholic outlook towards all that we see and experience.

Jainism is realstic and pluralistic. Its philosophy is based on logic and experience. Moksha is the ultimate aim of life. It is realised by the three fold path of right intuition, right knowledge and right conduct. Right knowledge is possible by the right approach to the problems of life. Anekanta gives us the right approach to look at the various problems of life. Anekantavada meets the extreme and presents a view of reality which comprehends the various sides of reality to give a synthetic picture of the whole.

The anekanta view presents a coherent picture of the philosophies, pointing out the important truths in each of them. It looks at the problem from various points of view. The cardinal principle of the Jaina philosophy is its Anekanta which emphasizes that three is not only diversity. Two doctrines result from the Anekantavada, Nayavada and Syadvada. Nayavada is the analytic method investigating a particular stand point of factual situation. Syadvada is primarily synthetic designed to harmonise the different view points derived at by nayavada.

Every difference in religious and philosophical ideals, in fact, in all opinions and beliefs may in this light, be uderstood to furnish not a cause for quarrel, but a welcome step towards the knowledge of the real truth.

Anekantavada requires that all facts and assertions should be studied in relation to the particular point of view involved and with reference to the particular time and place. If these differences are clearly understood, the differences in principles will vanish and with them the bitterness also. Obviously, this is the best means of promoting common understanding and good will amongst the followers of different faiths. One might say that this is mere common sense that the principle is pre-supposed in every system of thought. It must, however, be remembered that the principle if kept in the background is always forgotten when needed most, and that common sense, unfortunately, is a thing which is most uncommon.

Syadvada aims at harmonizing seemingly discordant doctrines and teaches us toleration as well as intellectual freedom. It does not make a man obdurate but simple and increases in him the stock of harmless cheerfulness.

Anekanta is attitude of mind whcih would forbid us to take one-sided partisan view of a thing or problems. It is a manysided approach to the understanding of the problems. One sided and dogmatic approach breeds discontent and hatred and it does not really give a comprehensive picture of reality. Anekanta is an expression of intellecutual ahimsa. It teaches us to respect other views. We should realize that we are not the only persons who are right and that we are not alone.

What we need today is the spirit of understanding and respect for each other in our social and political life. We are exploiting communal distinctions from polotICial gains. we are made aware of our differences rather than identify views and interests. And anekanta attitude will facilitate understanding and sympathy for each others point of view. Then will disappear the iron, the bamboo and the dollars curtains. Today religious and communal distinations are being politically exploited. Widepsread regional feelings, corruption and nepotism have degenerated the very fabric of our society. We have become helpless spectators in the fierce drama of hatred, averice and violence. Under the garb of ideologies of doubtful suitability to our society and the concept of committed social order, we are destroying the very foundations of social order built with ardeous and painful efforts of great men for centuries. The principle of anekanta, ahimsa should be the solid foundation of society today. we should seek forgiveness for all creatures and we offer friendliness of all. We should have no enemity against any.

The application of this Anekantavada approach (method) or outlook on life or living, is very significant whatever may be the philosophical standpoint, unless it has a relevance to life, it does not get, full significance and value. Because, religion, vision and philosophy are all meant for the prosperity of the mankind. Whenever there is a clash and conflicts amongst different groups, harmonising and order could be established by the doctrine of anekantavada. It is a true real outlook on the life. It is not the monopoly and privilege of any one. It is a balanced, broad, impartial outlook on life. It helps us to decide and resolve conflicts. So it is a model. It is a way of thinking. This reconciliatory attitude is a panacea for all philosophical and religious conflicts. All views must be equally honoured.

One should never resort to violence and all diferences and disputes relating to religion, language, region or other political or economic grievance should be settled by peaceful and constitutional means.

Anekantavada can be used as a technique. Technique consists in the means used or the mode in which the whole method or a stage of it is to be pursued. It draws attention to the fact that there are innumerable qualities in things and beings that exist, and ever so many sides to every question that may arise. We can talk about or discuss only one of them at a time. The seeming differences in statements vanish when we understand the particular point of view.

We have thus seen how a difference, or to be more accurate, a seeming difference of opinion may arise between two persons when they are actually speaking about two different aspects of the truth. Two men pulling a piece of rope in opposite directions; the rope breakes in two, both the men are sure to fall. If one of the two men slackens his hold, not he but the other man falls. Likewise, the believer in syadvada takes no part in disputes, and thereby achieves a victory.

Impressed by the rapid striden in science and technology, the mind of the modern man has got moulded to accept all things by logic and scientific standards. Science has as it were become an obsession with the modern man.

How can one hope to be happy without peace of mind? And how can one hope to have mental peace without Anakantavada? Learn, therefore, first to assimilate the philosophy of Anekantavada in life and you will be astonished to find yourself mentally at peace even in the midst of all vicissitudes of life, in fair weather or foul!

The practical aspect of the `Syadvada' Primarily lies in the fact that one must always concede to the other point of view without decesion and thus win his freindship: if this be not possible, one should at least cultivate neutrality. Indeed if only we learn to see others through their point of view, mankind would be spread the sad results of manifold consists.

Needless to say, then, that this `Anekantavada' is like an antidote a potent pill spiritually which teaches man to think with balance of reason in the light of such comparisons and relativities and ultimately cures

him of his helplessness in suffering and canceit in happiness.

`Anekantavada' therefore can be called to be a `Spiritual tonic' which tones both body and mind of the suffering self. It promises peace of mind and, therefore health of physique also. Pleasure and pain, good and bad all are our mental attitudes. Heaven and hell are first the creation of our mind, before we experience them externally in life. As the great English poet Shakespeare hath said, "there is nothing good or bad in the world but thinking makes it so" or Mind in its own place can make a heaven of hell or hell of heaven.' They all depend on our angles of looking at the situations. It is up to us to live in constant happiness or in permanent unhappiness on this earth.

The habit of relative or comparative thinking is the real key to peace and happiness. It served as the key to unlock the doors of wisdom and the soul means to establish uniformity amidst diversity of views.

The value of looking at things from different angles both in sceintific investigations and in practical affairs is obvious. It draws upon us the idea that reality is always complex it discourages dogmatism and hasty conclusions. In practical matters it nurses a spirit of justice and guards us against fanaticism. We are in short, encouraged to respect the feelings and use of others. The Anekantavada thus, is the master key of different religions.

Today the world is entangled in the meshes of ideologies. Each ideology tried to uproot the others, but in the ensuring conflict it is humanity itself, which is being uprooted. In such an environment, the application of Anekantavada with its philosophy of relativity can play a supreme role in bringing harmony among these conflicting ideologies. If used it as a model, it persuades each side to understand and appreciate the point of view of the others and thus remove discord. It is not a sect or just one more conflicting ideology, it is a way of thinking and conflicting ideology, it is a way of thinking and living. It is a technique to synthesize and harmonize the conflicts which can be applied in various disciplines and fields.

It applied as a decision model, its application will liberate the mind, develop the mind and liberate from false beliefs, dogmas, superstitions, dogmatic attitudes, mis conceptions and so on. Its main aim is to develop man's taste, reasoning, mind, rational thinking, consistent thinking and how to act in certain cIrcumstances and how to judge between two courses of action and select the right course of action to proceed further for onward march fo liberation.

We are living in a world of chronic conflicts and in constant dread of war. The warring nations forget the dignity and sacredness of human life. Decision making involves' selecting the best alternative to fulfil the given task, or `choosing a particular course of action to achieve a goal.' Application of Anekantavada helps us to understand and think rationally, consistently all the aspects of a thing and to avoid. the religious conflicts as well as biased attitudes. Application of Anekantavada is a Panacea for the present communal problems and a key to peace and happiness which is of prime importance. Will the world adopt it? ✷✷✷

Vishal Apts, 'H' Bldg., Flat No. 402, 4th floor, Sir M.V Road, Andheri (E), Mumbai -400069.
Mobile : 8879591079

## SEEKER'S DIARY – ON ANEKANTVAD

(Continued From Page 118 )

embracing it with the firm belief that 'I have created this and have within me the ability to go through it.' Stop looking at situations as perpetrated by others against you to hurt you or cause you misery but to see them as an echo of your own previous karma which is coming back to you. What utter power.

Thus... Anekantvad to me is the easiest tool towards Liberation. Because in its laws, it embraces all, it gives us the technique to see people as they are in their pure self rather than what our mind projects us to see. In its core, it enables contradictions to co-exist, unity to exist.

And yet as I sit here, attached to the body, to the people and things and see them as me or mine, I know I am a long way off.

Let us all help ourselves and others by simply attempting for five minutes after reading this to simply see, feel all around you as perfect because **Anekantvad** in its ultimate sense is that 'It is all perfect ! All fair and all just as it is meant to be.'

Reshma Jain.
The Narrators
Tel: +91 99209 51074

# ANEKANTAVADA

☐ Dr. KOKILA HEMCHAND SHAH

`Without whom, even the worldly affairs cannot be carried out I bow to that Anekantavad – the only preceptor of the world. `Anekantvada is one of the important doctorines of Jainism. The term Anekantavada may be translated as the doctorine of many sidedress of reality & knowledge. It is relative pluralism or non-absolutism. It is the oposite of Ekantavada–which is looking at the things from one angle. Anekantavada is based on the realistic character of a thing or a substance. Looking at a thing from many points of view is Anekantavada.

Jainism is pulralistic realism.Reality is many & it has many dimensions. This multi dimensional character of reality is reflected in Anakantavada. The world is objectively real. There are many reals in the world & each real is complex. So there are different points of view from which it can be looked at. Take for instance on particualr idividual–the man. He can be looked at from different view points. He is a husband in relation to wife, father to his son, brother to his sisters or brothers, son to his parents etc. Every view of his is correct from one angle of vision. Thus reality has many aspects in accordance with its relationship to other reals. Anekantavada postulates relativity of reals. Since a object has many aspects, we cannot know complete truth by knowing one or the other aspect of it as it reveals only partial truth. The basic postulates of Anekantavada may be stated as follows:

(1) Every object has infinite number of qualities. These qualities may be apparently contradictory.

(2) An object cannot be described completely unless it is studied with respect to all its aspects.

(3) Apparently contradictory attributes are nothing but complementary parts of the whole object.

(4) Every description of an object is a parital truth only. Hence any statement about it is only conditional. This is expressed by the doctorine called syadvada. There is nayavada–The doctorine of standpoints. It is an attempt at comprehending a thing from one particular standpoint. Syadvada is the method of Synthesising these from different viewpoints. Syadvada is the doctorine of assertion of different possibilities like (1) A thing exists (2) It does not exists. (3) It exists & it does not exist. (4) It is inexpressible (5) It is & is inexpressible (6) It does not exist & is inexpressible (7) It is, is not & is inexpressible. The meaning of the term `Syad' is `in some respect'. To take an example.

Is soul permanent or changing? The answer is it is permanent in some respect, that is, from the point of view of substance & changing,

from the point of view of its modes. Syadvada seeks to ascertain the meaning of things from all possible standpoints. Thus in respect of nature of all things, the aforesaid predications are to be made.

According to Anekantvada there is no contradiction in maintaining that a thing can be both permanent & impermanent. It is based on the real nature of a thing & is not imaginary. Anekantvada is associated with Nayavada – doctorine of stand points & Syadvada –doctorine of relative expression. A Jain logician Samantabhadra explained the conception of Anekantavada, by saying that triple characteristics of origination, decay & permannence belong to the substance at one & the same time. From the point of view of substance, a thing is permanent while from the point of view of its modes a thing originates & is destroyed. Thus reality–an object is combination of universal & particular, one & many, permanence & change etc.

Anekantavada is a theory of Reality. It is a theory of knowledge. A part from its philosophical implecations, Anekantavada has practical applications also. It is useful in all fields of life. It can provide a platform for inter faith dialogue. It examines different opinions in objective ways. The results is creation of harmonious atmosphere. Thus in the social & political context it is useful for resolution of conflicts. It askes us to respects the view-points of others. It may be called intellecual non-violence. It is an art of Synthestis of different standpoints. It also facilitates understanding at personal & inter-personal level. It can help in bringing the different sects together. Mutually contradictory views are compatible. All statements about a thing are relative. This can be illustrated by story of six-blindmen & the elephant described in Jain text. One blind man describes an elephant as a pillar by touching his leg. The other man describes it touching different part of it. Likewise each of them only grasped a partial truth & so each one's conception was not the whole truth. If partial truth is understood as perfect truth, disputes arise. So the implication is that one cannot obtain the whole truth by knowing only aspect of reality. We need to cultivate many-sided outlook. This is the message of Jainsim. It is because of this wonderful philosophy that Jainism occupies an important place among different systems of philosophy. In the end `Let the Jain Religion be victorions.'

✷ ✷ ✷

# અવસર

(૧)

**ઈંગ્લેન્ડના સૌથી વિશાળ જૈન દેરાસરની પહેલીવાર મુલાકાતે પધારેલા પધારેલા પ્રિન્સ ઑફ વેલ્સને 'અહિંસા એવૉર્ડ'**

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના રજતજયંતી પ્રસંગે ઈંગ્લેન્ડના પોટ્સબારમાં આવેલા બ્રિટનના સૌથી મોટા જૈન દેરાસરમાં સર્વપ્રથમવાર આવેલા પ્રિન્સ ઑફ વેલ્સને 'સ્પેશ્યલ' અહિંસા એનિવર્સરી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચૅરમેન શ્રી નેમુ ચંદરયા અને ઓસવાળ એસોસિએશનના પ્રમુખ રક્ષિત એચ. શાહે પ્રિન્સ ઑફ વેલ્સનું સ્વાગત કર્યું હતું. એ પછી જૈન મંદિરોના શિલ્પશાસ્ત્રના નિષ્ણાત શ્રી અર્સના સંઘરાજકાએ પ્રિન્સ ઑફ વેલ્સને આ ભવ્ય અને અનુપમ દેરાસરના શિલ્પસ્થાપત્યની ઓળખ આપી હતી.

એ પછી ઓસવાળ એસોસિએશન ઑફ યુ.કે.ના આ પ્રસંગ માટે નવી સજાવટ પામેલા એસેમ્બલી હૉલમાં પ્રિન્સ ઑફ વેલ્સ આ પ્રસંગે જૈન સમાજના તેમજ જુદા જુદા ધર્મના પ્રતિનિધિઓ અને હર્ટફર્ડશાયરના લૉર્ડ લેફ્ટનન્ટ વેલ્વીન હેટફફિલ્ડના મેટર અને તેમના પત્ની, હર્ટફર્ડશાયરના હાઈ શેરીફ અને મહાનુભાવોને મળ્યા હતા. એ પછી પ્રિન્સ ઑફ વેલ્સને અહિંસા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવૉર્ડ દર બીજી ઑક્ટોબરે મહાત્મા ગાંધીના જન્મદિવસ નિમિત્તે બ્રિટનના જૈન સમાજ તરફથી હાઉસ ઑફ કોમન્સમાં એનાયત કરવામાં આવે છે અને માનવજાતિ, પ્રાણીઓ કે પર્યાવરણ તરફ અનુકંપા દાખવનારને એ આપવામાં આવે છે.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના 'જૈનપીડિયા' પ્રોજેક્ટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. મેહુલ સંઘરાજકાએ પ્રિન્સ ઑફ વેલ્સનું અભિવાદન કરતાં કહ્યું, 'ઘણાં લાંબા સમયથી તમે આ યુદ્ધગ્રસ્ત વિશ્વમાં આંતરિક સંવાદ અને શાંતિ સ્થાપવા માટે પ્રયત્નશીલ છો. કુદરતી પર્યાવરણની જાળવણી અને આવતીકાલના વિશ્વને વધુ સારું બનાવવા માટે તમે સંકલ્પબદ્ધ છો અને તેને માટે તમે અનેક પ્રયાસો કર્યા છે. આ અહિંસા એવોર્ડ દ્વારા ઈન્ટરફેઇથ સંવાદિતા સાધવા માટેના અને જુદા જુદા ધર્મો વચ્ચે એકતા સાધવાના તમારા પ્રયાસોનું અમે અભિવાદન કરીએ છીએ. તમારા શબ્દો અને કાર્યો અમારે માટે પ્રેરક અને પ્રોત્સાહક બન્યા છે.'

આ પ્રસંગે પ્રિન્સ ઑફ વેલ્સે એમની ઐતિહાસિક મુલાકાતની સ્મૃતિરૂપે રાખવામાં આવેલી તકતીનું અનાવરણ કર્યું હતું અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીનો ગ્રંથ તેમને અર્પણ કરવામાં આવ્યો હતો. બ્રિટનની તમામ જૈન સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુ ચંદરયાએ કહ્યું હતું, 'બ્રિટનમાં જુદાં જુદાં ૩૦ જેટલાં જૈન સમાજો માત્ર 'જૈન' બેનર હેઠળ એકત્રિત થયા છે અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી ગવર્નમેન્ટમાં અને ઈન્ટરફેઈથ બાબતોમાં એમનું પ્રતિનિધિત્વ કરે છે. આજે ઘણાં ધર્મના અગ્રણીઓ અહીં ઉપસ્થિત છે એનો અમને આનંદ છે. અમારે માટે યાદગાર બની રહેલા આ દિવસને અમે સદાય અમારી સ્મૃતિમાં જાળવી રાખીશું. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી જૈન ફિલોસોફી અને મૂલ્યો વિશે કલા, સંસ્કૃતિ અને શિક્ષણના માધ્યમથી જાગૃતિ લાવવા માટે પ્રયાસ કરે છે. અહિંસા, અનુકંપા અને દયા એ જૈનધર્મનું હૃદય છે.'

**સંપર્ક :** ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી. બી-૧૦૧, સમય ઍપાર્ટમેન્ટ, આઝાદી સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ભારત. Tel. : 91 79 2676 2082. Fax : 91 79 2676 1091. E-mail : kumarpalad1@sancharnet.in/kumarpalad1@gmail.com

(૨)

**જૈન ધર્મ-દર્શનનું Online શિક્ષણ-ડૉ. યોગેન્દ્ર પારેખ આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજીનો ઋણસ્વીકાર**

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ગુજરાત રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી છે. બસો એંસી જેટલા કેન્દ્રો દ્વારા રાજ્યવ્યાપી ફેલાવો ધરાવતી આ યુનિવર્સિટીના માધ્યમથી છેવાડાનો માણસ પણ સ્થળ અને સમયના બંધનથી મુક્ત રહીને ઘરે બેઠાં શિક્ષણ મેળવી શકે છે. દૂરવર્તી શિક્ષણ (ડિસ્ટન્સ એજ્યુકેશન) પદ્ધતિ દ્વારા અપાતા આ શિક્ષણના લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા વર્તમાન સમયમાં આ પદ્ધતિની મહત્તા પુરવાર કરે છે.

ટેકનોલોજીનો સદ્‌ઉપયોગ કરવાથી ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે નવા પરિણામો ઉપસતા જાય છે. અત્યાધુનિક સંસાધનોથી સુસજ્જ થઈ રહેલી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા અવિરત સક્રિયતાના પરિણામ સ્વરૂપે નવા પ્રયોગો થઈ રહ્યા છે. OMKAR-e : (ઓપન મેટ્રિક્ષ નોલેજ એડવાન્સમેન્ટ રિસોર્સ ફોર એમ્પાવરમેન્ટ) અંતર્ગત વિવિધ વિદ્યાશાખામાં પ્રથમ તબક્કામાં અગિયાર જેટલાં ઓનલાઈન શિક્ષણ મેળવી શકાય તેવા નવા અભ્યાસક્રમો શરૂ થયા છે. આ ઉપક્રમ અન્વયે જૈનધર્મ-દર્શનનો અભ્યાસક્રમ શરૂ થાય એવી ઓમકાર-ઈ પ્રકલ્પના સ્વપ્નદ્રષ્ટા વર્તમાન કુલપતિશ્રી ડૉ. મનોજભાઈ સોનીની લાગણી હતી. આધુનિક વિશ્વની સમસ્યાઓના નિરાકરણ માટે પંચ મહાવ્રત ધારક જૈનધર્મની અનિવાયતા સર્વવિદત

છે.

જૈનધર્મ-દર્શનના પ્રસ્તુત અભ્યાસક્રમના સંયોજક તરીકે આ લખનારે પ્રખર અભ્યાસી જૈનધર્માચાર્ય વાત્સલ્યદીપ સૂરીશ્વરજીને વિનંતી કરી. કાંદિવલી-મુંબઈ મુકામે ચાતુર્માસ અર્થે બિરાજમાન આચાર્યશ્રીએ યુનિવર્સિટી કક્ષાએ જૈનધર્મ-દર્શનનો અભ્યાસક્રમ શરૂ થાય એ માટે રાજીપો વ્યક્ત કર્યો અને પ્રોત્સાહક પ્રતિસાદ આપ્યો. ઓનલાઈન એજ્યુકેશન માટે વિડિયો લેક્ચર્સની જરૂર રહે છે. ગુરુદેવ ચાતુર્માસ નિમિત્તે મુંબઈ-કાંદિવલી (વેસ્ટ) મુકામે બિરાજમાન હતા.

**'મનુષ્યથી કાંઈ શ્રેષ્ઠ નથી.'**
**नमानुषात् श्रेष्ठतर ही किश्चित्।**

મહાભારતના સુવાક્યને ચરિતાર્થ કરવાનું શ્રેય તો આ રીતે મહાવીરને જ જાય છે. આત્મવત્ સર્વભૂતેષુની દૃષ્ટિવાળા મહાવીરે જગત અને જીવ પ્રત્યે સામ્યદૃષ્ટિ–સમત્વવૃત્તિ કેળવવાનો પોતાના વર્તન અને વાણીથી ઉપદેશ આપ્યો. મહાવીરની આ સામ્યદૃષ્ટિના આગ્રહમાંથી આચારક્ષેત્રે અહિંસા જન્મી અને વિચારક્ષેત્રે તેના પરિણામ સ્વરૂપ અનેકાન્તવાદ તેમને પ્રાપ્ત થયો. બધા ધાર્મિક સંપ્રદાય વધતા ઓછા અંશે અહિંસાની શીખ જ આપે છે તો ખરા પરંતુ માનવ, પશુ, વનસ્પતિ ઉપરાંત પૃથ્વી, પાણી, અગ્નિ વગેરેના સૂક્ષ્મ જીવોની હિંસાથી પણ બચવાની સૂક્ષ્મ અહિંસાની વાત તો મહાવીર અને જૈન ધર્મ જ વદે છે.બીજાની લાગણી દુઃખાય તેવા વાણી અને વર્તન એ પણ હિંસા જ છે. એ પ્રકારના સૂક્ષ્મ અહિંસાના ચિંતન ના ફળ સ્વરૂપે, સત્ય અને અન્યનું મન ન દુભાય એ દૃષ્ટિએ નિર્દોષ અને સત્યથી યુક્ત સ્યાદ્વાદની વસ્તુસ્વરૂપને વર્ણવવાની કથન શૈલી મહાવીરને સૂઝી આવી.

ચાતુર્માસની ધર્મારાધનાના અત્યંત વ્યસ્ત કાર્યો અને કાર્યક્રમોની વચ્ચે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના જૈન ધર્મ-દર્શનના અભ્યાસક્રમ માટે ખાસ શ્રોતાઓ સમક્ષ, પૂરી શૈક્ષણિક શિસ્તથી વ્યાખ્યાનનું આયોજન કરવાનું કાર્ય ઘણું શ્રમશ્રાધ્ય હતું. લગભગ ચાર દાયકાથી અવિરત સ્વાધ્યાય નિમગ્ન આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજીએ સમગ્ર અભ્યાસક્રમના વ્યાખ્યાનો કરવાનું સ્વીકાર્યું તે ખૂબ આનંદ પમાડે તેવી ઘટના હતી. આચાર્યશ્રીએ ચારકોપ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના ટ્રસ્ટીઓ શ્રી પંકજભાઈ બી. જૈન, શ્રેયાંસભાઈ જે. પટ્ટણી, વિપુલભાઈ ગાંધી આદિ સમક્ષ વાત કરી. કાંદિવલી સંઘના હોદ્દેદારોએ અપૂર્વ અવસર સમજી વિશિષ્ટ વ્યાખ્યાન શ્રેણીનું રેકોર્ડિંગ આયોજનની જવાબદારી સ્વીકારી. કાંદિવલી (વેસ્ટ) ચારકોપ સંઘમાં જ આ વ્યાખ્યાનોનું રેકોર્ડિંગ થયું. શ્રી સંઘે સમગ્ર ઉપક્રમનો ગરિમાપૂર્ણ ઉત્સવની જેમ મહિમા કર્યો. ૨૧મી સપ્ટેમ્બરના રોજ શ્રી દુર્લભ સાગર સૂરીશ્વરજી એવોર્ડના જાહેર વિતરણ સમારંભમાં જૈનધર્મ-દર્શનના વ્યાખ્યાનોની ડી.વી.ડી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદને અર્પણ કરવાનો કાર્યક્રમ થયો. કાર્યક્રમમાં યુનિવર્સિટી વતી અભ્યાસક્રમ સંયોજક ડૉ. યોગેન્દ્ર પારેખ ઉપસ્થિત રહ્યા હતા. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંત શાહ, શ્રી રશ્મિકુમાર ઝવેરી તથા શ્રીમતી રેણુકાબેન પોરવાલની પ્રેરક ઉપસ્થિતિમાં સંઘપ્રમુખ શ્રી પંકજભાઈ જૈને ડી.વી.ડી. અર્પણ કરી. (આ કાર્યક્રમનો અહેવાલ 'પ્રબુદ્ધ જીવન'માં અગાઉ પ્રગટ થયો છે. તેથી અહીં વિસ્તારથી લખ્યું નથી.)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ખાસ ડેવલપ પોર્ટલ htpp://omkare.in પર લોગઈન થવાથી આ અભ્યાસક્રમનો લાભ ઘરે બેઠાં લઈ શકાય છે. વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૫માં ગાંધીનગર મુકામે કુલપતિશ્રી ડૉ. મનોજભાઈ સોનીએ ઓમકાર-ઈ અંતર્ગત આ અગિયાર અભ્યાસક્રમો ખુલ્લા મુકાયા. સ્થળ-સમયના બંધનથી મુક્ત ઘરેબેઠાં, વિનામૂલ્યે ઓનલાઈન એજ્યુકેશન સુલભ કરાવવાનો આ પ્રયોગ સમગ્ર ભારતમાં પ્રથમ પ્રયોગ છે. BAOU ની આ નવી પહેલનો માટે વિદ્યાજગતમાં સાર્વત્રિક અભિવાદનની લાગણી જન્મી છે. જૈનધર્મ-દર્શનના પ્રસાર માટે મૂલ્યવાન પૂરવાર થનાર પ્રસ્તુત અભ્યાસક્રમ માટે પોતાના વિદ્યાતપની પ્રભાવના કરવા બદલ આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વર પ્રત્યે યુનિવર્સિટી વતી ડાયરેક્ટર ડૉ. રવિ ગોર તથા સંયોજક ડૉ. યોગેન્દ્ર પારેખે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સંપર્ક : 09427903536 / 09725274555

(૩)

**અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેન્ટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર આયોજિત અખિલ ભારતીય શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ મુંબઈના સામયિક 'જૈન પ્રકાશ'ની શતાબ્દી પ્રસંગે શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ પ્રેરિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૨:**

**ફેબ્રુઆરી ૧૪-૧૫**

સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રિસર્ચ સેન્ટર આયોજિત, અ. ભા. શ્વે. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ મુંબઈના મુખપત્ર 'જૈનપ્રકાશ'ની શતાબ્દી પ્રસંગે બૃહદ્ મુંબઈ સ્થા. જૈન મહાસંઘ પ્રેરિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૨ મુંબઈ-ઘાટકોપર, પારસધામ ખાતે સંપન્ન થયું.

ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને યોજાયેલ આ જ્ઞાનસત્રની શરૂઆત તપસ્વી પૂ. રાજમેતીબાઈ મ.સ. દ્વારા મંગલાચરણ ગાઈ થઈ હતી. મહાસંઘના પ્રમુખ અને કૉન્ફરન્સના ટ્રસ્ટી પ્રાણલાલ

શેઠે આ સો વર્ષ જૂની સંસ્થા અને જૈનપ્રકાશની વિગતો કહી હતી.

જ્ઞાનસત્રના સંયોજક ગુણવંત બરવાળિયાએ સેન્ટરની જૈનશ્રુત સંશોધનની પ્રવૃત્તિનો ચિતાર આપ્યો હતો.

ડૉ. મધુબહેન બરવાળિયાના ગુરુ મહિમાના સ્તવન પછી ગુણવંત બરવાળિયા સંપાદિત ભારતીય સંસ્કૃતિમાં ગુરુ મહિમા ગ્રંથનું વિમોચન ખીમજીભાઈ છાડવાએ કર્યું હતું. 'જ્ઞાનધારા'નું વિમોચન રેખાબહેન ગાંધી, શ્રીમદ્જીના કાવ્ય અપૂર્વ અવસરની વિવૃત્તિ 'અલૌકિક ઉપલબ્ધિ'નું વિમોચન સી. ડી. મહેતા અને ઇલાયચીકુમાર કેવળી રાસ આધારિત ઈલા અલંકારનું વિમોચન યોગેશભાઈ બાવીશીને હસ્તે કરવામાં આવેલ.

કૉન્ફરન્સના હોદ્દેદારો દ્વારા આ પ્રસંગે જૈન પ્રકાશના પૂર્વ તંત્રીઓ અને વર્તમાન સંપાદક અને તંત્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સન્માનનો પ્રત્યુત્તર મણિલાલ ગાલાએ આપ્યો હતો. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત જૈન જાગૃતિ સેન્ટરના મુખપત્ર 'જાગૃતિ સંદેશ'ના તંત્રી રમેશભાઈ સંઘવીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાનેથી ડૉ. કુમારપાળ દેસાઈએ જૈન પ્રકાશના સંદર્ભે 'સાંપ્રત જૈન પત્રકારત્વ : મહત્ત્વ અને પડકારો' પર પ્રવચન આપ્યું હતું.

ગુરુમહિમા બેઠકના અધ્યક્ષ ડૉ. નિરંજન રાજ્યગુરુએ સંત સાહિત્યમાં ગુરુ મહિમા વિશે વાત કરવા સાથે મધુરકંઠે ગુરુ મહિમાની ભજન રચનાઓ પ્રસ્તુત કરી હતી. સંચાલન ડૉ. નાથાલાલ ગોહિલ તથા ડૉ. અભય દોશીએ કર્યું હતું. ડૉ. નાથાલાલ ગોહિલે ભારતની વિવિધ પરંપરાઓમાં ગુરુમહિમાની વિશદ છણાવટ કરી હતી. આ બેઠકમાં ડૉ. પ્રવિણભાઈ શાહ, ડૉ. કોકિલા શાહ, ડૉ. રેણુકા પોરવાલ, ડૉ. છાયાબેન શાહ, ડૉ. ભાનુબહેન સત્રા, બકુલ ગાંધી, ડૉ. દીક્ષા સાવલા, રેશ્મા પટેલ, ડૉ. રશ્મિ ભેદા, કનુભાઈ શાહ, ડૉ. સુરેશ ગાલા, ડૉ. નલિની દેસાઈ, ડૉ. પ્રીતિ શાહ, ફાલ્ગુની શાહ વિગેરે વિદ્વાનોએ પેપર પ્રસ્તુત કર્યા હતા. ઝવેરચંદ મેઘાણી સેંટર રાજકોટના ડૉ. અબાદાન રોહડિયાએ ચારણી સાહિત્ય અને લોક સાહિત્યમાં ગુરુ મહિમા પર ચિંતનસભર પ્રવચન આપ્યું હતું.

બીજી બેઠક ડૉ. ધનવંતભાઈ શાહના અધ્યક્ષસ્થાને મળી હતી જેનું સંચાલન ડૉ. રતનબહેન છાડવાએ કરેલું. ડૉ. ધનવંતભાઈએ શ્રીમદ્‌ની આત્મસિદ્ધિ શાસ્ત્રની વિચારસૃષ્ટિ વિશે વિશદ છણાવટ કરી હતી. આ બેઠકમાં જૈનદર્શનના, ઉચ્ચ કોટિના ગ્રંથો અને તેના સર્જકોની વિચારસૃષ્ટિ અંગે હિંમતભાઈ ગાંધી, ડૉ. છાયા શાહ, ચેતન શાહ, ખીમજીભાઈ છાડવા, ડૉ. પાર્વતીબહેન ખીરાણી, ડૉ. કેતકી શાહ, ડૉ. પ્રવીણ શાહ, રમેશ ગાંધી, ધનલક્ષ્મીબહેન બદાણી, ડૉ. ઉત્પલા મોદી, ડૉ. ગુલાબ દેઢિયા, જિતેન્દ્ર કામદાર વિ. વિદ્વાનોએ પેપર પ્રસ્તુત કર્યા હતા. પંકજ જૈને વીરચંદ રાઘવજી ગાંધી વિશે પોતાના સંશોધનો રજૂ કર્યા હતા.

સમાપનમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ અભ્યાસપૂર્ણ શોધપત્રો રજૂ કરવા બદલ વિદ્વાનોને અભિનંદન આપ્યા હતા. સત્રમાં કુલ ભારતભરના વિવિધ ક્ષેત્રોમાંથી ૪૭ વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

કૉન્ફરન્સ વતી આભાર દર્શન રજનીભાઈ ગાંધીએ તથા સંચાલન ડૉ. ગુલાબ દેઢિયાએ કર્યું હતું. વ્યવસ્થા સુરેશભાઈ પંચમીઆ અને પ્રકાશભાઈ શાહે સંભાળી હતી.

## (૪)

## આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક ડૉ. રમણીકભાઈ મનસુખભાઈ શાહને અર્પણ

પ્રાકૃત સાહિત્યના વિદ્વાન અને પ્રાચીન પ્રાકૃત-ગ્રંથોનું હસ્તપ્રતો પરથી સંશોધન-સંપાદન અને અનુવાદન કરનાર ડૉ. રમણીકભાઈ શાહે એમની સારસ્વત સાધનાના ફળ રૂપે ચાલીસથી વધારે ગ્રંથો અને અનેક લેખો લખ્યા છે. ૧૯૬૮માં મુખ્ય વિષય પ્રાકૃત અને ગૌણ વિષય ભાષાવિજ્ઞાન સાથે અનુસ્નાતક પદવી મેળવનારા ડૉ. રમણીકભાઈ શાહે જૈન ધર્મદર્શનના પ્રખર વિદ્વાન પં. બેચરદાસજીના માર્ગદર્શન હેઠળ '૧૧મી સદીના જૈનાચાર્ય સિદ્ધસેનસૂરિ અપરનામ સાધારણ કવિ વિરચિત અપભ્રંશ મહાકાવ્ય વિલાસવઇકહાનું સંશોધન, સંપાદન અને અધ્યયન' એ વિષય પર પીએચ.ડી.ની પદવી મેળવી. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં પ્રાકૃત વિષયના સંશોધક-સંપાદક અધ્યાપકની કામગીરી સંભળતા એમણે જૈન જ્ઞાનભંડારોમાં રહેલી અનેક અપભ્રંશ કૃતિઓને પ્રકાશમાં લાવવાનું કામ કર્યું. ડૉ. હરિવલ્લભ ભાયાણી સાથે શીલોપદેશમાલા બાલાવબોધનું સંપાદન કરીને એમણે અપભ્રંશથી જૂની ગુજરાતી સુધીના ગ્રંથોનું સંપાદન કરવાનું કાર્ય કર્યું.

તેમના સંશોધન-અધ્યયનની સીમા પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી–રાજસ્થાની સુધી વિસ્તરી છે. પ્રાચીન પ્રાકૃત-અપભ્રંશ ગ્રંથોનું હસ્તપ્રતો પરથી સંશોધન-સંપાદન અને અનુવાદન તેમનું પ્રિય કાર્ય રહ્યું છે. તેમની સારસ્વત સાધનાના ફળ રૂપે ૪૦ થી વધુ ગ્રંથો અને અનેક લેખો સાંપડ્યા છે.

'પ્રાકૃત વિદ્યામંડળ'ના માનદ્‌મંત્રી તરીકે તેમણે ઘણાં વર્ષ સેવાઓ આપી હતી. હાલ પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી જેવી આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધ સંસ્થાના અધ્યક્ષ છે. આવા નખશિખ વિદ્વત્તાને વરેલા રમણીકભાઈને આ પૂર્વે અમદાવાદની સંશોધન સંસ્થા સંબોધિ સંસ્થાન તરફથી બહુમાનપૂર્વક 'સંબોધિ પુરસ્કાર' અને જૈન વિશ્વભારતી યુનિવર્સિટી, લાડનૂ (રાજસ્થાન) તરફથી ઈ. સ. ૨૦૦૨-૨૦૦૩નો 'જૈન આગમ મનીષી પુરસ્કાર' પ્રાપ્ત થયો છે.

✶ ✶ ✶

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી

**પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ**

| | |
|---|---|
| ૮૦,૦૦૦ | ફોરમ ઓફ જૈન ઈન્ટેલેક્ચ્યુઅલ હસ્તેઃ અંજના રશ્મિકુમાર ઝવેરી |
| ૧૦,૦૦૦ | મુલચંદ કરમચંદ શેઠ |
| **૯૦,૦૦૦** | **કુલ રકમ** |

**દીપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન**

| | |
|---|---|
| ૫,૦૦૦ | મિતાબેન નરેન્દ્રભાઈ શાહ-શિકાગો |
| **૫,૦૦૦** | **કુલ રકમ** |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૫,૦૦૦ | મિતાબેન નરેન્દ્રભાઈ શાહ-શિકાગો |
| ૫,૦૦૦ | મોહનલાલ બેચરદાસ મહેતા (જ્યોતિ આઈસ્ક્રીમ) |
| ૨,૫૦૦ | મણિબેન લક્ષ્મીચંદ મહેતા સ્મરણાર્થે : કમળાબેન મહેતા |
| ૨,૫૦૦ | પુષ્પાબેન મહેન્દ્ર મહેતા |
| **૧૫,૦૦૦** | **કુલ રકમ** |

**કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૫,૦૦૦ | મિતાબેન નરેન્દ્રભાઈ શાહ-શિકાગો |
| ૫,૦૦૦ | સોનલ કોઠારી હસ્તેઃ રમાબેન મહેતા |
| **૧૦,૦૦૦** | **કુલ રકમ** |

**ભાનુ ચેરિટી ટ્રસ્ટ**

| | |
|---|---|
| ૫,૦૦૦ | મિતાબેન નરેન્દ્રભાઈ શાહ-શિકાગો |
| **૫,૦૦૦** | **કુલ રકમ** |

**પર્યુષણ વ્યાખ્યાનમાળા**

| | |
|---|---|
| ૫,૦૦૦ | મિતાબેન નરેન્દ્રભાઈ શાહ-શિકાગો |
| **૫,૦૦૦** | **કુલ રકમ** |

**વિશ્વમંગલમ અનેરા**

| | |
|---|---|
| ૫,૦૦,૦૦૦ | ચંદ્રાબેન પિયુષભાઈ કોઠારી |
| ૨,૦૦,૦૦૦ | શ્રી બિપિનચંદ્ર જૈન |
| **૭,૦૦,૦૦૦** | **કુલ રકમ** |

**સંઘ આજીવન સભ્ય**

| | |
|---|---|
| ૫,૦૦૦ | શ્રી બકુલ નંદલાલ ગાંધી |
| **૫,૦૦૦** | **કુલ રકમ** |

**સંઘ જનરલ ફંડ**

| | |
|---|---|
| ૩૭૮૫ | મનહર અને મુક્તા પારેખ (યુએસ.એ.) |
| **૩,૭૮૫** | **કુલ રકમ** |

આ વિશેષાંકની છૂટક નકલની કિંમત રૂા. ૬૦/-

### સંબદ્ધ અને અપેક્ષિત

માનસશાસ્ત્રના વિદ્વાન પ્રો. વિલિયમ જેમ્સ તેમના Principles of Psychology નામના ગ્રંથમાં લખે છે કે આપણી અનેક દુનિયા છે. સાધારણ માણસને આ બધી દુનિયાઓનું અસંબદ્ધ અને અનપેક્ષિતરૂપમાં જ્ઞાન થાય છે. સાચો તત્ત્વવેત્તા તો એ છે કે જે આ બધી દુનિયાઓને એકબીજાથી સંબદ્ધ અને અપેક્ષિતરૂપ જાણે છે.

### સુધારો

'પ્રબુદ્ધ જીવન' ફેબ્રુઆરી અંકમાં પાના નં. ૭૮ પર

રૂા. ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ) પ્રસન એન. ટોલિયા 'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડ માટે શરતચુકથી લખાયા છે.

તેમનું અમૂલ્ય દાન રૂા, ૩,૦૦,૦૦૦ વાર્ષિક પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે આપેલ છે

### પંથે પંથે પાથેય...

(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાનું ચાલુ)

સંસારને અસાર માનવો અને તેની સાથોસાથ, આપણી ચારે તરફ જે સાર પડેલો છે, તેને ગ્રહણ કરતા રહીને મસ્ત જીવન જીવવું; એના જેવો ઉત્કૃષ્ટ માર્ગ, સંસારી આત્માઓ માટે, બીજો એક પણ નથી. 'સ્યાદ્વાદ', આપણને આ સંસારમાં પડેલા અસાર અને સાર એ બંનેનું યથાર્થ દર્શન કરાવે છે.

આપણા ધ્યેયને આપણી પાત્રતા પુરતું મર્યાદિત રાખી.

બીજું, આપણી યોગ્યતાને વધારવા માટે આપણે પ્રયત્નશીલ બનીએ. પાત્રતામાં જેમ જેમ વધારો થતો જાય, તેમ તેમ, આપણા ધ્યેયનો વિસ્તાર આપણે કરતા જઈએ. આ પદ્ધતિનું અવલંબન લઈને, આપણા જીવનનું ધ્યેય તથા એ ધ્યેયે પહોંચવાનો માર્ગ આપણે નક્કી કરીએ, તો જીવન એક ઝંઝટ સમું નહિ, પણ, પરમઆનંદ, પ્રમોદકારી, નંદનવનસમું બની જશે. આ રીતે આપણા જીવનને ઘડવામાં 'સ્યાદ્વાદ' આપણને ખૂબ ખૂબ મદદ કરી શકે તેમ છે. એ શબ્દનો જે આત્મા છે, 'સ્યાત્' તે આપણા જીવનની, આપણી શક્તિની તેમજ યોગ્યાયોગ્યતાની મર્યાદાની બધી બાજુઓનું ભાન કરાવે છે અને ક્રમશઃ આગળ વધવાનો યોગ્ય માર્ગ આપણને બાતવે છે. આ શક્તિ 'સ્યાદ્વાદ'માં છે જ .

'સ્યાદ્વાદ' સિદ્ધાંતને અનુસરીને જેમ જેમ આપણે એને પચાવતા જઈએ, તેમ તેમ, સુખ અને દુઃખ એ બંને પ્રકારના પરસ્પર વિરોધી સંવેદનો ઉપર આપણો પોતાનો કાબુ આવતો જશે. સમતા, સમભાવ અને સહિષ્ણુતાભાવ આપમેળે આપણામાં પ્રગટ થતાં જશે. ક્ષણિક સુખદુઃખની પકડમાંથી ધીમે ધીમે મુક્ત થઈને અનંત આનંદના આપણે ભોકતા બની શકીશું. આ આનંદમાંયે સ્વ અને પરનું કલ્યાણ કરવાની ઉદાત્ત ભાવના જ આપણને જોવા મળશે. સ્યાદ્વાદ સિવાય આવી પરમ કલ્યાણક પરિસ્થિતિનું સર્જન કદી પણ થઈ શકશે નહિ.

અન્યાય કે અનીતિને સહન કરી લેવાનું કે ચલાવી લેવાનું સ્યાદ્વાદ આપણને શીખવતો નથી. જ્યાં જરૂર પડે ત્યાં લડી લેવાની એ આપણને ના પાડતો નથી. પણ, આવા સંયોગોમાં, જેને આપણે અન્યાય અને અનીતિ માનીએ છીએ, તે ખરેખર અન્યાય અથવા અનીતિ છે, કે પછી આપણા સ્વાર્થ અને મોહને કારણે આપણને એવું અયથાર્થ દેખાય છે, એ વાતની સ્પષ્ટ આવશ્યકતા ઉભી થશે, ત્યારે એ લડી લેવાની ન્યાયપૂર્વકની, બુદ્ધિપૂર્વકની અને સમભાવયુક્ત પદ્ધતિ પણ આપણને સ્યાદ્વાદ જ બતાવશે. એ માર્ગે આપણા માટે સફળતા અને વિજય નિશ્ચિત બનશે.

✷✷✷

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

# ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

આ વ્યાખ્યાનમાળાના બધાં વ્યાખ્યાનો અને ભક્તિ સંગીત આપ સંસ્થાની વેબ સાઈટ ઉપર સાંભળી શકશો.
●Website : www.mumbai_jainyuvaksangh.com ●email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

**(તા. ૨૨ ઑગસ્ટ ૨૦૧૪થી તા. ૨૯ ઑગસ્ટ ૨૦૧૪)**

**(ફેબ્રુઆરી ૨૦૧૫ના અંકથી આગળ)**

**વ્યાખ્યાન-અગિયાર : ૨૭ ઑગસ્ટ**

**વિષય : શ્રદ્ધા, જ્ઞાન, અને સમ્યગ્ જ્ઞાન**

**વ્યાખ્યાતા : શ્રી વલ્લભભાઈ ભંશાળી**

## ભગવાન મહાવીરે એક પણ ક્ષણ ગાફેલ નહીં રહેવાનો ઉપદેશ ૩૮ વાર આપ્યો છં

[ *શ્રી વલ્લભભાઈ ભણશાળીમાં ધર્મ, સરસ્વતી અને લક્ષ્મીનો ત્રિવેણી સંગમ છે. તેઓ સાધુચરિત પિતાના પુત્ર છે. તેઓ વિપશ્યનાના પૂરેપૂરા સાધક છે. આ વ્યાખ્યાનમાં વલ્લભભાઈ ભણશાળીએ ભવચક્રની વાત કરી છે. તેમાં સંવર, કર્મનિર્જરા અને નવા કર્મ આવે નહીં તેની વાત વ્યાખ્યાનમાં છે.* ]

વલ્લભભાઈ ભણશાળીએ 'શ્રદ્ધા, જ્ઞાન અને સમ્યક્જ્ઞાન વિશે જણાવ્યું છે કે પર્યુષણ એટલે માનવજન્મનું મૂલ્ય ઓળખવું. પર્યુષણ એટલે પરે કે ઊંડાણ સુધી મુક્તિ અને શુદ્ધિને શોધવા. તેને કિનારે કે ઉપરછલ્લી રીતે શોધીએ તો તે પૂરતું નથી. કબીરે દોહામાં ગાયું છે કે આપણી સ્થિતિ ઘંટીના બે પડની વચ્ચેના દાણા જેવી છે. ઘંટીના પડની વચ્ચે પ્રત્યેક દાણાનો વારો એક પછી એક આવે છે. તેમાં કોઈ બચતું નથી. મહાપુરુષો તે ચક્કીમાંથી છૂટવાનો વિચાર કરે છે, રસ્તો શોધે છે. એક ચક્ર જન્મમૃત્યુમાં લઈ જાય છે. જગતમાં બે તત્ત્વ જીવ અને અજીવ છે. અજીવ પાસે સમય, અવકાશ, ગતિ છે. જીવનો સ્વભાવ રૂપ, ગંધ, શ્રદ્ધા અને વિશ્વાસ વિગેરે છે. જીવ પોતાનામાં શ્રદ્ધા જગાડે છે. જગતમાં સારી વાત હોય તો તે વધારે માગે છે. જે ખરાબ લાગે તેનાથી ભાગે છે. જે વસ્તુ જોઈએ છે તેના માટે તે બીજો જન્મ લે છે. આપણે તેને રાગદ્વેષ કહીએ છીએ. તેનું કારણ મોહ છે. આ જગતમાં બધું જ એકધારું ચાલે છે. તેમાંથી બહાર નીકળવું કેવી રીતે ? મનુષ્ય સુખ અને ઇચ્છા પાછળ ભાગે છે. આપણે સત્યને જાણવાનું છે. ભગવાને કહ્યું કે દાન, પુણ્ય અને તપનો માર્ગ સારો છે પણ તેનાથી આપણે ફરી ચક્કીમાં એટલે કે જન્મમૃત્યુના ચક્કરમાં આવશું. પોતાની અંદર 'જાવ' એ સારો ધર્મ છે. મહાવીર ભગવાન માતાની જેમ આ માર્ગમાં આપણને આંગળી પકડીને આગળ વધારે છે. આપણે જે ચક્કી કે ચકરાવામાં ફરીએ છીએ તેમાં પાંચ સ્ટેશન છે. તેમાં કેટલાંક જંક્શન આવે છે. તેમાંથી રસ્તો નહીં બદલીએ તો આસ્રવમાં (એકધારું દોડ્યા કરવું) ફસાયેલા રહેશું. અઠ્ઠાઈ કરીને પરિવારજનો ઉપર ગુસ્સો કરીએ કે અપમાનજનક રીતે વાત કરીએ તો તેનો કોઈ અર્થ નથી. સંવર એક સ્ટેશન છે. તેમાં જૈન ધર્મનો સાર છે પરંતુ આપણે તેનું ઓછું સાંભળીએ છીએ. જ્ઞાનના માર્ગમાં આવો તો કર્મનિર્જરા થશે. આપણને લાગે કે કર્મનિર્જરા થઈ, કર્મો ખરી પડ્યા, પણ આ ભ્રમણા છે. ભગવાને કહ્યું છે કે સંવરને સાધશે એટલી ક્રમનિર્જરા થશે કે તમને મોક્ષ મળશે. પહેલું સ્ટેશન શ્રદ્ધા છે. બાળકને મા ઉપર શ્રદ્ધા છે. તેના ખોળામાં તે સલામત છે એવી બાળકની શ્રદ્ધા છે. બાળક પડી જાય ત્યારે મા આંગળી પકડીને ઊભો કરે ત્યારે બાળકનું રડવું બંધ થાય છે. બાળક શાળામાં જાય ત્યારે તે માતાને કહે છે તું બહાર બેસી રહે. આ પ્રકારે શ્રદ્ધા ટકી ગઈ. ત્યારપછી જ્ઞાનનું સ્ટેશન આવે છે. જીવનમાં કોઈ ગાઈડ કે માર્ગદર્શક નથી. આપણે પોતે આગળ વધવાનું છે. પોતે વાંચીને પોતે સમજવાનું હોય છે. ત્યારપછી સમ્યક્જ્ઞાનનું સ્ટેશન છે. તે પોતાના અનુભવનું જ્ઞાન છે. જે આપણે જ્ઞાનથી જાણીએ તેમાં શ્રદ્ધા હોય તે શ્રદ્ધા છે. તેમાં સતર્કતા (એલર્ટનેસ) મદદ કરે છે. ભગવાન મહાવીરે ૩૮ વાર એકપણ ક્ષણ ગાફેલ નહીં રહેવાનો ઉપદેશ ગૌતમને આપ્યો છે. આસ્રવની નદીનું વહેણ એટલું જોરદાર છે. તેમાં તું તણાઈ જઈશ. તેના માટે વ્રત કરે, અને પ્રતિક્રમણ કરે. નિયમ છે. પણ એલર્ટનેસ નથી તો તેનો અર્થ નથી. નિયમ પ્રત્યે જોડાણ (પેશન) હોય તો કષાય આવે. જ્ઞાનીઓ કહે છે કે જોડાણ છે તે કષાય છે. કષાય છૂટે એટલે મુક્તિ મળે. છેલ્લી વાત છે સાચી સમજ. તેનો અર્થ સમ્યક્જ્ઞાન. ભગવાને કહ્યું છે કે દુનિયા તો સતત ચાલ્યા કરે છે. તમને તત્ત્વ, સ્ટેશન કે જીવ અજીવની સીધી સમજ નથી તો નહીં ચાલે. નાની નાની વાતો કરી લઈએ પણ તે લાંબું નહીં ચાલે. તમને ઊંડી સમજ નથી અને પોતાના સ્વભાવની સમજ નથી તો તે નહીં ચાલે. એક સ્ટેશન ગુણસ્થાનક છે. સંસારમાં સુખ લાગતું હતું અને વ્રત કરવા લાગ્યા. અમારી આળસ ઘટી ગઈ. ઉપવાસ કરવાથી નિર્જરા થાય એ વાત સાચી છે. નિર્જરાના કેટલાક જોખમ છે. સંવરને છોડી નિર્જરાના માર્ગે જઈએ ત્યારે શું થાય ? કર્મનો સમૂહ એકઠો થયો તે કલ્પના છે. આપણને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું નથી તેથી તેની જાણકારી નથી. જેવી તમારી શક્તિ છે, તમારો વિવેક છે, એ રીતે તપ કરો. આપણે ચિત્ત વિરૂદ્ધ કામ કરીએ તે હિંસા છે. બીજાની જેમ પોતાના તરફ પણ હિંસા હોય છે. વાહ વાહ ખાતર કે બીજાએ કર્યું એટલે આપણે અઠ્ઠાઈ કરીએ તેનો અર્થ નથી. વૃદ્ધાવસ્થામાં ખાઈ શકતા નથી. રસત્યાગ કર્યો. તે સમયે વ્રત-ઉપવાસનો અર્થ

નથી. તેને ત્યાગ ન કહેવાય. સમય કે પહેલાં ત્યાગ કર્યો તે ઉદીર્ણા. તેનાથી મુક્તિ થાય. કર્મો પ્રત્યે દ્વેષ અને મુક્તિ પ્રત્યે રાગ રાખો તો નિર્જરા ન થાય. હવે સંવરની વાત. આસ્રવ આવે તો પણ હું નહીં ખસું. સંવરનો માર્ગ આપણને નિડર બનાવે છે. આપણામાં પાંચ પ્રકારના જ્ઞાન છે. મતિવિજ્ઞાન, અવધિજ્ઞાન, શુદ્ધજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને ડાયરેક્ટ જ્ઞાન. મનઃપર્યવજ્ઞાન એટલે મારા મનમાં શું ચાલે છે તે જાણવું. આસ્રવ આવ્યો અને હું બદલાયો. તેના 'ચેમ્પીયન' થવા તે સંવરના 'ચેમ્પીયન'. સાધના કરનારા અનેક પણ શુદ્ધિવાળા ઓછા દેખાય છે તેનું કારણ લોકો સાધના શુદ્ધિ માટે નહીં પણ સિદ્ધિ માટે કરે છે. જેટલી વિશુદ્ધિ એટલું જ્ઞાન. દશવૈકાલિક સૂત્રમાં કહેવાયું છે કે પહેલાં જ્ઞાન પછી દયાની વાત વિચારો. આચાર્યસૂત્ર કહે છે કે અંદરથી જાણો. પછી બહારની વાત. અંદરના સુખમાં સ્થિર થવાનું જાણવું જરૂરી છે. મહાવીરના માર્ગે ચાલીએ છીએ પણ અંદરના સુખમાં સ્થિર થવાનું નહીં જાણીએ તો આપણી ગાડી ગમે ત્યારે પાટા પરથી ઉતરી પડી શકે છે.

(વધુ વ્યાખ્યાનો એપ્રિલ-૨૦૧૫ના અંકમાં))

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓ

- 'પ્રબુદ્ધ જીવન' (સંઘનું માસિક મુખપત્ર) દર માસની ૧૬ તારીખે પ્રગટ થાય છે. કોઈ પણ પ્રકારની જાxખ પ્રકાશિત નહિ કરતું અને ચિંતનાત્મક વિચારો પ્રગટ કરતું સંસ્થાનું મુખપત્ર.
- શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ આર્થિક સહયોગથી ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળા
- સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટના ઉપક્રમે ચિંતનાત્મક પ્રકાશનો
- સ્વ. વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાળા પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે જરૂરીયાતવાળાને દવાની મદદ કરતો વિભાગ
- શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અને ભાનુ ચેરિટી ટ્રસ્ટ ઉપક્રમે જરૂરીયાતવાળા પરિવારોને અનાજ આપતો વિભાગ
- સ્વ. સરસ્વતીબેન ડાહ્યાભાઈ જવેરી ચશ્માબૅંક ફંડ ઉપક્રમે જરૂરીયાતવાળા પરિવારને ચશ્મા આપવામાં આવે છે.
- શ્રી કિશોર ટીંબડિયા કેળવણી ફંડના ઉપક્રમે વિદ્યાર્થીને સ્કૉલરશીપ આપવામાં આવે છે.
- વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાળા મહાવીર વંદના ઉપક્રમે દર વર્ષે મહાવીર જયંતી નિમિત્તે ભક્તિ સંગીતનો પ્રોગ્રામ કરવામાં આવે છે.
- પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ : 'પ્રબુદ્ધ જીવન' માસિક મુખપત્ર માટે આર્થિક સહાય સ્વીકારતો વિભાગ
- મહાવીર જન્મ કલ્યાણક દિવસ નિમિત્તે જૈન તીર્થંકરો અને મુનિ ભગવંતોના જીવન અને ચિંતનની કથાઓની ત્રિદિવસીય પ્રસ્તુતિ–અત્યાર સુધી ગૌતમ કથા, મહાવીર કથા, નેમ-રાજુલ કથા, ઋષભ કથા, પાર્શ્વ-પદ્માવતી કથા અને ૨૦૧૫માં હેમચંદ્રાચાર્ય કથા.
- જૈન ધર્મના મહાન ગ્રંથોના સ્વાધ્યાયની ત્રિદિવસીય શિબિરો. આ વર્ષે ૨૦૨૫માં ગુરુદેવ રાકેશભાઈ ઝવેરીની અમૃતવાણી દ્વારા તા. ૫,૬,૭ મેના ત્રિદિવસીય 'ઉત્તરાધ્યયન' સૂત્ર ઉપર સ્વાધ્યાય.

આપ ઉપરની કોઈ પણ પ્રવૃત્તિ માટે આપના દાનનો પ્રવાહ વહાવી શકો છો. લગભગ ૮૭ વર્ષથી સંસ્થાનું વૈચારિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રગટ થાય છે. આપ કોઈ પણ એક અંકના રૂા. ૨૦,૦૦૦/-નું દાન આપી એ અંકના દાતા બની શકો છો. વિચાર દાન એ ઉત્તમ દાન છે. આ દાનથી આપ બન્ને દાનના લાભાર્થી બની શકો છો.

### વિવિધ પ્રવૃત્તિઓ અને તેના સંચાલકો

**પ્રેમળ જ્યોતિ**

**સંચાલકો :**

| | |
|---|---|
| શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ | ટે. નં. ૨૩૬૩૧૨૮૫ |
| શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ | ટે. નં. ૨૩૮૭૩૬૧૧ |

**કિશોર ટિંબડીયા કેળવણી યોજના ફંડ**

**સંચાલકો :**

| | |
|---|---|
| શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા | મો. ૯૬૧૯૧૯૫૯૩૮ |
| શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ | મો. ૯૮૧૯૭૮૨૧૯૭ |
| કુ. વસુબહેન ચંદુલાલ ભણશાલી | મો. ૯૮૨૧૧૬૮૩૧૯ |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

**સંચાલકો :**

| | |
|---|---|
| શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા | મો. ૯૬૧૯૧૯૫૯૩૮ |
| શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ | મો. ૯૮૧૯૭૮૨૧૯૭ |
| શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ | ટે. નં. ૨૩૮૭૩૬૧૧ |

**ભાનુ ચેરિટી ટ્રસ્ટ : અનાજ રાહત ફંડ**

**સંચાલકો :**

| | |
|---|---|
| શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ | મો. ૯૮૧૯૭૮૨૧૯૭ |
| શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા | મો. ૯૬૧૯૧૯૫૯૩૮ |
| શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ | ટે. નં. ૨૩૮૭૩૬૧૧ |

# ભાવ-પ્રતિભાવ

(૧)

'પ્રબુદ્ધ જીવન'ના દરેક અંકો ઉત્તમ કોટિના લેથ, નયનરમ્ય સરસ્લતી દેવીનાશિલ્પ-ચિત્રો મઢિત કલાત્મક મુખપૃષ્ઠ અને અંતિમ પૃષ્ઠ પર ડૉ. રેણુકાબેન પોરવાલ નિર્મિત રંગીન ચિત્ર-કથા; આ સર્વ અંગો ડૉ. ધનવંતભાઈ શાહની ઉમદા સંપાદકીય કુશળતાનું ઉપાદાન છે. પ્રિન્ટર અને પ્રકાશક પુષ્પાબેન પરીખ, અનામી ગ્રાફીક ડિઝાઈનર અને ડૉ. રેણુકાબેનને અભિનંદન. અનેક અંકોમાં મુખપૃષ્ઠ ઉપર સરસ્વતીદેવી પ્રગટ થયા છે એ એટલા આકર્ષક છે કે તેમનું પ્રદર્શન યોજાવું જોઈએ.

'પ્રબુદ્ધ જીવન'ના **'જૈન તીર્થ વંદના અને શિલ્પ સ્થાપત્યના વિશેષ અંક'**ને પ્રગટ કરવાના ડૉ. ધનવંતભાઈના આધ્યાત્મિક સાદને ડૉ. રેણુકાબેન પોરવાલ અને ડૉ. અભય દોશીએ બખૂબી અતિ કુશળતાથી ઝીલી એનું સંપાદન કર્યું છે. એમને ખોબલા ભરી ભરીને અભિનંદન.

અદ્ભુત તીર્થસ્થાનો આરાધ્ય દેવ-દેવીના દર્શન કરાવી આપણને ધન્ય તો કરે જ છે પણ તેની સાથે સાધર્મિક સમૂહને જોડવાનું ઉત્તમ કાર્ય પણ કરે છે. જ્યાં જ્યાં તીર્થસ્થાનો અને દેવાલયો છે ત્યાં સાધર્મિક ભેગા થાય છે. અપરોક્ષ રૂપે પણ ત્યાં સામૂહિક ઊર્જા અને મંગલ ભાવનાઓનો વિકાસ થાય છે. સૌ યથાશક્તિ તન, મન અને ધનથી ભેગા મળી તીર્થસ્થાનોની સેવા કરે છે.

ભારતના નાના શહેરોમાં અને વિદેશમાં જૈનાલયો વરદાનરૂપ છે. બાળકો માટે દેવદર્શન સંસ્કાર સિંચનનું અમુલ્ય સાધન છે.

દેશ-વિદેશમાં અન્ય ધર્મી લોકો પણ આપણા કલાત્મક તીર્થસ્થાનોમાં રસ લેતા થઈ ગયા છે. ઈંગ્લેન્ડ અને અમેરિકાના જૈન તીર્થસ્થાનોના આયોજકોએ પોતાની દીર્ઘ દૃષ્ટિથી શ્વેતામ્બર, દિગંબર, સ્થાનકવાસી સૌનું વિશાળ ફલક પર 'જૈન સેન્ટર'નું નામ આપી સંતોષજનક સમન્વય કર્યો છે.

તીર્થસ્થાનોનો વિશિષ્ટ અંક વાંચતા મને કંઈક ખાલીપો પણ લાગ્યો. મારા બે પ્રિય તીર્થસ્થાનોના તેમાં દર્શન ન થયા એટલે.

એક દિલ્હીનું અને બીજું પશ્ચિમ ઉત્તર પ્રદેશનું. વિચાર થયો એને વિષે થોડું લખું. થોડીક 'કવીઝ'ની રમત કરીએ. વર્ષીતપનું પારણું કરવા માટે ઉત્તમ તીર્થ ક્યું ? ત્રણ તીર્થંકરો : શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ અને શ્રી અરનાથ ભગવાનના ચારે કલ્યાણક : ચ્યવન (ગર્ભ), જન્મ, દિક્ષા અને કૈવલ્ય ક્યાં થયા ? શ્રી આદિનાથ ભગવાને વર્ષીતપ કર્યા બાદ પોતાના પ્રપૌત્ર શ્રેયાંસકુમારના હાથે શેરડીનો રસ પીને પારણું ક્યાં કર્યું ? ભગવાન પાર્શ્વનાથે, મહાવીર સ્વામીએ અને શ્રી મુનિસુવ્રત સ્વામીએ ઉત્તર પ્રદેશમાં વિહાર ક્યાં કર્યો ? શ્રી મલ્લિનાથ ભગવાનનું ભવ્ય સમોવસરણ ક્યાં રચાયું ? પરશુરામની જન્મભૂમિ કઈ ? આ બધા સવાલોનો એક જ જવાબ છે, જ્યાં એક જમાનામાં એ શહેર ગંગા નદીને કિનારે હતું અને હવે બે હજાર વર્ગ કિલોમીટરની વાઈલ્ડલાઈફ સેંચ્યુરીની વનરાજીથી સુશોભિત નગરી હસ્તિનાપુર, જ્યાં દર કાર્તિક પૂર્ણિમા અને અખાત્રીજે ભવ્ય ઉત્સવો યોજાય છે. અખાત્રીજના દિવસે સેંકડો તપસ્વીઓ વર્ષીતપ કરી આ તીર્થમાં પારણા કરવા આવે છે. આ પાવન ક્ષણોમાં માનવ મહેરામણ જોવાનો આનંદ કંઈ અનેરો હોય છે !

હસ્તિનાપુર તીર્થ દિલ્હીથી ૧૨૦ કિ.મી. અને મેરઠ શહેરથી ૩૨ કિમી.ના અંતરે છે. ત્યાં દિલ્હીથી બસ દ્વારા જઈ શકાય છે. હસ્તિનાપુર મહાભારતના સમયથી જ રાજનીતિક ઉથલપાથલ અને અનેક કુદરતી આફતો–ગંગા નદીના પૂર અને તીડોના ટોળાઓ થકી ખેતીવાડીનો તદ્દન નાશ વિ. ધ્વંશાત્મક ઘટનાનું સાક્ષી છે. એક જમાનામાં જૈન ધર્મનો ત્યાં સુવર્ણકાળ હતો પણ કાળના ખપ્પરમાં એની જાહોજલાલી દટાઈ ગઈ. અગિયારમી સદી પછી જૈન ધર્મનો સૂરજ ઉગ્યો.

ડૉ. રેણુકાબેને તીર્થસ્થાનની વ્યાખ્યા આપતાં લખ્યું છે કે, 'તીર્થસ્થાન એટલે એક જ સ્થળે શ્રદ્ધા, કલા, સાહિત્ય અને સ્થાપત્યનો સંગમ.'

હસ્તિનાપુર તીર્થમાં આ ચારે તત્ત્વોનો સંગમ તો થયો જ છે. પણ તે ઉપરાંત અહિં પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિનું મિલન થયું છે. જ્યાં આબાલ-યુવાન-વૃદ્ધ સૌને મંગળમય પળો વિતાવવાનો આનંદ આવે એવું આ સ્થળ છે.

સન ૧૧૭૪માં અજમેરના શ્રી દેવપાલ સોનીએ હસ્તિનાપુરમાં પાંચ ફીટ છ ઈંચ ઊંચી ભગવાન શ્રી શાંતિનાથની મૂર્તિની સ્થાપના કરેલી એ કાળના ગર્તામાં જમીનમાં દટાઈ ગઈ. એને ત્યાં થોડા વર્ષો પહેલાં દિગંબર જૈનાલયમાં પ્રતિષ્ઠિત કરાઈ છે. સન ૧૫૪૮માં ભટ્ટારક શ્રી જિનચંદ્રજીએ દિગંબર જૈન ક્ષેત્રની પ્રતિષ્ઠા કરાવેલી. સન ૧૮૦૧માં મોગલ રાજ્યના બાદશાહ શાહ આલમના શ્રેષ્ઠી રાજ હરસુખરાયે દિગંબર જિનાલયના નિર્માણ માટે દાન આપ્યું. ત્યારબાદ ત્યાં અનેક દિગંબર અને શ્વેતાંબર જિનાલયોની પ્રતિષ્ઠા થઈ છે.

હસ્તિનાપુર તીર્થ અનેક આકર્ષણોથી ભરપૂર છે એના વિષે જાણીએ.

• કૈલાશ પર્વતની રચનામાં ભગવાનશ્રી રિષભદેવની નિર્વાણભૂમિ અષ્ટાપદ, ૧૩૧ ફીટ ઊંચા સ્થાપત્યમાં નિર્માણ થયું

છે. અહિં સવા અગિયાર ફીટ ઊંચી ધ્યાનાવસ્થામાં બેઠેલા શ્રી મહાવીર ભગવાનની પ્રતિમા બિરાજમાન છે.

● માન સ્તંભ જે ૩૧ ફીટ ઊંચો છે એનું નિર્માણ ૧૯૫૫માં થયેલું.

● સુમેરૂપર્વત જે ૧૦૧ ફીટ ઊંચો મિનારો છે.

● ૮૪ ફીટ ઊંચા જંબુદ્વીપની રચનાની કલ્પના હસ્તિનાપુરની ત્રિલોક શોધ સંસ્થાએ કરી છે. તેમાં મોટા ૭૮ ચૈત્યાલય, ૨૦૧ નાના ચૈતાલય, નદી, ટેકરી અને એની ચારે તરફ પાણીની નહેર જેનું નામ લવણ સમુદ્ર. અનેક વૃક્ષો અને ફુવારાઓથી સુશોભિત આ નયનાભિરામ રચના છે.

● ત્રિમૂર્તિ મંદિરમાં લગભગ છ ફીટ ઊંચી પ્રભુ શાંતિનાથની કાયોત્સર્ગની મુદ્રામાં ઊભેલી સ્લેટી રંગની પ્રતિમા છે.

● ધ્યાનમંદિર, પોણો ભાગનો ઘુમ્મટ લીલાછમ ઘાસથી ઢંકાયેલ આ મનોહર સ્થળ છે.

● મુખ્ય દિગંબર જૈન ક્ષેત્ર સ્થાપત્ય કળાનું અનુપમ ઉદાહરણ છે. ચાલીસ ફીટ ઊંચી ટેકરી ઉપર ચાર ફીટના વિશાળ પ્લેટફોર્મ ઉપર બે લેવલમાં આ દિગંબર જૈનાલયનું નિર્માણ થયું છે. તેના આકર્ષક ઘુમ્મટ ઉપર એક ભવન અને તેની ઉપર બીજો ઘુમ્મટ છે. મંદિરમાં દોઢ ફીટ ઊંચી પદ્માસનમાં ધ્યાનસ્થ સફેદ આરસની મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. એની ડાબી બાજુ કુંથુનાથ ભગવાન અને જમણી બાજુ ભગવાન અરનાથની મૂર્તિઓ સ્થાપી છે.

● શ્રી સમવસરણ જિનાલયમાં સુંદર ભીંતચિત્રો છે.

● જલ મંદિર અને પાંડુક શિલા છે.

● શ્વેતામ્બર જિનાલયમાં ભગવાન આદિનાથને એમના પ્રપૌત્ર શ્રેયાંસકુમાર વર્ષીતપના પારણા રસ પીવડાવી કરાવી રહ્યા છે એની અનુપમ ઊંચી મૂર્તિ છે.

● જલમંદિરની સામે એક મોટા રૂમમાં પાંચ પાંડવોની ઊભી મૂર્તિઓ છે.

● આચાર્ય વિદ્યાનંદ મ્યુઝિયમ અનેક માહિતીથી સભર છે.

● પ્રાકૃત ભાષાનું રિસર્ચ સેંટર અને ૧૫,૦૦૦ જૈન પુસ્તકોનું જ્ઞાનમંદિર જંબુદ્વિપ પુસ્તકાલય છે.

● એ ઉપરાંત બાળકોને આનંદ પમાડનારી ટોય ટ્રેઈન અને હાથી સવારીની ભેટ છે.

● જૈન ગુરુકુલ છાત્રાલય છે.

● જૈનાલયમાં આરતી વખતે ઈલેકટ્રીકથી ચાલતા ઘંટારવ કરતાં નગારા વગાડતાં સાધનો છે.

● મોટી ભોજનશાળાનો પ્રબંધ છે.

● હેલિકોપ્ટર માટે હેલીપેડ છે.

● યાત્રિકોની રહેવાની સગવડવાળા ૭૦૦થી અધિક રૂમો છે. રૂમ બુક કરાવવા માટે ટેલિ. નં.: ૦૧૨૩૩-૨૮૦૧૩૩-૨૮૦૧૮૮.

દિલ્હીની નજીક હોવાથી આ આદર્શ તીર્થસ્થાન હસ્તિનાપુરની યાત્રા યાદગાર રહેશે.

☐ **માણેક એમ. સંગોઈ**
૧૮ સાગરપ્રભા, પ્રભાનગર, પ્રભાદેવી બીચ રોડ,
મુંબઈ-૪૦૦ ૦૨૫. Mobile : 09167465242.

(૨)

'પ્રબુદ્ધ જીવન' ઑક્ટો-૧૪, 'જૈન તીર્થવંદના અને શિલ્પ સ્થાપત્ય' વિશેષાંક ઉત્તમ, કીમતી ઘરેણાં જેવો લાગ્યો. ઐતિહાસિક વિગેરે માહિતીસભર, કલારસિક અને ભાવવાહી વિશેષાંક વાંચી ઘણાં બધાં તીર્થોની મનભરીને જાત્રા થયાનો અવિસ્મરણીય આનંદ થયો. કેટલાક તીર્થોની જાત્રા વારંવાર કરીને પણ આવો અનહદ આનંદ ક્યારેય નથી થયો. ફરી આ બધા તીર્થોની યાત્રા હવે આ અંક સાથે લઈ જઈને કરવાની ભાવના થાય છે.

આ વિશેષાંક માટે બંને માનદ સંપાદકોનો તેમજ તમામ લેખકોનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

એક સૂચન કરવાનું મન થાય છે કે આ બધા તીર્થોની જુદી જુદી પરિચય પુસ્તિકા અથવા પેમ્ફલેટ, ફોલ્ડર્સ બનાવવા અને જે તે તીર્થની જાત્રા દરમ્યાન ઉપયોગમાં આવે તે રીતે યોગ્ય કીમતે મળે તો યાત્રાળુઓ–ખાસ યુવા વર્ગને ખૂબ રસ પડે યાત્રાનો.

આભાર સહ.

☐ **પી. એસ. શાહ** (કપડવંજવાળા) (ઉ.વ.-૭૩)
૫/૫૯, નવનિર્માણ નગર, પ્રગતિ નગર પાસે,
નારણપુરા, અમદાવાદ,-૩૮૦૦૧૩.
Mobile : 09376163296.

(૩)

તા. ૨૩-૦૧-૨૦૧૫

'મુંબઈ જૈન યુવક સંઘે' 'વિશ્વમંગલમ્-અનેરા' (સાબરકાંઠામાં આવેલી સંસ્થા) જવાનો જે વિચાર કર્યો, તે બહુ જ યોગ્ય અને ગાંધીના વિચાર પ્રમાણે ચાલતી સંસ્થા જોવાનો આનંદ મળે એવો છે. મુંબઈ જૈન યુવક સંઘની આ પ્રથા ઘણાં વર્ષોથી ચાલી આવે છે કે, જેમાં આપ સૌ દાન આપનાર અને મિત્રો સાથે એવા સ્થાનો જોવા જાવ છો કે, જ્યાં પાયાના કાર્યકર્તાઓએ લોકજાગૃતિ કરીને વિકાસ કર્યો હોય. 'વિશ્વમંગલમ્-અનેરા' એક એવું સ્થાન છે એને તે સ્થાનમાં તમને શ્રી ગોવિંદભાઈ રાવલ અને સુમતિબહેન રાવલ એ બંનેએ જે કામ કર્યું છે અને બંનેની જે ભાવનાઓ છે તે તો જોવા મળશે, પરંતુ આસપાસના જે વિસ્તાર છે તેમાં પણ શ્રી ગોવિંદભાઈએ કેળવણી મારફતે એ સ્થાનનો વિકાસ કરવા માંડ્યો

છે, તે દેખાશે. વર્ષો પહેલાં ભૂદાન આંદોલન દરમ્યાન આવી બધી સંસ્થાઓ જોવાનો મોકો મળેલો. એમાં મને યાદ છે ત્યાં સુધી ખુદ વિનોબાજીની ગુજરાત યાત્રામાં આ વિશ્વમંગલમ્-અનેરાની મુલાકાત લીધેલી. દેશનું રાજકારણ ભલે આડાપાટે ચડી ગયું હોય, છતાં ગુજરાતમાં રચનાત્મક રીતે કામ કરનાર જે લોકો છે તે લોકોએ પોતાની સંસ્થાઓ બનાવી છે અને પોતાનું જીવન એમાં સમર્પિત કર્યું છે, તે જોવાથી ગાંધી વિચાર અંગેનો આપણો પ્રેમ વધી જાય એવું આ સ્થળ છે. મુંબઈ રહેતા લોકોને ગામડામાં રહીને ગાંધી વિચાર પ્રમાણે પાયાનું કામ કરનાર સેવકોની સંસ્થાઓ જોવાનું મળે તેને હું એક તીર્થયાત્રા જ કહું છું. જેમ તમે પાલીતાણા કે શંખેશ્વર જેવા તીર્થમાં જતા હો તેવી આ યાત્રા થશે એવું મારું ચોક્કસ માનવું છે. મને વ્યક્તિગત રીતે એ આનંદ છે કે, મારા ભૂતકાળના વર્ષોમાં ભૂદાન યાત્રાઓના કામમાં હું આ બધા કાર્યો અને સંસ્થાઓ જોઈ આવ્યો છું. મને આનંદ છે કે, તમે સૌ એ જોવા જાવ અને મૂળભૂત પાયાનું કામ થાય છે તે જુઓ. તેનો તમને જરૂર મનમાં સંતોષ થશે. મજામાં હશો.

□ **સૂર્યકાંત પરીખ**
(સ્વાતંત્ર્ય સેનાની)
મો. : ૦૯૮૯૮૦૦૩૯૯૬

(૪)

તમારા દરેક અંકમાં જીવન જીવવાની કળા સમાયેલી છે. બધા જ લેખકો Ph.D. છે એટલે અંક સ–રસ હોવાનો જ. સાથે મુખપૃષ્ઠ પર આવતો મારી પ્રિય દેવી સરસ્વતીનો ફોટો મને ખૂબ જ મોહિત કરે છે.

પર્યુષણની લેખમાળા પર્યુષણના વ્યાખ્યાનોને અસર કરતી નથી. બંને પોતાની રીતે સરસ ચાલે છે. પર્યુષણમાં અનેક વિદ્વાનો પોતાનો અમુલ્ય સમય આપી જે લાભ જન સમુદાયને આપે છે તેનો હું વિરોધી નથી.

પર્યુષણ બાદ જે જે જરૂરતમંદ સંસ્થાઓને તમે મદદ કરો છો તે કંઈ નાનું પુણ્ય નથી.

'પ્રબુદ્ધ જીવન' જીવંત સુધી બસ ચાલ્યા જ કરે.

આપનો ચાહક,

□ **બાબુભાઈ મંગલદાસ શાહ**
૮૦૪-એ, પાર્શ્વ દર્શન, નવયુગ કૉલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯.

(૫)

ગયા પર્યુષણ વ્યાખ્યાનમાળાના સત્ર દરમ્યાન સાક્ષર શિરોમણી શ્રી ગુણવંતભાઈ શાહનું વ્યાખ્યાન 'ઘરમાં દેરાસર' ખરેખર પ્રસંશનીય તથા મનનીય હતું. તમોએ ધર્મ પ્રત્યે જે ખેવના બતાવી છે એની ઇતિહાસ એક દિવસ નોંધ જરૂરથી લેશે. તમારો ત્યાગ એળે નહીં જાય.

'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને જણાવવાનું કે ડૉ. ધનવંતભાઈની થોડાક વર્ષો પૂર્વે કેમિકલ ફેક્ટરી હતી. તેમાં જે કેમિકલ બનાવતા તે માછલીઓને પકડવા માટે વપરાતું. આ વાતની એમને જ્યારે ખબર પડી કે તરત જ ફેક્ટરી બંધ કરી, ધંધાકીય પ્રવૃત્તિનો અંત લાવીને પરિણામે વિશેષ પ્રકારે જીવની અહિંસા અટકાવી. આ ભોગ જેવો તેવો નહોતો. જે ફેક્ટરીમાંથી સારી એવી આમદાની થતી હતી તે છોડીને જીવદયા પ્રત્યે એમણે ઋણ અદા કર્યું.

ડૉ. ધનવંતભાઈ, જેમ તમારા જીવનમાં આ યુ-ટર્ન આવ્યો એવી ઘટના ઘણાં સૌના જીવનમાં આવતી હોય છે જે પ્રેરણા-સ્ત્રોત બની રહે. આ માટે આપને એક નમ્ર અપીલ કરું છું કે 'પ્રબુદ્ધ જીવન'ના વાંચક-રસિકોને આ માટે આમંત્રણ આપીને, આ ટાઈપની ઘટના બની હોય તે જણાવે જે અન્ય વાંચકગણ માટે પ્રેરણારૂપ બને.

મને ચોક્કસ ખાતરી છે કે તમો આ બાબતમાં ઘટતું કરશો જ.

□ **રજનીકાંત ચીમનલાલ ગાંધી**
પ્લોટ નં. ૧૧૨, બ્લોક નં. ૩, શાંતિસદન, જૈન
સોસાયટી પાસે, સાયન (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.
મોબાઈલ નં. ૦૯૮૬૭૪૨૫૦૨૫.

(૬)

'પ્રબુદ્ધ જીવન' આપશ્રીના સહકારથી નિયમિત મળે છે. આપશ્રીના સહયોગ બદલ આભારી છું.

'પંથે પંથે પાથેય'માં સ્વાનુભવના લેખ સવિશેષ ગમે છે. ગીતા જૈને કચ્છ ભચાઉની મુલાકાતના અનુભવ લેખ દ્વારા સમાજનું જે ચિત્ર રજૂ કર્યું છે જે ચિંતન-મનન કરવા યોગ્ય છે.

મહાત્મા ગાંધીજી એ આત્મકથામાં આત્મા માટે પ્રાર્થના અનિવાર્ય છે તેવો ઉલ્લેખ કરી બધા જ ધર્મોમાં પ્રાર્થનાની ઉપયોગિતા, મહત્ત્વ દર્શાવ્યું છે. જીવનની સમસ્યાઓનું સમાધાન, જીવન આનંદ માત્ર પ્રાર્થનામાં જ રહેલો છે જે સત્યબોધ આ આચમન દ્વારા મળે છે.

□ **ગોવિંદ ખોખાણી**
માધાપર-કચ્છ. મો.:૯૪૨૬૯૬૭૮૧૮

(૭)

'પ્રબુદ્ધ જીવન'ની નિયમિત ભેટ-બક્ષિસ આપીને અમને જિન-શાસન–જીવન ધર્મ વિશે જાગૃત રાખો છો. આપનો એ ઉપકાર છે.

જયભખ્ખુ વિશે અંકોમાં આપેલ વિગતો વાંચવા મળી. હમણાં નવકાર સંવાદયાત્રા શ્રેણી ચાલે છે. નવકારમંત્રનું મહત્ત્વ, લક્ષ્ય, ઉપયોગિતા વિશે પૂ. ભાઈનું ચિંતન અલૌકિક લાગ્યું. ભારતીબેનને વંદન કરું છું. જયભિખ્ખુનું લેખન વિસ્તૃત છે. એ પુસ્તકો વાંચવા

માટે રૂચિ થાય જ ને મેળવવાની ઈચ્છા રહે છે.

જયભિખ્ખુની પ્રેમભક્ત કવિ જયદેવ અને તે ઉપરથી આપશ્રીએ કરેલું નાટ્ય રૂપાંતર વાંચ્યા વિના કેમ ચાલશે ?

'પ્રબુદ્ધ જીવન'માં આવતા લેખોનું ઉંડાણ તો હોય જ છે. અનુભવજન્ય પણ હોય છે.

શ્રી ગોવિંદભાઈ-અનેરા અમારા પથદર્શક છે. યોગ્ય સ્થળે દાન આપવાના અભિનંદન.

**☐ શંભુ યોગી**

કનૈયા માઢ, વડનગર. જિ. મહેસાણા-૩૮૪૩૫૫

(૮)

'પ્રબુદ્ધ જીવન'ના અંકો નિયમિત વાંચું છું. આનંદ આવે છે. જીવનને ઉંચા લેવલ પર લઈ જવામાં મદદ કરે છે. અભિનંદન.

ઘણાં સમયથી એક પ્રશ્ન થાય છે તે આપને જણાવવા માગું છું.

પ્રશ્ન : જૈન દેરાસરમાં પર્યુષણ સમયે, પ્રભુની પ્રતિષ્ઠાના પ્રસંગે અથવા અન્ય સારા પ્રસંગે મહારાજ સાહેબને આમંત્રણ આપવામાં આવે છે. Rather વિનંતી કરવામાં આવે છે.

આ વિનંતી સામે મહારાજ સાહેબ ટ્રસ્ટીઓ સાથે રૂપિયાનો સોદો કરે છે કે અમૂક રકમ આપો તો જ અમે અમારા પગલાં કરીએ.

શું આ યોગ્ય છે ?

જવાબ 'હા' માં હોય તો શા માટે ?

જવાબ 'ના' માં હોય તો તેનું નિવારણ થઈ શકે ? કેવી રીતે ?

મારું નામ આપવા માંગતો નથી.

વિનંતી : પ્રબુદ્ધ જીવનના કોઈ અંકમાં શક્ય હોય તો છાપશો.

(9)

Respected Sir,

I would like to kindly inform you that Osmania University, Hyderabad has released a Press Note (Ref: No. 273/Ph.D/Exam/2014) on 15th Dec. 2014 fro Ph.D. degree awards. I Mahendrakumar Jain have been awarded Ph.D. degree (Ref No. 29728 S. No. 1 in Press Note) on the subject `HINDI KE VIKAS MEIN JAIN SAHITYAKARON KA YOGDAN' (Jain Scholars and Literature) in Hindi (Oriental) under the supervision of Dr. V. Ramkoti.

**Dr. Mahendrakumar Jain**

Mobile : 9393002272


## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**



**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**



**।। ગૌતમ કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**



**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**



**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બેંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# સર્જન–સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ સંપૂટ**
સંપાદક : પૂ. મુનિશ્રી પ્રશાંતશેખર વિ.
પ્રકાશક : ઉગમરાજ ભંવરલાલજી શાહજી ૩૧૨, કોમર્સ હાઉસ, ૧૪૦, નગીનદાસ માસ્તર રોડ, ફોર્ટ-મુંબઈ-૪૦૦ ૦૨૩.
મૂલ્ય-શ્રી પાર્શ્વનાથ આરાધના, પાના-૨૯૮, પ્રકાશન : ૭-૫-૦૬.

આપણાં ચોવીસે ચોવીસ તીર્થંકરોમાં સર્વશ્રેષ્ઠ અદિય નામ કર્મના પ્રબળ ઉપાર્જક, વચનસિદ્ધ, સ્મરણમાત્રથી દુઃખ અને દર્દ, પીડા શમી જાય, એવા પાર્શ્વનાથ ભગવંતની આ ભારતની ધરતી પર એમના નામના ૧૦૮ તીર્થો પ્રસિદ્ધ છે. ભારતમાં સૌથી વધુ તીર્થો પાર્શ્વનાથ ભગવંતના નામે જ જોવા મળે છે. એની પાછળ કોઈ પણ કામ કરતું હોય તો તો એક જ એમનું આદેય નામ કર્મ કે જે આત્માનો નામ લેવા માત્રથી પરમ સંતોષ અને આધિ-વ્યાધિ, ઉપાધિના બંધનોમાંથી છૂટકારો થઈ જાય તથા પરમ આનંદની અનુભૂતિ થવા લાગે છે. આવા પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ (એકસો આઠ) તીર્થોની આરાધના દરેક જીવો સાથે કરી શકે તે માટે ગુરુદેવે પ. પૂ. આ. રત્નશેખર સૂરીશ્વરજી મ.સા. શંખેશ્વરજી તીર્થમાં એકસો આઠ તીર્થ સ્વરૂપી તીર્થની સ્થાપના કરી અને તીર્થની પ્રતિષ્ઠા વધે એ વાતને ધ્યાનમાં રાખી ગુરુના નામે ભક્તિવિહાર (ભક્તિનગર) એવું નામ આપ્યું. અને મૂળનાયક પણ ભક્તિ પાર્શ્વનાથ ભગવાન રાખ્યા.

એકસો આઠ પાર્શ્વનાથ તીર્થ સંપુટ વાંચી વાચકો આત્મકલ્યાણ સાધે એ જ અભ્યર્થના. ભારતભરમાં શંખેશ્વર તીર્થનો મહિમા દિન-પ્રતિદિન વધતો જાય છે. શંખેશ્વર તીર્થ અતિ પ્રાચીન છે. અને આજે એ તીર્થ જાગૃત તીર્થસ્થાન છે. પ્રાચીન તીર્થના દર્શનનો અનેરો મહિમા છે.

x x x

પુસ્તકનું નામ : **જૈનતત્ત્વનાં અજવાળાં**
લેખક : પ્રફુલ્લા વોરા ભાવનગર
પ્રકાશક : શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
પ્રાપ્તિ સ્થાન : અમદાવાદ-૧૪.
૧. શ્રુતજ્ઞાન પ્રસારક સભા, જિતેન્દ્ર કાપડિયા, ૩, તુલસી પૂજા ફ્લેટ, વસંત કુંજ સોસાયટી, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. : ૯૮૨૪૦૮૦૩૦૮. દત્તાણી નગર, બોરીવલી (વે.), મુંબઈ. મો.: ૯૩૨૦૪૭૫૨૨૨.
મૂલ્ય : રૂા. ૬૦, પાના : ૧૦૨, આવૃત્તિ-૧, ૨૦૧૪.

આ નાનકડા પુસ્તકમાં ડૉ. પ્રફુલ્લા બહેન વોરાએ જુદા જુદા સમયે જે લેખો તૈયાર કર્યા તેનો સંગ્રહ છે. જેમાં મહાન સાધકોની ગુણગરિમા, જૈન દર્શનના પાયાના સિદ્ધાંતો, તેની તાત્ત્વિક બાબતો, ઉત્તમ અને પ્રેરિત સ્થાનકો, ચતુર્વિધ સંઘની પ્રસાદી રૂપ ઉત્તમ સાહિત્યના અંશો જેવી કૃતિઓનો અહીં સમાવેશ થયો છે, જેમાં લેખિકાની અથાગ મહેનતની પ્રતીતિ થાય છે.

આ લેખમાં જિનશાસનના મહાન ચરિત્રોના તથા સાહિત્યના ઇતિહાસને અને જૈનદર્શનના સિદ્ધાંતોને સારું એવું સ્થાન મળ્યું છે. નિરૂપણની પદ્ધતિ વૈજ્ઞાનિક છે. સાથે સાથે કેટલાક લેખોમાં કથા સાહિત્યની સુંદર છણાવટ નજરે પડે છે. 'શ્રીપાલરાસ'ના વિશાળકાય પાંચ ભાગોને બારીકાઈથી તપાસીને તેઓએ ઉદાહરણો સાથે શ્રી પ્રેમલભાઈ કાપડિયાના સંપાદન-પ્રકાશનને વધાવ્યું છે.

માલતીબહેન શાહ કહે છે–'રસાળ શૈલી અને વૈજ્ઞાનિક અભિગમ સાથે લખાયેલા આ લેખો એક આગવી ભાત પાડે છે.'

પ્રફુલ્લાબહેને આ પુસ્તક દ્વારા પ્રગટાવેલો જ્ઞાનરૂપી દીપક જ્વલંત રહે એજ અભ્યર્થના.

x x x

પુસ્તકનું નામ :
**શ્રી સિદ્ધચક્ર આરાધના અને તેના રહસ્યો**
સંકલન : ચન્દ્રકાન્ત મહેતા
પ્રકાશક : કિશોર શાહ-નિમિતા શાહ
મૂલ્ય-અમૂલ્ય, પાના-૧૨૦, આવૃત્તિ-પ્રથમ-ઈ.સ. ૨૦૧૨.

શ્રી સિદ્ધચક્ર યંત્ર સર્વશ્રેષ્ઠ યંત્ર છે. આ યંત્રમાં અદ્ભુત રહસ્યો ભરેલા છે. આ યંત્રમાં જૈન ધર્મના સારભૂત નવપદો રહેલા છે જેનું આલંબન લેતાં અન્ય સિદ્ધિઓ તથા મોક્ષ પ્રાપ્ત થાય છે. આવા મહાપ્રભાવિક શ્રી સિદ્ધચક્ર યંત્રના રહસ્યોને પ્રકટ કરવા-ખોલવા માટે શ્રાવકરત્ન શ્રી ચંદ્રકાન્ત-ભાઈએ આ પુસ્તકમાં પ્રયાસ કર્યો છે. સાથે સાથે સિદ્ધચક્ર પૂજનની સંક્ષિપ્ત વિધિ, નવપદોની સ્તુતિના ભાવાર્થ પણ કર્યા છે.

સિદ્ધચક્રથી મળતી સિદ્ધિઓમાં પ્રથમ ભૂમિકાએ પોતાને વ્યવહારસિદ્ધિ, કાર્યસિદ્ધિ અને જીવનસિદ્ધિ પ્રાપ્ત થાય છે. બીજી ભૂમિકાએ ગયેલા સાધકને વિદ્યાસિદ્ધિ, યંત્રસિદ્ધિ અને યોગસિદ્ધિ સાંપડે છે અને એનાથી પણ ઊર્ધ્વ ભૂમિકાએ ગયેલા મુમુક્ષુને ત્રીજી સિદ્ધિ એટલે મુક્તિ, મોક્ષ કે નિર્વાણ પ્રાપ્ત થાય છે.

આ પુસ્તકમાં શ્રી ચન્દ્રકાન્તભાઈએ સિદ્ધચક્રની પ્રાચીનતા અને તેના મહિમાને દર્શાવ્યો છે અને આરાધનાના પ્રત્યેક શ્લોકનો શબ્દાર્થ આપ્યો છે અને સમજૂતી પણ આપી છે. તેથી આરાધના કરનારને માર્ગદર્શન મળી રહે છે. આ ગ્રંથની રચનાના પ્રત્યેક અક્ષર એમના ભાવનાશાળી આરાધનામય અંતરમાંથી પ્રગટેલા છે જે આરાધકોને માટે અત્યંત મૂલ્યવાન છે.

x x x

પુસ્તકનું નામ : **ભારતીય સંસ્કૃતિમાં ગુરુ મહિમા**
સંપાદક : ગુણવંત બરવાળિયા
પ્રકાશક : અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી સેન્ટર, ઘાટકોપર-મુંબઈ.
મૂલ્ય-રૂા. ૨૫૦/-, પાના-૨૪૦, આવૃત્તિ-ઈ.સ. ૨૦૧૦.

માનનીય ગુણવંતભાઈ બરવાળિયા સંપાદિત 'ભારતીય સંસ્કૃતિમાં ગુરુ મહિમા' પુસ્તક ગુજરાતી સાહિત્યમાં ગુરુના મહિમાની પ્રતીતિ કરાવે છે. જે વર્તમાન સમયમાં અત્યંત આવશ્યક છે.

જૈન કવિઓમાં આનંદઘનજી, સમયસુંદર, ચિદાનંદ, બુદ્ધિસાગર, જ્ઞાનવિમલ, પાર્શ્વચંદ્રસૂરિ, ઉત્તમવિજય, શ્રીમદ્ રાજચંદ્ર, યશોવિજયજી અને દિગંબર જૈનાચાર્ય દેવનંદીની રચનાઓમાં ગુરુભક્તિનો મહિમા આલેખાયો છે તેની પ્રતીતિ વાચકોને હૃદયસ્પર્શી બાનીમાં લેખકોએ કરાવ્યો છે.

સાથે સાથે જૈનેત્તર કવિઓમાં સંત કબીર, રવિભાણ, નાનક, દાસીજીવણ અને લક્ષ્મીસાહેબ, ગંગાસતી, નિષ્કુળાનંદ, શંકરાચાર્ય, જગજીવનજી કવિ પ્રીતમ, અખો, નરસિંહ, મીરા અને ધરમદાસની કાવ્યરચનાઓમાં ગુરુમહિમાનો રસમય પરિચય આસ્વાદ લેખકોએ કરાવ્યો છે જે વર્તમાન યુગના સાહિત્ય પ્રીતિ ધરાવનાર વાચક વર્ગને પ્રેરણા આપે તેવો આહલાદક છે.

ગુરુતત્ત્વચિંતન (કુમારપાળ દેસાઈ), સદ્ગુરુ સંસ્કૃતિનો આધાર સ્તંભ અને વિષમકાળમાં ગુરુ કોણ? વગેરે લેખો

વર્તમાનકાળમાં સદ્ગુરુનો મહિમા સ્થાપિત કરે છે.

ગુણવંતભાઈ બરવાળિયા સંપાદિત આ ગ્રંથ મનનીય તો છે જ પણ વર્તમાન સમયમાં અઢળક અભિનંદનને પાત્ર છે.

x x x

પુસ્તકનું નામ : **જ્ઞાનધારા : સર્જકની વિચાર સૃષ્ટિ**
સંપાદન : ગુણવંત બરવાળિયા
પ્રકાશક : અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી સેન્ટર, ઘાટકોપર-મુંબઈ. ૨, મેવાડ પાટણવાલા એસ્ટેટ, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન નં. : ૦૨૨-૪૨૧૫૩૫૪૫. મૂલ્ય-રૂા. ૨૦૦/-, પાના-૧૯૮, આવૃત્તિ-૧, ૨૦૧૪.

સંપાદકશ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ સંપાદિત કરેલ 'જ્ઞાનધારા' ગ્રંથ સાચા અર્થમાં વિશાળ જ્ઞાનસૃષ્ટિ વાચકની નજર સમક્ષ તાદૃશ્ય કરે છે. લગભગ ૨૦૦ પાનામાં ૨૮ લેખમાં વિવિધ લેખકોએ ઉત્તમ સંશોધન કર્યું છે. તેની પ્રતીતિ આ 'જ્ઞાનધારા'માં પ્રતીત થાય છે.

આ ગ્રંથમાં વિષયોનું વૈવિધ્ય ઊડીને આંખે વળગે છે. અને લેખકોએ તેને અનુરૂપ વિદ્વતાભર્યો ન્યાય આપ્યો છે. તે પણ સરાહનીય છે.

ગુજરાતી ભાષાના તાત્ત્વિક ગ્રંથોનો પરિચય આ લેખો દ્વારા સુપેરે થાય છે. ડૉ. કુમારપાળ દેસાઈ પંડિત સુખલાલજીની વિચાર સૃષ્ટિનો પરિચય કરાવે છે. તો પૂ. ડૉ. તરુબાઈ મહાસતી પૂ. બાપુની વિચાર સૃષ્ટિ, ડૉ. ધનવંત શાહ, પૂ. રાકેશભાઈની વિચાર સૃષ્ટિનો, પૂ. ડૉ. આરતીબાઈ સ્વામી, પૂ. નમ્રમુનિની વિચાર સૃષ્ટિનો સાત્ત્વિક સરલ બાનીમાં પરિચય કારવે છે.

અન્ય વિદ્વાન લેખકો ડૉ. રશ્મિ ઝવેરી, ખીમજીભાઈ છાડવા, ડૉ. રનતબહેન છાડવા, ડૉ. પાર્વતી નેણશી ખીરાણી, ડૉ. રેખા વોરા, ડૉ. ગુલાબ દેઢિયા વગેરેએ પોતપોતાના વિષય દ્વારા જૈન સંતોની વિચારધારાનો જ્ઞાનમય પરિચય કરાવ્યો છે.

એક સાથે આ લેખો દ્વારા જ્ઞાનની ધારામાં જ્ઞાનનો ધોધ સંપાદકશ્રીએ વહેતો કર્યો છે.

x x x

પુસ્તકનું નામ : **હે ગઝલ ! આવ, પ્રગટ થા !**
કવયિત્રિ : દક્ષા બી. સંઘવી
પ્રકાશન : રન્નાદે પ્રકાશન, હંમેશ મનહર મોદી ૫૮/૨, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૧૦૦૮૧.
મૂલ્ય-રૂા. ૧૦૫/-, પાના-૯૦, આવૃત્તિ-પ્રથમ-૨૦૧૪.

૯૦ ગઝલ કાવ્યોનો પ્રથમ સંગ્રહ લઈને આવનાર દક્ષા સંઘવી અનંત સપનાને અભિવ્યક્ત કરે છે. દક્ષાબહેને ગઝલના સ્વરૂપ સાથે કામ પડતાં ગઝલના અરૂઝને પામવાની મથામણ કરી છે. આ ગઝલોમાં એક તરફ વૈવિધ્ય છે તો બીજી તરફ પરંપરિત ગઝલનું ભાવજગત ડોકિયા કરે છે. ગીતો પ્રત્યેની એમની લગનીને કારણે ક્યાંક ક્યાંક ગઝલનું ભાવજગત ગીતના સીમાડાને સ્પર્શે છે. આ રચનાઓમાં માનવસંવેદનો કેન્દ્રસ્થાને છે. જીવનના તાણાવાણાને ઉકેલતા એના આભાસો અને વિરોધાભાસો, વેદન અને વિષદની સાથે ઉલ્લાસ અને ઉપશમના સ્વરો અહીં સંભળાય છે. ભૂકંપના એમના અનુભવમાંથી પણ એક ગઝલ સાંપડે છે તો મનુષ્યની એકલતા, યાંત્રિકતા આદિ કંડારવાના યત્નો પણ થયા છે. આ રચનાઓમાં કવયિત્રીના ભાવમય સંવેદનોનો ઊઘડતો આલોક પામી શકાય છે.

આ ગઝલસંગ્રહમાં વૈવિધ્ય છે. જીવનના પલાખાને ઉકેલવાની મથામણ છે. જીંદગીની છલનાની વ્યથા કથા છે, નારી ભાવોનું અનોખું આલેખન છે. આ કવયિત્રીના કલ્પના વિહાર અને સંવેદન વિશ્વ નોંધપાત્ર છે.

દક્ષા સંઘવીના પ્રથમ ગઝલ સંગ્રહને અંતરથી આવકાર.

x x x

પુસ્તકનું નામ : **ગુજરાતમાં માનવ અધિકાર અને નાગરિક સ્વાતંત્ર્ય ચળવળ (૧૯૪૭-૨૦૧૪)**
સંપાદન-સંકલન : ગૌતમ ઠાકર
પ્રકાશક : નાગરિક સ્વાતંત્ર્ય સંગઠન (પીયુસીલ, ગુજરાત) C/o, ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન કેન્દ્ર, હિમાવન, પાલડી, ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન : ૦૭૯-૨૬૬૪૧૩૫૩.
મૂલ્ય-રૂા. ૧૫૦/-, પાના-૧૭૦, આવૃત્તિ-પ્રથમ-૨૦૧૪.

ગૌતમ ઠાકર શ્રેષ્ઠ અને કુશળ સંગઠક છે. તેમણે સંપાદિત કરેલ આ પુસ્તક એક ઐતિહાસિક દસ્તાવેજ છે.

૧૯૭૫-૭૭ દરમિયાન ભારતમાં આંતરિક કટોકટી લાદવામાં આવી અને માનવહકો તેમજ નાગરિક સ્વાતંત્ર્યો કેટલા અમૂલ્ય છે. તેની પ્રતીતિ પહેલી જ વાર ભારતના નાગરિકોને થઈ. કટોકટી ઊઠી ગયા પછી લોક નાયક જયપ્રકાશની પ્રેરણાથી બે મહત્ત્વની સંસ્થાઓ સ્થાપવામાં આવી. (૧) નાગરિક સંગઠન અને (૨) જનતંત્ર સમાજ. બન્ને સંસ્થાઓનો મુખ્ય ઉદ્દેશ ભારતના નાગરિકોમાં નાગરિક સ્વાતંત્ર્યો અને લોકશાહી વિશે સાચી સમજણ કેળવવાનો અને ખતરો ઊભો થાય ત્યારે શાંતિમય, અહિંસક પણ સંગઠિત સામનો કરવાનો હતો.

રાષ્ટ્રવ્યાપી આ સંગઠનના ગુજરાત એકમની વિધિસર સ્થાપના ૧૨ એપ્રિલ, ૧૯૮૧માં થઈ અને જૂન ૨૧૦૪ સુધીની લાંબી મજલ સંગઠને કાપી છે. તેની સિલસિલાબંધ વિગતો આ ગ્રંથમાં રજૂ કરવામાં આવી છે. તે ઉપરાંત દલિતો-પિડીતોની સમસ્યાઓ, શોષણપ્રથા, નવી આર્થિક નીતિઓ, ઉદારીકરણ, ખાનગીકરણની માઠી અસર વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

સંપાદક અભિનંદનના અધિકારી છે.

x x x

**સાભાર સ્વીકાર**

**૧.** પુસ્તકનું નામઃ **શિક્ષક**
લેખક-**શ્રી ચંદુભાઈ જે. પટેલ**
મુદ્રક-પ્રકાશક-**ચંદુભાઈ જે. પટેલ,** શ્રી ગાયત્રી માનવ સેવા ટ્રસ્ટ, ગોંડલ, પટેલ ઓટો. એડવાઈઝર, 'ગાયત્રી ચેમ્બર', એમ.જી. રોડ, ગોંડલ. કિ.ઃ રૂા. ૪૫/-
મોબાઈલઃ ૯૮૨૫૨૭૮૮૨૪, ૯૪૦૯૫૨૬૯૨૪

**૨.** પુસ્તકનું નામ : **વિદ્યાર્થી**
મુદ્રક-પ્રકાશક : ઉપર પ્રમાણે

**૩.** પુસ્તકનું નામ : **સમય**
મુદ્રક-પ્રકાશક : ઉપર પ્રમાણે

**૪. પુસ્તકનું નામ : માતા-દીકરી-પત્ની એટલે સ્ત્રી**
મુદ્રક-પ્રકાશક : ઉપર પ્રમાણે

**૫.** પુસ્તકનું નામ : **દીકરો**
મુદ્રક-પ્રકાશક : ઉપર પ્રમાણે

**૬. ક્ષણની ક્ષમતા**
લેખક : **ગોવિંદભાઈ રાવલ**
પ્રકાશક : રચના પ્રતિષ્ઠાન, વિશ્વ મંગલમ્, અનેરા-૩૮૩૦૦૧.કિ. રૂા. ૧૦/- પ્રથમ આવૃત્તિ.

**૭. છીરું શોધતાં લાધી પોળ**-ઉપર પ્રમાણે કિ. રૂા. ૧૫/-

૮. **જીવને મને શું આપ્યું ?** ઉપર પ્રમાણે કિ. રૂા. ૫/-

૯. **સ્ત્રી**-ઉપર પ્રમાણે. કિ. રૂા. ૫/-

✱ ✱ ✱

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ (ઈસ્ટ), મુંબઈ-૬૩.
મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

LESSON - 5 : JAIN COSMOLOGY AND CYCLE OF TIME

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

☐ DR. KAMINI GOGRI

Thinkers throughout the ages have explored the nature of the universe, Jaina thinkers no less than the others. Over the centuries, a specifically Jain picture of the cosmos was developed and elaborated in great detail and it figures extensively in traditional Jaina art and forms as a symbolic background to the Jaina explanation of the meaning of life.

There are large number of texts about the cosmological concept of the Jainas. The earliest canons contain cosmological references. There are specialized texts composed between the third and thirteenth centuries CE in which the Jain universe is described in detail. These include: `Treatise on Three Worlds' (Triloka Prajñapti), `Treatise on the Sun' (Surya Prajñapti); `Treatise on the Moon' (Candra Prajñapti); `Summary of Three Worlds' (Triloka Sāra); `Illumination of Three worlds' (Trilokya Dipika); `Treatise of Jambuvipai' (Jambuvipa Prajñapti); `Treatise on Realities' (Tattvārtha Sutra); `Summary of Jain Geography (Ksetra Samāsa); `Treatise on Jain Cosmology and Geography (Bruhat Sangrahani).

The Universe as conceived by the Jaina tradition has two parts; one occupied by entries and the unoccupied space, the whole being infinite in extension and time. The infinite unoccupied universe if empty space surrounds universe. The traditional image of the occupied universe is shown in figure 3.1.

The occupied universe is imagined as being of human shape with three distinct parts; upper, middle and lower, each supporting specific works. There is an area, referred to as a `channel' (Trasa Nali), which extends in a narrow ban throughout the langth of the occupied universe. It has the height of fourteen 'ropes' and a width of one 'rope' (Rajju), a measurement of immense width. This measurement is defined as the distance covered flying non-stop for six months at a speed of 2,057,152 yojanas per second. A yojana is equal to about 6 miles. For astronomical calculations Jainas use the unit of a Pramāna Yojana (1000 Yojanas). This is the yojana used in this chapter. Mobile beings live in the Trasa Nali, while immobile beings may live both inside and outside it. Three layers: Dense Water (Humid Air), Dense Air and Thin Air surround the whole-occupied universe respectively. Beyond these lies empty space. The Trasa Nali Extends the entire length of the occupied space, fourteen Rajjus. Occupied space is widest at its base, seven Rajjus and then tapers to a constricted centre with a width of one Rajju. From the centre upwards, it increases in width to a maximun of five Rajjus and then tapers again to the apex, which is one Rajju wide.

The upper part of the occupied universe, the `Upper World', is occupied by Celestial Being. Humans, animals and plants, astral bodies and lower kinds of heavenly beings (Vyantaras and Bhavanvāsi) occupy the `Middle World'. The Hellish Beings reside in the `Lower World.'

**The Lower World and Hellish Beings :**

The largest areas of the occupied universe is the lower world. Certain types of Celestial Beings, opposed to good, live here with Hellish Beings. the lower world is seven Rajjus high (or long). It consists of a stack of seven infernal regions, one above the other, and each one smaller than the one below.

Each level of the lower world is one Rajjus high and is surrounded and supported by layers of Dense Water (Humid Air), Dense Air and Thin Air. The top and bottom of each of the seven hells, two zones, a few thousand miles high, are uninhabited. Scriptures give names to each hells, They are, from top to bottom:

**Figure 3.1** The Jain view of the occupied universe, showing the Upper World abode of heavanly beings), the Middle World (the abode of human beings), and the Lower World (the abode of hellish beings).

First Hell : `IIluminated like Jewels' -Ratnaprabhā
Second Hell : `IIluminated like Gravel' -Sarkarprabhā
Third Hell : `IIluminated like Sand' -Valukāprabhā
Fourth Hell : `IIluminated like Mud' -Pankaprabhā
Fifth Hell : `IIluminated like Smoke' -Dhumaprabhā
Sixth Hell : `IIluminated like Darkness' -Tamahprabhā
Seventh Hell : `IIluminated like Deepest Darkness' -Tamastamaprabhā

The misery of the beings inhabiting the hells is the result of their Karma. Only those creatures human or animal, which have earned demerit because of evil actions, go to the lower world, from where they obtain rebirth as plants, animals or humans. After the realization of their hellish body producting karma, they

are reborn in any one of the above destinies, which depends upon the new boy-producing karma acquired in the hellish life.

The seven regions of the lower world become gloomier and more unplesant as one travels down. These regions are filled with pain and suffering, extremes of cold and heat and interminable hunger and thirst. The lower world begins 900 pramāna yojana below the base of Mount Meru (the central point of the continent on wihch humans live).

Hellis beings are not born from the womb, but they come into beings spontaneously in a narrow necked vesel. They are removed from the birth vessel by evil celestial beings (paramādhāmis). Their bodies are broken when removed from the vessel, but they reconstitute themselves, just as drops of mercury flow back together. Their bodies are made of inauspicious particles of matter and are capable of adapting to any shape or size, and they posses a perverted form of clairvoyant knowledge. Most of them spend their time in conflict with one another. Hellish Beings are not rebron as Hellish beings, because the realization of their karma and resultant suffering burns away much of their bad karma. Some are reborn as lower form such as plants, birds or animals, and others who suffer the results of their karma with equanimity, are reborn as humans

**The Lower World and Celestial Beings :**

The uppermost hill of the lower world is the residence of the lowest category of celestials called the `Residentials' (Bhavanvāsis), brilliant, charming, gracious and playful, each with gems, weapons and distinctive insignia. There are ten classes of `Residential' celestials; each further divided into two groups, northern and southern, both rules over by a celestial sovereign (Indra). The Asuras belong to this category.

Celestial beings are not born from the womb but come into existence spontaneously on a bed of Flowers. Their bodies are made from auspicious particles of matter, and they can change their size and shape of their bodies at will. Their `real' form is that of young people, both male and female and they retain their youthfulness. They have along life span, but six months before the end of their lives, the garland of flowers that they wear withers, signifying the end of their celestial life. They feel miseable because of the thoughts of their future rebirth in utero, as an animal or human. They resemble the rich who enjoy wealth, but cannot control themselves. Those few who live an ethical life are born as human beings that can progress towards liberation. Celestial beings can be jealous of other celectial beings that are better than they are. Celestial beings have varied forms of clairvoyant knowledge and tremendous power over the material universe.

**The Middle World and Celestial Beings :**

`Perpatetics (Vyantaras and Vāna Vyantaras), second group of celestial beings, live in the middle world, 00 yojanas above the first hell and 100 yojanas below the earth. They lodge in hollows in rocks or in forests in the three worlds, and come of their own accord to help or bless humans. the Peripatetic are divided into eight groups and each has sub-groups. there are recognizable by their different emblems and two Indras, with their retinues of princes, ministers, courtesans, bodyguards, police, troops, citizens, servants and country people, command each group.

The minimum lifespan of heavenly beings is ten thousand years. Human can control them through meditative recital of mantras and, if controlled, they serve those people. The names of different groups of the Peripatetics described in the Jaina scriptures are Pisāca, Bhuta, Yaka, Raksasa, Kinnara, Kimpurusa, Mahoraga, Gandharva and others.

**Astral Celestials :**

Astral are the third group of celestial beings found in the middle world, very high above the earth. These celestial beings: Suns Moons, Planets, Constellations and Stars, are known as `astrals' (jyotiskas) as they shine brightly and light the world. It is said that these astral beings have celestial cars and chariots to transport them in and outside the palaces in which they live. We perceive these celestial vehicals and palaces by their luminescence and radiation of heat.

These celestials reside in the area 790-900 pramana yojanas above Mount Meru. Their movement causes days, night, eclipses, solstices and other astronomical formulations with which the human world is familiar. Their movement is said to affect the destiny of individulas in the human world. Jaina geography describes a large `continent' known as jambudvipa or Jambu Continent. Jaina texts claim that this continent has two Suns and two Moons. Many oceans and other continents, which are larger, surround the Jambu Continent. These have an even greater numbers of Suns and Moons.

**The Upper World and Celestial Beings :**

The fourth and the highest groups of celestial beings inhabit the upper world, which is seven rajjus high. They live in the palaces of paradise. They are called the `Celestial-Ca red ones' (Vaimanika). They

normally live in the heavens (Kalpas) of the upper world. These celestioal beings can be either `born in paradies' (Kalpopapanna) or `beyond' the Kalpasi (Kalpātita). Jaina texts describe fourteen heavens. Kalpopannas live in the first twelve heavens, where they have a social structure of princes, ministers, courtesans, bodyguards, police, troops, citizens, servants and country people. Kalpātitas are themselves like `Heavenly Kings' and do not have need of any social structure. Their needs are fulfilled simply by their wishes. The first twelve Kalpas are symbolized by animals; deer, buffalo, bear, lion, goat, leopard, horse, elephant, cobra, rhinoceros, bull and antelope.

Occasionally, heavenly beings pass from one part of the world to another. Sometimes they pay visits to those who were their friends in earlier existences, either to guide them or to help them in the consecration ceremony of a recently born human designated to be Tirthankara. Sometimes they are pleased with the sincere devotion to them and may help their devotees with material wealth. They possess miraculous chariots in which they travel, hence their description in Jain text is found as `Celestial-carred'.

The serenity of the inhabitants of the paradises increases gradullay as one goes upward through the levels of the upper world Their lifespan, power rediance, morality and sphere of their sensory and super sensory knowledge, differentiate celestial beings from each other, which increase proportionally as one moves up the ladder of heavens.

Female celestials are born only in the two lowest heavans. Their movements are restricted as far as the eighth paradise. The sexual enjoyment of the two lowest celetial beings is similar to that of humans. The higher the level of the celesial beings, the more subtle is their sexual life. It is sufficient for them to touch, to see or to simply hear Goddesses, to satisfy their sexual urge. The celestial of the tenth and the elevanth paradises can satisfy their urges by imaginnig the object of their desires. Finally, beyond the twelfth paradise, they are rid of their passions. They are pure, satisfied and serene.

The first four and the last four paradise are usually grouped in pairs. The celestial world also contains matter and darkness, since water and vegetable particles issuing form one of the large seas of the middle world spread right up to the fifth heaven, Brahmaloka. In this level of the fifth heaven eight dark masses (Krsnarājis), or conglomerations are found, In these masses are the lower forms fo life; every living being is born several times on the cycle of transmigration. In it, Asura and Nāga celestials produce rain or thunder. The nine `Gods of the Limits of the World' (Lokāntikas), the guardians of the four cardinal directions and the four intermediate directions, and the zenith, reside in the fifth heaven.

There are sixty-two layers of `Celestial Chariots' in the heaven and beyond, arranged to prevent collisions, Jain texts descirbe thirteen layers in Saudharma and Isāna, twelve in Sanatkumāra and Mahendra, six in Brahmaloka, five in Lokāntika, four in Sahasrāra, and four in Anata and Pranata and four in the Aran and Acuta regions of the heaven. There are nine layers in Graiveyakas and single layer in Anuttara.

The nine Graiveyakas and five `unsurpassables' (Annuttaras) reside in the thirteenth and fourteenth heavens. Annuttaras are very close to that final perfection which they will atain after two human births. Under the crescent of Siddha Silā, the `all-accomplished' celestials (sarvāthasiddha) reside and they will rebron just once as humans, since human existence is the only one through which one may attain liberation. They must pass through one more human life.

Jainas believe that rebirth is dependent on the merit and demerit acquired in previous lives, and on the maturing of attched Karma to the soul. Humans and five-sensed anmimals have the possibility of attaining heavenly life in the upper world. The Heavenly beings and the Hellish beings are not reborn as celestials.

Ascetics, whether Jains or not, who venerate spiritual teachers and their doctrine, wear spiritual teachers and their doctrine, wear the insignia of their religion, repeat and teach the scriptures to lay people, and who observe Right conduct (but do not have Right Faith) can be reborn up to the ninth heaven.

**The Middle world :**

The Middle world is the region from where the soul can attain liberation. Jaina Cosmology pictures the middle world as a flat, elliptical, disk, one Rajju wide and 100,000 yojanas high. It is made up of concentric ring of `Continents' and `Oceans', as diagrammatically shown in figure 3.2. In the centre of the middle world is the Jambu Continent with a diameter of a hundred thousand yojanas. A Salty ocean (Lavana-Samudra) of twice the area of a Jambu Continent surrounds it. Lavana Samudra contains four vast receptacles (Pātāla), at the four cardinal points, which function to produce tides along with

Velamdhāra Mountains (found in the salty ocean) to regulate the sea. Pātālas are the abodes of the Kāla and Mahakāla groups of divinties. This ocean is itself surrounded by the Dhātaki Continent, around which lies the ocean of Kālodadhi Samudra and the Puskarāvar Continent. These two and a half continents mentioned in Jain Geography are 4.5 milllion Yojanas in diameter. There are more continents and oceans surrounding one another, represented in Jaina cosmology as concentric circle, the last one being an ocean of immense size called Svayambhuramana.

The eighth concentric ring is the Continent of Nandisvaradvipa, where fifty-two Jina temple are situated as shown in figure 3.3. Heavenly beings go there to worship Jinas at the time of Kalyānakas of Jinas, auspicious events in the lives of Jinas, and Atthai Mahotsava – an eight – day celebration of rituals and pujas. In the Nandhyāvarta diagram, an elaborate Swastika design formed from rice grains by most Jains during temple worship, reflects veneration of those holy places. Rare accopmlished humans may travel as far as Nandisvardvipa. Occasionally humans can be found beyond the two and half continents, if they are taken there by heavenly beings, but no human being can experience birth or death beyond these continents.

Figure 3.2 Sectional diagram of the Middle World, according to Jaina geography, showing the two-and a half continents inhabited by humans.

The Jambu continent is the region we inhabitat. In its centre is Mount Meru, 100,000 yojanas high (1000 yojanas below the earth and 99,000 yojanas above the earth). Its base diameter is 100,000 yojanas, which reduces to 1000 yojanas at its peak. The surface is divided into four terraces at different hieghts, each terrace having a lush and environmentally pleasing forest, parks full of flowers, trees, forests, palaces and temples and are named after the forest of `Prosperous trees' (Bhadrāsal Vana); `Pleasing (Nandan Vana); Flowery (Somanas Vana) and `Pink Flowery (Pādnuka Vana). There is a pinacle on the fourth terrace with Jina temples at its four corners, and there are four crescent-shaped rocks on which newborn Tirthankaras are bathed.

The Jambu Continent has many rivers. It has six mountain ranges of different colours crossing the Jambu Continent from east to west. They divide it into seven regions or countries. The seven regions are: Bharata, Airavata, Hemavat, Hairanyavata, Hari Ramyaka and (Mahā) Videha. Each region is presided over by a deity named after the region itself. Bharat is in south and Airavat is in the north, both of similar size and constituents.

The two and a half continents are called the `Land of Action' (karmabhoomi), where the law of retribution of actions operates. Human beings can attain liberation only there. Jain cosmology describes thirty-five armaboomis, but only from fifteen can one attain liberation. These are: Bharata, Airāvata, and Mahāvideha in Jambudvipa; two Bharats, two Airāvatas and two Mahāvidehas each in the Puskara continent and Dhātaki continet.

Figure 3.3, Map showing the relative position of Jambu Dwipa and Nandisvara Dwipa. In this latter regions are found the four groups of fifty-two eternal Jain temples.

There are `lands of pleasure' (Bhogabhumi) whose inhabitants are born as `Couples' and whose needs and desired are satisfied by `wish-fulfilling trees' (Kalpavruksas). They are fifty-six in numbers and are known as Anataradvipas. In additions to Karmabhoomis Tirthankaras may be born in these Antaradvipas.

In the `land of action', people have to learn and earn a living thorough activities such as government, defense, agriculture, education, business, arts and handicrafts. Living beings in the `Land of Action' are differentiated from those in the `Land of Pleasures' by the fact that they are capable of attaining liberation. Hence, birth in the land of action is considered superior. Jaina scriptures mention that human beings living in (Mahā) Videha region is conductive to spiritual advancement.

Twenty Tirthankars live and preach in (Mahā) Videha at any time. Some other continents also have Tirthankaras. Jains venerate the Tirthankaras of the (Mahā) Videha region. Many temples have images of Simandhar Swāmi, the senior Tirthankara of (Mahā) Videha. During the morning Penitential Retreat, eulogies to venerate-Simandhar Swāmi are recited.

The (Mahā) Videha region is dub-divided into thirty-two smaller regions or empires (Vijayas) and consists of the same elements as our earth. Jain cosmological texts describe Jambudvipa in detail. The description given and the artistically presented diagrams are fascinating.

Jaina texts are bound in precise detail about this cosmology and geography. Modern Science is skeptical about it. Whether one accepts or does nor accepts, the traditional cosmology has no bearing upon the contribution of Jainism to spiritual matters.

**[To be continued]**

76/C, Mangal, 3/15, R.A.K. Road, Matunga,
Mumbai-400 019. Email : kaminigogri@gmail.com
Mobile: 9819179589 / 9619379589

# Siddhasena Divakar - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327

Born in Sanatan Hindu family at Ujjain in early 4th century, Siddhsena had very good knowledge of four Vedas and Nyaya. Once he had a debate with Acharya Vriddhavadi in a king's court and defeated him. Later on he became his devotee and studied Jaina scriptures.



Once Siddhsena used the Sanskrit form of Navakarmantra and also wished to translate many Agamas into Sanskrit. His Guru didn't appreciate this and put him out of the Gaccha for few years.



Later on, Siddhsena arrived at Kumar town. King Devpal of the state became his devotee. Once the king of Assam attacked the country. Siddhsena used his Vidya to produce a huge army and the enemy ran away. King Devpal was happy and conferred on him the title 'Divakar' - sun destroying the darkness.



After this incident, he returned to Ujjain where Vikramaditya-II welcomed him and listened to his sermons daily. Now his Guru Vriddhavadi decided to call him back. He came as a Palkhivala and held the Palakhi from one side. Being an old man he was a little slow in comparison to the other three. Siddhsena asked, " Is your shoulder giving you pain?" Here he used incorrect grammar& guru immediately corrected the sentence. Recognizing his Guru, Siddhsena realized his mistake and apologized to him.



He was a great poet of his time. He wrote 'SanmatiTark' explaining Anekantvad. His other best work is 'Kalyan Mandir' Kavya which is to establish Kalyana or Shubha i.e. abode of auspiousness.

Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



## જે અનંત છે એની પ્રાપ્તિ તરફ.....

'આ સંસાર કેવળ ભ્રમ નથી, વાસ્તવિક પણ છે. આ જીવન કેવળ ઝંઝટ નથી, મહા આનંદ પણ છે. એ બંનેમાં, એટલે આપણી આસપાસ પથરાયેલા સંસારમાં અને આપણા જીવનમાં વિષ અને અમૃત એ બંને પડેલા છે. વાસ્તવિક આનંદ અને અમૃતના વ્યવસ્થિત આયોજનને લઈને આપણે ચાલીશું, અને જે દિવસે સંસાર એક ભ્રમ છે, એવું નક્કી થશે, ત્યારે એ ભ્રમ આપણાથી લાખો જોજન દૂર ચાલ્યો ગયો હશે; જીવન એક ઝંઝટ છે, એવું જે દિવસે આપણને લાગશે, તે વખતે એ ઝંઝટ તો બિચારી દૂર ઊભી ઊભી આંસુ સારતી હશે, અને વિષ... તે વિષ તો તે દિવસે પોતે જ અમૃત બનીને અમૃતમાં ભળી ગયેલું હશે.'

**એક કથા :**

બે બહેનપણીઓ સાથે ભણતી હતી. એમની મૈત્રી ઘણી ગાઢ. એકનું નામ 'ફેની' અને બીજીનું નામ 'લ્યુસી'. ફેની, એક અમીરને પરણી ગઈ, લ્યુસીએ એક કામદાર સાથે લગ્ન કર્યાં.

ફેની પાસે કિંમતી હીરામાણેકના દાગીનાઓનો મોટો ઢગલો. લ્યુસી, ઈમીટેશન ખોટો અને સસ્તા દાગીના લઈ આવે ને પહેરે.

પેલા ગુણવંતીબહેનની જેમ, આ ફેનીના ઠસ્સાનો પણ પાર નહિ. પોતાની અમીરાઈની વાત જ્યાં ત્યાં લલકારતી ફરે. એની બીજી બહેનપણીઓને પોતાનો વૈભવ બતાવીને આંજી નાખવાનો એને ભારે શોખ. એ માટે, અવારનવાર પોતાના આલિશાન મહાલયમાં પાર્ટીઓ ગોઠવે, સાહેલીઓને જમવાનાં આમંત્રણો મોકલે, પોતાને ત્યાં બધાને એકઠાં કરે અને એ બધાની વચ્ચે પોતાની શ્રીમંતાઈનું પ્રદર્શન કર્યે રાખે. એ બધું જોઈને, એની અન્ય બહેનપણીઓ ભોંઠપ અનુભવે અને એની શ્રીમંતાઈના તથા એના વખાણ કરે ત્યારે ફેની ખૂબ ફુલાય. 'ઈડરિયો ગઢ' જીત્યાનો આનંદ તે અનુભવે.

એક વાર આવી એક પાર્ટી ગોઠવી. આ વખતે બહુ મોટો જલસો અને ઠઠેરો તેણે કર્યો. એની પેલી 'મજુર-પત્ની-બહેનપણી' લ્યુસીને પણ તેણે બોલાવેલી.

હીરા, માણેક ને નીલમના ઝળક ઝળક થતાં ઘરેણાં પહેરીને, બધાની વચ્ચે ફેની બેઠી, પછી, બધા સાંભળે એ રીતે, લ્યુસીને એણે એક સવાલ પૂછ્યો.

'માય ડીયર લ્યુસી, આ બધા દાગીના જોયા? આ મારા હીરા જ્યારે ઝાંખા પડે છે, મેલા થાય છે, ત્યારે તેને સાફ કરવા માટે પેરીસથી હું કેમીકલ મંગાવું છું. માણેકને સાફ કરવા માટેનું સ્પેશિયલ સોલ્યુશન વેનીસથી આવે છે. નીલમને સાફ કરવા માટેનું 'ડી-લક્ષ-લીક્વિડ', હું છેક ન્યૂયોર્ક-અમેરિકાથી મંગાવું છું.

'...હેં બહેન.....તા......રા દાગીના ધોવા માટે તું શું કરે છે?'

બધાની વચ્ચે ખોટા દાગીના પહેરીને રૂવાબથી બેઠેલી લ્યુસીને ભોંઠી પાડવા માટે જ આ સવાલ ફેનીએ પૂછ્યો હતો; એ વાત ત્યાં બેઠેલાં બધાં સમજી ગયા. પણ લ્યુસી ઘણી ચબરાક હતી. એના ચહેરા પર ભોંઠાપણાનો જરા પણ ભાવ આવ્યો નહિ. હસતાં હસતાં, આનંદથી એણે એક એવો જવાબ આપ્યો, જે સાંભળીને ફેનીની જીભ જ સિવાઈ ગઈ. આ રહ્યો એ જવાબ.:

'ઓ...માય ડીયર ફેની, એવી ધોવા કરવાની કડાકૂટમાં હું તો પડતી જ નથી; મેલા થાય એટલે હું તો ફેંકી જ દઉં છું! I just throw them out...'

આ એ વિનોદપૂર્વક કટાક્ષ છે. પહેલી નજરે એમાં લ્યુસીની બુદ્ધિમત્તા અને તેનું હાજરજવાબીપણું આપણને દેખાશે. પરંતુ તેમાં એટલું જ નથી. જીવન વિષેની જે ચર્ચા અહીં આપણે કરી રહ્યા છીએ, તેનો એક સુંદર જવાબ પણ તેમાં છે.

ફેની, એક કરોડપતિની

## પંથે પંથે પાથેય

અર્ધાંગના છે. એની પાસે ધનદોલતની કશી કમી નથી. એમ છતાં, એટલાથી એને સંતોષ નથી. એ સંતોષને આવી પાર્ટીઓમાં અને બીજાઓને આંજી નાખવામાં તથા ભોંઠાં પાડી દેવામાં તે શોધી રહી છે.

લ્યુસી પાસે ધનદોલત નથી. એનો પતિ એક સામાન્ય કામદાર છે. પરંતુ, એ વાતનું એને દુઃખ નથી. ઈમિટેશન જ્વેલરી પહેરીને એ આનંદ મેળવી શકે છે. ધનવાન ફેની કરતાં પણ વધારે ઠસ્સો અને રુવાબ તે રાખી શકે છે. આ બધાંની પાછળ કયું તત્ત્વ કામ કરે છે?

વિચાર કરતાં જણાશે કે લ્યુસીના આવા મસ્ત વર્તનના મૂળમાં 'સંતોષ' છે. એની પાસે જે નથી એનો અફસોસ કે કામના કરી દુઃખી થવાને બદલે, એની પાસે જે છે, તેનો સારામાં સારો ઉપયોગ કરીને એ મસ્ત તથા સંતોષી રહી શકે છે. આ સંતોષ, સુખી જીવન જીવવા માટેનું એક મહત્ત્વનું સાધન છે.

સ્થિતિ અને સંયોગો, તો કર્મ વિગેરે દ્વારા માણસને સાંપડે છે. ગમે તેવા સંયોગો હોય, આનંદમાં રહેવું કે ઉદાસ રહેવું, મસ્ત રહેવું કે રોદણાં રડ્યા કરવા, આળસુ થઈને બેસી રહેવું કે ઉત્સાહથી કામ કરવું, એ બધું, પ્રાયઃ માણસના મનની સ્થિતિ ઉપર આધાર રાખે છે. મનની સ્થિતિને મસ્ત બનાવવામાં 'સ્યાદ્વાદ'ની પુરતી સમજણ જેવો ઉપયોગી બીજો કોઈ ઈલાજ નથી.

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ઠ ૧૨૬)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.